
13660


સત્ય, બ્રહ્મચર્ય, અહિંસા, અસ્તેય
અને અપરિગ્રહ એ પાંચ યમ
પાળવાનું બધા મુમુક્ષુને [illegible] છે.
મુમુક્ષુ બધાએ રહેવું જ જોઈએ. [illegible]
મનુષ્યના [illegible] પાયો [illegible]
યમ પાળવા [illegible] છે એ યમ
સંસારી બધા જીવને પાળવાના છે
એ વિષે શંકા નથી. વેપારી હોય છતાં
[illegible] આચરે, પરણેલ હોય
છતાં બ્રહ્મચર્ય પાળે, [illegible] છતાં મનુષ્ય
અહિંસા પાળી શકે છે. ચોરી ન કરવી
(અસ્તેય પાળવું) ને ધન કે વસ્તુનો
પરિગ્રહ સંસારમાં રહીને કરવો એ
મુશ્કેલ છતાં તે આદર્શ ધ્યાનમાં
રાખી [illegible]
[illegible] વૈરાગ્ય[illegible]
મહાત્યાગ પણ કરી શકાય.
ઉપરનાં વ્રતો જેઓ પાળે તેઓ બધી
જંજાળોમાંથી નીકળવાના રસ્તા
[illegible]

REFERENCE BOOK

13660

૩૨

# ગાંધીજીનો અક્ષરદેહ

આ ગ્રંથ નવેમ્બર ૫, ૧૯૨૬થી જાન્યુઆરી ૨૦, ૧૯૨૭ સુધીનો ગાળો આવરી લે છે. રાજકીય પ્રવૃત્તિમાં આવેલ ઓટ અને સતત પ્રવાસ તેમ જ જાહેર ભાષણોમાંથી મળેલી મુક્તિને લીધે ગાંધીજીને પોતાનો સમય પત્રલેખન ઉપરાંત કાંતણ અને ખાદી, અસ્પૃશ્યતાનિવારણ, મદ્યનિષેધ, હિંદુમુસ્લિમ એકતા અને ગોરક્ષા જેવાં એમને ખાસ પ્રિય કામોમાં આપવાની તક મળી હતી.

એ સમયમાં ગાંધીજીને આત્મનિરીક્ષણનો અને આધ્યાત્મિક મૂલ્યો પર વિચાર કરવાનો અવસર મળ્યો. આ ગ્રંથનો પ્રારંભ શ્રીમદ્ રાજચન્દ્રના વ્યક્તિત્વવિશ્લેષણથી થાય છે. તેમણે ૧૮૯૩–૯૪માં સ્વધર્મ (હિંદુ ધર્મ) પ્રત્યેની ગાંધીજીની શંકાઓનું નિવારણ કરવામાં મદદ કરી હતી અને તેમને પ્રતીતિ કરાવી હતી કે "બીજો કોઈ ધર્મ એના જેવા સૂક્ષ્મ અને ઉદાત્ત વિચાર, આત્મા વિશેની એની કલ્પના અને એની ઉદારતા ધરાવતો ન હતો." આશ્રમના આરામના વર્ષનું એક ઉત્તમોત્તમ ફળ તો એમનું "ગીતાશિક્ષણ" જ હતું, જે આ ગ્રંથમાં ગૌરવભર્યું સ્થાન લઈ જાય છે. ગાંધીજી ગીતાને એક સાંપ્રદાયિક ધર્મગ્રંથ નહોતા માનતા પણ તેઓ તેને એક વિશ્વધર્મનો અને શુદ્ધ નીતિનો ગ્રંથ માનતા હતા કે "જેને બધા ધર્મોવાળા વાંચી શકે તેમ છે."

ગાંધીજીનું ગીતાનું અર્થઘટન આધ્યાત્મિક અથવા રૂપકાત્મક હતું. વ્યાસજીએ વર્ણવેલું યુદ્ધ . . . આપણામાંના દરેકની અંદર ચાલતા અદૃષ્ટ સંઘર્ષની એક જીવંત કાવ્યમય રજૂઆત જ છે. "આપણા શરીરમાં જે અર્જુન આદિ પાંડવો કૌરવો સાથે લડી રહ્યા છે તેની વાત એમાં છે. . . . કૃષ્ણ તો આત્મા છે અને આપણો સારથિ છે. એના હાથમાં લગામ મૂકીએ તો જ જીતીએ."

Gandhi Heritage Portal

13660
13660
REFERENCE BOOK
NOT TO BE ISSUED

તિથિપત્ર 13660

| | | | |
|---|---|---|---|
| | | | |

**ગાંધી સ્મારક સંગ્રહાલય**

ક્રા. સં. X 1/56

પાર. સં. 13660 વાંચવા માટે મુક્ત કર્યાં તારીખ 2 MAR 1978

આ પુસ્તક છેલ્લે દર્શાવેલી તારીખ પહેલાં અથવા તે ૦૮ દિવસે પાછું આપી દેવું જોઈએ. તે તારીખ પછી જો પુસ્તક પાછું આપવામાં આવશે તો દરરોજના ૦૦-૦૫ ન. પૈ. લેખે અતિદેય આપવું પડશે

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

ગાંધીજીનો અક્ષરદેહ

૩૨

[નવેમ્બર ૧૯૨૬થી જાન્યુઆરી ૧૯૨૭]

13660

REFERENCE BOOK
NOT TO BE

ગ્રંથાલય.
અમદાવાદ-૧૩.

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

# ગાંધીજીનો અક્ષરદેહ

[મહાત્મા ગાંધીનાં લખાણો, ભાષણો, પત્રો વગેરેનો સંગ્રહ]

## ૩૨

[નવેમ્બર ૧૯૨૬થી જાન્યુઆરી ૧૯૨૭]

REFERENCE BOOK
NOT TO BE ISSUED

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ-૩૮૦૦૧૪

Gandhi Heritage Portal

13660

© નવજીવન ટ્રસ્ટ, ૧૯૭૪

પહેલી આવૃત્તિ, માર્ચ ૧૯૭૪ : પ્રત ૩,૦૦૦

રૂ. ૧૬.૫૦

ગાંધી સ્મારક સંગ્રહ
ગ્રંથાલય.
અમદાવાદ-૧૩.

24 JAN 1975

મુદ્રક અને પ્રકાશક : શાંતિલાલ હરજીવન શાહ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૩૮૦૦૧૪

Gandhi Heritage Portal

# પ્રસ્તાવના

આ ગ્રંથ નવેમ્બર ૧, ૧૯૨૬થી જાન્યુઆરી ૨૦, ૧૯૨૭ સુધીનો ગાળો આવરી લે છે. બીજા ગાળાની સરખામણીમાં આ એક શાંત સમય છે. રાજકીય પ્રવૃત્તિમાં ઓટ આવી હતી. સતત પ્રવાસ અને જાહેર ભાષણોમાંથી ગાંધીજીને મુક્તિ મળી હતી. અને તેથી બધી દિશાએથી આવતા થોકબંધ કાગળોના જવાબ આપવા ઉપરાંત તેઓ તેમનો સમય કાંતણ અને ખાદી, અસ્પૃશ્યતાનિવારણ, મદ્યનિષેધ, હિંદુમુસ્લિમ એકતા તથા ગોરક્ષા જેવાં એમને ખાસ પ્રિય કામોમાં આપી શકતા.

પણ આ બધા કરતાં ખાસ મોટી વાત તો એ હતી કે એ સમયમાં ગાંધીજીને આત્મનિરીક્ષણનો અને આધ્યાત્મિક મૂલ્યો પર વિચાર કરવાનો અવસર મળ્યો. એ સમયે ગાંધીજીના મનને મૂંઝવનારો એક સવાલ રખડતાં કૂતરાંઓ વિશેનો હતો. તેમણે આ પ્રશ્ન આ રીતે મૂક્યો: "અમુક સંજોગોમાં બીજા બધા ઇલાજો લેવાનું ન બની શકે ત્યારે કૂતરાંને મારવાનો ધર્મ અહિંસાની દૃષ્ટિએ હોઈ શકે નહીં? હું માનું છું કે હોઈ શકે, અને આ વિશે બેમત ન હોય એમ હું હજુ પણ માનું છું" (પા. ૩૫).

દેખીતી રીતે જ એ વિશે બેમત હતા. અહિંસા વિશે ઔપચારિક અને ઉપર ઉપરના ખ્યાલ ધરાવનારાઓ ગાંધીજીને રોષભર્યા પત્રો લખતા. આ પહેલાંના ગ્રંથમાં શરૂ થયેલી અને આ ગ્રંથમાં સમાપ્ત થતી "આ તે જીવદયા?", એ શીર્ષક હેઠળની લેખમાળામાં ગાંધીજીએ ટીકાકારોને જવાબ આપ્યો છે અને અહિંસાનો સિદ્ધાંત, પોતે સમજ્યા છે તે રીતે, સરળ ભાષામાં સમજાવ્યો છે.

ગાંધીજી કહે છે: "કર્મમાત્ર સદોષ છે કેમ કે તેમાં હિંસા રહેલી છે. છતાં કર્મના ક્ષયને સારુ પણ આપણે કર્મ જ કરીએ છીએ. . . . પણ એ હિંસા કેવી હોય? એ સ્વાભાવિક હોય, એ અલ્પતમ હોય, એની પાછળ કેવળ કરુણા હોય, એની પાછળ વિવેક હોય, મર્યાદા હોય, એને વિશે તટસ્થતા હોય, એ સહજપ્રાપ્ત ધર્મ હોય. . . . પંડે દેહાંત લગી અગવડ ભોગવી બીજાને સગવડ લેવા દેવી એ અહિંસાધર્મ. અમુક વ્યક્તિ એવી અગવડ કેટલે લગી ભોગવવા તૈયાર છે તેનું માપ ત્રીજો પુરુષ ન જ કાઢી શકે. ધર્મ એક છે અને અનેક છે, કેમ કે આત્મા પણ એકાનેક છે" (પા. ૩૦૧–૨).

સ્વાભાવિક છે કે આ ગ્રંથમાં ગૌરવભર્યું સ્થાન તો "ગાંધીજીનું ગીતાશિક્ષણ" જ લઈ જાય છે. આશ્રમના આરામના વર્ષનું એ ગ્રંથ એક ઉત્તમોત્તમ ફળ છે. આ ગ્રંથનો પ્રારંભ શ્રીમદ્ રાજચન્દ્રના વ્યક્તિત્વ-વિશ્લેષણથી થાય છે અને આ લેખ એ સ્વયંસ્ફુરિત ગ્રંથરત્નની એક ઉચિત ભૂમિકા બની રહે છે. ૧૮૯૩–૯૪માં સ્વધર્મ (હિંદુ ધર્મ) પ્રત્યેની ગાંધીજીની શંકાઓનું નિવારણ કરવામાં સહાયભૂત થનાર મિત્ર શ્રીમદ્ રાજચન્દ્ર જ હતા. તેમણે ગાંધીજીને પ્રતીતિ કરાવી કે "બીજો કોઈ ધર્મ એના જેવા સૂક્ષ્મ અને ઉદાત્ત વિચાર, આત્મા વિશેની એની કલ્પના અને એની ઉદારતા ધરાવતો ન હતો" અને આ રીતે તેઓએ ગાંધીજીએ ખોયેલી માનસિક શાંતિ ફરી પાછી મેળવી આપી. આ સમયે ગાંધીજીને જેની ખૂબ જ જરૂર હતી, અને જે શ્રીમદ્ રાજચન્દ્રે આપેલા એમના પ્રશ્નોના ઉત્તરો દ્વારા (પરિશિષ્ટ ૧) અને તેમણે મોકલેલાં પુસ્તકો

Gandhi Heritage Portal

દ્વારા એમને ખૂબ જ પ્રમાણમાં મળતી રહેતી હતી, તે હતી આધ્યાત્મિક પ્રેરણા અને આત્માનુભૂતિ અને આ જીવનમાં જ મોક્ષપ્રાપ્તિની એક આશા અને ઝલક. આ બધાંની પ્રાપ્તિની ઝંખના, કોઈને પણ, બીજાને એવી જવાબદારીમાંથી મુક્ત રાખીને સ્વયં પોતાને ભારે જવાબદારીભર્યા ઉચ્ચતર નીતિનિયમોનું પાલન કરવા, પ્રેરે. શ્રીમદ્ રાજચન્દ્રે ગાંધીજીને જે પુસ્તકો સૂચવ્યાં અને મોકલ્યાં તેમાંનું એક હતું योगवासिष्टનું वैराग्य प्रकरण. એ પ્રકરણમાં સાંસારિક પ્રશ્નોનો મુકાબલો કરવા માટે पुरुषकार (માનવ પુરુષાર્થ)ની બહુ મોટી હિમાયત કરી છે અને ડગલે ડગલે થતી અનુભૂતિઓનું પરિશીલન અને ગુણદોષનું વિશ્લેષણ કરવાનો એમાં નિર્દેશ કર્યો છે. એટલે જ્યારે ગાંધીજી મેટર્લેન્ડ અને ટૉલ્સ્ટૉયના વિચારોના સંપર્કમાં આવ્યા ત્યારે તેઓ એ વિચારોને પોતાના પરંપરાગત વૈષ્ણવધર્મની મર્યાદામાં સમાવી લેવા અને તેમનો અમલ કરવા તત્પર થઈ ગયા, તેનું કારણ એ હતું કે તેઓ શ્રીમદ્ રાજચંદ્રના સદ્દુપદેશથી પ્રભાવિત થઈને ક્યારનાયે "મોક્ષમાર્ગ"ની દીક્ષા લઈ ચૂક્યા હતા. મોક્ષની ભાવનાથી અંકિત થયેલા ધર્મમય જીવનના આ "ગંભીર સાદ"ને જ ગાંધીજી એકમાત્ર યોગ્ય દીક્ષા માનતા હતા. દરેક સાચો ધર્મ, તેના વિકાસના કોઈ ને કોઈ તબક્કે પોતાના અનુયાયીઓ પાસેથી તો એની અપેક્ષા રાખે જ છે.

અનેક કારણોસર ગાંધીજીએ શ્રીમદ્ રાજચન્દ્રને પરંપરાગત અર્થમાં પોતાના ગુરુ તરીકે સ્વીકારવાની ના પાડી દીધી, તેમ છતાં મનુષ્યે પોતાના જ ધર્મને વળગી રહેવું જોઈએ, બીજા ધર્મો પ્રત્યે આદર રાખવો જોઈએ અને સમય આવ્યે ક્રમે ક્રમે બધા ધર્મથી પર થવું જોઈએ, કારણ આખરે તો એ બધા જ ધર્મો—"સ્ત્રીઓ અને પુરુષોને પૂરવા માટેના દીવાલોથી મઢેલા વાડાઓ જેવા જ છે"—એવી સલાહ માટે તેઓ આ જૈન ફિલસૂફના આભારી હતા.

દરેક ધર્મના ઉત્કૃષ્ટ તત્ત્વનો અભ્યાસ કરતાં અને તે તે ધર્મના અનુયાયીને એનો બોધ કરતાં એક સાચો શોધક એ નિર્ણય પર આવે છે કે "અમુક હદ પછી શાસ્ત્રો મદદ નથી કરતાં, અનુભવ મદદ કરે છે" (પા. ૮). એ ભૂમિકા વટાવ્યા પછી દરેક શાસ્ત્ર એક બંધન બની જાય છે અને સાધકની પ્રગતિમાં બાધક બની રહે છે. આમ અનુભવે દરેક સ્વીકૃત ધર્મથી પર થવાનું હોવાથી, "સહુ પોતાના ધર્મમાં રહી પોતાની સ્વતંત્રતા એટલે મોક્ષ મેળવી શકે છે. કેમ કે મોક્ષ મેળવવો એટલે સર્વાંશે રાગદ્વેષરહિત થવું" (પા. ૯).

"ગીતાશિક્ષણ"માં બાઇબલ, કુરાન, भक्तराजनी यात्रा અને ખુદ રાજચન્દ્રજીની કૃતિઓના ઉલ્લેખ વારંવાર આવે છે. એથી ગાંધીજીની એ ઉત્સુકતા અને યોગ્યતા પ્રગટ થાય છે કે ગાંધીજી ગીતાને કેવળ એક સાંપ્રદાયિક ધર્મગ્રંથ નહોતા માનતા પણ તેઓ તેને એક વિશ્વધર્મનો અને શુદ્ધ નીતિશાસ્ત્રનો ગ્રંથ માનતા હતા કે "જેને બધા ધર્મોવાળા વાંચી શકે તેમ છે" (પા. ૨૮૧).

આખાયે મહાભારતની જેમ ગાંધીજીનું ગીતાનું અર્થઘટન પણ ખરેખર આધ્યાત્મિક અથવા રૂપકાત્મક હતું. વ્યાસજીએ વર્ણવેલું યુદ્ધ કોઈ બાહ્ય કે ઐતિહાસિક ઘટના નથી, પણ તે આપણામાંના દરેકની અંદર ચાલતા અદૃષ્ટ સંઘર્ષની એક જીવંત કાવ્યમય રજૂઆત જ છે. "આપણા શરીરમાં જે અર્જુન આદિ પાંડવો કૌરવો સાથે લડી રહ્યા છે તેની વાત એમાં છે... કૃષ્ણ તો આત્મા છે અને આપણો સારથિ છે. એના હાથમાં લગામ મૂકીએ તો જ જીતીએ" (પા. ૯૬).

આ રીતે પોતાના જીવનની લગામ પોતાની અંદર રહેલા શ્રીકૃષ્ણને સોંપવાથી અને બીજા અધ્યાયમાં આલેખેલા સ્થિતપ્રજ્ઞને પોતાની અંદર ઉતારીને એને પોતાના હૃદયમાં સ્થાપવાથી

Gandhi Heritage Portal

વ્યક્તિની સ્વાયત્તતા, નિર્ણય-સ્વાતંત્ર્ય અને પુરુષાર્થ કરવાની જવાબદારી ઉઠાવવાની શક્તિ વધે છે, ઘટતી નથી. "નિર્ણય ગીતા નથી કરી આપતી. પણ મમતા છોડીને ધર્મસંકટ માટે નિર્ણય કરશો તો ભૂલ છતાં તમારે સોસવું નહીં પડે" (પા. ૯૬).

અનાસક્તિની દિશામાં આપણી પ્રગતિ કેટલી થઈ તે માપવા માટે "આત્મૌપમ્ય જ આપણો ગજ છે" (પા. ૨૯૬). અહીં પ્રગતિ સહેલી તો નથી જ, પણ "બધાંને આપણી અંદર જોવાં, ઈશ્વરની મારફતે આપણી અંદર જોવાં" (પા. ૧૯૨) એમાં એ સહાયભૂત થાય છે. તાદાત્મ્ય-ભાવની આ પ્રક્રિયામાં પહેલું પગથિયું અર્જુન સાથે તાદાત્મ્ય સાધવાનું છે, જેથી આપણે અનુભવી શકીએ કે શ્રીકૃષ્ણે અર્જુનને કહેલા શબ્દો આપણે માટે પણ છે.

તેથી જ આપણી સાર્વજનિક પ્રાર્થનામાં પણ ગીતાના બીજા અધ્યાયમાં આલેખેલા સ્થિત-પ્રજ્ઞ સાથે તાદાત્મ્ય અનુભવવાની ભાવનાને સર્વોપરી મહત્ત્વ અપાયું છે. "આ શ્લોકો સમજીને પોતાના વર્તનની અંદર ઉતારીએ". . . (પા. ૧૧૦). આ આદર્શ માનવ, આપણા હૃદયમાં વાવેલા બીજ જેવો છે, જે જુદી જુદી પરિસ્થિતિઓમાંથી પસાર થઈને ત્યાં મુક્ત રીતે પાંગરતો રહે છે. આ ધર્મશાસ્ત્ર, અર્થાત્ ગીતા પણ એ ભૂમિ જ છે, જેનો ઉપયોગ આપણું મન, અંકુરિત થતા બીજની જેમ, પોતાના સર્જન માટે કરે છે અને વિકાસની આ પ્રક્રિયામાં આવશ્યક તત્ત્વોને ગ્રહણ કરે છે અને બાકીનાં અનાવશ્યક તત્ત્વોને છોડી દે છે. પોતાની આગળ ઉપસ્થિત થતી ધર્મની સમસ્યાઓ ઉકેલવામાં વ્યક્તિએ શાસ્ત્રને કેટલે સુધી અનુસરવું એનો આધાર વ્યક્તિના સ્વભાવ અને અભ્યાસ ઉપર રહે છે. ગીતાના કાવ્યનો રસાસ્વાદ તો સૌ કોઈ માણી શકે છે પણ એક સાચા સાધકે તો ગીતાના શિક્ષણનો આરંભ કરતાં પહેલાં યમ, નિયમ અને બીજા નીતિ-નિયમો પાળીને તેને માટે અધિકારી અથવા લાયક બનવું જોઈએ (પા. ૧૮૧, ૨૨૭). "યમ-નિયમાદિનું પાલન કર્યા વિના..." નૈતિક માર્ગદર્શન પ્રાપ્ત કરવા "આવું પુસ્તક લઈ લેવું એ નિરાશા કૂપમાં પડવા જેવું છે. જેમ વનસ્પતિશાસ્ત્રનો અભ્યાસ વનસ્પતિ જોયા વિના કરવા બેસીએ તેના જેવું આ થાય" (પા. ૯૨). બીજા શબ્દોમાં કહીએ તો, ગાંધીજીની ગીતાદૃષ્ટિ પ્રયોગાત્મક અને વ્યાવહારિક છે, કેવળ મીમાંસાત્મક અને શાસ્ત્રીય નથી. એની મુગ્ધ કરનારી કવિતા આપણને જીવનની સમસ્યાઓમાંથી નાસી છૂટવાનો પાઠ શીખવતી નથી પણ આપણું અહમ્ નિર્મૂળ કરવા માટે જે આચરણનો તે નિર્દેશ કરે છે તેનું કડક રીતે પાલન કરવાની પ્રેરણા આપે છે. ગીતાનો આપણે અભ્યાસ કરવો જોઈએ અને તે સમજવી જોઈએ, પણ "ગીતાજીના શબ્દનો ભાવાર્થ તે જાણવા ખાતર નથી, પણ તેનો અમલ કરવા માટે છે. . . જે વસ્તુનું પાલન ન થાય તેને કોરે મૂકવી. પાલન ન થાય તોપણ તેનું કૃત્રિમ વાચન કર્યા કરવું એ તો બુદ્ધિનો દુર્વ્યય અને કાળક્ષેપ છે" (પા. ૧૭૭).

ગાંધીજીએ ગીતાના રહસ્યનો, એના તાત્પર્યનો, અને એના ઉદ્દેશનો અચૂક રીતે નિર્દેશ કર્યો છે. અર્થાત્ જેને આપણે વળગી રહ્યા છીએ તે પ્રતિબિંબ કે છાયારૂપ એવા આપણા અહમ્નું રૂપાંતર કરવું અથવા તેને નિર્મૂળ કરવો. "ભગવાન તે પ્રમાણે કહે છે કે આધ્યાત્મિક ઉપાધિ એક જ છે, કારણ એક છે, અને ઉપાય પણ એક જ છે. આવું એકીકરણ બતાવવાને મોટામાં મોટો દાખલો લીધો છે. સ્વજન જો હણવા લાયક હોય તો તેમને હણી નાખવા. . . જેટલે દરજ્જે આપણે મમત્વ તજીએ તેટલે જ દરજ્જે આપણે સત્યનું પાલન કરી શકીએ છીએ" (પા. ૯૪–૯૫). અર્જુનનો વિષાદ હત્યા કરવાની અનિચ્છાને કારણે નહીં, પણ પોતાનાં સ્વજનોની હત્યા કરવાની અનિચ્છાને કારણે થયો છે.

Gandhi Heritage Portal

ગીતાશિક્ષણનાં ૪૧–૪૫ પ્રવચનોમાં યજ્ઞનો વ્યાપક અર્થ બતાવ્યો છે, પણ એમાં ગાંધીજીએ શાસ્ત્રસંમત હોય એટલી જ છૂટ લીધી છે. સંજોગો બદલાય અને માનવો પણ વધારે જ્ઞાનસંપન્ન થાય તેમ "પિતાનો વારસો પુત્રે વધારવો જોઈએ."

આપણે એવો દિવસ પણ કલ્પી શકીએ છીએ કે જ્યારે કોઈ ડાહ્યો માણસ "રેંટિયાનો એ ભાવાર્થ કાઢશે કે રેંટિયો એટલે તમામ માણસને જેમાંથી રોજગાર મળી શકે એવું કામ, લાકડાની બનાવેલી વસ્તુ નહીં" (પા. ૧૨૮).

આ વ્યાપક અર્થમાં યજ્ઞનો અર્થ થાય છે "પરોપકારાર્થે કરેલું કર્મ યા કાર્ય" (પા. ૧૨૯). એટલે દેવતાઓને રીઝવવાનો (અધ્યાય ૩, ૧૧) અર્થ "છેટામાં છેટા હોય તેની, એટલે અદૃશ્ય માણસોની પણ, તેમને આપણા નોકર ગણીને નહીં, પણ દેવ ગણીને આપણે વિનયથી, આદરથી સેવા કરીએ; એટલે આખા જગતની સેવા કરીએ" (પા. ૧૨૯).

સાથોસાથ, ગીતા અ. ૨. ૫૨–૩ અને ૪–૧૭ એ શ્લોકોનો ગાંધીજીએ જે મર્યાદિત અર્થ કર્યો છે તે બતાવે છે કે આ સાધારણ પ્રવચનોમાં પણ પોતે પરંપરાગત અર્થથી ધરમૂળથી જુદા પડી જાય છે એ વાત ટાળવા તેઓ કેટલા બધા ઉત્સુક છે. ગાંધીજીના વલણમાં જે કંઈ મહત્ત્વપૂર્ણ છે તે તેમની મૌલિકતા નહીં પણ ધર્મ અને આચાર વચ્ચે સમન્વય ને સુમેળ સાધવાનો એમનો સત્ય-સંકલ્પ છે.

ગાંધીજીની દૃષ્ટિએ ધર્મ કેવળ ઔપચારિક વ્યવસાય નહોતો. તેમની દૃષ્ટિએ ધર્મ શ્રદ્ધા અને આચારને આવરી લેતી એક એવી આધ્યાત્મિક અનુભૂતિ હતી, જેમાં કર્મ જ્ઞાનનું પોષક હતું અને જ્ઞાન કર્મને ઉજ્જવળ કરતું હતું. એટલે કર્મ કેવળ કર્મકાંડ અથવા નિયત કરેલું કર્મ નહોતું. આમ તો "પ્રવૃત્તિમાત્ર કર્મ છે." (પા. ૨૮૨). "શ્વાસ રૂંધવાનો ઈરાદો કરવામાં પણ કર્મ છે. કર્મનો અનારંભ એ પણ કર્મ છે" (પા. ૧૨૪). ". . . જીવવાની ક્રિયા પણ કર્મ છે. . . આમ કર્યા વિના કોઈ રહી શકતું નથી" (પા. ૧૬૩).

આમ કર્મ અનિવાર્ય હોવાથી ગીતા એનો જ્ઞાન અને ભક્તિ સાથે સમન્વય સાધે છે. "ગીતા કર્મપ્રધાન છે એમ નથી, જ્ઞાનપ્રધાન પણ નથી, અને ભક્તિપ્રધાન પણ નથી. . . કર્મ, જ્ઞાન અને ભક્તિ ત્રણેની જરૂર છે, અને પોતપોતાને સ્થાને રહેલી બધી વસ્તુ પ્રધાન છે" (પા. ૨૮૨). આમ કર્મ અને જ્ઞાન બંને શ્રેષ્ઠ છે પણ એકેયનું બીજાના વિના આચરણ થઈ શકતું નથી. કેવળ જ્ઞાન જ કર્મનાં બંધન છેદી શકે છે અને તેનું અકર્મમાં રૂપાંતર કરી શકે છે. પણ આ જ્ઞાન "બુદ્ધિમાંથી હૃદયમાં ઊતરવું જોઈએ," અને એનો સીધો અનુભવ થવો જોઈએ. કેવળ પાત્રમાં રહેલું અન્ન અથવા પેટમાં પડેલું અન્ન પણ ભૂખ ભાંગી શકતું નથી. "પણ તે પેટમાં પડીને પચે અને તેનું લોહીમાં પરિવર્તન થાય ત્યારે જ ભૂખ ભાંગી કહેવાય" (પા. ૧૭૧).

અને આપણા સ્વધર્મ માટે, આપણી આધ્યાત્મિક ભૂખ શાંત કરવા માટેના આપણા દૈનિક ખોરાક માટે, ખોળાંખોળા કરવાની જરૂર નથી. સ્વધર્મ તો આપણી વાટ જોતો ઊભો છે. "સ્વધર્મ એટલે તે તે ક્ષણે આપણને મળેલું કામ" (પા. ૨૯૩). એ અનાયાસે જ આપણી પાસે આવે છે અને આપમેળે જ ઊગ્યાં કરે છે. "આપણો ધર્મ આપણી પાસે રહેલો છે, તે જ સારી રીતે કરી શકવાના છીએ" (પા. ૨૯૦). પ્રયત્નપૂર્વક, બુદ્ધિપૂર્વક અને અનાસક્ત ભાવે આચરેલો સ્વધર્મ જ કર્મયોગ છે, આ જ "રાજમાર્ગ છે, સહજ માર્ગ છે, રાજયોગ છે" (પા. ૧૦૪).

Gandhi Heritage Portal

આ આધ્યાત્મિક સાધના, આ રાજયોગ કોઈ વિશિષ્ટ ધાર્મિક ક્રિયા નથી; એને "વ્યવહારની સાથે નિકટ સંબંધ છે. જેનો વ્યવહારમાં ઉપયોગ ન થઈ શકે એ ધર્મ નથી, અધર્મ છે. પાયખાનું સાફ કરવાનું તે પણ ધર્મદૃષ્ટિથી કરવાનું છે. પણ ગીતાનું કર્મ એ "બળાત્કારે કરેલું નથી, એની પાછળ થોડું જ્ઞાન હોવું જ જોઈએ" (પા. ૨૮૨).

જ્યારે કર્મ જ્ઞાનપૂર્વક, સંકલ્પપૂર્વક અને આત્માર્થે કરવામાં આવે છે ત્યારે તે સાચું અકર્મ બને છે. "કર્મના ફળનો ત્યાગ કરવો એટલે પારકાને માટે કર્મ કરવું હોય તો ઘોડા જેવા થઈને કરીએ. અને પોતાને માટે કરવું હોય તો તેમાં નિઃસ્પૃહ જડ રહીએ. આ હાર્દિક સ્થિતિ છે, મનોભાવના છે" (પા. ૧૬૯).

યજ્ઞ પરહિત માટે થતું કર્મ હોવાથી "યજ્ઞને અર્થે કરેલી હિંસા એ હિંસા નથી" (પા. ૨૮૩). કેવળ યજ્ઞભાવના કર્મને અકર્મમાં અને હિંસાને પણ અહિંસામાં ફેરવી શકે તેમ છે. એવી અહિંસાના દૃષ્ટાંતરૂપે ગાંધીજી પોતાની પત્નીનું ગળું કાપવા ઉદ્યત થયેલા હરિશ્ચન્દ્રનું, ઑપરેશન કરતા સર્જનનું અને એવા પથિકનું ઉદાહરણ આપે છે કે જે માર્ગમાં પડેલ ઘાયલ વ્યક્તિનું અડધું કાપેલું ગળું કાપી નાખે છે (પા. ૧૪૪). અકર્મ એટલે વ્યવહારમાં દરેક કર્મમાં થતી હિંસાનું પ્રમાણ ઓછું કરવું તે (પા. ૨૮૩). "યજ્ઞાર્થે જે કર્મ થાય છે તે બધું બંધનકારક નથી. યજ્ઞાર્થે કર્મ એટલે પરમાર્થે કર્મ" (પા. ૨૮૪).

હિંસાની સામે જે વિરોધ ઉઠાવવામાં આવે છે તે નીતિસિદ્ધાંતને આધારે નહીં પણ સીધાસાદા માનસશાસ્ત્રને આધારે. સામે આપણી માનવસહજ સંવેદનશીલતા જ હિંસાની મના કરે છે. "આપણે બીજાઓનાં દુઃખનો નાશ ઇચ્છીએ તો આપણા દુઃખનો પણ નાશ થાય. . . . એ 'મહાસ્વાર્થ'. . . છે" (પા. ૧૯૮). આપણે સ્પષ્ટ રીતે એટલું સ્વીકારીએ કે આપણાં બધાં કર્મો સ્વાર્થપ્રેરિત છે. પણ આ સ્વાર્થ આખરે છે શું ? "માણસ પરોપકારાર્થે પેદા થાય છે, એમ કહેવું એ એક રીતે સાચું છે. કારણ બધી પ્રવૃત્તિ તે સ્વાર્થ માટે ચલાવે છે પણ આત્માર્થે તે ચલાવે તો તે પરોપકારવૃત્તિ છે. તેની બધી પ્રવૃત્તિ સેવાધર્મને અંગે હશે" (પા. ૨૯૦).

કોઈને અન્યાય થતો જોઈને અથવા કોઈને અકારણ પીડા થતી જોઈને આપણું હૃદય વલોવાઈ જાય છે, અને એનાથી માનસિક વ્યગ્રતા અને વિષાદ થાય છે. "(કટોકટીની પળ) આવે નહીં ત્યાં સુધી રોગ ન જાય. એ તો એક પ્રસૂતિની વેદના છે. નવો જન્મ પામતાં જે આક્રમણ થાય છે. . . . તે આપણને સૌને થાઓ" (પા. ૨૮૮). આવી પરિસ્થિતિમાં ગાંડાતૂર થઈને બીજા પર આક્રમણ કરવાને બદલે અહિંસક સુધારક અંતર્મુખ બને છે. આવી પડેલી પરિસ્થિતિમાં ફસાયેલા બધા જ લોકોમાં તે સમાન માનવતાનાં દર્શન કરે છે અને પોતાના વિરોધીઓનો તથા પોતાની જાતનો ઉદ્ધાર કરવા માટે તે તપ આચરે છે. અનિષ્ટ સામેના આ સંઘર્ષમાં તે એમાં ફસાયેલા સૌનો સહાયક બને છે. નમ્રતા એને શક્તિ આપે છે. આ નમ્રતા આપણા શારીરિક, માનસિક અને નૈતિક બળને જુદાં પાડવાને બદલે તેમને સંગઠિત કરે છે. ભૌતિક દૃષ્ટિએ જોતાં આ વિશાળ વિશ્વમાં આપણે કંઈ જ નથી. "વિશ્વમાં – બ્રહ્માંડમાં તારા, સૂર્ય, ગ્રહ વગેરેમાં આપણો ક્યાં પત્તો ?" (પા. ૨૯૭)

આ અસહાયતાને દૂર કરવામાં એક જાગ્રત, બુદ્ધિશાળી વ્યક્તિ પણ લાચારી અનુભવે છે. એ વખતે યોગેશ્વર કૃષ્ણ, દરેકના હૃદયમાં નિવાસ કરતા પરમાત્મા, ધીમેથી કહે છે: "તારી એકલી બુદ્ધિ કામમાં નથી આવવાની, યોગની જરૂર છે, કર્મયોગની જરૂર છે" (પા. ૨૮૯).

Gandhi Heritage Portal

જે પાપે એક વખત આપણને પાગલ બનાવી મૂક્યા હતા તે હવે નવો અર્થ ધારણ કરે છે; હવે એનું સ્વરૂપ ઓછું વાસ્તવિક અને પ્રયત્નસાધ્ય બને છે. આપણે એને સમર્થન આપતા હતા તેથી તેની હયાતી હતી. આપણે જો એ અવલંબન ખસેડી લઈશું તો એ ધબી જશે. બધાં જ પુણ્ય અને પાપ સહિતના સમસ્ત વિશ્વમાં જેમ આપણે સમાયેલા છીએ તેમ તે સમસ્ત વિશ્વ પણ આપણામાં સમાયેલું છે. "પાપ એકલું દુનિયામાં નભી નથી શકતું. એની સાથે કાંઈ પણ ધર્મ ભળેલો હોય તો જ એ નભી શકે છે" (પા. ૮૮). એકંદરે જોતાં, "જણાશે કે દુષ્ટતાનું સામ્રાજ્ય નથી, સામ્રાજ્ય કેવળ સાધુતાનું છે" (પા. ૧૫૪). એટલું જ નહીં પણ પાપને નિભાવનાર પણ ઈશ્વર પોતે જ છે. તે પોતે જ રાવણરૂપે આવે છે અને લોકોને વીર કર્મો કરવા આહ્વાન આપે છે. પાપનું અસ્તિત્વ એટલા માટે છે કે એનો સામનો કરવા માટે માણસ તપ આચરે, ધૈર્ય પ્રાપ્ત કરે, માનસિક શુદ્ધિ મેળવે અને એ રીતે જ્ઞાનમાં વિકાસ પામે. રાજા જનકનું દૃષ્ટાંત અને શ્રીકૃષ્ણનો ઉપદેશ આપણા પોતાના અનુભવ કરતાં ચડી જાય કારણ કે "આપણે અપૂર્ણ મનુષ્યો પૂર્ણ અનુભવમાંથી અપૂર્ણ સિદ્ધાંત ઘટાવીએ છીએ" (પા. ૨૮૯).

આ કર્મયોગીઓએ જે સત્ય શીખવ્યું છે અને ગાંધીજીએ જેનું આ ૨૧૮ અનૌપચારિક પ્રકરણોમાં જ નહીં પણ એમના આખા લાંબા જીવન દરમ્યાન ઉમદા રીતે વ્યક્ત કર્યું છે, તે સત્ય એ છે કે કર્મનો માર્ગ જ જ્ઞાન સુધી લઈ જાય છે, અને આ અવિરત, અનાસક્ત કર્મ અને સાચું આત્મનિરીક્ષણ જ આપણા અહમ્‌ને ઓગાળી નાખે છે અને આપણને એવી આનંદદાયક અનુભૂતિ કરાવે છે કે "આ આખું જગત ઈશ્વરને વિશે છે" (પા. ૧૭૦) અને "એ પોતાને બીજાથી જુદો નહીં જુએ" (પા. ૨૧૬).

Gandhi Heritage Portal

## વાચકોને સૂચના

ગુજરાતી લખાણ ફરીથી પ્રગટ કરતી વખતે મૂળને વધુમાં વધુ વફાદાર રહેવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. મુદ્રણના દેખીતા દોષો દૂર કરવામાં આવ્યા છે અને મૂળ લખાણમાં સંક્ષિપ્ત હોય તેવા શબ્દો આખા લખવામાં આવ્યા છે. નામો કે શબ્દોની જુદી જુદી જોડણી સુધારવામાં આવી છે.

મોટા કૌંસમાં આપેલી પ્રાસ્તાવિક નોંધો તથા લેખોની અંદર આપેલી તેવા જ કૌંસમાં મૂકેલી સામગ્રી સંપાદકોએ લખેલી છે. મૂળમાં આવતા ગોળ કૌંસો કાયમ રાખવામાં આવ્યા છે. ગાંધીજીએ ટાંકેલાં ભાષણો, અવતરણો વગેરેનાં મૂળ લખાણો હાંસિયો છોડી ચાલુ ટાઈપમાં જ છાપવામાં આવ્યાં છે. ગાંધીજીના શબ્દોમાં ન હોય તેવાં લખાણો, ભાષણો તથા અદાલતના કામકાજ વગેરેના પરોક્ષ હેવાલો ચાલુ ટાઈપ અને ચાલુ માપમાં પણ પાતળા લેડમાં, એટલે કે લીટીઓ વચ્ચે ચાલુ અંતર કરતાં ઓછું અંતર રાખીને છાપ્યા છે.

અંગ્રેજી અને હિંદી લખાણનો તરજુમો અસલ લખાણને વફાદાર રહીને સરળતાથી સમજી શકાય એ રીતે કરવામાં આવ્યો છે.

લખાણની તારીખ, ઉપલબ્ધ હોય અથવા અનુમાનથી નક્કી કરેલી હોય ત્યાં પાનને મથાળે જમણા હાથ પરના ખૂણામાં દર્શાવવામાં આવી છે. જો મૂળ લખાણ તારીખ વિનાનું મળ્યું હોય તો અનુમાનથી નક્કી કરેલી તારીખ, જરૂર મુજબ કારણો સાથે મોટા કૌંસમાં આપવામાં આવી છે. લખાણને અંતે લખાણનાં મૂળ તથા તારીખ આપવામાં આવ્યાં છે. એ તારીખ લખાણની પ્રસિદ્ધિની તારીખ છે. ગાંધીજીનાં જે લખાણો તારીખ વિનાનાં હોય અથવા જેની તારીખ ખાસ સંજોગો પ્રમાણે નક્કી થઈ શકી ન હોય તે પ્રગટ થયાની તારીખો પ્રમાણે ગોઠવવામાં આવ્યાં છે.

મૂળ લખાણના ટૂંકાક્ષરી ઉલ્લેખોમાં એસ. એન. એટલે સાબરમતી સંગ્રહાલય, અમદાવાદના ઉપલબ્ધ દસ્તાવેજો; જી. એન. એટલે ગાંધી સ્મારક નિધિ અને સંગ્રહાલય, નવી દિલ્હીના દસ્તાવેજો; સી. ડબલ્યુ. એટલે "કલેક્ટેડ વર્ક્સ ઑફ મહાત્મા ગાંધી"એ છૂટક વ્યક્તિઓ પાસેથી મેળવેલા પત્રો.

સત્યના પ્રયોગો અથવા આત્મકથાનો ઉલ્લેખ એ ગ્રંથની જુદી જુદી આવૃત્તિનાં જુદાં પાનાંને લક્ષમાં લેતાં તે ગ્રંથના ભાગ અને પ્રકરણ પૂરતો મર્યાદિત છે.

આ ગ્રંથને પ્રસ્તુત હોય તેવી સામગ્રી પરિશિષ્ટમાં આપવામાં આવી છે. લખાણોના આધાર-રૂપ સાહિત્યની યાદી તથા આ ગ્રંથ જે સમયને આવરે છે તેની તારીખવાર નોંધ ગ્રંથના અંત ભાગમાં આપવામાં આવી છે.

Gandhi Heritage Portal

# ઋણસ્વીકાર

આ પુસ્તકની સામગ્રી માટે અમે સાબરમતી આશ્રમ સંરક્ષક અને સ્મારક ટ્રસ્ટ અને સંગ્રહાલય; નવજીવન ટ્રસ્ટ અને ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય, અમદાવાદ; ગાંધી સ્મારક નિધિ અને સંગ્રહાલય નવી દિલ્હી; શ્રી ઘનશ્યામદાસ બિરલા, કલકત્તા; શ્રીમતી વસુમતીબહેન પંડિત, સુરત; શ્રી પરશુરામ મેહરોત્રા, નવી દિલ્હી; શ્રીમતી મીરાંબહેન ગાર્ડન, ઑસ્ટ્રિયા; શ્રીમતી તેહમીનાબહેન ખંભાતા, મુંબઈ; શ્રી મહેશ પટ્ટણી, ભાવનગર; શ્રી જી. વી. કેતકર, પૂના; શ્રી હરિ-ઇચ્છાબહેન કામદાર, વડોદરા; મિસિસ લ્યૂનસડેન, ઑન્ટેરિયા, કૅનેડા; શ્રીમતી રાધાબહેન ચૌધરી, કલકત્તા; શ્રીમતી ગંગાબહેન વૈદ્ય, બોચાસણ; શ્રીમતી સુશીલાબહેન ગાંધી, ફિનિક્સ, ડરબન; શ્રી કનુભાઈ મશરૂવાળા, અકોલા; શ્રી ડાહ્યાભાઈ મ. પટેલ, ધોળકા; શ્રી વાલજી ગો. દેસાઈ, પૂના તથા નીચેનાં પુસ્તકોના પ્રકાશકોના આભારી છીએ :

बापुना पत्रो–४ : मणिबहेन पटेलने, गांधीजीनुं गीताशिक्षण, हाथकांतण अने हाथ-वणाट, श्रीमद् राजचन्द्र.

નીચેનાં વર્તમાનપત્રો તથા સામયિકોના પણ અમે આભારી છીએ : आज, अमृतबझार-पत्रिका, बॉम्बे क्रॉनिकल, फॉरवर्ड, हिन्दु, हिन्दुस्तान टाइम्स, लीडर, नवजीवन, साबरमती, सर्चलाइट અને यंग इन्डिया.

સંશોધન અને સંદર્ભ ગ્રંથોની સગવડ માટે ઑલ ઈન્ડિયા કૉંગ્રેસ કમિટી પુસ્તકાલય, ગાંધી સ્મારક સંગ્રહાલય, ઇન્ડિયન કાઉન્સિલ ઑફ વર્લ્ડ ઍફેર્સ પુસ્તકાલય, માહિતી અને પ્રસારણ મંત્રાલયનો સંશોધન અને સંદર્ભ વિભાગ, નવી દિલ્હી; સાબરમતી સંગ્રહાલય અને ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય, અમદાવાદ; અને શ્રી પ્યારેલાલ નય્યર, નવી દિલ્હી; તેમ જ દસ્તાવેજો તૈયાર કરવામાં સહાય કરવા માટે માહિતી અને પ્રસારણ મંત્રાલયનો ફોટો વિભાગ, નવી દિલ્હી; અમારા આભારને પાત્ર છે.

Gandhi Heritage Portal

# અનુક્રમણિકા


પ્રસ્તાવના ૫
વાચકોને સૂચના ૧૧
ઋણસ્વીકાર ૧૩
૧. રાયચંદભાઈનાં કેટલાંક સ્મરણો (૫–૧૧–૧૯૨૬) ૧
૨. ઘનશ્યામદાસ બિરલાને પત્ર (૫–૧૧–'૨૬) ૯
૩. ફૉરવર્ડને સંદેશો (૬–૧૧–'૨૬) ૧૦
૪. અહિંસા – ૫ (૭–૧૧–'૨૬) ૧૦
૫. મઢડા આશ્રમ વિશે (૭–૧૧–'૨૬) ૧૩
૬. બનારસીદાસ ચતુર્વેદીને પત્ર (૮–૧૧–'૨૬) ૧૪
૭. જમનાલાલ બજાજને પત્ર (૮–૧૧–'૨૬) ૧૫
૮. સૈયદ ઝહિરુલ હકને પત્ર (૧૦–૧૧–'૨૬) ૧૫
૯. ચક્રવર્તી રાજગોપાલાચારીને પત્ર (૧૦–૧૧–'૨૬) ૧૬
૧૦. વિ. લ. ફડકેને પત્ર (૧૦–૧૧–'૨૬) ૧૬
૧૧. આદર્શોનો વ્યભિચાર (૧૧–૧૧–'૨૬) ૧૭
૧૨. રેંટિયો કે હાથસાળ (૧૧–૧૧–'૨૬) ૧૮
૧૩. ગોરક્ષા (૧૧–૧૧–'૨૬) ૨૧
૧૪. શાળાઓમાં તકલી (૧૧–૧૧–'૨૬) ૨૨
૧૫. નોંધ (૧૧–૧૧–'૨૬) ૨૩
૧૬. એક સુધારો (૧૧–૧૧–'૨૬) ૨૭
૧૭. ડૉ. કે. કે. કુરુવિલ્લાને પત્ર (૧૧–૧૧–'૨૬) ૨૭
૧૮. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર (૧૨–૧૧–'૨૬) ૨૮
૧૯. સી. વિજયરાઘવાચારિયરને પત્ર (૧૨–૧૧–'૨૬) ૨૯
૨૦. એચ. બી. તેજુમલને પત્ર (૧૨–૧૧–'૨૬) ૨૯
૨૧. જે. ડબલ્યુ. પેટાવલને પત્ર (૧૨–૧૧–'૨૬) ૩૦
૨૨. ગિરિરાજ કિશોરને પત્ર (૧૨–૧૧–'૨૬) ૩૦
૨૩. મુરલીપ્રસાદ અંબરથાને પત્ર (૧૨–૧૧–'૨૬) ૩૧
૨૪. ઈડા મિલરને પત્ર (૧૨–૧૧–'૨૬) ૩૧
૨૫. મૂલચંદ અગ્રવાલને પત્ર (૧૨–૧૧–'૨૬) ૩૨
૨૬. બહેરામજી ખંભાતાને પત્ર (૧૨–૧૧–'૨૬) ૩૨
૨૭. શ્રીપ્રકાશને પત્ર (૧૩–૧૧–'૨૬) ૩૩
૨૮. વસુમતી પંડિતને પત્ર (૧૩–૧૧–'૨૬) ૩૩
૨૯. તુલસી મહેરને પત્ર (૧૩–૧૧–'૨૬) ૩૪
૩૦. અહિંસા – ૬ (૧૪–૧૧–'૨૬) ૩૪



ગાંધી સ્મારક સંગ્રહાલય
અમદાવાદ-૧૩.
Gandhi Heritage Portal

૩૧. વીંકાનો મેળો (૧૪-૧૧-’૨૬) ૩૭
૩૨. ગર્ટ્રુડ ગ્રોગનને પત્ર (૧૪-૧૧-’૨૬) ૩૭
૩૩. રામેશ્વરદાસ પોદ્દારને પત્ર (૧૪-૧૧-’૨૬) ૩૮
૩૪. ફિરોઝને પત્ર (૧૫-૧૧-’૨૬) ૩૮
૩૫. ફેલિક્સ વાલ્યેને પત્ર (૧૫-૧૧-’૨૬) ૩૯
૩૬. જમનાલાલ બજાજને પત્ર (૧૫-૧૧-’૨૬) ૩૯
૩૭. લાલન પંડિતને પત્ર (૧૫-૧૧-’૨૬) ૪૦
૩૮. દેવચંદ પારેખને પત્ર (૧૫-૧૧-’૨૬) ૪૧
૩૯. નીમખારના મંડળ મંત્રી માધોજીને તાર (૧૫-૧૧-’૨૬ કે તે પછી) ૪૧
૪૦. हॅन्ड-स्पिनिंग एन्ड हॅन्ड-वीविंग (१६-११-’२६) ૪૨
૪૧. એન. એસ. વરદાચારીને પત્ર (૧૬-૧૧-’૨૬) ૪૩
૪૨. કનકચંદ્ર શર્માને પત્ર (૧૬-૧૧-’૨૬) ૪૩
૪૩. બ્રજકૃષ્ણ ચાંદીવાલાને પત્ર (૧૬-૧૧-’૨૬) ૪૪
૪૪. મુન્નાલાલ ગં. શાહને પત્ર (૧૬-૧૧-’૨૬) ૪૪
૪૫. કવિવરની વાટિકાનાં પુષ્પો (૧૮-૧૧-’૨૬) ૪૫
૪૬. કાંતણ, મરણઘડીએ આશ્વાસનરૂપ (૧૮-૧૧-’૨૬) ૪૭
૪૭. રાજાઓ અને રાણીઓની કળાઓ (૧૮-૧૧-’૨૬) ૪૮
૪૮. દક્ષિણ આફ્રિકાની પરિસ્થિતિ (૧૮-૧૧-’૨૬) ૪૯
૪૯. મ્યુનિસિપાલિટીઓમાં કાંતણ (૧૮-૧૧-’૨૬) ૫૧
૫૦. શાંતિવાદી હડતાળની શરતો (૧૮-૧૧-’૨૬) ૫૧
૫૧. નોંધ (૧૮-૧૧-’૨૬) ૫૩
૫૨. વસુમતી પંડિતને પત્ર (૧૮-૧૧-’૨૬) ૫૭
૫૩. રેવાશંકર જ. મહેતાને પત્ર (૧૮-૧૧-’૨૬) ૫૮
૫૪. બાપુભાઈ નારણજી વશીને પત્ર (૧૮-૧૧-’૨૬) ૫૮
૫૫. ઘનશ્યામદાસ બિરલાને પત્ર (૧૮-૧૧-’૨૬) ૫૯
૫૬. પરમેશ્વર દયાળ ગુપ્તને પત્ર (૧૯-૧૧-’૨૬) ૬૦
૫૭. સત્યાનંદ સરસ્વતીને પત્ર (૧૯-૧૧-’૨૬) ૬૧
૫૮. દેવચંદ પારેખને પત્ર (૧૯-૧૧-’૨૬) ૬૧
૫૯. બહેરામજી ખંભાતાને પત્ર (૧૯-૧૧-’૨૬) ૬૨
૬૦. હરજીવન મ. વ્યાસને પત્ર (૧૯-૧૧-’૨૬) ૬૩
૬૧. સતીશચંદ્ર મુખરજીને પત્ર (૨૦-૧૧-’૨૬) ૬૪
૬૨. જમનાલાલ બજાજને પત્ર (૨૦-૧૧-’૨૬) ૬૪
૬૩. અહિંસા – ૭ (૨૧-૧૧-’૨૬) ૬૫
૬૪. યજ્ઞ-સૂતરની ખાદી (૨૧-૧૧-’૨૬) ૬૭
૬૫. નોંધ (૨૧-૧૧-’૨૬) ૬૮
૬૬. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર (૨૨-૧૧-’૨૬) ૬૯
૬૭. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર (૨૨-૧૧-’૨૬) ૭૦

Gandhi Heritage Portal

૬૮. હેમપ્રભાદેવી દાસગુપ્તાને પત્ર (૨૨–૧૧–’૨૬) ૭૧
૬૯. ચક્રવર્તી રાજગોપાલાચારીને પત્ર (૨૨–૧૧–’૨૬) ૭૧
૭૦. રવિશંકર ગ. અંજારિયાને પત્ર (૨૩–૧૧–’૨૬) ૭૨
૭૧. જનકધારીપ્રસાદને પત્ર (૨૪–૧૧–’૨૬) ૭૩
૭૨. એફ. ડબલ્યુ. પેથિક-લૉરેન્સને પત્ર (૨૪–૧૧–’૨૬) ૭૪
૭૩. જે. ડબલ્યુ. પેટાવલને પત્ર (૨૪–૧૧–’૨૬) ૭૪
૭૪. દેવચંદ પારેખને પત્ર (૨૪–૧૧–’૨૬) ૭૫
૭૫. નોંધ (૨૫–૧૧–’૨૬) ૭૫
૭૬. પ્રાર્થનાનો દિવસ (૨૫–૧૧–’૨૬) ૭૮
૭૭. વિલક્ષણ વિચારો (૨૫–૧૧–’૨૬) ૮૦
૭૮. તામિલનાડુમાં ખાદીકાર્ય (૨૫–૧૧–’૨૬) ૮૨
૭૯. સી. વિજયરાઘવાચારિયરને પત્ર (૨૫–૧૧–’૨૬) ૮૩
૮૦. એલ. આર. પાંગારકરને પત્ર (૨૫–૧૧–’૨૬) ૮૩
૮૧. રેવાશંકર જ. મહેતાને પત્ર (૨૫–૧૧–’૨૬) ૮૪
૮૨. એક પત્ર (૨૫–૧૧–’૨૬) ૮૫
૮૩. ઘનશ્યામદાસ બિરલાને પત્ર (૨૫–૧૧–’૨૬) ૮૫
૮૪. લીલાવતીને પત્ર (૨૫–૧૧–’૨૬) ૮૬
૮૫. ખગરિયા કૉંગ્રેસ સમિતિના પ્રમુખને તાર (૨૬–૧૧–’૨૬ કે તે પછી) ૮૬
૮૬. ગીતાશિક્ષણ (૨૭–૧૧–’૨૬) ૮૬
૮૭. સી. નારાયણરાવને પત્ર (૨૭–૧૧–’૨૬) ૨૯૮
૮૮. રિચાર્ડ બી. ગ્રેગને પત્ર (૨૭–૧૧–’૨૬) ૨૯૮
૮૯. અહિંસા – ૮ (૨૮–૧૧–’૨૬) ૩૦૦
૯૦. પદવીદાન સમારંભમાં ભાષણ (૨૮–૧૧–’૨૬) ૩૦૨
૯૧. બ્રજકૃષ્ણ ચાંદીવાલાને પત્ર (૨૯–૧૧–’૨૬) ૩૦૩
૯૨. પુરુષોત્તમદાસ ઠાકુરદાસને પત્ર (૨૯–૧૧–’૨૬) ૩૦૪
૯૩. અબળાનું બળ (૨–૧૨–’૨૬) ૩૦૪
૯૪. જીવનચક્ર (૨–૧૨–’૨૬) ૩૦૫
૯૫. નોંધ (૨–૧૨–’૨૬) ૩૦૫
૯૬. મીરાંબહેનને પત્ર (૩–૧૨–’૨૬) ૩૦૭
૯૭. ઘનશ્યામદાસ બિરલાને પત્ર (૪–૧૨–’૨૬) ૩૦૭
૯૮. સભ્યતા (૫–૧૨–’૨૬) ૩૦૮
૯૯. બહેરામજી ખંભાતાને પત્ર (૫–૧૨–’૨૬) ૩૧૦
૧૦૦. છગનલાલ ગાંધીને તાર (૬–૧૨–’૨૬) ૩૧૦
૧૦૧. આશ્રમની બહેનોને પત્ર (૬–૧૨–’૨૬) ૩૧૧
૧૦૨. મ્યુરિયલ લિસ્ટરને પત્ર (૬–૧૨–’૨૬) ૩૧૨
૧૦૩. મીરાંબહેનને પત્ર (૬–૧૨–’૨૬) ૩૧૨
૧૦૪. લાલતાપ્રસાદ શાદને પત્ર (૬–૧૨–’૨૬) ૩૧૩


REFERENCE BOOK
13660
ગાંધી સ્મારક સંગ્રહાલય, અમદાવાદ-૧૩.
Gandhi Heritage Portal

૧૦૫. વી. વી. દાસ્તાનેને પત્ર (૬–૧૨–'૨૬) ૩૧૪
૧૦૬. મણિબહેન પટેલને પત્ર (૬–૧૨–'૨૬) ૩૧૪
૧૦૭. સર પ્રભાશંકર પટ્ટણીને પત્ર (૬–૧૨–'૨૬) ૩૧૫
૧૦૮. દેવચંદ પારેખને પત્ર (૬–૧૨–'૨૬) ૩૧૬
૧૦૯. રામદાસ ગાંધીને પત્ર (૬–૧૨–'૨૬) ૩૧૬
૧૧૦. મણિબહેન પટેલને પત્ર (૮–૧૨–'૨૬) ૩૧૭
૧૧૧. વસુમતી પંડિતને પત્ર (૮–૧૨–'૨૬) ૩૧૭
૧૧૨. રાજકિશોરી મેહરોત્રાને પત્ર (૮–૧૨–'૨૬) ૩૧૮
૧૧૩. એ સન્નારીની બીજી સેવાઓ (૯–૧૨–'૨૬) ૩૧૮
૧૧૪. મુક્તિનું મૂલ્ય (૯–૧૨–'૨૬) ૩૧૯
૧૧૫. શ્રેયવાદ (૯–૧૨–'૨૬) ૩૨૧
૧૧૬. નોંધ (૯–૧૨–'૨૬) ૩૨૩
૧૧૭. પંજાબમાં ખાદી (૯–૧૨–'૨૬) ૩૨૪
૧૧૮. અતિપ્રાકૃતિક તેટલું નાખો ખાડમાં (૯–૧૨–'૨૬) ૩૨૫
૧૧૯. મીરાંબહેનને પત્ર (૯–૧૨–'૨૬) ૩૨૭
૧૨૦. શ્વેબ કુરેશીને પત્ર (૯–૧૨–'૨૬) ૩૨૭
૧૨૧. ગૉર્ડન લૉને પત્ર (૯–૧૨–'૨૬) ૩૨૮
૧૨૨. ડૉ. સુરેશ બૅનરજીને પત્ર (૯–૧૨–'૨૬) ૩૨૯
૧૨૩. રામદેવને પત્ર (૯–૧૨–'૨૬) ૩૩૦
૧૨૪. ડૉ. બી. સી. રૉયને પત્ર (૯–૧૨–'૨૬) ૩૩૦
૧૨૫. હકીમ અજમલખાનને પત્ર (૯–૧૨–'૨૬) ૩૩૧
૧૨૬. ડૉ. એન. એસ. હાર્ડિકરને પત્ર (૯–૧૨–'૨૬) ૩૩૨
૧૨૭. એચ. સી. હલને પત્ર (૯–૧૨–'૨૬) ૩૩૨
૧૨૮. ફ્રાન્સિસ્કા સ્ટૅન્ડેનેથને પત્ર (૯–૧૨–'૨૬) ૩૩૩
૧૨૯. એસ. બી. સ્પિલેનારને પત્ર (૯–૧૨–'૨૬) ૩૩૪
૧૩૦. રોલો રસેલને પત્ર (૯–૧૨–'૨૬) ૩૩૪
૧૩૧. મિસિસ રોલો રસેલને પત્ર (૯–૧૨–'૨૬) ૩૩૫
૧૩૨. એસ. શ્રીનિવાસ આયંગરને તાર (૧૦–૧૨–'૨૬ કે તે પહેલાં) ૩૩૫
૧૩૩. જી. વી. કેતકરને પત્ર (૧૦–૧૨–'૨૬) ૩૩૬
૧૩૪. એ. એ. પૉલને પત્ર (૧૦–૧૨–'૨૬) ૩૩૬
૧૩૫. ડૉ. બી. સી. રૉયને પત્ર (૧૦–૧૨–'૨૬) ૩૩૭
૧૩૬. ડી. કે. ફડકેને પત્ર (૧૦–૧૨–'૨૬) ૩૩૮
૧૩૭. મીરાંબહેનને પત્ર (૧૧–૧૨–'૨૬) ૩૩૮
૧૩૮. કાઠિયાવાડ રાજકીય પરિષદ (૧૨–૧૨–'૨૬) ૩૪૦
૧૩૯. અંત્યજ સર્વસંગ્રહ (૧૨–૧૨–'૨૬) ૩૪૨
૧૪૦. હરિઇચ્છાને પત્ર (૧૨–૧૨–'૨૬) ૩૪૩
૧૪૧. ડૉ. કાર્લ થીયેમને પત્ર (૧૩–૧૨–'૨૬) ૩૪૩

Gandhi Heritage Portal

૧૪૨. ડૉ. બી. સી. રૉયને પત્ર (૧૩–૧૨–'૨૬) ૩૪૪
૧૪૩. ધીરેનને પત્ર (૧૩–૧૨–'૨૬) ૩૪૪
૧૪૪. એસ. કે. જૈનને પત્ર (૧૩–૧૨–'૨૬) ૩૪૫
૧૪૫. ટી. એન. નાથાણીને પત્ર (૧૩–૧૨–'૨૬) ૩૪૬
૧૪૬. પ્રભાશંકર પટ્ટણીને પત્ર (૧૩–૧૨–'૨૬) ૩૪૬
૧૪૭. આશ્રમની બહેનોને પત્ર (૧૩–૧૨–'૨૬) ૩૪૭
૧૪૮. એક પત્ર (૧૫–૧૨–'૨૬) ૩૪૮
૧૪૯. હિમાલયની ઊંચાઈએથી (૧૬–૧૨–'૨૬) ૩૪૮
૧૫૦. દક્ષિણ આફ્રિકા (૧૬–૧૨–'૨૬) ૩૪૯
૧૫૧. નોંધ (૧૬–૧૨–'૨૬) ૩૫૦
૧૫૨. ખાદી પ્રતિષ્ઠાન (૧૬–૧૨–'૨૬) ૩૫૨
૧૫૩. શિવાભાઈ પટેલને પત્ર (૧૬–૧૨–'૨૬) ૩૫૨
૧૫૪. હરદયાળ નાગને પત્ર (૧૭–૧૨–'૨૬) ૩૫૩
૧૫૫. એસ. હિગિનબૉટમને પત્ર (૧૭–૧૨–'૨૬) ૩૫૩
૧૫૬. વર્ધાની જાહેર સભાને સંદેશો (૧૯–૧૨–'૨૬) ૩૫૪
૧૫૭. મીરાંબહેનને પત્ર (૧૯–૧૨–'૨૬) ૩૫૪
૧૫૮. રાજકિશોરી મેહરોત્રાને પત્ર (૨૦–૧૨–'૨૬ કે તે પહેલાં) ૩૫૫
૧૫૯. પરશુરામ મેહરોત્રાને પત્ર (૨૦–૧૨–'૨૬ કે તે પહેલાં) ૩૫૫
૧૬૦. આશ્રમની બહેનોને પત્ર (૨૦–૧૨–'૨૬) ૩૫૬
૧૬૧. ઘનશ્યામદાસ બિરલાને પત્ર (૨૦–૧૨–'૨૬) ૩૫૭
૧૬૨. વર્ધાની જાહેર સભામાં ભાષણ (૨૦–૧૨–'૨૬) ૩૫૮
૧૬૩. રામેશ્વરદાસ પોદ્દારને પત્ર (૨૧–૧૨–'૨૬) ૩૫૯
૧૬૪. મણિબહેન પટેલને પત્ર (૨૧–૧૨–'૨૬) ૩૫૯
૧૬૫. અમરાવતીના વ્યાયામ મંદિરના ઉદ્‌ઘાટન પ્રસંગે ભાષણ (૨૧–૧૨–'૨૬) ૩૬૦
૧૬૬. નાગપુરની જાહેર સભામાં ભાષણ (૨૧–૧૨–'૨૬) ૩૬૧
૧૬૭. ગંગા અને જમુનાનો સંદેશો (૨૩–૧૨–'૨૬) ૩૬૨
૧૬૮. નોંધ (૨૩–૧૨–'૨૬) ૩૬૨
૧૬૯. ખાદી કર્મચારી મંડળ (૨૩–૧૨–'૨૬) ૩૬૪
૧૭૦. પારસીઓમાં હાથવણાટ (૨૩–૧૨–'૨૬) ૩૬૫
૧૭૧. અખિલ હિંદ ચરખા સંઘ (૨૩–૧૨–'૨૬) ૩૬૬
૧૭૨. છાપાંજોગ મુલાકાત (૨૪–૧૨–'૨૬) ૩૬૭
૧૭૩. લજપતરાયને તાર (૨૪–૧૨–'૨૬) ૩૬૭
૧૭૪. ઇન્દ્ર વિદ્યાવાચસ્પતિને તાર (૨૪–૧૨–'૨૬) ૩૬૮
૧૭૫. ગૌહત્તીની મહાસમિતિની બેઠકમાં ભાષણ (૨૪–૧૨–'૨૬) ૩૬૮
૧૭૬. ગૌહત્તી સ્વદેશી પ્રદર્શનમાં ભાષણ (૨૫–૧૨–'૨૬) ૩૭૧
૧૭૭. અખિલ ભારત ગોરક્ષામંડળ (૨૬–૧૨–'૨૬) ૩૭૨
૧૭૮. ગૌહત્તીમાં ધ્વજવંદન પ્રસંગે ભાષણ (૨૬–૧૨–'૨૬) ૩૭૪

Gandhi Heritage Portal

૧૭૯. ગૌહત્તીના કૉંગ્રેસ અધિવેશનમાં ઠરાવ અને ભાષણ (૨૬–૧૨–'૨૬) ૩૭૪
૧૮૦. ગૌહત્તી કૉંગ્રેસ અધિવેશન વેળા ઠરાવ અને ભાષણ (૨૬–૧૨–'૨૬) ૩૭૮
૧૮૧. આશ્રમની બહેનોને પત્ર (૨૭–૧૨–'૨૬) ૩૭૯
૧૮૨. ગૌહત્તીના કૉંગ્રેસ અધિવેશનમાં ભાષણ (૨૭–૧૨–'૨૬) ૩૮૦
૧૮૩. મીરાંબહેનને પત્ર (૨૭–૧૨–'૨૬) ૩૮૨
૧૮૪. ગૌહત્તીના કૉંગ્રેસ અધિવેશનમાં ભાષણ (૨૮–૧૨–'૨૬) ૩૮૩
૧૮૫. ગૌહત્તીના કૉંગ્રેસ અધિવેશનમાં ભાષણ (૨૮–૧૨–'૨૬) ૩૮૪
૧૮૬. ગૌહત્તીની મ્યુનિસિપલ બોર્ડની સભામાં ભાષણ (૨૮–૧૨–'૨૬) ૩૮૬
૧૮૭. ઍસોસિયેટેડ પ્રેસને મુલાકાત (૨૮–૧૨–'૨૬) ૩૮૬
૧૮૭(૧). મીરાંબહેનને પત્ર (૨૮–૧૨–'૨૬) ૩૮૭
૧૮૮. અભય આશ્રમમાં ખાદીકાર્ય (૩૦–૧૨–'૨૬) ૩૮૭
૧૮૯. શ્રદ્ધાનંદજીનું બલિદાન (૩૦–૧૨–'૨૬) ૩૮૮
૧૯૦. અસ્પૃશ્યતામાં સરખામણી (૩૦–૧૨–'૨૬) ૩૯૧
૧૯૧. નોંધ (૩૦–૧૨–'૨૬) ૩૯૨
૧૯૨. કલકત્તાની જાહેર સભામાં ભાષણ (૩૧–૧૨–'૨૬) ૩૯૪
૧૯૩. મગનલાલ ગાંધીને પત્ર (ડિસેમ્બર ૧૯૨૬) ૩૯૫
૧૯૪. મણિબહેન પટેલને પત્ર (૧૯૨૬) ૩૯૫
૧૯૫. મણિબહેન પટેલને પત્ર (૧૯૨૬) ૩૯૬
૧૯૬. મણિબહેન પટેલને પત્ર (૧૯૨૬) ૩૯૬
૧૯૭. મણિબહેન પટેલને પત્ર (૧૯૨૬) ૩૯૭
૧૯૮. મણિબહેન પટેલને પત્ર (૧૯૨૬) ૩૯૭
૧૯૯. લક્ષ્મીને પત્ર (૧૯૨૬) ૩૯૮
૨૦૦. પ્રભાશંકર પટ્ટણીને પત્ર (૧૯૨૬) ૩૯૮
૨૦૧. પ્રભાશંકર પટ્ટણીને પત્ર (૧૯૨૬) ૩૯૯
૨૦૨. આશ્રમની બહેનો સમક્ષ પ્રાર્થના-પ્રવચન (૧૯૨૬) ૪૦૦
૨૦૩. મણિબહેનને પત્ર (૧–૧–૧૯૨૭) ૪૧૧
૨૦૪. કલકત્તા ખાતે દલિત વર્ગની શાળાઓની સભામાં ભાષણ (૨–૧–'૨૭) ૪૧૨
૨૦૫. કલકત્તાના ચિત્તરંજન સેવાસદનમાં ભાષણ (૨–૧–'૨૭) ૪૧૩
૨૦૬. કલકત્તામાં કેવરાતાલા સ્મશાનભૂમિમાં ભાષણ (૨–૧–'૨૭) ૪૧૪
૨૦૭. સોદપુરના ખાદી પ્રતિષ્ઠાનમાં ભાષણ (૨–૧–'૨૭) ૪૧૫
૨૦૮. ગંગાબહેન વૈદ્યને પત્ર (૨–૧–'૨૭) ૪૧૫
૨૦૯. પરશુરામ મેહરોત્રાને તાર (૩–૧–'૨૭) ૪૧૬
૨૧૦. મીરાંબહેનને પત્ર (૩–૧–'૨૭) ૪૧૬
૨૧૧. મણિબહેન પટેલને પત્ર (૩-૧–'૨૭) ૪૧૭
૨૧૨. આશ્રમની બહેનોને પત્ર (૩–૧–'૨૭) ૪૧૭
૨૧૩. પ્રભાશંકર પટ્ટણીને પત્ર (૪–૧–'૨૭) ૪૧૮
૨૧૪. રામદાસ ગાંધીને પત્ર (૪–૧–'૨૭) ૪૧૯

Gandhi Heritage Portal

૨૧૫. કોમિલ્લા અભય આશ્રમમાં પ્રાર્થના-પ્રવચન (૫–૧–'૨૭) ૪૧૯
૨૧૬. કોમિલ્લામાં ગ્રામજનોની સભામાં ભાષણ (૫–૧–'૨૭) ૪૨૦
૨૧૭. કોમિલ્લાની જાહેર સભામાં ભાષણ (૫–૧–'૨૭) ૪૨૦
૨૧૮. સ્વામીજીનાં સંસ્મરણો (૬–૧–'૨૭) ૪૨૪
૨૧૯. નોંધ (૬–૧–'૨૭) ૪૨૬
૨૨૦. કૉંગ્રેસ (૬–૧–'૨૭) ૪૨૯
૨૨૧. फ्री प्रेस ऑफ इन्डियाने મુલાકાત (૬–૧–'૨૭) ૪૩૪
૨૨૨. કોમિલ્લામાં સ્ત્રીઓની સભામાં ભાષણ (૬–૧–'૨૭) ૪૩૫
૨૨૩. મણિબહેન પટેલને પત્ર (૮–૧–'૨૭) ૪૩૬
૨૨૪. અસ્પૃશ્યતાની આંટીઓ (૯–૧–'૨૭) ૪૩૭
૨૨૫. ડૉ. ભગવાનદાસને મુલાકાત (૯–૧–'૨૭) ૪૩૮
૨૨૬. બનારસ હિંદુ યુનિવર્સિટીમાં ભાષણ (૯–૧–'૨૭) ૪૪૪
૨૨૭. બનારસમાં શ્રદ્ધાનંદ-સ્મારકની સભામાં ભાષણ (૯–૧–'૨૭) ૪૪૫
૨૨૮. બનારસમાં અસ્પૃશ્યોની સભામાં ભાષણ (૯–૧–'૨૭) ૪૪૫
૨૨૯. બનારસમાં સ્ત્રીઓની સભામાં ભાષણ (૯–૧–'૨૭) ૪૪૬
૨૩૦. બનારસની જાહેર સભામાં ભાષણ (૯–૧–'૨૭) ૪૪૭
૨૩૧. મીરાંબહેનને પત્ર (૧૦–૧–'૨૭) ૪૪૮
૨૩૨. આશ્રમની બહેનોને પત્ર (૧૦–૧–'૨૭) ૪૪૯
૨૩૩. મણિલાલ ગાંધીને પત્ર (૧૦–૧–'૨૭) ૪૫૦
૨૩૪. મીરાંબહેનને પત્ર (૧૦–૧–'૨૭) ૪૫૦
૨૩૫. નાનાભાઈ મશરૂવાળાને પત્ર (૧૦–૧–'૨૭) ૪૫૨
૨૩૬. ગંગાબહેન વૈદ્યને પત્ર (૧૦–૧–'૨૭ પછી) ૪૫૨
૨૩૭. મૈસૂરની ગોરક્ષા સમિતિને પત્ર (૧૧–૧–'૨૭) ૪૫૩
૨૩૮. એ. સી. સી. હાર્વેને પત્ર (૧૧–૧–'૨૭) ૪૫૪
૨૩૯. એક પત્ર (૧૨–૧–'૨૭) ૪૫૫
૨૪૦. ધનબાદમાં ભાષણ (૧૨–૧–'૨૭) ૪૫૬
૨૪૧. પૂર્ણ સ્વાતંત્ર્ય (૧૩–૧–'૨૭) ૪૫૮
૨૪૨. નોંધ (૧૩–૧–'૨૭) ૪૬૦
૨૪૩. કૉંગ્રેસ સભ્યોને સંદેશો (૧૩–૧–'૨૭) ૪૬૦
૨૪૪. ધનબાદમાં ભાષણ (૧૩–૧–'૨૭) ૪૬૧
૨૪૫. કતરસની જાહેર સભામાં ભાષણ (૧૩–૧–'૨૭) ૪૬૨
૨૪૬. ઝરિયાની જાહેર સભામાં ભાષણ (૧૩–૧–'૨૭) ૪૬૪
૨૪૭. ઔરંગાબાદની જાહેર સભામાં ભાષણ (૧૪–૧–'૨૭) ૪૬૫
૨૪૮. મુલાકાતીઓની વિઝિટબુકમાં નોંધ (૧૫–૧–'૨૭) ૪૬૭
૨૪૯. મણિબહેન પટેલને તાર (૧૫–૧–'૨૭) ૪૬૮
૨૫૦. ગયાની સભામાં ભાષણ (૧૫–૧–'૨૭) ૪૬૮
૨૫૧. રમનાની જાહેર સભામાં ભાષણ (૧૫–૧–'૨૭) ૪૭૦


Gandhi Heritage Portal

૨૫૨. મીરાંબહેનને પત્ર (૧૬–૧–'૨૭) ૪૭૨
૨૫૩. ડાહ્યાભાઈ મ. પટેલને પત્ર (૧૬–૧–'૨૭) ૪૭૩
૨૫૪. વા. ગો. દેસાઈને પત્ર (૧૬–૧–'૨૭) ૪૭૩
૨૫૫. સોનપુરમાં સ્ત્રીઓની સભામાં ભાષણ (૧૬–૧–'૨૭) ૪૭૪
૨૫૬. છપરાની જાહેર સભામાં ભાષણ (૧૬–૧–'૨૭) ૪૭૫
૨૫૭. સિવાનની જાહેર સભામાં ભાષણ (૧૬–૧–'૨૭) ૪૭૬
૨૫૮. મીરાંબહેનને પત્ર (૧૭–૧–'૨૭) ૪૭૭
૨૫૯. મણિબહેન પટેલને પત્ર (૧૭–૧–'૨૭) ૪૭૮
૨૬૦. જમનાલાલ બજાજને પત્ર (૧૭–૧–'૨૭) ૪૭૯
૨૬૧. આશ્રમની બહેનોને પત્ર (૧૭–૧–'૨૭) ૪૮૦
૨૬૨. મીરાંબહેનને પત્ર (૧૮–૧–'૨૭) ૪૮૧
૨૬૩. બિહારમાં ખાદી (૨૦–૧–'૨૭) ૪૮૨
૨૬૪. હિંદી વિ. અંગ્રેજી (૨૦–૧–'૨૭) ૪૮૪
૨૬૫. નોંધ (૨૦–૧–'૨૭) ૪૮૫
૨૬૬. મુદ્દાની વાત (૨૦–૧–'૨૭) ૪૮૭
૨૬૭. તડફડ ટીકાકાર (૨૦–૧–'૨૭) ૪૮૯
૨૬૮. મધુબનીમાં ભાષણ (૨૦–૧–'૨૭) ૪૯૧
૨૬૯. સમસ્તીપુરની જાહેર સભામાં ભાષણ (૨૦–૧–'૨૭) ૪૯૩

**પરિશિષ્ટો :**

૧. રાયચંદભાઈને ગાંધીજીના પ્રશ્નો અને તેના ઉત્તર ૪૯૫
૨. ગાંધીજી પર રોમાં રોલાંનો પત્ર ૫૦૧
૩. કેન્યાના હિંદીઓ : ડી. બી. દેસાઈનો પત્ર ૫૦૧

આધારરૂપ સાહિત્ય ૫૦૪
તારીખવાર વૃત્તાંત ૫૦૫
સૂચિ ૫૦૭

Gandhi Heritage Portal

ગાંધીજીનો અક્ષરદેહ

Gandhi Heritage Portal

## અભ્યાસી પ્રત્યે

મારાં લખાણોના ઉદ્યમી અભ્યાસીને તેમ જ એમાં રસ લેનાર બીજાઓને કહેવા ઇચ્છું છું કે મને સર્વકાળે એકરૂપ જ દેખાવાની કશી પરવા નથી. સત્યની મારી શોધમાં મેં ઘણા વિચારોનો ત્યાગ કર્યો છે ને ઘણી નવી વસ્તુઓ શીખ્યો છું. ઉંમરમાં હું ભલે વૃદ્ધ થયો હોઉં, પણ મારો આંતરિક વિકાસ થતો અટકયો છે અથવા દેહ પડ્યા પછી મારો વિકાસ અટકી જશે એવું મને લાગતું નથી. મને એક જ વસ્તુની પડી છે, ને તે પ્રતિક્ષણ સત્યનારાયણની વાણીને અનુસરવાની મારી તત્પરતા છે. અને તેથી કોઈને મારાં બે લખાણોમાં વિરોધ જેવું જણાય ત્યારે, જો તેને મારા ડહાપણ વિશે શ્રદ્ધા હોય તો એક જ વિષયનાં બે લખાણોમાંથી પાછલાને તે પ્રમાણભૂત માને.

હરિજનબંધુ, ૩૦–૪–'૩૩ — ગાંધીજી

Gandhi Heritage Portal

# ૧. રાયચંદભાઈનાં કેટલાંક સ્મરણો

નવેમ્બર ૫, ૧૯૨૬

### પ્રાસ્તાવિક

શ્રીમદ્ રાજચંદ્રના[1] પત્રો અને લખાણોની (નવી) આવૃત્તિને સારુ પ્રસ્તાવના લખવા માગણી મારી પાસે, જેને હું મારા વડીલ ભાઈ સમા ગણું છું એવા શ્રી રેવાશંકર જગજીવને કરી તેનો હું ઇનકાર નથી કરી શક્યો. શ્રીમદ્ રાજચંદ્રનાં લખાણોની પ્રસ્તાવનામાં શું લખવું એ વિચારતાં મને એમ લાગ્યું કે તેમનાં સ્મરણોનાં થોડાં પ્રકરણો મેં યરવડાના કેદખાનામાં[2] લખ્યાં તે આપું તો બે અર્થ સરે. એક તો જે પ્રયાસ મેં જેલમાં કર્યો તે અધૂરો છતાં કેવળ ધર્મવૃત્તિથી લખાયેલો હોવાથી મારા જેવા મુમુક્ષુને તેનો લાભ મળે અને બીજો જેઓને શ્રીમદ્‌નો પરિચય ન થયો હોય તેઓને તેમનો કંઈક પરિચય મળે અને તેથી તેમનાં કેટલાંક લખાણો સમજવામાં મદદ મળે.

નીચેનાં પ્રકરણો તો અધૂરાં છે. હું પૂરાં કરી શકું એવું મને ભાસતું નથી. કેમ કે અવકાશ મળે તોયે જે મેં લખ્યું છે તેનાથી આગળ બહુ વધવાની મારી ઇચ્છા નથી થતી. તેથી છેલ્લું પ્રકરણ જે અધૂરું રહ્યું તે પૂરું કરી તેમાં કેટલીક વસ્તુનો સમાવેશ કરી દેવા ઇચ્છું છું.

એ પ્રકરણોમાં એક વિષયનો વિચાર નથી થયો. તે વાંચનારની પાસે રજૂ કરવો ઇષ્ટ ગણું છું. કેટલાક એમ કહે છે કે શ્રીમદ્ પચીસમા તીર્થંકર થઈ ગયા. કેટલાક એમ માને છે કે તેમણે મોક્ષ મેળવી લીધો. આ બંને માન્યતા અયોગ્ય છે એમ મને લાગે છે. એ માન્યતા ધરાવનારા શ્રીમદ્‌ને ઓળખતા નથી અથવા તીર્થંકરની અથવા મુક્ત પુરુષની વ્યાખ્યા બીજી કરે છે. આપણા પ્રિયતમને સારુ પણ આપણે સત્યને હળવું કે સસ્તું ન કરીએ. મોક્ષ અમૂલ્ય વસ્તુ છે. મોક્ષ આત્માની અંતિમ સ્થિતિ છે. મોક્ષ એવી મોંઘી વસ્તુ છે કે તે મેળવતાં જેટલો પ્રયત્ન સમુદ્રતીરે બેસી એક સળી લઈ તેની ઉપર એક એક બિંદુ ચડાવી સમુદ્ર ઉલેચનારને કરવો પડે અને ધીરજ રાખવી પડે તેના કરતાંયે વિશેષની આવશ્યકતા છે. એ મોક્ષનું સંપૂર્ણ વર્ણન અસંભવિત છે. તીર્થંકરને મોક્ષ પૂર્વેની વિભૂતિઓ સહજ પ્રાપ્ત હોય. આ દેહે મુક્ત પુરુષને રોગાદિ હોય નહીં. નિર્વિકારી શરીરમાં રોગ સંભવતો નથી. રાગ વિના રોગ હોય નહીં. જ્યાં વિકાર ત્યાં રાગ રહેલો જ હોય, જ્યાં રાગ ત્યાં મોક્ષ સંભવે નહીં. મુક્ત પુરુષને જોઈતી વીતરાગતા કે તીર્થંકરની વિભૂતિઓ શ્રીમદ્‌ને પ્રાપ્ત નહોતી થઈ. સામાન્ય મનુષ્યોના પ્રમાણમાં શ્રીમદ્‌ની વીતરાગતા અને વિભૂતિઓ ઘણી વધારે હતી, તેથી આપણે તેમને લૌકિક ભાષામાં વીતરાગ અને વિભૂતિમાન કહીએ. પણ મુક્ત પુરુષને સારુ કલ્પાયેલી વીતરાગતાને અને તીર્થંકરની વિભૂતિઓને શ્રીમદ્ નહોતા પહોંચી શકયા એવો મારો દૃઢ અભિપ્રાય છે. આ કંઈ એક મહાન કે પૂજ્ય વ્યક્તિનો દોષ બતાવવાને સારુ નથી લખતો. પણ તેમને અને સત્યને ન્યાય મળવા ખાતર લખું છું. આપણે સંસારી જીવો છીએ ત્યારે શ્રીમદ્ અસંસારી હતા. આપણને

૧. શ્રીમદ્ રાજચંદ્ર રવજીભાઈ મહેતા.

૨. માર્ચ, ૧૯૨૨થી ફેબ્રુઆરી ૧૯૨૪ સુધી ગાંધીજી આ જેલમાં હતા.



Gandhi Heritage Portal

અનેક યોનિઓમાં ભટકવું પડશે ત્યારે શ્રીમદ્‌ને કદાચ એક જન્મ બસ થાઓ. આપણે કદાચ મોક્ષથી દૂર ભાગતા હોઈશું ત્યારે શ્રીમદ્ વાયુવેગે મોક્ષ તરફ ધસી રહ્યા હતા. આ થોડો પુરુષાર્થ નથી. એમ છતાં મારે કહેવું જોઈએ કે શ્રીમદ્, જે અપૂર્વ પદનું તેમણે પોતે સુંદર વર્ણન કર્યું છે, તે પામી નહોતા શક્યા. તેમણે જ કહ્યું છે કે તેમના પ્રવાસમાં તેમને સહરાનું રણ વચમાં આવ્યું તે ઓળંગવું બાકી રહી ગયું. પણ શ્રીમદ્ રાજચંદ્ર અસાધારણ વ્યક્તિ હતા. તેમનાં લખાણ એ તેમના અનુભવનાં બિંદુ સમાં છે. તે વાંચનાર, વિચારનાર અને તે પ્રમાણે ચાલનારને મોક્ષ સુલભ થાય, તેના કષાયો મોળા પડે, તેને સંસાર વિશે ઉદાસીનતા આવે, તે દેહનો મોહ છોડી આત્માર્થી બને.

આટલા ઉપરથી વાંચનાર જોશે કે શ્રીમદ્‌નાં લખાણ અધિકારીને સારુ છે. બધા વાંચનાર તેમાં રસ નહીં લઈ શકે. ટીકાકારને તેની ટીકાનું કારણ મળશે. પણ શ્રદ્ધાવાન તો તેમાંથી રસ જ લૂંટશે. તેમનાં લખાણોમાં સત્ નીતરી રહ્યું છે એવો મને હમેશાં ભાસ આવ્યો છે. તેમણે પોતાનું જ્ઞાન બતાવવા સારુ એક પણ અક્ષર નથી લખ્યો. લખનારનો હેતુ વાંચનારને પોતાના આત્માનંદમાં ભાગીદાર બનાવવાનો હતો. જેને આત્મક્લેશ ટાળવો છે, જે પોતાનું કર્તવ્ય જાણવા ઉત્સુક છે તેને શ્રીમદ્‌નાં લખાણોમાંથી બહુ મળી રહેશે, એવો મને વિશ્વાસ છે, પછી ભલે તે હિંદુ હો કે અન્યધર્મી.

અને આવા અધિકારીને તેમનાં થોડાં સ્મરણોની મેં કરેલી યાદી ઉપયોગી થઈ પડશે, એ આશાએ તે સ્મરણોને આ પ્રસ્તાવનામાં સ્થાન આપું છું.

૧

જેનાં પવિત્ર સ્મરણો લખવાનો હું આરંભ કરું છું તે સ્વ. શ્રીમદ્ રાજચંદ્રની જન્મ-તિથિનો આ દિવસ છે. એટલે કાર્તિકી પૂર્ણિમા[૧] (સંવત ૧૯૭૯). મારો પ્રયત્ન શ્રીમદ્ રાજચંદ્રનું જીવનચરિત્ર લખવાનો નથી. એ કાર્ય મારી શક્તિની બહાર છે. મારી પાસે સામગ્રી નથી. જીવનચરિત્ર લખવું હોય તો હું તેમની જન્મભૂમિ વવાણિયા[૨] બંદરમાં કેટલોક વખત ગાળું, તેમનું રહેવાનું મકાન તપાસું, તેમનાં રમવાભમવાનાં સ્થાનો જોઉં, તેમના બાળમિત્રોને મળું, તેમની નિશાળમાં જઈ આવું, તેમના મિત્રો, અનુયાયીઓ, સગાંસંબંધીઓને મળું, તેમની પાસે જાણ-વાનું જાણી લઉં ને પછી જ લખવાનો આરંભ કરું. આમાંની કોઈ વસ્તુનો મને પરિચય નથી.

પણ સ્મરણો લખવાની પણ મારી શક્તિ અથવા યોગ્યતા વિશે મને શંકા ઉત્પન્ન થઈ છે. અવકાશ હોય તો તેમનાં સ્મરણો લખું એવો ઉદ્‌ગાર મેં એકથી વધારે વખત કાઢેલો મને યાદ છે. તેમના એક શિષ્ય કે જેમને સારુ મારા મનમાં ઘણું માન છે, તેમણે તે સાંભળેલું અને આ આરંભ મુખ્યત્વે તેમને સંતોષવાને ખાતર છે. શ્રીમદ્ રાજચંદ્ર જેમને હું રાયચંદભાઈ અથવા કવિ એવા નામથી પ્રેમ અને માનપૂર્વક બોલાવતો, તેમનાં સ્મરણો લખી તેમનું રહસ્ય મુમુક્ષુ પાસે મૂકવું એ મને ગમે. હવે તો મારો પ્રયાસ કેવળ મિત્રને સંતોષવા પૂરતો છે. તેમનાં સ્મરણોને હું ન્યાય આપી શકું તેને સારુ મને જૈનમાર્ગનો સારો પરિચય હોવો જોઈએ. મારે કબૂલ કરવું જોઈએ કે તે નથી. તેથી મારું દૃષ્ટિબિંદુ હું અત્યંત સંકુચિત રાખવાનો છું. જે

૧. કાર્તિકી પૂર્ણિમા નવેમ્બર ૪, ૧૯૨૨ને દિવસે હતી.
૨. સૌરાષ્ટ્રમાં.

Gandhi Heritage Portal

જે સ્મરણોની મારા જીવન ઉપર છાપ પડી છે તેની નોંધ અને તેમાંથી જે શિક્ષણ મને મળ્યું છે તે જ આપી હું સંતોષ માનીશ. કદાચ જે લાભ મને મળ્યો તે અથવા તેવો તે સ્મરણોથી વાંચનાર મુમુક્ષુને પણ મળે.

'મુમુક્ષુ' શબ્દ મેં ઇરાદાપૂર્વક વાપર્યો છે. બધી જાતના વાંચનારને સારુ આ પ્રયાસ નથી.

મારી ઉપર ત્રણ પુરુષોએ ઊંડી છાપ પાડી છે: ટૉલ્સ્ટૉય, રસ્કિન અને રાયચંદભાઈ. ટૉલ્સ્ટૉયની તેમના અમુક પુસ્તક દ્વારા અને તેમની સાથેના થોડા પત્રવ્યવહારથી; રસ્કિનની તેના એક જ પુસ્તક અન ટુ ધ લાસ્ટથી, — જેનું ગુજરાતી નામ સર્વોદય મેં રાખ્યું છે; અને રાયચંદભાઈની તેમની સાથેના ગાઢ પરિચયથી. હિંદુ ધર્મમાં મને શંકા પેદા થઈ તે સમયે તેના નિવારણમાં મદદ કરનાર રાયચંદભાઈ હતા. સને ૧૮૯૩ની સાલમાં દક્ષિણ આફ્રિકામાં હું કેટલાક ખ્રિસ્તી સજ્જનોના ખાસ સંબંધમાં આવેલો. તેમનું જીવન સ્વચ્છ હતું. તે ધર્મચુસ્ત હતા. બીજા ધર્મવાળાને ખ્રિસ્તી થવા સમજાવવા એ તેમનો મુખ્ય વ્યવસાય હતો. જોકે મારો તેમની સાથે સંબંધ વ્યાવહારિક કાર્યને જ અંગે થયેલો તોપણ તેમણે મારા આત્માના કલ્યાણ અર્થે ચિંતા કરવા માંડી. મારું એક કર્તવ્ય હું સમજી શક્યો. જ્યાં સુધી હિંદુ ધર્મનું રહસ્ય હું પૂરું ન જાણી લઉં અને તેનાથી મારા આત્માને અસંતોષ ન થાય, ત્યાં સુધી મારા જન્મનો ધર્મ મારે ન જ તજવો જોઈએ. તેથી મેં હિંદુ અને બીજાં ધર્મપુસ્તકો વાંચવાં શરૂ કર્યાં, ખ્રિસ્તી, મુસલમાની પુસ્તકો વાંચ્યાં. લંડનમાં થયેલા અંગ્રેજ મિત્રોની સાથે પત્રવ્યવહાર ચલાવ્યો. તેમની આગળ મારી શંકાઓ મૂકી, તેમ જ હિંદુસ્તાનમાં જેઓ ઉપર મારી કંઈ પણ આસ્થા હતી તેમની સાથે પત્રવ્યવહાર ચલાવ્યો. તેમાં રાયચંદભાઈ મુખ્ય હતા.[1] તેમની સાથે તો મને સરસ સંબંધ બંધાઈ ચૂક્યો હતો. તેમના પ્રત્યે માન હતું, તેથી તેમની મારફતે જે મળી શકે તે મેળવવા વિચાર કર્યો. તેનું પરિણામ એ આવ્યું કે હું શાંતિ પામ્યો. હિંદુ ધર્મમાં મને જે જોઈએ તે મળે એમ છે, એવો મનને વિશ્વાસ આવ્યો. આ સ્થિતિને સારુ રાયચંદભાઈ જવાબદાર થયા એટલે મારું માન તેમના પ્રત્યે કેટલું વધ્યું હોવું જોઈએ તેનો ખ્યાલ વાંચનારને કંઈક આવશે.

એમ છતાં મેં એમને ધર્મગુરુ નથી માન્યા. ધર્મગુરુની તો શોધ જ કર્યા કરું છું, અને હજુ સુધી મને બધાને વિશે જવાબ 'આ નહીં' એમ જ મળ્યો છે. એવા સંપૂર્ણ ગુરુ મળવાને સારુ અધિકાર જોઈએ, તે ક્યાંથી કાઢું?

## ૨

રાયચંદભાઈની સાથે મારી ઓળખાણ સન ૧૮૯૧ના જુલાઈ માસમાં જે દિવસે હું વિલાયતથી પાછો ફરી મુંબઈ પહોંચ્યો તે જ દિવસે થઈ. એ દિવસોમાં દરિયામાં તોફાન હોય છે. તેથી આગબોટ મોડી પહોંચેલી ને રાત પડી ગઈ હતી. મારો ઉતારો દાક્તર બૅરિસ્ટર — અને હવે રંગૂનના પ્રખ્યાત ઝવેરી — પ્રાણજીવનદાસ મહેતાને ત્યાં હતો. રાયચંદભાઈ તેમના વડીલ ભાઈના જમાઈ થાય. દાક્તરે જ પરિચય કરાવેલો. તેમના બીજા વડીલ ભાઈ ઝવેરી રેવાશંકર જગજીવનદાસની ઓળખ પણ તે જ દિવસે થઈ. દાક્તરે રાયચંદભાઈને 'કવિ' કહી ઓળખાવ્યા, અને મને કહ્યું, 'કવિ છતાંયે અમારી સાથે વેપારમાં છે. તેઓ જ્ઞાની છે, શતાવધાની છે.'

૧. જુઓ પરિશિષ્ટ.

Gandhi Heritage Portal

કોઈએ સૂચના કરી કે મારે કેટલાક શબ્દો તેમને સંભળાવવા ને તેઓ તે શબ્દો ગમે તે ભાષાના હશે તોપણ જે ક્રમમાં હું બોલ્યો હોઈશ તે જ ક્રમમાં પાછા કહી જશે. મને આ સાંભળીને આશ્ચર્ય થયું. હું તો જુવાનિયો, વિલાયતથી આવેલો, મારા ભાષાજ્ઞાનનો પણ ડોળ; મને વિલાયતનો પવન ત્યારે કંઈ ઓછો ન હતો. વિલાયતથી આવ્યા એટલે ઊંચેથી ઊતર્યા. મેં મારું બધું જ્ઞાન ઠાલવ્યું અને જુદી જુદી ભાષાના શબ્દો પ્રથમ તો મેં લખી કાઢ્યા — કેમ કે મને ક્રમ ક્યાં યાદ રહેવાનો હતો? અને પછી તે શબ્દો હું વાંચી ગયો. તે જ ક્રમમાં રાયચંદભાઈએ હળવેથી એક પછી એક બધા શબ્દો કહી દીધા. હું રાજી થયો, ચકિત થયો અને કવિની સ્મરણશક્તિ વિશે મારો ઊંચો અભિપ્રાય બંધાયો. વિલાયતનો પવન હળવો પાડવા સારુ આ અનુભવ સરસ થયો ગણાય.

કવિને અંગ્રેજી જ્ઞાન મુદ્દલ ન હતું. તેમની ઉંમર તે વખતે પચીસથી ઉપર ન હતી. ગુજરાતી નિશાળમાં પણ થોડો જ અભ્યાસ કરેલો. છતાં આટલી સ્મરણશક્તિ, આટલું જ્ઞાન અને આટલું તેમની આસપાસનાઓ તરફથી માન. આથી હું મોહાયો. સ્મરણશક્તિ નિશાળમાં નથી વેચાતી; જ્ઞાન પણ નિશાળની બહાર જો ઇચ્છા થાય — જિજ્ઞાસા હોય — તો મળે; અને માન પામવાને સારુ વિલાયત કે ક્યાંય જવું નથી પડતું, પણ ગુણને માન જોઈએ તો મળી રહે છે, એ પદાર્થપાઠ મને મુંબઈ ઊતરતાં જ મળ્યો.

કવિની સાથેનો આ પરિચય બહુ આગળ ચાલ્યો. સ્મરણશક્તિ ઘણાની તીવ્ર હોય, તેથી અંજાવાની કશી જરૂર નથી. શાસ્ત્રજ્ઞાન પણ ઘણાને જોવામાં આવે છે. પણ જો તે સંસ્કારી ન હોય તો તેમની પાસેથી ફૂટી બદામ પણ નથી મળતી. સંસ્કાર સારા હોય ત્યાં જ સ્મરણશક્તિ અને શાસ્ત્રજ્ઞાનનો મેળાપ શોભે અને જગતને શોભાવે. કવિ સંસ્કારી અને જ્ઞાની હતા.

૩

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે,
ક્યારે થઈશું બાહ્યાન્તર નિર્ગ્રંથ જો,
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને,
વિચરશું કવ મહત્પુરુષને પંથ જો?
સર્વ ભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી,
માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો,
અન્ય કારણે અન્ય કશું કલ્પે નહિ,
દેહે પણ કિંચિત્ મૂર્છા નવ હોય જો. — અપૂર્વ૦

રાયચંદભાઈના ૧૮ વર્ષની ઉંમરે નીકળેલા અપૂર્વ ઉદ્‌ગારની આ પહેલી બે કડીઓ છે.

જે વૈરાગ્ય એ કડીઓમાં ઝળહળી રહ્યો છે તે મેં તેમના બે વર્ષના ગાઢ પરિચયમાં ક્ષણે ક્ષણે તેમનામાં જોયેલો. તેમનાં લખાણોની એક અસાધારણતા એ છે કે પોતે જે અનુભવ્યું તે જ લખ્યું છે. તેમાં ક્યાંયે કૃત્રિમતા નથી. બીજાની ઉપર છાપ પાડવા સારુ એક લીટી સરખી પણ લખી હોય એમ મેં નથી જોયું. તેમની પાસે હમેશાં કંઈક ધર્મપુસ્તક અને એક કોરી ચોપડી પડેલાં જ હોય. એ ચોપડીમાં પોતાના મનમાં જે વિચાર આવે તે લખી નાખે. કોઈ વેળા ગદ્ય ને કોઈ વેળા પદ્ય. એવી રીતે જ 'અપૂર્વ અવસર' પણ લખાયેલું હોવું જોઈએ.

Gandhi Heritage Portal

ખાતાં, બેસતાં, સૂતાં, પ્રત્યેક ક્રિયા કરતાં તેમનામાં વૈરાગ્ય તો હોય, કોઈ વખત આ જગતના કોઈ પણ વૈભવને વિશે તેમને મોહ થયો હોય એમ મેં નથી જોયું.

તેમની રહેણીકરણી હું આદરપૂર્વક પણ ઝીણવટથી તપાસતો. ભોજનમાં જે મળે તેથી સંતુષ્ટ રહેતા. પહેરવેશ સાદો, પહેરણ, અંગરખું, ખેસ, ગરભસૂતરો ફેંટો ને ધોતી. એ કંઈ બહુ સાફ કે ઈસ્તરીબંધ રહેતાં એમ મને સ્મરણ નથી. ભોંયે બેસવું, ખુરસીએ બેસવું બંને સરખાં હતાં. સામાન્ય રીતે પોતાની દુકાનમાં ગાદીએ બેસતા.

તેમની ચાલ ધીમી હતી, અને જોનાર સમજી શકે કે ચાલતાં પણ પોતે વિચારમાં ગ્રસ્ત છે. આંખમાં ચમત્કાર હતો: અત્યંત તેજસ્વી; વિહ્વળતા જરાયે ન હતી. આંખમાં એકાગ્રતા લખેલી હતી. ચહેરો ગોળાકાર, હોઠ પાતળા, નાક અણીદાર પણ નહીં — ચપટું પણ નહીં, શરીર એકવડું, કદ મધ્યમ, વર્ણ શ્યામ, દેખાવ શાંત મૂર્તિનો હતો. તેમના કંઠમાં એટલું બધું માધુર્ય હતું કે તેમને સાંભળતાં માણસ થાકે નહીં. ચહેરો હસમુખો ને પ્રફુલ્લિત હતો. તેની ઉપર અંતરાનંદની છાયા હતી. ભાષા એટલી પરિપૂર્ણ હતી કે તેમને પોતાના વિચારો બતાવતાં કોઈ દિવસ શબ્દ ગોતવો પડયો છે એમ મને યાદ નથી. કાગળ લખવા બેસે ત્યારે ભાગ્યે જ શબ્દ બદલતા મેં તેમને જોયા હશે; છતાં વાંચનારને એમ નહીં લાગે કે કયાંય વિચાર અપૂર્ણ છે કે વાકયરચના તૂટેલી છે, અથવા શબ્દની પસંદગીમાં ખોડ છે.

આ વર્ણન સંયમીને વિશે સંભવે. બાહ્યાડંબરથી મનુષ્ય વીતરાગી નથી થઈ શકતો. વીતરાગતા એ આત્માની પ્રસાદી છે. અનેક જન્મના પ્રયત્ને મળી શકે છે એમ હરકોઈ માણસ અનુભવી શકે છે. રાગોને કાઢવાનો પ્રયત્ન કરનાર જાણે છે કે રાગરહિત થવું કેવું કઠિન છે. એ રાગરહિત દશા કવિને સ્વાભાવિક હતી એમ મારી ઉપર છાપ પડી હતી.

મોક્ષનું પ્રથમ પગથિયું વીતરાગતા છે. જ્યાં સુધી જગતની એક પણ વસ્તુમાં મન ખૂંચેલું છે ત્યાં સુધી મોક્ષની વાત કેમ ગમે? અથવા ગમે તો તે કેવળ કાનને જ — એટલે જેમ આપણને અર્થ જાણ્યા કે સમજ્યા વિના કોઈ સંગીતનો કેવળ સૂર જ ગમી જાય તેમ. એવી માત્ર કર્ણપ્રિય ગમ્મતમાંથી મોક્ષને અનુસરનારું વર્તન આવતાં તો ઘણો કાળ વહી જાય. આંતરવૈરાગ્ય વિના મોક્ષની લગની ન થાય. એવી વૈરાગ્યલગની કવિની હતી.

૪

વણિક તેહનું નામ, જેહ જૂઠું નવ બોલે,
વણિક તેહનું નામ, તોલ ઓછું નવ તોલે,
વણિક તેહનું નામ, બાપે બોલ્યું તે પાળે,
વણિક તેહનું નામ, વ્યાજ સહિત ધન વાળે.
વિવેક તોલ એ વણિકનું, સુલતાન તોલ એ શાખ છે;
વેપાર ચૂકે જો વાણિયો, દુ:ખ દાવાનળ થાય છે.

— શામળ ભટ્ટ

સામાન્ય માન્યતા એવી હોય છે કે વ્યવહાર કે વેપાર અને પરમાર્થ અથવા ધર્મ એ બે નોખી ને વિરોધી વસ્તુ છે. વેપારમાં ધર્મ દાખલ કરવો એ ગાંડપણ છે. એમ કરવા જતાં બંને બગડે. આ માન્યતા જો ખોટી ન હોય તો આપણે કપાળે કેવળ નિરાશા જ લખેલી હોય.

Gandhi Heritage Portal

એવી એક પણ વસ્તુ નથી, એવો એક પણ વ્યવહાર નથી કે જેમાંથી આપણે ધર્મને દૂર રાખી શકીએ.

ધાર્મિક મનુષ્યનો ધર્મ તેના પ્રત્યેક કાર્યમાં જણાવો જ જોઈએ એમ રાયચંદભાઈએ પોતાના જીવનમાં બતાવી આપ્યું હતું. ધર્મ કંઈ એકાદશીને દહાડે જ, પજુસણમાં જ, ઈદને દહાડે કે રવિવારે જ પાળવાનો, અથવા તો મંદિરોમાં, દેરાંઓમાં, દેવળોમાં ને મસ્જિદોમાં જ પાળવાનો, પણ દુકાનમાં કે દરબારમાં નહીં, એવો કોઈ નિયમ નથી; એટલું જ નહીં પણ એમ કહેવું એ ધર્મને ન ઓળખવા બરાબર છે, એમ રાયચંદભાઈ કહેતા, માનતા, ને પોતાના આચારમાં બતાવી આપતા.

તેમનો વેપાર હીરામોતીનો હતો. શ્રી રેવાશંકર જગજીવન ઝવેરીની સાથે ભાગીદાર હતા. સાથે કાપડની દુકાન પણ ચલાવતા. પોતાના વ્યવહારમાં સંપૂર્ણ રીતે પ્રામાણિકપણું જાળવતા એવી મારી ઉપર તેમણે છાપ પાડી હતી. તેઓ સોદા કરતા તે વખતે હું કોઈ વાર અનાયાસે હાજર રહેતો. તેમની વાત સ્પષ્ટ અને એક જ હતી. ‘ચાલાકી’ જેવું હું કંઈ જોતો નહીં. સામેનાની ચાલાકી પોતે તરત કળી જતા, તે તેમને અસહ્ય લાગતી. એવે વખતે તેમની ભ્રૂકુટી પણ ચડતી, ને આંખોમાં લાલાશ હું જોઈ શકતો હતો.

ધર્મકુશળ એ વ્યવહારકુશળ ન હોય એ વહેમ રાયચંદભાઈએ ખોટો સિદ્ધ કરી બતાવ્યો હતો. પોતાના વેપારમાં પૂરી કાળજી ને હોશિયારી બતાવતા. હીરામોતીની પરીક્ષા ઘણી ઝીણવટથી કરી શકતા. જો કે અંગ્રેજી જ્ઞાન તેમને નહોતું છતાં પૅરિસ વગેરેના તેમના આડતિયા તરફથી આવેલા કાગળો, તારોના મર્મો તરત સમજી જતા, ને તેઓની કળા વર્તતાં વાર ન લાગતી. તેમણે કરેલા તર્કો ઘણે ભાગે સાચા પડતા.

આટલી કાળજી ને હોશિયારી છતાં વેપારની ધાલાવેલી કે ચિંતા ન રાખતા. દુકાનમાં બેઠા પણ જ્યારે પોતાનું કામ પૂરું થઈ રહે એટલે ધર્મપુસ્તક તો પાસે પડયું જ હોય તે ઉઘાડે અથવા પેલી પોથી કે જેમાં પોતાના ઉદ્ગારો લખતા તે ઉઘાડે. મારા જેવા જિજ્ઞાસુ તેમની પાસે રોજ આવ્યા જ હોય. તેમની સાથે ધર્મચર્ચા કરતાં આંચકો ન ખાય. વેપારને ટાણે વેપાર, ધર્મને ટાણે ધર્મ, અથવા એક જ વખતે એક જ કામ એ સામાન્ય અને સુંદર નિયમનું કવિ પાલન ન કરતા. પોતે શતાવધાની હોઈ તેનું પાલન ન કરે તે ચાલે. બીજાઓ તેમનો વાદ કરવા જાય તો બે ઘોડે ચડનાર જેમ પડે તેમ પડે જ. સંપૂર્ણ રીતે ધાર્મિક ને વીતરાગી પુરુષ પણ જે ક્રિયા જે કાળે કરતો હોય તેમાં જ તે લીન થાય એ યોગ્ય છે, એટલું જ નહીં પણ તેને તો એ જ શોભે. એ તેના યોગની નિશાની છે. એમાં ધર્મ છે. વેપાર અથવા એવી કોઈ પણ ક્રિયા જો કર્તવ્ય હોય તો તેમાં પણ પૂરી એકાગ્રતા હોવી જ જોઈએ. અંતરમાં આત્મચિંતવન તે તો મુમુક્ષુને તેના શ્વાસની પેઠે ચાલવું જ જોઈએ, તેથી એક ક્ષણભર પણ તે વંચિત ન રહે. પણ આત્માને ચિંતવતો છતો જે બાહ્ય કાર્ય કરતો હોય તેમાંય તે તન્મય રહે જ.

આમ કવિ નહોતા કરતા એમ હું કહેવા નથી ઇચ્છતો. ઉપર જ મેં કહ્યું છે કે પોતે તેમના વેપારમાં પૂરી કાળજી રાખતા. એમ છતાં મારી ઉપર એવી છાપ પડી છે ખરી કે કવિએ પોતાના શરીરની પાસેથી જોઈએ તે કરતાં વધારે કામ લીધું. એ યોગની અપૂર્ણતા તો ન હોય? કર્તવ્ય કરતાં શરીર પણ જવા દેવું જોઈએ એ નીતિ છે. પણ શક્તિ ઉપરવટ કંઈ વહોરી લઈ તેને કર્તવ્ય માનવું એ રાગ છે. એવો અતિ ઉત્તમ રાગ કવિને હશે એમ મને લાગ્યા કર્યું છે.

Gandhi Heritage Portal

ઘણી વખત પરમાર્થ દૃષ્ટિએ માણસ શક્તિ ઉપરાંત કામ લે છે ને પછી એને પહોંચી વળતાં તણાવું પડે છે, એને આપણે ગુણ માનીએ છીએ ને તેની પ્રશંસા કરીએ છીએ. પણ પરમાર્થ એટલે ધર્મદૃષ્ટિએ જોતાં એમ ઉપાડેલાં કામમાં સૂક્ષ્મ મૂર્છા હોવાનો બહુ સંભવ છે.

જો આપણે આ જગતમાં કેવળ નિમિત્તમાત્ર જ હોઈએ, આ શરીર આપણને ભાડે મળ્યું છે ને આપણે તે વાટે તુરત મોક્ષ સાધવો એ જ પરમ કર્તવ્ય હોય, તો એ માર્ગમાં જે વિઘ્નકર્તા હોય તેનો ત્યાગ અવશ્ય કરવો જ જોઈએ એ જ પારમાર્થિક દૃષ્ટિ, બીજી નહીં.

જે દલીલો હું ઉપર કરી ગયો છું તે પણ બીજે રૂપે ને પોતાની જ ચમત્કારી ભાષામાં રાયચંદભાઈ મને સંભળાવી ગયા હતા. એમ છતાં તેમણે કેટલીક ઉપાધિઓ એવી કેવી વહોરી કે પરિણામે તેમને સખત માંદગી ભોગવવી પડી?

જો રાયચંદભાઈને પણ પરોપકાર નિમિત્ત મોહે ક્ષણ વાર ઘેરી લીધા એ મારી માન્યતા ખરી હોય તો प्रकृतिं यान्ति भूतानि निग्रहः किं करिष्यति[1] એ શ્લોકાર્ધ અહીં બરોબર બંધ બેસે છે; ને તેનો અર્થ એટલો જ છે. ઇચ્છાપૂર્વક વર્તવાને સારુ ઉપરના કૃષ્ણવચનનો ઉપયોગ કોઈ કરતા જણાય છે તે તો કેવળ દુરુપયોગ છે. રાયચંદભાઈની પ્રકૃતિ તેમને બળાત્કારે ઊંડા પાણીમાં લઈ ગઈ. એવા કાર્યને દોષરૂપે પણ લગભગ સંપૂર્ણ આત્માને વિશે જ કલ્પી શકાય. આપણે સામાન્ય માણસો તો પરોપકારી કાર્ય પાછળ ગાંડા બનીએ ત્યારે જ તેને કદાચ પહોંચી વળીએ. આ વિષયને એટલેથી જ સમાપ્ત કરીએ.

એવી પણ માન્યતા જોવામાં આવે છે કે ધાર્મિક માણસો તો એવા ભોળા હોય કે તેને બધા છેતરે. તેને દુનિયાની બાબતોની કશી ખબર ન પડે. આ બરોબર હોય તો કૃષ્ણચંદ્ર અને રામચંદ્ર બે અવતારો તે કેવળ સંસારી મનુષ્યોમાં ગણાવા જોઈએ. કવિ કહેતા કે જેને શુદ્ધ જ્ઞાન છે તેને છેતરવો અશકય હોવું જોઈએ. માણસ ધાર્મિક એટલે નીતિમાન હોય છતાં તે જ્ઞાની ન હોય. પણ મોક્ષને સારુ નીતિ અને અનુભવજ્ઞાનનો સુસંગમ જોઈએ. જેને અનુભવજ્ઞાન થયું છે તેની પાસે પાખંડ નભી જ ન શકે. સત્યની સમીપમાં અસત્ય ન નભી શકે. અહિંસાના સાંનિધ્યમાં હિંસા બંધ થાય. સરળતા જ્યાં પ્રકાશે છે ત્યાં છળરૂપી અંધકાર નાશ પામે છે. જ્ઞાનવાન અને ધર્મવાન, કપટીને જુએ કે તરત તેને ઓળખે અને તેનું હૃદય દયાથી ભીનું થઈ જાય. જેણે આત્માને પ્રત્યક્ષ જોયો છે તે બીજાને ઓળખ્યા વિના કેમ રહે? કવિના સંબંધમાં આ નિયમ હમેશાં ખરો પડતો એમ હું નથી કહી શકતો. કોઈ કોઈ ધર્મને નામે તેમને છેતરી જતા. એવા દાખલા નિયમની અપૂર્ણતા નથી સિદ્ધ કરી શકતા, પણ સંપૂર્ણ શુદ્ધ જ્ઞાન કેવું દુર્લભ છે એ સૂચવે છે.

આમ અપવાદો છતાં વ્યવહારકુશળતા અને ધર્મપરાયણતાનો સુંદર મેળ જેટલો મેં કવિને વિશે જોયો એટલો બીજામાં નથી અનુભવ્યો.

## ૫

રાયચંદભાઈના ધર્મનો વિચાર આપણે કરીએ તેના પહેલાં ધર્મનું સ્વરૂપ જે તેમણે આલેખ્યું હતું તે જોઈ જવું અગત્યનું છે.

ધર્મ એટલે અમુક મતમતાંતર નહીં. ધર્મ એટલે શાસ્ત્રોને નામે ઓળખાતાં પુસ્તકોને વાંચી જવાં કે ગોખી જવાં અથવા તેમાં કહેલું બધું માનવું જ એ પણ નહીં.

૧. ભગવદ્‌ગીતા ૩, ૩૩.

Gandhi Heritage Portal

ધર્મ એ આત્માનો ગુણ છે અને માનવજાતિને વિશે દૃશ્ય કે અદૃશ્ય રૂપે રહેલો છે. ધર્મ વડે આપણે મનુષ્યજીવનનું કર્તવ્ય જાણી શકીએ છીએ. ધર્મ વડે આપણે બીજા જીવો પ્રત્યેનો આપણો ખરો સંબંધ ઓળખી શકીએ. આ બધું જ્યાં સુધી આપણે પોતાને ન ઓળખીએ ત્યાં સુધી ન જ બની શકે એ તો દેખીતું છે. તેથી ધર્મ એટલે જે વડે આપણે પોતાને ઓળખી શકીએ તે સાધન.

આ સાધન આપણે જ્યાંથી મળે ત્યાંથી લઈએ. પછી ભલે તે ભારતવર્ષમાં મળો કે યુરોપથી આવો કે અરબસ્તાનથી. આ સાધનોનું સામાન્ય સ્વરૂપ બધાં ધર્મશાસ્ત્રોમાં એક જ છે, એમ જેણે જુદાં જુદાં શાસ્ત્રોનો અભ્યાસ કર્યો છે તે કહી શકશે. અસત્ય બોલવું કે આચરવું એમ કોઈ શાસ્ત્ર નથી કહેતું. હિંસા કરવી એમ પણ કોઈ શાસ્ત્ર નથી કહેતું. સર્વ શાસ્ત્રોનું દોહન કરતાં શંકરાચાર્યે ब्रह्म सत्यं जगन्मिथ्या કહ્યું. કુરાને શરીફે તેને બીજી રીતે ઈશ્વર એક છે ને તે જ છે, તેના વિના બીજું કશું નથી એમ કહ્યું. બાઇબલે કહ્યું, હું ને મારો પિતા એક જ છીએ. એ બધાં એક જ વસ્તુનાં રૂપાંતર છે. પણ આ એક સત્યને ખીલવવામાં અપૂર્ણ મનુષ્યોએ પોતાનાં જુદાં જુદાં દૃષ્ટિબિંદુ વાપરી આપણે સારું મોહજાળ રચી છે તેમાંથી આપણે નીકળવું રહ્યું છે. આપણે અપૂર્ણ તે આપણાથી ઓછા અપૂર્ણની મદદ લઈ આગળ જઈએ છીએ અને છેવટે કેમ જાણે અમુક હદ લગી જતાં આગળ રસ્તો જ નથી એમ માનીએ છીએ. હકીકતમાં એવું કાંઈ નથી. અમુક હદ પછી શાસ્ત્રો મદદ નથી કરતાં, અનુભવ મદદ કરે છે. તેથી રાયચંદભાઈએ ગાયું છે:

> જે પદ શ્રીસર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
> કહી શકયા નહીં તે પદ શ્રી ભગવંત જો;
> એહ પરમ પદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં
> ગજા વગર પણ હાલ મનોરથ રૂપ જો—

એટલે છેવટે તો આત્માને મોક્ષ દેનાર આત્મા જ છે.

આ શુદ્ધ સત્યનું નિરૂપણ રાયચંદભાઈએ ઘણી રીતે પોતાનાં લખાણોમાં કર્યું છે. રાયચંદભાઈએ ઘણાં ધર્મપુસ્તકોનો સરસ અભ્યાસ કર્યો હતો. તેમને સંસ્કૃત અને માગધી ભાષા સમજતાં જરાયે મુશ્કેલી નહોતી આવતી. વેદાંતનો અભ્યાસ તેમણે કરેલો, તેમ જ ભાગવતનો અને ગીતાજીનો. જૈન પુસ્તકો તો જેટલાં તેમને હાથ આવતાં તે વાંચી જતા. તેમની તે ગ્રહણ કરવાની શક્તિ અથાગ હતી. એક વખતનું વાચન તે તે પુસ્તકોનું રહસ્ય જાણી લેવાને સારુ તેમને પૂરતું હતું.

કુરાન, ઝંદ અવસ્તા ઈત્યાદિનું વાચન પણ અનુવાદો મારફતે તેમણે કરી લીધું હતું.

તેમનો પક્ષપાત જૈન દર્શન તરફ હતો એમ તેઓ મને કહેતા! તેમની માન્યતા હતી કે જિનાગમમાં આત્મજ્ઞાનની પરાકાષ્ઠા છે. આ તેમનો અભિપ્રાય મારે આપી જવો આવશ્યક છે. તેના વિશે હું મત આપવા મને તદ્દન અનધિકારી ગણું છું.

પણ રાયચંદભાઈને બીજા ધર્મ પ્રત્યે અનાદર નહોતો. વેદાંત પ્રત્યે પક્ષપાત પણ હતો. વેદાંતીને તો કવિ વેદાંતી જ જણાય. મારી સાથે ચર્ચા કરતાં મને કોઈ દિવસે તેમણે એવું તો કહ્યું જ નહીં કે મારે મોક્ષ મેળવવા સારુ અમુક ધર્મને અવલંબવો જોઈએ. મારો આચાર વિચારવાનું જ તેમણે મને કહ્યું. પુસ્તકો કયાં વાંચવાં એ પ્રશ્ન ઊઠતાં મારું વલણ ને મારા

Gandhi Heritage Portal

બચપણના સંસ્કાર વિચારી તેમણે મને ગીતાજી વાંચતો તેમાં ઉત્તેજન આપેલું અને બીજાં પુસ્તકોમાં, પંચીકરણ, મણિરત્નમાલા, યોગવાસિષ્ઠનું વૈરાગ્યપ્રકરણ, કાવ્યદોહન પહેલો ભાગ, અને પોતાની મોક્ષમાળા વાંચવાનું સૂચવ્યું હતું.

રાયચંદભાઈ ઘણી વેળા કહેતા કે જુદા જુદા ધર્મ એ તો વાડાઓ છે. તેમાં મનુષ્ય પુરાઈ જાય છે. જેણે મોક્ષ મેળવવો એ જ પુરુષાર્થ માન્યો છે તેને કોઈ ધર્મનું તિલક પોતાને કપાળે લગાડવાની આવશ્યકતા નથી.

સુતર આવે ત્યમ તું રહે,
જ્યમત્યમ કરીને હરિને લહે.

એ જેમ અખાનું[1] તેમ રાયચંદભાઈનું પણ સૂત્ર હતું. ધર્મના ઝઘડાથી તેમને હમેશાં કંટાળો આવતો, તેમાં ભાગ્યે જ પડતા. બધા ધર્મોની ખૂબીઓ પૂરી જોઈ જતા ને તે તે ધર્મીની પાસે મૂકતા. દક્ષિણ આફ્રિકાના મારા પત્રવ્યવહારમાં પણ મેં તેમની પાસેથી એ જ વસ્તુ મેળવી હતી.

હું પોતે તો એમ માનનારો છું કે સર્વ ધર્મ તે તે ભક્તોની દૃષ્ટિએ સંપૂર્ણ જ છે ને સર્વ ધર્મ અન્યની દૃષ્ટિએ અપૂર્ણ છે. સ્વતંત્ર રીતે વિચારતાં સર્વ ધર્મ પૂર્ણાપૂર્ણ છે. અમુક હદ પછી બધાં શાસ્ત્રો બંધનરૂપે લાગે છે. પણ એ તો ગુણાતીતની સ્થિતિ થઈ. રાયચંદભાઈની દૃષ્ટિએ તો કોઈને પોતાનો ધર્મ છોડવાની આવશ્યકતા નથી. સહુ પોતાના ધર્મમાં રહી પોતાની સ્વતંત્રતા એટલે મોક્ષ મેળવી શકે છે. કેમ કે મોક્ષ મળવો એટલે સર્વાંશે રાગદ્વેષરહિત થવું.

[મૂળ ગુજરાતી]

श्रीमद् राजचंद्र, पा. ८७-१०२

## ૨. ઘનશ્યામદાસ બિરલાને પત્ર

દિવાળી[2] [નવેમ્બર ૫, ૧૯૨૬]

ભાઈ ઘનશ્યામદાસજી,

તમારો લાંબ પત્ર મળતાં ઘણો રાજી થયો. તમારે વિશે ઘસાતાં વચનો મારે કાને પડેલાં. મને એ સાચાં નહોતાં લાગ્યાં, પણ તમારા પત્રથી મને પૂરો સંતોષ થયો. સોને ઠેકાણે ૫૦૦[3] રૂપિયા આપીને તમે કામ કરાવો છો એવી વાત થતી હતી. તમે જે લખ્યું તે પછી મારે કંઈ કહેવાનું રહેતું નથી.

જીનિવા સંબંધમાં મારી સલાહ એવી છે કે તમે ધીરજ રાખો. તમારા ત્યાં જવાથી મને મોટો લાભ દેખાતો નથી. યુરોપનો અનુભવ જરૂરી લાગતો હોય તો સ્વતંત્ર રીતે જાઓ.

૧. ૧૭મા સૈકામાં થઈ ગયેલો ગુજરાતી કવિ.

૨. શ્રી બિરલાની સૂચિત જીનિવા-યાત્રાના ઉલ્લેખ પરથી પત્ર ૧૯૨૬માં લખાયો જણાય છે. તે વર્ષે દિવાળી નવેમ્બરની પાંચમી તારીખે હતી.

૩. રૂ. ૫૦ને બદલે ઉતાવળમાં ૫૦૦ લખાઈ ગયેલા જણાય છે.

Gandhi Heritage Portal

જવાના પ્રસંગ તમને તો ઘણા મળવાના. પણ મારો અંતરાત્મા કહે છે કે આજે તે નથી. આખરે તો તમારો અંતરાત્મા કહે તેમ જ કરજો.

તમારો
**મોહનદાસ ગાંધી**

[મૂળ હિંદી]

પત્રની નકલ પરથી : સી. ડબલ્યુ. ૬૧૩૭; શ્રી ઘનશ્યામદાસ બિરલાના સૌજન્યથી

## ૩. ફૉરવર્ડને સંદેશો

તેઓ[1] એક મહાન વારસો આપણને આપી ગયા છે. આપણા કાર્યથી આપણે તેને માટે લાયક બનીએ.

[મૂળ અંગ્રેજી]

ફૉરવર્ડ, ૬–૧૧–૧૯૨૬

## ૪. અહિંસા – ૫

[નવેમ્બર ૭, ૧૯૨૬][2]

એક ભાઈએ લાંબો કાગળ લખ્યો છે. તેમાં પોતાને રહેલી મૂંઝવણો બતાવી છે અને પછી પોતે શ્રાવક હોઈ જૈન ધર્મ શું બતાવે છે તે લખ્યું છે. તેમાંથી નીચેનો એક પ્રશ્ન આ છે:

> આપે લખ્યું છે કે 'રખડતાં કૂતરાં પાળી શકાય? જો ન પળાય તો તેની પાંજરાપોળ બનાવાય? બેમાંથી એક પણ વસ્તુ ન બને તો તેમને મારવા સિવાય બીજો ઉપાય હું જોતો નથી.' કૂતરું હડકાયું ન હોય તોપણ ઉપલા બે માર્ગની ગેરહાજરીમાં રખડતાં કૂતરાંમાત્રને મારવાં જોઈએ એમ આ લખાણથી આપ સૂચવો છો?
>
> જવાબ હકારમાં હોય તો, અનેક હાનિકારક પશુઓ, પંખીઓ ને જંતુઓ માનવજીવનને હરકતકર્તા ન થતાં હોય ત્યાં સુધી તેમને કોઈ મારતું નથી. કૂતરાંને પણ હરકતકર્તા ન થાય ત્યાં સુધી ભવિષ્યમાં થશે એવા ખ્યાલે દેખીએ ત્યાંથી મારવાં જ શું કરવા? એમાં દયાધર્મ શી રીતે જળવાય? પ્રાણીમાત્રનું ભદ્ર ઇચ્છનારથી આવું થઈ શકે ખરું?

મારો આશય નથી સમજાયો તેથી આવા પ્રશ્નો ઊઠે છે. મારવાને ખાતર તો હડકાયાં કૂતરાંને પણ મારવાનું હું સૂચવું તેમ નથી, તો પછી રખડતાંની તો વાત શી? રખડતાં કૂતરાંને જોતાં જ મારવાનુંયે મેં નથી સૂચવ્યું. મેં તો તેવો કાયદો કરવાનું સૂચવ્યું છે. જો તેવો કાયદો થાય તો સહેજે દયાળુ લોકો જાગ્રત થાય ને રખડતાં કૂતરાંને સારુ કંઈક ઇલાજ શોધી લે. તેમાંનાં કેટલાંક પળાય, કેટલાંક એક જગ્યાએ સંઘરાય. આવો ઇલાજ એક જ વેળા લેવો પડે.

૧. ચિત્તરંજન દાસ.
૨. નવજીવનમાં પ્રસિદ્ધ થયાની તારીખ પ્રમાણે લેખો ગોઠવવામાં આવ્યા છે.

Gandhi Heritage Portal

રખડતાં કૂતરાં ઊંચેથી ઊતરતાં નથી. તે સમાજના આળસની, શિથિલતાની, અજ્ઞાનની નિશાની હોય છે. એવાં કૂતરાંનો ઉપદ્રવ થાય તેમાં જ્ઞાનનો અને તેથી દયાનો અભાવ હોય છે. કોઈ રેઢિયાળ કૂતરાને રોટલો ન આપે તો તે ભાગી જાય. મેં સૂચવેલા ઉપાયમાં જોકે સમાજનો સ્વાર્થ અવશ્ય રહ્યો છે, છતાં કૂતરાંના ભલાનો વિચાર પણ છે જ. કોઈ પણ પ્રાણી રખડતું ન રહે એમ ઇચ્છવાનો ને કરવાનો દયાધર્મીનો ધર્મ છે. તેના પાલનને અંગે કોઈ જ પ્રસંગે કૂતરાંનો વધ આવશ્યક હોય.

બીજો પ્રશ્ન આ છે:

> જ્યારે જ્યારે કૂતરાંનો ઉપદ્રવ થાય ત્યારે તે મનુષ્યને હાથે મરવાનાં, એ વાત તો બરોબર છે. પણ 'તે હડકાયાં થાય ત્યાં લગી રાહ જોવામાં તેની ઉપર દયા નથી થતી;' આનો અર્થ એમ થઈ શકે કે કૂતરાંમાત્ર ભવિષ્યમાં હડકાયાં થવાનાં જ, ને તેથી તેમની સારી હાલતમાં પણ તેમને કતલ કરી સાવચેતીના ઉપાય લેવા. આ બાબત આશ્રમમાં રહેતા મારા એક મિત્રની સાથે મારે વાત થયેલી. તેમણે આપને તે બાબત પૂછેલું. ને આપે એમ કહ્યાનું સાંભળ્યું છે કે કૂતરાંને દેખવાં ત્યાંથી જ શોધી શોધીને મારવાં એવું હું કહેતો જ નથી. જ્યારે તે મનુષ્યજીવનને જોખમમાં મૂકે એવા ઉપદ્રવનાં કારણભૂત બન્યાં હોય ને બીજો ઉપાય ન હોય તો જ છેવટનો ઉપાય લેવો અનિવાર્ય છે, લેવો જ એમ પણ આપ નથી કહેતા. આપનાં લખાણમાંથી આવો અર્થ સરળ રીતે નથી નીકળતો, મારી–મરડીને કાઢવા બેસતાં પણ મુશ્કેલી છે. તો આપ એ માટે વધારે સ્પષ્ટીકરણ ન કરો?

મારાં આગલાં લખાણ અને ઉપરના ઉત્તર પછી આનો ખુલાસો વિશેષ કરવાપણું નથી રહેતું. કૂતરાં હડકાયાં થવાની રાહ ન જ જોવાય એટલું મારે સ્પષ્ટ કરવું જોઈએ. રખડતું કૂતરું માત્ર હાનિકારક છે. તે ઉપદ્રવ શહેરોમાં જ થાય છે ને તે અટકવો જોઈએ. સર્પના કરડવાની આપણે રાહ નથી જોતા. કૂતરું કરડે તેમાં જ હડકવા છુપાયેલ છે. એક મિત્રે મને હડકવાના રોગથી પીડાતાંના આંકડા મોકલ્યા છે તે જાણવાજોગ છે. એ આંકડા અમદાવાદની સિવિલ ઇસ્પિતાલમાં કૂતરાંના કરડને અંગે સારવાર થયેલાં દરદીઓના છે. ત્યાં ન આવ્યાં હોય એવાં તો બીજાં કેટલાંય હશે.

| મુદત | અમદાવાદ શહેર-માંનાં દરદીઓની સંખ્યા | બીજા ગામનાં દરદીની સંખ્યા | કુલ સંખ્યા |
|---|---|---|---|
| ૧૯૨૫ (માહે જાન્યુ. થી ડિસેમ્બર) | ૧૯૪ | ૯૨૩ | ૧૧૧૭ |
| ૧૯૨૬ (માહે જાન્યુ. થી સપ્ટેમ્બર) | ૨૯૫ | ૬૯૫ | ૯૯૦ |

આ સંખ્યા દરેક સમાજહિતેચ્છુને ચોંકાવનારી છે, દયાધર્મીને વિશેષે. હું જાણું છું કે જેટલા કરડ તેટલા હડકવાના નથી હોતા. પણ કયા છે અને કયા નથી તે ઓળખવું બહુ મુશ્કેલ છે. અને ઘણા કેસ હડકવાના સિદ્ધ થવાથી દહેશત ખાઈને લોકો ઇસ્પિતાલે દોડે છે. આ દહેશત-માંથી તેઓને મુક્ત કરવાનો એક જ ઇલાજ છે, તે એ કે રખડતાં કૂતરાં ન રહેવાં જોઈએ. જ્યારે ચાળીસ વર્ષ પૂર્વે વિલાયતમાં હડકવાનો ઉપદ્રવ થયો ત્યારે હું ત્યાં હતો. ત્યાં રખડતાં કૂતરાં તો હોય જ શાનાં? પણ ધણિયાતાંને સારુ ત્યાં કાયદો એવો કર્યો કે જે કૂતરાને ગળે પટ્ટો અને તે ઉપર ધણીનું નામઠામ નહીં હોય, ને જે કૂતરાને મોઢે જાળીદાર મૂમતી નહીં હોય

Gandhi Heritage Portal

તેને મારી નાખવામાં આવશે. આ કાયદો કેવળ દયાપ્રેરિત હતો. તેને પરિણામે બીજે જ દિવસે લંડનનાં કૂતરાંને મૂમતીવાળાં અને ડોકે પટ્ટાવાળાં જોવામાં આવ્યાં. થોડાં જ કૂતરાંને મારવાનો પ્રસંગ આવ્યો હશે. પશ્ચિમના લોકો જીવદયા જાણતા જ નથી એમ જે આપણામાંના કોઈ માનતા હોય તો તે અજ્ઞાનકૂપમાં ફસાયેલા છે. જીવદયાનો આદર્શ ત્યાં નીચો છે, પણ જે આદર્શ છે તેનો અમલ તેમનામાં આપણા કરતાં ઘણો વધારે છે. આપણે આદર્શની ઉચ્ચતાથી સંતોષ પામી અમલને વિશે મંદ અથવા આળસુ રહીએ છીએ. આપણે ઘોર તમસમાં ફસાયેલાં દેખાઈએ છીએ. જુઓ આપણાં રેઢિયાળ મનુષ્ય, ઢોર અને બીજાં પ્રાણી. એ ધર્મ નહીં પણ અધર્મની નિશાની છે.

ત્રીજો પ્રશ્ન આ છે:

> આપ વ્યક્તિગત અને સામુદાયિક ધર્મની વ્યાખ્યા જુદી જુદી કરો છો એ તો મેં સાંભળ્યું છે. પણ વ્યક્તિગત ધર્મની પેઠે જ સામુદાયિક ધર્મની પણ વ્યાખ્યા રાખવામાં શું ખોટું છે? આદર્શ, ધ્યેય તો સૌને માટે સર્વશ્રેષ્ઠ જ હોવું જોઈએ ને? ન બની શકે, નથી બની શકવાનું, એ વાત જુદી છે. ને એ તો વ્યક્તિગત ધર્મને માટે પણ એમ જ છે. આપે જ કહેલું કે ક્રૂર પશુને પણ પ્રાણને ભોગે બચાવવાની મારી ભાવના છે. પણ એવો પ્રસંગ આવે ત્યારે હું શું કરીશ તે કહી શકું નહીં. આ જ દાખલો સામુદાયિક ધર્મને પણ બંધબેસતો કરીએ તો બન્નેના ધર્મની વ્યાખ્યા જુદી જુદી કલ્પવાની ક્યાં જરૂર રહે છે?

વ્યક્તિગત અને સામુદાયિક ધર્મની વ્યાખ્યા મેં જુદી માનેલી જ નથી. ધર્મના સિદ્ધાંતની વ્યાખ્યા એક જ હોય. પણ તેના અમલની મર્યાદા વ્યક્તિ તેમ જ સમાજને સારુ મેં જુદી કલ્પી છે. વાસ્તવિક રીતે તો અમલની મર્યાદા વ્યક્તિદીઠ નોખી નોખી હોય છે. એવા કોઈ બે મનુષ્યોને હું નથી જાણતો કે જેમની અહિંસાની મર્યાદા એક હોય; જ્યારે અહિંસાધર્મની તેમની વ્યાખ્યા તો એક જ હોય છે. સામુદાયિક અમલની મર્યાદા બધાની સરેરાશ હોય. એટલે કે જ્યાં સમુદાયનો એક ભાગ દૂધાહારી હોય ને બીજો ફલાહારી હોય ત્યાં સામુદાયિક મર્યાદા દૂધ-ફલાહારીની ગણાય. અર્થાત્ બંને પોતપોતાની મર્યાદામાં રહી વર્તે.

આટલા પ્રશ્નો પછી લખનાર બે જૈન સિદ્ધાંતોનું નિરૂપણ આ પ્રમાણે કરે છે:

> જૈન સિદ્ધાંતની રચના સ્યાદ્વાદ છે, બીજા શબ્દોમાં અનેકાન્ત પણ કહે છે. એને માટે એક જૈન ગીતાર્થનાં વચનો નીચે પ્રમાણે છે:
>
> ‘વચનસાપેક્ષ વ્યવહાર સાચો કહ્યો,
> ‘વચનનિરપેક્ષ વ્યવહાર જૂઠો.’
>
> આ વચનો જ બતાવી આપે છે કે સંજોગોને આધીન એક કામ હિંસા હોય તે બીજા સંજોગોમાં અહિંસા પણ ઠરે; મનુષ્યે વિવેકપૂર્વક સમજી તોડ બાંધવો જોઈએ. જૈન શાસનની બે શાખાઓ સાધુ અને શ્રાવક. એના ધર્મની વ્યાખ્યાઓ નીચે પ્રમાણે કલ્પેલી છે:
>
> સાધુ — સર્વથા અહિંસક. પોતાની જાતને બચાવવાને અર્થે ખાય પણ નહીં, ખાવાને સારુ રાંધે પણ નહીં, ને ડગલું પણ ભરે નહીં — કરે તે કલ્યાણ સાધવાના હેતુથી, પણ બની શકે એટલા દોષોથી મુક્ત રહીને. એ દોષોની સંખ્યા ૪૨ની કલ્પેલી છે. સાધુને જૈન દર્શનમાં નિર્ગ્રંથ કહ્યો છે. ત્યાગી, સર્વથા ત્યાગી કહ્યો છે.

Gandhi Heritage Portal

અત્યારે આ વ્યાખ્યા ને આ કલ્પના પ્રમાણેનો એક પણ સાધુ નથી જ એમ હું માનું છું (હોય તો મારી અલ્પશક્તિથી હું જાણતો નથી).

શ્રાવક નિરપરાધી હોય, પોતાને જરૂર ન હોય ને જેમાં પોતાનો સ્વાર્થ ન હોય, એવા કોઈ પણ જીવને હણે નહીં.

શ્રાવક સંસારી છે. માટે આથી વધારે દયા પાળી જ શકે નહીં એમ શાસ્ત્રકારે કલ્પેલું છે. ને તેથી દયાનું માપ વીસ વસાની સંખ્યામાં કલ્પી, સાધુ વીસ વસાની, ને શ્રાવક સવા વસાની દયા પાળી શકે એમ ધોરણ ઠરાવ્યું છે. શ્રાવક એથી વધારે પાળે તો તે સાધુ-વૃત્તિમાં વધતો જઈને. પણ શ્રાવક દશામાં એથી વધારે પાળવાનું અશકય જ છે.

આ નિરૂપણથી હું અપરિચિત નહોતો. મેં તો જાણ્યું જ છે કે જૈન સિદ્ધાંત મેં આપેલા અભિપ્રાયોનો વિરોધી નથી. ઉપરનું નિરૂપણ જો જૈનોને માન્ય હોય તો મારો અભિપ્રાય તેમાંથી જ ઘટાવી શકાય છે. પણ એ સિદ્ધાંત જૈનોને માન્ય હો વા ન હો, મેં આપેલા અભિપ્રાયનું પ્રતિપાદન સ્વતંત્ર રીતે થઈ શકે છે અને થયું છે એવી મારી અલ્પમતિ છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૭-૧૧-૧૯૨૬

## ૫. મઢડા આશ્રમ વિશે

મઢડા આશ્રમ અને ભાઈ શિવજી વિશે મેં જે લેખ[1] લખ્યો છે તે બાબત તેમણે વર્તમાન-પત્રોમાં ઉત્તર મોકલ્યો હતો તે જ ઉત્તર હવે મારી ઉપર પણ છાપવા મોકલ્યો છે. રોજિંદા વર્તમાનપત્રોમાં તે ઉત્તર છપાઈ ચૂકયો છે એટલે હું તે છાપવાની જરૂર જોતો નથી. પણ તેમાં મારી સાથેના તેમના સંબંધનો કેટલોક ભાગ પ્રજોપયોગી છે તેથી તેનો ઉત્તર અહીં આપું છું.

ભાઈ શિવજીનો લેખ વાંચી મને દિલગીરી થઈ. 'ઊલટો ચોર કોટવાળને દંડે'નો ન્યાય તેમણે અખત્યાર કર્યો છે.

ભાઈ શિવજી અને મારી વચ્ચે મતભેદ નથી. પણ ભાઈ શિવજીની જ કબૂલાતથી મેં તેમના ચારિત્ર વિશે ને તેમના વહીવટ વિશે અમુક અભિપ્રાય બાંધ્યો છે. તે મેં કાઠિયાવાડ રાજકીય પરિષદની સમિતિ પાસે રજૂ કર્યો, અને આવશ્યક જણાતાં તે **નવજીવન**માં છાપવાનો વિચાર કર્યો. તે વિચારને અમલમાં મૂકતાં પહેલાં મેં ભાઈ શિવજીને લખ્યું કે જેથી તેમને મારે હાથે કશો અન્યાય ન થાય. ભાઈ શિવજી વિશેનો અભિપ્રાય મારે છાપવો કે નહીં એ જ પ્રશ્ન હતો. એને મતભેદનું નામ ન અપાય.

પંચની વાત કરનાર હું હતો તેમાં શક નથી. તે ભાઈ શિવજીના સંતોષ ખાતર, મારા સંતોષ ખાતર નહીં. મારા ઉપર કશું તહોમત નથી. એક જાહેર મનુષ્ય તરીકે મારા એક સાથી ઉપર મુકાયેલા આરોપોની તપાસ કરવાની ફરજ મારી ઉપર આવી પડી હતી. તે હું કરી રહ્યો હતો ને જેમ જેમ હું કરતો ગયો તેમ તેમ ભાઈ શિવજીને જણાવતો ગયો. છેવટે તેમને મળ્યો. મળતાં તેમણે જે કબૂલ કર્યું તે પૂરતું હોવાથી મારે વધારે કરવાપણું ન રહ્યું. ભાઈ શિવજી

૧. જુઓ પુસ્તક ૩૧, પા. ૪૩૮-૪૦.

Gandhi Heritage Portal

પોતાને મોઢેથી જ ગુનેગાર ઠર્યા. પછી જ્યારે પરિષદ સમિતિ પાસે તે જ દહાડે વાત મુકાઈ અને તે વાત નવજીવનમાં પ્રગટ કરવાની મારી ઉપર ફરજ આવી ત્યારે ભાઈ શિવજીએ રૂપ બદલ્યું.

હવે જો ભાઈ શિવજી અથવા તેમના સ્નેહીઓ ભાઈ શિવજીએ કરેલી કબૂલાતોની વિગત માગતા હોય અને મેં તપાસ કરી તે શું હતી તે પણ જાણવા માગતા હોય તો એ હકીકત હું તેઓને લખી મોકલવા તૈયાર છું. તેમને અંગે તેમની સાથે કે બીજાઓ સાથે મેં કરેલો પત્ર-વ્યવહાર ભાઈ શિવજીને અને તેમના સ્નેહીઓને છાપવાની છૂટ છે. હું પોતે તે છાપી વાંચનારનો વખત રોકવા ઇચ્છતો નથી.

માત્ર એટલું જ કહેવા ઇચ્છું છું કે મારી તપાસ પછીની ભાઈ શિવજીની દરેક વર્તણૂકે મારો તેમની વિરુદ્ધનો અભિપ્રાય દૃઢ કર્યો છે. પ્રથમ તો હું ન્યાયાધીશ હતો, ફરિયાદી બીજાઓ હતા જેમણે ભાઈ શિવજીને પૈસા આપ્યા હતા. જ્યારે મારો અભિપ્રાય ભાઈ શિવજીને ગળે ન ઊતર્યો ત્યારે કહો કે હું પણ ફરિયાદી ઠર્યો. હવે ભાઈ શિવજી પોતાના કાગળથી મને દોષી ગણતા લાગે છે. પણ તેમણે અને જેઓ પ્રજાના સેવકોમાં નીતિના નિયમોનું થોડેઘણે અંશે પાલન કરવા ઇચ્છતા હોય, જેઓ પ્રજાના દ્રવ્યનો શુદ્ધ વહીવટ ઇચ્છતા હોય, તેઓએ જાણવું જોઈએ કે પંચ નીમવાની દરખાસ્ત પણ ભાઈ શિવજીના હિતને સારુ હતી. ભાઈ શિવજી હજુ મારી દૃષ્ટિએ દોષી છે. દોષો પણ ગંભીર છે, જેમાંના કેટલાકની કબૂલાત ભાઈ શિવજીએ જ મારી પાસે કરેલી છે. પંચનામું, જેમાં મારાથી કદી સહી ન થઈ શકે, તે મારી જાણ પ્રમાણે તો ભાઈ શિવજીએ જ ઘડેલું હતું. ભાઈ શિવજીએ પોતાનો કાગળ લખી દાઝ્યા ઉપર ડામ દીધો છે ને પોતાના અપરાધમાં વધારો કર્યો છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૭–૧૧–૧૯૨૬

## ૯. બનારસીદાસ ચતુર્વેદીને પત્ર

કારતક સુદ ૩, ૧૯૮૩ [નવેમ્બર ૮, ૧૯૨૬]

ભાઈ બનારસીદાસજી,

તમારો પત્ર મળ્યો. તમે દક્ષિણ આફ્રિકા જાઓ એ મને ગમે, પણ જે કારણથી જવા ઇચ્છો છો એ મને બહુ વાજબી લાગતું નથી. છાપાંમાં લખીને આજીવિકા મેળવવા ઇચ્છતા હો તો દક્ષિણ આફ્રિકા જવાથી એ હેતુ સફળ નહીં થાય. એના કરતાં તો પુસ્તક લખીને કે નોકરી કરીને પૈસા કમાઓ એ વધારે સારું છે.

તમારો

મોહનદાસ ગાંધી

[મૂળ હિંદી]

પત્રની છબી પરથી : જી. એન. ૨૫૭૪

Gandhi Heritage Portal

## ૭. જમનાલાલ બજાજને પત્ર

કારતક સુદ ૩, ૧૯૮૩ [નવેમ્બર ૮, ૧૯૨૬]

ચિ. જમનાલાલ,

તમારો કાગળ મળ્યો છે. ઈલેકશન બાબત હું તો ભૂલી જ ગયેલો. તમને જેમ ઠીક લાગે તેમ કરવામાં કંઈ અડચણ નથી. મારાથી તો એમાં કશો ભાગ ન જ લેવાય તેથી મેં બધાને ના જ લખી છે. તમારે ઘણે ઠેકાણે ફરવા જવું પડે એ તો હું પસંદ ન કરું. તેમાં તમારી તબિયતને ધક્કો પહોંચે.

બાની તબિયત તો તદ્દન સારી થઈ ગઈ છે એટલે ચિંતાનું કારણ નથી. મારા આવવાને વખતે શું થાય છે તે જોઉં છું. ઉમેદવાર તો ઘણા હશે. લક્ષ્મીદાસને ખાસ હવાફેર અર્થે સાથે લાવવા ઇચ્છું છું.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : જી. એન. ૨૮૭૬

## ૮. સૈયદ ઝહિરુલ હકને પત્ર

સાબરમતી,
નવેમ્બર ૧૦, ૧૯૨૬

ભાઈશ્રી,

તમારા પત્ર[૧] માટે આભાર. એથી મારું અભિમાન પોષાય, પણ હું ધારું છું કે મારામાં એવી કોઈ ભાવના નથી. મારી અપાત્રતા અને મર્યાદાઓનું મને ભાન છે. મારા વચમાં પડવાથી સફળતાની કંઈકે આશા હોય તો મારો એકાંતવાસ મને એમ કરતાં રોકે નહીં. પણ એવી કંઈ જ આશા હું જોતો નથી. એથી હું ચૂપ બેસી રહીને પ્રાર્થના કરી રહ્યો છું.

લોકોના કીમતી પ્રાણ કરતાં રેંટિયો મને વધુ વહાલો નથી. બાળક માની છાતીને વળગી રહે છે તેમ હું એને વળગી રહ્યો છું, કેમ કે લાખોને કંગાલિયત અને અધોગતિમાંથી ઉગારવાની એનામાં શક્તિ છે એમ હું માનું છું. તમને પણ હું એને અપનાવવાની ભલામણ કરું છું.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

હિન્દુ, ૧૯-૧૧-૧૯૨૬

૧. પટણાના સૈયદ ઝહિરુલ હકે ૨૫ ઑક્ટોબર, ૧૯૨૬ના એક ખુલ્લા પત્રમાં દુર્ગાપૂજા વેળાએ હાવરામાં થયેલાં કોમી તોફાનો પ્રત્યે ગાંધીજીનું ધ્યાન ખેંચી તેમને અપીલ કરી હતી કે "આશ્રમમાંથી બહાર આવો અને પ્રજાના તારણહાર તરીકે, લોકોને ઊંડી ખાઈમાં પડતા બચાવો." એ 'ખુલ્લો પત્ર' તથા ગાંધીજીનો તેનો ઉત્તર હિન્દુમાં "હિંદુમુસ્લિમ વૈમનસ્ય : વચમાં પડવાની અપીલને મહાત્માજીનો જવાબ", એ શીર્ષક નીચે છપાયા હતા. ૨૯-૧૧-૧૯૨૬ના સર્ચલાઈટમાં પણ આ પત્રવ્યવહાર છપાયો હતો.

Gandhi Heritage Portal

## ૯. ચક્રવર્તી રાજગોપાલાચારીને પત્ર

નવેમ્બર ૧૦, ૧૯૨૬

પ્રિય સી. આર.,

પત્ર મળ્યો. કૂતરાઓનો પ્રશ્ન *નવજીવન*ને ઠીક ખોરાક આપી રહ્યો છે. એણે ટપાલની ટિકિટોનું વેચાણ પણ વધારી આપ્યું છે. અને એ બધું ઠીક જ થયું છે.[૧]

છોટાલાલ તમારે ત્યાં આવવા ૧૬મીએ ઊપડે છે. એનો વિચાર એવો છે. ત્યાં પહોંચશે નહીં ત્યાં લગી એને ચેન નહીં પડે. ઘણો ઉમદા અને કામગરો જીવ છે. બસ કામ, કામ ને કામ.

મને લાગે છે કે તમારે વર્ધા આવવું જોઈએ. મુસાફરી લાંબી છે પણ સમય કાઢી શકો તો જરૂર આવો. ગૌહત્તી ન જવાનો નિર્ણય સાચો નિર્ણય છે.

ખેતી-કમિશન સંબંધમાં મારા વિચારો તમારા જેવા જ છે. આવતે અઠવાડિયે થોડું એને વિશે લખવા ધારું છું.

દેવદાસ એક દિવસ માટે અહીં આવ્યો હતો. એ પ્યારેલાલનું કામ કરવા પંચગની ગયો છે. પ્યારેલાલને તેના એક પિત્રાઈની સારવાર માટે પંજાબ જવાનું થયું છે.

તમારો
બાપુ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૯૭૨૮

## ૧૦. વિ. લ. ફડકેને પત્ર

કારતક સુદ ૫, ૧૯૮૩, નવેમ્બર ૧૦, ૧૯૨૬

ભાઈ મામા,

મેં ઈરાદાપૂર્વક મૌન તો નથી ધારણ કર્યું. તમારા કાગળના જે ભાગનું લખવા જેવું હતું તે લખ્યું છે. લેખમાળા શરૂ કરી તેમાંના ગોધરા ભાગને લગતી વાત તમને મોકલીને છાપીશ. રામચંદ્ર કોસ[૨] લેવામાં અડચણ નહીં આવે એમ માનું છું. તે કોસ મળવામાં કેટલીક મુશ્કેલીઓ ઊભી થઈ છે. તમને મદદ આપવામાં ઊણપ તો નથી રહી.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : જી. એન. ૩૮૧૬

૧. "આ તે જીવદયા?" અને "અહિંસા", એ મથાળાં નીચે છપાયેલા લેખોનો દેખીતો ઉલ્લેખ છે. જુઓ પુસ્તક ૩૧.

૨. મદ્રાસની ઍગ્રિકલ્ચર કૉલેજના શ્રી રામચંદ્રને યોજેલો એક મોટો કોસ. એનાથી એક જ પશુની મદદથી કૂવામાંથી પાણી ખેંચી શકાતું હતું.

Gandhi Heritage Portal

## ૧૧. આદર્શોનો વ્યભિચાર

બાળવિધવાઓના પુનર્લગ્ન વિશેના મારા પર આવેલા એક પત્રમાંથી નીચેનો ઉતારો આપું છું:

> ૨૩મી સપ્ટેમ્બરના यंग इन्डियामां[1] આગ્રાના ‘બ’ને આપેલા ઉત્તરમાં આપ કહો છો કે બાળવિધવાઓને તેમનાં માતાપિતાએ ફરી પરણાવી આપવી જોઈએ. શાસ્ત્રાજ્ઞા પ્રમાણે કન્યાદાનની વિધિ કરી ચૂકેલાં માતાપિતા આમ કેવી રીતે કરી શકે? જેમણે પૂરી ગંભીરતાથી અને ધાર્મિક વિધિ સાથે પોતાની દીકરી પરના બધા અધિકાર જમાઈને સોંપી દીધા છે, તેઓ જમાઈના મૃત્યુ પછી બીજા પુરુષની સાથે દીકરીને પરણાવી જ ન શકે. દીકરી પોતાની ઇચ્છાથી પુનર્લગ્ન કરવું હોય તો કરી શકે છે, પણ તેનાં માબાપે તેના પતિને બક્ષિસ કે દાનમાં તેને આપી દીધી હોવાથી, તેના પતિના મૃત્યુ પછી તેનું લગ્નમાં દાન કરવાનો દુનિયામાં કોઈને હક નથી. એ જ કારણથી એને પોતાને પણ પુનર્લગ્નનો કોઈ હક રહેતો નથી. મરનાર પતિએ મૃત્યુ વેળાએ સ્પષ્ટ સંમતિ આપી ન હોય તો પુનર્લગ્ન કરીને તો સ્ત્રી બેવફાઈ અને પતિદ્રોહ જ કરે. મોટા ભાગના સનાતનીઓમાં પ્રચલિત એવા કન્યાદાનના વિધિથી પરણાવાયેલી બાળક, જુવાન કે પ્રૌઢ સ્ત્રી માટે, તે વિધવા બનતાં, પતિએ રજા આપી ન હોય તો પુનર્લગ્ન કરવાનું તર્કશાસ્ત્રની દૃષ્ટિએ અશક્ય જ છે. વળી, સાચો સનાતની પતિ આવી રજા આપવાનું વિચારી જ ન શકે. શક્ય હોય તો પોતાની પાછળ એ સતી થઈ બળી મરે, અથવા કોઈ પણ હિસાબે પોતાના સ્મરણમાં અથવા ઈશ્વરની ભક્તિમાં, જે બેઉ વાનાં સરખાં જ કહેવાય, પોતાનું શેષ જીવન એ પસાર કરે એમ જ એ તો ઇચ્છવાનો. હિંદુ લગ્ન અને વૈધવ્યના ઊંચા આદર્શો, જે એકબીજાથી સ્વતંત્ર નહીં પણ એકમેકની પૂર્તિરૂપ છે, તેને જાળવવામાં મદદરૂપ થવાની ઇચ્છા કે કર્તવ્ય જ આમાં તેનો પ્રેરક ભાવ હોય.

આ જાતની દલીલને હું ઊંચા આદર્શના વ્યભિચાર તરીકે લેખું છું. અલબત્ત, પત્રલેખકનો આશય સાફ છે, પણ સ્ત્રીની પવિત્રતાની તેની વધુ પડતી ફિકરે મૂળભૂત ન્યાય પ્રત્યે તેને આંધળો બનાવી દીધો છે. નાનાં બાળકનાં તે કન્યાદાન શાં? બાળકો ઉપર બાપને મિલકતના જેવો હક છે? એ તેમનો સંભાળ રાખનાર છે, માલિક નહીં. જ્યારે પોતાની કન્યાની સ્વતંત્રતાનું તે સાટું કરે છે ત્યારે તો સંતાનની સંભાળના પોતાના વિશેષાધિકારનો દુરુપયોગ કરીને તે એ અધિકાર ગુમાવી બેસે છે. વળી, દાન સ્વીકારવાને અસમર્થ એવા બાળકને દાન આપી પણ કેમ શકાય? ગ્રહણ કરવાની શક્તિ ન હોય ત્યાં દાન સંભવી જ શકતું નથી. કન્યાદાન ખરેખર આધ્યાત્મિક રહસ્યવાળી એક ગૂઢ ધાર્મિક ક્રિયા છે. એ શબ્દોને માત્ર તેના અક્ષરાર્થમાં વાપરવા એ તો ભાષા અને ધર્મની વિડંબના છે. તો તો પુરાણોની ગૂઢાર્થવાળી ભાષાનો પણ આવો શબ્દાર્થ કરી માણસ માનશે કે પૃથ્વી થાળી જેવી સપાટ છે અને તેને હજાર મસ્તકવાળા શેષ નાગે પોતાની ફેણ ઉપર ધારણ કરી છે અને ભગવાન એ શેષનાગની શય્યા પર ક્ષીરસાગરમાં આરામથી પોઢ્યા છે.

૧. જુઓ પુસ્તક ૩૧, પા. ૪૧૨.



13660
24 JAN 1983
Gandhi Heritage Portal

પોતાની નાની ઉંમરની બાળકીને ઘરડાખખ ડોસા સાથે કે ગભરુ તરુણ સાથે પરણાવી તેની સંભાળના પોતાના ધર્મનો દુરુપયોગ કરી બેઠેલાં માતાપિતા એ પાપનું પ્રાયશ્ચિત્ત ઓછામાં ઓછું એટલું કરીને કરી શકે કે દીકરી વિધવા થાય તો તે તેનું પુનર્લગ્ન કરાવી આપે. આગલી એક નોંધમાં[1] મેં જણાવ્યું છે તેમ, આવાં લગ્નોને તો આરંભથી જ રદ અને ફોક જાહેર કરી દેવાં ઘટે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ११-११-१९२६

## ૧૨. રેંટિયો કે હાથસાળ?

હિંદુસ્તાનની ૭૧ ટકા ખેડૂતની વસ્તીને લગભગ છ મહિના કામ નથી રહેતું અને તેમને એક બીજો ઉદ્યાગ જોઈએ તથા તે ઉદ્યોગ કાંતવા સિવાય બીજો ન હોઈ શકે એ વાત હવે સ્વીકારાયેલી લાગે છે. પણ કેટલાક કહે છે કે કાંતવા કરતાં વણવાનો ધંધો વધારે સારો કારણ તેમાંથી વધારે ફાયદા થાય છે.

વારુ ત્યારે એ વાતને જરા વિગતવાર તપાસીએ. વણાટમાંથી રોજના આઠ આના મળે છે અને કાંતવામાંથી રોજનો એક આનો મળે છે એમ કહેવામાં આવે છે. એટલે બે જ કલાક વણીને માણસ રોજના બે આના મેળવી શકે જ્યારે કાંતીને તેટલા જ સમયમાં તેને બે પૈસા મળશે. કહેવાય છે કે એક પૈસાથી તે કોણ લલચાય? જો વણવાનો ધંધો બતાવી શકાય એમ છે ત્યારે તેને બદલે કાંતવાનું કહેવું એ બરોબર છે? વળી તેમનું એમ પણ કહેવું છે કે હિંદુસ્તાનની જરૂરિયાત જેટલું મિલનું સૂતર મળી રહેવામાં કશી જ મુશ્કેલી નથી અને અત્યાર સુધી મિલોની સામે બરોબર ટક્કર લઈ રહેલા હાથવણાટના ધંધાને ટકાવી રાખવા ખાતર પણ હાથવણાટની જ જોરથી અને આગ્રહપૂર્વક પ્રગતિ કરવી જોઈએ.

વણાટના કેટલાક પક્ષપાતીઓ એટલે સુધી જાય છે કે કાંતવાની પ્રવૃત્તિથી હાથવણાટના એક શક્ય ઉદ્યોગ ઉપરથી લોકોનાં મન ઊઠી જાય છે અને કાંતવાનો અશક્ય ઉદ્યોગ જે પોતાની જ નબળાઈને લીધે નષ્ટ થયો છે તેને ચલાવવા તરફ પ્રેરે છે એથી તે નુકસાનકારક છે.

આ ઠાવકી દેખાતી દલીલને તપાસીએ. પહેલી વાત તો એ કે હાથવણાટ વધારાના ઉદ્યોગ તરીકે વ્યવહારુ સૂચના જ નથી જણાતી. કારણ તે શીખવો-શીખવવો સહેલો નથી, હિંદુસ્તાનમાં એ કદી સાર્વત્રિક હતો નહીં, એક સાળ ચલાવવા ઘણા માણસ જોઈએ, અને તે હરતાંફરતાં જે બે ઘડી મળી તેમાં થઈ શકે એવો નથી. એ તો સ્વતંત્ર ધંધા તરીકે હતો, અને સ્વતંત્ર તરીકે જ ચાલી શકે, અને ઘણા દાખલાઓમાં મોચીના કે સુતાર-લુહારના ધંધા જેવો એકલો જ ચાલી શકે એવો ધંધો છે.

વળી જે રીતે કાંતવાનો ઉદ્યોગ સાર્વત્રિક થઈ શકે છે તે રીતે હાથવણાટનો ઉદ્યોગ સાર્વત્રિક થઈ શકે એમ નથી. હિંદુસ્તાનને દર વર્ષે ૪૬૬.૧ કરોડ વાર કપડું જોઈએ છે. વણકર જાડી

૧. જુઓ પુસ્તક ૩૧, પા. ૪૧૨.

Gandhi Heritage Portal

ખાદી કલાકની પોણો વાર વણે. એટલે બહારનું બધું કાપડ આવતું બંધ થાય અને મિલોનું કાપડ વપરાતું બંધ થાય તોપણ બહુ બહુ તો રોજ બે કલાક કામ કરનાર ૯૦ લાખ વણકરોને આપણી જરૂરિયાત જેટલું કાપડ ઉત્પન્ન કરવાને આપણે કામે લગાડી શકીએ. જો એમ કહેવામાં આવે કે એટલા વણકર નહીં પણ એટલાં કુટુંબોને કામ મળે તો તો રોજના બે આના પણ તેટલા માણસ વચ્ચે વહેંચાઈ જાય, એટલે માણસ દીઠ કમાણી પ્રમાણમાં ઘણી ઓછી થઈ જશે.

હવે કાંતવાની મગદૂર તપાસીએ. એક વાર એ હિંદુસ્તાનનો એક જ વધારાનો ઉદ્યોગ હતો એ આપણે જાણીએ છીએ. કરોડો જણ એ કળા હજુ જાણે છે અને લાખો લોકોને ઘેર હજી રેંટિયા પડયા છે, એટલે હાથકંતામણ તુરત ગમે તેટલું વધારી શકાય એમ છે. અને ૧૦ કાંતનારને એક વણકર પહોંચી વળે એમ છે એવો હિસાબ નીકળે છે. એટલે ૯૦ લાખ વણકરોને બદલે આપણે ૯ કરોડ કાંતનારાઓને વધારાનો ધંધો આપી શકશું, અને તેઓ તેમની વાર્ષિક કમાણીના ૨૫ ટકા જેટલી કમાણી વધારી શકશે. (હું સરેરાશ કમાણીનો આંકડો જાણી જોઈને જ વધારે — ૪૦ રૂપિયા સુધી માની લઉં છું.) વણવાનું હરતાંફરતાં ન કરી શકાય, જ્યારે કાંતવાનું તો હરતાંફરતાં થઈ શકે એવું છે. વળી કાંતવાનું શીખવું એ રમત વાત છે, અને પહેલે જ દિવસથી કાંતનાર સૂતરના તાર કાઢવા માંડે છે.

આ ઉપરાંત ગમે તેટલું મિલનું સૂતર વણકરોને મળી રહેશે એમ માનવું એ ભૂલ છે. હાથવણાટ અને મિલવણાટ એ એકબીજાના પોષક નથી પણ સ્વાભાવિક રીતે જ વિરોધી છે. મિલો સદા હાથસાળના કાપડની હરીફાઈ કરી રહી છે, જેમ દરેક સંચો હાથની કારીગરીની હરીફાઈ કરે છે તેમ. એટલે જો હાથવણાટ મોટા પાયા ઉપર ચાલતો વધારાનો ધંધો થઈ પડે તો તેણે મિલોની ઉપર જ આધાર રાખવો જોઈએ. પરિણામ એ આવશે કે વણકરની પાસે સૂતરના ગમે તેટલા પૈસા કઢાવી મિલવાળા તેમને ખાલી કરશે, અને પહેલી તકે તે ધંધાને ડુબાડશે.

આથી ઊલટું હાથવણાટ અને હાથકંતામણના ધંધા એકબીજાને પોષક છે, જે આજે ગમે તે ખાદી કાર્યાલયમાં જાઓ તો જોઈ શકાય એમ છે. આ લખી રહ્યો છું ત્યારે પણ મારી પાસે કેટલાયે કામ કરનારાઓના કાગળો પડેલા છે તેમાં તેઓ જણાવે છે કે કેટલાયે વણકરોને સૂતર વિના તેમને પાછા મોકલવા પડે છે.

વળી વણકરોનો મોટો ભાગ શાહુકારોના પંજામાં છે અને જ્યાં સુધી તેઓ મિલના સૂતર ઉપર આધાર રાખશે ત્યાં સુધી તે વિના તેમનો છૂટકો નથી. જ્યારે ગ્રામ અર્થશાસ્ત્ર જ એમ કહે છે કે વણકરે દલાલની પાસેથી સૂતર ન લેતાં પોતાના સહકારી ખેડૂતની પાસેથી જ મેળવવું જોઈએ.

બીજી એક વાત. આજે લગભગ ૨૦ લાખ સાળ છે. ૯૦ લાખ સાળ કરવા માટે દ સાળે ૧૫ રૂપિયાને હિસાબે કેટલી મૂડી જોઈએ? જ્યારે રેંટિયો તો બહુ બહુ તો ૩ા રૂપિયે મળી શકે — ખાદી પ્રતિષ્ઠાનનો તો ૨ા રૂપિયે મળે છે. અને ભીડને સમયે એક ઘેર બેઠાં બનાવી લીધેલી તકલી પણ ખપ લાગી શકે એમ છે. એટલે સંતોષકારક ગ્રામ જીવનનો પાયો જ રેંટિયા ઉપર રચી શકાય એમ છે. ગ્રામ પુનરુદ્ધારનું કેન્દ્ર રેંટિયા સિવાય બીજું કશું ન થઈ શકે.

પણ કહેવામાં આવે છે કે બે કલાકના એક પૈસાથી ગરીબ ગામડિયો પણ લલચાય એમ નથી. પણ જેને એક પૈસાથી વધારે બીજા ધંધામાંથી મળી શકે છે તેને માટે રેંટિયો કલ્પ્યો જ

Gandhi Heritage Portal

નથી. જો ગરીબ ગામડિયો લલચાતો ન હોય તો રોજ કોસ કોસ ચાલીને રૂ લેવા અને સૂતર આપવા હજારો બહેનો શા સારુ જતી હશે? જો તેમને સાળ ઉપર બેસવાનું કહેશો તો તેઓ ના પાડશે. તેને માટે તેમની પાસે નથી વખત, નથી શક્તિ. શહેરીઓને ગામડાંની રક્તશોષક ગરીબીની ખબર નથી. તેમની આગળ યંત્રયુગની વાતો ન કરીએ તો સારું—માન્ચેસ્ટરના સંચાએ તેમને છાંટો ઘી મળતું હતું તે લઈ લીધું છે. રેંટિયો આ છાંટો તેમને આપતો હતો, આજે રેંટિયાને બદલે કે રેંટિયાના કરતાં વધારે સારી વસ્તુ એકેય રહી નથી. એટલે આવાંઓને માટે રેંટિયો જ એક આશા છે.

ખેતી સુધારવાનાં જે સ્વપ્નો જોવાય છે તેની હું અહીં ચર્ચા નથી કરવા માગતો. કેટલાક સુધારા માટે અવકાશ છે એ હું જાણું છું; પણ તે કરવા માટે સમય જોઈએ, શિક્ષણ જોઈએ, જ્યારે રોજ વધતી જતી ગરીબી માટે તો તાત્કાલિક ઉપાય જોઈએ, જે રેંટિયો જ પૂરો પાડે છે. રેંટિયો આવા સુધારાની આડે નથી આવતો. રેંટિયો દાખલ કરો એટલે એવા સુધારા પણ કરી શકશો. કારણ જ્યાં રેંટિયો પેઠો છે ત્યાં ગામડિયાઓનાં જીવન પર એણે વિવિધ રીતે અસર કરી છે, અને રેંટિયો જ શહેરીઓ અને ગામડાં અને ગામડિયાઓની વચ્ચે જીવંત સંબંધ બાંધી શકે છે.

'વારુ, ત્યારે રેંટિયામાં આટલા બધા ગુણો હોય તો લોકોએ એને ઉપાડી કેમ નથી લીધો?' એમ ટીકાકાર પૂછે છે. સવાલ વાજબી છે. જવાબ પણ સીધો છે. રેંટિયાનો સંદેશ તદ્દન નિરાશ થઈ બેઠેલા, નિરાધાર થઈ બેઠેલા અને કામ ન આપવામાં આવે તો કામ વિના ભૂખે મરવાનું પસંદ કરનારા લોકોને બારણે લઈ જવાનો છે. પહેલાં આ સ્થિતિ નહોતી, પણ લાંબા સમયની બેપરવાઈને લીધે આળસુપણું તેમના હાડમાં ભરાઈ બેઠું છે. એ આળસ તો ચારિત્રવાન અને ઉદ્યોગી માણસ તેમની આગળ જઈને રેંટિયો ચલાવે અને તેને રસ્તો બતાવે તો જ ઊડી શકે.

બીજી મુશ્કેલી ખાદી માટે તુરત બજાર નથી મળી શકતું એ બતાવવામાં આવે છે.

હું કબૂલ કરું છું કે હાલ તુરત ખાદી મિલનાં કપડાં સાથે હરીફાઈ ન કરી શકે. એવી ઘાતક હરીફાઈમાં હું ઊતરું એમ નથી. મૂડીવાળો તો બજાર પોતાનું કરવાને પોતાનો કેલીકો મફત પણ વેચે. પણ જેની એક માત્ર મૂડી મજૂરી છે એવા મજૂર બિચારાને એ ન પાલવે. ગમે તેવા એકસરખી પાંદડીઓવાળા કાગળના કપડાના ગુલાબની, અસરખી પાંદડીવાળા પણ સ્વાભાવિક જીવંત ગુલાબની સાથે સરખામણી થઈ શકશે? કે જીવતાજાગતા શિવાજીની સાથે શિવાજીની મૂર્તિની સરખામણી થઈ શકશે? ખાદી તો જીવંત વસ્તુ છે. પણ હિંદુસ્તાનને ખરી કળા દેખાતી નથી, અને ઉપરની ભભકથી એ મોહાય છે. ખાદીને માટે લોકોમાં નિર્દોષ શોખ ઉત્પન્ન કરો એટલે દરેક ગામડું રેંટિયાસાળથી ગુંજી ઊઠશે. આજે તો ખાદી કાર્યાલયોને ખાદી ખપાવવાને માટે અનેક તરકીબો કરવી પડે છે, અને કોઈક વાર તેમની મતિ મૂંઝવાય છે. આશ્ચર્યની વાત એ છે કે ભયંકર મુશ્કેલીઓ છતાં ખાદીની પ્રવૃત્તિ આગળ ધપી રહી છે. ગયે વર્ષે જ ૧૨ લાખ ઉપરાંત રૂપિયાની ખાદી ખપી હતી. કરોડોની ખાદી ખપાવવી છે ત્યાં એ કંઈ હિસાબમાં નથી એ વાત સાચી.

આમ વધારાના ઉદ્યોગ તરીકે વણવાના ઉદ્યોગ વિરુદ્ધ કાંતવાના ઉદ્યોગના પક્ષમાં મારી દલીલ ટૂંકામાં મેં રજૂ કરી છે. પણ આનો કોઈ અનર્થ ન કરે. હાથસાળની હું વિરુદ્ધ નથી. હાથસાળનો ધંધો મોટો ધીકતો ધંધો છે. પણ મારું કહેવું એ છે કે રેંટિયો ઘેરઘેર દાખલ થાય તો એ ધંધો આપોઆપ વધી જશે. જો રેંટિયા બંધ થાય તો એ ધંધો બંધ થશે.

Gandhi Heritage Portal

આ દલીલનો ખૂબ વિચાર થાય અને તેની ટીકાચર્ચા થાય એમ હું ઇચ્છું છું. જો મેં રજૂ કરેલી વાત ટકી ન શકે તો હું મારી ભૂલ સુધારવાને તૈયાર છું.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ११–११–१९२६

ભાષાંતર: नवजीवन, २१–११–१९२६

## ૧૩. ગોરક્ષા

એક પત્રલેખક લખે છે:

> કોઈ પણ સંજોગોમાં ગાયનું રક્ષણ થવું જોઈએ એમ મોટા ભાગના હિંદુઓને અંતરસૂઝથી જ લાગતું હોય છે. મને પણ એમ જ લાગે છે. સ્વાધીન કરાયેલા જિલ્લાઓમાંના દુકાળગ્રસ્ત વિસ્તારોમાં, ઊગતી વયની ભૂખથી પીડાતી ગાયો ચામડાના મુસલમાન વેપારીઓને લાટબંધ વેચી નખાતી હોય એ દુઃખદ દૃશ્ય મેં જોયું હતું.
>
> હિંદુ શાસ્ત્રોએ જ તેના અનુયાયીઓને માથે ગોરક્ષાનું કર્તવ્ય નાખ્યું જણાય છે. એનું તત્ત્વજ્ઞાન સમજવા હું મથી રહ્યો છું. જન્મે ત્યાંથી મરે ત્યાં સુધી તેની ચાલુ ઉપયોગિતા જોઈને, માત્ર સ્વાર્થી હેતુઓથી ગાયની રક્ષા કરવાની હોય, તો ગોરક્ષા હિંદુઓમાં જ નહીં, દુનિયાભરમાં ફેલાઈ જાત. કારણ, પ્રકૃતિથી જ મનુષ્ય સ્વાર્થી હોય છે. બીજે પક્ષે તેના રાંક અને નિરુપદ્રવી સ્વભાવને લીધે ગાયની રક્ષા કરવાની હોય, તો ઘેટાં ને હરણ જેવાં બીજાં પ્રાણીઓને પણ મનુષ્યના રક્ષણની એટલી જ જરૂર છે. તો પછી ગાયમાં એવો કયો ખાસ ગુણ છે કે જે બીજાં કોઈ પણ પાલતુ પશુઓમાં કોઈ પણ હિસાબે ન હોય, જે હિંદુઓ જ જાણતા હોય અને જે હિંદુઓને જ ઉપયોગી લાગતો હોય? શાકાહારી અને ધર્મચુસ્ત હિંદુઓ સહિત હિંદુઓને પાડા, બકરાં, ઘેટાં વગેરેને આહાર અને બલિદાન માટે મારવાનો હક છે, તો મુસલમાનો ગાયને આહાર કે બલિદાન માટે હલાલ કરે એની સામે રોષ કરવાનો આપણને શો અધિકાર છે? જો આપણે હિંદુઓ આહાર કે બલિદાન માટે પશુવધ છોડી દઈએ, તો ગાયનું રક્ષણ કરવાની હિંદુઓની મુસલમાનોને કરાતી અપીલ વધુ વાજબી અને અસરકારક ન બને?

પત્રલેખકની દલીલને પક્ષે ઘણું કહી શકાય તેમ છે. પણ માણસ કેવળ તર્કબુદ્ધિથી જ દોરવાતો હોતો નથી. એ એક જટિલ પ્રાણી છે. તેના પર અસર કરી કેટલુંક કરવા અને કેટલુંક ન કરવા તેને ઘણી બાબતો પ્રેરતી હોય છે. તર્ક પ્રમાણે તો ગોરક્ષા કરતા હિંદુએ દરેક પ્રાણીની રક્ષા કરવી રહી. પણ બધી વાત વિચાર્યા પછી, બીજાં પ્રાણીઓની રક્ષા એ નથી કરતો તેથી તેની ગોરક્ષાને આપણે ન વખોડીએ. એનું ગોરક્ષાનું કામ ઉચિત છે કે નહીં એ જ પ્રશ્ન આપણે વિચારવાનો રહે. અહિંસામાં માનનાર માટે પશુવધ ન કરવો એ જો સામાન્ય રીતે ધર્મ ગણાતો હોય, તો એની ગોરક્ષા ખોટી ન હોઈ શકે. દરેક હિંદુ, બલકે દરેક ધર્મપરાયણ માણસ અહિંસામાં તો માને જ છે. સામાન્ય રીતે પશુવધ ન કરવો અને તેમની રક્ષા કરવી, એને એક નિર્વિવાદ કર્તવ્ય માનવું જોઈએ. એથી હિંદુ ધર્મે ગોરક્ષાને કર્તવ્ય તરીકે સ્વીકાર્યું છે એ તેને માટે શોભાસ્પદ છે. બીજાં પ્રાણીઓની રક્ષા કરી શકતો હોય ત્યારે માત્ર ગાયની રક્ષાથી જ અટકી જાય

Gandhi Heritage Portal

એ માણસ તો હિંદુ ધર્મનો નબળો નમૂનો કહેવાય. ગાય તો માત્ર પ્રતીક છે. એની રક્ષા કરવી એ તો એની પાસે રખાતી ઓછામાં ઓછી અપેક્ષા છે. પણ મેં મારાં આગલાં લખાણોમાં દર્શાવ્યું છે તેમ, તે આ પ્રારંભિક કર્તવ્ય બજાવવામાં પણ નિષ્ફળ ગયો છે.

ગોરક્ષા પાછળનો હેતુ 'કેવળ સ્વાર્થી' નથી, છતાં એમાં સ્વાર્થનો વિચાર બેશક પ્રવેશી જાય છે ખરો. જો એ સ્વાર્થપ્રેરિત જ હોય, તો પૂરી સેવા આપતી બંધ થયા પછી, બીજા દેશોમાં થાય છે તેમ, ગાયને મારી નખાતી હોત. ગાય બોજારૂપ બને તો પણ હિંદુઓ એને મારી નાખશે નહીં. અશક્ત અને નિરુપયોગી બની ગયેલી ગાયોની સંભાળ માટે જીવદયાવાળા લોકોએ સ્થાપેલી સંખ્યાબંધ ગોશાળાઓ આ દિશામાં થયેલા પ્રયાસનો બોલતો પુરાવો છે. ઉદ્દેશની સિદ્ધિ માટે આ સંસ્થાઓ આજે બહુ નબળી છે, છતાં આ હકીકતથી એની સ્થાપના પાછળના હેતુનું મૂલ્ય ઓછું નથી.

આથી, મારે મન ગોરક્ષાની ફિલસૂફી ઉમદા છે. જીવવાના અધિકાર બાબતમાં, એ પ્રાણી-સૃષ્ટિને સીધી માણસની કક્ષાએ મૂકી આપે છે. પણ ગોરક્ષામાં નહીં માનનારાઓને હાથે થતી ગાયની કતલને બળજબરીથી બંધ કરાવવી એ હિંદુ ધર્મનું અંગ નથી. હિંદુઓ, માણસથી શક્ય હોય તેટલા પ્રમાણમાં અહિંસાધર્મ પૂરો પાળીને જ મુસલમાનો અને બાકીની દુનિયાને પોતાના વિચાર તરફ વાળી શકે. આ મહાન સિદ્ધાંતને પોતાના જીવનમાં પાળી બતાવીને બાકીની દુનિયા પર તેનો અસરકારક પ્રભાવ પાડવાનું જ તેઓ રાખે. શસ્ત્રબળથી પેલાઓને તેઓ પોતાના વિચારના નહીં કરી શકે, અહિંસાની શક્તિથી તેઓ એમ જરૂર કરી શકે. પૂરેપૂરી પળાતી અહિંસામાં રહેલી અદ્વિતીય શક્તિનો આપણને બહુ ઓછો ખ્યાલ છે.

[મૂળ અંગ્રેજી]

**यंग इन्डिया, ११–११–१९२६**

## ૧૪. શાળાઓમાં તકલી

ખાદી પ્રતિષ્ઠાનના ડૉ. પ્રફુલ્લચંદ્ર ઘોષ શાળાઓમાં તકલી દાખલ કરાવવા સંબંધમાં મને નીચેની નોંધ મોકલે છે.[૧]

મલિકંદા રાષ્ટ્રીય શાળાના સંચાલકોને હું મુબારકબાદી આપું છું. વધુ સૂતર આપવામાં તો રેંટિયો જ તકલી કરતાં ચડે અને રેંટિયા કરતાં તકલીને સંપૂર્ણ પસંદગી આપવાનું મેં કદી વિચાર્યું નથી. પણ આપણી મોટા ભાગની શાળાઓમાં તકલી રેંટિયા કરતાં વધુ સારું પરિણામ બતાવે છે એ વિશે મને શંકા નથી. સામાન્ય અનુભવે પણ બરોબર એમ જ બતાવી આપ્યું છે. એનું કારણ સ્પષ્ટ છે. શાળાના ઓરડા બધા જ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓના રેંટિયા મૂકવા જેવડા મોટા નથી હોતા. બીજું, રેંટિયા માટે પૂરતી જગ્યા મળે તોયે તકલીને મુકાબલે રેંટિયા વધુ મોંઘા પડે. ત્રીજું, રેંટિયા વારેઘડીએ ખોટકાઈ જતા હોય છે અને શિક્ષકો કે વિદ્યાર્થીઓને

૧. એ અહીં આપી નથી. ઢાકાની મલિકન્દા રાષ્ટ્રીય શાળાના વિદ્યાર્થીઓના રેંટિયાકાંતણની પ્રગતિના આંકડા આપી તેમાં જણાવ્યું છે કે શાળાઓમાં હમેશાં રેંટિયા કરતાં તકલીને પસંદગી આપવી જોઈએ એમ કહેવું બરાબર નથી. રેંટિયા ચલાવી ન શકે એવડી નાની ઉંમરના વિદ્યાર્થીઓની બાબતમાં જ એમ કરી શકાય.

Gandhi Heritage Portal

એક પળમાં તે દુરસ્ત કરતાં આવડતું હોતું નથી. એક વાર રેંટિયો બગડ્યો, એટલે એને સરખો કરતાં ઘણો વખત લાગે છે. રેંટિયા પર કાંતતા ઘણા વિદ્યાર્થીઓ પર દેખરેખ રાખવી શક્ય નથી. સામે પક્ષે, તકલી સાવ સસ્તી હોય છે અને એક જ સમયે હજારો વિદ્યાર્થીઓ તે ચલાવી શકે છે. એને માટે જગ્યા જોઈતી ન હોવાથી ખીચોખીચ ભરેલા ઓરડામાં પણ તે ચલાવી શકાય છે. એ બગડે છે ભાગ્યે જ, અને બગડે ત્યારે તરત જ બદલી નાખી શકાય. ગમે તેટલા તેના પર કાંતતા હોય તોયે તેની પર દેખરેખ રાખી શકાય છે. સામૂહિક રૂપમાં થતા તકલીના કાંતણથી રેંટિયા કરતાં એકંદરે વધુ સંતોષકારક પરિણામ આવે છે. પણ તકલીના પક્ષમાં આ બધું કહ્યા પછી એ કહેવાની જરૂર નથી કે મેં બતાવી તે મુશ્કેલીઓનો ઉપાય કરી કોઈ શાળા તકલી કરતાં રેંટિયાને અપનાવે તો તેમાં મારે કશો વાંધો હોઈ શકે નહીં.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ११–११–१९२६

# ૧૫. નોંધ

### ખાદી અને સરકારી નોકરો

એક પત્રલેખક લખે છે:

> અમારા ફેરીવાળા એમની પાસે જાય ત્યારે તેમની પાસેથી હાથકંતામણ અને હાથ-વણાટનું કાપડ ખરીદતાં કેટલાક સરકારી નોકરો ગજબના ગભરાય છે. પોતાથી ખાદી ખરીદી શકાય નહીં એવી કંઈક એમની સમજ હોય છે. પણ મુંબઈ સરકાર તો લોકોને દેશી ઉદ્યોગોને ઉત્તેજન આપવાની ખુલ્લી અપીલ કરે છે. સરકારની બીક વગર મદ્રાસ સરકારના નોકરોને ખાદી ખરીદવાની છૂટ છે એમ આપ કહી શકો તેમ છો?

આનો ઉત્તર આપવાનું મને ગમે, પણ મને અધિકાર નથી. એ તો મારા માન્યામાં જ આવતું નથી કે કોઈ સરકાર ખાદી વાપરવાની મનાઈ ફરમાવે. અમુક પોશાકનો આગ્રહ રખાય એ સમજી શકાય, પણ કેવું કાપડ વાપરવું તેનો આગ્રહ હોય નહીં. કાલ્પનિક ડરથી સરકારી નોકરો પીડાય છે એ જોઈ મને દુ:ખ થાય છે. કશી અડચણ કે રોકટોક વિના ખાદી વાપરતા ઘણા સરકારી નોકરોને મેં જોયા છે. હું મદ્રાસ સરકારનો નોકર હોઉં અને તેમ કરવાની મનાઈ ન હોય, તો જરૂર કશા ખચકાટ વગર ખાદી પહેરું, અને એવી મનાઈ ફરમાવવામાં આવે તો રાજીનામું આપી દઉં.

### ખાદીકામ અને સ્વયંસેવકો

હિંદુસ્તાની સેવાદળની કર્ણાટક શાખાનો કાર્યક્રમ ડૉ. હાર્ડીકરે મને મોકલ્યો છે. એમાંથી નીચેનું ઉતારું છું:

> હિંદુસ્તાની સેવા દળની કર્ણાટક શાખાના વ્યવસ્થાપકો અને કાર્યકરો દળની ઑફિસમાં તા. ૧૩, ૧૪ અને ૧૫મી ઑક્ટોબર, ૧૯૨૬ના રોજ હુબલી ખાતે શ્રી હોસ્કોપ્પા કૃષ્ણરાવના પ્રમુખસ્થાને મળ્યા હતા. પૂરી ચર્ચાવિચારણા પછી તેમણે હાથ ધરવાના ભાવિ કાર્યક્રમ અંગે નીચેના ઠરાવ પસાર કર્યા હતા:

Gandhi Heritage Portal

ઠરાવ ૧ : કર્ણાટક દળના વ્યવસ્થાપકો અને કાર્યકરોની આ બેઠક નીચેના કાર્યક્રમ ઉપર પોતાનું લક્ષ એકાગ્ર કરવાનું ઠરાવે છે :

(ક) મહાત્મા ગાંધી, સર્વશ્રી જી. બી. દેશપાંડે અને એસ. વી. કૌજલગીની સલાહ લઈ ડૉ. હાર્ડીકર અને શ્રી હોસ્કોપ્પા કૃષ્ણારાવ અંતિમ રૂપમાં નક્કી કરે તે યોજના હેઠળ ૧લી ફેબ્રુઆરી ૧૯૨૭થી રાષ્ટ્રીય સપ્તાહ સહિત ૧૩મી એપ્રિલની મધરાત સુધીના બોતેર દિવસમાં કર્ણાટકમાં રૂ. ૪૦,૦૦૦ (ચાળીશ હજાર)ની ખાદી વેચવી.

**નોંધ :** નવેમ્બરની અધવચથી શરૂ થતા આગળના ગાળામાં આસામ કૉંગ્રેસના આદેશ અનુસાર દળની પ્રવૃત્તિઓ ગૌહત્તીમાં કેન્દ્રિત કરવાની હોવાથી આ કાર્યનો આરંભ ૧લી ફેબ્રુઆરી સુધી મુલતવી રાખવો પડે છે.

ખાદી અંગેનો આ એક સારો કાર્યક્રમ છે. એ પાર ઉતારે તો દળે સારું કામ કર્યું ગણાશે. મારા પોતાના અને સહકાર્યકરોના અનુભવ પરથી જણાવું કે મુખ્ય કાર્યકરોને કપાસ લોઢવાનું, પૂણી બનાવવાનું અને કાંતવાનું શાસ્ત્ર આવડતું ન હોય અને કપાસની જુદી જુદી જાતો ઓળખતાં અને બનાવટી તથા સાચી ખાદીનો ભેદ પારખતાં આવડતું ન હોય, તો ખાદીકામ જામવાનું નથી. ખાદીકામની સફળતા કાર્યકરની બધી ઉત્તમ શક્તિનો ઉપયોગ માગી લે છે. આ કાર્યક્રમની પ્રગતિ હું રસપૂર્વક જોતો રહીશ. આવતે વર્ષે વેચાણના દિવસોમાં પ્રાંતની મુલાકાતે આવવા મને નોતરું આપતો ઠરાવ પણ દળે પસાર કર્યો હતો. વેચનાર હું હોઉં ત્યારે પણ માત્ર ચાળીસ હજાર રૂપિયાની ખાદી સ્વયંસેવકો ખપાવવા માગતા હોય તો હું તેમને બહુ જશ ન આપું. સભ્યોએ જાણવું ઘટે કે મારી હાજરીની કિંમત હું મોટી મૂકું છું. તેઓ મને જવા લલચાવવા માગતા હોય, તો ઘડયો છે તેના કરતાં વધુ આકર્ષક કાર્યક્રમ તેમણે મારી આગળ ધરવો રહ્યો. અને તેઓ એ પણ ધ્યાનમાં રાખે કે હું તો જેના હાથના ઘણા ઉમેદવાર હોય એવી કન્યા છું. અને હું બહુપતિત્વમાં માનતો ન હોવાથી મને મેળવવા ઇચ્છનારે સૌથી વધુ આકર્ષક પહેરામણી મને આપવાની રહેશે. આવતી સાલના આરંભમાં મારા કર્ણાટક જવાની આશા તેઓ ન રાખે એ જ તેમને માટે સારું છે.

## બ્રાહ્મણેતરોમાં ખાદી

એક પત્રલેખક લખે છે :

નિપાણીના બ્રાહ્મણેતરો ખાદીમાં ઊંડો રસ લઈ રહ્યા છે જાણી આપને આનંદ થશે. આ એક એવો મંચ છે જેની ઉપર બ્રાહ્મણો તથા બ્રાહ્મણેતરો સંપ કરી રહ્યા છે. ૨૩મી ઑક્ટોબરે એક મોટી સભા ભરવામાં આવી. સભા સારી થઈ. શ્રી રાવન સભામાં હાજર રહ્યા, અને પોતે બ્રાહ્મણેતર પક્ષના કાર્યક્રમમાં ભાગ લેવાનું ચાલુ રાખવા છતાં ખાદીને પોતાનો ઉમળકાભર્યો ટેકો આપવાનું જાહેર કર્યું હતું. નિપાણીમાં એક ખાદીભંડાર ખુલ્લો મુકાયો. એ કચ્છના શેઠ મૂળજી સિક્કાની મહેનતને આભારી હતું. એમણે ખાદી પડતર કિંમતે વેચવાનું વચન આપ્યું હતું. બ્રાહ્મણેતરોનો પણ જેમાં સમાવેશ થઈ જાય છે એવી જનતાની વધતી જતી ગરીબાઈનો પ્રશ્ન ખાદીની વ્યાપક વપરાશ વગર હલ થઈ શકે તેમ નથી એની બ્રાહ્મણેતર મિત્રોને ખાતરી થઈ ગઈ જણાય છે. આથી નિપાણીના અગ્રણીઓને લાગે છે કે ખાદીનો વિરોધ ન કરવો એટલું જ બસ નથી, ખાદીને તમામ શક્ય સાધનોથી ઉત્તેજન આપવું જરૂરી છે.

Gandhi Heritage Portal

નિપાણીના બ્રાહ્મણેતર મિત્રોને તેમના નિર્ણય બદલ ધન્યવાદ આપું છું અને તેઓ ખાદીને સ્થિર પાયા પર મૂકવા ખાદીકાર્યને સુસંગઠિત કરશે એવી આશા રાખું છું.

### શાળાઓમાં કાંતણ

ગંતૂર મ્યુનિસિપાલિટીના તાબાની શાળાઓમાં કાંતણની પ્રગતિ વિશેના નીચેના હેવાલમાં વાંચનારને રસ પડશે :

શાળાઓની સંખ્યા ૩૫ છે.

છોકરાઓની ૨૬, છોકરીઓની ૯. એમાં ૪૫૪ છોકરીઓ છે અને ૩૬૩ છોકરા છે. કાંતનાર છોકરીઓની સંખ્યા ૭૦ અને છોકરાઓની ૬૦ છે. છોકરાઓની શાળાઓને ૧૫ અને છોકરીઓની શાળાઓને ૧૭ રેંટિયા આપવામાં આવ્યા છે. વરસમાં છોકરાઓએ ૨૪,૦૦૦ વાર અને છોકરીઓએ ૨૬,૦૦૦ વાર સૂતર કાંત્યું છે. છોકરાઓનું સૂતર ૧૧૮ તોલા અને છોકરીઓનું ૧૩૦ તોલા થયું છે. મ્યુનિસિપાલિટીએ રૂ. ૪૬–૮–૦ની ૩ મણ પૂણીઓ ખરીદી હતી. સૂતર મ્યુનિસિપાલિટીના કાર્યાલયમાં રાખ્યું છે. ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ ખાદી પહેરે છે. શિક્ષકોની એકંદર સંખ્યા ૮૭ છે, એમાં ૩૦ સ્ત્રીઓ અને ૫૭ પુરુષો છે. એ બધાં ખાદી પહેરે છે. ૬૩ જણ અખિલ હિંદ ચરખા સંઘને સૂતર આપે છે. સૂતરના લવાજમના નિયમ હેઠળ એક જણ કૉંગ્રેસનો સભ્ય પણ બન્યો છે.

રૂ. ૫૦૦ની ખાદી વેચાઈ હતી.

હાલ ૧૦ શાળાઓમાં કાંતવાનું શીખવાય છે. ૧૦ શાળાઓમાં હિંદી શીખવાતું હતું, પણ મ્યુનિસિપલ કાઉન્સિલના તેનો વિરોધ કરતા ઠરાવથી તે બંધ કરાયું છે.

પંચમ છોકરાઓને તથા ગરીબ છોકરાઓને ખાદી મફત વહેંચવામાં આવે છે. પંચમ શાળાઓમાં સવર્ણ શિક્ષકો કામ કરે છે અને સવર્ણ હિંદુઓના છોકરાની શાળાઓમાં પંચમ શિક્ષકો શીખવે છે.

રાષ્ટ્રીય મહાપુરુષોની જન્મતિથિઓ તથા સંવત્સરીઓને દિવસે રજા પળાય છે.

બધા શિક્ષકોને કાંતતાં આવડે છે. એમનું કાંતેલું સૂતર મ્યુનિસિપલ કાર્યાલયમાં રખાય છે. દરેક શિક્ષકને એક રેંટિયો આપ્યો છે. શિક્ષકો બે મણ જેટલી પૂણીઓ વાપરે છે.

મ્યુનિસિપાલિટીના બીજા નોકરો ૧૦૦ની આસપાસ છે અને લગભગ બધા ખાદી પહેરે છે.

### યુદ્ધ દરમિયાન કાંતણ

મોમ્બાસાથી એક પત્રલેખક પૂર્વ આફ્રિકાનાં મારાં સંસ્મરણો નામના જનરલ વોનકેટો-વોર્બેકના પુસ્તકમાંથી નીચેના ઉતારા મોકલે છે. વિષમ પરિસ્થિતિના દબાણ હેઠળ પણ કાંતણની શકયતાઓ કેટલી છે તે એમાં જોવા મળે છે:

ટાંગામાં લૂંટનો માલ ઘણો લેવાયો હોવા છતાં યુદ્ધ લંબાય એમ લાગતું હોવાથી કૉલોનીમાંનો જથ્થો ખૂટી પડશે એમ ચોક્કસ દેખાતું હતું. ન્યૂ મૌશીના વતનીઓ એકાએક રેશમ પહેરવા માંડયા હતા. આ કંઈ ખાસ ઉડાઉપણાની નિશાની હતી જ નહીં. હિંદીઓની દુકાનોનો સુતરાઉ કાપડનો જથ્થો ખૂટી જવા આવ્યો હતો. અઢળક કાચા માલમાંથી તૈયાર ચીજો બનાવવા માટે કામકાજ શરૂ કરવાનો વિચાર અમારે ગંભીરતાથી કરવો પડયો. એક

Gandhi Heritage Portal

એવી પરિસ્થિતિ હવે નિર્માઈ, જે સ્વિસ કુટુંબના રૉબિન્સનના ઉદ્યોગની યાદ આપે. કપાસનાં ખેતરો પુષ્કળ હતાં. હાથકાંતણ અને વણાટની ભુલાઈ ગયેલી કળાઓ વિશે માહિતી આપતાં પુસ્તકો ખોળી કાઢવામાં આવ્યાં. ગોરી અને કાળી સ્ત્રીઓએ કાંતવું શરૂ કર્યું. મિશનોમાં અને ખાનગી કારખાનાંમાં રેંટિયા અને હાથસાળ બનવા માંડ્યાં. આમ થોડા જ સમયમાં વપરાશી સુતરાઉ કાપડનું એક થાન બનાવાયું. કેટલીક અજમાયશ પછી ઘાસ અને ઝાડીનાં રંગ જોડે ભળી જાય અને તેથી યુદ્ધપોશાક માટે ખાસ કામ લાગે એવો તપકીરિયો પીળો રંગ એન્ડા નામના ઝાડનાં મૂળમાંથી મેળવવામાં આવ્યો.

આપણે ભારતને યુદ્ધગ્રસ્ત માની લઈ પરદેશી તેમ જ ભારતની મિલોમાં બનેલું કાપડ પણ વાપરવું બંધ કર્યું હોય તો કેવું સારું! તો તો હાથકાંતણ સામેની બધી દલીલ ધુમાડાની પેઠે ઊડી જાય. ભારતના લાખો લોકો અડધા ભૂખમરામાં જીવે છે એની નક્કર સાબિતી આપણી પાસે છે, ત્યારે યુદ્ધ કરતાંય વધુ ભૂંડી દશામાં આપણે જીવી રહ્યા નથી?

## 'બધું તારે ખાતર'

એક માયાળુ તામિલ મિત્રે વાંચતાં આત્માનું કલ્યાણ કરે એવા ઉતારા મારા મૌનવાર માટે મોકલ્યા છે. કોઈ પ્રસંગ સાથે સંકળાયેલા હોય અને પ્રસંગોચિત હોય એ સિવાયના ઉતારા હું यंग इन्डिया માં છાપતો નથી. પેલા મિત્રે મોકલેલી સામગ્રીમાંથી જૉર્જ હર્બર્ટની નીચેની કાવ્યપંક્તિઓ આપવી મને તદ્દન યોગ્ય લાગે છે:

હે નાથ! હે શાસક! દૃષ્ટિ દેજે,
નિહાળવા ચીજ મહીં બધી તને.
હું જે કરું એ સઘળુંય નિત્યે
હજો તવાર્થે પ્રભુ એમ શીખ દે.
એ ન્યાયે સેવકો જે જે સેવાઓ કરતા રહે,
સેવા ના રહેતાં સેવા, દિવ્ય કર્મ થઈ રહે.
પ્રભુના નામથી જે કો સંમાર્જે નિજ આંગણું,
કર્મ ને આંગણુંયે તે, દિવ્ય બન્ને કરી રહે.

એવો જ સુયોગ્ય બીજો એક ઉતારો રસ્કિનમાંથી આપું:

કાંઈક બાંધીએ તો એવું બાંધીએ કે આપણા વંશજો એને માટે આપણો આભાર માને; અને પથ્થર ઉપર બીજો પથ્થર ચણતી વેળા વિચારતા રહીએ કે એક એવો વખત આવવાનો છે જ્યારે આપણા હાથનો એને સ્પર્શ થયો હતો એ કારણે એ પથ્થરો પવિત્ર મનાશે અને એના તરફ જોતાં લોકો બોલી ઊઠશે: જુઓ, આપણા વડવાઓ આપણા માટે આ કરી ગયા છે.

રાજાધિરાજ પરમાત્માને નામે અને જાતને માટે નહીં પણ ભાવિ પેઢી માટે જ બધું કરીએ તો જાહેર જીવન છે તેના કરતાં ઘણું વધારે શુદ્ધ બને.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ૧૧-૧૧-૧૯૨૬

Gandhi Heritage Portal

## ૧૬. એક સુધારો

આ સુધારો[1] છાપતાં મને ઘણો આનંદ થાય છે. ઉક્ત નોંધ મેં જણાવ્યું છે તેમ, પહેલાં એક સાથીએ તૈયાર કરેલી અને પછી બીજાએ તે સુધારીને લખેલી. બધું ઉતાવળે કરવું પડેલું. બેમાંથી એકે સાથીનો બેઉ સંસ્થાઓની સરખામણી કરવાનો લેશ પણ આશય ન હતો. આશય હતો માત્ર ખાદીના ભાવમાં થતો આવેલો ઘટાડો બતાવવાનો. સતીશબાબુએ લખી મોકલેલા સુધારાને હું આવકારું છું. ત્યારે હાથ ચડયા તે આંકડાને આધારે લેખકોએ જે દલીલ કરી હતી તેનું એ સમર્થન કરે છે. પ્રતિષ્ઠાનના ખરેખરા અને વધેલા વેચાણની વિગત વાચકો આગળ ધરી શકાય છે એનો મને આનંદ પણ છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ११–११–१९२६

## ૧૭. ડૉ. કે. કે. કુરુવિલ્લાને પત્ર

સાબરમતી,
નવેમ્બર ૧૧, ૧૯૨૬

પ્રિય ભાઈ,

પત્ર મળ્યો. ડૉ. પૅરેટ સાથેનો પત્રવ્યવહાર મને યાદ છે જ. મારે મતે એમનો માર્ગ સ્પષ્ટ છે. નોટિસ છતાં તેઓ તો પિકેટિંગ ચાલુ જ રાખે. લોકમતનો એમનો ટેકો હોય તો તેઓ પિકેટિંગ કરી શકશે. એ ટેકો નહીં હોય તો એમણે જેલમાં જવું રહ્યું. અને એમનો જેલવાસ આખરે સફળ થવો જોઈએ. પણ આ પગલું લેતાં પહેલાં એમણે લોકમત કેળવવો જોઈએ અને સરકારને સ્પષ્ટ કરવું જોઈએ કે પોતાનો ઈરાદો હિંસક પિકેટિંગ કરવાનો નથી.

તમારો સહૃદયી
મો. ક. ગાંધી

ડૉ. કે. કે. કુરુવિલ્લા
માર્ટહાઉસ સેમિનરી
કોટ્ટાયમ

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૯૭૩૨

૧. અહીં આપ્યો નથી. સતીશચંદ્ર દાસગુપ્તાએ નવેમ્બર ૨, ૧૯૨૬ના પત્રમાં આંકડા આપીને જણાવેલું કે ૨૮–૧૦–૧૯૨૬ના यंग इन्डियामां "એક માત્ર કુટિર ઉદ્યોગ તરીકે રેંટિયો" એ લેખમાં 'ખાદી પ્રતિષ્ઠાન' અને 'અભય આશ્રમ' વચ્ચે કરેલી સરખામણી ગેરવાજબી હતી.

Gandhi Heritage Portal

## ૧૮. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર

નવેમ્બર ૧૨, ૧૯૨૬

પ્રિય સતીશબાબુ,

તમારી પીડાનો આટલે લાંબે અંતરેથી પણ ખ્યાલ આવે છે, અને એથી તમને લખતાં અને ખાસ તો તમારા ક્ષેત્રની બહાર કશુંક કરવાનું તમને કહેતાં ડરું છું.

પણ અત્યારે ચીંધું છું તે કામ તમને કાંઈક અંશે મનગમતું મનોરંજન થઈ પડે ખરું. બાગબજારમાં કૅપ્ટન પેટાવલની સંસ્થામાં ચુપચાપ જઈ આવો. એ કેવી છે તે જુઓ. એમાં કંઈ સત્ય છે? પોતાની પ્રવૃત્તિની હું જાહેરાત કરી આપું એવો ખૂબ જ આગ્રહ એ કરે છે. મને એ સંસ્થામાં અને એનામાં વિશ્વાસ બેસતો નથી.[1] પણ રખેને એને અન્યાય કરી બેસું, એટલા માટે તમારું માર્ગદર્શન માગું છું. હવે તો ડૉ. રાય પણ તેની સાથે છે એ તમે જોશો.

તમારે નિરાશાના ખાડામાંથી અવશ્ય બહાર નીકળી આવવું જોઈએ અને બધું ખોટું થઈ રહેલું દેખાતું હોય તોપણ પ્રસન્ન રહેવું જોઈએ. ભાવો સંબંધમાં તમારા પત્ર સાથે મેં લીધેલી છૂટ તમે જોઈ જ હશે.[2]

હેમપ્રભાદેવીને કેમ છે? પખવાડિયે એક વાર તો તેમણે મને લખવું જ જોઈએ. તમારા વસવાટમાં મલેરિયા ઓછો થયો કે નહીં?

૨૩મીની બેઠકમાં હાજરી આપી શકશો?

સસ્નેહ,

તમારો

બાપુ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : જી. એન. ૧૫૬૩

૧. જુઓ "જે. ડબલ્યુ. પેટાવલને પત્ર", ૧૨-૧૧-૧૯૨૬.

૨. જુઓ "એક સુધારો", ૧૧-૧૧-૧૯૨૬ ઉપરની ફૂટનોટ.

Gandhi Heritage Portal

## ૧૯. સી. વિજયરાઘવાચારિયરને પત્ર

[નવેમ્બર ૧૨, ૧૯૨૬][1]

ભાઈશ્રી,

પત્ર મળ્યો. આનંદ થયો. હું ઉત્તર ભારત પ્રત્યે પક્ષપાત કરું છું અને દક્ષિણ પ્રત્યે ઉદાસીન છું, એ આક્ષેપ હું સ્વીકારી શકતો નથી. હું ત્યાં જાઉં તોપણ કૉંગ્રેસની ચર્ચાવિચારણા અંગે કંઈ ઝાઝું કહી શકીશ એવી મને ખાતરી નથી. મારું કામ મારા ખાસ વિષયો પૂરતું સીમિત રાખી ૧૯૧૫–૧૮ની મનોદશામાં પાછા આવી જવાની ઈચ્છા થાય છે. ગમે તે કારણે પણ કાઉન્સિલોમાં મને રસ નથી, અને જે કંઈ ચાલી રહ્યું છે એ મને ખિન્ન બનાવી મૂકે છે.

તમારી તબિયત કેમ રહે છે?

તમારો સહૃદયી

સી. વિજયરાઘવાચારિયર
આરામ
સાલેમ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૯૭૩૦

## ૨૦. એચ. બી. તેજુમલને પત્ર

[નવેમ્બર ૧૨, ૧૯૨૬][2]

ભાઈશ્રી,

ધર્મગ્રંથોમાંથી ઉતારા ટાંકવાથી તમને લાભ નહીં થાય. દ્રૌપદીની પ્રાર્થના એક પ્રસિદ્ધ દૃષ્ટાંત છે. માણસને જો પોતાની પ્રાર્થનામાં શ્રદ્ધા હોય તો તે પહાડોને હલાવી શકે એ વિશે મારા મનમાં લેશ પણ શંકા નથી. શ્રદ્ધા રાખવી અને સાબિતી આપવી પરસ્પર વિરોધી વાતો છે. આથી દૃષ્ટાંતોથી કંઈ વળે નહીં. આપણે એક જ વસ્તુ કરવાની છે અને તે છે પ્રાર્થના, પછી એનો ઉત્તર મળે યા ન મળે. પ્રાર્થના કોઈ સ્વાર્થી હેતુ માટે તો કદી થાય જ નહીં.

તમારો સહૃદયી

શ્રી એચ. બી. તેજુમલ
ડૉક્ટર
ન્યૂ સક્કર
સિંધ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૯૭૩૧

૧. વિજયરાઘવાચારિયરના ૧૭ નવેમ્બર, ૧૯૨૬ના પત્ર (એસ. એન. ૧૨૦૮૩) પરથી.
૨. એસ. એન. રજિસ્ટરને આધારે.

Gandhi Heritage Portal

## ૨૧. જે. ડબલ્યુ. પેટાવલને પત્ર

સાબરમતી,
નવેમ્બર ૧૨, ૧૯૨૬

પ્રિય મિત્ર,

તમારા આગ્રહ માટે આભારી છું. ચાલુ જ રાખશો. કોઈક દિવસ તો તમને તથા તમારી યોજનાને હું વધુ સારી રીતે સમજી શકીશ. તમારા કાંતણને પૂરતી સહાય મળી રહી છે. એથી તમારી પ્રવૃત્તિ મને મૂંગા મૂંગા જોવા દેશો. કોઈક દિવસ મારે તમારી સંસ્થાની જાતે મુલાકાત લેવી જોઈશે.

તમારો સહૃદયી

કૅપ્ટન પેટાવલ
પૉલિટેકનિક ઈન્સ્ટિટ્યૂટ
બાગબઝાર
કલકત્તા

[મૂળ અંગ્રેજી]

માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૯૭૩૩

## ૨૨. ગિરિરાજ કિશોરને પત્ર

નવેમ્બર ૧૨, ૧૯૨૬

ભાઈશ્રી,

પત્ર મળ્યો. તમે આવી શકો છો. પણ ફરી ચેતવણી આપું. રહેવા માટે મારી ઓસરીમાં એક ખૂણો જ તમને આપી શકું એમ બને. તમારે માટે અહીં કોઈ બૌદ્ધિક કામ હોય જ નહીં. બધું કામ શરીરશ્રમનું જ હોય : સફાઈકામ, પાણી ભરવાનું વગેરે. રોજના આઠ કલાક તમને કાંતણ કે બીજાં એવાં કામ પર મૂકવામાં આવે, એમ બને.

તમને સ્વયંપાક કરી લેવાનું કહેવામાં આવે, અને કોઈ પણ સંજોગોમાં તમારું ખર્ચ માસિક પંદર રૂપિયાથી વધુ થવું ન જોઈએ. અહીં કેટલાક તો દસ રૂપિયાથી ઓછામાં ચલાવે છે.

આ તમને આકર્ષી શકે તેમ હોય તો તમે અહીં સુખી થશો, નહીંતર નહીં.

તમારો સહૃદયી

ગિરિરાજ કિશોર
રોહતક

[મૂળ અંગ્રેજી]

માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૯૭૩૪

Gandhi Heritage Portal

## ૨૩. મુરલીપ્રસાદ અંબરથાને પત્ર

નવેમ્બર ૧૨, ૧૯૨૬

ભાઈશ્રી,

ખાદીની હિમાયત માન્ચેસ્ટરને પાયમાલ કરવા નહીં પણ લોકોના ઉત્કર્ષ માટે કરવામાં આવે છે.

મિલો થોડા લાખ માણસોને જ કામ આપી શકે. અડધા બેકાર એવા લાખોને કશો ઉદ્યોગ આપવો રહ્યો. રેંટિયો આવો એકમાત્ર ઉદ્યોગ છે. અત્યંત આવશ્યક ઉદ્યોગ માટે કિંમતનો સવાલ વિચારવાનો હોય નહીં. આ જોતાં મોંઘી ખાદી, સસ્તી ખાદી કરતાં આર્થિક દૃષ્ટિએ વધુ સસ્તી છે. એક વરસમાં આખા ભારતને ખાદીથી ઢાંકી શકાય. મિલો દ્વારા એમ કરવું અશક્ય છે. ઓછામાં ઓછાં વીસ વરસમાં પણ તેનાથી એ બની ન શકે.

તમારો સહૃદયી

શ્રીયુત મુરલીપ્રસાદ અંબરથા
બી. ગોકુલપ્રસાદ
વકીલ
મુરાદપુર પો. ઑ.
પટણા

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૯૭૩૫

## ૨૪. ઈડા મિલરને પત્ર

નવેમ્બર ૧૨, ૧૯૨૬

પ્રિય મિત્ર,

પત્ર મળ્યો. એમ. રોનિગર ધ સ્ટોરી ઑફ़ माय एक्सपेरिमेन्टस विथ ट्रुथનું ભાષાંતર કરનાર છે એવો મારો ખ્યાલ છે.

તમારો સહૃદયી

કુ. ઈડા મિલર
૫૩, બામગાર્ટેન્સ્ટ્રાસ
વિયેના

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૯૭૩૬

Gandhi Heritage Portal

## ૨૫. મૂલચંદ અગ્રવાલને પત્ર

કારતક સુદ ૭, સં. ૧૯૮૩ [નવેમ્બર ૧૨, ૧૯૨૬]

ભાઈશ્રી મૂલચંદજી,

તમારો પત્ર મળ્યો. પરંપરાગત સંસ્કારવિધિઓ પર મારી શ્રદ્ધા ખરી, પણ દેશકાળ અને સ્થિતિના પરિવર્તનની સાથે પરંપરાઓનું સ્વરૂપ પણ બદલાતું રહે છે. યજ્ઞોપવીત વગેરે સંસ્કારો બાબતમાં હું તટસ્થ છું.

હું વર્ણાશ્રમમાં માનું છું, પણ આજે બન્નેનો (વર્ણ તેમ આશ્રમનો) લોપ થઈ ગયો લાગે છે. બધા શૂદ્ર બની ગયા છીએ. પાંચ વર્ણ તો ક્યારેયે ન હતા.

કાંતવાની ક્રિયા, માત્ર એક યજ્ઞ છે અને તે બધાને માટે છે. પણ આજીવિકા માટે જે એ કરે તે વૈશ્ય છે. વગર પગારે કામ કરે તો ધંધાની દૃષ્ટિએ જે માણસ શિક્ષક છે તે બ્રાહ્મણ છે.

તમારો

મોહનદાસ ગાંધી

[મૂળ હિંદી]

પત્રની છબી પરથી : જી. એન. ૭૬૪

## ૨૬. બહેરામજી ખંભાતાને પત્ર

શુક્રવાર [નવેમ્બર ૧૨, ૧૯૨૬][1]

ભાઈશ્રી ખંભાતા,

ચિ. દેવદાસ કહે છે કે તમે બંને કેટલાક મિત્રો સહિત અહીં રહેવા આવવા માગો છો પણ સંકોચ થાય છે. તમારે સંકોચાવાનું કંઈ જ કારણ નથી. સુખેથી જ્યારે આવવું હોય ત્યારે આવજો. સાંકડ છે ખરી, પણ તમને ગમે ત્યાં સમાવી લઈશ. તમારી તબિયત સરસ હશે. મિસિસ એડીના પુસ્તક વિશે તમે આવશો ત્યારે વાત કરશું. મેં કેટલુંક વિચારી તો રાખ્યું જ છે.

બાપુના આશીર્વાદ

ભાઈ બહેરામજી ખંભાતા
૨૭૫, હૉર્નબી રોડ
ફોર્ટ, મુંબઈ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : જી. એન. ૬૫૮૭

૧. ટપાલના સિક્કા પર તારીખ ૧૩-૧૧-૧૯૨૬ છે. શુક્રવાર નવેમ્બરની બારમીએ હતો.

Gandhi Heritage Portal

## ૨૭. શ્રીપ્રકાશને પત્ર

[નવેમ્બર ૧૩, ૧૯૨૬][1]

પ્રિય ભાઈ,

તમારો પત્ર મળ્યો. તમે જે કૂતરાઓની વાત કરી તેમને હું એવી બલા માનતો નથી. તોપણ તેમનું જીવન પણ ઓછું અનિશ્ચિત બને એમ ઇચ્છું. પણ અમદાવાદ જેવા શહેરમાં એવા કૂતરા હોય છે જે સમાજને માટે જોખમકારક હોય છે. એની કોઈ સંભાળ રાખતું હોતું નથી અને એ હડેહડે થતા હોય છે. જો એની સંભાળ રખાય નહીં કે એને આપણી માફક રખાય નહીં, તો તેઓ જીવતાં મૂઆ જેવા બની રહે તે કરતાં તેમને મારી નાખવા એ સારું.

ખાદીનો પ્રશ્ન યંગ ઇન્ડિયામાં ચર્ચવાની આશા રાખું છું.

તમારો સહૃદયી

શ્રીપ્રકાશ
સેવાશ્રમ
બનારસ કેન્ટોનમેન્ટ

[મૂળ અંગ્રેજી]

માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૯૭૨૯

## ૨૮. વસુમતી પંડિતને પત્ર

સાબરમતી,
શનિવાર [નવેમ્બર ૧૩, ૧૯૨૬][2]

ચિ. વસુમતી,

તમારા બંને કાગળ મળ્યા છે. તમારી તબિયત સારી રહે તો હું બેફિકર છું. અહીં આવવાનું મોડુંવહેલું થાય એ સહન થશે. તબિયત બગડશે એ સહન નહીં થાય.

વિક્રમ, ઇન્દ્રવદનના ભાઈને તો ઓળખતાં જ હશો. તે આશ્રમમાં રહેવા માગે છે. આ વિશે શું કહો છો?

દેવદાસ એક દિવસ રહી પંચગની ગયો.

બાપુના આશીર્વાદ

ચિ. વસુમતી ધીમતરામ
ઠે. અંબાલાલ મથુરદાસ
પલિયડ-વેડા
પો. ડાંગરવા

[મૂળ ગુજરાતી]

મૂળ પત્ર પરથી : સી. ડબલ્યુ. ૪૭૨ : શ્રીમતી વસુમતી પંડિતના સૌજન્યથી તથા એસ. એન. ૯૨૨૦

૧. એસ. એન. રજિસ્ટરને આધારે.
૨. ટપાલના સિક્કા પરથી.



Gandhi Heritage Portal

## ૨૯. તુલસી મહેરને પત્ર

શનિવાર, કારતક સુદ ૮, ૧૯૮૩ [નવેમ્બર ૧૩, ૧૯૨૬]

ચિ. તુલસી મહેર

તારા પત્રો મળ્યા છે. કેટલાક મેં આશ્રમવાસીઓને વાંચી સંભળાવ્યા. સ્વપ્નું સારું હતું. તેં તેમાં જે સાંભળ્યું તેથી વિશેષ હું કંઈ કહી શકતો નથી. એટલું સિદ્ધ થાય તોય ઘણું થઈ પડે. તારી તબિયત સારી હશે. નેપાળમાં ગાયો ને ભેંસો ખરી? તેં જેના પર લખ્યું એ કાગળ હાથ-બનાવટનો છે. એ ત્યાં બને છે કે બહારથી આવે છે? ભાવ શો? ભણસાળીના ચાળીસ ઉપવાસ સોમવારે પૂરા થશે. એમની તબિયત સરસ છે.

બાપુના આશીર્વાદ

[મૂળ હિન્દી]

પત્રની છબી પરથી : જી. એન. ૬૫૨૮

## ૩૦. અહિંસા–૬

[નવેમ્બર ૧૪, ૧૯૨૬]

એક મિત્રે ઘણા પ્રશ્નો ઉઠાવ્યા છે ને લાંબો લેખ લખી પોતાની અનેક શંકાઓ બતાવી છે. તેમણે શુદ્ધભાવથી પોતાની શંકાઓ રજૂ કરી છે. આ લેખમાળાવાળા નવજીવનના અંકો પણ તેમણે પોતાનાં ટિપ્પણો સહિત મોકલ્યાં છે. તેમના લેખમાંના ઘણા પ્રશ્નોનો ઉકેલ તો થઈ ગયો માનું છું, છતાં પ્રશ્નોને ઘટતા ઉત્તરો અહીં લખી જાઉં છું.

મને લાગે છે કે હું આ વિષયને તટસ્થપણે વિચારી રહ્યો છું. મને હિંસાનો પક્ષપાત હોય જ નહીં. મેં આપેલા અભિપ્રાયનોયે નથી. મને પક્ષપાત સત્યનો જ છે, અને મારે અહિંસક માર્ગે જ સત્ય શોધવું છે. બીજે માર્ગે તે ન જ મળે એમ મેં અનુભવ્યું છે. સત્ય સત્ય છે કે નહીં, અહિંસા પરમધર્મ છે કે નહીં, એ મારે મન વાદગ્રસ્ત વાત નથી. એ વિશે મારા મનમાં શંકા ઊઠવાનો સંભવ સરખો હું માનતો નથી. પણ તેનું પાલન કેમ થાય એ પ્રશ્ન મારી પાસે હમેશાં ખડો થાય છે. પ્રતિક્ષણ નવીનતાઓ નજરે આવે છે. તેના પાલનમાં ભૂલો થવાનો સંભવ હું અવશ્ય માનું છું. તેવી ભૂલોથી બચવા સારુ હું બહુ જાગ્રત રહું છું. છતાં ઝોકું આવી જાય એ સંભવે. તેથી જો મિત્રોનો વિશુદ્ધ અભિપ્રાય મને માન્ય ન થાય તો તેઓ મને એકપક્ષી ન ગણે પણ અણસમજુ ગણી ક્ષમા કરે અને ધીરજ રાખે.

૧. હડકવાનો રોગ નિમિત્તમાત્ર છે.

૨. તે રોગના નિવારણને સારુ સરકાર પ્રયત્ન કરો કે મ્યુનિસિપાલિટી, પણ એ પ્રયત્ન એક જ દૃષ્ટિએ થયેલો હશે. જો મહાજનમાં અહિંસા ખરેખર હોય તો તેઓ જ એનો ઇલાજ શોધે. કૂતરાંને ન મારવાનો ધર્મ સરકાર સ્વીકારશે નહીં. મ્યુનિસિપાલિટીમાં પણ ઘણા સંપ્રદાયના સભ્યો હોય છે. તેથી તે પણ તેનો અહિંસક ઉપાય નહીં શોધે.

Gandhi Heritage Portal

૩. અહિંસક ઉપાય શોધવાનો બોજો મહાજન ઉપર જ હોય. મહાજનને નિર્દોષ કે નિરુપાય માનવામાં ભૂલ છે.

૪. આ ચર્ચાને સારુ રોગગ્રસ્ત કૂતરાંમાં ને ખૂની મનુષ્યમાં હું કશો તફાવત નથી જોતો. ખૂનીપણું પણ રોગ છે. ખૂની પોતાપણું ભૂલે છે ત્યારે જ ખૂન કરે છે. બંને દયાને પાત્ર છે. પણ બંને જો બીજાને પીડતાં જોવામાં આવે ને તેને દેહમુક્ત કરવાં ઘટે તો તેમ કરીને પણ તેમને રોકવાનો ધર્મ પેદા થાય છે. આ ધર્મ અહિંસકને સારુ વિશેષ છે.

૫. કૂતરાં ઘેરઘેર પાળવાં જ એમ કહેવાનો આશય જ નથી. જો કૂતરાં રાખવાં તો તે પાળેલાં હોવાં જોઈએ. પાળેલાંને રોગ નહીં થાય એમ નહીં, પણ પાળેલાંને સારુ તેનો પાલક જવાબદાર થશે.

૬. શેરીનાં કૂતરાં આજે તો સાધુસંત જેવાં નથી. કદી હતાં નહીં. પાળેલાં કૂતરાં તેવાં હોય છે. તેમને સાધુસંતની જેમ રાખવાને અર્થે જ આ ચર્ચા ચાલી રહેલી છે.

૭. રઝળતાં કૂતરાં દીઠાં કે મારવાં એવો અભિપ્રાય મેં નથી આપ્યો, પણ મેં તો એવો કાયદો સૂચવ્યો છે. એ કાયદામાં કૂતરાની રક્ષા રહેલી છે. કેમ કે તેથી દયાળુ મનુષ્યો પોતાનો ધર્મ સમજી કૂતરાંને કાં તો પાળશે અથવા બીજો ઉપાય શોધશે. અને એવા કાયદાને લીધે કૂતરાંનું રઝળવાપણું નાબૂદ થશે. ભિખારીને ભિક્ષા ન આપવામાં મુદ્દો ભિખારીને મારવાનો નથી, તેમને સ્વાશ્રયી બનાવવાનો, મનુષ્ય બનાવવાનો છે. કૂતરાંને મારવાનો ધર્મ તો મેં આ આગલા અંકોમાં સૂચવેલી મર્યાદામાં જ પેદા થઈ શકે છે. કૂતરાંને મારવાં એ પાપ છે એમ કહેવામાં મારા અભિપ્રાયનું ખંડન જ નથી. કેમ કે મેં તેની વિરુદ્ધ અભિપ્રાય જ નથી આપ્યો.

૮. અંબાલાલ શેઠે શું કર્યું ને કર્યું તે બરોબર કે નહીં, અથવા મેં જે મત દર્શાવ્યો તે બરોબર હતો કે નહીં એ ચર્ચા નિરર્થક છે. આપણી પાસે તે કિસ્સાની બધી હકીકત પણ નથી. તેનાથી ઊપજતો અહિંસાનો મહાન કોયડો જ ચર્ચવા યોગ્ય છે, અને અંબાલાલભાઈના કેસને છણવાથી તે કોયડાના ઉકેલમાં વિઘ્ન સમજું છું.

૯. સવાલ આટલો જ છે: અમુક સંજોગોમાં બીજા બધા ઇલાજો લેવાનું ન બની શકે ત્યારે કૂતરાંને મારવાનો ધર્મ અહિંસાની દૃષ્ટિએ હોઈ શકે નહીં? હું માનું છું કે હોઈ શકે, અને આ વિશે બે મત ન હોય એમ હું હજુ પણ માનું છું. તેવા પ્રસંગને વિશે જ મત-ભિન્નતા ભલે હોય; એવા પ્રસંગ હમેશાં હોય નહીં એટલું બસ છે.

૧૦. પણ હું એક મતભિન્નતા જોઈ રહ્યો છું ખરો. જેની શંકાઓને અંગે આ કલમો હું લખી રહ્યો છું તેમના લેખમાં અને બીજા ઘણા લેખોમાં દેહના આત્યંતિક નાશને વિશે હર પ્રસંગે સંકોચ રહ્યો જ છે. જેમ કે, હડકાયાં કૂતરાંને પૂરી રાખી તેમને રિબાઈને મરવા દેવાનું સૂચન છે; જ્યારે મારો દયાધર્મ મારે સારુ એ વસ્તુ અશક્ય બનાવી મૂકે છે. હું કૂતરાને કે મનુષ્યને તરફડતું નહીં જોઈ શકું. તરફડતા મનુષ્યને હું મારતો નથી કેમ કે મારી પાસે તેને સારુ આશાજનક ઇલાજ છે. તરફડતાં કૂતરાંને હું મારું કેમ કે તેને સારુ મારી પાસે આશાજનક ઇલાજ નથી. મારા બાળકને હડકવા થાય ને તેના રોગના નિવારણને સારુ મારી પાસે આશા-જનક ઇલાજ ન હોય તો, ને તે દુઃખથી રિબાતું હોય તો, તેના દેહનો અંત લાવવાને હું ધર્મ ગણું. દૈવ ઉપર આધાર રાખવાના ધર્મને મર્યાદા છે. ઉપાય લીધા પછી આપણે દૈવાધીન થઈએ છીએ. તરફડતા બાળકને સારુ અનેક ઇલાજોમાં છેલ્લો ઇલાજ તેને દેહમુક્ત કરવાનો પણ છે.

Gandhi Heritage Portal

પણ આ ચર્ચાને હું હાલ લંબાવવા નહીં ઇચ્છું. મારી દૃષ્ટિએ જેને હું આપણી અથવા અહિંસાધર્મીઓની પામરતા માનું છું તે આ ધર્મ સમજાવવામાં અંતરાયરૂપે છે. તેથી આ મતભેદને સહન કરવાની વિનંતી કરું છું.

આટલું એક વિવેકી મિત્રના પ્રશ્નો વિશે. હવે એક ક્રોધી મિત્રના પ્રશ્નો લઈએ :

> અમને તો લાગે છે કે આપ પાશ્ચાત્ય દેશના પવનમાં વધુ વખત રહ્યા છો, તેના સાહિત્યનો અભ્યાસ કર્યો છે ને તેના સંસ્કારો આપના હૃદયમાં પડયા છે, તેથી જ આપ મનુષ્યની દયા ચિંતવી પ્રાણીનો જીવ લેવો વધારે ઇષ્ટ ગણો છો. માટે બહુ શાંતિથી વિચારી આપની ભૂલ કબૂલ કરી જગત સન્મુખ માફી માગો એ જગતમાં ગણાતા મહાપુરુષનું કર્તવ્ય છે. આપે હજાર ગળણે ગળીને જ પછી જે ઇષ્ટ હોય તે કરવું જોઈએ. પણ આપે તો ચર્ચાને વધુ જોસ આપી આપના નામને ઝાંખું કર્યું છે.

આવી જાતના કાગળોમાંથી આ હળવું વાકય મેં ઉતાર્યું છે. મેં વગરવિચાર્યે મારો અભિપ્રાય આપ્યો નથી. મારો અભિપ્રાય આજકાલનો નથી. અભિપ્રાય આપવામાં મેં ઉતાવળ નથી કરી. જે મનુષ્ય પોતાનો અભિપ્રાય બાંધતાં પોતાની મોટાઈનો વિચાર કરે તે સત્યનો નિર્ણય નથી કરતો, તેની સામે તો તેની મોટાઈ પડી હોય છે ને તે તેને સત્ય જોવામાં વિઘ્નરૂપ નીવડે છે.

પશ્ચિમનું બધું ત્યાજ્ય છે એમ હું માનતો નથી. પશ્ચિમના સુધારાને મેં તીખા શબ્દોમાં વખોડયો છે. હજુ મારું મન તેને વખોડે છે. પણ એનો અર્થ એ નથી કે પશ્ચિમનું બધું ત્યાજ્ય છે. પશ્ચિમની પાસેથી હું ઘણું શીખ્યો છું ને તેનો હું ઋણી છું. પશ્ચિમના વસવાટે ને તેના સાહિત્યે મારા ઉપર કંઈ જ અસર ન કરી હોય તો હું મારાં દુર્ભાગ્ય સમજું. પણ કૂતરાંને લગતો અભિપ્રાય મેં પશ્ચિમની કેળવણીની અસરથી બાંધ્યો હોય એમ હું માનતો નથી. પશ્ચિમ એક નાના સંપ્રદાયને બાદ કરીએ તો — એમ શીખવે છે કે મનુષ્યેતર પ્રાણીમાત્રને મનુષ્યના મનાયેલા ભલાને ખાતર મારવામાં દોષ નથી. એથી પશ્ચિમે જીવતાં પ્રાણીઓની કાપકૂપને ઉત્તેજન આપ્યું છે. પશ્ચિમમાં સ્વાદને અર્થે અનેક પ્રકારની હિંસા કરવામાં દોષ ગણાતો નથી. આ વસ્તુઓને હું સ્વીકારતો નથી. પશ્ચિમના ધોરણ પ્રમાણે તો નકામાં થયેલાં પ્રાણીમાત્રને મારી નાખવામાં પાપ નથી ગણાતું, પણ પુણ્ય ગણાય છે. મારા અભિપ્રાયમાં ડગલે ડગલે મર્યાદા છે. શાકાહારને હું હિંસા ગણું છું. તે શિક્ષણ પશ્ચિમનું નહીં ગણાય.

સિદ્ધાંતોનો અને તેના અમલનો વિચાર કરતાં આપણે નકામી દલીલોને અથવા મિથ્યારોપોને સ્થાન ન આપવું ઘટે. મારા અભિપ્રાયની તુલના સ્વતંત્ર રીતે થવી જોઈએ. તે પશ્ચિમમાંથી આવ્યા હો કે પૂર્વમાંથી — તેની જડ સત્ય છે કે અસત્ય, અહિંસા છે કે હિંસા, એ જ વિચારવું યોગ્ય હોય. મારો દૃઢ વિશ્વાસ છે કે સત્ય અને અહિંસા તેની જડ છે.

[મૂળ ગુજરાતી]

नवजीवन, १४-११-१९२६

Gandhi Heritage Portal

## ૩૧. વૌઠાનો મેળો

મેળાઓથી દેશ ઊભરાઈ જાય છે. વર્ષમાં કોઈ ને કોઈ ઠેકાણે મેળાઓ થાય છે. તેમાં અનેક પ્રકારના લોકો આસપાસથી આવે છે. મોટા મેળાઓમાં આખા હિંદુસ્તાનમાંથી આવે છે.

આવો મેળો ધોળકા તાલુકાના વૌઠામાં દર કાર્તિકી પૂનમે ભરાય છે. તેમાં મહાસભાની જિલ્લા સમિતિ વતી ભાઈ ડાહ્યાભાઈ કેટલાંક વર્ષો થયાં સ્વયંસેવકોની ટુકડી એકઠી કરી સેવા કરે છે. ઓણસાલ પણ તેમણે સ્વયંસેવકોની માગણી કરી છે ને પત્રિકા કાઢી છે. ગયે વર્ષે તેમ જ આગલે વર્ષે મેં પોતે આ મેળામાં હાજરી ભરવાનો ઈરાદો રાખ્યો હતો, પણ લાચારીથી હું તેમ નહોતો કરી શક્યો. આ વર્ષે પણ જઈ શકાય તેવું નથી તેનો મને ખેદ છે. પણ જેઓ ત્યાં સેવા અર્થે જઈ શકે તેમને જવા મારી ભલામણ છે. ધર્મ નિમિત્તે થતા મેળાઓમાં પણ હાલ બદી વધી ગઈ છે, ઠગ લોકો જઈ ભોળાને છેતરે છે, ત્યાં અનેક જાતની અનીતિ થાય છે, જુગારો ખેલાય છે, દરેક જાતના વિષયોને ઉત્તેજન મળે છે. સ્વયંસેવકો જઈ આમાં થોડે અંશે સુધારો જરૂર કરી શકે છે. મારી ઉમેદ છે કે જે થોડા દિવસ બચાવી શકે એવા હોય તેઓ ત્યાં જઈ બનતી સેવા કરશે.

[મૂળ ગુજરાતી]

**નવજીવન, ૧૪–૧૧–૧૯૨૬**

## ૩૨. ગર્ટ્રુડ ગ્રોગનને પત્ર

નવેમ્બર ૧૪, ૧૯૨૬

પ્રિય મિત્ર,

તમારો ભાવભર્યો પત્ર[1] મને ગમ્યો. જો કદી પણ હું અમેરિકા જાઉં એવી ભગવાનની મરજી હશે તો એ મારે માટે રસ્તો કરી મને દોરશે જ.

તમારો સહૃદયી

કુ. ગર્ટ્રુડ ગ્રોગન
બર્નાર્ડ કૉલેજ
ન્યૂ યૉર્ક

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૯૭૩૭

૧. ૧૯૨૬ના ઑક્ટોબરની ૧૫મીના પત્રમાં પત્રલેખિકાએ અમેરિકાને આધ્યાત્મિક માર્ગદર્શનની જરૂર જણાવી ગાંધીજીને લખ્યું હતું કે "એ જરૂર આપના જેવી અંતર્દષ્ટિવાળા પુરુષ જ પૂરી પાડી શકે તેમ છે. અમેરિકામાં આપની જરૂર જોનારાઓને ખાતર ઓ મહાત્મા, આપ અહીં પધારો, આપનું હાર્દિક સ્વાગત થશે" (એસ. એન. ૧૦૮૩૦).

Gandhi Heritage Portal

## ૩૩. રામેશ્વરદાસ પોદ્દારને પત્ર

કારતક સુદ ૯, ૧૯૮૩ [નવેમ્બર ૧૪, ૧૯૨૬]

ભાઈ રામેશ્વરજી,

આપણે માટે રામનામ સિવાય બીજો કોઈ ઉપાય નથી. રામનામ લેશો અને કદી નિરાશ થશો નહીં.

તમારો
મોહનદાસ

[મૂળ હિંદી]
પત્રની છબી પરથી : જી. એન. ૧૮૮

## ૩૪. ફિરોઝને પત્ર

નવેમ્બર ૧૫, ૧૯૨૬

પ્રિય ભાઈ,

પત્ર મળ્યો. વાસનાનિગ્રહ માટે કોઈ રાજમાર્ગ નથી. લગાતાર પુરુષાર્થ અને નિરંતર ઈશ્વરની ઉપાસના, એ બેની જ જરૂર છે.

તમારો સહૃદયી

ફિરોઝ,
વી. ચકવાનો
પો. ઑ. ફલિયા
(જિલ્લો ગુજરાત)
પંજાબ

[મૂળ અંગ્રેજી]
માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૯૭૩૮

Gandhi Heritage Portal

## ૩૫. ફેલિકસ વાલ્યેને પત્ર

નવેમ્બર ૧૫, ૧૯૨૬

પ્રિય મિત્ર,

મિ. પિકથૉલ[1] તમારા સામયિક માટે મારો લેખ કે સંદેશો માગે છે. લેખ લખવાની તો મને પળની પણ ફુરસદ નથી. મારી રાષ્ટ્રીયતા ઉત્કટ આંતરરાષ્ટ્રીયતા છે એમ કહેવા સિવાય બીજો શો સંદેશો મોકલું? રાષ્ટ્રો અથવા ધર્મોના ઝઘડાથી હું તંગ આવી ગયો છું.

તમારો સહૃદયી

ડૉ. ફેલિકસ વાલ્યે
રિચમન્ડ હોટેલ
જીનિવા

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૯૭૩૯

## ૩૬. જમનાલાલ બજાજને પત્ર

સોમવાર [નવેમ્બર ૧૫, ૧૯૨૬][2]

ચિ. જમનાલાલ,

તમારા કાગળ મળ્યા કરે છે.

કમળાની તબિયત અને સ્થિતિ બંને હાલ તો ઠીક છે.

ચરખા સંઘની સભાને સારુ ખાસ આવવાની કશી જરૂર નથી. પણ ત્યાં આરામ મળે તો સારું. ન મળે તો કોઈ બીજી જગ્યાએ ભાગવું જોઈએ.

તારો વાંચી ગયા. જે જવાબો આપ્યા તે બધા મને તો બરોબર લાગ્યા.

ભણસાળીના ૪૦ ઉપવાસ આજે પૂરા થશે. કાલે સવારે અપવાસ ખોલશે. શક્તિ ઘણી જ સરસ રહી છે. કોઈની પાસેથી સેવા જેવું લીધું નથી.

બીજી ડિસેમ્બરે અહીંથી નીકળીશ એવી ઉમેદ છે.[3] કોણ કોણ સાથે હશે એ હજુ નિશ્ચય નથી થયો.

દેવદાસ મથુરાદાસને સારુ પંચગની ગયો છે. પ્યારેલાલને તેની બહેનને સારુ પંજાબ જવું પડ્યું.

૧. માર્માડ્યુક પિકથૉલ, જેઓ કેટલોક સમય બૉમ્બે ક્રૉનિકલના તંત્રી હતા.

૨. પત્રમાં ભણસાળીના ઉપવાસનો ઉલ્લેખ છે તે પરથી લાગે છે કે તે નવેમ્બર ૧૩, ૧૯૨૬ પછી આવતા સોમવારને દિવસે લખાયો હતો. જુઓ "તુલસી મહેરને પત્ર", ૧૩-૧૧-૧૯૨૬.

૩. વર્ધા જવા; ગાંધીજી ચોથી ડિસેમ્બરે વર્ધા પહોંચ્યા.

Gandhi Heritage Portal

સોનીરામજીને ઑપરેશનની જરૂર હતી અને રંગૂન સિવાય બીજે ઑપરેશન કરાવવા તેનાં માતાજી વગેરે તૈયાર ન હતાં.

ચંપાબહેન અહીં જ છે. હજુ કંઈ જવાબદારી સોંપી નથી.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : જી. એન. ૨૮૭૭

## ૩૭. લાલન પંડિતને પત્ર

આશ્રમ,
નવેમ્બર ૧૫, ૧૯૨૬

ભાઈશ્રી ૫ લાલન,

મારી ભાષામાં હિંસા હોય તો હું જાણતો નથી. પાખંડીને પાખંડી કહેવામાં હિંસા નથી પણ ન કહેવામાં કદાચ હિંસા હોય. સરપને શું કહીએ? મારો દીકરો રેઢિયાળ હોય છતાં હું તેને બીજાં વિશેષણે ઓળખાવું તો અસત્યના દોષમાં પડું અને અસત્ય માત્ર હિંસા છે એવો મારો નમ્ર અભિપ્રાય છે. રેઢિયાળને રેઢિયાળ તરીકે જાણવામાં નહીં પણ તેની સામે રેઢિયાળ થવામાં હિંસા છે. હું મુંબઈ સમાચાર વાંચતો નથી.

મોહનદાસના
વંદે માતરમ્

ભાઈ લાલન પંડિત
શેઠ છોટાલાલ મલુકચંદને ત્યાં
હઠીભાઈની બહારની વાડી
અમદાવાદ

[મૂળ ગુજરાતી]

પત્રની માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૯૯૬૨

Gandhi Heritage Portal

## ૩૮. દેવચંદ પારેખને પત્ર

[નવેમ્બર ૧૫, ૧૯૨૬][1]

ભાઈશ્રી ૫ દેવચંદભાઈ,

ભાઈ ફૂલચંદે[2] દયા ખાધી એ ઠીક જ થયું. પણ મારાથી દયા ખવાય તેમ નથી. હું કોની પાસે નકલ કરાવીને મોકલું? એટલે હમણાં તો મારા જ અક્ષર વાંચ્યે છૂટકો.

તમારો કાગળ આજે જ મળ્યો. તેથી તાર પોરબંદર દીધો છે કે માર્ચની તારીખો મને અનુકૂળ આવશે.

માલવિયાજીને આપણે નહીં ખેંચી શકીએ.[3] વળી તેઓ ખદ્દર પરિષદમાં[4] શું બોલે? મારી દૃષ્ટિ હજુ જેસુખલાલ મહેતા અથવા વલ્લભભાઈ પટેલ ઉપર પડે છે. માણસો કામથી ખેંચાઈ આવે તે જ ખરું. નામથી આવીને શું આપશે?

છતાં આ બધા મારા એકલાના વિચારો સમજવા. ખરું તો તમે બધા ધારો તે.

હું અહીંથી ૨૭ ડિસેમ્બરે ઊપડયો સમજજો. ત્યાર બાદ પાછો કયારે આવીશ એ તો પ્રભુ જાણે. છેક પરિષદને જ સમયે આવું તો નવાઈ નહીં. એટલે મારી પાસેથી જે કામ લેવું હોય તે આ માસમાં લઈ લેજો.

ભાઈ ફૂલચંદને કહેજો તેના કાગળનો જવાબ તો અહીં આવશે ત્યારે વિચારીશું.

બાપુ

[તા. ક.]

અંગ્રેજી કાગળ પાછો મોકલું છું.

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી: જી. એન. ૫૭૨૧ તથા એસ. એન. ૨૭૬૨૬

## ૩૯. નીમખારના મંડળ મંત્રી માધોજીને તાર[5]

[નવેમ્બર ૧૫, ૧૯૨૬ કે તે પછી]

મારાથી વચ્ચે ન પડાય.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

મૂળ તાર પરથી:

સી. ડબ્લ્યુ. ૪૯૬૪ બી; શ્રી પરશુરામ મેહરોત્રાના સૌજન્યથી

૧. ટપાલની છાપ પરથી.

૨. ફૂલચંદ કસ્તૂરચંદ શાહ.

૩. કાઠિયાવાડ રાજકીય પરિષદની બેઠક માટે.

૪. કાઠિયાવાડ રાજકીય પરિષદની સાથે એ જ જગ્યાએ ખદ્દર પરિષદ ભરાવાની હતી. જુઓ પુસ્તક ૩૧, પા. ૪૬૮.

૫. ૧૫મી નવેમ્બરના નીચેના તારના જવાબમાં આ તાર કરવામાં આવ્યો હતો: “કૃપા કરી આપ બિરલાને પસંદ કરો છો કે શ્રીપ્રકાશને તે વિશે તાર કરો. કોંગ્રેસના કામને નુકસાન થઈ રહ્યું છે.”

Gandhi Heritage Portal

# ૪૦. હૅન્ડ-સ્પિનિંગ એન્ડ હૅન્ડ-વીવિંગનો આમુખ

સાબરમતી,
નવેમ્બર ૧૬, ૧૯૨૬

કાંતણ ઉપર સર્વોત્તમ નિબંધ માટે ગયા વર્ષના આરંભમાં રાષ્ટ્રીય કૉંગ્રેસના સંયુક્ત કોષાધ્યક્ષ શ્રી રેવાશંકર જગજીવન મહેતાએ એક ઇનામ જાહેર કર્યું હતું એ સૌને યાદ હશે. નિર્ણાયકો હતા શ્રી અંબાલાલ સારાભાઈ, શંકરલાલ બૅંકર, મગનલાલ ગાંધી અને હું. આ સિવાય બીજા સાઠ નિબંધો મળ્યા હતા. ઘણી ચર્ચાવિચારણા પછી નિર્ણાયકોએ ઇનામ, હાલ બનારસ હિંદુ યુનિવર્સિટીના પ્રોફેસર એચ. વી. પુણતાંબેકર અને શ્રી એન. એસ. વરદાચારી વચ્ચે વહેંચી આપવાનું ઠરાવ્યું. અત્યારે લોકો આગળ રજૂ થતો આ નિબંધ એ બંને વિજેતાઓને પોતાના નિબંધ ભેળવી દઈ સંયુક્ત લખાણરૂપે આપવા કરેલી વિનંતીનું પરિણામ છે. મૂળ લખાણો કરતાં આ લખાણ કેટલું વધારે સારું બન્યું છે એ કહેવું મુશ્કેલ છે. પણ હાથકાંતણના વિશાળ ક્ષેત્રના કાર્યકરોને આ પછીનાં પાનાંમાં પોતાની સ્થિતિનું સમર્થન કરતી ઘણી સામગ્રી મળશે. શંકાશીલોને પણ તેમાંથી વિચારવા જેવી પૂરતી સામગ્રી ન મળે તો મને ઘણી નવાઈ લાગશે.

લેખકોએ મુખ્યત્વે નીચેના મુદ્દાઓની તપાસ કરી છે:

વરસમાં ઓછામાં ઓછા ચાર મહિના મોટા ભાગના લોકો કામ વગર નિષ્ક્રિય રહેતા હોઈ ભારતમાં લાખોને પૂરક ધંધાની જરૂર ખરી કે નહીં? હાથકાંતણ એવો એકમાત્ર પૂરક ધંધો ખરો કે નહીં? જો હોય તો લોકો એ સરળતાથી ઉપાડી લઈ શકે તેમ છે? હાથે કાંતેલા સૂતરમાંથી વણેલી ખાદી, પરદેશી તેમ હિંદની મિલોની હરીફાઈ સામે લોકોમાં ખપાવી શકાય તેમ છે?

આ બધા પ્રશ્નોનો જવાબ લેખકોએ 'હા'માં આપવાનો પ્રયાસ કર્યો છે એ વાચકો જોશે. ભારતની જનતાની ઉન્નતિ ચાહનાર પ્રત્યેકની, આ લેખકોએ જે કહ્યું છે તે કાળજીપૂર્વક વાંચવાની અને પોતાને એમના નિર્ણયો સ્વીકાર્ય હોય તો ખાદીપ્રવૃત્તિને ટેકો આપવાની ફરજ નથી? તેઓ જો લેખકોએ રજૂ કરેલી હકીકતને ખોટી ઠરાવવાની હિંમત કરી શકે, તો તેઓ આને નકામી મહેનત કહી ભલે ઉતારી પાડે.

મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

હૅન્ડ-સ્પિનિંગ એન્ડ હૅન્ડ-વીવિંગ

Gandhi Heritage Portal

## ૪૧. એન. એસ. વરદાચારીને પત્ર

આશ્રમ,
સાબરમતી,
નવેમ્બર ૧૬, ૧૯૨૬

પ્રિય વરદાચારી,

પ્રસ્તાવના[1] આ સાથે છે. એ તદ્દન વખતસર હશે. કોઈ સુધારો સૂચવવો હોય તો તેમ કરતાં અચકાશો નહીં. તમને લખવી ગમે તો તમે તમારી પોતાની પ્રસ્તાવના લખી એને આમુખ કહેશો, અથવા આને આમુખ કહી તમારા લખાણને પ્રસ્તાવના કહી શકશો. નિબંધમાં ભૂલો ન રહી જાય એ જોશો.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

નકલ પરથી : એસ. એન. ૧૧૨૪૬

## ૪૨. કનકચંદ્ર શર્માને પત્ર[2]

[નવેમ્બર ૧૬, ૧૯૨૬]

પત્ર તથા ખાદીનો કટકો મળી ગયાં છે.

કનકચંદ્ર શર્મા
[મંત્રી અને હિસાબનીસ
અખિલ હિંદ ચરખા સંઘ
નવાગોંગ
આસામ ]

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૧૨૪૭

૧. જુઓ આ પહેલાંનો લેખ.

૨. જવાબ એક તારીખ વિનાના પત્ર ઉપર ઉતાવળમાં ચીતરી કાઢેલો છે જેમાં નવાગોંગ જિલ્લાના ખાદી ઉત્પાદનનો હેવાલ આપ્યો છે તથા કપાસની સુધારેલી ખેતી વિશે સૂચનો કર્યાં છે.

Gandhi Heritage Portal

## ૪૩. બ્રજકૃષ્ણ ચાંદીવાલાને પત્ર

કારતક સુદ ૧૧, ૧૯૮૩ [નવેમ્બર ૧૬, ૧૯૨૬][1]

ભાઈ બ્રજકૃષ્ણ,

સમયના અભાવે જ તમારા પત્રનો ઉત્તર આથી વહેલો આપી શકયો નથી. આવવા ચાહો ત્યારે જરૂર આવો અને જવું હોય ત્યારે જજો. જે કંઈ આશ્વાસન તમને આપી શકું તે આપવા માગું છું.

દેવદાસ અહીં આવ્યો તેવો જ પંચગની ગયો છે.

બાપુના આશીર્વાદ

[મૂળ હિંદી]

પત્રની છબી પરથી : જી. એન. ૨૩૫૧

## ૪૪. મુન્નાલાલ ગં. શાહને પત્ર

કારતક સુદ ૧૧ [નવેમ્બર ૧૬, ૧૯૨૬][2]

ભાઈશ્રી મુન્નાલાલ,

તમારો કાગળ મળ્યો. જે બ્રહ્મચર્ય, સત્ય, અહિંસા, અસ્તેય અને અપરિગ્રહ પાળવાનો પ્રયત્ન કરે, જે અસ્પૃશ્યતાને પાપ માને, જે મજૂરી કરતાં ન થાકે, જે પાયખાનાં સાફ કરતાં ધર્મ સમજે, જે સ્વાદેન્દ્રિયને જીતે અને જે નિત્ય કાંતેપીંજે ને શુદ્ધ ખાદી પહેરે તે આશ્રમમાં રહી શકે.

મોહનદાસના
વંદે માતરમ્

શ્રી મુન્નાલાલ ગંગાદાસ શાહ
બરહાનપુર

[મૂળ ગુજરાતી]

ગાંધીજીનાં હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : એસ. એન. ૧૯૯૬૪

૧. દેવદાસ ૧૯૨૬માં પંચગની ગયા હતા. કારતક સુદ ૧૧, નવેમ્બરની ૧૬મીએ હતી.

૨. ટપાલની છાપમાં ૧૮-૧૧-૧૯૨૬ની તારીખ છે; પણ કારતક સુદ ૧૧ તો નવેમ્બરની ૧૬મીએ હતી.

Gandhi Heritage Portal

# ૪૫. કવિવરની વાટિકાનાં પુષ્પો

સ્વ. ડબલ્યુ. સી. બૅનરજીનાં પુત્રી શ્રીમતી બ્લૅરે મને, કવિવરનાં ભત્રીજી શ્રીમતી પ્રમથા ચૌધરીએ તેને માટે ખાસ કરી આપેલો નીચેનો અનુવાદ મોકલ્યો છે. શ્રીમતી બ્લૅર લખે છે:

અંગ્રેજીમાં મળે છે તેવા રોજના પાઠ માટેનાં સુભાષિતો મારે જોઈતાં હતાં, એટલે તેણે મારે માટે એ બંગાળીમાં લખી આપ્યાં. વખતોવખત કવિવરે શાંતિનિકેતનમાં પ્રવચનો આપેલાં તેમાંથી તેણે આ ચૂંટયાં છે. એ પ્રવચનો કવિવર આપતા ત્યારે લખી લેવાતાં હતાં, પણ એ છપાયાં હોવાની મને માહિતી નથી. મને એ ઉતારા એટલા બધા ગમે છે કે મેં એને અંગ્રેજીમાં ઉતરાવ્યા છે.

મને ખાતરી છે કે કવિવરની વાટિકાનાં આ પુષ્પો સંઘરવાનું યંગ इन्डियाના વાચકોને ગમશે.

પરમાત્માની નાભિમાંથી નીકળતું પ્રેમનું શતદલ પદ્મ ક્રમશઃ એક પછી એક પાંખડી ખોલતું જાય છે; પ્રથમ પોતાની જાતમાંથી કુટુંબ પ્રત્યે, કુટુંબમાંથી સમાજ પ્રત્યે, સમાજમાંથી દેશ પ્રત્યે, દેશમાંથી માનવજાત પ્રત્યે, માનવજાતમાંથી વિશ્વાત્મા પ્રત્યે, વિશ્વાત્મામાંથી પરમાત્મા પ્રત્યે, એમ તે ઉત્ક્રાન્તિની પ્રક્રિયા પૂરી કરે છે.

વિશ્વની કાર્યરીતિમાં જેની બુદ્ધિ નિયમ અને વ્યવસ્થા જોઈ શકતી નથી તે જીવનના એકેએક ક્ષેત્રમાં અશક્ત, બિનઅસરકારક અને પરાજિત નીવડે છે.

ભૌતિક શક્તિના ક્ષેત્રે સફળ થતા માણસો પોતાની સત્તા અને સંપત્તિમાં વધારો કરીને તેમ કરતા હોય છે; જ્યારે અધ્યાત્મક્ષેત્રે સફળ થનારાઓ પોતાની જાતનું બલિદાન આપીને તેમ કરતા હોય છે.

માણસ એકસાથે આખી વસ્તુ જોવા મથે છે ત્યારે તેને ઝાંખી જુએ છે, તેથી પ્રથમ તે તેને અલગ અલગ ખંડોમાં વહેંચી નાખે છે, અને પછી તેમાંથી આખી વસ્તુ ગોઠવે છે.

આધ્યાત્મિક બાજુને વધુ પડતું મહત્ત્વ આપીને જેટલા પ્રમાણમાં ભારતે પ્રકૃતિ પરનું પ્રભુત્વ ગુમાવ્યું તેટલા જ પ્રમાણમાં હવે તેને એની કિંમત ચૂકવવી પડે છે.

જે કામ આપણે અનિવાર્યતા અથવા તંગીને કારણે કરીએ છીએ તે આપણું બંધન છે; આનંદથી કરીએ તે કામ બંધન નથી, મુક્તિ છે.

જેટલે અંશે આપણે જ્ઞાન, પ્રેમ અને કર્મનો આપણા પોતાનામાં મેળ બેસાડી શકીએ તેટલે અંશે આપણે પૂર્ણ આનંદ અનુભવી શકીએ છીએ.

ઘરનો સ્વામી બનવા ચાહનારે ઘરની શિસ્ત અને નિયમો બીજાઓ કરતાં વધુ કડક રીતે પાળવાં રહ્યાં.

વિચારો ગ્રહણ કરવા માટે જેનું ચિત્ત તૈયાર હોતું નથી એવા ઉદાસીન શ્રોતા પાસે શબ્દો પોતાનો પૂરો અર્થ પ્રગટ કરતા નથી.

જીવનનું કાર્ય ઘણું દુષ્કર છે. તેનું ક્ષેત્ર ઘણું વિશાળ હોય છે, તેના નિયમો સમજવા ઘણા અઘરા હોય છે, તેની પ્રવૃત્તિઓ અનેકવિધ હોય છે, અને તેના ત્યાગ દુઃસાધ્ય હોય છે.

Gandhi Heritage Portal

દીપક પોતાના પ્રકાશને પોતાની અંદર સંતાડી રાખી શકતો નથી.

બંધિયાર પાણીને હમેશાં મલિન થવાનો ડર હોય છે તેમ બંધનગ્રસ્ત ભારત દૂષિત થઈ જવાના ભયથી બહારના વિશાળ જગતથી અલગ રહેવા સતત તોતિંગ દીવાલો ચણ્યા કરે છે, અને સૂર્યને અને હવાને પણ દૂર રાખે છે.

આપણા ચારિત્ર્યના સ્રોતમાંથી આપણે દરરોજ પવિત્રતા ખેંચતા રહીએ ત્યારે જ શબ્દો અને વિચારો આપણી મદદે આવે છે.

માનવે પોતાનું જીવન ત્રણ મોટા સ્તર ઉપર રચ્યું છે: ભૌતિક, ધાર્મિક અને આધ્યાત્મિક.

આપણી બહારની વસ્તુઓ પ્રત્યે આપણા પુરુષાર્થને પ્રેરનાર બાહ્ય બળને આપણે વાસના કહીએ છીએ.

વાસનાનું લક્ષ્ય જેમ બાહ્ય વસ્તુઓ છે, તેમ સંકલ્પનું લક્ષ્ય આંતરિક હેતુઓ છે.

આ વિશાળ વિશ્વમાં અને માનવજાતના મહાન જીવન દરમ્યાન પરમાત્માને ક્યાંય સ્વીકારીએ નહીં એ અશક્ય છે.

વાસનાનાં બંધન છેદાઈ જાય છે ત્યારે પૃથ્વી, આકાશ અને જળ, જડચેતન સૃષ્ટિ, પશુપક્ષીઓ અને મનુષ્યો, સૌ પરમાનંદથી ઊભરાઈ જાય છે અને પ્રસન્નતાની કોઈ સીમા રહેતી નથી.

આ વિશાળ વિશ્વમાં અવતરી તેની વચ્ચોવચ હું ઊભો રહ્યો છું એ એક અદ્‌ભુત ઘટના છે; એનાથી વધુ મહાન ઘટના બીજી એકે નથી.

સિદ્ધિની દશાનું તો પૂછવું જ શું? પણ સિદ્ધિ માટેની સાધનામાં પણ આનંદ રહેલો હોય છે.

આખો દિવસ ખાલી ગપાટા અને નકામાં કામોમાં આપણે કેટલી બધી શક્તિ વેડફી મારીએ છીએ?

ઈશ્વર તરફ વળવા માગીએ છીએ ત્યારે જ આપણને ભાન થાય છે કે આપણી જાત માટે રચેલી ઈશ્વરવિહીન જિંદગીનું આકર્ષણ કેટલું બધું પ્રબળ હોય છે.

દરેક વૃક્ષનું અંતિમ લક્ષ્ય ફળ આપવાનું છે, તેમ આ જગત-વૃક્ષનું લક્ષ્ય પૂર્ણ માનવને પ્રગટાવવાનું છે.

આ જગતમાં રહીને ભગવાન સૌને પોતાની જાત જ સમર્પી રહ્યા છે. એ કશું લેતા નથી. આપણો આત્મા જ્યારે ભગવાનના આ ગુણને અપનાવી શકશે ત્યારે જ તેને સત્યની પ્રાપ્તિ થશે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १८-११-१९२६

Gandhi Heritage Portal

# ૪૬. કાંતણ, મરણઘડીએ આશ્વાસનરૂપ

મને કાંતતાં આવડે છે એટલે તેનાથી મારું ને છોકરાંઓનું પૂરું કરીશ, તમે મનમાંથી બધી સાંસારિક ચિંતાઓ કાઢી નાખો અને શાંતિથી દેહ છોડો, એવા શબ્દોમાં એક વીર બૌદ્ધ સ્ત્રીએ પોતાના પતિને તેની મૃત્યુઘડીએ આપેલી ધરપતની વાત યંગ ઇન્ડિયામાં બે રૂપમાં છપાઈ ગઈ છે; એક ૧૯૨૧માં, બીજી ચાલુ વર્ષે. પણ બેઉમાં ભૂલ અને અધૂરપ હતી. ત્યાર બાદ મૂળ પાલિ વાર્તા જોયા પછી બૌદ્ધ ધર્મગ્રંથ अंगुत्तर निकायना चक्कमपट (सारणीय वग्ग)ના ૧૬મા ખંડના પહેલા પરિચ્છેદનો તથા બીજા પરિચ્છેદના અમુક ભાગનો અનુવાદ નીચે આપું છું:

ઘરનો સ્વામી નકુલપિતા ગંભીર માંદગીને બિછાને હતો અને ચિંતા કર્યા કરતો હતો. આથી તેની પત્ની નકુલમાતાએ તેને કહ્યું: ‘હવે પળવાર પણ ચિંતા કરશો નહીં. મનમાં ચિંતાઓ સાથે પ્રાણ છોડવા એ તો બહુ દુઃખદ. બુદ્ધ ભગવાને એવા મૃત્યુને વખોડયું છે. તમને કદાચ એવી ચિંતા સતાવતી હશે કે હું નહીં હોઉં ત્યારે બાળકોનું ભરણ-પોષણ કરવાનું તથા ઘર ચલાવવાનું આ બાઈથી બની શકશે નહીં. પણ તમારી ફિકર ખોટી છે. મને તો સૂતર કાંતવાનું તથા વાળ-સજાવટ (આ બીજો શબ્દ મને બરાબર સ્પષ્ટ થયો નથી. પાલિના કોઈ વિદ્વાન પ્રકાશ પાડે એમ ઇચ્છું—વા. ગો. દે.) આવડે છે. એથી તમારી ગેરહાજરીમાં મને બાળકોનું અને મારું પૂરું કરતાં કોઈ મુશ્કેલી નડવાની નથી. તમતમારે મનમાંથી બધી ફિકરચિંતા કાઢી નાખો.

વળી, તમને એવી ફિકર થતી હશે કે તમે નહીં હો ત્યારે હું કદાચ બીજું ઘર કરું. પણ પરણ્યા છતાં છેલ્લાં સોળ વરસથી આપણે સંયમપૂર્વક જીવીએ છીએ અને ઘર-સંસાર ચલાવીએ છીએ, એ જોતાં એવી ભીતિ પણ તમારે મનમાંથી કાઢી નાખવી. મનને હવે તમે પૂર્ણ શાંતિમાં જ રાખો.

વા. ગો. દે.

આ નોંધમાંથી મૂળનો પાઠ મેં કાઢી નાખ્યો છે, કારણ, યંગ ઇન્ડિયાના વાચકોને સંસ્કૃત કે બીજા મૂળ પાઠની ભાગ્યે જરૂર હોય એમ મેં માન્યું છે. પણ કાઢી નાખેલા મૂળ ભાગની નીચેના વા. ગો. દે.ના નીચેના શબ્દો હું છોડી દઈ શકતો નથી.

પાલિના બધા મૂળ ગ્રંથો લૅટિન લિપિમાં પ્રગટ થયા છે એ અફસોસની વાત છે. જાતકના ડૅનિશ સંપાદક, કૉપનહેગનના ફૉસબોલે તો ઘમંડભેર લખ્યું છે:

“હું પ્રાચ્ય ગ્રંથોને લૅટિન લિપિમાં ઉતારતો રહ્યો છું અને પાલિનું જે કંઈ પ્રગટ કરીશ તેમાં પણ એમ જ કરીશ. કારણ, જે ભાષાઓને સાહિત્ય જ નથી તે ભાષાઓ તથા હજુ સુધી અપ્રસિદ્ધ રહેલાં સાહિત્યો હવેથી સુંદર લૅટિન લિપિમાં જ પ્રગટ કરવાં જોઈએ એટલું જ નહીં, પણ એક દિવસ એવો આવશે જ્યારે યુરોપીય-અમેરિકી સંસ્કૃતિ બીજી બધી સંસ્કૃતિઓ પર લાવાની માફક ફરી વળી તેની દશા હર્ક્યુલેનિયમો અને પૉમ્પીઓ જેવી કરી બેઠી હશે ત્યારે આ લિપિ બીજી બધી લિપિઓને હઠાવીને સર્વોપરી

Gandhi Heritage Portal

બનશે, એવો મારો દૃઢ અભિપ્રાય છે.” પાલિ ટેક્સ્ટ સોસાયટીના આશ્રયદાતાઓ, ઉપર આલેખાયેલા સુંદર ભાવિ-ચિત્રને કેવુંક માણતા હશે?

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १८-११-१९२६

## ૪૭. રાજાઓ અને રાણીઓની કળાઓ

રેંટિયાની સેવાના જાત-અનુભવવાળા એક[1] ભાઈએ મારી ઉપર રસ્કિનના સીસેમ એન્ડ લિલીઝ પુસ્તકમાંથી નીચેનો ઉતારો મોકલ્યો છે:

બધી કળાઓના રાજા જેવી પહેલી કળા ખેતીથી શરૂઆત કરો. . . .

કળાઓના રાજા જેવી ખેતી પછી લો માનવીની એ પછીની કળા વણાટ. એ તો રાણીઓની કળા છે. પ્રાચીન સમયમાં બિન-ઈસાઈ પ્રજાઓની કુલીન નારીઓએ એમની કુમારિકા દેવીના રૂપમાં એને પ્રતિષ્ઠિત બનાવી હતી. યહૂદી નારીઓએ એમના પુરોહિત-રાજવીના આ શબ્દોને અનુરૂપ સન્માન એ કળાને આપ્યું હતું: “એના હાથ રેંટિયો કાંતે છે, એના હાથમાં કાંતેલું ઊન વીંટાળવાનો દંડ છે; એ ગરીબગુરબાંને આપવા હાથ લંબાવે છે. ઘર ઉપર બરફ પડે તેની એને બીક નથી, કારણ કુટુંબનાં બધાં માણસોને એણે ઉત્તમ વસ્ત્રોથી ઢાંક્યાં છે. ઘરના પડદા વગેરે એ પોતે તૈયાર કરે છે. પોતે રેશમી રંગીન વસ્ત્રો પહેરે છે. એ ઉત્તમ લિનન બનાવે છે ને વેચે છે, અને વેપારીઓને કમરપટા પણ પૂરા પાડે છે.” ગ્રીક કુમારિકા અને ખ્રિસ્તી પ્રૌઢાની આ તેજસ્વી કળાનું આટલાં બધાં હજારો વર્ષોમાં આપણે શું કર્યું? છ હજાર વર્ષ જૂની વણવાની કળા છતાં આપણે વણતાં શીખ્યા? ઘરની દરેક ખુલ્લી દીવાલ પર રંગીન પડદા અને દરેક નબળી છાતી પર ઠંડીથી બચાવતી રંગીન ચોળી નહોતી પહેરાવી શકાતી? છતાં આપણે શું કર્યું? આપણા શરીરને ઢાંકે એટલું સૂતર કાંતવા જેટલાં આંગળાંય જાણે આપણી પાસે નથી રહ્યાં. જલસ્રોતો પાસેથી કામ લઈને અને હવાને આગથી ભરી દઈને કાંતણયંત્રો ચલાવીએ છીએ, તોયે આપણને પૂરતું કાપડ હજી મળ્યું છે? યુરોપની રાજધાનીઓના માર્ગો ઊતરેલાં વસ્ત્રો અને જૂનાપુરાણા ગાભાઓના વેચાણથી ગોબરા નથી દેખાતા? પ્રકૃતિમૈયા વરુઓની ગુફાઓમાં વરુઓનાં બચ્ચાંને અને પંખીઓનાં બચ્ચાંને તેમના માળામાં વિશેષ સન્માન સાથે ઢાંકી રહે છે, ત્યારે તમારાં મીઠાં ભૂલકાંઓનું રૂપ વસ્ત્રહીનતાના કલંકમાં નથી સબડતું? અને દરેક શિયાળાનો બરફ તમે જેને ઢાંકી નથી શકયા તેને શું ઢાંકતો નથી, અને જેને કફન ઓઢાડી નથી શકતા તેને કફન ઓઢાડતો નથી? અને દર શિયાળાનો પવન તમારી સામે ‘હું ઉઘાડો હતો અને તમે મને ઢાંકયો નહોતો’ એવા ખ્રિસ્તના શબ્દોમાં જુબાની આપવા કેટલાય વેડફાયેલા જીવોને સ્વર્ગમાં પહોંચાડી દેતો નથી?

પત્રલેખકે એ અંગે લખ્યું છે:

આ એક તીખું તહોમતનામું જ છે, પણ એ કેવા આવેશથી રેંટિયાની હિમાયત કરે છે! જેની સમૃદ્ધિ બધાને સ્વીકાર્ય છે એવા યુરોપ જેવા દેશને માટે તે આમ કહી

૧. અહીં એમાંથી માત્ર થોડા ભાગો જ આપ્યા છે.

Gandhi Heritage Portal

શકયો તો નિ:શંક રીતે વધુ ગરીબ ઠરેલા ભારત જેવા દેશને માટે તો એ કેટલું બધું વધારે સાચું ઠરે?

[મૂળ અંગ્રેજી]

**यंग इन्डिया, १८–११–१९२६**

## ૪૮. દક્ષિણ આફ્રિકાની પરિસ્થિતિ

ડર્બન પહોંચ્યા પછી શ્રી ઍન્ડ્રૂઝે લખેલા પત્રમાંથી આ રહ્યા કેટલાક ઉતારા:

અહીં આવવાનું થયું એ ઠીક થયું, અને દરિયાની સફર થોડીક મુશ્કેલ રહી, છતાં અહીં આવી પહોંચ્યો અને વધુ વિલંબ કર્યો નહીં એ સારું જ થયું. પ્રતિનિધિમંડળ આવી પહોંચે તે પહેલાં અહીં ઘણું બધું પતાવવાનું છે અને કેટલીક બાબતોને સરખી કરી દેવાની છે. એમાં મારી પળેપળ જવાની.

આજે મારું અતિ ઉષ્માભર્યું સ્વાગત થયું. 'સ્વાગત' વેળા રાવત બાયોસ્કોપ ખીચોખીચ ભરાઈ ગયું હતું. મારો મુકામ સોરાબજીને ત્યાં ૧૯, પહેલા એવેન્યુ ખાતે છે. ૧૧૦, ફીલ્ડ સ્ટ્રીટ પરનું ઘર તોડી પડાયું છે અને એ જગ્યા યુરોપિયનોને વેચી નખાઈ છે!

દિવસો આખેઆખા કામમાં વીતે છે, અને ધારણા મુજબ એ ટાળવું અશકય છે. ભારતીય લત્તાઓમાં શીતળાનો ઘણો ગંભીર ઉપદ્રવ થયો હતો. શીતળાનો દરેક કેસ કોઈ હિંદીનો જ હતો. મરણપ્રમાણ ૨૫ ટકા જેટલું હતું અને રોગ બહુ ઘાતક પ્રકારનો હતો. છાપાંઓમાં અનારોગ્યકર ટેવો માટે હિંદીઓને ગાળો દેતા ઝેરીલા પત્રો આવતા હતા. તમે જોહાનિસબર્ગમાં કરેલું તે મારેય કરવાનું આવ્યું. જાતે શીતળાની રસી ટંકાવી લીધા પછી (એ વિના હું કશું કરી શકત નહીં) દાક્તરની રજા મેળવી કવૉરેન્ટીનમાં રખાયેલા હિંદીઓની મુલાકાત લઈ તેમને શાંત રાખવા મથતો રહ્યો. વળી અમે બધાએ મળી ભારતીય આરોગ્યસમિતિ બનાવી, દાક્તરના આદેશો નીચે કામ કરવાનો ઠરાવ કર્યો અને તેણે અમને કામે લગાડી પણ દીધા છે. આની જાહેરાત થઈ કે તરત એકદમ છાપાંઓનો સૂર બદલાઈ પહેલાં નિંદા થતી હતી તેને બદલે આપણી પ્રશંસા થવા માંડી છે. એકંદરે એનું પરિણામ સારું જ આવવાનું.

બધું પૂરેપૂરું વિચારવાનો અને પરિસ્થિતિ ઉપર પકડ જમાવવા માટે મને અત્યાર સુધીમાં પૂરતો સમય મળી ગયો છે. આવતાં કેટલાંક અઠવાડિયાંમાં ઉત્તમ લોકમત આપણે પક્ષે મેળવી શકીએ તો છાપાંનો અનુકૂળ ટેકો આપણે મેળવી શકીશું અને આગળથી અનુકૂળ હવા ઊભી કરીને સંમેલનને સારી મદદ કરી શકીશું. એનાથી 'છાપ' પડશે એવી માન્યતાથી સંમેલન વેળા એક મોટો દેખાવ યોજવાનું માંડી વાળવા માટે તેમને સમજાવવાનું અઘરું બન્યું. હું તો તેમને સમજાવતો રહ્યો કે દુનિયામાંના બધા દેખાવો અને ભાષણો કરતાં ગંદા લત્તાઓમાંથી ગંદવાડ દૂર કરવા જેવાં નક્કર કાર્યથી ઘણી વધારે 'છાપ' પડે. સાથોસાથ, વાત સાવ સામે છેડે જાય અને બધું મંદ, ધીમું અને ટાઢું બની જાય એમ પણ હું ઈચ્છું નહીં. ઉત્તેજના અને શક્તિને સાચે માર્ગે વાળવી એ જ જરૂરનું છે. સહાનુભૂતિ ધરાવતા



Gandhi Heritage Portal

ઉત્તમ યુરોપિયનો સાથે મેં વાત કરી છે. એ બધાનું કહેવું થયું કે વરસેક પહેલાં આપણે પાડેલી હડતાળ અને પ્રાર્થનાદિન તેના ખરા અર્થમાં અસાધારણ છાપ પાડે તેવાં હતાં અને કોઈને તે ઉશ્કેરણીજનક લાગ્યાં નહોતાં. એમને લાગે છે કે હિંદીઓ પોતાની રીતે કરવું ઘટે તે બરાબર કરી રહ્યા છે અને સારી રીતે કરી રહ્યા છે.

ફીલ્ડ સ્ટ્રીટમાંની મિલકત વેચાઈ જવાની વાત જૂનાં સંસ્મરણો તાજાં કરે છે. એ એક જૂની મિલકત હતી, ને દક્ષિણ આફ્રિકામાં વસવાટ કરનારા એક સૌથી પહેલા હિંદી વેપારી મરહૂમ હાજી અબુબકર આમોદે લાંબા ભાડાપટાથી તે ખરીદી હતી. સ્વ. પારસી રુસ્તમજીએ એ પેટા-ભાડે રાખી હતી અને તેમના મૃત્યુ સુધી તે તેમના કબજામાં રહી હતી. ખાનગી સ્ટોર કરતાં એ જાહેર સ્થળ જેવી વિશેષ હતી. અહીં હિંદીઓનાં અવિધિસરનાં અનેક સંમેલનો થતાં. એ જ સ્થળે બહુ અગત્યના નિર્ણયો લેવાયા હતા. દિવસનો મોટો ભાગ ગોખલે ત્યાં જ ગાળતા. ઍન્ડ્રૂઝે પણ ત્યાં જ કામ કરેલું. એ જગ્યા શ્રીમંત અને ગરીબ બેઉનો આશરો હતી. એ ખરેખરી ધર્મશાળા જ બની ગઈ હતી. પટાની મુદત પૂરી થઈ ત્યારે ડર્બનની ટાઉન કાઉન્સિલે પટો ચાલુ ન રાખતાં હરાજીમાં હિંદીઓને બોલવાની મનાઈ ફરમાવી વેચવા માટે જાહેરાત કરી. ડર્બન ટાઉન કાઉન્સિલને એ જગ્યા હિંદીઓને મન કેટલી પવિત્ર હતી તેની જાણ હતી, પણ તેથી કંઈ એ મિલકત યુરોપિયન હાથોમાં જતાં ઊગરી નહીં. શ્રી ઍન્ડ્રૂઝે કરેલા તેના ઉલ્લેખનું અને તેમના આશ્ચર્યના સૂરનું કારણ આ છે.

એમની ત્યાં અત્યારે હાજરી હોવી એ ઈશ્વરકૃપા છે. શીતળાના કમનસીબ ઉપદ્રવે યુરોપિયનો અને હિંદીઓ, બંનેને ભડકાવી માર્યા હોત. યુરોપિયનોએ ખતરનાક કડક પગલાં લીધાં હોત અને હિંદીઓ ભયથી પંગુ બની બેઠા હોત તો મોટી આફત ઊભી થઈ હોત. એવી પરિસ્થિતિ શ્રી ઍન્ડ્રૂઝે લીધેલા ત્વરિત ઉપાયોથી ટળી છે.

એ પ્રભુના બંદાની હાજરી ત્રાજવાંનું પલ્લું વસાહતીઓના પક્ષમાં નમાવે એવો સંભવ છે. સંમેલન પાસેથી બહુ આશા રખાય એમ નથી, તેમ છતાં આ જટિલ કોયડાની શાંત અને ન્યાયી વિચારણા માટે પોતે અનુકૂળ વાતાવરણ ચોક્સ ઊભું કરી રહ્યા છે.

સર મહમદ હબીબુલ્લાના પ્રતિનિધિમંડળને માથે ભારે જવાબદારી છે. એકમતી ધરાવતા લોકમતનો એને સંગીન ટેકો છે. ઉત્તમ પરિણામની આપણે આશા રાખીએ.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १८–११–१९२६

Gandhi Heritage Portal

## ૪૯. મ્યુનિસિપાલિટીઓમાં કાંતણ

મ્યુનિસિપાલિટીઓ અને લોકલ તથા જિલ્લા બોર્ડો હેઠળની શાળાઓમાં થતા કાંતણ વિશે મને માહિતી મળતી રહે છે તે તો અકસ્માત. મ્યુનિસિપાલિટીઓ અને લોકલ તથા જિલ્લા બોર્ડોના પ્રમુખો કે મંત્રીઓ યંગ ઇન્ડિયા વાંચતા રહેતા હોય તો મને એ શાળાઓમાં કાંતણના આરંભ અને પ્રગતિની માહિતી મોકલવા કૃપા કરે. એથી એવી શાળાઓમાં પેદા થતા સૂતરના સાચા આંકડા અને કાંતતાં છોકરાછોકરીઓની સંખ્યા જાણવા મળશે.

[મૂળ અંગ્રેજી]

યંગ ઇન્ડિયા, ૧૮–૧૧–૧૯૨૬

## ૫૦. શાંતિવાદી હડતાળની શરતો

એક મિત્રે બ્રિટિશ શાંતિવાદીઓના મુખપત્ર નો મોર વૉરમાંથી એક ઉતારો મોકલ્યો છે. એમાંથી હું શાંતિવાદી હડતાળ માટે શ્રી એ. ફેનર બ્રૉકવેએ મૂકેલી કસોટીરૂપ શરતો નીચે ઉતારું છું:

૧. માનવના પ્રાણ લેતાં સામાજિક અનિષ્ટો સામેની હડતાળ યુદ્ધ સામેની હડતાળ જેટલું જ શાંતિવાદનું કાર્ય બની શકે છે. (ભૂખમરો-વેતન, બંદૂકથી મરે છે એટલા માણસોને મારી નાખે છે.)

૨. આ અનિષ્ટોની નાબૂદી માટે "બંધારણીય" ઉપાય કરવાનું કહેવામાં આવે, તો યુદ્ધ માટેય એમ જ કહી શકાય. આપણું "બંધારણીય" તંત્ર અપૂરતું છે. બે વર્ષ પહેલાં મતદારોના મનમાં વેતન-ઘટાડા કે યુદ્ધ હતાં જ નહીં.

૩. વેતન-ઘટાડા સામેની હડતાળ (અને ખાસ કરીને સામાન્ય હડતાળ) રાષ્ટ્ર કે સરકાર પર દબાણ લાવીને કામ કઢાવવાનો પ્રયાસ કહેવાતો હોય, તો યુદ્ધ સામેની સામાન્ય હડતાળ વિશે પણ એમ જ કહેવાય. વાસ્તવમાં, રાષ્ટ્રના વધુ મોટા ભાગનો તેને ટેકો ન હોય તો બેમાંથી એકે સફળ થવાની ખાતરી નથી.

૪. હડતાળને આર્થિક નાકાબંધી સાથે સરખાવવી બરાબર નથી. ભૂખમરાનો ભય તો હડતાળિયાઓને જ નડવાનો અને પહેલું સહન કરવાનું તો એમને જ આવે. હકીકતમાં, તાજેતરની સામાન્ય હડતાળમાં ટ્રેડ યુનિયન કૉંગ્રેસે લોકોના જીવનની તથા આરોગ્યની રક્ષામાં સહકાર આપવાની તૈયારી દેખાડી હતી પણ સરકારે એની ના પાડી.

૫. એને પ્રેરનાર હેતુ કયો છે એ જ હડતાળ શાંતિવાદી છે કે નહીં તેનું નિર્ણાયક તત્ત્વ છે. જેનો હેતુ યુદ્ધ સામેની ઘૃણાને બદલે સરકારના સભ્યો પ્રત્યે ઘૃણાનો હોય અને આંતરવિગ્રહમાં પરિણમે એવો ભાવ જેમાં મૂર્ત થતો હોય એવી યુદ્ધ સામેની હડતાળ શાંતિવાદનું કામ ન ગણાય. એ જ રીતે, વેતન-ઘટાડા સામેની હડતાળ માલિકો અથવા સરકારના સભ્યોની સામેના દ્વેષથી અથવા અસામાજિક વૃત્તિથી પ્રેરાઈ

Gandhi Heritage Portal

હોય તો તે પણ શાંતિવાદનું કામ ન ગણાય. પણ ખુદ અનિષ્ટો સામેના વિરોધની ભાવનાથી પ્રેરાયેલાં હોય તો બંને શાંતિવાદનાં કામ કહેવાય.

૬. હડતાળિયાઓના ઉદ્‌ગારોમાં અને ક્યારેક તેમના વર્તનમાં બિન-શાંતિવાદી વૃત્તિ પ્રસંગોપાત્ત દેખાઈ હતી એ કબૂલવા છતાં જરાય અચકાયા વિના હું કહી શકું છું કે સામાન્ય હડતાળનો પ્રધાન હેતુ આત્મબલિદાનાત્મક નૈતિક વિરોધનો હતો, અસામાજિક બળ કે વ્યક્તિગત દ્વેષનો નહીં. એને આધ્યાત્મિક બળ મળ્યું તે આને કારણે. માણસોની અદ્‌ભુત શિસ્તનું રહસ્ય પણ એમાં જ જોવા મળ્યું.

૭. લશ્કરવાદી પ્રાસંગિક યુદ્ધની ક્રૂરતાને જ જોતા રહી આપણી સમાજવ્યવસ્થાની રાજની ક્રૂરતાઓ તરફ આંખો બંધ રાખનાર શાંતિવાદ નકામો છે. યુદ્ધનો જ નહીં પણ સમગ્રપણે આપણી બિન-શાંતિવાદી સંસ્કૃતિનો પણ અંત લાવવા ઈચ્છતી વિશાળ માનવતા ઝુંબેશરૂપે વ્યક્ત ન થાય, તો આપણો શાંતિવાદ માનવજાતની આગેકૂચમાં કંઈ કામ લાગશે નહીં. એની લેશ પણ અસર અનુભવ્યા વગર જીવનશક્તિ આગળ ધપ્યે જવાની.

'યુદ્ધ બંધ'ની–ચળવળ આ વાત સ્વીકારશે તેટલે અંશે એ પોતાનો હેતુ સિદ્ધ કરશે.

આ સ્તુત્ય શરતોમાં હું માત્ર એક વધુ કસોટી ઉમેરીશ. જે અન્યાય દૂર કરાવવો હોય તે વેઠતા માણસો પૂરતી જ શાંતિવાદી હડતાળ મર્યાદિત રહેવી જોઈએ. પોતાની સ્થિતિથી પૂરા સંતુષ્ટ એવા, કહો કે, ટિંબકટૂના દીવાસળી-કામદારો ભૂખમરા-વેતન પામતા મિલકામદારોની સહાનુભૂતિમાં હડતાળ પર ઊતરે, તો તેમની હડતાળ એક પ્રકારની હિંસા બને. હિંસાના આક્ષેપને પાત્ર બન્યા વિના તેઓ ટિંબકટૂના મિલમાલિકોનો માલ લેવો બંધ કરી શકે અને તેમણે તેમ કરવું જોઈએ. એ રીતે તેઓ અસરકારક મદદ કરી શકે. પણ એવા સંજોગો કલ્પી શકાય કે જેમાં સીધું ન વેઠનારાઓને માથે કામ બંધ કરવાની ફરજ પડે. આ દાખલામાં જો દીવાસળીના કારખાનાના માલિકો ટિંબકટૂના મિલમાલિકો સાથે મળી જાય, તો દીવાસળીનાં કારખાનાંના કામદારોનું સ્પષ્ટ કર્તવ્ય મિલકામદારોની હડતાળમાં સામેલ થવાનું બની જાય. પણ આ વધારાની વાત મેં ફક્ત એક ઉદાહરણ રૂપે જ સૂચવી છે. આખરે તો દરેક કેસ તેના ગુણદોષ પર જ વિચારાવો જોઈએ. હિંસા એક સૂક્ષ્મ બળ છે. તમે તેનો અનુભવ કરી રહ્યા હો તોપણ તેની હાજરી પકડી પાડવાનું હમેશાં સહેલું હોતું નથી.

[મૂળ અંગ્રેજી]

**यंग इन्डिया, १८–११–१९२६**

Gandhi Heritage Portal

# ૫૧. નોંધ

## રામચંદ્ર કોસ[1]

રામચંદ્ર કોસ વિશે ભાઈ રામચંદ્રન ઉપર અને મારા ઉપર થોકબંધ કાગળો આવ્યે જાય છે. કેટલાક તો તે તુરત મેળવવાની માગણી કરે છે, કેટલાક તેને વિશે અનેક મહત્ત્વના સવાલો પૂછે છે. શ્રી રામચંદ્રન કાંઈક કામસર ઘેર ગયા છે, પણ બધા કાગળપત્ર મારી પાસે રાખી ગયા છે. આ કોસનું પેટંટ એમણે લીધેલું છે. કોસના શોધકની પાસે હાલ વધારે કોસ નથી. એમને એ બનાવડાવવા પડશે. ઘણી માગણી આવે તેને ત્વરાથી પહોંચી વળવાનાં એમની પાસે સાધન નથી. હું એ કોસો જલદી બની શકે તેની તજવીજમાં છું. શ્રી રામચંદ્રન તેના કાગળો વગેરેનો નિકાલ કરવાનું અને જ્યાં બને ત્યાં કોસ ગોઠવી આપવાનું મને કહીને ગયા છે. એટલે હવે કાગળ લખનારાઓને હું વિનંતી કરું છું કે તેઓ જરા ધીરજ રાખે, અને માગ પૂરી પાડવાની સામગ્રી ઉત્પન્ન થાય ત્યાં સુધી રાહ જુએ. બનશે તો દેશ જ એ બનાવવાનું કામ ઉપાડી લે અને એની કિંમત જેમ બને તેમ ઓછી કરે એવી તજવીજ કરવામાં આવશે.

દરેક કાગળનો જવાબ હું જુદો જુદો ન દઈ શકું તે માટે લખનારાઓ મને માફ કરશે. નીચે તેમના કેટલાક સવાલનો જવાબ આપું છું:

૧. જો બધી તજવીજ સાંગોપાંગ ઊતરે તો હું કોસનું ચિત્ર અને તેનું વિગતવાર વર્ણન આપવા ઇચ્છું છું.

૨. એના ભાગોમાં કશી જ ગૂંચવણ નથી. ઊલટી યોજના અતિશય સાદી અને સરળ છે. ગ્રામ જરૂરિયાતોને પહોંચી વળવા માટે જ એ યોજેલી છે.

૩. પાટા, ગરગડી અને તારનાં દોરડાં શહેરમાંથી મંગાવવાં પડે.

૪. ઘણાં વર્ષ એ કોસ ચાલે એમ છે, પાણી ભરવાની મોટી ડોલ અને દોરડાં વખતોવખત બદલવાં પડે ખરાં.

૫. ગામડાનો લુહાર નાની નાની મરામત તો સુખે કરી આપે એમ હું માનું છું.

૬. માત્ર એ કુશળ કારીગરે ગોઠવી આપવો જોઈએ. કોસનું વજન અને ટ્રૉલી તથા પાત્રનો ઢોળાવ બરોબર પ્રમાણસર હોવાં જોઈએ. પાટા સીધા નખાવા જોઈએ. ગરગડી યથાસ્થાને હોવી જોઈએ. પણ મને લાગે છે કે સામાન્ય બુદ્ધિવાળો માણસ સુખે અને ત્વરાથી એ કોસ ગોઠવી શકે. કારીગરને મુસાફરીખર્ચ અને ખાવાપીવાનું ખર્ચ આપવું પડશે. આ બધી બાબતોની તજવીજ થઈ રહી છે.

## ખાદીનું વેચાણ

અજમાયશના ગાળા દરમિયાન ખાદીના વેચાણનો પ્રશ્ન તેના ઉત્પાદનથી વધારે નહીં તો તેના જેટલો મોટો તો જરૂર છે. અત્યાર સુધી તો વેચાણની ગતિ ઉત્પાદનની સાથે રહી નથી. વેચાણની સૌથી સારી વ્યવસ્થા ધરાવતો પ્રાંત બેશક બંગાળ છે. ડૉ. રાય અને તેમના સહાયક સતીશચંદ્ર દાસગુપ્તાએ સ્થાપેલા ખાદી પ્રતિષ્ઠાને ઊભું કરેલું ધોરણ ત્યાં ઊભાં થયેલાં બીજાં મંડળોએ

૧. આ પેટામથાળાવાળા ભાગનું ભાષાંતર નવજીવન, ૨૮-૧૧-૧૯૨૬ના અંકમાંથી આપ્યું છે.

Gandhi Heritage Portal

જાળવી રાખ્યું છે. સ્થાનિક જરૂરિયાત પ્રમાણે માલ બનાવવામાં બંગાળ સફળતાપૂર્વક મથ્યું છે. આ સાચી આર્થિક નીતિ છે. એક છેડે ખરીદનાર મધ્યમ વર્ગ અને બીજે છેડે ખાદી બનાવનાર ગરીબ વર્ગ બેઉની પાસે પહોંચી જઈ સહકાર્યકરો તેમના સંપર્કમાં રહી શકે છે. આને પરિણામે ગ્રાહકના દૃષ્ટિબિંદુથી ખાદીનાં પોત, વૈવિધ્ય અને ભાતોમાં અને ભાવમાં ચાલુ સુધારો થતો રહ્યો છે. ખાદીના વધતા જતા ભાવઘટાડા અંગે નોંધપાત્ર વાત એ છે કે સામાન્ય રીતે ભાવ ઘટવાથી પૂણીઓ બનાવનારાં, કાંતનારાં અને વણકરોના વેતનમાં કશો ઘટાડો થયો નથી. ભાવઘટાડો વધારે સારી જાણકારી અને વધેલી આવડતનું ફળ છે.

સુવ્યવસ્થિત વેચાણનો છેલ્લો દાખલો સિલ્હટથી મળ્યો છે. સિલ્હટ પાસે કુલૌરા ખાતે શ્રી ધીરેન્દ્રનાથ દાસગુપ્તા એક નાનકડું ખાદીકેન્દ્ર સંભાળી રહ્યા છે. એમણે જણાવ્યું છે કે પૂજાના તહેવારોમાં જ રૂ. ૨,૯૦૦થી વધુ રૂપિયાની ખાદી પોતે વેચી હતી.

બીજા પ્રાંતોમાં પણ બંગાળના જેટલી પ્રગતિ થઈ છે એમાં શંકા નથી, તેમ છતાં ત્યાં વેચાણની પદ્ધતિસરની વ્યવસ્થા ઊભી થઈ નથી. બિહાર બંગાળની નજીક પહોંચવા મથી રહ્યું છે. પણ બધા પ્રાંતોમાં કાર્યકરોએ વેચાણ વધારવાના ઉપાય યોજવા જોઈએ. શ્રી ભરૂચા અને બીજા અનુભવીઓના અનુભવ કામે લગાડી જુદા જુદા પ્રાંતોની અનુકૂળતા પ્રમાણે જુદી જુદી યોજનાઓ ગોઠવવી અને અમલમાં મૂકવી જોઈએ. ફેરી અને ફરતાં પ્રદર્શનો, એ બે ઉપાય તો હવે આપણને ફાવી ગયા છે. જો ઝીણામાં ઝીણી વિગતો વિચારી ન લેવાય તો આવી યોજનાઓનો વહીવટ ખર્ચાળ બની જવાનો ભય છે. ભારતના કેટલાક ભાગમાં કેટલાક એવા ભંડારો છે, જે આ દૃષ્ટિબિંદુથી બંધ કરી દેવા ઘટે. પાંચસો રૂપિયાનું ખર્ચ કરી એથી વધુ વેચી ન શકતો ભંડાર બંધ કરી દેવાપાત્ર જ ગણાય. ત્યાં કાં તો બેહદ ગેરવ્યવસ્થા છે, કાં તો વ્યવસ્થાશક્તિનો અભાવ છે.

## સાચી ભાવના

એક ભાઈ લખે છે:[1]

મારે હિસાબે આ પત્રલેખક બંને સંઘોના માત્ર ભાવનાથી જ સભ્ય છે. નિયમની રૂએ તેઓ પોતાના જિલ્લાના પ્રતિનિધિ પાસે પોતે હાથે કાંતેલું સૂતર રજૂ કરીને અને સૂતરની કિંમતના પૈસા મોકલીને તેના સભ્ય બની શકશે. પણ કેટલાકને એટલી રકમ પણ મોકલવી ભારે પડે છે. તેઓ ભાવનાથી એના સભ્ય રહી શકે છે અને સ્વયંસેવકો તરીકે નામ નોંધાવી વખતોવખત પોતાના કામનો હેવાલ મોકલતા રહી તેમની પાસેથી માગવામાં આવે અને તેઓ બજાવી શકે એવી સેવા બજાવવા બંધાઈ શકે છે.

## મદ્યનિષેધ સુધારો

કેટલાક સમયથી ત્રાવણકોરના કેટલાક ખ્રિસ્તીઓ અંદરથી કાર્ય કરીને, એટલે કે લોકોને મળીને, તેમને પીવાની ટેવ છોડી દેવા સમજાવીને દારૂનું વ્યસન બંધ કરાવવા ઉત્સાહથી મથી રહ્યા છે. પીઠાંમાં જનારાઓને ચેતવવા તેઓ પિકેટિંગ પણ કરતા હોય છે. આ સાદી

૧. પત્ર અહીં આપ્યો નથી. પોતે કાંતનાર અને વણનાર હોવા છતાં આર્થિક નબળાઈને કારણે અખિલ હિંદ ચરખા સંઘ તથા અખિલ હિંદ ગોરક્ષા સંઘનાં લવાજમ ભરવાની પોતાની મુશ્કેલી લખનારે એમાં જણાવી છે.

Gandhi Heritage Portal

કાર્યપદ્ધતિએ ત્રાવણકોરના સત્તાધીશોને ભડકાવ્યા જણાય છે. ત્રાવણકોરના જાણીતા ખ્રિસ્તી ડૉ. ઝેડ. એમ. પરેટ, જેમની અહિંસાની ભાવના શંકાથી પર છે, તેમની ઉપર કોટ્ટાયમના જિલ્લા મૅજિસ્ટ્રેટે ભાષણબંધીની નોટિસ મોકલી છે. આ રહી તે નોટિસ:

> કોટ્ટાયમના જિલ્લા પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ પાસેથી મળેલા હેવાલ પરથી મને માલૂમ પડ્યું છે કે તમે દારૂની દુકાનો આગળ પિકેટિંગ કરવા અને બીજાં કાયદાવિરુદ્ધનાં કામ કરવા લોકોને ઉશ્કેરવા ભાષણો કરો છો, અને એ ભાષણો સુલેહનો ભંગ કરે અને સરકારની સત્તા પ્રત્યે તિરસ્કાર પેદા કરે એવાં છે. એથી હું ૧૯૦૫ના રેગ્યુલેશન ૪ની કલમ ૨૬ હેઠળ આજની તારીખથી આ કોટ્ટાયમ જિલ્લાના કોઈ પણ ભાગમાં કોઈ ભાષણ, હાકલ કે પ્રવચન નહીં કરવાનો તમને અધિકારપૂર્વક સખત હુકમ કરું છું.

પિકેટિંગ કરવાની સલાહ આપતા પ્રત્યેક ભાષણને નોટિસમાં ઉશ્કેરણી કરનારું માની લેવામાં આવે છે. "બીજાં કાયદા વિરુદ્ધનાં કામ" કયાં હોઈ શકે તે હુકમમાં સ્પષ્ટ કર્યું નથી. આમ ત્રાવણકોરમાં, મૅજિસ્ટ્રેટનો હુકમ જો ત્યાંના કાયદાનો સાચો અર્થ કરી આપતો હોય, તો એનો અર્થ તો એવો થાય કે ત્રાવણકોરમાં કાયદાનો હેતુ શરાબખોરીના દુર્ગુણને વધારવાનો છે. એક રાજ્ય મદ્યપાનની સગવડ કરી આપે છે એટલું જ નહીં પણ તે સુધારકોને, દારૂના વ્યસનીઓને સીધા મળી એ નબળાઈને વશ ન થવાની અપીલ કરવાનો એકમાત્ર અસરકારક અને શાંતિમય માર્ગ અખત્યાર કરતાં અટકાવે પણ છે! ત્રાવણકોરનો કાયદો દોષ વગરનો હશે અને જિલ્લા મૅજિસ્ટ્રેટે તેનો અર્થ કરવામાં ભૂલ કરી હશે એવી આશા રાખું છું. એમના આ અર્થઘટનની પરીક્ષા હાઈકોર્ટમાં કરાવવી જોઈએ. ગમે તે સંજોગોમાં, સુધારકોની ફરજ સ્પષ્ટ છે. કાયદો દોષવાળો હોય તો તે રદ કરાવવા તેમણે ઝૂઝવું રહ્યું. અને કાયદો સરખો કરાવવાની ઝુંબેશ નિષ્ફળ જાય, તો કેદમાં જવાનું જોખમ વહોરી લઈને પણ પોતાનું શાંતિમય પિકેટિંગ તેમણે ચાલુ રાખવું જોઈએ. સાવધાની એટલી જ રાખવાની કે ઉશ્કેરણીનું કારણ અપાય ત્યારે જાતને કાબૂમાં રાખી ન શકે એવાઓને સ્વયંસેવકો તરીકે નોંધાય નહીં. ભાષણની આ મનાઈ કાયમ માટે છે એની નોંધ લેવી રહી.

## શું એ અતિ-શંકાશીલતા છે?

> મને શરૂઆતથી જ વહેમ હતો કે ખેતી કમિશન ખેતીનાં સાધનો ખપાવવા માટેની એક બ્રિટિશ વેપારી ચાલ છે. ઇંગ્લંડમાં ભરાયેલી બેઠકોના હેવાલો પરથી એને સમર્થન મળી રહ્યું છે.

શબ્દેશબ્દ તોળીને લખનાર, અંતરમાં કોઈ દ્વેષની વૃત્તિ વગરના અને અત્યારે રાજકારણમાં રસ નહીં ધરાવતા એક સજ્જનના પત્રમાંથી આ ઉતારો લીધો છે. એ મેં અહીં છાપ્યો છે, કારણ મને પણ એવો વહેમ ખરો. એ વહેમ મારા પોતાના અંદરના અવિશ્વાસનો પડઘો હોઈ શકે અને કમિશન, ભારતની પ્રજાની ખેતીવિષયક પરિસ્થિતિની તલસ્પર્શી તપાસનો શુભાશયી પ્રયાસ હોઈ શકે. મારો ભય કે વહેમ સદંતર ખોટો હતો એમ જાણીશ તો મને ઘણો આનંદ થશે. પણ એ વહેમ મારા મનમાં ઊભો હોય અને બીજાઓના મનમાં પણ હોય, ત્યારે એને મનમાં છુપાવી રાખવા કરતાં એને બહાર વ્યક્ત કરી દેવો એ વધુ સારું છે.

હમણાં થોડા જ દિવસ પર મેં પ્રદર્શન જોઈ આવેલા એક બીજા સજ્જનના પત્રમાંથી ઉતારો આપ્યો હતો. એ તો પ્રદર્શનની તરફેણના ઝોક સાથે ત્યાં ગયા હતા. પણ આપણા ખેડૂતો કદી વાપરે નહીં એવાં ખેતીનાં સાધનો અને યંત્રો પ્રદર્શનમાં હતાં એવી પોતાની

Gandhi Heritage Portal

છાપ તેઓ વ્યક્ત કર્યા વિના રહી શક્યા નથી. અરે, એથી આગળ વધીને એમણે તો કહ્યું છે કે "કેટલીક મશીનરી તો ભંગારના ઢગલાને લાયક હતી." એમને મોટા પાયા પર મશીનરી સાથે કામ પડયું હોઈ પોતે જે કંઈ કહ્યું તે બરાબર સમજીને જ એમણે કહ્યું છે. એમને મતે પહેલાં જોયા ચકાસ્યા વિનાની અને કશી ગૅરન્ટી વિનાની ઘણી વસ્તુઓ પ્રદર્શનમાં મૂકવા દેવામાં આવી હતી. શિક્ષણાત્મક અને લાભદાયી બનનારા પ્રદર્શનમાં જોયા ચકાસ્યા વિનાની કોઈ વસ્તુ ન મુકાવી જોઈએ. ભલાભોળા લોકો ત્યાં જઈ મશીનોની ભારે તારીફ સાંભળીને સ્વાભાવિક રીતે જ એ ખરીદી બેસે, અને પાછળથી એ સાવ નકામાં છે એ જાણે ત્યારે એ ખરીદીના દુર્ભાગી દિવસ પર અફસોસ કરે, છતાં, ડહાપણ અને ન્યાયની વાત એ છે કે કમિશનનો હેવાલ બહાર પડે ત્યાં સુધી પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવાનું મોકૂફ રાખવું અને મન ખુલ્લું રાખવું.

## વિધવાઓ અને વિધુરો

એક ભાઈ લખે છે :

> ૧૪ ઑક્ટોબર, ૧૯૨૬ના[૧] યંગ ઇન્ડિયામાં પ્રગટ થયેલી 'એક પ્રશ્નોત્તરી' અને આપના ઉત્તર હું કાળજીથી વાંચી ગયો. પૃષ્ઠ ૩૫૭ના પહેલા ફકરાના અંતમાં પત્રલેખકના પહેલા પ્રશ્નના ઉત્તરમાં આપ લખો છો: "પાકી ઉંમરે પહોંચ્યા પછી સ્વેચ્છાપૂર્વક પરણનાર વિધવા કે વિધુરનો પુનર્વિવાહ એ પાપ છે એવો સુધારો હિંદુ કાયદામાં દાખલ થાય, થતો હોય તો હું તો એને ગમે ત્યારે ટેકો આપું."
>
> મારા અભિપ્રાય પ્રમાણે હિંદુ કાયદામાં આ પ્રકારનો સુધારો વિઘાતક નીવડવાનો અને એકંદરે સમાજના નૈતિક ધોરણને મોટા પ્રમાણમાં જફા પહોંચાડનારો બનવાનો. ઉદાહરણ તરીકે, એક પુરુષ કે સ્ત્રી પુખ્ત વયે પહોંચ્યા પછી પરણે અને કમભાગ્યે થોડાક દિવસો સુધી લગ્નજીવન ભોગવ્યા બાદ પતિ કે પત્ની ગુજરી જાય, તો લગ્નજીવન માણવાની મોટી વાસના અધૂરી રહી ગઈ હોય તોપણ એ પુરુષ કે સ્ત્રી પુખ્ત વયે પરણ્યાં એ એક જ કારણે એમને પરણવાની છૂટ આપવી ન જોઈએ એમ તમારું કહેવું છે? હિંદુ કાયદામાં આવો સુધારો કરવામાં આવશે તો મને ભય છે કે પુરુષ કે સ્ત્રી પોતાની અતૃપ્ત વાસના સંતોષવા બીજો કોઈ અનૈતિક માર્ગ શોધી કાઢશે અને સમાજમાં સાર્વત્રિક નૈતિક અધઃપતન થવાનું. આથી હું એમ માનું છું કે આ પ્રશ્ન આખો ને આખો સંબંધ ધરાવતા પુરુષ કે સ્ત્રીની વિવેકબુદ્ધિ પર જ છોડી દેવો જોઈએ.

પ્રશ્નકર્તાને અપાયેલો મારો ઉત્તર જે સ્મૃતિકાર છે એવા પુરુષને પડકાર હતો. એ પોતાની સ્વતંત્રતાને મર્યાદિત થવા દેશે નહીં. આથી મારો ઉત્તર એ બતાવવાના પ્રયાસરૂપે હતો કે જે પુરુષને માટે ઇષ્ટ ગણાય છે તે એટલા જ પ્રમાણમાં સ્ત્રી માટે પણ ઇષ્ટ ગણાવું ઘટે, અને તેથી, પુનર્લગ્નની બાબતમાં વિધુરના જેટલો જ વિવેકાધિકાર વિધવાને પણ હોવો જોઈએ. વળી, હિંદુ કાયદો બ્રિટિશ રાજબંધારણ હેઠળ ઘડાયેલા કાયદાઓ જેવો જડ નથી. ધ્યાનમાં આવ્યું હશે કે મેં ગુનેગારને બદલે 'પાપી' શબ્દ ઈરાદાપૂર્વક વાપર્યો છે. ગુના પાછળ મનુષ્યસંચાલિત રાજ્યે નક્કી કરેલી સજા આવે છે. પાપની સજા ફક્ત ઈશ્વર કે માણસનો અંતરાત્મા કરે છે. મારા ઉત્તરમાં કલ્પેલી કક્ષા સુધી હિંદુ સમાજ ઊંચો ચડે તો તેને તથા માનવજાતને મોટો લાભ થશે એ મારું દૃઢ મંતવ્ય છે.

૧. જુઓ પુસ્તક ૩૧.

Gandhi Heritage Portal

### ખાદી કોને કહેવી?

લીડરમાં આવેલી 'કૉંગ્રેસમૅન'ની નીચેની વ્યાખ્યા બરાબર છે કે કેમ એમ એક મિત્ર પુછાવે છે:

> શુદ્ધ ખાદી એટલે પોતે કાંતેલા સૂતરની પોતે વણેલી ખાદી જેઓ પહેરતા ન હોય તેમને કૉંગ્રેસમૅન કહેવડાવવાનો હક નથી અને તેમને કૉંગ્રેસમૅન ગણવા પણ ન જોઈએ.

મારી વ્યાખ્યા કૉંગ્રેસના ઠરાવોમાં આપી છે. જેમને કૉંગ્રેસના ઠરાવો જોવાનો સમય ન હોય તેમને ખાતર જણાવું કે કૉંગ્રેસમૅનોએ પહેરવાની ખાદી તેમને પોતાને હાથે વણેલી હોય એવું ક્યારે પણ વિચારાયું નથી. વાસ્તવમાં, ખાદીનું સૂતર સભ્યોએ કાંતેલું હોવું જોઈએ એમ પણ નથી. કાંતણની કસોટી ખાદી પહેરવા કરતાં સાવ જુદી છે અને એ પૂરેપૂરી ઐચ્છિક છે. ખાદી પહેરવી ફરજિયાત છે એટલું જ. એ હાથે કાંતેલી અને હાથે વણેલી હોય એ જરૂરી છે. કોણે કાંતેલી અને કોણે વણેલી એ મહત્ત્વનું નથી. સભ્યે કાંતેલા સૂતરમાંથી એણે પહેરેલી ખાદી વણાયેલી હોય એ જરૂરી નથી. હવે આટલા સમય પછી ખાદીનો અર્થ સમજાવવો પડે એ નવાઈની વાત છે. યોગ્ય પ્રશ્ન તો એ પુછાવો જોઈએ કે આ ઉતારામાં આપેલી છે તે નહીં પણ કૉંગ્રેસના ઠરાવમાં આપેલી વ્યાખ્યા પ્રમાણેની શુદ્ધ ખાદી કેટલા કૉંગ્રેસમૅનો પહેરે છે?

### સૂતરની કસોટીની જરૂર

સ્વયંસેવકો અથવા પગારદાર કાંતનારાઓએ કાંતેલાં બધાં સૂતરની કસોટીની જરૂર ઉપર મેં વારંવાર ભાર મૂક્યો છે. આનો અર્થ એ નથી કે સૂતરની કસોટી રોજ રોજ કરવી જોઈએ. પણ તેની મજબૂતી અને સમાનતા સુધારવાં હોય તો અમુક સમયે કસોટી જરૂરી છે. કશી અડચણ વિના કસોટીનું સાધન કેમ ઊભું કરી શકાય તે આ પાનાંઓમાં દર્શાવ્યું પણ છે. ખાદીકેન્દ્રો આ અતિ જરૂરી સુધારો અપનાવશે એવી આશા છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १८-११-१९२६

## ૫૨. વસુમતી પંડિતને પત્ર

આશ્રમ,

ગુરુવાર, નવેમ્બર ૧૮, ૧૯૨૬

ચિ. વસુમતી,

તમારો કાગળ મળ્યો. વર્ધા આવી શકો છો. તબિયતના ખબર નથી આપ્યા જે મેં ખાસ માગ્યા હતા. મને જે લખવું હોય તે લખજો. રામદાસ બે દિવસ રહી આજે ગયો. હરિભાઈ[1] આજે આવ્યા છે. એ અને કુસુમ[2] કાલે ભરૂચ જાય છે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી: એસ. એન. ૯૨૨૧

૧. ભરૂચના હરિભાઈ દેસાઈ, સાબરમતી આશ્રમમાં શરૂઆતમાં તેમણે કેટલોક સમય ગાંધીજીના સેક્રેટરી તરીકે કામ કર્યું હતું.

૨. હરિભાઈ દેસાઈનાં પત્ની.

Gandhi Heritage Portal

## ૫૩. રેવાશંકર જ. મહેતાને પત્ર

કારતક સુદ ૧૪ [નવેમ્બર ૧૮, ૧૯૨૬][1]

મુ. રેવાશંકરભાઈ,

તમારો કાગળ મળ્યો. જમનાદાસ જો શાળાનું કામ કરે જ તો તો બહુ સારું છે જ.

લિફ્ટ બાબત કેટલા રૂપિયા રોકી શકાય એમ છે તે જણાવશો. આ બાબતમાં સંકોચ મુદ્દલ ન રાખશો. મેં નાણાં સંબંધી સ્થિતિ જાણવા કોઈ દિવસ ઇચ્છયું નથી. ને તેથી અજાણ્યો હોઈ મારાથી સાહસિક માગણી થઈ જાય. એમ થાય ત્યારે તેને રોકવાનો તમારો ધર્મ છે. ને એવા વિશ્વાસથી જ હું યોગ્ય પ્રસંગે માગણી કરતાં ન અચકાઉં.

દેવલાલી જવાનો વિચાર ઠીક કર્યો છે. ધીરુને[2] અહીં ગમી જાય તો મોકલવામાં કશી અડચણ નથી. મને બોજો કશો નહીં લાગે. હમણાં હવા તો બહુ સારી છે.

મારાથી દેવલાલી જવાય નહીં ને જવાની હાલ તો આવશ્યકતા પણ નથી.

મોહનદાસના પ્રણામ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : જી. એન. ૧૨૬૦

## ૫૪. બાપુભાઈ નારણજી વશીને પત્ર

કારતક સુદ ૧૪, ૧૯૮૩, [નવેમ્બર ૧૮, ૧૯૨૬]

ભાઈશ્રી ૫ બાપુભાઈ,

તમારા કાગળના છેલ્લા પૅરાનો ઉત્તર[3] નવજીવનમાં આપું છું. બીજાનો તેમાં આપવા નથી ઇચ્છતો.

ઋષિ દયાનંદના[4] ચરિત્ર વિશે આદર સિવાય બીજું કંઈ હિંદુને હોઈ જ ન શકે. સત્યાર્થ-પ્રકાશ નિરાશાજનક છે તેનું કારણ શોધવામાં ન પડવું સારું છે. મહાન પુરુષોના ગુણનું સ્તવન કરવું. તેમની અપૂર્ણતા હોય તે જોવી પણ તેના કારણમાં ભક્તજન ન ઊતરે.

સત્યાર્થપ્રકાશમાંથી ઉતારા આપવાનું ઈરાદાપૂર્વક માંડી વાળ્યું. જેને સારુ એ ઉતારા આપવાનું હતું તેઓ મને મળી ગયા હતા. તેમને ઉતારા બતાવ્યા હતા. પછી હું ઉતારા આપું તો એ મહાન પુરુષની નિંદા થાય ને તેના ગુણ ઢંકાઈ જાય તથા વિખવાદ વધે તેથી તે ન આપ્યા.

૧. રેવાશંકરભાઈ દેવલાલી જઈ આવ્યા એ ઉલ્લેખ પરથી આ કાગળ ૧૯૨૬માં લખાયો હોવાનું જણાય છે. જુઓ "રેવાશંકર જ. મહેતાને પત્ર", ૨૫-૧૧-૧૯૨૬.

૨. રેવાશંકરભાઈના પુત્ર.

૩. મળતો નથી.

૪. દયાનંદ સરસ્વતી, સત્યાર્થપ્રકાશના લેખક અને આર્યસમાજના સ્થાપક.

Gandhi Heritage Portal

આર્ય શબ્દ વાપરવામાં કૃત્રિમતા જોઉં છું. હિંદુ શબ્દની ઉત્પત્તિ ગમે તેમ થઈ હોય પણ તે શબ્દમાં જે અર્થ સહેજે સમાય છે તે બીજામાં બળાત્કારે જ આવે.

જન્મે આપણે બધાં તુચ્છ છીએ. સંસ્કાર પડ્યે જ દ્વિજ થવાય એ એક શ્લોકનો ધ્વનિ છે. તે તો બીજા જન્મ ઉપર ભાર મૂકે છે. બંને તે તે દૃષ્ટિએ યોગ્ય છે. જન્મ પૂર્વસંસ્કારને અનુસરે છે. નવા સંસ્કાર તેમાં કંઈક ફેરફાર કરે છે. જેવા આપણે જન્મ્યા છીએ તેવા મનાવામાં નમ્રતા છે ને શક્તિનો સંગ્રહ છે.

પ્રારબ્ધ એટલે જન્મ પહેલાં થયેલાં કર્મનાં ફળ. પુરુષાર્થ એટલે તેમાં આવશ્યક ફેરફાર કરવાનો પ્રયત્ન. કેટલીક વેળા બંને વિરોધી હોય છે તો કેટલીક વેળા સાથે ચાલે છે. તેથી કોઈ કોઈથી હમેશાં બળવાન છે એમ ન કહેવાય. પ્રારબ્ધને ભુલાય નહીં. પુરુષાર્થને છોડાય નહીં. તેથી જ નિષ્કામ કર્મનું મહત્ત્વ ગણાયું છે.

**મોહનદાસના**
વંદે માતરમ્

ભાઈશ્રી બાપુભાઈ નારણજી વશી
અનાવિલ આશ્રમ, નાનપરા
સુરત

[મૂળ ગુજરાતી]

પત્રની માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૯૯૬૫

## ૫૫. ધનશ્યામદાસ બિરલાને પત્ર

કારતક સુદ ૧૪, ૧૯૮૩ [નવેમ્બર ૧૮, ૧૯૨૬]

ભાઈ ઘનશ્યામદાસ,

તમારો પત્ર મળ્યો છે. જીનિવા સંબંધી મારો અભિપ્રાય તમારા કાશીને સરનામે કેટલાય દિવસ પહેલાં મેં મોકલી આપ્યો છે. દેવીપ્રસાદજીના પત્ર પરથી એમ જણાય છે કે તમે બંધાઈ ચૂક્યા છો. એમ હોય તો જવા ન જવાનો સવાલ ઊભો જ થતો નથી. વાત એમ હોય તો તમારે જવું જ જોઈએ.

**તમારો**
**મોહનદાસ**

[મૂળ હિંદી]

પત્રની છબી પરથી : સી. ડબલ્યુ. ૬૧૩૮; શ્રી ઘનશ્યામદાસ બિરલાના સૌજન્યથી

Gandhi Heritage Portal

## ૫૬. પરમેશ્વરદયાળ ગુપ્તને પત્ર

નવેમ્બર ૧૯, ૧૯૨૬

પ્રિય ભાઈ,

તમારા પ્રશ્નો વિશે યંગ ઇન્ડિયામાં ખાસ લખવાનો વિચાર નથી. આવી મુશ્કેલીઓ વિશે અગાઉ મેં લખ્યું છે અને હાલ લખી રહ્યો છું તે લેખમાળામાં કદાચ એ વિશે લખું પણ ખરો.

રામ અને કૃષ્ણને પુસ્તકોમાં આલેખ્યા છે તેવાં ઐતિહાસિક પાત્રો હું માનતો નથી. રાવણ વાસનાઓનું અને કૌરવો આપણામાં રહેલા અશુભ તત્ત્વનું પ્રતીક છે. રામાયણ અને મહાભારતનો ઉદ્દેશ અહિંસાનો બોધ કરવાનો છે.

મહાભારતમાં કહેવાયેલું બધું ઈશ્વરની વાણી છે એમ હું માનતો નથી.

તમે મારાં અહિંસા પરનાં લખાણો ફરીથી વાંચશો તો તમે ટાંકેલા ફકરાઓ વચ્ચે વિસંગતિ નહીં જુઓ.

માણસ અહિંસાત્મક ઉપાયોથી પોતાના દેશનું સંરક્ષણ કરી ન શકે તો કાયરની પેઠે તાબે થઈ જવા કરતાં હિંસાત્મક સાધનો વાપરવાં તેને માટે વાજબી ગણાય.

કોઈ પણ જોખમે સત્ય કહેવું જ જોઈએ એમ હું જરૂર કહું છું. પણ માણસ હકીકત પ્રગટ કરવા હમેશાં બંધાયેલો નથી.

તમારો સહૃદયી

પરમેશ્વરદયાળ ગુપ્ત
ક્રાઇસ્ટ ચર્ચ કૉલેજ
કાનપુર

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૯૭૪૦

Gandhi Heritage Portal

## ૫૭. સત્યાનંદ સરસ્વતીને પત્ર

સાબરમતી,

નવેમ્બર ૧૯, ૧૯૨૬

પ્રિય સ્વામીજી,

પત્ર મળ્યો. રાજેન્દ્રબાબુ કશું હીન કામ કરી જ ન શકે એવા છે એમ હું માનું છું. પણ રાજેન્દ્રબાબુને તમારો પત્ર મોકલવાની રજા આપતા હો તો હું તેમનો ખુલાસો મેળવી શકું.

મુસલમાનોના મારા મૂલ્યાંકન વિશે મને પસ્તાવો નથી થતો.

તમારો સહૃદયી

સ્વામી સત્યાનંદ સરસ્વતી
બી. એન. સિંહાને ત્યાં
સમસ્તીપુર
બી. એન. ડબલ્યુ. રેલવે

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૯૭૪૨

## ૫૮. દેવચંદ પારેખને પત્ર

[નવેમ્બર ૧૯, ૧૯૨૬][1]

ભાઈશ્રી ૫ દેવચંદભાઈ,

તમારો કાગળ મળ્યો. દાક્તર પ્રાણજીવનદાસને તકલીફ ન અપાય.[2] પણ રેવાશંકરભાઈને[3] લઈ શકાય. નાનાભાઈ નરસિંહપ્રસાદને પસંદ કરો? જમનાલાલજી જોઈએ? અંગ્રેજીની તકલીફ પૂરી છે. નહીં તો રાજગોપાલાચારીને લેવાય. કૃપાલાની લેશો? કોઈ પણ ખાસ ખાદીપ્રેમીને લો એમ મારી સૂચના થશે. નામને બદલે કામને જુઓ એમ મારો અભિપ્રાય છે. તમારો તાર મળ્યો છે. ૩૦મી મને અનુકૂળ છે.[4]

બાપુ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : જી. એન. ૫૭૦૫ તથા એસ. એન. ૨૭૬૧૦

૧. ટપાલની છાપ પરથી.
૨. કાઠિયાવાડ રાજકીય પરિષદનું પ્રમુખપદ આપીને.
૩. ડૉ. પ્રાણજીવન મહેતાના ભાઈ રેવાશંકર ઝવેરી.
૪. કાઠિયાવાડ રાજકીય પરિષદની કાર્યવાહક સમિતિની બેઠક ભરવા માટે.

Gandhi Heritage Portal

# ૫૯. બહેરામજી ખંભાતાને પત્ર

શુક્રવાર [નવેમ્બર ૧૯, ૧૯૨૬][1]

ભાઈશ્રી ૫ બહેરામજી,

તમારો કાગળ મળ્યો. જ્યારે અવાય ત્યારે આવજો. હું અહીંથી ૨જી ડિસેમ્બરે નીકળવાનો છું. પાછો ક્યારે આશ્રમમાં આવીશ એ નક્કી નથી. તમને કોઢ નીકળવાનો ભય છે એમ દેવદાસે મને ચેતવણી આપી હતી. જો કોઢ નીકળે તોયે શું? એથી ચિંતા કરવાની કે ગભરાવાની કશી જરૂર નથી. કોઢ જ હોય તોપણ તમે આનંદિત રહી શકો એટલું જ્ઞાન તમારે વિશે છે એમ હું માની લઉં છું. વહેલા આવી જશો તો આપણે વાતો કરશું.

મિસિસ એડીનું પુસ્તક સામાન્ય છે. તેમાં કશું નવું નથી. તેની ભાષામાં વૈચિત્ર્ય છે. તે બાઈમાં અમુક શક્તિ હશે પણ મને તેના જ્ઞાનનો દુરુપયોગ લાગ્યો છે. દુ:ખ મટાડવાનો ઈલાજ દુ:ખ સહન કરવામાં છે. દુ:ખ મટાડવાને સારુ મનુષ્યે આધ્યાત્મિક શક્તિનો ખર્ચ જ ન કરવો જોઈએ. જિસસે દરદીઓનાં દુ:ખ મટાડ્યાં તેનો અર્થ એવો નથી કે બધાએ આધ્યાત્મિક શક્તિથી પોતાનાં દુ:ખ મટાડતા થઈ જવું. શરીર જે નાશવંત છે તેને મટાડવાના ઈલાજ જો લેવાય તો તે પણ શારીરિક હોવા જોઈએ.

તેથી ઈશ્વર પ્રત્યે માંદાની પ્રાર્થના આમ હોય :

"હે ઈશ્વર! આ રોગ મારાં જાણેઅજાણ્યે થયેલાં પાપોનું પરિણામ છે. મને તું પાપથી મુક્ત કરજે. ને આ દુ:ખ સહન કરવાની શક્તિ દેજે."

રોગી એમ માને છે કે રોગ નથી, તે એક જાતની મૂર્છા છે. રોગી જાણે કે તે રોગી છે છતાં તે નિર્લેપ રહે તેમાં પુરુષાર્થ છે. રોગી પોતાનું પૃથક્કરણ કરી આત્મા ને શરીરને નોખાં સમજી બંનેનો સંબંધ સમજી મોક્ષનું રહસ્ય સમજે.

મારી તમને ખાસ સલાહ છે કે તમે ક્રિશ્ચિયન સાયન્સને છોડજો. તમારી વ્યાધિના સામાન્ય ઈલાજો કરવા હોય તે સુખેથી કરો અથવા શાંત રહી ઈશ્વર ઉપર ભરોસો રાખી બેસો. મધ્યમ માર્ગ એ જ કહે છે. નિર્દોષ લાગે તે ઈલાજો કરવા ને સહનશીલતા કેળવવી.

આમાં મને કંઈ કહેવા જેવું લાગે તે કહેજો. જેટલા ધ્યાનપૂર્વક મિસિસ એડીનું પુસ્તક તમે વાંચ્યું હોય તેટલા ધ્યાનપૂર્વક મેં નથી જ વાંચ્યું. મેં તો તેને ઉપર ઉપરથી જોયું છે. જો મેં તેમને અન્યાય કર્યો હોય તો તે અજાણપણે છે. પણ મારી ઉપર જે છાપ પડી છે તે તમારાથી કેમ સંતાડાય?

તેથી છેલ્લી વાત એ છે કે મારા વિચારો ગમે તેવા હોય તેને તમે તોળજો, પણ ખરું તો તમારો અંતરાત્મા કહે તે જ માનજો. પોતે જ પોતાને બંધનમાં નાખે છે ને છોડે છે. બીજા તો બોલીને અળગા રહેનારા હોય છે.

૧. નવેમ્બરની ૨૧મીએ મહાદેવ દેસાઈએ બહેરામજીને લખ્યું અને આ કાગળને ઉદ્દેશીને પૂછ્યું: "ક્રિશ્ચિયન સાયન્સ વિશેનો બાપુનો પત્ર તમને મળ્યો?" એટલે પત્ર એ પહેલાંના શુક્રવારે એટલે ૧૯મી નવેમ્બરે લખેલો જણાય છે.

Gandhi Heritage Portal

તમને બંનેને આશીર્વાદ.

બાપુ

શ્રી બહેરામજી ખંભાતા
૨૭૫, હૉર્નબી રોડ
ફૉર્ટ
મુંબઈ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : સી. ડબલ્યુ. ૫૦૧ તથા એસ. એન. ૧૯૯૬૬ એમ. અને જી. એન. ૭૫૩૪

## ૬૦. હરજીવન મ. વ્યાસને પત્ર

કારતક પૂર્ણિમા, ૧૯૮૩ [નવેમ્બર ૧૯, ૧૯૨૬]

ભાઈશ્રી ૫ હરજીવન,

તમારો પત્ર પહોંચ્યો.

તમારા બંને પ્રશ્નો વિશે મારી દૃષ્ટિ જુદી જ છે.

મિલનાં કપડાંમાં ચરબી પડો વા ન પડો, પણ તે કપડાના ઉપયોગથી કરોડોની ચરબી ચુસાય છે તેથી તે ત્યાજ્ય છે.

પરદેશી ખાંડ સાફ કરવામાં હાડકાં વપરાય છે તો દેશીમાં નહીં જ વપરાતાં હોય એમ માનવાનું કારણ નથી. પણ ખાંડ ઈત્યાદિ પદાર્થોનો ઓછામાં ઓછો ઉપયોગ ઈષ્ટ છે.

વસ્તુમાત્રની બનાવટને ઝીણવટથી જોઈએ તો તેમાં કંઈ ને કંઈ દોષ જોવામાં આવશે જ. તેથી વિચારવાન ઓછામાં ઓછી વસ્તુઓના ઉપયોગથી ચલાવશે ને તેમાંયે જ્યારે પડોશની મળશે ત્યારે બહારની સારી લાગતીનોયે ત્યાગ કરશે.

મોહનદાસ ગાંધીના
વંદે માતરમ્

બ્રહ્મચારી હરજીવન મણિશંકર વ્યાસ
ઝમકા, પોસ્ટ બગસરા, ભાયાણી
કાઠિયાવાડ

[મૂળ ગુજરાતી]

પત્રની માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૯૯૬૭

Gandhi Heritage Portal

## ૯૧. સતીશચંદ્ર મુખરજીને પત્ર

નવેમ્બર ૨૦, ૧૯૨૬

પ્રિય સતીશબાબુ,

તમારો લાંબો પત્ર વાંચી આનંદ થયો. પણ તમને મલેરિયા થયો હતો અને કૃષ્ણદાસને માઠો અનુભવ થયો એ જાણી દિલગીર થયો. તમારી તબિયત સંભાળશો અને કૃષ્ણદાસને પાસે જ રાખશો. તમારે તથા કૃષ્ણદાસને વિશે મને જણાવતા રહેશો.

તમારી હિતકારક ટીકા માટે આભારી છું. લખી રહ્યો છું તે લેખમાળામાં એમાંના કેટલાક મુદ્દાની ચર્ચા કરીશ. વધુમાં વધુ લોકોનું વધુમાં વધુ હિત, એ સિદ્ધાંતનો અહિંસાના આધાર પર બચાવ થઈ શકે એમ મને લાગતું નથી. અહિંસા સર્વના વધુમાં વધુ હિતનો આગ્રહ રાખે છે. કૂતરાઓને મારી નાખવાની વાતનો મારો બચાવ નિ:શંક અમુક અંશે ઉપયોગિતાવાદી છે અને આપણી નબળાઈને આપેલું નમતું તથા તેનો સ્વીકાર છે. પણ પીડાતાં પ્રાણીઓના નાશનો બચાવ ધર્મના ઊંચામાં ઊંચા આધાર પર થઈ શકે.

તમારો સહૃદયી

સતીશચંદ્ર મુખરજી
એસ. સી. ગુહાને ત્યાં
દરભંગા

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૯૭૪૩

## ૯૨. જમનાલાલ બજાજને પત્ર

કારતક વદ ૧ [નવેમ્બર ૨૦, ૧૯૨૬][1]

ચિ. જમનાલાલ,

તમારો પત્ર મળ્યો. તમે દીર્ઘાયુ થાઓ અને તમારી પવિત્રતામાં વૃદ્ધિ થાઓ. આ જગતમાં દૂષણ વિના તો કોઈ જ નથી. આપણે તો તેને દૂર કરવાને જ મથી શકીએ. તે પ્રયત્ન તમે કરી રહ્યા છો. પ્રયત્નશીલને દુર્ગતિ નથી એવો ભગવાનનો કોલ છે.

હવે તો જથીએ મળશું. ટાપ્ટીવેલીમાં થઈને આવવાનો વિચાર કરી રહ્યો છું. શાસ્ત્રિયાર કાલે આવે છે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : જી. એન. ૨૮૭૮ તથા પાંચમા પુત્રને બાપુના આશીર્વાદ, પા. ૩૯

૧. ટપાલની છાપમાં ૨૩-૧૧-૧૯૨૬, વર્ધાની તારીખ છે. આ કાગળ જમનાલાલને વર્ધામાં મળ્યો હતો.

Gandhi Heritage Portal

# ૯૩. અહિંસા–૭

[નવેમ્બર ૨૧, ૧૯૨૬]

એક ભાઈના પત્રનું અવતરણ ટૂંકું કરવાના હેતુથી તે મારી ભાષામાં આપું છું. ને તે તે પ્રશ્નોનો નીચે જવાબ આપું છું.

"જીવમાત્ર ઝૂરી ઝૂરીને મરે છે. નરકમાં પડેલો પણ જીવવા ઇચ્છે છે. કૂતરાંને પણ મરવું ગમતું નથી. તેથી જે મનુષ્ય તેને મારે છે તેને તે દુર્ગતિ આપવામાં સહાયભૂત થાય છે."

એક મનુષ્ય બીજાને મારીને તેને દુર્ગતિ કેમ આપી શકે એ મારી સમજની બહાર છે. મનુષ્ય પોતે જ પોતાના બંધનમોક્ષનું કારણ થાય છે, બીજાના નહીં. અહિંસાધર્મનું પાલન પોતાના જ મોક્ષને સારુ થાય છે.

"જે મનુષ્ય પોતાના સુખને સારુ હિંસા કરે છે તે પોતાની શક્તિનો દુરુપયોગ કરે છે."

આ નિર્વિવાદિત છે. કૂતરાંનો વધ જ્યાં મેં સૂચવ્યો છે ત્યાં કૂતરાંનું શ્રેય પ્રધાન હેતુ છે. તેમાં મનુષ્યનું સુખ રહેલું છે પણ તે ગૌણ છે. જે પોતાના સુખને જ સારુ વધ કરે છે તે તો હિંસા જ કરે છે.

"જો તમે એમ માનો કે જીવનો નાશ તો છે જ નહીં, દેહનો છે જ. તો પછી વહેલો કે મોડો તેનો નાશ થાય તેમાં શો બાધ? આ ઠીક છે, પણ તેથી કંઈ બીજાના જીવ લેવાનો મનુષ્યને ઇજારો નથી મળતો."

આને વિશે મને શંકા જ નથી. આવી હિંસા પણ આપણે અનિવાર્ય સમજી કરીએ છીએ, જેમ કે આહારાદિ નિમિત્તે થતી હિંસા. દેહ નાશવંત હોવાથી જોકે બીજાનો દેહ લેવાનો ઇજારો મનુષ્યને નથી મળતો, છતાં આવશ્યક પ્રસંગે તેનો નાશ કરતાં અચકાવું તે દેહનો પ્રતિક્ષણ થતો નાશ ભૂલી જવા જેવું છે. સડેલો હાથ કાપવામાંયે દેહનો નાશ છે, છતાં તે કાપીએ છીએ.

"વળી જો સામેના પ્રાણીના સુખનો વિચાર કરી તેને મારો તોપણ એ મોહ છે. સુખદુ:ખ જેવું જગતમાં છે જ નહીં. બીજાનું રિબાવું તમે જોઈ ન શકો એ જ તમારું અજ્ઞાન સૂચવે છે. બીજાના સુખદુ:ખની જેની ઉપર અસર થાય નહીં તે જ ભવ્ય આત્મા છે. અને તેથી તે કોઈની પણ હિંસા નથી કરતો."

આ પ્રશ્નમાં રહેલી દલીલમાં હું અજાણપણે મિથ્યાત્વ રહેલું જોઉં છું. બીજાના સુખદુ:ખની અસર જ્યાં નથી ત્યાં દયા નથી, જ્યાં દયા નથી ત્યાં ધર્મ નથી, અહિંસા નથી. બીજાનું સુખ શોધતાં જ અહિંસાની શોધ થઈ. મનુષ્યે જ્યારે પોતાને બીજામાં જોયો ને બીજામાં પોતાને જોયો ત્યારે તે બીજાને સુખે સુખી થયો, તેને દુ:ખે દુ:ખી થયો. તેથી તેણે પોતાના ઐહિક સુખના ત્યાગમાં આત્મિક સુખ અનુભવ્યું અને તેથી તે પોતાને અર્થે મૂર્છિત જગતની હિંસા કરતો અટક્યો.

"સંસારીનાં દુ:ખ મટાડવા પ્રયત્ન કરવો તે સંસારદૃષ્ટિ છે. એટલે તેમાં જ હિંસા છે. પછી તેમાંથી અહિંસાનું પ્રતિપાદન કેમ થઈ શકે?"

આ વાક્ય લખનારને કે કોઈને શોભે તેવું નથી જણાતું. આપણે બધા સંસારનાં દુ:ખ મટાડવાનો સતત પ્રયત્ન કરીએ છીએ. ભૂખ, તરસ, ટાઢ, તાપ મટાડવામાં આપણે ઘણો કાળ



Gandhi Heritage Portal

ગાળીએ છીએ. પણ જેઓ કેવળ પોતાનાં જ ભૂખાદિ મટાડી વિરમે છે તે સ્વેચ્છાચારી ભોગી ગણાય છે. જે બીજાનાં મટાડી પોતાનાં મટાડવા અલ્પ પ્રયત્ન કરે છે તે વીતરાગી ગણાય છે.

એક બીજા ભાઈ લખે છે :

"તમે રાયચંદભાઈને લખેલું ભૂલી ગયા જણાઓ છો. તમે તેમને પૂછ્યું : 'મને સર્પ કરડવા આવે ત્યારે મારે શું કરવું?'[1] તેમણે કહ્યું, 'તમારે તમારો દેહ જતો કરવો પણ સર્પને ન હણવો.' હવે તમે કૂતરાંને વિશે બીજો ન્યાય કાઢ્યો જણાય છે."

મેં બીજો ન્યાય નથી કાઢ્યો. મારે સારુ કોઈને મરવાનું મેં સમર્થન કર્યું નથી. મારો એવો પ્રયત્ન છે કે મને સર્પ કરડવા આવશે કે કોઈ મારવા આવશે ત્યારે તેને મારીને હું જીવવા ન ઈચ્છું ને મને દેહ જતો કરવાની શક્તિ ઈશ્વર આપે. આપણી ચર્ચામાં સમાજદૃષ્ટિ છે અને દુ:ખે રિબાતા પ્રાણીની પોતાની દૃષ્ટિ છે. દુ:ખે રિબાતો સર્પ જેને જિવાડવાનો મારી પાસે કોઈ ઈલાજ નથી તેને મારવો કે નહીં એ પ્રશ્ન મેં રાયચંદભાઈને પૂછ્યો હોત અથવા મારી રક્ષા નીચે રહેલા કોઈને તે ડંખવા આવે ને તેને વાળવાની મારી શક્તિ ન હોય તો રક્ષિતની રક્ષા ખાતર મારે મારવો કે નહીં એ પ્રશ્ન મેં પૂછ્યો હોત તો રાયચંદભાઈ શો જવાબ આપત એ આપણામાંના કોઈ ચોક્કસ રીતે ન કહી શકીએ. મારા અભિપ્રાય વિશે મને શંકા નથી.

એક ત્રીજા ભાઈ લખે છે :

'તમારાં લખાણો પર મને બહુ શ્રદ્ધા છે. પણ તમારાં હમણાંનાં લખાણ શંકા ઉપજાવે છે. શ્રીમદ્ અમૃતચંદ્ર આચાર્યના મતથી તમારો મત વિરુદ્ધ જતો જણાય છે, જોકે આજ લગી આચાર્યજીના મતને તમારો મત મળતો જણાયો છે.

તેઓ કહે છે :

रक्षा भवति बहूनामेकस्यैवास्य जीवहरणेन ।
इति मत्वा कर्तव्यं न हिंसनं हिंस्रसत्त्वानाम् ।।

આ એક જીવને મારવાથી બહુ જીવોની રક્ષા થાય છે એમ માનીને હિંસક જીવોની પણ હિંસા ન કરવી ઘટે.

बहुसत्त्वघातिनोऽमी जीवन्त उपार्जयन्ति गुरुपापम् ।
इत्यनुकम्पां कृत्वा न हिंसनीयाः शरीरिणो हिंस्राः ।।

અથવા બહુ જીવોના ઘાતી આ જીવ જીવતા રહેશે તો અધિક પાપ ઉપાર્જન કરશે એમ માની દયા ખાઈને પણ હિંસક જીવોને ન મારવા ઘટે.

वहु दुःखसंज्ञापिताः प्रयान्ति त्वचिरेण दुःखविच्छित्तिम् ।
इति वासनाकृपाणीमादाय न दुःखिनोऽपि हन्तव्याः ।।

અથવા 'અનેક દુ:ખોથી પીડિત જીવ શીઘ્ર દુ:ખમુક્ત થશે.' એવા વિચાર રૂપી તલવાર લઈ તે વડે પણ દુ:ખી જીવને ન મારવા ઘટે.

આમાં ને તમારા હમણાંના વિચારમાં ભેદ જોવામાં આવે છે. આનું વધારે સ્પષ્ટીકરણ પુરુષાર્થસિદ્ધ્યુપાયમાં થાય છે તે જોયા બાદ તમે તમારો અભિપ્રાય આપો એમ માગું છું.'

પુરુષાર્થસિદ્ધ્યુપાય મને શ્રી રેવાશંકરભાઈએ દક્ષિણ આફ્રિકામાં મોકલ્યું હતું ત્યારે તે વાંચી ગયેલો. મારા વિચારો અત્યારે કોઈને અવલંબતા નથી. તે બધા મેં પ્રથમ ગમે ત્યાંથી ગ્રહણ

૧. જુઓ પુસ્તક ૧, પા. ૯૮.

Gandhi Heritage Portal

કર્યા હોય પણ અત્યારે તો તે મારા જીવનનો અંશ છે અને તે બતાવવાનું પ્રાપ્ત થતાં જ મારે બતાવવા પડ્યા છે. અહિંસાધર્મની આવી સૂક્ષ્મ ચર્ચાથી તાત્કાલિક બહુ લાભ થાય તેમ હું નથી માનતો. પણ અત્યારે તેને વિશે મારી દૃષ્ટિએ એટલું બધું અજ્ઞાન વર્તે છે કે જો હું કોઈ પણ ભયને લીધે કે મોહને વશ થઈને મારા વિચારો દાબું તો દોષમાં પડું એમ માનું છું. તેથી જ લાચાર થઈ આ લેખમાળા લખી રહ્યો છું.

મારી મતિ પ્રમાણે જે શ્લોક ઉપર ટાંક્યા છે તેમાં ને મારા વિચારમાં ભેદ નથી. પણ કદાચ એમ સિદ્ધ થતું હોય તોયે મારો અભિપ્રાય મને અહિંસાધર્મને અનુસરતો લાગવાનો સંભવ છે.

મજકૂર શ્લોકનો આશય હું એવો સમજું છું કે મનુષ્યે તેમાં વર્ણવેલી ભાવના ભાવીને કોઈ પણ વધ ન કરવો. કારણ સ્પષ્ટ છે. એવા વધ અનિવાર્ય અને તેથી સ્વાભાવિક હોવા જોઈએ. ભાવના ભાવવામાં ઈરાદો અને આરંભ આવે છે, અને ઈરાદો–આરંભ હિંસાત્મક છે. સહજપ્રાપ્ત ધર્મ–જેને ગીતા નિષ્કામ કર્મ કહે છે, તે ઉકેલવું એ મુમુક્ષુનું કર્તવ્ય છે. તેણે જગતના મોક્ષનો વિચાર નથી કરવાનો પણ પોતાના મોક્ષમાર્ગમાં આવતી સેવા કરવાની છે. મેલાં પાણીનાં ખાબોચિયાં મારે પૂરવાં જોઈએ. પણ તે મને સ્વાભાવિક હોવાથી હું પૂરું. પૂરતી વેળા 'આમ કરવાથી હું જગતની સેવા કરું છું' એવું અભિમાન ન રાખું. પણ તેમ કરતાં સૂક્ષ્મ જંતુનો વધ થશે ને સમાજની સેવા થશે એ જ્ઞાન મને નહીં હોય એવો આચાર્યનો આશય હોય એમ મને ભાસ નથી. આચાર્યનાં એ વચનોમાં નિરભિમાન, નમ્રતા, અલ્પારંભ ઇત્યાદિની રક્ષા છે. વધ કર્યા વિના ન જ ચાલે એવો પ્રસંગ આવે ત્યારે પણ કેવી માનસિક સ્થિતિ હોવી જોઈએ એ બતાવવા આ શ્લોકો રચાયા જણાય છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૧–૧૧–૧૯૨૬

## ૬૪. યજ્ઞ-સૂતરની ખાદી

અખિલ ભારત ચરખા સંઘના એક સભ્ય લખે છે :

> સભ્યો તરફથી મળતા સૂતરમાંથી ખાદી વણાવી વેચાય છે તેમાંથી ઉત્પન્ન થતા પૈસાની શી વ્યવસ્થા કરવામાં આવે છે? એ ખાદી ગરીબોને વણામણ ને બીજો ખર્ચ ચડાવીને– એ રીતે ઓછી કિંમતે આપવામાં આવે તો શું ખોટું? આજે ચાલતી પ્રથાથી કયો લાભ થતો આપને જણાય છે? આ વિશેનો ખુલાસો નવજીવન દ્વારા કરો એમ ઇચ્છું છું.

આ પ્રશ્નનો ઉત્તર એક વેળા અપાઈ ગયો છે એવું મને ભાન છે. યજ્ઞમાં સૂતર હજુ તો એટલું બધું ઓછું, ને જોકે દિવસે દિવસે સુધરતું જાય છે છતાં અવ્યવસ્થિત આવે છે કે તે સૂતર લેવારાખવાનું ખર્ચ નીકળે છે. તેથી તે સૂતરની જે ખાદી બને છે તે સામાન્ય ભાવે વેચી નાખવામાં આવે છે. ગરીબોને પહોંચી વળવા જેટલી ખાદી નથી યજ્ઞના સૂતરમાંથી બનતી, નથી બીજા સૂતરમાંથી. પણ ગરીબોને સૂતરનો યજ્ઞ અન્નપૂર્ણા આપે છે. ગરીબોના કાંતેલા સૂતરમાંથી જે ખાદી ઉત્પન્ન થાય છે તે, મિલના કપડા કરતાં વાર દર વાર મોંઘી છતાં, મધ્યમ વર્ગના ને ધનિક વર્ગના લોકો લઈ, કાંતવાની કળાને હાલ સફળ કરી રહ્યા છે. આ નાના પાયા

Gandhi Heritage Portal

ઉપર ચાલતો યજ્ઞ જ્યારે વ્યાપક થશે ત્યારે ગરીબવર્ગ ખાદી લગભગ મફત પહેરશે ને મધ્યમ તથા ધનિકવર્ગ સસ્તી પહેરશે. અત્યારે ચરખા સંઘને મળતા સૂતરમાં ભાવના પોષાય છે. તેની વૃદ્ધિ થયે અર્થ પોષાશે. જો ચરખા સંઘમાં સભ્ય હોય નહીં ને તેઓને સારુ કાંતવાની શરત હોય નહીં તો અત્યારે જેઓ ખાદીકાર્ય કરી રહ્યા છે તે હોય નહીં. તેથી જોકે ચરખા સંઘને મળતા સૂતરની ખાદી હજુ ગરીબો પહેરતા નથી થયા તોયે તેની પ્રવૃત્તિનો લાભ તો બધો તેઓને જ મળે છે. ચરખા સંઘની હસ્તી જ ગરીબો નિમિત્તે છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૧–૧૧–૧૯૨૬

## ૬૫. નોંધ

### સ્વ. સર લલ્લુભાઈ આશારામ

સર લલ્લુભાઈ આશારામનો દેહાંત કોને દુઃખ નહીં દે? ગુજરાતનું એઓ ભૂષણ હતા. એમની ન્યાયબુદ્ધિને વિશે સહુ એકમુખે સ્તુતિ કરી રહ્યા છે. મને પોતાને તેમનો પરિચય બહુ થોડો હતો, પણ જ્યાં જ્યાંથી સાંભળું છું ત્યાં ત્યાં તેમના ચારિત્ર્યની સ્તુતિ જ કાને પડે છે. વિદ્વત્તા, લક્ષ્મી અને ચારિત્ર એમ ત્રણેનો મેળાપ ભાગ્યે જોવામાં આવે છે. તે સર લલ્લુભાઈને વિશે હતો. તેમને સારુ દરેક ગુજરાતી, દરેક હિંદી અભિમાન લઈ શકે, તેમના ગુણોનું અનુકરણ કરે. સર લલ્લુભાઈનાં કુટુંબીજનોને ઈશ્વર આ મહાદુઃખ સહન કરવાની શક્તિ અને ધીરજ આપો.

### કાઠિયાવાડમાં ખાદીની ફેરી

અમરેલી ખાદી કાર્યાલયે મોટા જથ્થામાં ખાદી ઉત્પન્ન કરી છે એ હું અગાઉ લખી ચૂક્યો છું. એ ખાદી કાઠિયાવાડમાં ખપવી જોઈએ એવો મારો અભિપ્રાય છે. ખાદીની ફેરી કરવી પડે છે એટલી આપણી દુર્દશા છે. જો ખાદી ઘેર બેઠાં ખપે તો ફેરી કરનારાઓની શક્તિનો વ્યય વધારે ઉત્પત્તિમાં થાય. ઉત્પત્તિ કંઈ શોખને ખાતર નથી થતી. પણ બિનધંધાવાળી બહેનોને ધંધો આપવા ખાતર થાય છે. આ વસ્તુને જાણનારા કાઠિયાવાડીઓએ કાઠિયાવાડની ખાદીનો ઉપયોગ કરી લેવો જોઈએ. આમાં ભારતવર્ષની સેવા છે. આમાં સાચું અર્થશાસ્ત્ર છે. આપણે સહુ પોતપોતાનો બોજો ઉપાડી લઈએ તો તેમાં જ આખા જગતની સેવા આવી જાય. જગત પારકા બોજા ઉપાડીને કચડાય છે. થોડા ધનિક જો ઘણા ગરીબની કાંધ ઉપરથી ઊતરી પડે તો તેઓનો બોજો ઊતરે. પણ દુનિયામાં તવંગર ને ગરીબ તો રહેવાના જ. તેથી ગરીબોની સેવાનો ધર્મ પ્રાપ્ત થયો. આપણને ગરીબના જેવા થવાની શક્તિ ન હોય પણ તેમના દુઃખમાં ભાગ લેવાની શક્તિ તો બધાને હોય.

તેથી કાંતવાની આવશ્યકતા. જો આપણે ગરીબોએ કાંતેલા સૂતરની ખાદી ગરીબોની પાસે વણાવી પહેરીએ તો એટલી આપણે તેમની સેવા કરી કહેવાય.

હવે આ સેવા આપણે આપણા નજીકના પાડોશીથી શરૂ કરવી ઘટે. એટલે કાઠિયાવાડની ખાદી પ્રથમ તો કાઠિયાવાડીએ જ લેવી જોઈએ.

Gandhi Heritage Portal

પણ તે તો મોંઘી પડે છે, જાડી છે, સાફ નથી, ટકાઉ નથી. આ બધા દોષો હોય તે છતાં તે લેવી જોઈએ એવી મારી મતિ છે. માએ ઘડેલી જાડી, વાંકી, ને મોંઘી રોટલી દિલ્હીની બનેલી ગોળ, શોભીતી અને સોંઘી રોટી કરતાં વધારે આવકારદાયક છે.

આ વિચારને આધીન થઈને અબ્બાસ સાહેબ પાછા કાઠિયાવાડમાં ફેરી શરૂ કરશે. તા. ૧૯મીએ આરંભ થશે. કાર્યક્રમ આ પ્રમાણે છે:

| | |
|---|---|
| ગોંડળ | તા. ૧૯, ૨૦ |
| ધોરાજી | ,, ૨૨, ૨૩, ૨૪ |
| રાણાવાવ | ,, ૨૬,૨૭ |
| માણાવદર, બાટવા | ,, ૧, ૨, ૩, ૪ |
| માંગરોળ | ,, ૪, ૫, ૬ |
| જૂનાગઢ | ,, ૧૦, ૧૧ |
| જેતપુર | ,, ૨૦, ૨૧, ૨૨ |
| ઉપલેટા | ,, ૨૪, ૨૫ |
| પોરબંદર | ,, ૨૮, ૨૯, ૩૦ |
| વેરાવળ | ,, ૭, ૮, ૯ |
| જામનગર | ,, ૧૨, ૧૩, ૧૪ |

મારી ઉમેદ છે કે આ બધી જગ્યાએ લોકો તેમને ને તેમના કામદારોને વધાવી લેશે ને ખાદી ખપાવી દેશે.

એટલું કહેવા ઇચ્છું છું કે ચાર વર્ષ પૂર્વે હતી તેના કરતાં આજની ખાદી સારી છે, ઝીણી છે, ટકાઉ છે ને સસ્તી છે. કાળ જતાં ને ઉત્તેજન મળતાં હજુ વધારે સારી ને સસ્તી થશે. એ સ્થિતિ લાવવી એ પણ આપણા જ હાથમાં છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૧–૧૧–૧૯૨૬

## ૬૬. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર

નવેમ્બર ૨૨, [૧૯૨૬][1]

પરમ પ્રિય ચાર્લી,

પ્રાર્થનાદિન[2] અંગેનો તમારો તાર હમણાં જ મળ્યો. હું એ સરોજિનીને મોકલી આપું છું અને યંગ ઇન્ડિયામાં[3] તેનું સબળ સમર્થન કરતો અગ્રલેખ લખું છું. તે દિવસે આખો

૧. મૂળ પત્રમાં વરસ નથી લખ્યું. ૨૫–૧૧–૧૯૨૬ની 'નોંધ' હેઠળના સંસ્થાનમાં જન્મેલા હિંદીઓ વિશેના લેખના ઉલ્લેખથી આ વર્ષ ધારી લીધું છે.

૨. ગોળમેજી પરિષદ માટે ભારત સરકારનું પ્રતિનિધિમંડળ દક્ષિણ આફ્રિકા આવી પહોંચે તે પછીના રવિવારે તા. ૧૯ ડિસેમ્બરે પાળવા ઠરાવાયેલો દિન. ચાર્લ્સ ફ્રીયર ઍન્ડ્રૂઝના પૃ. ૨૨૨ પર આમ લખ્યું છે: દરખાસ્ત ચારે બાજુથી વધાવાઈ. ભારતમાં ગાંધી અને મેટ્રોપોલિટન ડૉ. વેસ્ટકોટે તેમના લોકોને તેની ભલામણ કરી; દક્ષિણ આફ્રિકામાં કેપટાઉન અને જોહાનિસબર્ગના ધર્મગુરુઓની આગેવાની નીચે અંગ્રેજ ખ્રિસ્તીઓ પ્રાર્થનામાં હિંદીઓ ભેગા ભળ્યા અને સ્ટેલેનબોકના ડૉ. દ પ્લેસિસે આફ્રિકન લોકોને એવી જ હાકલ બહાર પાડી.

૩. જુઓ "પ્રાર્થનાનો દિવસ", ૨૫–૧૧–૧૯૨૬.

Gandhi Heritage Portal

આશ્રમ તમારી પ્રાર્થનામાં જોડાશે. એ દિવસે હું વર્ધામાં હોઈશ એવી ધારણા છે. શરીર ત્યાં વિનોબા અને જમનાલાલજી સાથે હશે, પણ હું તે દિવસે અંતરથી તમારી સાથે હોઈશ.

શાસ્ત્રી[1] કાલે અહીં હતા. અમારે લાંબી અને શાંતિથી વાતચીત થઈ.

કૃપા કરી આટલું યાદ રાખશો કે ઐચ્છિક કે અન્ય પ્રકારની સ્વદેશ પાછા ફરવાની કોઈ યોજનાને અમારા તરફથી કોઈ સંમતિ નહીં મળે. પાછા ફરેલા પ્રવાસીઓની સંભાળ લેવા અમે અલબત્ત બંધાયેલા જ છીએ. પણ એ વાત કોઈ યોજનાનો ભાગ બની શકે નહીં. એવી કોઈ કબૂલાત સ્વદેશ પાછા ફરવાની વાતને તરત જ કાયદામાં નહીં પણ તત્ત્વમાં તે ફરજિયાત બનાવી મૂકશે.

તમને યંગ इन्डिया નિયમિત મળતું હશે. લગભગ દરેક અંકમાં હું દક્ષિણ આફ્રિકાને લગતી બાબતો પર લખતો રહું જ છું. આવતા અંકમાં સંસ્થાનમાં જન્મેલા હિંદીઓ વિશે લેખ આવશે. તેમાં એમને ભેદભાવવાળા વ્યવહારની માગણી ન કરવાની અપીલ હશે.

તમારી તબિયત સારી રહેતી હશે એવી આશા છે.

અહીંયાં ચૂંટણીઓએ વાતાવરણને ઝેરી બનાવી મૂક્યું છે.

તમારો
મોહન

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : જી. એન. ૯૬૭

## ૯૭. સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર

નવેમ્બર ૨૨, ૧૯૨૬

પ્રિય સતીશબાબુ,

તમારા બે પત્રો મળ્યા. કૅપ્ટન પેટાવલ વિશેનો તમારો પત્ર વાંચનાર તમારી ઉપર વિનોદ-વૃત્તિના અભાવનો આરોપ મૂકી શકે તેમ નથી. સંક્ષિપ્ત અને વેધક વ્યંગની બાબતમાં એ પત્રમાં કોઈ સુધારાને અવકાશ નથી.

તમારા પ્રફુલ્લબાબુ વિશેના પત્રથી ઘણું દુ:ખ થયું. આ અણધાર્યા પલટાનું કારણ તમે જણાવ્યું હોત તો સારું થાત. પોતે હવે શું કરનાર છે? ક્ષિતીશબાબુ જેવા મૂક ઉત્સાહવાળા પુરુષ મારી, એટલે ચળવળની નજીક આવે એનું મારે મન ઘણું ભારે મૂલ્ય છે.

તમે કોઈ પણ કારણે તમારી સમતા ખોશો નહીં. રામના વનવાસનો 'અયોધ્યાકાંડ'માંનો ભાગ ફરી ફરી વાંચશો. દુ:ખસહનમાં આનંદ માણતાં એ કોઈને પણ શીખવે એવું છે. તમારી પોતાની શ્રદ્ધા તમને છોડી જતી ન હોય ત્યાં સુધી આખી દુનિયા તમને છોડી જાય તોપણ શું? ખાદીમાં કંઈકે સત્ય હશે તો તે અને તેના ખરા પ્રતિનિધિઓ આવા કેટલાય વધુ આઘાતને જીરવી જશે. તમારે જલદીથી વર્ધા આવી કેટલાક દિવસ શાંતિમાં ગાળવા જોઈએ.

અલબત્ત, તમને જરૂરી જણાતું હોય તો પ્રફુલ્લબાબુને લખવા તમે મને જણાવશો.

૧. વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રી.

Gandhi Heritage Portal

આ સાથે અભય આશ્રમથી પ્રસિદ્ધિ માટે મળેલો પત્ર બીડું છું. એનું શું કરવું તે જણાવશો. સુરેશબાબુને લખું છું કે પ્રગટ કરતાં પહેલાં તે તમારા પર મોકલું છું.

હેમપ્રભાદેવીનો પત્ર મધુરો છે.

બાપુ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : જી. એન. ૧૫૬૪

## ૬૮. હેમપ્રભાદેવી દાસગુપ્તાને પત્ર

સોમવાર [નવેમ્બર ૨૨, ૧૯૨૬][1]

પ્રિય બહેન,

તમારા પત્રથી આનંદ થયો. તમારે મને હમેશાં લખતાં રહેવું જોઈએ.

પ્રફુલ્લબાબુ કેમ નીકળી ગયા એની મને ખબર નથી. જગતમાં આવું આવું તો બન્યા કરવાનું. દુઃખ સહન કરવાથી આત્મા વિકાસ પામે છે એ તમે સાચું જ કહ્યું. બધા ધર્મો આ જ વાત શીખવે છે.

તમે સૌ હવે સાજાં છો જાણી નિરાંત થઈ.

બાપુના આશીર્વાદ

[મૂળ હિન્દી]

પત્રની છબી પરથી : જી. એન. ૧૬૧૫

## ૬૯. ચક્રવર્તી રાજગોપાલાચારીને પત્ર

નવેમ્બર ૨૨, ૧૯૨૬

પરમ પ્રિય સી. આર.,

તમારો પત્ર મળ્યો. "હાથવણાટ વિ. હાથકાંતણ" વિશે લેખ[2] લખ્યો ત્યારે મારી નજર સમક્ષ જેઓ હતા તેમને તેની કંઈ જ અસર થશે નહીં, એ હું જાણતો જ હતો. પણ તેમના જેવું વિચારનારા ઘણા હતા એ હું જોઈ શક્યો. તેઓ કદાચ વાત સમજી શકે. હું કોઈક દિવસ વાઈસરૉયને મળું તો તેમને આથી વધુ સારી રીતે સમજાવી ન શકું. બે પૈસાના રોજની વાત ગળામાં ડૂચો લાવે છે. રેંટિયાનો સ્વીકાર એટલે માણસના દૃષ્ટિબિંદુનું ક્રાન્તિકારી પરિવર્તન.

વારુ, છોટેલાલ તમારી પાસે છે. એને સાચા આનંદમાં લાવવામાં તમે સફળ થાઓ એમ ઇચ્છું છું. એની ઉદાસીનતા નીકળી જાય તો એને પરણાવી આપવાનોય વિચાર થઈ શકે. તમે

૧. સતીશચંદ્ર દાસગુપ્તાને લખાયેલ પત્રની જ તારીખે આ પત્ર લખાયો હોય એમ જણાય છે; જુઓ આ પહેલાંનો લેખ.

૨. જુઓ "રેંટિયો કે હાથસાળ?", ૧૧-૧૧-૧૯૨૬.

Gandhi Heritage Portal

એનું પરિવર્તન કરી શકો અને પોતાના ઉપરાંત બીજાઓનો વિચાર કરતો કરી શકો તો આપણા નવા રચાયેલા બોર્ડની આવતી બેઠક વેળા તમારો આભાર માનવાની દરખાસ્ત હું પેશ કરીશ.

શાસ્ત્રીએ કાલની સાંજ અમારી સાથે આનંદમાં ગાળી. એમણે આશ્રમ જોવાની વિનંતી કરી અને બધું રસપૂર્વક જોયું.

તમારી સાથે એમને મજા પડી એમ પેથિક-લૉરેન્સ મને જણાવે છે.

તમારો
બાપુ

[તા. ક.]

વર્ધા માટે શું વિચાર્યું?

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૯૭૪૪

## ૭૦. રવિશંકર ગ. અંજારિયાને પત્ર

કારતક વદ ૫ [નવેમ્બર ૨૩, ૧૯૨૬][1]

ભાઈશ્રી ૫ રવિશંકર અંજારિયા,

તમારા પ્રશ્નો વાંચી ગયો છું. આંધળો વિશ્વાસ તો આત્માનું હનન જ કરે છે. વળી આ એવો વિષય નથી કે જેમાં કોઈની ઉપર વિશ્વાસ રાખવાની જરૂર હોય. એટલે સહુ પોતાની બુદ્ધિનો ઉપયોગ કરીને નિર્ણય કરે એ જ યોગ્ય ગણાય.

રખડતાં કૂતરાં બધાં રિબાય છે એમ કહેવાનો આશય તમે કયાંયે મારા લેખમાં નહીં જુઓ.

બધાં કૂતરાં કરડશે અથવા હડકાયાં થશે એવું પણ મેં કયાંય કહ્યું નથી.

કૂતરાં જાતિનો નાશ પણ મેં કયાંય સૂચવ્યો નથી.

ઉપયોગને ખાતર હું હિંસા સૂચવું જ નહીં. મારી દૃષ્ટિએ જ્યાં ધર્મ નથી ત્યાં ઉપયોગ નથી.

પણ જેમ અનિવાર્ય સમજી ભાજીની હિંસા કરનારા ગાયની હિંસા દૂર કરવા પ્રયત્ન કરે તેમ અનિવાર્ય સમજી કૂતરાંની હિંસા કરનારા ગાયની હિંસા અટકાવવાનો ઉદ્યમ સુખેથી કરે. કૂતરાંની હિંસા કયારે અનિવાર્ય છે એ પ્રશ્ન દરેક વખતે વિચારી લેવાય. બકરાંની હિંસા કરનારા હિંદુ ગોવધનો ત્યાગ કરે છે ના?

પોતાના જ સુખને શોધતો મનુષ્ય સુખની શોધમાં હિંસા કરતો ચાલે તે ધર્મને જાણતો જ નથી.

મારા લખાણથી અહિંસાના પાયા ઊખડી જાય એવો ભય ન રાખશો. જેમ મચ્છરાદિની કૃત્રિમ વૃદ્ધિ આપણે અનાવશ્યક માનીએ છીએ તેમ કૂતરાંની કૃત્રિમ વૃદ્ધિ આપણે કેમ અનાવશ્યક ન માનીએ?

મારો પ્રયાસ હિંસા શીખવવાનો નથી પણ ખોટી અહિંસાને વગોવવાનો છે. પણ આપણે અહિંસાને નામે ઘોર હિંસા કરી રહ્યા છીએ. તેવા સંજોગોમાં શુદ્ધ અહિંસા ઝટ નથી સમજી શકતા એમ હું જોઈ રહ્યો છું.

૧. નવજીવન, ૧૦-૧૦-૧૯૨૬ અને ૧૭-૧૦-૧૯૨૬ના અંકોમાં હડકાયા કૂતરાને મારવા વિશેના બે લેખોનો ઉલ્લેખ બતાવે છે કે આ કાગળ ૧૯૨૬માં લખાયો હશે.

Gandhi Heritage Portal

મારા અભિપ્રાયના મૂળમાં શુદ્ધ અહિંસા રહેલી છે એ વિશે મને શંકા નથી. તેથી ધીરજ રાખી બેઠો છું. તમે ન અકળાશો કેમ કે તમને કે કોઈને કૂતરાને કે કોઈ પ્રાણીને મારવા હું પ્રેરું એમ નથી.

મોહનદાસના
વંદે માતરમ્

દાક્તરસાહેબ રવિશંકર ગણેશજી અંજારિયા
માંગરોળ
કાઠિયાવાડ

[મૂળ ગુજરાતી]

પત્રની માઈક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૯૯૬૮

## ૭૧. જનકધારીપ્રસાદને પત્ર

આશ્રમ,
સાબરમતી,
નવેમ્બર ૨૪, ૧૯૨૬

પ્રિય જનકધારીબાબુ,

પત્ર મળ્યો. તમને તાવ આવતો હતો જાણી દિલગીર થયો અને તે સાથે તમે એમાંથી ક્ષેમકુશળ પાર ઊતર્યા એ જાણી આનંદ થયો.

'જગદ્ગુરુના આગમન'ને લગતું સાહિત્ય વાંચવાનો સમય કાઢવાનું દિલ થતું નથી, કારણ, એ વાત મારે ગળે નહીં ઊતરે. મહાન ગુરુ પૃથ્વી ઉપર અવતરે તો આપણે તેમને ઓળખી શકીએ કે નહીં, તોપણ એ પોતાની નિશાની મૂકતા જાય. જ્યાં સુધી આપણને ભગવાનમાં શ્રદ્ધા હોય અને હૃદયથી તેને ભજતા રહીએ ત્યાં સુધી આપણે સલામત ધરતી ઉપર છીએ. આપણે માટે જે કર્તવ્ય હોય તેનો માર્ગ એ સાફ કરી દેશે.

તમારો સહૃદયી

જનકધારીપ્રસાદ
ગાંધી વિદ્યાલય
હાજીપુર

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૯૭૪૬

Gandhi Heritage Portal

## ૭૨. એફ. ડબલ્યુ. પેથિક-લૉરેન્સને પત્ર

આશ્રમ,
સાબરમતી,
નવેમ્બર ૨૪, ૧૯૨૬

પ્રિય મિ. લૉરેન્સ,

આપનો પત્ર[1] મળતાં આનંદ થયો. આપ આવો છો એવા ખબર મિત્રોએ આપ્યાથી આશ્રમમાં આપના તથા મિસિસ લૉરેન્સના સ્વાગતની તૈયારી કરી આપના આગમનની રાહ જોતો હતો. આપ આવી શક્યા નહીં તેથી દિલગીરી થઈ. હું ગૌહત્તી આવીશ તો આપને મળીને મને જરૂર આનંદ થશે. કૉંગ્રેસની આવતી બેઠકમાં કદાચ હું હાજરી આપી ન શકું એમ બને ખરું. ડિસેમ્બરના બીજા અઠવાડિયામાં મને આની પૂરી ખબર પડશે.

૪થી અને ૨૦મી ડિસેમ્બર વચ્ચેના ગાળામાં હું નાગપુર પાસે વર્ધા ખાતે હોઈશ.

દક્ષિણ આફ્રિકાનું પ્રતિનિધિમંડળ લઈને હું લંડન આવ્યો હતો ત્યારે આપની સાથે ભોજન લેવાનું સૌભાગ્ય મને પ્રાપ્ત થયું હતું એ મને યાદ છે જ.

આપનો સહૃદયી

એફ. ડબલ્યુ. પેથિક-લૉરેન્સ, એસ્ક્વાયર
ગ્રેટ ઈસ્ટર્ન હોટેલ
કલકત્તા

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૯૭૪૭

## ૭૩. જે. ડબલ્યુ. પેટાવલને પત્ર

આશ્રમ,
સાબરમતી,
નવેમ્બર ૨૪, ૧૯૨૬

પ્રિય ભાઈ,

તમારો પત્ર મળ્યો. તમારાં લખાણો ઉપરાંત તમારી પ્રવૃત્તિથી થોડો વાકેફ થવા મેં કલકત્તાના મારા એક મિત્રને તમારી જગ્યા જોઈ આવવા લખ્યું હતું.[2] તેના પત્રમાંથી એક ઉતારો આ સાથે બીડું છું. આથી તમે જોઈ શકશો કે હું મારી પોતાની રીતે તમારી પ્રવૃત્તિ સમજવાનો પ્રયાસ કરી રહ્યો છું. મારી પોતાની રીતે મને એ સમજવા દેશો.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

માઇક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૯૭૪૮

૧. એ સમયે પત્ની સાથે ભારતની મુલાકાતે આવેલા પેથિક-લૉરેન્સે અધારથી લખેલા ૧૬ નવેમ્બરના પત્રમાં ઘણાં વરસ અગાઉ ગાંધીજીએ લંડનમાં લીધેલી તેમની મુલાકાતોની યાદ આપી, પછીને મહિને ગૌહત્તી કૉંગ્રેસ વખતે ગાંધીજીને ફરી મળવાની આશા દર્શાવી હતી (એસ. એન. ૧૦૯૪૦).

૨. જુઓ "સતીશચંદ્ર દાસગુપ્તાને પત્ર", ૨૨-૧૧-૧૯૨૬.

Gandhi Heritage Portal

## ૭૪. દેવચંદ પારેખને પત્ર

બુધવાર [નવેમ્બર ૨૪, ૧૯૨૬][1]

ભાઈશ્રી ૫ દેવચંદભાઈ,

તમારો કાગળ મળ્યો છે. જેટલા આવશે તેના ઊતરવાની સગવડ અહીં થઈ રહેશે. હકીમ સાહેબ, દાક્તર અનસારી વગેરે વિશે વિચાર કરશું. તમે સોમવારે સાંજના આવશો એ બરોબર છે.

બાપુ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી: જી. એન. ૫૭૧૦ તથા એસ. એન. ૨૭૬૧૫

## ૭૫. નોંધ

### શાસ્ત્રીને માનપત્ર

માનનીય શાસ્ત્રી ખાનગી કામે આવ્યા હતા એ પ્રસંગનો લાભ લઈ એમને માનપત્ર અને થેલી આપીને અમદાવાદે પોતે ગૌરવ મેળવ્યું. નોંધપાત્ર એ છે કે બધા પક્ષના લોકોએ સમારંભમાં ભાગ લીધો હતો. આપણા રાજકીય કે ધાર્મિક મતભેદો છતાં આપણી એકતાનું દર્શન કરાવવા અને જુદા જુદા પક્ષો વચ્ચે સૌજન્ય અને મૈત્રીભર્યો વ્યવહાર વધારવા આવી તક વારંવાર ઝડપી લેવાતી હોય તો કેવું સારું!

### સંસ્થાનમાં જન્મેલા હિંદીઓ

"તમે અમને સાવ ભૂલી ગયા છો" એવો ઠપકો આપતો પત્ર, સંસ્થાનમાં જન્મેલા દક્ષિણ આફ્રિકાના હિંદીઓ તરફથી મને મળ્યો છે. પત્રમાં કહ્યું છે:

> આપની પાસેથી ફક્ત એક સંદેશો મળે એવી અમારી એકમાત્ર ઇચ્છા છે. અમારી આ છેલ્લી વિનંતીનો આપ અસ્વીકાર નહીં કરો એવી ખાતરી છે.

આ ઠપકા પાછળના પ્રેમની હું કદર કરું છું. સંસ્થાનમાં જન્મેલા હિંદીઓ સાથે એક મજબૂત ગાંઠે હું બંધાયો છું. પણ એમને મોકલવાનો કોઈ ખાસ સંદેશો મને સૂઝતો ન હતો. હું જેનો તંત્રી છું એ સાપ્તાહિકો દ્વારા જ મારા મોટા ભાગના સંદેશા મોકલાતા હોય છે. *યંગ ઇન્ડિયા* અને ગુજરાતી તથા હિન્દી *નવજીવન*નાં પાનાં દક્ષિણ આફ્રિકાના વસાહતીઓ અને તેમનાં સંતાનોને માટેના સંદેશાઓથી ભરેલાં છે. હું ખાનગી પત્રવ્યવહાર ઘણો કરું છું, તોપણ સંજોગવશાત્ એને મારી શક્તિ પ્રમાણે મારે મર્યાદિત રાખવો પડે છે અને પત્રવ્યવહારના સાધન તરીકે હું આ સાપ્તાહિકોનો જ ઉપયોગ કરું છું. એક મિત્રે મને એક વાર કહ્યું હતું તેમ આ

૧. ટપાલની છાપમાં ૨૫-૧૧-૧૯૨૬, સાબરમતીની તારીખ છે.

Gandhi Heritage Portal

સાપ્તાહિકો સમાચારપત્રો નથી પણ મારા પોતાના વિચારોના વાહન જેવાં વિચારપત્રો છે. સી. એફ. ઍન્ડ્રૂઝ મારફત પણ તેમને સંદેશા મળ્યા છે. પણ આ મિત્રો હું તેમને માનનીય શ્રીનિવાસ શાસ્ત્રી મારફત ખાસ સંદેશો મોકલું એમ ઇચ્છે છે. આ વિનંતીનો શો અર્થ થાય તે હું સમજું છું. ગોખલે દક્ષિણ આફ્રિકા આવેલા એ દિવસોની યાદ મને આ પત્ર તાજી કરાવે છે. સંસ્થાનમાં જન્મેલા હિંદીઓ ગોખલે સાથેનો મારો સંબંધ જાણતા હોવાથી મારા બધા વિચારો તથા લાગણીઓ હું શ્રીનિવાસ શાસ્ત્રી દ્વારા જ રજૂ કરું એવી અપેક્ષા રાખે છે એ તદ્દન વાજબી છે. દક્ષિણ આફ્રિકામાંના સંસ્થાનમાં જન્મેલા હિંદીઓ અને બીજા મિત્રોને શ્રીનિવાસ શાસ્ત્રી દ્વારા તેમને પૂરો સંતોષ થાય એટલું મળશે.

હું આ નોંધ તેમને મળ્યા પહેલાં લખી રહ્યો છું. યુનિયન સરકાર શું કરી શકે અને શું ન કરી શકે એ વિશે તો ખરી જ, પણ હિંદીઓ તથા સંસ્થાનમાં જન્મેલા હિંદીઓ શું કરી શકે અને શું ન કરી શકે તે વાતને અનુલક્ષીને પણ અમે દક્ષિણ આફ્રિકાના સમગ્ર પ્રશ્નની ચર્ચા કરી હશે. પણ સંસ્થાનમાં જન્મેલા હિંદીઓને એક વાત જાહેરમાં કહું. ત્યાં નહીં જન્મેલા વસાહતીઓથી પોતાની જાતને અલગ તારવવાની અને દક્ષિણ આફ્રિકામાં થયેલા પોતાના જન્મને કારણે ખાસ હકો માગવાની વૃત્તિથી તેઓ સાવધાન રહે. પોતે યાદ રાખે કે દક્ષિણ આફ્રિકામાં જન્મ્યા છતાં તેઓ સાચા અર્થમાં હિંદીઓ જ છે અને રહેવાના, અને તેથી વસાહતી હિંદીઓની સાથે જ પોતાનું નસીબ પૂરેપૂરું જોડી દઈ દરેક રીતે તેમની સાથે જ કામ કરવાની તેમની ફરજ છે. એમ કરીને જ તેઓ પોતાની અને દેશની સેવા કરી શકશે. બોઅર યુદ્ધ વખતે ૧૮૯૯માં સ્ટ્રેચરવાહક ટુકડીના સભ્યો તરીકે તથા ૧૯૦૬ અને ૧૯૧૪ની લાંબી સત્યાગ્રહ લડત વેળા તેમણે જે નિ:સ્વાર્થભાવે અને બહાદુરીથી કામ કર્યું હતું એ તેઓ યાદ કરે. એ વખતે પોતાની જાતને અલગ તારવવાની કે ખાસ હકો માગવાની લેશ પણ ગુસપુસ સાંભળવામાં આવી ન હતી. પરિસ્થિતિનો લાભ લેતાં આવડે તો તેમની આગળ મહાન ભાવિ પડયું છે. પોતે ભારતના ઉત્તમોત્તમ પ્રતિનિધિ બને અને પોતે જેના સંપર્કમાં આવે છે એવી, ઉત્તમ અંગ્રેજો તથા ઉત્તમ બોઅરો દ્વારા મૂર્ત થતી, પાશ્ચાત્ય સંસ્કૃતિનાં ઉત્તમ તત્ત્વો અપનાવે, તો દક્ષિણ આફ્રિકા અને ભારત વચ્ચે તેઓ જીવતી કડી બની શકે.

### ગેરરજૂઆતોનું જાળું

કેટલાક સમય અગાઉ એક મિત્રે મને ધ નાઇન્ટીન્થ સેન્ચ્યુરી એન્ડ આફટરમાં મારા વિશે લખાયેલ એક લેખ મોકલ્યો છે. હું તેના પર નજર ફેરવી ગયો, પણ તેમાં એટલી બધી ગેરરજૂઆત જોવામાં આવી કે એ મને ઝીણવટથી વાંચી જવા જેવો ન લાગ્યો. એમાં રહેલાં અનેક જૂઠાણાંનો રદિયો આપવાની વૃત્તિ પણ મને ન થઈ. જેમને એ માનવાં ગમે તેમના પર મારા કોઈ રદિયાની અસર થાય એમ નહોતું. પણ હમણાં એક કાયદાનો વિદ્યાર્થી, જેને તેના પત્ર પરથી જણાય છે તેમ એ લેખથી ઊંડું દુ:ખ થયું છે, અને તે પોતે એ જૂઠાણાંમાં માનતો નથી, છતાં તેમાંનાં બે ચોકસ વિધાનોનો હું જવાબ આપું એમ ઇચ્છે છે. એ વિધાનો આ રહ્યાં :

> ગાંધીને વફાદાર એવી એક શાળામાં એક ઉજળિયાત કોમના પિતાએ પોતાનો દીકરો અંત્યજની સાથે ભણે એનો વિરોધ કર્યો અને એક સવર્ણ શિક્ષકે હલકા વર્ણના છોકરાને ભણાવવાની ના પાડી. વાત ગાંધી પાસે મુકાતાં તેમણે સવર્ણોની વાત માન્ય રાખી. પોતાનું ચાલત તો પોતે અંત્યજોને મદદ કરી હોત એમ તેમણે કહ્યું એ એનો બચાવ નથી.

Gandhi Heritage Portal

એ વખતનાં છાપાંઓમાં એવાં નિવેદનો છપાયેલાં કે ગાંધી મુંબઈમાં ફાળો એકઠો કરવામાં રોકાયેલા હતા અને તેથી તરત આવી શકે તેમ નહોતા વગેરે.

બેઉ વાત ખોટી છે. અસ્પૃશ્યોને લગતા મારા કાર્યથી જેઓ વાકેફ છે તેઓ જાણે છે કે સાર્વજનિક સેવાનાં કામો માટેનાં દાનો તેમ જ મૈત્રી ગુમાવવાને ભોગે મેં રાષ્ટ્રીય સંસ્થાઓમાં અસ્પૃશ્યો પ્રત્યે ભેદભાવભર્યું વર્તન કરવાના કોઈ પણ પ્રયાસનો સામનો કર્યો છે. ચાંદપુરવાળી વાતમાં અર્ધસત્ય છે. તકલીફ ઊભી થઈ ત્યારે હું ત્યાં ગયો ન હતો, પણ લેખકે આપેલું તેનું કારણ સત્યથી સદંતર વેગળું છે. હું કંઈ સર્વશક્તિમાન નથી. મારા કાર્યનું ક્ષેત્ર મર્યાદિત હોય છે. આવી પડે તે કામમાં હું પૂરું લક્ષ આપું છું. જ્યાં મારી જરૂર હોય અને જ્યાં હું કંઈક સેવા કરી શકીશ એમ મને લાગે ત્યાં જ હું જાઉં છું. આમ અત્યારે હું હિંદુઓ અને મુસલમાનો ઝઘડતા હોય ત્યાં દોડી જતો નથી. એનું કારણ એ નથી કે મને ત્યાં જવાનું મન નથી હોતું અથવા હું બીજાં રોકાણોમાં વ્યસ્ત હોઉં છું, પણ મને એમ લાગે છે કે મારામાં શક્તિ નથી. બોલાવ્યા છતાં મજૂર-ઝઘડા ઊભા થાય ત્યાં પણ હું ધસી જતો નથી. હું ચાંદપુર ન ગયો એ વાત સાથે હું તે વખતે કરતો હતો તે કાર્યને કશો સંબંધ નહોતો. આંતરિક આદેશ અનુભવ્યો હોત તો કોઈ પણ ભોગે હું ગયો હોત.

કાયદાના વિદ્યાર્થી અને મારામાં રસ લેતા બીજા લોકો મારે વિશે થતી ગેરરજૂઆતોથી ક્ષુબ્ધ ન બને. જાહેર કાર્યકરોને કપાળે આવું તો લખાયેલું જ હોય છે. ગેરરજૂઆતોથી મારી પ્રતિષ્ઠાને હાનિ નહીં પહોંચે, ગેરવર્તન કરું તો જરૂર પહોંચે. એ વખતે કોઈ ઢાંકપિછોડો એને બચાવી નહીં શકે. પણ એક જર્મન છાપું મેં એક ફિલ્મ કંપની ઊભી કર્યાનો આક્ષેપ કરે છે એવા ખબર આજે એક જર્મન મિત્ર આપે છે છતાં મારું રૂંવાડુંયે ફરકતું નથી. એ ભોળા લેખકને ખબર નથી કે હું એક વાર પણ સિનેમા જોવા ગયો નથી, અને કયારેક થતા માયાળુ મિત્રોના દબાણ છતાં મને એને વિશે ઉત્સાહ જાગતો નથી અને પ્રભુ દીધો સમય બગાડવાનું દિલ થતું નથી. એમનું કહેવું છે કે સિનેમાનું શૈક્ષણિક મૂલ્ય છે. હોયે ખરું, પણ એની બૂરી અસર જ દરરોજ મારી આગળ આવીને ઊભી રહે છે. એથી શિક્ષણ તો હું બીજાં સ્થળોમાંથી જ શોધું છું.

## ઇંગ્લંડમાં રેંટિયો

એક ભાઈ લખે છે:

જે. એલ. ગ્રીનકૃત વિલેજ ઇન્ડસ્ટ્રીઝમાંથી નીચેના ઉતારા મોકલું છું:

"અહીંતહીં કાંતણ અને વણાટ પણ સહાયક ધંધા તરીકે પુનર્જીવિત કરાયા છે. આ દિશામાં ઉત્સાહથી કેટલું કામ થઈ શકે તેનું અચ્છું દૃષ્ટાંત 'સરે' જેને માટે વિખ્યાત છે એવા એક સુંદર ગામ વિલિ ખાતે જોવા મળે છે. કેટલાંક વરસ પર ગામની એક સૌથી નાની સ્ત્રી કુ. માર્ગરેટ લીથે પોતાના બગીચાના એક મોટા સગવડવાળા ખંડમાં એક સાપ્તાહિક કાંતણવણાટ વર્ગ શરૂ કર્યો, અને પોતાના દાખલા અને ઉત્સાહથી તેણે લગભગ આખા ગામને એમાં રસ લેતું કરી મૂક્યું.

"ત્રીજો દાખલો વિન્ટરલો ખાતેના કાંતણવણાટ ઉદ્યોગનો છે. ત્યાં કેટલાંક સ્ત્રીપુરુષોને તેમના ઘરમાં તથા એક વણાટ ઘરમાં કામ મળી રહ્યું છે."

ઇંગ્લંડમાં રેંટિયો નકામો નથી બની ગયો તો ભારતમાં તે કેટલો ઓછો નકામો કહેવાય?

Gandhi Heritage Portal

કોઈમ્બતૂરના શ્રી બાલાજી રાવ આ જીવનદાયી ઉદ્યોગની સાર્વત્રિકતા દર્શાવતી માહિતી ખંતથી વીણતા રહી મોકલતા રહે છે. એવી આ પાનાંઓમાં ઘણી વાર ટાંકવામાં આવેલી માહિતીનું આ ઉતારો માત્ર સમર્થન કરે છે.

**ખાદી અને મદ્રાસ સરકાર**

શ્રી સી. વી. રંગમ ચેટ્ટીએ મદ્રાસ સરકારને નીચેનો પત્ર લખ્યો હતો:

> આપના ધ્યાન ઉપર લાવવાની રજા લઉં છું કે કેટલાક સરકારી નોકરો અમારા ફેરીવાળા તેમની પાસે જાય છે ત્યારે તેમની પાસેથી હાથકાંતણ અને હાથવણાટનું કાપડ ખરીદતાં ગજબના બીએ છે. એમનો એવો ખ્યાલ છે કે આવું કાપડ એમનાથી ખરીદાય જ નહીં. મુંબઈ સરકાર લોકોને હિંદી ઉદ્યોગોને ઉત્તેજન આપવાની અપીલ ખુલ્લી રીતે કરે છે એ આપ જાણો છો. ગયા ઉનાળામાં મારા ફેરીવાળાઓએ રૂ. ૮૦૦ની ખાદી ઊટી ખાતે વેચી હતી. ખરીદનારા ઘણા સરકારી નોકરો હતા. સરકારી નોકરોને મદ્રાસ સરકારના ભય વિના હાથકાંતણ અને હાથવણાટનું કાપડ ખરીદવાની છૂટ છે કે કેમ તે મને જણાવવા વિનંતી છે.

એનો તેમને મળેલો જવાબ આ પ્રમાણે છે:

> અખિલ હિંદ ચરખા સંઘ (આંધ્ર શાખા)ના માનદ મંત્રીને વિદિત થાય કે સરકારી નોકરોમાં ભય કે જણાવવામાં આવ્યો તેવો ખ્યાલ પ્રવર્તતો હોય એવું ધારવા માટે સરકારને કોઈ કારણ નથી.

હું બંને પક્ષને અભિનંદન આપું છું અને આશા રાખું છું કે સરકારના ભયથી ખાદી ખરીદવાની ના પાડતા કોઈ સરકારી નોકરો હોય, તેઓ એ ભયનો તથા પરદેશી કપડાંનો ત્યાગ કરશે.

[મૂળ અંગ્રેજી]

**यंग इन्डिया, २५-११-१९२६**

## ૭૯. પ્રાર્થનાનો દિવસ

મિ. ઍન્ડ્રૂઝે મને નીચેનો સૂચક તાર મોકલ્યો છે:

> કાર્યવાહકોએ ૧૯મી ડિસેમ્બરનો દિવસ આગામી પરિષદને સારુ પ્રાર્થનાના દિવસ તરીકે પાળવાનું ઠરાવ્યું છે. ખ્રિસ્તી દેવળોનો એમાં સહકાર છે. ઘણા સારા સારા ગોરાઓની લાગણી જોયા પછી લાગે છે કે આ પગલું તેમને બહુ ગમવાનો સંભવ છે. સરોજિનીદેવીને ખબર આપશો.

ઍન્ડ્રૂઝ અત્યંત ઈશ્વરપરાયણ પુરુષ છે, અને તેથી પ્રાર્થના પર આસ્થા રાખનારા છે. એમના રાજકારણની દિશા બતાવનાર, એમના પર અસર પાડનાર અને એમને ઉન્નત બનાવનાર એમની પ્રાર્થનાઓ છે. એમને સારુ પ્રાર્થના એટલે ખાલી શબ્દોચ્ચાર નથી. પ્રાર્થના એ એમને સારુ ઈશ્વર સાથેનો ગાઢ અને અવિરત યોગ છે અને પોતાના નાના કે મોટા કામમાં ઈશ્વરની પ્રેરણા મેળવવાને સારુ કરેલી એ અંતર્યામીની ઉપાસના છે. ઈશ્વરને નામે કરેલું અને એને અર્પણ કરેલું એકે કામ નાનું કે હલકું નથી. એવી રીતે થયેલું બધું કામ એક જ કોટિનું

Gandhi Heritage Portal

બની જાય છે. ઈશ્વરને નામે અને કેવળ ઈશ્વરના પ્રતિનિધિ તરીકે એની આપેલી સંપત્તિનો ઉપયોગ કરતો રાજા અને ઈશ્વરની સેવાને અર્થે કામ કરનાર ભંગી બંને સરખા મોટા છે. આપણ અતિશય અપૂર્ણ મનુષ્યોમાં ચાલે છે એથી ઊલટો ન્યાય ઈશ્વરના દરબારમાં ચાલે છે. એના દરબારમાં કર્મના સારાનરસાપણાનું માપ કર્મથી નહીં પણ કર્મ કરનારના હેતુ પરથી થાય છે. આપણે મનુષ્યો કર્મ પરથી હેતુનું અનુમાન કરીએ છીએ. ઈશ્વર તો કર્મનો તેમ જ હેતુનો પણ જાણનાર હોઈ, હેતુ અનુસાર કર્મનો ન્યાય કરે છે.

અને ઍન્ડ્રૂઝના હેતુ શુદ્ધમાં શુદ્ધ છે, તેથી એમને શ્રદ્ધા છે કે ઈશ્વર એમને સફળતા આપ્યા વિના નહીં રહે. એવી શ્રદ્ધાને સારુ એમની પાસે પૂરાં કારણો છે. કારણ આજ સુધી જ્યાં બીજાઓ નિષ્ફળ નીવડ્યા છે ત્યાં ઍન્ડ્રૂઝ ફાવ્યા છે. ઍન્ડ્રૂઝની અદૃશ્ય સેવાઓનો ઈતિહાસ કોઈ જાણતું નથી. આજકાલના બનાવોને છોડી દઈએ, તો લોકો એમની જે સેવાઓ જુએ છે તે કંઈ એમની મોટામાં મોટી કે સૌથી સફળ સેવાઓ છે એવું નથી. દાખલા તરીકે, લૉર્ડ હાર્ડિંજના ઘણા પરોપકારી નિર્ણયો પર ઍન્ડ્રૂઝની છાપ કેટલી હતી એ કોણ જાણે છે? ખરેખર ઍન્ડ્રૂઝને વિશે, એમનો 'જમણો હાથ શું કરે છે એની ડાબા હાથને ખબર નથી.'

આ ભલા પુરુષે દક્ષિણ આફ્રિકાનો સવાલ જે એમને પહેલવહેલો સ્વ. ગોખલેએ સોંપેલો તેને પોતાનો કર્યો છે. એને વિશે તેઓ ઊંડું ચિંતન અને પ્રાર્થના કરે છે. આજે જે તાર મેં પ્રજા આગળ મૂક્યો છે તેને સારુ તેમણે મને આગળના એક કાગળથી તૈયાર કરી રાખ્યો હતો. પ્રાર્થના વિશેની પોતાની શ્રદ્ધાનો ચેપ તેમણે દક્ષિણ આફ્રિકાના હિંદીઓને લગાડ્યો છે. હું એ બધાને ઓળખું છું. મારે કબૂલ કરવું જોઈએ કે ઘણાઓએ ઍન્ડ્રૂઝની સલાહ સ્વીકારી છે તે કેવળ બાહ્યાચાર તરીકે અથવા ઍન્ડ્રૂઝને રાજી કરવાને સારુ અથવા એમાંથી કંઈક રાજકીય અર્થ સારવાને માટે જ. પણ હું જાણું છું કે કેટલાક એવા પણ છે જેમણે સંપૂર્ણ પ્રામાણિકતાથી એ ઠરાવને ટેકો આપ્યો છે. મોટા ભાગની અપ્રામાણિકતા અથવા ઉદાસીનતાનું વળતર આ થોડાઓની પ્રામાણિકતાથી વળી રહેશે.

દક્ષિણ આફ્રિકાની ડચ વસ્તીમાં તેમની બુદ્ધિને સૂઝે છે એવી રીતની ધાર્મિકતા પણ છે. તેથી દક્ષિણ આફ્રિકામાં દુકાળના વખતમાં કે તીડોના હુમલા વખતે દીનભાવે પ્રાર્થના કરવાના અમુક દિવસો સરકાર તરફથી નક્કી કરવામાં આવે છે. એટલે સારામાં સારા ગોરાઓની લાગણીનો ઍન્ડ્રૂઝના ઠરાવને ટેકો મળ્યો છે એમાં નવાઈ જેવું નથી. કારણ એ ઠરાવ ઍન્ડ્રૂઝના મગજમાંથી નહીં પણ એમના હૃદયમાંથી ઉદ્‌ભવ્યો છે. પણ ઍન્ડ્રૂઝ એમ થોડેથી સંતોષ માને એમ નથી. એમને હિંદુસ્તાન અને એની જાહેર સંસ્થાઓ પાસેથી પૂરતો જવાબ જોઈએ છે. એમને ઠરાવો નથી જોઈતા; એ પૈસા નથી માગતા; પણ આપણાં હૃદય પીગળે એ માગે છે. આપણે ઈશ્વર પ્રત્યે દૃષ્ટિ કરીએ એમ એ માગે છે. આપણે ઈશ્વરની સહાય યાચીએ એ એમને જોઈએ છે.

ઍન્ડ્રૂઝ હિંદી બન્યા છે, કારણ એ અંગ્રેજ છે. એ આપણા પર બળથી નહીં પણ પ્રેમથી રાજ્ય કરવા માગે છે. અને પ્રેમ તો હમેશાં પ્રેમની સાથે અભેદ સાધે છે. ઍન્ડ્રૂઝ માને છે કે દક્ષિણ આફ્રિકામાં યુરોપીય જનતાની આબરૂ જોખમમાં છે. દક્ષિણ આફ્રિકામાં એટલાં દુ:ખો સહન થયાં છે કે એમનો મત એવો છે કે આગામી પરિષદની ચર્ચાઓ ઉપર એશિયાટિક તેમ જ અન્યવર્ણી પ્રજાઓના યુરોપિયન સાથેના સંબંધના ભાવિનો આધાર છે. એ પરિષદ પણ મુખ્યત્વે એમના જ પ્રયત્નનું ફળ છે. આ પરિષદ ઉપર એ ઈશ્વરના આશીર્વાદ ઇચ્છે છે, અને એ માગવામાં આપણો સહકાર ઇચ્છે છે. પ્રાર્થના એટલે શું અને ઈશ્વર ક્યાં છે ને કોણ

Gandhi Heritage Portal

છે એ સવાલ કોઈ ન કરે. પ્રાર્થના અને ઈશ્વરને વિશે આસ્થા એ બંને કેવળ શ્રદ્ધાના વિષયો છે. તેથી જેઓને એ શ્રદ્ધા હોય તેઓ આ અંગ્રેજ હિંદીની વિનંતીને માન આપે.

પ્રાર્થના એ આપણી અસહાયતાના ભાનમાંથી અને બીજા બધાને છોડીને ઈશ્વરને જ અંતિમ શરણ ગણવાના આપણા નિશ્ચયમાંથી ઉદ્ભવે છે. આપણે નિરાધાર છીએ એનું ભાન તો આપણને છે જ. હિંદુસ્તાન છોડતાં નામદાર શ્રીનિવાસ શાસ્ત્રીએ કહ્યું છે કે હિંદીઓની જે લડત લડવા તેઓ જાય છે એ 'મરણિયા લડત' છે. ત્યારે, જો આપણામાં ઈશ્વર વિશે શ્રદ્ધા હોય તો ૧૯મીએ આપણે પ્રાર્થના કરીએ. હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી, પારસી, યહૂદી અને બીજા — સૌ ઇચ્છે તો આમાં સાથ દઈ શકે છે. ઈશ્વરને આપણે સહસ્ર નામે ભલે ઓળખીએ, આપણો સૌનો ઈશ્વર તો એક જ છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ૨૫–૧૧–૧૯૨૬

ભાષાંતર : नवजीवन, ૨૮–૧૧–૧૯૨૬

## ૭૭. વિલક્ષણ વિચારો[1]

એક બોર્ડની હાઈસ્કૂલના શિક્ષકોનું આ સંયુક્ત નિવેદન છે. એટલા માટે એ અમુક પ્રમાણમાં પ્રતિનિધિરૂપ અને જવાબદાર લખાણ કહેવાય. પત્રમાં આવી વિશેષતા ન હોત તો હું તે છાપત નહીં. અસ્પૃશ્યતાવિરોધી ઝુંબેશ અને બીજા સામાજિક તેમ જ ધાર્મિક સુધારા, ભણેલા માણસોના મગજમાં પણ કેવા વિચિત્ર અને ન સમજાય એવા વિચારો ભરેલા હોય છે તે દર્શાવે છે. આ શિક્ષકોએ કરેલો નરાતાર વહેમોનો બચાવ એ વાત સ્પષ્ટ કરે છે કે આપણે કોઈ વાત માનતા હોઈએ તો એનું સમર્થન કરવા માટેની દલીલો પણ મળી જ રહે છે. કોઈ મોટી ચળવળમાં દલીલબાજીને કેટલું ઓછું સ્થાન છે એ પણ આથી સમજાય છે. સુધારો કરનારનું પ્રત્યક્ષ ઉદાહરણ જ મહત્ત્વનું છે. ગેરરજૂઆત, નિંદા અને મોત સુધી પહોંચી જતી પજવણીને પણ ધોળીને પી જઈ એ ઉદાહરણ જ્યારે તાકાત ધારણ કરે છે ત્યારે સુધારો પ્રસરે છે. અસ્પૃશ્યતા અને એના જેવી બાબતો વિશે પણ આમ જ બનવાનું. પણ આ શિક્ષકોની દલીલો જરા તપાસીએ.

પહેલી વાત તો એ કે એમણે સરખામણી ખોટી પસંદ કરી છે. લોકો મારી પાસે આવતાં કે મને અડતાં ડરતા હોય એવી મને જાણ નથી. ઊલટું, પ્રવાસે નીકળું છું ત્યારે મારો સ્પર્શ કરવા માગનારાઓની ભીડ મને અકળાવે છે. અરે, નાહતો હોઉં છું ત્યારે પણ તેઓ મારો કેડો છોડતા નથી.

બીજું, અંત્યજ ભાઈઓ સવર્ણોને અડતાં બીતા હોય તો તેનું કારણ એ નથી કે સવર્ણો વધુ પવિત્ર છે, પણ એમને અડાય નહીં એવું જ તેમના મગજમાં ઠસાવવામાં આવેલું હોય છે

૧. જે સંયુક્ત નિવેદનમાં આ વિચારો રજૂ કરવામાં આવ્યા છે તે અહીં છાપ્યું નથી. લેખકોએ અસ્પૃશ્યતાવિરોધી ઝુંબેશ પાછળના ગાંધીજીના ડહાપણ વિશે શંકા વ્યક્ત કરી, સાત્ત્વિક આહારની હિમાયત કરી એવું સૂચન કર્યું હતું કે ગાંધીજીએ ઋષિઓના જેવી યોગસાધના કરવી જોઈએ અને પોતાના કેટલાક અનુયાયીઓને ગામડાંમાં જઈ રહેવા અને કામ કરવા પ્રેરવા જોઈએ.

Gandhi Heritage Portal

અને અડવા ગયા તો ગાળો ખાવી પડશે કે પોતાના ભૂંડા હાલ થશે એનું એ બિચારાઓને બરાબર ભાન હોય છે.

ત્રીજું, અસ્પૃશ્યો ચારિત્ર્યમાં ઊતરતા હોય છે એમ સાવ ખોટી રીતે માની લેવાયું છે. એક વર્ગ તરીકે એમનો વિચાર કરીએ તો સચ્ચાઈ, પવિત્રતા અને બીજા સામાજિક અને વ્યક્તિગત ગુણોની બાબતમાં તેઓ બીજાઓથી ઘણું કરીને કોઈ વાતે ઊતરતા નથી. અનુકૂળ સંજોગોમાં તેઓ પણ એ ગુણો બીજા કોઈના જેટલા જ પૂરેપૂરા દેખાડી શક્યા છે.

આ લોકોને કહેવાતા ઊંચ વર્ણની કક્ષાએ પહોંચવા માટે કેટલાય જનમ લેવા પડશે એવી દલીલ તો પૂર્વજન્મના સિદ્ધાંતનો દુરુપયોગ છે. ગીતા આપણને શીખવે છે કે અછૂતો માટે પણ આ જન્મમાં મોક્ષ મેળવવો એક વિદ્યાવાન પંડિત જેટલો જ સંભવિત છે. ઊંચ વર્ણના લોકો ખરેખર વધુ ઊંચા હોય તો અંત્યજોના સંપર્કથી એમને કશું બીવાપણું હોવું ન જોઈએ. કારણ, અસ્પૃશ્યોને તો એવા ઊંચ વર્ણના લોકો સાથેના સંસર્ગથી લાભ જ થવાનો, અને એકબીજાના ગુણદોષોની આપલે થાય એવા સામાજિક મિલનને ખાતર જ નહીં પણ સેવાની ભાવનાથી સવર્ણો અસ્પૃશ્યો સાથે ભળતા હોય ત્યારે તેઓ કોઈ રીતે ભ્રષ્ટ થતા નથી. કોઈ મિત્રને સાથ આપવા ખાતર અને પીઠા કે મિત્ર તરફથી આવનાર પ્રલોભનનો સામનો કરવાના સંકલ્પ વગર હું દારૂના પીઠામાં જઈ ચડું અને બગડું, તેવો દારૂડિયાનું વ્યસન છોડાવવાના ઇરાદાથી સુધારક તરીકે હું તેમાં પગ મૂકું તો ન જ બગડું.

ચારિત્ર્ય ઉપર થતી ખોરાકની અસર વિશેની શિક્ષકોની દલીલ પણ એટલી જ વિચિત્ર છે. હું તો જબરો ખોરાક-સુધારક છું. ખોરાકના સુધારાના મારા ઉત્સાહની બાબતમાં અને માણસનો ખોરાક સાદામાં સાદો કરી નાખવાની વાતમાં ઘણા મિત્રો મને ઝનૂની માને છે. પણ આ શિક્ષકો આહારને અને ચારિત્ર્ય પર થતી એની અસરને હદબહારની અગત્ય આપી રહ્યા છે. મીઠાઈમાત્ર તજી કડક આહાર-નિયમો પાળતા જાહેર કાર્યકરો ન મળી આવે ત્યાં સુધી લોકસેવાનું કામ થંભાવી દેવામાં આવે, તો કશું સેવાકાર્ય થાય જ નહીં. કાર્યકરોને સાદા, સસ્તા અને મસાલા વગરના ખોરાકના લાભ સમજાવવામાં આવે એટલું જ થઈ શકે. પણ એવો સુધારો થાય નહીં ત્યાં સુધી બધી જાહેર પ્રવૃત્તિ બંધ કરી ન શકાય. ધર્મ અને ચારિત્ર્યને આહારના ધોરણે માપવાની આપણે ત્યાં વધતી જતી બૂરી આદત, સબળ ધર્મભાવનાના વિકાસને ઘણી બાધક છે. આ શિક્ષક સજ્જનો તો પોતે જેને સાત્ત્વિક લેખે છે એવો ખોરાક લોકો ખાતા થઈ ન જાય ત્યાં સુધી ઢીલ ખમી ન શકે એવા લગ્ન-સુધારાને પણ મુલતવી રાખે. આહારને અને સંયમને મહત્ત્વનો સંબંધ છે એમાં કશો શક નથી. પણ સામાન્ય ચાલુ ખોરાક ખાતા લોકો પણ સંયમશીલ હોવાના ઘણા દાખલા મોજૂદ છે. આત્મસંયમ કેળવવા મથનારા લોકો જીભનો સ્વાદ જીતવાનું મહત્ત્વ પોતાની મેળે જ સમજી જાય છે. આથી, બીજા સુધારાઓ માટે આહાર-સુધારાને એક અનિવાર્ય શરત બનાવી દેવાનું ખોટું જ ગણાશે.

બાળલગ્નની ઘાતકી પ્રથા બંધ કરવાની બાબતમાં આ શિક્ષકો અને તેમની જેમ વિચારનારા એટલું જાણી લે કે એવાય લોકો છે જેમને, તદ્દન સાદો ખોરાક લેવા છતાં પોતાની પશુ-વાસનાઓને વશ રાખવી ખૂબ મુશ્કેલ લાગે છે. બધું કહ્યા ને કર્યા પછી, આખરે તો, મનનું પોતાનું સ્વતંત્ર સ્થાન છે અને તે જ મનુષ્યના બંધમોક્ષનું કારણ છે. અને સ્ત્રીના શીલ માટેની આ બધી રોગિષ્ઠ ચિંતા શાને? પુરુષોના શીલ વિશે સ્ત્રીઓને કંઈ કહેવાનો અધિકાર છે?



Gandhi Heritage Portal

પુરુષોની શીલરક્ષાની ચિંતા સ્ત્રીઓએ કરી જાણી નથી. તો સ્ત્રીઓની શીલરક્ષા માટે નિયમો ઘડવાનો અધિકાર પુરુષોએ શા માટે પોતાનો માની લેવો જોઈએ? શીલ બહારથી લાદી શકાતું નથી. એ તો આંતરિક વિકાસનો અને તેથી વ્યક્તિગત સાધનાનો વિષય છે.

અહિંસા અને યોગના અભ્યાસીઓ વતી આ શિક્ષકભાઈઓએ યોગના અભ્યાસ અને અહિંસાના પરિણામ વિશે કહેલી વાત હું માની શકતો નથી. એમાં ખૂબ આગળ વધેલાઓ પણ કુદરતના અફર અને શાશ્વત મહાનિયમોની ઉપરવટ જઈ શકે નહીં. તેઓ પણ એનાથી આપણા જેટલા જ બંધાયેલા છે. ખુદ ઈશ્વરે પણ પોતાના કાયદા સુધારવાનો હક પોતાની પાસે રાખ્યો નથી. એને એવા કોઈ સુધારાની જરૂર જ દેખાઈ નથી. એ તો સર્વશક્તિમાન અને સર્વજ્ઞ છે. કશા જ પ્રયત્ન વિના તે એક જ સમયે ભૂત, વર્તમાન અને ભવિષ્ય જોઈ શકે છે. આથી એને કશું ફરી વિચારવાનું, સુધારવાનું, ફેરવવાનું કે દુરસ્ત કરવાનું છે જ નહીં.

અહિંસાના અને યોગના સાધકોની કેટલીક શક્તિઓ અવશ્ય ખીલે છે. પણ એ બધા વિશ્વના મહાનિયમને વશ તો હોય જ છે. હું યોગનો અભ્યાસ કરતો નથી તેનાં કારણમાં એક તો એ કે એના વિના પણ હું અંદરની શાંતિ અનુભવું છું (મારી એવી વર્તમાન સ્થિતિથી સંતોષ માની લેવામાં હું ખોટો હોઈ શકું છું) અને બીજું એ કે જેની ઉપર હું સંપૂર્ણ શ્રદ્ધા રાખી શકું અને જે મને યોગનો બરાબર અભ્યાસ કરાવી શકે એવી વ્યક્તિ હજી મને મળી નથી.

ગામડે જવાની વાત વિશે કહું તો મારા ઘણા સહકાર્યકરો અત્યારે ગામડાંમાં કામ કરી જ રહ્યા છે. પણ એ વિકટ કાર્ય છે એ હું સ્વીકારું છું. માત્ર ઇચ્છા હોય એટલે ગામડામાં જઈ બેસી જવું દરેકને માટે શકય નથી એ હું કબૂલ કરું છું.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २५–११–१९२६

# ૭૮. તામિલનાડુમાં ખાદીકાર્ય

છેલ્લા બાર મહિનામાં તામિલનાડુમાં થયેલા ખાદીકાર્યના કાળજીપૂર્વક તૈયાર કરવામાં આવેલા નીચેના હેવાલનો[1] અભ્યાસ રસપૂર્વક કરવામાં આવશે એવી આશા છે. ખાદીકાર્યની દરેક શાખામાં ધીમી પણ સતત પ્રગતિ થતી રહી હોવાનું એ બતાવે છે. વેચવાના ભાવમાં ૨૫ ટકાનો ઘટાડો એ સારો લાભ કહેવાય, જોકે થોડે અંશે એ રૂના ભાવમાં થયેલા ઘટાડાને કારણે છે એમાં શંકા નથી. ખાદીની જાત દેખીતી રીતે સુધરી છે. વેચાણની એક નોંધપાત્ર વાત એ છે કે ખાદીનું અત્યારનું પોણું વેચાણ સ્થાનિક વિસ્તારમાં થાય છે. શરૂઆતને તબક્કે એમ બનતું ન હતું. આ શુભ પરિણામ મોટે ભાગે ખાદીફેરીની યોજનાને આભારી છે. જ્યાં હાથવણાટ પણ શિખવાડાતું

૧. હેવાલ અહીં આપ્યો નથી. તેમાં ઑક્ટોબર ૧૯૨૫થી સપ્ટેમ્બર ૧૯૨૬ સુધીના ગાળામાં ૧૩ તામિલ જિલ્લાઓમાં ૬૪ ખાદીમંડળોએ કરેલા કામની વીગત હતી. ખાનગી એજન્સીથી થતું ઉત્પાદન વધતું જતું હતું ત્યારે અખિલ હિંદ ચરખા સંઘ દ્વારા થતું સીધું ઉત્પાદન ઘટયું હતું એ આંકડા આપી તેમાં દર્શાવાયું હતું. આંકડા દ્વારા તેમાં એ પણ બતાવવામાં આવ્યું હતું કે ભાવ ઘટવા સાથે જાત સુધરી હતી અને વેચાણ વધ્યું હતું. શાળાઓમાં હાથકાંતણ શરૂ કરવામા સ્થાનિક સ્વરાજ્યનાં મંડળોનો સહકાર મેળવવા કરાતા પ્રયાસની વીગત પણ એમાં હતી.

Gandhi Heritage Portal

ન હોય ત્યાં હાથકાંતણ દાખલ કરવાની મનાઈ ફરમાવતા અને એ રીતે શાળાઓમાં હાથકાંતણ શરૂ કરવાનું અશક્યવત્ કરી મૂકતા સમજ વિનાના અને અસાધારણ સરકારી ઠરાવ તરફ હેવાલમાં ધ્યાન દોરવામાં આવ્યું છે. એ ઠરાવ ઘડનારનું અજ્ઞાન પેલા જાણીતા અર્થશાસ્ત્રીના અજ્ઞાન જેવું કહેવાય, જે બધો વખત હાથકાંતણને હાથવણાટ તરીકે જાણતો હોઈ પોતે હાથ-કાંતણને સાવ તોડી પાડયાનો ખ્યાલ સેવી રહ્યો છે.

[મૂળ અંગ્રેજી]

યંગ ઇન્ડિયા, ૨૫–૧૧–૧૯૨૬

## ૭૯. સી. વિજયરાઘવાચારિયરને પત્ર

આશ્રમ,
સાબરમતી,
નવેમ્બર ૨૫, ૧૯૨૬

પ્રિય ભાઈ,

તમારો પત્ર[1] મળ્યો. હું કોઈ કામનો રહ્યો છું કે કેમ એની મને ખબર નથી. એ જ કારણે આ વર્ષે હું કૉંગ્રેસની બેઠકમાં હાજરી આપી શકીશ કે કેમ એ કહી શકતો નથી, એમ મેં મારા પહેલા પત્રમાં તમને નહોતું લખ્યું? પણ મારી ગેરહાજરી વિશે ગેરસમજ થવાનો લેશ પણ સંભવ હશે તો હું ચોક્સ ગયા વિના રહીશ નહીં. પણ આ ભૂંડો ચૂંટણી-તાવ શમી જતાં હું મિત્રો સાથે સલાહ-મસલત કરીશ.

હિંદુમુસ્લિમ એકતા વિશેનું મારું વલણ અફર છે. સહેજ પણ સાટાબાજી વિના મારે એ એકતા જોઈએ છે અને એ સિદ્ધ કરવા હું કાળજાતૂટ પ્રયાસ કરીશ.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૨૦૮૭

## ૮૦. એલ. આર. પાંગારકરને પત્ર

આશ્રમ,
સાબરમતી,
નવેમ્બર ૨૫, ૧૯૨૬

ભાઈશ્રી,

પત્ર મળ્યો. તેની હું ઊંડી કદર કરું છું. મારી પાસે રજૂ થતા બધી જાતના વિષયો પર લખવાબોલવાનું હું કેટલું બધું ટાળું છું એનો ખ્યાલ તમને કેમ કરીને આપું? પણ કેટલીક

૧. ૧૭ નવેમ્બરના પત્રમાં શ્રી વિજયરાઘવાચારિયરે ગાંધીજીને 'પોતાને મૃદુતાથી સ્પર્શનાર હાથને નહીં પણ પોતાને તોડી નાખનાર હાથને પોતાની સુગંધથી નવાજી દેતા ચંદનકાષ્ઠ' સાથે સરખાવી, કૉંગ્રેસના ગૌહત્તી અધિવેશન દરમિયાન તેઓ હિંદુમુસ્લિમ સમસ્યા હલ કરી આપે એવી આશા વ્યક્ત કરી હતી (એસ .એન. ૧૨૦૮૩).

Gandhi Heritage Portal

બાબતો વિશે પુછાવવામાં આવે છે ત્યારે લોકપ્રિયતા અને એથીય કંઈક વધુ ગુમાવી દેવાને ભોગે પણ બોલવા કે લખવાનું ટાળવું મારે માટે અશકય બની જાય છે. પોતાને લાગે તે કહેવું પ્રસંગને અનુકૂળ હોય ત્યારે ન કરો તો તમે અસત્યના દોષભાગી બનો છો. પ્રસંગાનુકૂળ હોવા છતાં સત્ય ઉચ્ચારવાને બદલે તેને દાબી દઈને હું મારા જીવનનો આખો રાહ બદલી નાખું એ તો ન જ બને.

તમારો સહૃદયી

એલ. આર. પાંગારકર
નાસિક સિટી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૯૭૪૯

## ૮૧. રેવાશંકર જ. મહેતાને પત્ર

સાબરમતી,
ગુરુવાર [નવેમ્બર ૨૫, ૧૯૨૬][૧]

મુરબ્બી રેવાશંકરભાઈ,

તમારો કાગળ મળ્યો. કોસ વિશે સમજ્યો છું. ચિ. ધીરુના ખોરાકની ઉપર ચોકી હોવી જોઈએ એમ હું માનું છું.

હું અહીંથી ૨૭મીએ વર્ધા જવા ઊપડીશ.

ચિ. રતિલાલે[૨] કોઈ હીરાના વેપારી ઉપર હીરા મોકલવાનું લખેલું તે પત્તું મારે હાથ આવ્યું છે. તેને કશું ભાન નથી રહેતું. મેં વાત કરી એટલે તેણે કબૂલ કરી લીધું. ધોરાજીથી પાછા બંને આવી ગયા છે.

**મોહનદાસના**
પ્રણામ

શ્રીયુત રેવાશંકર જગજીવન મહેતા
રોઝડેલ
દેવલાલી

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : જી. એન. ૧૨૬૫

૧. ટપાલની છાપ પરથી.
૨. રેવાશંકરભાઈના ભાઈ ડૉ. પ્રાણજીવન મહેતાના પુત્ર.

Gandhi Heritage Portal

## ૮૨. એક પત્ર[1]

આશ્રમ,
ગુરુવાર, નવેમ્બર ૨૫, ૧૯૨૬

ભાઈશ્રી ૫,

તમારો કાગળ મળ્યો છે. ખેતીના મહત્ત્વ વિશે મને શંકા જ નથી. પણ ખેતીની ઉન્નતિ સાધવાના માર્ગો હું રેંટિયાથી નોખા કંઈ જાણતો નથી.

મોહનદાસ ગાંધીના
વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]

પત્રની માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૯૯૬૯

## ૮૩. ઘનશ્યામદાસ બિરલાને પત્ર

કારતક વદ ૬, ૧૯૮૩ [નવેમ્બર ૨૫, ૧૯૨૬]

ભાઈશ્રી ૫ ઘનશ્યામદાસજી,

તમારો તાર મળ્યો. મારો આગલો પત્ર તમને પૂ. માલવિયાજીને સરનામે મોકલાયો હતો એ બદલ દિલગીર છું. એમાં આટલું હતું. આ કારણસર તમે યુરોપ જાઓ તેની હું વિરુદ્ધ છું; જવું જરૂરી જ હોય તો સ્વતંત્ર રીતે જવું. આવા પત્રોની અહીં નકલ રખાતી નથી, પણ લખાણ આ મતલબનું હતું. તમે જવાનું વચન આપી દીધું હોય તો પછી વાત બદલાઈ જાય છે, અને જવું એ તમારો ધર્મ બની જાય છે.

તમારો
મોહનદાસ ગાંધી

[મૂળ હિંદી]

મૂળ પત્ર પરથી : સી. ડબલ્યુ. ૬૧૩૯; શ્રી ઘનશ્યામદાસ બિરલાના સૌજન્યથી.

૧. કોને લખાયો છે તેની માહિતી નથી.

Gandhi Heritage Portal

## ૮૪. લીલાવતીને પત્ર

કારતક વદ ૬, ૧૯૮૩ [નવેમ્બર ૨૫, ૧૯૨૬]

ચિ. લીલાવતી,

રામનામથી વધુ સારો કોઈ મંત્ર નથી. આ યુગમાં આ દેશમાં રેંટિયાથી ચડિયાતો કોઈ યજ્ઞ નથી.

મોહનદાસ

[મૂળ હિંદી]

પત્રની છબી પરથી : જી. એન. ૬૨૭૭

## ૮૫. ખગરિયા કૉંગ્રેસ સમિતિના પ્રમુખને તાર[1]

[સાબરમતી,
નવેમ્બર ૨૬, ૧૯૨૬ કે તે પછી]

ચૂંટણીમાં વચ્ચે પડતો નથી. બધો ભાર સ્વરાજવાદીઓને સોંપી દીધો છે.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

મુસદ્દા પરથી : સી. ડબલ્યુ. ૪૯૬૪; શ્રી પરશુરામ મેહરોત્રાના સૌજન્યથી

## ૮૬. ગીતાશિક્ષણ[2]

### ૧

### પ્રસ્તાવના

બુધવાર, તા. ૨૪–૨–૨૬

विष्णुर्वा त्रिपुरान्तको भवतु वा ब्रह्मा सुरेन्द्रोऽथवा
भानुर्वा शशलक्षणोऽथ भगवान् बुद्धोऽथ सिद्धोऽथ वा ।
रागद्वेषविषार्तिमोहरहितः सत्त्वानुकम्पोद्यतो
यः सर्वैः सह संस्कृतो गुणगणैस्तस्मै नमः सर्वदा ।।

ચાહે તે વિષ્ણુ હોય અગર મહાદેવ હોય, બ્રહ્મા હોય અથવા દેવેશ્વર ઇન્દ્ર હોય, સૂર્ય હોય યા ચંદ્ર હોય, ભગવાન બુદ્ધ હોય યા મહાવીર હોય;—જે રાગદ્વેષરૂપી વિષની પીડાથી

૧. ૧૯૨૬ના નવેમ્બરની ૨૬મીએ સાબરમતીમાં મળેલા એમના તારના જવાબમાં આ તાર કરવામાં આવ્યો હતો. એ તારમાં જણાવવામાં આવ્યું હતું કે "કાંગ્રેસીઓને મત આપવો એ પાપ છે એવા આશયવાળા, આપે કરેલા કહેવાતા તારની છાપેલી પ્રત પ્રસિદ્ધ થઈ છે. આ વાત કાઉન્સિલના મતદારોને ગૂંચવણમાં નાખે છે. પ્રગટ કર્યાની ખરી હકીકત વિશે તાર કરો."

૨. આ પ્રવચનો સવારની પ્રાર્થના વખતે અમદાવાદના સત્યાગ્રહ આશ્રમમાં અપાયાં હતાં. ૧૯૨૬ના ફેબ્રુઆરીની ૨૪મીથી નવેમ્બરની ૨૭મી સુધી લગભગ નવ માસ સુધી આ પ્રવચનો ચાલ્યાં હતાં. મહાદેવ દેસાઈ અને આશ્રમના એક અંતેવાસી શ્રી પૂંજાભાઈએ એની નોંધ લીધી હતી. ૧૯૫૫માં શ્રી નરહરિ પરીખે એનું સંપાદન કરીને ગાંધીજીનું ગીતાશિક્ષણ એ શીર્ષક હેઠળ પુસ્તકાકારે પ્રસિદ્ધ કર્યાં.

Gandhi Heritage Portal

ઊપજતા મોહથી રહિત છે, પ્રાણીમાત્ર પ્રત્યે અનુકંપાથી પ્રેરાયેલો છે અને જે સર્વે ગુણોથી સંસ્કારવાન છે તેને સર્વદા નમસ્કાર છે.

પંડિતજીએ[1] ઉપરનો શ્લોક અનાયાસે જ સંભળાવ્યો. બાપુએ એથી જ આરંભ કરતાં કહ્યું કે આ શ્લોક ગીતાભ્યાસની કૂંચી છે. એમાં વિનંતી અને ત્રાગું બંને છે. 'તું વિષ્ણુ હોય, ત્રિપુરારિ શિવ હોય, ગમે તે હોય, જો તું રાગદ્વેષાદિથી મુક્ત હોય તો તને નમસ્કાર છે.'

શરૂ કરતાં નીચેનો શ્લોક બોલાવ્યો :

मूकं करोति वाचालं पङ्गुं लङ्घयते गिरिम् ।
यत्कृपा तमहं वन्दे परमानन्दं माधवम् ।।

જેની કૃપાથી મૂંગો બોલી શકે છે, પાંગળો હિમાલય જેવાં ગિરિશિખરો ઓળંગી જાય છે એવા પરમાનન્દરૂપ માધવને હું નમસ્કાર કરું છું.[2]

મહાભારત એ ઐતિહાસિક ગ્રંથ નથી, પણ ધર્મગ્રંથ છે. બનેલી વાતને કહેવાનું કોનું સામર્થ્ય છે? એક પાણીનું બિંદુ જોયું તેનું વર્ણન આબેહૂબ આપવાનું માણસમાં સામર્થ્ય નથી. એવો પામર ઈશ્વરે મનુષ્યને બનાવી મૂકયો છે, ત્યાં બનેલી ઘટનાનું પૂરું વર્ણન તો કોણ આપી શકે? તેમાં આ યુદ્ધમાં તો લડનારા ધર્મથી, વાયુથી, ઇન્દ્રથી, અશ્વિનીકુમારથી ઉત્પન્ન થયેલા પાંચ પુત્રો અને એકે સમયે ઉત્પન્ન થયેલા સો પુત્રો છે. એવી વાત કયાંયે સંભવિત જાણી છે? દુર્યોધન એ અધર્મને રથે બેઠેલો હતો અને અર્જુન એ ધર્મને રથે ચઢેલો હતો. એમ આ યુદ્ધ ધર્મઅધર્મનું છે. સંજય એક ભક્તહૃદય છે. યુદ્ધ તો દૂર થાય છે, તે જોવાની તેની શક્તિ નથી, એટલે તે જોવાને વ્યાસ તેને દિવ્યચક્ષુ આપે છે. તેનો પણ અર્થ શો? એનો અર્થ એ જ કે જે યુદ્ધ આપણા શરીરમાં રહેલા અનેક કૌરવો અને પાંડવો વચ્ચે ચાલી રહ્યું છે તેનું જ વર્ણન એમાં છે. અનેક ગુણો અને અવગુણો મૂર્તિમંત થાય છે, તે ગુણઅવગુણોનું આ યુદ્ધ છે. હિંસાઅહિંસાનો પ્રશ્ન વેગળો રાખીએ. આ દ્વન્દ્વયુદ્ધમાં માણસનું કર્તવ્ય શું છે તે બતાવવાને માટે આ ધર્મગ્રંથ લખાયેલો છે.

## ૨[3]

### અધ્યાય પહેલો

ગુરુવાર, તા. ૨૫-૨-૨૬

પહેલા ત્રણ શ્લોકો કર્યા. ધૃતરાષ્ટ્રે સમજાવતાં કહ્યું, એવા અનેક આંધળા આપણા શરીરની અંદર વર્તે છે. એ યુદ્ધ અમુક હજાર વર્ષ ઉપર નહીં, પણ સતત, આજે પણ ચાલી રહ્યું છે.

દુર્યોધન દ્રોણાચાર્યને કહે છે કે તમારા જ શિષ્ય ધૃષ્ટદ્યુમ્ને વ્યૂહ રચેલો છે. શિષ્યો તો બધા તમારા જ છીએ. બન્નેને સરખી વિદ્યા તમે શીખવી છે, પણ અમ બન્નેને તેનો ઉપયોગ દુરુપયોગ તો પોતપોતાની મતિ પ્રમાણે કરવાનો સૂઝે.

૧. સંગીતશાસ્ત્રી નારાયણ મોરેશ્વર ખરે. આશ્રમના સંગીતશિક્ષક.

૨. પોરબંદરમાં રામજીના મંદિરમાં રોજ રાત્રે લાધા મહારાજ તુલસી રામાયણની કથા કરતા અને કથાના આરંભમાં આ શ્લોક બોલાવતા. લાધા મહારાજનો કંઠ બહુ મીઠો હતો. તેઓ દોહા ચોપાઈ ગાતા અને અર્થ સમજાવતા. તેઓ શ્રોતાજનને રસમાં લીન કરી મૂકતા. તેમની કથામાં બાપુને બહુ રસ આવતો. તેઓ કહે છે કે, આ રામાયણશ્રવણ મારા રામાયણ પરના અત્યંત પ્રેમનો પાયો છે.. આજે હું તુલસીદાસના રામાયણને ભક્તિમાર્ગનો સર્વોત્તમ ગ્રંથ ગણું છું.

૩. આ પ્રવચનમાં પહેલા અધ્યાયના ત્રણ શ્લોક આવી જાય છે.

Gandhi Heritage Portal

### ૩

શુક્રવાર, તા. ૨૬–૨–૨૬

પહેલે દિવસે पश्यैतां पाण्डुपुत्राणाम्વાળા શ્લોકમાં पश्यैताम्નો પદચ્છેદ ખોટો કરેલો. તેનો ઈશારો કરીને બાપુએ કહ્યું: પહેલે દિવસે જ્ઞાન ન બતાવાયું, પણ મારું અજ્ઞાન જ મેં પ્રગટ કર્યું. પણ વ્યાકરણ ન જાણતો હોય છતાં મુમુક્ષુ હોય તે ગીતામાંથી ઘણું મેળવી શકે છે. ભગવદ્‌ગીતામાં જ કહ્યું છે કે ભક્તિ હોય તો સ્ત્રી, વૈશ્ય, શૂદ્ર, સૌ જ્ઞાન મેળવી શકે. છતાં વિદ્વત્તાની અવગણના ન કરાય. કાંઈ પણ સમજવાને માટે વિદ્યા તો જોઈએ. તમે આવી ભૂલ કરી હોય તો તેને હું અક્ષમ્ય ગણું.

ત્યારે આમાં મુખ્ય વર્ણન શરીરક્ષેત્રનું છે. લડાઈ સર્વથા ત્યાજ્ય તો ન માની હોય ના? ના, લડાઈ ભલે હોય. પણ લડાઈને બહાને શરીરક્ષેત્રનું વર્ણન છે. એ દૃષ્ટિએ બધાં નામો પણ વિશેષનામો નહીં, પણ ગુણવાચક નામો છે. મૂર્તિમંત ગુણોનું શરીરક્ષેત્રમાં યુદ્ધ છે. સ્થૂલ યુદ્ધના વર્ણનમાં વ્યાસ સરખા જ્ઞાની પુરુષ રોકાય જ નહીં. આ શરીરને જ કુરુક્ષેત્ર અને તેને જ પવિત્ર ધર્મક્ષેત્ર કહ્યું છે. આ શરીરને જ્યારે ઈશ્વરની સેવાને માટે વાપરી નાખ્યું હોય ત્યારે તે ધર્મક્ષેત્ર બને છે. એવો પણ અર્થ હોય કે ક્ષત્રિયને હમેશાં યુદ્ધક્ષેત્ર ધર્મક્ષેત્ર છે. જ્યાં પાંડવ પણ હોય તે કેવળ પાપક્ષેત્ર તો ન જ હોઈ શકે.

દ્રૌપદીને પાંચ પુત્રો હતા કે નહીં એ શંકાની વાત છે એમ બંકિમચંદ્ર[1] કહે છે. પણ નિશ્ચય કરવો કઠણ છે. કર્ણ એ સૂર્યપુત્ર હતો. બધા જન્મ જ અલૌકિક છે. દુર્યોધન પ્રત્યે દયા છૂટી તેથી કહો, કે પોતે દાનવીર હતો તેથી કહો, તે તેના પક્ષમાં જોડાયો. કર્ણ ઉપરાંત ભીષ્મ, દ્રોણ જેવા સત્પુરુષો પણ તેના પક્ષમાં છે. આ બતાવે છે કે પાપ એકલું દુનિયામાં નભી નથી શકતું. એની સાથે કાંઈ પણ ધર્મ ભળેલો હોય તો જ એ નભી શકે. અસહકારમાં તત્ત્વ એ જ હતું કે સરકારની પાપી પ્રથા, જે સારા માણસોનો ટેકો મળવાથી ટકી રહી છે, તે, ટેકો દૂર થાય તો ન ટકે. સરકારને ટકવાને જેમ સારા માણસોનો ખપ પડે છે, તેમ દુર્યોધનને પણ પોતાનો પક્ષ સારો બતાવવાને ભીષ્મ, દ્રોણ જેવા સારા માણસોનો ખપ પડે છે.

### ૪

શનિવાર, તા. ૨૭–૨–૨૬

આજે તો કેવળ

अपर्याप्तं तदस्माकं बलं भीष्माभिरक्षितम् ।
पर्याप्तं त्विदमेतेषां बलं भीमाभिरक्षितम् ।।

એમાંના अपर्याप्त અને पर्याप्त શબ્દની જ ચર્ચા થઈ. એ શબ્દોના બે અર્થ થાય છે: अपर्याप्त એટલે (૧) અમર્યાદિત અથવા અપરિમિત અને (૨) અપૂર્ણ અથવા અપૂરતું; पर्याप्त એટલે (૧) મર્યાદિત અને (૨) પૂર્ણ અથવા પૂરતું. દુર્યોધનના મનના ભાવ ઉપર અર્થનો આધાર રાખે છે. બે અર્થમાંથી મેં अपर्याप्तનો અપૂર્ણ અથવા અપૂરતું એ અર્થ સ્વીકાર્યો છે. બચપણથી જ મને એ અર્થ ગમેલો છે. દુર્યોધનના મનનો ભાવ એ હતો કે આપણું બળ ભીષ્મપિતામહથી રક્ષાયેલું છે એટલે અપૂર્ણ છે. અને પાંડવોનું સૈન્ય ભીમથી રક્ષાયેલું છે

૧. બંકિમચન્દ્ર ચૅટરજી (૧૮૩૮–૧૮૯૪); બંગાળી કવિ અને નવલકથાકાર, कृष्णचरित्रના લેખક. ગાંધીજીએ યરવડા જેલમાં એ પુસ્તક વાંચ્યું હતું.

Gandhi Heritage Portal

માટે પૂર્ણ છે, કારણ ભીષ્મપિતામહ તો બન્ને પક્ષને ચાહનારા હતા એટલે દુર્યોધનને મનમાં ભીતિ હતી કે ભીષ્મપિતામહ પોતાના પક્ષમાં પૂરા દિલથી નહીં લડે.

૧૯ શ્લોક સુધી થયું.

૫

રવિવાર, તા. ૨૮–૨–૨૬

પ્રાર્થનામાં સંસ્કૃત એ તો સ્થૂલ વસ્તુ છે, પણ ધર્મનું રહસ્ય હૃદયની અંદર ઉતારવું એ જ ઉદ્દેશ છે. હું ગામડિયા જેવો છતાં ગીતાજી વાંચવાનો આગ્રહ શા માટે રાખું? મહાદેવ શા માટે ના પાડે?[1] હું કેમ બેસી ગયો છું? મારામાં યોગ્ય પ્રમાણની અંદર નમ્રતા છે. એમ તો આપણે બધાયે અપૂર્ણ છીએ, એમ હું માનું છું. પણ ધર્મ શું છે એ મેં યોગ્ય પ્રમાણમાં જાણેલો છે અને પાળેલો છે. મારામાં કાંઈક ધર્મ અને ભક્તિ ઊંડે ઊંડે રહેલી હશે તો તમારામાં પ્રગટાવી શકાશે. પથરાને ન સળગાવી શકાય, પણ જેનામાં તેલ અને વાટ હશે તે જ મારી દીવાસળીથી પોતાનો દીવો પ્રગટાવી લેશે. તેવી જ રીતે જેનામાં કંઈક હશે તે જ આ અભ્યાસમાંથી લઈ શકવાનો છે.

આપણા ઉચ્ચાર એવા હોવા જોઈએ કે જે સાંભળીને સહેજે ચિત્ત ઠરે. ગઈ કાલે પણ મેં વ્યાકરણનો એક દોષ કર્યો હતો. शङ्खं दध्मौ प्रतापवान् એમાં મેં प्रतापवान् શબ્દ शङ्खने લગાડયો. તે ભીષ્મપિતામહને લગાડવો જોઈએ. પણ મારું તો ગામડિયું સંસ્કૃત. મારું એવું જ્ઞાન ન મળે કે જેથી ખોટું બોલાય તો કાનને જ શુદ્ધ ન લાગે, કાનને જ ન ગમે.

પાંડવોમાંથી શંખ વાગી રહ્યા છે તેનું વર્ણન સંજય હજી આપી રહ્યો છે.

कैर्मया सह योद्धव्यम् મારે યુદ્ધ કરવાનું છે કે નહીં એમ અર્જુન પૂછતો નથી, પણ કોની સાથે લડવાનું છે એમ પૂછે છે. જો યુદ્ધ ન કરવું હોત તો આગલે દિવસે જ કૃષ્ણને કહી દેત કે મારે તો લડાઈ જ નથી કરવી. પણ તેને લડવા ઉપર કંઈ વૈરાગ્ય નહોતો. લડવા માટે તો યુધિષ્ઠિરની આજ્ઞા લઈ ઇન્દ્ર પાસેથી આયુધો લઈ આવ્યો હતો. કૃષ્ણ એને કહેત કે તું દુર્યોધનની પાસે જા અને એને સમજાવ. પણ એ તો હતું જ નહીં. વનવાસમાં પણ અર્જુન તો લડતો હતો. વિરાટ રાજા ઉપર દુર્યોધને ચડાઈ કરી ત્યારે એ લડયો હતો. એ તો લડાઈની અંદર તરબોળ હતો. પણ અર્જુનનો પ્રશ્ન એ હતો કે મારે કોની સાથે લડવાનું છે? એ વસ્તુ આપણે ખૂબ યાદ રાખવી જોઈએ.

૬

મંગળવાર, તા. ૨–૩–૨૬

અર્જુન શ્રીકૃષ્ણને પ્રાર્થના કરે છે કે બંને સેના વચ્ચે મારો રથ લઈ જાઓ, જેથી હું જોઉં કે અહીં લડનારા કોણ કોણ છે.

એ જુએ છે કે બધાં સગાંસાંઈ અને મિત્રવર્ગ છે, જેને મારવાનું મન એકાએક ન થાય.

અર્જુન કહે છે: સ્વજનને મારવામાં ભલું નથી જોતો. અહીં સ્વજન ઉપર ભાર છે. ત્રિલોકના રાજ્ય માટે પણ હું એમની સાથે ન લડું, તો માટીનાં ઢેફાંને માટે હું થોડો જ લડવાનો છું? કારણ એણે તો પાંચ જ ગામની માગણી કરી છે. એ ફરી ફરીને પૂછે છે,

૧. બાપુજી એમ બોલેલા કે ગીતાના ઉચ્ચાર અને અર્થ મહાદેવ મારા કરતાં વધારે જાણે.

Gandhi Heritage Portal

સ્વજનને મારીને શી રીતે સુખી થઈશ? એની બધી દલીલનો સાર એ છે કે कैर्मया सह योद्धव्यम् કોની સાથે મારે લડવાનું છે? અર્જુનને મારવાનું દુ:ખ નથી, પણ કોને મારવાના છે, એ જ દુ:ખ છે. એની પાસે સ્વજન શબ્દ ફરી ફરી બોલાવીને અર્જુનને કેટલો બધો મોહ અને મૂર્છા આવી છે એ ગીતાકાર બતાવે છે. અર્જુન વ્યવહારની દલીલ કરી રહ્યો છે અને કૃષ્ણ એ જ દલીલને તોડવા ઇચ્છે છે; એની અહીં આગાહી છે.

સગાં કોર્ટે ચડવા ઇચ્છતાં હશે તોયે તેના ઉપર જગત ટીકા કરશે. અર્જુનને અરેરાટી છૂટે છે, પણ શ્રીકૃષ્ણ તેની અરેરાટી ઝટઝટ કાઢી નાખવા માગે છે, એમ નથી. જે વસ્તુનો ત્યાગ આપણને વ્યવહાર કરાવે છે, તેટલો પરમાર્થમાં ન કરીએ તો ધર્મ અધર્મ થઈ પડે. લોકાપવાદને લીધે વ્યવહારમાં જે વસ્તુ છોડી દઈએ, સામાન્ય કોટિના માણસો પણ જે વસ્તુને છોડે ત્યારે અહીં તો છોડવાની નહીં પણ હજારો અને લાખો માણસોને મારવાની વાત છે, એ અર્જુન કેમ કરે? આવા પ્રશ્ન માટે અર્જુનને કૃષ્ણની પાસે જવાની કશી જરૂર નથી. એ આપણી પાસે આવીને કહે તો આપણે પણ તેને કહીએ કે "ના લડીશ." આપણો કળિયુગનો માર્ગ જ જ્યારે કહે છે કે એવી મફતની લડાઈ ન કરવી, ત્યારે શ્રીકૃષ્ણ પાસે અર્જુન કેમ ગયો અને તેમની વચ્ચે આવડો સંવાદ કેમ થયો, એ વિચારવું જોઈએ. એટલે લખનારનો વિચાર તેમ જ આગળ પાછળની બધી સ્થિતિ ખૂબ વિચારીએ તો જ ગીતાનો અર્થ સાચો થઈ શકશે. પણ આ છેલ્લા શ્લોકો ભારે મહત્ત્વના છે એટલે કાલે વિચારશું, કારણ આખી દલીલનો પાયો એ શ્લોકોમાં આવી જાય છે.

## ૭

બુધવાર, તા. ૩–૩–૨૬

જે વસ્તુ સામાન્ય વ્યવહારમાં માણસ કરે તે સારી ગણીએ. અહીં અને બહાર એવા કોઈ માણસને જોઈએ કે જે પોતાનો દુનિયાદારી હક છોડી દે, સગાંસાંઈ તો દૂર રહ્યાં પણ પરાયાને ક્ષમા આપે, તો તેને આપણે સારો માણસ ગણીએ. ચોર ઇત્યાદિ આતતાયીને આપણે મારીએ નહીં, દંડ ન દઈએ, એને સમજાવીએ, અને આખરે વસ્તુ લઈ જવા દઈએ, એ સારમાણસાઈમાં ખપશે, અહિંસામાં ખપશે, અને એથી વિરુદ્ધ હિંસામાં ખપશે. આમ છતાં શ્રીકૃષ્ણ અર્જુનને એવી દલીલ કરતો કેમ અટકાવે છે? આવું દેખાતું વિપરીત શિક્ષણ ભગવદ્-ગીતામાં કેમ હશે? શ્રીકૃષ્ણ અર્જુનને કેમ ક્લીબ અને દુર્બળ કહે છે?

ભગવદ્ગીતામાં પહેલાથી તે છેલ્લા શ્લોક સુધી સુસંગતિ છે. એનું મનન એથી જ કરીએ છીએ, અને તેમાંથી મોક્ષનો માર્ગ મેળવવાની આશા રાખીએ છીએ. એટલે વિચારવું જોઈએ કે અર્જુન જે કહે છે તે બરાબર છે કે એમાં કાંઈ ભૂલ છે?

કેમ જાણે મારવો ઉંદર અને ખોદવો ડુંગર, એમ હોય તેમ સમાપ્તિ સંકલ્પમાં કૃષ્ણ ભગવાને આને એક ઉપનિષદ ગણ્યું, યોગશાસ્ત્ર ગણ્યું, બ્રહ્મવિદ્યા ગણી અને તેમાં આ અર્જુનવિષાદનો અધ્યાય છે, એમ કહ્યું.

અર્જુને જે સંવાદ કર્યો છે તે શો છે અને કયે સમયે કર્યો છે, તે વિચારવાની જરૂર છે. અર્જુને રથને બે સૈન્યની વચ્ચે મુકાવ્યો ત્યારે તેણે સવાલ કર્યો છે કે મારે કોની સાથે લડવાનું છે, એ જોઈ લઉં. એને તાત્કાલિક મોહ ઉત્પન્ન થયો છે. એ લથડ્યો છે. અગાઉનો બધો ઇતિહાસ સૂચવે છે કે અર્જુન તો ભારે લડવાવાળો છે અને લડવા બેસે ત્યારે

Gandhi Heritage Portal

ધર્મરાજાની માફક અનેક દલીલો વિચારવા નથી બેસતો. અર્જુને તો લડતી વખતે સગાંવહાલાં તરફ પણ નથી જોયું. ચૌદ વરસના વનવાસ દરમ્યાન પણ કૌરવો પ્રત્યેનો પોતાનો તિરસ્કાર ધર્મરાજાની આગળ વર્ણવ્યો છે, એટલું જ નહીં, પણ લડત જીતવાનો બધો આધાર અર્જુનની ઉપર રહેલો છે. ભીમ સાહસિક અને જોરાવર છે, પણ અર્જુનની શક્તિ તેનામાં નથી. ચૌદ વર્ષમાં યુદ્ધની તૈયારી થાય છે, તેમાં પણ સર્વેએ અર્જુનને મોખરે મૂક્યો છે. વિરાટનગરમાં પણ લડાઈ થઈ ત્યારે વેશધારી અર્જુને માગણી કરી કે મને સમરાંગણમાં લઈ જાઓ. જેને લડાઈમાં આટલો બધો રસ આવે છે તે માણસ શા સારુ રથ ઊભો રખાવીને માણસો જોવા ઇચ્છે છે? એને તો એકેએક માણસનો ભારે પરિચય છે. આટલી દલીલ કરી કૃષ્ણને શા સારુ આટલું સંભળાવે? એણે તો તુરત જ ત્યાંથી ચાલ્યા જવું જોઈતું હતું. અર્જુનની પાસે લશ્કર ઓછું છે—સાત અક્ષૌહિણી[1] અને કૌરવો પાસે અગિયાર અક્ષૌહિણી છે. હવે ધારો કે અર્જુન ભાગે છે. જોકે આ આતતાયી છે, પાપી છે, પણ સગાં છે એટલે એને નથી મારી શકતો અને ભાગે છે. પછી પેલા અસંખ્ય માણસોનું શું થાય? આ માણસોને છોડીને અર્જુન નાસે તો કૌરવો શું એમની ઉપર દયા ખાવાના છે ખરા? અર્જુન ભાગે એટલે પાંડવોનું સૈન્ય ચગદાઈ જ જાય. એમની સ્ત્રીઓ અને બચ્ચાંના શા હાલ થાય? યુરોપની લડાઈનાં વર્ણન હું નવજીવનમાં આપું છું, તે સકારણ છે. એ મહાભારતની લડાઈનું ભાન કરાવે છે. એવી લડાઈથી આખી પ્રજાની કેટલી ખુવારી અને ખરાબી થાય છે તે બધા જાણતા થાય, એટલા માટે હું એ આપું છું. અર્જુન નાઠો હોત તો જે આફતોની એ વાત કરે છે તે જ આફતો આવત. કુલક્ષય થાત અને કુલધર્મ તથા જાતિધર્મનો નાશ થાત. એટલે એને લડ્યા વિના છૂટકો જ નહોતો. આ તો લડાઈનો સ્થૂલ અર્થ લઈએ તો થયું; શરીરક્ષેત્રની વાત ઉપર તો હું આગળ આવીશ.

ફીનિકસમાં[2] હું ગીતાની ચર્ચા કરતો, તે વેળાએ મેં શું કહ્યું હતું તે કાલે સંભળાવીશ.

## ૮

### અધ્યાય બીજો

ગુરુવાર, તા. ૪–૩–૨૬

શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે: 'હૃદયદૌર્બલ્ય' ત્યજીને ઊભો થા. ભક્તરાજના[3] નિરાશાકૂપના જેવી સ્થિતિ કલ્પેલી છે. આવાં વચનો અર્જુન જે બધું છોડવા બેઠો છે, તેને કેમ કહ્યાં હશે?

હું લંડનમાં ઘણા ક્રાંતિવાદીઓ સાથે વાતો કરતો. શ્યામજી કૃષ્ણવર્મા અને સાવરકરાદિ[4] મને કહેતા કે તમે કહો છો તેથી ગીતા અને રામાયણનો ઉપદેશ વિરુદ્ધ જ છે. તે વખતે મને થતું કે વ્યાસમુનિએ બ્રહ્મજ્ઞાન આપવા માટે આવું યુદ્ધનું દૃષ્ટાંત ન યોજ્યું હોત તો કેવું સારું થાત! કારણ જ્યાં સારા સારા વિદ્વાન અને ઊંડા ઊતરેલા માણસો પણ ભગવદ્‌ગીતામાંથી આવો અર્થ કાઢે તો સામાન્ય માણસને શું કહીએ? જેને સર્વશાસ્ત્રનું દોહન કહીએ, જેને ઉપનિષદ કહીએ,

૧. અક્ષૌહિણી સેનામાં ૧,૦૯,૩૫૦ પાયદળ, ૬૫૬૧૦ હયદળ, ૨૧,૮૭૦ રથમાં બેસીને લડનાર અને ૨૧,૮૭૦ હાથી પર બેસીને લડનાર સૈનિકો હોય.

૨. ૧૯૦૪માં ગાંધીજીએ ડર્બન પાસે ફીનિક્સમાં સ્થાપેલો આશ્રમ.

૩. અહીં Pilgrim's Progressનો ઉલ્લેખ છે.

૪. વિનાયક દામોદર સાવરકર.

Gandhi Heritage Portal

તેમાંથી આવો વિપરીત અર્થ નીકળી શકતો હોય તો વ્યાસ ભગવાને બીજું કોઈ સરસ દૃષ્ટાંત લઈ ઉપદેશ આપવો જોઈતો હતો.

અર્જુન અને કૃષ્ણને તેમણે એવા મૂર્તિમંત કર્યા છે કે આપણે તેમને ઐતિહાસિક વ્યક્તિઓ જ માનીએ છીએ. તેમાં વળી ઇતિહાસકાર શહેર, કોમ, માણસો વગેરેનો ઇતિહાસ આપે છે અને કહે છે કે તે વેળાના શ્રેષ્ઠ પુરુષોના યુદ્ધનું વર્ણન કરું છું. આવી વસ્તુ વ્યાસ ભગવાને ન કરી હોત તો કેવું, એમ મારાથી કહેવાઈ ગયું. આ નાને મોઢે મોટી વાત થઈ, એમ કહેવાય. પણ સત્યની સેવા કરનાર શું કરે? દોષ દેખાય તો શું કરવું? દોષનો આભાસ આવે તે નમ્રતાપૂર્વક કહીએ તેમાં ગુનો નથી. કેટલાંય વર્ષ સુધી આ વસ્તુ મારા મનમાં રહી. પછી મેં વિચાર્યું કે મારે મહાભારત વાંચવું જોઈએ. ગીતાજીની આસપાસનું વાતાવરણ જોવાને માટે અને તેમાં કેવી સુગંધ દુર્ગંધ રહેલી છે એ દૃષ્ટિએ મહાભારત વાંચવાનો નિશ્ચય થયો. જેલની અંદર ગુજરાતી મહાભારત મળ્યું તે મેં વાંચ્યું. મેં જોયું કે વ્યાસ યુદ્ધને ત્યાજ્ય માનતા હતા એવું નહોતું. વ્યાસે જે દૃષ્ટાંત લીધું છે તે અતિશય સુંદર દૃષ્ટાંત છે. જેમ ઈસપનીતિમાં તથા પંચતંત્રમાં પશુપંખીઓના સંવાદો રચી નીતિનું જ્ઞાન આપેલું છે, તેમ મહાભારતમાં પણ ગુણ-અવગુણની મૂર્તિઓ કલ્પીને સુંદર શિક્ષણ આપ્યું છે. યુદ્ધવર્ણન એ તો નિમિત્તમાત્ર છે. મહાભારત પણ યુદ્ધના વર્ણનને માટે નથી. ગીતામાં આ પ્રસંગને નિમિત્તે એમણે સુંદર જ્ઞાન આપવાનો લાગ સાધ્યો છે. માણસ સાવધાન ન હોય તો ભ્રમણામાં પડે છે. ધર્મ માત્ર એવો છે કે સાવધાન ન હોઈએ તો ભ્રમણામાં પડાય. પ્રહ્‌લાદનું ઉતાવળું અનુકરણ કરવા જાય તે પડે. અધિકાર વિના શાસ્ત્ર ન વાંચવાં એમ જે કહ્યું છે તેનું રહસ્ય આ જ છે. ધર્મના કોયડાઓ માણસ પોતાને સારુ ઝટઝટ ઉકેલી નથી શકતો. યમનિયમાદિનું પાલન કરીને તે અધિકારી ન થયો હોય ત્યાં સુધી ન ઉકેલી શકે. એ સામગ્રી વિના આવું પુસ્તક એકદમ લઈ લેવું એ નિરાશાકૂપમાં પડવા જેવું છે. જેમ વનસ્પતિશાસ્ત્રનો અભ્યાસ વનસ્પતિ જોયા વિના કરવા બેસીએ તેના જેવું આ થાય.

અર્જુનને માટે 'ગુડાકેશ' શબ્દ વાપર્યો છે. એટલે નિદ્રાને જીતનાર, સાવધાન. માટે આપણે આ દૃષ્ટાંત બરાબર વિચારવું જોઈએ. પહેલી વાત તો એ છે કે એ અર્જુનને એવો મોહ ઉત્પન્ન થાય છે કે સ્વજન અને પરજન એમાં ભેદ છે. પરજન આતતાયી ન હોય તોપણ તેને મારી શકાય અને સ્વજન આતતાયી હોય તોપણ તેને ન મરાય. મારો દીકરો દારૂડિયો હોય તોપણ તેને મારો વારસો મળે. પરાયો છોકરો ખરાબ હોય તેને નવજીવનને પાને હું ચડાવું અને મારા છોકરાને ન ચડાવું. ગીતાજી કહે છે કે ના, એ બરાબર નથી. પરાયાને વગોવવાનો આપણને અધિકાર નથી. તમારાને જ પહેલાં વગોવતાં શીખો. દ્રોણાચાર્યનો પહેલી કોટિનો શિષ્ય અર્જુન. ભીષ્મે તો જાણે અર્જુનને પહેલા ખોળાનો પુત્ર હોય એટલો પ્રેમ એના ઉપર વર્ષાવેલો છે. એ બન્નેને અર્જુને મારવા જોઈએ. બંનેની સાથે અસહયોગ કરવાનું એનું કર્તવ્ય થઈ પડ્યું છે, કારણ તેઓ ખોટે પાટલે ચડીને બેઠા છે. સગો બાપ હોય અને તલવારથી તેનું ગળું કાપવું પડે તો કાપવું પડે, જો તમારી પાસે તલવાર હોય, તમે ક્ષત્રિય હો, તમે બીજાને કાપવાના હો, તો. એટલે શ્રીકૃષ્ણ કહે છે કે આ લોકો વિશે મોહ મૂક. નવજીવનના અધિપતિ તરીકે મારે શું કરવું જોઈએ? બીજા બાળકે ચોરી કરી હોય તો મારે તેની દાંડી પીટવી અને મારા આશ્રમના બાળકે ચોરી કરી હોય તો તે ન પ્રગટ કરવી? નહીં. ગીતાજી સ્વજન પરજનનો ભેદ નથી કરી શકતી. હણવા જ જોઈએ તો સ્વજનને પહેલા હણજો. અહીં અર્જુનને શ્રીકૃષ્ણ કહે છે તું 'મારું, મારું' શું કરી રહ્યો છે? અર્જુનને પારકું અને પોતાનું એ મોહમાંથી ગીતાજી છોડવવા

Gandhi Heritage Portal

માગે છે. મારવાનો તો એનો નિશ્ચય છે, પણ તેને અમુકને મારવા નથી, એ કાંઈ બરાબર નથી. એ કાંઈ સ્વાર્થને સારુ નથી મારવાનો. રાવણનો વિનાશ રામને હાથે થવો જોઈતો હતો. રામ કેમ જ્ઞાની થઈને ન બેઠા? તેમને ખબર હતી કે રાવણ સીતાને કશું નથી કરી શકવાનો. પણ તેમણે આવી દલીલ ન કરી. તેમણે સીતાજીને માટે લડાઈ કરી એમ આપણે નથી કહેતા, પણ તેમણે તો રાવણનો સંહાર કરવા આ યુદ્ધ કર્યું એમ આપણે માનીએ છીએ.

આપણે અહિંસક હોવા છતાં નામર્દ થઈને રાંકની રક્ષા ન કરીએ, એ બરાબર નથી. જો અર્જુન સ્વજન પરજનભેદ ભૂલી ગયો હોત, તેનામાં ભારે અહિંસા વ્યાપી હોત કે જેથી તે દુર્યોધનનો સ્વભાવ બદલી શકે, તો તો તે શ્રીકૃષ્ણ થઈને બેસત. પણ તે તો દુર્યોધનને દુષ્ટ માનતો હતો. સર્પની ભેટ કરવા હું જવાનો છું, એ જુદી વાત છે. પણ તમને સર્પ કરડવા આવે તો મારે તમારી રક્ષાને માટે સર્પને મારવો જોઈએ. અર્જુન પાસે બે ધર્મ રહેલા છે. અર્જુન કાં તો પેલાની હિંસા કરે, કાં તો પેલાને પલટાવે. અહીં તો અર્જુન હથિયાર મૂકે તો બીજા બધાનું નખ્ખોદ વળે એવું હતું. અર્જુન આ વેળા યુદ્ધમાં ન લડે તો ભયંકર પરિણામ આવે. માટે વ્યાસજીએ આ યોગ્ય જ દૃષ્ટાંત લીધું છે. જે માણસ યુદ્ધને માનનાર છે, હિંસા એમાં છે છતાં હિંસા નથી માનતો, તે માણસને અહીં હિંસા કરવાનું કહેવામાં આવે છે.

## ૯

શુક્રવાર, તા. ૫–૩–૨૬

અર્જુન શ્રીકૃષ્ણને એમ નથી પૂછતો કે મારે હણવું એ સારું કે ન હણવું એ. પણ એ તો સ્વજનને હણવા એ બરાબર છે કે નહીં એમ પૂછે છે. એનો પ્રશ્ન કેવળ પક્ષપાતનો છે. સગા અને પૂજ્ય, ભીષ્મ અને દ્રોણ, એ બે મોટા એની આંખ આગળ તરી રહ્યા છે. એમને કેમ હણી શકાય? જેને હિંસા અહિંસાનું ધર્મસંકટ નથી થતું, પણ કોની હિંસા કરવી એ સવાલ ઊઠે છે, તેને તો આપણી જાડી બુદ્ધિ પ્રમાણે એક જ જવાબ હોય. પણ અર્જુન જેવા ઈશ્વરથી ડરીને ચાલનારાને વિચારવાનું હોય. મારે ગાયત્રીનો જપ જપવો કે પેલો દુ:ખી રાડ પાડે તેની પાસે જવું, એ ઝીણવટનો પ્રશ્ન સૂક્ષ્મ બુદ્ધિવાળો જ ઉકેલે. ઈશ્વરથી ડરનારને એ ઉકેલતાં વાર ન લાગે. આવા ઝીણા પ્રશ્ન મહાભારતકારે મહાભારતને પાને પાને ચર્ચ્યા છે. તેમાં વ્યક્તિઓ લઈને તેમની આસપાસ બોધ ગૂંથ્યો છે. એમાં કેટલીક ઐતિહાસિક વાતો પણ લઈ લીધી હોય. પણ જે રીતે કવિઓ અને ઋષિઓ કરતા આવ્યા છે તે રીતે આ થયું છે. અંગ્રેજ કવિઓએ પણ ઐતિહાસિક પાત્રો લઈને નાટકો અને કાવ્યો લખ્યાં છે. વિશ્વામિત્ર ઋષિએ ગોમાંસ ચોરીને ખાધું કે નહીં,[1] ચમારને ત્યાં ખાવું કે નહીં, એ પ્રશ્ન મહાભારતકાર ઊભો કરે છે. તેમ આ ત્રણ વસ્તુ મહાભારતકારે મૂકી છે

## ૧૦

શનિવાર, તા. ૬–૩–૨૬

આજથી ભગવદ્‌ગીતાનું વસ્તુ શરૂ થાય છે, એટલે પહેલાંના જેટલા ઝપાટાથી આપણે શ્લોકો નહીં ચલાવી શકીએ.

'નિર્દોષ સુખ, નિર્દોષ આનંદ, લ્યો ગમે ત્યાંથી ભલે' રાયચંદભાઈએ આ કહ્યું છે, તેમ ગીતાના શ્લોકોના અર્થ કરતાં આપણે અનેક વસ્તુ કાઢીએ.

૧. મહાભારતના શાંતિપર્વમાં આ વાત આવે છે.

Gandhi Heritage Portal

અગિયારમા શ્લોકથી તે છેલ્લા અધ્યાય સુધી અર્જુનને સમજાવવાની દલીલ શરૂ થાય છે. પ્રથમ આત્મા અને શરીર નોખી વસ્તુ છે એ બતાવવાનું શરૂ કરે છે. કારણ આત્મજ્ઞાનમાં પહેલી વાત એ જ જાણવાની હોય. કેટલીક વ્યાખ્યા પહેલેથી જાણવી જ જોઈએ, ત્યાર પછી આગળ ચલાય. અર્જુનને જિજ્ઞાસુ, આત્મવાદી, યમનિયમનું પાલન કરનાર કલ્પેલો છે, એટલે તેને આત્મજ્ઞાન આપવાની શરૂઆત કરી. બ્રહ્મચર્ય અને સત્યનું પાલન કરે ત્યાર પછી જ અભ્યાસને અર્થે સવાલો પૂછવાનો હક ઉત્પન્ન થાય છે, અને પછી જ એને જવાબ અપાય. અર્જુનમાં આટલો અધિકાર છે, દાસત્વ છે, વિનય છે.

ગીતાજીનું મંડાણ શેની ઉપર રચાયેલું છે તેનો હજી આપણે પૂરો વિચાર નથી કર્યો. કાલે આપણે એ વસ્તુનો વિચાર કરી રહ્યા હતા કે અર્જુને કહ્યું છે કે સ્વજનને મારવા એ ખોટું છે, નહીં કે મારવું એ ખોટું છે. તેને કહેવામાં આવ્યું કે તું સ્વજનપરજનનો ભેદ ભૂલી જા. હિંદુ ધર્મશાસ્ત્રોમાં કહેલું છે કે અહિંસા એ જ પરમ ધર્મ છે. એટલે મારવા ન મારવાનો પ્રશ્ન જ ન ઉઠાવી શકાય! નાસ્તિક જ એવો પ્રશ્ન ઉઠાવે. અર્જુને યમનિયમનું પાલન કરેલું છે. અને તેમાં અહિંસા તો પહેલી જ આવે છે. પણ અહિંસા એવી વસ્તુ છે કે જેનું સર્વાંશે પાલન અશક્ય છે. વિચારમાં એનું પાલન શક્ય હોય, પણ વ્યવહારમાં એનું સંપૂર્ણ પાલન અશક્ય છે. શંકરાચાર્યે[1] કહ્યું છે કે ‘સમુદ્રનું પાણી તરણા વતી ટીપે ટીપે ઉલેચીને સમુદ્રને ખાલી કરવામાં જેટલી ધીરજ જોઈએ, એથીયે વિશેષ ધીરજ મુમુક્ષુએ મોક્ષ મેળવવા માટે રાખવી જોઈએ.’ એ જ પ્રમાણે સંપૂર્ણ અહિંસક થવાને માટે પણ એટલી જ ધીરજ જોઈએ. આ દેહે અહિંસાનું સર્વાંશે પાલન અશક્ય છે. એટલા જ સારુ મોક્ષ એ પરમ ધર્મ કહ્યો છે. હિંસા નસીબે લખેલી છે. જ્યાં સુધી આંખ મટમટાવવાની છે અથવા નખ કાપવાના છે, ત્યાં સુધી કાંઈક ને કાંઈક હિંસા રહેલી જ છે. કર્મ માત્ર દોષમય છે, એમ આગળ કહ્યું છે. એટલે અર્જુને હિંસાઅહિંસાનો સવાલ ઉઠાવ્યો જ નથી. મોહાન્ધ માતા પોતાના બાળકનું તાણનારા સવાલ કરે તેમ સ્વજનપરજનના ભેદનો સવાલ અર્જુન કાઢે છે.

ભગવદ્‌ગીતામાં દરદોનું એકીકરણ કરેલું છે. વ્યાધિની વૈદ નોખી નોખી દવા આપે છે પણ આજકાલ વૈદકશાસ્ત્રની શોધ ઉપરથી વૈદો એ નિશ્ચય ઉપર આવી રહ્યા છે કે દરદો જુદાં જુદાં દેખાય છે, પણ અંતે એક જ છે. તેનું કારણ એક જ છે અને ઉપાય પણ એક જ છે. ભગવાન તે પ્રમાણે કહે છે કે આધ્યાત્મિક ઉપાધિ એક જ છે, કારણ એક છે અને ઉપાય પણ એક જ છે. આવું એકીકરણ બતાવવાને મોટામાં મોટો દાખલો લીધો છે. સ્વજન જો હણવા લાયક હોય તો તેમને હણી નાખવા, પૃથ્વીનો નાશ થતો હોય તોપણ અચકાવું નહીં. એમ કરવાનો અર્જુનનો અધિકાર જ નહીં પણ કર્તવ્ય છે. સ્વજનને મારવાની વાત આવે ત્યારે પણ અપવાદ ન હોય, એવા પ્રશ્નના જવાબમાં અર્જુનને સનિશ્ચય જવાબ મળે છે, એટલે આ નિશ્ચયવાદ છે. જેમ સત્યના પાલનમાં અપવાદ નથી, કારણ સત્ય પરમેશ્વર છે અને સત્યને અપવાદ હોય તો પરમેશ્વર પણ સત્યાસત્ય થઈ જાય. એટલે વગર અપવાદનો આ દાખલો છે.

શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે તું ડાહી ડાહી વાતો કરે છે, ગીતાજીમાં નથી કર્મમાર્ગ બતાવ્યો, નથી જ્ઞાનમાર્ગ કે નથી ભક્તિમાર્ગ. માણસ વૈરાગ્ય અને કર્મ ગમે તેટલું કરે, ભક્તિ ગમે

૧. ૭૮૦–૮૧૨. વેદાંતના ઉપદેશક અને ફિલસૂફ; આખા દેશમાં ફરી તેમણે અનેક મઠ સ્થાપ્યા. ભગવદ્‌ગીતા, ઉપનિષદ અને અનેક ઋચાઓ ઉપર તેમણે ટીકા લખી છે.

Gandhi Heritage Portal

તેટલી કરે, તોપણ તેને જ્ઞાન ન મળે ત્યાં સુધી તે અહંભાવ, મમત્વ ન છોડે. મમત્વ છોડે તો જ તે આત્મદર્શન કરી શકે. જેણે મમત્વ છોડયું છે તેને વિશે જ આત્મદર્શન શકય છે. અંગ્રેજીમાં 'આઈ'ને માટે સીધી લીટી કરે છે અને તેના ઉપર મીંડું એટલે શૂન્ય મૂકવામાં આવે છે. એ હુંપણું ભસ્મ થાય ત્યારે જ આત્મજ્ઞાન થાય. માણસ સીધો ટટાર હોય તે કેટલો વળ્યો છે તે જોઈએ તો તેની ભક્તિ દેખાય,—તો જ તે બગભગત નથી, તો જ તે જ્ઞાની છે, આડંબર વિનાના જ્ઞાનવાળો છે. ત્રણમાંથી એકે માર્ગ ગીતા નથી બતાવતી. પણ આ એક જ વસ્તુ બતાવવાને લખાયેલી છે, એવો અનુભવ મને થયેલો છે. જેટલે દરજ્જે આપણે મમત્વ તજીએ, તેટલે જ દરજ્જે આપણે સત્યનું પાલન કરી શકીએ છીએ.

એટલા જ સારુ આ સુંદર દલીલ શ્રીકૃષ્ણે કરી છે.

## ૧૧

રવિવાર, તા. ૭–૩–૨૬

देहिनोऽस्मिन्यथा देहे कौमारं यौवनं जरा ।
तथा देहान्तरप्राप्तिर्धीरस्तत्र न मुह्यति ।।

ઉપરના શ્લોકમાંના દેહાન્તરપ્રાપ્તિ શબ્દ ઉપર જ આજે ચર્ચા થઈ. બાપુનો અર્થ એ હતો કે દેહીને આ દેહમાં જેમ કૌમાર, યૌવન, જરા મળે છે, તેમ જ દેહાન્તરપ્રાપ્તિ (મૃત્યુ) મળે છે. અહીં 'દેહાન્તરપ્રાપ્તિ' શબ્દથી બીજો દેહ કે પુનર્જન્મ વિવક્ષિત નથી. કારણ અહીં મરણનો ભો ટાળવાની જ વાત છે, પુનર્જન્મના ભોની વાત જ નથી.

## ૧૨

મંગળવાર, તા. ૯–૩–૨૬

સીંદરીને સર્પ માન્યો ત્યાં સુધી ભય. તેમ જ દેહમાં શી શી દશાઓ સ્વાભાવિક છે, તે ખબર પડે તો શોક ન રહે. અર્જુનને શાંત કરવા આત્મા અને દેહની સ્થિતિ તે સમજાવવા માગે છે.

मात्रास्पर्शास्तु कौन्तेय शीतोष्णसुखदुःखदाः ।
आगमापायिनोऽनित्यास्तांस्तितिक्षस्व भारत ।।
यं हि न व्यथयन्त्येते पुरुषं पुरुषर्षभ ।
समदुःखसुखं धीरं सोऽमृतत्वाय कल्पते ।।

ઇન્દ્રિયોના સ્પર્શો ઠંડી ગરમી અને સુખદુ:ખને આપનારા તથા આવનારા જનારા અને અનિત્ય છે; માટે હે અર્જુન, તેઓને તું સહન કર.

જે માણસ આથી મૂંઝાતો નથી, ક્ષોભ પામતો નથી, મોહ પામતો નથી, દુ:ખી થતો નથી, તે જ અમરપદને લાયક છે.

ઇન્દ્રિયોના સ્પર્શો હોય જ નહીં, તેને ચિંતા થઈ શકે જ નહીં. હમેશાં સુખદુ:ખ માટે ઇન્દ્રિયોના સ્પર્શો જવાબદાર છે. એક માણસે કહ્યું છે : ગુસ્સે થયેલા માણસના સ્નાયુની તેર ગતિ થાય છે અને હસતાની નવ ગતિ થાય છે. એટલે ગુસ્સે થયેલા માણસની શક્તિનો વધારે વ્યય થાય છે. જેની શક્તિનો વ્યય થાય છે તે અમરપદ ન પામે. આ અભ્યાસની વાત છે. આવા માણસને વિશે આપણે કહીએ કે એ સાક્ષાત્ ઈશ્વર છે, તોયે ચાલે. ફીનિકસમાં એક

Gandhi Heritage Portal

પાખંડી સ્વામી આવ્યા હતા. તેમણે ગીતાનો જે શ્લોક જાણતા હો તે બોલવાનું મને કહ્યું, ત્યારે હું આ શ્લોક બોલેલો. વકીલાતની શરૂઆતમાં, એક દિવસ બહુ મૂંઝાયો. ફરવા નીકળ્યો. બહુ મૂંઝવણ થતી હતી. આ શ્લોક યાદ આવ્યો અને એમ માનો ને કે હું નાચતો જ થઈ ગયો. આપણે અર્જુનની પાટે બેસીને આપણા સારથિને શ્રીકૃષ્ણ ભગવાન માની લેવા. આમ ગીતાનો સ્થૂળ અર્થ એ છે કે યુદ્ધમાં ઝંપલાવીને ઝૂઝયાં જ કરવું જોઈએ. જેમાં એ પરોવાઈ ગયો છે તે કામ છોડયે ચાલી ન શકે. એટલે જે દૃષ્ટાંત લીધું તે મિથ્યા ન હોવું જોઈએ. અપૂર્ણ ન હોવું જોઈએ, શાણા માણસે એમાંથી ઊંધો અર્થ ન કાઢવો જોઈએ.

વ્યાસના મનની અંદર તો ભાવ જુદા હતા. તેમને તો મહાભારત એવું લખવું હતું કે બાળક અને બાળાઓ પણ તે શીખે, અને સદ્ગુણી માણસોને યાદ કરે તથા દુર્ગુણીથી દૂર રહે. એમને તો આપણા મનની અંદરની સારી વૃત્તિઓને ઉશ્કેરી બૂરી વૃત્તિઓને દબાવવી હતી. સ્ત્રીઓને પણ દ્રૌપદીનું દૃષ્ટાંત આપીને તેમણે શીખવ્યું કે સંકટ સમયે તેઓ સિંહણની માફક ગર્જના કરે, અને પોતાના ધર્મની રક્ષા કરે. દ્રૌપદી એવી ગર્જના કરીને અર્જુન, યુધિષ્ઠિર તથા ભીમને ઉશ્કેરી શકતી હતી. મહાભારત લખીને મહાભારતકારે સ્ત્રીઓને ખૂબ ચડાવી દીધી છે. પણ મહાભારતનો મુખ્ય ઉદ્દેશ તો સૂક્ષ્મમાં સૂક્ષ્મ યુદ્ધની વાત કરવાનો છે. આપણા શરીરમાં જે અર્જુન આદિ પાંડવો કૌરવો સાથે લડી રહ્યા છે તેની વાત એમાં છે. સૂક્ષ્મ યુદ્ધનાં ધર્મસંકટો આ સ્થૂલ યુદ્ધનાં ધર્મસંકટો કરતાં વધારે કપરાં છે. સ્થૂલ ભૂલનું પરિણામ એ આવે કે આ નાશવંત શરીરનો નાશ થાય. પણ સૂક્ષ્મમાં તો ભૂલનું પરિણામ નરકવાસ આવે. મલિન હેતુને માટે ભારેમાં ભારે સજા લખાયેલી છે. કાળાંતરે પાંડવો-કૌરવો ભુલાવાના છે. જ્યારે આ યુગનો ક્ષય થશે ત્યારે તેઓ ભુલાશે જ. એવો મોહ ન રાખીએ કે એ લોકો બધા યુગમાં યાદ રહેશે. આ યુગના પહેલાં અનેક યુગ થઈ ગયા છે. એ બધા યુગો ભુલાશે, ત્યારે પણ હૃદયમાં જે આ યુદ્ધ ચાલી રહ્યું છે, તે તો ચાલતું જ હશે. તેમાંથી કેમ બચવું એ ગીતા બતાવે છે. કૃષ્ણ એ નહીં કે જેના ઉપર મરણ વખતે પારધીએ બાણ માર્યું, અને અર્જુન એ નહીં કે જેનું ગાંડીવ પડી ગયું. કૃષ્ણ તો આત્મા છે અને આપણો સારથિ છે. એના હાથમાં લગામ મૂકીએ તો જ જીતીએ. ઈશ્વર આપણને નટની માફક નાચ નચાવે. નટનાં રમકડાં કરતાં પણ આપણે નાના છીએ. એટલે બાળક જેમ હમેશાં માબાપના હાથમાં લગામ મૂકી દે છે, તેમ આપણે પણ ઈશ્વરના હાથમાં લગામ મૂકીએ. આપણે પણ કાચું અનાજ ન ખાઈએ. આત્મિક પ્રસાદ, કૃષ્ણ રસોઇયાને જેટલો પકાવી આપવો હોય તેટલો પકાવી આપે.

નિર્ણય ગીતા નથી કરી આપતી. પણ મમતા છોડીને ધર્મસંકટ માટે નિર્ણય કરશો તો ભૂલ છતાં તમારે સોસવું નહીં પડે. એટલી જ દલીલને શ્રીકૃષ્ણે અઢાર અધ્યાયમાં લંબાવી છે.

## ૧૩

બુધવાર, તા. ૧૦–૩–૨૬

માત્રાસ્પર્શાવાળા શ્લોકમાં જાગરણની સાથે નિદ્રા પણ આવી જાય છે. આપણે તો ચેતના-યુક્ત યંત્ર બની જવાનું છે. એવી તન્મયતા કેળવીએ કે નિદ્રાવશ માણસની માફક આપણને બીજી વસ્તુનું ભાન જ ન હોય. હજરત અલીએ કહેલું કે નમાજને વખતે મારા શરીરમાંથી બાણ કાઢી લેજો. કારણ કે તે વેળા હું ખુદામાં તલ્લીન હોઈશ. નિદ્રા વિશે એમ ન કહેવાય. કારણ બાણ વાગ્યું હોય ત્યારે કદાચ નિદ્રા જ ન આવે. હજરત અલીની જેમ જે માણસ

Gandhi Heritage Portal

કર્તવ્ય માત્રને વિશે તલ્લીન થઈ શકે, એવી અવધૂતની સ્થિતિ જેની ચોવીસે કલાક રહે, તે માણસ અમરત્વને પામે છે.

માત્રાસ્પર્શાનું અસત્ બતાવવાને હવે કારણ આપે છે.

नासतो विद्यते भावो नाभावो विद्यते सतः ।
उभयोरपि दृष्टोऽन्तस्त्वनयोस्तत्त्वदर्शिभिः ।।

જેને પાયો જ નથી તેની હસ્તી નથી; જે છે તેનો અભાવ નથી. સૂર્ય પણ આગમાપાયી છે. મીણબત્તી છે અને નથી, કારણ એ બળી ગયા પછી પંચમહાભૂતમાં મળી જાય છે. નામ-રૂપનો નાશ છે, પણ ઈશ્વરની કૃતિરૂપે એનો નાશ નથી.

## ૧૪

ગુરુવાર, તા. ૧૧–૩–૨૬

કઈ વસ્તુ સત્ છે અને કઈ અસત્ છે તે જ્ઞાનીઓએ જોયું છે. નામરૂપ નંદવાઈ જાય તેવી વસ્તુ છે. સત્ અને અસત્ વચ્ચેના ભેદમાં શેનો શેનો સમાવેશ થાય છે, તે જ્ઞાનીઓ જાણે છે. આપણે તો એક જાડો ભેદ જાણીએ. ઈશ્વર સત્ અને બાકી બધું અસત્.

આશ્રમની પ્રાણપ્રતિષ્ઠા પ્રાણ ત્યાગીને કરી શકીશું. આશ્રમની જમીન-મકાનનો નાશ થાય, પણ આશ્રમની વસ્તુની આપણે પ્રાણપ્રતિષ્ઠા કરી હશે તો નાશ નથી.

अविनाशि तु तद्विद्धि येन सर्वमिदं ततम् ।
विनाशमव्ययस्यास्य न कश्चित्कर्तुमर्हति ।।

અનેક ગોવર્ધન પર્વત ટચલી આંગળીએ ઉપાડનાર એ અશરીરીને અવિનાશી જાણ.

અવ્યય એટલે જેને કોઈ ખર્ચી ન શકે.

## ૧૫

શુક્રવાર, તા. ૧૨–૩–૨૬

अन्तवन्त इमे देहा नित्यस्योक्ताः शरीरिणः ।
अनाशिनोऽप्रमेयस्य तस्माद्युध्यस्व भारत ।।

અપ્રમેય = જેનું પ્રમાણ નથી. ધુમાડાને દેવતાનું પ્રમાણ ગણીએ છીએ તેવું પ્રમાણ જેનું નથી એવો.

તસ્માત્ યુધ્યસ્વ ભારત આ બધાનાં શરીરો નાશવંત છે. એટલે તેને મારી શકીએ છીએ એમ કહેવાય, તો આશ્રમનાં બધાં સ્ત્રીબાળકોને હું મારી નાખી શકું? તેમનાં શરીર નાશવંત છે એટલે હું ભગવદ્ગીતા પ્રમાણે વર્ત્યો કહેવાઉં? મારવા માટે આપણે પગીને ગાંડો માનીએ છીએ, પણ જો તે ગીતાનો આ શ્લોક રજૂ કરે તો આપણે તેને દુષ્ટ કહીએ. જે પ્રજ્ઞાવાદ કરીને આવી દુષ્ટતા કરે તેને શું કહીએ? આને માટે પહેલા અધ્યાયમાં જવું જોઈએ. અર્જુને કહ્યું કે સ્વજનોને મારીને મારે તો સુરોનું રાજ્ય પણ નથી જોઈતું. પણ તેણે તો સ્વજનોને મારવાનાં છે જ, કારણ તેણે મારવાનો ધર્મ સ્વીકાર્યો છે. તેને આ યુધ્યસ્વવાળો શ્લોક લાગુ પડે છે, બીજાને નથી પડતો. આ શ્લોક કહીને શ્રીકૃષ્ણ અર્જુનનો મોહ ઉતારે છે. હરિશ્ચંદ્રને



Gandhi Heritage Portal

તારામતી જેવી સતી સ્ત્રીને મારવાનું પ્રાપ્ત થયું, ત્યારે તેને મંગળસૂત્ર દેખાયું અને તે મારતાં અચકાયો. બીજી સ્ત્રી હોત તો કદાચ તેનો હાથ ન અચકાત. હવે તેનો હાથ અચકાય તો કૃષ્ણ ભગવાન તેની પાસે જઈને ઊભા રહે અને કહે : આને મારવાનું તારું કર્તવ્ય છે. ભગવાન તેને કહે કે તારી અક્કલ બહેર મારી ગઈ છે. આટલા દિવસ તેં માણસોને માર્યા. આજે તારી સ્ત્રીના મમત્વને લીધે તું પાછો હઠે છે. તેમાં તારો ધર્મ ડૂબે છે. શ્રીકૃષ્ણ તેને કહી શકે કે તારો દેહ અને તારી સ્ત્રીનો દેહ નાશવંત છે. જેને પોતાના ગળા ઉપર છરી મૂકવાનું, બીજાના ગળા ઉપર છરી મૂકવા કરતાં સારું લાગે છે તેને કૃષ્ણ કહી શકે કે મારવાનો તારો ધર્મ છે.

વળી બીજી દલીલ કરે છે :

> य एनं वेत्ति हन्तारं यश्चैनं मन्यते हतम् ।
> उभौ तौ न विजानीतो नायं हन्ति न हन्यते ।।

આત્મા નથી મારતો અને નથી મરતો. આ તો તેને જ કહી શકાય કે (?)[1] . . . ઘોડાને બદલે ગાડી મૂકવા જેવું છે. તેમ શરીર આત્માને ચલાવવા ઈચ્છે તો તે ન જ ચલાવી શકે. જો કોઈ કહે કે ચલાવી શકાય તો તે ઝખ મારે છે.

## ૧૬

શનિવાર, તા. ૧૩-૩-૨૬

આજે . . . ને ગીતાનું રહસ્ય શીખવ્યું. તારા બાપ જ માસ્તર હોય, તારો અને . . . નો સરખો વાંક હોય અને . . . ને મારે અને તને ન મારે, તે બરોબર કહેવાય? 'ના', . . . એ જવાબ આપ્યો. બાપુ કહે તારા જેવું છોકરું સમજે છે તે પણ અર્જુન નહોતો સમજતો. એટલે તે સમજાવવા શ્રીકૃષ્ણે અર્જુનને આવડી ગીતા સંભળાવી.

જેને બીક લાગે તે મારે. જેને મરવાનું નથી તે કોઈને મારે જ નહીં.

પ્રાર્થનામાં આવીને ગીતામાં શું વંચાય છે તેનું ધ્યાન જે ન રાખે તે પ્રાર્થનામાં ન આવ્યા ગણાય. જેમ કોઈ મહેમાન આપણે ત્યાં આવે તેનો આદરસત્કાર કર્યો ત્યારે જ ગણાય કે તેને પ્રેમભાવથી ઘરમાં લઈ જઈ, તેના હાથપગ ધોવડાવી, સ્વચ્છ આસન પર બેસાડી, આપણે માટે જે સારામાં સારું ભોજન કર્યું હોય તે તેને જમાડીએ, અને પછી તેમાંથી જે શેષ બચે તે આપણે જમીએ. આમ કર્યું હોય તો જ આદરભાવ કર્યો કહેવાય, તે જ સત્ય કર્યું કહેવાય. પણ જે પુરુષ કે સ્ત્રી મહેમાન આવે ત્યારે તેના ઉપર મોં ચડાવે, તેની સાથે પ્રેમભાવથી ન બોલે, થાળી મેલી અને ગંદી આપે, ખાવાનું વાસી હોય તે આપે, અને ફરી પૂછે પણ નહીં. આમ કરીને તે કહે કે અમે મહેમાનને જમાડ્યા. એમ કહેનારે મહેમાનને ન જમાડ્યા ગણાય, એટલું જ નહીં પણ તેમનું અપમાન કર્યું કહેવાય. એટલે તે અસત્ય જ ગણાય. સડી ગયેલું, ગંધાતું, એઠું અનાજ તો ભિખારીને પણ ન અપાય. આપણે આપવું જ હોય તો સ્વચ્છ અનાજ જ અપાય. આપવાની મરજી ન હોય તો વિવેકપૂર્વક તેને જણાવી દેવું કે હું નહીં આપી શકું. આમ કર્યું હોય તે સત્ય ગણાય. આમ વિવેકદૃષ્ટિથી સત્ય-અસત્ય વચ્ચે નિર્ણય કરી શકાય.

૧. અહીં થોડા શબ્દો રહી ગયા છે.

Gandhi Heritage Portal

न जायते म्रियते वा कदाचित्
नायं भूत्वा भविता वा न भूयः ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो
न हन्यते हन्यमाने शरीरे ।।

આ આત્મા છે તે જન્મ નથી પામતો, નથી મરતો; થઈને નથી થતો એમ નથી. આ બધાને માટે એક એક શબ્દનું વિશેષણ આપી દીધું. તે અજ, નિત્ય, પુરાણ છે. એને સૌ ઓળખે છે. શરીર પડયા છતાં તે પડતો નથી. એ તો પેઢી-દર-પેઢીથી જણાયેલી વાત છે. દરેક માબાપે બાળકને જણાવેલી હોવી જોઈએ અથવા જણાવવી જોઈએ, એવી વાત છે.

वेदाविनाशिनं नित्यं य एनमजमव्ययम् ।
कथं स पुरुषः पार्थ कं घातयति हन्ति कम् ।।

જે માણસ આવી રીતે આને અવિનાશી જાણે છે, નિત્ય જાણે છે, અજ જાણે છે, અવ્યય જાણે છે, તે કોને હણાવે છે અને કોને હણે છે?

ગીતાજી સૂત્રરૂપે નથી લખાયેલી, પણ ઘડીએ ઘડીએ યાદ રખાવવાને માટે લખાયેલી છે. તે જ્ઞાનીને માટે નથી લખાયેલી, પણ ચારે વર્ણ તો શું અઢારે વર્ણ માટે લખાયેલી છે. શૂદ્ર, ભંગી, સ્ત્રી એમ બધી જાતના માણસો માટે લખાયેલી છે. એક જ અર્થવાળાં હોય તોયે નાના પ્રકારનાં વિશેષણો એક જ વસ્તુને માટે તેથી જ વાપર્યાં છે કે જેથી આપણે જાણવાની વાત જાણી લઈએ. જેમ માતા પોતાનાં નાનાં છોકરાંને એક જ વાત વારી વારીને સમજાવે છે તેમ.

## ૧૭

રવિવાર, તા. ૧૪–૩–૨૬

वासांसि जीर्णानि यथा विहाय
नवानि गृह्णाति नरोऽपराणि ।
तथा शरीराणि विहाय जीर्णा–
न्यन्यानि संयाति नवानि देही ।।

મારે મારું આ જર્જરિત શરીર તજીને બીજું લેવાનું મન થાય તો બદલું ને? આંખે સૂઝે નહીં, કાને સંભળાય નહીં, જીભના સ્વાદ ન રહે, તો માણસ શું ખાટલા પર પડી રહેવા માગશે કે મરવા માગશે?

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ।।

હથિયાર એને કાપી નથી શકતાં. હવામાં હથિયાર મારે તો હવાને કંઈ થાય? હવા કરતાં પણ એ સૂક્ષ્મ છે. અગ્નિ એને બાળતો નથી, પાણી એને ભીંજવી ન શકે, તો પછી પવન એને સૂકવે શેનો? આ વર્ણન આપીને દરેકનું એક એક વિશેષણ આપી દે છે.

अच्छेद्योऽयमदाह्योऽयमक्लेद्योऽशोष्य एव च ।
नित्यः सर्वगतः स्थाणुरचलोऽयं सनातनः ।।

Gandhi Heritage Portal

વળી પાછાં વિશેષણ આપ્યાં : નિત્ય, સર્વગત, સ્થાણુ, અચલ, સ્થિર સનાતન. આગળનો શ્લોક પણ આ જ વસ્તુ વર્ણવનારો આપ્યો છે.

अव्यक्तोऽयमचिन्त्योऽयमविकार्योऽयमुच्यते ।
तस्मादेवं विदित्वैनं नानुशोचितुमर्हसि ।।

આત્મા આવો છે એટલે તારે શોક કરવો એ યોગ્ય નથી. ત્યારે સ્વજનને સારુ શેનો ખોટો શોક કરે?

## ૧૮

મંગળવાર, તા. ૧૬–૩–૨૬

એક બાળકને પૂછયું : તડકાથી આપણું રક્ષણ કરે એનું નામ? જવાબ છત્રી. તેમ જ જે જન્મે નહીં તેને માટે એક શબ્દ 'અજ'. તેમ જ છેદી ન શકાય તે 'અછેદ્ય.'

અર્જુનને ધીમે ધીમે કૃષ્ણ તમસ્‌માંથી જ્યોતિમાં લઈ જાય છે.

એક બાળકને પૂછયું આત્માને જોયો છે? જવાબ 'ના'. એ એવો નઠારો છે કે પડયો છે આપણામાં, છતાં આપણે તેને જોઈ શકતા નથી. આત્મા એવું હરણિયું છે કે તેને રામચંદ્રજી જેવા પણ ન મારી શકે. રામચંદ્રજી સર્વશક્તિમાન છે એટલે જે મારવા જેવી વસ્તુ છે તેને જ મારી શકે.

આટલી દલીલ પછી હવે કહે છે કે ધાર કે આત્માના આ બધા ગુણો ન હોય, તોયે શું? હમેશાં જન્મનાર અને મરનાર હોય તોયે શું? તો તો જરાય શોક ન કરવો ઘટે,

अथ चैनं नित्यजातं नित्यं वा मन्यसे मृतम् ।
तथापि त्वं महाबाहो नैवं शोचितुमर्हसि ।।
जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च ।
तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि ।।

મરનારનો જન્મ નિશ્ચિત છે. અપરિહાર્ય અર્થને વિશે એટલે કે જેનો ઉપાય નથી તેનો શોક ન કરવો ઘટે.

## ૧૯

બુધવાર, તા. ૧૭–૩–૨૬

अव्यक्तादीनि भूतानि व्यक्तमध्यानि भारत ।
अव्यक्तनिधनान्येव तत्र का परिदेवना ।।

દેહમાત્ર જન્મ પહેલાં અવ્યક્ત છે, તે જ પ્રમાણે મૃત્યુ પછી તે અવ્યક્ત છે. જન્મમરણ ઈશ્વરની ખાનગી વસ્તુ છે. એટલે ઈશ્વર જ એનો ભેદ જાણે છે. દાક્તરો પણ એમાં હારી બેઠા છે, કારણ તેઓ શરીરો પેદા નથી કરી શકતા. 'હું કોણ છું, કયાંથી થયો, શું સ્વર્ગ છે મારું ખરું,' પેદા થયા પછી તેની આકૃતિ થાય છે. એ મધ્યને આપણે જોઈ શકીએ છીએ. વિચાર કરનારાઓએ કહ્યું છે કે પાટિયા ઉપર ગોળ આકૃતિ કાઢવામાં અને ભૂંસવામાં જેટલો સમય જાય છે તેના કરતાં અસંખ્યમા ભાગનો વખત પણ ઈશ્વરને જીવન અને મરણ આપતાં નથી લાગતો. એ સમયના આંકડા કોઈ ગણિતશાસ્ત્રી નથી કાઢી શકતા.

Gandhi Heritage Portal

तत्र का परिदेवना તો એની શી ચિંતા? આ ઈશ્વરનો ભારે ભેદ છે. જેમ જાદુગર આંબાનું વૃક્ષ કરે છે અને ભૂંસી નાખે છે તેમ ઈશ્વર અનેક ખેલ ખેલે છે, અને તેનો આરંભ અને અંત જાણવા નથી દેતો. તેને માટે શોક શો કરવો?

आश्चर्यवत्पश्यति कश्चिदेन–
माश्चर्यवद्वदति तथैव चान्यः ।
आश्चर्यवच्चैनमन्यः शृणोति
श्रुत्वाप्येनं वेद न चैव कश्चित् ।।

કેટલાક જ્ઞાનીઓ એને આશ્ચર્યવત્ (Mystery) દેખે છે. કેટલાક તેને આશ્ચર્યવત્ કહે છે. સાંભળતાં છતાં પણ કેટલાક સમજતા નથી. એવી દયામણી સ્થિતિ આપણી છે. ઈશ્વરના ગુણોનું કથન કરતાં પાર જ ન આવે એવી એની લીલા છે.

છેવટે સાર આપી દે છે:

देही नित्यमवध्योऽयं देहे सर्वस्य भारत ।
तस्मात्सर्वाणि भूतानि न त्वं शोचितुमर्हसि ।।

હે અર્જુન, આ આત્મા સર્વના શરીરમાં સર્વદા અવધ્ય છે. શરીરનો નાશ – કાચ ફૂટી જાય એના જેવો છે. આમ ઘટમાળ ચાલ્યા જ કરે છે.

## ૨૦

ગુરુવાર, તા. ૧૮–૩–૨૬

આશ્રમમાં ચોરી થઈ હતી તેનો ઉલ્લેખ કરીને બાપુએ કહ્યું: ‘આજની ચોરી ભગવદ્-ગીતાનો પદાર્થપાઠ છે. જ્યાં મમત્વ છે ત્યાં હિંસા છે. વસ્તુને મારી કરીને સાચવવી પડે છે, તે બીજાને આપી દઈએ ત્યાં મમત્વ મટે છે, કારણ તે ત્યાં પોતાની મનાતી મટે છે. જગતમાં બધી વસ્તુ આપણી છે, છતાં તેને વિશે તટસ્થ રહીએ છીએ, તે વિશે નિશ્ચિત થઈને સૂઈએ છીએ. તે જ પ્રમાણે આશ્રમમાં જેટલી વસ્તુ રાખી, તે આપણી તેટલી જ બીજાની છે, એમ માનીને તટસ્થ થઈને બેસી જવું. બીજો રસ્તો મારપછાડનો અથવા રાક્ષસી છે. તે આપણે નથી લીધો. પણ આપણો રસ્તો આજે મિશ્ર છે. સામુદાયિક પરિગ્રહ આપણે રાખ્યો છે. વ્યક્તિ-ગત જેટલો ઓછો રખાય તેટલો રાખવો. એ પોતાનાપણું ભૂલવાનું કૃષ્ણે અર્જુનને કહ્યું અને અર્જુન અને કૃષ્ણને નિમિત્તે આપણને વ્યાસે કહ્યું.

જ્ઞાનની વાત કરીને હવે શ્રીકૃષ્ણ લૌકિક વાત કરે છે. અર્જુનને એનો વ્યવહારધર્મ શો છે તે કહે છે.

स्वधर्ममपि चावेक्ष्य न विकम्पितुमर्हसि ।
धर्म्याद्धि युद्धाच्छ्रेयोऽन्यत्क्षत्रियस्य न विद्यते ।।

ધર્મયુદ્ધના કરતાં ક્ષત્રિયને માટે બીજું કોઈ કર્તવ્ય નથી. આને ધર્મયુદ્ધ કેમ કહે છે? કારણ અર્જુન પોતે એ યુદ્ધને ખોળવા નથી ગયો. તે તો ઘરમાં સુખે બેઠો હતો, ત્યાં તેને દુર્યોધને સિસકારેલો છે. અર્જુન પાસે આ યુદ્ધ વિનાપ્રયત્ને આવી પડેલું છે, જાણે સ્વર્ગદ્વાર ખૂલ્યું હોય તેમ.

Gandhi Heritage Portal

આગળ જતાં કીર્તિની વાત કરે છે:

अकीर्तिं चापि भूतानि कथयिष्यन्ति तेऽव्ययाम् ।
संभावितस्य चाकीर्तिर्मरणादतिरिच्यते ॥

પાયખાનું સાફ કરવાનો સ્વધર્મ જેણે સ્વીકાર્યો છે તે થાકીને કહે કે આ તો ભંગીનું કામ છે, તો કૃષ્ણ એને કહેશે કે તારો ધર્મ જાય છે, અને તારી અકીર્તિ થવાની છે. સૌ લોકો નિરંતર તારી અકીર્તિ ગાશે. આબરૂવાળા માણસને તો મરણ કરતાં અકીર્તિ ભૂંડી છે. ભયથી તું ભાગ્યો છે, એમ કહેવાનું તું મહારથીઓને કારણ આપવાનો છે. છેવટે નીચેના શ્લોકથી દલીલ આટોપે છે:

सुखदु:खे समे कृत्वा लाभालाभौ जयाजयौ ।
ततो युद्धाय युज्यस्व नैवं पापमवाप्स्यसि ॥

આ શ્લોકમાં લૌકિક વાત નથી, પણ આત્મિક વાત છે.

## ૨૧

શુક્રવાર, તા. ૧૯–૩–૨૬

'સુખદુ:ખે'વાળો શ્લોક કેવળ અર્જુનને જ નહીં પણ આપણને સૌને ઉદ્દેશીને કહ્યો છે. 'સ્વજનને મારીને તને પાપ નહીં લાગે,' આ વસ્તુ ગીતાની અંદર જ્યાં ત્યાં આવ્યા જ કરે છે. હારજીતનું કામ ચાલ્યા જ કરે છે, એમ સમજીને માણસ તટસ્થ રહે તો પાપ લાગતું નથી. સાથે સાથે એમ પણ કહેવું જોઈએ કે પુણ્ય પણ લાગતું નથી. પુણ્ય મેળવવાની વાત કરીશું તો પાપ પણ મેળવીશું. સારામાં સારી વસ્તુમાં નઠારું પણ કંઈક હશે. જગતમાં તદ્દન સારું અથવા તદ્દન નઠારું કશું જ નથી. જ્યાં કર્મ છે ત્યાં કાંઈ ને કાંઈ દોષ રહ્યા છે. હરિશ્ચન્દ્રને એના મનની અંદર શંકા થઈ હોત તો કોઈ ઋષિમુનિએ એને શું કહ્યું હોત? તું તારી સ્ત્રીના ગળા ઉપર છરી મૂકી દે, પાપ નહીં લાગે. લાભઅલાભ સુખદુ:ખમાં ભેદ ન સમજે તો તે ઓછામાં ઓછું પાપ કરતો થઈ જાય.

ચોરોના ઉપર દોષ આરોપીને તેને દુષ્ટના સરદાર ઠરાવ્યા હોત તો આપણે માંહોમાંહે ધૂંધવાત અને તેને મારવાનો વિચાર કરત.

જન્મ થાય ત્યારે નગારાં ન વગાડીએ, પણ મરણ વખતે દુ:ખ ન માનવું એ મુશ્કેલ છે. આપણે આમ તટસ્થ રહેવાની ટેવ પાડીશું, ગુસ્સામાં નહીં આવીએ, તો કોક દિવસ આ દ્વન્દ્વની જંજાળમાંથી નીકળવાનો વખત આવશે.

ભગવદ્ગીતાના ત્રણ વિભાગ છે: (૧) તારામાં આ કીચડ ક્યાંથી? (૨) અર્જુન પ્રશ્ન પૂછે છે. (૩) કૃષ્ણ એની બુદ્ધિને ખોલે છે અને કહે છે કે આત્મા અને દેહ જુદા છે. ત્યાર પછી લૌકિક વ્યવહારની વાત કરે છે.

ત્યારે કરવું શું? દેહ અને આત્મા નોખા છે એમ જાણ્યા પછી વ્યવહાર કેમ ચલાવવો, એ ચોથા ભાગમાં આવે છે.

एषा तेऽभिहिता सांख्ये बुद्धिर्योगे त्विमां शृणु ।
बुद्धया युक्तो यया पार्थ कर्मबन्धं प्रहास्यसि ॥

મેં તને સાંખ્યને વિશે બુદ્ધિ કહી. હવે યોગને વિશેની બુદ્ધિ છે તે સાંભળ. એ સમજીને તું કાર્ય કર્યા કરશે, તો તને કર્મબંધ નહીં નડે.

Gandhi Heritage Portal

સાંખ્ય શબ્દ જંજાળવાળો ગણાય છે. શાસ્ત્રીઓને સારુ એ જંજાળવાળો ગણાય; આપણે સારુ નથી. કૃષ્ણ તો એટલું જ કહે છે. મેં તો તને તાર્કિક દૃષ્ટિએ વાત કરી. આત્મા અને દેહનું જુદાપણું બતાવ્યું. આટલી સમજ તને બતાવી. હવે હું તને યોગને વિશે બુદ્ધિ કહેવાનો છું. યોગ એટલે પ્રયોગ. એ જાણ્યા પછી તારે જ્ઞાનના પ્રયોગો કરવાના છે, તે હવે કહીશ. યોગ શબ્દ ગીતામાં બહુ વાર આવે છે. એ કર્મ કેમ કરવું એ બતાવે છે. એ તને ખબર પડશે તો પછી કર્મના બંધનમાંથી છૂટીશ.

## ૨૨

શનિવાર, તા. ૨૦–૩–૨૬

ગઈ કાલના શ્લોકના અર્થ વિશે ભારે ઝઘડા છે, એમ ગીતાને ઝીણવટપૂર્વક વાંચનારાઓને દેખાશે. પણ મેં જે નિયમ સ્વીકાર્યો છે તે નિયમ તમે સ્વીકારો એમ મને લાગે છે. આમાં અશક્તિમાન સાધુ થાય એમ ભલે ગણાય. શાસ્ત્રાર્થના ઝઘડામાં આપણે ન પડીએ. બિશપ બટલર[૧] ભારે વિદ્વાન હતા, પણ તેમણે શાસ્ત્રાર્થ ન કરવાની જ ટેક લીધેલી. એક નાસ્તિક આવેલો. તેની સાથે બિશપ વાદ કરી શકે એમ હતું. પણ તેમણે એક મિત્રને કાગળ લખ્યો કે હું એની સાથે દલીલમાં ન ઊતરું. સંભવ છે કે એની એકાદ દલીલનો હું તરત જવાબ ન આપી શકું. અથવા લોકોના ઉપર મારા કહેવાની અસર ન પડે તો નાહક લોકોના ઉપર ખોટી છાપ પડે. એના કરતાં ચૂપ રહેવું એ સારું. નાસ્તિકવાદી ભલે ઝઘડો કરે. જે સ્વયંસિદ્ધ ઈશ્વર છે તેની દલીલમાં શું પડવું?

રાયચંદભાઈને થયું હતું કે શતાવધાનની મારફતે જગતનું કલ્યાણ કરું. મુંબઈના ટાઉન-હૉલમાં હાઈકોર્ટના જજના પ્રમુખપણા નીચે ભાષણ આપીને શતાવધાનના પ્રયોગો કરીશ તો લોકો આત્માર્થી થઈ જશે. બેત્રણ દિવસ થયા ત્યાં તેમને લાગ્યું કે આ બધા આડંબરમાં હું ક્યાં પડું? આમાં તો મારી જ સિદ્ધિની પિછાન થવાની છે. ઈશ્વરની શક્તિનું માપ થોડું જ અપાવાનું છે? એટલે તેમણે કાગળ લખ્યો અને માફી માગી લીધી, અને કહ્યું કે હવે હું નથી આવવાનો; કારણ આપવા નથી માગતો.

જે માણસ શિવજીને વિશે કહે કે ભલે એ નાગા હોય, રુંડમાળ પહેરતા હોય, તોપણ મારે તો એ ઈશ્વર છે. મારે બીજો નથી જોઈતો. તેમ જ આ શ્લોકને વિશે છે. સાંખ્યના અનેક અર્થ હોય. મેં તો મારી બુદ્ધિમાં ઊતરી શકે તેવું જ્ઞાન કહી દીધું, બુદ્ધિને જાગ્રત કરી. હવે પ્રયોગો કરી બતાવું. અનેક અર્થો શાસ્ત્રીઓ સારુ ભલે કામના હોય, આપણે સારુ કામના નથી. આપણે તો શાસ્ત્રોને શોધીને દાસ અથવા ભક્ત થવું છે. ઈશ્વરને ખોળવો છે. ઈશ્વરને ખોળવાને સારુ આટલા ઝઘડામાં નથી પડવું. અત્યારે મારું તો આખું જગત આ બાળકો છે. તેમને જાગ્રત કરું, વિનોદ કરાવીને તેમને સમજતા કરી દઉં. એથી વિશેષ મારો ઉદ્દેશ નથી. રોજરોજ

नासतो विद्यते भावो नाभावो विद्यते सतः ।

એમ કહીએ છતાં અસત્ જ સત્ છે એમ માનીને વર્તીએ તો તે શા કામનું?

૧. ઈ. સ. ૧૬૯૨થી ૧૭૫૨. તેઓ પહેલાં ઇંગ્લંડના રાજમાન્ય ચર્ચની વિરુદ્ધ હતા, પણ પાછળથી ચર્ચમાં જોડાયા હતા. તેઓ બહુ સારા ઉપદેશ કરતા. અને છેવટે બિશપની – ધર્માધ્યક્ષની પદવીએ પહોંચ્યા હતા.

Gandhi Heritage Portal

આપણે તો ક્ષણેક્ષણે પસંદગી કરવાની રહી કે આમાં આત્માનો પક્ષ સિદ્ધ થાય છે કે દેહનો પક્ષ સિદ્ધ થાય છે. છતાં દેહનું પાંજરું તોડી નાખી તો ન જ શકાય. એટલે વિદ્યા અને અવિદ્યાને ભેળી કરવી જોઈએ.[1]

જે માણસ પ્રયોગ કરે છે તે કેમ બચી જાય છે તેને વિશે હવે શ્લોક આપે છે:

नेहाभिक्रमनाशोऽस्ति प्रत्यवायो न विद्यते ।
स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात् ।।

કર્મમાર્ગમાં પ્રયોગ કરનારને દોષ નથી આવતો. આરંભનો નાશ નથી. આ ધર્મનું જરા જેટલું પાલન પણ મહાભયમાંથી બચાવી લે છે. એ રાજમાર્ગ છે. સહજ માર્ગ છે. રાજયોગ છે. એ માર્ગમાં કોઈને ઠોકર ખાવાપણું તો છે જ નહીં. આરંભ કર્યો પછી કાંઈ અડચણ નથી.

પેલાને મેં કાલે જ લખ્યું: તેને ભગંદર નથી, પણ બીજું દર્દ છે. એને મેં કહ્યું કે ભાઈ, રામનામ જ લેજો. એ આરંભનો નાશ તો છે જ નહીં. તેને યજ્ઞ કરાવવાની વાત કરું તો તેમાં શું થાય? સાચો યજ્ઞ કરનાર તેને ન મળે. બીજી અનેક ઉપાધિ નડે. તેને હું એવી સલાહ પણ ન આપું કે જગન્નાથપુરી જાઓ, અને ત્યાં અમુકની આગળ આટલી ભેટ ધરો. એ રસ્તે જતાં એ નાસ્તિક થઈ જાય તો? એના કરતાં એને રામબાણ વાગે તો તે મહા ભયમાંથી બચી જશે. એ માણસને માનસિક વ્યાધિ છે, તેનામાં આસક્તિ ન હોવી જોઈએ. માત્ર રામનામનો જ વિચાર કરે. દાક્તરો પણ કહે છે કે જે વસ્તુનો તમને રોગ હોય તેનો વિચાર જ ન કરો.

આ એક શ્લોક ભારે છે. તેમાં એવી અદ્ભુત વસ્તુ ભરી છે કે આરંભનો નાશ નથી, દોષ નથી, રક્ષણ છે. આ ધોરી માર્ગ–કાટખૂણો–સત્ય છે. બધા કાટખૂણા ૯૦ ડિગ્રીના જ હોય. એ માર્ગ સત્યનો છે. એ માર્ગને અનુસરવામાં કશી હાનિ નથી, નાશ નથી. પણ ગાયને બચાવવા અસત્ય કહેવાય કે નહીં, જીવ બચાવવા ગોમાંસ ખવાય કે નહીં, એવી દલીલ કરનારને માટે આરો નથી.

## ૨૩

રવિવાર, ૨૧–૩–૨૬

આત્માની દેહથી ભિન્નતા સિદ્ધ કરવાને સારુ ત્રણ વસ્તુ કહી, પારખું આપ્યું, ત્રણ શરતો આપી. નેહાભિક્રમનાશોઽસ્તિ – વસ્તુનો પ્રયોગ આપણે પ્રતિક્ષણ કરી શકીએ. અત્યારે એવું કયું

૧. વિદ્યા અને અવિદ્યા એ શબ્દો ઈશોપનિષદમાં આવે છે. એમાં લખ્યું છે કે જે પુરુષો અવિદ્યાની ઉપાસના કરે છે, અવિદ્યામાં રત રહે છે તે ગાઢ અંધકારમાં પ્રવેશ કરે છે, પણ જે વિદ્યાની ઉપાસના કરે છે તે વધારે ગાઢ અંધકારમાં પ્રવેશ કરે છે. પણ વિદ્યા અને અવિદ્યા બન્નેનો સમન્વય કરીને જે પુરુષ તેને જાણે છે તે અવિદ્યાથી મૃત્યુને તરી જાય છે અને વિદ્યાથી અમૃત મેળવે છે.

અવિદ્યા એટલે બાહ્ય ક્રિયાકાંડ અને વિદ્યા એટલે શુષ્ક જ્ઞાન. કર્મને જ સર્વસ્વ માની તેમાં જે રત રહે છે તથા જે કેવળ જ્ઞાનને જ સર્વસ્વ માને છે તે બન્ને અંધકારમાં છે. બાહ્ય ક્રિયાકાંડથી બહુ તો માણસ સ્વર્ગલોકમાં જાય, પણ તેને અમૃતતત્ત્વ મળતું નથી. તેથી તે અંધકારમાં છે. તે જ પ્રમાણે શુષ્ક જ્ઞાનથી માણસ વેદિયો થાય છે. જે વિદ્યાથી આત્માનું જ્ઞાન થાય છે તે જ ખરી વિદ્યા છે. કર્મ અને જ્ઞાન બન્નેમાં ભક્તિની જરૂર છે, માટે કર્મ અને જ્ઞાનનો યોગ્ય સમન્વય કરવાનો છે. તેથી જ ઉપર કહ્યું છે કે વિદ્યા અને અવિદ્યાને ભેળી કરવી જોઈએ.

Gandhi Heritage Portal

છે કે જેમાં આરંભનો નાશ નથી? એવો કયો વિચાર છે? તો જવાબ એ જ મળે કે અત્યારે તો ભગવદ્‌ભજનનો જ વિચાર હોય, અને તે પણ સાવધાન ચિત્તે સાંભળવાનો.

રામસ્વામી આયરે અસહકારની શરૂઆતમાં મુંબઈમાં એક ભાષણ આપ્યું. તે વેળા ખાડિલકરે[1] કહેલું કે રાજકીય પ્રવૃત્તિમાંથી એક જ એવી છે, જેને આ ત્રણે શરતો લાગુ પડે છે. એમાં તત્કાળ ફળ છે. એમાં પ્રત્યવાય નથી. સાઠ કરોડ ખોવાના મહાભયમાંથી બચવાપણું છે.

એ જ વસ્તુ સમજાવવા આગળનો શ્લોક કહ્યો:

व्यवसायात्मिका बुद्धिरेकेह कुरुनन्दन ।
बहुशाखा ह्यनन्ताश्च बुद्धयोऽव्यवसायिनाम् ।।

હે અર્જુન, વ્યવસાયાત્મિકા (નિશ્ચયવાળી) બુદ્ધિ અહીં તો એક જ છે. આ જે માર્ગ મેં તને બતાવવાનો આરંભ કર્યો છે, તેમાં બુદ્ધિ એટલી બધી દૃઢ રાખવાની છે કે તેમાં ડગવાપણું હોય જ નહીં. અવ્યવસાયી, જેની એકનિષ્ઠા નથી, તેની પ્રવૃત્તિની શાખા અનંત છે. મન વાંદરા જેવું એક ડાળ ઉપરથી બીજી ડાળ ઉપર ભમ્યા જ કરે છે, તેવી આ બુદ્ધિ છે. જેમ જીવવાને ઇચ્છનારો માણસ જેટલા વૈદ, ભગત, ભૂવા મળે તેટલાની મદદ લેશે, તેમ વાંદરો ડાળીએ ડાળીએ ભાગશે અને આખરે કોઈની ગોફણે કમોતે મરશે. અવ્યવસાયાત્મિકા બુદ્ધિવાળા માણસનું મન દહાડે દહાડે નબળું પડતું જાય છે, એટલું બધું અવ્યવસ્થિત થઈ જાય છે કે એને એની એ વસ્તુ વિના બીજું સૂઝતું નથી. આજના રાજ્યપ્રકરણની બાબતમાં ગુણ કાંઈ નથી, પણ દોષ અપાર છે, કારણ એમાં ખુશામત છે, અને એમાં ભયમાંથી બચવાનું નથી, ઊલટા ખૂંચાવાનું છે. એમાં આત્માનું દર્શન નથી, એ તો ગુમાવી બેસીએ છીએ. એમાં તો ધર્મ ગયો, કર્મ ગયું, આ લોક ગયો અને પરલોક પણ ગયો. પણ આ રેંટિયાની પ્રવૃત્તિમાં વિશ્વાસ ઉત્પન્ન થાય, તો એમાં આ લોકનું ભલું થાય છે, સંતોષ થાય છે, અને મહાભયમાંથી એટલે આપણી ઉપર સરજોરી કરનારાથી દબાયા વિના રહી શકીએ છીએ. એમાં પરલોકનું સાધન પણ એની મેળે થાય છે. આ વસ્તુનો પ્રયોગ કરતાં માણસ દૃઢ નિશ્ચયવાળો ન દેખાય તો એ રાજમાર્ગે નથી જતો એમ સમજવું.

આપણે સૌ ભિન્ન હોવા છતાં એક છીએ, એવો હૃદયમાં વિશ્વાસ રાખીએ તો જ સમતા અનુભવીએ. નહીં તો દુનિયામાં તો બે પાંદડાં વચ્ચે પણ સમાનતા નથી.

આગળના ત્રણ શ્લોકમાં અવ્યવસાયીનું વર્ણન આવશે.

## ૨૪

મંગળવાર, તા. ૨૩-૩-૨૬

જે માણસ નજીવી બાબત વિશે નિશ્ચયાત્મક થઈ શકે, તે માણસ મોટી બાબત વિશે પણ નિશ્ચયાત્મક થઈ શકે છે. કાદવ લઈને એનો લંબગોળ બનાવી તેના ઉપર એક ધ્યાન કરજો, એમ કહ્યું હોય તો તે એક ધ્યાન રાખશે. એ ધ્યાન રાખવાને વખતે અનેક ઉપાધિઓ અને જંજાળો યાદ આવવાની છે. જેને એવું થાય, એ માણસની બુદ્ધિ અવ્યવસાયી કહેવાય. કર્મયોગને સાધનારો નાનીમોટી બધી બાબતમાં નિશ્ચયાત્મક બુદ્ધિવાળો હોય છે.

૧. ઘણું કરીને કૃષ્ણાજી પ્રભાકર ખાડિલકર, વિદ્વાન, પત્રકાર, નાટકકાર અને મહારાષ્ટ્રના જાહેર કાર્યકર્તા.

Gandhi Heritage Portal

હવે અવ્યવસાયી બુદ્ધિની વાત આવે છે. તેમ કરતાં વ્યાસજીએ કોઈ પણ વખતે વેદની નિંદા નથી કરી એટલી કરી છે. શાસ્ત્રોમાં અનેક બહારની વસ્તુઓ ઉમેરાઈ ગઈ, છતાં આપણે બધી જ વસ્તુને ઈશ્વરપ્રણીત માનતા ગયા. એમ જો કરીએ તો આપણે વેદિયા બનીએ. વેદ એટલે જાણવું. જેણે કરીને આપણે બ્રહ્મજ્ઞાન જાણીએ, તે વેદ. જેના વડે આપણે બ્રહ્મજ્ઞાનનું સર્વોત્તમ સાધન કરી શકીએ તે વેદ.

यामिमां पुष्पितां वाचं प्रवदन्त्यविपश्चितः ।
वेदवादरताः पार्थ नान्यदस्तीति वादिनः ।।
कामात्मानः स्वर्गपरा जन्मकर्मफलप्रदाम् ।
क्रियाविशेषबहुलां भोगैश्वर्यगतिं प्रति ।।
भोगैश्वर्यप्रसक्तानां तयापहृतचेतसाम् ।
व्यवसायात्मिका बुद्धिः समाधौ न विधीयते ।।

અજ્ઞાની લોકો એટલે પંડિતાઈ છતાં ખરા જ્ઞાન વિનાના લોકો, પુષ્પિતા એટલે શોભિતી, નિત્ય નવાં પુષ્પો આવ્યા કરે તેવી બોલી બોલે છે. વેદવાદમાં મશગૂલ; અનેક કામનાવાળા (અનેક પ્રકારની ઇચ્છાવાળા અને ઇચ્છા કરાવનારા); સ્વર્ગપરાયણ; (કેવળ ભોગ ભોગવવાની ઇચ્છાવાળા, જેઓ અહીં પણ ખૂબ લહાવો લેવાની વાત કરે અને સ્વર્ગમાં પણ ભારે વસ્તુઓ મળે એવાં પ્રલોભન આપનારાં વર્ણનો કર્યા કરે એવા) પુરુષો સ્વર્ગ કરતાં બીજું કાંઈ નથી એવું બોલનારા; જન્મનાં કર્મનું ફળ મળ્યા કરવાનું છે, અને ભોગ અને મોટાઈ મળવાને સારુ અતિશય ક્રિયાઓ કરવાનું બતાવવા વાણી બોલ્યા કરનારા; એટલે વેદમાંથી કેવળ ઈશ્વરનું જ્ઞાન આપનારો રાજમાર્ગ બતાવવાને બદલે અનેક ક્રિયા કરવાની વાતો કર્યા કરનારા; (આજે પણ આવી વાતો કરનારા છે), અનેક દેવતાઓનું સમાધાન કરવાનું કહેનારા અને પરિણામે આપણને પરાધીન કરી મૂકનારા; કાલ્પનિક દેવતાઓની કાલ્પનિક સ્તુતિઓ કરાવે અને એ દેવતાઓના દેવતાની સ્તુતિથી વિમુખ કરે, એવા માણસો આપણને રોજરોજ કીચડમાં દાખલ કરતા જાય છે. આપણા મનમાં અનેક વાર તર્કવિતર્ક થયા કરે છે એ પણ બહુ શાખાવાળી બુદ્ધિ થઈ. નાનકડી વસ્તુ લઈએ તોપણ આપણે કહી શકીએ કે આપણી બુદ્ધિ નિશ્ચયાત્મક થઈ નથી. પણ આપણે એક નિશ્ચય કરી લઈશું અને વિવેકપૂર્વક તેને વળગી રહીશું, તો જ આપણી બુદ્ધિ નિશ્ચયાત્મક થશે. તત્કાળ ફળની આશા રાખ્યા વિના કામ કરશું તો જ એ થશે. આજે રાજ્ય-પ્રકરણમાં કે સંસારસુધારામાં એક ડાળ ઉપરથી બીજી ડાળ ઉપર જ આપણે કૂદ્યા કરીએ છીએ. આરંભ કરતાં માટીનો દાખલો લીધો હતો અને કહ્યું હતું કે માટીના ઉપર જ એકાગ્ર થઈએ તોપણ આત્મદર્શન થાય.

મને એક જણે પૂછયું, તને આત્મદર્શન કેમ નથી થતું? મેં તેને કહ્યું કે મારાં સાધનને જ સાક્ષાત્કાર સમજી લો ને. આવો પ્રશ્ન એ જ બતાવે છે કે એ પ્રશ્ન પૂછનારા મારા વચનની નમ્રતા સમજ્યા વિના બીજા અનેક પાસે જશે. આવી જ સ્થિતિ વ્યાસના કાળમાં હતી. જે ભોગ અને ઐશ્વર્યમાં આસક્ત છે, જેના મનનું અનેક પ્રકારની વાણીથી હરણ થઈ ગયું છે, એવાની વ્યવસાયાત્મિક — એક નિશ્ચયવાળી — બુદ્ધિ કેમ થઈ શકે? સમાધિ એટલે ઈશ્વરને વિશે એકધ્યાન થવું તે. એ સમાધિ વિશે જ માણસની બુદ્ધિ સ્થિર કેમ થઈ શકે? લાખ મળ્યા તે બસ નથી, કાલે દસ લાખ મેળવવાની ઇચ્છા કરનારા; આજે મહાત્મા કહે છે, કાલે પણ

Gandhi Heritage Portal

મહાત્મા કહે એવી આશા રાખનારા; એવા માણસના ચિત્તમાં અનેક વિકાર થયા કરે છે, અનેક રંગો પુરાયા કરે છે. એનું ચિત્ત ખાદીના રંગ જેવું સફેદ ન હોય, એને તો શોખીન સ્ત્રીઓના જેવી અનેક રંગવાળી અને અનેક કોરવાળી સાડી ચિત્તને પહેરાવવાનું મન થયા જ કરે છે. એ માણસ ઈશ્વરપરાયણ થઈ જ ન શકે. જે માણસમાં અતિશય નમ્રતા હોય, પેલા શ્રદ્ધાળુના[૧] જેટલી શ્રદ્ધા હોય, તેની જ વ્યવસાયાત્મિકા બુદ્ધિ કહેવાય.

## ૨૫

બુધવાર, તા. ૨૪-૩-૨૬

ભોગ અને ઐશ્વર્યને ઈચ્છનારા વ્યવસાયાત્મિકા બુદ્ધિવાળા નથી થઈ શકતા, એમ આપણે કાલે જોઈ ગયા. હજરત અલીના જેવો સમાધિસ્થ હોય તે જ થઈ શકે. જેનું ચિત્ત સાવ નિર્મળ થયું હોય, જેનું અંતર વિકાસ પામ્યું હોય, જાગ્રત થયું હોય, જેનું અંતર નિર્મળ આરીસા જેવું હોય, તેવા સ્વચ્છ અંતરમાં ઈશ્વરનો સાક્ષાત્કાર થાય. એમાંથી અવાજ નીકળતો હોય તોયે રામનામનો જ હોય. આ પ્રમાણે કહી શ્રીકૃષ્ણ ભગવાને વેદિયાની વાત કરી. હવે ત્રણ શ્લોકની વાત એક શ્લોકમાં કહે છે:

त्रैगुण्यविषया वेदा निस्त्रैगुण्यो भवार्जुन ।
निर्द्वन्द्वो नित्यसत्त्वस्थो निर्योगक्षेम आत्मवान् ।।

વેદ ત્રણ ગુણવાળા છે. તું ત્રણ ગુણ વિનાનો થઈ જા. (પણ ખરી વાત આ નથી, જો તેમ હોય તો આ ઈશ્વરનું વચન ન કહેવાય. અહીં તો વેદિયાઓએ જેવા વેદ બતાવ્યા છે, કેવળ કર્મકાંડાત્મક, તે વેદની વાત છે, એટલે આ એકપક્ષી વર્ણન છે. પણ જેમાં "નેતિ નેતિ" છે, સત્ સિવાય બીજું છે જ નહીં, તે વેદ આપણે માટે પૂજ્ય છે. તે વેદને ગ્રહણ કરવાનું ગીતાજી કહે છે, એમ આપણે ગીતાજીનો આધાર આપીને જ કહી શકીએ.)

નિર્દ્વન્દ્વ થા એટલે સુખદુ:ખને તરી જા. એ પાંડવકૌરવના યુદ્ધની સાથે તને લેવાદેવા ન હોય એવો તું થઈ જા. નિત્યસત્ત્વસ્થ એટલે ચિત્તને હમેશાં સ્થિર રાખીને બેસ. નિર્યોગક્ષેમ એટલે પ્રાપ્તિ–સંગ્રહ અને રક્ષણનો વિચાર પણ છોડ. પણ કાંઈ નહીં તો દેહનો સંગ્રહ તો કરવો જ રહ્યો, એટલે તેને વિશે તટસ્થ થઈ જા. યોગ અને ક્ષેમ વિનાનો થઈ જઈને આત્મવાન્ થઈ જા. હું દેહ નથી, નામરૂપ નથી, પણ એથી અતીત છું, એવો થઈ જા.

यावानर्थ उदपाने सर्वतः संप्लुतोदके ।
तावान्सर्वेषु वेदेषु ब्राह्मणस्य विजानतः ।।

જે વસ્તુ એક નાનકડા હોજમાં હોય તે એક મોટા વિશાળ સરોવરમાં તો હોય જ, જે માણસ બ્રહ્મને જાણે છે તેને તો બધી વસ્તુઓ મળી રહે છે. તેની પાસે સિદ્ધિઓ પણ છે, કારણ સિદ્ધિઓની પરિસીમા એ બ્રહ્મજ્ઞાન છે. ગુણો તો વેદમાં પડેલા છે, પણ ગુણોથી પર ચડ્યા તે બ્રહ્મજ્ઞાની થયા. જેને રાજ્યાસન મળ્યું છે તે ફોજદારી અથવા દીવાની નથી ચાહવાનો. ગંગોત્રી શોધી એટલે ગંગાજી મળી ગયાં. ગંગામાંથી જે ફળ મળે તે બધું ગંગોત્રીમાં મળ્યા કરે. છતાં તે નિરાળો અને નિર્દ્વન્દ્વ બેઠો રહે છે. ગંગાનું પાણી હુગલી આગળ મેલું લાગે છે,

૧. Pilgrim's Progressમાંનો શ્રદ્ધાળુ.

Gandhi Heritage Portal

પણ હૃષીકેશ અથવા હરદ્વાર આગળ સ્વચ્છ લાગે છે. જેમ ટોચની સ્થિતિએ પહોંચીએ તેમ વધારેમાં વધારે સ્વચ્છતા છે.

(આ શ્લોકનો બીજો અર્થ કોઈ કરે છે, પણ તે આપણે છોડી દઈએ.)

આ બધું કહીને કહે છે કે હું જે તને રાજયોગ બતાવવાનો છું તે આ છે:

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।
मा कर्मफलहेतुर्भूर्मा ते सङ्गोऽस्त्वकर्मणि ।।

કર્મને વિશે જ તારો અધિકાર છે, ફળને વિશે નહીં. ગુલામને માલિક કહે છે: તારે કામ કરવાની સાથે કામ છે; પણ ખબરદાર, બગીચાનું ફળ ખાશે તો. તારે લેવાની તો મેં આપેલી જ વસ્તુ છે. તેમ ઈશ્વરે આપણને બાંધી મૂકેલા છે. તે કહે છે કે તમને ગરજ હોય તો કામ કરજો, ફળ ઉપર તો મારો જ અધિકાર છે. તમારે તો મારી સ્તુતિ કરવાની છે. અને સ્તુતિ તો કોદાળી લઈને કામ કરવાની છે, નદીમાંથી શેવાળ કાઢવાની છે, તમારાં આંગણાં સાફ કરવાનાં છે. એ ભારે કઠણ વાત કહી. ગુલામ-માલિકની સ્થિતિ ખરાબ છે. બન્ને વચ્ચે મમત્વનો સંબંધ છે. સિંહ અને બકરા વચ્ચે પણ એવો સંબંધ છે. પણ મનુષ્ય તો દોડીદોડીને ઈશ્વરના મોંમાં પડે છે. જ્ઞાની માણસ જ્ઞાનપૂર્વક ત્યાં જાય છે, અને કહે છે કે મારે જગતની ગુલામી ન સ્વીકારતાં તારી જ સ્વીકારવી છે. ઈશ્વર જેમ તરછોડે છે તેમ તેમ તે વધારે તેની પાસે જાય છે. એ વિચિત્ર પ્રકારનો સંબંધ વર્ણવવા માટે આ શ્લોક આપ્યો છે. આંખનું પાંપણ રક્ષણ કરે છે ખરી, પણ પાંપણ રક્ષણ કરવા માગતી નથી. તે તો આપોઆપ જ થાય છે. તેવો ઈશ્વર અને મનુષ્ય વચ્ચે સ્વાભાવિક સંબંધ છે. મીરાંબાઈએ ગાયું છે કે 'કાચે તાંતણે મને હરજીએ બાંધી, જેમ તાણે તેમ તેમની રે' એમાં વર્ણવેલો સંબંધ આપણી અને ઈશ્વરની વચ્ચે છે. તાંતણો કાચો છે અને પાછો એક જ છે.

मा कर्मफल ઇ૦ કર્મફલનો હેતુ ન થા. કર્મનો સંગ ન કરીશ. કર્મની લાલચમાં ન પડીશ. તું એમ જ સમજ કે એ બધું હું કરું છું. તું કરે છે એમ શા સારુ માને છે? આપણને મારવા હોય તો તે મારે, પણ ન મારવા હોય તો હાથ રોકનારો પણ એ જ છે.

## ૨૬

ગુરુવાર, ૨૫–૩–૨૬

मा ते सङ्गोऽस्त्वकर्मणि મેં કાલે અકર્મણિને બદલે કર્મણિ વાંચ્યું. એવું જ મેં હમેશાં વાંચ્યું છે તે માટે. અકર્મ એટલે તારે જે કરવાનું કર્મ છે તે સિવાયનું. એવાને વિશે તારી આસક્તિ ન હોય. તું અકર્મને વિશે આસક્તિ ન રાખ.

योगस्थः कुरु कर्माणि सङ्गं त्यक्त्वा धनंजय ।
सिद्धयसिद्धयोः समो भूत्वा समत्वं योग उच्यते ।।

સંગને તજીને યોગસ્થ થઈને કર્મ કર. યોગ એટલે કર્મફળ-ત્યાગ. યોગ એટલે અકર્મના ફળનો હેતુ ન થવાનો યોગ. કોઈ પણ વસ્તુને વિશે મમતા રાખીને કામ ન કરજો. સારાં કામને વિશે આસક્તિ ભૂંડી ખરી? હા. સ્વરાજ્ય લેવા વિશે આસક્તિ હોય તો આપણે ભૂંડાં સાધનો લેતાં ન અચકાઈએ. પૂણી મને જ આપવાનો આગ્રહ રાખે તો કોઈ વાર પૂણી ચોરી પણ આવે. એટલા સારુ સારાં કામને વિશે પણ આસક્તિ ન હોય. તો જ સાધન સારાં રહેશે, અને કર્મ પણ સારાં રહેશે.

Gandhi Heritage Portal

આગળ કહે છે: સફળતા અને નિષ્ફળતા વિશે સમ રહેવાનું છે. એટલે તું બધું કાર્ય કૃષ્ણને નામે કર. તારું માથું તેના ખોળામાં મૂક. સમત્વ રાખનાર માણસ યોગ રાખે છે એમ કહેવાય. એ જ વસ્તુને લંબાવે છે:

दूरेण ह्यवरं कर्म बुद्धियोगाद्धनंजय ।
बुद्धौ शरणमन्विच्छ कृपणा: फलहेतवः ।।

બુદ્ધિયોગ વિનાનું કર્મ અતિ ખરાબ છે. તું બુદ્ધિનું શરણ લેજે. બુદ્ધિ એટલે વ્યવસાયાત્મિકા બુદ્ધિ. પછી દલીલમાં ઊતરવાનું હોય જ નહીં. ફળનો હેતુ રાખનાર કૃપણ એટલે દયાને પાત્ર છે.

## ૨૭

શુક્રવાર, ૨૬-૩-૨૬

જેને કોઈ પણ પ્રકારનો નિશ્ચય નથી તેનું મન વ્યભિચારી છે. ભર્તૃહરિએ તો વ્યભિચારના અનેક પ્રકાર વર્ણવેલા છે.

बुद्धियुक्तो जहातीह उभे सुकृतदुष्कृते ।
तस्माद्योगाय युज्यस्व योगः कर्मसु कौशलम् ।।

જે માણસ બુદ્ધિયુક્ત છે, નિશ્ચયાત્મક બુદ્ધિવાળો છે, બુદ્ધિની સાથે પરોવાઈ ગયો છે, યોગી છે, તે સારાં અને નરસાં કાર્યનો ત્યાગ કરે છે; એટલે કે બંનેને વિશે તટસ્થ રહે છે. માટે તું યોગી બન. કર્મને વિશે કૌશલ એ જ યોગ છે. અમુક કામ કરવું છે કે નહીં તે જાણવું હોય તો માણસે યોગીની પાસે જવું. એટલા જ માટે કહ્યું કે જ્યાં યોગેશ્વર કૃષ્ણ છે અને ધનુર્ધર અર્જુન છે ત્યાં શ્રી, વિભૂતિ, વગેરે બધું છે.

कर्मजं बुद्धियुक्ता हि फलं त्यक्त्वा मनीषिणः ।
जन्मबन्धविनिर्मुक्ताः पदं गच्छन्त्यनामयम् ।।

યોગી પુરુષો કર્મથી પેદા થનારું ફળ તજે છે, અને જન્મબંધમાંથી મુક્ત થાય છે. જેની દેહને વિશે મૂર્છા મટી ગયેલી છે તેને મરણ શેનું? તેમને તો અનામયપદ—અમરપદ મળે છે.

यदा ते मोहकलिलं बुद्धिर्व्यतितरिष्यति ।
तदा गन्तासि निर्वेदं श्रोतव्यस्य श्रुतस्य च ।।

જ્યારે તારી બુદ્ધિ મોહના કાદવને તરી જશે, ત્યારે સાંભળવાયોગ્ય અને સાંભળેલાને વિશે તું વૈરાગ્ય પામીશ; એટલે કે તટસ્થ થઈ જઈશ.

श्रुतिविप्रतिपन्ना ते यदा स्थास्यति निश्चला ।
समाधावचला बुद्धिस्तदा योगमवाप्स्यसि ।।

ઘણું સાંભળીને વિપરીત થયેલી તારી બુદ્ધિ ઈશ્વરના ધ્યાનમાં પરોવાયેલી હશે ત્યારે તું યોગને પામીશ. સમાધિમાં અચલ થાય ત્યારે તે માણસ પ્રેમમાં મસ્ત બની આ સંસારને તુચ્છ ગણી શકે.

Gandhi Heritage Portal

૨૮

શનિવાર, તા. ૨૭-૩-૨૬

અર્જુન હવે પૂછે છે કે જે સમાધિસ્થ છે તેની ભાષા તે કઈ? ભાષા એટલે નિશાની. માતા ખોરાક આપે છે તે એક છે. ગીતા આપે છે તે બીજો. ગીતા માતાની આગળ પેલી માતા ખોટી છે. જે માણસે ગીતાને પોતાના હૃદયની અંદર પ્રયાણકાળ સુધી અંકિત કરી છે તે માણસ માટે મોક્ષ છે. જે છોકરાએ ગીતા માતાની આરાધના કરી હોય, તે છોકરો ધ્રુવજી અને સુધન્વા જેવો થાય. આ શ્લોકો સમજીને પોતાના વર્તનની અંદર ઉતારીએ તે માટે એ બોલાય છે.

स्थितप्रज्ञस्य का भाषा આ શ્લોકથી તે બીજા અધ્યાયના અંત સુધીના શ્લોકો આશ્રમની સાયંકાળની પ્રાર્થનામાં બોલાય છે.

૨૯

રવિવાર, તા. ૨૮-૩-૨૬

ભગવાને અર્જુનને કહ્યું કે તું મારો હાથ છે; હાથને ગતિ આપનારો હું છું. જેમ સવારની પ્રાર્થનાના શ્લોકોમાં આપણે બોલીએ છીએ કે બધી ઇન્દ્રિયોને ગતિ આપનાર તું છે. ધીરજ રાખીને, એકધ્યાન થઈને જે કાર્ય કરે તે કર્મકુશળ યોગી કહેવાય.

૩૦

મંગળવાર, તા. ૩૦-૩-૨૬

प्रजहाति यदा कामान्सर्वान्पार्थ मनोगतान् ।
आत्मन्येवात्मना तुष्टः स्थितप्रज्ञस्तदोच्यते ।।

મનમાં આવતી બધી ખરાબ કામનાઓ—ઇચ્છાઓ જે છોડી દે છે તે સ્થિતપ્રજ્ઞ કહેવાય. ખરાબ શબ્દ એ માટે ઉમેરીએ છીએ કે આપણે અહીં કામમાં રચ્યાપચ્યા રહેલા છીએ. પાંગળાને ચાલ એમ ન કહેવાય. જોકે છેવટે તો બધી જ ઇચ્છા છોડવાનું આવે છે, ઈશ્વરદર્શનની ઇચ્છા પણ, કારણ એને બધું જ સ્વાભાવિક થઈ જાય છે. સાક્ષાત્કાર થઈ ગયા પછી ઈશ્વર-દર્શનની ઇચ્છા શેની રહે? નદીમાં પડયા પછી નદીમાં પડવાની ઇચ્છા ન રહે. ઈશ્વરદર્શનની ઇચ્છા ન રહે, જ્યારે તેમાં આપણે ખોવાઈ ગયા હોઈએ, ઈશ્વરમાં ઓતપ્રોત થઈ ગયા હોઈએ.

નદીમાં આખો વખત પડયા રહીએ તો માંદા પડીએ. ચોવીસે કલાક સૂનાર પણ માંદો પડે, અને ખાનાર પણ માંદો પડે. એવી એકે વસ્તુ નથી, જેની ઇચ્છા હમેશાં કરતા જ રહીએ. એટલે સુખદુ:ખની વાત આવે છે. જગતમાં ઇચ્છા એક એવી વસ્તુ છે, જે જેમ જેમ કર્યા કરીએ તેમ તેમ વધતી જ જાય છે. જેમ જેમ તે તૃપ્ત થતી જાય છે, તેમ તેમ તે વધતી જાય છે. એવી જ આ ગીતાજીની કથા છે. જોકે એમાં હું એટલો રસ ન ઉપજાવી શકું, પણ એ સાંભળવાની ખરી ઇચ્છા હોય તો તે વધ્યા જ કરે. એ ઇચ્છા વધ્યા કરે તો તે ઇચ્છા કરનાર માંદો પણ નથી પડતો અથવા જે ઇચ્છા સદાયે કર્યા કરીએ તે ઇચ્છા કરવાપણું પણ ન રહે. દિવસ ઊગ્યા અને આથમ્યા કરે; તેને વિશે આપણે ઇચ્છા નથી કરતા. જેણે ઇચ્છા શમાવી દીધી હોય, તેને બધાં કામો સ્વાભાવિક થઈ જવાં જોઈએ, હાલવું-ચાલવું જેવું સ્વાભાવિક છે તેમ.

Gandhi Heritage Portal

સારી વાસના જગતમાં એક જ. એને માટેનાં જેટલાં સાધન તેની ઇચ્છા પણ સારી ઇચ્છા.

એવી રીતે કામના કોણ છોડી શકે? જે આત્માને વિશે આત્માથી સંતુષ્ટ થયો છે તે સ્થિતપ્રજ્ઞ કહેવાય.

ઈશ્વરની કથા કોઈ સંભળાવે ત્યાં આપણા કાન દોડી જવા જોઈએ. રામાયણ, ગીતા વંચાતાં હોય તેમાં તે લીન થશે. એને ચાર વાગ્યે ઊઠતાં પણ કંટાળો નહીં આવે.

આત્માને વિશે આત્માથી સંતુષ્ટ હોય એ, નરસિંહ મહેતાએ[1] ગાયું છે કે 'બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે' એના જેવું છે. ત્યાં તેમણે એ જ વાત કરી છે. બ્રહ્મ પોતાનો બધો આનંદ બ્રહ્મ પાસે જ બ્રહ્મ વડે જ કરે. ગુલામ પોતાની હસ્તી માલિક વિના કલ્પી જ નથી શકતો. જેનું ચોવસે કલાક રટણ કરે છે, તે તે-મય જ થઈ જાય છે. તે જ પ્રમાણે આત્મા પરમાત્મા બને છે. આત્મા એ પરમાત્માનું કિરણ ભલે હોય, પણ કિરણ એ સૂર્ય જ છે. ઈશ્વરને છોડીને આપણી હસ્તી જ નથી. જે માણસ ઈશ્વરની ગુલામગીરી કબૂલ રાખે છે તે ઈશ્વરમય થઈ જાય છે.

આપણે આપણા વિશે સંતુષ્ટ રહેતા હોઈએ, પણ સંતુષ્ટ રહેવા માટે અનેક ઉપાધિઓ ભેગી કરીએ, તે આ સ્થિતિ નથી. આપણા વડે જ આપણે સંતોષ મેળવવો જોઈએ. સાધન અને સાધ્ય બંને એકરૂપ થઈ જવાં જોઈએ. પણ આત્મા વડે જ આત્મા વિશે કોણ આનંદ મેળવી શકે? પ્રવૃત્તિઓ જુદી રીતે કરવાથી તે બની શકે છે. જે માણસ અફીણ લઈને સૂતો હશે, તેની ઊંઘ ખરાબ હશે. પણ જે નિર્દોષ રીતે સૂએ છે, તેની નિદ્રામાં શાંતિ હશે, તેનું મન ઈશ્વરમાં પરોવાયેલું હશે.

હવે પછીના શ્લોકો એ આ શ્લોકની ટીકા રૂપે છે.

જે માણસ સ્વાશ્રયી બને છે તે બીજાની મદદ ન લે એમ નહીં, પણ બીજાની મદદની ગરજ જ ન રાખે.

બાળકો શ્રદ્ધા રાખીને સ્થિતપ્રજ્ઞ બની શકે છે. તેમની ચિંતા કરનારા શિક્ષક અને માબાપ હોય. એટલે તેને ઇચ્છા કરવાનું હોય જ નહીં. તે વડીલને આધીન થઈને જ વર્તે. તે બ્રહ્મચારી, મુનિ, સ્થિતપ્રજ્ઞ એ જ અર્થમાં છે કે તેને જેટલું કહેવામાં આવે તે બધું તે કરે, તેનું પાલન કરે. એવા તો પ્રહ્લાદ જેવા બની શકે.[2]

## ૩૧

બુધવાર, તા. ૩૧–૩–૨૬

પ્રજહાતિવાળા શ્લોકનો અર્થ જેવા છો તેવા રહો એવો કદી થઈ શકે જ નહીં. નહીં તો એ શ્લોકનો ઉત્તરાર્ધ ન આવ્યો હોત. આત્મામાં જ આત્મા વડે સંતુષ્ટ પુરુષ એ બધા કામોનો ત્યાગ કરે. પણ આત્મામાં આત્મા વડે ત્યારે જ સંતુષ્ટ થવાય કે જ્યારે સારા થવાની, ઉન્નતિની ઇચ્છા જાગ્રત હોય. આત્મા વડે આત્મામાં જ સંતુષ્ટ રહેવું હોય તો એમાં જેટલા અંતરાયો આવે છે, તે છોડી દેવા. કેવળ શેખચલ્લીના વિચાર જ કરવા હોય તો સારા કે માઠા

૧. પંદરમા સૈકામાં થઈ ગયેલા ગુજરાતી સંતકવિ.

૨. અહીં આજ્ઞાપાલનની વાત કરી છે, અને દાખલો પ્રહ્લાદનો આપ્યો છે. એટલે એવો પ્રસંગ આવે ત્યારે આજ્ઞાભંગ પણ થઈ શકે એમ વિવક્ષિત છે.

Gandhi Heritage Portal

એકે વિચાર ન કરવા. સારા વિચારોની લાદીથી નરક ભરેલું છે. માટે જ કહ્યું છે કે એક ખાંડી વિચારને નદીમાં ફેંકી દેવા, પણ એક અધોળ આચાર સંઘરવો.

(પેટ ભરીને જે છોકરો ખાય તે કદી બ્રહ્મચર્ય પાળી જ ન શકે એવું એવું અંગ્રેજી પુસ્તકમાં વાંચ્યું. પેટના ચાર ખૂણા ખોરાકથી ન ભરી મૂકવા.)

दुःखेष्वनुद्विग्नमनाः सुखेषु विगतस्पृहः ।
वीतरागभयक्रोधः स्थितधीर्मुनिरुच्यते ।।

દુઃખને વિશે મનની અંદર ઉદ્વેગ ન કરનારો, દુઃખથી દુઃખી ન થનારો, (દુઃખ એ કાંઈ કારણનું પરિણામ છે એમ જ્ઞાનપૂર્વક સમજી દુઃખથી દુઃખી ન થવું) અને સુખ અનેક પ્રકારનાં આવી પડયાં હોય તોપણ તેને વિશેની ઇચ્છા વિનાનો. જેની આસક્તિ, ભય અને ક્રોધ ચાલ્યાં ગયાં છે, એવાને સ્થિતધી એટલે જેની બુદ્ધિ અચળ રહે છે અને વમળમાં નથી પડતી, એવો કહેવો.

यः सर्वत्रानभिस्नेहस्तत्तत्प्राप्य शुभाशुभम् ।
नाभिनन्दति न द्वेष्टि तस्य प्रज्ञा प्रतिष्ठिता ।।

જે માણસ બધેથી પોતાની પ્રીતિ, ઇચ્છાઓ ખેંચી લે છે; શુભ અથવા અશુભ વસ્તુ પામીને જે માણસ તટસ્થ રહે છે; ઉદાસીન રહે છે; નથી રાજી થતો કે નથી દ્વેષ કરતો; તેની બુદ્ધિ પ્રતિષ્ઠિત છે; એટલે જ્યાં હોવી જોઈએ ત્યાં છે, ઠેકાણે છે. એનો દાખલો આપે છે :

यदा संहरते चायं कूर्मोऽङ्गानीव सर्वशः ।
इन्द्रियाणीन्द्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता ।।

કાચબો પોતાનાં બધાં અંગોને બધી બાજુએથી સમેટી લે છે અને ઢાલમાં મૂકી દે છે, તેમ જે માણસ પોતાની ઇન્દ્રિયોને ઇન્દ્રિયોના વિષયમાંથી ખેંચી લે છે, તેની બુદ્ધિ પ્રતિષ્ઠિત છે. પોતાની મેળે બધી ઇન્દ્રિયોને સમેટી લે છે, તે જ માણસ ઈશ્વરને વિશે લીન થયેલો સમજવો. ઇન્દ્રિય ચલ-વિચલ થાય ત્યારે હમેશાં કાચબાનો વિચાર કરવો. ઇન્દ્રિયના વિષયો એ કાંકરા છે. ઇન્દ્રિયોને ખેંચી લઈએ એટલે કાંકરા ન વાગે, હાથ ખેંચી લેવા, પગ ખેંચી લેવા, આંખ ખેંચી લેવી, વગેરે.

## ૩૨

ગુરુવાર, તા. ૧–૪–૨૬

ઇન્દ્રિયના વિષયોને કેમ રોકવા તેની હવે વાત કરે છે :

विषया विनिवर्तन्ते निराहारस्य देहिनः ।
रसवर्जं रसोऽप्यस्य परं दृष्ट्वा निवर्तते ।।

જે માણસ પોતાના દેહને નિરાહારી રાખે છે, એવા જ માણસના વિષયો શાંત થઈ જાય છે. માણસે ખૂબ ખાધું હોય ત્યારે તેની બધી ઇન્દ્રિયો જાગ્રત રહે છે, પણ ખાવાનું બંધ કરીએ તો બધા હાંજા ગગડી જાય. જેના કાબૂમાં પોતાના હાંજા ન રહેતા હોય તેણે ઉપવાસ કરવા એ ઇષ્ટ છે, એમ શાસ્ત્ર કહે છે. રમજાન, અધિક માસ, વગેરેમાં નિરાહારી રહેવાનું કહ્યું છે એ બધું ઇન્દ્રિયદમન કરવાને માટે છે. મેં વિચાર કર્યો હોય કે આજે અમદાવાદ જઈને નાટક જોવું, પણ ઉપવાસ કર્યો હોય તો જવાનું આળસ થાય. જો વિષયો ન શમે તો ઉપવાસને

Gandhi Heritage Portal

વધારીએ, બિલકુલ ન જ શમે તો બિલકુલ નિરાહાર થઈ જઈએ. શ્લોકના પહેલા ભાગનો આ અર્થ.

હવે બીજો ભાગ :

વિષયો શમે છે, પણ રસ નથી શમતો, રસ કાયમ રહે છે. ઉપવાસી માણસ જ્યારે માને છે કે હું સુરક્ષિત છું ત્યારે તેને ઉપવાસ સાલતો નથી, પણ સામાન્ય રીતે રસ રહી જાય છે. ઉપવાસ વખતે તો વિકાર શાંત થઈ જાય, પણ ઉપવાસ ઝટઝટ પૂરા થઈ જાય એમ માણસ ઈચ્છયા કરે છે. રસ ન જાય ત્યાં સુધી ઉપવાસ નથી ટકતા. વૈરાગ્ય વિના ત્યાગ ટકતો નથી. સંગપ્રસંગે વિષય પાંગર્યા વિના રહેતા નથી. આનો અર્થ એમ નથી કે અમુક સમયને માટે ત્યાગ ન કરવો. જેનો ત્યાગ કરવો હોય તેનો ત્યાગ કરવો જ જોઈએ.

પહેલા ભાગમાં કહ્યું કે નિરાહારી થઈને વિકાર રોકવા. પણ કેવળ નિરાહારી થવામાં પૂરું ફળ નથી મળતું. એને માટે કાંઈક વધારે વસ્તુ જોઈએ. પરમેશ્વરનાં દર્શન કરીએ તો રસ પણ શાંત પામે છે. આ છેલ્લી વસ્તુ એક કોયડા જેવી છે. માણસના વિષય નાશ પામે નહીં ત્યાં સુધી સમાધિસ્થ ન થવાય; અને માણસ સમાધિસ્થ ન થાય ત્યાં સુધી એ વિષયનો ત્યાગ ન કરી શકે.

આ કોયડાને કેમ ઉકેલવો? ધીમે ધીમે પ્રયત્ન કરવો. ધીમે ધીમે ઊંડે ઊંડે ઈશ્વરની ઝાંખી કરતા જવું. ખાવાનો વિચાર પણ છોડવો. અને મનમાં એમ થઈ જવું જોઈએ કે વિષયનો ગુલામ થઈ જાઉં તેના કરતાં મારો દેહ પડી જાય એ બહેતર છે. ગળા ઉપર છરી મૂકવાથી તો દમન નથી થતું. દમન તો ઈચ્છાનું જ થઈ શકે. શરીરના નિભાવને માટે જે ખાય છે તેને ખાવાનો અધિકાર છે, પણ એમ કરતાં જે માણસના વિષયો જાગ્રત થઈ જાય તે આહાર છોડી દે. આહાર છોડી દઈ એ ધીરજ રાખી શકે તો પછી તેના વિષયો તદ્દન શાંત થઈ જશે. અને વિષય તદ્દન શાંત થઈ ગયા પછી તેને દેહ ટકાવવાને માટે પાણી કે દૂધ માગવાનું મન થાય તો માગે. બુદ્ધ ભગવાનને માટે કહેવાય છે કે તેમના ઉપવાસે તેમને મૂર્છિત કરી નાખ્યા હતા. એક બાઈ હોઠ ઉપર દૂધ મૂકી ગઈ. દૂધથી શું તેમના વિકાર જાગ્રત થયા? ના. ઊલટું, પછી તેમને ઈશ્વરદર્શન થયું.

આ શ્લોકનું તાત્પર્ય એવું છે કે શુદ્ધિને માટે ઉપવાસ કરવા. પણ શાસ્ત્ર કહે છે કે ઉપવાસ સાથે વિષયનિવૃત્તિની પૂરેપૂરી ભૂખ પણ હોવી જોઈએ. એ સાથે દર્શન કરવાની ઈચ્છા હશે તો જ તે ઉપવાસ ફળવાના છે. વિષયોની નિવૃત્તિ પણ માણસ ઈશ્વરનાં દર્શનને માટે ઈચ્છે છે. ઉપવાસ વખતે તેની ધાલાવેલી એ હોવી જોઈએ કે મારે ઈશ્વરનું દર્શન કરવું છે. તેમાં વિષયોનો અંતરાય નડે છે, એટલે તેને મોળા પાડ્યે જ છૂટકો છે. માણસે દર્શન કરી લીધા પછી તેને ખાવું ન ખાવું સરખું છે. વિનોબાએ ચૈતન્યની[૧] વાત કરી કે સાકરની ગાંગડી તેમની જીભ ઉપર પથ્થરની જેમ પડી રહી અને ઓગળી જ નહીં. એનું કારણ એ કે એનો રસ જ મરી ગયો હતો. મેં કહ્યું છે કે છેવટે રસ જીભની અંદર નથી, પણ મનની અંદર છે. જે માણસનો રસ જાય, જે સમાધિસ્થ હોય અથવા જેને કમળા જેવો રોગ થયો હોય, તે માણસની જીભ ઉપર કશું ઓગળતું નથી. એમ ત્યાગી અને રોગીની સ્થિતિ એક થઈ જાય છે; એકની સ્વેચ્છાએ અને બીજાની બળાત્કારે.

૧. સોળમા સૈકામાં બંગાળમાં થઈ ગયેલા એક ધાર્મિક સુધારક.



Gandhi Heritage Portal

ચૈતન્યદેવને તો લાગતું હતું કે હું ઈશ્વરની કૃપાએ નભી રહેલો છું, અને મારે ખાવું છે તે પણ એનાં દર્શનને માટે જ. ઈશ્વરના સાક્ષાત્કાર માટે વિષયોને સંપૂર્ણ જીતવા જોઈએ, ભોગોને વિશે રસ પણ શાંત થવો જોઈએ. તેની ચાવી આ શ્લોકમાં આપી છે. વિષયો ઉપર કાબૂ મેળવવા નિરાહાર થવું, ઇન્દ્રિયોનો આહાર બંધ કરવો. ઇન્દ્રિયો પોતાના વ્યાપાર છોડે એટલે તે નિરાહાર થાય. આત્મદર્શનમાં મન જોડવાનું બીજું પગથિયું લે તો રસ તદ્દન શાંત થઈ જશે. આવી સ્થિતિ મેળવનારની જનકના જેવી સ્થિતિ થઈ જવાની છે.

## ૩૩

શુક્રવાર, તા. ૨–૪–૨૬

ગઈ કાલવાળો શ્લોક ચાલુ. આ બહુ અગત્યનો શ્લોક છે. આના ઉપર કાલે આખો દિવસ મેં વિચાર કર્યા જ કીધો હતો. ૪૦૦–૫૦૦ વર્ષ ઉપર ઇન્દ્રિયદમનને યુરોપમાં તેમ જ અરબસ્તાનમાં બહુ જ મહત્ત્વ આપવામાં આવતું હતું. પેગમ્બરના સમયમાં નફસ (ઇન્દ્રિયનો સમુદાય એ માટે આ સરસ શબ્દ છે. એનો વાસના એવો પણ અર્થ થાય છે.) એને મારવા માટે ત્રણ વસ્તુ બંદગી, રોજા અને જાગરણ આવશ્યક મનાતી. પેગમ્બર સાહેબ રાતના બેત્રણ વાગ્યા સુધી જાગતા હોય. ખાવાનું તો એવું જ ચાલે. પેગમ્બર પોતે રોજા જ રાખતા એમ નહીં. રોજા તો બધાને સારુ આવશ્યક ગણાતા. દુનિયામાં લપટાયેલાઓએ પણ રોજા તો રાખવા જોઈએ. પણ પેગમ્બર સાહેબ તો વારેઘડીએ રોજા રાખે. રોજામાં તો દિવસે પાણી પીવાની મનાઈ હોય છે, પણ સૂર્યાસ્ત પછી તો પાણી પીવું જ જોઈએ. પણ પેગમ્બર સાહેબ પોતાને એ કાયદો લાગુ ન પાડતા, એટલે એના કોઈ સહાબીએ પૂછ્યું : 'આપ નથી ખાતા તો અમે પણ ન ખાઈએ.' પેગમ્બર સાહેબે જવાબ આપ્યો : 'ના; તમને ખુદા કાંઈ ખોરાક મોકલે છે? મને તો મોકલે છે.' આ સાંભળી પેલા પોતાના મોં પર તમાચો મારીને ચાલ્યા ગયા. તેમને થયું કે 'આપણે તો એને વહી આવે છે અને એ કહે છે એટલે રોજા પાળીએ છીએ, બાકી તો ધમસાણ મચાવીએ છીએ.' પણ પેગમ્બરને તો એ સુખદાયક હતું, કારણ તેને તો બધો સમય ઈશ્વરની નજીદીક રહેવું હતું. એનો ખોરાક ખજૂર હોય. મદિરામાં ઘેરઘેર દ્રાક્ષના માંડવા હોય તેમ અહીં ઘેરઘેર ખજૂરી હોય. તેમાંથી થોડું ખજૂર ખાઈ લે. પેગમ્બર સાથે તેમનું કહેલું કામ કરનારા રહેતા, તે પણ ખજૂર ખાય. એમને માટે આટો પિસાય તે પણ જાડો. જાગરણ એટલું કરે કે તે સૂશે કયારે તેની રાહ બીબીસાહેબ જોયા જ કરે. એમ નફસને દબાવવા માટે તથા ઈશ્વરનાં દર્શન કરવા માટે ઉજાગરા ઉપરાંત એકાંતવાસ પણ કરે. એ જ સ્થિતિ જિસસની હતી. તેમણે એકાંતવાસ કર્યા, ચાળીસ ઉપવાસ કર્યા, અતિશય દેહદમન કર્યું. પછી એમને થયું કે મને હવે ગેબી અવાજ સંભળાયો, ઈશ્વર મારી સાથે બોલતો થઈ ગયો, અને ઈશ્વરની સાથેના પડદા ખૂલી ગયા. એની પછીનાઓએ પણ એ જ વાત કરી. ઉપવાસ, ઇબાદત (ભક્તિ, ઉપાસના) એની પરંપરા યુરોપમાં આજ સુધી ચાલે છે.

પછી લ્યૂથરનો જન્મ જર્મનીમાં થયો. તેમણે કહ્યું કે આ લોકોએ ખોટાં અનુમાન કાઢ્યાં છે. એમનામાં દંભ પણ ચાલુ છે. સૂરજની પાછળ અંધારું દોડયા જ કરે છે, એના છેડા સુધી લગભગ પહોંચે છે, છેક પહોંચતું નથી, તેમ દંભ પણ પવિત્રતાની પાછળ ચાલ્યા જ કરે છે. એ દંભ તેમણે જોઈ લીધો. તેમને મઠોમાંના અનેક વહેમો અને ઢોંગો દેખાવા લાગ્યા. એ અજબ કુદરત છે કે માણસને એક વસ્તુ કરવાની ટેવ પડે એટલે જડતા (Inertia)થી

Gandhi Heritage Portal

કરવાનું ચાલુ જ રાખે છે. તે વખતે માણસને જીવતા પણ બાળતા હતા. નફ્સને બાળનારા એમ સમજ્યા કે આપણે ઇન્દ્રિયદમન કરવું અને ન કરનારાને મારવા. આ બધું જોઈ લ્યૂથર એક છેડેથી બીજે છેડે જઈને બેઠા. બાહ્યોપચાર ગમે તેવો હોય પણ સંયમથી જ ઈશ્વરનો સાક્ષાત્કાર થઈ શકે છે. કૅથલિકો જે કરે છે તે બધો જ ઢોંગ છે એમ પ્રૉટેસ્ટન્ટોએ માન્યું. તેમણે ઈશ્વરના સાક્ષાત્કારના એક જબરદસ્ત સાધનનું સત્યાનાશ વાળ્યું. એ સાધન અમુક માણસને માટે બૂરું હોય તેથી કરોડો માણસ માટે પણ બૂરું જ ગણાય એમ થોડું જ હતું? પણ તેમણે એમ માન્યું.

હિંદુસ્તાનમાં પણ આ પવન આજે ચાલે છે. ઇન્દ્રિયદમન કઠણ છે એમ કહેવામાં આવે છે, પણ હકીકતમાં એ કઠણ નથી. હું આજે એમ માનું છું એમ નથી, પણ પ્રયોગો કરતો ત્યારે પણ માનતો. એને માટે ત્રણ વસ્તુ આવશ્યક છે: (૧) શ્રદ્ધા; (૨) એવી ખાતરી કે આપણે એકલા હોઈએ તોપણ માનીએ જ કે વિષયોને મારવા જોઈએ; (૩) ખોરાક દેહનું પોષણ છે, દેહને નભાવવાનું સાધન છે, તે જ પ્રમાણે ઇન્દ્રિયોને તોફાની બનાવવાનું પણ સાધન છે; એટલે જ્યારે એ પોષણ આપતું બંધ થાય ત્યારે માણસે ખોરાક બંધ કરવો જોઈએ. સ્ટીમ જ્યારે એન્જિનને ચલાવતી બંધ થઈ જાય, નળી કટાઈ જાય ત્યારે સ્ટીમ બંધ કરવી જ જોઈએ. ડાહ્યો એન્જિનિયર સમજશે કે સ્ટીમ ન રોકું તો આ એન્જિન તૂટી જશે. એવી જ તાદૃશ સ્થિતિ અહીં રહેલી છે, માટે દેહનું પોષણ કરતાં ઇન્દ્રિય તોફાની બને તો ખોરાક બંધ કરવો, છતાં રસ નથી જવાનો, એટલે સાથે સાથે ઈશ્વરનો અનુગ્રહ માગીએ. આપણે ગાઈએ છીએ કે સહસ્ર અપરાધ માટે ઈશ્વરની માફી માગીએ. એ અપરાધ માણસ જવા ન માગતો હોય છતાં માણસને ખેંચી જાય છે, ઇચ્છા વિના માણસ લપસતો જાય છે. એવા હજારો અપરાધો માટે આપણે ઈશ્વરની કૃપા માગીએ. એટલે જેની ખાતરી થઈ છે કે વાસનાને મારવી જ જોઈએ તે માણસ ઉપવાસ કરે તો તેમાં કાંઈ ખોટું નથી. તે માણસ આસ્થા રાખે તો તે અવશ્ય પાર ઊતરે, ન ઊતરે તો ઈશ્વરનો કોલ ખોટો થાય. પણ અનુભવ એવો છે કે ઈશ્વરનો કોલ કદી ખોટો પડતો નથી. ૧૦–૨૦–૫૦ ઉપવાસથી થાકવું ન જોઈએ. ગિબને[૧] એક પણ વસ્તુ શોધખોળ કર્યા વિના નથી કહી. તેણે કૅથલિક સંપ્રદાયમાં પચાસ પચાસ ઉપવાસ કરવાવાળા બતાવ્યા છે. તેમણે એટલે અંશે ઇન્દ્રિયદમન કરેલું જ છે. પણ આ કઠણ કાળમાં માણસો એમ માનતા થઈ જાય છે કે પાંચ દિવસમાં આરો નથી આવ્યો તો હવે શું? એમ માની લેવાની જરૂર નથી કે રસ ઝટઝટ જાય છે. રસ જાય નહીં અને રહેવાય નહીં તો ભલે ખાય, પણ હારે નહીં. વળી પાછા ઉપવાસ શરૂ કરે. આ સટ્ટો કરવામાં, ખુવાર થવામાં જીત જ છે. દસ વાર નિષ્ફળ જાય, વીસ વાર નિષ્ફળ જાય, પણ મંડ્યો રહે તો જ આખરે જીત છે. આનું સૌંદર્ય એવું ભારે છે, તેથી જ હું આ કહું છું. રોમન કૅથલિક સંપ્રદાયમાં ચાલે છે તે જ વસ્તુ ઈસ્લામમાં પણ છે. આજે જેઓ પાખંડ ચલાવી રહ્યા છે તે થોડું જ ઈસ્લામ સમજે છે? પણ જે ખૂણામાં પડ્યા પડ્યા ઇબાદત કરે છે તે તો અવશ્ય સાક્ષાત્કાર કરે છે. તેઓ તો ભોગ માત્રને તજે જ છે. ભોગ અને ત્યાગ સાથે હોય જ નહીં. ખાવાનો પ્રયોગ કેવળ દેહને ભાડું આપવાને માટે છે એ સમજીએ તો આપણે ગીતા સમજવા લાયક છીએ.

૧. એડવર્ડ ગિબન (૧૭૩૩–૯૪); રોમન સામ્રાજ્યનો અસ્ત અને પતન એ નામનો પ્રસિદ્ધ ઇતિહાસ-ગ્રંથ લખનાર.

Gandhi Heritage Portal

એક બીજી વસ્તુ (જેને વિશે આજે વધારે કહેવાનો નથી) તે એ કે ગીતા લખનારે સિદ્ધાંતો બેધડક કહી દીધા છે. એ સિદ્ધાંતોને તપાસીએ તો ત્રુટી ન દેખાય, પણ અમલ કરવા માંડીએ કે મુશ્કેલી નડે છે. પણ આ વિશે આગળ ઉપર કહીશ.

આમ વિષયોની વાત કહી બીજો શ્લોક કહે છે :

यततो ह्यपि कौन्तेय पुरुषस्य विपश्चितः ।
इन्द्रियाणि प्रमाथीनि हरन्ति प्रसभं मनः ।।

પ્રયત્ન કરતાં છતાં પણ બુદ્ધિમાન પુરુષની ઇન્દ્રિયો તોફાની છે, તેને હલાવી નાખનારી છે, મનને બળાત્કારે હરી લે છે, જ્ઞાની પુરુષને પણ ખેંચી જાય છે. ઇન્દ્રિયો એ તોફાની ઘોડા છે. સારથિ ચોક્કસ ન હોય, રાશ બરોબર ન હોય, તો માણસને ક્યાં ને ક્યાં લઈ જાય. 'મર્કટ ને વળી મદિરા પીએ' એવી સ્થિતિ છે.

तानि सर्वाणि संयम्य युक्त आसीत मत्परः ।
वशे हि यस्येन्द्रियाणि तस्य प्रज्ञा प्रतिष्ठिता ।।

એ બધી ઇન્દ્રિયોનો સંયમ કરીને મારા પરાયણ થઈને સ્થિતધી બેઠો રહેશે. એમ કર્યા પછી જે માણસની ઇન્દ્રિયો તેના વશમાં રહે છે તે માણસ યોગી છે.

આમ કઈ રીતે સ્થિતપ્રજ્ઞ થઈ શકાય તે બતાવ્યું.

## ૩૪

શનિવાર, તા. ૩-૪-૨૬

કાલે કહ્યું કે રસની શાન્તિ થવાને માટે નિરાહારતા, ભક્તિ, પ્રાર્થના અને જાગરણની જરૂર છે. પણ જ્યાં સુધી સાક્ષાત્કાર ન થાય ત્યાં સુધી રસનો ક્ષય ન થાય. પ્રશ્ન એ છે કે આ દેહ જ્યાં સુધી છે ત્યાં સુધી રસનો ક્ષય થાય ખરો? મને ભાસ્યું છે કે આ દેહની અંદર કોઈ માણસ મુક્ત થયો એમ ન કહેવાય, મોક્ષને લાયક થયો એમ કહેવાય. જનક જેવાને મુક્તાત્મા કહે છે ત્યાં 'મુક્તિનો એક વ્યવહારુ પ્રયોગ' છે, તેનો અર્થ એ છે કે એ મરણ પછી મુક્ત છે, એને ફરી જન્મ લેવાપણું નથી. આ દેહની અંદર મુક્ત થયો છે એમ કહેવું એ શબ્દને મરડવાપણું છે, કારણ દેહની સાથે જ્યાં સુધી કાંઈ પણ સંબંધ રહેલો છે ત્યાં સુધી મુક્ત થવાપણું રહેલું છે. જરા વિચારીએ તો માલૂમ પડશે કે સર્વથા મમતા ચાલી ગઈ હોય તો દેહ ચાલી જ ન શકે. દેહને રાખવાની ઈચ્છા ન હોય તો દેહ પડવો જ જોઈએ. હાથને જરા હલાવવો હોય તો મન પણ જરા ચાલે. હવે દેહમાંથી મન વાળી લેવું હોય તો દેહ 'બળી સીંદરીવત્ આકૃતિ માત્ર રહે,' એવું થવું જોઈએ. જે માણસ હાલે છે ચાલે છે તેને કાંઈક રહેલું જ છે. વૈજ્ઞાનિકો શીશીમાંથી હવા કાઢી નાખે છે, છતાં તેમાં કાંઈક હવા તો રહે છે જ. હવા પાતળી અને પાતળી થતી જાય છે. વિજ્ઞાનીને જ ખબર પડે છે કે અંદર હવા છે. તેમ જરા જેટલો પણ દેહની સાથે સંબંધ હલનચલનની ક્રિયામાં રહ્યો છે ત્યાં સુધી રસનો સર્વથા ક્ષય નથી. વળી હિંસા જ્યાં સુધી જરા પણ રહેલી છે ત્યાં સુધી મોક્ષ નથી, અને દેહની જરા પણ ક્રિયામાં હિંસા રહેલી જ છે. દેહ તદ્દન નિશ્ચેષ્ટ હોય તેમાં પણ કંઈક હિંસા રહેલી છે, ભલે અતિશય ઓછી. કલ્પનામાં પણ હિંસા છે ત્યાં સુધી સંપૂર્ણ આત્મદર્શનની સ્થિતિ નથી. મનને પણ એ સ્થિતિ અગમ્ય છે.

Gandhi Heritage Portal

એટલે વિષયનો સર્વથા ક્ષય દેહ પડચા પછી જ થાય આમ કહેવું એ ભયંકર વસ્તુ છે. પણ ગીતાજી ભયંકર સત્યનું પ્રતિપાદન કરતાં સંકોચ કરતી નથી. સત્ય કોઈના ન બતાવ્યાથી ઓછું જ ઢંકાઈ રહેવાનું છે? મોક્ષ એ સર્વોપરી વસ્તુ છે. યોગીઓ પણ એને ધ્યાનથી જ જોઈ શકે છે. એટલે કહેવું જોઈએ કે દેહધારી દેહની અંદર પડેલો છે ત્યાં સુધી એની મુક્તિ નથી. કેદી કેદમાં પડેલો છે અને બાદશાહ તેને કહે કે તું છૂટવાનો છે; પણ જ્યાં સુધી તે છૂટચો નથી ત્યાં સુધી એ પાંજરામાંથી નથી નીકળ્યો.

પાંજરામાંથી નીકળ્યા પછીનું દૃશ્ય તો તેના મનમાં જ છે. આમ જ આ આત્માને કોઈ મળવાના હોય કે વધાવી લેવાના હોય તો તે આ પાંજરામાં પુરાયેલો છે ત્યાં સુધી નથી.

અને એ યથાસ્થિત સ્થિતિ છે. નીકળ્યા પછીની અને નીકળ્યા પહેલાંની સ્થિતિમાં શા સારુ ભેદ ન હોય?

સત્ય એ એટલી પ્રૌઢ અને ભારે વસ્તુ છે કે જેમ જેમ તેનો ખ્યાલ કરવા જઈએ તેમ-તેમ લાગે છે કે સત્યનો અનુભવ લેવો હોય તો દેહને વિશે અનુરાગ અત્યંત મટી જવો જોઈએ. મોક્ષને માટે મન તલપાપડ થવું જોઈએ. મોક્ષની કિંમત આ વિચારથી દિવસે દિવસે વધતી જવી જોઈએ. એ ભારેમાં ભારે વસ્તુ છે તો આ દેહમાં અપ્રાપ્ય જ સમજાવી જોઈએ. જ્યાં સુધી દેહનાં દ્વાર ખૂલ્યાં નથી ત્યાં સુધી એની સુગંધ આવતી નથી, ભયંકર લાગો કે ભયંકર ન લાગો, સિદ્ધાંત એ જ છે.

આ વસ્તુના ઝાઝા વિચારમાં કે બુદ્ધિપ્રયોગમાં પડવાનું નથી. સાધ્યનો વિચાર કરી લીધા પછી સાધનનો જ વિચાર કરવો, અને સાધન બરોબર કરતા હોઈએ તો સાધ્ય હાથમાં છે જ છે. બાપની ઉપર વિશ્વાસ છે એટલે તેનો વારસો મળેલો જ છે, વીલ વગેરે વિશે પૂછવાની જરૂર નથી. તેમ જ આ વસ્તુ વિશે વાદવિવાદ કરવાપણું નથી, એ તો યુક્લિડની સીધી લીટી જેવી વસ્તુ છે. કાટખૂણો પણ જગતમાં હજી બની શકચો નથી. પણ બનાવટી કાટખૂણાથી મકાનો બંધાય છે, તેમ ખરો મોક્ષ કલ્પનામાં છે. સીધી લીટી ભૂંસી નાખો ત્યારે જ સીધી લીટી કલ્પનામાં આવી શકે છે, તેમ જ દેહ ગયા પછી જ મુક્તિનો અવકાશ છે.

ध्यायतो विषयान्पुंसः सङ्गस्तेषूपजायते ।
सङ्गात्संजायते कामः कामात्क्रोधोऽभिजायते ।
क्रोधाद्भवति संमोहः संमोहात्स्मृतिविभ्रमः ।
स्मृतिभ्रंशाद् बुद्धिनाशो बुद्धिनाशात्प्रणश्यति ।।

13660

વિષયોનું ધ્યાન ધરતાં ધરતાં વિષયોને વિશે સંગ ઉત્પન્ન થાય છે, ઇન્દ્રિયાર્થોથી દૂર રહેવાનો ક્રમ બતાવે છે. અમુક વસ્તુ લેવાનું ધ્યાન ધરવું એટલે તે લેવાની પ્રબળ આસક્તિ—સંગ થાય, સંગમાંથી કામ થાય એટલે વળી પારો ચડે. આસક્તિ થયા પછી ધાલાવેલી થાય અને કામમાંથી ક્રોધ થાય. ધારેલી વસ્તુ ન મળે એટલે ક્રોધ ઉત્પન્ન થાય. જેમ જેમ કામનો વિષય વેગળો જાય છે તેમ તેમ સામા ઉપર ક્રોધ થતો જાય છે. ક્રોધમાંથી મોહ થાય છે, એટલે એ માણસ પોતાનું ભાન ભૂલી જાય છે, પછી સ્મૃતિભ્રંશ થાય છે. 'હું કોણ છું, કયાંથી થયો' એ બધું ભુલાય છે. સ્મરણ હોય તો પોતાની મર્યાદા સમજે ના? અને જેની સ્મૃતિ ચાલી ગઈ તે માણસની બુદ્ધિનો નાશ થાય છે. તે માણસ મરી ગયા બરોબર છે. ઘણા માણસ ફાંસીએ જાય છે તે કદાચ મલકાતા મલકાતા જાય છે. પણ તે તો આ લોક અને પરલોક બંનેમાંથી જાય છે. આમ વિષયના ધ્યાનથી માણસનો નાશ છે. એ આપઘાત કર્યા બરોબર છે. તેના

Gandhi Heritage Portal

શરીરનો જ નાશ નથી, પણ અનેક જન્મો સુધી તેનો ઉદ્ધાર નથી. માટે વિષય જાગ્રત થયો કે તરત જ તેનો નાશ કરવો. ધ્યાન ધરવામાંથી નીકળી જવાની વાત પહેલી છે. ધ્યાન ધરવામાંથી નીકળવું હોય તો ઈશ્વરમાં મન પરોવવું જોઈએ. સમાધિસ્થ થવું જોઈએ.

### ૩૫

રવિવાર, તા. ૪–૪–૨૬

रागद्वेषवियुक्तैस्तु विषयानिन्द्रियैश्चरन् ।
आत्मवश्यैर्विधेयात्मा प्रसादमधिगच्छति ।।

કોઈ પણ વસ્તુ વિશે પ્રીતિ થાય અને દ્વેષ થાય; એ સ્થિતિથી છૂટી ગયેલી એવી ઇન્દ્રિયો વડે અને પોતાના તાબામાં જ રહે છે એવી ઇન્દ્રિયો વડે જે માણસો ઇન્દ્રિયોનો ઉપયોગ કરે છે તે માણસ ઈશ્વરકૃપાનો અધિકારી થાય છે. જેનાં કાન, નાક આંખ પોતપોતાનાં સ્વાભાવિક કાર્યો કર્યા કરે, જેમાં કાંઈ વિચારપૂર્વક ન કરવું પડે—પાંપણને વિચારપૂર્વક નથી ચાલવું પડતું, જો ચાલવું પડે તો તેમાં રોગ હોય—તેની રાગદ્વેષરહિત ઇન્દ્રિયો સ્વાભાવિક કામ કરતી થઈ જાય છે.

કાનનો સ્વભાવ શો હોવો જોઈએ? આત્માની અંદર આત્મા વડે સંતોષ થાય ત્યારે તેને સમાધિસ્થ કહીએ. ઇન્દ્રિય આત્મવશ્ય હોય. મન જેનું એકાગ્ર થયેલું હોય તે માણસનો કાન તેના આત્માનો ગુલામ હોય. આજે તો આપણે ઇન્દ્રિયોના ગુલામ છીએ. એ ગુલામીમાંથી આપણે આત્માનું સ્વરાજ મેળવવાનું છે. કાન તો કેવળ આત્માનું દિવ્ય ગાન સાંભળે. મોટાં મોટાં નગારાં વાગતાં હોય તોયે તે ન સાંભળે. આ શરીરમાં જ્યાં સુધી તે રહ્યો છે ત્યાં સુધી તે શરીરનો સ્વામી અથવા દેવતા થઈને રહે અને ઇન્દ્રિયોની પાસે સ્વાભાવિક જ કામ લે. તેને પંડિતજીના ગાનના શ્રવણની જરૂર ન રહે, તે તો ઈશ્વરનું સ્તવન જ સાંભળે.

સંજયને દિવ્ય આંખ આપી હતી, તેમ આપણા કાન આંખ પાછળ દિવ્ય આંખ કાન રહેલાં છે, જે માણસ આત્મવશ્ય છે તેને અંદરની ઇન્દ્રિય મળી રહે છે, તેને બહારની ઇન્દ્રિયની જરૂર ન રહે. બહારની ઇન્દ્રિયોમાં તો કાંઈ પણ રાગદ્વેષ રહે છે જ. હાથના કટકા થઈ જાય તોપણ હાથથી કશું ન થાય એવી સ્થિતિ હોવી જોઈએ. ઇંગ્લંડમાં એક મોટો પાદરી[1] થઈ ગયો. તેણે પોતાના હાથ પહેલાં જ બાળવા માટે મૂકયા હતા. હજરત અલીને તીરનું દુઃખ ન જણાયું, કારણ તેનું મન તો ઈશ્વરના ધ્યાનમાં લાગેલું હતું. જે માણસ ઇન્દ્રિયનો ગુલામ થઈને નથી વેચાયો પણ ઈશ્વરનો ગુલામ થયો છે, તેને ઈશ્વરની પાસે ઇનામ (પ્રસાદ) માગવાનો અધિકાર નથી. જગતમાં સરદાર થવાને બદલે જે ઈશ્વરનો ગુલામ બન્યો હોય તે તો ઈશ્વરના કોરડા ખાતાં ખાતાં માનશે કે એ કોરડા પણ હિતને ખાતર જ મારે છે. આપણે આપણા પ્રાણમાં પ્રાણ રેડ એમ ઈશ્વરને શા સારુ પ્રાર્થીએ છીએ? ઈશ્વરનો માણસને પેદા કરવામાં સ્વાર્થ છે—દિવ્ય સ્વાર્થ છે—તે એ કે માણસને પોતાની ઇન્દ્રિયોની સાથે કશી નિસબત ન રહે, પણ તે ઈશ્વરનાં જ ધ્યાનસેવામાં રહે.

આ તો સિદ્ધાંત થયો. વ્યવહારમાં તેણે સારી સારી વસ્તુ પસંદ કરવી જોઈએ. દિવ્ય ગાન ન સાંભળી શકતો હોય તો સારું ગાન સાંભળવું. એવું કાર્ય કરવું કે જેથી આત્માની

૧. અહીં ઘણું કરીને કેન્ટરબરીના એક વડા પાદરી થોમસ ક્રેનરનો ઉલ્લેખ છે. તેમને બાળી મૂકવાની સજા થઈ હતી.

Gandhi Heritage Portal

સાથે અનુસંધાન થાય. માણસને જ્યાં સુધી વિવેક કરવાનો રહ્યો છે ત્યાં સુધી સારું પસંદ કરે અને નઠારું તજે. તેને પરિણામે ઈન્દ્રિયની સ્વાભાવિક ક્રિયા સધાશે. એમ જો એ કરે તો

प्रसादे सर्वदु:खानां हानिरस्योपजायते ।
प्रसन्नचेतसो ह्याशु बुद्धिः पर्यवतिष्ठते ।।

ઈશ્વરકૃપા થવાથી, શાન્તિ મળવાથી બધાં દુ:ખોનો નાશ થઈ જાય છે. રામ રાખે તેને કોણ ચાખે? ઈશ્વરની મહેર જેના ઉપર વરસ્યા જ કરે તેનાં બધાં દુ:ખોની હાનિ (નાશ) થાય છે. જે માણસનું ચિત્ત શાંત પામ્યું છે, જેમાં ઈશ્વર જ રમ્યા કરે છે, તેવા માણસની બુદ્ધિ સ્થિર સુરક્ષિત થઈ જાય છે. હવે આથી ઊલટી સ્થિતિ વર્ણવે છે :

नास्ति बुद्धिरयुक्तस्य न चायुक्तस्य भावना ।
न चाभावयतः शान्तिरशान्तस्य कुतः सुखम् ।।

એટલે જે ઈશ્વર સાથે જોડાયો નથી, જે સમાધિસ્થ યોગી નથી તેને બુદ્ધિ જ નથી. અવ્યવસાયીની બુદ્ધિની તો અનેક શાખા હોય એટલે તે બુદ્ધિ જ શા કામની? તેનામાં ભાવના પેદા થઈ જ ન શકે. એના હૃદયમાંથી રામનામ ન નીકળે. જેને એ ભાવના-ધ્યાન નથી તેને શાન્તિ શાની? ભાવનાવાળો માણસ એકધ્યાન થઈને બેસે, પણ અશાન્તને સુખ ક્યાંથી?

## ૩૬

મંગળવાર, તા. ૬–૪–૨૬

ગીતાનો પાઠ શરૂ કરીએ તે પહેલાં તેનો પદાર્થપાઠ કરી લઈએ. આજે છઠ્ઠી[૧] તારીખ છે, એ હિંદુસ્તાનની જાગૃતિની તારીખ છે. એ ધર્મજાગૃતિની તારીખ છે એમ હું માનનારો છું. સામાન્ય રીતે એ રાજપ્રકરણની તારીખ મનાય. એમાં આપણે ઉપવાસ કરેલા; નદીસ્નાન, દેવદર્શન કરેલાં; મુસલમાનોએ મસ્જિદમાં પ્રાર્થના કરેલી; પારસીઓએ અગિયારીમાં. તેમાંના કેટલા સાચા હતા એ કોણ જાણે? તે વેળા તો બધું સાચેસાચું લાગતું હતું. તે સત્યાગ્રહનો દિવસ હતો. સાંજે હિંદ સ્વરાજ[૨] વેચીને કાયદાનો સવિનયભંગ શરૂ કર્યો હતો. તે દિવસે તો લોકો હિંદુ, મુસલમાન, પારસી, બધા – ઘેલા થઈ ગયા હતા. આજે પણ આપણે ચોવીસ કલાકનો ઉપવાસ છે. એનો હેતુ સમજી લેવો જોઈએ. એનો હેતુ આપણા આત્માની જાગૃતિ છે. અસત્‌માંથી સત્‌માં જવું, અંધકારમાંથી પ્રકાશમાં જવું, એ આપણી અભિલાષા વેગળી નથી, પણ ઢૂંકડી છે. શાન્તિ અને સત્યમાં આપણે રેંટિયો કલ્પેલો છે. ભલે તે લાકડામાંથી બનેલો હોય, પણ તેમાં ચિંતામણિ કલ્પેલો હોય તો તે ચિંતામણિ છે. રેંટિયામાં તો કદાચ વધારે બુદ્ધિ હોય, પણ પેલામાં જ વધારે બુદ્ધિ છે. જડમાં જડ ધારો કે આપણે માટીમાં ઈશ્વરને કલ્પીએ તો રેંટિયામાં તો કેટલું કલ્પાય? અને તો રેંટિયાની અંદર સ્વરાજ્ય કલ્પીએ તેમાં શું અજુગતું છે? એમ એ ધર્મની વિરોધી કલ્પના નથી. આ વસ્તુ સમજીને ઉપવાસ કરવાનો અને રેંટિયો ચલાવવાનો. હિંદુસ્તાન આખું સૂઈ જાય ત્યારે સત્યાગ્રહાશ્રમ હશે. અને રેંટિયા મારફતે સ્વરાજ્ય લેવું છે એમ મેં કહ્યું છે. અને ભગવદ્‌ગીતાએ તો સ્ત્રીઓ, વૈશ્ય, શૂદ્ર એ પામી શકે તેમ કહ્યું છે. તેમ આ આપણે સૌ કરી શકીએ તેવું છે. શરીર હૃષ્ટપુષ્ટ હોય કે ન હોય, મન જેનાં અડગ

૧. એપ્રિલ ૬, ૧૯૧૯, સમગ્ર હિંદમાં એ દિવસ રૉલેટ ઍક્ટ સામેના વિરોધદિન તરીકે ઊજવાયો હતો. જુઓ પુસ્તક ૨૫.

૨. ૧૯૦૯માં પ્રસિદ્ધ થયું, ૧૯૧૦ના માર્ચમાં મુંબઈ સરકારે જપ્ત કર્યું, જુઓ પુસ્તક ૧૦.

Gandhi Heritage Portal

હોય તે કરી શકે. એટલે આપણે અડગ થઈ જઈએ અને ઈન્દ્રિયો મનને ડહોળી ન દે તો આપણે સત્યાગ્રહને માટે તૈયાર થઈ શકીએ.

હવે આજનો શ્લોક :

इन्द्रियाणां हि चरतां यन्मनोऽनुविधीयते ।
तदस्य हरति प्रज्ञां वायुर्नावमिवाम्भसि ।।

ફાંકડો માણસ હોય તે જ્યાં ત્યાં ભટકે, તેને નિત નવાં કપડાં ફેંટા જોઈએ. મરજીમાં આવે તે ખાયપીએ, પહેરેઓઢે. હવે તેની ફાંકડી ઈન્દ્રિયોમાંથી એક ઈન્દ્રિય પણ ચરી ખાનારી, ભટકનારી હોય અને એ એકમાં પણ મન પરોવાઈ જાય તો તે માણસની બુદ્ધિને પેલી એક જ ઈન્દ્રિય હરી લે છે, જેમ વાયુ સમુદ્રમાં વહાણને અથડાવે અને તેને ખરાબે ચડાવે અથવા રેતીમાં ખૂંચાવી દે તેમ. તેમ જે માણસની ઈન્દ્રિયો બહેકી ગયેલી છે અને તેમાંની એકમાં મન પરોવાઈ જાય તો તે માણસ ખલાસ થયો, સંગથી તે વિનાશની પરંપરા ગણાવી છે તેમ, એક ઈન્દ્રિયમાં મન હરાયું કે માણસનું ખલાસ થયું.

तस्माद्यस्य महाबाहो निगृहीतानि सर्वशः ।
इन्द्रियाणीन्द्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता ।।

જે માણસની ઈન્દ્રિયો નિગ્રહમાં છે, વિષયોથી અલગ રાખેલી છે, તે માણસ સમાધિસ્થ છે.

या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी ।
यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः ।।

આખરે નિશાની એક શ્લોકમાં આપી દે છે. બધાને મન જે રાત્રિ છે તે રાત્રિને વિશે સ્થિતપ્રજ્ઞ જાગે છે, અને જેની અંદર ભૂતમાત્ર – લોકો જાગતા છે એમ લાગે, તે દેખતા મુનિને માટે નિશા હોય.

આ સ્થિતિ સત્યાગ્રહાશ્રમ માટે હોય. જ્યારે અહીં ચોમેર અંધકાર વ્યાપ્યો હોય ત્યારે આપણને પ્રકાશ દેખાઓ. આપ શૂરા તો જગ શૂરું, યથા પિંડે તથા બ્રહ્માંડે, એમ આપણને થવું જોઈએ. એમ આખા જગતનો ભાર આપણે એકલે હાથે ઉપાડવાની વાત કરીએ, પણ આપણે કેવળ તપશ્ચર્યાની વાત રાખીએ તો આપણે એ ભાર ઝીલી શકવાના છીએ. એટલે જ્યાં જગતને અંધારું લાગે ત્યાં આપણને પ્રકાશ લાગે. રેંટિયો નકામો છે એમ લોકોને લાગે. ઉપવાસથી સ્વરાજ્ય ન મળે એમ લોકોને ભલે લાગે, આપણે કહીએ છીએ કે જરૂર મળે. કારણ यावानर्थ उदपाने એટલે જો ઉપવાસાદિથી ઈશ્વરના સ્વરાજમાં પટાવાળાની જગ્યા મળે તો આ સ્વરાજ્યમાં કેમ ન મળે? જગત કહે કે ઈન્દ્રિયો નિગ્રહમાં ન રહી શકે. આપણે કહીએ કે ધરાર રહી શકે. જગત કહે : સત્યથી દુનિયા ન ચાલે, તો આપણે કહીએ કે અવશ્ય ચાલે. સ્થિતધી અને જગતની વચ્ચે પૂર્વપશ્ચિમનો ફેર છે. જગતની જે રાત્રિ તે આપણું અજવાળું અને જગતનું અજવાળું તે આપણી રાત્રિ. એમ બેની વચ્ચે અસહયોગ છે. આપણે ગીતાનો અર્થ ખરો સમજતા હોઈએ તો આપણી એવી સ્થિતિ હોવી જોઈએ. એટલે આપણે મોટા થયા એમ નહીં. આપણે નાના છીએ, આપણે તો ટીપું છીએ, જગત સમુદ્ર છે; પણ આપણા પાર જવાથી જગત પાર જશે એવી શ્રદ્ધા હોવી જોઈએ. એવી શ્રદ્ધા વિના જગતની રાત્રિ એ આપણો દિવસ છે એમ આપણાથી ન કહેવાય. રેંટિયો અને ઉપવાસ, એની મારફત આત્મદર્શન હોય, તો આત્મદર્શન ત્યાં સ્વરાજ્ય છે જ.

Gandhi Heritage Portal

## ૩૭

બુધવાર, તા. ૭–૪–૨૬

કાલે સ્થિતપ્રજ્ઞની ઓળખનું ભારે લક્ષણ આપી દીધું. જે લોકની દૃષ્ટિએ અજવાળું લાગે તે યોગીની દૃષ્ટિએ અંધારું લાગે. દાખલા તરીકે ઘણા માણસને કહીએ કે અલ્પાહારી થવું; પણ જે માણસે હમેશાં ઈશ્વરની ભક્તિ કરી છે તે સમજી જ જાય છે કે હમેશાં પેટ ભરીને જમીશ તો મારી ભક્તિમાં કાંઈ વિઘ્ન આવવાનું છે. એટલે જગત જ્યારે છપ્પન ભોગ કરે ત્યારે પેલો યોગી અલ્પાહાર કરશે. પણ એનો તે ડોળ ન કરે. આજે નરસિંહ મહેતાએ પોતાના ભજનમાં વૈરાગ્ય, જ્ઞાન, ધ્યાન, બધાંની મશ્કરી કરી અને ગોપીના પ્રેમમાં બધું માન્યું. એ ઊંધી વાત લાગે છે. પણ વાત એ છે કે જગત જેને યોગી કહે છે તે યોગી નથી, ચતુર્ધા મુક્તિ કહે છે, જ્ઞાન કહે છે તે પણ તે નથી; એ તો બધું જગતને છેતરવાને માટે છે. જે ધ્યાની છે તે તો ભોગી જેવો દેખાતો હશે. ઈશ્વરમાં ચિત્ત આઠે પહોર લાગેલું હોય છતાં તે માણસ સામાન્ય માણસ જેવો ફરતો હશે. તે થોડો જ બધે દાંડી પીટતો નીકળે કે હું ધ્યાનમાં છું? ગોપીઓ પ્રેમમાં નાચ્યા કરે, કારણ તે જગતની નિંદાથી ડરતી નથી. એનું કારણ એ છે કે તે જાણે છે કે અમારો પ્રેમ શુદ્ધ છે. મીરાંએ કહ્યું કે જગત ઝખ મારે છે; મેં થોડા જ પતિને છોડેલા છે? મારે તો પતિભક્તિનું રહસ્ય શેમાં છે તે જાણવું છે. ગોપીચંદ કાંચન મહેલમાં વિહાર કરી રહેલો છે. અત્તર, ગુલાલ વગેરે સામગ્રીથી મહેકતો, મલકાતો મલકાતો તે પોતાના શરીર તરફ જોઈ રહ્યો છે. ત્યાં ગોખમાં બેઠેલી મેનાવતીની આંખમાંથી પાણી ટપકે છે. આકાશમાં વાદળાં નહોતાં એટલે તેને આશ્ચર્ય થાય છે. મેનાવતી સમજાવે છે કે આ તારી કાયા તો ચાલી જવાની છે, એમાં તો કરચલી પડવાની છે, દાંત પડી જવાના છે, આંખે અંધારાં આવવાનાં છે, અને તું આ ઘડીએ મરી ગયો તો એ કાયા શા કામની છે? મારો તો જન્મારો ગયો, પણ તું ભાગ. માતા એવી સલાહ આપે? પણ જગતને જે વસ્તુ સારી લાગી તે માતાને તુચ્છ લાગી, કારણ તે જ્ઞાની હતી. પૃથ્વી ફરે છે અને ચોવીસ કલાકમાં આપણે એક વાર ઊંધે માથે હોઈએ છીએ. પણ પૃથ્વી આપણને ખેંચી રાખે છે, એટલે ઊંધે માથે ફરી શકીએ છીએ. સાકરના ગાંગડા ઉપર ફરતી કીડીની જેમ આપણને – જગતની કીડીઓને ખબર નથી પડતી કે પૃથ્વી ગોળ છે અને ફર્યા જ કરે છે. જ્ઞાની અને યોગી આવી વસ્તુનું રહસ્ય જાણે છે અને કહે છે કે આ ખોટું, પેલું ખોટું. જગત જેને સાચું સમજે છે તે એને મન ખોટું છે. જગત જેને અંધારું કહે છે તેને તે અજવાળું કહેશે. અંતરમાં યોગીની સ્થિતિ જે જગતની સ્થિતિથી નિરાળી છે. આત્માની કેદની અંદર શરીરે રહેવું જોઈએ. તે ચલાવવા માગે તેમ જ શરીર ચાલે એવી સ્થિતિ થવી જોઈએ.

> आपूर्यमाणमचलप्रतिष्ठं
> समुद्रमापः प्रविशन्ति यद्वत् ।
> तद्वत्कामा यं प्रविशन्ति सर्वे
> स शान्तिमाप्नोति न कामकामी ।

હમેશાં ભરાતો છતાં અચળ રહેનારો સમુદ્ર, અનેક નદીઓનાં પાણી તેમાં આવે છે છતાં, તે તો જ્યાં ઊભો છે ત્યાં ઊભો જ છે. તેવી રીતે જે માણસની અંદર અનેક પ્રકારના વિકાર શમી જાય છે તે યોગી છે. જે માણસ કામી છે, એટલે જેની ઇન્દ્રિયો આમતેમ ભમે છે, તે માણસ

Gandhi Heritage Portal

યોગી નથી. સમુદ્રના જેવો જે માણસ થઈ શકે છે, નદીનાળાં કે જે ઊભરાય અને સુકાય તેના જેવો નહીં, તે જ માણસ યોગી છે. ભક્તરાજ[1] પણ યોગી અને ધ્યાની હતા. તેના અવાજમાં એક જ વસ્તુનો ધ્વનિ હતો. મનમાં પણ નહાતાં, ખાતાં, પીતાં, જેનું મન ભગવાનમાં છે તેનામાં વિકાર ક્યાંથી આવે? તે સમુદ્રની જેમ ભરેલો છે. તેમાં નદીનાળાં શાંત થઈ જાય છે અને સ્વચ્છ થાય છે. સમુદ્રમાં નદીનાળાંનો મેલ વ્યાપતો હોય તો સમુદ્ર સ્વચ્છ હોત? પણ આપણે તો ત્યાંની સરસ સ્વચ્છ હવા લેવા જઈએ છીએ. વિકાર માત્ર યોગીના મનસાગરમાં લુપ્ત થઈ જાય છે.

विहाय कामान्यः सर्वान्पुमांश्चरति निःस्पृहः ।
निर्ममो निरहंकारः स शान्तिमधिगच्छति ।।

બધા કામોને તજીને જે માણસ નિ:સ્પૃહ થઈને વર્તે છે તે માણસ એ શાંતિ મેળવી શકે છે. નિર્મમ, નિરહંકાર થઈને તે શાંતિ મેળવે છે. જે માણસમાં આ હું કરું છું, એવો ભાવ નથી તે જ ખરો યોગી છે.

एषा ब्राह्मी स्थितिः पार्थ नैनां प्राप्य विमुह्यति ।
स्थित्वास्यामन्तकालेऽपि ब्रह्मनिर्वाणमृच्छति ।।

બ્રહ્મની ઓળખ કરાવી શકે એ બ્રાહ્મી સ્થિતિ. એ પામ્યા પછી માણસ મોહ નથી પામતો. ઈશ્વરનાં દર્શન કરવાથી વિષયોનો રસ જાય છે, એ વાત આવી ગઈ છે. તેમ અહીં પણ આટોપી લે છે કે બ્રાહ્મી સ્થિતિને પામીને માણસ મૂઢ થતો નથી. આ સ્થિતિમાં અંતકાળ સુધી રહીને માણસ બ્રહ્મનિર્વાણને પામે છે. એના બે અર્થ છે. અંતકાળે પણ આવી વૃત્તિ થાય તો બ્રહ્મને પામે એ એક અર્થ; અને અંતકાળ લગી એવી સ્થિતિ જેની રહે તે શાન્તિ પામે, એ બીજો અર્થ. આજ સુધી દુષ્ટ હોય તે કાલે સારો થાય તો પછી તેને બાકી શું રહે? અને આખી જિંદગી સારો હોય પણ પછી દુષ્ટ થાય તો તે નકામો છે. એમ જે છેવટ સુધી ટકી રહે તે માણસ સારો કહેવાય. એ જ કારણસર કહેવત છે કે માણસને મરે ત્યાં સુધી સારો ન કહેવાય. ગમે તેવો સારો માણસ હોય તે પછડાઈને અંતકાળે છોકરાંના અને વ્યવહારના વિચાર કરવા બેસી જાય. મોક્ષ કોણે મેળવ્યો છે, તે ત્યારે જ જાણી શકીએ કે અંતકાળે તે બ્રાહ્મીસ્થિતિમાં હોય.

બૌદ્ધનિર્વાણમાં શૂન્યતા છે, પણ આ નિર્વાણમાં શાન્તિ છે, એટલે બ્રહ્મનિર્વાણ કહ્યું. આપણે આ પંચાતમાં ન પડીએ. બુદ્ધદેવે જે નિર્વાણની વાત કરેલી તેની અને આ નિર્વાણની વચ્ચે ભેદ છે એમ માનવાનું કારણ નથી. બુદ્ધના નિર્વાણની વ્યાખ્યા અને આ નિર્વાણની બીજી વ્યાખ્યા એક જ છે. ઘણા વિદ્વાનો સમજાવી ગયા છે કે બુદ્ધે નિરીશ્વરવાદ શીખવેલો નથી. પણ એ બધા મિથ્યા ઝઘડા છે. જેને જોઈને પણ કાંઈ વર્ણવી નથી શકતા એવું જેનું અલૌકિક સ્વરૂપ છે, તેને વિશે આપણે શું કહીએ? એ બધા વાદો જ્યાં દેહ મિથ્યા માનવામાં આવ્યો છે ત્યાં નકામા છે.

આમ બીજો અધ્યાય પૂરો થાય છે. સ્થિતપ્રજ્ઞ એટલે જેના રાગદ્વેષ નિર્મૂળ થયેલા છે એવો.

૧. Pilgrim's Progressના.

Gandhi Heritage Portal

## ૩૮

ગુરુવાર, તા. ૮-૪-૨૬

### અધ્યાય ત્રીજો

કાલના અધ્યાયનું નામ સાંખ્યયોગ હતું. આપણે જોઈ ગયા કે દેહ અને આત્માનું પૃથક્કરણ કર્યા પછી ભગવાને કહ્યું કે સાંખ્યને વિશે જ્ઞાન આપ્યું, એટલે કે તાર્કિક રીતે દેહ અને આત્માનું પૃથક્કરણ કર્યું. એથી કાંઈ અર્જુનને અનુભવ થયો એમ નહીં. પણ બુદ્ધિને સમજણ પડી. અર્જુનને લડાઈ કરવાનું કર્તવ્ય સમજાવ્યું, પણ એ બધી તર્ક ચલાવીને થાય એવી વાત થઈ. હવે યોગ એટલે સમબુદ્ધિથી કામ કરવાની રીત, તેની વાત કરે છે. એમ કરતાં સ્થિતપ્રજ્ઞની વાત નીકળી.

છેલ્લા શ્લોકથી જાણે ભગવાનને કાંઈ કહેવાપણું ન રહ્યું હોય એવું લાગે છે. અર્જુને બીજો સવાલ ન પૂછ્યો હોત તો ભગવાનને ખરેખર કાંઈ કહેવાપણું નહોતું. બ્રાહ્મી સ્થિતિમાં ભક્તિનો પણ સમાવેશ થઈ જાય છે. પણ એ બધી વસ્તુને વધારે પ્રગટ કરવા માટે, દેહીનો સ્વભાવ વાસના પ્રમાણે સદા બુદ્ધિને ચલાવવાનો હોઈ, સત્ય વારંવાર, વખતોવખત કહેવાની જરૂર રહે છે. દેહી નિર્ણય કરવાને બેસશે તો સામાન્ય રીતે સંસારના પક્ષમાં કરશે. તેને 'આત્મા છે' એ વસ્તુ ગોખવી પડે છે, કારણ તેનો આઠે પહોરનો અનુભવ નથી. જે દીકરાના મનની અંદર સંશય જ ન હોય, તેને કહેવાની જરૂર ન પડે કે 'મા, હું તારો દીકરો છું.' જેને અનુભવ નથી એને માટે રામનામ અને દ્વાદશમંત્ર છે.[1] દેહ છૂટયા પછી સાંભળનાર અને સંભળાવનાર એક થઈ જવાના છે. દેહ છે ત્યાં સુધી બધા સાધનના પ્રપંચો રહેવાના છે એટલે વ્યાસજીએ ગીતા લંબાવી. ગીતામાં એક પણ વસ્તુ એવી નથી આવતી કે જે આપણા સાયંકાળના શ્લોકોની પ્રાર્થનામાં નથી આવી જતી. વ્યાસજીએ વાંચનારની પાસે જ ગીતાજીને બહાને એક અલૌકિક વસ્તુ મૂકી છે. સાંખ્ય શું અને યોગ શું, સંન્યાસ શું અને ગૃહસ્થાશ્રમ શું, સંપ્રદાય માત્ર એક છે. કર્મ અને અકર્મ એક છે, એ વસ્તુ કહેવાનું તાત્પર્ય છે. એવું ભેળસેળ છે એટલે કેવળ ઈશ્વરને જ ઓળખવો હોય, અને બીજું બધું મિથ્યા છે એમ સમજવું હોય, તો આ પ્રમાણેનું એકીકરણ સમજવું જોઈશે. ઈશ્વરને સમજવાનો માર્ગ અદબપલાંઠી વાળી બેસવાનો નથી, પણ મમતારહિત થઈ કામ કરવાનો છે.

અમુક માણસે અમુક હજાર યજ્ઞ કર્યા, કે મોટું દાન આપ્યું, તેથી તે યોગી નથી ઠરતો. તેનામાં મમતા હતી કે નહીં, તે કેવળ ભગવાનની કાચા સૂતરની દોરીએ નાચતો હતો કે કેમ, તેમ જ તેણે કામ કર્યું છે કે નહીં, તે બધું જોવું પડે. સારુંનરસું જે ઈશ્વરના ખોળામાં મૂકી દે, કર્તાહર્તા ઈશ્વરને જ માને, એ વ્યાસજી સમજાવવા માગે છે. એટલે અર્જુન પાસે કૃષ્ણ કહાવે છે:

ज्यायसी चेत्कर्मणस्ते मता बुद्धिर्जनार्दन ।
तत्किं कर्मणि घोरे मां नियोजयसि केशव ।।

તું એમ કહે છે કે કર્મના કરતાં જ્ઞાન (બુદ્ધિ) એ વધારે સારું છે, તો હે જનાર્દન, આ જ ઘોર કર્મને વિશે મને કેમ નિયોજે છે?

૧. ૐ नमो भगवते वासुदेवाय એ દ્વાદશમંત્ર કહેવાય છે.

Gandhi Heritage Portal

व्यामिश्रेणव वाक्येन बुद्धिं मोहयसीव मे ।
तदेकं वद निश्चित्य येन श्रेयोऽहमाप्नुयाम् ।।

પહેલો તર્કવાદ બતાવ્યો, અને પછી સ્થિતપ્રજ્ઞની વાત કરી. વળી યોગ એટલે कर्मसु कौशलं એમ કહ્યું. આવા મિશ્ર વાકયથી તું મને મોહિત કરે છે. એટલા સારુ નિશ્ચય કરીને એક વાત તું મને કહે.

लोकेऽस्मिन्द्विविधा निष्ठा पुरा प्रोक्ता मयानघ ।
ज्ञानयोगेन सांख्यानां कर्मयोगेन योगिनाम् ।।

હે નિષ્પાપ, મેં પૂર્વે બે સ્થિતિની વાત કરી છે: એક તો જ્ઞાનીઓનો જ્ઞાનયોગ અને બીજો યોગીઓનો કર્મયોગ.

## ૩૯

શુક્રવાર, તા. ૯–૪–૨૬

અર્જુન કહે છે: શ્રેયસ્કર શું છે તેની ખબર નથી પડતી, ઘડીકમાં યુદ્ધ કરવાનું મન થાય છે. ઘડીકમાં સ્થિતપ્રજ્ઞને કશું કરવાનું ન હોય, એમ થાય છે.

न कर्मणामनारम्भान्नैष्कर्म्यं पुरुषोऽश्नुते ।
न च संन्यसनादेव सिद्धिं समधिगच्छति ।।

કર્મો બિલકુલ કરવાં જ નહીં એમ કરીને માણસ કદી નૈષ્કર્મ્ય (કર્મ કરીને ફળ ભોગવવા-પણું ન રહે એ સ્થિતિ) નથી અનુભવી શકતો, અથવા તો કોઈ માણસ સિદ્ધિ (મોક્ષ) નથી મેળવી શકતો.

આ કર્મ શબ્દ આપણને ગીતાજીમાં વારંવાર મળવાનો છે. એનો અર્થ શો હશે? સંકુચિત અર્થ તો હશે જ. પણ બહોળામાં બહોળો અર્થ લઈએ તો ગીતાજીના શ્લોક સમજવામાં મદદ થશે. કર્મ એટલે ગમે તે ક્રિયા, શરીરના કોઈ પણ અવયવની ચેષ્ટા. પણ ગીતાજીની વ્યાખ્યામાં વિચાર પણ કર્મમાં આવી જાય છે. કાંઈ પણ ગતિ, સ્વાન (શબ્દ અથવા અવાજ), શ્વાસો-ચ્છ્વાસ, એ બધાં કર્મ છે. એવાં કર્મ કર્યા વિના ન રહેવાય. કેટલાંક કર્મ બળાત્કારે કરવાં જ પડે છે, કેટલાંક સ્વભાવે થાય છે. દૈવી અંશ સારા માર્ગ તરફ ઘસડે છે, આસુરી નઠારા માર્ગ તરફ. માણસ સારો હોય તોપણ આસુરી અંશ બળાત્કારે તેને નઠારે માર્ગે ઘસડે છે. માણસ ખરાબ હોય તોપણ દૈવી અંશથી બળાત્કારે તેને સારે માર્ગે જવું પડે છે. એટલે **સ્વભાવ**, **બળાત્કાર** અને **પ્રયત્ન** એ ત્રણમાંથી ગમે તે ભાવથી પ્રેરાઈને માણસ કર્મ કરે છે. કર્મનો આરંભ તું ન કરશે એમ શું કહે છે? તું તારા મનના ઘોડા તો ચલાવ્યે જ જશે. સંન્યાસીઓ પણ ઝખ મારે છે. શ્વાસ રૂંધવાનો ઈરાદો કરવામાં પણ કર્મ છે. કર્મનો અનારંભ એ પણ કર્મ છે. તેથી એને નૈષ્કર્મ્યનો અનુભવ નથી મળવાનો. સંન્યાસ અને નૈષ્કર્મ્ય સ્વાભાવિક થવું જોઈએ.

न हि कश्चित्क्षणमपि जातु तिष्ठत्यकर्मकृत् ।
कार्यते ह्यवशः कर्म सर्वः प्रकृतिजैर्गुणैः ।।

કોઈ પણ માણસ ક્ષણભર પણ કદી કર્મ કર્યા વિના નથી રહી શકતો. સાંભળવું, ન સાંભળવું એ બન્ને કર્મ છે. પ્રકૃતિથી જે ગુણો સત્ત્વ, રજસ્ અને તમસ્ પેદા થાય છે તે બળાત્કારે પણ કાર્ય કરાવ્યા જ કરે છે. તામસી એટલે જડતાપૂર્વક કામ કરનારો, રાજસી એટલે ખૂબ

Gandhi Heritage Portal

ઘોડા હાંકનારો-ઉત્પાતિયો, અને સાત્ત્વિક એટલે શાંત રીતે કામ કરનારો. આમાંના એકથી અથવા તેમના મિશ્રણથી કાર્ય કરાય જ છે.

कर्मेन्द्रियाणि संयम्य य आस्ते मनसा स्मरन् ।
इन्द्रियार्थान्विमूढात्मा मिथ्याचारः स उच्यते ।।

કર્મેન્દ્રિયોનો સંયમ કરીને જે માણસ ઇન્દ્રિયના વિષયોને સ્મરતો અનેક પ્રકારના ઘોડા ઘડયા કરે છે, અને માને છે કે હું નિષ્કર્મ થયો, તે મૂઢ માણસનો તે મિથ્યાચાર-દંભ-ડોળ-કહેવાય. મારા હાથ બાંધી રખાવું છતાં મનથી તો સામાને મારી જ રહ્યો હોઉં તે માણસ ન મારતો છતાં મારે છે. મારવાનો રસ તે નથી લેતો, પણ ફળ લીધા જ કરે છે. આનો ઊંધો અર્થ ન કરશો. કોઈ પણ જાતના પ્રયત્નને અવકાશ નથી એમ નથી, વળી એનો અર્થ એમ તો નથી જ કે કર્મ પણ કરી લેવું. વિચાર આવ્યા જ કરે છે, પણ હાથને રોકાયેલા રાખવામાં વિચારની મદદ છે જ. જે શત્રુ ચડી બેઠો છે તેની સાથે લડવામાં મિથ્યાચાર હોય જ નહીં. મતલબ એ છે કે વિચાર અને આચારનો વિરોધ ન હોવો જોઈએ. અંદરથી ભજતો હોય અને બહારથી તજતો હોય તે મિથ્યાચાર. પૂરતા પ્રયત્ન છતાં જાગતું ન રહેવાય તો તે મિથ્યાચાર નથી, કારણ એ આદત અનેક કાળની છે. પણ તેના વિચારમાં પણ જાગ્રત રહેવાની ઇચ્છા જોઈએ. એટલે જે માણસ મનમાં ઇન્દ્રિયાર્થોને સેવે છે અને બહારથી ત્યાગે છે તે માણસ પોતાને સંન્યાસી કે યોગી કહેવડાવે તો ખોટું. પૂર્વજન્મના સંસ્કાર તુરત ન ધોવાય. મોજાં આવ્યા જ કરશે. તેથી ભીંજાતાં ભીંજાતાં પણ એક દિવસ કોરા રહેવાશે. મારો હાથ ઝાલીને કોઈ દીવો ઊંચકાવે તોપણ હું કહી શકું કે મેં એ નથી ઉપાડયો, કારણ મારા વિચારમાં તે ઉપાડવાપણું નથી. બળાત્કારે કોઈની પાસે કામ કરાવવામાં આવે તો તે તેનું નથી. દાખલા તરીકે બળાત્કારે બંદૂક ફોડનાર ખૂની નથી. ઊલટું, દારૂગોળો પૂરો પાડનાર અને બધી વ્યવસ્થા કરનાર, એ ખૂની છે. પેલા ખૂન કરનાર ઇચ્છાપૂર્વક આવે તો તે પણ ખૂની છે. એમ વિચાર અને આચાર વચ્ચે સામ્ય હોવું જોઈએ. જ્યાં સામ્ય ન હોય ત્યાં વિચાર કોના અને આચાર કોના એ કહેવું મુશ્કેલ છે. આપણે છઠ્ઠીઓ ઉપવાસ કર્યો, પણ મનથી આપણે સ્વાદ લીધા કરતા હોઈએ તો તે ઉપવાસ નથી જ; પણ ખાવાનો વિચાર આવે અને માણસ પોતાના મનને મારતો રહે, એટલે પ્રયત્નશીલ રહે, તો તે મિથ્યાચારી નથી. મલિન કર્મ કરનારને માટે આરો નથી. મલિન વિચારોને ઠેલ્યા જ કરનાર કહેશે કે મરીશ પણ મલિન કામ નહીં કરું, તે હમેશાં વિચારની સાથે લડયા જ કરશે. વિચાર ને આચારનું જેનામાં અખંડ સામ્ય છે અને જે સ્વચ્છતાવાળો છે તે બ્રહ્મચારી હજારો નમસ્કારને લાયક છે. સંકલ્પવિકલ્પ કરવાની મનને ટેવ છે. તેને માણસ રોકયા જ કરે તો તે જીતેલો છે. એ માણસ કામ નથી કરતો એમ નહીં, પણ વિનયી કામ કરે છે. સંન્યાસી અને યોગી તો એ છે કે જેના વિચાર અને આચાર વચ્ચે એટલું સામ્ય થઈ જાય કે તેને ખબર જ ન પડે કે તે બ્રહ્મચર્ય પાળે છે. તે માણસ નપુંસક થઈ જવો જોઈએ. સ્ત્રી હોય તો તેને પોતાનું સ્ત્રીત્વ જ ન લાગે. દર્દી નપુંસક નહીં, પણ ઇચ્છાપૂર્વક થયેલો નપુંસક. અવિકારીદોષ કરી જ ન શકે એવો થઈ જાય. જે સાવધાન માણસ છે તેનામાં પણ બગડવાપણું રહી જાય છે. પણ છેવટે તે નિર્વિકારી થાય છે. અહિંસક માણસ અંતે મારવાની વૃત્તિ જ ખોઈ બેસે છે.

મૂરખ અને જ્ઞાની વચ્ચે ભેદ નથી. મૂરખ ડોળ નથી કરતો. જ્ઞાની મૂરખની માફક જગત આગળ ખપવા માગે છે. જગતમાં બન્નેની બાહ્ય ચેષ્ટા સરખી જ દેખાશે. જે માણસના

Gandhi Heritage Portal

મનમાં ખૂબ શક્તિ ચાલતી હોય તે જડ જેવો લાગે છે. પૃથ્વી ખૂબ ફરે છે એટલે તે જડ જેવી લાગે છે. અહીં શૂન્યની વાત નથી. બુદ્ધનું નિર્વાણ પણ શૂન્ય નહોતું. આ જાતની બાહ્ય જડતાની જ વાત છે.

## ૪૦

શનિવાર, તા. ૧૦-૪-૨૬

કાલે જોઈ ગયા કે દૂર બેઠો બેઠો ખૂનની સામગ્રી આપી બીજા પાસે ખૂન કરાવીને માણસ ખૂનનો ઘોર પાપી બને છે, ખૂની કરતાં પણ તે વધારે પાપી છે. દ્રોણ અને ભીષ્મ પાસે યુધિષ્ઠિર ગયા અને કહ્યું: "આ શું કરી રહ્યા છો?" પેલાએ કહ્યું: "પેટ કરાવે છે." આનો અર્થ એ છે કે ગુલામ કે નોકર છે તે શેઠની શેહની અંદર આવી ગયો હોવાથી તેનો ગુનો ઓછો છે; પણ ખૂનની બધી ત્રેવડ કરી બીજા પાસે ખૂન કરાવનાર ખૂન કરનારના કરતાં અઘોર કુકર્મી છે. વળી અહીં મિથ્યાચારની પણ વાત કરી છે.

એથી ઊલટું કહે છે:

यस्त्विन्द्रियाणि मनसा नियम्यारभतेऽर्जुन ।
कर्मेन्द्रियैः कर्मयोगमसक्तः स विशिष्यते ।।

જે માણસ મનથી ઇન્દ્રિયોને વશમાં રાખીને કર્મેન્દ્રિયો વડે, ફળની ધાલાવેલી કર્યા વિના અસંગ રહીને, કર્મયોગનો આરંભ કરે છે, તે માણસ શ્રેષ્ઠ છે.

કર્મેન્દ્રિયો વડે કર્મ કરે એ એક વાત કહી અને બીજી વાત ઇન્દ્રિયોને નિયમમાં રાખવાની કરી. આમ ભેદ પાડયા. દસ ઇન્દ્રિયો દ્વારપાળો છે. તેમાં પાંચ જાસૂસ છે, પાંચ અમલ કરનારી છે. હાથપગ ઇત્યાદિ અમલ કરવાવાળી ઇન્દ્રિયો છે. આંખ, નાક રૂપી દ્વારપાળો નિયમમાં ન રહે તો તેમને બંધ કરી દઈ શકાય. તેમને હમેશાં અંકુશ ભોંકયાં કરી શકાય. એને નિયમમાં રાખીને પછી બીજા દ્વારપાળો વડે અમલ કરાવીએ છીએ. આવી રીતે જે માણસ કામ કરાવે તે સંગરહિત થઈને કામ કરે તો તે શ્રેષ્ઠ છે. ક્રોધ કરનાર માણસ અસક્ત (આસક્તિ વિનાનો) નથી પણ આસક્ત છે.

नियतं कुरु कर्म त्वं कर्म ज्यायो ह्यकर्मणः ।
शरीरयात्रापि च ते न प्रसिद्धयेदकर्मणः ।।

નિશ્ચિત થયેલું કર્મ, સોંપાયેલું કર્મ કરજે, કારણ કર્મ અકર્મ કરતાં વિશેષ છે. કોઈ પણ માણસ ક્ષણ પણ કર્મ કર્યા વિના રહી શકતો નથી. જો કર્મ કર્યા વિના કોઈ માણસ ન રહેતો હોય તો ઇચ્છાપૂર્વક કર્મ કરવું તે સારું છે. 'નિયત,' જે આપણે સારુ નિર્માણ થયેલું છે તેને વિશે કોઈને પૂછવાનું હોય જ શું? કારણ શરીરયાત્રા – શરીરનિર્વાહ – પણ અકર્મથી ચાલવાની નથી.

यज्ञार्थात्कर्मणोऽन्यत्र लोकोऽयं कर्मबन्धनः ।
तदर्थं कर्म कौन्तेय मुक्तसङ्गःसमाचर ।।

યજ્ઞને અર્થે જે કર્મ થાય છે તે સિવાયનું બીજું બધું કર્મ, એ બંધન છે. તેથી કેવળ યજ્ઞને અર્થે મુક્તસંગ થઈને કર્મ કર.

કાલે કર્મ શબ્દના અર્થ વિશે કહ્યું. તેમ યજ્ઞના અર્થનો પણ વિચાર કરી લેવો ઘટે છે. કેટલાક શાસ્ત્રીઓ માને છે કે ગીતાને મોચીકામની સાથે, કે કાંતવાની સાથે, એટલે કે વ્યવહાર

Gandhi Heritage Portal

સાથે સંબંધ નથી. તેઓ શ્રાદ્ધાદિને કર્મ માને છે, કાંતવા-વણવાને વ્યાખ્યામાંથી કાઢી નાખે છે. પણ ગીતાજીને વ્યવહારની સાથે નિકટ સંબંધ છે. જેનો વ્યવહારમાં ઉપયોગ ન થઈ શકે એ ધર્મ નથી, અધર્મ છે. પાયખાનું સાફ કરવાનું તે પણ ધર્મદૃષ્ટિથી કરવાનું છે. પાયખાનું સાફ કરતાં જે માણસમાં ધર્મજાગૃતિ છે તે માણસ વિચારશે કે પાયખાનામાંથી આટલી દુર્ગંધ છૂટે છે, એ શું? આપણે વિકારોથી ભરેલા છીએ એનું ભાન થવું જોઈએ. રોગી અથવા વિકારી માણસના પાયખાનામાંથી વાસ છૂટવાની છે. હવે બીજો માણસ જે ધર્મદૃષ્ટિથી પાયખાનું સાફ નથી કરતો, પણ ચોર છે, તે ગમે તેમ મળ ફેંકી આવે, વાસણ બરોબર સાફ ન કરે, તે આ કામ ધર્મભાવથી નથી કરતો. તે દયાભાવ નથી જાણતો, તેનામાં વિવેક નથી. એટલે ધર્મનો વ્યવહાર સાથે સંબંધ છે જ. આ કારણથી કર્મની વ્યાખ્યા આપણે વ્યાપક કરી તેમ જ યજ્ઞની વ્યાખ્યા પણ વ્યાપક કરવાની છે તેનો કાલે વિચાર કરીશું.

## ૪૧

રવિવાર, તા. ૧૧–૪–૨૬

યજ્ઞ શબ્દ જેમ આપણી ભાષામાં છે, આપણા ધર્મમાં છે, તેમ બાઈબલમાં પણ છે, યહૂદીઓનાં શાસ્ત્રોમાં પણ છે. કુરાનની અંદર ત્રણ વસ્તુઓ જોવામાં આવે છે: (૧) પશુયજ્ઞ, બકરીઈદને દિવસે કુરબાની. (૨) યહૂદીમાં જે છે તે જ વાત કુરાનની અંદર આવે છે. પિતા પોતાના પુત્રનો ભોગ આપે છે. ઇબ્રાહીમ એમ કરે છે. (૩) રમઝાન ઇત્યાદિ કુરબાની છે એટલે પોતાનું કોઈ પ્રિય આપી દેવું, ત્યાગ કરવો. એ જ પ્રમાણે બાઇબલની અંદર જિસસના વખત પછી યજ્ઞનો અર્થ વિસ્તૃત થયો. એણે કહ્યું છે કે એમ પશુને હોમવાથી તમારો અર્થ સિદ્ધ થાય તેમ નથી. યજ્ઞનો અર્થ એવો છે કે તમારે એથી બહુ આગળ જવાનું રહ્યું છે. પારકાનો જીવ લેવાથી યજ્ઞ નથી થતો, પણ તમારે તમારું પોતાનું શરીર આપવું જોઈએ. એમ કહી તેણે પોતાનું શરીર આખા જગતના કલ્યાણને સારુ આપી દીધું. આખા જગતના આધ્યાત્મિક કલ્યાણને માટે, પાપ ધોવાય તે માટે, ખાવાનું મળે તે માટે નહીં. હિંદુ ધર્મની અંદર નરમેધ પણ થતો હતો. પછી પશુયજ્ઞ થવા માંડ્યો. આજે પણ કાલી માતાને હજારો બકરાં ચડાવવામાં આવે છે. અનેક પ્રકારની કામના સિદ્ધ કરવા માટે પણ યજ્ઞ કરવામાં આવે છે. અંગ્રેજીમાં યજ્ઞ[૧] શબ્દનો ધાત્વર્થ સારો છે. યજ્ઞ એટલે પવિત્ર કરવું. સંસ્કૃતમાં યજ્ઞ (यज्) એટલે પૂજવું, ઇન્જિલમાં યજ્ઞનો અર્થ ત્યાગ કરવો. પણ ત્રણેયમાં જે વસ્તુ છે અને જેનો સ્વીકાર થઈ શકે એમ છે, તે એ જ છે કે પરોપકારાર્થે કરેલાં બધાં કર્મ યજ્ઞ છે. પશુનો વધ પરોપકારાર્થે કરીએ, દાખલા તરીકે વરસાદ માટે. એમાં પરોપકાર ભલે હોય, પણ એમ બીજા જીવોની હિંસા કરીને યજ્ઞ કરવો એમાં યજ્ઞ નથી. મનને ભલે મનાવીએ કે આપણે ખરીદીને બકરું લીધું, તેને ત્યાગ માન્યો, પણ કરોડો હિંદુ થોડા જ એ વસ્તુ માની શકે છે?

ગુજરાતમાં પણ ક્યાંક ક્યાંક તો એવું ચાલે છે. દશેરાને દિવસે પાડાનો વધ થાય છે, પણ આપણી બુદ્ધિ કહે છે કે એમાં યજ્ઞ નથી, એમાં પ્રભુની પૂજા નથી. છતાં એમાં પણ માન્યતા એ રહેલી છે કે એથી પરોપકાર થાય છે. એટલે આપણે બે અર્થ કરવા જોઈએ: જેથી પરોપકાર થાય તે અને જેથી પારકા જીવને દુ:ખ ન થાય તે યજ્ઞ. પારકા જીવને દુ:ખ ન દેવામાં

૧. Sacrifice L Sacer = પવિત્ર facis = હું કરું છું.

Gandhi Heritage Portal

જગતનું કલ્યાણ સાધી શકીએ છીએ. બધા જીવોને આપણા જેવા સમજીએ તો જ એ થાય. દેહને ક્ષણિક વસ્તુ માનતા થઈ જઈએ તો જ એ થાય. યજ્ઞ એ શબ્દનો અર્થ ગીતાજીમાં બરોબર કરીએ તો ગીતાજી સમજવામાં અને વ્યવહારમાં કશી મુશ્કેલી ન નડે. મનથી અને શરીરથી બંનેથી યજ્ઞ થઈ શકે છે. એ બે અર્થોમાંથી પ્રસંગ પ્રમાણે અનુકૂળ હોય તે આપણે લઈ લેવો.

એક જમાનામાં – અથવા આ જમાનામાં પણ – માણસ શું કામ પશુવધ કરે, એ પ્રપંચમાં આપણે ન પડીએ, પણ એકબે વાકયમાં જવાબ આપીએ. માણસ ખોરાક માટે આસપાસની વસ્તુ પસંદ કરી લે છે. અને જેમાં પાપ નથી સમજાતું તે પરોપકારાર્થે કરવામાં વાંધો શેનો હોય? કોઈને માર્યા વિના વરસાદ નથી આવવાનો, એ માન્યતા જ્યાં હોય ત્યાં મારતાં વાર નથી લાગતી. માણસના વિચારમાં જેમ જેમ ઉન્નતિ થતી જાય તેમ તેમ માણસના શબ્દોના અર્થમાં પણ ઉન્નતિ થતી જાય છે. વ્યાસજીએ શબ્દોના અર્થો પણ નક્કી કર્યા હોત, તોપણ આપણે કહેત કે એમનો ધારેલો અર્થ થોડો જ ચાલે છે? જેમ કે અસહયોગ જેવી વસ્તુના આપણા ધારેલા કરતાં ઘણા વધારે અર્થ થાય છે. આજે આપણે ગીતાજીના યજ્ઞ ઉપર વધારે અર્થ મૂકીએ, એ વ્યાસજીએ ન કલ્પ્યો હોય, તોપણ અડચણ નથી. આપણે વ્યાસજીને અન્યાય નહીં કરીશું. પિતાનો વારસો પુત્રે વધારવો જોઈએ. આજે રેંટિયાની ઉપર આપણે જે ભાવ ઉપજાવીએ છીએ, તેથી વિશેષ ભાવો કોઈ માને તો શું ખોટું છે? ભવિષ્યમાં પ્રજા કહે કે રેંટિયામાં તો નુકસાન છે. રૂનાં વસ્ત્રો ન જ પહેરવાં જોઈએ, એમાં નુકસાન છે. કેળાંની છાલમાંથી રેસા નીકળે છે તેમાંથી કપડાં બનાવવાં, ઈત્યાદિ. એવો અનુભવ થાય, છતાં કોઈ રેંટિયાને સાચવી રાખે, તો તે મૂરખ ગણાશે. પણ સમજુ માણસ રેંટિયાનો એ ભાવાર્થ કાઢશે કે રેંટિયો એટલે તમામ માણસને જેમાંથી રોજગાર મળી શકે એવું કામ, લાકડાની બનાવેલી વસ્તુ નહીં.

તેમ જ યજ્ઞના અર્થની બાબત. વ્યાસજીએ ન કરેલો અર્થ આપણે કરી શકીએ છીએ, અને એ જ યથાર્થ છે.

> सहयज्ञाः प्रजाः सृष्ट्वा पुरोवाच प्रजापतिः ।
> अनेन प्रसयिष्वध्वमेष वोऽस्त्विष्टकामधुक् ।।

પ્રજાપતિએ એટલે બ્રહ્માએ જ્યારે સૃષ્ટિને પેદા કરી ત્યારે એની સાથે સાથે યજ્ઞને પણ પેદા કર્યો, અને એમ કહ્યું: આ વડે તમે વધો, તમારું ભલું થાઓ, અને આમાંથી તમને મનોવાંછિત ફળ મળો.

> देवान्भावयतानेन ते देवा भावयन्तु वः ।
> परस्परं भावयन्तः श्रेयः परमवाप्स्यथ ।।

દેવોને તમે સંતોષો. દેવો તમને સંતોષવાના છે. એકબીજાને સંતોષતાં સંતોષતાં તમે પરમ શ્રેય મેળવશો.

દેવ શબ્દનો અર્થ પણ વિચારી લેવો જોઈએ. ઈન્દ્રાદિ દેવો કોણ? પાણીના કે વનના દેવ કોણ? સવારની પ્રાર્થનાના શ્લોકો બાબત ઝઘડો થયો હતો કે સરસ્વતીને હાથપગવાળી તરીકે પૂજાય કે? તે જ પ્રમાણે દેવો એટલે દૂર બેઠેલા ઈન્દ્રાદિ નથી, પણ જગતને વિશે રહેલી અનેક શક્તિઓ છે. તેત્રીસ કોટી દેવતા એટલે મનુષ્ય, એમ માની લઈએ તો આપણે આપણું પોતાનું કરીએ અને જગત માત્રનું એટલે જીવમાત્રનું કરીએ. દેવો એટલે જેટલી શક્તિ પડી તે બધી, જગતની બધી પોષક શક્તિ. ભયાનક દેવોની કલ્પના પણ નાખી દેવા જેવી નથી. ઈશ્વરની

Gandhi Heritage Portal

ત્રણ શક્તિ—સર્જક, સંરક્ષક અને સંહારક—પોષક છે. પણ આપણું જ્ઞાન અધૂરું છે, એટલે એ ત્રણ શક્તિના અનર્થ થાય છે. નાગપંચમી નાગનો ઉપદ્રવ ટાળવા માટે પાળવામાં આવે છે. સર્પોને સંતોષવા ખાતર એ કરીએ એ બરોબર નથી. તેમ જ ભૂતપ્રેતાદિ, ભૂત કોણ? એ સૌ આપણા મનની કલ્પના છે. આપણે તો જગતની પોષક શક્તિની આરાધના કરવાની છે, ઈશ્વરની બધી શક્તિની આરાધના કરવાની છે.

## ૪૨

મંગળવાર, તા. ૧૩–૪–૨૬

યજ્ઞનો અર્થ સ્વેચ્છાએ તો ન જ બેસાડી શકીએ. ગીતામાં જે અર્થ અનુકૂળ થઈ શકે તે જ લેવાય. ભૂમિતિના સિદ્ધાંતના અર્થ જે નીકળી શકે તે કાઢી શકાય, પણ તે એવા હોવા જોઈએ કે જેને વિશે યુકિલડને પણ શંકા ન હોય, જેની વિરુદ્ધ તે ન થાય. કવિએ કહેલું હોય તેના કરતાં વધારે અર્થ કાઢવો તેમાં કોઈને કંઈ અન્યાય નથી. કૂવા ઇત્યાદિમાંથી જે અર્થ સરે તે સરોવરમાંથી તો સરવાનો જ છે. પાણીનો ઉપયોગ સારા કામ માટે થાય તેમ ખરાબ માટે પણ થાય. બંધ તોડીને અનેક ખેતરોનો નાશ થઈ શકે. એટલે આપણે યજ્ઞનો અર્થ કર્યો કે પરોપકારાર્થે કરેલું કર્મ યા કાર્ય, તે ગીતામાં ન બેસે એવું નથી. સારા માણસનું બધું જીવન, બધી શક્તિનો ઉપયોગ પરોપકારાર્થે જ હોય.

यज्ञार्थात्कर्मणोऽन्यत्र लोकोऽयं कर्मबन्धन—એમાં યજ્ઞનો અર્થ વિષ્ણુ પણ બેસી શકે છે. શૈવી સંપ્રદાયવાળા શિવ પણ કરી શકે. એટલે કે ઈશ્વરાર્થે કરેલું બધું કાર્ય મોક્ષદાતા છે.

सहयज्ञाः प्रजाः सृष्ट्वा—એમાં કયો યજ્ઞ છે? એમાં કાંઈ વિશેષ અર્થ છે? મને લાગે છે કે વિશેષ અર્થ છે. અહીં વિચારરૂપ કાર્ય જ નથી. બ્રહ્માએ કેવળ વિચારથી જ વૃદ્ધિ પામવાનું નથી કહ્યું; તેમણે તો કહ્યું છે કે તમે શરીરયજ્ઞ અથવા જાતમહેનત કરીને વૃદ્ધિ પામજો. બીજાં શાસ્ત્રોમાં પણ એમ જ છે. બાઇબલમાં કહ્યું છે કે with the sweat of thy brow thou shalt earn thy bread. એમ જાતમહેનત તો બધાંને કપાળે ચોંટેલી જ છે, તો સેવાભાવે કૃષ્ણાર્પણ કરવી એ સરસ. જે માણસે એ રીતે કાર્ય કરી બતાવ્યું તે દોષમુક્ત, બંધનમુક્ત થાય. એ માણસ બાદશાહના સિપાહી જેવો છે, જે પોતાનો ભાગ ભજવીને સંતોષ માને. જનરલના જેવો જ એ લાયક છે. બન્નેની ઈશ્વરની આગળ સરખી કિંમત છે, કારણ ત્યાં તો હેતુ જ જોવાવાનો છે. અર્જુનની પાસે એ જ બાણ કૃષ્ણ વિના નકામાં પડયાં, અને કાબાએ તેને લૂંટયો. એટલે सहयज्ञाःવાળા શ્લોકમાં શરીરયજ્ઞની વાત છે. શરીરયજ્ઞ પણ કેવો કે દેવો અને મનુષ્યો એકબીજાને પોષણ કરે એવો. દેવો એટલે જીવમાત્ર લઈએ અથવા ઈશ્વરની પોષકશક્તિ માત્ર, દેવો અદૃશ્યશક્તિ છે. માણસ સામે જુએ છે ત્યાં સુધી પરમાર્થ નથી કરતો, પણ જેને જાણતો ન હોય તેની સેવા કરે તે પરમાર્થ. ત્રીસ કરોડ એ કલ્પનાના દેવ છે. બાળકોને એ આંકડાની કલ્પના પણ ન આવી શકે. આપણે કરોડને ભેગાં થયેલાં જોઈ ન શકીએ, ગણી પણ ન શકીએ. એ આપણી પાસે આપણાં છોકરાંની જેમ દેખાતા નથી, છતાં બધાની સાથે આપણે અનુસંધાન કરીએ છીએ. આગળ જતાં આખું જગત સેવાનું ક્ષેત્ર થઈ પડે. દેવો શબ્દ મૂકીને આપણે એ વાત કાઢીએ છીએ કે છેટામાં છેટા હોય તેની, એટલે અદૃશ્ય માણસોની પણ, તેમને આપણા નોકર ગણીને નહીં, પણ દેવ ગણીને આપણે વિનયથી, આદરથી સેવા કરીએ; એટલે આખા જગતની સેવા કરીએ.



Gandhi Heritage Portal

આ શ્લોકમાં કહ્યું કે મજૂરી કરીને સેવા કરવી. માણસ એક ઘડીભર પણ મજૂરી વિના ચલાવી નથી શકતો. આ કાયદાનો લોપ માણસે ન કર્યો હોત તો આપણે આટલા પીડાત નહીં. રાયની પાસે અઢળક ધન ન હોત અને કરોડો ગરીબ ન હોત. ઈશ્વર તો ભારે અર્થશાસ્ત્રી છે. એ સર્વશક્તિમાન છે. આપણે સર્વ પ્રકારે અપરિગ્રહ નથી કરી શકતા. પણ ઈશ્વર સદાય અપરિગ્રહી છે, કારણ એ તો કલ્પનાથી જગતનો નાશ કરી શકે અને પેદા પણ કરી શકે. એટલે એણે તો ચોવીસ કલાકનું આપ્યું. બીજે દિવસે જોઈએ તો કરો મજૂરી. એણે તો કહ્યું કે મજૂરી નહીં કરશો, વાંસો વાંકો વાળીને મજૂરી નહીં કરશો, તો તમારા ભોગ છે. તમારે ત્રણે તાપ સહન કરવા જોઈએ. દુનિયામાં ભૂખમરો, પાપ, વ્યભિચાર ન હોય, જો આ કાયદાને આપણે સ્થાન આપીએ. જે માણસ ચોવીસે કલાક નીચું માથું ઘાલીને મજૂરી કરે છે, (ચોવીસે કલાક કહું છું, કારણ સૂતો છતો એ મજૂરી કરે છે), તે જગતના કલ્યાણ અર્થે કરે, તો તેનામાં વિષયવિકાર થવા એ અશક્ય વસ્તુ છે. જગતના મજૂરો આપણી જેમ વિકારી રહેતા હોત તો જગત નભી ન શકત. ધનિક વર્ગને અનેક જાતના ભોગો જોઈએ. તેવા ભોગો મજૂરો કરતા હોત તો જગત ક્યાં હોત? પશ્ચિમની અંદર આજકાલ એ જ વિચાર ચાલી રહ્યો છે કે સ્ત્રી-પુરુષ વિકાર સંતોષવાને જ જન્મેલાં છે. અધર્મનો પ્રચાર થઈ રહ્યો છે. કોદાળી ચલાવતાં હોય તો વિકાર ક્યાંથી થાય? આપણે આ મર્યાદાને વશ થઈને વર્તીએ. શરીરયજ્ઞ બરોબર કરીએ તો આપણું બધુંયે કલ્યાણ થાય, આત્માનું અને જગતનું કલ્યાણ થાય, આપણાં મન અને શરીર આત્માને વશ રહે, આત્મા સ્વસ્થ થાય. આવો માણસ કરતો છતો કશું જ નથી કરતો, એમ કહી શકાય.

છોડિયાં બાળી યજ્ઞ થતો હોય એમ મારી સમજમાં આવી નથી શકતું. હવા સાફ થાય છે એમ કહેવામાં અર્થ જ નથી. હવા સાફ કરવાનાં ઘણાં સાધન છે. હવા શું કામ ખરાબ કરીએ? હવા તો સાફ જ છે. હવાને આપણે ખરાબ કરીએ છીએ. પણ એ કારણ નથી. આર્યો જ્યારે હિંદુસ્તાનમાં આવ્યા ત્યારે તેમણે અનાર્યોને સુધારવાનો પ્રયત્ન કર્યો. સંભવ છે કે તેમને માટે પહેલાં યજ્ઞ શોધાયો હોય. તે વેળા મોટાં જંગલો હતાં, એટલે જંગલ કાપવાનો દરેક માણસનો ધર્મ થઈ પડયો હોય, કારણ તેની સમાજને માટે જરૂર હતી. અને એ ધર્મ થઈ પડયો એટલે તે મોક્ષદાતા કલ્પાયો. અનેક પ્રકારની ક્રિયાઓ રચી, જેમાં અગ્નિ વિના ચાલી ન શકે. એ ઋષિઓ સહરામાં હોત તો તેમણે યજ્ઞને ડાંખળી પણ ન કાપવાનું સ્વરૂપ આપ્યું હોત. અથવા ઝાડ વાવવાનું અથવા અમુક બેડાં પાણી લાવવાનું સ્વરૂપ આપ્યું હોત. આજે આપણે લાકડાં બાળીએ છીએ, એ તો પૂર્વજોની મૂડીનો દુરુપયોગ છે; અથવા અક્ષરાર્થ રીતે વેદિયા ઢોર થઈ પડયા છીએ. અત્યારે વિચાર કરતાં એ શરીરયજ્ઞ ન ગણાય. આ યુગને વિશે અને આ સ્થળને વિશે શરીરયજ્ઞ કરવાનો હોય તો તે રેંટિયો છે, જેમ મેં જંગલનો દાખલો લીધો હતો તેમ ત્યાં જેમ જંગલ કાપવાની વાતથી માણસ ધ્રૂજી જાય, પણ શ્રદ્ધાળુ હોય તે કાપવા મંડે, કારણ કહેનારને સંપૂર્ણ વિશ્વાસ છે. શ્રદ્ધાળુ કાપ કાપ કર્યા જ કરશે. (સ્ટીવન્સન અને માન્ચેસ્ટરની ખાઈનો દાખલો. માટી નાખ્યા જ કરો, નાખ્યા જ કરો એમ તેણે કહ્યું.) કાપવાનો હુકમ જ ન મળ્યો હોત તો સર્પ અને ઝેરી હવા હોત જ. એક માણસે કહ્યું છે કે ખરી વસ્તુ એક માણસના મગજમાં પેદા થઈ, અને તેણે તેનો અમલ કર્યો, એટલે તેનો આરંભ થયો, સાધનનો અમલ થયો કે સાધ્ય મળી જ ગયું છે. આરંભ થયો એટલે બસ મુસીબત આવે છતાં તે તો પોતાનું કામ કર્યે જ જવાનો. શ્રદ્ધાળુની પાસે નિષ્ફળતા જેવી વસ્તુ જ નથી. જગત માટે ભલે

Gandhi Heritage Portal

નિષ્ફળતા હોય, પણ મારે માટે નથી એમ જ તે કહેશે. એનો જ અર્થ અનાસક્ત કાર્ય. તે માણસ આશા ન રાખે, ધીરજ રાખે; કાવાદાવા ન કરે, ઉતાવળ ન કરે.

## ૪૩

બુધવાર, તા. ૧૪-૪-૨૬

યજ્ઞનો અર્થ કાલે જોયો. જાતમહેનત – મજૂરી – પારમાર્થિક મજૂરી, એ વસ્તુ એ શ્લોકમાં જ રહેલી છે. યજ્ઞ સહિત ઉત્પન્ન કર્યા એટલે શું? મજૂરી એ વસ્તુ આપણી સાથે જન્મથી જ, જન્મ, જરા અને મૃત્યુની જેમ, જડેલી છે. પણ માણસ એકલપેટો થઈને સ્વેચ્છાચારી બને છે અથવા મોજશોખની ખાતર મજૂરી કરે છે. એમ સૃષ્ટિ ન ચાલી શકે. સૃષ્ટિ ન ચાલે એટલે પોતે પણ ન ચાલે. માણસ જન્મથી અસહાય જન્મે છે. તેને કોઈની ને કોઈની – માતૃદેવની અથવા પિતૃદેવની – સહાયની જરૂર પડે છે. માણસ પરાધીનતામાં જન્મે છે અને પરાધીનતામાં મરે છે. સ્વાધીનતા એ માનસિક સ્થિતિ છે. 'સ્વાધીન' તો માણસ જ્યાં માને ત્યાં જ પોતાને કહી શકે છે, કારણ તે કહેશે કે મારી મરજી છે તેથી હું કાયદાને અધીન રહું છું. કેટલીક વસ્તુ એવી છે કે જેનું પાલન તે ન કરે, તો રાજા શાસન કરતો રહી જાય, પણ પોતાના ગુનાને માણસ પોતે જ પચાવી શકતો નથી. તેનાં સગાંવહાલાંને પણ તેથી નુકસાન પહોંચે છે. એ તો કાચો પારો થઈ પડે છે. એટલે માણસ દરેક વસ્તુની અંદર પરાધીન જ રહેલો છે. થોડી વસ્તુમાં તે સ્વાધીન છે. એટલે તેણે જે વસ્તુ કરવી તે યજ્ઞરૂપે જ કરવી, એ સરસ છે. યજ્ઞ આપણી સાથે પેદા થયો છે, એટલે દેવોની આપણે સેવા કરવી, અને દેવ આપણી સેવા કરે. આપણે તેમને અધીન હોઈશું તો તે અધીન થશે જ. આ યુગનો યજ્ઞ રેંટિયાયજ્ઞ છે. પણ આપણે તો યજ્ઞનો જે મુખ્ય અર્થ અહીં છે તે જ લક્ષમાં રાખવાનો છે. બીજા બધા યજ્ઞ આને અધીન વર્તે છે. મોટામાં મોટી પ્રવૃત્તિ ખાવાપીવાની છે. દેહ પણ ગુલામ અવતરેલો છે. જો આપણે કેવળ આત્માને અર્થે દેહનો નિભાવ કરતા થઈ જઈએ તો મોક્ષ છે. દેહને આત્માને સારુ અને જગતને સારુ વાપરવાનો છે. બધા માણસો ભિન્ન ભિન્ન કામ કરે છે, એટલે તે કાયદામાં Legal fiction (ખોટી કલ્પના)નું નામ જેને આપ્યું કે રાજા દોષ કરતો નથી, એ માનીએ તો રાજા સારા થાય છે. આજે રાજા પાખંડી હશે તો પ્રજા પણ પાખંડી છે. અહીં પણ આપણે કેટલીક ખોટી કલ્પનાઓ ચાલુ રાખવી છે. રેંટિયામાં પણ આ કલ્પના છે કે તેની મારફત આપણે જગતની સાથે અનુસંધાન કરીએ છીએ. લાકડાં બાળી ઘી હોમવાની કલ્પનાને આપણે છોડી દીધી છે.

આ યજ્ઞનો આવો અર્થ હું આજે જ કરતો થયો છું એમ નથી; જ્યારથી હું ગીતાજી વાંચતો થયો ત્યારથી જ એ અર્થ કરતો આવ્યો છું. રશિયન લેખક Bondoref – બોન્ડોરેફ Bread labour (મજૂરી કરીને રોટી મેળવો)નું વાંચ્યું તે તો આને પુષ્ટિ આપનારું છે. પણ મારી તો એ કલ્પના પહેલેથી જ હતી અને તે વધ્યા જ કીધી. એ રશિયન લેખકે એક ભાગ કહ્યો છે. આપણામાં બીજો ભાગ પણ રહેલો છે. આપણે આજે bread labour – રોટી માટે મજૂરીને વધારે સમજીએ છીએ, કારણ યજ્ઞને કેવળ આજીવિકાને સારુ કરેલી મજૂરી આપણે નથી સમજતા. તેની આસપાસના વાતાવરણને લીધે આપણે એટલું જ નથી સમજતા. અહીં શારીરિક મજૂરી ઉદ્દિષ્ટ છે. બાર કલાક મજૂરી કરશે તે જ ખાશે. જેને સાચે બ્રહ્મચર્યનું પાલન કરવું હશે, સ્વચ્છ રહેવું હશે, જેને વિકારમુક્ત થવું હશે, તેણે મજૂરી કર્યે જ છૂટકો છે. મજૂરો

Gandhi Heritage Portal

આપણા જેટલા વિકારવશ નથી. તેની બુદ્ધિ ભલે જડ હોય; પણ વિકારવશ હોવું, તેના કરતાં જડ હોવું એ વધારે સારું છે. બુદ્ધિશાળી ન હોય તોપણ જગત ચાલી શકે, પણ મજૂરીનો લોપ થાય તો જગત ક્યાંયે ન હોય. મજૂરીના કાયદાને માન આપવામાં આપણે બુદ્ધિનું કામ કર્યું. વ્યાપકમાં વ્યાપક મજૂરી ખેતીની છે અને તેને યજ્ઞરૂપ ગણવી જોઈએ.

इष्टान्भोगान्हि वो देवा दास्यन्ते यज्ञभाविताः ।
तैर्दत्तानप्रदायैभ्यो यो भुङ्क्ते स्तेन एव सः ।।

એ દેવો કે જેઓ યજ્ઞથી સંતુષ્ટ થયા હશે, એટલે કે તમારી પરોપકારી પ્રવૃત્તિથી, તમારા દેહથી કરેલી મજૂરીથી સંતુષ્ટ થયા હશે, તે દેવો તમને ઇષ્ટ ભોગ આપશે; એટલે કે સમાજરૂપી દેવ તમને ઇષ્ટ ભોગ આપશે. એ લોકોએ આપેલું છતાં બીજાને ન આપે તે માણસ ચોર છે. જે માણસે સમાજને માટે દેહથી મજૂરી ન કરી તે ચોર છે.

यज्ञशिष्टाशिनः सन्तो मुच्यन्ते सर्वकिल्बिषैः ।
भुञ्जते ते त्वघं पापा ये पचन्त्यात्मकारणात् ।।

જે માણસો, યજ્ઞ કર્યા પછી અવશિષ્ટ રહેલું ખાનારા છે, તેવા સાધુ પુરુષો બધાયે પાપથી મુક્ત થાય છે. બધું સમાજને અર્પણ કરીને, કૃષ્ણાર્પણ કરીને ખાનારા પાપમુક્ત છે. પણ જે આત્મકારણે જ રાંધે છે, અને પંડને માટે જ પ્રવૃત્તિ ચલાવે છે તે માણસ તો પાપ જ ખાય છે. આથી જ યજ્ઞ, ત્યાગ, કુરબાની, જેનો પાયો આપણા શરીરયજ્ઞથી જ શરૂ થાય છે, તે નિત્ય નિયમિત કરવાં જ જોઈએ; ઈશ્વરનો પહેલો જ નિયમ — જે નિયમ લઈને માણસ જન્મે છે, તેનું પાલન કરવામાં જ મોટો યજ્ઞ છે.

अन्नाद्भवन्ति भूतानि पर्जन्यादन्नसम्भवः ।
यज्ञाद्भवति पर्जन्यो यज्ञः कर्मसमुद्भवः ।।

અન્નથી ભૂતો થાય છે, પર્જન્ય (વરસાદ)થી અન્ન પેદા થાય છે, યજ્ઞ વિના પર્જન્ય ન હોઈ શકે, અને યજ્ઞ એ કર્મથી થાય છે. આળસુ થઈને બેસે તો વરસાદ ન પડે, એટલે વરસાદ યજ્ઞ વિના ન થાય એ સ્થિતિ આવે. કરવાની મહેનત કરવી જ જોઈએ. પણ લોકોને ઝાડપાલો પેદા કરવાની વૃત્તિ જ થતી નથી. જંગલમાં વરસાદ ખૂબ આવે છે. તે પોષક નથી હોતો. તે ઝેરરૂપ થાય છે. ત્યાં માણસ કામ કરવા માંડે છે ત્યારે તે ઝેરરૂપ નથી થતો. ચેરાપુંજીમાં વધારેમાં વધારે વરસાદ પડે છે તે શા કામનો છે? (જોકે ત્યાંના વરસાદનું પ્રમાણ એ જગતના વરસાદની પારાશીશી ગણાય છે, પણ એ જુદી વાત છે.)

વનસ્પતિ ન હોય ત્યાં વરસાદ આવી જ ન શકે, એ વિજ્ઞાનશાસ્ત્રીઓનો કાયદો અહીં ભગવદ્‌ગીતામાં આપી દીધો.

## ૪૪

ગુરુવાર, તા. ૧૫–૪–૨૬

कर्म ब्रह्मोद्भवं विद्धि ब्रह्माक्षरसमुद्भवम् ।
तस्मात्सर्वगतं ब्रह्म नित्यं यज्ञे प्रतिष्ठितम् ।।

આ શ્લોક જરા અટપટો છે, કર્મ બ્રહ્મમાંથી ઉદ્‌ભવે છે એમ તું જાણ અને બ્રહ્મ યજ્ઞમાંથી ઉદ્‌ભવે છે. બિહારમાં મળેલી એક ગીતામાં કર્મનો અર્થ બ્રહ્મ કરેલો છે. નીચે બ્રહ્મનો અર્થ: જે વસ્તુ આખા જગતને પેદા કરનાર, ભરી દેનાર, બ્રહ્મા વિષ્ણુ અને મહેશ્વરને પણ પેદા

Gandhi Heritage Portal

કરનાર, એવો કરેલો છે; અથવા જેને ઈશ્વર અંતર્યામીના નામથી પોકારીએ છીએ, જે બધા સંપ્રદાયો અને ધર્મમાં સામાન્ય તત્ત્વ છે, એવો કરેલો છે.

એ વાત સાચી છે કે એ બ્રહ્મ યજ્ઞમાંથી ઉદ્‌ભવેલ છે. જ્યાં ત્યાગ છે, જ્યાં આત્મા વડે આત્માનો સંતોષ રહેલો છે, જ્યાં સર્વને દુ:ખે દુ:ખી થવાપણું છે, જ્યાં સર્વ પ્રત્યે સમભાવનો મહાયજ્ઞ આચરાય છે, ત્યાં બ્રહ્મ છે જ. પણ આ યજ્ઞની પાછળ અથવા બધા યજ્ઞની પાછળ એ વસ્તુ તો રહેલી જ છે કે માણસે શરીરને રાખીને ધર્મ ન આચર્યો હોય. શરીરરખો ધર્મ ન રહ્યો હોય. દેહને ગાળી ગાળીને ધર્મ આચરાતો હોય તે જ ધર્મ. જે માણસ દેહને કષ્ટ નથી આપતો, તેને સારુ કોઈ પણ પ્રકારનો યજ્ઞ નથી જ. એટલે જે માણસ જગતને સારુ મજૂરી કરે છે,—હિંદુસ્તાનના તેત્રીસ કોટી એટલે જગતના અબજો અને તેમાં જીવજંતુ ઉમેરીએ તો આપણે જગતની સાથે શરીરનાં રૂવાં બરોબર છીએ,—એને માનવાનો શો અધિકાર છે કે એ જગતને માટે મજૂરી કરે છે? મારા બધા વાળ ચૂંટાઈ જાય તો મારું મરણ થાય, પણ એક વાળની કશી જ કિંમત નથી. જગતમાં રહી જોઈએ તો જગત આપણામાં પરોવાયેલું છે. એ વાળ કોણ અને જગત કોણ એ ભાવ જ ચાલ્યો જાય, એટલે એ માણસ આખા જગતરૂપ થઈ જાય. એ માણસ શરીરને ચોવીસ કલાક જગતને માટે વાપર્યા કરશે.

જ્ઞાન આદિનું આપણે ઉચ્ચારણ કરીએ છીએ, એ દેહને અંગે જ છે. નહીં તો અદેહને માટે જ્ઞાન શું? જગતના બધા જ્ઞાનમાં વિશેષ જ્ઞાન આત્મદર્શન છે. પણ માણસ દેહધારી ન હોય એ કલ્પના જ છે. એટલે જગત માત્રને માટે દેહના કષ્ટમાં આત્મદર્શન અને યજ્ઞ છે. આપણે મજૂર છીએ. ધનિકો મજૂરોના જેટલા જ પોતાને મજૂર માને તો મજૂરોને તો ભારે લાભ થઈ જાય. મજૂરોને સંતોષ થશે અને તેઓ તેમનામાં ઓતપ્રોત થઈ જશે. પણ મજૂર જો જ્ઞાનપૂર્વક કહે કે હું શેઠ છું, તો તે પડ્યો. આપણે બ્રિટિશરોની માફક સ્વરાજ ચલાવવાનો વિચાર કરીએ તો શેઠ થયા. પણ આપણે તો બાદશાહી છોડીને મજૂરની સ્થિતિએ પહોંચવું છે. મજૂરી કરતાં કરતાં તે વસ્તુથી અલિપ્ત થઈને શૂન્યવત્ બની રહીએ, તો આપણી નિશા ઊડી જાય. એ વસ્તુ नित्यं यज्ञे प्रतिष्ठितम्‌માં રહેલી છે.

આમ છતાં આરંભમાં બ્રહ્મા આવે છે એ શું? વિષ્ણુ, મહેશ્વર કોણ? આ બધી કોઈ વ્યક્તિ છે એમ હું માનતો નથી. એ બધા ઈશ્વરી અંશ છે અથવા શક્તિ છે, એમ માનીએ. તે પુરાણોમાં દેવતા અને આ લોકોને જુદા કલ્પેલા છે. એ બધું સાચું અને ખોટું. તે વડે આપણને જેમતેમ કરીને ધર્મ શીખવવો હતો, એટલે બધી કલ્પના કરી છે. બાકી નથી બ્રહ્મા કે મહેશ્વર. છે માત્ર નાન્યતર જાતિ બ્રહ્મ. પણ ઈશ્વરને વિશે તો કલ્પના માની લીધી કે તે કાંઈ કરતો જ નથી. એટલે બ્રહ્મામાંથી આ બધું ઉત્પન્ન થાય છે એમ કલ્પ્યું છે. બ્રહ્માને ચાર મુખવાળા માનનારની કલ્પનાનો નાશ કરીને હું તેને શું જ્ઞાન આપીશ? એની માન્યતા તોડીને હું શો લાભ મેળવીશ? એ મને પૂછશે કે તમે એમ માનો છો? તો હું ના કહીશ. પણ જેને સાકાર સ્વરૂપ માનવું હોય તે ભલે માને. એટલે બ્રહ્મા એટલે ઈશ્વરની ક્રિયા કરનારી શક્તિ. ટિળક મહારાજની ગીતામાં બ્રહ્મ એટલે પ્રકૃતિ જ છે, તો હું કહીશ કે પ્રકૃતિ એટલે બ્રહ્મા. આમાં છેવટે જે માનવાનું રહેલું છે તે એ છે કે દરેક યજ્ઞમાં ઈશ્વરસાક્ષાત્કાર છે. અને જ્યાં શરીરયજ્ઞ નથી ત્યાં ઈશ્વર પણ નથી. જોકે આપણે તો ઈશ્વર બધે છે એમ માનેલું છે.

Gandhi Heritage Portal

આપણું શારીરિક કર્મ થયા જ કરે અને તેને આધારે બધું થાય. અક્ષર એટલે ઈશ્વર એ વિશે તો મને શંકા જ નથી.

एवं प्रवर्तितं चक्रं नानुवर्तयतीह यः ।
अघायुरिन्द्रियारामो मोघं पार्थ स जीवति ।।

આ પ્રમાણે પ્રવર્તયેલા ચક્રને જે માણસ નથી અનુસરતો, તે માણસ પાપી જીવન ચલાવનારો, ઈન્દ્રિયારામ છે. એ માણસ નકામો જીવે છે. એ આ જગતની ઉપર ભારરૂપ થઈને જીવે છે. પૃથ્વી ચોવીસ કલાક, સતત ફર્યા જ કરે છે એની ઉપર જે માણસ આળસુ થઈને બેસી જાય છે તે માણસ નકામો જીવે છે. જે યજ્ઞ કર્યા કરે છે તેને કર્મબંધન નથી. આળસુ થઈને अहम् ब्रह्मास्मि થયો છું એમ કહે, તેને ગીતાએ અઘાયુ કહ્યો છે. એટલે જ નરસિંહ મહેતાએ કહ્યું કે ત્યાગી મુક્તિ નથી મેળવવાના, ભોગી મેળવશે. અહીં ભોગી એટલે જગતની મજૂરી કરનારા અને ત્યાગી એટલે આળસુના સરદાર.

આ ચક્રને મેં રેંટિયો કહ્યો છે. આ યુગને સારુ એને મેં મહાયજ્ઞ કલ્પ્યો છે. અને એ ચલાવશે તે જીવ્યો છે અથવા તે જીત્યો છે.

## ૪૫

શુક્રવાર, તા. ૧૬–૪–૨૬

પંડિતજીએ યજ્ઞમાંથી વરસાદ કેમ થાય એ પૂછયું. તે ઉપરથી अन्नाद्भवन्ति भूतानि વાળો શ્લોક ફરી સમજાવ્યો, અને યજ્ઞ શબ્દ પણ ફરી સમજાવ્યો. 'યજ્ઞ' એટલે કોઈ પણ પારમાર્થિક પ્રવૃત્તિ. શરીર જગતના કલ્યાણને માટે વપરાય ત્યારે તે માણસ પારમાર્થિક થાય. આ શરીર જગતનું છે એમ ગણીને વાપરીએ, તો શરીરનો કબજો રાખતાં છતાં આપણે તેને જરૂર સાફ રાખીશું, તેને ઊધઈ નહીં ચડવા દઈએ. પણ તે ઈશ્વરાર્પણ બુદ્ધિથી કરવું જોઈએ. શરીરને કેવળ વાલી, રક્ષક અથવા પાલક તરીકે વાપરીએ તો આપણને આત્મતૃપ્તિ મળે. શરીરનો રક્ષક પગી કહે કે મારાં પગલાં જ કાયમ છે, ત્યાં કોઈ ચોર આવી શકે તેમ નથી. અને આપણને તેની આણનો વિશ્વાસ આવે તો આપણે તે રામા પગીને છોડી દઈએ, તેને મોક્ષ આપીએ. તેવી જ રીતે સેવાને અર્થે કરેલી મજૂરીમાંથી વરસાદ આવવાનો છે.

એક બાળકે જવાબ આપ્યો: આપણી પરોપકારી મજૂરી જોઈને ઈશ્વર રાજી થાય. બાપુ કહે: એ કવિનો જવાબ છે, સાચો છે. યજ્ઞ શબ્દ यज् એટલે પૂજવામાંથી આવ્યો છે અને જે મજૂરીથી પૂજા કરે તે ઈશ્વરને ખુશ કરી શકે છે.

રણમાં વરસાદ લાવવો હોય તો? ત્યાં ઝાડોને વાવવાં જોઈએ. જ્યાં વરસાદ લાવવો હોય ત્યાં ઝાડ ઉગાડવાં અને જ્યાં બહુ વરસાદ આવે ત્યાંથી ઝાડોને કાપવાં જોઈએ.

મજૂરી એ યજ્ઞનું મૂળ હતું. તેને બદલે આપણે ડાળપાંખડાંને વળગ્યા; અને લાકડાં બાળીએ, હોમ કરીએ તો યજ્ઞ થાય એમ માનતા થયા. અસલના સમયમાં પૃથ્વી સાફ કરવાને માટે લાકડાં કાપવાં પડયાં અને બાળવાં પડયાં. શિષ્યો સમિત્પાણિ થઈને જતા એનો પણ શો અર્થ? લાકડાં કાપવાં અને બાળવાં એ યજ્ઞ થઈ પડયો. આજે રેંટિયો યજ્ઞ થઈ પડયો છે. આપણને પાણી જ ન મળતું હોય અને બે ગાઉ દૂરથી પાણી લાવવું પડતું હોય તો પાણી લાવવું એ યજ્ઞ થઈ પડે. Laborare Est orare – મજૂરી એ પૂજા છે, એ વચનને પણ આ શ્લોકના ભાવની સાથે જોડી દેવાય.

Gandhi Heritage Portal

## ૪૬

શનિવાર, તા. ૧૭–૪–૨૬

પરોપકારવૃત્તિથી બુદ્ધિનો ઉપયોગ કર્યો હોય તે યજ્ઞ ન કહેવાય? આ શ્લોકમાં બધાય યજ્ઞથી વરસાદ થાય એમ નથી કહ્યું. યજ્ઞ વિના વરસાદ નથી એમ કહ્યું છે. પણ બધાય યજ્ઞથી વરસાદ થાય એમ નથી, જેમ બધા અન્નથી પ્રાણી પેદા ન થાય.

ભૌતિક વાતની સાથે આધ્યાત્મિક વાતનો શો સંબંધ? જે કાયદા આધ્યાત્મિક વાતમાં લાગુ પડે છે તે કાયદા દૃશ્ય જગતમાં પણ લાગુ પડે છે. દેહના બધા નિયમો આત્માની ઉન્નતિને સારુ છે. દરેક ભૌતિક કાર્યમાં એ જ વસ્તુ પ્રધાન હોવી જાઈએ, જે વસ્તુમાં આત્મદર્શન નથી તેનો ત્યાગ જ કરવો જોઈએ. હા, એક વાત છે. જેમ આપણે મજૂરી સેવાવૃત્તિથી કરીએ તો વરસાદ આવે તેમ બુદ્ધિનો ઉપયોગ સેવાવૃત્તિથી કરીએ તો તેમાં જગતનું કલ્યાણ થાય.

યજ્ઞથી કોઈ વાર વરસાદ નથી થતો તેનું શું? અનેક કારણ-પરંપરામાંથી કાર્ય નીપજે છે. એ બધાં આપણે જોઈ શકતા નથી. યજ્ઞના ઉપરાંત બીજા ઘણા સંજોગો જોઈએ. આટલું કરીએ એટલે આટલું થવું જ જોઈએ એમ માની બેસવાને કશું કારણ નથી, બીજા હજાર સંજોગોએ એમાં ભાગ લીધો હોય એવું બને.

દરેક વસ્તુ ફળ આપ્યા વિના રહેતી જ નથી. લડાઈ પછી જપાનમાં ધરતીકંપ થયો એ શું ઈશ્વરી કોપ હશે? . . . એ જવાબ આપેલો કે માણસ ઘાતકી થાય ત્યારે કુદરત પણ ઘાતકી થાય. પણ એમાં કુદરતને ક્રૂર થવાપણું છે જ નહીં. જ્યાં કેવળ ન્યાય હોય ત્યાં ક્રૂરતા શું કામ માનવી? માણસ અહંતાથી બધું કરે છે. ઈશ્વર થોડો જ અહંતાથી કરે છે? તેના ઉપર ક્રૂરતાનું આરોપણ કરવું એ આપણે ગજે ઈશ્વરને માપવા જેવું છે. જ્ઞાનપૂર્વક નિરીશ્વરવાદ નીકળ્યો તે આ જ દૃષ્ટિથી. ઈશ્વરને આપણા જેવો બનાવી દઈએ તે કેમ ચાલે? બીજી દૃષ્ટિએ તે કર્તા છે, એટલે કે તે ચેતન દેનારો છે. સતત તે જ બધું કરી રહ્યો છે, કાન વિના સાંભળે છે, આંખ વિના જુએ છે. ધરતીકંપ પાપની સજા છે એમ માનવું એ બરોબર નથી. ધરતીકંપ થયો એ સજા છે એમ પણ શા સારુ માનીએ? કોઈ પ્રજા પાપમાં ડૂબેલી હોય તેને ઈશ્વરે બચાવી લેવી હોય તો પાપમાંથી બચાવવા માટે એ ધરતીકંપ મોકલે. મારે વ્યભિચાર કરવો છે—ભયંકર એઠો વ્યભિચાર કરવો છે તેમાંથી બચાવવા ઈશ્વર મને સર્પ કરડાવે, તે શું કોપ કહેવાય? તે તો બચાવવાને માટે કરડે છે. નળ અને કર્કોટકની વાત લો. કર્કોટકે તેને કહેલું કે તને કુરૂપ ના બનાવું તો તારો કળિયુગમાં નાશ થવાનો છે. એવી જ રીતે રાજપાટ એ પુણ્યનું ફળ છે એમ ન માનવું. ઈશ્વરની લીલા અકળ છે. આવી બાબતમાં ભયભીત થઈને રહેવું. આમાં હું ન જાણું એમ કરીને બેસી રહેવું. હા, કાયદા જાણી શકાય, જાણવાનો અધિકાર છે. પણ સમજુ માણસ પોતાના લોભને પરિમિત કરી મૂકે છે, અને આત્મદર્શનની ખાતર જેટલી શોધ કરવાની જરૂર જણાય તેટલી કરે છે; તેની પણ ક્યાંક તો હદ આવવાની છે. શોધકો પણ જીવના મૂળમાં નથી જઈ શક્યા. મારી કલ્પનાની બહાર નથી કે ધરતીકંપ કોઈ વાર બંધ થઈ શકે, જેમ નદીનાં પાણી વાળી શકાય. પણ એ ફેરફારો યત્કિંચિત્ છે. આત્માના કાયદાનો વિચાર કરવા બેસીએ ત્યાં ભૌતિક કાયદા એ કશા હિસાબના નથી, કારણ એ નામરૂપ છે. એમાં લોભ બહુ ન રાખવો એ સારું. ઈશ્વરની સ્તુતિ કરવાને સારુ જાણવાની જરૂર હોય તેટલું જાણીને આપણે જેટલો સામાન લેવો જોઈએ તેટલો લઈને બેસી જવું જોઈએ.

Gandhi Heritage Portal

## ૪૭

રવિવાર, તા. ૧૮–૪–૨૬

यस्त्वात्मरतिरेव स्यादात्मतृप्तश्च मानवः ।
आत्मन्येव च संतुष्टस्तस्य कार्यं न विद्यते ।।

જે માણસ આત્મામાં જ સુખ માને છે, આત્મારામ છે, આત્મતૃપ્ત છે, અને આત્મામાં જ સંતુષ્ટ છે, એવા માણસને કાંઈ કરવાપણું રહેતું નથી.

नैव तस्य कृतेनार्थो नाकृतेनेह कश्चन ।
न चास्य सर्वभूतेषु कश्चिदर्थव्यपाश्रयः ।।

આ માણસને કરવાપણું નથી, ન કરેલું છે એમ નથી, એને માટે તો કર્યાથી કે ન કર્યાથી કશો ફેર નથી. તે એવો ને એવો કોરો ને કોરો છે. પ્રાણીઓને વિશે એને કોઈ પ્રકારનો અર્થ નથી રહેલો.

બંને શ્લોકમાં એક જ વાત કહી છે એમ આપણને લાગે. આપણે પૂરો વિચાર ન કરીએ તો ઉપરના શ્લોકથી તદ્દન વિરુદ્ધ આ શ્લોક લાગે. ઉપરના શ્લોકમાં કહ્યું છે કે प्रवर्तितं चक्रંના ચલાવનાર પાપી અને ઇન્દ્રિયારામ છે. અહીં તો આત્મતૃપ્ત માણસની વાત કરીને કહ્યું કે તેને કશી વાત કરવાની રહેતી નથી. હવે સેવાવૃત્તિથી કામ કરનાર માણસ આત્મતૃપ્ત થાય, તેને કાંઈ કરવા જેવું ન હોય, એ ઊલટા જેવું લાગે. પણ તેમ નથી. એક કીડીને ગોળા ઉપર મૂકી હોય અને ગોળાને ચકરચકર ફેરવ્યા કરીએ તો કીડીને કશું કરવાપણું નથી રહેતું. કીડીને તો આત્મામાં સંતુષ્ટ થઈને બેસી રહેવાનું છે. તે તો કહે છે કે ગોળો ફરે છે, મારે તો અનુસરવાપણું છે. પણ એ ગોળાની અંદર કીડિયારું પૂર્યું હોય ત્યાં જવાપણું હોય તોય તે કહે કે ત્યાં જવું એ પ્રવર્તાયેલા ચક્રની અંદર જવાનું છે, તેમાં મારે કરવાપણું શું? કેદીને કર્તવ્ય શું હોય? તે તો હુકમ ઉઠાવે. આત્મારામ માણસ આત્માનો ગુલામ થઈને બેસે છે. આત્માના હુકમ ઉઠાવે છે. તેથી એ આત્મારત છે, આત્મસંતુષ્ટ છે [પેલો કેદી સત્યાગ્રહી હોય તો તે કહેશે કે હું આ માણસનું સાંભળ્યા કરીને જ એને જીતી લઈશ.] જો તે માણસ આત્માના નાદને જ સાંભળ્યા કરે, તે પ્રવર્તાયેલા ચક્રને અનુસરીને ચાલે, તો તેને કરવાપણું શું રહે? આવું જ વચન ટૉલ્સ્ટૉયે લખેલું છે કે માણસ મૂરખ છે અને કહે છે કે હું આ કરીશ, તે કરીશ, લોકોનાં દુઃખ નિવારીશ વગેરે. પણ તું લોકોની કાંધ ઉપર બેઠો છે તે ઊતરીને બેસ એટલે બસ છે. જેની કાંધ ઉપર ચડીને પેલા બેઠા છે તેને કશું કરવાપણું નથી રહેતું. દરિદ્રની કાંધ ઉપર ચડીને આપણે બેસી ગયા છીએ. એના ઉપરથી ઊતર્યા સિવાય આપણે બીજું કશું કરવાપણું નથી રહેતું, જો આપણે આત્માના નાદને જ અનુસરતા હોઈએ તો. કરવાપણું નથી, કારણ આપણે સહેજે કરીએ છીએ તેનું જ્ઞાન પણ આપણને નથી રહેતું.

આમ ઉપર યજ્ઞ ન કરનારને ઇન્દ્રિયારામ – આળસુનો સરદાર કહ્યો અને બીજો જે હરઘડી કાર્ય કરનાર છે તેને આત્મતૃપ્ત કહ્યો. તે એટલું કાર્ય કરે છે અને સહજભાવે કરે છે કે તેને કશું કરવાપણું નથી રહેતું.

પંડિતજીના સવાલને હું વધારે સમજું છું. ગીતાજીમાં વરસાદની વાત શી? આત્મામાં આત્માની વાત હોય એમ એમનું પૂછવાનું હોય. ગીતા માણસને જીવજંતુ, પશુપંખી અને

Gandhi Heritage Portal

આખરે વરસાદ સુધી લઈ જાય છે અને કહે છે કે જેટલી મજૂરી કરવી જોઈએ તેટલી કરો તો માગ્યા મેહ વરસે, આવો જાડો પાતળો નિયમ કાઢી શકાય.

વરસાદને આપણાં પાપપુણ્યની સાથે પણ સંબંધ છે ખરો? હશે, પણ આપણને ખબર નથી. આપણે મુખ્ય વસ્તુનો અમુક ભાગ જાણીશું તો આખાની ખબર પડી જશે. દૃશ્ય પદાર્થો-માંથી આપણને અદૃશ્યની ખબર પડે છે. દાખલા તરીકે આપણે જેમ ચાલ્યા જ કરીએ તેમ આપણી અંદરના આત્માને પણ ચક્રને અનુસરવું પડે. એમ એક કાર્ય કરવાનું સમજાઈ જાય તો બીજાં પણ સમજાઈ જાય. અને તેને માટે પણ એક નિયમ છે કે આપણે અપવાદરહિત નિયમ શોધવો જોઈએ. દાખલા તરીકે પાણીમાં એક ભાગ ઑક્સિજન અને બે ભાગ હાઇડ્રોજન હોય તો જ તે પાણી કહેવાય. તેને કોઈ અપવાદ ન હોય. કાટખૂણાની નેવુ ડિગ્રી હોય, ઓછીવત્તી ન જ હોય તેમ. એટલે एवं प्रवर्तितं चक्रं જાણી લઈએ—નિરપવાદ નિયમ પ્રમાણે—તો આપણને કશી અડચણ ન આવે. અહીં પ્રથમ ભૌતિક કાયદો બતાવીને આધ્યાત્મિક કાયદો બતાવી દીધો છે.

## ૪૮

મંગળવાર, તા. ૨૦-૪-૨૬

तस्मादसक्तः सततं कार्यं कर्म समाचार ।
असक्तो ह्याचरन्कर्म परमाप्नोति पूरुषः ।।

અસક્ત રહીને કાર્ય કર્યાં કર, કારણ અસક્ત રહેલો પુરુષ કર્મ કરતો શ્રેયને પામે છે, મોક્ષને પામે છે. આ શ્લોકોના બબ્બે અર્થ થાય છે. પણ એક જ્ઞાનીને લાગુ પડે અને બીજો સામાન્ય સાધકને લાગુ પડે એમ નથી. એક જ શ્લોક બન્નેને લાગુ પાડી શકાય એવું છે, જેમ આખી ગીતા અંતરના અને બહારના બંને યુદ્ધને લાગુ પાડી શકાય એમ છે. એટલે અહીં એવો અર્થ થાય કે જે માણસ નિર્મમ, નિરહંકાર થઈ ગયો છે તેને વિશે કહી શકાય કે તેને માટે કર્મ નથી રહ્યાં. તે માણસ તે જ વસ્તુ કરતો છતો નથી કરતો.

कर्मणैव हि संसिद्धिमास्थिता जनकादयः ।
लोकसंग्रहमेवापि संपश्यन्कर्तुमर्हसि ।।

કર્મથી જ જનક ઇત્યાદિએ સિદ્ધિ મેળવી. એટલે લોકસંગ્રહનો વિચાર કરીને પણ તારે કર્મ કરવાં યોગ્ય છે. જનકને નગરી બળવાની ખબર આપી તોયે તેણે કહ્યું કે નગરી બળે છે તોય શું? બંબાનું કામ ચલાવી રહેલો સંચાની પાસે ઊભો ઊભો અથવા પડ્યો પડ્યો હુકમ કરતો હોય તે ત્યાં જ રહે તો જ તે હુકમ કર્યા કરી શકે છે. તેને કહે કે તારી નગરી અથવા તારું ઘર બળે છે, તો શું તે છોડીને દોડી શકે છે? હુંપણું તો તે વેચીને બેઠો છે. પ્રામાણિક-પણું એ સારી નીતિ (Policy) છે એમ માનીને આચરનાર હીરાને કોડીને દામે વટાવે છે. સત્ય આચરનાર ધંધો સારો ચાલે તે માટે સત્ય પાળે, તો તે તેને બંધનનું કારણ થાય, પણ જો તે મોક્ષબુદ્ધિથી સત્ય પાળે તો તે તેને તારક થાય. એવી રીતે કામ કરનાર યોગી છે, કારણ કાર્યમાં કુશળતા એ યોગ છે. જે માણસ સ્વાર્થને અર્થે એ બધું કરે છે તે પથરા જેવો છે, જે પરમાર્થે કરે છે તે જડભરત જેવો છે; જોકે આખરે તેને તો જ્ઞાન છે જ. 'સૂતર આવે તેમ તું રહે' એ વચન એને લાગુ પડે છે. પણ એ માટે એણે સતત કર્મ કર્યાં જ કરવું જોઈએ. 'અન્ય કારણે અન્ય કશું કલ્પે નહીં' એ પોતાનું પોતાપણું જેણે ધોઈ નાખ્યું છે તેને જ લાગુ પડે છે.

Gandhi Heritage Portal

यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः ।
स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते ।।

જે જે આચરણ શ્રેષ્ઠ પુરુષો કરે છે તે ઈતર જન કરે છે. તે જે પ્રમાણે ચાલે છે તે જ પ્રમાણે લોકો ચાલે છે. જે ગજ તે વાપરશે તે જ લોકો વાપરવાના છે. લોકો તો જોયા જ કરવાના કે મોટા કેમ કરે છે. ગાંધી સત્યનું આચરણ કેમ કરે છે? કોઈ શ્રેષ્ઠ પુરુષ વિચારમાં જે પ્રમાણે વર્તે તેનું પણ પરિણામ આવવાનું જ છે. તે માણસ નીતિ (Policy) સમજીને સત્ય બોલે છે તેનું સત્ય લંગડું છે, પણ જેનું સત્ય વિચારમાં છે તે મૂંગો છતાં કાર્ય કરતો જ હશે. એ માણસનો વિચાર સફળ થાય, થાય અને થાય જ. આચાર, વિચાર અને વાણીમાં જે એક હશે તે આદર્શ છે. તેને સૌ અનુસરશે. એ જ કારણસર રેંટિયાની વાત મેં મૂકી છે અને તે વિચાર, વાણી અને વર્તનમાં કરનાર હશે તેને સહુ અનુસરશે. માટીની પૂજા કરનારને ઈશ્વર મળે તો આને કેમ ન મળે?

## ૪૯

બુધવાર, તા. ૨૧–૪–૨૬

આજે રામનવમી છે. બે કલાક રામાયણ વાંચવામાં આવે છે અને પ્રભાતે રામાવતાર વિશે કાંઈક કહેવાય છે. ઉપવાસ, એકટાણું, ફલાહાર થાય છે. એ પ્રમાણે આજે રામનવમી ઊજવવી એ ગીતાના અભ્યાસનો અમલ. મારી પાસે ધર્મસંકટ આવ્યું છે. હું આશ્રમમાં રહ્યો છતાં હું તે વેળા ન હોઉં. મારી પાસે એક ધર્મ આવી પડચો છે. પંડિત મોતીલાલજીએ મને લખ્યું કે અમુક માણસોને બોલાવજો અને તેમની સાથે મસલત કરજો, એટલે મારે આશ્રમમાં રહીને તેમની સાથે મસલત કરવી રહી અને જે વેળા આશ્રમમાં રામાયણનો અભ્યાસ ચાલતો હશે તે વેળા મારે એમના ભોજનની તૈયારી કરવી રહી. આ બધું વિપરીત છે. હું જો આ બધી બાબતમાં ઓતપ્રોત થઈ ગયો હોઉં, તો જેમ પ્રાર્થનામાં ચાર વાગ્યે ગમે તે સંજોગોમાં ભેગો થઈ જાઉં છું, તેમ જો ઉત્સવોમાં ભાગ લેતો હોત તો મોતીલાલજીને કહેત કે રામનવમીને લીધે હું અર્ધો જ દિવસ આપીશ. પણ એવો મારો દૃઢ સ્વભાવ નથી થઈ ગયો, એટલે હું એમ ન કહી શકું. કહું તો કૃત્રિમ લાગે. પણ આશ્રમને મારે આ દિશામાં વધવા દેવો જોઈએ. આપણે સંસ્કારી નથી બન્યા ત્યાં સુધી અર્ધા પશુ અને અર્ધા મનુષ્ય છીએ. પૂરા મનુષ્ય બનીએ તો આપણાં જીવન કેવળ કલ્યાણમય હોય. દરેક વસ્તુમાં હું મોટા તરીકે આદર્શ થઈ જાઉં એમ મન થાય. પણ વિચાર, વાણી અને વર્તન એ ત્રણમાં ન હોય, તો એ ન થાય. તમે તો જેમ ચાલે છે તેમ ચલાવજો. ઉપવાસ કરજો અને રામાયણ વાંચજો. મારું અધૂરાપણું નભાવી લેજો. અને હું મરું ત્યારે આ વસ્તુનું અનુસરણ ન કરજો. હું આજે અક્કડ ન રહ્યો એ મારા સ્વભાવની વિરુદ્ધ છે. પણ હું જેવો છું તેવો જ જણાવાનો મારો ધર્મ રહ્યો, વિનય રહ્યો.

રામજન્મ વિશે વખત લેવા નથી ઈચ્છતો, કેમ કે રજા પૂરી થાય કે તરત જ રામાયણ શરૂ થશે ત્યારે કહીશ.

અત્યારે એટલું જ કહું કે રામનામનો મહિમા આપણે વધારવાને ઈચ્છીએ. ભજન પછી રામધૂન ચાલે છે એ કયા રામ છે? તુલસીવાલ્મીકિના રામ છે કે આજે જેની જન્મતિથિ છે તે રામ છે? એ બધા રામ એક જ છે કે જુદા છે? એ બધા વિચાર ચલાવતાં સમજી શકાશે. કેટલાક ભાગ મારે છોડવા પડશે. મારે મારી ભાવના પ્રમાણે જ કરવું પડશે. આજે તો સૌ

Gandhi Heritage Portal

એવી ભાવનાનું ચિંતન કરે કે રામનામ આપણને તારી શકશે. હજી પણ હું અકળાઉં છું. મારા કામ પરત્વેના લૌકિક વિચાર આવે તો રામનામ જ લઉં છું. સૂવાનો વિચાર કરતો હોઉં, ગીતાના વિચાર આવે, શ્લોકોના અર્થના વિચાર આવે, તે વેળા રામનામ લઈને ઘણી વાર હું મારી ઊંઘ મેળવું છું, કારણ હું સમજું છું કે તે વેળા સૂઈ જવાનું મારું કર્તવ્ય છે. આખા જગતને રામ-નામમય કરવું હોય તો તે 'રા' કે 'મ'માં નથી, પણ તે ઈશ્વરસ્મરણમાં છે. મનમાં અનેક પ્રકારના વિકાર થાય, ક્રોધ થાય તો રામનામ જપવું. રામનામ લઈને આખા હિંદુસ્તાનને ભમાવવાની ઇચ્છા હોય તો તે અધમ વસ્તુ છે. આપણે સારુ રામનામ એ નૌકા છે, અને એ તારવાવાળી છે, એટલે એને સારી જગ્યામાં રાખીએ, સુગંધીથી વીંટળાયેલી રાખીએ. મને કુરાન મળેલું. હાજી હબીબે કહ્યું : મારે ઘેર જ એ રાખી શકાય, બીજે ઘેર ન રખાય, કારણ અમે એને બધા પુસ્તકની ઉપર રાખીએ, પાક હાથે જ અડીએ, તમારાથી એ ન થાય. આમ કરીને માણસ પોતાની પ્રિય વસ્તુને સુવાસિત કરી મૂકે છે. કુરાને શરીફને પાકમાં પાક જગ્યાએ મૂકીને પોતાનું મન નાપાક જગ્યાએ મૂકનારની સાથે અલ્લાહ ખફા થવાનો છે.

એમ રામનામનો અર્થ વ્યાપક લેવાનો છે. જે વસ્તુમાં આપણું મન ઠર્યું છે તેમાંથી જેટલું લેવાય તેટલું લઈ લેવું.

## ૫૦

ગુરુવાર, તા. ૨૨–૪–૨૬

यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः ।
स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते ।।

એ ઉપરથી એટલું સમજવાનું છે કે નાના માણસો મોટાને જોઈને ખરાબ રીતે વર્તે તો વાંક મોટા માણસનો છે.

न मे पार्थास्ति कर्तव्यं त्रिषु लोकेषु किंचन ।
नानवाप्तमवाप्तव्यं वर्त एव च कर्मणि ।।

હે પાર્થ, મારે તો ત્રણે લોકમાં કશું કરવાપણું નથી. મને કશું નથી મળેલું જોઈતું નથી. મારે કશું મેળવવા જેવું પણ નથી. છતાંય હું કર્મ કર્યા કરું છું. જેનું પેટ ભરેલું હોય અથવા જેણે ઉપવાસ કરેલો હોય તે રાંધવા કોને સારુ બેસે? પારકાને સારુ. શ્રીકૃષ્ણને આખું જગત અતિથિરૂપ છે, એ બધાના ઉપર તેની પ્રીતિ છે. (ગરજે, કારણ તેની જ બધી કૃતિ છે!) હું પુરુષોત્તમ ઠર્યો એટલે મારે તો યોગ્ય માપ રાખ્યે છૂટકો. હું તેમ ન કરું તો પ્રલય થાય.

यदि ह्यहं न वर्तेयं जातु कर्मण्यतन्द्रितः ।
मम वर्त्मानुवर्तन्ते मनुष्याः पार्थ सर्वशः ।।

હું જો આળસ મરડયા વિના સંપૂર્ણતાએ કામ ન કરું તો લોકો મારી પાછળ પાછળ ચોમેર વર્તવાના છે. ચોવીસે કલાક મારે એ તંત્ર ચલાવવાનું છે, કારણ હું જગતનો તંત્રી છું, સૂત્રધાર છું. જગતને નચાવ્યા કરું છું, એટલે મારું નામ નટવર પણ છે. એ જગતના તંત્રીને રાતદિવસ સૂવું કે આળસ કરવું પાલવે એમ નથી.

उत्सीदेयुरिमे लोका न कुर्यां कर्म चेदहम् ।
संकरस्य च कर्ता स्यामुपहन्यामिमाः प्रजाः ।।

Gandhi Heritage Portal

જો હું કામ ન કરું તો આ બધા લોકોનો નાશ થઈ જાય. મારે તો આખો દિવસ ધૂણી ધખાવેલી રાખવી જ જોઈએ. ન રાખું તો વર્ણસંકર થઈ જાય અને હું લોકોનો નાશ કરનારો થઈ જાઉં.

ઈશ્વરને રાજી રાખવાને માટે કામ કર્યા કરીએ છીએ તે બંધ થઈ જઈએ તો પ્રજા વંઠી જાય, આળસુ થાય, બેબાકળી થઈ જાય.

सक्ताः कर्मण्यविद्वांसो यथा कुर्वन्ति भारत ।
कुर्याद्विद्वांस्तथासक्तश्चिकीर्षुर्लोकसंग्रहम् ।।

અજ્ઞાની માણસો જેમ કામ કરે છે, તેમ મારે કામ કરવું જોઈએ. પણ તેઓ આસક્તિ સહિત કરે છે. મારે પણ તેમની માફક કોદાળી લઈને કામ કરવું જોઈએ. ડાહ્યા માણસે બીજાઓના જેટલો ઉદ્યોગ તેમ જ પરિશ્રમ ઉઠાવવો જોઈએ, પણ તેણે રાગ અને આસક્તિ છોડીને લોકોના કલ્યાણ માટે કામ કરવું જોઈએ. [તમે આસક્તિ વિના કાંતશો, ગરીબને માટે કાંતશો તો તેમાં તમારું અને તેમનું કલ્યાણ છે.] તેમ કરતાં તું જ્ઞાની અને કર્મી છતાં અકર્મી છે. એકાદશીનું વ્રત રાખનાર રાંધે તેથી તેને કાંઈ પાપ થોડું લાગે? તે તો અનાસક્ત થઈને બાળકો અને અતિથિ માટે રાંધે છે.

## ૫૧

શુક્રવાર, તા. ૨૩-૪-૨૬

રોજ ખેતી ખેડવાનો અને ગીતા વાંચવાનો વિનોબાનો દાખલો લઈને ગઈ કાલનો શ્લોક ફરી સમજાવ્યો.

न बुद्धिभेदं जनयेदज्ञानां कर्मसङ्गिनाम् ।
जोषयेत्सर्वकर्माणि विद्वान्युक्तः समाचरन् ।।

વિદ્વાને અજ્ઞાની અને કર્મમાં પરોવાયેલા લોકોમાં બુદ્ધિભેદ ન કરવો જોઈએ, કે આપણને ચાલી રહેલું છે એટલે એમને પણ ચલાવી લેવાનું કહો. ઉપર કહ્યું કે સમાજને માટે કામ ન કરું તો વર્ણસંકર પ્રજા પેદા થવાની છે. તે વાત અહીં બીજા શબ્દોમાં કહી. અર્જુન કંઈ ભારે ફેરફાર કરી નાખે તો લોકો સમજવાના નથી, અને કાંઈ ઊંધું જ કરી બેસે. એણે તો લાખો માણસને યુદ્ધની તૈયારી કરીને આવવાનું કહ્યું હતું. હવે તે તેમનો બુદ્ધિભેદ કેમ કરી શકે? માટે તેણે યુક્ત અને અનાસક્ત રહીને પોતાનું કામ કર્યે જઈ બીજાઓને તેવું કામ કરવાને માટે પ્રેરવા.

प्रकृतेः क्रियमाणानि गुणैः कर्माणि सर्वशः ।
अहंकारविमूढात्मा कर्ताहमिति मन्यते ।।

પ્રકૃતિ – સ્વભાવ – સત્ત્વ, રજસ્ અને તમસ્‌થી થયેલાં કાર્યોને વિશે મૂઢ માણસ અહંકાર કરીને માને છે કે આ તો હું કરું છું. (આંખ મટમટાવનાર માને કે હું આંખને હલાવું છું તો તે મૂરખ અથવા રોગી છે. તે આંખને હલાવતો નથી, પણ બગાડે છે.) પણ જે માણસ સાક્ષી રહીને કર્મ કરશે તેનાં કાર્ય શોભી નીકળવાનાં છે. આવડત વિનાના પણ અહંકાર વિનાના માણસનું કર્મ અહંકારી માણસના કર્મ કરતાં વધારે દીપશે. રાજાનું તંત્ર અને પ્રધાનનો દાખલો. પ્રધાન તંત્રને વશ રહીને બધું કરે છે. તેમ જ આપણે આ જગતને વિશે યાત્રાળુ છીએ અને જગતના નિયમોને અનુસરીએ છીએ. પ્રકૃતિ પ્રમાણે કામ કરીએ, તેને વિશે અહંકાર કરીએ, તો

Gandhi Heritage Portal

અજ્ઞાનોના મનમાં બુદ્ધિભેદ થાય. આપણે સૌ ચિઠ્ઠીના ચાકર છીએ, એમ સમજી જવું જોઈએ, સ્વેચ્છાએ ગુલામ બનવું જોઈએ. મીરાંએ કાચે તાંતણે ગાયું તેનું કારણ એ કે તે પ્રકૃતિને વશ વર્તતી હતી. મીરાંએ કાચે તાંતણે શબ્દ વાપર્યો તેનું કારણ એ કે તેને કાંઈ વચમાં પડવાનું જ ન હતું, એ એટલી બધી ભગવાનને વશ વર્તનારી હતી. દેહને ભાડું આપવાની વૃત્તિથી ખાશે, તે રસથી નથી ખાવાનો. આ કાયદા મુજબ વર્તનાર માણસ પોતે મટી જઈ બધું કૃષ્ણાર્પણ કરીને કાર્ય કરવાના છે.

## ૫૨

શનિવાર, તા. ૨૪-૪-૨૬

આજનો શ્લોક અટપટો છે, કારણ એનો અર્થ ખૂબ થયેલો છે. આગલોપાછલો સંબંધ વિચાર્યા વિના એનો અર્થ કરવામાં આવે છે. રાજકોટમાં એક ભારે સ્વેચ્છાચારી માણસ હતો. તે પોતાનો સ્વચ્છંદ આ શ્લોકનું પ્રમાણ લઈને પોષી રહ્યો હતો. એ શાસ્ત્રી હતો અને પ્રસંગોપાત્ત શ્લોકો વગેરે બોલી શકતો, એટલે સમાજમાં એને સારું સ્થાન અપાતું. તે કહેતો કે પ્રકૃતિ ચાળા કરે તેથી હું કેમ દૂષિત થાઉં? મને તો પાપપુણ્ય છે જ નહીં.

तत्त्ववित्तु महाबाहो गुणकर्मविभागयोः ।
गुणा गुणेषु वर्तन्त इति मत्वा न सज्जते ।।

ગુણ અને તેના વિભાગ, કર્મ અને તેના વિભાગો—ગુણોના બધા પર્યાય કરે અને કર્મના પર્યાય કરીને તેના વિભાગ કરીને જે તાત્ત્વિક નિર્ણય કરે છે, તે ગુણો ગુણો વિશે વર્તી રહ્યા છે, એમ માનીને તેની અંદર મચ્યો નથી રહેતો. મેં જે પાખંડીની વાત કરી, તે કહેતો કે પ્રકૃતિ ઈશ્વરની માયા છે, તે શું કરે છે તેથી મને શું લાગેવળગે? પણ આગલા શ્લોકમાં પ્રકૃતિનો જે અર્થ છે તે સમજે તો તેને કાંઈ કરવાપણું ન રહે. જે માણસે દરેક કાર્યને વિશેથી મોહ ખેંચી લીધો છે, તે જ માણસ કહી શકે કે મને શું લાગેવળગે? જેમ જનક રાજાએ કહ્યું હતું. બાકી જે માણસ મોહ અને પ્રમાદથી ભરેલો છે તે આનો ઉપયોગ નથી કરી શકતો. આ શ્લોકમાં તો એમ છે કે આ જગતના ભારે કારભારમાં—ભારે સાંચાકામમાં (જ્યાં માથું જ ફરે) ત્યાં મારું તે ગજું શું? હું તે ક્યાં? એ સંચાના એકે ભાગને અડવાની પણ હિંમત ન ચાલે, તેમ આ જગતની ઘટમાળ શું ચાલી રહી છે તેનો તાત્ત્વિક નિર્ણય કરશે તે જોશે કે દરેક ગુણ પોતપોતાનું કાર્ય કર્યાં જ કરે છે. રેંટિયાનો નાનો દાખલો લઈએ. તેમાં ત્રાકને અહંકાર થયો એમ માનો. તેનું સ્થાન તો નાનકડું છે. તેને પોતાની ગતિ નથી. પણ તે પોતાની ગતિ માને અથવા માળને ગતિ આપનાર માને તોપણ તેના તો બાર વાગ્યા. તે ઠરડાઈને ચાલવા ઇચ્છે તો તેમાંથી નોખો જ રાગ નીકળવાનો છે. એકસરખી ગતિને બદલે તેમાંથી નવી જ ભાત નીકળશે, એમ તેને લાગશે. પછી થોડી વારમાં તેનો નાશ થશે. મરતી વખતે તેને કદાચ ભાન આવે તો તેને લાગશે કે આ બધું શું થયું? મારા અહંકારથી ચેતન પણ નષ્ટ થયું. હવે એમ માનીએ કે ત્રાકને એવો અહંકાર ન હોય. એ એમ વિચાર કરે કે આ ગતિ મારી નથી. જે સૂતર નીકળે છે તે કાઢવામાં મારો હાથ નથી. માળ માળનું કામ કરે છે. પૈડું પૈડાનું કામ કરે છે. અને તે ઉચ્ચારે કે गुणा गुणेषु वर्तन्ते, અને કહે મારે એમાં લેવાદેવા શું? મારે તો ગુલામડીની જેમ કામ કરવું જોઈએ. નહીં તો મારા અને સગાંસાંઈના બાર વાગી જાય, તો તે નિરહંકાર થાય, તેને મોહ કરવાનું કારણ ન રહે, તો તે ત્રાકને વિશે કહીએ કે એ

Gandhi Heritage Portal

જ્ઞાની થઈ ગઈ. એમ જ માણસને વિશે. તે સ્વેચ્છાચારી થઈને નથી કહી શકતો કે ગુણો ગુણોનું કામ કરી રહ્યા છે. ખોટી સરખામણીમાં પડીએ તો પછડાઈએ. પશુ કેમ કરે છે કહીને આપણે કહીએ કે પશુની માફક આપણે પણ વર્તીએ, તો આપણે પશુ બનીએ. માણસે તો એમ જોવાનું છે કે હું મનુષ્ય છું. મારી અને પશુની વચ્ચે અમુક હદ સુધી સામ્ય છે – સૂવું, ખાવું, બેસવું, વિષય કરવો, ઇત્યાદિ. પણ જે માણસ વિચારી લે કે મારે પશુની જેમ ખાવા સૂવાની આવશ્યકતા નથી, કૂતરાની જેમ રોટલીના ટુકડા માટે લડવાની જરૂર નથી, તે તાત્ત્વિક નિર્ણય કરીને સાક્ષી થઈને જ વર્તવાનો છે. પશુવાસનાનો ક્ષય નથી થયો, છતાં મનુષ્યનો કાયદો સમજતો થઈ જાય તો તેને ઊંઘ, આહાર અને વિષયો વિના ચલાવી લેવું પડશે એમ તે સમજશે. પશુના કાયદા મને ન લાગે એમ તે જાણશે. પ્રકૃતિના કાયદા જોઈને જ તે કહેશે કે મનુષ્યના કાયદા તો આ છે. શરીરના સંચામાં મારો એટલો જ અધિકાર છે કે મારે એમાં અલિપ્ત રહેવું. એટલે હાથ મેલાને અડશે નહીં, આંખ મલિનને જોશે નહીં, તે માણસ શરીરના બંધનમાંથી મુક્ત થશે. તે માણસ ગાઈ શકશે કે गुणा गुणेषु वर्तन्ते; આંખ જુએ છે, કાન સાંભળે છે ઇત્યાદિ. તે તો પેલી ત્રાક પ્રમાણે જડવત્ વર્તશે. શરીર તો તેનું જડવત્ હશે. જો લાકડું વ્યભિચાર કરે તો શરીર કરે. શરીરનો મડદાનો સ્વભાવ છે, તે તો લાકડાની જેમ નિર્દોષ થઈને રહે છે. ઇન્દ્રિયો મેલા કામ માટે ચાલવાની નથી, જ્યાં સુધી તેને ચલાવનારો મલિન કર્મ કરવા નથી ઇચ્છતો. જેણે મનુષ્યનો કાયદો શોધ્યો છે, તે માણસ ગુણોનું પૃથક્કરણ કરી – બીબાંને વ્યવસ્થાપૂર્વક ગોઠવીને છાપનાર છાપે છે તેમ – વર્તશે. જે બીબાં ઘસાઈ ગયાં હોય તેને ગાળી નાખીને નવાં કરવાં પડે અને પાછાં ગોઠવવાં પડે, તેમ 'ગુણા ગુણેષુ' વાળો માણસ તો જડવત્ થઈને, નકરો થઈને બેસી જાય.

## ૫૩

રવિવાર, તા. ૨૫–૪–૨૬

ઇન્દ્રિયો સોળ હજાર નહીં, પણ અસંખ્ય છે. તેના નચાવ્યા ન નાચવાને બદલે આપણે તેઓને નચાવીએ તો સૂત્રધાર થઈએ. પહેલા અધ્યાયમાં આસુરી વૃત્તિવાળો દુર્યોધન પણ કહે છે કે તમે પોતપોતાને સ્થાને રહ્યા રહ્યા ભીષ્મપિતામહને સાચવજો. તેમ જ આપણામાં જે સૂત્રધાર બેઠો છે તેને સાચવે, તેના ચાલ્યા ચાલે, તો તે ડોલે નહીં.

प्रकृतेर्गुणसंमूढाः सज्जन्ते गुणकर्मसु ।
तान् अकृत्स्नविदो मन्दान्कृत्स्नविन्न विचालयेत् ।।

આ જગતની માયા છે – ચક્ર છે. તેથી કરીને જે મોહ પામેલા છે તે ગુણ કર્મની અંદર રચ્યાપચ્યા રહે છે. જેઓ પ્રકૃતિના ગુણથી મોહિત છે તેમને અનેક ઇચ્છાઓ થાય છે, શોક-મોહ થાય છે. ન જાણનારા માણસને જાણનારા માણસે ચલાયમાન ન કરવો. તેને એક ઠેકાણેથી ઉપાડીને બીજે ઠેકાણે ન મૂકવો. દાખલા તરીકે તું યુદ્ધમાં બેઠેલો છે. બધા આમાં ગોઠવાયેલા છે. હવે તને અચાનક કાંઈક જ્ઞાન આવેલું છે, તેથી તું બીજાને સ્થાનભ્રષ્ટ કરીશ મા. મને કાંઈ ભારે જ્ઞાન આવી જાય તોયે હું બધામાં ઝપાટાબંધ ફેરફાર નથી કરી શકતો. પોતપોતાના કાર્યમાં પડેલાને ઝપાટાબંધ ફેરવી દેવા એ મૂરખ માણસનું કામ છે. એનો અર્થ એવો નથી કે જ્યાં તંત્ર પોતે જ અવ્યવસ્થિત હોય ત્યાં તેને વ્યવસ્થિત ન કરવું. એવો અર્થ કરીએ તો મહા અનર્થ થાય.

Gandhi Heritage Portal

## ૫૪

મંગળવાર, તા. ૨૭–૪–૨૬

मयि सर्वाणि कर्माणि संन्यस्याध्यात्मचेतसा ।
निराशीर्निर्ममो भूत्वा युध्यस्व विगतज्वरः ।।

આટલું બધું કહીને – કર્મ શું છે, શાને સારુ કરવું જોઈએ, એ બધું કહીને – કહે છે કે બધાં કર્મોનો મારે વિશે સંન્યાસ કરીને અને તારું મન સાફ કરીને, આત્માની અંદર જ પરોવીને, નિરાશી થઈને, તેને વિશે કશી સ્પૃહા રાખ્યા વિના, (પછીનું રાજપાટ લેજે અને સુખ માનજે એમ હું કહેતો જ નથી) એમાં પરિણામ મળો યા ન મળો તોપણ એને કર્તવ્ય સમજીને કરજે. [ચાર વાગ્યે ઊઠવાનાં સારાં ફળનો વિચાર કર્યા વિના પણ કર્તવ્ય સમજીને ઊઠવું જ] નિર્મમ – કર્મ કે કર્મનું ફળ મારું નથી એમ સમજીને, જડ જેવા થઈને, રેંટિયાની ત્રાક જડ છે તેમ, દીવાની દિવેટ જડ થઈને બળે છે, તેવી રીતે જડ થઈને – કામ કર. દીવાને માટેના બધા સંજોગો હું ઉત્પન્ન ન કરું તો વાટ શી રીતે બળે? વાટ તો કાલામાં હતી. તેને શી ખબર પડે કે હું વાટ થવાની હતી? તેને વળ ચડયો, વણાઈ અને વાટ થઈ. અર્જુન વાટરૂપે થઈ જાય, શરીરનો નહીં, આત્માનો વિચાર કરે, તો નિર્મમ, નિરાશી થયા વિના ન ચાલે. સારાનરસામાંથી સારું પસંદ કરી કરીને પછી બંનેને છોડવાથી દ્વંદ્વાતીત થવાય. શરીર આપણી પાસે છે ત્યાં સુધી શરીર છે, એ પ્રમાણે વર્તીએ. ન વર્તીએ તો આપણી અધોગતિ થવાની છે. એટલે આશા સારામાં સારી વસ્તુને માટે રાખવી જ પડશે. મોક્ષેચ્છાનું પણ તેમ જ. માણસ પાણીમય થઈ જાય, પછી પાણીમાં પડવાની ઇચ્છા હોય જ નહીં. પાણીમાં આપણે ઓગળી જતા હોઈએ તો તો પાણીમાં જવાપણું પણ હોય જ નહીં. અત્યારે તો અર્જુનને માટે આદર્શ એ નથી કે એને ઇચ્છા કે આશા નથી. કાલ્પનિક ક્ષેત્રમાં તો સાવ નિરાશા હોવી જોઈએ, બાકી આપણી વર્તમાન સ્થિતિ તો આશાવાનની છે. આપણને અચૂક મોક્ષ મળવાનો જ છે એવી દૃઢતા એ આપણી નિરાશા. નિરાશાનો આધ્યાત્મિક અને શારીરિક અર્થ કરવાનો છે, વ્યાવહારિક અને પારમાર્થિક અર્થ કરવાનો છે. આધ્યાત્મિક અને પારમાર્થિક અર્થમાં આશા રહે જ નહીં. જેને ખોટું કરવાપણું નથી રહ્યું તેને સારુંખોટું ક્યાં રહ્યું? નઠારું સર્વથા નાશ થયા પછી સારું કરવાની શક્તિ આવે છે, એમ ન કહેવાય. એ શક્તિ માત્ર કલ્પનામાં રહેલી છે. તલવાર વાપરવાપણું જ ન રહે ત્યાં અહિંસા શી? આ તો શાસ્ત્રની વાત છે. આ કાવ્ય નથી, પણ આત્માને લગતો એક સિદ્ધાંત મૂકી દીધો છે. આવો થઈને એટલે વિગતજ્વર થઈને લડ. આ રીતની જડતા કેળવવાને માટે મહાભારતમાં સ્થળેસ્થળે વાત છે. લોખંડનો ભીમ ધૃતરાષ્ટ્ર પાસે મૂકો એમ કહ્યું તેનું કારણ શું? બધાને કૃષ્ણનાં હથિયાર બનાવ્યાં, કૃષ્ણે લોખંડનો ભીમ મૂકી દીધો તેનો શો અર્થ? વિગતજ્વર એટલે કશીય ધાલાવેલી રાખ્યા વિના યુદ્ધ કર. મને ખીજ ચડે ત્યારે જ હું સાપને, ચાંચડને, માંકડને મારું.

'યુધ્યસ્વ'નો વિચાર કાલે વધારે કરીશું.

## ૫૫

બુધવાર, તા. ૨૮–૪–૨૬

વિગતજ્વર થઈને યુદ્ધ કર એમ અર્જુનને કહ્યું. યુદ્ધ કર એટલે તું જેને કર્તવ્ય માને છે તે કર. દરેક વખતે શું કરવું જોઈએ એન ખબર પડતી હોય, બધાય માણસને હમેશાં ખબર

Gandhi Heritage Portal

જ પડી જતી હોય કે આ કર્તવ્ય છે, તો બધાનું એક જ કર્તવ્ય છે, એમ જણાય. પણ એમ હોતું નથી. તેને બદલે તો કર્તવ્યની શોધ કરવી પડે છે. કેટલાંયે સાધન લેવાં પડે છે અને પરિણામે કર્તવ્ય જડે; એટલે જ કહે છે કે વિગતજ્વર થઈને કર્તવ્ય કર. માણસની તાવલી–ધાલાવેલી જાય તો જ તે કર્તવ્ય કરી શકે. જે માણસની વાચા બંધ પડી ગઈ હોય તેની ભાષા ચાતરી ગયેલા પ્રમાણે લાગશે. હકીકત તો એ છે કે આપણે બધા ચાતરી ગયેલા છીએ. એક ઇટેલિયને બધાંને ગાંડા વર્ણવ્યા છે. જો ગાંડા ન હોઈએ તો અનેક બકવાદો ન કરતા હોઈએ. એમાં પણ આપણે પસંદગી કરેલી હોય છે કે શું બોલવું અને શું ન બોલવું. એટલે જ્યારે હમેશાં પસંદગી કરવાની હોય છે, ત્યારે જ્વર છોડીને એટલે રાગદ્વેષાદિ છોડીને તું કર્તવ્ય કર. જે મા પોતાના અને પારકા બાળક વચ્ચે ભેદ ભૂલી ગઈ હોય તેના નિર્ણય વિશે કશો ડર ન હોય. રાગદ્વેષનો અભાવ એ કર્તવ્ય જાણવાનું પહેલું પગથિયું છે. એ વિચારસરણીની ટોચે જતાં આપણે જોઈએ કે રાગદ્વેષાદિ વિનાનો માણસ એ અહિંસક. દાખલા તરીકે હરિશ્ચંદ્રે તારામતીના ગળા ઉપર મંગળમાળ જોઈ, ઓળખી. પોતાની પ્રિયમાં પ્રિય વસ્તુ જેને તે પૂજતો તેનું ગળું ધડથી નોખું કરવાનું આવ્યું. એમાં અહિંસા ક્યાં છે એમ પૂછશો. હિંસા એ ધડથી માથું જુદું પાડવામાં નથી રહેલી, પણ હિંસા મારનારના મનમાં રહેલી છે. જો હરિશ્ચંદ્રના મનમાં એમ હોય કે આના કરતાં હું મરી જાઉં તો કેવું સારું–ધારો કે એવો બાદશાહનો હુકમ હોય કે ચંડાળનો હાથ મારવા ન ઊપડે તો તે પોતાને મારી નાખી શકે છે, તો હરિશ્ચંદ્રે પોતાના ગળા ઉપર છરી પહેલી મૂકી હોત. પણ હરિશ્ચંદ્ર પાસે એવી કોઈ પસંદગી નહોતી. તેણે તો છરી મૂકી જ દીધી હતી અને પછી દેવતાઓ વચમાં આવ્યા.

બીજો દાખલો. એક દાક્તરને છરી મૂકવી છે. મારા ઉપર જે દાક્તરે ઑપરેશન કરેલું તે તો દયાથી ભરેલો હતો. અથવા ન હોય તોયે તેને કાંઈ હિંસા નહોતી કરવી અથવા તેને કોઈનો પગ કાપી નાખવો પડે તો તેમાં તેનો હેતુ મજા માણવાનો નહોતો; પણ દરદીનું કલ્યાણ કરવાનો હતો. તેમાં તે પોતે જ નહીં, પણ સામો માણસ પણ કલ્યાણ માનતો હતો. આમ આવાં ઑપરેશનોમાં છરી, ભાલું બધું હોય છે છતાં ત્યાં હિંસા નથી હોતી.

ત્રીજો દાખલો. એક માણસનું ગળું કપાઈને અડધું લબડી રહેલું છે. તે જતા આવતાને ચેષ્ટા કરીને કહે છે કે ભાઈ, મારો પ્રાણ કાઢી નાખો તો હું દુ:ખમાંથી બચીશ. હવે ઘણા માણસ ઉદાસીનતાથી ચાલ્યા જાય છે. પણ એક ઊભો છે તે તેને જુએ છે, તેનું દુ:ખ જુએ છે અને વિચારે છે કે આને મર્યે જ છૂટકો છે. તો તેને દુ:ખમાંથી છોડવવાને તે જરૂર તેના ગળા ઉપર છરી મૂકી શકે છે. આ પણ અહિંસા છે. આ વસ્તુ અહિંસા છે, કારણ એણે જ્વરરહિત થઈને એ વસ્તુ કરેલી છે.

આપણે હિંદુસ્તાનમાં અનેકને આવી દલીલ કરીને મારવા કાપવાની વાત કરતા જોઈએ છીએ, એમાં મિથ્યાવાદ છે. સર્પને મારનાર પણ બીકણ છે. પોતાને મારવાની ઇચ્છા નથી. સર્પને મારવામાં સર્પથી બચવાપણું છે. તેને મારવામાં કદાચ ક્ષંતવ્ય હિંસા હોય, પણ હિંસા તો છે જ. જગત જેને દુષ્ટમાં દુષ્ટ માણસ ગણે તેને મારો તેમાં પણ હિંસા (ભલે ક્ષંતવ્ય) છે જ, કારણ જગત તેને મારીને સુખ પામવાનું નથી. જગત તેનું કલ્યાણ નથી કલ્પતું. એક માણસ પ્રલય કરવા બેઠો હોય તેને હાથે જગત મરે ને પેલા માણસને જીવતો રહેવા દે, તો સંભવ છે કે પેલો માણસ પોતાની હિંસાથી ત્રાસીને મરી જાય અને પછી જગત ઉપર અહિંસાનું નામ ન રહે.

Gandhi Heritage Portal

એટલે વિગતજ્વરનો અર્થ રાગદ્વેષાદિરહિત અથવા વિગત. હિંસા પણ કરી શકાય. માણસ પોતાને છેતરીને હિંસાને અહિંસાને નામે કરવા બેસે તો તેનો મોક્ષ ન થાય. માણસ હિંસાને હિંસા સમજીને કરતો હોય તો તેને માટે મોક્ષ કોઈ વાર પણ છે, પણ પેલા પાખંડીને માટે તો મોક્ષ નથી.

એટલે કહ્યું કે मयि सर्वाणि कर्माणि संन्यस्य આમ અનેક કેદો (શરતો) મૂકી દઈને યુદ્ધ કરવાનું કહ્યું.

ये मे मतमिदं नित्यमनुतिष्ठन्ति मानवाः ।
श्रद्धावन्तोऽनसूयन्तो मुच्यन्ते तेऽपि कर्मभिः ।।

આ મારા અભિપ્રાયને હમેશાં જે અનુસરે છે તે શ્રદ્ધાવન્ત અને રાગદ્વેષાદિથી રહિત થઈ કામ કરતાં છતાં પણ કર્મમાંથી મુક્ત થાય છે. કર્તવ્ય કર્મ કરવું એટલે યુદ્ધ કરવું. કર્મ માત્રમાં જ્યાં પસંદગી રહેલી છે ત્યાં યુદ્ધ કરવાનું રહેલું છે. આ દ્વંદ્વમાં પડ્યો છતાં તું દ્વંદ્વાતીત કહેવાઈશ, જો તું બધું કૃષ્ણાર્પણ કરશે, રાગદ્વેષરહિત થઈને કરશે, શ્રદ્ધાથી ભગવાનને દાન દઈ દેશે. ભગવાન ઉપર બધું ઢોળી દેશે તો તને પાપપુણ્ય નહીં નડે. ભગવાન માની માફક વીલે મોઢે વામનનું સ્વરૂપ લઈને આપણી પાસે આવે છે અને માગે છે કે મને બધું સોંપી દો. રાગદ્વેષ બધું છોડીને કોઈનો પક્ષપાત કર્યા વિના જે માણસ મારા મતને અનુસરે છે તે કર્મ માત્રમાંથી મુક્ત થાય છે.

## ૫૬

ગુરુવાર, તા. ૨૯–૪–૨૬

ये त्वेतदभ्यसूयन्तो नानुतिष्ठन्ति मे मतम् ।
सर्वज्ञानविमूढांस्तान्विद्धि नष्टानचेतसः ।।

કર્તવ્ય કર્મ ન કરનારા, દોષવાળા, પાપી, ચક્રને ન અનુસરનારા, બિલકુલ મૂઢ જેવા છે, નાશ પામેલા છે, હૃદય વિનાના છે.

सदृशं चेष्टते स्वस्याः प्रकृतेर्ज्ञानवानपि ।
प्रकृतिं यान्ति भूतानि निग्रहः किं करिष्यति ।।

જ્ઞાની માણસ છે એ પણ પોતાની પ્રકૃતિને, સ્વભાવને અનુકૂળ થઈને વર્તે છે; અને ભૂતમાત્ર સ્વભાવને અનુસરનારા છે ત્યાં માણસ નિગ્રહ કરે તે શા કામનો? આમાંથી એવો અર્થ કરવામાં આવે છે કે માણસ દુષ્ટ હોય તે સુધરે જ શાનો? આનો પાઠ પણ . . . આપી રહેલી છે, એ છોકરીને આધી પડેલી છે તે કેમ સુધરી શકે એમ કહી શકાય? સ્વભાવ તો મનુષ્ય માત્રનો ઈશ્વરને ઓળખવાનો છે. પશુનો સ્વભાવ ખાવું, પીવું, સૂવું વગેરે છે. તેનો સ્વભાવ સવારમાં રામધ્યાન કરવાનો નથી, પણ મનુષ્યજાતિનો સ્વભાવ બીજો હોવો જોઈએ. સદાચાર —શ્રેષ્ઠ સદાચાર છોડીશ નહીં એમ રામદાસ સ્વામીએ[૧] કહ્યું છે. પણ અહીં તો જુદું જ કહ્યું: प्रकृतिं यान्ति भूतानि. જે માણસ પશુના જેવો છે તેને બીજો માણસ સુધારવાનો પ્રયત્ન કર્યા જ કરે તે ક્યાં સુધી ચાલે? તેના ઉપર દાબ મૂક્યા જ કરીએ એ ક્યાં સુધી ચાલે? માણસ કેવળ પશુ થઈને વર્તશે તેને શું કરીશું? આ છોકરીને હું બે પાવડી મારી શકવાનો હતો?

૧. સત્તરમા સૈકામાં થઈ ગયેલા મહારાષ્ટ્રના એક ધર્મસુધારક.



Gandhi Heritage Portal

એથી તો એ વધારે હઠીલી થવાની છે. પણ કોક દિવસ એનામાં રામ વસે તો એ પ્રસંગ યાદ કરીને સુધરે. મનુષ્યપ્રયત્ન ન કરવાની અહીં વાત નથી. તેણે તો સુધરવાનો પ્રયત્ન કરવો જ જોઈએ. પણ ત્રીજો માણસ કહે કે આ પશુ મટતો જ નથી, તો ઝઘડો થયા જ કરે છે. દાખલા તરીકે શિક્ષક અને બાળક. કોઈ બાળક કહે કે હું જ્યારે ભૂલ કરું ત્યારે મને મારવો અથવા મારો કાન ઝાલવો, તો શિક્ષક જરૂર વચન આપ્યા પ્રમાણે એનો કાન ઝાલે.

કાલે અહિંસાના ત્રણ દાખલા લીધા હતા. તેમાંના એક પ્રકારની આ અહિંસા છે. એવાં બાળકને માટે પોતાનો અને પારકાનો નિગ્રહ છે. આપણા પોતાના મનની અંદર અનેક વિકારો થતા હોય, પણ તેને આપણે ઇચ્છતા નથી, જેમ આપણને રોગ થાય તે આપણે ઇચ્છતા નથી. આપણો સ્વભાવ તો સારા થવાનો છે. ત્યાં વૈદ્ય દરદીને માટે જોઈએ તેટલો નિગ્રહ કરે અને દરદી તેનો ઉપકાર માને. પણ જ્યાં મનુષ્ય પોતે જ સુધરવા માગતો નથી ત્યાં રાજા તેને દંડ દઈને શું કરે? જે માણસ મનુષ્ય મટીને પશુ થયેલો હોય તે માણસમાં રામ ભલે વસતો હોય, છતાં તે માણસને બીજો ન સુધારી શકે. પણ માણસ પોતાની આશા તો ન જ છોડે. પણ જગતમાં જે માણસનો સ્વભાવ દુષ્ટ થવાનો થઈ ગયો છે, તેને નિગ્રહ શું કરવાનો હતો? તેને મર્યે જ છૂટકો. રાવણ મંદોદરીને કહે છે ને કે મારે રામની સાથે વેર છે, મારે મરવું જ છે? એટલે તે પોતાના પાપે જ મરી ગયો.

નિગ્રહ એટલે પ્રયત્ન અથવા દાબ. મિત્ર, સ્ત્રી, બહેન, શિષ્ય, સુધરવા માગે ત્યાં સુધી નિગ્રહ કર્યાં કરીએ. જ્યારે તે પ્રતિકૂળ થાય ત્યારે નિગ્રહ શું કરે? નાગા માણસને બાદશાહ પણ શું કરે? નાગા માણસને વિશે બીજાનો પ્રયત્ન મિથ્યા છે.

જેના મનની અંદર પ્રેમ રહેલો છે તેને વિશે જ સત્યાગ્રહ કરી શકીએ છીએ. જ્યાં પ્રેમ રહેલો છે ત્યાં જ દાબ રહી શકે, પણ એ ન હોય ત્યાં અસહકાર જ હોય. તુલસીદાસે દુષ્ટની સાથે અસહકાર કરવાની વાત કરી છે.

## ૫૭

શુક્રવાર, તા. ૩૦–૪–૨૬

प्रकृतिं यान्ति भूतानि ચાલુ

મનુષ્યે પોતાના અભિમાનથી માન્યું કે હું બીજાને કેદ કરીશ અને મારીને વશ કરીશ. પણ ચોરી, ખૂન નથી મટયાં એ આપણે જોઈએ છીએ. ત્યારે માણસ શું કરે? તે પોતાનું ફોડી લે. આ શ્લોકનો અર્થ એવો તો નથી જ નીકળી શકતો કે માણસ પોતે પણ નિગ્રહ ન કરે, કારણ तानि सर्वाणि संयम्य युक्त आसीत मत्परः એ તો આપણે જોયું જ છે. ઇંદ્રિયો માણસનું મંથન કરી નાખે છે, વલોવી નાખે છે એટલી એ બળવાન છે. તેનો સંયમ કરીને — ઇંદ્રિયો ઉપર ગુસ્સો કરીને લાકડીએ લાકડીએ એને મારીને, ઘોડાની જેમ એને લગામમાં રાખીને — એ ચાબુકમાં કશી જ હિંસા નથી — જે માણસ મારામાં ધ્યાન ધરીને બેસી પોતાની ઇંદ્રિયો વશ રાખે તે સમાધિસ્થ છે. વળી આગળ કહે છે કે तस्माद्यस्य महाबाहो निगृहीतानि सर्वशः ।

નિગ્રહ એટલે બહારના માણસનો બળાત્કાર. જો અર્જુનને ઉદ્દેશીને હોય તો એનો અર્થ એ થાય કે 'તું તારા લશ્કરને નિગ્રહમાં રાખી શકશે એમ માનતો હોય તો લશ્કર તારું માનવાનું નથી, કારણ એનું મન તારી સાથે નથી, એનું મન તો લડાઈમાં જ રહેલું છે. તું લડાઈમાંથી ભાગીને એ લશ્કરને વર્ણસંકર અને સદોષ બનાવી મૂકશે.

Gandhi Heritage Portal

इन्द्रियस्येन्द्रियस्यार्थे रागद्वेषौ व्यवस्थितौ ।
तयोर्न वशमागच्छेत्तौ ह्यस्य परिपन्थिनौ ।।

રાગદ્વેષનું જોડકું સાથે જ ચાલે છે. ઇન્દ્રિયોના અર્થોને વિશે ઇન્દ્રિયોને રાગદ્વેષ પડેલાં છે જ. તેને વશ ન થવું જોઈએ, કારણ એ જ આ પુરુષના ચોર છે. એ આપણી પૂંઠે જ્યાં જઈએ ત્યાં લાગેલા છે અને આપણી બધી કમાણી લૂંટી જાય છે. આમ પુરુષના પ્રયત્નને પૂરેપૂરો અવકાશ છે, એટલું જ નથી, પણ એ એનો ધર્મ છે. એટલો પ્રયત્ન કરીને આગલો શ્લોક આની સાથે બોલી શકે ખરો, અને અથાગ પ્રયત્ન પછી તે ભલે વિચારી લે કે આપણાથી આગળ ન ચલાય. પણ એ વૃત્તિમાં કાંઈ અર્થ નથી. પ્રયત્ન તો સતત ચાલુ જ રહેવો જોઈએ. પ્રયત્ન તો તૂટી પડીએ ત્યાં સુધી કરવાનો છે, અને તે પણ એવી આશાથી કે પ્રયત્ન સફળ થશે જ. જે પુરુષ, સ્ત્રી કે બાળક ઉપરના શ્લોકથી આળસુ થઈને બેસશે તે ઈશ્વરનો ચોર છે. 'સિંધુ મધ્યે મોતી લેવા માંહે પડ્યા મરજીવા જોને'[1] એ પ્રયત્નની પરાકાષ્ઠા બતાવે છે.

श्रेयान्स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात् ।
स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ।।

આપણો પોતાનો ધર્મ વિગુણ હોય તોપણ તે, પારકાનો ધર્મ જે ઉત્તમ હોય તેના કરતાં સરસ છે, કારણ સ્વધર્મમાં મૃત્યુ એ શ્રેષ્ઠ છે. પારકો ધર્મ ભયાનક છે. સ્વધર્મની અંદર સંપૂર્ણ પુરુષાર્થ કરવો; પરધર્મની અંદર જરાય પુરુષાર્થ ન કરવો. મુંબઈના મહેલમાં જઈને સુખી થવું એ ભયાનક છે, પણ અહીં પડ્યા પડ્યા સંતોષ માનવો એ સુખની નિશાની છે.

## ૫૮

શનિવાર ૧–૫–૨૬

સાચું બોલવું સામાન્ય ધર્મ છે. હવે કેટલાક વિશેષ ધર્મો એટલે પોતપોતાના ધર્મો છે. ધારો કે કોઈનો પાયખાનું સાફ કરવાનો ધર્મ છે. તેણે નામું લખનારના કામનો દ્વેષ ન કરવો જોઈએ. પોતાનાં વાસણ જેવાં જ પાયખાનાં સાફ કરનાર માણસ પોતાનો ધર્મ ઉત્તમ રીતે સાચવે છે. અર્જુન જંગલમાં બેસીને માળા જપવાનો વિચાર કરે તો તે તેને માટે બરોબર નથી. તેનો ધર્મ તો આ બધાંને મારવાનો છે. ઋષિને સારુ એ ધર્મ હોય, તારે સારુ તો એ ખોટો ધર્મ છે. તારો ધર્મ ઊતરતો હોય તોયે તે તારે સારુ ઉત્તમ છે. 'શકટનો ભાર જ્યમ શ્વાન તાણે' એવી હુંપણાની વાત તું શા સારુ કરે છે? તારા ધર્મપાલનમાંથી કાંઈ પાપ થાય તો તે હું મારે માથે લઈશ. ભરતજીએ રામચંદ્રજીના વનવાસ દરમ્યાન રાજ્ય ન કર્યું, પણ તે તો નિમિત્તમાત્ર થઈને બેઠા, રામચંદ્રજીની પાદુકાએ રાજ્ય કર્યું. તેમણે રામચંદ્રજીના તરફથી જ બધો વહીવટ ચલાવ્યો. તે તો આખો દિવસ રામની લેહમાંથી પરવારતા નહોતા. તેમ અર્જુનને કૃષ્ણ કહે છે કે તને રાજપાટ મળશે તોયે તું શું કરવા માને છે કે એ તને મળવાનાં છે? તું તારા કર્મનું કશું ફળ ન લેવા ઇચ્છે તો તારો એ ધર્મ જ છે. તારે તો માત્ર બહાનારૂપ થવાનું છે.

अथ केन प्रयुक्तोऽयं पापं चरति पूरुषः ।
अनिच्छन्नपि वार्ष्णेय बलादिव नियोजितः ।।

૧. ગુજરાતી કવિ પ્રીતમ, (૧૭૨૦-૯૮) ની એક કવિતામાંથી.

Gandhi Heritage Portal

કોનાથી પ્રેરાઈને, ઈચ્છતો ન હોય છતાં હે કૃષ્ણ, મનુષ્ય પાપ કરે છે? જાણે પરાણે પાપ કરે છે? પાપની પ્રેરણા કોણ કરે છે, તેનો જવાબ શ્રીકૃષ્ણ જે આપે છે તેનો કાલે વિચાર કરીશું.

## ૫૯

રવિવાર, તા. ૨–૫–૨૬

માણસને બળાત્કારે ઊંધે માર્ગે લઈ જવામાં આવે તેનો અર્થ શો?

काम एष क्रोध एष रजोगुणसमुद्भवः ।
महाशनो महापाप्मा विद्धयेनमिह वैरिणम् ।।

શ્રીકૃષ્ણે કહ્યું કે એ જવાબ સહેલો છે. બાળક નિશાળે ન જાય, જવાની ઈચ્છા જ ન થાય તો તેનું કારણ શું હોય? એને કોઈ ભરાડીની સાથે ભાગી જવું હોય, ખરાબ કામ કરવાની ઈચ્છા હોય તો ન જાય. ત્યારે પહેલો પ્રેરક કામ છે. ઊંધાં કામ કરાવનારી વસ્તુ એના કુવિચારો છે. બીજી વસ્તુ ક્રોધ છે. ઈચ્છેલી વસ્તુ ન મળે એટલે ક્રોધ થાય છે. રજોગુણમાંથી એની ઉત્પત્તિ છે. એવા બે મોટા શત્રુ માણસ પાસે પાપ કરાવે છે. કામનો અમલ અને રામનો અમલ એ બે જુદી જુદી વસ્તુ છે. 'રામ-અમલમાં રાતા માતા' જે હોય તે ઈશ્વરની લીલા પારખે. કામ અને ક્રોધ જેને વ્યાપ્યા હોય તે રામની લીલા ન જુએ, તે તો શેતાનની લીલા જુએ. કામ તો કુંભકરણની જેમ મોઢું ઉઘાડું રાખીને જ બેઠો છે. તેને તૃપ્તિ ન થાય એટલે ક્રોધ ચઢે છે. એવા એ વેરીને તું જાણ. એ બંને જોડિયા છે એટલે બંનેને માટે એક જ एनं શબ્દ વાપર્યો છે.

धूमेनाव्रियते वह्निर्यथादर्शो मलेन च ।
यथोल्बेनावृतो गर्भस्तथा तेनेदमावृतम् ।।

એનું જ્ઞાન ઢંકાઈ જાય છે, જેમ ધુમાડાથી અગ્નિ ઢંકાઈ જાય તેમ, અથવા તો આભલું મેલથી ઢંકાય તેમ, અથવા તો ગર્ભની ઉપર ઓળ ચડેલી છે તેમ. ધુમાડો તો જરાક જેટલો હોય તે જાય એટલે અગ્નિ પૂરેપૂરું કામ આપે. અરીસા ઉપરનો મેલ સાફ કરવો પડે અને પછીથી જ આભલું કામ આપે, તે આભલું છે એટલી ખબર હોય તો. અને ઓળથી વીંટળાયેલો ગર્ભ તો કશું જ ન કરી શકે. તે રડી પણ ન શકે. કામક્રોધે વ્યાપેલાની આવી ત્રણ સ્થિતિ થાય છે.

आवृतं ज्ञानमेतेन ज्ञानिनो नित्यवैरिणा ।
कामरूपेण कौन्तेय दुष्पूरेणानलेन च ।।

આવી રીતે જ્ઞાન છે તે મનુષ્યનું, જ્ઞાનીનું-જ્ઞાનીના નિત્ય વેરીથી, આ નિત્ય શત્રુથી ઢંકાયેલું છે. એ શત્રુ પણ કેવો? દુષ્પૂર કદી ધરાય નહીં તેવો કામરૂપ અગ્નિ છે. જ્ઞાનીનો પણ એ કામ શત્રુ છે.

## ૬૦

મંગળવાર, તા. ૪–૫–૨૬

इन्द्रियाणि मनो बुद्धिरस्याधिष्ठानमुच्यते ।
एतैर्विमोहयत्येष ज्ञानमावृत्य देहिनम् ।।

આપણામાં જે કામરૂપી શત્રુ પડયો છે તેનાં અધિષ્ઠાન દસ ઈન્દ્રિયો, મન અને બુદ્ધિ છે; અને આ વડે એ કામ દેહીના જ્ઞાનને ઢાંકી દઈને તેને મોહ પમાડે છે.

Gandhi Heritage Portal

तस्मात्त्वमिन्द्रियाण्यादौ नियम्य भरतर्षभ ।
पाप्मानं प्रजहि ह्येनं ज्ञानविज्ञाननाशनम् ।।

તેટલા માટે, હે અર્જુન, ઇન્દ્રિયોને આરંભમાં (આદૌ) નિયમમાં રાખીને, આ પાપીને તું ભસ્મ કરી નાખ, કારણ જ્ઞાન અને વિજ્ઞાન – શાસ્ત્રો વગેરે વાંચ્યા પછી થયેલા જ અનુભવો વગેરેનો તે નાશ કરે છે.

इन्द्रियाणि पराण्याहुरिन्द्रियेभ्यः परं मनः ।
मनसस्तु परा बुद्धिर्यो बुद्धेः परतस्तु सः ।।

હવે પૃથક્કરણ કરે છે. વાત તો સાચી છે કે ઇન્દ્રિયો બળવાન છે – તે શરીરને હરાવી દે છે. મન તેથી ચડે છે અને મનથી પણ બુદ્ધિ ચડે છે. અને બુદ્ધિથી પણ ચડી જાય છે, શરીરને વિશે રહેલો આત્મા. ઇન્દ્રિયો, મન અને બુદ્ધિ – આ ત્રણે વસ્તુ કામ, ક્રોધને રહેવાનાં ઘર છે. પણ સૌથી ચડી જાય એવો તો તું છે. શત્રુના ઘરનો કબજો મેળવીએ તો આપણે એનો જ સંહાર કરી શકીએ અથવા શત્રુ ભાગે. કોઈ કોઈ વાર આ બધાના સ્વામીને ભૂલી જવાય, પણ તેની ચિંતા નથી, કારણ કે સ્વામીને યાદ કરતાં જ આ સૌને જિતાશે.

एवं बुद्धेः परं बुद्ध्वा संस्तभ्यात्मानमात्मना ।
जहि शत्रुं महाबाहो कामरूपं दुरासदम् ।।

એવા કામરૂપી શત્રુને હે મહાબાહુ, આત્માને આત્મા વડે નિયમમાં રાખીને, અને એ બુદ્ધિથી પણ પર છે એમ જાણીને તું એને હરાવી નાખજે. આત્મા વડે આત્માને જીતીને એટલે મનમાં જે હલકી વસ્તુ, આસુરી વૃત્તિ રહેલી છે તેને આત્મા વડે એટલે દૈવીવૃત્તિ વડે જીતીને, એટલે સ્વાર્થ અને પરમાર્થ વડે નિયમમાં રાખીને બુદ્ધિથી તું પોતે વધુ છે એમ જાણીને તું કિલ્લો સર કરજે. ઇન્દ્રિયો દ્વારપાળ છે. મન એ પ્રધાન છે. તેની પાસે જે ઇન્દ્રિયો ખબર લાવે છે તે ખબર મન બુદ્ધિ પાસે લઈ જાય છે અને બુદ્ધિ હુકમ કરે છે. પણ આપણે આપણું સ્વામિત્વ મેળવી લઈએ તો પેલાં મન, બુદ્ધિ અને ઇન્દ્રિયો જેને આપણે સ્વામી બનાવેલાં છે તેને જીતીએ. જેમ હિંદુસ્તાનમાં આપણે પરદેશીઓને સ્વામી સમજીને બેઠા છીએ, એ આપણને ખવડાવે છે માટે ખાઈએ છીએ, એમ માનીએ છીએ.

આત્મા ચોવીસે કલાક જાગ્રત રહે. જેનો આત્મા ચોવીસ કલાક જાગ્રત રહે તેને સ્વપ્નાં પણ ન આવે. પણ આપણે ઊંઘના ગુલામ બનીએ તો સ્વપ્નાં પણ આવે. એટલે એ પ્રમાણે કહીને અર્જુનને અભયદાન આપ્યું કે તું બરોબર ચોકી રાખશે તો જ અંદરના કે બહારના એકેય ચોરો ઉપાધિ ન કરશે. આપણે શરીરના ઉપર સંપૂર્ણ અધિકાર ન મેળવીએ ત્યાં સુધી શરીર આપણે ન ઇચ્છીએ તેવી વસ્તુ માગે અને આપણે આપણું રાજ્ય ખોઈએ.

## ૬૧

બુધવાર, તા. ૫–૫–૨૬

દુષ્ટમાં દુષ્ટ માણસ સાથે સારી રીતે વ્યવહાર રાખવો હોય તો તેનો દુષ્ટ ઇરાદો નથી એમ માની લેવું જોઈએ. ઊંડે ઊંડે પણ તેની સારી વૃત્તિ હશે. આત્માનો ગુણ ક્રોધ કરવો, ઇત્યાદિ નથી. તેનો તો અલિપ્ત રહેવાનો ગુણ છે. જો આપણે થોડે અથવા વધારે અંશે ક્રોધ અને કામને જીતી શકતા ન હોઈએ તો તેને સહન કરી લઈએ.

Gandhi Heritage Portal

ચોરના પ્રત્યે આપણો શો ધર્મ છે, એનો હજી કશો નિયમ નથી ઘડી શકાયો. પણ આપણે યાદ રાખવું જોઈએ કે ચોરના પ્રત્યે આપણો ધર્મ પ્રેમનો છે. પ્રેમથી તેને કેમ જીતવો એ જાણવાનો આપણો ધર્મ છે. ચોરી કરવી એ મનુષ્યનો સ્વભાવ નથી એમ માની લેવું જોઈએ. બુદ્ધિથી પણ આપણે એટલો વિશ્વાસ રાખવો જોઈએ કે જગતમાં એવું કોઈ જ નથી કે જેનામાં કોઈ કાળે સુધરવાપણું ન હોય. પ્રેમ એ આકર્ષણ છે. વિજ્ઞાન કહે છે કે આ ધૂળમાં પણ આકર્ષણ છે. ધૂળની કણીઓમાં પણ એક પ્રકારની આકર્ષણશક્તિ રહેલી છે, એટલે મીરાંબાઈએ પ્રેમના બંધનની વાત કરી. કાચામાં કાચા તાંતણા કરતાં પણ એનું બંધન વધારે છે. આપણી વસ્તુ ગયેલી હોય તે માટે કામ અને ક્રોધ શા સારુ કરવો?

એવો આ યોગ ત્રીજા અધ્યાયમાં કહ્યો છે. કાર્ય ચાલ્યા જ કરે છે. આ પૃથ્વીનો ગોળો ચકર ચકર ફર્યા જ કરે છે. તે જ પ્રમાણે શરીરને ચલાવવું રહ્યું છે. ત્યારે કામમાંથી છુટાય કેમ? ગીતાનો જવાબ છે કે રાગદ્વેષ ન રાખીએ એટલે કામનાં બંધન ન નડે.

## અધ્યાય ચોથો

इमं विवस्वते योगं प्रोक्तवानहमव्ययम् ।
विवस्वान्मनवे प्राह मनुरिक्ष्वाकवेऽब्रवीत् ।।

આ સુંદર અવ્યય યોગ પહેલાં તો મેં વિવસ્વાનને આપ્યો, પછી તેણે મનુને આપ્યો અને એણે ઇક્ષ્વાકુને.

एवं परम्पराप्राप्तमिमं राजर्षयो विदुः ।
स कालेनेह महता योगो नष्टः परंतप ।।

પરંપરાથી ચાલ્યો આવેલો યોગ રાજર્ષિ જાણતા હતા. કાળે કરીને એ નાશ પામ્યો છે. આપણે કાર્યો તો કરીએ જ છીએ. પણ ઈશ્વર કુંભારના ચાકની જેમ આપણને ચલાવ્યા કરે છે અને નવા ઘાટ ઘડ્યા કરે છે. એ પુરાણા કાળથી ચાલ્યો આવ્યો છે, પણ હાલ તેનો નાશ થયો છે. માણસો રાગદ્વેષરહિત કાર્ય ભૂલી ગયા છે, નહીં તો આ યુદ્ધ પણ મારે જોવાનું ન રહેત.

स एवायं मया तेऽद्य योगः प्रोक्तः पुरातनः ।
भक्तोऽसि मे सखा चेति रहस्यं ह्येतदुत्तमम् ।।

આ યોગ મેં તને કહ્યો, કારણ તું મારો ભક્ત છે, મિત્ર છે. એટલા માટે આ ઉત્તમ રહસ્ય મેં તને કહ્યું. ભક્તને જ ઉત્તમ વસ્તુ અપાય. કારણ તેની મારફત જગતનું કલ્યાણ થાય.

## ૬૨

ગુરુવાર, તા. ૬-૫-૨૬

આ યોગ પ્રાચીન વસ્તુ છે. મેં અગાઉ એ વિવસ્વાનને અને તેણે મનુને, અને તેણે ઇક્ષ્વાકુને આપ્યો, એમ કૃષ્ણે અર્જુનને કહ્યું. એટલે અર્જુન પૂછે છે કે આપણે આજના, અને તમે એ બધું આગળ કહ્યું, એમાં કાંઈ મેળ બેસતો નથી.

अपरं भवतो जन्म परं जन्म विवस्वतः ।
कथमेतद्विजानीयां त्वमादौ प्रोक्तवानिति ।।

Gandhi Heritage Portal

આપણો જન્મ આજનો અને પૂર્વે તમે કહેલું કે ફળેચ્છારહિત કર્મ કરવું, એ કેમ બની શકે?

बहूनि मे व्यतीतानी जन्मानि तव चार्जुन ।
तान्यहं वेद सर्वाणि न त्वं वेत्थ परंतप ।।

મારા જન્મો અને તારા જન્મો પણ વીતી ગયા. એ બધાને હું જાણું છું, તું નથી જાણતો:

પહેલાં અનેક જન્મો થઈ ગયા છે, એમ આપણે ચોરાશી લાખ યોનિની વાત કરીએ છીએ ત્યારે ગાઈએ છીએ, અને બુદ્ધિથી કહીએ છીએ કે મરણ એ બીજા ઘરમાં વાસ છે. પણ નિશ્ચયપૂર્વક તો એ જ માણસ કહી શકે કે જેને પૂર્વજન્મનું સ્મરણ હોય. શ્રીકૃષ્ણે તો સાફ કહ્યું: 'હું પોતે યોગી રહ્યો. મને મારા પૂર્વજન્મની ખબર પડે, તને ન પડે.' આમ કહેવું એ કૃષ્ણને શોભ્યું, આપણને ન શોભે.

अजोऽपि सन्नव्ययात्मा भूतानामीश्वरोऽपि सन् ।
प्रकृतिं स्वामधिष्ठाय संभवाम्यात्ममायया ।।

મને જન્મ નથી. જે આત્મતત્ત્વ મારામાં રહેલું છે તે અનાદિ અને અજન્મ છે. તે છતાં અને પ્રાણી માત્રનો ઈશ્વર હોવા છતાં મારી પ્રકૃતિને અવલંબીને આત્માની માયા વડે હું ઉત્પન્ન થાઉં છું. એટલે કે હું અવતારો લઉં છું.

હિંદુ ધર્મમાં અવતારોને સ્થાન કેમ આપેલું છે, એ વિચારતાં આપણને મુસીબત લાગે. અવતાર એટલે નીચે આવવું. આપણે નીચે આવ્યા તો ઈશ્વર પણ નીચે આવ્યા. ઈશ્વર વસ્તુ-માત્રમાં છે. એ ઈશ્વરની માયા છે. જે વસ્તુનો આપણે સ્પર્શ કરી શકીએ છીએ — દેહ, પાર્થિવ વસ્તુઓ, એ બધી તો એક જ સ્થાને અને એક જ કાળે છે. પણ આત્મા તો અજન્મ છે. તે પ્રત્યેક સ્થાને અને કાળે છે. એનો અનુભવ આપણને નથી થતો. આપણે કેવળ બુદ્ધિથી અથવા શ્રદ્ધાથી ઈશ્વર તત્ત્વને જાણવું હોય તો આત્માને જાણવો જોઈએ. એ વસ્તુ શું છે? આપણા અજ્ઞાનમાં તો આકાશથી પણ દૂર છે, અને જ્ઞાનમાં તો આપણાથી કહી ન શકાય કે તે આપણાથી તસુ પણ દૂર છે. એટલે આપણે જેનાથી પેદા થયેલા છીએ, જેને લીધે જ આપણે છીએ, — જો તું જ બધું છે એમ માનીએ તો 'હું' એ 'તું' છે અને 'તું' એ 'હું' છે — અહંકાર વિના જ એ કહી શકાય. જેમ વીંટી, સાંકળી આખરે સોનું જ છે. નામરૂપ ક્ષણને સારુ બનેલાં છે. નામરૂપે તો એ જુજવાં જ છે, પણ એનો નાશ થતાં તેની પાછળ રહેલું તત્ત્વ એક જ છે.

એટલે કૃષ્ણ કહે છે કે 'હું અજન્મ હોવા છતાં, પ્રાણીનો ઈશ્વર હોવા છતાં અવતાર લઉં છું.' એ આત્માનો સ્વભાવ જ રહેલો છે. આપણને અનુભવ થઈ જાય તો આપણે આત્માના સ્વભાવને અનુસરીને જ વર્તીએ. જન્મ લેતાં છતાં જન્મ લીધો નથી એમ વર્તીએ છીએ. આત્મા માત્ર એક હોય તો એક આત્માએ જન્મ લીધો તો બધાએ લીધો. અને બધાએ લીધો તો એકે લીધો. એ ન સમજાય એવી વાત છે. એ જ માયા છે. એ માયા વડે હું વખતોવખત જન્મ લઉં છું.

બુદ્ધિ જ્યાં સુધી પહોંચી શકે એટલું જ આપણે વિચારી શકીએ. ત્યારે અવતાર એ શું? ઈશ્વર ઉપરથી ઊતરે છે એમ નથી. આપણે બધા અવતરીએ છીએ, એમ અભિમાન વિના કહી શકીએ, તો તે બરાબર છે. દેહમાં રહેલા આત્મામાત્રમાં એક જ શક્તિ છે, જોકે બહાર

Gandhi Heritage Portal

આપણને ભેદ પ્રતીત થાય છે. જાગ્રત હોઈએ તો બધા એક છે; અજ્ઞાનમાં ભલે જુદા હોઈએ. હકીકતમાં અનેક નથી, પણ એક જ છીએ.

એ આત્મતત્ત્વના વિચારથી સામાને મારવાપણું, ખિજાવાપણું બધું ચાલી જાય છે. કોઈ આપણને મારે તો તેને પણ વાગે છે એમ વિચારી શકીએ છીએ.

અવતાર લઉં છું એમ કહેવાની લૌકિક ભાષા છે. ઈશ્વરને આત્મારૂપે નથી અવતાર લેવાપણું કે જન્મવાપણું. એ તો છે તેવો ને તેવો છે. લૌકિક દૃષ્ટિએ આપણે કોઈનામાં વિશેષ વિભૂતિ જોઈએ તેને અવતાર કહીએ. ઈશ્વરની ભાષામાં અવતાર એવી વસ્તુ નથી; આપણી ભાષામાં જ અવતાર એવી વસ્તુ છે.

## ૬૩

શુક્રવાર, તા. ૭-૫-૨૬

અર્જુન પૂછે છે, મારા પહેલાં પણ ઘણાને યોગ કહ્યો, એ કેમ બને? એનો જવાબ આપ્યો છે કે તારા અને મારા ઘણાં જન્મો થઈ ગયા છે. એની ખબર મને છે, તને નથી. હું અજન્મા, અવ્યય, પ્રાણીમાત્રનો ઈશ્વર, અંતર્યામી છું, તોપણ મારી પ્રકૃતિનો આશ્રય લઈને માયાના બળથી આ પૃથ્વીને વિશે આવું છું.

પછી ઈશ્વરને અવતરવાના સમય કયા, એ બતાવે છે:

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ।।

જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે અને અધર્મની વૃદ્ધિ થાય છે, તે તે વખતે મને પોતાને હું જન્મ આપું છું, હું પોતે પૃથ્વીને વિશે અવતરું છું.

આમ કહીને ઈશ્વરે આખા જગતને સાંત્વન આપ્યું છે. ધર્મની ગ્લાનિ થાય ત્યારે ઈશ્વર સૂતો રહે, તો માણસ કંઈ જ ન કરી શકે. આ કળિકાળમાં જેટલું કરીએ તેટલું અવળું પડે છે. હિંદુમુસલમાન લડયા જ કરે છે. તેમાં માણસ શું કરે? મને ઘણો મોહ હતો કે હિંદુ-મુસલમાન લડે જ નહીં, એટલી તપશ્ચર્યા કરું. પણ મારા હાથ હેઠા પડયા. ત્યારે શું એ ઝઘડા થયા જ કરશે? મુદ્દલ નહીં. માણસ મર્યાદા વિના વિષય કરે એ શું ઈશ્વર ચાલવા દેવાનો હતો? ઈશ્વર કહે છે કે થોડો વિષય કરશો તે હું સાંખી લઈશ. કારણ એમાંથી તમે કંટાળશો. તેમ ઝઘડા થશે તે સાંખી લઈશ, ને એટલા સારુ અવતાર નહીં લઉં. પણ માણસો મર્યાદા રાખ્યા વિના લડે, મંદિરો તોડે, મર્યાદા રાખ્યા વિના મારે, ત્યારે ધર્મની ગ્લાનિ થઈ કહેવાય. એ તો ધર્મને નામે ધતિંગ ચાલ્યું, અધર્મ, ઉપદ્રવ વધી ગયો. એ વખતે ઈશ્વર માણસને કહે છે કે તમે નાસીપાસ ન થાઓ. તમે કાંઈ નથી કરી શકતા એ પણ ઠીક છે. એ રીતે તમારો ગર્વ પણ હરી લઈશ. જેમ સુરદાસે[1] કહ્યું કે 'હવે તો હું નાચી નાચીને થાકી ગયો, હવે તમે મને બચાવો.' તેમ માણસ ગર્વ કરીને કહે છે કે 'હું કરીશ.' પણ ઈશ્વર તેનો ગર્વ ઉતારે છે. તોયે એણે માણસને એટલું વચન આપ્યું છે. હું નહીં કરી શકું તો આ થવાનું જ નથી એમ માણસ ન માને, પણ માને કે ઈશ્વર એ કરી લેશે. એટલે ઈશ્વરે કહ્યું કે જ્યારે જરૂર પડે ત્યારે હું પૃથ્વી પર આવું છું. ઈશ્વર આવીને બધું સરખું કરી મૂકે છે. ન કરે તો ઈશ્વરની

૧. ૧૬મા સૈકામાં થઈ ગયેલા ઉત્તર હિંદના સંત કવિ.

Gandhi Heritage Portal

લાજ જાય. જે માણસ એનો ગુલામ થઈને બેઠો છે એની લાજ શી જવાની છે? ગુલામ જે પહેરેઓઢે તે પરથી માલિકની જ પરીક્ષા થવાની છે. એટલે ઈશ્વર ધર્મની ગ્લાનિ થવા જ શાનો દે? અધર્મનો ઉપદ્રવ થયા જ કરે તો ઈશ્વરની લાજ જાય. એટલે એને આવ્યા વિના છૂટકો નથી.

परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ।।

સાધુઓનું રક્ષણ કરવા સારુ, દુષ્ટ જનોનો વિનાશ કરવા સારુ અને ધર્મની સંસ્થાપનાને સારુ, યુગેયુગે હું જન્મું છું—અવતરું છું.

ઈશ્વરે આપણને શીખવ્યું છે કે તું તો કંઈ જ નથી કરતો, હું પણ કંઈ નથી કરતો. ત્યારે દુષ્ટોનો વિનાશ કોણ કરે છે, અને કેમ થાય છે? ઈશ્વરનો અનિવાર્ય કાયદો છે કે કર્મ નિષ્ફળ જતું નથી. કર્મને માણસ નિષ્ફળ કરે એ એક વસ્તુ છે, અને કર્મ નિષ્ફળ જતું નથી એ બીજી વસ્તુ છે. કર્મનાં ફળ ભોગવવાં નથી પડતાં એમ નથી. પણ માણસ જો તટસ્થ રહે તો કર્મ ભોગવતો છતો એ નથી ભોગવતો. પણ ફળ તો ભોગવવાં પડે જ છે. કર્મો માફ થતાં જ નથી. એટલે દુષ્ટની દુષ્ટતાથી જ એનો નાશ થાય છે. જગતમાં એક મારે છે અને બીજો મરે છે. એ તો નિમિત્તમાત્ર છે. અર્જુન બાણાવળી, શૂરવીર હતો. એણે માણસોનો સંહાર કર્યો. એમાં અર્જુનનું બળ દુર્યોધનને મારે છે એમ નથી. દુર્યોધન પોતાને પાપે જ મર્યો. તેથી પેલી કહેવત છે કે 'પાપનો ઘડો ફૂટ્યા વિના રહેતો નથી.' ઈશ્વર ઉપરથી આવીને કાપકૂપ કરી દેતો હોય તો તે આપણા જેવો મૂઢ જ છે. પણ એમ નથી. આપણે આશાવાદી હોઈએ, ઈશ્વરનો કાયદો સમજીએ તો જાણીએ કે દુષ્ટોનો નાશ એઓના પાપે જ થવાનો છે.

દુષ્ટોનો નાશ એટલે દુષ્ટોનાં શરીરનો નાશ એમ નહીં. શરીર તો દુષ્ટો તેમ જ સારા બંનેનાં નાશ પામે છે. કોઈ ભક્ત હોય તે જુવાનીમાં ચાલ્યો જાય, અને દુષ્ટ છોંતેર વર્ષનો થઈને મરે, તેથી શું આપણે એમ કહીશું કે ઈશ્વરનો કોઈ અન્યાય છે? કેસર ભગતને કાલે સરપ કરડ્યો અને એ મરી ગયા, તેથી શું એમ માનીશું કે એ દુષ્ટ હતા. કેસર ભગત તો ભલા હતા, મજૂર છતાં ભક્ત હતા, પ્રામાણિક હતા. કોઈનું અકાળે મૃત્યુ થાય એટલે એ દુષ્ટ હતો એમ માનીએ તો આપણે પતિત થઈએ.

હા, સારા એક રીતે નથી મરતા ખરા, કારણ આપણે એમની કથા નિરંતર ગાયા જ કરીએ છીએ. રામની કથા સૌ ગાય છે; રાવણની કથા કોઈ ગાય છે? રાવણને સંભારતા હોઈએ તો એટલા માટે કે રાવણના દોષો છોડીએ, એનાથી ભાગીએ. પણ ગુણોનું વર્ણન કરી પચાવતા જઈએ, આત્મામાં ઉતારતા જઈએ, એટલે ગુણોની તો વૃદ્ધિ જ છે. ગુણો તો અમર છે. જગતમાં એથી ઊલટું જોઈએ છીએ એ ઈશ્વરની માયા છે. ગુણો પ્રયત્ને વધે છે અને અવગુણ વગર પ્રયત્ને વધે છે એ ખરું, પણ અંતે અવગુણનો નાશ છે અને ગુણોની વૃદ્ધિ છે. એથી ઊલટું જે દેખાય છે તે માયા છે. એમ ન હોય તો विनाशाय च दुष्कृताम् એ ખોટું પડે.

ઉપર શરીરના નાશની વાત નથી કરી. જે વાસના સાથે માણસ મૂઓ છે તે વાસના રહી છે ત્યાં સુધી એને જન્મ તો લેવાનો જ છે. સારાને જન્મ લેવાપણું નથી એમ કહ્યું છે ખરું, પણ એ તો સારા થઈને ગુણાતીત થાય તો. સારાનરસા ગુણની પાર એક ગુણરહિત સ્થિતિ છે. એ સ્થિતિ ખરાબ નથી, સારી છે. એ મોક્ષની સ્થિતિ છે. હમેશને સારુ ટકનારી છે. પણ

Gandhi Heritage Portal

ઈશ્વરે અહીં કહ્યું છે તે તો એ છે કે સાધુતાનો નાશ છે જ નહીં, અને દુષ્ટતાનો નાશ છે, છે ને છે. દુષ્ટતા જ્યારે જગતને વિશે વ્યાપી ગઈ લાગે ત્યારે હું અંતર્યામી પ્રગટ થઈને બતાવું છું કે એમ નથી. બતાવું છું એટલે પોતે ક્રિયા કરીને પદાર્થપાઠ આપું છું. જગતમાં જ્યારે દુષ્ટતા વ્યાપે છે ત્યારે ઈશ્વર માણસને પ્રેરણા કરે છે કે તમારે જરાજરા સારા થયે નહીં ચાલે, તપશ્ચર્યા કરીને ભારે સારા થવું પડશે; એટલા સારા કે ઈશ્વરના પૂર્ણ અંશ કહેવાઓ. એટલે જ શ્રીકૃષ્ણ પૂર્ણાવતાર કહેવાયા. અહીં ઈશ્વરે માણસને આશ્વાસન આપ્યું છે કે ધર્મની ગ્લાનિ થાય છે અને અધર્મ વધી પડે ત્યારે ત્યારે હું જન્મીને સાધુઓની રક્ષા કરું છું, દુષ્ટોનો નાશ કરું છું, અને ધર્મની પ્રસ્થાપના કરું છું. એનો અર્થ એ છે કે ધર્મનો નાશ જ નથી. દુષ્ટોનો નાશ થાય છે અને બીજા સારાનો નાશ નથી થતો એમ નથી કહ્યું. શ્રીકૃષ્ણ ભગવાન પોતે ચાલ્યા ગયા અને તે વળી અકાળ મૃત્યુએ.

જગતમાં સર્વાંશે જોઈશું તો જણાશે કે દુષ્ટતાનું સામ્રાજ્ય નથી, સામ્રાજ્ય કેવળ સાધુતાનું છે. દુષ્ટો કરોડો હોય ત્યારે દુષ્ટતા ચાલી શકે છે, પણ સાધુતા ફક્ત એકમાં જ મૂર્તિમંત હોય, ત્યારે પણ એ સામ્રાજ્ય ભોગવી શકે છે. અહિંસાનો પ્રભાવ એટલો વર્ણવ્યો છે કે એની સામે હિંસા શમી જ જાય. અહિંસા સામે પશુઓ પણ પશુતા મૂકી દે છે. એક જ સાધુ પુરુષ જગતને સારુ બસ થઈ જાય છે. એનું સામ્રાજ્ય ચાલે છે, આપણું સામ્રાજ્ય નથી ચાલતું, કારણ આપણે તો જેમતેમ કરીને આપણું ગાડું ચલાવીએ છીએ. પેલો સાધુ પુરુષ લખી મોકલે ને તે પ્રમાણે બધું થઈ જાય, એવું સાધુતાનું સામ્રાજ્ય છે. જ્યાં દુષ્ટતા છે ત્યાં બધું અસ્ત-વ્યસ્ત હોય છે. સાધુતા હોય ત્યાં સુવ્યવસ્થિત તંત્ર ચાલે છે, માણસો સુખી થાય છે. એ સુખ ખાવાપીવાનું સુખ નહીં, પણ માણસો સદાચારી અને સંતોષી થાય એનું સુખ છે; નહીં તો માણસો કરોડો હોવા છતાં બેબાકળાં ફરે છે, એ સુખની નિશાની નથી.

ત્યારે આ શ્લોકનો અર્થ એ થયો કે જ્યારે અધર્મનો ફેલાવો થાય છે ત્યારે માણસ તપશ્ચર્યા કરે છે, અને તપશ્ચર્યાને અંતે સાધુતા પ્રગટ થાય છે. દુષ્ટોનું માથું પણ સાધુતા આગળ ઝૂકે છે. પશુઓ ઉપર પણ એનું સામ્રાજ્ય ચાલે છે. એ આ જમાનામાં પણ થઈ શકે એવી વાત છે. જે માણસ નિર્વૈર થયો, સત્યની મૂર્તિ થયો, તેની આગળ બધું આવીને ઊભું રહે છે. એને બોલવું નથી પડતું. એ ઇચ્છા કરે એટલે બધું થઈ જાય છે.

ઈશ્વરને જન્મમરણ કે અવતરવાપણું છે જ નહીં. જે માયા દેખાય છે તે માયા છે. એ માયાનું અહીં વર્ણન કરેલું છે, અને માણસને આશ્વાસન આપ્યું છે કે દુષ્ટતા ક્ષણિક છે, સાધુતા નિરંતરની છે. માટે સાધુતા કેળવવી, અને દુષ્ટતા કેળવવાનો પ્રયત્ન જરાયે ન કરવો.

## ૬૪

શનિવાર, તા. ૮–૫–૨૬

ભગવાન માણસના હૃદયમાં પ્રેરણા કરીને તે દ્વારા દુષ્ટતાને સંહારે છે ને સાધુતાને સ્થાપે છે. દુનિયામાં સરવાળે તો સાધુતા જ રહેવી જોઈએ, નહીં તો જગતનો નાશ જ થાય. જે કુટુંબમાં દુષ્ટતા વધે તેનો સંહાર થાય છે એ આપણે જોઈએ છીએ. જેમ જાદવકુળનો નાશ થયો. એ કુળમાં દુષ્ટતા વધી. એ કુળમાં કૃષ્ણનો જન્મ થયો હોવા છતાં જાદવોએ વ્યભિચાર કર્યો, દારૂબાજ થયા, અને માંહોમાંહે વઢીને મરી ગયા. જેને કોઈ ન મારી શકે એવા બળિયાને-લાંઠને પણ કોઈ ને કોઈ તો મારે જ છે. એટલે સુધી કે જાદવકુળમાં કોઈ ન રહી શક્યો.

Gandhi Heritage Portal

જ્યારે દુનિયામાં દુષ્ટતા એટલી ફેલાય કે સાધુતા અને દુષ્ટતાને સરવાળે દુષ્ટતા વધે, એટલે કે બાદબાકી રહે, ત્યાં વિનાશ જ છે. શરીરમાં જ્યાં સુધી પોષક શક્તિ હોય ત્યાં સુધી જ શરીર ટકે, તેમ જગતમાં સાધુતા ઓછી થાય અને દુષ્ટતા વધી પડે તો જગતનો સંહાર થાય. એટલે ભગવાને કહ્યું કે યુગેયુગે હું પ્રગટ થાઉં છું.

जन्म कर्म च मे दिव्यमेवं यो वेत्ति तत्त्वतः ।
त्यक्त्वा देहं पुनर्जन्म नैति मामेति सोऽर्जुन ।।

આ ઈશ્વરી જન્મ અને કર્મને જે તાત્ત્વિક દૃષ્ટિએ સમજે છે તેને દેહ તજ્યા પછી ફરી જન્મવાપણું નથી રહેતું; તે મને પામે છે.

શા સારુ ન પામે? એણે વિચાર્યું કે આ શરીર નાશવંત છે, એને સારુ પ્રયત્ન શું કરવા કરીએ? અમર આત્માને સારુ પ્રયત્ન કેમ ન કરીએ? આત્મા આ શરીરરૂપી પીંજરામાં પુરાયો છે, અથવા શરીરરૂપી કેદખાનામાં ગુનેગારની જેમ કેદ થયો છે. આપણે ગુનો કર્યો છે એટલે શરીરરૂપી કેદમાં પડ્યા છીએ; જેમ તુલસીદાસે અને સુરદાસે ગાયું છે કે અમારા જેવા પતિત કોઈ નથી. આપણે જન્મથી જ પતિત છીએ એટલે જ જન્મીએ છીએ. આ શરીરરૂપી પીંજરામાં બંધાયા છીએ, એટલે ઊડવા ધારીએ એટલું ઊડી નથી શકતા. પણ આ ઈશ્વરના દિવ્ય જન્મકર્મનો તાત્ત્વિક વિચાર કરીએ તો ઊડી શકીએ. સિંહ જેવો આત્મા પડ્યો છે તેને ઓળખીએ તો સિંહ જેવા થઈએ. એ કેમ થઈ શકે? તેને સારુ કહે છે કે

वीतरागभयक्रोधा मन्मया मामुपाश्रिताः ।
बहवो ज्ञानतपसा पूता मद्भावमागताः ।।

ઈશ્વરનાં દિવ્ય જન્મકર્મને જાણનારના રાગ, ભય અને ક્રોધ ચાલ્યા જાય છે. તે મારામાં જ પરોવાઈ રહે છે. (એમનાં હૃદય ચીરો તો અંદરથી રામ જ નીકળે.) તે મારો જ આશ્રય કરીને રહેલા છે. જ્ઞાન અને તપશ્ચર્યાથી પવિત્ર થયેલા છે. અને મારા જેવા થઈ ગયા છે. એવા મને પામે છે. દિવ્ય કર્મને જાણ્યાની આ નિશાની કહેલી છે.

## ૬૫

રવિવાર, તા. ૯–૫–૨૬

ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम् ।
मम वर्त्मानुवर्तन्ते मनुष्याः पार्थ सर्वशः ।।

લોક જે પ્રમાણે મને ભજે છે એ જ પ્રમાણે હું એમને ભજું છું. બુદ્ધિમાન મનુષ્યો મારા માર્ગને સર્વ પ્રકારે જ અનુસરે છે.

એટલે કે લોકો કરે છે તે પ્રમાણે પામે છે. જેવી ભક્તિ તેવું ફળ. સકામ ભક્તિ હોય, અમુક વસ્તુ મળે એવી ઈચ્છાથી ભક્તિ કરી હોય, તો એટલી ભક્તિથી જે વસ્તુ મળવાની હોય તે મળે. ઈચ્છા કરી હોય તે પ્રમાણે મળે એમ નહીં, પણ મળવું યોગ્ય હોય તે પ્રમાણે મળે. આપણે ઈચ્છા કરીએ કે અમે ઈશ્વર થઈ જઈએ. તો ઈશ્વર થવાપણું મળે એમ નહીં, પણ કરે એ પ્રમાણે પામે. યોગ્ય હોય તે પામે. ચાર માઈલ જતાં ત્યાં જે વસ્તુ હોવી જોઈએ તે મળે. કરિયાતું ખાઈને રેચ થાય એમ ઈચ્છીએ તો રેચ ન લાગે. કરિયાતાથી તો નાનો સરખો તાવ જાય. એરંડિયું પીને દસ્ત ન થાય એમ ઈચ્છીએ એ ન બને.

Gandhi Heritage Portal

ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम्‌નો આ અર્થ છે.

પછી કહ્યું:

मम वर्त्मानुवर्तन्ते मनुष्याः पार्थ सर्वशः ।।

સૌ માણસો મારા રસ્તાને અનુસરે. આ શ્લોક વિશે થોડો ઈતિહાસ છે. ટિળક મહારાજ જીવતા હતા ત્યારે એમણે હિંસા-અહિંસાની ચર્ચાને પ્રસંગે આનો પ્રયોગ કરેલો. મેં કહ્યું હતું કે માણસ આપણને થપ્પડ મારે તો આપણે સહન કરી લેવી જોઈએ. એની સામે એમણે આ શ્લોકનો પ્રયોગ કહીને બતાવેલું કે ગીતાનો માર્ગ પણ 'જૈસેકો તૈસા'નો છે. એટલે કે માણસ જેવી રીતે આપણી જોડે વર્તે તેવી રીતે આપણે એની સાથે વર્તવું. એ વખતે મેં એનો જે ઉત્તર આપેલો તેને હું વળગી રહું છું. મેં કહેલું કે આ શ્લોક એ રીતે લાગુ ન પાડી શકાય. માણસ આપણી જોડે વર્તે તેવી રીતે આપણાથી ન વર્તાય. તે માણસ આપણી સાથે નઠારો થાય તો આપણાથી સામાં નઠારા ન થવાય. અહીં તો ઈશ્વરનો કાયદો કહેલો છે. કૃષ્ણ ભગવાને કહેલું છે કે મને જેવી રીતે ભજશે તેવી રીતે હું તેને ભજીશ. એનો અર્થ એ છે કે 'કરણી તેવી પાર-ઉતરણી.' માણસ બૂરું કરીને પોતાનું સારું થવાની આશા રાખે તો એ નહીં થાય. એકની સામે બે થપ્પડ મારવાનો અધિકાર મનુષ્યને નથી. પણ સંસારમાં તો એથી ઊલટું જ ચાલે છે. જેમ જ્ઞાન વધતું જાય છે તેમ વધારે ઊલટું થતું જાય છે. જંગલી લોકો એકને બદલે બે લગાવે અને મારે તેને સામું મારે. જંગલી લોકોમાં બાપદીકરાનો સંબંધ એવો મીઠો ન હોય. પણ બાપ સભ્ય થાય તો સમજે ને સહન કરી લે, અને એમ કરીને બાપ દીકરાને નમ્ર બનાવે. જો છોકરો સારો હોય તો માબાપનું સહન કરી લે, અને એ સારું છે. એ આપણે પસંદ કરીએ છીએ. વળી આપણે આગલા શ્લોકમાં વાંચી ગયા કે પ્રભુને કોણ પામે? તો કહે છે કે, वीतरागभय-क्रोधाः જેને રાગ, ભય કે ક્રોધ નથી એવો શાંત માણસ પામે. આ શ્લોક આગલા શ્લોકની વિરુદ્ધ ન હોય, પણ આગલાની પૂરણીમાં છે. એમાં કહ્યું છે કે તમે રાગી, ક્રોધી થશો તો મને નહીં પામો. ક્રોધી થશો તો તેનો બદલો મળી રહેશે. એટલે આપણે ક્રોધ ઈત્યાદિ કરવાના નથી, પણ આપણે તો રાગ, ભય અને ક્રોધરહિત થવાનું છે.

એટલે બીજી લીટીમાં કહ્યું છે કે માણસોને મારા કાયદાને અનુસરવું પડે છે. જે કાયદાને—કર્મના કાયદાને અવલંબીને જગત ચાલે છે, તે કાયદાની વાત છે. ઈશ્વર એ જ કાયદો છે એમ કહીએ તો ચાલે. કાયદો કરીને હાથ ઈશ્વરે ધોઈ નાખ્યા છે, એમાં ફેરફાર કે વધઘટ કરવાનો અધિકાર રાખ્યો જ નથી. પછી માણસોને કહ્યું છે કે હવે તમારે જન્મ લેવો હોય તો લેજો, ન લેવો હોય તો રહેવા દેજો; કેમ જાણે માણસોની સાથે ઈશ્વરે ચોખવટ ન કરી લીધી હોય. આપણે ઈશ્વરની આરાધના કરીએ તો એ રાજી થાય છે, પણ આરાધના ન કરીએ તો તે ગુસ્સે થઈને કાયદો ફેરવે છે એમ નથી. કાયદો તો અટળ છે. ઈશ્વર કાંઈ રાજ્યકર્તા નથી. જોકે 'ઈશ્વર' શબ્દનો અર્થ રાજ્યકર્તા થાય છે. પણ ઈશ્વર કર્તા નથી એટલા માટે ભર્તા પણ નથી. એ કરતો નથી તેમ ભોગવતો નથી. એ અલિપ્ત થઈને રહે છે. આપણે કલ્પનાઓ દોડાવીને અનેક પ્રકારનાં વિશેષણો ઈશ્વરને આપ્યાં છે, એને સારુ નકામો ઝઘડો ચાલે છે; જેમ કે જૈન અને વેદાંત દર્શનનો. એક કહે છે કે બધું ઈશ્વરમય છે. બીજા કહે છે ઈશ્વર જેવી કાંઈ વસ્તુ જ નથી. આપણે ત્રીજો રસ્તો—પ્રાકૃત માણસને છાજે એવો—લઈએ છીએ, અને કહીએ છીએ કે ઈશ્વર છે અને નથી. ઈશ્વર રાજા નથી, ઈશ્વર તો વ્યાપક, ચેતન, નિરંજન,

Gandhi Heritage Portal

નિરાકાર છે. એનો કાયદો એ જ એનું રાજ્ય છે. એ કાયદાને વિશે કોઈની ના નથી. એક પણ દર્શનમાં કાયદાનો ઇનકાર નથી. એ કાયદો ચેતન તો છે જ. તે કાયદાને આપણે ઈશ્વરનું રૂપ આપીએ – ઈશ્વર તરીકે ઓળખીએ તો પછી ઝઘડો રહેતો નથી. એ વસ્તુ આ શ્લોકમાંથી નીકળે છે.

કરશે તેવું પામશે, એવું તે માણસના કાયદામાં પણ છે. ચોરી કરે તેને દંડ થાય છે. ચોરી કરનારને પણ કાયદામાં રહેવું પડે છે. એ બંડખોર નથી. ઇરાદાપૂર્વક કાયદો તોડે એ બહારવટિયો છે. ખૂની ખૂન કરીને સજા ભોગવે, એ બહારવટિયો નથી. આપણે કાયદાનો સવિનયભંગ કરીએ છીએ ત્યારે બહારવટિયા થઈએ છીએ, કારણ એમાં ઇરાદાપૂર્વક ભંગ રહેલો છે. સવિનયભંગ પણ ઇરાદાપૂર્વક કરે તે બહારવટિયા છે. પણ લાચાર થઈને જે માણસ ચોરી કરે તે તો કાયદાની અંદર છે. એ પ્રમાણે ઈશ્વરના કાયદામાં માણસે મને કે કમને રહેવું જ પડે છે. એ શાશ્વત વસ્તુ અહીં કહેલી છે.

काङ्क्षन्तः कर्मणां सिद्धिं यजन्त इह देवताः ।
क्षिप्रं हि मानुषे लोके सिद्धिर्भवति कर्मजा ।।

કર્મનું ફળ ઇચ્છનારા માણસો અહીં દેવતાઓને પૂજે છે. એ લોકોને કર્મથી ઉત્પન્ન થતી સિદ્ધિ તુરતોતુરત મળે છે.

કામનાનું ફળ મળે જ છે. કામના છે ત્યાં સુધી જન્મમરણનો ફેરો આવે જ. સિદ્ધિનો પ્રયત્ન હોય તો તેનાં પણ ફળ મળે, પણ એ ગ્રંથોમાં વર્ણવ્યાં હોય તે પ્રમાણે જ મળે, એમ નહીં. શાસ્ત્રમાં મંત્ર જપવાનું ફળ કહ્યું હોય તેવું ફળ મંત્ર જપ્યે મળે જ એમ નથી. પ્રયત્ન કરીને માણસ ઈશ્વરના કાયદા શોધે છે. આમ કરીએ તો આવું ફળ મળે એમ શોધી કાઢે છે. એ શોધો બરાબર થઈ હોય તો કદાચ મંત્રમાં કંઈ સાચું પણ પડે. જોકે એનો ઉપયોગ પાખંડીઓ પણ કરે છે. અથવા મંત્ર સાથે કરવાની ક્રિયા બરાબર ન થઈ હોય તો ફળ ન મળે. સર્પના મંત્રો હું નથી જાણતો, પણ એમાં કદાચ કંઈ હોય પણ. કેટલાક કહે છે કે આની પાછળ રહેલા કાયદાઓમાંથી બહુ ઓછા આપણે જાણીએ છીએ. કેટલાક કહે છે કે આપણે એ કદાચ શોધવા રહ્યા છે. અત્યારે દૃશ્ય જગતના કાયદા શોધાઈ રહ્યા છે, પણ એ કાયદા તો અગણિત છે. એ અગણિતને કોણ શોધી શકવાનું હતું? એ પ્રમાણે અદૃશ્ય જગતમાં પણ કાયદા છે. એ અદૃશ્ય જગતના કાયદાઓની–મનની શક્તિઓની–શોધ પણ થાય. એમાં મંત્રોની ઉત્પત્તિ રહેલી છે. પણ જેમ દૃશ્ય જગતને વિશે તેમ એમાં પણ શોધો ખરીયે હોય અને ખોટી પણ હોય અને તે પ્રમાણે એનાં ફળ મળે કે ન મળે.

આ બધું જોઈને ગીતા લખનારે આપણી આગળ મૂકી દીધું કે તમે એ જંજાળમાં પડો જ શું કામ? પડશો તો કદાચ તાત્કાળિક ફળ મળી પણ જશે. એટલે કહ્યું કે જે જગતની જ સિદ્ધિઓને ઇચ્છે છે તે અનેક દેવતાઓને પૂજે છે. પણ એથી તમારો દહાડો નહીં વળે. એથી જગતના સુખનો આંકડો વધશે નહીં. પણ જો નિષ્કામ થઈને કામ કરશો તો મંત્રોની જંજાળમાંથી છૂટી જશો અને તમારે અનેક શાસ્ત્રો પણ નહીં વાંચવાં પડે. એક નાનકડું શાસ્ત્ર બસ થશે, અને તે ઈશ્વરની ભક્તિ – રામનામ. ગીતા પણ બધી નહીં વાંચવી પડે, એનું દોહન બસ થશે. ઈશ્વરના તંત્રમાં – જગતમાં આપણને મળેલી જગાએ જ ગોઠવાઈ જઈએ. જે માણસ કામનારહિત હોય, ઇચ્છારહિત હોય, તેનું કામ કેટલું શોભી નીકળે? અનેક પ્રકારની ઇચ્છાઓને

Gandhi Heritage Portal

લીધે જ આપણે દુ:ખી થઈએ છીએ. જગતમાં માણસો પોતપોતાને સ્થાને નથી રહેતા, તેથી જગતમાં ખળભળાટ થાય છે. જે માણસ પોતાના કાર્યને વિશે તત્પર રહેવાને બદલે અસંતુષ્ટ રહે છે, તે જગતના તંત્રમાં બરાબર ગોઠવાયો નથી. કુટુંબમાં પણ બધા અસંતુષ્ટ રહે તો કુટુંબ અવ્યવસ્થિત થઈ જાય. રાજ્ય પણ અવ્યવસ્થિત થાય. જગતના તંત્રમાં બધા જ કર્મફળ ઇચ્છયા કરે અને કર્મો બદલ્યા કરે તો જગત અવ્યવસ્થિત થઈ જાય; ભોગી માણસ જેમ ચાકૂતી લેવા, ગોળી લેવા ભટકયા કરે છે તેમ. માનસિક ભોગ ઇચ્છીને આપણે જગતમાં ભટકયા કરીએ છીએ. જ્યાં લગી અહંભાવ છે ત્યાં લગી આત્મજ્ઞાનરૂપી અમૃત મળવાનું નથી. એટલે ગીતા કહે છે કે 'હું' 'હું' છોડી જે કામ આવી પડેલું છે તેને શોભાવશો તો ઈશ્વરના દરબારમાં તો ચક્રવર્તી અને પાયખાનું વાળનાર બંનેની કિંમત સરખી છે. જનક રાજા અને એનું પાયખાનું વાળનાર બંનેને ત્યાં સરખી જગા છે. પણ આજનો કોઈ રાજા અને જનકનો ભંગી ઈશ્વરના દરબારમાં ઊભા રહેશે તો ભંગીને કદાચ સુંદર પદ મળશે ને રાજા રહી જશે. ઈશ્વરના દરબારમાં મુગટવાળો ઊંચો ને ઉઘાડા માથાવાળો નીચો, એવો હિસાબ નથી. ઉઘાડું માથું તે ત્યાં મુગટને લાયક ગણાશે ને મણિનો મુગટ હશે તો કશો હિસાબ નહીં રહે. એટલે ગીતાએ કહ્યું છે કે અહંકાર રાખ્યા વિના જેણે કર્મ કર્યું, તેણે બધું કર્યું, તે મોક્ષને લાયક થઈ ગયો.

## ૬૬

મંગળવાર, તા. ૧૧-૫-૨૬

चातुर्वर्ण्यं मया सृष्टं गुणकर्मविभागशः ।
तस्य कर्तारमपि मां विद्धयकर्तारमव्ययम् ।।

ગુણ અને કર્મના ભાગ પાડીને ચાર વર્ણ મેં ઉત્પન્ન કર્યા છે. ચાર વર્ણ તે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર. બ્રાહ્મણ કેવો હોવો જોઈએ? બ્રાહ્મણના ગુણ કયા હોય? બ્રાહ્મણમાં વિશેષે શું હોવું જોઈએ? જે બ્રહ્મને જાણે, જેને ઈશ્વરની વધારેમાં વધારે ઓળખ હોય, તે બ્રાહ્મણ. અને બ્રાહ્મણનું કર્મ એ કે લોકોને શીખવે, ઈશ્વરનું દર્શન કરાવે. એ વિશેષ ગુણ ઉપરાંત બીજા વર્ણમાં જે ગુણ હોય, તે એનામાં હોય જ. ક્ષત્રિયનો પ્રજાપાલન એ વિશેષ ધર્મ. ક્ષત્રિય શૂરવીર તો હોવો જોઈએ. વૈશ્ય વેપાર કરે. એ એનો વિશેષ ધર્મ. એ વેપાર ન કરે તો દુનિયાનું કામ કદાચ ન ચાલી શકે. શૂદ્રનો સેવા એ વિશેષ ધર્મ. એની સેવામાં જરા યજ્ઞને—પરોપકારને દાખલ કરે તો એનું કામ થઈ જાય. ઊંચનીચપણા જેવું કાંઈ છે જ નહીં. પાયખાનું સાફ કરનાર નીચો અને ગીતા વાંચનાર ઊંચો એવા ભેદ પાડીએ તો મરી રહીએ. જગતમાં સેવા કરનારાનો જ વર્ગ મોટો હશે. સેવામાં માણસ યજ્ઞ ઉમેરે તો મુમુક્ષુ થયો. શૂદ્રમાં નમ્રતા હોવી જોઈએ એમ કહ્યું છે. નમ્રતા એટલે નીચતા – દીનતા નહીં. એને જગતમાં ઈશ્વર સિવાય બીજા કોઈની નોકરી કરવાની નથી.

જે માણસને કરવાપણું રહે છે, તેનામાં ફેરફારો થયા કરે છે. ઈશ્વર નિરંજન, નિરાકાર છે. નથી એનું ઊંઘવાનું, નથી ખાવાપીવાનું. એને હલનચલન નથી, છતાં બધું કરનાર એ છે. હવામાં ફેરફાર થયા તેથી વાવાઝોડું થયું એમ વિજ્ઞાનશાસ્ત્રી કહેશે. પણ છેવટે કારણોનાં કારણો શોધતાં એ થંભી જ જશે. ઈશ્વર કાયદાશાસ્ત્રી પણ છે, કારણ એ બધા કાયદા ઘડે છે. પણ એ સંપૂર્ણ છે, એટલે એને કંઈ કરવાપણું રહેતું નથી. એને પોતાને કાયદા તોડવાપણું નથી. એ બધી વસ્તુઓમાં ઓતપ્રોત થઈ રહે છે. તેથી ઈશ્વરનો કાયદો એ જ ઈશ્વર બની રહે છે. એ

Gandhi Heritage Portal

ચેતનમય છે. એટલે કાયદો એ જ ચેતન છે, એ જ પરમેશ્વર છે. એ કર્તા છે અને કર્તા નથી. જગત કંઈક વ્યવસ્થાથી ચાલે છે. એટલે એ વ્યવસ્થાપક છે એમ માનો. પણ એ કર્તા છતાં અકર્તા છે એમ એણે કહી દીધું છે, અને એ એની અલૌકિકતા છે.

न मां कर्माणि लिम्पन्ति કર્મનું ફળ મને વળગતું નથી, કારણ કર્મના ફળની મને ઇચ્છા નથી. યંત્રમાં દરેક વિભાગ ચલાવ્યો કે ચાલ્યા જ કરે છે. એમ યંત્રની પેઠે આપણે કામ કરીએ ત્યારે એ પુરુષાર્થ થયો કહેવાય. ત્યારે ઈશ્વરસાક્ષાત્કારની લાયકાત મળે.

## ૬૭

બુધવાર, તા. ૧૨–૫–૨૬

न मां कर्माणि (ચાલુ)–ઈશ્વર યંત્રની માફક કામ કરે છે. કાયદો પણ એ જ છે. કાયદાનો કરનાર અને ચલાવનાર પણ એ જ છે. એમાં કેટલી સુવ્યવસ્થા રહેલી છે! ઈશ્વરને કાયદો તોડવાપણું કે ચલાવવાની ઇચ્છા કરવાપણું નથી. એ તંત્ર અનાદિકાળથી ચાલતું આવ્યું છે. જ્યારથી ઈશ્વર થયો – જો ઈશ્વરને વિશે 'થયો' કહી શકાય તો – ત્યારથી કાયદો થયો ને ચાલ્યો છે. એવી સ્થિતિ પણ ઈશ્વરને વિશે આપણે કલ્પેલી છે. એને કદી કર્મ સ્પર્શ કરી નથી શકતું, કારણ એને કશા કર્મને વિશે ઇચ્છા નથી. યંત્રમાં જેટલા ભાગ હોય છે તે બધા નિરંતર કામ કર્યા જ કરે છે. યંત્ર પાછળ ઊભેલો માણસ યંત્રને ચલાવે છે. અહીં કલ્પના વધારે છે કે યંત્ર ને યંત્રનો ચલાવનાર બંને ઈશ્વર પોતે છે. યંત્રને વિશે કોઈ કહી શકે કે એને કર્મનો સ્પર્શ થવાપણું કે ફળ મેળવવાપણું છે? યંત્ર તો ચાલ્યા જ કરે છે. એમ આપણે આપણા કાર્યને વિશે તન્મય થઈ જઈએ – કાર્ય એ જ અને કર્તા પણ એ જ, એમ થાય એટલા તદાકાર થઈએ. પણ કર્તવ્ય શું એ શોધી લેવું જોઈએ. વિષયી માણસ વિષયમાં તદાકાર થાય છે – એટલો તદાકાર કે એ વિષયમૂર્તિ બની જાય છે. એનો સ્પર્શ પણ મુશ્કેલ થઈ જાય છે. એવા તદાકાર આપણે નથી થવાનું. આપણું કર્તવ્ય આત્મસાક્ષાત્કાર કરવાનું છે. એને વિશે તદાકાર થવું જોઈએ. એવા માણસમાં વિકાર અસંભવિત હોય અને આખરે તો એ ઈશ્વર બને. ઈશ્વરને વિશે તદાકાર થઈએ, યંત્રરૂપ થઈએ, ઈશ્વરના હાથમાં માટીના પિંડરૂપ બનીએ તો ઈશ્વર બની જઈએ એમાં નવાઈ શી? ઈશ્વરની સાથે ભેદ જ ન રહે એટલા તદાકાર થવું જોઈએ. એ કેમ થવાય તે અહીં બતાવ્યું છે. તેથી કહ્યું છે કે મને કર્મ સ્પર્શી નથી શકતાં, કારણ મને કર્મની ઇચ્છા નથી.

इति मां योऽभिजानाति એ પ્રમાણે જે જાણે તે કર્મથી બંધાતો નથી. શાને બંધાય? ઈશ્વરનો કાયદો જાણે તે કર્મ કરતાં પણ ઇચ્છા ન રાખે. આપણે થાકીએ છીએ શાને? કારણ આપણને કામ કરતાં 'હું' રહી જાય છે, એમ ન હોય તો ધાલાવેલી કે ચિંતા ન થાય. આપણે એવી રીતે કામ કરીએ કે કામ ક્યારે બંધ કરવાનું છે તેની ખબર ન રહે. એમ યંત્રની માફક કામ ચાલતું હોય. એક રોમન કૅથલિક ચર્ચમાં એક સુંદર ચિત્ર – કોઈ શક્તિશાળી માણસે ચીતરેલું – મેં જોયેલું. પ્રાર્થનાનો સમય થયો છે. બાઈઓ ખેતરમાં કામ કરે છે, હાથમાં કોદાળી વગેરે છે. તે ચલાવતાં પ્રાર્થનાનો ઘંટ વાગે એટલે બાઈના હાથમાંથી કોદાળી પડી જાય છે ને પ્રાર્થનાને સારુ શરીરને વાળવું જોઈએ તેમ વાળે છે, ને પ્રાર્થના કરવા માંડે છે. કવિએ – ચિત્રકાર એ કવિ જ છે – કલ્પના કરી છે કે એ યંત્રવત્ કામ કરે છે. કામ કરવું એ એમને પ્રાર્થનારૂપ છે. લૅટિનમાં એક કહેવત છે કે મજૂરી એ પ્રાર્થના છે. જેણે એવો સંકલ્પ કર્યો તેનું શરીર પ્રાર્થનાને

Gandhi Heritage Portal

વખતે વળી જ જાય. ચાર વાગ્યે ઊઠવાનો સંકલ્પ કર્યો હોય તો ચાર વાગ્યે પથારી ફેંકી જ દે. પ્રાર્થનાને વખતે પ્રાર્થના ન કરે તો પરિશ્રમ પડે, દર્દ થાય, બીજું કામ ન સૂઝે.

એટલે સુધી જે કર્તવ્યપરાયણ થઈને કામ કરે તેને કર્મ શું સ્પર્શ કરી શકે? મતલબ કે એને થાકવાપણું નથી. એ હમેશાં તાજો ને તાજો જ રહે છે. કામ કર્યા વિના જેને ચેન ન પડે એવા માણસો કેટલાય હોય છે. એમને આળસ મરડવાનું મન જ ન થાય. કોઈ વાત કરવા આવે તો એને માથાનો ઘા થઈ પડે. એવાને કર્મ સ્પર્શ નથી કરી શકતું.

વિષયી માણસ વિષયમાં તદાકાર થાય છે, પણ થાકી જાય છે, કારણ એને રસ લૂંટવાનો છે. રસ લૂંટવાનો હોય તે થાકે જ. સ્વાદ કરવા ખાય તે માંદો પડે જ; તેને ઉપદ્રવ થાય જ. જેને સ્વાદ ન લેવાનો હોય, જે રસને ખાતર ન ખાતો હોય, તેને શો ઉપદ્રવ થઈ શકે? કરવાનું કામ **રસ** લીધા વિના – કર્તવ્ય માનીને જ – કરવાનું છે. એટલે કરવાનું, એમ જેને હોય, જેને ઇચ્છા જરાયે ન હોય, તેને કર્મનો સ્પર્શ થવાનો નથી. ઈશ્વર આટલું તંત્ર ચલાવતાં છતાં એને સ્પર્શ નથી. એ સ્પર્શની નિશાની ખાવું, પીવું અને શરીર ઘસાવું, એ છે. ઈશ્વરને નિરંતર જાગૃતિ છે. આપણને જાગવાપણું અને ઊંઘવાપણું છે, ખાવાપણું અને ભૂખ લાગવાપણું છે. પણ ઈશ્વર નિરંતર જાગતો છતાં જાગતો નથી, ઊંઘતો નથી, ખાતો નથી. ઈશ્વર કર્તા છતાં અકર્તા છે. આપણા કર્તાપણામાં કંઈક ને કંઈક અભિમાન – હુંપણું – સંકલ્પ રહેલો હોય છે. કામ શરૂ કરતાં આપણે સંકલ્પ કરી લઈએ છીએ, કરી લેવો પડે છે. ઈશ્વર ચોવીસે કલાક અચૂક જાગતો રહી શકે છે. આપણી એ સ્થિતિ નથી. છતાં એ સ્થિતિનો આદર્શ રાખીએ તો સારામાં સારું કાર્ય થઈ શકે. તેથી કહ્યું: योगः कर्मसु कौशलम् એટલે કે યોગારૂઢનું કામ, ધાલાવેલી કરનારના કરતાં સારું જ થાય છે.

एवं ज्ञात्वा कृतं कर्म पूर्वैरपि मुमुक्षुभिः ।
कुरु कर्मैव तस्मात्त्वं पूर्वैः पूर्वतरं कृतम् ।।

એમ જાણીને પૂર્વના મુમુક્ષુઓએ કામ કરેલું છે. ઈશ્વરનો સાક્ષાત્કાર કરવો એટલે ઈશ્વરની જેમ કામ કરવું, એક નિષ્ઠાથી, નિરંતર જાગ્રત રહીને. મનુષ્યશરીરમાં રહ્યા છતાં થઈ શકે એટલું ઈશ્વરનું અનુકરણ કરવું. એ પ્રમાણે પૂર્વજોએ કરેલું. તે પ્રમાણે તું પણ કર. (એટલામાં . . . એ ઝોકું ખાધું હશે, તેને કહ્યું: મનુષ્ય વ્રતનો બનેલો છે. ઈશ્વરને વ્રત લેવાપણું નથી. અહીં ન સૂવાનો સંકલ્પ કરી જ લેવાનો. અહીં સૂઈને મને દુ:ખ દઈ જ ન શકાય.) અર્જુનને **સ્વજનને** મારતાં ધર્મ સૂઝયો એ કેવું? એટલે એણે ટકોર કરી છે કે ન સૂઝવો જોઈએ, કારણ પૂર્વજોએ કર્મના ફળની ઇચ્છા રાખ્યા વિના કર્મ કર્યાં છે. એમ કર્યે કર્મનું બંધન નથી લાગતું. મારું જ જોને. હું ચાતુર્વર્ણ્ય રચું છું, છતાં મને બંધન નથી. કારણ હું નિરાળો રહું છું. તે પ્રમાણે તારે પણ કરવું.

તમારે નિશાળિયાઓએ પણ પૂર્વના બ્રહ્મચારીઓ જેટલી નિષ્ઠાવાળા બનવું જોઈએ. એ બ્રહ્મચારીઓ તો એવા હતા કે બટુક છતાં પણ પ્રૌઢ જેવા લાગે. ચાળીસ વર્ષથી પણ વધારેની વાત છે. પણ મને બરાબર યાદ છે કે અમારે ત્યાં ભટ ન હોય ત્યારે ભટનો નાનો દીકરો ભાગવત વાંચે, અને બહુ સરસ વાંચે. એવું એને ઘરમાં શિક્ષણ મળેલું. એ માંડ બારપંદર વર્ષનો હશે. પૂર્વના બ્રહ્મચારીઓ જેમ કરતા હતા તેમ આજના કહેવાતા બ્રહ્મચારીઓએ કરવાનું છે. સોટીની માફક સીધા બેસવાનું છે. એક મહિનો બરાબર પ્રાર્થનામાં પરોવાવું. પછી પ્રગતિ જણાશે. અહીં બેસીને ધાલાવેલી થાય એ શું? અહીંથી ઊઠીને પથારીમાં પડશું એમ થાય એ શા કામનું?

Gandhi Heritage Portal

કર્મ કરીને મારી પર ઢોળી દે. તું શું કરે છે? કરનાર તો હું જ છું. તું જ ઊંઘણશી રહેશે. તારે હાથે તો દુરાચાર થાય છે. દુરાચારની કે ઊંઘની પ્રેરણા મેં થોડી જ કરી છે? હું તો સારી પ્રેરણા જ કરું છું. શેતાન છે તે ઊંઘવાની, ગાળો દેવાની, આદર ન રાખવાની, કાંતવાને નામે ફોસલાવવાની પ્રેરણા કરે છે.

૬૮

ગુરુવાર, તા. ૧૩–૫–'૨૬

किं कर्म किमकर्मेति कवयोऽप्यत्र मोहिताः ।
तत्ते कर्म प्रवक्ष्यामि यज्ज्ञात्वा मोक्ष्यसेऽशुभात् ।।

કર્મ શું, અકર્મ શું, એ વિશે કવિઓ પણ ભ્રમણામાં પડી ગયા છે. એ કર્મ તને હું કહેવાનો છું, જે જાણીને તું અશુભમાંથી—જન્મમરણની ફૂદડીમાંથી ઊગરી જવાનો છે.

ઘાણીના બળદની આંખે પાટા બાંધે છે, તેમ આપણી આંખે પણ પાટા આવેલા હોય છે. એ પાટા હમેશના નથી, પણ ટેવને લીધે આપણે એમાં રહ્યા કરીએ છીએ; જેમ બીકની ટેવનું છે. સિંહનું બચ્ચું બકરાંમાં જ રહેલું એટલે બકરાંની જેમ થથરે. પછી એને સિંહ મળ્યો અને એની આગળ આભલું મૂક્યું, એટલે બચ્ચાએ ગર્જના કરી ને બકરાંમાંથી તરી ગયું. એને પાટા બાંધવા નહોતા પડ્યા, પાટા ચડી જ ગયા હતા. તેમ આપણને પણ અજ્ઞાનરૂપી પાટા ચડી ગયા હોય છે, તેથી ખબર નથી પડતી કે અશુભમાં રહેવું—ફૂદડી ફર્યા કરવી, એ આપણો ધર્મ નથી. આપણો ધર્મ તો ઉત્તરોત્તર ચડીને વિરામ પામવાનો છે. પહોંચવાનું છે ત્યાં લગી ન પહોંચાય, ત્યાં સુધી આરામ નથી. ત્યાં પહોંચ્યા પછી શાંતિ થઈ જાય. એ મોક્ષની શાંતિ છે. હિમાલયની ટોચ પરથી તો બળાત્કારે પણ પડવાપણું છે. હિમાલયની ટોચ જ પડવાની છે. એમાં ફેરફારો થયા જ કરે છે, તેથી એને પડવાપણું છે. મોક્ષમાં ફેરફાર કે પડવાપણું નથી, જન્મમરણના બંધનનો નાશ, જન્મમરણની ફૂદડીમાંથી નીકળી જવું, અશુભમાંથી છૂટી જવું, એ મોક્ષ. સદ્‌ગુરુ મળી જાય ને અજ્ઞાનરૂપી પાટા છોડવી, જ્ઞાનરૂપી આભલું બતાવે તો આપણે કેવા છીએ તેની ખબર પડે,—આપણે ફૂદડી ફરવાને લાયક છીએ કે બીજી કોઈ વસ્તુને, એ જણાઈ જાય. આપણે આ સંસારચક્રમાં ફરવાને લાયક નથી, આપણું પદ ઊંચું છે. એ પદને લાયક ત્યારે થઈએ, જ્યારે અંધારું જાય. ભગવાને કહ્યું કે અશુભમાંથી તું છૂટી જાય એવું બતાવીશ. અત્યારે જે કરે છે, તેથી તો તું બંધાઈ જાય છે. એ બંધનમાંથી અર્જુનને છોડાવવાની શ્રીકૃષ્ણની ઇચ્છા છે. પણ અર્જુને જિજ્ઞાસા ન બતાવી હોત, તરસ ન બતાવી હોત, 'હું મૂઢ જેવો છું, મને કર્તવ્યનું ભાન નથી, મને શ્રદ્ધા છે, મને ધર્મ બતાવો' એ જિજ્ઞાસા અર્જુન ન બતાવત, તો એને શ્રીકૃષ્ણ શું કહેત?

कर्मणो ह्यपि बोद्धव्यं बोद्धव्यं च विकर्मणः ।
अकर्मणश्च बोद्धव्यं गहना कर्मणो गतिः ।।

કર્મ શું, વિકર્મ—નિષિદ્ધ કર્મ શું, અકર્મ—શાંતિ શું, એ જાણવું જોઈએ. કર્મની ગતિ ગહન છે.

कर्मण्यकर्म यः पश्येदकर्मणि च कर्म यः ।
स बुद्धिमान्मनुष्येषु स युक्तः कृत्स्नकर्मकृत् ।।



Gandhi Heritage Portal

કર્મમાં અકર્મ જુએ, અકર્મમાં કર્મ જુએ તે બુદ્ધિમાન, યોગી બધાં કર્મનો કરનારો છે.

કર્મ કરતો છતો કર્મ નથી કરતો એ અહીં સિદ્ધ કરવાનું છે. એ દાખલો મેં પહેલાં આપી દીધો છે કે હું પોતે મમત્વ રાખીને કર્મ કરતો હોઉં તો મારે ગાંડા બની જવાનો પ્રસંગ આવે. પણ હું તો કરું છું તે કર્તવ્ય સમજીને કરું છું એટલે સરી પડે છે. એકેએક છોકરો મને છોડીને ભાગે તોયે મારી આંખમાંથી એક આંસુ સરખું ન પડે. ઊલટો, હું નરસિંહ મહેતાની જેમ નાચું કે 'ભલું થયું ભાંગી જંજાળ' એટલી ઉદાસીન સ્થિતિથી કાર્ય કરીએ, તો ભગવાને કહ્યું એમ કહી શકાય કે ચાતુર્વર્ણ્યનો પેદા કરનાર છતાં હું અકર્તા છું. ત્યાં કર્મ કરતો છતાં અકર્મવાન છે, એ લાગુ પડે.

આ ઘટમાળમાં આપણે પડેલા છીએ. એ તંત્રમાં નિરંતર કામ કરવાનું છે. જેટલો વખત જાગૃતિનો છે, તેટલામાં જે જે કામ કરવાનું આપણે નસીબે આવેલું હોય તે કરી જ છૂટવું જોઈએ. એવી રીતે કરવું જોઈએ કે માણસ ધાલાવેલીમાં પડેલો લાગે છતાં એ પોતે ધાલાવેલીમાં ન હોય, પણ શાંત હોય. ઘટમાળમાં બળદ ચાલ્યા જ કરે છે, છતાં એકે હાંલ્લું ખસતું નથી. હાંલ્લાની જગાએ હૃદય હોય તો ખસી પણ જાય. પણ હાંલ્લું ન ખસતાં શાંત રહે છે. એવી શાંતિ આપણને હોવી જોઈએ. છતાં હૃદયમાં ગડમથલ ચાલતી હોય એટલે કામને છોડીને આરામ લઈએ તો તે અકર્મ નથી, પણ કર્મ છે. એવાનાં બંધન તો સખત થાય છે ને એ મૂઓ પડયો છે. એવો માણસ માને કે કર્મના પ્રપંચમાં પડયો છે તે કર્મનું બંધન બાંધે છે, ને હું છૂટેલો છું, એમ માને તો તે ભ્રમમાં છે, કારણ વિચાર માત્ર એ કર્મ છે. એટલે જ કહ્યું છે કે કર્મની ગતિ ગહન છે. વિચારમાં કર્મ કરે છે તે તો એટલાં પોટલાં બાંધે છે કે પાર નહીં. ઊલટું, જે કર્મમાં તન્મય થયો છે, કર્તવ્ય માનીને કર્મ કરે છે, ન થાય તો શાંત થઈને બેસી જાય છે, તે કર્મનું બંધન ન બાંધતો હોય.

કાલે રાત્રે . . . વગેરે છોકરાઓને મેં ઠપકો દીધો પછી . . . એ મને કહ્યું કે તમારા સાદમાં તીખાશ આવે છે, એટલો રોષ જ ના? મેં કહ્યું, હું ઈશ્વર થોડો જ છું? હું તો પ્રયત્નવાન છું. ગુરુ થવાની મારી લાયકાત નથી. મારામાં ઈચ્છાઓ રહેલી છે, તેથી હું ઊકળી જાઉં ત્યારે સાદ મોટો નીકળે. મેં રાગ માત્રનો ત્યાગ કર્યો હોય ત્યારે કામ તો એટલું જ થાય, પણ સાદ તો એક જ જાતનો હમેશાં નીકળે. એ સ્થિતિ હું ઇચ્છું છું. સાચું છે કે કોક વાર મારો સાદ જરાક ઊંચો ચડે છે, આંખ જરાક ફરી જાય છે. એ તો અર્જુને ભગવાનને પૂછયું એવી વાત છે કે માણસ વિકારને વશ બળાત્કારે કેમ થાય છે? મારામાં કામ, ક્રોધ રહેલો છે. આ કહીને હું સમર્થન તો એનું કરવા માગું છું કે જેટલે દરજ્જે કર્મમાંથી ફળની આશા રાખ્યા વિના કામ કરીએ તેટલે દરજ્જે અકર્મ થઈએ. હું કાયર થઈને નાસી જાઉં, . . .—ન માને ત્યારે દુઃખી થાઉં કે અવાજ ઊંચો કરું તો મેં કર્મનું બંધન બાંધ્યું. મેં એક કર્તવ્ય લીધું, છોકરાં રાખ્યાં, પ્રજા ઉછેરવામાં ભાગ લીધો, હવે ભાગું તો કેમ ચાલે? હિમાલયની ટોચ પર બેસી શાંત થાઉં તો ઇન્દ્રિયારામ બની કર્મનું બંધન બાંધું. એટલે આમાં રહ્યે જ છૂટકો. એમાંથી જ મોક્ષ સાધવો રહ્યો. ક્રોધરહિત, મોહરહિત, વધારે જાગ્રત, અતન્દ્રિત થાઉં તો કર્મ કરતો છતાં હું અકર્મી છું. એમાંથી બન્ને વ્યાખ્યા મળી રહે છે. કર્મ કરતાં છતાં અકર્મી, અને અકર્મ માનતો છતાં કર્મનું બંધન બાંધનારો.

આ દાખલો સૌએ ઘટાવી લેવાનો છે. મારો તો એમાંથી છેદ જ ઉડાવી નાખવો જોઈએ. મારો દાખલો આપીને તો મેં બતાવી આપ્યું છે કે આપણે સૌ અધૂરા છીએ. વિવેકને કે

Gandhi Heritage Portal

લોકાચારને વશ થઈને નહીં, પણ ઉદાસીન થઈને હું કહું છું કે હું અધૂરો છું. એ વિવેક નથી, પણ તદ્દન સત્ય છે. મારામાં રાગ, ક્રોધ નહીં હોય ત્યારે ત્યારે તમે મને શાંત જોશો—વધારે શાંત જોશો. એને સારુ પ્રયત્ન કરી રહ્યો છું. એ શાંતિને પહોંચી શકીશ એમ લાગે છે. આ જમાનામાં આપણું પોતાનું માપ કરવાનું સાધન નથી. એને સારુ ગીતા લખાયેલી છે. ગીતા કહે છે કે યંત્રની જેમ કામ કરો ને કામમાં ચેતન રેડી દો.

## ૬૯

રવિવાર, તા. ૨૩–૫–૨૬

કર્મણ્યકર્મવાળા શ્લોકનું પહેલું ચરણ વધારે વિચારવું જોઈએ. આગલા શ્લોકમાં જોઈ ગયા કે કોઈ પણ મનુષ્ય ક્ષણભર કર્મ કર્યા વિના રહેતો નથી. એટલે જીવવાની ક્રિયા પણ કર્મ છે. ખાવું, બોલવું, વિચારવું, સૂવું એ બધું કર્મ છે. (. . . શાંતિ મેળવવા ગયા ત્યારે વિચારને પણ રોકવાનો પ્રયત્ન કર્યો હતો, એમ કહેતા હતા, કારણ વિચાર કરવો એ પણ કર્મ છે.) આમ કર્યા વિના કોઈ રહી નથી શકતું. છતાં કર્મ અને અકર્મના ભેદ પાડ્યા. યોગી અને સામાન્ય મનુષ્યના ભેદ પાડ્યા. રાત્રિ-દિવસના ભેદ પાડ્યા. અને બતાવ્યું કે શરીરની જે ક્રિયા પોતાની મેળે થાય છે તે બધી અકર્મ છે, એટલે કે તે કર્મ કરતો છતો તેનું બંધન નથી બાંધતો. અત્યારે ભગવદ્‌ગીતાનું વિવેચન કરી જાઉં છું, એમાં બાળકો સમજે અને વર્તન કરે, એ હેતુ છે, એટલે જરૂર એ કર્મ છે. મેં શિક્ષણ આપવાનું કામ લીધું હોય અને ગીતા શીખવવાનું મને તદ્દન સ્વાભાવિક થઈ જાય તો તે જ સામાન્ય રીતે કદાચ અકર્મ કહેવાય. એમ છતાં પણ એ પેલી યુક્લિડની સીધી લીટીની વ્યાખ્યા જેવું થયું. તેમ જ પેલું પણ કામચલાઉ અકર્મ કહેવાય. કામચલાઉ અકર્મ ત્યારે જ કહેવાય કે એ કર્મ પરોપકારાર્થે, પારમાર્થિક દૃષ્ટિએ હોય. ખાવાની અને શ્વાસ લેવાની ક્રિયા પારમાર્થિક દૃષ્ટિએ ત્યારે જ થતી કહેવાય કે આ દેહ સમજપૂર્વક કૃષ્ણાર્પણ કરેલો હોય. આ દેહ પોતાનો નથી, ઈશ્વર એને પોતાની ઇચ્છા પ્રમાણે નચાવે છે. એવી જ સમજથી જે વર્તે છે તેણે ઈશ્વરનો સાક્ષાત્કાર કર્યો છે. એવી વૃત્તિથી કરેલાં બધાં કર્મો અકર્મ છે. તે સિવાયનાં બીજાં અકર્મ હોય તોપણ કર્મ છે. યોગીએ વિચારના ઘોડા ઘડવાનું બંધ કર્યું હોય તોપણ તેની સમાધિ કર્મરૂપ હોઈ શકે. કારણ તેણે તે સમાધિ પોતાની તંદુરસ્તીને અર્થે કરેલી હોય. ક્ષયરોગી આવી સમાધિ લે છે. તેનો હેતુ સ્પષ્ટ રીતે રોગમુક્ત થવાનો છે. તેનું એ કર્મ પારમાર્થિક નથી. પારમાર્થિક તો તે જ કર્મ કે જેનો હેતુ કેવળ ઈશ્વરદર્શન છે; અને એ હેતુ પણ સ્વાભાવિક ફળરૂપે જ નીપજે છે. કરનાર માણસને એનો લવલેશ પણ વિચાર ન હોય. તેના કર્મમાં ઈશ્વરદર્શનની જ ધાલાવેલી હોય; બીજો વિચાર ન હોય. તે દેહનું ભાન ભૂલી જાય છે; જેમ કે ગોપીઓ. વિષયાસક્ત પણ દેહનું ભાન ભૂલે છે, પણ તે સીધો નરકમાં જાય છે, કારણ તેને તો વિષયનું દર્શન કરવું છે, ઈશ્વરનું નથી કરવું. વિષયી માણસ વિષયનો અનુભવ લે છે અને પછી ઈશ્વરનો તે અનુભવ લે છે ત્યારે તેને લાગે છે કે પેલામાં તદાકાર થતો જ હતો, તેને બદલે આમાં થવામાં વધારે સુખ છે. પેલામાં ભાન ભૂલવાથી હું શિથિલ બનતો હતો. આમાં ભાન ભૂલવાથી હું તેજસ્વી બનું છું. તે ત્યાર પછી કર્મમાં શિથિલ નથી બનતો, પણ કુશળ બને છે. પારમાર્થિક અને ઈશ્વરાર્પણ બુદ્ધિથી પોતાનાં બધાં કાર્યો કરનાર અકર્મવાન છે. જેમ બાદશાહની વતી ન્યાયાધીશ ન્યાય આપે છે, ફાંસી દેનાર ફાંસી દે છે, તેમ આ વિશ્વરાજ્યમાં પણ ઈશ્વરના ગુલામ બનીને તેના દોરવ્યા દોરવાઈએ છીએ, એવી વૃત્તિ કરીએ તો કર્મમાત્ર પારમાર્થિક થાય છે.

Gandhi Heritage Portal

यस्य सर्वे समारम्भाः कामसंकल्पवर्जिताः ।
ज्ञानाग्निदग्धकर्माणं तमाहुः पण्डितं बुधाः ।।

જે મનુષ્યના બધા સમારંભ કામ અને સંકલ્પથી વર્જિત થયા છે, જેના બધા આરંભો સ્વાભાવિક જ છે, જે મનુષ્યનાં કર્મો જ્ઞાનરૂપી અગ્નિ વડે બળી ગયાં છે, (જે વસ્તુની ઉત્પત્તિ અને નાશ છે તેમાં ચેતન છે, એટલે કે પથ્થરમાં પણ ચેતન છે, પણ તે અકર્મી છે, છતાં તેમાં જ્ઞાન નથી) એ માણસ પથ્થરની જેમ કામ ન કરતાં છતાં, પોતે બહુ કર્મ કરતો છતાં તેનાં બધાં કર્મો જ્ઞાનાગ્નિથી બળી જાય છે. ઈશ્વરની પૃથ્વી નિરંતર ચાલતી છતાં સ્થિર લાગે છે; જોઈને તમરી આવે એટલી બધી ગતિ છતાં એ આપણને સ્થિર લાગે છે તેમ. ટાઈપરાઈટર ઉપર ટાઈપ કરવું સ્વાભાવિક થઈ જાય ત્યાર પછી આંખે જોયા વિના આંગળી ટાઈપ ઉપર પડયા કરે છે — એવું સ્વાભાવિક જેને કાર્ય થઈ જાય છે, એવી રીતે ચેતનમય રહીને જે કર્મ કરે છે તે બુદ્ધ કહેવાય.

## ૭૦

બુધવાર, તા. ૨–૬–૨૬

મંગળવાર તા. ૨૫–૫–૨૬થી મંગળવાર તા. ૧–૬–૨૬ સુધી વિનોબા આવ્યા તેને લીધે ગીતાનું મુલતવી રહ્યું.

હવે કેટલાંક અકર્મનાં દૃષ્ટાંતો આપ્યાં છે. (એટલામાં એક ગાંડો માણસ પ્રભુ પ્રભુ કરતો આવ્યો. એ માણસની બેભાન સ્થિતિ છે, અને બોલે છે.) તેને ઉદ્દેશીને કહ્યું કે આપણે કામ ગમે તેટલું કરતા હોઈએ છતાં તેનું ભાન ન હોય — મનખા દેહમાં આપણે આત્માને ઓળખવો છે — સુદામાની જેમ સ્વભાવથી જ આત્માને ઓળખવો. અનુભવી સુથાર આપોઆપ પાટિયું ઘડે અને પુસ્તક-જ્ઞાનવાળો ન ઘડી શકે — તેમ જેને સ્વાભાવિક કામ કરવાની ટેવ પડી ગઈ હોય તે કામ કર્યે જ જાય છે, અને છતાં નિર્લેપ રહે છે. એવા માણસનો દાખલો यस्य सर्वे समारम्भाःમાં આપ્યો છે. આંખને મટમટાવવામાં કાંઈ પરિશ્રમ લેવો પડતો નથી, તેમ કર્મો સ્વાભાવિક થઈ જવાં જોઈએ. જેના વિચારો એટલા કાબૂમાં આવી ગયા હોય કે તેને એકે મલિન વિચાર ન આવે, તે શબવત્ વિચરે. આપણને શબવત્ લાગે, કારણ તેનામાં કામના કે સંકલ્પ નથી, રાગ-દ્વેષાદિ નથી; તે અકર્મી છે.

મારું તો ગીતા શીખવવાનું કામ સંકલ્પવાળું છે; છોકરાઓ શીખે એ હેતુ છે.

त्यक्त्वा कर्मफलासङ्गं नित्यतृप्तो निराश्रयः ।
कर्मण्यभिप्रवृत्तोऽपि नैव किंचित्करोति सः ।।

કર્મના ફળની આસક્તિ જેણે તજેલી છે, જે નિત્ય તૃપ્ત છે, જેને કદી ઘટાડો-વધારો થતો નથી, જે સદા સંતુષ્ટ છે, એવો માણસ કર્મની અંદર ખૂબ રચ્યોપચ્યો હોવા છતાં કંઈ જ કરતો નથી. જેમ નરસિંહ મહેતાએ કહ્યું છે કે પ્રેમરસની જતિસતીને ખબર પડતી નથી. એવા કોઈ આવે અને આપણને ચોવીસ કલાક રેંટિયા ચલાવતા જુએ તો તેને થાય કે આ માણસો તો પાગલ થયા છે. આમને પૂજાપાઠ સૂઝતા જ નથી. છતાં ગીતાજીના આધારે આપણે કહી શકીએ કે આપણે કંઈ કામ કરતા ન હતા, કારણ તેમાં આપણને કશો સ્વાર્થ ન હતો, આપણે તે ધર્મ સમજીને કરતા હતા, કેવળ શ્રદ્ધાથી કરતા હતા. જ્યારે ચોમેર અશ્રદ્ધા ફેલાયેલી છે ત્યારે પણ એવી શ્રદ્ધાથી કરવું કે એમાં સ્વરાજ્ય છે, એ આપણી નિત્ય તૃપ્તતાની દશા

Gandhi Heritage Portal

બતાવે છે. જેઓ રેંટિયાને વિશે આ બધું આરોપણ કરીને મંડયા જ રહેતા હોય તેઓને જ આ લાગુ પડે છે.

निराशीर्यतचित्तात्मा त्यक्तसर्वपरिग्रहः ।
शारीरं केवलं कर्म कुर्वन्नाप्नोति किल्बिषम् ।।

જે કોઈ પણ જાતની આશા નથી રાખતો, જેનું ચિત્ત સ્થિર થયેલું છે અને જેણે બધા પરિગ્રહ છોડયા છે, એ માણસને જ શરીરનો ભાર લાગતો નથી. એ કેમ થતું હશે? શરીર પણ પરિગ્રહ છે. એને આપણે એવી રીતે વાપરતા હોઈએ કે કાલે પડી જતું હોય તો આજે જાય. એવી સ્થિતિ રહે તો શરીરનો ભાર ન લાગે. લાધા મહારાજે શરીરરૂપી પરિગ્રહની ચિંતા છોડી દીધી હતી અને ચોવીસે કલાક શિવજીનો જપ કરતા હતા, તેમ શરીરને અર્થે, શરીરને ભાડું આપવા જોગ જ જે માણસ કર્મ કરે – ભોગ ભોગવવાને નહીં – તે માણસ કર્મ કરતો છતો પણ પાપ નથી સંઘરતો.

## ૭૧

ગુરુવાર, તા. ૩-૬-૨૬

પેલા शारीरं केवलं कर्म કરનારને કર્મનું ફળ નથી. એટલે ફળ નથી આવતું એમ નહીં, પણ ફળને તે વહોરતો નથી. એટલે આત્માને વિશે તે કર્મનું આરોપણ કરતો નથી. દા. ત. ગીતા હું સાંભળું છું. ગીતાજી સાંભળતાં નમ્ર ભાવ રાખીએ, કારણ સાંભળવાનું કર્તવ્ય જ છે; ફળ તો અજાણ્યે આવ્યા જ કરશે. જેમ બીજને વાવ્યું હોય તે ઊગ્યાં જ કરે તેમ. પણ બીજને અહંકાર નથી હોતો. જે વસ્તુઓ આપણને પશુ સાથે સમાન છે તેટલે દરજ્જે આપણે પશુ છીએ, પણ એવી કેટલીક બાબતો છે કે જેમાં આપણે પશુથી જુદા છીએ. આપણામાંથી કર્તાપણાનું અભિમાન ચાલ્યું જવું જોઈએ. જેમ રોજનીશી લખનાર માણસ એમ નથી વિચારતો કે મારો હાથ આજે આટલી વાર ચાલ્યો, તેમ જ આપણું કાર્ય માત્ર સ્વાભાવિક થઈ જવું જોઈએ.

ભારેમાં ભારે પુણ્યકર્મ પણ પાપરૂપ થઈ પડે છે. કોઈ પુણ્યના ફળે રાજા જન્મે તોયે શું? કારણ રાજા જન્મવામાં કશો સાર નથી. ગરીબ અને રાજા જન્મવું એ બે વસ્તુના છેડા છે. આપણે પ્રયત્નપૂર્વક જાગવાની વાત કરીએ છીએ, તે તો જાણે આજના શ્લોકની વિરુદ્ધ વર્તતા હોઈએ એમ લાગે. પણ એ આપણને સ્વાભાવિક થઈ જાય, તે ખાતર આપણે એ કરીએ છીએ; જેમ સાત્ત્વિક પ્રવૃત્તિ કરીને આપણે રજ અને તમની પાર જવા ઇચ્છીએ છીએ તેમ.

शारीरं કર્મ એટલે શરીરનિર્વાહનું કાર્ય. એને ઝાઝું પંપાળીએ છીએ એટલે બ્રહ્મચર્યાદિનું પાલન મુશ્કેલ થઈ પડયું છે. જે વસ્તુ સ્વાભાવિક થઈ પડવી જોઈએ તેને આપણે કઠણ કરી મૂકી છે. બ્રહ્મચર્યનું પાલન ન કરવું એ માણસનો સ્વભાવ નથી. આપણે શરીરને અને આત્માને એક માની બેસીએ છીએ ત્યારે વિષય ભોગવવાની વાત આવે છે, પણ શરીરને જડ માનીને તેને નભાવવાનો જ વિચાર કરીએ તો એ વાત ન આવે. શરીરને આત્માનું મંદિર માન્યા પછી આપણામાં વિષયવિકાર શા સારુ આવે? કોઈ અર્ધો કલાક લખવાનું કામ કરીને નિર્વાહ કરે કે? ના. તે ચોર છે. મન આત્માનું કામ કરે છે, શરીર પણ કરે છે, પણ શરીરનો નિભાવ તો શરીરના કામથી જ થાય. ભણાવવાનું કે શીખવવાનું કામ પણ નિર્વાહનું સાધન ન હોય. ખેતી કે એવું કંઈ પણ કાર્ય શરીરકર્મ છે.

Gandhi Heritage Portal

यदृच्छालाभसंतुष्टो द्वन्द्वातीतो विमत्सरः ।
समः सिद्धावसिद्धौ च कृत्वापि न निबध्यते ।।

સહેજે જે કાંઈ મળે તેથી જે સંતોષ માને છે, જે દ્વન્દ્વાતીત એટલે સુખદુ:ખાદિને ઓળંગી ગયો છે, જેને મત્સરાદિ નથી અને જે સિદ્ધિ અને અસિદ્ધિ વિશે સમ રહે છે, તટસ્થ રહે છે, નિર્વિકાર રહે છે, — અનુકૂળ વસ્તુ મળે ત્યારે ઠેકડા ન મારે અને પ્રતિકૂળ મળે ત્યારે રડવા ન બેસે, — તે માણસ કર્મ કરતો છતો કર્મ નથી કરતો, એટલે કે તેનાથી બંધાતો નથી.

गतसङ्गस्य मुक्तस्य ज्ञानावस्थितचेतसः ।
यज्ञायाचरतः कर्म समग्रं प्रविलीयते ।।

જે માણસ આસક્તિરહિત કામ કરે છે, તે મુક્ત છે, એટલે કે કર્મબંધનથી છૂટેલો છે. જ્ઞાન વડે જેનું ચિત્ત સ્થિર થયેલું છે, જે કેવળ યજ્ઞ ખાતર કર્મ કરે છે તેનું બધું કર્મ ભસ્મ થઈ જાય છે.

ખાવાનું પણ આપણે જ ખાતર ખાતા હોઈએ તેના કરતાં મરી જવું બહેતર છે. એટલે ખાઈએ છીએ, પીએ છીએ, એ પણ ઈશ્વરને અર્થે, આત્માર્થે યજ્ઞાર્થે, — એવી સ્થિતિ થાય તો અકર્મ થવાય.

## ૭૨

શુક્રવાર, તા. ૪–૬–૨૬

જપમાહાત્મ્ય : શ્લોકો હજારો વાર શ્રદ્ધાપૂર્વક બોલવાથી તેમની શક્તિ બોલનારને વિશે વધે છે. મુસલમાન કલમો પઢતાં ન થાકે, અને હિંદુ ગાયત્રી પઢતાં અથવા રામ રામ કરતાં અથવા દ્વાદશ મંત્ર જપતાં ન થાકે.

આજના શ્લોકો વિનોબાની સાથે પણ ખૂબ ચર્ચ્યા, પણ મારા મનમાં એ કાંઈ બેસી નથી શકતા. ગીતાજી વેદ પછી લખાયેલી છે, અને તેનો અર્થ કરતાં અનેક પંથ અને વાડાઓએ પોતપોતાનો પક્ષ મજબૂત કરવાનો પ્રયત્ન કર્યો છે. વેદાદિની ક્રિયાને ગીતાજી ખોટી કહી નાખે, એ પણ વધારે પડતું કહેવાય. એટલે ઘણી વાર મેળ મેળવેલા છે. હું તો શું મેળ મેળવું? મારે તો તમારા સંતોષ પૂરતો એ શ્લોકનો અર્થ કરવાનો છે. ગીતાજીના પ્રેરકે ગીતાનો જેટલો અર્થ કર્યો હોય તેટલો જ તેના વારસોએ કરવો, એવો નિયમ તેણે બાંધેલો નહોતો. તેમ યજ્ઞને માટે જે કર્મ કરે, તે કર્મ બધું નાશ પામી જાય છે, એમ કહ્યું છે. સ્વાર્થનો વિચાર કર્યા વિના થયેલું કાર્ય તે યજ્ઞ. હવે જે શ્લોક આવે છે તે આનું પરિણામ છે અને સાધન પણ છે.

ब्रह्मार्पणं ब्रह्म हविर्ब्रह्माग्नौ ब्रह्मणा हुतम् ।
ब्रह्मैव तेन गन्तव्यं ब्रह्मकर्मसमाधिना ।।

જે અર્પણ થાય છે તે બ્રહ્મ, હવિ એ પણ બ્રહ્મ, (અર્પણનો અર્થ યજ્ઞની બધી સામગ્રીઓ એવો કરે છે.) બ્રહ્મરૂપ અગ્નિમાં બ્રહ્મ વડે દેવાયેલું હોય તો તે બ્રહ્મની જેમ વર્તે. બ્રહ્મ અને કર્મનો નિકટ મેળ મેળવે તે બ્રહ્મમાં પહોંચી જાય. આખા યજ્ઞને ઈશ્વરમય કરી મૂકયો તેને કર્મનું ફળ કયાં રહ્યું? તે તો યજ્ઞની કડછી અને આહુતિરૂપ બની જાય છે. તે તો ઈશ્વરને કુંભાર બનાવી અને પોતાને માટી બનાવી, જેવો ઘડો બનાવવો હોય તેવો બનાવવાનું ઈશ્વરને સોંપી દે છે. આમ કર્મની અંદર અકર્મ કેમ થાય તે બતાવે છે.

Gandhi Heritage Portal

## ૭૩

શનિવાર, ૫–૬–૨૬

યજ્ઞના હવે જુદી જુદી જાતના ભેદ આવે છે :

दैवमेवापरे यज्ञं योगिनः पर्युपासते ।
ब्रह्माग्नावपरे यज्ञं यज्ञेनैवोपजुह्वति ॥

કેટલાક માણસ દેવતાઓની પૂજા કરે છે; બ્રહ્મરૂપી યજ્ઞની અંદર બ્રહ્મ વડે યજ્ઞ કરે છે.

વિનોબા કહેતા હતા કે વેદમાં આધાર છે કે બ્રહ્મજ્ઞાનીને યજ્ઞ કરવાપણું નથી રહેતું. જેણે આખા જીવનનો યજ્ઞ કરી દીધેલો છે તેને નવો યજ્ઞ શેનો કરવાનો રહે?

આપણે ત્યાં એક આંધળી સરખી બાઈ આવેલી છે. તેનો કંઠ સારો છે. તે રઘુપતિ રાઘવ રાજા રામ બોલે છે. તામિલબાઈ છે. તેના વરે તેને જવા દીધેલી છે. તે ચતુર પણ લાગે છે. એ બાઈની જે માણસ સેવા કરે તે યજ્ઞ કરે છે એમ માનીએ. એ પરમાર્થનું કામ છે. પણ જે માણસ યજ્ઞ વડે યજ્ઞ કરે એટલે કે જેણે જિંદગીનો યજ્ઞ કરી દીધેલો હોય છે તેને યજ્ઞ માત્ર સ્વાભાવિક થઈ જાય છે. એ માણસ તો તંદ્રારહિત થઈને નિરંતર યજ્ઞ કર્યા કરે છે. જીવમાત્રના દુ:ખની અંદર તદ્રૂપ થઈ જાય છે. તે યજ્ઞ મૂકી દે છે એવો અર્થ નથી. યજ્ઞ કરવાનો તેનો સ્વભાવ થઈ પડે છે; જેમ ઈશ્વરનો સ્વભાવ કનિષ્ઠમાં કનિષ્ઠ માણસની અંદર પણ રહેવાનો છે. કેટલાક કાન આદિ ઈન્દ્રિયોને સંયમરૂપી અગ્નિની અંદર હોમે છે, એટલે કે કાને સાંભળવાનું, જીભે બોલવાનું અને સ્વાદ કરવાનું. આંખે જોવાનું, એ તજી દે છે. કેટલાક શબ્દાદિ વિષયોને ઈન્દ્રિયરૂપી અગ્નિની અંદર હોમી દે છે, એટલે અહીં ઊલટી ક્રિયા થાય છે. આપણાથી કાનને સાવ બંધ ન કરી શકાય, તો ઈશ્વરી શક્તિનાં દર્શન કર્યાં કરવાં. એનો જ અર્થ વિષયોને ઈન્દ્રિયોની અંદર હોમી દેવા, એ છે.

## ૭૪

રવિવાર, તા. ૬–૬–૨૬

કિશોરલાલભાઈ જ્યારે દૂર મઢૂલીમાં રહેતા હતા ત્યારે ઈન્દ્રિયોનો સંયમ કરતા હતા. તેને જ્ઞાનેશ્વરી વાંચે ત્યારે ટ્રેનનો અવાજ આવતો. મારે તેને રબરના ડાટા સૂચવવા પડ્યા. પણ તેણે મનને વાળ્યું અને કહ્યું હવે મારે ડાટા ન જોઈએ.

પણ બાળકોનું કેમ? તેમણે તો ઈન્દ્રિયોને બંધ કરવી જ રહી, કારણ ભારે ધ્યાનાવસ્થા તેમને સહજ નથી. તેવું જ શબ્દાદિ વિષયોનું.

હવે કહે છે કે

सर्वाणीन्द्रियकर्माणि प्राणकर्माणि चापरे ।
आत्मसंयमयोगाग्नौ जुह्वति ज्ञानदीपिते ॥

બધી ઈન્દ્રિયોના વ્યાપાર બંધ કરી, પ્રાણના વ્યાપારને એટલે શ્વાસોચ્છ્વાસને પણ રોકી, સ્થિર થઈને, સમાધિસ્થ થઈ, આત્માનો સંયમ કરી, તેના યોગને જ્ઞાન વડે સળગાવી દઈ બધી ઈન્દ્રિયોને તેમાં હોમી દે છે.

માણસ કોઈ પણ રીતે પોતાના મન વગેરેને રોકી ન જ શકતો હોય, તો તે આ પ્રમાણે કરે. અથવા તો માણસ પોતાના ઉપર ખિજાઈને બધી વસ્તુ બંધ કરે. કેટલાક માણસ બ્રહ્મચર્યપાલનમાં

Gandhi Heritage Portal

સફળ ન થવાથી ખિજાય છે. ઉત્તર ધ્રુવ જનાર માણસ સેંકડો વખત કંટાળ્યા વિના કરોડો રૂપિયા હોમે છે. બ્રહ્મચર્યવાળો બેબાકળો થઈ જઈ આખરે અનશન વ્રત લઈ લે અને કહે કે હું એકે ક્રિયા નથી કરવાનો, કારણ એકે ક્રિયા કરું તો મને મેલની અંદર નાચવાનો વિચાર થાય છે, માટે બધું બંધ કરવું. એ આત્મ-સંયમ-યોગાગ્નિ થયો. આ જડ સમાધિ નથી, આ તો જ્ઞાનની સમાધિ છે. બ્રહ્મચર્યનું પાલન કરવામાં સફળતા મેળવવી એ પ્રસૂતિની વેદના જેવી વસ્તુ છે. સંયમપાલન કરતાં માણસ વિક્ષેપ સહન ન કરે તો ચિડાય છે, એમ આપણે જોઈએ છીએ. એટલે જ હું કહું છું કે એ દૂઝણી ગાય છે, તેની પાટુ આપણે ખાઈએ.

द्रव्ययज्ञास्तपोयज्ञा योगयज्ञास्तथापरे ।
स्वाध्यायज्ञानयज्ञाश्च यतयः संशितव्रताः ।।

કેટલાક દ્રવ્યયજ્ઞ કરનારા (દ્રવ્ય લૂંટાવનારા પડ્યા) છે. કેટલાક તપ કરીને મનરૂપી વાંદરાને કેદ કરે છે. કોઈ યોગ, સ્વાધ્યાય, વેદાભ્યાસ કરે છે. કોઈ જ્ઞાનયજ્ઞ કરે છે. કોઈ વાંચવાનું છોડીને વિચાર જ કરે છે. મોટાં વ્રતો કરનારા યતિઓ મોટાં વ્રતો પાળીને યજ્ઞ કરે છે.

## ૭૫

મંગળવાર, તા. ૮–૬–૨૬

अपाने जुह्वति प्राणं प्राणेऽपानं तथापरे ।
प्राणापानगती रुद्ध्वा प्राणायामपरायणाः ।।

કોઈ અપાનવાયુ (બહારથી અંદર લઈએ તે)ની અંદર પ્રાણવાયુને હોમે છે. કોઈ પ્રાણમાં અપાનવાયુને રોકે છે. કોઈ બન્નેને રોકે છે. એ બધા પ્રાણાયામપરાયણ છે.

अपरे नियताहाराः प्राणान्प्राणेषु जुह्वति ।
सर्वेऽप्येते यज्ञविदो यज्ञक्षपितकल्मषाः ।।

બીજા નિયતાહાર—આહાર નિયમિત કરી મૂકનારા—પ્રાણને પ્રાણની અંદર હોમી દે છે. આ બધા યજ્ઞ જાણનારા છે અને તેઓએ યજ્ઞ વડે પોતાનો મેલ ધોઈ નાખ્યો છે.

## ૭૬

બુધવાર, તા. ૯–૬–૨૬

यज्ञशिष्टामृतभुजो यान्ति ब्रह्म सनातनम् ।
नायं लोकोऽस्त्ययज्ञस्य कुतोऽन्यः कुरुसत्तम ।।

કામને જીતવો એ પણ યજ્ઞ છે. ગીતાજીએ તો ગમે તેટલાં પરમાર્થનાં કર્મને યજ્ઞ તરીકે ઘટાવી લેવાનું કહ્યું છે. પરોપકાર એટલે બીજાને સારુ કર્મ કરવું. પણ બીજાને સારુ કર્મ કરવું એ તો આભાસ માત્ર છે. આપણે તો આપણું જ કર્મ કરીએ છીએ. આપણે માટે જ કર્મ કરીશું તો જ મટી જઈશું. એટલે પરમાર્થ માત્ર પોતાને માટે છે.

હવે આ યજ્ઞ કર્યા પછી જે ફળ રહે અથવા યજ્ઞ કર્યા પછી જે સમય રહે, તે ફળરૂપી અમૃત ભોગવવાવાળા સનાતન બ્રહ્મને પહોંચે છે. જેણે આખો દિવસ કશું કર્મ નથી કર્યું અને પાડાની જેમ આળોટ્યા કીધું છે, તે જો રાત્રે ઊંઘે તો તે પણ ચોરીની ઊંઘ છે. યજ્ઞ ન કરનારને માટે આ લોક નથી, તો પરલોક તો ક્યાંથી જ હોય? એ માણસ તો અહીં પણ ભ્રષ્ટ અને ત્યાં પણ ભ્રષ્ટ છે.

Gandhi Heritage Portal

૭૭

ગુરુવાર, તા. ૧૦-૬-૨૬

કાલનો શ્લોક ચાલુ. આ શ્લોકનો અર્થ વ્યાપક છે. આ જગતમાં બધાય ખાઈ લે ત્યાર પછી જ ખાવું એ ભાવ છે. જગતમાં દેહધારી છે, ત્યાં સુધી કોકની સાથે તો ભાગ લેવાનો જ રહ્યો. એટલે દેહની ઉપર કંટાળો ઊપજે એનો અર્થ એ કે તે કેવળ પરોપકારમાં જ લીન થાય, અને પરિણામે બ્રહ્મ સનાતનમાં પહોંચે. ઘેટાંના ટોળામાંથી વિખૂટા પડેલા બચ્ચાને ટોળાની સાથે જોડાવાની જેવી ધાલાવેલી લાગે, તેવી જ ધાલાવેલી સનાતન બ્રહ્મમાં પહોંચવાની આપણને હોવી જોઈએ. આથી ઊલટું, પોતાને જ માટે જીવનારા માટે નથી આ લોક કે નથી પરલોક. એટલા જ સારુ તું સ્વજન અને પારકાંનો સવાલ ભૂલી જા. જો તારે કોઈને મારવાના હોય તો આ પણ મારવા લાયક છે.

एवं बहुविधा यज्ञा वितता ब्रह्मणो मुखे ।
कर्मजान्विद्धि तान्सर्वानेवं ज्ञात्वा विमोक्ष्यसे ।।

આ શ્લોકમાં એક અર્થ એવો પણ છે કે 'બ્રહ્મની સમક્ષ આટલા પ્રકારના યજ્ઞ છે.' અહીં વેદની વાત જ ઉડાવી દે છે, કારણ ગીતામાં તો વેદની નિંદા છે. અને એ શ્લોકો વેદમાં ક્યાંય નથી. સામાન્ય અર્થ તો આ જ હોય: 'વેદે આ પ્રકારના યજ્ઞોને કહેલા છે. તે સૌને કર્મથી ઉત્પન્ન થયેલા છે એમ જાણજે, તો જ તું મોક્ષ મેળવશે.' કર્મ-અકર્મની વાત કરીને આ શ્લોકમાં ભગવાને કહી દીધું કે કર્મ કર્યા વિના રહી શકાય એવી સ્થિતિ જ નથી. અહીં અકર્મ થવાય એ વાત નથી. આત્માર્થે થતું દરેક કર્મ, કર્મ છતાં અકર્મ છે. કર્મના ફળનો ત્યાગ કરવો એટલે પારકાને માટે કર્મ કરવું હોય તો ઘોડા જેવા થઈને કરીએ. અને પોતાને માટે કરવું હોય તો તેમાં નિઃસ્પૃહ જડ રહીએ. આ હાર્દિક સ્થિતિ છે, મનોભાવના છે. એ ભાવનાથી જે માણસ ઊંઘવાનું, ખાવાનું, પીવાનું, પાયખાનું સાફ કરવાનું કામ કરશે, તે માણસ મોક્ષ મેળવશે.

एवं बहुविधा यज्ञा वितता ब्रह्मणो मुखे ।
कर्मजान्विद्धि तान्सर्वानेवं ज्ञात्वा विमोक्ष्यसे ।।

एवं बहुविधा કહ્યા એટલે આ તો માત્ર નમૂના દાખલ કહ્યા છે. બીજા અનેક ગીતાજીની વ્યાખ્યામાં આવે તો તે પણ યજ્ઞ ગણાય.

श्रेयान्द्रव्यमयाद्यज्ञाज्ज्ञानयज्ञः परंतप ।
सर्वकर्माखिलं पार्थ ज्ञाने परिसमाप्यते ।।

દ્રવ્યયજ્ઞના કરતાં જ્ઞાનયજ્ઞ કરનાર ઘણું વધારે આપે છે, કારણ જ્ઞાનયજ્ઞમાં દ્રવ્ય અને બધું જ આવી જાય છે. જગતમાં બધું જ્ઞાનની અંદર આવી જાય છે, જડ ચેતનનો છેદ ઊડી જાય છે. દ્રવ્યજ્ઞાનનો વિસ્તૃત અર્થ કરીએ તો દરેક 'દ્રવ્ય'નો યજ્ઞ એમાં આવી જાય છે. જે માણસ આપણને જ્ઞાનથી ભરી દે, જે માણસ આપણા હૃદયમાં ઠસાવી દે કે દેહ આત્માથી જુદો છે, એ માણસે ભારે યજ્ઞ કર્યો કહેવાય.

Gandhi Heritage Portal

## ૭૮

શુક્રવાર, તા. ૧૧-૬-૨૬

तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया ।
उपदेक्ष्यन्ति ते ज्ञानं ज्ञानिनस्तत्त्वदर्शिनः ।।

એ જ્ઞાન તું પ્રણિપાતથી – સાષ્ટાંગ નમસ્કાર કરીને, સમિત્પાણિ થઈને, સેવા કરીને, વખતોવખત પ્રશ્નો પૂછીને – ગુરુની ઠરડ કાઢીને – જ મેળવી શકશે. એ તત્ત્વદર્શી જ્ઞાનીઓ તને જ્ઞાન આપશે.

## ૭૯

શનિવાર, તા. ૧૨-૬-૨૬

तद्विद्धि प्रणिपातेन એ બાળકોને વધુ વિસ્તારથી સમજાવ્યું.

यज्ज्ञात्वा न पुनर्मोहमेवं यास्यसि पाण्डव ।
येन भूतान्यशेषेण द्रक्ष्यस्यात्मन्यथो मयि ।।

જે જાણીને તને ફરી મોહ નહીં થાય, તું સ્વજન-પરજનના ભેદ નહીં પાડે, બધાને વિશે તું સમાનચિત્ત થઈ જશે, જે વડે તું તમામ જીવોને – ભૂત માત્રને તારે વિશે અને મારે વિશે જોતો થઈશ, એટલે ભૂત માત્ર તારાં સ્વજન થઈ જશે. આખું જગત મારામય છે, એટલે તું આખા જગતને મારામય જોશે. જ્યારે તારામાંથી હુંપણું ચાલ્યું જશે ત્યારે તને जले विष्णुः, स्थले विष्णुः, विष्णुः पर्वतमस्तके, આ આખું જગત ઈશ્વરને વિશે છે, એમ જાણ્યા પછી હિંસા-અહિંસાની વાત ક્યાં આવે? ચોર, વાઘ વગેરે પણ આપણામય છે, એ લાગણી થઈ જાય. એ વિના કશું જ્ઞાન નથી થયું, એમ સમજવાનું છે.

## ૮૦

રવિવાર, તા. ૧૩-૬-૨૬

ઉપરના શ્લોકમાં જે જ્ઞાન કહ્યું છે એવું જ્ઞાન આપણને થયું કહેવાય કે નહીં? ધારો કે એ શ્લોક આવતી કાલે આપણે બરોબર મોઢે પણ બોલી શકીએ, તો પછી આપણે તત્ત્વદર્શી કહેવાઈએ કે? એ જ વસ્તુ આપણે બીજાને આપીએ એટલે તત્ત્વદર્શી જ્ઞાની કહેવાઈએ કે? ના. એમ કહેવાથી આ જ્ઞાન નથી થતું. આપણને ખબર પડી કે જગત આપણે વિશે છે, પણ એની કલ્પના સરખી પણ નથી આવતી. એવો ઘૂંટડો આપણને ઊતરતો નથી, એવો અનુભવ થતો નથી. અહીંથી ઊઠ્યા કે તરત આપણે ભેદ પાડતા થઈ જઈશું. જે વખતે આપણને આ જ્ઞાન અક્કલમાંથી ઊતરી હૃદયમાં ઊતરે, – અક્કલનો બારદાન માણસ હૃદયમાં કૃપાનો સાગર હોય – તે જ માણસ આનું અનુભવજ્ઞાન મેળવી શકે. અર્જુનને કહ્યું: આ જ્ઞાન તને જ્ઞાનીઓ આપશે, એટલે અક્કલથી સમજાવશે એમ નહીં, પણ તારામાં શ્રદ્ધા જાગ્રત કરશે. એ શ્રદ્ધાને લીધે જોઈ શકાશે કે નોખું તો બધું મેં મારી અક્કલથી કરેલું છે, પણ ખરી રીતે તો બધું એક જ છે. ઈશ્વર, હું, અને બીજી વસ્તુઓ એ ત્રણ એકમાં સમાયાં. ઈશ્વર પણ મટી ગયો અને નેતિ નેતિમાં સમાયો. એવું સમજે એ માણસનો બધો મોહ ગયો કહેવાય.

Gandhi Heritage Portal

अपि चेदसि पापेभ्यः सर्वेभ्यः पापकृत्तमः ।
सर्वं ज्ञानप्लवेनैव वृजिनं संतरिष्यसि ।।

તું બધા પાપીઓનો શિરોમણિ હશે તોપણ આ જ્ઞાનરૂપી નૌકાથી—'મોહ સ્વયંભૂ રમણ સમુદ્ર તરી કરી' એમ રાયચંદભાઈએ કહ્યું—તું ઝટપટ બધા મોહને તરી જશે.

હાંડલાની અંદર દાળ છે એ જ્ઞાનથી, કે તે દાળ પેટમાં પડ્યાથી પણ ભૂખ ન જાય, પણ તે પેટમાં પડીને પચે અને તેનું લોહીમાં પરિવર્તન થાય ત્યારે જ ભૂખ ભાગી કહેવાય.

यथैधांसि समिद्धोऽग्निर्भस्मसात्कुरुतेऽर्जुन ।
ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात्कुरुते यथा ।।

જેમ સળગાવેલો અગ્નિ લાકડાંને બાળી નાખે છે તેમ જ્ઞાનરૂપી અગ્નિ સર્વ કર્મને બાળે છે.

પહેલું એને નૌકા સાથે સરખાવ્યું પછી એને અગ્નિની ઉપમા આપી. કર્મનાં બંધનને તે બાળી નાખે છે.

## ૮૧

મંગળવાર, તા. ૧૫–૬–૨૬

મારે તો આ ગીતાની નૌકા છે. ગીતા વિદ્વત્તા માટે નહીં, પણ મને સારી લાગી માટે, ગીતા મને ઘડપણમાં પસંદ આવી માટે, મને એકાદ શ્લોકે બહુ મદદ કરી માટે, ગમે તેમ હો.

મનુષ્ય ખાઈને જ નથી જીવતો, પશુ ખાઈને જ જીવે છે. મનુષ્ય વાઘ, સર્પ જેવા લાગે છે, એમ આના કિંગ્સફર્ડ કહેતી. પશુઓ આપણાં ભાઈભાંડુઓ તો છે જ. તેઓ અને આપણે એક જ ઠેકાણેથી આવ્યાં છીએ. પણ તે ખાઈને જીવે છે, માણસ યજ્ઞ કરીને જ જીવે છે. કાંઈ ને કાંઈ યજ્ઞ તો માણસ કરી લે છે જ. એવો રેંટિયો છે. પ્રાર્થના પણ આપણો યજ્ઞ છે. એ આપણું આધ્યાત્મિક શૌચ છે. એ ન થાય ત્યાં સુધી આપણે બેબાકળા થઈ જવા જોઈએ. એ દૃષ્ટિએ જે આવે છે તે જ ગીતાજી સાંભળવા આવે છે, બીજા નહીં. નહીં તો આપણે વિનોબાના કરતાં પણ ભારે પંડિત રોકીએ અને તેની પાસે સંસ્કૃત શીખવા અથવા સમાજમાં પંડિત ગણાવા ગીતા શીખીએ. પણ આપણે તો જીવવા માટે પ્રાર્થના કરીએ છીએ. માણસને રોટલો જેટલો જરૂરનો છે તેટલી જ પ્રાર્થના જરૂરની છે. ખળ માણસ પોતાના કાનથી નિંદા સાંભળે અને આંખે પાપો જુએ, પણ ભલો માણસ કહે છે કે મારા આંખ કાન દશ હજાર હોત તો તે વડે ઈશ્વરનાં દર્શન કર્યા કરત, ભજન સાંભળત, અને પાંચ હજાર જીભે ભજન કરત. આ પ્રાર્થના કર્યા પછી જ મને જ્ઞાનામૃત પીધાની તૃપ્તિ થાય. જે મનુષ્ય થવાને ઇચ્છે તેનો ખોરાક દાળ રોટલો નથી. એ તો યત્કિંચિત્ છે. પણ ખરી વસ્તુ પ્રાર્થના છે. રવિવાર હોય અને સૂતો હોઉં; બા[1] ઊઠો ઊઠો કહે, પણ હું તો પડ્યો હોઉં. બા તો મારી ભોર તાણતી, એ બરાબર નહોતું. ઘણી સ્ત્રીઓ એમ કરે છે. તેમ ન કરવું જોઈએ. પણ મારે માટે બચાવ હતો, કારણ પ્રાર્થના આ રીતે હું નહોતો કરતો. પણ તમને મારી ભૂલ બતાવું છું. રવિવારે સૂતો રહેતો, તેથી સોમવારે કેફ જતી નહોતી. તમે તો બ્રહ્મચારી છો. તમારે તો દરરોજ ઊઠીને પ્રાર્થનામાં આવવાનું જ. બીજી બધી વસ્તુઓ માટે રજા હોય, પણ પ્રાર્થના માટે રજા હોય જ

૧. કસ્તૂરબા ગાંધી.

Gandhi Heritage Portal

નહીં. અર્ધો કલાક સુધી એક જ વસ્તુનો વિચાર આવે અને બીજા કશાનો ન આવે એવી સ્થિતિ થઈ જવી જોઈએ. ઘડીભર આવી રીતે વિચાર કરવાનો સમય તો સૌએ રાખવો જ જોઈએ. એ તો પ્રાણી માત્રની સાથે તન્મયતા સાધવાનો પ્રસંગ છે. બસ, આજે તો આટલી ગીતાની પ્રસ્તાવના થઈ.

## ૮૨

બુધવાર, તા. ૧૬–૬–૨૬

न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ।
तत्स्वयं योगसंसिद्धः कालेनात्मनि विन्दति ।।

આ જ્ઞાનના જેવું પવિત્ર આ જગતમાં કાંઈ જ જોવામાં નથી આવતું (એટલે શુદ્ધમાં શુદ્ધ યજ્ઞ જ્ઞાનનો જ થાય.) યોગ વડે કરીને જે માણસે મોક્ષને માટે લાયકાત મેળવી છે, તે માણસ પોતાની મેળે જ કાળે કરીને પોતાનામાં જ એને મેળવે છે. એ જ્ઞાન તે આત્મદર્શન. એ થયું ત્યારે શરીરકર્મનો ભારો – પીગળીને પાણી થઈ જશે.

श्रद्धावाँल्लभते ज्ञानं तत्परः संयतेन्द्रियः ।
ज्ञानं लब्ध्वा परां शान्तिमचिरेणाधिगच्छति ।।

જેને અખંડ શ્રદ્ધા રહેલી છે તે કેવળ રામનામ લઈને પણ તરી જશે. જાણી જોઈને કેટલાંક માબાપ છોકરાંનાં નામ ભગવાનનાં પાડે છે. તોપણ તેનો ઉદ્ધાર થાય છે. જે તેને વિશે પરાયણ છે, જે સંયમી છે, જે માણસ ચાહે ત્યારે આંખને મીંચી દઈ શકે છે, જે માણસ ઇન્દ્રિય માત્રની ઉપર સંપૂર્ણ અંકુશ ભોગવે છે, તે, એ જ્ઞાન મેળવીને પણ શાંતિ-મોક્ષ-ને સત્વર શીઘ્રતાથી પામે છે.

## ૮૩

ગુરુવાર, તા. ૧૭–૬–૨૬

(એ જ શ્લોક) ગણિતનો દાખલો બુદ્ધિથી ગણાય. તેમાં તેને શ્રદ્ધા હોય કે ન હોય એ ચાલે. પણ આત્મજ્ઞાનની વાતમાં શ્રદ્ધા વિના ન ચાલે. બાળકને પોતાની માતા કે પિતા તરફનો પ્રેમ કરવાને માટે બુદ્ધિ કેળવવાની જરૂર છે કે? નિરક્ષર માતાને પોતાના બાળક પ્રત્યેનો પ્રેમ તેના હૃદયમાં રહ્યો છે. ઈશ્વરના ઉપર ગમે તે સંબંધનો પ્રેમ હોય તે ચાલે. ઈશ્વરી પ્રેમના અંશ માત્ર કવિએ આપણી આગળ મૂક્યા છે. અગાધ સમુદ્રનું જેને ભાન નથી, તેને તેનો ખ્યાલ નદીનાળાં ઉપરથી આપવામાં આવે.

अज्ञश्चाश्रद्दधानश्च संशयात्मा विनश्यति ।
नायं लोकोऽस्ति न परो न सुखं संशयात्मनः ।।

જ્ઞાનની જેને દરકાર નથી, જેને શ્રદ્ધા નથી, એટલે જેને સંશય છે, તે માણસનો વિનાશ છે. તેને નથી આ લોક કે નથી પરલોક.

योगसंन्यस्तकर्माणं ज्ञानसंच्छिन्नसंशयम् ।
आत्मवन्तं न कर्माणि निबध्नन्ति धनंजय ।।

અને જે માણસે યોગ વડે બધાં કર્મોનો ત્યાગ કર્યો છે, અને જ્ઞાન વડે કરીને જેની શંકાનો નાશ થયો છે, તેવા આત્મજ્ઞાની માણસને કર્મો બાંધતાં નથી.

Gandhi Heritage Portal

तस्मादज्ञानसंभूतं हृत्स्थं ज्ञानासिनात्मनः ।
छित्त्वैनं संशयं योगमातिष्ठोत्तिष्ठ भारत ।।

એટલા માટે અજ્ઞાનથી ઉત્પન્ન થયેલા અને હૃદયને વિશે રહેલા સંશયનો જ્ઞાનરૂપી તરવારથી નાશ કરીને તું યોગને – કર્મયોગને – ધારણ કર અને ઊઠ.

## ૮૪

### અધ્યાય પાંચમો

શુક્રવાર, તા. ૧૮–૬–૨૬

અર્જુનની મૂંઝવણ: જ્ઞાનયજ્ઞ કે કર્મયજ્ઞ?

संन्यासं कर्मणां कृष्ण पुनर्योगं च शंससि ।
यच्छ्रेय एतयोरेकं तन्मे ब्रूहि सुनिश्चितम् ।।

તમે એક વખતે કહ્યું, કે કર્મ માત્રનો ત્યાગ કરવો. અને ફરી કહો છો કે યોગ એટલે કર્મયોગ સાધવો. ત્યારે આ બેમાંથી સારું કયું? એ મને દૃઢતાપૂર્વક કહી દો.

અર્જુનને નિમિત્ત વાપરીને વ્યાસજી બતાવે છે કે મહાભારત લખ્યું છે ખરું, પણ યજ્ઞાર્થે અને જે વાંચે તે પણ પોતાના શ્રેય અર્થે જ વાંચશે, તો તે યજ્ઞાર્થે.

## ૮૫

શનિવાર, તા. ૧૯–૬–૨૬

માણસ ખાતો હોય છતાં નથી ખાતો, એમ ક્યારે કહેવાય? ખાતાં ખાતાં નાકમાં કોળિયો મૂકી દે તો? ખાતાં મન રમતમાં હોય તો તે બેદરકાર કહેવાય, પણ ખાવા વિશે નિ:સ્પૃહ ન કહેવાય. પણ આપણે તો સુવ્યવસ્થિત રીતે જેની ખાવાની ક્રિયા ચાલતી હોય તે ખાતો નથી, એમ કહીએ છીએ. તે ક્યારે? જ્યારે તેનું ખાવાનું યજ્ઞાર્થે હોય, જ્યારે તેનું ખાવું કૃષ્ણાર્પણ હોય, જ્યારે તે એવા જ નિશ્ચયપૂર્વક ખાય, કે જે ખાઉં છું તે તારી આજ્ઞાથી ખાઉં છું. અથવા એવો પણ સંકલ્પ કરે કે આ હું નથી ખાતો, પણ શરીર ખાય છે – આત્મા નથી ખાતો, પીતો, ઊંઘતો – એટલે એ ખાવાની ક્રિયા પરોપકારાર્થે હોય; લૂલાં, પાંગળાં, દુ:ખીની સેવાર્થે હોય. એ સેવા ભગવાનની છે, કારણ લૂલાં, પાંગળાં દુ:ખીની અંદર રહેલો ભગવાન પણ લૂલો, પાંગળો, દુ:ખી છે. તેનું એ ખાધેલું એ અકર્મ છે. એ કર્મ તેને બાંધતું નથી. સાધુ થવાને ઇચ્છતા હોઈએ તો સેવા તો કર્યા જ કરવાની છે, કેવળ નિ:સ્પૃહ રીતે. અમુક માણસ આપણી સેવા કોઈ દિવસ કરશે, એ કારણે તેની સેવા ન કરીએ, પણ તેનામાં ભગવાન વસે છે, તેથી તે ભગવાનની સેવા કરી લઈએ. કોઈ ચીસ પાડતું હોય તેની વહારે ધાઈએ. ચીસ પાડતા ભગવાનની વહારે ધાઈએ. સેવા કર્યા પછી સમજીએ કે એ તો સ્વપ્નું હતું. ભગવાન કાંઈ ચીસ પાડે? એમ બધી સેવા પણ સ્વપ્નવત્ થઈ જાય.

ભગવાનને ભોગ ધરનારા કૃષ્ણાર્પણ કરે છે કે? ના. એ તો પોતે ખાઈ જાય છે. એમાં યજ્ઞાર્થે ખાવાપણું નથી. તેનો ઉત્તમ ભાગ બીજાને ખવડાવી દે, અને અંદરનો સાવ નજીવો ભાગ રહેલો તે પોતે ખાય, તો તે માણસ यज्ञशिष्टामृतभुज् કહેવાય.

Gandhi Heritage Portal

संन्यासः कर्मयोगश्च निःश्रेयसकरावुभौ ।
तयोस्तु कर्मसंन्यासात्कर्मयोगो विशिष्यते ।।

સંન્યાસ ને કર્મયોગ બંને શ્રેયસ્કર છે, પણ બંનેમાં કર્મના સંન્યાસ કરતાં કર્મયોગ વિશેષ છે.

૮૬

રવિવાર, તા. ૨૦–૬–૨૬

नेहाभिक्रमनाशोऽस्ति કહીને કહ્યું કે ધર્મના જરા પણ પાલનમાં ક્યાંય આરંભનો નાશ નથી, એમ તો શ્રીકૃષ્ણ કહી ચૂકેલા છે. માણસ કર્મથી દૂર રહી શકતો નથી એટલે કર્મયોગ સાધવો એ એને માટે સહેલું છે. પણ કર્મસંન્યાસ કરવો એ મુશ્કેલ કામ છે, કારણ એમાં જ્ઞાનની વાત રહેલી છે, જ્યારે પેલું તો સામાન્ય માણસ પણ કરી શકે છે. હિમાલયની ગુફા શોધી તેમાં પણ તદ્દન નિષ્ક્રિય થઈને બેસવું એ મહા દુઃસાધ્ય વાત છે. મનને પણ ન ચલાવવા જેટલી સ્થિરતા આણવી એ ભારે વિકટ કામ છે. એટલે ભગવાન કહે છે કે વધારે સારી વાત તો કર્મયોગ છે, કારણ પેલામાં મુશ્કેલી ઘણી છે, એમાં દંભ વધવાનો સંભવ છે, જ્યારે કર્મયોગીને વિશે એવો ભય નથી.

ज्ञेयः स नित्यसंन्यासी यो न द्वेष्टि न काङ्क्षति ।
निर्द्वन्द्वो हि महाबाहो सुखं बन्धात्प्रमुच्यते ।।

કર્મયોગીને વિશેષ શા સારુ કહેવો? કર્મયોગી નિત્ય સંન્યાસી જાણવો. પણ કેવા માણસને? જે દ્વેષ નથી કરતો, ઇચ્છા નથી કરતો, પણ કર્તવ્યમાં જ પરાયણ રહે છે અને નિર્દ્વન્દ્વ રહે છે, એ સહેલાઈથી કર્મમાંથી મુક્ત થાય છે.

सांख्ययोगौ पृथग्बालाः प्रवदन्ति न पण्डिताः ।
एकमप्यास्थितः सम्यगुभयोर्विन्दते फलम् ।।

સાંખ્ય એટલે સંન્યાસ અને યોગ એટલે કર્મયોગ. એ બંનેને અણસમજુ માણસો નોખા નોખા માને છે, પણ પંડિતો એમ નથી માનતા. ખરી રીતે બંને એક સિક્કાની બે બાજુ છે. એકની અંદર બરોબર સ્થિત થાય તો બંનેનું ફળ મળે છે.

સ્થિર વસ્તુ અને ખૂબ ચાલનારી વસ્તુ એ બંને એક જ સ્થિતિમાં હોય એમ લાગે છે. દા. ત. પૃથ્વી. સ્થિરતા અને ગતિ એ બે દ્વન્દ્વ છે. પણ જે નિર્દ્વન્દ્વ છે તે બંનેનું ફળ લે છે.

यत्सांख्यैः प्राप्यते स्थानं तद्योगैरपि गम्यते ।
एकं सांख्यं च योगं च यः पश्यति स पश्यति ।।

જે વસ્તુ, જે ગતિ સાંખ્યથી એટલે કર્મસંન્યાસથી પામી શકાય છે તે જ કર્મયોગીને મળે છે. જે માણસ બંનેને એક જ જોઈ શકે છે, તે જ માણસ ખરો જ્ઞાની છે. એટલે બંનેનું રહસ્ય જોઈએ તો તેમાં ભેદ કશો જ નથી. એટલે યજ્ઞાર્થે કરેલું, પરમાર્થ સારુ કરેલું અને નિરહંભાવથી કરેલું કર્મ બંને વર્ગમાં આવી જાય છે.

૮૭

મંગળવાર, તા. ૨૨–૬–૨૬

કર્મ એટલે જેટલાં આવી પડે એટલાં કર્મ, જેટલાં આપણે ઇચ્છીએ તે કર્મ નહીં.— प्राणिनाम् आर्तिनाशनं માગીને તેમાં મથ્યા રહેવું, એ પણ માગવાનું નથી, એમ જણાય. જ્યારે

Gandhi Heritage Portal

માણસનું હુંપણું નાશ થઈ ગયું, અને એ ઈશ્વરમાં પીગળી ગયો, ત્યારે તેને કાંઈ માગવાપણું ન રહ્યું. એ તો જેટલું કર્મ તેની ઉપર આવી પડશે તે જ કરશે. તેણે કામના ન રાખી હોય એટલે શુદ્ધમાં શુદ્ધ કર્મ જ તેના ઉપર આવી પડે, અને જે કરે તે નારાયણ જ કરે છે, એવી તેની વૃત્તિ રહે. હરિશ્ચન્દ્ર પોતાની સ્ત્રીના ગળા ઉપર છરી મૂકવા તૈયાર થઈ જાય છે, તે શું હરિશ્ચન્દ્ર છરી મૂકે છે? એ તો ભગવાન કરે છે, હરિશ્ચન્દ્ર તો માત્ર હુકમ બજાવે છે. તે તો બિચારો દાસ બન્યો હતો. આપણે ઈશ્વરના દાસ બન્યા પછી આપણને વિચારવાનું નથી રહેતું કે કયું કામ કરવાનું અને કયું ન કરવાનું. પોતાની ઉપર જે કામ આવી પડે તે કરે અને એનો બોજો પણ નારાયણ ઉપાડે.

संन्यासस्तु महाबाहो दुःखमाप्तुमयोगतः ।
योगयुक्तो मुनिर्ब्रह्म नचिरेणाधिगच्छति ।।

જેણે બધું કૃષ્ણાર્પણ નથી કર્યું, તેને સંન્યાસ સાધવો મહામુશ્કેલ પડે છે. સંન્યાસ એ કર્મ-યોગના વિના મળી જ ન શકે, એવી વાત છે. એટલે ખરું જોતાં કર્મયોગ એ જ સંન્યાસ છે. રાગદ્વેષાદિથી જે રહિત થઈ ગયો, હુંપણાથી રહિત થઈ ગયો, તે શુદ્ધ સંન્યાસી થઈ ગયો.

योगयुक्तो विशुद्धात्मा विजितात्मा जितेन्द्रियः ।
सर्वभूतात्मभूतात्मा कुर्वन्नपि न लिप्यते ।।

યોગયુક્તને બ્રહ્મપ્રાપ્તિ કરતાં વાર નથી લાગતી. જેણે કર્મયોગ સાધેલો છે તે યોગયુક્ત છે. જે માણસ પવિત્ર થયેલો છે, જેના મળો માત્ર બળીને સીંદરી જેવા થઈ ગયેલા છે, જેનું કર્મ માત્ર યંત્રવત્ થઈ જાય છે. યંત્રવત્ એટલે તેને અંદર કાંઈ ધ્યાન નથી રહેલું એમ નહીં, પણ તે કાર્યને વિશે હુંપણું નથી રહેલું, — તેનો દોરો તો યંત્રમાં જેવો નીકળે તેવો સીધો જ નીકળ્યા કરશે. એક તો મૂઢ માણસ યંત્રની જેમ કામ કરે છે. ઈશ્વરનો દાસ પણ ચીંધ્યું કામ કરે છે. તે દહાડિયા માટે નથી કરતો, એટલે તે શોભે છે. મજૂરનું નથી શોભતું, કારણ તે દહાડિયા માટે જ કરે છે. ઈશ્વરના દાસના કામ ઉપર કોઈ ચોકીદારની જરૂર ન પડે. તે બહારથી જડ જેવો હશે, પણ અંદરથી તે બ્રહ્મમય હશે. પણ યંત્રના બધા ગુણો તેનામાં હશે, પણ યંત્રનો એકે દોષ તેનામાં નહીં હોય. વળી જે માણસે આત્માને જીતેલો છે, આપણામાં રહેલા અસુરોને જેણે જીતેલા છે, જેણે ઈન્દ્રિયોને જીતેલી છે, અને જે પોતાને બધાં ભૂતો વિશે અને પોતાને વિશે બધાં ભૂતોને જુએ છે, એ માણસને સગાંવહાલાંનો ભેદ ન હોય. બધાનો તે ગુલામ થઈને રહેશે. બધાને મળી રહેતાં જે શેષ રહે છે તે જ તે લેવાનો છે. આવો માણસ कुर्वन्नपि न लिप्यते કર્મ કરતો છતાં બંધાતો નથી.

नैव किंचित्करोमीति युक्तो मन्येत तत्त्ववित् ।
पश्यञ्शृण्वन्स्पृशञ्जिघ्रन्नश्नन्गच्छन्स्वपञ्श्वसन् ।
प्रलपन्विसृजन्गृह्णन्नुन्मिषन्निमिषन्नपि ।
इन्द्रियाणीन्द्रियार्थेषु वर्तन्त इति धारयन् ।।

આ બે શ્લોક ઉપરના શ્લોકનું વિવરણ છે. તત્ત્વવિદ્ તો હું કશું જ નથી કરતો એમ માનીને પોતાનું કામ ચલાવે છે. જોતાં, સાંભળતાં, સૂંઘતાં, ખાતાં, જતાં, સૂતાં, શ્વાસ લેતાં, બોલતાં, છોડી દેતાં, ગ્રહણ કરતાં, આંખ મટમટાવતાં, તે એમ જ કહેશે કે ઈન્દ્રિયો ઈન્દ્રિયોને વિશે કામ કરી રહેલી છે. તે કામ કરતો છતાં નથી કરતો. આવી વાત પણ યોગી કરી શકે,

Gandhi Heritage Portal

ધુતારો પાખંડ પણ કરી શકે, અને ભગવદ્‌ભક્ત પણ કરી શકે. જેણે અંતરમાં ભગવાનને જ સ્થાન આપેલું છે તેને કોઈ વસ્તુ પોતા માટે કરવાની ન રહે. તે માણસ સૂતો છતાં કહે છે કે મારું શરીર સૂએ છે. શરીરનાં કામ થોડાં ખરાબ છે? આપણે તે બગાડી મૂકીએ છીએ. તે પોતાનું કામ કરી રહેલું હશે, ત્યારે તેમાંથી સુગંધ જ આવવાની છે. એટલે આપણે ગણિતનો હિસાબ કરી શકીશું કે જેટલે દરજ્જે હુંપણું તેટલે દરજ્જે કામ ખરાબ; જેટલે દરજ્જે હુંપણાનો ત્યાગ તેટલે દરજ્જે કામ સારું.

## ૮૮

બુધવાર, તા. ૨૩–૬–૨૬

ઉપરનો શ્લોક બોલીને આપણે ચાળા કરીએ, તેથી કાંઈ યોગી નથી બનતા. ‘હું’ છે જ નહીં એવી પરિસ્થિતિ થઈ જવી જોઈએ. આ શ્લોકનો તે જ માણસ ઉપયોગ કરી શકે કે જેનું મન તે તે કામમાં પરોવાયેલું રહે છે, જેની પ્રવૃત્તિ માત્ર કૃષ્ણાર્પણ કરેલી છે, અને જે તેમાંથી પોતાનો કાંઈ પણ લાભ ઉઠાવવા નથી માગતો. તે સાંભળે તો હરિકીર્તન સાંભળે. તે દર્શન કરે તે હરિદર્શન કરે. તેને સહન કરવાપણું પણ ન રહે. જ્યારે જ્યારે કશું કષ્ટ આવી પડે, ત્યારે તે કહે ‘ના, એ કષ્ટ મને નથી. એ દુઃખમાંથી ‘હું’ ને કાઢી નાખું અને રામની અંદર પરોવું, તો પછી મને વીંછી કરડ્યો છે કે નહીં, તેની કોઈને ખબર ન પડે. એ તો ‘શરીરને કરડ્યો હોય અને તેની ઉપર માત્ર લાલ ડાઘો જ હોય.’ તે પોતાનાં સર્વ કામ યંત્રવત્‌ કરશે, છતાં તેનાં દરેક કામ દીપી નીકળશે. તે સુંદરમાં સુંદર થતાં જશે. તે કદી એ કામથી અકળાવાનો નથી, મૂંઝાવાનો નથી.

ब्रह्मण्याधाय कर्माणि सङ्गं त्यक्त्वा करोति यः ।
लिप्यते न स पापेन पद्मपत्रमिवाम्भसा ।।

ઉપરના શ્લોકનો કોઈ ખોટો અર્થ ન કરી નાખે, તે માટે કહ્યું: બ્રહ્મમાં પોતાનું સર્વ કર્મ અર્પી દઈને, આસક્તિ છોડીને, જે માણસ પોતાનું કાર્ય કરે છે તે કદી પાપથી લેપાતો નથી, પાપ એની ઉપર કશી અસર નથી કરતું, જેમ કમળપત્ર પાણીથી લેપાતું નથી તેમ. પાપનો અર્થ બહોળો છે. તેમાં પાપ અને પુણ્ય બન્ને આવી જાય છે. એને પાપપુણ્યનાં ફળો નથી ભોગવવાં પડતાં. એ માણસ કામ કરતો છતાં પણ કામ તેનો સ્પર્શ નથી કરતું. બીજાં પાંદડાં ભીંજાય છે અને સડે છે, પણ કમળને પાણી અડતું નથી.

कायेन मनसा बुद्धया केवलैरिन्द्रियैरपि ।
योगिनः कर्म कुर्वन्ति सङ्गं त्यक्त्वात्मशुद्धये ।।

યોગીઓ કર્મ કરે છે તે કરતાં છતાં કેવળ કાયા વડે, મનથી, બુદ્ધિથી, કેવળ ઇન્દ્રિયોથી જ કરે છે, અને તે પોતે નથી કરતા એમ માને છે, કારણ તે સંગ છોડી આત્મશુદ્ધિને માટે જ કામ કરે છે. આત્મશુદ્ધિને અર્થે કરવું એટલે બ્રહ્માર્પણ કરવું.

૧૯૨૧માં આપણે આત્મશુદ્ધિને અર્થે કર્યું, પણ પાછળથી ભૂલી ગયા એટલે વિઘ્ન આવ્યાં. જે માણસ આત્મશુદ્ધિને અર્થે કામ કરે છે તે પોતાનું યંત્ર તટસ્થ રહીને ચલાવ્યા કરે છે.

युक्तः कर्मफलं त्यक्त्वा शान्तिमाप्नोति नैष्ठिकीम् ।
अयुक्तः कामकारेण फले सक्तो निबध्यते ।।

Gandhi Heritage Portal

યોગી કર્મફળનો ત્યાગ કરીને નૈષ્ઠિક મોક્ષ દેનારી – શાંતિ મેળવે છે. બ્રહ્મનિષ્ઠ માણસને જે શાંતિ મળે તેવી શાંતિ. પથ્થર કે જડ માણસ કે કામી પુરુષ પોતાના કામમાં લીન થઈને જે શાંતિ ઘડીભર ભોગવે છે તે શાંતિ નહીં, પણ બ્રહ્મનિષ્ઠની શાંતિ આત્માનંદ.

અયુક્ત માણસ કામના પાશમાં ઝડપાયેલો છે. જે માણસ મૂર્છાની અંદર કામ કર્યા કરે છે તે આસક્ત થયેલો છે, એટલે ફળથી બંધાયેલો છે અથવા આશાપાશ અને વિષયપાશથી બંધાયેલો છે. સર્પ ખિજાયો હોય અને આપણને પીસી નાખી શકે. પણ તે બહુ બહુ તો શરીરના ચૂરેચૂરા કરી શકે. મીરાંબાઈને માટે તો તે શાલિગ્રામ થઈને નાચવા લાગેલો. એ સર્પ બહુ તો તેના શરીરને અસર કરત, પણ કામીના તો આત્માનો તે નાશ કરે છે.

## ૮૯

ગુરુવાર, તા. ૨૪–૬–૨૬

ગીતાજીના શબ્દનો ભાવાર્થ તે જાણવા ખાતર નથી, પણ તેનો અમલ કરવા માટે છે. મારે માટે તો આખું જીવન ગીતાજીના વાચનને લીધે પ્રાર્થનામય છે. જે વસ્તુનું પાલન ન થાય તેને કોરે મૂકવી. પાલન ન થાય તોપણ તેનું કૃત્રિમ વાચન કર્યા કરવું, એ તો બુદ્ધિનો દુર્વ્યય અને કાલક્ષેપ છે. વિનોબાની ફરિયાદને લઈને આ કહેવું પડે છે. વિદ્યાર્થીઓ વહેલા ન સૂવાને લીધે મુશ્કેલીથી વહેલા ઊઠી શકે છે અને શરીરને હાનિ થાય છે. વિદ્યાર્થીઓની પણ ફરિયાદ છે કે શિક્ષકો સૂઈ ન જતાં બાર વાગ્યા સુધી વાતો કરે છે. ગીતાને જે રીતે વાંચીએ છીએ તે જોતાં તો આમ ન જ થાય. આપણે सर्वभूतात्मभूतात्मा, અથવા आत्मवत् सर्वभूतेषु થવું જોઈએ. પડોશીની ખાતર અવાજ બંધ કરીએ, વાત કરીએ તો ચોરની જેમ વાત કરીએ. મારે પણ વહેલા સૂઈ જવું જોઈએ. ब्रह्मण्याधाय कर्माणिનો અર્થ શો? જે માણસ જાગવા ન ઇચ્છે, તેને ઈશ્વર જગાડતો નથી. એટલે આપણે સમાજમાં નબળામાં નબળું અંગ હોય તેને અનુકૂળ થઈએ, અથવા કાઢી નાખીએ, તેનો અગ્નિસંસ્કાર કરીએ અથવા દાટી દઈએ. જો એવું ન હોય તો તેને આગળ વધારવાનો પ્રયત્ન ન કરીએ.

सर्वकर्माणि मनसा संन्यस्यास्ते सुखं वशी ।
नवद्वारे पुरे देही नैव कुर्वन्न कारयन् ।।

સર્વ કર્મોનો મનથી સંન્યાસ કરીને વશી – આત્માને વશ કરનાર – બેસી જાય છે. મનથી બધાં કર્મનો સંન્યાસ કરીને એટલે મનને તટસ્થ કરી દઈને, મનને અળગું કરીને, આ કામ હું નથી કરતો, પણ ઈશ્વર મારી પાસે કરાવે છે, એવી વૃત્તિથી કામ કરવું. શ્વાસ લઈએ છીએ ત્યારે થોડું થાય છે કે હું શ્વાસ લઉં છું? આપણે મનથી એનો સંન્યાસ કર્યો છે. તે મનથી તો ત્યારે કરવું પડે, કે જ્યારે શ્વાસ ચાલતો બંધ થયો હોય. નહીં તો એ યંત્રની જેમ ચાલે છે. નવ દ્વારવાળા શરીરની અંદર આત્મા કાંઈ ન કરતો અને કરાવતો શાન્ત થઈને બેસે છે. કામ કરતો અને કરાવતો છતાં તે કરતો નથી, જો તેણે મનથી કર્મનો સંન્યાસ કર્યો હશે તો.

## ૯૦

શુક્રવાર, તા. ૨૫–૬–૨૬

આપણી આંખ આગળ નાટક ચાલ્યા જ કરે છે. તેમાં રસ લીધા વિના, મન લગાડ્યા વિના આપણે આપણા કામમાં પ્રવૃત્ત રહીએ તો કર્મસંન્યાસી કહેવાઈએ. એક કેદીને બીજાને



Gandhi Heritage Portal

ચાબખા પડે છે તે જોવાને બેસાડ્યો છે. પેલો તેમાં મન દીધા વિના ત્યાં બેસી રહ્યો છે. તેની આંખ તે જુએ છે, પણ તેનું મન તેમાં ન પણ હોય. સહજપ્રાપ્ત થઈ ગયું તે આંખે જોયું, પણ તેને માટે ક્ષણ પણ ઊભા રહ્યા વિના હું ચાલ્યો જાઉં.

દીકરો, ભાઈ વગેરે સંબંધો રચીને, તેને નિહાળવાનું કરી દીધું, અને તે પ્રમાણે કામ કરવા માંડ્યું — એમાં બધું મનથી જ થાય છે. મનનો સંન્યાસ નથી.

न कर्तृत्वं न कर्माणि लोकस्य सृजति प्रभुः ।
न कर्मफलसंयोगं स्वभावस्तु प्रवर्तते ।।

પ્રભુ (આત્મા) ન કર્મનો કે ન કરવાપણાનો કે કર્મફલ સંયોગનો કરનારો છે. માત્ર સ્વભાવ જ બધું કામ કર્યા કરે છે.

પ્રભુ કહે છે કે આખરે મેં બધા પેદા કરેલા છે. (તે એટલે તમે જુઓ તો હું જોનાર છું, પણ ન જોતા હો તો હુંપણું જોનાર નથી.) એ સ્વભાવ છે. એ વસ્તુની આગળ ભાષા રાંકડી થઈ જાય છે.

ઈશ્વર કર્તા છે અને નથી — એમ જુદી જુદી દૃષ્ટિએ કહેવાય.

તમારી ઈન્દ્રિયોમાં રસ લેતા તમે બંધ થઈ જશો, તો તમારી ઈન્દ્રિયો કદી થાકવાની નથી, તમને થાક ન લાગે. કંઈક થાક તો લાગશે જ, કારણ હુંપણું છેક જતું નથી. શરીર જ્યાં સુધી છે, ત્યાં સુધી હુંપણાનો છેક નાશ અસંભવિત છે. "આત્મદર્શન" શબ્દ કાઢી નાખો, "આત્મશુદ્ધિ" રાખો. એમ કાલે વિચાર થયો. આત્મશુદ્ધિ દેહ વડે કરવાની છે. જેટલે દરજ્જે આપણે દેહથી કરવાપણું છે, તેટલે દરજ્જે આત્માથી કરવાપણું છે. બાકી ખરી રીતે તો ન આત્મા કરે છે, ન કરાવે છે.

## ૯૧

શનિવાર, ૨૬–૨–૨૬

ઈશ્વરરૂપી ચિતારાએ જ્યારે આ આંખને ચીતરી ત્યારે આંખને એવી બનાવી કે આત્મા આંખમાંથી ડોકિયું કરી લે. એ આંખ વિષયોને જુએ એવું તેણે થોડું જ કલ્પ્યું હોય? આંખનું કામ તો શરીરને જાળવી લેવાનું અને ઈશ્વરદર્શન કરવાનું છે. હનુમાનજીની મૂર્તિ જોઈને શું યાદ આવે? બ્રહ્મચર્ય, ભક્તિ, સેવા યાદ આવે. તે ઉપરાંત બળ યાદ આવે, કારણ એ તો રામચંદ્રજીના સેવક. અને સેવકને હંમેશાં રામચંદ્રજી યોગ્ય બળ આપે. એમ આપણને આંખ જોતાં જ આત્માનાં દર્શન થવાં જોઈએ.

नादत्ते कस्यचित्पापं न चैव सुकृतं विभुः ।
अज्ञानेनावृतं ज्ञानं तेन मुह्यन्ति जन्तवः ।।

પરમેશ્વર કોઈ પણ માણસનું પાપ અને પુણ્ય લેતો નથી. અજ્ઞાનથી જ જ્ઞાન ઢંકાયેલું છે અને તેથી પ્રાણીઓ મુગ્ધ થઈ જાય છે.

મનુષ્યનો સ્વભાવ કેવળ સેવા કરવાનો, આત્મશુદ્ધિ કરવાનો છે, એટલે હુંપણાનો ખ્યાલ ન રાખવો. એટલે જ કહ્યું છે કે ઈશ્વર કોઈનું પાપ લેતો નથી.

ज्ञानेन तु तदज्ञानं येषां नाशितमात्मनः ।
तेषामादित्यवज्ज्ञानं प्रकाशयति तत्परम् ।।

Gandhi Heritage Portal

જે અજ્ઞાન વડે જ્ઞાન ઢંકાયેલું છે, તે અજ્ઞાન જેનું જ્ઞાન વડે નાશ પામ્યું છે તે પરમાત્માનો પ્રકાશ કરાવી આપે છે. એના સાક્ષીપણા નીચે બધું થયા કરે છે. આપણે ઈશ્વરને આધીન થઈને વર્તીએ, એના જ ચલાવેલા ચાલીએ, એ જ્ઞાન, એનો અનુભવ તો ત્યારે થાય કે જ્યારે હૃદયની બધી ગ્રંથિ છૂટી જાય, અને આત્મા જ અંદર ઝગઝગ્યાં કરતો હોય.

## ૯૨

રવિવાર, તા. ૨૭–૬–૨૬

મનના અંધારાનું સવાર થાય ત્યારે તે માણસ પરમેશ્વરની પાસે આવે છે.

तद्‌बुद्धयस्तदात्मानस्तन्निष्ठास्तत्परायणाः ।
गच्छन्त्यपुनरावृत्तिं ज्ञाननिर्धूतकल्मषाः ।।

તેની ઉપર જેની બુદ્ધિ સ્થિર થઈ ગઈ છે, જે તે–રૂપ થઈ ગયો છે, જેની નિષ્ઠા તેને જ વિશે રહેલી છે, અને જે તેને વિશે લીન થઈ ગયેલો છે, એવા માણસો – જેનું બધું ઈશ્વરને જ અર્પણ થયેલું છે, જે એની ઉપર જ ઠરીઠામ બેસી જાય છે, તે મુક્તિને પામે છે, એવા માણસોનાં પાપો જ્ઞાન વડે ધોવાઈ ગયેલાં છે.

विद्याविनयसंपन्ने ब्राह्मणे गवि हस्तिनि ।
शुनि चैव श्वपाके च पण्डिताः समदर्शिनः ।।

પંડિતો — જ્ઞાનવાન સમદર્શી હોય છે. વિદ્યા અને વિનયથી ભરપૂર એવા બ્રાહ્મણની ગાય, હાથી, કૂતરા અને ચાંડાલને વિશે સમદૃષ્ટિ હોય છે. એ બધાને વિશે તે એમ સમજે છે કે આ બધામાં રહેલો આત્મા તે મારામાં રહેલો આત્મા જ છે. તફાવત માત્ર એટલો જ છે કે કોઈના આત્મા ઉપર અજ્ઞાનના થર બાઝેલા છે, અને કોઈના ઉપરથી સરી ગયા છે. અગાઉ પણ કહ્યું કે જે માણસ [પોતાને] બીજાં પ્રાણીઓને વિશે જુએ છે, તે આ જ વાત છે. ગંગાનાં એકઠાં પાણી બધાં ગંગા જ છે.

इहैव तैर्जितः सर्गो येषां साम्ये स्थितं मनः ।
निर्दोषं हि समं ब्रह्म तस्माद् ब्रह्मणि ते स्थिताः ।।

આ જ ઠેકાણે, આ જન્મની અંદર તે માણસોએ દુનિયાને જીતેલી છે, જે માણસોમાં સમભાવ છે, જેઓ નિર્દોષ છે, જેઓ પરમાત્માની અંદર સ્થિત છે, અને જેઓ એકધ્યાન થઈને રહેનારા છે.

સમદર્શી ક્યારે કહેવાય? કીડીને અને હાથીને સરખું આપનાર? ના, બધાને પેટપૂરતું આપનાર. મા માંદા બાળકને કશું જ ન આપે અને સારા છોકરાને પેટ ભરીને ખવડાવે. જે માણસના મનની અંદર અહિંસા છે, દયા છે, તે માણસ જગતમાં એવી રીતે વર્તશે કે જગત તેને વિશે કહેશે કે આ માણસ સૌને પોતામાં વર્તે છે, સરખો ન્યાય આપે છે; જેને પાણી જોઈએ તેને પાણી આપે છે અને દૂધ જોઈએ તેને દૂધ આપે છે.

પરમાત્મા જેવો નિર્દોષ અને સમભાવી બીજો કોઈ નથી, એટલે તેની અંદર લીન થઈને જ સમદર્શી થઈ શકાય.

Gandhi Heritage Portal

## ૯૩

મંગળવાર, તા. ૨૯–૬–૨૬

સમદર્શનાના દાખલા: હાથી કીડીના. શત્રુ અને મિત્ર, બે ભૂખ્યા આવ્યા હોય તો શત્રુને પહેલું ખવરાવવું. એને જ તે ન્યાય સમજશે. તે વિચાર કરશે કે કાંઈ પણ દ્વેષ મારા મનમાં રહી ગયો હશે તો? એટલે તે પહેલો શત્રુને જ સંતોષશે. મિત્રને પણ એ જ ન્યાય પસંદ પડશે.

પંડિત એટલે ભણેલો જ નહીં પણ ગણેલો. કોઈ તેને કહેશે કે શત્રુને ખવરાવવામાં દૂધ પાઈને સર્પ ઉછેરવાપણું છે. તો તે પોતાના કામના સમર્થનમાં ગીતાજીનો આ શ્લોક ટાંકશે, અને કહેશે કે હું રહ્યો શ્રદ્ધાળુ, મારા બાપ ગીતાના ભક્ત રહેલા, હું પણ રહેલો, અમને ગીતાની આજ્ઞાનું પાલન કરવામાં કદી હાનિ નથી થઈ, તો શા સારુ એ પ્રમાણે ન કરું?

સ્વદેશીનો એક નિયમ એ છે કે જેમ માણસ આપણી નજીકનો તેમ તેની પહેલી સેવા કરીએ. પણ ઊલટો નિયમ એ છે કે દૂરના માણસોની પહેલી સેવા કરીએ અને નજીકનાની પછી કરીએ. પહેલા ભાગમાં નજીક એટલે દેહે નજીક. બીજા ભાગમાં દૂર એટલે મનથી દૂર. બન્ને એક રીતે સરખા છે. શત્રુ દેહે તો નજીક હોય, પણ મનથી તો દૂર હોય, તોપણ તેની જ પહેલી સેવા કરવી.

સ્વદેશીનો નિયમ એ માટે છે કે આપણે જગતના બધા માણસોને પહોંચી શકતા નથી. તું અહીં રહેલા માણસની સેવા કરવાને બદલે દૂરના માણસની સેવા કરવા જા. તો તે અભિમાન કહેવાય.

મનથી જે દૂર હોય તેની પહેલી સેવા કરવામાં વિનય છે, સભ્યતા છે, પંડિતાઈ છે.

इहैव तैर्जितः सर्गो येषां साम्ये स्थितं मनः ।
निर्दोषं हि समं ब्रह्म तस्माद् ब्रह्मणि ते स्थिताः ।।

આ કાયદાનો અમલ કરનાર સંસારને જીતી ગયા છે. શત્રુ અને મિત્રને તે સમાન ગણનારા છે. શત્રુ એ હાથી છે અને મિત્ર એ કીડી છે.

જેનામાં આપણે ઓતપ્રોત થવું હોય તેના જેવું જ થવું જોઈએ. બ્રહ્મની અંદર લીન થવા ઇચ્છીએ, માટે જ બ્રહ્મના જેવા સમદર્શી થવું જ જોઈએ.

न प्रहृष्येत्प्रियं प्राप्य नोद्विजेत्प्राप्य चाप्रियम् ।
स्थिरबुद्धिरसंमूढो ब्रह्मविद् ब्रह्मणि स्थितः ।।

પ્રિય મેળવીને રાજી ન થવું અને અપ્રિય મળે તો ઉદ્વેગ ન પામવો. સ્થિર બુદ્ધિ અને મોહવશ નહીં એવી સ્થિતિમાં જે રહે છે તે બ્રહ્મમાં સ્થિત રહે છે.

## ૯૪

બુધવાર, તા. ૩૦–૬–૨૬

बाह्यस्पर्शेष्वसक्तात्मा विन्दत्यात्मनि यत्सुखम् ।
स ब्रह्मयोगयुक्तात्मा सुखमक्षयमश्नुते ।।

બ્રહ્મયોગને વિશે મુક્ત થયેલો, બાહ્ય ઇન્દ્રિયોના વિષયો વિશે જે આસક્તિરહિત છે, એવો માણસ આત્માને વિશે ખરું સુખ મેળવે છે. સંગરહિત થવાથી જ શાન્ત રહેવાય. એ વિષયો

Gandhi Heritage Portal

તો આવતા, સ્પર્શ કરતા બંધ કરવા અશક્ય છે, એટલે સંગરહિત થવાની વાત કરી. આપણું ધ્યાન રામચરણમાં રહેતું હોય તો બાહ્ય સ્પર્શ આપણા ઉપર કશી અસર નથી પહોંચાડતા. બ્રહ્મયોગ વિશે યુક્ત થયેલો એટલે જેણે બ્રહ્મસમાધિ મેળવી છે એવો આત્મા, જે બ્રહ્મને વિશે સ્થિર થયેલો છે, તે અક્ષય સુખ મેળવે છે.

ये हि संस्पर्शजा भोगा दुःखयोनय एव ते ।
आद्यन्तवन्तः कौन्तेय न तेषु रमते बुधः ।।

બાહ્ય સ્પર્શોથી ઉત્પન્ન થતા જે ભોગો છે તે દુ:ખ ઉત્પન્ન કરવાવાળા છે. જે આદિ અને અંતવાળા છે, એટલે આવજા કરવાવાળા છે, તેને વિશે ડાહ્યો માણસ ન રમે.

शक्नोतीहैव यः सोढुं प्राक्शरीरविमोक्षणात् ।
कामक्रोधोद्भवं वेगं स युक्तः स सुखी नरः ।।

આ જગતની અંદર જે માણસ શરીરનો નાશ થાય તે પહેલાં કામક્રોધમાંથી ઉત્પન્ન થતો વેગ સહન કરી શકે છે, તે માણસ યોગી છે અને સુખી છે.

બીજા અધ્યાયમાં આપેલી જ બધી વસ્તુની અહીં પુનરાવૃત્તિ કરેલી છે.

योऽन्तःसुखोऽन्तरारामस्तथान्तर्ज्योतिरेव यः ।
स योगी ब्रह्मनिर्वाणं ब्रह्मभूतोऽधिगच्छति ।।

જે અંતરના સુખમાં અને અંતરમાં આરામ મેળવનારો છે, જેને બાહ્ય સુખની જરૂર જ નથી રહેતી, અંતરને વિશે જ રમમાણ છે, જેને અંદરથી જ પ્રકાશ મળી રહે છે, તે યોગી બ્રહ્મમય થયેલો છે, ને તે બ્રહ્મનિર્વાણને પામે છે.

[ભગવદ્‌ગીતા એટલા માટે જ વાંચીએ કે અંદર જે ગીતા રહેલી છે તે આપણને પ્રગટ થાય]. નિર્વાણ બે જાતનાં છે. એક શરીરનો આપઘાત, જેની પછી વખતોવખત જન્મ રહેલો છે. બીજું નિર્વાણ તે બ્રહ્મનિર્વાણ. એમાં શૂન્યતા છે. પણ એ શૂન્યતા જગતને વિશે છે, અંતરને વિશે તો જ્ઞાનમય આનંદ છે.

लभन्ते ब्रह्मनिर्वाणमृषयः क्षीणकल्मषाः ।
छिन्नद्वैधा यतात्मानः सर्वभूतहिते रताः ।।

નિર્દોષ, નિર્મળ ઋષિઓ બ્રહ્મનિર્વાણને મેળવે છે. કેવા? જેની શંકાઓ નાશ થયેલી છે, જેનો આત્મા પોતાની કેદની અંદર (કાબૂમાં) રહેલો છે, તેઓ પ્રાણીમાત્રના હિતની અંદર રાચે એવા થઈ જાય છે.

એનાથી કોઈ પણ માણસનો દ્વેષ નથી થઈ શકતો. એ દુષ્ટમાં દુષ્ટના હિતને વિશે તત્પર રહે છે. એ માણસ આખા જગતની સેવા કરે છે. જેના હૃદયને વિશે રામ છે, તે જ માણસમાં સેવાભાવ મૂર્તિમંત થાય છે. જે માણસ બીજાના હિત વિશે રત હશે તે તેનું ખરું દુ:ખ સહન નહીં કરી શકે. દીકરાને કૉલેરા થાય તો બાપને પણ થાય એવા બાપ જાણ્યા છે, પણ તે દીકરાને વિશે રત છે. દીકરો નહીં પણ ગમે, છતાં તેને દુ:ખ થાય તે સહન ન કરી શકે. બીજાનું દુ:ખ જોઈને તેની આંખમાંથી શ્રાવણ-ભાદરવો વહ્યાં કરે અને તે દુ:ખનો નાશ કરવાને સદા પ્રયત્નવાન રહે.

Gandhi Heritage Portal

## ૯૫

ગુરુવાર, તા. ૧–૭–૨૬

सर्वभूतहिते रता: દાખલો યુધિષ્ઠિર અને તેના કૂતરાનો. એક સ્વજનનો તાવ ઉતારવાને નહીં, પણ આખા જગતને તાવ ચડેલો હોય તેનું કારણ શોધીને તે મટાડવાનો પ્રયત્ન કરવો. જગત આખું મૂર્છામાં પડેલું છે.

[આત્માની ખબર છે? કાચી કાચી. કાચો રોટલો જ પાકો થાય ને?]

રોગનું કારણ હોજરી નહીં, પણ તેનું કારણ સ્વાદ છે, અને તેનું કારણ મન છે.

कामक्रोधवियुक्तानां यतीनां यतचेतसाम् ।
अभितो ब्रह्मनिर्वाणं वर्तते विदितात्मनाम् ।।

કામ અને ક્રોધથી જે માણસો છૂટા છે, જેમનાં ચિત્ત સ્થિર થઈ ગયાં છે, જે યોગી સાધનાને વિષે તત્પર છે, જેમણે આત્માને ઓળખ્યો છે, એવા માણસોને બ્રહ્મનિર્વાણ ચારે બાજુએ ઊભું રહે છે.

स्पर्शान्कृत्वा बहिर्बाह्यांश्चक्षुश्चैवान्तरे भ्रुवो: ।
प्राणापानौ समौ कृत्वा नासाभ्यन्तरचारिणौ ।।

ઇન્દ્રિયના બહારના વિષયનો બહિષ્કાર કરીને આંખને ભવાંની મધ્યની અંદર રાખીને, નાસિકાની અંદર રહેનારા પ્રાણ અને અપાન વાયુને સમતોલ કરીને, પ્રાણાયામથી શ્વાસનું નિયમન કરીને

यतेन्द्रियमनोबुद्धिर्मुनिर्मोक्षपरायण: ।
विगतेच्छाभयक्रोधो य: सदा मुक्त एव स: ।।

જે માણસનાં મન અને બુદ્ધિ કાબૂમાં આવેલાં છે, જે મુનિ મોક્ષપરાયણ છે, જેણે ઇચ્છા, ભય અને ક્રોધ તજેલાં છે તે માણસ સદાને સારુ મુક્ત છે.

બહારની ક્રિયા અંતરની ક્રિયાનો પડઘો છે. વાયુ ઠીક હોય અને આંખ ભ્રૂકુટીની વચમાં હોય, એટલું જ નહીં, પણ તે અંતરનાં ચિહ્ન હોવાં જોઈએ.

અહીં પહેલા શ્લોકને બીજાની સાથે જોડી દીધો છે.

भोक्तारं यज्ञतपसां सर्वलोकमहेश्वरम् ।
सुहृदं सर्वभूतानां ज्ञा वा मां शान्तिमृच्छति ।।

યજ્ઞ અને તપશ્ચર્યાનો લેનાર, આખા જગતનો મહા ઈશ્વર, પ્રાણી માત્રનો નિ:સ્વાર્થ મિત્ર, એવા મને જે જાણી લે છે તે માણસ પરમ શાન્તિને પામે છે.

જો ઈશ્વર પ્રાણી માત્રનો મિત્ર હોય તો તેને ડરવાનું શેનું?

જો ઈશ્વર બધી સેવા અને કર્મનો ભોક્તા હોય તો તે સેવા અને કર્મ અફળ જવાનાં જ નથી. તેને અર્પણ કરીને કર્યું તેમાં નિ:સ્વાર્થ બુદ્ધિ તો થઈ. અને સૂક્ષ્મ રીતે આપણને વિશ્વાસ પણ દૃઢ હોય છે કે આમાંથી કંઈ જ અફળ તો જવાનું નથી.

Gandhi Heritage Portal

## ૯૬

## અધ્યાય છઠ્ઠો

શુક્રવાર, તા. ૨–૭–૨૬

આ અધ્યાયની અંદર સંન્યાસ અને કર્મયોગમાં ચડિયાતું શું? એવો પ્રશ્ન ઉઠાવ્યો છે. શ્રીકૃષ્ણે એની ગૂંચવણ કાઢવાનો પ્રયત્ન તો કર્યો, પણ ગૂંચવણ થોડી જ ઊકલી જાય છે? સગુણ-નિર્ગુણ બન્ને સાચા, તેમ જ પરમ શાન્તિ ભોગવનાર અને કામ કામ ને કામ કરનાર એ પણ સાચા, કારણ સંન્યાસી કામ કરી જ રહેલો છે, અને કામ કર્યા જ કરનાર પરમ શાન્તિ ભોગવી જ રહ્યો છે. એક માણસને એમ થાય કે મારે કંઈ કરવાપણું નથી, હું ઈશ્વરની પાસે પહોંચ્યો છું, તે કર્મનો સંન્યાસ કરી શકે છે. જેને રાજદરબારમાં જવાનો પરવાનો મળી ગયો છે તેને શું? પ્રજા જ જ્યાં જાણી જાય કે રાજા આ પ્રમાણે ઇચ્છે છે, અને તે પ્રમાણે પ્રજા અમલ કર્યે જાય તો રાજાને કામ શું કરવાપણું હોય? જો તે કામ કરવા નીકળે તો જ પ્રજાને આશ્ચર્ય થાય. આજે તો વખતોવખત મારે તમને કહેવું પડે છે કે ઊંઘો નહીં, ધ્યાન રાખો, ઇત્યાદિ; તો એક દિવસ એવો આવશે, જ્યારે મારે તમને એવું કહેવું જ ન પડે, કારણ તમે બધા વ્યવસ્થિત કામ કરનારા થઈ ગયા હશો. એટલે અત્યારે બોલું છું, ધ્યાન દઉં છું, એ બરાબર છે, અને કાલે શાન્ત થઈને બેસી ગયો હોઉં, એ પણ બરાબર છે.

પણ અર્જુનના મોંમાંથી વચન નથી નીકળતાં કે તે બધું સમજી ગયો, એટલા માટે એ ને એ જ વસ્તુ ભગવાન છઠ્ઠા અધ્યાયમાં શરૂ કરે છે:

अनाश्रितः कर्मफलं कार्यं कर्म करोति यः ।
स संन्यासी च योगी च न निरग्निर्न चाक्रियः ।।

કર્મના ફળની આશા વિના — કારણ આપણે જાણીએ છીએ કે ઈશ્વર યજ્ઞ અને તપનો ભોગવ-નાર છે, — બધાં જ કર્મ ઈશ્વરની તિજોરીની અંદર મૂકી દેનાર અને કરવાનું કર્મ કર્યા કરનાર સંન્યાસી પણ છે, અને યોગી પણ છે. પણ જે માણસ કોઈ દિવસ અગ્નિ સળગાવતો નથી, — અસલ તો યજ્ઞ કરવાને સારુ અગ્નિ સતત બળતો રાખવો એ પરોપકારની ક્રિયા હતી — અથવા જે માણસ અક્રિય છે તે સંન્યાસી નથી અને યોગી પણ નથી. એવો માણસ તો આળસુનો સરદાર હોય.

यं संन्यासमिति प्राहुर्योगं तं विद्धि पाण्डव ।
न ह्यसंन्यस्तसंकल्पो योगी भवति कश्चन ।।

જેને મોટા પુરુષોએ સંન્યાસ કહ્યો એ જ યોગ છે એમ જાણજે. તારે માટે તો રણમાંથી ભાગી જવું એ સંન્યાસ નથી, તારે તો આમાં ઝૂઝવું એ સંન્યાસ છે. યજ્ઞનો ભોક્તા તો હું છું, કારણ જે માણસે સંકલ્પનો સંન્યાસ નથી કરેલો તે માણસ કોઈ દિવસે યોગી થઈ જ નથી શકતો. સંન્યાસ એ બહારની વસ્તુ નથી, એ તો અંદરની વસ્તુ છે. સંકલ્પવિકલ્પ બંધ થવા જોઈએ, તો જ સંન્યાસી થવાય.

## ૯૭

શનિવાર, તા. ૩–૭–૨૬

आरुरुक्षोर्मुनेर्योगं कर्म कारणमुच्यते ।
योगारूढस्य तस्यैव शमः कारणमुच्यते ।।

Gandhi Heritage Portal

જે મુનિ યોગ મેળવવાની ઈચ્છા કરે છે, તે માણસને કર્મ એ જ સાધન છે. (કારણ યોગની વ્યાખ્યા એવી કરી છે કે योगः कर्मसु कौशलम्). કર્મની એરણ ઉપર માણસ ઘડાયા કરે ત્યારે કોક દિવસ એનો યોગીરૂપે ઘાટ ઘડાય. જે માણસે યોગ ઉપર સવારી કરી છે, જે સામ્યને પામ્યો છે, જેનું મન સ્થિર થયું છે, તેવા માણસનું સાધન શમ એટલે શાન્તિ છે.

ગઈ કાલે જે વાત કરી તે જ અહીં આવે છે. આજે મારી ભાષા મારે કેટલાયે વિવિધ પ્રકારથી સમજાવવી પડે છે. એ કર્મ કરતાં કરતાં હું સમજી શકું, એવી રીતે તમે સમજી શકો તે માટે મારી વાત તમારામાં ઉતારવી પડે છે. એ એક પ્રકારનો યોગ છે. પરિણામે આપણને સફળતા મળે. તમે સનકારામાં સમજતા થાઓ, તો પછી આપણને શાન્તિનું સાધન પ્રાપ્ત થાય. કોઈ કારખાનામાં આખો દિવસ ધમાલ ચાલતી હોય અને છેવટે તે કારખાનું બંધ કરવાનો સમય આવે ત્યારે બધે શાન્તિ પથરાય છે. એ સંચાને યોગી બનવાને સારુ કર્મ એ સાધન હતું, પછી શાંતિ સાધન થયું. એ સુવ્યવસ્થિત તંત્રની કથા છે. એ શાંતિ તે ઘોરની શાન્તિ કે પ્રમાદની શાંતિ નહીં, જડતાની શાંતિ નહીં, પણ ચેતનની શાંતિ, સમુદ્રની શાંતિ.

यदा हि नेन्द्रियार्थेषु न कर्मस्वनुषज्जते ।
सर्वसंकल्पसंन्यासी योगारूढस्तदोच्यते ।।

જ્યારે ઈન્દ્રિયના વિષયોમાં અને કર્મમાં માણસ આસક્ત નથી થતો, પણ અનાસક્ત રહીને ઈન્દ્રિયનો અને કર્મનો ઉપયોગ કરે છે, ત્યારે બધા સંકલ્પનો સંન્યાસ કરનાર તે યોગારૂઢ કહેવાય છે.

उद्धरेदात्मनात्मानं नात्मानमवसादयेत् ।
आत्मैव ह्यात्मनो बन्धुरात्मैव रिपुरात्मनः ।।

આત્મા વડે આત્માનો ઉદ્ધાર કરવો. આત્માનો નાશ ન કરવો જોઈએ. આત્મા જ આત્માનો બંધુ છે, મિત્ર છે, અને આત્મા જ આત્માનો શત્રુ છે.

તમારો મોક્ષ તમે જ સાધી શકો છો. આજે તો આપણે આત્માના શત્રુ જ છીએ. આત્મા એ સ્વયંપ્રકાશ છે, એટલે એણે પોતાનો ઉદ્ધાર પોતે કરવો જોઈએ. સૂર્યનારાયણને કોણ પ્રકાશ દેશે? સવારના પહોરમાં સૂર્યનારાયણ પોતાનો ઉદ્ધાર કરે છે, યોગારૂઢ થઈને આવે છે, અને સંધ્યાને સમયે શાંત થાય છે. (સૂર્ય ખરેખર શાંત થાય છે? હું મરીશ ત્યારે પણ થોડો જ શાંત થવાનો છું?)

## ૫૮

રવિવાર, તા. ૪-૭-૧૯૨૬

આત્માનો ઉદ્ધાર પરમાત્મા કરે છે, એમ લૌકિક ભાષા આપણે વાપરીએ છીએ, કારણ બીજો ઉપાય નથી. પણ આત્મા પોતાની શક્તિ વિના પરમાત્મામાં થોડો જ લીન થઈ શકે? આત્મામાં પરમાત્માના જેવા બધા જ ગુણો રહેલા છે, એટલે જ તે પરમાત્મામાં ભળી જઈ શકે છે. જેમ આત્મા સ્વયંપ્રકાશ છે, તેમ પરમાત્મા પણ સ્વયંપ્રકાશ છે. પોતાથી વિરોધી ગુણ-વાળી વસ્તુમાં કોઈ વસ્તુ ભળી શકતી નથી. આત્માએ પોતાનો નાશ ન કરવો જોઈએ, એવી ભલામણ કરી છે, કારણ આત્મા તેમ કરી શકે છે; જો કે પૂરો નાશ નથી કરી શકતો, કારણ આત્મા અવિનાશી છે. "હું નાસ્તિક છું" એમ કહેનારો જ વિરોધી વચન બોલે છે. સંસારનું

Gandhi Heritage Portal

આયુ એક ક્ષણ પણ વધારી નથી શકાવાનું, તેમ આત્માનો નાશ કરવાનો પ્રયત્ન પણ ફોગટ છે.

बन्धुरात्मात्मनस्तस्य येनात्मैवात्मना जितः ।
अनात्मनस्तु शत्रुत्वे वर्तेतात्मैव शत्रुवत् ।।

આત્મા એ આત્માનો બંધુ છે, જેના વડે આત્માને આત્માએ જીતી લીધો છે. સંસારમાં આપણે પડ્યા છીએ, ત્યાં સુધી આપણામાં બે બાજુ પડી છે: આસુરી અને દૈવી, ઈશ્વરી અને શેતાની. આ દ્વન્દ્વ જ્યાં સુધી છે, ત્યાં સુધી શેતાનને ઠેલ્યા જ કરવાનો છે. દેવાસુરસંગ્રામમાં દેવો જ આખરે જીતવાના. સંસાર ન ચાલતો હશે ત્યારે ઈશ્વર હસશે કે શેતાન ક્યાં હતો. નાસ્તિકનો આત્મા તેને શત્રુવત્ છે. ખરી વાત એ છે કે આપણો બધાનો આત્મા શત્રુ જ છે. એ કલિમલ છે.

जितात्मनः प्रशान्तस्य परमात्मा समाहितः ।
शीतोष्णसुखदुःखेषु तथा मानापमानयोः ।।

પ્રશાન્ત જિતાત્મા, ટાઢ અને ગરમી વિશે, સુખદુ:ખ વિશે, માનઅપમાન વિશે, જે પ્રશાન્ત છે — આપણી સ્તુતિ કે નિંદા બધું પાણી ઈશ્વરની નીચેથી જ ચાલ્યું જાય છે — આવા પ્રશાન્ત માણસને વિશે પરમાત્મા સમાહિત થઈ જાય છે. જે અશાંત મૂર્તિ છે, જે અહિંસક નહીં પણ હિંસક છે, જે સત્યવાદી નહીં પણ અસત્યવાદી છે, — પરમાત્મા એને વિષે પણ સમ્યક્ પ્રકારે રહે છે.

## ૯૯

મંગળવાર, તા. ૬–૭–૨૬

આત્મા સમ્યક્ ત્યારે રહે કે જ્યારે આપણું બાહ્ય અંતરના જેવું હોય. શરીર ટટાર હોય પણ મન ટટાર ન હોય, એ ન ચાલે. આજે તો આપણાં મન ટટાર નથી. કૂતરાંને ચાર પગ છે, આપણને બે પગ છે, છતાં આપણું મન ચોપગા જાનવરની જેમ વર્તે છે.

ज्ञानविज्ञानतृप्तात्मा कूटस्थो विजितेन्द्रियः ।
युक्त इत्युच्यते योगी समलोष्टाश्मकाञ्चनः ।।

જ્ઞાન એટલે શાસ્ત્રોનું શ્રવણ, મનન, નિદિધ્યાસન, અને વિજ્ઞાન એટલે આત્માનો અનુભવ લેવો તે. જ્ઞાન એ બુદ્ધિની ઓળખ છે, અને વિજ્ઞાન એટલે બુદ્ધિથી નીતરીને જે જ્ઞાન અનુભવમાં ઊતરે એ. જ્ઞાન એટલે શાસ્ત્રજ્ઞાન અને વિજ્ઞાન એટલે અનુભવજ્ઞાન. જીવન દયામય થઈ જાય, અહિંસાનું ખરું સ્વરૂપ આપણામાં પ્રગટે, ત્યારે અહિંસાનું અનુભવજ્ઞાન થયું. જે છોકરાએ દયાનું અનુભવજ્ઞાન મેળવ્યું તેણે તેટલે દરજ્જે આત્મશુદ્ધિ કરી અથવા આત્મજ્ઞાન મેળવ્યું.

આ જ્ઞાનવિજ્ઞાનથી જેનો આત્મા તૃપ્ત છે, જે કૂટની જેમ સ્થિત છે, એટલે કે જે એરણની જેમ માર સહન કર્યા જ કરે છે, છતાં જે તૂટતી નથી, અત્યંત દુ:ખ છતાં એરણની જેમ અચલ રહે છે, તે કૂટસ્થ. જેણે ઈન્દ્રિયની ઉપર વિજય મેળવી લીધો છે, એવો યોગી મુક્ત કહેવાય છે. તે ઈશ્વર સાથે જોડાઈ ગયો છે, એ આત્મશુદ્ધ છે. એવા યોગીને માટી, પથરો અને સોનું એ ત્રણે વસ્તુ એક છે. એ ત્રણે વસ્તુ ઉત્પન્ન થાય છે તો માટીમાંથી જ. ઘડાઈ

Gandhi Heritage Portal

ગયેલી માટી તે પથ્થર. સોનું, રૂપું, હીરા, માણેક વગેરે માટીના પર્યાયો છે. પણ એ બધું મિથ્યા છે. છેવટે તો ધૂલકી ધૂલ છે. આપણે લોભ છોડી દઈએ તો સૌને એકસરખા ગણી શકીએ.

सुहृन्मित्रार्युदासीनमध्यस्थद्वेष्यबन्धुषु ।
साधुष्वपि च पापेषु समबुद्धिर्विशिष्यते ।।

જેમ માટી અને સોનું તેમ સુહૃદ, મિત્ર અને શત્રુ, દ્વેષને યોગ્ય અને બંધુ, સાધુ અને પાપી, સૌને વિશે જે સમબુદ્ધિ છે, તે જગતમાં જીત્યો એમ કહેવાય. જડ જગતને જે કાયદો લાગુ પડે છે, તે જ ચેતનને લાગુ પડે છે. જેમ સોનું અને માટી એક જ છે, તેમ સાધુ અને પાપી એક જ છે.

સાધુ અને પાપી પર્યાયો છે. બંનેને આત્મા છે. સાધુ ઉપરથી મેલ ઊખડી ગયો છે. પાપી ઉપર મેલ ચડતો જ જાય છે. એ બંને ઉપર સમબુદ્ધિ રહીએ તો જ આપણે વિશેષ કર્યું કહેવાય. બંને વિશે સમબુદ્ધિ કેમ થઈ શકીએ તેનો પદાર્થપાઠ તુલસીદાસે આપ્યો છે.

योगी युञ्जीत सततमात्मानं रहसि स्थितः ।
एकाकी यतचित्तात्मा निराशीरपरिग्रहः ।।

યોગીએ નિરંતર એકાંતવાસમાં રહીને આત્માની સાથે જોડાઈ જવું. એકાંતમાં રહેવું એટલે મનને એકાંતમાં રાખવું. એકાકી અને મનને કાબૂમાં રાખનારે નિરાશી (વાસનારહિત) અને અપરિગ્રહી રહીને આત્માને પરમાત્માના ધ્યાનમાં જોડવો. પરિગ્રહમાં માનસિક પરિગ્રહ પણ આવી જાય છે. એકાંતમાં જપ વગેરે કરીને જેને રાજપાટ લેવું છે તે માણસ યોગી નથી. નિત્ય દાન કરનાર અને હમેશાં ધનનો ત્યાગ કરનાર છતાં રોજ પૈસાનું ધ્યાન ધરનારના કરતાં બે-ચાર લાખ રૂપિયાવાળો વધારે અપરિગ્રહી છે.

## ૧૦૦

બુધવાર, તા. ૭-૭-૨૬

રહસિ એટલે ઘોંઘાટ વિનાના શાંત સ્થળમાં, અને એકાકી એટલે એકલો. એકાંત અને એકલાપણું અમદાવાદના બજારમાં પણ મળી શકે.

છતાં શરીરનું એકાંત પણ મેળવવું જોઈએ. સ્મશાનમાં જઈને નાશવંત શરીરનો વિચાર કરીને એકાંત મેળવી શકાય. यतचित्तात्मा, એટલે શરીરને કે મનને કશી ખજવાળ ન હોય તેવી દશાવાળા. માણસ લંગોટીથી પણ ચલાવી લે. લંગોટી એને ઊડતી સમડી પણ લાવી આપે, પણ શરીરનો પરિગ્રહ કર્યા વિના ચાલવાનું છે? શરીરની કેવળ બરદાસ્ત કરી લઈએ, શરીરની વૃદ્ધિ ન ઇચ્છીએ. જો વૃદ્ધિ ઇચ્છીએ તો જન્મમરણ થયાં જ કરે. ફેંટો હોય ત્યાં સુધી બાંધવો અને નવો ન લેવો, તેમ શરીર છે ત્યાં સુધી તેને બાંધવું, પણ તે બરદાસ્ત કરીને. એટલે પાછું જન્મવા-મરવાપણું ન રહે. आत्मानं युञ्जीत એટલે આત્માને પરમાત્મા સાથે જોડીને, સ્થિર કરીને.

शुचौ देशे प्रतिष्ठाप्य स्थिरमासनमात्मनः ।
नात्युच्छ्रितं नातिनीचं चैलाजिनकुशोत्तरम् ।।

પવિત્ર સ્થળે, — દેશ પણ હોય, કારણ ભારત એ કર્મભૂમિ છે, બીજી ભોગભૂમિ છે એવી કલ્પના છે, જોકે આજે તો તે ભારત કર્મભૂમિ નથી રહી, — જ્યાં નિરંતર અતંદ્રિત રહીને કર્મ થયાં જ કરે છે તે કર્મભૂમિ કહેવાય. સ્થિર આસન રાખવું — અતિ ઊંચું નહીં તેમ અતિ

Gandhi Heritage Portal

નીચું નહીં. કુશ અને અજિન પાથરી એના ઉપર વસ્ત્ર પાથરવું. અજિન એટલે મૃગચર્મ. એ એટલા માટે કહ્યું છે કે તે વખતે મૃગનો શિકાર થતો હતો. યોગી તો પ્રયત્નશીલ માણસ છે. તેને ટાઢ લાગે, તેથી અકડાઈ ન જવાય એટલા માટે તેણે સુરક્ષિત રહેવું જોઈએ. શરીરને આવા આસન ઉપર રાખી સ્થિર થઈ જાય.

तत्रैकाग्रं मनः कृत्वा यतचित्तेन्द्रियक्रियः ।
उपविश्यासने युञ्ज्याद्योगमात्मविशुद्धये ।।

ત્યાં એકાગ્ર મન રાખી, ચિત્ત અને ઇન્દ્રિયની ક્રિયા કાબૂમાં રાખી, આત્મશુદ્ધિને માટે યોગ સાધવો.

## ૧૦૧

ગુરુવાર, તા. ૮–૭–૨૬

यतचित्तेन्द्रियक्रियः એનો અર્થ કાલે કાંઈક ઊલટો થયો હતો. ચિત્ત અને ઇન્દ્રિયની ક્રિયા કાબૂમાં રાખવી એટલે ઇન્દ્રિય અને ચિત્તનો નિરોધ કરવો. योगः चित्तवृत्तिनिरोधः જે વૃત્તિમાં મોજાં ઊછળ્યાં કરે તેને તોફાની સમુદ્ર કહીએ. સમુદ્ર અને મોજાં વચ્ચે તફાવત તો નથી જ. જીવો માત્ર જલનાં મોજાં છે, એટલે કે જલનો વિકાર છે. પોતાની અંદર મોજાંને શા સારુ ઊછળવા દેવાં એમ આપણે ન પૂછીએ. જંતુ તો ઈશ્વરને ઢીંગલા ઢીંગલીનું સ્વરૂપ આપશે, મોટા વળી સોનાની મૂર્તિનું રૂપ આપશે. આમ એ બધું છે. મોજાં એ જન્મ અને સમેટી લેવાં એ મૃત્યુ. એમ કહીને મનુષ્ય સ્થિર થાય છે, અને જે સંકલ્પ પેદા થાય તે મનની અંદર શાંત કરી દે છે. પતંજલિ કહે છે કે તમે મોજાં સમાવશો તો ખબર પડશે કે ચિત્તનો માલિક વિકાર છે કે ઈશ્વર છે. ચિત્તવૃત્તિને લંબાવીને કહ્યું, ચિત્ત અને ઇન્દ્રિયો.

समं कायशिरोग्रीवं धारयन्नचलं स्थिरः ।
संप्रेक्ष्य नासिकाग्रं स्वं दिशश्चानवलोकयन् ।।

કાયા માથું અને ડોકને સમ કરીને, અને એ બધાંને અચલ અને સ્થિર રાખીને, ચંચળ આંખથી પોતાના નાકની અણીને જોઈને, દિશાઓને જોયા વિના,

प्रशान्तात्मा विगतभीर्ब्रह्मचारिव्रते स्थितः ।
मनः संयम्य मच्चित्तो युक्त आसीत मत्परः ।।

ઈશ્વરના વિના એકે ઠામ ઠાલું નથી, માટે પ્રશાંત આત્મા થઈ, ભયને કોરે મૂકી, બ્રહ્મચર્યના વ્રતમાં સ્થિત થઈને, મનનો સંયમ કરીને, અંતઃકરણને મારામાં પરોવીને, યોગીએ મારામાં ધ્યાન ધરીને બેસી જવું.

## ૧૦૨

શુક્રવાર, તા. ૯–૭–૨૬

આ ચાર શ્લોકમાં યોગની ક્રિયાઓની વાત છે. એ ઓછામાં ઓછા છ મહિના લે એમ જેલમાં વાંચેલું. એ બાહ્ય ક્રિયાઓ છે. એમાંથી બધા જ ફાયદા લઈ લે એમ નથી. પણ શરીર તથા મન એટલાં હઠીલાં છે કે દેશમાં એ વસ્તુને પ્રધાન પદ આપ્યું. વિચારમાં જ્યાં આવી વસ્તુને પ્રધાન પદ આપે ત્યાં બધા જ અખતરા થાય. જેવી કે ધવલગિરિ ઉપર ચડવાની સાધના. બે ઇટેલિયન છોકરાની આખી પૃથ્વીની ચાલતા પ્રદક્ષિણા કરવાની પ્રતિજ્ઞા હતી. બાળક છોકરાઓ

Gandhi Heritage Portal

હતા. તેમને પોતાના કાર્યને વિશે સંતોષ હતો. આમાંથી તમે શું શીખવાના, એમ મેં પૂછયું, એટલે એક તો બહુ ખિજાયો. આ છોકરાઓમાં સાહસ કરવાની શક્તિ આવે, અને એ શક્તિનો લાભ તેમને જ મળે, બાકી તો તેમનો જન્મારો એળે ગયો ગણાય. એમ પ્રાણાયામ ઇત્યાદિની વાતો કરી છે. જે ક્રિયામાં પાખંડ નથી, જેમાં કોઈને ધૂતવાની વાત નથી, પણ ઈશ્વરને વિશે ધ્યાન ચોંટાડવાનું સાધન છે. બજારમાં બેઠો હોઉં તોયે હું મૌનવ્રત લઈને બેસી જાઉં, તો મારે ત્યાંના ઘોંઘાટ તરફ ધ્યાન શા સારુ જવા દેવું? તેમ જ આ પ્રાર્થનામાં પણ આપણે સમાજમાં છીએ અને એકાંતમાં પણ છીએ.

युञ्जन्नेवं सदात्मानं योगी नियतमानसः ।
शान्ति निर्वाणपरमां मत्संस्थामधिगच्छति ।।

આમ જેનું મન નિયમમાં છે, એવો યોગી આત્માનું અનુસંધાન પરમાત્માની સાથે કરે છે, અને નિર્વાણ આપનારી શાંતિ મેળવે છે.

બ્રહ્મનિર્વાણની શાંતિ આપણને મળે, જો આપણે ભગવાનના સુપુત્ર હોઈએ તો.

नात्यश्नतस्तु योगोऽस्ति न चैकान्तमनश्नतः ।
न चाति स्वप्नशीलस्य जाग्रतो नैव चार्जुन ।।

જે માણસ ખૂબ ખાય તેને સારુ યોગ નથી. તે પોતાની સાધનામાં ફળીભૂત નથી થવાનો. તદ્દન ન ખાનાર—અનશનવ્રતીને પણ યોગ ફળીભૂત નથી થવાનો. તે પ્રમાણે અતિ સ્વપ્નશીલ—નિદ્રાવશને, તેમ જ જાગરણ કર્યા કરનારને પણ યોગ ફળીભૂત નથી થવાનો.

આ વસ્તુ ઉપરના ચાર શ્લોકના અનુસંધાનમાં છે, એ યાદ રાખવું જોઈએ. અતિ ખાનાર અને ઊંઘનાર કાંઈ ન કરી શકે એ વાત સાચી છે. કેટલાક માણસ અઘોરી જેવા થઈને ફરે છે. તેઓ કશું સાધી ન શકે. પણ ઉત્તર પક્ષ વિચારવા જેવો છે. જે માણસ સાધક છે અને ભૂખની બરદાસ ન કરી શકે, તેની સ્થિતિ તો હિંદુસ્તાનના કરોડો ભૂખ્યા માણસ જેવી થઈ જાય. તેણે ચિત્તને જે પોષણ આપવું જોઈએ તે ન મળે એટલે તેનું ચિત્ત ઈશ્વરને વિશે ચોંટે નહીં. તેમ જ જાગરણ કરનારનું.

આવું અનશન કે જાગરણ કોઈ કરવા બેઠો છે એવો ભય અહીં નથી. એવી સાધના કરીને યોગ કરનારને માટે આ શ્લોક છે. પણ જે માણસ ઇન્દ્રિયોનો કાબૂ જ ન મેળવી શકતો હોય, જેની આંખ ઊઘડે કે મેલી વસ્તુ જ જોવાને ઊઘડે, બીજી ઇન્દ્રિય પણ વિલાસ જ માગે, તે માણસ ઘણા ઉપવાસ જરૂર કરે અને તેમ કરતાં કરતાં તેનો દેહ ભલે પડી જાય. એ જગતને બતાવવાને માટે તો કાંઈ ન જ કરે. સત્ય અહીં આપણી વચ્ચે સાંકળ તરીકે માનેલું છે. એ માણસ પોતાને છેતરવાનો નથી. જે માણસ એમ માને છે કે મારા વિષય હું કોઈ પણ રીતે રોકી નથી શકતો તે માણસ આ કરે. જગતમાં વિષયને તૃપ્ત કરવા જ જોઈએ, એવો વા વાયો છે. એટલે કહું છું કે આત્મશુદ્ધિ જેટલી કડકાઈથી થાય તેટલી કરવી. એક માણસ આંખ, કાન, જીભ ચાતર્યાની વાત કરે, તો તે ગમે તેટલાં શરીરનાં વ્રતો લઈને જાગ્રત રહે, એ સરસ છે. ઇન્દ્રિયોને આપણે વશમાં રાખવા ઇચ્છીએ તો જરૂર રાખી શકીએ. પણ આપણે વશમાં રાખવા ઇચ્છતા નથી અને બહાનાં શોધ્યાં કરીએ છીએ. એવા માટે ગીતા કહે છે કે ખૂબ ન ખાઈશ, ખૂબ ન સૂઈશ.

ઉપરના ચાર શ્લોકમાં ચાલણ ગાડી આપી છે. તેમાં કહ્યું કે બધું મધ્યમસર કરજે. પછી તો માણસે अर्थं साधयामि वा देहं पातयामि वा કરવાનું છે. ઉત્તર ધ્રુવ શોધવાને માટે લોકો

Gandhi Heritage Portal

આટલું કરે છે તો આ આત્માનો ઉત્તર ધ્રુવ આપણે મેળવવો છે તેને માટે દેહને પાડીએ તેમાં શું વધારે છે?

## ૧૦૩

શનિવાર, તા. ૧૦–૭–૨૬

આરંભકાળમાં મિતાહારી રહેવાની તમામ વસ્તુમાં અતિશયતાનો ત્યાગ કરવાની વાત કરી, એ પછી જ ખબર પડે કે શેમાં અતિશયતા કરી શકાય છે. એટલે હાલ તો બધું ધીમે ધીમે કરજો એમ કહી દીધું.

પણ એવો એક કાળ આવી શકે છે કે જ્યારે જે કૃત્ય સામાન્ય માણસને અતિશય લાગે તે પોતાને અતિશય ન લાગે. લાખો વિકારો પેદા થયાં જ કરે અને માણસને લાગે કે કશો ઉપાય જ નથી રહ્યો; ત્યારે તે માણસ શરીરની સામે, ભગવાનની સામે સત્યાગ્રહ કરવા બેસી જાય. અહિંસાધર્મ બીજા સામે ખૂબ વાપરવો, પણ પોતાના શરીરની પ્રત્યે તે વાપરવા જઈએ તો મરી જઈએ. શરીરની સાથે અસહયોગ સાધવાનો છે. એટલે પહેલાં હૃદયમાં એ પાપી વૃત્તિઓની સાથે અસહયોગ સાધવાનો છે. શરીરને કહી દઈએ કે તને પગીપણાને માટે આટલું દહાડિયું આપીએ છીએ. હવે તું બરોબર પગીપણું કરતું નથી, એટલે આજથી એ દહાડિયું બંધ છે. ભાડું તો એ જ ઘરનું હોય જે આપણી રક્ષા કરતું હોય, ઉપરથી ચૂતું ન હોય, જેની દીવાલો જર્જરિત ન હોય. પણ જે ઘર અંદરથી જ સડેલું હોય તેનું શું થાય? પેલા ઘરનું તો સમારકામ થાય, પણ જે ઘરની હવા જ ઝેરી થયેલી હોય તેને શું કરીએ? એટલે શરીર ભાડા-ચિઠ્ઠી પ્રમાણે ન ચાલે તો અનશન કરવાનો માણસને અધિકાર છે.

युक्ताहारविहारस्य युक्तचेष्टस्य कर्मसु ।
युक्तस्वप्नावबोधस्य योगो भवति दुःखहा ।।

અતિનો ત્યાગ કરે છે તેનું શું થાય છે? આરામ, આહાર વગેરે જે નિયમિત રીતે કરે છે, જે કર્મને વિશે યુક્ત ચેષ્ટા કરે છે, જેની નિદ્રા પણ મધ્યમસર છે, એવા પુરુષનો યોગ દુઃખનું હરણ કરનારો થાય છે.

यदा विनियतं चित्तमात्मन्येवावतिष्ठते ।
निःस्पृहः सर्वकामेभ्यो युक्त इत्युच्यते तदा ।।

જ્યારે ચિત્ત સારી રીતે કાબૂમાં આવી ગયું હોય, જ્યારે તે સારી રીતે નિયમમાં આવી ગયું હોય, જ્યારે તે આત્માને વિશે જ સ્થિર થઈને રહે, તેનું વલણ આત્માની રીતે જ રહે, અને બધી કામનાઓને વિશે નિઃસ્પૃહ રહે, એટલે કે નિષ્કામ થઈને રહે, તે વખતે એ માણસ યુક્ત કહેવાય.

यथा दीपो निवातस्थो नेङ्गते सोपमा स्मृता ।
योगिनो यतचित्तस्य युञ्जतो योगमात्मनः ।।

જેમ દીવો વાયુ વિનાની જગ્યાએ હોય તો હાલતો નથી, તેવી યતચિત્ત યોગી, જે પોતાનો યોગ સાધતો હોય, તેની દશા છે. જો ચલવિચલ હોઈએ તો દીવાને જેમ પવન ઠારી નાખે તેમ વિષયોનું વાવાઝોડું આત્માને ઠારી નાખે છે. વાયુમાંથી દીવો પોષણ લે છે, તેમ આત્માને ઇન્દ્રિયો-માંથી અને ચિત્તમાંથી પોષણ મળે છે. જેમ વાયુ સ્થિર હોય તો તેમાંથી દીવાને પોષણ મળે છે, તેમ વાયુરૂપી ચિત્તવૃત્તિઓને સ્થિર રાખવાથી આત્માને પોષણ મળે છે.

Gandhi Heritage Portal

यत्रोपरमते चित्तं निरुद्धं योगसेवया ।
यत्र चैवात्मनात्मानं पश्यन्नात्मनि तुष्यति ।।

જે ઠેકાણે ચિત્ત શાન્ત થઈ જાય, યોગના સેવનથી ચિત્ત અંકુશમાં આવી જાય છે અને શાન્ત થાય છે, જે આત્માની અંદર આત્માને જુએ છે, એટલે જેનું મન આત્માની અંદર લીન થયેલું છે, અને આત્માને વિષે તુષ્ટ છે, એ યોગી છે.

## ૧૦૪

રવિવાર, તા. ૧૧–૭–૨૬

વરાળને એક ઠેકાણે ભરીને નાનકડી ભૂંગળીમાંથી કાઢીએ તો તે ગમે તેટલું વજન ખેંચી જશે, એમ વૉટે શોધી કાઢ્યું. એ જ રીતે જે છોકરાઓ પોતાની બધી વૃત્તિને રોકી લે અને તેમને એકત્ર વણી લે તો તે ગમે તેટલો ભાર ઝીલી શકે. એ બધી વૃત્તિનો વિરોધ કરીને પરમાત્મામાં શમાવી દઈએ તો કેટલો ફાયદો થાય?

सुखमात्यन्तिकं यत्तद्बुद्धिग्राह्यमतीन्द्रियम् ।
वेत्ति यत्र न चैवायं स्थितश्चलति तत्त्वतः ।।

આત્યંતિક સુખ — શાશ્વત સુખની આગળ ઇન્દ્રિયોનાં સુખો ક્ષણિક છે. એ ઇન્દ્રિયથી ગ્રાહ્ય નથી, પણ બુદ્ધિગ્રાહ્ય છે. બુદ્ધિથી પરમેશ્વર શું છે તે જાણ્યું હોય, કર્તવ્ય શું છે તે જાણીએ, અને પછી પરમાત્માના રથની અંદર જોડાઈ ગયા હોઈએ, તેની કચેરીમાં કામ કરવાને તંદ્રારહિત થઈ નામ નોંધાવ્યું હોય — તો તે માણસ ચલાયમાન થતો નથી.

આવી રીતે સ્થિર થયેલો માણસ પરમાત્મતત્ત્વથી ઘડીભર પણ ચસતો નથી. એ માણસ યોગી છે.

यं लब्ध्वा चापरं लाभं मन्यते नाधिकं ततः ।
यस्मिन्स्थितो न दुःखेन गुरुणापि विचाल्यते ।।

જેને પામીને બીજા કોઈ પણ અધિક લાભ મળી શકે એમ એના સ્વપ્નામાંયે નથી, — સ્વપ્નામાંયે જેને રામનામ સિવાય બીજું કશું નથી આવતું, — આખો દિવસ નિષ્કામ વૃત્તિથી કામ કરેલું હોય તો જ આ સ્થિતિ થાય. આપણી રાત્રિ નિર્દોષ ન ગઈ હોય, ખરાબ સ્વપ્નું આવ્યું હોય, સ્વપ્નું આવ્યું હોય તો લોભ મોહ વગેરે વસ્તુઓ હજી રહેલી છે એમ સમજવું. મનની પણ ચોવીસ કલાક નિદ્રા જેની ન ચાલતી હોય — મનની નિદ્રા જેને ન હોય તે યોગારૂઢ છે, એકાકી છે.

ચાબખા ગમે તેટલા મારે તોપણ કશી અસર ન થાય એવા રાક્ષસી મનવાળો એક હબસી મેં પ્રિટોરિયા જેલમાં જોયો હતો. પણ યોગીનું મન તો દૈવી થઈ ગયું હોય, તેની ચામડી સુશોભિત હોય, તેનું મન કદી ડગશે નહીં. એકલા માણસનું મન ગમે ત્યાં ભટકતું હોય, તો તે એકલો છતાં, બેકલો છે.

तं विद्याद् दुःखसंयोगवियोगं योगसंज्ञितम् ।
स निश्चयेन योक्तव्यो योगोऽनिर्विण्णचेतसा ।।

જેને યોગ કહ્યો તે દુ:ખનો આત્યંતિક વિયોગ છે. સુખ અને દુ:ખથી પર સ્થિતિ અવર્ણનીય છે. આપણે એને શાંતિ કહીએ. એ સ્થિતિ જ્યાં હોય તેને યોગ કહ્યો. એ યોગ નિશ્ચયપૂર્વક સાધવો જોઈએ, કંટાળો ન ઊપજે એવા મનથી.

Gandhi Heritage Portal

## ૧૦૫

મંગળવાર, તા. ૧૩–૭–૨૬

જેઓ બહારના સંજોગો ઉપર પોતાનો આધાર રાખે છે, તેણે સુખને ચોખ્ખી ના પાડી દીધેલી હોય છે. આખરે તે દુ:ખી થાય છે. પણ જેને દુ:ખે નથી અને સુખ પણ નથી, – સુખ અને દુ:ખ બન્નેને સાબરમતીમાં પધરાવી દેવાં જોઈએ – આપણને કાંઈ અનુકૂળ વસ્તુ મળે ત્યારે રાજી થઈએ અને પ્રતિકૂળ મળે ત્યારે દુ:ખી થઈએ, એ બન્ને સ્થિતિ ખરાબ છે. એ બન્ને સ્થિતિમાંથી નીકળી જવું, એ યોગ છે. યોગ એટલે દુ:ખનો વિયોગ, દુ:ખ ન માનવું તે. આપણને કોઈ ગાળો દે તો તે પ્રભુને ચરણે ધરી દેવી. તે જ પ્રમાણે કોઈ આપણી સ્તુતિ કરે તે પણ પ્રભુને ચરણે ધરવી. આ અપરિગ્રહ છે. એ સાધીને જે મનને હલકું ફૂલ જેવું કરી નાખે છે, તે માણસ યોગી છે.

संकल्पप्रभवान्कामांस्त्यक्त्वा सर्वानशेषतः ।
मनसैवेन्द्रियग्रामं विनियम्य समन्ततः ।
शनैः शनैरुपरमेद् बुद्धया धृतिगृहीतया ।
आत्मसंस्थं मनः कृत्वा न किंचिदपि चिन्तयेत् ।।

સંકલ્પોમાંથી ઉત્પન્ન થયેલા કામને પૂરેપૂરા ત્યજીને, અને મનથી ઇન્દ્રિયોના સમુદાયને દરેક બાજુએથી નિયમમાં રાખીને, બુદ્ધિને નિશ્ચયાત્મક કરીને અને મનને આત્માને વિશે જોડીને જે માણસ ધીરેધીરે ઉપરામ પામે અને કોઈ પણ બાબતનો વિચાર ન કરે તે માણસ યોગી છે; એટલે કે તે સુખદુ:ખના દ્વન્દ્વમાંથી બચી જાય છે.

यतो यतो निश्चरति मनश्चञ्चलमस्थिरम् ।
ततस्ततो नियम्यैतदात्मन्येव वशं नयेत् ।।

વળી ઉપરની વસ્તુનો અનુવાદ કરે છે. આત્મામાં મનને સ્થિર કરવાનું કહ્યું. પછી વધારે શું કહે? પણ હજી સમજાવવાનો પ્રયત્ન કરે છે.

મન જ્યાં જ્યાં ચાલ્યા જ કરે છે, ત્યાં ત્યાંથી મનને કાબૂમાં રાખીને પોતાના આત્માને વિશે વશ કરવું જોઈએ.

વાયુનો વેગ વાયુશાસ્ત્રી માપી શકે, વીજળીનો વેગ વૈજ્ઞાનિક માપી શકે. પણ મનની ગતિ માપવાનું યંત્ર કોઈ નથી શોધી શક્યું. એ મન ચંચળ અને અસ્થિર છે. તેને તે તે ઠેકાણેથી ખેંચીને તેની જગ્યાએ એટલે આત્માને વિશે સ્થાપવું.

प्रशान्तमनसं ह्येनं योगिनं सुखमुत्तमम् ।
उपैति शान्तरजसं ब्रह्मभूतमकल्मषम् ।।

આવો શાન્ત મનનો યોગી, જેના બધા રજસ્ અહંકાર, અભિમાન, શાન્ત થયા છે અને જે માણસ બ્રહ્મમય થઈ ગયો છે, એવો યોગી ઉત્તમ સુખને પહોંચી શકવાનો છે.

युञ्जन्नेवं सदात्मानं योगी विगतकल्मषः ।
सुखेन ब्रह्मसंस्पर्शमत्यन्तं सुखमश्नुते ।।

આવી રીતે સદા આત્માને જોડનારો, જેનાં પાપ નાશ થઈ ગયાં છે, જે બ્રહ્મનો સ્પર્શ કરવાવાળો છે, તે યોગી અનંત સુખ ભોગવે છે.

Gandhi Heritage Portal

सर्वभूतस्थमात्मानं सर्वभूतानि चात्मनि ।
ईक्षते योगयुक्तात्मा सर्वत्र समदर्शनः ।।

જેણે યોગ સાધેલો છે, અને જે સર્વત્ર સમદર્શી છે, તે પોતાને બધાં પ્રાણીઓને વિશે જુએ છે અને પોતામાં સર્વ ભૂતોને જુએ છે, એવો સમદર્શી યોગી બ્રહ્માનંદ મેળવી શકે છે.

૧૦૬

બુધવાર, તા. ૧૪–૭–૨૬

ગઈ કાલનો શ્લોક ભારે છે. શ્વાસોચ્છ્વાસ ખેંચીને બેસી જાય તે યોગી નથી, પણ જે સમદર્શી છે, જે બીજાં પ્રાણીઓને પોતાને વિશે જુએ છે, તે યોગી છે. તે મોક્ષ પામે છે. સમદર્શી એટલે જે ન્યાય આપણે આપણને તોળી આપીએ તે ન્યાય બીજાને તોળી આપીએ. એ જ વાત નીચેના શ્લોકમાં વધારે સમજાવે છે:

यो मां पश्यति सर्वत्र सर्वं च मयि पश्यति ।
तस्याहं न प्रणश्यामि स च मे न प्रणश्यति ।।

જે મને બધે જુએ છે, અને બધાને મારે વિશે જુએ છે, તે માણસને માટે હું કદી અદૃશ્ય થતો નથી. તે મને હમેશાં પ્રિય છે, તે મારે માટે કદી અદૃશ્ય થતો જ નથી. જેમ હનુમાન રામચંદ્રજીને અદૃશ્ય ન હતા તેમ.

૧૦૭

ગુરુવાર, તા. ૧૫–૭–૨૬

બધાંને આપણી અંદર જોવાં, એ સહેલું નથી. તેને માટે બીજા શ્લોકમાં કૂંચી બતાવી છે કે ઈશ્વરની મારફત જુઓ. જેમ હિમ પાણીમાંથી થાય છે તેમ આપણે બધા પાણીમાંથી આવ્યા છીએ અને પાણી થવાના છીએ. જે કરાને એમ થયું છે કે હું પાણી છું, તે પાણીમય જ છે. ઈશ્વર અને ઈશ્વરની માયા અરસપરસ ઓતપ્રોત છે. ત્યાં બ્રાહ્મણ શું, ચંડાળ શું અને શૂદ્ર શું? એટલે ભરદ્વાજ ઋષિએ પૂછ્યું કે રામ, તેં રાવણનો વધ કર્યો કે રામની માયાનો? રામ આપણામાંથી કદી અદૃશ્ય નથી થતા અને આપણે રામને કદી અદૃશ્ય નથી થતા.

सर्वभूतस्थितं यो मां भजत्येकत्वमास्थितः ।।
सर्वथा वर्तमानोऽपि स योगी मयि वर्तते ।।

જે યોગી સર્વ ભૂતોમાં રહેલો મને ભજે છે; એકત્વને પ્રાપ્ત થયા પછી હું બ્રહ્મ છું, જગત બ્રહ્મ વિશે છે, એવો ભાવ કરીને ભજે છે, એ માણસ બધી રીતે બહાર હોવા છતાં મારે વિશે વર્તે છે.

'ચલનવલન અવની પર વાકી, મનકી સુરત આકાશ ઠેરાની,' એમ હૃદય-આકાશ વિશે જેની દૃષ્ટિ ઠરેલી છે, તે માણસ હાલતાંચાલતાં, ખાતાંપીતાં, બધી સ્થિતિની અંદર મારે વિશે વર્તે છે. એવા પાખંડીઓ પડ્યા છે, જેઓ કહે છે કે અમે વ્યભિચાર કરીએ, પણ અમે તો યોગી છીએ. તમે માયામાં લપટાયેલા કહેશો કે ફલાણું ગ્રાહ્ય છે અને ફલાણું ત્યાજ્ય છે, પણ અમને કશો વિધિનિષેધ નથી. આપણે તેને કહેવું કે તમારી પાસે સોનું છે, એ આપો અને પથ્થર લો, તો તે આપણું નહીં સાંભળે. તે તો જવાબ આપશે કે હું જ્ઞાની છું, મારી પાસે

Gandhi Heritage Portal

સોનું શોભે. પણ જે માણસે હૃદયની અંદરથી બધા મેલ કાઢી નાખેલા છે, તે માણસના કર્મને વિશે જગત કહેશે – તે પોતે નહીં કહે, પણ જગત કહેશે કે તે ઈશ્વરને વિશે વર્તે છે.

आत्मौपम्येन सर्वत्र समं पश्यति योऽर्जुन ।
सुखं वा यदि वा दुःखं स योगी परमो मतः ।।

બીજાને પોતાની સાથે મેળવીને જે માણસ વર્તશે, પોતાની હાજત જોઈને બીજાની હાજત સંતોષશે, જેમ પોતાને વિશે તેમ બીજાની તરફ વર્તશે, તે માણસ આત્માને અને જગતને ઓત-પ્રોત કરી દેશે. જે માણસ જગતને સુખે સુખી થાય અને જગતને દુઃખે દુઃખી થાય તે માણસ ખરો યોગી કહેવાય.

જે 'હું' છેકીને શૂન્ય થઈ ગયો છે, જેણે પોતાપણું સાવ ભૂંસી નાખ્યું છે, તેવો જ માણસ આ કહી શકે. જે માણસે બધું ઈશ્વરાર્પણ કરેલું છે તે માણસ જ આવો કહી શકાય. પણ આ વાત તો કઠણ થઈ પડી એટલે અર્જુન ખુલાસો માગે છે:

योऽयं योगस्त्वया प्रोक्तः साम्येन मधुसूदन ।
एतस्याहं न पश्यामि चञ्चलत्वात्स्थितिं स्थिराम् ।।

મધુસૂદન, તમે જે આ સમતાનો યોગ મને કહ્યો, એની ગતિ હું જાણી શકતો નથી. એની સ્થિર સ્થિતિ ચંચળપણાને લીધે હું જોઈ શકતો નથી. આગગાડીમાં બેઠા હોઈએ ત્યારે આસપાસની વસ્તુ બરોબર જોઈ શકતા નથી તેમ.

चञ्चलं हि मनः कृष्ण प्रमाथि बलवद् दृढम् ।
तस्याहं निग्रहं मन्ये वायोरिव सुदुष्करम् ।।

હે કૃષ્ણ, મન ચંચળ છે, હૃદયને વલોવી નાખનારું છે, બળવાન છે, અને ચંચળપણાને વિશે દૃઢ છે. તેનો નિગ્રહ કરી શકાય ત્યારે આ જોઈ શકાય એમ છે. પણ એવો નિગ્રહ તો વાયુના નિગ્રહની જેમ અતિશય મુશ્કેલ છે.

असंशयं महाबाहो मनो दुर्निग्रहं चलम् ।
अभ्यासेन तु कौन्तेय वैराग्येण च गृह्यते ।।

હે મહાબાહુ, બહુ શંકારહિત વાત છે કે મનનો નિગ્રહ કરવો, એ કઠણ છે. પણ એટલી દુષ્કર વાત પણ અભ્યાસ અને વૈરાગ્યથી થઈ શકે છે.

असंयतात्मना योगो दुष्प्राप इति मे मतिः ।
वश्यात्मना तु यतता शक्योऽवाप्तुमुपायतः ।।

જે માણસ સંયમી નથી, તેણે યોગને સાધવો એ દુષ્પ્રાપ્ય છે. પણ જે માણસે પોતાને પોતાના વશમાં રાખેલો છે, તે માણસ ઉપાયો કરીને તે સાધી શકે છે.

## ૧૦૮

શુક્રવાર, તા. ૧૬–૭–૨૬

ગીતાનો અર્થ ગમે તેટલો જાણ્યો હોય છતાં હૃદયમાં શૌર્ય ન હોય તો કાંઈ વળે નહીં.

જેટલા રાગ છે તેને આત્મશુદ્ધિ તરફ વાળી દેવા. મોહને શમાવીને આત્મશુદ્ધિ કરવી. અર્જુન તો જગત અને કૃષ્ણ વચ્ચે પુલ બની ગયો છે, આટલા જ્ઞાન પછી શ્રીકૃષ્ણના સહવાસ પછી, તેને પૂછવાપણું હોવું ન જોઈએ; પણ જગતને માટે જ તે પૂછે છે:



Gandhi Heritage Portal

अयतिः श्रद्धयोपेतो योगाच्चलितमानसः ।
अप्राप्य योगसंसिद्धिं कां गतिं कृष्ण गच्छति ।।

શ્રદ્ધાવાળો માણસ પણ, યોગમાંથી જેનું ચિત્ત ચલિત થયું છે, એવો અયતિ — અલ્પ પ્રયત્ન કરનાર — નિર્જન જંગલમાં જઈ બેઠો હોય, ત્યાંયે બાહ્ય સૃષ્ટિ તરફ ચિત્ત જાય એવો માણસ યોગસંસિદ્ધિ ન પામીને કઈ ગતિ મેળવે છે? ઊર્ધ્વગતિ કે અધોગતિ?

कच्चिन्नोभयविभ्रष्टश्छिन्नाभ्रमिव नश्यति ।
अप्रतिष्ठो महाबाहो विमूढो ब्रह्मणः पथि ।।

અનેક પુસ્તકો વાંચીને કાંઈક ઉન્નતિ સાધતો હોય, પણ એના મનમાં વિચાર જાગે અને કહે: 'ના, મારે તો અમુક એકાંત જગ્યામાં જઈને ઈશ્વરની આગળ માથું મૂકવું છે અને સત્યાગ્રહ કરવો છે.' પણ અનેક ઠેકાણે ચિત્ત ભટકાવીને સંશયગ્રસ્ત થયેલા માણસનો છૂટા પડેલા વાદળાની માફક નાશ થાય છે. તે બેઠક વિનાના લોટા જેવો થઈ જાય છે. એવા માણસે જે બ્રહ્મમાર્ગ લીધો છે, તેમાં આ રીતે ચલાયમાન થવાથી — તેનો નાશ થઈ જાય છે કે શું?

एतन्मे संशयं कृष्ण छेत्तुमर्हस्यशेषतः ।
त्वदन्यः संशयस्यास्य छेत्ता न ह्युपपद्यते ।।

હે કૃષ્ણ, આ મારો સંશય છેદવાને તમે પૂરેપૂરા યોગ્ય છો. તમારા વિના આ મારી શંકાનું બીજો કોઈ નિવારણ કરી શકે તેમ નથી.

## ૧૦૯

શનિવાર, તા. ૧૭–૭–૨૬

આના જવાબમાં કૃષ્ણ ભગવાન પ્રતિજ્ઞા કરે છે કે

पार्थ नैवेह नामुत्र विनाशस्तस्य विद्यते ।
न हि कल्याणकृत्कश्चिद् दुर्गतिं तात गच्छति ।।

હે અર્જુન, એવા માણસનો આ લોકમાં કે પરલોકમાં નાશ નથી, કેમ કે અલ્પ પ્રયત્ન કરનાર અયતિનો કોઈ કાળે નાશ તો નથી. કલ્યાણ પ્રવૃત્તિ કરનારની કદી દુર્ગતિ થવાની નથી. એમ કહીને શ્રીકૃષ્ણ ભગવાને આખી દુનિયાને કહી દીધું કે જે મને મેળવવા ઈચ્છે છે તેઓ જે પ્રયત્નો કરે તેને હું શુભ પ્રયત્નો કરનારા કહેવાનો છું. કાર્ય માત્રનું ફળ તો છે જ. અને તેમાં ખાસ કરીને ભગવાનને મેળવવાનું કામ કદી અફળ જવાનું નથી. તેની દુર્ગતિ નથી, પણ ઊર્ધ્વગતિ છે. એ માણસમાં શ્રદ્ધા છે, પછી તેનો પ્રયત્ન બળવાન ન હોય તોપણ શું? ગમે તેમ હોય, તેની ઈશ્વરના સિપાઈની ટુકડીમાં ગણતરી થાય છે.

प्राप्य पुण्यकृतान् लोकानुषित्वा शाश्वतीः समाः ।
शुचीनां श्रीमतां गेहे योगभ्रष्टोऽभिजायते ।।

એવો માણસ પુણ્ય લોકને પામી અને ત્યાં દીર્ઘકાલ સુધી રહીને પવિત્ર અને શ્રીમાન — એટલે જેની ઉપર ઈશ્વરનો અનુગ્રહ છે એવા, ધનવાન નહીં — કારણ એમને ત્યાં જન્મ લઈને યોગાભ્યાસ કરવો કે રામનામ લેવું એ કઠણ વાત છે. જેને ત્યાં લક્ષ્મી છે — વિષ્ણુને લક્ષ્મીપતિ કલ્પ્યા છે તે શું તેને ત્યાં પૈસાની ટંકશાળ છે તેથી? ના. લક્ષ્મી એ તો ભક્તિ છે. અગસ્ત્ય ઋષિ શ્રીમાન કહેવાય, કારણ તેમણે શિવજીની પાસેથી ભક્તિ મેળવી હતી. શ્રીકૃષ્ણ તો વિદુરની

Gandhi Heritage Portal

ભાજી ખાનારા છે. આવા શ્રીમાનને ઘેર યોગભ્રષ્ટનો જન્મ થાય છે, શ્રદ્ધાવાન અયતિનો જન્મ થાય છે.

अथवा योगिनामेव कुले भवति धीमताम् ।
एतद्धि दुर्लभतरं लोके जन्म यदीदृशम् ।।

અથવા તો બુદ્ધિશાળી યોગીને ઘેર તેનો જન્મ થાય છે. એવા યોગીને ત્યાં જન્મથી જ એને સમબુદ્ધિ શીખવાની મળે છે. તેને ત્યાં તો નિત્ય ભક્તિ થતી હોય છે. એવા તો સુધન્વા અને નારદજીના જન્મ કહેવાય.

तत्र तं बुद्धिसंयोगं लभते पौर्वदेहिकम् ।
यतते च ततो भूयः संसिद्धौ कुरुनन्दन ।।

મેં જે તને સામ્યબુદ્ધિની વાત કરી તેનો ત્યાં તેને સંયોગ થાય છે. જે બુદ્ધિ તેને આગલા જન્મમાં નહોતી મળી, તે એને આ જન્મમાં મળે છે, ભલે એનું સ્મરણ એને ન હોય.

ઈટલીનો એક આઠ વર્ષનો છોકરો જન્મ્યો ત્યાંથી જ સતાર વગાડનારો પેદા થયો હોય, તેવી રીતે સતાર વગાડે છે.

તેમ જે માણસ આઠ વર્ષનો થયો ત્યારથી સમદર્શી હોય, તેના પૂર્વજન્મના સંસ્કાર છે, એમ જ આપણે કહીશું. અને એ યત્ન કરતાં કરતાં સિદ્ધિને મેળવે છે.

पूर्वाभ्यासेन तेनैव ह्रियते ह्यवशोऽपि सः ।
जिज्ञासुरपि योगस्य शब्दब्रह्मातिवर्तते ।।

તે પૂર્વાભ્યાસથી કરીને સહેજે ભગવાનની તરફ ખેંચાય છે. જે માણસ યોગી અને જિજ્ઞાસુ છે તે માણસ શબ્દબ્રહ્મને ટપી જાય છે, એટલે કે વેદની કર્મજાળ અથવા કર્મકાંડને ટપી જાય છે. સેવાવૃત્તિથી કે નિષ્કામ કર્મ કરીએ છીએ તે નહીં પણ સહેતુક કર્મ, અનેક પ્રકારના લાભો મેળવવાને માટે કરવાના વ્યવસાયોને તે ટપી જાય છે.

प्रयत्नाद्यतमानस्तु योगी संशुद्धकिल्बिषः ।
अनेकजन्मसंसिद्धस्ततो याति परां गतिम् ।।

પ્રયત્ન કરતાં કરતાં તે યોગી પાપનો નાશ કરી અનેક જન્મની સંસિદ્ધિ પામી મોક્ષને પામે છે.

## ૧૧૦

રવિવાર, તા. ૧૮–૭–૨૬

આત્મશુદ્ધિની કમાણી જેટલી આ જન્મમાં કરી હશે તે અફળ જવાની નથી.

तपस्विभ्योऽधिको योगी ज्ञानिभ्योऽपि मतोऽधिकः ।
कर्मिभ्यश्चाधिको योगी तस्माद्योगी भवार्जुन ।।

મેં તને યોગી થવાને કહ્યું, કારણ જે માણસ તપશ્ચર્યા કરે છે તેના કરતાં યોગી વધારે છે, અને જ્ઞાનીના કરતાં પણ યોગી અધિક મનાયો છે. અહીં જ્ઞાની એટલે કેવળ શાસ્ત્રના જ્ઞાન-વાળો, અનુભવજ્ઞાની નહીં. જે માણસ કર્મકાંડમાં રચ્યોપચ્યો રહે છે તેના કરતાં પણ યોગી ચડિયાતો છે. માટે તું યોગી થા.

योगिनामपि सर्वेषां मद्गतेनान्तरात्मना ।
श्रद्धावान्भजते यो मां स मे युक्ततमो मतः ।।

Gandhi Heritage Portal

બધા યોગીમાં ઉત્તમોત્તમ યોગી તો શ્રદ્ધાવાન જ છે. આ જગતની અંદર સઘળા ત્રિવિધ તાપને મટાડવાને માટે, ચકોરને સારુ જેમ ચંદ્રકિરણ છે તેમ, માણસને માટે પરમાત્માના રટણ સિવાય બીજું કશું નથી.

પુષ્કરજીના એક સ્વામી આવ્યા હતા. તેમણે મને કહ્યું: આટલી ઉંમરે રેંટિયો ચલાવવા શું બેઠા છો? જળ વિનાના પ્રદેશમાં નિરંતર કોદાળી લઈને ખોદનાર—પરમાર્થે પાણી માટે ખોદનાર—રામનામ ન લેતો છતાં રામનામ લે છે, અને તેને રામનામ ફળે છે. જગતમાં એવા ઘણા છે કે જેમને અન્ન એ જ બ્રહ્મ છે. એવા ભૂખ્યાને અન્ન નથી મળ્યું ત્યાં સુધી પરિશ્રમ કરી બતાવી, તેની પાસે પરિશ્રમ કરાવી તેને અન્ન મેળવી આપવું એ ધર્મ થયો. પેલા સંન્યાસીએ મને પૂછયું તો ખરું, પણ એને એમ ખબર નહોતી કે હું કર્મમાં અકર્મ કરી રહ્યો હતો.

છઠ્ઠા અધ્યાયમાં કર્મ કરતાં કરતાં યજ્ઞવૃત્તિ કેમ થાય તે બતાવ્યું છે, આત્મસંયમ કરવાનું સાધન બતાવ્યું છે. બધાને માટે એક જ સાધન આવશ્યક છે એમ નહીં, પણ એ સાધન કઠણ છે માટે પ્રશ્ન ઉઠાવ્યો કે એ કરતો કરતો માણસ નિષ્ફળ જાય તો ઉભયભ્રષ્ટ ન થાય? એના જવાબમાં કહે છે કે "ના", કલ્યાણબુદ્ધિથી કરેલું કર્મ અફળ જતું નથી.

## ૧૧૧

### અધ્યાય સાતમો

મંગળવાર, તા. ૨૦-૭-૨૬

मय्यासक्तमनाः पार्थ योगं युञ्जन्मदाश्रयः ।
असंशयं समग्रं मां यथा ज्ञास्यसि तच्छृणु ।।

મારે વિશે જે માણસનું મન આસક્ત, પરાયણ છે, એ પ્રમાણે જે યોગ સાધી રહ્યો છે, જે મને એકલાને જ આશ્રય માને છે, એ યોગ સાધતો સાધતો સમગ્ર રીતે મને કેમ જાણી શકે એ હવે હું તને કહીશ.

ज्ञानं तेऽहं सविज्ञानमिदं वक्ष्याम्यशेषतः ।
यज्ज्ञात्वा नेह भूयोऽन्यज्ज्ञातव्यमवशिष्यते ।।

આ યોગ વિશેનું જ્ઞાન—અનુભવ સહિત એટલે પ્રત્યક્ષ જ્ઞાન સહિત—અશેષ રીતે તને કહીશ. જે જાણ્યા પછી જગતમાં બીજું કશું જાણવાનું રહેશે નહીં.

मनुष्याणां सहस्रेषु कश्चिद्यतति सिद्धये ।
यततामपि सिद्धानां कश्चिन्मां वेत्ति तत्त्वतः ।।

હજારો માણસોની અંદર કોક જ સિદ્ધિને માટે પ્રયત્ન કરે છે, અને એ યત્ન કરનારા સિદ્ધોમાંથી કોક જ મને યથાર્થ રીતે જાણે છે. એટલે કહે છે કે આ અમૂલ્ય વસ્તુ છે, અને તે હરકોઈ પ્રાપ્ત કરી શકે તેમ નથી.

भूमिरापोऽनलो वायुः खं मनो बुद्धिरेव च ।
अहंकार इतीयं मे भिन्ना प्रकृतिरष्टधा ।।

પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ, તથા શરીર, મન બુદ્ધિ અને અહંકાર એ આઠ વસ્તુ મળીને આઠ પ્રકારથી તે વિભક્ત એવી મારી પ્રકૃતિ છે.

अपरेयमितस्त्वन्यां प्रकृतिं विद्धि मे पराम् ।
जीवभूतां महाबाहो ययेदं धार्यते जगत् ।।

Gandhi Heritage Portal

એનાથી એક બીજી પણ મારી પ્રકૃતિ છે, જેને તું પરાપ્રકૃતિ જાણજે. એ જીવભૂતોમાં એવી પડેલી છે, જે અપરા (જડ)થી ચડિયાતી છે અને જેની ઉપર આ જગત નિર્ભર છે.

## ૧૧૨

બુધવાર, તા. ૨૧-૭-૨૬

આજે છોકરાઓએ એક સાપને પકડયો હતો, અને કંઈક રંજાડયો પણ હતો. એટલે જ એક છોકરા પાસે નીચેનો શ્લોક બોલાવ્યો.

आत्मौपम्येन सर्वत्र समं पश्यति योऽर्जुन ।
सुखं वा यदि वा दुःखं स योगी परमो मतः ।।

અને તેનો અર્થ કરાવ્યો. પછી એનો અર્થ સમજાવતાં કહ્યું કે શત્રુને આપણી સમાન માનવાનો છે. આપણાથી જે ડરે તે માણસ આપણી સાથે કેમ વર્તે એ વિચારવું જોઈએ. ફાવે તો આપણા કટકા કરી નાખે એવી સ્થિતિ હોય, તોપણ તે આપણી સાથે ન્યાયબુદ્ધિથી વર્તે એમ આપણે ઇચ્છીએ છીએ. એક જ માણસને કેદ કર્યો હોય – ભલે તે શત્રુ હોય – તોપણ તેની ઉપર જરૂર કરતાં વધારે દાબ ન મૂકવો. તેને રિબાવીને તો ન જ મરાય. આ તો જગતનો કાયદો થયો. એ કાયદાની રૂએ પણ સર્પાદિથી આપણે ડરીએ છીએ, મોત નથી ઇચ્છતા, છતાં છેવટે એટલું તો સમજીએ કે ગીતાજી પૂરી કરીએ, પૂરું જ્ઞાન મેળવીએ, બે માણસની સેવા કરીએ, રેંટિયાનું કામ પૂરું કરીએ, અને ગોરક્ષા કરીએ. આવી અભિલાષાથી આપણે આપણું રક્ષણ કરવા ઇચ્છીએ. તમે કાંઈ સર્પને બહુ રીબ્યો એમ હું નથી કહેવા માગતો. પણ એ સર્પ ભાઈને તમે એમ ને એમ લઈ ગયા એમ નથી. એ વસમી વાત છે. આપણે તેને પકડીએ તોપણ તેને ધીમેથી પકડવો જોઈએ. તેને રીબવો ન જોઈએ. છોકરાઓના આ વર્તનથી કિશોરલાલભાઈની લાગણી દુભાઈ હતી. તેને ઉદ્દેશીને કહ્યું કે કિશોરલાલભાઈ કહે છે તે ખાતર નહીં, પણ ગીતાજીનો અમલ કરવો છે માટે, આપણે આ બાબતનો વિચાર કરી લેવો જોઈએ. આપણા વિનોદને સારુ તો સાપને માર ન જ મારીએ. બિલાડીનું બચ્ચું ફેંક્યું અને આપણને આનંદ આવ્યો એમ તો ન જ થવું જોઈએ. એ મોહ છે, ઘાતકીપણું છે. બાળકને પણ એમ થવું જોઈએ કે મને કોઈ આવું કરે તો મને શું થાય?

ગીતાએ ચંડાળ અને ભંગી પ્રત્યે સરખી રીતે વર્તવાનું કહ્યું છે, તે શા માટે હશે? એ વસ્તુ જીવનમાં અનુભવવી જોઈએ. એવા વિચાર વિના જે જીવન ગાળે તેનું ગીતા વાંચવું વ્યર્થ છે. સર્પાદિને દુઃખ આપવામાં આનંદ ન મેળવવો જોઈએ. આપણે તેને દબાવીએ છીએ, પકડીએ છીએ, એ પણ નછૂટકે લાચારીથી કરીએ છીએ એવા વિચારથી કરીએ. જેમ દેહને માટે અમુક કરીએ છીએ, એને પંપાળીએ છીએ, તે ન કરતા હોઈએ તો કેવું સારું, એવો ભાવ થવો જોઈએ. આપણે આપણી વિચારસરણી એવી નક્કી કરી લઈએ કે નછૂટકે કરવું હોય એટલું કરીએ, બાકી વધારે ન પંપાળીએ. આ બધું પળિયાં આવે ત્યારે વિચારવાનું કે કરવાનું નથી, અત્યારે જ યૌવનધનનો સારામાં સારો ઉપયોગ કરવાનો છે. ભગવાને તો કહ્યું છે કે હજારો માણસમાંથી કોઈક જ આત્મસિદ્ધિને માટે – આત્મશુદ્ધિને માટે – યત્ન કરે છે. અને એ હજારોમાંથી કોઈક જ મને યથાર્થ રીતે ઓળખી શકે છે. એટલે આપણે ખૂબ યત્ન કરવાનો રહ્યો. તે આપણે પોતાને હજારોમાંના કોક માનવા. આપણે તત્ત્વવેત્તા થવું. એ હજારોમાંના એક લેઈ આપણે સફળ થઈશું, એવી ઇચ્છા રાખવાની છે.

Gandhi Heritage Portal

एतद्योनीनि भूतानि सर्वाणीत्युपधारय ।
अहं कृत्स्नस्य जगतः प्रभवः प्रलयस्तथा ।।

અપરા પ્રકૃતિ — દૃશ્ય જગતની અંદર રહેલો જીવ, અને પરા પ્રકૃતિ એટલે અદૃશ્ય પ્રકૃતિ. આ બે બધા જીવોનું કારણ છે, એમ તું માન. કારણ હું આખા જગતનો પ્રભવ છું અને પ્રલય છું, એટલે કે ઉત્પત્તિ અને વિનાશનું કારણ છું. એટલે તું એમ માનવું છોડી દેજે કે તું કોઈનો નાશ કરનારો છે.

मत्तः परतरं नान्यत्किंचिदस्ति धनंजय ।
मयि सर्वमिदं प्रोतं सूत्रे मणिगणा इव ।।

મારા સિવાય બીજું કાંઈ પણ નથી. અને મારે વિશે આ બધું સૂતરની દોરી ઉપર મણકાની જેમ પરોવાઈ રહેલું છે.

સૂત્રને આધારે જેમ મણકા રહે છે તેમ મારે આધારે આ જગત રહેલું છે.

रसोऽहमप्सु कौन्तेय प्रभास्मि शशिसूर्ययोः ।
प्रणवः सर्ववेदेषु शब्दः खे पौरुषं नृषु ।।

પાણીમાં રસ હું છું. ચંદ્ર અને સૂર્યમાં રહેલું તેજ હું છું. વેદોમાં પ્રણવ એટલે ઓંકાર હું છું. આકાશમાં રહેલો શબ્દ હું છું. મનુષ્યોમાં પૌરુષ પણ હું છું.

पुण्यो गन्धः पृथिव्यां च तेजश्चास्मि विभावसौ ।
जीवनं सर्वभूतेषु तपश्चास्मि तपस्विषु ।।

પૃથ્વીમાં પવિત્ર ગંધ આવે છે તે પણ હું છું. અગ્નિમાં તેજ હું છું. બધા પ્રાણીઓનું જીવન હું છું. તપસ્વીઓનું તપ હું છું.

बीजं मां सर्वभूतानां विद्धि पार्थ सनातनम् ।
बुद्धिर्बुद्धिमतामस्मि तेजस्तेजस्विनामहम् ।।

આ બધા ભૂતોનું સનાતન બીજ મને તું જાણ. બુદ્ધિશાળી માણસની બુદ્ધિ પણ હું છું અને તેજસ્વીઓનું તેજ — પ્રભા હું જ છું.

## ૧૧૩

ગુરુવાર, તા. ૨૨–૭–૨૬

बलं बलवतां चाहं कामरागविवर्जितम् ।
धर्माविरुद्धो भूतेषु कामोऽस्मि भरतर्षभ ।।

બળવાનનું બળ હું છું, પણ તે કામ રાગ વિનાનું બળ. જનક રાજાની શક્તિની અંદર કામ અને રાગ નહોતાં. ધર્મથી અવિરુદ્ધ — અપ્રતિકૂળ — એવો કામ હું પ્રાણીઓમાં છું. ધર્મને અપ્રતિકૂળ કામ એટલે મોક્ષની કામના અથવા તો પ્રાણીઓના આર્તિનાશની કામના.

આપણે બીજાઓનાં દુઃખનો નાશ ઇચ્છીએ તો આપણા દુઃખનો પણ નાશ થાય. પ્રાકૃત ભાષામાં એ વાત સાચી છે, પણ સંસ્કૃત ભાષામાં તો એ મહા સ્વાર્થ છે. મહા સ્વાર્થ એટલે તમામ પ્રાણીઓના મોક્ષનો સ્વાર્થ. એવો માણસ જગતને વિશે મોક્ષનો ભારે પ્રયત્ન કરે.

ये चैव सात्त्विका भावा राजसास्तामसाश्च ये ।
मत्त एवेति तान्विद्धि न त्वहं तेषु ते मयि ।।

Gandhi Heritage Portal

સાત્ત્વિક, રાજસી અથવા તામસી એવા જે જે ભાવો જગતમાં છે તે મારા છે, અથવા મારામાંથી ઉત્પન્ન થયેલા છે; જોકે હું અલિપ્ત છું. તે ભાવોમાં હું નથી, તે મારામાં છે.

આપણે કહીએ છીએ કે જે કંઈ છે તે ઈશ્વરને અર્પણ કરીએ, એટલે નઠારું પણ અર્પણ કરીએ. એ દ્વન્દ્વ જ અવિભાજ્ય છે, એટલે દ્વન્દ્વ અર્પણ કરવાનું છે. પાપને ધકેલી મૂકવાં તો પુણ્યને પણ ધકેલી મૂકવાં. પુણ્યને સંઘરી રાખવામાં પણ પરિગ્રહ છે.

શરીરધારી રામને વિશે આપણે કહી શકીએ કે એને શરીર છે અને નથી. એનામાં વિરોધી ગુણો – સાકારનિરાકાર, સગુણનિર્ગુણ ભરેલા છે. ઈશ્વર નઠારાને માટે નઠારો છે. એ તો અહિંસાની મૂર્તિ છે. પણ પોતાના કાયદાની બહાર નથી જઈ શકતો, માટે તે દુષ્ટનો સંહાર કરનારો ગણાય છે.

त्रिभिर्गुणमयैर्भावैरेभिः सर्वमिदं जगत् ।
मोहितं नाभिजानाति मामेभ्यः परमव्ययम् ।।

આવા ત્રણ પ્રકારના ગુણવાળા ભાવો વડે જગત મોહિત થઈ રહેલું છે. જગત મને એ ભાવોથી જુદો અને અવ્યય એવો નથી જાણતું.

વાસ્તવિક રીતે જેઓ સાત્ત્વિક ભાવોમાં પડેલા છે, તેઓ પણ મોહિત થઈને પડેલા છે એમ ગણાય.

दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया ।
मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते ।।

આ મારી માયા દૈવી છે અને મુશ્કેલીથી તરી શકાય એવી છે. પણ જે મને શરણે આવે છે તે માણસો એને તરી જાય છે.

ભાગવતમાં કહ્યું છે કે કલિકાલમાં જે ॐ नमो भगवते वासुदेवाय રટશે તે આ ભવને તરી જશે. તેવું જ રામનામનું છે.

न मां दुष्कृतिनो मूढाः प्रपद्यन्ते नराधमाः ।
माययापहृतज्ञाना आसुरं भावमाश्रिताः ।।

દુષ્કર્મ કરનારા મૂઢ માણસો મારો આશ્રય નથી લેતા. તેમનું જ્ઞાન માયાથી હરાઈ ગયેલું છે. એ લોકો આસુરી ભાવવાળા છે.

## ૧૧૪

શુક્રવાર, તા. ૨૩–૭–૨૬

चतुर्विधा भजन्ते मां जनाः सुकृतिनोऽर्जुन ।
आर्त्तो जिज्ञासुरर्थार्थी ज्ञानी च भरतर्षभ ।।

મને ચાર પ્રકારે ભજનારા ઉત્તમ કર્મ કરનારા માણસો છે: (૧) આર્ત્ત એટલે દુ:ખી, (૨) જિજ્ઞાસુ એટલે જ્ઞાનેચ્છુ અથવા મોક્ષાર્થી, (૩) અર્થાર્થી એટલે સાંસારિક પદાર્થોને માટે ભજનારા, અને (૪) જ્ઞાની એટલે જે ખુદાના બંદા થઈને ભક્તિ કરે એવા, જેને ઈશ્વર પાસે કશું માગવાનું હોય જ નહીં. તે તો ઈશ્વરને કહે કે તારી રૈયત તરીકે તને ભજવાનો અમારો ધર્મ રહ્યો. તું કંઈ આપે કે ન આપે તેની અમને ફિકર નથી.

तेषां ज्ञानी नित्ययुक्त एकभक्तिर्विशिष्यते ।
प्रियो हि ज्ञानिनोऽत्यर्थमहं स च मम प्रियः ।।

Gandhi Heritage Portal

તેઓમાં જે જ્ઞાની તે મારામાં હમેશાં જોડાયેલો રહે છે, મારી સાથે સંધિ કરીને રહે છે, તુંહી તુંહી ભાવે ભક્ત થઈને રહે છે, ઇસ્લામનો જાણે કલમો પઢતો હોય, તેમ મને રટે છે, તે સૌથી ચડે છે.

મીરાંબાઈ ભારે ભક્તાણી હતી, પણ તે જ્ઞાની પંક્તિની ભક્તાણી હતી. એવા જ્ઞાનીને હું અત્યંત પ્રિય છું અને તે મને અત્યંત પ્રિય છે. આમ અમે આશકમાશૂકની જોડી છીએ.

उदाराः सर्व एवैते ज्ञानी त्वात्मैव मे मतम् ।
आस्थितः स हि युक्तात्मा मामेवानुत्तमां गतिम् ।।

આ ચારે ઉદાર છે. ભલે તેમાંના કોઈ જન્તરમન્તર કરનારા હોય. પણ પાપ અને કુકર્મ કર્યા કરતાં ઈશ્વરને ભજતા હોય તો શું?

રાજાને ત્યાં ધાડ પાડવાને બદલે રાજાને ત્યાં ભીખ માગે તે સારો જ ના? દુ:ખી માણસ રાજાની પાસે આવે, તેમાં જ તેની પ્રતિષ્ઠા છે. દુ:ખી માણસો ઈશ્વરનું શરણું લેવાને બદલે સંસારમાં બીજાનું શરણું લેનારા પડ્યા છે. ત્યારે જે ઈશ્વરની પાસે જાય તે જરૂર ભગવાનને ગમે. આ બધા ઉદાર છે, પણ જ્ઞાની તો જાણે મારો આત્મા છે, હું જ હોયની! જેણે મારી સાથે સંધિ કરેલી છે, તે ઉત્તમ ગતિને પામેલો છે.

बहूनां जन्मनामन्ते ज्ञानवान्मां प्रपद्यते ।
वासुदेवः सर्वमिति स महात्मा सुदुर्लभः ।।

બહુ જન્મને અંતે જ્ઞાની મારે શરણે આવે છે. બહુ જન્મને અંતે એટલે બહુ પ્રયત્ન પછી તે માણસ જીભેથી જ નહીં પણ હૃદયથી સદા પુકારતો હોય છે કે આ જગત વાસુદેવ-રૂપ જ છે. એવો મહાત્મા દુર્લભ છે.

कामैस्तैस्तैर्हृतज्ञानाः प्रपद्यन्तेऽन्यदेवताः ।
तं तं नियममास्थाय प्रकृत्या नियताः स्वया ।।

અનેક પ્રકારની કામનાઓથી જેમનું જ્ઞાન હરાઈ ગયેલું છે એવા ભૂવા વગેરેને ધુણાવનારા સ્વાર્થી માણસો બીજા ત્રીજા દેવતાઓને ભજે છે. ખોડિયાર માતાને અમુક ચોખા અથવા અમુક નાળિયેર ચડાવવાં, એવા નિયમને અનુસરીને તેઓ પોતાની પ્રકૃતિથી દોરાઈને ભજે છે.

લાધા મહારાજ આર્ત હતા એમ કહો. જ્ઞાની પણ હોય. આપણે તેના મનની વાત જાણતા નથી.

## ૧૧૫

શનિવાર, તા. ૨૪–૭–૨૬

यो यो यां यां तनुं भक्त श्रद्धयार्चितुमिच्छति ।
तस्य तस्याचलां श्रद्धां तामेव विदधाम्यहम् ।।

જે જે માણસ જે જે દેવતાઓની પૂજા કરવાને ઇચ્છે છે, તે તે ભક્તોને તે પૂજા વિશેની શ્રદ્ધા તો હું જ આપું છું. તેઓ સ્વતંત્ર રીતે કરી શકે છે, એમ કહેતા હોય તો તેઓ ઝખ મારે છે. એ દેવતાઓની આપેલી શક્તિ નથી. જે માણસને રાજા પાસે જવાનો સીધો હક હોય તેને દરબારીયે શું કરે? દા. ત. સુદામા કૃષ્ણની પાસે પહોંચી ગયો. પછી સઘળા દરબારીઓની વૃત્તિ તેની પ્રત્યે ફરી ગઈ. એવા માણસે બીજાને ચોખા ચડાવવાની જરૂર ન રહે.

Gandhi Heritage Portal

स तया श्रद्धया युक्तस्तस्याराधनमीहते ।
लभते च ततः कामान्मयैव विहितान् हि तान् ।।

એ માણસ શ્રદ્ધાવાળો થઈને શ્રદ્ધાને લીધે તેની આરાધના કરે છે. જે જે નિશ્ચિત કરેલા હોય તે તે ભોગો તેને મળે છે. સ્વતંત્ર અને સંપૂર્ણ અધિકારવાળા ઘણા હોય તો ઈશ્વર ન રહે.

अन्तवत्तु फलं तेषां तद्भवत्यल्पमेधसाम् ।
देवान्देवयजो यान्ति मद्भक्ता यान्ति मामपि ।।

ટૂંકી બુદ્ધિવાળા જેઓ દેવતાઓને ભજે છે તેમને નાશવાન ફળ મળે છે. મુક્તિ તો એક જ માણસને મળે. દેવોને ભજવાવાળા તે તે દેવોના દરબાર સુધી પહોંચે છે. મારા ભક્તો સીધા મારી પાસે ચાલ્યા આવે છે.

अव्यक्तं व्यक्तिमापन्नं मन्यन्ते मामबुद्धयः ।
परं भावमजानन्तो ममाव्ययमनुत्तमम् ।।

આ ઓછી બુદ્ધિવાળાઓ મારા અવ્યક્ત સ્વરૂપને જાણતા નથી. આ દૃશ્ય જગતની પાછળ જે અદૃશ્ય વસ્તુ રહેલી છે, તેને તેઓ દૃશ્ય માની લે છે. પણ મારો જે શ્રેષ્ઠ ભાગ છે (પર ભાગ છે) તેને તેઓ બિલકુલ જાણતા નથી, મને અવ્યય અને ઉત્તમ પુરુષોત્તમરૂપે જાણતા નથી. દા. ત. સૂર્યને ભજો. તે તેજ અને અજવાળું આપે. તેને ભજીએ તો ઈશ્વરની વિભૂતિના કટકા કરી કટકાને આપણે ભજવા મંડયા છીએ. પણ ઈશ્વરની ઉત્તમ અદૃશ્ય સ્થિતિ ઓળખવી જોઈએ. આ દૃશ્ય જગત ચિત્રવિચિત્ર છે. દેવતાઓ રંગ બદલે છે, પણ ઈશ્વર રંગ બદલતો નથી.

## ૧૧૬

રવિવાર, તા. ૨૫–૭–૨૬

આપણી બુદ્ધિ એવી નથી કે તે તત્કાળ આ આત્મા, જે પરદાની અંદર ઘેરાયલો છે તે પરદાને તોડી વછોડીને આપણને મુક્ત કરી શકે. જેની પરદા તોડી નાખવાની ઈચ્છા થઈ હોય, એ અબુદ્ધિ નથી. આપણે ઊંડા નથી ઊતર્યા ત્યાં સુધી આપણી કલ્પના દશ માથાં સુધી જાય. પછી કોઈક જાગે અને કહે કે આત્માને તે વળી માથાં હોય? તેમાં તેને અભ્યાસ યાદ આવે, બીજા અધ્યાયના શ્લોકો યાદ આવે, અને તે કહે કે આત્મા તો અવ્યક્ત છે, અચ્છેદ્ય છે, અક્લેદ્ય છે. અબુદ્ધિ માણસ પોતાના નાનકડા સરખા માપથી મને માપવા માગે છે. મારી મૂર્તિ બનાવે છે અને તે હું છું એમ માનીને વર્તે છે.

नाहं प्रकाशः सर्वस्य योगमायासमावृतः ।
मूढोऽयं नाभिजानाति लोको मामजमव्ययम् ।।

હું સર્વને પ્રકાશ આપતો નથી. બધા મને ઓળખી શકતા નથી, કારણ મારી યોગમાયાથી હું ઢંકાયેલો છું. ઈશ્વરે આવી માયા ન રચી હોત તો આ દૃશ્ય જગતમાં આપણા ભુક્કા થઈ જાત. ત્યારે આ દૃશ્ય જગત રચ્યું શા સારુ? એ તો ઘડિયાળ પૂછે કે મને ઘડનારે શા સારુ ઘડયું, તેવી વાત થઈ. કૃતિએ કર્તાને માટે દૃઢ શ્રદ્ધા રાખવી જોઈએ. માયાથી આવૃત્ત થયેલો એ મૂઢ પુરુષ અજ અને અવ્યય એવા મને જાણતો નથી.

Gandhi Heritage Portal

## ૧૧૭

મંગળવાર, તા. ૨૭–૭–૨૬

હું બધાનો પ્રકાશ નથી એટલે બધા મને દેખી શકે એવો હું નથી. મારા તેજથી તેઓ અંજાઈ જાય છે. મારી માયા એવી છે કે અત્યારે કોઈ ઠેકાણે કોઈનો જન્મ કે મરણ થતાં હોય, એમ કહી શકાય. એમાં એમ માનવું કે આ ફેરફાર ખોટા છે. નામરૂપમાં ઢંકાયેલું પેલું સ્વરૂપ છે, તેને કોણ ઓળખી શકે? કોઈ કહે કે અમારા દેશમાં નદી ઠરી જાય છે અને તેના ઉપર માણસો અને ઘોડાગાડી ચાલ્યાં જાય છે, તો તે આપણા સમજવામાં ન આવે એવી આ વાત છે. છતાં એ વાત સાચી છે. ભગવાન કહે છે કે એ મારી યોગમાયા છે. જે અવ્યક્ત છે તે જ મારું ખરું સ્વરૂપ તો છે.

वेदाहं समतीतानि वर्तमानानि चार्जुन ।
भविष्याणि च भूतानि मां तु वेद न कश्चन ।

હે અર્જુન, પૂર્વે થઈ ગયેલા અને હાલ છે તે તથા ભવિષ્યમાં થનારા છે તે, સઘળા જીવોને હું જાણું છું, પણ મને કોઈ જાણતા નથી.

इच्छाद्वेषसमुत्थेन द्वन्द्वमोहेन भारत ।
सर्वभूतानि संमोहं सर्गे यान्ति परंतप ।।

આ સંસારમાં ઇચ્છા અને દ્વેષથી ઉત્પન્ન થયેલા અને દ્વન્દ્વરૂપ મોહથી આ સઘળા પ્રાણીઓ મોહ પામી રહેલા છે.

येषां त्वन्तगतं पापं जनानां पुण्यकर्मणाम् ।
ते द्वन्द्वमोहनिर्मुक्ता भजन्ते मां दृढव्रताः ।।

જે પુણ્યશાળી લોકોના પાપનો અંત આવી ગયો છે તે મોટા વ્રતધારીઓ, દ્વન્દ્વના મોહમાંથી મુક્ત થઈને મને ભજે છે.

जरामरणमोक्षाय मामाश्रित्य यतन्ति ये ।
ते ब्रह्म तद्विदुः कृत्स्नमध्यात्मं कर्म चाखिलम् ।।

ઘડપણ અને મરણ એમાંથી મોક્ષ મેળવવાને સારુ જે લોકો મારો આશ્રય લઈને યત્ન કરે છે, તેઓ બ્રહ્મને જાણે છે. તેઓ સંપૂર્ણ અધ્યાત્મને તથા સમગ્ર કર્મને જાણે છે.

साधिभूताधिदैवं मां साधियज्ञं च ये विदुः ।
प्रयाणकालेऽपि च मां ते विदुर्युक्तचेतसः ।।

જે માણસો મને અધિભૂતવાળો અને અધિદૈવ તથા અધિયજ્ઞવાળો જાણે છે — મૃત્યુ લગી પણ જાણે છે — તે માણસ સ્થિર છે. ભૂતોનો પણ સ્વામી, દેવોનો પણ સ્વામી અને યજ્ઞનો પણ સ્વામી એટલે વિશ્વમાત્રનો કર્તાહર્તા હું છું, એમ જે જાણે છે, અને જેના ઉપર ઘટમાળની કશી અસર નથી થતી, તે માણસ યોગયુક્ત છે.

## ૧૧૮

### અધ્યાય આઠમો

બુધવાર, તા. ૨૮–૭–૨૬

સાતમા અધ્યાયમાં પ્રતિજ્ઞા પૂરી કરી, જ્ઞાન અને વિજ્ઞાન બન્ને આપ્યાં, અને કહ્યું કે બન્ને જાણ્યા પછી તારું અકલ્યાણ નહીં થાય.

Gandhi Heritage Portal

અપરા પ્રકૃતિ — દૃશ્ય સ્વરૂપ તો ઇન્દ્રિયોથી અને બુદ્ધિથી જાણી શકાય; પણ પરા પ્રકૃતિ તો ઇન્દ્રિય, બુદ્ધિ, અહંકાર વગેરે છોડીને જ જાણી શકાય. આપણે ઈશ્વરના પરસ્વરૂપને જાણવું હોય તો આપણે પણ કંઈક અંશે તેના જેવા થવું જોઈએ. આપણામાં પણ અપર અને પર બંને સ્વરૂપો છે, તેમાંના અપરનું દમન કરીને પરનું જ્ઞાન વધારવું જોઈએ.

પહેલા અધ્યાયનો મુખ્ય પ્રશ્ન એ હતો કે સગાંવહાલાંને કેમ મારી શકાય. એનો ઉત્તર આપવામાં સાત અધ્યાય થઈ ગયા. હવે આઠમો શરૂ થાય છે. અર્જુનમાં ભેદબુદ્ધિ અને મોહ વ્યાપેલો હતો, તેને ટાળવાનો આ બધો પ્રયત્ન છે. એમ પરા અને અપરા પ્રકૃતિ સુધી અર્જુનને લાવવામાં આવ્યો છે.

किं तद् ब्रह्म किमध्यात्मं किं कर्म पुरुषोत्तम ।
अधिभूतं च किं प्रोक्तमधिदैवं किमुच्यते ।।
अधियज्ञः कथं कोऽत्र देहेऽस्मिन्मधुसूदन ।
प्रयाणकाले च कथं ज्ञेयोऽसि नियतात्मभिः ।।

અર્જુન પૂછે છે, તમે બ્રહ્મ, અધ્યાત્મ, કર્મ, અધિભૂત વગેરેની વાત કરી એ બધું શું છે? વળી અધિયજ્ઞ શું છે? એ બધું યુક્તચિત્ત માણસથી પ્રયાણકાળે જાણી શકાય એનો અર્થ શો છે?

## ૧૧૯

ગુરુવાર, તા. ૨૯–૭–૨૬

શ્રીકૃષ્ણ એનો જવાબ આપે છે :

अक्षरं ब्रह्म परमं स्वभावोऽध्यात्ममुच्यते ।
भूतभावोद्‌भवकरो विसर्गः कर्मसंज्ञितः ।।

જેનો નાશ ન થાય અને જે ઉત્તમ છે એ બ્રહ્મ છે. સ્વભાવ એ અધ્યાત્મ છે.

આપણા બધાનો ઈશ્વર એ અધ્યાત્મ ઉત્પન્ન કરનારી શક્તિ છે. ભૂતોની ઉત્પત્તિ અને વૃદ્ધિ કરનારો ત્યાગ છે, તેને કર્મની સંજ્ઞા આપેલી છે.

## ૧૨૦

શુક્રવાર, તા. ૩૦–૭–૨૬

આપણે આખા જગતની સાથે શારીરિક સંબંધ ન રાખી શકીએ, પણ આધ્યાત્મિક સંબંધ રાખી શકીએ.

પરોપકારવૃત્તિ ન રાખનાર માણસ પોતાનું જ નહીં, પારકાનું પણ ભૂંડું કરે છે. માતા પેટમાંના બાળકનું રક્ષણ ન કરે તો પોતેય મરે અને બાળક પણ મરે. એનું એ વિસર્ગરૂપ કર્મ છે. માતા નિયત આહાર ન કરે, મલિન વિચાર અને મલિન આહાર કરે, તો માતા અને બાળક બંનેના બાર વાગી જાય છે. એમ આપણા પણ બાર વાગ્યા જ કરે છે. આપણે કહીએ કે આપણું બગડે તેમાં જગતને શું? પણ એમાં જગતનું અને આપણું બંનેનું બગડે છે.

કર્મ એટલે ઉત્પત્તિ કરનારું કર્મ તો નહીં જ. વ્યાસજીનું ગીતા અને મહાભારત લખવું, એ એક મોટો વિસર્ગ (ત્યાગ) હતો. ગીતાજી જેવું રત્ન, કર્મ શબ્દથી ઉત્પત્તિની સ્થૂળમાં સ્થૂળ ક્રિયા સૂચવવા માગે, એ અસંભવિત છે.

Gandhi Heritage Portal

अधिभूतं क्षरो भावः पुरुषश्चाधिदैवतम् ।
अधियज्ञोऽहमेवात्र देहे देहभृतां वर ।।

હે દેહધારીઓમાં શ્રેષ્ઠ અર્જુન, આ જગતની અંદર જે નાશવંત છે, એને અધિભૂત કહે છે. દેવતાઓનો સ્વામી તે પુરુષ અધિદૈવ છે. આ શરીરમાં હું વાસુદેવ જ અધિયજ્ઞ છું, એટલે સર્વ યજ્ઞનો અધિષ્ઠાતા, સર્વ યજ્ઞનો ફલદાતા હું છું. જે ભાવો જીવોનો આશ્રય લઈ રહે છે, તે નાશવંત ભાવો છે.

## ૧૨૧

શનિવાર, તા. ૩૧-૭-૨૬

'નરકની ધરતી શુભ ઈરાદાથી લદાયેલી છે' એવી એક લૅટિનમાં કહેવત છે. એકલા શુભ ઈરાદાથી સફળતા નથી મળતી, પણ નરકનો કીડો માને છે કે પ્રયત્ન કર્યા વિના એકલા શુભ ઈરાદાથી સફળતા મળે. દીધું કાંઈ નથી દેવાઈ શકાતું, પણ લીધું લેવાઈ શકે છે. હું ગમે તેટલો પ્રયત્ન કરું, પણ તમે લો નહીં તો મારું શું વળે? તમે બધા જો પ્રયત્ન કરો તો બીજાના વખતનો નાશ ન થાય. ચાર વાગ્યે ઊઠવાનો પ્રયત્ન કદી નિષ્ફળ જતો નથી. એ પ્રયત્નમાં ભાંગી જઈએ તોપણ શું? ભાંગી જાય ત્યાં સુધી પ્રયત્ન કરનારને મોક્ષ મળે છે.

કૃષ્ણ અધિયજ્ઞ છે અને આપણે તેને ભજીએ છીએ, કારણ તેણે મનુષ્ય છતાં આખી જિંદગી કર્મ કર્યું. પાંડવો ઊંઘે તોપણ તે સતત જાગ્રત હતો. પાંડવોની દૃષ્ટિ સદા તેના ઉપર જ રહેતી હતી. તેને નહોતું બગાડવું કૌરવોનું કે નહોતું સુધારવું પાંડવોનું, તેને તો જે સુધારવાનું હતું તે જ સુધારવું હતું. તેણે કર્મ કરતાં કરતાં શરીર ઘસી નાખ્યું. છતાં તેનું શરીર તેજસ્વી રહ્યું. પ્રયત્ન શબ્દ તો પ્રાકૃત છે. પણ પ્રયત્ન વસ્તુ એવી છે કે તેનો નિશ્ચય થયો કે તેનું ફળ મળે. કૃષ્ણે નિશ્ચય કર્યો હતો કે પાંડવોનો જય જ છે, એટલે પાંડવોનો જય જ હતો. કૃષ્ણ તો સાક્ષાત્ પરોપકારની મૂર્તિ હતા. તેમને કોઈનું બગાડવું નહોતું. કર્ણના ખોળામાં પરશુરામનું માથું હતું, તે વેળા તેને કોઈ ભયંકર પ્રાણી કરડતું હતું, તેથી લોહીની ધારા વહેતી હતી, છતાં તે જરાયે ચસ્યો નહીં. આ પણ માણસ જ હતો ને? તેમ આપણે પણ શુભ ઈરાદા કરી પ્રયત્ન કરવો જોઈએ અને પ્રયત્ન કરતાં છતાં તેનું ફળ કૃષ્ણાર્પણ કરવું જોઈએ.

અર્જુનને દેહભૂતમાં એટલે શરીરધારીઓમાં શ્રેષ્ઠ કહીને એને એમ સૂચવ્યું કે તારે જરાયે ગભરાવાની જરૂર નથી.

## ૧૨૨

રવિવાર, તા. ૧-૮-૨૬

अन्तकाले च मामेव स्मरन्मुक्त्वा कलेवरम् ।
यः प्रयाति स मद्भावं याति नास्त्यत्र संशयः ।।

મરવાને સમયે મારું જ સ્મરણ કરતો જે શરીરને છોડી જાય છે તે મને જ પામે છે.

यं यं वाऽपि स्मरन्भावं त्यजत्यन्ते कलेवरम् ।
तं तमेवैति कौन्तेय सदा तद्भावभावितः ।।

જે જે ભાવને ભજતો માણસ પોતાનો દેહ છોડે છે, તે જ ભાવનું ધ્યાન ધરતો માણસ, તે ભાવને પામે છે. એટલા જ સારુ કહ્યું કે કરશે તેવું પામશે.

Gandhi Heritage Portal

આપણે વિચારને જરાયે મેલા ન થવા દેવા જોઈએ. માબાપ આપણને મનુષ્ય આકૃતિ આપે છે, પોતાના શરીરની આકૃતિ પણ આપે છે. સૂક્ષ્મ ફેરફાર થાય તે આંખમાંથી દેખાય છે. આપણને વ્યાધિ થાય તેનું કારણ આપણે પોતે જ છીએ, એમ માનવું જોઈએ. આપણું મન એવું બળવાન થઈ જાય કે આસપાસના સંજોગોની અસર આપણા ઉપર થવાને બદલે આપણી અસર તેના ઉપર પડે, તેવા માણસને રોગ નથી થતો. એટલે આપણી માંદગી પાપનું કારણ છે, એમ માનવું આપણને ઉપકારી છે. હૃદયથી રામનામ લીધું હોય તો તેની વાડ ટપીને ખરાબ સ્વપ્નું પણ શેનું આવે? અને આવે તો કેવળ મુખેથી જ એ નામ લીધું હતું એમ માનવું. કાંઈ પણ ડર મનમાં રહી ગયો, તો તે પણ ભારે વિકાર છે, અને તેને પરિણામે પણ આપણે અનેક પ્રકારના વ્યાધિઓ ભોગવીએ છીએ. એટલે જેમ જેમ આપણે વિકારો છોડીએ તેમ તેમ ઓછા વ્યાધિના ભોગ બનીએ. નાક, કાન અને બધાં અંગ સડી ગયાં હોય, એવા માણસો પણ સારા થઈ શક્યા છે. શરીરને વિશે જ સુધરવાની શક્તિ રહેલી છે. જોકે વનસ્પતિથી વ્યાધિમુક્ત થવાની દશા ક્ષણિક છે, પણ જે વિકારોને જીતીને ઈશ્વરપરાયણ થયો છે તે તો કહેશે કે મારે વનસ્પતિની દવાથી સારા નથી થવું, મારામાં જે અનિષ્ટ ભરાયેલું છે તેનો નાશ થશે એટલે હું સારો થઈશ. અને તેમ કરતાં પોતાનો દેહ પડી જાય તો તેને તે વધાવી લે છે.

રાક્ષસી વિચાર કરશે તેનું રૂપ એક દિવસમાં વિકરાળ થઈ જશે. એક માણસ મારી પાસે ખૂનના આરોપવાળો આવ્યો. તેને જોઈને જ મેં કહ્યું કે તું મને છેતરે છે. એ માણસ તરત જ ત્યાંથી ભાગ્યો.

## ૧૨૩

મંગળવાર, તા. ૩–૮–૨૬

વિચાર એ કર્મ છે. વિચાર એવા પ્રબળ છે કે કોઈ કોઈ વાર તેનાં પરિણામ કર્મનાં પરિણામ કરતાં પણ ભયંકર હોય છે. એક માણસના હાથમાં કોઈએ પિસ્તોલ મૂકી હોય, અને તે બળાત્કારે તેની પાસે પિસ્તોલ ફોડાવે, તો પેલા માણસે હિંસા કરી ન કહેવાય, કારણ તેના ઉપર બળાત્કાર થયેલો છે. પણ જે માણસના વિચારમાં અહિંસા છે, અને જે દૂર રહી પારકાની પાસે હિંસા કરાવે છે, તેની અહિંસા ઘણી ભયંકર છે. વળી અંતરના શત્રુઓ પણ હિંસા કરાવનાર હોય. માણસના ભારે વિચાર અને પ્રયત્ન હોવા છતાં તેનાથી પાપપ્રવૃત્તિ થઈ જાય છે. તે કરાવનારાં કામ અને ક્રોધ છે. પણ તેના પ્રયત્ન અને તેના વિચાર કામ આવે છે. યમરાજા જ માણસના હાથમાં પિસ્તોલ મુકાવી તેની પાસે હિંસા કરાવે, તેને હિંસા નથી અડતી. તેના મુખ ઉપર તો સદા નારાયણનું નામ હશે, અને તેનો અંતકાળે ઉદ્ધાર છે જ. સામાન્ય રીતે વ્યવહારમાં આવું બનતું નથી, કારણ આપણા વિચાર ભંગેડીના જેવા હોય છે. વિચારની તો જ્ઞાનપૂર્વક સતત ધારા ચાલવી જોઈએ. એવો માણસ હાલતાં ચાલતાં નારાયણનું રટણ કરે છે. તેનાથી પોતાનાં કામ નથી થતાં, તેનો અંતર્યામી કરે છે.

આ બે શ્લોક સાથે મૂકીને આખું તત્ત્વજ્ઞાન મૂકી દીધું છે. માણસ જેવું વિચારશે તેવું પામશે.

तस्मात्सर्वेषु कालेषु मामनुस्मर युध्य च ।
मय्यर्पितमनोबुद्धिर्मामेवैष्यस्यसंशयम् ।।

Gandhi Heritage Portal

એટલે તું સર્વકાલે મારું સ્મરણ કર અને યુદ્ધ પણ કર. તારું તન, મન અને ધન કૃષ્ણાર્પણ કરીને તું યુદ્ધ કરીશ તોપણ મને જ પામવાનો છે.

अभ्यासयोगयुक्तेन चेतसा नान्यगामिना ।
परमं पुरुषं दिव्यं याति पार्थानुचिन्तयन् ।।

ખૂબ અભ્યાસ કરનાર અને પોતાના મનને ક્યાંય ભમવા ન દેનાર તથા નિરંતર મારું ચિંતન કરનારો પુરુષ પરમ દિવ્ય પુરુષને એટલે કે મને પામે છે.

અંતકાળે જ આ કરી લઈશું તો ચાલશે, એમ કોઈ ન માને, બચપણથી જ આ જાતના જેના પ્રયત્ન હશે તે જીત્યો, પેલો હાર્યો. ડેલાગોઆ બેથી સ્ટીમર લીધી અને ગોખલેને વળાવ્યા. ગોખલે કોથળીમાં દડા નાખવાનું (બિલિયર્ડ) રમતા હતા. હું નહોતો રમતો. તેમને થયું કે મને ખરાબ લાગતું હશે. એટલે તેમણે મને પૂછ્યું કે 'શું તું ધારે છે કે મને આમ રમવાનો શોખ છે?' મેં જવાબ આપ્યો: 'ના. આ તો તમે દેશની કુશળતા સિદ્ધ કરવાનો પ્રયત્ન કરો છો.' આમ તેમની રમત પણ કૃષ્ણાર્પણ હતી. હું તો એ જાણતો જ હતો. મારું નાચવું પણ શોખની ખાતર નહોતું એમ મારું મન આજે પણ સાક્ષી પૂરે છે. તે વેળા તો બધી રીતે 'જેન્ટલમૅન' થવાની શક્તિ સિદ્ધ કરવી હતી. સાર એ જ કે બધું કામ કૃષ્ણાર્પણ કરવું. પ્રાપ્ત થયેલું કામ જ એ ભાવે થાય, માગી લીધેલું કાંઈ એ ભાવે ન થાય. આશ્રમમાં બધા જુદાં જુદાં કામ કૃષ્ણાર્પણ બુદ્ધિથી કરે તોપણ સૌ એક જ કામ કરે છે, બધાના વિચારમાં સંપૂર્ણતાએ મેળ હોય તો. બાકી એક જ માણસનું ધ્યાન કાંતવામાં હોય, અને બીજાઓનાં મન ભટકતાં હોય, તો તેઓ કાંતતા નથી.

## ૧૨૪

બુધવાર, તા. ૪-૮-૨૬

कविं पुराणमनुशासितारमणोरणीयांसमनुस्मरेद्यः ।
सर्वस्य धातारमचिन्त्यरूपमादित्यवर्णं तमसः परस्तात् ।।
प्रयाणकाले मनसाऽचलेन भक्त्या युक्तो योगबलेन चैव ।
भ्रुवोर्मध्ये प्राणमावेश्य सम्यक्स तं परं पुरुषमुपैति दिव्यम् ।।

એ માણસ તે પરમ દિવ્ય પુરુષને પામે છે, જે માણસ બધું જાણે છે. જે પુરુષ અનાદિ છે, જે જગતને નિયમમાં રાખનાર છે, જે સૂક્ષ્મમાં સૂક્ષ્મ છે, તે પુરુષને પ્રયાણકાલે એટલે મરણને સમયે યાદ કરવો.

ઈ. સ. પૂર્વે છઠ્ઠા સૈકામાં લીડિયાનો ક્રીસસ[1] નામે રાજા થઈ ગયો. તેની પાસે પુષ્કળ ધન હતું. ગ્રીસનો સાધુપુરુષ અને સ્મૃતિકાર સોલન[2] એક વાર તેને મળવા ગયો. ત્યારે તેણે પૂછ્યું કે મારા કરતાં વધારે સુખી બીજો કોઈ હશે? સોલને જવાબ આપ્યો: માણસના મરણ પછી જ તે સુખી હતો કે કેમ તે કહી શકાય. આ જ ક્રીસસ ઉપર ઈરાનના રાજા સાયરસે ચડાઈ કરી અને તેને હરાવ્યો. એણે એને મોતની સજા કરી. જે વખતે એને ફાંસીએ લઈ જતા હતા તે

૧. લીડિયાનો છેલ્લો રાજા; ઈ. સ. પૂ. ૫૬૦-૫૪૬.

૨. ઈ. સ. પૂ. ૬૩૮-૫૫૮; એથેનિયન રાજનીતિજ્ઞ અને કવિ. તેમની મુલાકાતની વાત હિરોડોટસ્ કરે છે, પણ કાલક્રમ પ્રમાણે એ અશક્ય છે.

Gandhi Heritage Portal

વખતે એણે સોલનનું નામ ત્રણ વાર પુકાર્યું. સાયરસે એને કારણ પૂછયું. ત્યારે એણે સોલનનો જવાબ સંભળાવ્યો. સાયરસે એને મુક્ત કર્યો અને પોતાના સલાહકાર તરીકે રાખ્યો. સાયરસ જ્યારે મરી ગયો ત્યારે પોતાના છોકરાને સંભાળવાનું એને સોંપી ગયો. તે જ પ્રમાણે માણસના મરણ પછી જ આપણે કહી શકીએ કે એની સદ્‌ગતિ થઈ છે કે કેમ.

હવે આગળ પેલા પુરુષનું વર્ણન કરે છે. સર્વને ઉત્પન્ન કરનાર, જેનું રૂપ અચિંત્ય છે, જેને માત્ર યોગીઓ ધ્યાનમાં જ જુએ છે, જે આદિત્યવર્ણ (સૂર્યના જેવા નિત્ય ચેતન પ્રકાશ રૂપ) અને જે અંધારા-અજ્ઞાનથી વિલક્ષણ છે. એ કેટલો ઝીણો અને કેટલો મોટો હશે, તેનો વિચાર કરતાં આપણી બુદ્ધિ કામ નથી કરતી. આવા પુરુષને જે પ્રયાણકાળે અચલ મનથી, ભક્તિથી અને યોગબળથી સ્મરે છે—જે એક પણ ઉપાય કે ઉપચાર કરવાની કે દવા લેવાની ના પાડે, મોં બંધ કરે, આંખને મીંચી જાય અને સમજે કે પોતે તો જ્યાં અંધારું નથી, જ્યાં સુખદુઃખ નથી, તેવા પ્રદેશમાં પહોંચવાનો છે. અચળ મન તેનું જ છે કે જે ભક્તિથી જોડાયેલો છે અને જેણે પોતાની અનેક કાળની સાધનાનું બળ મેળવેલું છે, અને જે ભવાંની મધ્યમાં પ્રાણને પૂરેપૂરા સ્થાપીને ચિંતન કરે છે તે માણસ પેલા પરમ દિવ્ય પુરુષને પામે છે.

## ૧૨૫

ગુરુવાર, તા. ૫–૮–૨૬

यदक्षरं वेदविदो वदन्ति विशन्ति यद्यतयो वीतरागाः ।
यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति तत्ते पदं संग्रहेण प्रवक्ष्ये ।।

વેદને જાણનારા લોકો જેને અક્ષર કહે છે અને વીતરાગ યતિઓ જેનામાં પ્રવેશ કરે છે; અને જેની ઇચ્છા કરનારા બ્રહ્મચર્યનું પાલન કરે છે, એ પરમપદનું હું તારી આગળ સંક્ષેપમાં વર્ણન કરીશ.

सर्वद्वाराणि संयम्य मनो हृदि निरुध्य च ।
मूर्ध्न्याधायात्मनः प्राणमास्थितो योगधारणाम् ।।
ओमित्येकाक्षरं ब्रह्म व्याहरन्मामनुस्मरन् ।
यः प्रयाति त्यजन्देहं स याति परमां गतिम् ।।

શરીરનાં બધાં બારણાં બંધ કરીને, મનનો હૃદયને વિશે નિરોધ કરીને અને પોતાના પ્રાણને મસ્તકને વિશે રાખીને, જે સ્થિત રહે છે, અને જે બ્રહ્મનું ‘ઓમ્’ શબ્દથી ઉચ્ચારણ કરીને, જે માણસ મારું સ્મરણ કરતો કરતો દેહ ત્યજીને જાય છે, તે પરમગતિને પામે છે. આગલા શ્લોકમાં બીજા ભાવોની વાત કરી છે. અહીં કેવળ ભગવાનના ધ્યાનની જ વાત કહી છે.

अनन्यचेताः सततं यो मां स्मरति नित्यशः ।
तस्याहं सुलभः पार्थ नित्ययुक्तस्य योगिनः ।।

જે માણસનું ચિત્ત બીજે કયાંય જતું નથી, અને જે માણસ સતત મારું સ્મરણ કરે છે, એવા જ નિત્યયુક્ત યોગીને હું સુલભ છું.

मामुपेत्य पुनर्जन्म दुःखालयमशाश्वतम् ।
नाप्नुवन्ति महात्मानः संसिद्धिं परमां गताः ।।

જેઓએ પરમ સંસિદ્ધિ મેળવેલી છે તેવા મહાત્માઓ મારી પાસે પહોંચીને દુઃખના ધામરૂપ અને અશાશ્વત એવા પુનર્જન્મને પામતા નથી.

Gandhi Heritage Portal

પુનર્જન્મમાં દુ:ખ શું? એક વિદ્યાર્થી: દર ફેરે માણસ નથી થવાતું. બાપુ: પણ વાંદરાં થઈએ તો શું? નાચ નાચ કર્યા કરીએ. બીજો કહે: મર્યા પછી બ્રાહ્મણ જન્મીશું? બાપુ: જે સ્થિતિ પછી મરવાપણું જ નથી એ સ્થિતિ સારી નહીં? મરવું કોઈને ગમે? જેને ગમે છે, તે મર્યા જ કરે છે. જેને કદી મરવું નથી, તે તો દેહ ઉપરની માયા છોડી દે, બધાં દ્વારોને ટપાટપ બંધ કરે, દેહને છોડી દે, દેહને માર્યા જ કરે, તો પછી તેને મરવાણું ન રહે. મરવાપણું હમેશાં રહે છે, તેથી જન્મ એ દુ:ખનું ઘર છે. પક્ષીઓ કલ્લોલ કરે છે, પણ તેને જ્ઞાન નથી, તેઓ પરાધીન છે. કોઈ બધા છોકરાઓને પક્ષી બનાવે તો? જેમાં જન્મ, મરણ, રોગ, રાગ, દ્વેપ નથી તે પરમપદ મોક્ષ છે.

## ૧૨૬

શુક્રવાર તા. ૬-૮-૨૬

મોટા મોટા પર્વતો અને સૂર્યચંદ્રતારા પણ અશાશ્વત છે. જેને નામરૂપ છે, એવી વસ્તુ માત્ર અશાશ્વત છે. આપણે કરોડો વર્ષ જીવતા હોત તો કદાચ અશાશ્વતપણું ન લાગત. સૂરજ વિશે અશાશ્વતપણું નથી લાગતું. પણ વિજ્ઞાન કહે છે કે તે અશાશ્વત છે. ઊંડા વિચારે અને છીછરા વિચારે બન્ને દૃષ્ટિએ એ અશાશ્વત છે. રામનામ જ શાશ્વત છે. જન્મ, મૃત્યુ એ જ અશાશ્વત છે, એટલું જ નહીં પણ દુ:ખનું આલય છે.

એ કેમ? ભગવદ્‌ગીતામાં કહ્યું છે એ કારણે નહીં, પણ એ વસ્તુ દુ:ખનું આલય છે એ આજે પણ આપણને અનુભવમાં આવવું જોઈએ. મરણને સમયે સારી ગતિ મેળવવાની ચાવી એ છે કે આ સંસાર દુ:ખમય છે, એ વાતનું ભાન પ્રતિક્ષણ અનુભવીએ, એટલે એને વિશે મોહ અને રાગદ્વેષ તજીએ.

આ સંસાર દુ:ખમય છે, એમ અક્કલથી પણ આપણે જોઈ શકીએ છીએ. પ્રાણી માત્ર કેમ જન્મે છે, એ આપણે વિચારવંત હોઈએ તો જોઈએ કે એ સૂગ ચડે એવી વાત છે. પાપોહમ્ કહ્યું, પાપસંભવ કહ્યું, તેનો એ જ અર્થ છે. માયાથી બધું આચ્છાદિત છે, એટલે ક્ષણે ક્ષણે જ્યાં સૂગ લાગવી જોઈએ ત્યાં આપણે આરામ મેળવીએ છીએ. એક પણ ઇન્દ્રિય નથી કે જેના વડે એ દુ:ખ અનુભવ્યું જાય. ઉત્પત્તિ પછીની સ્થિતિ પણ તે પહેલેથી છેવટ સુધી કેદખાનાની સ્થિતિ છે. બાળકને રમાડવું એ સરસ લાગે છે, કારણ બાળક ખડખડ હસે છે. એમ તો જેલવાળા કેદી પણ હસે છે. આપણે અધ્યાસને લીધે એ પરાધીનતામાં આનંદ માનીએ છીએ. પરંતુ આ સ્થિતિમાં ઘડીની પણ શાંતિ અનુભવીએ એવું નથી. શરીરની આકૃતિ જુઓ. એમાં અસંખ્ય છિદ્રોમાંથી મેલ જ નીકળે છે. એ બધી વસ્તુ અસ્પૃશ્ય છે. માણસ વિચાર કરવા બેસે તો આમાંથી એકે વસ્તુ એને લેવા જેવી ન લાગે. પણ આખરે તો એ કેદખાનું પણ છૂટવાનું ઘર છે એમ એ માનતો થાય, એટલે તે એનો ઓછામાં ઓછો ઉપયોગ કરે. છૂટવાનો રસ્તો પણ આપઘાત કરવો, એ નથી. આપઘાત કરનારને પાછું આવવાપણું છે. તેને ઊલટી આવવાની વધારે લગની લાગશે. સંયમ માર્ગની ઉત્પત્તિ દેહની ઉત્પત્તિ ઇત્યાદિના જ્ઞાનમાં જ રહેલી છે. દેહ પંપાળવાને લાયક નથી, પણ દમન કરવાને લાયક છે. દેહ જુએ કે મેં જે માગ્યું તે મને કદી મળ્યું નથી, તો તે આપણી પાસે ત્રાસી જાય અને તે જ આપણાથી છૂટી જાય. આ દુ:ખનો વિચાર થઈ જાય તો જે ગતિ હું આપીશ તે એના કરતાં કંઈક સારી હશે. પરમ ગતિમાં એ કલ્પના જ નથી રહેલી કે આ દેહને વિશે રહેતાં છતાં, જે કાંઈ

Gandhi Heritage Portal

શાશ્વત સુખ છે, તેનો પણ નાશ થવાનો છે. એ સુખ તો ત્યાં હજારોગણું મળશે. એ ભાવને સેવતો સેવતો તે સંસારમાં લીન નહીં, પણ તન્મય થઈ જાય. સંસારમાં પોતાને અને તે પોતાનામાં સંસારને જુએ, અને આત્મૌપમ્યથી જ બધે વર્તે. અહિંસાધર્મની ઉત્પત્તિ પણ આમાંથી જ થયેલી છે કે સંસાર જ દુઃખમય હોય તો આપણે કોને દુઃખ દેવાપણું હોય?

आब्रह्मभुवनाल्लोकाः पुनरावर्तिनोऽर्जुन ।
मामुपेत्य तु कौन्तेय पुनर्जन्म न विद्यते ।।

બ્રહ્માના ભુવનથી માંડીને બધાં ભુવન પાછાં આવનારાં છે. સૂર્ય, ચંદ્ર, બ્રહ્મા, વિષ્ણુ વગેરેનો નાશ છે. પણ મારી પાસે આવીને પુનર્જન્મ નથી થતો.

એ જ વાત મેં ઉપરના વિવેચનમાં સમજાવી છે.

## ૧૨૭

શનિવાર, તા. ૭-૮-૨૬

ઉપરના શ્લોકમાં ભારે કાવ્ય છે. સમુદ્ર જેટલું જ્ઞાન તે બિન્દુની અંદર આપી દીધું હોય, અને જેટલું તે જ્ઞાન અનુભવની અંદર ઊતર્યું હોય, તેટલું તે ભારે. એવા કાવ્યમાં કવિ કલ્પનાની પાંખો લઈને ઊડે છે. એને શરીરનું કે ઇન્દ્રિયનું બંધન નથી રહેતું. કાનેથી સાંભળ્યું હોય, આંખેથી જોયું હોય, તેની ઉપર તે કલ્પના બાંધે, ત્રિરાશિનો મેળ પણ વટાવીને તે આગળ જાય, અને કહે કે ઇન્દ્રિયો વડે જેટલું જ્ઞાન મેળવીએ છીએ, તે બધું મન દ્વારા મળે છે. એટલે કે તેની કલ્પના હોય કે આપણે નાશવંત છીએ તો બ્રહ્માંડ પણ નાશવંત જ છે, આપણી જ કલ્પનામાં જે જે આવી શકે છે તે તમામ નાશવંત છે, પરિવર્તનશીલ છે. જે માણસ સત્યને વળગેલો છે તે એમ ન માને કે, આખું જગત આપણું ન માને તો આપણે સત્યને છોડી દેવું. કેમ જાણે આપણું સત્ય જગતના ઉપર આધાર રાખતું હોય, કેમ જાણે આપણે નાટકી હોઈએ. એટલે શ્રીકૃષ્ણ અહીં યોગેશ્વર તરીકે કહે છે કે બ્રહ્મલોકમાં આપણે સુખ માનીએ છીએ પણ ત્યાંયે સુખ નથી.

પરંતુ એ બધાથી પર જે હું છું ત્યાં તું આવજે. એ જ કલ્પનામાં પણ આવે તેવું નથી પણ જે નથી આવતું તે છે. એમ કરતો કરતો માણસ પ્રાણ છોડશે તો તેનો પુનર્જન્મ નથી.

सहस्त्रयुगपर्यन्तमहर्यद् ब्रह्मणो विदुः ।
रात्रिं युगसहस्त्रान्तां तेऽहोरात्रविदो जनाः ।।

હજાર યુગ પર્યન્તની અવધિ એ બ્રહ્માનો દિવસ છે અને હજાર યુગની બ્રહ્માની રાત્રિ છે. જે પુરુષો એ જાણે છે, તેઓ રાત્રિ અને દિવસ, એટલે કે કાળના તત્ત્વને જાણનારા છે.

## ૧૨૮

રવિવાર, તા. ૮-૮-૨૬

આપણે માણસો ચોવીસ કલાકના રાત્રિ-દિવસ ગણીએ છીએ. નાકની અણી ઉપર ધ્યાન રાખી ઈશ્વરનું ધ્યાન કરે તે સુખી થશે, એમ કહેવાય છે. પણ નાકની અણીથી આગળ ચાલવું જોઈએ. દીર્ઘ દર્શન થવું જોઈએ. તેણે જ્ઞાની થવું જોઈએ. પિંડનો અભ્યાસ કરીને જે લાંબાં અનુમાન કાઢે, જે દેખાય છે તેવું નથી એવો તાળો કાઢે, નાકની અણીથી આગળ જનાર



Gandhi Heritage Portal

માણસ એવાં અનુમાન કાઢે. તેમ બ્રહ્માનો દિવસ[1] કર્યો હશે, એ ગીતામાંથી ખબર પડે એમ જ નહીં, પણ આપણે વિચારીએ તોપણ તે સમજાય તેવું છે. સૂર્ય નિરંતર છે ને છે જ એમ લાગે. મોટા કાળના ચક્રમાં રહેલા એક બિન્દુએથી કાળનું સ્વરૂપ વિચારે એ જ્ઞાની ઠરે. એ તો બધા સંજોગનો વિચાર કરી લે. પણ સામાન્ય માણસ એમ નથી કરતો. એ કહેશે કે ઇન્દ્રિયનિગ્રહ કોઈ કરતું નથી. તે પરથી અનુમાન કાઢે કે એ થઈ શકે તેમ નથી, અને એ કરવો ન જોઈએ, એ પરથી એવું અનુમાન કાઢીએ તો આપણે મરી રહીએ. એ તો ખોટાં અનુમાન ગણાય.

દિવસરાત્રિ જાણવાં હોય તો પ્રમાણ રાખવું જોઈએ. અનંતકાળનું પ્રમાણ કેમ આવે? હજાર યુગનો દિવસ અને હજાર યુગની રાત્રિ! બ્રહ્માંડમાં એ રાત્રિદિવસ શીખવાનું કારણ એ છે કે માણસે ધીરજ રાખવી જોઈએ. બીજું, પરિણામ આવતાં વાર લાગે તો નિરાશ ન થવું. રેંટિયા ઉપર શ્રદ્ધા રાખીએ પણ ચારપાંચ વર્ષની તપશ્ચર્યાથી શું વળે? આપણા પોતાના જન્મમાં એ કામ ન દેખાય. પણ વિશ્વાસ રાખીને બેસીએ અને પ્રયત્ન કર્યે જ જઈએ. રેંટિયા વિશે એમ હોય તો સત્ય અને અહિંસા વિશે તો વાત જ શી? એ માટે સતત પ્રયત્ન કર્યા જ કરવો જોઈએ. એવા પ્રયત્ન કરનારે નિરાશ ન થવું, અભિમાન ન કરવું. હજારો યુગમાંથી એક દિવસ થાય, જેમ હજારો પાર્વતીમાંથી એક પાર્વતી થઈ. ઘણીએ પાર્વતી ખપી ગઈ અને શંભુ પણ ખપી ગયા, ત્યારે એક પાર્વતી અને એક શંભુ થયા. તપબળ એવું છે એમ સમજી લેવું જોઈએ.

अव्यक्ताद्व्यक्तयः सर्वाः प्रभवन्त्यहरागमे ।
रात्र्यागमे प्रलीयन्ते तत्रैवाव्यक्तसंज्ञके ।।

બ્રહ્માનો દિવસ ઊગે છે ત્યારે અવ્યક્તમાંથી વ્યક્ત પ્રગટ થાય છે. પ્રાણીઓ અદૃશ્ય હતાં તે દૃશ્ય થાય છે. અને રાત શરૂ થાય છે ત્યારે સંસારનો પ્રલય થાય છે; એટલે કે સંસાર અવ્યક્ત થાય છે. આમ સંસાર આવે છે અને જાય છે. સંસાર પુનરાવર્તી છે. બ્રહ્માંડ એ સ્થિર છે એમ માનવાનું કારણ નથી, એ તો ચક્કર ચક્કર ફર્યા જ કરે છે. ત્રાકની ગતિના કરતાં હજારો ગણી ગતિથી એ ચક્કર ચાલે છે. પૃથ્વીનો પ્રલય થવાનો છે, પૃથ્વી નાશવંત છે, એમ છતાં કોક ને કોક એ નાશમાંથી બચી જવાના છે.

भूतग्रामः स एवायं भूत्वा भूत्वा प्रलीयते ।
रात्र्यागमेऽवशः पार्थ प्रभवत्यहरागमे ।।

રાત્રિ આવે ત્યારે આપણે ઇચ્છીએ ન ઇચ્છીએ તોપણ પ્રલય થાય છે અને દિવસના આવવાથી સંસાર ફરી ફરીને ઉત્પન્ન થાય છે.

આ ચક્રમાં આપણે ક્યાં સુધી પકડાઈ રહેવાના? એની શાંતિ માટે નીચેનો શ્લોક કહ્યો છે:

परस्तस्मात्तु भावोऽन्योऽव्यक्तोऽव्यक्तात्सनातनः ।
यः स सर्वेषु भूतेषु नश्यत्सु न विनश्यति ।।

આ અવ્યક્તથી બીજો ભાવ તે પર છે અને તે સનાતન છે, નાશવંત પ્રાણીઓમાં રહેલો એ પર શાશ્વત છે. બધાનો નાશ થવાનો છે, પણ એની પાછળનો મુખ્ય ભાવ એ શાશ્વત છે. નાકની અણીથી આમ આપણે આગળ જઈએ છીએ.

अव्यक्तोऽक्षर इत्युक्तस्तमाहुः परमां गतिम् ।
यं प्राप्य न निवर्तन्ते तद्धाम परमं मम ।।

૧. બ્રહ્માનો રાત્રિદિવસ = ૮,૬૪૦,૦૦૦,૦૦૦ વર્ષો અથવા ૨,૦૦૦ મહાયુગો.

Gandhi Heritage Portal

એ અવ્યક્ત અને અક્ષર છે એમ કહ્યું છે, તેમ જ પરમ ગતિ કહે છે; જેને મેળવીને કોઈ પાછું ફરતું નથી, એ જ મારું પરમ ધામ છે.

ધીરજ બતાવીને સાક્ષી રહીને તું મને પામે છે. શ્રદ્ધાળુ બન અને કર્તવ્યમાં રહીને તું કલ્યાણ કર. પરમબ્રહ્મનો નાશ નથી. બીજી વસ્તુઓ નાશવંત છે, એ બધાનો સાર છે.

## ૧૨૯

મંગળવાર, તા. ૧૦-૮-૨૬

ઈશ્વરનું અક્ષર-વ્યક્ત-સ્વરૂપ એના અવતારોમાં છે. સંસારનાં પ્રાણી માત્રને વિશે પણ એનું સ્વરૂપ ઓળખી શકાય છે. અભેદવાદ એ નથી કે આપણે પશુ જેવા બની જઈએ. અભેદવાદ તો એ છે કે દુષ્ટમાં દુષ્ટ માણસમાં ઈશ્વર પડેલો છે, અને પ્રસંગ આવે તે જાગ્રત થઈ શકે છે. રામચંદ્રજીનું બાળસ્વરૂપ એ કવિની કલ્પના છે. એને આપણે માનવું જોઈએ એમ સમજીને કે બાળસ્વરૂપ પણ ચેતન છે. નાનું બાળક જો જ્ઞાની હોય, છતાં હમણાં ચાળા કરે છે, તે તો આપણે કહીએ કે 'એ તો બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે' એ બ્રહ્મનું વ્યક્ત સ્વરૂપ થાય — જેમ પાર્વતી તપશ્ચર્યાની મૂર્તિ હતાં અને કૃષ્ણ યોગની મૂર્તિ હતા, બ્રહ્મની મૂર્તિ હતા.

## ૧૩૦

બુધવાર, તા. ૧૧-૮-૨૬

पुरुषः स परः पार्थ भक्त्या लभ्यस्त्वनन्यया ।
यस्यान्तःस्थानि भूतानि येन सर्वमिदं ततम् ।।

એ જે પુરુષ છે તે ઉત્તમ સ્વરૂપ છે. તે અનન્ય ભક્તિથી જ મેળવી શકાય છે, તેના અંતરમાં બધાં ભૂતો રહેલાં છે. તેના વડે આ બધું વ્યાપ્ત છે.

'એહ પરમપદ પ્રાપ્ય યોગના ધ્યાનમાં, ગજા વગરનું' એમ રાયચંદભાઈએ ગાયું.

यत्र काले त्वनावृत्तिमावृत्तिं चैव योगिनः ।
प्रयाता यान्ति तं कालं वक्ष्यामि भरतर्षभ ।।

જે સ્થિતિ (કાલ પણ થાય) અથવા જે માર્ગે જતાં જ પાછું આવવાપણું ન હોય, તે માર્ગે ગયેલા જાય છે તે સ્થિતિની હું વાત કરીશ.

अग्निर्ज्योतिरहः शुक्लः षण्मासा उत्तरायणम् ।
तत्र प्रयाता गच्छन्ति ब्रह्म ब्रह्मविदो जनाः ।।

આ અને આની પછીનો શ્લોક ગીતાજીમાં બંધ બેસતા નથી અને તેને ગીતાજીમાં સ્થાન નથી એમ કહેવાય છે, પણ આપણે તો સ્થાન હોય એમ લઈએ.

ગીતાજી કાંઈ આકાશમાંથી આવીને પડેલું પુસ્તક નથી, અથવા કૃષ્ણનો અર્જુનને ઉપદેશ શબ્દેશબ્દ લેવાયો હોય, એવુંયે નથી જ. મોક્ષાર્થી માણસને ભગવાન વાત કરે એ વાત વ્યાસજીએ આપી છે. એમાં વ્યાસના પોતાના અનુભવની વાત ન હોય તેયે આપી દે. તે વેળાની સામાન્ય માન્યતા એવી હોય કે અમુક ચોઘડિયે જ માણસને કામ કરવાની વૃત્તિ થાય અને અમુક જ ચોઘડિયે તે મરે. રાજાના માનીતા પણ અમુક સમયે જ તેની પાસે જઈ શકે અને બીજા ન જઈ શકે. તેમ ઈશ્વરના માનીતા શુભ ચોઘડિયામાં તેની પાસે પહોંચે, એવી માન્યતા હોય;

Gandhi Heritage Portal

તેથી કંઈ એમ નથી થતું કે અમુક ચોઘડિયામાં ન મર્યો તેથી ઈશ્વર પાસે પહોંચવાનો તેનો પ્રયત્ન જ ન હતો.

અગ્નિ, જ્યોતિ, દિવસ, શુક્લપક્ષ અને ઉત્તરાયણના છ માસમાં જેનું મરણ થાય તે બ્રહ્મને પામવાના છે. આનો સ્થૂળ અર્થ હોય અથવા સૂક્ષ્મ પણ હોય. એટલે કે જેની શુક્લ સ્થિતિ — જેનામાં જ્યોતિ જેવું જ્ઞાન થયેલું હોય તેને સંસારમાં ફરી આવવાપણું ન હોય. આથી ઊલટું,

धूमो रात्रिस्तथा कृष्णः षण्मासा दक्षिणायनम् ।
तत्र चान्द्रमसं ज्योतिर्योगी प्राप्य निवर्तते ।।

જે ઠેકાણે ધુમાડો છે, રાત્રિ છે, કૃષ્ણપક્ષ છે, દક્ષિણાયન છે, તે માણસ ચાંદ્રમાસ જ્યોતિને પામે છે અને તેને પાછું જ આવવાપણું રહે છે. સ્વર્ગલોકમાં રહીને તેનું પુણ્ય ક્ષીણ થાય ત્યારે તે પાછો પૃથ્વી ઉપર આવે છે.

એટલે આપણે બેમાંથી ગમે તે એક અર્થ લઈ શકીએ. જેને પૂરું જ્ઞાન નથી મળેલું તેને પાછું આવવાપણું રહેત, અથવા તો નિષ્કામ વૃત્તિથી જે માણસ ભગવાનનું ભજન કર્યા જ કરત તેને પાછું આવવાપણું નહીં રહે, કારણ તે કર્મનું છેદન કરી નાખવાનો છે. નિષ્કામ ભક્તિથી જે માણસ જશે તે માણસને પાછું આવવાપણું નહીં રહે.

## ૧૩૧

ગુરુવાર, તા. ૧૨–૮–૨૬

કેટલાક લોકો ઉપરના શ્લોકોને ક્ષેપક માને છે, આપણાથી એમ ન થાય, કારણ આપણી પાસે ગીતાની જે નકલો છે તેમાં આ શ્લોકો છે. અર્થ વિપરીત જ હોય તો, તેનો ત્યાગ કરીએ, પણ તેમ ન હોય તો અર્થને ગીતા સાથે બંધ બેસતો કરીએ, જેમ કાલે કર્યું હતું. કાળનો અર્થ સ્થિતિ. જે કાળમાં ગીતા લખાઈ ત્યારે ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવની શોધ થઈ હોય કે ન થઈ હોય, ઉત્તર ધ્રુવમાં રહેનારાઓને છ મહિના દિવસ અને છ મહિના રાત્રિ હોય છે. ઉત્તરાયણ એ પ્રકાશ અને તે જાગ્રતિનો કાળ છે, જ્યારે દક્ષિણાયન એ અજ્ઞાનકાળ અથવા અજ્ઞાનની સ્થિતિ બતાવે છે. આ બન્ને સ્થિતિને નિષ્કામ અને સકામ સાથે આપણે સરખાવી.

હવે કૃષ્ણ ભગવાન કહે છે:

शुक्लकृष्णे गती ह्येते जगतः शाश्वते मते ।
एकया यात्यनावृत्तिमन्यया वर्तते पुनः ।।

આ જગતની અંદર આવી બે શુક્લ અને કૃષ્ણ — શાશ્વત અને નાશવંત ગતિ અનાદિકાળથી ચાલી આવેલી છે. શુક્લ એટલે જ્ઞાનની અને કૃષ્ણ એટલે અપ્રકાશની સ્થિતિ છે. એક સ્થિતિની અંદર માણસ અનાવૃત્તિને પામે છે અને બીજીમાં ફરી પાછું આવવાપણું રહે છે.

नैते सृती पार्थ जानन्योगी मुह्यति कश्चन ।
तस्मात्सर्वेषु कालेषु योगयुक्तो भवार्जुन ।।

આ બે માર્ગને જાણીને યોગી મોહ પામતો નથી. એ સમજી જાય છે કે નિષ્કામ ભક્તિ એ જ સારામાં સારી ભક્તિ છે. જેની ઉપર શ્રદ્ધા અને ભક્તિ છે તેની પાસે માગ માગ શું કરવું? જે એ ભક્તિ આપનાર છે, તેની પાસે માગવાપણું શું રહે? એને તો એમ જ થશે કે મારે લેવાનું શું હોય? એણે તો ભગવાનને જ બધું સોંપી દીધું, ભગવાનના હાથમાં નાડ સોંપી દીધી. એ કહે છે કે મારું જે સર્વસ્વ છે એ તને જ સોંપ્યું છે. એ અનન્ય ભક્તિ એ

Gandhi Heritage Portal

ઉત્તરાયણ, એ જ્યોતિ, વગેરે. બધા કાળને વિશે યોગયુક્ત રહેવાની વાત કરી છે તે પણ શું? એટલે તું જ્ઞાનને વળગી રહેજે. અનન્ય ભક્તિને વળગી રહેજે. દેવતાઓ અમર છે, એ માણસજાતિના પ્રમાણમાં જ. એમનો પણ નાશ છે જ. એટલે નાશવંત વસ્તુની પાસે જવાને બદલે મારી પાસે આવશે, તો જ તારે માટે જ્ઞાન છે, અન્ય માર્ગે નથી. હૃદયગ્રંથિને, જ્ઞાનની રેતડીને એવી ઘસી ઘસીને સાફ રાખજે, તો મોતને વખતે બધું તને સહજ થઈ જશે.

वेदेषु यज्ञेषु तपःसु चैव दानेषु यत्पुण्यफलं प्रदिष्टम् ।
अत्येति तत्सर्वमिदं विदित्वा योगी परं स्थानमुपैति चाद्यम् ।।

વેદમાં, યજ્ઞમાં, તપમાં, દાનમાં, જે પુણ્યફળ બતાવવામાં આવ્યું છે તેની પણ પાર પેલી વસ્તુ બરાબર જાણ્યા પછી તે માણસ જાય છે. તે યોગી પુરુષ અનાદિકાળના સ્થાને પહોંચે છે. यावान् अर्थः उदपानेवाળા શ્લોકમાં આપણે જોયું કે જે વસ્તુ મેળવ્યાથી બધી મળી જાય, પછી કશું મેળવવાનું રહેતું જ નથી, તેવી સ્થિતિ આ પ્રકાશ અને જ્ઞાન મેળવનારની થાય છે.

## ૧૩૨

### અધ્યાય નવમો

શુક્રવાર, તા. ૧૩–૮–૨૬

इदं तु ते गुह्यतमं प्रवक्ष्याम्यनसूयवे ।
ज्ञानं विज्ञानसहितं यज्ज्ञात्वा मोक्ष्यसेऽशुभात् ।।

આ વિજ્ઞાનની સાથેનું જ્ઞાન – ગુહ્યતમ જ્ઞાન – અસૂયારહિત અને નિર્મળ એવા તને કહેવાનો છું. જેને જાણીને તું અકલ્યાણમાંથી બચી જવાનો છે.

राजविद्या राजगुह्यं पवित्रमिदमुत्तमम् ।
प्रत्यक्षावगमं धर्म्यं सुसुखं कर्तुमव्ययम् ।।

એક માણસ જેને ભારે ક્રોધ ચડે ત્યારે બીજગણિતનો જ દાખલો ગણવા બેસી જતો, બીજો માણસ રામનામ લેવાને વખતે બીજગણિત ગણવા બેસે તો તેને તે ગળામાં હાંસડીરૂપ થઈ જાય. કોઈ માણસ મરતો હોય અને મદદ માગે, તેને કહેવું કે હું બીજગણિત ગણું છું તો એ ઉદ્ધતાઈ જ કહેવાય. કારણ ત્યાં તો શાસ્ત્ર ડુબાડવાને કામ આવે છે. બીજગણિતનો દાખલો ગણવો એ કર્તવ્ય નથી. પણ એની પાછળની વસ્તુ એ કર્તવ્ય છે. એમાંથી તો હું ક્યાં છું, કોણ છું, એ, એ નિમિત્તે જાણી લેવાય છે. દાખલો ગણવો એ સ્વતંત્ર રીતે કર્તવ્ય હતું જ નહીં. સેવા એ પરમ કર્તવ્ય હતું. દા. ત. ખાવું એ કોઈ પણ કાળે કર્તવ્ય નથી. માણસ ખાતો ખાતો સેવા કરવાને દોડી જાય તો એ જ માણસ ખરો.

એ કર્તવ્ય જાણવાની વિદ્યા એ રાજવિદ્યા. એ ગુહ્યોનો પણ રાજા છે, પવિત્ર છે, ઉત્તમ છે, ધર્મ્ય છે, આચરવા યોગ્ય છે, બહુ સુગમ છે, અને જે મળ્યા પછી તેનો નાશ નથી થતો, એ હું તને આપીશ.

## ૧૩૩

શનિવાર, તા. ૧૪–૮–૨૬

अश्रद्दधानाः पुरुषा धर्मस्यास्य परंतप ।
अप्राप्य मां निवर्तन्ते मृत्युसंसारवर्त्मनि ।।

Gandhi Heritage Portal

આ ધર્મને વિશે શ્રદ્ધાહીન એવા પુરુષો મને ન પામીને આ મૃત્યુરૂપી સંસારમાર્ગને વિશે ફરી પાછા આવે છે.

मया ततमिदं सर्वं जगदव्यक्तमूर्तिना ।
मत्स्थानि सर्वभूतानि न चाहं तेष्ववस्थितः ।।

આ બધું જગત મારાથી વ્યાપ્ત છે — મને જોઈ ન શકાય એવી મારી મૂર્તિ વડે વ્યાપ્ત છે. જ્યાં સુધી આપણાં જ્ઞાનચક્ષુ જ ઊઘડયાં નથી ત્યાં સુધી શ્રદ્ધા વડે જોવું પડે છે. આ બધાં ભૂતો મારે વિશે છે, પણ હું તેઓ વિશે રહેલો નથી.

न च मत्स्थानि भूतानि पश्य मे योगमैश्वरम् ।
भूतभृन्न च भूतस्थो ममात्मा भूतभावनः ।।

એ મારે વિશે નથી પણ ખરા, એ મારા યોગનું બળ છે. મારો આત્મા ભૂતોને ધારણ કરનાર છે, છતાં ભૂતોને વિશે જ રહેલો નથી.

यथाकाशस्थितो नित्यं वायुः सर्वत्रगो महान् ।
तथा सर्वाणि भूतानि मत्स्थानीत्युपधारय ।।

જે રીતે આકાશની અંદર રહેલો વાયુ બધે વિચર્યા કરે છે તે રીતે બધાં ભૂતો મારે વિશે છે એમ તું જાણજે.

આ વાયુ બધે છવાઈ ગયો છે, છતાં આકાશ વાયુથી અલિપ્ત છે. આપણે કહી શકીએ કે આકાશમાં વાયુ રહેલો છે. આકાશ એટલે ખાલી છતાં આપણે કહીએ છીએ કે આકાશમાં વાયુ છે. છતાં આકાશ અલિપ્ત છે. આકાશમાં રહેલો વાયુ આકાશમાં નથી, તેમ સર્વ ભૂતોમાં રહેલો ઈશ્વર તેમાં નથી. એક રીતે એ ખાલી છે, કારણ આપણી ઇન્દ્રિયો વડે બીજી વસ્તુઓ જોઈ શકીએ છીએ, પણ એ જોઈ શકતા નથી.

શ્રદ્ધાળુ અને અશ્રદ્ધાળુ, બંને પ્રામાણિક માણસ છે. જેને શ્રદ્ધા છે તેની દૃષ્ટિએ ઈશ્વર છે. જેને શ્રદ્ધા નથી તેની દૃષ્ટિએ એ નથી.

કોઈ શાસ્ત્રી હશે તે આ બંને શ્લોકમાં કરેલી વસ્તુનું પ્રતિપાદન કરી શકશે.

ગંગામાં મેલ છે અને નથી. તેવી રીતે દુષ્ટમાં દુષ્ટ માણસ પણ ઈશ્વરને વિશે છે. ક્રૂરમાં ક્રૂર અને ચંડાળ પણ ઈશ્વરને વિશે છે, છતાં એ નથી પણ ખરો. ઈશ્વર એ સારા નઠારાથી અતીત છે. વ્યાસજીએ બે વિરોધી વાકયો સાથે સાથે મૂકી દીધાં, કારણ આપણી બુદ્ધિ એનું વર્ણન કરતાં કુંઠિત થઈ જાય છે. એ બધે ઓતપ્રોત છે એટલું આપણે જાણીએ એટલે બસ.

## ૧૩૪[1]

રવિવાર, તા. ૧૫–૮–૧૯૨૬

મહાદેવભાઈએ આ બે દિવસની નોંધ નથી લીધી, એટલે બીજા ભાઈની નોંધમાંથી નીચેનું આપ્યું છે.

માણસને પડવાનાં સાધનો તો ઘણાં છે, એને પડવાને સારુ પ્રયત્ન પણ નથી કરવો પડતો, ચડવાને સારુ જ પ્રયત્ન કરવો પડે છે. જે ધર્મપુસ્તકથી આપણું શ્રેય થવાનું છે એમ આપણે માનીએ તે પુસ્તકનો આદર કરીએ, તેને યોગ્ય સ્થાને મૂકીએ, પણ તેના બાહ્ય આદરમાં જ

૧. આ પ્રવચનની નોંધ પૂંજાભાઈએ લીધી હતી.

Gandhi Heritage Portal

બધું સમાવી દેનારને એ સાધન બંધનરૂપ થાય છે. માટે આદરમાં પણ વિવેક હોવો જોઈએ. તો જ એ આદર આપણને આગળ વધારે. એની બાહ્ય પૂજા કરવામાં જ બધું નથી સમાઈ જતું. આપણે તેથી આગળ વધવું જોઈએ. ગ્રંથમાં લખ્યા પ્રમાણે અનુસરવાનો પ્રયત્ન કરીએ. ઈશ્વર પોતે સર્વશક્તિમાન છે. આપણે એની કૃતિ છીએ. પણ જ્યારે આપણે બધા તેની કીડીઓ જેવા એને જ ખાઈ જવાને ઇચ્છીએ ત્યારે એની શેષ શક્તિનો ઉપયોગ એ કરે છે. ઈશ્વર એટલો બધો નજીક છે, કે આ દેખાય આ દેખાય એમ લાગે, છતાં એ હાથ આવતો નથી, એટલો દૂર પણ છે. જેમ આકાશ અને વાયુ અરસપરસ અડીને રહેલાં છે, તેમ ઈશ્વર અને જગતનું છે. જે માણસ શ્રદ્ધાળુ છે એ ઈશ્વરને વિશે છે જ. જે અશ્રદ્ધાળુ છે તે ઈશ્વરમાં નથી. ઈશ્વર કોઈની ઉપર જઈને પડતો નથી, પણ જેને એનામાં ભળવું હોય એને માટે જગ્યા બંધ પણ કરતો નથી. એવો ઈશ્વરનો સ્વભાવ છે.

सर्वभूतानि कौन्तेय प्रकृतिं यान्ति मामिकाम् ।
कल्पक्षये पुनस्तानि कल्पादौ विसृजाम्यहम् ।।

હે કૌંતેય, આ કલ્પનો ક્ષય થઈ જાય ત્યારે બધા જીવો પ્રકૃતિમાં લય પામી જાય છે. ફરી પાછો કલ્પનો પ્રારંભ થયે હું બધાને ઉત્પન્ન કરું છું. એમ ઉત્પત્તિ અને લય ધર્મપુસ્તકોમાં છે.

એકેક જીવ તો જન્મ અને મરણ ધારણ કરે છે. પણ જગત સુધ્ધાંની ઉત્પત્તિ અને લય છે, એટલે જીવને પોતાનું લક્ષણ સમજી જવું હશે તો જગતથી અતીત થઈ જવાનું છે. આ ફાનસનો નાશ થઈ જ જવાનો છે, એમ જાણીએ છીએ છતાં એનો જ ઉપયોગ કરવો છે, માટે એને સાફ રાખવાની કાળજી આવશ્યક છે. આશ્રમમાં મકાનો છે, એ આશ્રમનો દેહ છે. એનો પ્રલય થવાનો જ છે. પણ આશ્રમનો આત્મા, જે એના આદર્શો છે, તેનો કદી નાશ નથી થતો. આપણે બે અવિનાશી તત્ત્વને પામવાને સારુ ઈંટમાટીનાં મકાનો પણ બાંધવાં પડે છે. એમ વિવેકબુદ્ધિથી પ્રયત્ન તો કરવો જ પડશે. જગતમાં વસવું હોય તો જે નાશ પામવાની વસ્તુઓ છે તેનો પણ પ્રયત્ન કરવો પડે છે, પણ એ એ જ હેતુથી કે પેલા અવિનાશી તત્ત્વને પામવાને સારુ.

प्रकृतिं स्वामवष्टभ्य विसृजामि पुनः पुनः ।
भूतग्राममिमं कृत्स्नमवशं प्रकृतेर्वशात् ।।

મારી પ્રકૃતિનો આશ્રય લઈને હું વખતોવખત જીવોના બધા સમુદાયને ફરી ફરીને ઉત્પન્ન કરું છું અને તેમને પણ પોતાની પ્રકૃતિને વશ વર્તીને બળાત્કારે ઉત્પન્ન થવું પડે છે.

## ૧૩૫

મંગળવાર, તા. ૧૭–૮–૨૬

न च मां तानि कर्माणि निबध्नन्ति धनंजय ।
उदासीनवदासीनमसक्तं तेषु कर्मसु ।।

હે અર્જુન, ઉદાસીનની માફક સ્થિર રહેલા અને અનાસક્ત એવા મને તે કર્મ બાંધતાં નથી. ઈશ્વર પોતાની પ્રકૃતિ પ્રમાણે કરે છે છતાં કાંઈ નથી કરતો, કેમ કે એ પ્રકૃતિથી પણ એ પર છે.

રાજા પાપ કરે છે એના છાંટા પ્રજાને ઊડે છે. પણ ઈશ્વરથી કોઈ પણ કામ વગરવિચાર્યું થતું જ નથી, કેમ કે એ સર્વજ્ઞ છે. પાપ એટલે જ વિચાર વિના કરેલું કાર્ય. જેમાં વિચાર રહેલો

Gandhi Heritage Portal

છે તેને પાપ શું? તેવું જ જે સહેજે પાપ કરતો હોય તેને પુણ્ય પણ શું? જેમ આપણી આંખ સ્વાભાવિક રીતે જ મટમટે છે, તેમ પરોપકાર એ ફળને સારુ નહીં, પણ જેનાથી સ્વાભાવિક રીતે થઈ જાય છે તેને એ પુણ્ય કર્મનું ફળ ભોગવવું પડતું નથી. મનુષ્યનો સ્વભાવ જ પરોપકાર કરવાનો છે, કેમ કે તેની અને સર્વ જીવની વચ્ચે તફાવત નથી. બધે સરખાપણું હોવાથી સ્વ-પરનો છેદ ઊડી જાય છે. તેથી માણસનું હુંપણું રહેતું નથી. મનુષ્યનો આત્મારૂપે ગુણ તો વ્યાપક છે, કેમ કે એ પોતાને બીજાથી જુદો નહીં જુએ, પણ સર્વમાં પોતાને જ જોશે. એટલે જ પરોપકાર એ એનો સ્વભાવ થઈ જાય છે. એ બીજા જીવો ઉપર ઉપકાર કરે છે એવું જણાય છે, ત્યારે એ મહેરબાની નથી કરતો, પણ પોતાના સ્વભાવનું અનુસરણ જ કરે છે. આપણે માયામાં જકડાયેલા લોકોને બાહ્ય દૃષ્ટિથી લાગે કે અત્યારે એ પુણ્યકર્મ કરે છે, પણ ખરી રીતે એવું કાંઈ જ નથી; એ તો જીવ માત્ર પ્રત્યે પોતાના સ્વભાવ પ્રમાણે જ વર્તે છે.

## ૧૩૬

બુધવાર, તા. ૧૮-૮-૨૬

मयाध्यक्षेण प्रकृतिः सूयते सचराचरम् ।
हेतुनानेन कौन्तेय जगद्विपरिवर्तते ।।

મારા અધ્યક્ષપણા નીચે પ્રકૃતિ (મારો સ્વભાવ) ચર અને અચરને પેદા કરે છે અને આ કારણથી જગતનું ચક્ર એટલે પ્રલય અને ઉત્પત્તિ ચાલ્યા જ કરે છે.

अवजानन्ति मां मूढा मानुषीं तनुमाश्रितम् ।
परं भावमजानन्तो मम भूतमहेश्वरम् ।।

મૂઢો એટલે શરીરધારી મનુષ્યો મને ઓળખતા નથી. મારી અવગણના કરે છે. (રામ ઈશ્વરની વચ્ચે ભેદ છે એમ માનનારા અજ્ઞ અને અકોવિદ છે એમ તુલસીદાસે કહ્યું છે ને? આપણે આપણો મોહ ઈશ્વરને વિશે રેડીએ છીએ.) મારો પરમભાવ — ભૂતોના મહેશ્વરને તેઓ જાણતા નથી. મનુષ્ય છું, એવી ભ્રાન્તિથી મારા સ્વરૂપને તેઓ ઓળખતા નથી.

## ૧૩૭

ગુરુવાર, તા. ૧૯-૮-૨૬

मोघाशा मोघकर्माणो मोघज्ञाना विचेतसः ।
राक्षसीमासुरीं चैव प्रकृतिं मोहिनीं श्रिताः ।।

વૃથા આશા રાખનારા, વૃથા કર્મ કરનારા, વૃથા જ્ઞાનવાળા, અને મૂઢ, રાક્ષસી અને આસુરી એવી મોહ પમાડનારી માયામાં સપડાયેલા છે.

महात्मानस्तु मां पार्थ दैवीं प्रकृतिमाश्रिताः ।
भजन्त्यनन्यमनसो ज्ञात्वा भूतादिमव्ययम् ।।

જે મહાત્માઓ છે — દૈવી પ્રકૃતિનો આશ્રય લેનારા — વિભીષણાદિ, તેઓ અનન્ય ચિત્તથી એટલે એકધ્યાનથી ભૂતોના કર્તા અને અવિનાશી એવા મને જ્ઞાનપૂર્વક ભજે છે.

सततं कीर्तयन्तो मां यतन्तश्च दृढव्रताः ।
नमस्यन्तश्च मां भक्त्या नित्ययुक्ता उपासते ।।

Gandhi Heritage Portal

મારું સતત સ્તવન કરનારા, પ્રયત્ન કરનારા, દૃઢવ્રતીઓ, મને પ્રણામ કરતા, સર્વદા મારા ધ્યાનમાં યુક્ત થયેલા ભક્તિથી મને ભજે છે.

ज्ञानयज्ञेन चाप्यन्ये यजन्तो मामुपासते ।
एकत्वेन पृथक्त्वेन बहुधा विश्वतोमुखम् ।।

બીજા જ્ઞાનયજ્ઞ વડે ભજતા મને ઉપાસે છે. આમાંના કેટલાક મને એક માનીને (એટલે કે સર્વ વાસુદેવ જ છે એ ભાવથી), કોઈ વળી મારાં જુદાં જુદાં સ્વરૂપો છે એમ સમજીને અને કેટલાક સર્વરૂપે મને ભજે છે.

'વિશ્વતોમુખમ્'ને 'મામ્'ની સાથે જાય એમ લઈએ અને પછી બધે ઠેકાણે રહેલા એકત્વભાવથી અથવા ઘણાને વિશે રહેલા, એવી રીતે મારી ઉપાસના કરે છે અથવા 'એકત્વ' એટલે એકભાવથી અને 'પૃથક્ત્વેન' એટલે હું સ્વામી અને બીજા સેવક એવી રીતે માનીને મને ભજે છે. અથવા 'એકત્વેન' એટલે નિર્ગુણ ઉપાસનાથી અને 'પૃથક્ત્વેન' એટલે સગુણ ઉપાસનાથી 'વિશ્વતોમુખમ્' બેની સાથે ત્રીજો ભાવ છે એવી રીતે લેવાથી નથી બેસતું.

## ૧૩૮

શુક્રવાર, તા. ૨૦–૮–૨૬

अहं क्रतुरहं यज्ञः स्वधाहमहमौषधम् ।
मन्त्रोऽहमहमेवाज्यमहमग्निरहं हुतम् ।।

વેદોની અંદર કહેલી ક્રિયાઓ હું છું, સ્મૃતિની અંદર બતાવેલા યજ્ઞ હું છું, પિતૃઓને ધરેલું અન્ન હું છું, ઔષધ હું છું, મંત્ર હું છું. યજ્ઞમાં હોમવાનું ઘી અને અગ્નિ અને હોમ, એ પણ હું છું.

13660

पिताहमस्य जगतो माता धाता पितामहः ।
वेद्यं पवित्रमोङ्कार ऋक्साम यजुरेव च ।।

આ જગતનો પિતા, માતા, તેને ધારણ કરનારો પિતાનો પણ પિતા, હું છું. જાણવા યોગ્ય પરમ પવિત્ર બ્રહ્મ ઓંકાર, ઋગ્વેદ, સામવેદ અને યજુર્વેદ, એ પણ હું છું.

गतिर्भर्ता प्रभुः साक्षी निवासः शरणं सुहृत् ।
प्रभवः प्रलयः स्थानं निधानं बीजमव्ययम् ।।

ગતિ એટલે મોક્ષ—મનુષ્યોને પામવાની વસ્તુ તે હું છું. ભરણપોષણ કરનારો, પ્રભુ અને સાક્ષી પણ હું છું. નિવાસ અને આશ્રય પણ હું છું. સુહૃદ્ એટલે બદલાની આશા વિના સેવા કરનાર પરોપકારી મિત્ર. એ પણ હું છું. ઉત્પત્તિ, નાશ અને સ્થિતિ હું છું. ભંડાર અને અવિનાશી બીજ પણ હું જ છું.

तपाम्यहमहं वर्षं निगृह्णाम्युत्सृजामि च ।
अमृतं चैव मृत्युश्च सदसच्चाहमर्जुन ।।

હું તપું છું, પણ બધા જીવને સુખ આપનાર અને જ્ઞાન આપનાર સૂર્યરૂપે તપું છું. વરસાદને હું ખેંચું છું અને વર્ષાવું છું. મૃત્યુ અને અમૃત, સત્ અને અસત્ એ પણ હું છું. [એટલે જગતમાં જેટલી વસ્તુઓ અને સ્થિતિનો વિચાર કરી શકીએ એ બધું ઈશ્વર છે. આનો અર્થ એ કે ઈશ્વર એ બધું સારું જ છે, એમ નહીં, એ માઠું પણ છે. એકે વસ્તુ

Gandhi Heritage Portal

ઈશ્વરની રજા વિના નથી હોઈ શકતી. અજવાળાનો સ્વામી ઈશ્વર છે અને અંધારાનો સેતાન છે, એમ પણ નહીં. આપણે શરીરધારી એ દ્વન્દ્વને માનનારા છીએ ત્યાં સુધી એમ ભલે માનીએ. તુલસીદાસજીનાં વચન આપણામાં ચોંટી ગયાં હોવાં જોઈએ. તે એ કે જ્યાં સુધી માયામાં છીએ ત્યાં સુધી આ બધું ખોટું આપણને સાચું લાગવાનું. છીપ ચાંદીરૂપ લાગવાની અને સૂર્યનાં કિરણ ઝાંઝવારૂપ લાગવાનાં. જ્યાં સુધી આપણને કોઈ જ્ઞાની જ્ઞાન ન આપી જાય કે દોરડીમાં રહેલો સર્પ, છીપમાં રહેલું રજત, અને સૂર્યમાં રહેલું ઝાંઝવાનું જળ, તારી કલ્પનામાં જ હતું, ત્યાં સુધી આપણને એમ જ ભાસ થવાનો. ઈશ્વર સારો અને નઠારો બન્ને છે, એમ માનીને આપણે કહીએ છીએ કે તો નઠારા થવામાં શું ખોટું? એમ આપણને થઈ જાય તો તે ખોટું છે. આપણે કાનખજૂરા કે વીંછી જેવા થવું એ ભાવ નથી, પણ એ બધા તરફ સદ્ભાવ રાખવાનો છે, આપણે પોતે પણ ઝેરી નથી થવાનું. અહીં આપણી અક્કલમાં ન આવી શકે એવી ભારે વસ્તુ મૂકી દીધેલી છે. જગતમાં એ વસ્તુ અશક્ય છે. એ આપણી કલ્પનામાં જ રહેવાની છે. સત્ અસત્, પુણ્ય પાપ, અમૃત અને મૃત્યુ બંને સાવ વિરોધી વસ્તુઓ છે. વિરોધી વસ્તુઓ મનુષ્યને વિશે ન રહી શકે, એ તો ઈશ્વરને વિશે જ રહી શકે. એ ત્રીજી સ્થિતિ એ બેની મેળવણી નથી. હાઇડ્રોજન અને ઑક્સિજનની મેળવણીનું પરિણામ પાણી આવ્યું. પણ પાણીમાં એ બે વસ્તુના ગુણ નથી રહેલા, પણ એનો ત્રીજો જ ગુણ છે. તેમ ઈશ્વરમાં પાપ અને પુણ્યના બંને ગુણો છે, એમ નહીં, પણ કાંઈ ત્રીજી જ વસ્તુ છે. આપણામાં બન્ને વસ્તુ હોય તો ભડાકો થાય, પણ શિવજી બન્ને વસ્તુને ગળી જાય છે. ઈશ્વરમાં એની જે મેળવણી થાય છે એ અદ્ભુત છે. એ મેળવણીની ખૂબી ઈશ્વર જ જાણે. આપણે એ વસ્તુથી વેગળા રહેવાનું છે. આપણે બન્ને થઈ જવાની વાત કરીએ, તો આપણે એ અનુકરણ કરવામાં મરી જઈએ.

त्रैविद्या मां सोमपाः पूतपापा<br>
यज्ञैरिष्ट्वा स्वर्गतिं प्रार्थयन्ते ।<br>
ते पुण्यमासाद्य सुरेन्द्रलोक–<br>
मश्नन्ति दिव्यान्दिवि देवभोगात् ।।

ત્રણ વેદમાં જે કર્મો કહેલાં છે તે કરનારા, સોમરસને પીનારા, (ઉત્તર ધ્રુવમાં તો સોમરસ ખોરાક થયો, ત્યાં એને એવી વસ્તુ ના આપવી એ ગુનો થઈ જાય, સોમરસ તો જીવ ઊડી જાય ત્યારે જીવ આપનારી વસ્તુ હતી), પોતાનાં પાપને ધોનારા, યજ્ઞો વડે મને ભજીને, સ્વર્ગ તરફ જવાની પ્રાર્થના કરે છે. તેઓ પુણ્ય ઇન્દ્રલોકમાં જઈને દિવ્ય એવા દેવભોગોને ભોગવે છે.

## ૧૩૯

રવિવાર, તા. ૨૨–૮–૨૬

ते तं भुक्त्वा स्वर्गलोकं विशालं<br>
क्षीणे पुण्ये मर्त्यलोकं विशन्ति ।<br>
एवं त्रयीधर्ममनुप्रपन्ना<br>
गतागतं कामकामा लभन्ते ।।

તે વિશાળ સ્વર્ગ લોકને ભોગવીને, પુણ્ય ક્ષીણ થાય એટલે મૃત્યુલોકમાં પ્રવેશ કરે છે. એમ ત્રણે વેદમાં બતાવેલા કર્મકાંડને ભોગેચ્છાને વાસ્તે સકામ વૃત્તિથી કરનારા જન્મમરણના ચક્રમાં પડે છે.

Gandhi Heritage Portal

अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते ।
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ।।

(પણ) જે અનન્ય ભક્તિથી મારું ચિંતન કરે છે, મારી ખૂબ આરાધના કરે છે, અને જેઓ હમેશાં મને જ ભજનારા છે, તેવાઓનું યોગક્ષેમ હું ચલાવું છું.

યોગ એટલે ઈશ્વરપ્રાપ્તિ અને ક્ષેમ એટલે તે માટેનાં જ સાધનોની રક્ષા.

येऽप्यन्यदेवता भक्ता यजन्ते श्रद्धयान्विताः ।
तेऽपि मामेव कौन्तेय यजन्त्यविधिपूर्वकम् ।।

પણ જે બીજા દેવતાઓના ભક્ત છે અને શ્રદ્ધા વડે યુક્ત છે, તે પણ હે કૌન્તેય, મને પૂજે છે—જોકે સાચો વિધિ જાણ્યા વિના પૂજે છે.

સાચો વિધિ એ છે કે ઈશ્વર અને પોતાની વચ્ચે બીજા કોઈને મૂકવો નહીં. પણ જે વચ્ચેના દ્વારપાળોની મારફત મને મેળવવાનો પ્રયત્ન કરે છે, તેઓ પણ પૂજે છે તો મને, કારણ તે મારી પાસે આવવાને એમ કરે છે.

अहं हि सर्वयज्ञानां भोक्ता च प्रभुरेव च ।
न तु मामभिजानन्ति तत्त्वेनातश्च्यवन्ति ते ।।

હું જ સર્વ યજ્ઞનો ભોક્તા અને સ્વામી છું, એટલે જે અહંકાર વૃત્તિ વિના બધી વસ્તુ કરે છે તે એમ કહી શકે કે હું નથી કરતો પણ ભગવાન કરે છે. પણ જે માણસો મને તત્ત્વરૂપે નથી જાણતા તેઓ મને ન જાણવાને કારણે અહીંથી પડે છે.

દોષ કરનાર પોતાને નીચમાં નીચ તરીકે ઓળખાવે છે, જ્યાં સુધી હુંપણું રહેલું છે ત્યાં સુધી એક તરફથી તુલસીદાસ કહે છે કે મારા જેવો કામી, લંપટ, નીચ, વ્યભિચારી કોઈ નથી, અને બીજી તરફથી એ બધાં પાપો ઈશ્વરને આરોપે છે, કારણ હું જ નથી તો પાપ કરનાર કોણ રહે? ગંગા નદી અનેક પાપોને ધોનારી, પણ પાપ લેનારી નથી, તેમ રામમાં જે શાશ્વત શરીર છે તે નિષ્પાપ છે. શરીર રામ તો પાપમય છે. આપણે અનર્થ કરીને પાપ કરવા માંડીએ અને કહીએ કે પાપ આપણને લાગે જ નહીં, તો પેલો દેડકો જે બળદના જેવો થવા પ્રયત્ન કરતો હતો અને તેનું પેટ ફાટી ગયું, તેના જેવું થાય. ભક્ત કહે છે કે હું પાપી છું, પણ હું તને સોંપાયો છું, તેથી તું પાપી બને છે. આથી આગળ આપણી બુદ્ધિ ચાલતી નથી. 'આદમ કો ખુદા મત કહો; આદમ ખુદા નહીં, લેકિન ખુદાકે નૂરસે આદમ જુદા નહીં.'

## ૧૪૦

મંગળવાર, તા. ૨૪–૮–૨૬

यान्ति देवव्रता देवान् पितॄन्यान्ति पितृव्रताः ।
भूतानि यान्ति भूतेज्या यान्ति मद्याजिनोऽपि माम् ।

દેવને ભજનારા દેવોને પામે છે, પિતૃઓની પૂજા કરનારા પિતૃઓને, ભૂતોની પૂજા કરનારા ભૂતોને, અને મારી પૂજા કરનારા મને પામે છે.

पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति ।
तदहं भक्त्युपहृतमश्नामि प्रयतात्मनः ।।

પત્ર, પુષ્પ, ફળ, પાણી, જે કાંઈ મને મનુષ્ય ભક્તિપૂર્વક આપે છે તે દૃઢચિત્ત માણસે મારી પાસે ભક્તિપૂર્વક ધરેલું હું ગ્રહણ કરું છું.

Gandhi Heritage Portal

દુર્યોધનનો મેવો ભગવાનને ન ભાવ્યો, કારણ એણે એ ભક્તિપૂર્વક નહોતો આપ્યો. તેને તો એમાંથી પોતાનો સ્વાર્થ સાધી લેવો હતો. તેને તો પોતાની શરતે ભગવાનની પાસે મદદ જોઈતી હતી. તે પ્રયતાત્મા નહોતો. પણ વિદુર જે નિખાલસ હતો, તેની જેવી તેવી ભાજી ભગવાને ભાવે લીધી, કારણ તેની ભક્તિ અનન્ય હતી અને તેનું મન સરળ અને સ્વચ્છ હતું. પાખંડીઓના ખજાનાની તેને પરવા નહોતી.

यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत् ।
यत्तपस्यसि कौन्तेय तत्कुरुष्व मदर्पणम् ।।

એટલા માટે, જે કાંઈ તું કરે, ખાય, અર્પણ કરે, દાન કરે, તપ કરે, તે સર્વ તું મને અર્પણ કરજે.

शुभाशुभफलैरेवं मोक्ष्यसे कर्मबन्धनैः ।
संन्यासयोगयुक्तात्मा विमुक्तो मामुपैष्यसि ।।

એવું કરવાથી શુભાશુભ ફળવાળાં કર્મબંધનોથી તું મુક્ત રહીશ, કારણ બધા ભોગ તો મને મળે છે. સંન્યાસયોગ કરીને જે માણસ સાફ થઈ ગયો છે — જેણે પોતાનાં કામો ભગવાનને અર્પણ કર્યાં છે, જેણે જીવ્યો ત્યાં સુધી સીવ્યું છે, પણ ભગવાનને અર્પણ કરીને, — તે માણસ મુક્ત થઈને મને પામે છે.

समोऽहं सर्वभूतेषु न मे द्वेष्योऽस्ति न प्रियः ।
ये भजन्ति तु मां भक्त्या मयि ते तेषु चाप्यहम् ।।

બધાં ભૂતોને વિશે હું સમદર્શી છું. મારે કોઈ દ્વેષ કરવા લાયક નથી, નથી કોઈ મને પ્રિય. જે માણસ મને ભક્તિપૂર્વક ભજે છે, તેઓ મારે વિશે છે અને તેમને વિશે હું છું.

ભગવાનની પાસે આપણે જઈએ, તો જોઈએ તેટલું આપે. ગંગા લેવાને જઈએ તો ગંગા મળે અને ખોબા જેટલું લેવા જઈએ તો ખોબો મળે. ભગવાન કીડીને કણ આપે છે અને હાથીને મણ આપે છે.

## ૧૪૨

બુધવાર, તા. ૨૫–૮–૨૬

अपि चेत्सुदुराचारो भजते मामनन्यभाक् ।
साधुरेव स मन्तव्यः सम्यग्व्यवसितो हि सः ।।

જે માણસ મને અનન્ય ભાવથી ભજે છે, એ ભલેને ખૂબ દુરાચારી હોય તોપણ તેને સાધુપુરુષ માનવો. તે માણસ સરસ રીતે વ્યવસ્થિત થયેલો માનવો.

અજામિલ જેવાને પોતાની દુષ્ટતા કાઢી નાખવાનો નિશ્ચય થયો હોય, દૃઢાસન થઈને બેઠો હોય, જોકે તેના વિચારો તેને ન મૂકતા હોય, પણ ઓમ્ ઓમ્ કરનારો અને દૃઢ નિશ્ચય થઈને બેઠેલો સાધુ છે. પણ જે માણસ અનિશ્ચિત હોય, જે અનિયમિત હોય, અને અવ્યવસ્થિત રીતે કામ કરતો હોય, તે સારો હોય તોયે સાધુ ન કહેવાય.

क्षिप्रं भवति धर्मात्मा शश्वच्छान्तिं निगच्छति ।
कौन्तेय प्रतिजानीहि न मे भक्तः प्रणश्यति ।।

Gandhi Heritage Portal

એ માણસ તુરત ધર્માત્મા થાય છે, અને અખંડ શાંતિ પામે છે. એટલે દુષ્ટમાં દુષ્ટ માણસ-ને દુષ્ટ ન માનવો. આ દેહે જ તે સારો થઈ શકે એમ છે. હે કૌન્તેય, તું ખચીત માનજે કે મારો ભક્ત નાશ પામતો નથી.

એના દેહનો તો નાશ થાય છે. પણ એ માણસ દુષ્ટાત્મા ન બનતાં સાધુ થઈને મરે છે.

मां हि पार्थ व्यपाश्रित्य येऽपि स्युः पापयोनयः ।
स्त्रियो वैश्यास्तथा शूद्रास्तेऽपि यान्ति परां गतिम् ।।

જે માણસ મારો આશ્રય લે છે, પછી ભલે તે પાપયોનિ હોય, – ખરાબમાં ખરાબ ચાંડાલ કુટુંબમાં જન્મ્યો હોય, – અથવા તો સ્ત્રી, વૈશ્ય અથવા શૂદ્ર હોય તોપણ તે ઉત્તમ ગતિને પામે છે.

આ શ્લોકો વડે ભગવાને જગતને ભારે આશ્વાસન આપી દીધું છે. વેદિયા લોકોને ભગ-વાનનો આ જવાબ છે. વેદિયા એટલે જે વેદ નથી ભણ્યા, તેને ઈશ્વર ન મળે, એમ કહેનારા. તે કાળે સ્ત્રી, વૈશ્ય અને શૂદ્રને વિશે એવી માન્યતા હતી કે એ લોકોને મોક્ષ ન મળે. કૃષ્ણ તો નંદને ત્યાં ગાયો ચારીને શૂદ્ર બન્યા હતા. વૈશ્યોનો તો ગોપાલન અને ખેતીનો ધંધો હતો. પણ ખેતી કરનારા આખરે શૂદ્ર બન્યા. શ્રીકૃષ્ણે કહ્યું કે ભલેને વૈશ્યો તથા શૂદ્રો વેદ ન ભણી શકે, પણ તેને સદ્‌ગતિ જરૂર મળી શકે. વેદ ન જાણતા હોય, પણ બ્રહ્મને જાણતા હોય અને જેનું અંતર શુભ થઈ ગયું હોય તેની સદ્‌ગતિ જ છે.

किं पुनर्ब्राह्मणाः पुण्या भक्ता राजर्षयस्तथा ।
अनित्यमसुखं लोकमिमं प्राप्य भजस्व माम् ।।

આમ છે તો પછી પવિત્ર બ્રાહ્મણો તથા ભક્તો અને રાજર્ષિઓ મારું શરણું લે તો તેમની તો સદ્‌ગતિ થાય જ. એટલે અનિત્ય અને સુખ વિનાના આ લોકમાં મનુષ્યશરીરને પામીને તું મને ભજ.

मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु ।
मामेवैष्यसि युक्त्वैवमात्मानं मत्परायणः ।।

મારામાં ચિત્ત પરોવીને તમને ભજનારો થા, મારે નિમિત્તે યજ્ઞ કરનારો થા. મને નમસ્કાર કરનારો થા, તો મને જ તું પામશે. મારે જ વિશે તન્મય થઈને અને મારું જ ધ્યાન ધરીને, તારા આત્માનું મારી સાથે અનુસંધાન કરીને, તું એકતાર થઈને બેસશે તો હું તને ખેંચી લઈશ.

માત્ર તું ખેંચાજે, હઠ ન કરીશ. તું મને ખેંચી ન શકે, પણ હું તને ખેંચી શકીશ. તારાથી એ ત્રાગડો તૂટી શકશે, પણ બીજો કોઈ એ ત્રાગડો ન તોડી શકે.

આ પ્રકરણનું નામ પણ રાજવિદ્યા અને રાજગુહ્યયોગ રાખ્યું છે. ઉત્તમમાં ઉત્તમ જ્ઞાન અને ઉત્તમમાં ઉત્તમ ભેદ-યોગ શું છે અને ક્ષેમ શું છે એ મેં તને બતાવી દીધું. યોગ ભગવાનની સાથે સાધવાનો છે. નથી આ જગતમાં કમાવું કે મોટાં પદ લેવાં, કે ચક્રવર્તીનું રાજ્ય ભોગવવું. માત્ર હૃદયને વિશે એમ ઠસી જવું જોઈએ કે ભગવાન મેળવવો જ છે. આંખ, નાક, કાન, જે અનુભવી શકે તેને મેળવીને શું? એમ ન થવું જોઈએ, કારણ કે એ બધી વસ્તુઓ ક્ષણિક છે. ચક્રવર્તીઓ પણ ચાલ્યા ગયા. જે જોઈએ તે તો અંતર્યામી છે, અને જે મંગળ-મંદિરમાં તે બેઠો છે તેને તે ખોલવાની પ્રાર્થના છે. એ સાધન મન્મના ભવ મદ્યાજી કહીને બતાવ્યું. હું કર્તા, ભર્તા, સુહૃદ્, સ્થાન, પ્રભવ, પ્રલય; બધું છું. બીજું કશું જ નથી. હું એ એક જ છું, તું તે કાંઈ નથી. વચ્ચે આવેલા દેવતા વગેરે તારા જેવા જ નાશવંત છે. હું જ

Gandhi Heritage Portal

એક અવિનાશી છું. તારે અવિનાશી થવું હોય તો મને જ પામવું જોઈએ. અને તે તું મને મન સોંપીને જ પામી શકશે. તું નાહ્યાધોવાની ચેષ્ટા ભલે કરતો હોય, પણ તે વેળા ભગવાનનું ભજન ચાલતું હોય, અને ખાવાપીવાનું ભગવાનને અર્પણ થયેલું હોય, દેહનું ભાડું ચૂકવી તે મારફતે ભગવાનનું ભજન થતું હોય, તો તે ભગવાનને પહોંચ્યો છે.

## ૧૪૨

### અધ્યાય દશમો

ગુરુવાર, તા. ૨૬–૮–૨૬

भूय एव महाबाहो शृणु मे परमं वचः ।
यत्तेऽहं प्रीयमाणाय वक्ष्यामि हितकाम्यया ।।

વળી તું મારું વચન સાંભળ, જે તારું હિત ઇચ્છીને કહેવા માગું છું.

न मे विदुः सुरगणाः प्रभवं न महर्षयः ।
अहमादिर्हि देवानां महर्षीणां च सर्वशः ।।

દેવતાનો સમુદાય અને મહર્ષિઓ મારો પ્રભાવ જાણતા નથી, કારણ એ બન્નેનો હું બધી રીતે આદિ છું, તેમનો કારણભૂત સર્જનહાર હું છું.

यो मामजमनादिं च वेत्ति लोकमहेश्वरम् ।
असंमूढः स मर्त्येषु सर्वपापैः प्रमुच्यते ।।

જે મને અજન્મ, અનાદિ અને લોકના મહેશ્વર તરીકે જાણે છે, તે મોહમાં આવી ગયા નથી. મોહમાં આવેલો રાત્રિને દિવસ જાણે અને દિવસને રાત્રિ જાણે. આ બધાં નાશવંત પ્રાણીઓમાં જ્ઞાની તમામ પાપથી મુક્ત થઈ જાય છે, કારણ આવા માણસમાં રાગદ્વેષ નથી રહેવાના, અભિમાન નથી રહેવાનું, તે દ્વન્દ્વથી નિર્લેપ રહેશે, નમ્ર રહેશે, અને માનશે કે ઈશ્વરનું દીધું આપણે ખાઈએ છીએ.

बुद्धिर्ज्ञानमसंमोहः क्षमा सत्यं दमः शमः ।
सुखं दुःखं भवोऽभावो भयं चाभयमेव च ।।
अहिंसा समता तुष्टिस्तपो दानं यशोऽयशः ।
भवन्ति भावा भूतानां मत्त एव पृथग्विधाः ।।

આ બે શ્લોકમાં બતાવેલા બધા ભાવો-બુદ્ધિ, જ્ઞાન, મોહરહિત સ્થિતિ; ક્ષમા, સત્ય, ઇન્દ્રિયનિગ્રહ, શમ (શાન્તિ), સુખદુઃખ, ભાવ-અભાવ, ભય-અભય, અહિંસા, સમતા, સંતોષ, તપ, દાન, યશ-અપયશ-બધા ભાવો સર્વ ભૂતોમાં રહેલા છે. અને એ પૃથક્પૃથક્ મારામાંથી જ છે.

જે ભૂતોનો કર્તા એ હોય તે ભૂતોમાં જે ગુણો અને દોષો જણાય છે તે પણ એ જ છે.

## ૧૪૩

શુક્રવાર, તા. ૨૭–૮–૨૬

આજની નોંધ મહાદેવભાઈએ લીધી નથી.

महर्षयः सप्त पूर्वे चत्वारो मनवस्तथा ।
मद्भावा मानसा जाता येषां लोक इमाः प्रजाः ।।

Gandhi Heritage Portal

સાત ઋષિઓ, તેની પૂર્વે થયેલા ચાર સનકાદિ, અને ચૌદ મનુઓ મારા સંકલ્પથી ઉત્પન્ન થયેલા છે. એ સર્વે મારી માનસિક સૃષ્ટિ છે અને તેમનામાંથી આ બધા લોકો ઉત્પન્ન થયા છે.

एतां विभूतिं योगं च मम यो वेत्ति तत्त्वतः ।
सोऽविकम्पेन योगेन युज्यते नात्र संशयः ।।

મારી આ વિભૂતિ અને શક્તિને જે યથાર્થ રીતે જાણે છે, તે માણસ મારી સાથે જોડાઈ જાય છે, એમાં જરા પણ સંશય નથી.

બધું જ ઈશ્વર ઉત્પન્ન કરે છે. એની ઈચ્છા, આજ્ઞા કે કાયદાને અધીન થયા વિના પ્રાણી માત્ર એક ક્ષણ નથી ચાલી શકતું, એમ જે માણસ બુદ્ધિથી નહીં પણ હૃદયથી માને છે, તે એની સાથે એકનિષ્ઠાથી જોડાઈ જાય છે. પણ જે માણસ ઈશ્વરને ભૂલી પોતાના હુંપદથી માને છે કે પોતે ઊંચો ચડે છે, તે માણસ ઝખ મારે છે. પણ જે ઈશ્વર ઉપર હૃદયથી આસ્થા રાખી પોતાનામાં વસતા અંતર્યામીને અધીન થાય છે, તે અવિચળ સમતાને પામે છે, એમાં સંશય નથી.

अहं सर्वस्य प्रभवो मत्तः सर्वं प्रवर्तते ।
इति मत्वा भजन्ते मां बुधा भावसमन्विताः ।।

જે જ્ઞાની લોકો ભાવપૂર્વક મને ભજે છે, તેઓ જાણે છે કે હું જ બધાની ઉત્પત્તિનું કારણ છું; અને મારા થકી જ બધા પ્રવર્તે છે.

मच्चित्ता मद्‌गतप्राणा बोधयन्तः परस्परम् ।
कथयन्तश्च मां नित्यं तुष्यन्ति च रमन्ति च ।।

મારામાં ચિત્ત પરોવનારા અને પ્રાણાર્પણ કરનારા, એકબીજાની સેવા કરતા અને હંમેશ મારું કીર્તન કરતા, સંતોષમાં અને આનંદમાં રહે છે.

तेषां सततयुक्तानां भजतां प्रीतिपूर्वकम् ।
ददामि बुद्धियोगं तं येन मामुपयान्ति ते ।।

જેઓ મારામાં નિરંતર તન્મય રહેનારા છે, અને પ્રીતિપૂર્વક ભજે છે, તેમને હું જ્ઞાન આપું છું અને તેથી તેઓ મને પામે છે.

એમ ભક્તને જ્ઞાન હસ્તામલકવત્ છે. એને પોથાં નથી વાંચવાં પડતાં. પણ જે માણસ પ્રથમ જ્ઞાન મેળવી, પછી ભક્તિ કરીશ એમ માને છે તેના તો બાર વાગી જાય છે. એમ જ્ઞાન મળતું જ નથી. એવા જ્ઞાનથી અહંકાર આવે છે. પણ જે પ્રથમ પ્રીતિપૂર્વક મારું ભજન કરે છે અને જે મારામાં જ પરાયણ રહે છે તેને જ્ઞાન સહેજે પ્રાપ્ત થાય છે.

तेषामेवानुकम्पार्थमहमज्ञानजं तमः ।
नाशयाम्यात्मभावस्थो ज्ञानदीपेन भास्वता ।।

તેઓની ઉપર મને દયા ઊપજે છે. તેથી અજ્ઞાન વડે ઉત્પન્ન થયેલું અંધારું હું જે એના હૃદયનો સ્વામી છું, તે પ્રકાશમાં જ્ઞાનદીપથી નાશ કરું છું

Gandhi Heritage Portal

## ૧૪૪

શનિવાર, તા. ૨૮-૮-૨૬

परं ब्रह्म परं धाम पवित्रं परमं भवान् ।
पुरुषं शाश्वतं दिव्यमादिदेवमजं विभुम् ।।
आहुस्त्वामृषयः सर्वे देवर्षिर्नारदस्तथा ।
असितो देवलो व्यासः स्वयं चैव ब्रवीषि मे ।।

તમે પરમ બ્રહ્મ છો, પરમ ધામ છો, પરમ પવિત્ર છો; મને દેવર્ષિ નારદ, અસિત, દેવલ તથા વ્યાસ, એ સઘળા ઋષિઓ તમારે વિશે કહે છે કે તમે શાશ્વત પુરુષ છો, દિવ્ય આદિદેવ છો, અજ છો, અને વિભુ છો. તમે પોતે પણ એમ જ કહો છો.

सर्वमेतदृतं मन्ये यन्मां वदसि केशव ।
न हि ते भगवन्व्यक्तिं विदुर्देवा न दानवाः ।।

તમે જે કહો છો તે બધું હું ઋત એટલે સાચું માનું છું. તમારું ખરું સ્વરૂપ નથી જાણતા દેવો કે નથી જાણતા દાનવો.

स्वयमेवात्मनात्मानं वेत्थ त्वं पुरुषोत्तम ।
भूतभावन भूतेश देवदेव जगत्पते ।।

તમે પોતે જ તમને જાણો છો. ભૂતોને પેદા કરનારા, ભૂતોના દેવ અને જગત્પતિ તરીકે તમે જ પોતાને જાણો છો.

वक्तुमर्हस्यशेषेण दिव्या ह्यात्मविभूतयः ।
याभिर्विभूतिभिर्लोकानिमांस्त्वं व्याप्य तिष्ठसि ।।

તમારી ભારે દૈવી વિભૂતિઓ, જે વિભૂતિઓ વડે આ લોકોને વ્યાપીને તમે રહેલા છો, તે પૂરેપૂરી કહેવાને તમે જ લાયક છો.

कथं विद्यामहं योगिंस्त्वां सदा परिचिन्तयन् ।
केषु केषु च भावेषु चिन्त्योऽसि भगवन्मया ।।

હે યોગી, હું કઈ રીતે તમારું સદા ધ્યાન ધરતો ધરતો તમને જાણી શકું? અને કઈ કઈ રીતે તમે મારાથી ચિંતવન કરવા યોગ્ય છો.

विस्तरेणात्मनो योगं विभूतिं च जनार्दन ।
भूयः कथय तृप्तिर्हि शृण्वतो नास्ति मेऽमृतम् ।।

વિસ્તારપૂર્વક તમે તમારો યોગ અને વિભૂતિ મને કહો. ફરી ફરી કહો, કારણ કે એ અમૃત-વચનો સાંભળતાં તૃપ્તિ થતી નથી.

રોજ કોતરકામ કરનારો થાકતો નથી. ફરી ફરીને ત્યાં જ જાય છે. તેમ કૃષ્ણનું નામ રટનારો અર્જુન કૃષ્ણને વિભૂતિ ગણાવતાં થકવે એવી સ્થિતિ છે.

## ૧૪૫

રવિવાર, તા. ૨૯-૮-૨૬

हन्त ते कथयिष्यामि दिव्या ह्यात्मविभूतयः ।
प्राधान्यतः कुरुश्रेष्ठ नास्त्यन्तो विस्तरस्य मे ।।

Gandhi Heritage Portal

હે કુરુશ્રેષ્ઠ, હવે તને હું મારી મુખ્ય-મુખ્ય દિવ્ય વિભૂતિઓ કહીશ, કારણ મારા વિસ્તારનો અંત જ નથી.

अहमात्मा गुडाकेश सर्वभूताशयस्थितः ।
अहमादिश्च मध्यं च भूतानामन्त एव च ।।

હે અર્જુન, હું આ બધાંયે ભૂતોના હૃદયોના વિશે રહેલો આત્મા છું. હું ભૂતોનો આદિ, મધ્ય અને અંત પણ છું.

आदित्यानामहं विष्णुर्ज्योतिषां रविरंशुमान् ।
मरीचिर्मरुतामस्मि नक्षत्राणामहं शशी ।।

શ્લોક ૨૧થી માંડી શ્લોક ૩૫ સુધી.

આદિત્યોમાં હું વિષ્ણુ છું. જ્યોતિઓમાં ઝગઝગતો સૂર્ય હું છું. વાયુઓમાં મરીચિ હું છું. નક્ષત્રોમાં હું ચંદ્ર છું.

વેદોમાં સામવેદ હું છું. દેવોમાં ઇન્દ્ર હું છું. ઇન્દ્રિયોમાં હું મન છું અને પ્રાણીઓનું ચેતન હું છું. રુદ્રોમાં શંકર હું છું. યક્ષ અને રાક્ષસોમાં હું કુબેર છું, વસુઓમાં અગ્નિ હું છું. પર્વતોમાં હું મેરુ છું.

હે પાર્થ, પુરોહિતોમાં મુખ્ય બૃહસ્પતિ મને જાણ. સેનાપતિઓમાં હું કાર્તિક સ્વામી છું, અને સરોવરમાં હું સાગર છું.

મહર્ષિઓમાં હું ભૃગુ છું. વાચામાં એકાક્ષરી ઓમ્ હું છું. યજ્ઞોમાં જપયજ્ઞ છું, અને સ્થાવરોમાં હિમાલય છું.

બધાં વૃક્ષોમાં હું અશ્વત્થ એટલે પીપળો છું. દેવર્ષિઓમાં નારદ છું. ગંધર્વોમાં ચિત્રરથ છું, અને સિદ્ધ પુરુષોમાં કપિલ મુનિ છું.

અશ્વોમાં અમૃતમાંથી ઉત્પન્ન થયેલો ઉચ્ચૈઃશ્રવા મને જાણ. હાથીઓમાં ઐરાવત અને મનુષ્યોમાં હું રાજા છું.

હથિયારોમાં હું વજ્ર છું. ગાયોમાં કામધેનુ છું. પ્રજોત્પત્તિનું કારણ કામદેવ હું છું. સર્પોમાં હું વાસુકિ છું.

નાગોમાં શેષનાગ હું છું. જળચરોમાં વરુણ છું. પિતરોમાં અર્યમા હું છું, અને દંડ દેનારામાં હું યમ છું.

દૈત્યોમાં હું પ્રહ્લાદ છું. ગણતરી કરવાવાળાઓમાં હું કાળ (સમય) છું. પશુઓમાં હું સિંહ છું. પક્ષીઓમાં હું ગરુડ છું.

પાવન કરનારાઓમાં હું પવન છું. શસ્ત્રધારીઓમાં હું પરશુરામ છું. માછલાંઓમાં મગરમચ્છ છું. નદીઓમાં હું ગંગા છું.

હે અર્જુન, સૃષ્ટિઓનો આરંભ, અંત અને મધ્ય હું છું. વિદ્યાઓમાં અધ્યાત્મવિદ્યા છું અને વિવાદ કરનારાઓમાં હું વાદ છું.

અક્ષરોમાં અકાર હું છું. સમાસોમાં દ્વન્દ્વ છું. અક્ષયકાલ હું છું અને સર્વવ્યાપી ધારણ કરનારો પણ હું છું.

બધાંને હરનાર મૃત્યુ હું છું. ભવિષ્યમાં ઉત્પન્ન થનારનું ઉત્પત્તિ-કારણ હું છું, અને નારીજાતિનાં નામોમાં કીર્તિ, લક્ષ્મી, વાણી, સ્મૃતિ, મેધા (બુદ્ધિ), ધૃતિ (ધીરજ) અને ક્ષમા હું છું.



Gandhi Heritage Portal

સામોમાં બૃહત્સામ હું છું. છંદોમાં ગાયત્રી છંદ છું. મહિનાઓમાં માર્ગશીર્ષ છું. (આર્યો પહેલાં ઉત્તર ધ્રુવમાં રહેલા હતા ત્યારે આ મહિનો પહેલો મનાતો હતો, તેથી અહીં એનું નામ છે.) ઋતુઓમાં હું વસંત છું.

## ૧૪૬

મંગળવાર, તા. ૩૧-૮-૨૬

શ્લોક ૩૬થી ૩૯ સુધી.

છલ કરનારાઓનો જુગાર હું છું. (એ માત્ર એટલું જ સૂચવવા છે કે જગતમાં સારી જ વસ્તુમાં નહીં, પણ બૂરીમાં પણ હું છું. આમાં પાખંડીઓનું પાપ હું છું, એમ કહી શકાત. રાક્ષસોમાં રાવણ હું છું, એમ જરૂર કહી શકાત. કારણ રાવણને જેટલી રમત તેને રમવા દેવી હતી તેટલી જ તેણે રમવા દીધી. ઈશ્વર સર્વશક્તિમાન છે એટલું જ બતાવવાનો આશય છે. ઈશ્વરની કૃતિમાં સારુંનરસું બધું છે. એમ કહીને આપણને જરાક જેટલો અધિકાર આપેલો છે કે સારુંનરસું એનો વિવેક કરવો અને સારું પસંદ કરવું. દેહરૂપી પિંજરામાં પુરાયેલા આપણને એટલી છૂટ આપી છે. બંધનને કાપવા જેટલી છૂટ રાખેલી છે. કોઈ કેદીને મરણપર્યંતની કેદ આપી હોય, પણ એક નાનકડી શરત રાખી હોય, જેથી તે છૂટી શકે તો તે ભારે શરત કહેવાય, કારણ તેથી તે મુક્તિ મેળવી શકે છે. તેવી જ આપણી સ્થિતિ છે, કારણ આપણે જે ઈચ્છીએ તે થઈ શકીએ છીએ એમ પણ ઈશ્વરે કહી દીધું છે.) પ્રતાપવાનનો પ્રભાવ હું છું. જય હું છું. નિશ્ચય હું છું. સાત્ત્વિક ભાવવાળાનું સત્ત્વ હું છું.

વૃષ્ણિકુળમાં હું વાસુદેવ છું. પાંડવોમાં ધનંજય છું. મુનિઓમાં વ્યાસ છું, અને કવિઓમાં ઉશના કવિ હું છું.

રાજ્યકર્તાઓનો દંડ હું છું. જય ઈચ્છનારની નીતિ હું છું. ગુહ્ય વાતોમાં હું મૌન છું અને જ્ઞાનીઓનું હું જ્ઞાન છું.

હે અર્જુન, બધાં પ્રાણીઓની ઉત્પત્તિનું કારણ હું છું. જે કાંઈ સ્થાવર અથવા જંગમ છે તે મારા વિના નથી.

नान्तोऽस्ति मम दिव्यानां विभूतीनां परंतप ।
एष तूद्देशतः प्रोक्तो विभूतेर्विस्तरो मया ।।

હે પરંતપ, મારી દિવ્ય વિભૂતિનો અંત જ નથી. વિભૂતિનો વિસ્તાર કેવળ દૃષ્ટાંત રૂપે જ કહ્યો છે.

यद्यद्विभूतिमत्सत्त्वं श्रीमदूर्जितमेव वा ।
तत्तदेवावगच्छ त्वं मम तेजोंऽशसंभवम् ।।
अथवा बहुनैतेन किं ज्ञातेन तवार्जुन ।
विष्टभ्याहमिदं कृत्स्नमेकांशेन स्थितो जगत् ।।

જે કંઈ પણ વિભૂતિવાન, લક્ષ્મીવાન, અથવા પ્રભાવશાળી છે તે તે મારા તેજના અંશથી જ થયેલું જાણ.

અથવા બહુ જ્ઞાનથી શું? આટલું તું જાણી લે કે મારી વિભૂતિના એક અંશથી હું આખા જગતને ધારણ કરીને બેઠેલો છું.

Gandhi Heritage Portal

ઈશ્વરની અસંખ્ય વિભૂતિઓનું માપ આપણને આવી શકે, તો આપણે નમ્ર બની શકીએ. નારદે જેમ પોતાની એક વિભૂતિનો અહંકાર કર્યો હતો તેમ ન કરીએ. અહંકાર પણ હું જ કરી શકું, એમ કહી દીધું છે. આપણે તુચ્છમાં તુચ્છ બની રહીએ એ તાત્પર્ય છે. ઈશ્વરની શક્તિનું કંઈ માપ નથી, એમ સમજીને કોઈ આપણને મારવા આવે, તો તેનો માર આપણે ખાઈ લેવાનો. તેને મારવા જઈએ તો ઈશ્વર આપણો મદ ઉતારી દે છે, કારણ રાવણથી માંડીને કોઈ પણ રાક્ષસ નથી થયો જેનો ઈશ્વરે સંહાર નથી કર્યો.

## ૧૪૭

### અધ્યાય અગિયારમો

બુધવાર, તા. ૧–૯–૨૬

આ ભારે અધ્યાય ગણાય છે. ગીતાજી ભારે અર્થવાળું કાવ્ય છે, તેમાં અગિયારમો અધ્યાય વધારેમાં વધારે કાવ્યથી ભરેલો છે. ભક્તિ શીખવી હોય તો એ અધ્યાય બરાબર ગાતાં આવડવો જોઈએ. તેમ થાય તો ભક્તિરસમાં નાહ્યા જ કરીશું.

मदनुग्रहाय परमं गुह्यमध्यात्मसंज्ञितम् ।
यत्त्वयोक्तं वचस्तेन मोहोऽयं विगतो मम ।।

મારા અનુગ્રહ સારુ તમે આ પરમ રહસ્યવાળો અને અધ્યાત્મવિષયક જે ઉપદેશ આપ્યો, તેથી મારો આ મોહ દૂર થયો છે.

भवाप्ययौ हि भूतानां श्रुतौ विस्तरशो मया ।
त्वत्तः कमलपत्राक्ष माहात्म्यमपि चाव्ययम् ।।

જીવોની ઉત્પત્તિ અને નાશ બન્ને મેં વિસ્તારથી સાંભળ્યાં છે. વળી તમારે મોઢેથી હે કમલ-નયન, તમારો અવ્યય મહિમા પણ સાંભળ્યો છે.

एवमेतद्यथात्थ त्वमात्मानं परमेश्वर ।
द्रष्टुमिच्छामि ते रूपमैश्वरं पुरुषोत्तम ।।

એમ જે રીતે તમે, હે પરમેશ્વર, તમારું પોતાનું વર્ણન કરી બતાવ્યું, તે તમારું ઐશ્વર્યવાળું રૂપ હું જોવા ઇચ્છું છું.

मन्यसे यदि तच्छक्यं मया द्रष्टुमिति प्रभो ।
योगेश्वर ततो मे त्वं दर्शयात्मानमव्ययम् ।।

મારાથી એ જોઈ શકાય એમ, હે પ્રભુ, તમે માનતા હો તો મને તમારું અવ્યય સ્વરૂપ બતાવો.

## ૧૪૮

ગુરુવાર, તા. ૨–૯–૨૬

पश्य मे पार्थ रूपाणि शतशोऽथ सहस्रशः ।
नानाविधानि दिव्यानि नानावर्णाकृतीनि च ।।

હે પાર્થ, તું મારાં સેંકડો અને હજારો–અનંત રૂપો જો. જે નાનાવિધ, દિવ્ય, અનેકવર્ણ અને આકૃતિવાળાં છે.

Gandhi Heritage Portal

पश्यादित्यान्वसून्रूद्रानश्विनौ मरुतस्तथा ।
बहून्यदृष्टपूर्वाणि पश्याश्चर्याणि भारत ।।
इहैकस्थं जगत्कृत्स्नं पश्याद्य सचराचरम् ।
मम देहे गुडाकेश यच्चान्यद् द्रष्टुमिच्छसि ।।

આદિત્ય, વસુ, રુદ્ર, અશ્વિનો, મરુત, એ બધાં મારાં રૂપ તું એકી વખતે જો. અહીં એક જ સ્થાને – એક થઈને રહેલું – એવું આખું જગત-ચર અને અચર બધું જો.

એ વિરાટ સ્વરૂપમાં સારું નરસું, હિંદુ મુસલમાન, આસ્તિક નાસ્તિક, બધાં આવે.

જે બીજું કાંઈ જોવા ઇચ્છતો હોય તે બધું તું જો.

न तु मां शक्यसे द्रष्टुमनेनैव स्वचक्षुषा ।
दिव्यं ददामि ते चक्षुः पश्य मे योगमैश्वरम् ।।

આ તારા ચક્ષુથી તું મને નથી જોઈ શકવાનો એટલે તને દિવ્ય ચક્ષુ આપું છું. એ વડે તું મારી ઐશ્વર્યયુક્ત શક્તિ જો.

एवमुक्त्वा ततो राजन्महायोगेश्वरो हरिः ।
दर्शयामास पार्थाय परमं रूपमैश्वरम् ।।

સંજય કહે છે: હે રાજા ધૃતરાષ્ટ્ર, આમ બોલીને યોગેશ્વર કૃષ્ણે અર્જુનને પોતાનું ઐશ્વર્ય-યુક્ત પરમ રૂપ બતાવ્યું.

## ૧૪૯

શુક્રવાર, તા. ૩–૯–૧૯૨૬

[ગીતામાં જ્ઞાન એ ચોપડીમાં સંઘરી રાખવાનું નથી, પણ આચરણમાં ઉતારવાનું છે. મહાદેવ અને પૂંજાભાઈ હું બોલું છું એ લખી લે છે. તેના કરતાં ગ્રામોફોન ગોઠવ્યું હોય તો તે અક્ષરશઃ લખી લે. પણ એથી એ ગ્રામોફોન ગીતા શીખ્યું કહેવાય? ગ્રામોફોન જડ છે. એમ આપણે પણ પુસ્તકમાં લખી રાખીએ અને આચરણમાં ન ઉતારીએ તો એ જ્ઞાન આપણને શા કામનું? એટલે આપણે તો આજુબાજુના લોકની સેવા કરીએ, ઘરના કામમાં મોટેરાંને મદદ કરીએ. એમ કહીને બાને રસોડામાં મદદ કરવાનો ઉપદેશ આપ્યો. બાને કુસુમને શા સારુ બોલાવવી પડે? થોડા દહાડાના મહેમાન રામચંદ્રને શા સારુ રસોડું ધોવા બોલાવવો પડે? એકટાણું કરનારી બાને શા સારુ જરા ઠરીને બેસવાનો વારો ન આવે? તમે કશી જ મદદ ન કરો તો ગ્રામોફોનના જેવા છો.]

अनेकवक्त्रनयनमनेकाद्भुतदर्शनम् ।
अनेकदिव्याभरणं दिव्यानेकोद्यतायुधम् ।।
दिव्यमाल्याम्बरधरं दिव्यगन्धानुलेपनम् ।
सर्वाश्चर्यमयं देवमनन्तं विश्वतोमुखम् ।।

જેને અનેક મુખ છે, અનેક આંખો છે, જે અનેક અદ્‌ભુત દર્શનવાળા છે, અને દિવ્ય ઘરેણાં જેણે પહેરેલાં છે, અને અનેક દિવ્ય શસ્ત્રોને જેણે ઉગામેલાં છે, જેણે દિવ્ય માળાઓ અને વસ્ત્ર ધારણ કરેલાં છે, દિવ્ય સુગંધીનું જેને લેપન કરેલું છે, એ રૂપ ખૂબ આશ્ચર્યમય અને અનંત છે, જેનાં મુખ વિશ્વમાં સર્વ તરફ છે, એવા પરમેશ્વરને (અર્જુને જોયા).

Gandhi Heritage Portal

दिवि सूर्यसहस्रस्य भवेद्युगपदुत्थिता ।
यदि भाः सदृशी सा स्याद्भासस्तस्य महात्मनः ।।

જો હજાર સૂર્યનું તેજ એકી સાથે આકાશમાં ઝળકી ઊઠે તો તે આ મહાત્માના (વિશ્વરૂપ પરમાત્માના) પ્રકાશની બરાબર કદાચિત્ થાય.

तत्रैकस्थं जगत्कृत्स्नं प्रविभक्तमनेकधा ।
अपश्यद्देवदेवस्य शरीरे पाण्डवस्तदा ।।

ત્યાં આખું જગત એક ઠેકાણે રહેલું છે અને છતાં તે અનેક રીતે વહેંચાઈ ગયેલું છે. (ઝાડ અને પાંદડાંની જેમ ઝાડ વિરાટ સ્વરૂપ જેવું છે, મૂળ અને પાંદડાં એક છે. મૂળમાં આખું ઝાડ-જગત એક ઠેકાણે સમાયેલું છે અને પાંદડાંમાં તે જગત અનેક રીતે વહેંચાયેલું છે). અર્જુને દેવાધિદેવનું સ્વરૂપ આવી રીતે જોયું.

ततः स विस्मयाविष्टो हृष्टरोमा धनंजयः ।
प्रणम्य शिरसा देवं कृताञ्जलिरभाषत ।।

ત્યારે અર્જુન આશ્ચર્યચકિત થઈ ગયો. તેના શરીરનાં રૂંવાડાં ઊભાં થઈ ગયાં, ભગવાનને માથું નમાવીને તથા હાથ જોડીને બોલવા લાગ્યો.

## ૧૫૦

શનિવાર, તા. ૪-૯-૨૬

पश्यामि देवांस्तव देव देहे सर्वांस्तथा भूतविशेषसंघान् ।
ब्रह्माणमीशं कमलासनस्थमृषींश्च सर्वानुरगांश्च दिव्यान् ।।

આ શ્લોકથી ૨૧મા શ્લોક સુધી.

હે દેવ, આપના શરીરમાં સઘળા દેવોને, તથા જીવમાત્રને કમળના આસન ઉપર બેઠેલા બ્રહ્માને, મહાદેવને, સઘળા ઋષિઓને તથા દિવ્ય સર્પોને હું જોઉં છું.

તમારે અનેક હાથ, અનેક પેટ, અનેક મુખ, અને અનેક આંખ છે.

હે વિશ્વરૂપ, હે વિશ્વેશ્વર, તમે અંત મધ્ય અને આદિ વિનાના છો.

(એક તરફથી કહે છે કે તમે સાકાર છો અને બીજી તરફથી કહે છે, તમે નિરાકાર છો. એટલે કે જેનો એટલો બધો આકાર છે તે નિરાકાર જ છે.)

તમે મુગટધારી, ગદાધારી, ચક્રધારી છો. તમે તેજના પુંજ છો અને ચારે તરફ ઝગમગી રહ્યા છો. (સૂર્યનારાયણથી ઈશ્વરના તેજની ઝાંખી થાય છે, પણ સૂર્ય તો તેની આગળ બિન્દુ-માત્ર છે.) તમે અગ્નિ અને સૂર્યની પ્રભાવાળા છો. એવા તમારા માપી ન શકાય એવા તેજથી તમારી તરફ જોઈ પણ શકાતું નથી. તમે પરમ અક્ષર, જાણવાને યોગ્ય, આ જગતના પરમ આશ્રયરૂપ શાશ્વત ધર્મનું રક્ષણ કરનારા, અવિનાશી સનાતન પુરુષ છો.

ગઈ કાલના વરસાદનું સ્વરૂપ એ વિરાટ સ્વરૂપ ન કહેવાય? સૂર્યને એટલો દૂર રાખ્યો છે, પણ પાસે હોય તો આપણું શું થાય? તો હજાર સૂર્યના તેજવાળા શ્રીકૃષ્ણ અર્જુન પાસે ઊભા છે ત્યાં શું પૂછવું?

તમને આદિ મધ્ય અને અંત નથી. તમારી શક્તિ અનંત છે. તમે અનેક હાથવાળા છો. ચંદ્ર અને સૂર્ય તમારી આંખો છે. તમારું મોઢું સળગાવેલા અગ્નિ જેવું છે. તમારા તેજથી આ આખા જગતને તપાવી રહ્યા છો. એવા હું તમને જોઉં છું.

Gandhi Heritage Portal

આકાશ અને પૃથ્વીની વચ્ચેનું અંતર પણ તમારાથી જ વ્યાપ્ત છે. તમે એકલા જ સર્વ દિશામાં રહેલા છો. આવું તમારું અદ્‌ભુત અને ઉગ્ર રૂપ જોઈને હે મહાત્મા, આ ત્રણે લોક વ્યથા પામી રહ્યા છે.

(આ સાબરમતી પણ તેની વિભૂતિ છે. ગઈ કાલે ખબર આવ્યા છે તે પ્રમાણે જો ખૂબ પાણી આવે તો આપણે તો થથરી રહીએ.)

આ બધો દેવતાઓનો સંઘ તમારામાં પ્રવેશ કરે છે. કેટલાક તો ડરીને હાથ જોડીને તમારું નામ જપ્યા કરે છે. અને મહર્ષિઓ તથા સિદ્ધોનો સમુદાય 'કલ્યાણ થાઓ' એમ કહીને અનેક સ્તોત્રો દ્વારા તમારી સ્તુતિ કરે છે.

## ૧૫૧

રવિવાર, તા. ૫–૯–૨૬

रुद्रादित्या वसवो ये च साध्या विश्वेऽश्विनौ मरुतश्चोष्मपाश्च ।
गन्धर्वयक्षासुरसिद्धसंघा वीक्षन्ते त्वां विस्मिताश्चैव सर्वे ।।

ઉપરના શ્લોકથી એકત્રીસમા શ્લોક સુધી.

કેમ જાણે આ શ્લોકો આપણે માટે જ લખાયા હોય એમ લાગે છે.

સાબરમતીમાં ભારે રેલ આવવાની છે એવા સમાચાર કલેક્ટર તરફથી મળ્યા હતા. સામાન્ય રીતે મારા હૃદયમાં તોફાન જાગ્યું કે શું કરવું? તરત જ નાદ આવ્યો કે બહેનોની પાસે હું દરરોજ શું વાંચું છું? गोविन्द ! द्वारिकावासिन् વગેરે. કૃષ્ણ ગરુડ ઉપર સવારી કરીને આવતો હોય તો ભલે આવે. આ બધું તણાઈ જાય તો આપણી લાજ રહી જવાની છે. જે કોઈ સાક્ષીરૂપે રહી જાય તો તે આપણાં વ્રતોનું પાલન કર્યા કરે.

સાળનો ડેલો ઠેઠ રસ્તાની પાસે કરવાની મેં સલાહ આપેલી. अशक्तिमान् भवेत्साधुः એ ન્યાયે પણ આપણે શાંતિથી બેસી રહેવાનું છે. જેલવાળા કહે કે તમે અહીં આવો, તો હું પૂછીશ, તમે વાડજને આશ્રય આપ્યો છે? બીજાને આશ્રય આપ્યા પછી અમને આપો.

સ્વાદને ખાતર નહીં, પણ દેહને નભાવવા ખાતર ખાવું હોય તો ખાજો. શરીરની શક્તિ જાળવવા માગીએ છીએ માટે. હું સ્વસ્થ થઈને બેઠો છું એટલામાં મિલનાં ભૂંગળાં ફૂંકાયાં. એ સાંભળીને કહ્યું, એમ કામ કોઈને છોડતું નથી. भवाम्भोधि पोतं शरण्यं व्रजामः એ જ વાત છે. આ વ્યાધિ તો છે જ શું? બીજા વ્યાધિની આગળ ઈશ્વરનું નામ જપતાં, દ્વાદશમંત્ર જપતાં, જે વસ્તુ આશ્વાસન આપતી હોય તેનું નામ લીધા કરીએ. અંદરનું તોફાન ભારે કે બહારનું આ તોફાન? ઘડી ઘડી આંખ ન જવાની જગ્યાએ જાય, કાન ન જવાની જગ્યાએ જાય, તેનાં કરતાં આ તોફાન શું વધારે છે? આશ્રમમાં બધાં જ પાંખાળાં છે. સ્ત્રીઓને પણ પાંખ આવી જાઓ એમ ઇચ્છું. જેને જવાની ઇચ્છા થઈ જાય તે જઈ પણ શકે છે, ટ્રેનથી અથવા પેલે પાર. ગામડાના પટેલ તરીકે મને આટલું જ સૂઝે છે. તમારી બુદ્ધિ આગળ જતી હોય તો જાય.)

હવે શ્લોકો:

રુદ્રો, આદિત્યો, વસુઓ, સાધ્યો, વિશ્વેદેવો, અશ્વિનો, મરુતો, પિતરો, ગંધર્વો, યક્ષો, અસુરો, સિદ્ધો આ બધાયનો સમુદાય આશ્ચર્યપૂર્વક તને જોયા કરે છે.

અનેક મુખ તથા નેત્રવાળા, ઘણા હાથ, જાંઘ તથા પગોવાળા, ઘણા ઉદરવાળા, ભયંકર દાઢો વાળા — તારા મહાન રૂપને જોઈને સર્વે લોકો તથા હું વ્યાકુળ થઈ રહ્યા છીએ.

Gandhi Heritage Portal

તું આકાશને અડી રહ્યો છે, ઝળહળી રહ્યો છે, તારાં અનેક રૂપો છે, તારું મોઢું ફાડેલું છે, તારી આંખો લાલચોળ છે, એવા તને જોઈને મારું અંતઃકરણ ભયભીત થઈ જાય છે. હે વિષ્ણુ, મને હવે ધીરજ અને શાંતિ નથી.

તારી દાઢો ભયંકર છે, પ્રલયકાળના અગ્નિ જેવાં તારાં મુખોને જોઈને મને દિશાઓ સૂઝતી નથી, અને શાંતિ વળતી નથી; તેથી હે દેવાધિદેવ, જગતના આશ્રયસ્થાન તમે પ્રસન્ન થાઓ.

વળી ધૃતરાષ્ટ્રના પુત્રો, પૃથ્વીનું પાલન કરનાર રાજાઓનો સમુદાય, ભીષ્મ, દ્રોણ, કર્ણ, અને અમારા પક્ષના મુખ્ય યોદ્ધા સહિત સઘળા ઝડપથી તારા મુખમાં પેસી રહ્યા છે. તારા ભયંકર દાંતોની વચ્ચે એ સર્વનાં માથાં પિસાઈ જતાં હોય એવું જણાય છે.

જેમ નદીનો બહુ પાણીનો ધોધ સમુદ્રમાં પ્રવેશ કરે છે, તેમ આ શૂરવીર મનુષ્યોનો સમુદાય તારાં પ્રજ્વલિત મુખોમાં પ્રવેશ કરે છે.

જેમ પતંગિયાં સળગતી આગમાં નાશ પામવાને માટે અતિ વેગથી પ્રવેશ કરે છે, તેમ જ આ સર્વે લોકો પોતાના નાશને માટે તારા મુખમાં અતિ વેગથી પ્રવેશ કરે છે. તથા આ બધા લોકોને પ્રજ્વલિત મુખો દ્વારા કોળિયો કરીને બધી બાજુથી તું ચાટે છે. હે વિષ્ણુ, તારો ઉગ્ર પ્રકાશ આ આખા જગતને તેજ વડે વીંટી લઈને તપાવી રહ્યો છે.

હે ભગવાન, મને તમે કહો: આવા ભયંકર રૂપવાળા તમે કોણ છો? તમને મારા નમસ્કાર છે. તમે મારા ઉપર રાજી થાઓ. તમારો આરંભ હું જાણવા ઇચ્છું છું. તમારી પ્રવૃત્તિ મારાથી કળી શકાતી નથી.

## ૧૫૨

મંગળવાર, તા. ૭–૯–૨૬

कालोऽस्मि लोकक्षयकृत्प्रवृद्धो लोकान्समाहर्तुमिह प्रवृत्तः ।
ऋतेऽपि त्वां न भविष्यन्ति सर्वे येऽवस्थिताः प्रत्यनीकेषु योधाः ।।

લોકોના નાશને માટે વૃદ્ધિ પામેલો હું મહાકાળ છું. લોકોનો સંહાર કરવાને માટે હું પ્રવૃત્ત થયેલો છું. એટલા માટે બન્ને સેનાઓની અંદર ઊભેલા યોદ્ધાઓમાંથી તારા વિના કોઈ પણ રહેશે નહીં.

तस्मात्त्वमुत्तिष्ठ यशो लभस्व जित्वा शत्रून्भुङ्क्ष्व राज्यं समृद्धम् ।
मयैवैते निहताः पूर्वमेव निमित्तमात्रं भव सव्यसाचिन् ।।

માટે તું ઊભો થા, અને કીર્તિ મેળવ. શત્રુને જીતીને સમૃદ્ધિવાળું રાજ્ય ભોગવ. આમને મેં પહેલેથી જ હણેલા છે. હે સવ્યસાચિન્, તારે તો નિમિત્તમાત્ર થવાનું છે.

સવ્યસાચિન્ એટલે ડાબે હાથે બાણ ચલાવી શકે એવો, એટલે બન્ને હાથે.

द्रोणं च भीष्मं च जयद्रथं च कर्णं तथान्यानपि योधवीरान् ।
मया हतांस्त्वं जहि मा व्यथिष्ठा युध्यस्व जेतासि रणे सपत्नान् ।

દ્રોણ, ભીષ્મ, જયદ્રથ, કર્ણ તથા બીજા યોદ્ધાઓ મારાથી હણાયેલા જ છે. તેમને માટે તું વ્યથા ન પામ. એ બધાની ઉપર એટલે દુશ્મનોની ઉપર તું જીત મેળવવાનો છે. એટલા માટે યુદ્ધ કર.

Gandhi Heritage Portal

एतच्छ्रुत्वा वचनं केशवस्य कृताञ्जलिर्वेपमानः किरीटी ।
नमस्कृत्वा भूय एवाह कृष्णं सगद्गदं भीतभीतः प्रणम्य ।।

સંજય કહે છે:

કેશવનાં આ વચન સાંભળીને, હાથ જોડીને, કાંપતો, કાંપતો, અર્જુન નમસ્કાર કરી, ગદ્ ગદ કંઠે, ડરતો ડરતો, કૃષ્ણના પ્રતિ આ પ્રમાણે બોલ્યો.

स्थाने हृषीकेश तव प्रकीर्त्या जगत्प्रहृष्यत्यनुरज्यते च ।
रक्षांसि भीतानि दिशो द्रवन्ति सर्वे नमस्यन्ति च सिद्धसंधाः ।।

અર્જુન કહે છે:

હે હૃષીકેશ, તમે કહો છો તે યોગ્ય જ છે. તમારી પ્રકીર્તિથી એટલે કે તમારા નામ અને કીર્તનથી જગત હર્ષ પામે છે, અને રાજી થાય છે. ભયભીત થયેલા રાક્ષસો દોડતા ભાગે છે. અને સિદ્ધસંઘો તમને નમસ્કાર કરે છે.

कस्माच्च ते न नमेरन्महात्मन् गरीयसे ब्रह्मणोऽप्यादिकर्त्रे ।
अनन्त देवेश जगन्निवास त्वमक्षरं सदसत्तत्परं यत् ।।

અને શા સારુ ન નમે? તમે રાક્ષસોને હણનારા છો. રાક્ષસો એટલે બહારના અને અંદરના રિપુઓ. નદી આપણને ગળી જાય, અને મારે તોપણ શું? પણ જે હૃદયની અંદર પૂર આવેલું છે તેનું શું? હૃદયની અંદરના રાક્ષસો છે તેમને કોણ હણે? માટે કહ્યું કે:

તને કેમ સૌ નમે નહીં? તું તો ગુરુઓનો ગુરુ, બ્રહ્માનો પણ આદિ કર્તા, અનંત, દેવેશ, અને જગન્નિવાસ, અક્ષર પુરુષ સત્‌અસત્‌થી પર છે.

त्वमादिदेवः पुरुषः पुराणस्त्वमस्य विश्वस्य परं निधानम् ।
वेत्तासि वेद्यं च परं च धाम त्वया ततं विश्वमनन्तरूप ।।

તમે આદિ દેવ છો, પુરાણ પુરુષ છો, તમે આ વિશ્વનું પરમ આશ્રયસ્થાન છો. તમે જાણનાર છો, અને જાણવા યોગ્ય છો, પરમ ધામ તમે છો, હે અનંતરૂપ! આ જગતને તમે વ્યાપી રહ્યા છો.

वायुर्यमोऽग्निर्वरुणः शशाङ्कः प्रजापतिस्त्वं प्रपितामहश्च ।
नमो नमस्तेऽस्तु सहस्रकृत्वः पुनश्च भूयोऽपि नमो नमस्ते ।।

વાયુ, યમ, અગ્નિ, વરુણ, ચંદ્ર, પ્રજાપતિ, પ્રપિતામહ તમે જ છો. તમને હજારો વાર નમસ્કાર કરું છું. ફરી ફરીને તમને નમસ્કાર કરું છું.

## ૧૫૩

બુધવાર, તા. ૮–૯–૨૬

नमः पुरस्तादथ पृष्ठतस्ते नमोऽस्तु ते सर्वत एव सर्व ।
अनन्तवीर्यामितविक्रमस्त्वं सर्वं समाप्नोषि ततोऽसि सर्वः ।।

મદ્રાસમાં એક ભક્તાણી હતાં, તે ભગવાન તરફ પીઠ કરીને પૂજા કરતાં. એક જ્ઞાની તેને મહેણાં મારવા લાગ્યા, પણ પેલી ડોસીમાએ એના બચાવમાં આ શ્લોક ટાંકયો, અને પેલા આભા જ બની ગયા. જ્યાં દરેક સ્થળે ભગવાન છે, દરેક દિશામાં તેનાં આંખ, કાન, નાક છે, ત્યાં અમુક દિશામાં જ બેસવું એ શું?

Gandhi Heritage Portal

તને આગળથી, પાછળથી અને બધી તરફથી મારા નમસ્કાર છે. હે અનંતવીર્યવાન, અમાપ પરાક્રમી, બધું તમે જ ધારણ કરો છો. તેથી તમે જ સર્વ છો, એટલે જ્યાં કાંઈ પણ છે ત્યાં તમે જ છો, અને જ્યાં નથી ત્યાં કાંઈ પણ નથી.

सखेति मत्वा प्रसभं यदुक्तं हे कृष्ण हे यादव हे सखेति ।
अजानता महिमानं तवेदं मया प्रमादात्प्रणयेन वापि ।
यच्चावहासार्थमसत्कृतोऽसि विहारशय्यासनभोजनेषु ।
एकोऽथवाप्यच्युत तत्समक्षं तत्क्षामये त्वामहमप्रमेयम् ।।

મિત્ર માનીને અવિવેકથી મારાથી કાંઈ બોલાયું હોય તો—તમારો આ મહિમા ન જાણીને કાંઈ બોલાયું હોય—પ્રમાદથી અથવા બહુ પ્રેમથી—બોલાયું હોય, અથવા મશ્કરીમાં પણ તમારું અપમાન કર્યું હોય, રમતાં, સૂતાં, બેસતાં કે ખાતાં, એકલા કે બીજાઓની સામે કાંઈ અવિનય થયો હોય તો મને ક્ષમા કરો.

पितासि लोकस्य चराचरस्य त्वमस्य पूज्यश्च गुरुर्गरीयान् ।
न त्वत्समोऽस्त्यभ्यधिकः कुतोऽन्यो लोकत्रयेऽप्यप्रतिमप्रभाव ।।

આ ચરાચર જગતના તમે પિતા છો, તમે પૂજ્ય અને શ્રેષ્ઠ ગુરુ છો. તમારા સમાન આ વિશ્વમાં કોઈ નથી, તો પછી તમારાથી અધિક આ ત્રણે લોકમાં કોઈ ક્યાંથી હોય? તમારો પ્રભાવ અપ્રતિમ છે.

तस्मात्प्रणम्य प्रणिधाय कायं प्रसादये त्वामहमीशमीडयम् ।
पितेव पुत्रस्य सखेव सख्युः प्रियः प्रियायार्हसि देव सोढुम् ।।

તમને પ્રણામ કરીને, મારા શરીરને તમારા ચરણોમાં રાખીને સ્તુતિ કરવા યોગ્ય આપને વીનવું છું કે પિતા જેમ પુત્રના, મિત્ર જેમ મિત્રના, પતિ જેમ પ્રિય સ્ત્રીના અપરાધ સહન કરે છે, તેમ મારા તમે સહન કરવા યોગ્ય છો.

अदृष्टपूर्वं हृषितोऽस्मि दृष्ट्वा भयेन च प्रव्यथितं मनो मे ।
तदेव मे दर्शय देव रूपं प्रसीद देवेश जगन्निवास ।।

પૂર્વે કદી નહીં જોયેલું એવું તમારું આ રૂપ જોઈને મને રોમાંચ થયાં છે, અને ભયથી મારું મન વ્યાકુળ થયું છે. એટલા માટે હે દેવ, તમારું પ્રથમનું રૂપ મને બતાવો. હે દેવેશ અને જગન્નિવાસ, તમે પ્રસન્ન થાઓ.

किरीटिनं गदिनं चक्रहस्तमिच्छामि त्वां द्रष्टुमहं तथैव ।
तेनैव रूपेण चतुर्भुजेन सहस्रबाहो भव विश्वमूर्ते ।।

પહેલાંના જેવા તમારા મુકુટ, ગદા, ચક્રધારી રૂપનાં હું દર્શન કરવા ઇચ્છું છું. હે સહસ્ત્ર-બાહુ, હે વિશ્વમૂર્તિ, તમારું ચતુર્ભુજ રૂપ ધારણ કરો.

मया प्रसन्नेन तवार्जुनेदं रूपं परं दर्शितमात्मयोगात् ।
तेजोमयं विश्वमनन्तमाद्यं यन्मे त्वदन्येन न दृष्टपूर्वम् ।।

હે અર્જુન, હું તારા ઉપર પ્રસન્ન થયો છું. તેથી જ આત્મશક્તિ વડે તને આ તેજસ્વી અને સર્વેનું આદિ અનંત વિશ્વરૂપ દેખાડયું છે. એ રૂપ તારા સિવાય બીજા કોઈએ હજી જોયું નથી.

Gandhi Heritage Portal

न वेदयज्ञाध्ययनैर्न दानैर्न च क्रियाभिर्न तपोभिरुग्रैः ।
एवंरूपः शक्य अहं नृलोके द्रष्टुं त्वदन्येन कुरुप्रवीर ।।

વેદના અધ્યયનથી, યજ્ઞથી, દાનથી, અનેક પ્રકારની ક્રિયાઓથી, ઉગ્ર તપશ્ચર્યાથી, આ મારું રૂપ, હે અર્જુન, તારા સિવાય બીજું કોઈ જોવાને શક્તિમાન નથી.

मा ते व्यथा मा च विमूढभावो दृष्ट्वा रूपं घोरमीदृङ्ममेदम् ।
व्यपेतभीः प्रीतमनाः पुनस्त्वं तदेव मे रूपमिदंप्रपश्य ।।

આ મારું ઘોર રૂપ જોઈને તું વ્યથા પામીશ નહીં. તેમ મૂંઝાઈશ પણ નહીં. બીક છોડીને તું પ્રસન્ન થા. અને મારું પરિચિત રૂપ તું જો.

## ૧૫૪

ગુરુવાર, તા. ૯–૯–૧૯૨૬

दृष्ट्वेदं मानुषं रूपं तव सौम्यं जनार्दन ।
इदानीमस्मि संवृत्तः सचेताः प्रकृतिं गतः ।।

પછી અર્જુને કહ્યું: હે જનાર્દન, તમારું આ સૌમ્ય મનુષ્યસ્વરૂપ જોઈને સચેત થયો છું.

सुदुर्दर्शमिदं रूपं दृष्टवानसि यन्मम ।
देवा अप्यस्य रूपस्य नित्यं दर्शनकाङ्क्षिणः ।।

પછી ભગવાને કહ્યું, જે મારું રૂપ તેં જોયું તેનાં દર્શન દુર્લભ છે. દેવો પણ તે જોવા હમેશાં ઝંખે છે.

नाहं वेदैर्न तपसा न दानेन न चेज्यया ।
शक्य एवंविधो द्रष्टुं दृष्टवानसि मां यथा ।

જે મારું સ્વરૂપ તેં જોયું, તેનાં દર્શન વેદથી, તપથી, દાનથી કે યજ્ઞથી થઈ શકતાં નથી.

भक्त्या त्वनन्यया शक्य अहमेवंविधोऽर्जुन ।
ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परंतप ।।

હે પરંતપ, તને મારું જે સ્વરૂપ બતાવ્યું તેનાં દર્શન, મારામાં વાસ્તવિક પ્રવેશ, અનન્ય ભક્તિથી જ થઈ શકે છે.

ભગવાનને જાણવા, જોવા અને પછી તેમાં મળી જવું. તેને એમ કહી શકીએ કે તું મને ચાવી નાંખ. મને કશી જ અડચણ નથી. અમે તારા છીએ, તારારૂપ થવા ઇચ્છીએ છીએ. મને ચાવી જશે તોયે શું? પોતાની દાઢની અંદર ચાવીને કૂચો કરીને ચાવે અને ફેંકી દે એવા પોતે છે, એમ બતાવીને કહે છે કે મને તું ભક્તિ વડે જાણી શકે છે. આપણે તો શ્રદ્ધા વડે જ તેની પરીક્ષામાં પાસ થઈએ. તારા વડે જ બધું થાય છે, તારા વડે જીવવું મરવું છે, એવો ખ્યાલ હોય ત્યાં શું?

मत्कर्मकृन्मत्परमो मद्भक्तः सङ्गवर्जितः ।
निर्वैरः सर्वभूतेषु यः स मामेति पाण्डव ।।

હે પાંડવ; જે મારે માટે જ બધાં કર્મ કરે છે, મારામાં પરાયણ રહે છે, મારો ભક્ત બને છે, જે આસક્તિરહિત છે અને પ્રાણી માત્રને વિશે વેરભાવ નથી રાખતો, તે મને પામે છે.

અગિયારમા અધ્યાયનો સઘળો સાર છેલ્લા શ્લોકમાં ભગવાને બતાવી દીધો છે. મારે માટે કામ કરનાર, મારામાં પરાયણ રહેનાર, આસક્તિ વિનાનો, કોઈના તરફ પણ વેરભાવ ન રાખનારો,–

Gandhi Heritage Portal

ઘોર દોષ કરે તેની સામે પણ વેરભાવ રાખ્યા વિના એનું ભલું થાઓ, એવા ઉદ્‌ગાર જેના મોંમાંથી નીકળ્યા કરે—તે મને પામે છે.

## ૧૫૫

### અધ્યાય બારમો

શુક્રવાર અને શનિવારની નોંધ મહાદેવભાઈએ લીધેલી નથી.

શુક્રવાર, તા. ૧૦–૯–૨૬

एवं सततयुक्ता ये भक्तास्त्वां पर्युपासते ।
ये चाप्यक्षरमव्यक्तं तेषां के योगवित्तमाः ।।

ઈશ્વર પ્રત્યે પ્રેમ રાખવો એટલે બીજાં કામોમાં આસક્તિ ન રાખવી. કામ તો કરવાનાં, પણ મમત્વભાવ વિના, ઈશ્વરને અર્થે જ કરવાનાં. કામી માણસ પોતાની કામી ઇચ્છાઓ માટે માબાપ અને છોકરાં પરની આસક્તિ છોડીને કામમાં જ ઘેલો બની જાય છે. એ પણ અનાસક્તિ છે. પરંતુ એ કામ એઠવાડ જેવું છે, જ્યારે ઈશ્વર પ્રત્યેનો પ્રેમ સારો છે.

હવે શ્લોકનો અર્થ:

આ પ્રમાણે જે ભક્તો હમેશાં તારી સાથે જોડાઈને એકાગ્ર ચિત્તથી સમાવિસ્થ રહેનારા છે અને તને અક્ષર અને અવ્યક્ત માનનારા છે અને તારી ઉપાસના કરનારા છે એમાં શ્રેષ્ઠ કોણ છે?

मय्यावेश्य मनो ये मां नित्ययुक्ता उपासते ।
श्रद्धया परयोपेतास्ते मे युक्ततमा मताः ।।

ભગવાન જવાબ આપે છે:

હમેશાં મારામાં મનને પરોવીને પરમ શ્રદ્ધાથી—અચલિત શ્રદ્ધાથી જે મારી ઉપાસના કરે છે, એ માણસને હું શ્રેષ્ઠ યોગી કહું છું.

ये त्वक्षरमनिर्देश्यमव्यक्तं पर्युपासते ।
सर्वत्रगमचिन्त्यं च कूटस्थमचलं ध्रुवम् ।
संनियम्येन्द्रियग्रामं सर्वत्र समबुद्धयः ।
ते प्राप्नुवन्ति मामेव सर्वभूतहिते रताः ।।

પણ જે પુરુષ ઇન્દ્રિયોના સમુદાયને સારી રીતે વશમાં રાખીને, બધે સમત્વ જાળવીને, દૃઢ, અચલ, ધ્રુવ, અચિંત્ય, સર્વવ્યાપી, અવ્યક્ત, અવર્ણનીય, અવિનાશી એવા મારા સ્વરૂપને ઉપાસે છે તે સર્વ પ્રાણીઓના હિતમાં સમાયેલા મને જ પામે છે.

## ૧૫૬

શનિવાર, તા. ૧૧–૯–૨૬

क्लेशोऽधिकतरस्तेषामव्यक्तासक्तचेतसाम् ।
अव्यक्ता हि गतिर्दुःखं देहवद्भिरवाप्यते ।।

જેમનું ચિત્ત અવ્યક્તમાં ચોંટ્યું છે એટલે કે જે નિર્ગુણ બ્રહ્મની ઉપાસના કરે છે તેમને વધારે ક્લેશ-કષ્ટ થાય છે, કારણ કે આપણે શરીરધારી જીવોથી અવ્યક્તની ગતિનું જ્ઞાન મેળવવું એ અતિ કઠણ છે.

Gandhi Heritage Portal

શૂન્યનું ધ્યાન ધરવું એ બહુ કઠણ વસ્તુ છે. જ્યાં આપણે ઈશ્વરને વિશે એક પણ ગુણનું આરોપણ કરીએ ત્યાં અવ્યક્તની ઉપાસના થતી નથી. આમ છતાં સાકારની પેલી પાર નિરાકાર અચિંત્ય સ્વરૂપ છે, એમ તો બધાયે સમજ્યે જ છૂટકો. ભક્તિની પરાકાષ્ઠા એ કે ભક્ત ભગવાનમાં શમી જાય, અને છેવટે કેવળ એક અદ્વિતીય, અરૂપી ભગવાન જ રહે. પણ આ સ્થિતિને સાકારની મારફતે સહેલાઈથી પહોંચાય છે, તેથી નિરાકારને સીધા પહોંચવાનો માર્ગ કષ્ટસાધ્ય કહ્યો.

ये तु सर्वाणि कर्माणि मयि संन्यस्य मत्पराः ।
अनन्येनैव योगेन मां ध्यायन्त उपासते ।।
तेषामहं समुद्धर्ता मृत्युसंसारसागरात् ।
भवामि न चिरात्पार्थ मय्यावेशितचेतसाम् ।।

પણ જે માણસ પોતાનાં બધાં કર્મો મને સમર્પણ કરીને મારામાં જ પરાયણ રહીને, અનન્ય યોગભક્તિથી મારું જ ધ્યાન ધરીને મારી ઉપાસના કરે છે, જેણે મારે વિશે જ પોતાનું મન પરોવેલું છે, તેવા માણસનો આ મૃત્યુરૂપી સંસારસાગરમાંથી હું જલદી ઉદ્ધાર કરું છું.

## ૧૫૭

રવિવાર, તા. ૧૨–૯–૨૬

क्लेशोऽधिकतरस्तेषाम्‌વાળો શ્લોક મારે સારુ ભારે અજવાળું પાડનારો થઈ પડ્યો છે; કારણ એમાં અવ્યક્તની પૂજા કષ્ટસાધ્ય અને વધારે ક્લેશવાળી કહી છે. એ કારણમાં જ રહસ્ય રહેલું છે. કોઈ માણસ વનની અંદર જાય અને ધ્યાન ધરીને બેસે તો તે ઈશ્વરદર્શન કરી શકે છે. પણ કોઈ માણસ પેઢીનો વાણોતર, કારકુન કે વ્યવસ્થાપક થઈને બેઠો હોય તોપણ તે ઈશ્વર-દર્શન કરી શકે છે. અને બન્નેની સ્થિતિ એક જ હોઈ શકે છે, અને તેથી એક પરિણામ લાવી શકે છે.

આપણે રેંટિયાની પ્રવૃત્તિ ચલાવીએ છીએ તેમાં આપણી સાધના સાચી હશે તો તે વ્યાપક થવાની જ છે. એ શ્રદ્ધા એ દેહધારીનો રસ્તો, એ ભક્તિમાર્ગ, એ સગુણ ઉપાસના, કારણ આપણે રેંટિયાને જોઈ શકીએ છીએ, એમાં શક્તિ ભાળીએ છીએ. એમાં અમુક ગુણોનું આરોપણ કરીએ છીએ અને કરાવીએ છીએ. પણ કેવળ રેંટિયાની જ ઉપાસના કરીએ તો એ અવ્યક્ત બ્રહ્મની ઉપાસના કર્યા જેવું થાય. રેંટિયાનો પ્રયોગ કર્યા વિના આપણે એની ઉપાસના કરીએ, તો તે અવ્યક્તની ઉપાસના થાય. પણ મારી કલ્પના એ છે કે કેવળ મૌન સેવવાનો સમય આવે તે વખતે આપણે રેંટિયાને પડતો મૂક્યો એમ નથી, કે બ્રહ્મજિજ્ઞાસા છોડી એમ નથી. ખરેખર આપણે હિમાલયની ટોચ ઉપર બેસી ગયા હોઈએ, તો તે કાંઈ રેંટિયા ઉપર વૈરાગ્ય થયો અથવા લોકોની ઉપર તિરસ્કાર થયો, એમ નહીં હોય. એમાં અવ્યક્તની ભક્તિ નથી. તેમાં પણ કોઈક ફાયદો મળી જાય. ક્રોધનો માર્યો બ્રહ્મચર્યવ્રત પાળે, અથવા વ્યભિચાર છોડે, તો તેનું તો કલ્યાણ થાય છે. પણ તે તેણે જ્ઞાનપૂર્વક કરેલું નથી. તેમ જ કોઈ માણસ રેંટિયાથી કંટાળીને કે લોકોથી કંટાળીને રેંટિયો છોડીને ભાગે તેને માટે આ વાત નથી.

પણ જે માણસને લાગે કે એ નામ અને રૂપની પેલી પાર કાંઈક બીજી વસ્તુ છે, અને તે જોવી જોઈએ. એ જોવાને માટે એ ચાલ્યો જાય, તો એ પણ એક માર્ગ છે. આ અવ્યક્તની ભક્તિ સાચી કરવી હોય તોયે તેમાં ભારે કષ્ટ છે. બ્રહ્મ સત્ય છે, અને સૃષ્ટિ મિથ્યા છે, એ વસ્તુ બુદ્ધિમાં પણ ન આવે એવી છે. તેનો અમલ કરવો, એ કેટલી કઠણ વાત છે? શરીરની

Gandhi Heritage Portal

ઉપર કાંઈ ભોંકીએ છતાં અસર ન થાય, એ તો શરીર બખતરમય થઈ જાય ત્યારે થાય. શાસ્ત્રોમાં ધ્રુવની અને સુધન્વાની વાત છે. એમ શરીર ધારણ કરતાં છતાં શરીરનો ત્યાગ રહેલો છે. એટલે સુધી માણસ પહોંચ્યો હોય, અને આત્માની અંદર રમી રહેલો હોય, એ સ્થિતિ કષ્ટસાધ્ય છે. કરોડ માણસમાંથી ૯૯,૯૯,૯૯૯ તો ભૂલ જ કરતાં હશે. તેને તો એ મોહ ભાંગવાનો જ નથી. તેને પાછું જન્મવાપણું રહેશે.

કર્મમાર્ગ એ સીધામાં સીધો માર્ગ છે. બુદ્ધિનો માર્ગ, ભારે ભુલાવામાં પાડનારો માર્ગ છે. ઓછામાં ઓછો ભુલાવામાં પાડનારો માર્ગ नेहाभिक्रमनाशोऽस्तिવાળો છે. ખ્રિસ્તી કે મુસલમાન — હિન્દુ તો નહીં જ — એ કોઈ સગુણોપાસનામાંથી છૂટ્યા જ નથી. શીબલીએ[1] એક પુસ્તક લખ્યું છે, તેમાં ખુદા શરીરવાળો છે કે નહીં, તેનો વિચાર કરેલો છે. સાવ અવ્યક્તની પૂજા કરનારને પણ કોઈક વ્યક્તને પૂજવા જેવું રહેલું છે. દેહની સાથે આત્માનો સંબંધ નથી, એ વસ્તુ આપણે બુદ્ધિથી કલ્પી શકીએ, આ દેહે મોક્ષ છે એનો અર્થ એ છે કે દેહ પડ્યા પછી જન્મવાપણું નથી. દેહ પડ્યા પછી કોણ પોતાની સ્થિતિ કહી શક્યો છે? સ્પિરિચ્યુઅલિસ્ટ્સ (Spiritualists) અને થિયૉસૉફી (Theosophy)વાળા જે ભૂતપ્રેતાદિની વાતો કરે છે તે, હું કહું છું કે, બરાબર નથી, — એ અર્થમાં કે કોઈ સંપૂર્ણ વાત કરી જ શક્યો નથી.

આ દૃષ્ટિએ અર્જુનને કહ્યું છે કે તું આ પ્રપંચમાં ન પડે તો સારી વાત છે. એમાં બાંધી મૂઠી લાખની છે. તું જોતો નથી ભૂંડા, કે મેં પણ આ દેહ લીધો છે? તેને તું પૂછે કે શું અવ્યક્તની ઉપાસના સાચી કે વ્યક્તની. એના કરતાં તું જેમ તેમ કરીને હું કહું છું તેમ કરતો થઈ જા. નિર્વૈર થઈ જા. અને પ્રાણીમાત્રને વિશે સમભાવથી વર્ત. આ વસ્તુ સમજી જઈએ તો કેટલીયે જંજાળમાંથી છૂટી જઈએ. આપણે સગુણની ઉપાસના કરીએ તો મૂર્તિપૂજક ભલે કહેવાઈએ, અને નિંદાઈએ. માટે જ કહ્યું છે કે:

मय्येव मन आधत्स्व मयि बुद्धिं निवेशय ।
निवसिष्यसि मय्येव अत ऊर्ध्वं न संशयः ।

મારામાં જ તું તારું મન પરોવી લે. તારી બુદ્ધિ મારામાં જ તું રાખ. તો જ તું મને પામશે, એમાં કશી શંકા ન રાખજે.

अथ चित्तं समाधातुं न शक्नोषि मयि स्थिरम् ।
अभ्यासयोगेन ततो मामिच्छाप्तुं धनंजय ।।

પણ તું તારું ચિત્ત મારે વિશે ન સ્થાપી શકે, તો હે અર્જુન, અભ્યાસયોગ વડે મને પ્રાપ્ત કરવાની ઇચ્છા કર.

અભ્યાસયોગ અને ઈશ્વર ઉપર ધ્યાન રાખવામાં શો ફેર હશે? એમ લાગે છે કે અભ્યાસયોગ એટલે શ્રવણ, મનન, નિદિધ્યાસન વગેરે કરવું. એવા સમાજમાં બેસી જવું. ભજન કીર્તન સાંભળવું, કારણ કે पत्रं पुष्पं फलं तोयं બધું ઈશ્વરને પહોંચે છે.

## ૧૫૮

મંગળવાર, તા. ૧૪–૯–૨૬

अभ्यासेऽप्यसमर्थोऽसि मत्कर्मपरमो भव ।
मदर्थमपि कर्माणि कुर्वन्सिद्धिमवाप्स्यसि ।।

૧. ઘણું કરીને મૌલાના શીબલીએ લખેલું લાઇફ ઑફ ધ પ્રોફેટ.

Gandhi Heritage Portal

(આ દિવસની નોંધ મહાદેવભાઈએ લખી નથી, બીજા ભાઈની નોંધમાંથી નીચેનું લીધું છે.)

એ પ્રમાણે અભ્યાસ કરવામાં પણ તું અસમર્થ હોય, તો મારે વિશે પરાયણ થઈને મારે અર્થે જ સર્વ કર્મ કરીશ તોપણ તને સિદ્ધિ પ્રાપ્ત થશે. તું મને મળીશ.

अथैतदप्यशक्तोऽसि कर्तुं मद्योगमाश्रितः ।
सर्वकर्मफलत्यागं ततः कुरु यदात्मवान् ।।

જો તું એટલુ પણ ન કરી શકતો હોય, તો સંયમી થઈને અને મારા યોગનો આશ્રય કરીને સર્વે કર્મોનાં ફળનો ત્યાગ કર. ફળ મેળવવા માટે ધાલાવેલી ન કર.

श्रेयो हि ज्ञानमभ्यासाज्ज्ञानाद्ध्यानं विशिष्यते ।
ध्यानात्कर्मफलत्यागस्त्यागाच्छान्तिरनन्तरम् ।।

અભ્યાસ કરતાં જ્ઞાન શ્રેષ્ઠ છે, જ્ઞાન કરતાં ધ્યાન ચડે છે, અને ધ્યાન કરતાં પણ કર્મ-ફલત્યાગ ચડે છે. એવા ત્યાગથી શાંતિ મળે છે.

અહીં જ્ઞાન એટલે માત્ર વિદ્વત્તા નહીં, પણ સાચા હૃદયનો, ભલે થોડો પણ અનુભવ. એ જ્ઞાન કરતાં ધ્યાન એટલે ચિત્તની એકાગ્રતા શ્રેષ્ઠ છે. ધ્યાન કરતાં પણ કર્મફળના ત્યાગને શ્રેષ્ઠ કહ્યો છે. ધ્યાન કરનાર માણસ કદાચ પોતાને છેતરતો પણ હોય, એ દૃષ્ટિએ આ કહ્યું છે. વળી જ્ઞાન એટલે છેવટનો સાક્ષાત્કાર નહીં. અહીં જ્ઞાન અને ધ્યાનના અધૂરા અર્થને અનુલક્ષીને શ્રેષ્ઠતા બતાવાય છે. કર્મફલત્યાગને છેલ્લો મૂકયો છે, પણ ખરી રીતે તો એ પ્રથમ જ કરવાનો છે. કર્મફલનો ત્યાગ કરનાર માણસ નિર્મમ થાય છે.

પછી એવા માણસનાં લક્ષણ કહે છે:

अद्वेष्टा सर्वभूतानां मैत्रः करुण एव च ।
निर्ममो निरहंकारः समदुःखसुखः क्षमी ।।

જે સર્વે પ્રાણીઓ પ્રત્યે દ્વેષ નથી રાખતો, એટલું જ નહીં, પણ સર્વે પ્રત્યે મિત્રભાવ અને કરુણા રાખે છે, તથા મમતારહિત અને અહંકારરહિત થઈને સુખ અને દુ:ખ વિશે સમાન ભાવ રાખે છે, અને ક્ષમાવાળો છે.

મિત્રભાવ તો સરખા વચ્ચે રખાય, પણ સર્વ પ્રત્યે કરુણાભાવ રાખવો જોઈએ. આપણાથી કૂતરાંને છૂટું બૉટ ન મારી શકાય. માબાપ અથવા શિક્ષક આપણને છૂટું બૉટ મારે તો આપણને કેવું લાગે? ભલે આપણે માબાપના આજ્ઞાંકિત દીકરા હોઈએ તોપણ એમ છૂટું બૉટ મારનાર બાપ પ્રત્યે કેવો ભાવ રહે? કૂતરા પ્રત્યે આપણો શો ધર્મ છે એ અત્યારે આપણે વિચારતા નથી. પણ એટલું તો નક્કી જ છે કે કૂતરાને મારવાનો ધર્મ તો છે જ નહીં. કૂતરું આપણને કરડી જાય તોપણ તેના પ્રત્યે ક્રોધ ન કરીએ, એ જ ક્ષમા કહેવાય. "જેવાની સાથે તેવા" થવું એ ખોટું સૂત્ર છે. એમાં ક્ષમાભાવ તો નથી જ. નીચની સાથે નીચ થવાથી શો લાભ થવાનો? પણ નીચ ઉપર પણ પ્રેમભાવ, કરુણાભાવ રાખવાથી અને ક્ષમા રાખવાથી જ બન્નેને ફાયદો થવાનો છે.

નિર્મમ અને નિરહંકારનો ભેદ સમજવો જોઈએ. નિર્મમ એટલે મારું તારું ન કરનારો, વસુધૈવ કુટુંબકમ્ માનનારો. નિરહંકાર એટલે મેં અમુક કામ કર્યું છે એમ ન માનતાં ઈશ્વરે તે કર્યું છે, એમ માનનારો.

Gandhi Heritage Portal

## ૧૫૯

બુધવાર, તા. ૧૫-૯-૨૬

संतुष्ट : सततं योगी यतात्मा दृढनिश्चयः ।
मय्यर्पितमनोबुद्धिर्यो मद्‌भक्तः स मे प्रियः ।।

જે નિરંતર સંતુષ્ટ છે, અને સદા ધ્યાનની અંદર લાગેલો છે, વળી જે ઈન્દ્રિયોને વશમાં રાખનારો છે તથા દૃઢ નિશ્ચયવાળો છે, જેણે પોતાનાં મન અને બુદ્ધિ મને અર્પણ કરેલાં છે, – આવો મારો ભક્ત મને પ્રિય છે.

यस्मान्नोद्विजते लोको लोकान्नोद्विजते च यः ।
हर्षामर्षभयोद्वेगैर्मुक्तो यः स च मे प्रियः ।।

જેનાથી લોકોને ઉદ્વેગ થતો નથી, અને જે લોકોથી ઉદ્વેગ પામતો નથી, વળી જે હર્ષ, ઈર્ષા, બીક એ ઉદ્વેગોથી મુક્ત છે.

અદ્વેષ્ટ શબ્દમાં આ શ્લોકનો ભાવ આવી જ જાય છે.

अनपेक्षः शुचिर्दक्ष उदासीनो गतव्यथः ।
सर्वारम्भपरित्यागी यो मद्‌भक्तः स मे प्रियः ।।

જે માણસ આકાંક્ષારહિત છે, શુદ્ધ છે અને કુશળ છે, પક્ષપાતરહિત છે, દુ:ખોથી છૂટેલો છે તથા સર્વે આરંભનો ત્યાગ કરનારો છે, તે મારો ભક્ત મને પ્રિય છે.

આખો બારમો અધ્યાય ભક્તનાં લક્ષણ આપે છે. સ્થિતપ્રજ્ઞના શ્લોક સાથે સરખાવીશું તો બધા આના જેવા જ લાગશે.

ઈશ્વરનો ભક્ત ઈશ્વર સિવાય કોની આશા રાખે? શુચિ એટલે જેનું મન અને શરીર બન્ને પવિત્ર છે એવો. દક્ષ એટલે જે કામ લીધું તે ભગવાનનું નામ લઈને જ કરે એવો. ઉદાસીન એટલે ઘણી યોજનાઓ રચેલી હોય તે પાર ન પડે તોપણ જરાયે ચિંતા ન કરે. સર્વારંભપરિત્યાગી એવો માણસ કામને શોધતો ન જાય, પણ કામ એને શોધતું આવે. એની પાસે જે કામ લેવાનું હોય તે ભગવાન પોતે જ નક્કી કરીને તેને સોંપી દે. ઈશ્વર આપણો ભાર ઉપાડીને રહેવાવાળો છે એમ માનીને તે બધું ઈશ્વર ઉપર નાખે છે. ગુલામને કામ શોધવા જવાપણું જ નથી રહ્યું.

यो न हृष्यति न द्वेष्टि न शोचति न काङ्क्षति ।
शुभाशुभपरित्यागी भक्तिमान्यः स मे प्रियः ।।

જે હર્ષ કે દ્વેષ નથી પામતો, જે નથી શોક કરતો કે નથી કામ કરતો, પણ જે શુભ અને અશુભ સર્વે કર્મોનાં ફળને ત્યજે છે, એવો મારો ભક્ત મને પ્રિય છે.

समः शत्रौ च मित्रे च तथा मानापमानयोः ।
शीतोष्णसुखदु:खेषु समः सङ्गविवर्जितः ।।
तुल्यनिन्दास्तुतिर्मौनी संतुष्टो येनकेनचित् ।
अनिकेतः स्थिरमतिर्भक्तिमान्मे प्रियो नरः ।।

જેને નિંદા અને સ્તુતિ સમાન છે, જે મનનશીલ છે, જેમતેમ કરીને શરીરનો નિર્વાહ કરીને જે સંતોષ માને છે, જેને પોતાના ઘર જેવું કાંઈ નથી, એવો સ્થિર બુદ્ધિવાળો મારો ભક્ત મને પ્રિય છે.

Gandhi Heritage Portal

"વંદે ચક્રી તથાપિ ન માને માન જો" એમ રાયચંદભાઈ કહી ગયા છે.

ये तु धर्म्यामृतमिदं यथोक्तं पर्युपासते ।
श्रद्दधाना मत्परमा भक्तास्तेऽतीव मे प्रियाः ।।

આ ધર્મમય અમૃતનું નિષ્કામ ભાવે જે સેવન કરે છે, તેવો મારામાં પરાયણ થયેલો, અને મારામાં શ્રદ્ધા રાખનારો, મારો ભક્ત મને અતિશય પ્રિય છે.

બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર તરીકે આપણાં કામ તો પડેલાં છે જ. તે કામો આશારહિત અને નિઃસ્પૃહભાવે કરનાર ઈશ્વરનો ભક્ત છે. બીજા અધ્યાયમાં સ્થિતપ્રજ્ઞના શ્લોકો છે. તેમાં કોઈ અવધૂત યોગીની દશા વર્ણવી છે. આ બારમા અધ્યાયમાં ભક્તની દશા આપણી સામાન્ય ભાષામાં વર્ણવવામાં આવી છે.

## ૧૬૦

### અધ્યાય તેરમો

ગુરુવાર, તા. ૧૬-૯-૨૬

આ ૧૩મા અધ્યાયથી નવી જ વસ્તુની શરૂઆત થાય છે. એમાં શરીર અને શરીરના સ્વરૂપ વિશે વિચાર કરેલો છે.

इदं शरीरं कौन्तेय क्षेत्रमित्यभिधीयते ।
एतद्यो वेत्ति तं प्राहुः क्षेत्रज्ञ इति तद्विदः ।।

હે અર્જુન, આ શરીરને ક્ષેત્ર કહે છે. એને જે જાણે છે તે વિદ્વાન ક્ષેત્રજ્ઞ છે.

આ શરીરમાં પાંડવો અને કૌરવો એટલે દૈવી અને આસુરી વિચારો લડતા હતા. આ લડતને ઈશ્વર દૂર ઊભો ઊભો જોઈ રહ્યો છે. તમે રખે માનતા કે હસ્તિનાપુરના નાનકડા ક્ષેત્ર ઉપર ચાલી રહેલા યુદ્ધની આ વાત છે; આ યુદ્ધ તો હજી પણ ચાલી રહેલું છે. ધર્મક્ષેત્રનો અર્થ સમજવા માટે આ જ શ્લોકનો ઉપયોગ કરવો જોઈએ.

क्षेत्रज्ञं चापि मां विद्धि सर्वक्षेत्रेषु भारत ।
क्षेत्रक्षेत्रज्ञयोर्ज्ञानं यत्तज्ज्ञानं मतं मम ।।

સર્વે ક્ષેત્રોની અંદર રહેલો, બધાં ક્ષેત્રોનો સાક્ષી ક્ષેત્રજ્ઞ તે હું છું. ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ એ બન્નેનું પૃથક્કરણ કરીને જે જાણે છે, તે બધું જાણે છે.

આ બેમાંથી કોની સેવા કરવી, કોને શરણે જવું, એના વિચારમાં ને વિચારમાં આ દેહ પૂરો થઈ જાય તો આ દેહનું કાંઈ સાર્થક્ય થયું કહેવાય.

## ૧૬૧

શુક્રવાર, તા. ૧૭-૯-૨૬

तत्क्षेत्रं यच्च यादृक्च यद्विकारि यतश्च यत् ।
स च यो यत्प्रभावश्च तत्समासेन मे शृणु ।।

આ ક્ષેત્ર શું છે? કેવું છે? તેમાં શા વિકારો થાય છે? તથા ક્ષેત્રજ્ઞ શું છે? અને તેની શી શક્તિઓ છે? તે ટૂંકામાં સાંભળ.

ऋषिभिर्बहुधा गीतं छन्दोभिर्विविधैः पृथक् ।
ब्रह्मसूत्रपदैश्चैव हेतुमद्भिर्विनिश्चितैः ।।

Gandhi Heritage Portal

આ વસ્તુને ઋષિઓએ બહુ પ્રકારે વર્ણવેલું છે, અનેક પ્રકારના છંદોથી એનું પૃથક્કરણ કરેલું છે, અને બ્રહ્મસૂત્રના[1] હેતુવાળાં પદો વડે — જેમાં ખૂબ કાર્યકારણશ્રેણી ભરેલી છે, જેની અંદર એક એક શબ્દ તોળીને મૂકેલો છે, જેમાં એક માત્રાનો પણ ફેર ન હોય એવી રીતે એનું વર્ણન થયેલું છે.

महाभूतान्यहंकारो बुद्धिरव्यक्तमेव च ।
इन्द्रियाणि दशैकं च पञ्च चेन्द्रियगोचराः ।
इच्छा द्वेषः सुखं दुःखं संघातश्चेतना धृतिः ।
एतत्क्षेत्रं समासेन सविकारमुदाहृतम् ।।

પાંચ મહાભૂતો, અહંકાર જે વડે એ ભૂતો ટકી શકે, બુદ્ધિ, અવ્યક્ત (પ્રકૃતિ), દશ ઈન્દ્રિય, મન અને પાંચ ઈન્દ્રિયોના વિષયો, તથા ઈચ્છા, દ્વેષ, સુખ, દુઃખ, સંઘાત, ચેતનશક્તિ, ધૃતિ આ તેના વિકારો સહિત ક્ષેત્ર ટૂંકામાં કહ્યું.

સંઘાત એટલે શરીરનાં તત્ત્વોની એકબીજાની સાથે સહકાર કરવાની શક્તિ. ધૃતિ એટલે ધૈર્યરૂપી સૂક્ષ્મ ગુણ નહીં, પણ આ શરીરના પરમાણુનો એકબીજાને વળગી રહેવાનો ગુણ. આ ગુણ અહંભાવને લીધે જ સંભવે છે, આ અહંતા અવ્યક્ત પ્રકૃતિમાં રહેલી છે.

अमानित्वमदम्भित्वमहिंसा क्षान्तिरार्जवम् ।
आचार्योपासनं शौचं स्थैर्यमात्मविनिग्रहः ।
इन्द्रियार्थेषु वैराग्यमनहंकार एव च ।
जन्ममृत्युजराव्याधिदुःखदोषानुदर्शनम् ।।
असक्तिरनभिष्वङ्गः पुत्रदारगृहादिषु ।
नित्यं च समचित्तत्वमिष्टानिष्टोपपत्तिषु ।।
मयि चानन्ययोगेन भक्तिरव्यभिचारिणी ।
विविक्तदेशसेवित्वमरतिर्जनसंसदि ।।
अध्यात्मज्ञाननित्यत्वं तत्त्वज्ञानार्थदर्शनम् ।
एतज्ज्ञानमिति प्रोक्तमज्ञानं यदतोऽन्यथा ।।

અમાનિત્વ, અદંભિત્વ, અહિંસા, ક્ષમા, સરળતા, ગુરુની સેવા, શૌચ, સ્થિરતા, આત્મસંયમ, ઈન્દ્રિયોના વિષયોને વિશે વૈરાગ્ય, અહંકારરહિતતા, જન્મ, મરણ, જરા, વ્યાધિ, દુઃખ વગેરે દોષોનું નિરંતર ભાન; પુત્ર, સ્ત્રી, ઘર, વગેરેમાં મોહ અને મમતાનો અભાવ, પ્રિય તેમ જ અપ્રિયને વિશે નિત્ય સમભાવ, મારે વિશે અનન્ય, જ્ઞાનપૂર્વક એકનિષ્ઠ ભક્તિ, એકાંત સ્થળનું સેવન, જનસમૂહમાં ભળવાનો અણગમો, આધ્યાત્મિક જ્ઞાનની નિત્યતાનું ભાન, આત્મદર્શન આ બધું તે જ્ઞાન કહેવાય. તેથી ઊલટું તે અજ્ઞાન.

શૌચ એટલે બાહ્ય અને આંતરશુદ્ધિ. રામનામ લેવાથી એ શુદ્ધિ થાય. રામનામની સાવરણી ચોવીસે કલાક હૃદયને સાફ કર્યા કરતી હોય તો જ શૌચ બરાબર જળવાય. સવારના પહોરમાં આપણી આંખમાંથી આંસુની ધારા ચાલે કે આજે આપણે રામનામ કેમ ભૂલી ગયા? અને આપણને જ કેમ ખરાબ સ્વપ્નું આવ્યું?

૧. બાદરાયણે રચેલાં વેદાંત ઉપરનાં સૂત્રો.



Gandhi Heritage Portal

ઇન્દ્રિયોના વિષયોને વિશે વૈરાગ્ય, એટલે આ મને ન ખપે, આ મારાથી ન લેવાય, એ ભાવના.

જન્મ, મરણ, જરા, વ્યાધિ, દુઃખ, આ દોષોનું દર્શન પણ આમાં આવી જાય છે. પાપોઽહમ્‌થી તે શરૂઆત કરે છે. અનેક પ્રકારની વ્યાધિઓ આપણને શા સારુ થાય છે? ઇષ્ટ અને અનિષ્ટ જે કાંઈ આવી પડયું હોય તે વિશે સમભાવ કેળવવો જ જોઈએ. એકાંતસેવન એટલે શું? ગુફામાં એકલા જઈને બેસવું તે? હજારો માણસોની વચ્ચે પણ એકાંત જળવાય, ત્યારે ખરું. એક જ વિચારનું ચિંતન કરતાં બેસી જવું તે એકાંતસેવન.

## ૧૬૨

શનિવાર, તા. ૧૮–૯–૨૬

ज्ञेयं यत्तत्प्रवक्ष्यामि यज्ज्ञात्वामृतमश्नुते ।
अनादिमत्परं ब्रह्म न सत्तन्नासदुच्यते ।।

હવે જ્ઞેય શું તે તને કહીશ. જે જાણીને માણસ અમૃતત્વ — અમર પદને પામે છે તે જ્ઞેય છે. તે અનાદિ અને પરમબ્રહ્મ છે, તે નથી સત્‌ કે નથી અસત્‌ કહેવાતું.

આ શા સારુ કહ્યું છે? જ્યારે બ્રહ્મ જ સચ્ચિદાનંદ છે, અને બ્રહ્મ સત્ય છે એમ કહ્યું છે. અસત્‌થી ઊલટું જે સત્‌ છે તે બ્રહ્મ નથી. એ વાત કહેવાની છે. સત્‌ શબ્દ જ્યારે બ્રહ્મને વિશે લગાડીએ છીએ ત્યારે તેનો અર્થ દ્વંદ્વાતીત છે, સત્‌ અને અસત્‌ની જોડીમાંથી એકે તે નથી. તે નાન્યતર જાતિ છે. ઈશ્વરને નઠારો ન કહી શકાય, તેમ સારો પણ ન કહી શકાય. એ તો એ બન્નેથી પર છે. એ વસ્તુ ત્રિકાલાબાધ્ય છે.

सर्वतःपाणिपादं तत्सर्वतोऽक्षिशिरोमुखम् ।
सर्वतःश्रुतिमल्लोके सर्वमावृत्य तिष्ठति ।।

દરેક ઠેકાણે તે હાથ અને પગવાળો છે. બધી બાજુએ જ આંખ, માથું અને મુખવાળો છે. બધી બાજુએ કાનવાળો છે. આ સંસારમાં સર્વને વ્યાપીને તે રહેલો છે.

सर्वेन्द्रियगुणाभासं सर्वेन्द्रियविवर्जितम् ।
असक्तं सर्वभृच्चैव निर्गुणं गुणभोक्तृ च ।।

સર્વે ઇન્દ્રિયોના ગુણોના આભાસવાળો તે છે. તોપણ તેનું સ્વરૂપ ઇન્દ્રિયો વિનાનું છે. તે આસક્તિરહિત છે અને નિર્ગુણ હોવા છતાં સર્વનું ધારણપોષણ કરનાર તથા ગુણોનો ભોક્તા છે.

बहिरन्तश्च भूतानामचरं चरमेव च ।
सूक्ष्मत्वात्तदविज्ञेयं दूरस्थं चान्तिके च तत् ।।

સર્વ ભૂતોની તે બહાર છે અને અંદર છે. તે ચર અને અચર છે. સૂક્ષ્મ હોવાને લીધે તે અવિજ્ઞેય એટલે જાણી ન શકાય એવો છે. તે દૂર છે અને નજીક પણ છે.

अविभक्तं च भूतेषु विभक्तमिव च स्थितम् ।
भूतभर्तृ च तज्ज्ञेयं ग्रसिष्णु प्रभविष्णु च ।।

એના ભાગલા પાડી શકાય એમ નથી. છતાં જીવોમાં એ વિભક્તની માફક રહેલો છે. તે જાણવા યોગ્ય છે. ભૂતોનો ભર્તા છે. તે સંહાર કરનારો અને સર્વને ઉત્પન્ન કરનારો પણ છે.

Gandhi Heritage Portal

## ૧૬૩

મંગળવાર, તા. ૨૧–૯–૨૬

ઈશ્વરને વિશે બધા વિરોધી ગુણો કલ્પેલા છે, કારણ આપણે પોતે દ્વંદ્વમાંથી છૂટી નથી શકતા.

ज्योतिषामपि तज्ज्योतिस्तमसः परमुच्यते ।
ज्ञानं ज्ञेयं ज्ञानगम्यं हृदि सर्वस्य विष्ठितम् ।।

એ જ્યોતિઓનો પણ જ્યોતિ છે. અંધકારથી પર છે, એટલે કે સ્વતંત્રાએ પ્રકાશમય છે. જ્ઞાન પણ એ જ, અને જ્ઞાનથી જાણી શકાય એ પણ એ જ છે. એ બધાનાં હૃદયોને વિશે રહેલો છે.

इति क्षेत्रं तथा ज्ञानं ज्ञेयं चोक्तं समासतः ।
मद्भक्त एतद्विज्ञाय मद्भावायोपपद्यते ।।

આમ ક્ષેત્ર, જ્ઞાન અને જ્ઞેયને વિશે મેં ટૂંકામાં કહ્યું. એ જાણીને મારો ભક્ત મારા જ ભાવને પામે છે.

प्रकृतिं पुरुषं चैव विद्धयनादी उभावपि ।
विकारांश्च गुणांश्चैव विद्धि प्रकृतिसंभवान् ।।

પ્રકૃતિ અને પુરુષ એ બે વસ્તુની જોડી અનાદિ છે. વિકારો અને ગુણો પ્રકૃતિમાંથી ઉત્પન્ન થાય છે.

कार्यकारणकर्तृत्वे हेतुः प्रकृतिरुच्यते ।
पुरुषः सुखदुःखानां भोक्तृत्वे हेतुरुच्यते ।।

કાર્ય (વિકારોને વશ થઈને જે કંઈ માણસ કરે છે તે), તથા કારણ (વિકારો), એના કર્તાપણામાં હેતુ પ્રકૃતિ છે. પુરુષ સુખદુઃખના ભોક્તાપણામાં હેતુ છે.

ઈશ્વરના બે ભાગ પાડયા. એક સ્વરૂપને પ્રકૃતિ તરીકે ઓળખ, અને એકને પુરુષ તરીકે ઓળખ. જગતમાં આખો વખત પરિવર્તન થયા કરે છે, એટલે તે માયા છે. પુરુષ ક્ષણજીવી નથી, કારણ સાક્ષી છે.

पुरुषः प्रकृतिस्थो हि भुङ्क्ते प्रकृतिजान्गुणान् ।
कारणं गुणसङ्गोऽस्य सदसद्योनिजन्मसु ।।

પ્રકૃતિમાં જ રહેલો પુરુષ પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલા ગુણો ભોગવે છે. એ ગુણોનો સંગ જીવાત્માને સારી અને નરસી યોનિમાં જન્મવાનું કારણ બને છે.

## ૧૬૪

બુધવાર, તા. ૨૨–૯–૨૬

ઈશ્વરને રાજા માની લઈએ અને આપણે બધા તેના ગુલામ બની જઈએ, એટલે દેહના ઉપરનું અધિકારીપણું છોડી દઈએ તો બસ થયું.

उपद्रष्टानुमन्ता च भर्ता भोक्ता महेश्वरः ।
परमात्मेति चाप्युक्तो देहेऽस्मिन्पुरुषः परः ।।

Gandhi Heritage Portal

આ દેહમાં રહેલો પુરુષ પર છે. પર એટલે માયાથી અતીત. પણ તે સાક્ષી છે અને અનુમતિ આપનાર છે. સર્વને ધારણ કરનાર ભર્તા છે અને ભોક્તા એ છે. વળી તે મહેશ્વર છે અને પરમાત્મા છે એમ કહેવાયું છે.

અગ્નિમાં બાળવાની શક્તિ રહેલી છે, પણ ઈશ્વરની અનુમતિ ન હોય તો અગ્નિ બાળી ન શકે.

य एवं वेत्ति पुरुषं प्रकृतिं च गुणैः सह ।
सर्वथा वर्तमानोऽपि न स भूयोऽभिजायते ।।

જે માણસ પુરુષ અને પ્રકૃતિને આ પ્રમાણે તેના ગુણોની સાથે જાણે છે તે માણસ સર્વ રીતે વર્તતો છતો પણ ફરી જન્મતો નથી.

જે માણસ દાવો કરે કે હું તો ઈશ્વરનો ભક્ત છું, હું જે પાપ કરું છું તે ઈશ્વર કરે છે, તો એ માણસનો દાવો ખોટો છે. પણ જો જગત એને માટે કહે કે આ તો ઈશ્વરનો માણસ છે, એનું બધું કામ ઈશ્વર કરે છે, તો એ બરાબર ગણાય. કોઈ પૂછે કે તમને જ્ઞાન થયું છે? તો કહીએ કે ઈશ્વર જાણે, હું ન જાણું. બુદ્ધિમાં જરાક ઘોડાપૂર આવી જાય અને બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય. પણ જે માણસ જ્ઞાનમય થઈ ગયો છે, તેને ગાંડા બનવાપણું છે જ નહીં. રામ, કૃષ્ણ ભગવાન થઈ ગયા, એ બધી આપણી કલ્પના છે. રામ રાજાએ પાખંડ ફેલાવ્યું હોય તો આપણને શી ખબર છે? કૃષ્ણ દુષ્ટમાં દુષ્ટ માણસ હોય તો શી ખબર? પણ આપણને એ બધી કલ્પના કરવાનો અધિકાર નથી. જેને ભજીએ તેને પૂર્ણ પુરુષોત્તમ માનીને ભજીએ, એ ઉત્તમ વાત છે. આપણે એમ માનીએ કે હિંદુસ્તાનનું જગત ઈશ્વરને માને છે, તો આપણે તેને ઈશ્વરરૂપે ભજીએ.

આ શ્લોક સ્વેચ્છાચારનું સમર્થન કરનારો નથી, પણ ભક્તિનો મહિમા સૂચવનારો છે. કર્મ માત્ર જીવને બંધનકારક છે. પણ જો તે બધાં કર્મો પરમાત્માને અર્પણ કરે તો તે બંધનમુક્ત થાય છે. આમ જેનામાંથી કર્તાપણારૂપી અહંભાવ નાશ પામ્યો છે અને જે અંતર્યામીને ચોવીસે કલાક ઓળખી રહ્યો છે, તે પાપકર્મ નહીં જ કરે. પાપનું મૂળ જ અભિમાન છે. 'હું' નથી ત્યાં પાપ નથી. આ શ્લોક પાપકર્મ ન કરવાની યુક્તિ બતાવે છે.

ध्यानेनात्मनि पश्यन्ति केचिदात्मानमात्मना ।
अन्ये सांख्येन योगेन कर्मयोगेन चापरे ।।

કેટલાક માણસો ધ્યાન વડે પોતામાં ઈશ્વરને જુએ છે. કેટલાક આત્માને આત્મા વડે ઓળખે છે. કેટલાક સાંખ્યયોગથી, કર્મયોગથી અથવા જ્ઞાનયોગથી ઈશ્વરને ઓળખે છે.

## ૧૬૫

ગુરુવાર, તા. ૨૩–૯–૨૬

अन्ये त्वेवमजानन्तः श्रुत्वान्येभ्य उपासते ।
तेऽपि चातितरन्त्येव मृत्युं श्रुतिपरायणाः ।।

બીજા આ વસ્તુ ન જાણતાં બીજા પાસેથી સાંભળીને તેની ઉપાસના કરે છે. તેઓ શ્રુતિપરાયણ હોઈને મૃત્યુને ઓળંગે છે.

Gandhi Heritage Portal

આપણે ઈશ્વરાર્પણ કરીને કામ કરીશું તો તરી જઈશું, એવું સાંભળીને તે પ્રમાણે આચરણ કરીએ તો પછી પોતાના વિશે કહી શકીએ કે सर्वथा वर्तमानोऽपि न स भूयोऽभिजायते સર્વ પ્રકારથી વર્તતો છતો પણ તે ફરી જન્મ પામતો નથી.

यावत्संजायते किंचित्सत्त्वं स्थावरजङ्गमम् ।
क्षेत्रक्षेत्रज्ञसंयोगात्तद्विद्धि भरतर्षभ ।।

જે કંઈ પણ સ્થાવર અથવા જંગમ વસ્તુ ઉત્પન્ન થાય છે તે ક્ષેત્ર (પ્રકૃતિ) અને ક્ષેત્રજ્ઞના (પુરુષના) સંયોગથી થાય છે, એમ તું જાણ.

વસ્તુમાત્રનું પૃથક્કરણ કરીને જોઈએ—માણસ, રેતી, પાણી તો બધા જવાબ નોખા નોખા આવશે. પણ એમ ન શોધતાં તમે મૂળ શોધશો એટલે નામ અને રૂપનો ખ્યાલ ભૂલી જશો. એવાં પ્રલોભન મૂકી દે કે તેની અંદર પોતાની મેળે તણાયાં કરીએ, તે રાવણ પેલા સાક્ષાત્ નાશ કરનારા કરતાં વધારે ખરાબ.

समं सर्वेषु भूतेषु तिष्ठन्तं परमेश्वरम् ।
विनश्यत्स्वविनश्यन्तं यः पश्यति स पश्यति ।।

બધાં ભૂતોને વિશે સમદર્શી થઈને એ રહેલો છે. બધા નાશવંતમાં અવિનાશીને જે જુએ છે તે જ જુએ છે.

પ્રતિક્ષણ નાશ કરે છે, છતાં તેની અંદર એક અવિનાશી તત્ત્વ રહેલું છે, જેને બધાં ચક્કરનો સ્પર્શ નથી થતો. એને જે જુએ છે તે જ જુએ છે.

समं पश्यन्हि सर्वत्र समवस्थितमीश्वरम् ।
न हिनस्त्यात्मनात्मानं ततो याति परां गतिम् ।।

આમ બધે ઠેકાણે એ જ સ્થિતિની અંદર રહેલા ઈશ્વરને જોવાથી તે પોતા વડે પોતાનો નાશ નથી કરતો,—પોતાના દેહના નાશની સાથે પોતે નાશ નથી પામતો, એમ તે માને છે—અને તેથી કરીને તે પરમ ગતિને પામે છે.

प्रकृत्यैव च कर्माणि क्रियमाणानि सर्वशः ।
यः पश्यति तथात्मानमकर्तारं स पश्यति ।।

બધી રીતે પ્રકૃતિથી જ બધાં કર્મો થાય છે, એમ જે જુએ છે, અને આત્માને અકર્તારૂપે જુએ છે—બધું ઈશ્વરની માયાથી થાય છે છતાં તેમાં ભળેલો પરમ પુરુષ અકર્તા છે—એમ જે જુએ છે તે જ જુએ છે.

यदा भूतपृथग्भावमेकस्थमनुपश्यति ।
तत एव च विस्तारं ब्रह्म संपद्यते तदा ।।

નાના પ્રકારનાં ભૂતો નોખાં હોવા છતાં એકમાં જ રહેલાં જે જુએ છે અને તેમાંથી બધો વિસ્તાર થયેલો સમજે છે, ત્યારે તે બ્રહ્મને પામે છે.

## ૧૬૬

શુક્રવાર, તા. ૨૪–૯–૨૬

ગીતા એ માર્ગદર્શક ગ્રંથ છે. અને આપણા બધા વ્યવહારનો આધાર એમાંથી મળી રહેવો જોઈએ. દાક્તર ત્રિભુવનદાસનું પુસ્તક[1] બધા જ ન સમજી શકે, પણ વૈદદાક્તર વધારે સમજી શકે. આપણી એવી સ્થિતિ છે.

૧. માને શિખામણ; જુઓ આત્મકથા ભા. ૩, પ્ર. ૬.

Gandhi Heritage Portal

अनादित्वान्निर्गुणत्वात्परमात्मायमव्ययः ।
शरीरस्थोऽपि कौन्तेय न करोति न लिप्यते ।।

અનાદિ અને નિર્ગુણ હોવાને લીધે આ પરમાત્મા અવ્યય છે. શરીરસ્થ હોવા છતાં તે કશું કરતો નથી અને કશાથી લેપાતો નથી.

यथा सर्वगतं सौक्ष्म्यादाकाशं नोपलिप्यते ।
सर्वत्रावस्थितो देहे तथात्मा नोपलिप्यते ।।

જેમ સૂક્ષ્મ હોવાથી આકાશ બધી વસ્તુમાં અને બધે ઠેકાણે હોવા છતાં લેપાતું નથી, તેમ આ દેહમાં અને બધે રહેલો આત્મા લેપાતો નથી.

यथा प्रकाशयत्येकः कृत्स्नं लोकमिमं रविः ।
क्षेत्रं क्षेत्री तथा कृत्स्नं प्रकाशयति भारत ।।

જેમ એક સૂર્ય આ બધા લોકને પ્રકાશ આપે છે તેમ ક્ષેત્રી આખા ક્ષેત્રને પ્રકાશ આપે છે.

क्षेत्रक्षेत्रज्ञयोरेवमन्तरं ज्ञानचक्षुषा ।
भूतप्रकृतिमोक्षं च ये विदुर्यान्ति ते परम् ।।

જે માણસ પોતાનાં જ્ઞાનચક્ષુથી ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ વચ્ચેનો ભેદ જાણે છે, અને પ્રકૃતિ અને માયાના બંધનથી પ્રાણીઓની મુક્તિ કેમ થાય છે તે જાણે છે તે માણસ મોક્ષ જાણે છે.

## ૧૬૭

શનિવાર, તા. ૨૫–૯–૨૬

૧૩મા અધ્યાયમાં ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞના સ્વરૂપનું અને એ સ્વરૂપ જાણવું હોય તો કયાં સાધનો અને જ્ઞાનનાં જુદાં જુદાં અંગો છે તે કહી દીધું. જ્ઞાનનું પહેલું લક્ષણ તો અમાનિત્વ આપ્યું છે. એટલે ગમે તેટલું જ્ઞાન છતાં જો અભિમાન હોય તો ગીતાજીનું જાણવું વ્યર્થ થયું. જ્યાં માન છે ત્યાં જ્ઞાન નથી. જ્ઞાની માણસ હમેશાં અમાની હોય, અદંભી હોય, સરળતાવાળો હોય, ગુરુની ઉપાસના કરવાવાળો હોય, પવિત્ર હોય તથા સ્થિરતાવાળો, આત્મનિગ્રહવાળો અને અહંકાર વિનાનો હોય, જરા અને વ્યાધિમાં તે દુ:ખ ન માને, પુત્ર, દારા અને ગૃહને વિશે અનાસક્ત હોય, જે મારે વિશે અવ્યભિચારી ભક્તિવાળો હોય, એકાંતવાસી હોય, અધ્યાત્મ-જ્ઞાનમાં રસ લેનારો હોય, અને તત્ત્વજ્ઞાનમાં લગનીવાળો હોય.

## ૧૬૮

### અધ્યાય ચૌદમો

રવિવાર, તા. ૨૬–૯–૨૬

ગીતાજીના અભ્યાસ માટે એટલે નિત્ય પાલન માટે આપણે અહીં બધાં ભેગાં મળીએ છીએ. પેટમાં આંકડી આવે ત્યારે ઘરવૈદું જોઈ તેમાં બતાવેલી દવા કરીએ છીએ. તેમ ગીતાજી આપણું ઘરવૈદું છે. આધ્યાત્મિક રોગની દવા તેમાંથી મળે છે. ગીતાજીને આપણે આપણી કામધેનુ બનાવવા માગતા હોઈએ તો તેમાંથી જ જેટલું ખેંચાય તેટલું ખેંચવું. એના સમર્થન માટે દુનિયાનાં બધાં પુસ્તક લઈએ, પણ સંતોષ એથી જ માનીએ. એ માટે એની અનન્ય ભક્તિ જોઈએ. આપણામાં સ્વાભાવિક રીતે એ શક્તિ આવી જવી જોઈએ.

Gandhi Heritage Portal

એક ગામના તળાવમાંથી લોકો છૂપી રીતે માછલાં મારતા હતા. ગામની કમિટીએ ઠરાવ્યું કે આમે માછલાં તો મરે છે અને લોકો છૂપી રીતે મારીને બીક રાખે છે, તો આપણે એવું કરીએ કે માછલાં મારવાનો પરવાનો મેળવવો અને આકરા દામ લઈ મારવાનો પરવાનો આપવો. બીજા કેટલાક માણસોએ વિચાર્યું કે માછલાં મારવાનો પરવાનો કઢાવવો અને તેમાંથી પૈસા ઉપજાવવા એ અધર્મ છે. આમ બે પક્ષો વચ્ચે ઝઘડો ઉત્પન્ન થયો. આ ઝઘડાનો નિકાલ લાવવાનું તેઓએ મને સોંપ્યું. તેમને જવાબ આપતાં હું ગભરાયો, કારણ આપણે આપણું ધર્મજ્ઞાન કે શ્રદ્ધા બીજાને ભાડે નથી આપ્યાં. બીજાની ધર્મબુદ્ધિ ઉપર ચાલીએ તો બીજો મરે એટલે આપણે રખડી પડીએ. પેલા લોકોએ મને પૂછવાને બદલે ગીતાને કે વેદને કે કુરાનને પૂછવાનો વિચાર રાખ્યો હોત તો સારું થાત. આ પુસ્તકને આપણે આધ્યાત્મિક રોગના ઉપાય તરીકે જોઈએ. પણ પાછળથી મને જવાબ આવ્યો કે માણસને તો પુસ્તકમાંથી ગમે તે વસ્તુનું સમર્થન મળે. પણ 'કામધુક્'નો સાચો અર્થ એ છે કે તેમાંથી શુભેચ્છા જ ફળે. ગીતા જો ગમે તે ઈચ્છા પૂર્ણ કરનાર બને, તો તે કામધુક્ નહીં, પણ પૂતના માસી બને. શાસ્ત્રકારે કહ્યું કે શૂદ્ર વેદાદિ ન વાંચી શકે, એ એ કારણે હશે કે તે કદાચ પોતાની મરજી પ્રમાણે અર્થ કાઢે. જે માણસ સત્ય અને અહિંસાને પૂરેપૂરો વળગીને શાસ્ત્રો પાસે નથી જતો તે માણસ એ પુસ્તકો પાસે નકામો જ જાય છે. બાઈબલ, વેદ, કુરાન બધાંમાંથી ગમે તેટલું પાખંડ કાઢી શકાય એમ છે. એ પુસ્તકોને આધારભૂત કરીને ખૂનનો બચાવ કરનારા પણ જોયા છે. પણ જે અહિંસા અને સત્યને સાધન ગણીને ગીતા વાંચશે, તેને તે માર્ગ બતાવનાર બની જવાની છે. દરેક જણે પોતા માટે પોતે જ એમાંથી નિર્ણય કરવો જોઈએ. મારી કે કિશોરલાલ પાસે આવીને, અમને પૂછીને અમારો અર્થ સ્વીકારવાથી ગીતા કામધુક્ નથી થતી. બીજાની શ્રદ્ધા ઉછીની લેવા કરતાં પોતે શ્રદ્ધાયુક્ત થઈને પોતાના નિર્ણયો કરવા જોઈએ. જ્યાં દાનત સાફ છે, દંભ કે ડોળ નથી, ત્યાં નિર્ણય કરવામાં ભૂલ થતી હશે તોપણ માફ થવાની છે. એવો માણસ સાવધાન થતાં સાચે ચીલે આવી જાય છે.

परं भूयः प्रवक्ष्यामि ज्ञानानां ज्ञानमुत्तमम् ।
यज्ज्ञात्वा मुनयः सर्वे परां सिद्धिमितो गताः ।।

જે ઉત્તમ જ્ઞાન જાણીને સર્વે મુનિઓ પરમ સિદ્ધિને — મુક્તિને પામ્યા, તે જ્ઞાન હું તને ફરી કહીશ.

इदं ज्ञानमुपाश्रित्य मम साधर्म्यमागताः ।
सर्गेऽपि नोपजायन्ते प्रलये न व्यथन्ति च ।।

આ જ્ઞાનનો આશ્રય લઈને, જેઓ મારે વિશે તન્મય થયા છે, તેમને ઉત્પત્તિની ક્રિયાકાળે જન્મવાપણું નથી રહેતું, અને પ્રલયકાળે નાશ પામવાપણું નથી રહેતું.

## ૧૬૯

મંગળવાર, તા. ૨૮–૯–૨૬

मम योनिर्महद् ब्रह्म तस्मिन्गर्भं दधाम्यहम् ।
संभवः सर्वभूतानां ततो भवति भारत ।।

હે અર્જુન, મહદ્બ્રહ્મ એટલે પ્રકૃતિ તે મારી યોનિ છે. તેની અંદર હું બીજ મૂકું છું. બધા જીવોની ઉત્પત્તિ તેમાંથી થાય છે.

Gandhi Heritage Portal

બાઈબલની અંદર લગભગ પહેલું વાક્ય છે કે ઈશ્વરે કહ્યું કે અજવાળું થાઓ, અને અજવાળું થયું; જગત થાઓ અને જગત થયું. કુંભારને ચાક ઉપર માટી ચડાવવી પડે અને તેને નિભાડામાં પકવવી પડે છે, તેમ ભગવાનને નથી કરવું પડતું. ભગવાન તો બાજીગર છે, તેની કલ્પનામાત્ર – પ્રકૃતિ, લક્ષ્મી, જગદંબા – એની અંદર ભગવાન ગર્ભ મૂકે છે એટલે જગત પેદા થાય છે.

सर्वयोनिषु कौन्तेय मूर्तयः संभवन्ति याः ।
तासां ब्रह्म महद्योनिरहं बीजप्रदः पिता ।।

બધી યોનિઓને વિશે જે જે શરીરો પેદા થાય છે, તે સર્વની મહદ્યોનિ હું છું. બીજ દેનારો પણ હું છું.

सत्त्वं रजस्तम इति गुणाः प्रकृतिसंभवाः ।
निबध्नन्ति महाबाहो देहे देहिनमव्ययम् ।।

એ પ્રકૃતિમાંથી સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ ગુણો ઉત્પન્ન થાય છે. તે દેહમાં રહેલા અવ્યક્ત દેહીને બાંધી રાખે છે.

तत्र सत्त्वं निर्मलत्वात्प्रकाशकमनामयम् ।
सुखसङ्गेन बध्नाति ज्ञानसङ्गेन चानघ ।।

ત્યાં સત્ત્વ ગુણ નિર્મલત્વથી પ્રકાશમય અને અનામય છે. તે પણ બાંધે છે તો ખરો, પણ જ્ઞાન અને સુખ વડે આપણને તે બાંધે છે.

જે માણસ સાત્ત્વિક આહાર, વિહાર અને વિચારવાળો છે તે નીરોગી છે. એકલો આહાર સાત્ત્વિક રાખે છે, પણ વર્તન અને વિચાર સાત્ત્વિક ન હોય તો તે રોગી ગણાય.

रजो रागात्मकं विद्धि तृष्णासङ्गसमुद्भवम् ।
अभिबध्नाति कौन्तेय कर्मसङ्गेन देहिनम् ।।

રજસ્ એ રાગાત્મક છે. રાગમાંથી તેની ઉત્પત્તિ છે, અથવા રાગને તે ઉત્પન્ન કરવાવાળો છે એમ તું જાણ. એ તૃષ્ણાના સંગને પેદા કરનારો છે. એ દેહીને એટલે (જીવાત્માને) કર્મ-સંગથી બાંધે છે.

तमस्त्वज्ञानजं विद्धि मोहनं सर्वदेहिनाम् ।
प्रमादालस्यनिद्राभिस्तन्निबध्नाति भारत ।।

તમસ્ એ અજ્ઞાનમાંથી ઉત્પન્ન થાય છે. દેહધારી માત્રને તે મોહમાં નાખે છે અને પ્રમાદ, આળસ તથા નિદ્રા વડે દેહીને તે બાંધે છે.

અનેક જાતની ન કરવાની ઈચ્છા થાય એ પ્રમાદ. આળસ એ પ્રમાદનું ખરાબ સ્વરૂપ છે. તેથી આગળ નિદ્રા અઘોરીનું સ્વરૂપ છે. જાગ્રત દશામાં અઢેલવાપણું કે આળસ મરડવાપણું સમાધિસ્થને નથી. એદી તો આગ લાગે ત્યાંથીયે ન હઠે. એની નિદ્રાની તમસ્‌માં વાત કરી છે.

## ૧૭૦

બુધવાર, તા. ૨૯–૯–૨૬

सत्त्वं सुखे संजयति रजः कर्मणि भारत ।
ज्ञानमावृत्य तु तमः प्रमादे संजयत्युत ।।

Gandhi Heritage Portal

સત્ત્વનું પરિણામ સુખની અંદર આવે અને રજસ્ ગુણનું કર્મની અંદર આવશે. (આ કર્મ તે ગીતાજીમાં વ્યાખ્યા કરેલું કર્મ નહીં, પણ પ્રવૃત્તિ, પ્રવૃત્તિ અને પ્રવૃત્તિ જ કરનારનું કર્મ.) અને જ્ઞાનને ઢાંકી દઈને તમસ્‌નું પરિણામ પ્રમાદમાં આવે છે.

रजस्तमश्चाभिभूय सत्त्वं भवति भारत ।
रजः सत्त्वं तमश्चैव तमः सत्त्वं रजस्तथा ।।

રજસ્ અને તમસ્‌ને દૂર કરે તો માણસ સત્ત્વ પેદા કરી શકે. (ત્રણે વસ્તુ આપણામાં રહેલી છે. જેની વૃદ્ધિ કરવી હોય તેને વિશેષે સેવવી.) રજસ્‌ને વધારવું હોય તો પેલાં બેને દબાવવાં અને તમોગુણને વધારવો હોય તો સત્ત્વ અને રજસ્ બન્નેને બંધ કરવાં.

सर्वद्वारेषु देहेऽस्मिन्प्रकाश उपजायते ।
ज्ञानं यदा तदा विद्याद्विवृद्धं सत्त्वमित्युत ।।

આ દેહની અંદર બધાંય દ્વારોમાં જ્યારે પ્રકાશ અને જ્ઞાનનો ઉદ્‌ભવ થાય છે, ત્યારે સત્ત્વ-ગુણની વૃદ્ધિ થઈ છે, એમ સમજવું.

लोभः प्रवृत्तिरारम्भः कर्मणामशमः स्पृहा ।
रजस्येतानि जायन्ते विवृद्धे भरतर्षभ ।।

રજોગુણ જ્યારે વધે ત્યારે લોભ, પ્રવૃત્તિ કર્મોનો આરંભ, અશાંતિ અને સ્પૃહા ઉત્પન્ન થાય છે.

अप्रकाशोऽप्रवृत्तिश्च प्रमादो मोह एव च ।
तमस्येतानि जायन्ते विवृद्धे कुरुनन्दन ।।

તમોગુણ વધે ત્યારે અપ્રકાશ, અપ્રવૃત્તિ, પ્રમાદ અને મોહ ઉત્પન્ન થાય છે.

यदा सत्त्वे प्रवृद्धे तु प्रलयं याति देहभृत्
तदोत्तमविदां लोकानमलान्प्रतिपद्यते ।।

જ્યારે સત્ત્વ પ્રધાનપદ ભોગવતું હોય ત્યારે દેહને ધારણ કરનારો માણસ જો મરણ પામે તો તે ઉત્તમ જ્ઞાનીઓના નિર્મળ લોકને પામે છે.

એટલે કે એની શુભ ગતિ થાય છે. મરણકાળે અનેક દવા લેવાની માગણી થતાં તે ના જ પાડે, અને કહે કે મારે ગંગાજળ બસ છે. એમ કહી શાંતિ રાખીને બેઠા હોય તે સાત્ત્વિક છે.

रजसि प्रलयं गत्वा कर्मसङ्गिषु जायते ।
तथा प्रलीनस्तमसि मूढयोनिषु जायते ।।

રજસ્ પ્રધાનપદ ભોગવતું હોય ત્યારે મરણ પામીને માણસ કર્મીઓના લોકમાં જાય છે. અને તમસ્‌માં પડેલો માણસ મરણ પામે ત્યારે મૂઢ યોનિમાં જન્મે છે.

કર્મીઓના લોક એટલે મનુષ્ય લોક, અને મૂઢ યોનિ એટલે પશુ ઈત્યાદિ લોક.

कर्मणः सुकृतस्याहुः सात्त्विकं निर्मलं फलम् ।
रजसस्तु फलं दुःखमज्ञानं तमसः फलम् ।।

સારાં કરેલાં કર્મોનું ફળ સાત્ત્વિક અને નિર્મળ છે. જે માણસની રાજસી પ્રવૃત્તિ છે તેનું ફળ દુઃખ છે. અને તમસ્‌નું ફળ અજ્ઞાન છે.

सत्त्वात्संजायते ज्ञानं रजसो लोभ एव च ।
प्रमादमोहौ तमसो भवतोऽज्ञानमेव च ।।

Gandhi Heritage Portal

સત્ત્વ ગુણમાંથી જ્ઞાન ઉત્પન્ન થાય છે. રજોગુણમાંથી લોભ અને તમોગુણમાંથી પ્રમાદ, મોહ અને અજ્ઞાન નીપજે છે.

ऊर्ध्वं गच्छन्ति सत्त्वस्था मध्ये तिष्ठन्ति राजसाः ।
जघन्यगुणवृत्तिस्था अधो गच्छन्ति तामसाः ।।

સાત્ત્વિક મનુષ્યોની ઊર્ધ્વ ગતિ થાય છે. રાજસીવાળા મધ્ય સ્થિતિની અંદર રહે છે અને જઘન્ય (અધમ) ગુણમાં જેની વૃત્તિ રહેલી છે તે નીચે જાય છે.

नान्यं गुणेभ्यः कर्तारं यदा द्रष्टानुपश्यति ।
गुणेभ्यश्च परं वेत्ति मद्भावं सोऽधिगच्छति ।।

જ્યારે આ દેહની અંદર નિહાળી રહેલો આત્મા બીજાને નથી જોતો, અને ગુણથી જે પર છે તેવાને જાણે છે, ત્યારે તે મારા ભાવને પામે છે.

गुणानेतानतीत्य त्रीन्देही देहसमुद्भवान् ।
जन्ममृत्युजरादुःखैर्विमुक्तोऽमृतमश्नुते ।।

દેહમાં ઉત્પન્ન થયેલા ગુણોની પાર જઈને જન્મ, મૃત્યુ અને જરાથી મુક્ત થયેલો માણસ મોક્ષને પામે છે.

## ૧૭૧

ગુરુવાર, તા. ૩૦–૯–૨૬

અર્જુન પૂછે છે:

कैर्लिङ्गैस्त्रीन्गुणानेतानतीतो भवति प्रभो ।
किमाचारः कथं चैतांस्त्रीन्गुणानतिवर्तते ।।

હે પ્રભુ, કયાં ચિહ્નોથી આ ગુણોને તરી ગયેલો માણસ ઓળખાય છે? તે કેવા આચારવાળો છે? અને કઈ રીતે આ ત્રણ ગુણોને તે તરી જાય છે?

प्रकाशं च प्रवृत्तिं च मोहमेव च पाण्डव ।
न द्वेष्टि संप्रवृत्तानि न निवृत्तानि काङ्क्षति ।।

ભગવાન કહે છે:

આ માણસ જે ત્રિગુણાતીત છે, તે પ્રકાશ અને ધાંધલ અને મોહ હોવા છતાં—તેની વૃદ્ધિ છતાં—દુ:ખ નથી પામતો, અને એમાંથી કાંઈ હોય અને મંદ પડે એવી ઈચ્છા નથી કરતો.

ભગવદ્ગીતાના કેટલાક કઠણ શ્લોકોમાંનો આ છે. માણસે શું જ્ઞાનની ઈચ્છા ન કરવી? જ્યારે ગાયત્રી મંત્રમાં જ—વેદની સર્વોત્કૃષ્ટ પ્રાર્થનામાં—આપણે તેજસ્વી પુરુષને આપણી બુદ્ધિને સાફ કરવાની, સાત્ત્વિક કરવાની વિનંતી કરીએ છીએ. વળી तमसो मा ज्योतिर्गमय પણ કહીએ છીએ. આવી આકાંક્ષા આપણે રાખીએ છીએ કે તું અમને મોહમાંથી પ્રકાશમાં, તમસ્‌માંથી જ્યોતિમાં લઈ જા. ત્યારે આ વળી શું કહ્યું? આપણે આશ્રમમાં પડેલા એવી ઈચ્છા ન રાખીએ તો પુરુષાર્થમાંથી ભ્રષ્ટ થઈએ. બાળકને સવારના પહોરમાં ઊઠીને એવી પ્રાર્થના કરવાનું જ શીખવવાનું રહ્યું. કૌરવરૂપી ઘોર નિદ્રાના સૈન્યમાંથી અમને બચાવ, એવી આંખમાંથી દડ દડ આંસુ સાથે વિનંતી કરીએ.

ત્યારે ગીતાજી શું કહે છે? નિદ્રા વધે તોયે કાંઈ નહીં અને ઈચ્છાયે ન કરવી? આપણે ક્યાં ઈચ્છા કરીએ છીએ? આપણે તો ત્રણે વસ્તુ એકસરખી છે. જો આવી સ્થિતિ કોઈ

Gandhi Heritage Portal

માણસની થઈ જાય તો તેના બાર વાગ્યા સમજવા. આ શ્લોકને આપણે ક્ષેપક સમજવો જોઈએ અથવા આ ભગવદ્‌ગીતાની ચાવી છે એમ આપણે સમજીએ. જેમ આરંભમાં અર્જુન મારવું ન મારવું એ નથી પૂછતો પણ સ્વજનને મારીને મારે શું કરવું છે, એમ પૂછે છે. એટલે ભગવાન કહે છે કે 'સ્વ' અને 'પર' એ વળી શું છે? તારું કર્તવ્ય નિષ્પક્ષ બુદ્ધિથી મારવાનું કામ કરવાનું છે. તે જ પ્રમાણે અહીં અર્જુને ભગવાનને એમ પૂછ્યું નથી કે આ ત્રણ ગુણો-માંથી સૌથી સારો કયો. અર્જુન તો જાણે છે કે છેવટે ત્રણ ગુણોને તરી જવાનું છે. ગુણવાળાને તો ઓળખી શકાય. આ જગતમાં ત્રણ વર્ગને ઓળખવામાં મુશ્કેલી નથી આવતી. પણ જગતમાં ત્રિગુણાતીત કોઈ હશે કે? આ ત્રિગુણાત્મક માયાથી અતીત થયેલો કોઈ હશે કે? ત્યારે તે સવાલનો ભગવાન આ જવાબ આપે છે. બીજો જવાબ શો આપે? ત્રિગુણાતીત તો સારું, નરસું અને મધ્યમ એ ત્રણે વાતથી મૂર્છિત નથી થવાનો, એ ત્રણે ગુણોનાં પરિણામ આપણે તેને વિશે ન જોઈએ, એવો માણસ તો અલૌકિક સ્થિતિ ભોગવતો હશે. પણ આ મોટું પ્રકરણ છે, એટલે કાલે વધુ વિચાર કરશું.

## ૧૭૨

શુક્રવાર, તા. ૧–૧૦–૨૬

કાલે એક વિચાર કર્યો. પ્રકાશ, પ્રવૃત્તિ અથવા મોહ આ ત્રણ વસ્તુ આવો યા જાઓ. એમાંથી એકે વસ્તુથી જે દુઃખ નથી કરતો, તેને અંગે જોયું કે આપણે એવો માણસ જગતમાં નથી જોતા. જેને આપણે નકારી વસ્તુ માનીએ છીએ — આળસ, જડતા, ધાંધલ — એ વસ્તુઓને કાઢવા ન ઈચ્છે અને શુદ્ધ જ્ઞાન મેળવવા ન ઈચ્છે એવો માણસ આપણે જોતા નથી. ઊલટા આપણે આ વસ્તુ માટે તો પ્રાર્થના કરીએ છીએ. 'જિજ્ઞાસુ' શબ્દ પણ જ્ઞાનની ઈચ્છાથી નીકળ્યો. અને એ જ્ઞાનેચ્છા જ્યાં સુધી વધ્યા કરે ત્યાં સુધી વધ્યા કરો એમ માગવું જોઈએ. એટલે આ શ્લોકથી તો આપણને આપણા કર્તવ્ય વિશે વધારે ધગશ ચડશે. આપણે તો આખા જગતના દુઃખના નાશ માટે પ્રયત્ન કરવાનો છે.

સામાન્ય નિયમ એ છે કે લેખકના લેખનો એક ભાગ ન લઈએ, પણ તેને પૂરેપૂરો લઈને સમજીએ.

હવે આ શ્લોક કોને માટે છે? ગુણાતીતોને માટે. ગુણાતીતનાં એમાં લક્ષણ છે. એ આપણને આવો લાગશે. તે શું કરે છે તેની આપણને ખબર નથી. સૂર્યને આપણે કહીએ છે કે એમાં ઉષ્ણબિંબ છે, ઇ. પણ વિજ્ઞાનકારો કહે છે કે સૂર્ય કાળો મેંશ છે. અંગ્રેજ કવિએ કહ્યું છે કે આ દુનિયામાં વસ્તુ છે તેવી દેખાતી નથી. શંકરનો માયાવાદ એવી વસ્તુ છે. એટલે કે વસ્તુઓ જેવી છે તેવી દેખાતી નથી. દેખાય છે તેવી નથી. કારણ બધી વસ્તુ આપણા તરંગોના માધ્યમમાંથી આપણને મળે છે.

ઇન્દ્રધનુષ જેવું દેખાય છે તેવું તો નથી જ ના! એ તો આપણને એવું દેખાય છે. એટલે કહ્યું છે કે આ જગત જળના તરંગ છે, અથવા ઇન્દ્રનું ધનુષ છે.

આપણે ત્રિરંગી જગતમાં રહેતા ત્રિગુણાતીતની ઓળખાણ કેમ કરીએ? નથી તે માણસને નકારો કહીને કે જગત જ્ઞાનવાન માને કે પ્રમાદી માને તો તેથી તેને દુઃખ નથી થવાનું. જગતને આપણે ધાંધલિયા લાગીએ તેમાં શું?

Gandhi Heritage Portal

એટલે ત્રિગુણાતીત માણસ પ્રવૃત્તિ આદિથી ખુશ નથી થતો, પ્રમાદ આદિથી દુઃખ નથી પામતો, એમ જગતને લાગશે. એ સુખદુઃખના દ્વંદ્વમાંથી નીકળી ગયો છે. દ્વંદ્વાતીત થઈ ગયો છે. એ માણસ આપણને અસ્પૃષ્ટ, અલિપ્ત લાગવો જોઈએ. એ માણસ કેવળ નિરભિમાની છે.

એટલે વચલી સ્થિતિથી પણ પર એવી એક નિરાળી સ્થિતિ છે. ભગવદ્‌ગીતાએ આ વસ્તુના ઉપર વિશેષ ને વિશેષ ભાર મૂકેલો છે. તેણે તો માત્ર કહ્યું કે તમે આમાં 'હું' રહેલો છે તેને કાઢી નાખો. આપણે કહીએ છીએ નેતિ નેતિ. તમે મને એમ માનો છો. બાકી 'હ'કાર હું છું, 'ન'કાર તમે છો. ગુણાતીત માણસ જગતને શૂન્ય જેવો લાગવો જોઈએ. ગુણાતીત માણસ પથ્થર જેવો લાગવો જોઈએ. મતલબ તેની અંદરથી હુંપદ ચાલ્યું ગયું છે. રામને જગતે સાક્ષાત્ ઈશ્વર તરીકે બેસાડયો. કારણ જગત તેને એમ જ જોઈ શકે. શંકરે પાર્વતીને કહ્યું કે રામને વિરહનું દુઃખ થયું હતું, એમ તારાથી કેમ મનાય? રામચંદ્રને વિશે મોહનું તેં નિરૂપણ કર્યું, એ મને વસમું લાગે છે. એ માણસ હુંપણું છોડીને શૂન્યવત્ કામ કરે છે.

## ૧૭૩

શનિવાર, તા. ૨–૧૦–૨૬

આ દિવસની અને રવિવારની નોંધ મહાદેવભાઈએ લીધેલી નથી; બીજા આશ્રમવાસીની ચોપડીમાંથી નીચેનું આપ્યું છે:

આપણે હમેશાં નિત્ય નવો જન્મ પામીએ છીએ. વૈદક શાસ્ત્ર કહે છે કે સાત વર્ષે માણસનું આખું ખોળિયું બદલાઈ જાય છે. પણ તે ધીરે ધીરે થતું હોવાથી આપણને ખબર પડતી નથી. સાતમે વર્ષ એકદમ જાદુથી એ બદલાઈ જતું નથી. પરંતુ જૂનું ધીમે ધીમે ઘસાઈ નવું આવે છે. તેથી ઉત્પત્તિ અને નાશ એકમેકની કાંધ ઉપર ચડીને ચાલ્યા જ આવે છે. કોઈ પણ જગા એવી ખાલી નથી કે જેમાંથી કાઢ્યા સિવાય–નાશ થયા સિવાય બીજું સમાઈ શકે–બીજું ઉત્પન્ન થઈ શકે. મન પણ દિવસે દિવસે નબળું કે દૃઢ થતું જાય છે. જગતમાં બધું ગતિમાન છે. સ્થિર કાંઈ જ નથી. એક પરમાત્મા જ સ્થિર અને અસ્થિર બન્ને છે.

ગુણાતીત એટલે શૂન્યવત્. પણ એવા ગુણાતીત ક્યારે થવાય? શ્રી રાજચન્દ્રે પોતાના 'અપૂર્વ અવસર'વાળા કાવ્યમાં કહ્યું છે કે 'બળી સીંદરીવત્ માત્ર રહે દેહ જો.' એવી દશા થવી જોઈએ. બળી ગયેલી સીંદરીની માત્ર આકૃતિ જ રહે છે. તેનામાં સીંદરીના કશા જ ગુણ-દોષ હોતા નથી. એ સીંદરી ગુણાતીત થઈ કહેવાય. કેમ કે સીંદરીના જે ગુણ સાંધવાનો, બાંધ-વાનો અને સીંચવાનો છે તે તેનામાં પછી હોતા નથી. તેમ ગુણાતીત માણસ બળી સીંદરી જેવો છે. સીંદરીને વિશે જેમ સર્પનો આભાસ જોઈએ છીએ તેમ તેવા માણસને આપણે પથ્થર જેવો જડ કે ધાંધલ વિનાનો જોઈએ તોપણ તેને કાંઈ પડી હોતી નથી. એવી બળી સીંદરીવત્ થવું એ આપણો ધર્મ છે.

એ ગુણાતીત સ્થિતિ મેળવવા સારુ સાત્ત્વિક ગુણ ખીલવવો એ જ ઉપાય છે, કેમ કે તે માટે અભય, અમાન, અદંભ એવા ગુણો ખીલવવા પડે છે. જ્યાં સુધી દેહ છે ત્યાં સુધી કાંઈ ને કાંઈ દોષ–હિંસા રહેલાં જ છે. તેથી આપણે વધારેમાં વધારે સાત્ત્વિક થઈ શકીએ, એટલું જ બને એમ છે.

ગુણાતીત એ કલ્પનાની સ્થિતિ છે. આચરણની એ વસ્તુ નથી જણાતી. વર્તનની સ્થિતિ તો અત્યંત સાત્ત્વિકતાની છે. સંપૂર્ણ લાગતા માણસને વિશે પણ એ ગુણાતીત છે, એવું નહીં

Gandhi Heritage Portal

કહી શકાય. એ ગુણાતીત જેવો છે એવું કહી શકાશે. અંગ્રેજીમાં કહ્યું 'બહારથી જોવા બેસીએ તો પાપી અને પુણ્યવાનમાં ભેદ નહીં દેખાય. પણ વધારે પાપી વધારે પુણ્યવાન બની શકે છે.' પોતાના નીચ કામનો વિચાર કરી પાપને દૂર કરતો જાય છે. તેને રંભા જેવી કોઈ સ્ત્રી મળી જાય તોપણ તેને મન એ લાકડાની કે પથ્થરની મૂર્તિ સમાન છે. એમ એ જલદી શુદ્ધ થઈ જાય છે.

આપણે કોઈ પણ કાળે મોક્ષ મેળવવાની — ગુણાતીત થવાની આશા રાખતા હોઈએ, તો સાત્ત્વિક ગુણો કેળવવા જોઈએ. તેથી જ આપણે માગીએ છીએ કે असतो मा सद् गमय. જ્યાં સુધી માણસને લાગે છે કે હું પરોપકારી છું, ત્યાં સુધી એ સ્વાર્થી છે. જો એ એમ માને કે હું ગુણાતીત છું, તો એ ભારે પાખંડી છે. જો આપણે ખરેખર જ પરોપકારી હોઈશું તો લોકો જાણવાના જ છે. આપણને તેની શી ખબર પડવાની છે? બાઈબલમાં કહ્યું છે કે 'તારો જમણો હાથ કરે, તે ડાબો હાથ ન જાણે.' એ સાત્ત્વિકતાની નિશાની છે. સાત્ત્વિકનાં લક્ષણો લગભગ ગુણાતીત જેવાં જ છે. પણ ગુણાતીત સ્થિતિ બેશકની ઊંચી છે, કેમ કે તે તો જમણો કે ડાબો એકે હાથ શું કરે છે તે જાણતો નથી.

उदासीनवदासीनो गुणैर्यो न विचाल्यते ।
गुणा वर्तन्त इत्येव योऽवतिष्ठति नेङ्गते ।

ઉદાસીનની માફક જે સ્થિર છે, જેને ગુણો હલાવી શકતા નથી, ગુણો જ પોતાનો ભાવ ભજવે છે, એમ માની જે સ્થિર રહે છે, અને હાલતો નથી.

समदु:खसुख: स्वस्थ: समलोष्टाश्मकाञ्चन: ।
तुल्यप्रियाप्रियो धीरस्तुल्यनिन्दात्मसंस्तुति: ।।

જેને સુખદુ:ખ સમાન છે, જે સ્વસ્થ રહે છે, માટીનું ઢેફું, પથ્થર અને સોનાને જે સરખાં ગણે છે, જેને પ્રિય અને અપ્રિય વસ્તુ સરખી છે, પોતાની નિંદા કે સ્તુતિ જેને સમાન છે, એવો ધીર પુરુષ.

मानापमानयोस्तुल्यस्तुल्यो मित्रारिपक्षयो: ।
सर्वारम्भपरित्यागी गुणातीत: स उच्यते ।।

જેને માન અને અપમાન સરખાં છે, જે મિત્રપક્ષને અને શત્રુપક્ષને સરખા ગણે છે, જેણે સર્વે આરંભોનો ત્યાગ કર્યો છે, તે ગુણાતીત કહેવાય છે.

ગુણાતીત પોતાની સ્થિતિ અનુભવે છે, વર્ણવી શકતો નથી. વર્ણવી શકે તે ગુણાતીત નથી, કેમ કે તેનામાં અહંભાવ રહ્યો છે.

मां च योऽव्यभिचारेण भक्तियोगेन सेवते ।
स गुणान्समतीत्यैतान्ब्रह्मभूयाय कल्पते ।।

જે માણસ મને એકનિષ્ઠ ભક્તિ વડે સેવે છે, તે ગુણોને વટાવી જઈ બ્રહ્મભાવને પામે છે.

ब्रह्मणो हि प्रतिष्ठाहममृतस्याव्ययस्य च ।
शाश्वतस्य च धर्मस्य सुखस्यैकान्तिकस्य च ।।

બ્રહ્મનું, અમૃતનું, અવ્યયનું — મોક્ષનું સ્થાન હું છું. સનાતન ધર્મનું સ્થાન હું છું. એકાંતિક સુખનું સ્થાન પણ હું છું.

જે માણસ પોતાની ત્રુટિઓ સુધારવા માટે સતત પ્રબળ પ્રયત્ન કર્યા કરે છે તે આ જન્મે કદાચ પોતાના બધા અવગુણો ન કાઢી શકે, તોપણ સરવાળે તેનું શ્રેય જ છે. જગત આજે

Gandhi Heritage Portal

તો તેના અપરાધોને કારણે તેને નીંદશે. પણ એ બધું શાંતિથી સહન કરીને એ પુરુષ વધારે ને વધારે પ્રયત્ન કરે, તો આખરે તેને જરૂર શાંતિ મળે છે. એમ પ્રયત્નમાં જ શાંતિ રહેલી છે. આ ભારે આશ્વાસન છે. તેથી સાત્ત્વિક ગુણો ખીલવવાને આપણે પ્રયત્ન કરવો જોઈએ.

## ૧૭૪

### અધ્યાય પંદરમો

રવિવાર, તા. ૩–૧૦–૨૬

ऊर्ध्वमूलमधःशाखमश्वत्थं प्राहुरव्ययम् ।
छन्दांसि यस्य पर्णानि यस्तं वेद स वेदवित् ।।

જેનું મૂળ ઊંચે ઊંચે છે, જેની શાખા નીચે છે, અને વેદો જેનાં પાંદડાં છે એવા અવિનાશી અશ્વત્થ વૃક્ષને ડાહ્યા લોકોએ વર્ણવ્યું છે. આને જેઓ જાણે છે તેઓ વેદને જાણનારા જ્ઞાની છે.

શ્વઃ એટલે આવતી કાલ. તેથી અશ્વત્થ એટલે આવતી કાલ લગી ન ટકનાર એવો ક્ષણિક સંસાર. સંસારનું પ્રતિક્ષણ રૂપાંતર થયા કરે છે. તેથી તે અશ્વત્થ છે. આ સંસારનું જેને યથાર્થ જ્ઞાન છે, અને જે ધર્મને જાણનાર છે, તે જ્ઞાની છે.

## ૧૭૫

મંગળવાર, તા. ૫–૧૦–૨૬

अधश्चोर्ध्वं प्रसृतास्तस्य शाखा गुणप्रवृद्धा विषयप्रवालाः ।
अधश्च मूलान्यनुसंततानि कर्मानुबन्धीनि मनुष्यलोके ।

નીચે અને ઉપર ગુણથી વૃદ્ધિ પામેલી એની શાખા ફેલાયેલી છે. વિષય એ એની કળીઓ છે. વિષયો એમાં ફાલ્યાં જ કરે. કર્મોનાં બંધન કરનારાં એનાં મૂળ નીચે ફેલાયેલાં છે. આ લોકની અંદર તે મનુષ્યને બાંધવાવાળાં છે.

પહેલા શ્લોકમાં સંસારને તરી જવાનું સાધન બતાવ્યું છે. આ શ્લોકમાં સંસારને બીજી દૃષ્ટિએ વર્ણવ્યો છે. અજ્ઞાની દૃષ્ટિવાળું આ વર્ણન છે.

न रूपमस्येह तथोपलभ्यते नान्तो न चादिर्न च संप्रतिष्ठा ।
अश्वत्थमेनं सुविरूढमूलमसंगशस्त्रेण दृढेन छित्त्वा ।।
ततः पदं तत्परिमार्गितव्यं यस्मिन्गता न निवर्तन्ति भूयः ।
तमेव चाद्यं पुरुषं प्रपद्ये यतः प्रवृत्तिः प्रसृता पुराणी ।।

આનું રૂપ નથી જણાતું. નથી અંત અને આદિ જણાતો, અતિશય બાઝી ગયેલાં છે જેનાં મૂળ એવા, આ અશ્વત્થને અસંગરૂપી મજબૂત શસ્ત્રથી છેદીને મનુષ્ય આ પ્રાર્થના કરે: "જેણે સનાતન પ્રવૃત્તિ–માયાને પ્રસારેલી છે, તે આદિ પુરુષને હું શરણે જાઉં છું." તે એ પદને શોધે છે કે જેને પામનારાને ફરી જન્મમરણના ચક્રમાં પડવું નથી પડતું.

આ જગતમાં કર્મ કરતાં છતાં અલિપ્ત ત્યારે જ રહેવાના છીએ, જ્યારે આ જગતને ઈશ્વરની લીલા ન સમજતાં, એને ભોગભૂમિ માની અસહયોગરૂપી શસ્ત્ર વડે મૂળમાંથી છેદી નાખીશું. એનાં મૂળ બીજી રીતે તો છેદી શકાય તેમ નથી, કારણ એ અનાદિ અને અનંત છે. એટલે અસહયોગ સૂચવ્યું.

Gandhi Heritage Portal

निर्मानमोहा जितसंगदोषा अध्यात्मनित्या विनिवृत्तकामाः।
द्वन्द्वैर्विमुक्ताः सुखदुःखसंज्ञैर्गच्छन्त्यमूढाः पदमव्ययं तत् ।।

એ પદને શોધનારા માનઅપમાન વિનાના છે. એમને મોહ જરાયે નથી. એનો સંગ કરીને જે દોષની અંદર આવ્યા છે તે દોષને તેણે જીતી લીધા છે. જે હમેશાં આત્માર્થી (જેને પ્રતિક્ષણ એવું જ્ઞાન રહે છે કે હું દેહ નથી, પણ આત્મા છું) છે; જેના વિષયો શમી ગયા છે, (મરણવેળા એના મુખ ઉપર ગ્લાનિ ન હોય, પણ પ્રસન્નતા હોય) જે સુખદુઃખરૂપી દ્વંદ્વથી મુક્ત છે, એવા અમૂઢ એ અવ્યય પદને પામે છે.

અશ્વત્થને પાંદડે પાંદડે વેદ લખેલા છે એટલે પાંદડે પાંદડે રામનામ લખેલું છે. જગત ઈશ્વરની પ્રસાદી છે. અને જગતરૂપી ઝાડ બ્રહ્માની નાભિમાંથી થયેલું છે. બીજું જગત એવું છે કે જેનું મૂળ નીચે છે, જેનાં પાંદડાં વગેરે વિષયાદિ છે, એ જગત કામનામય છે.

अध्यात्मनित्याः એટલે રામરત. રામનું નામ લેનારા અને કામ કરનારા.

## ૧૭૬

બુધવાર, તા. ૬–૧૦–૨૬

न तद्भासयते सूर्यो न शशाङ्को न पावकः।
यद् गत्वा न निवर्तन्ते तद्धाम परमं मम ।।

નથી એને પ્રકાશ દેતો સૂર્ય, ચંદ્રમા અને અગ્નિ, કારણ એ સ્વયંપ્રકાશ છે. જેને પામીને માણસો પાછા નથી આવતા તે શ્રેષ્ઠ ધામ એ મારું છે.

ममैवांशो जीवलोके जीवभूतः सनातनः।
मनःषष्ठानीन्द्रियाणि प्रकृतिस्थानि कर्षति ।।

મારો જ અંશ મૃત્યુલોકમાં જે જીવો છે તે અને તે પાંચ ઇન્દ્રિયો અને છઠ્ઠા મનને, જે પ્રકૃતિને વિશે રહેલી છે, તેને ખેંચે છે.

'રોમ રોમ પ્રતિ વેદ કહત' એમ તુલસીદાસે કહ્યું છે.

शरीरं यदवाप्नोति यच्चाप्युत्क्रामतीश्वरः।
गृहीत्वैतानि संयाति वायुर्गन्धानिवाशयात् ।।

આત્મા જ્યારે શરીરને પામે છે અથવા જ્યારે શરીરનો ત્યાગ કરે છે, ત્યારે પેલી ઇન્દ્રિયોને ગ્રહણ કરીને તે જાય છે, જેમ વાયુ આસપાસની ગંધોને લઈને જાય છે તેમ.

श्रोत्रं चक्षुः स्पर्शनं च रसनं घ्राणमेव च।
अधिष्ठाय मनश्चायं विषयानुपसेवते ।।

કાન, આંખ, ચામડી, જીભ અને નાક, મનનો આશ્રય લઈને વિષયોને ભોગવે છે.

उत्क्रामन्तं स्थितं वापि भुञ्जानं वा गुणान्वितम्।
विमूढा नानुपश्यन्ति पश्यन्ति ज्ञानचक्षुषः ।।

જ્યારે આત્મા દેહને છોડે છે ત્યારે, અથવા એ સ્થિત હોય છે ત્યારે, ગુણોનો આશ્રય લઈ ભોગ ભોગવનારને મૂઢો જોઈ શકતા નથી, પણ જ્ઞાનચક્ષુવાળા જ તેને જુએ છે.

આપણે જગતને જ જોઈએ છીએ, પણ જગતમાં ઈશ્વર ઓતપ્રોત થઈને રહેલો છે તેને આપણે જોઈ શકતા નથી.

Gandhi Heritage Portal

૧૭૭

ગુરુવાર, તા. ૭-૧૦-૨૬

यतन्तो योगिनश्चैवं पश्यन्त्यात्मन्यवस्थितम् ।
यतन्तोऽप्यकृतात्मानो नैनं पश्यन्त्यचेतसः ।।

પ્રયત્ન કરતા યોગી લોકો આ દેહ ધારીને પોતાને વિશે રહેલો જોઈ શકે છે. પણ જેને આત્મશુદ્ધિ નથી થઈ, એવા મૂઢ લોકો પ્રયત્ન કરતાં છતાં તેને જોઈ શકતા નથી.

એટલે પહેલપ્રથમ યમનિયમાદિનું પાલન જોઈએ. યમનિયમાદિનું પાલન જેણે નથી કર્યું તે માણસ ગીતાના અર્થો વિપરીત જ કાઢશે. એ માણસ વિચારશે કે વિષય ઈત્યાદિ પણ ઈશ્વરે ઉત્પન્ન કર્યા છે, એટલે આપણે એને ગ્રહણ કરીએ. પણ જે માણસો સંસ્કૃત થયા છે, જેઓ તપની ભઠ્ઠીમાં તપેલા છે, તે જ સાચો અર્થ કરી શકશે.

यदादित्यगतं तेजो जगद्भासयतेऽखिलम् ।
यच्चन्द्रमसि यच्चाग्नौ तत्तेजो विद्धि मामकम् ।।

સૂર્યની અંદર રહેલું જે તેજ આખા જગતને પ્રકાશે છે, જે ચંદ્ર વિશે છે, જે અગ્નિને વિશે રહેલું છે, તે તેજ મારું છે એમ જાણ.

અગ્નિ, વાયુ ઈ.ની પરીક્ષા લેવા દેવતાઓ યક્ષનું રૂપ લઈને ગયા હતા, અને તે સૌ હાર્યા એ વાત ઉપનિષદ્‌માં આવે છે.

गामाविश्य च भूतानि धारयाम्यहमोजसा ।
पुष्णामि चौषधीः सर्वाः सोमो भूत्वा रसात्मकः ।।

પૃથ્વીની અંદર પ્રવેશ કરીને જીવોને હું મારા તેજ વડે ધારણ કરું છું. સર્વે ઔષધિ, અન્ન, પાકમાત્રને રસોનો ઉત્પન્ન કરવાવાળો સોમ થઈને હું પોષણ આપું છું.

अहं वैश्वानरो भूत्वा प्राणिनां देहमाश्रितः ।
प्राणापानसमायुक्तः पचाम्यन्नं चतुर्विधम् ।।

પ્રાણીઓના દેહમાં રહેલો હું વૈશ્વાનર થઈને, પ્રાણ અને અપાનવાળો થઈને ચાર પ્રકારના અન્નને પચાવું છું.

વૈશ્વાનર એટલે અન્નને પચાવનાર અગ્નિ. ચતુર્વિધ અન્ન એટલે ચોષ્ય, લેહ્ય, પેય અને ખાદ્ય.

सर्वस्य चाहं हृदि संनिविष्टो मत्तः स्मृतिर्ज्ञानमपोहनं च ।
वेदैश्च सर्वैरहमेव वेद्यो वेदान्तकृद्वेदविदेव चाहम् ।।

બધાનાં હૃદયમાં હું પ્રવેશેલો છું. મારા વડે જ માણસને સ્મૃતિ, જ્ઞાન અને બુદ્ધિ મળે છે. સર્વે વેદોમાં જાણવા લાયક હું છું. વેદાંતને પ્રગટાવનારો અને વેદને જાણનારો પણ હું જ છું.

૧૭૮

શુક્રવાર, ૮-૧૦-૨૬

द्वाविमौ पुरुषौ लोके क्षरश्चाक्षर एव च ।
क्षरः सर्वाणि भूतानि कूटस्थोऽक्षर उच्यते ।।

આ લોકમાં ક્ષર અને અક્ષર એવા બે પુરુષો છે. ક્ષર એટલે નાશવંત — બધાં નામરૂપવાળાં પ્રાણીઓ. અને એમાં જે અચળ વસ્તુ રહેલી છે, જેના ઓજસ વડે બધું ધારણ કરાયેલું છે, એ અક્ષર છે.

Gandhi Heritage Portal

उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेत्युदाहृतः ।
यो लोकत्रयमाविश्य बिभर्त्यव्यय ईश्वरः ।।

આ ઉપરાંત જે ઉત્તમ પુરુષ છે તે બીજો જ છે. તે પરમાત્મા કહેવાય છે. એ અવ્યય ઈશ્વર ત્રણ લોકોમાં પ્રવેશ કરીને તેનું રક્ષણ કરે છે.

यस्मात्क्षरमतीतोऽहमक्षरादपि चोत्तमः ।
अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः ।।

કારણ કે હું ક્ષર એટલે નામરૂપને ઓળંગી ગયો છું અને અક્ષરથી પણ ઉત્તમ છું, તેથી લોકમાં અને વેદમાં હું પુરુષોત્તમ કહેવાયો છું.

यो मामेवमसंमूढो जानाति पुरुषोत्तमम् ।
स सर्वविद्भजति मां सर्वभावेन भारत ।।

જે માણસ મૂઢતાને છોડીને મને પુરુષોત્તમ તરીકે જાણે છે, તે સઘળું જાણે છે, અને મને અનન્ય ભાવથી ભજે છે.

એ દ્વંદ્વાતીત છે. આપણે માયારૂપ જગતને તરી ગયા. પછી ઈશ્વરને કર્તારૂપે ક્યાં જાણવાનો છે?

इति गुह्यतमं शास्त्रमिदमुक्तं मयानघ ।
एतद् बुद्ध्वा बुद्धिमान्स्यात्कृतकृत्यश्च भारत ।।

આ ગુહ્યમાં ગુહ્ય (શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ) શાસ્ત્ર મેં તને કહ્યું છે. એ જાણીને માણસ બુદ્ધિમાન અને કૃતાર્થ થાય છે, ઋણમુક્ત પણ થાય છે.

## ૧૭૯

## અધ્યાય સોળમો

શનિવાર, તા. ૯–૧૦–૨૬

अभयं सत्वसंशुद्धिर्ज्ञानयोगव्यवस्थितिः ।
दानं दमश्च यज्ञश्च स्वाध्यायस्तप आर्जवम् ।।
अहिंसासत्यमक्रोधस्त्यागः शान्तिरपैशुनम् ।
दया भूतेष्वलोलुप्त्वं मार्दवं ह्रीरचापलम् ।।
तेजः क्षमा धृतिः शौचमद्रोहो नातिमानिता ।
भवन्ति संपदं दैवीमभिजातस्य भारत ।।

અભય, અંતઃકરણની શુદ્ધિ, જ્ઞાન અને યોગને વિશે નિષ્ઠા, દાન, દમ, ઇન્દ્રિયનિગ્રહ, યજ્ઞ, સ્વાધ્યાય, તપ, સરળતા, અહિંસા, સત્ય, અક્રોધ, ત્યાગ, શાંતિ, અપૈશુન (કોઈની ચાડી ન ખાવી), ભૂતદયા, અલોલુપતા (લાલસાનો ત્યાગ), મૃદુતા, મર્યાદા, અચંચળતા, તેજ, ક્ષમા, ધૃતિ, શૌચ, અદ્રોહ, નિરભિમાન – આટલા ગુણો જે દૈવી સંપત્તિ લઈને જન્મ્યો હોય છે તેનામાં હોય છે.

સત્ત્વસંશુદ્ધિ એટલે આત્મશુદ્ધિ અથવા અંતઃકરણની શુદ્ધિ. જ્ઞાનયોગવ્યવસ્થિતિ એટલે સ્થિર જ્ઞાનની વ્યવસ્થિતિ. બધા કાળ માટે સ્થિર અનુભવજ્ઞાન એ જ્ઞાનવ્યવસ્થિતિ. યોગવ્યવસ્થિતિ એટલે સદાયે ઈશ્વરજ્ઞાન – ઈશ્વરતાદાત્મ્ય. અહિંસામાં જ્ઞાનપૂર્વક દયાભાવથી કરેલી હિંસા પણ આવી જાય છે. (ડૉ. નાનજી ઑપરેશન કરવાનું હોય તેને આગલે દિવસે ઉપવાસ કરતા, એ



Gandhi Heritage Portal

હેતુથી કે પોતાના ક્રોધ ઈત્યાદિ વિકારોની દરદીના ઉપર અસર ન થાય.) ક્રોધ વિના મારનારો માસ્તર તો આંખમાંથી આંસુ પાડતો પાડતો મારશે. યુધિષ્ઠિરની ક્ષમા — વિરાટ રાજાને ત્યાં વિરાટે તેને માર્યો ત્યારે તેણે નાકમાંથી ભૂમિ ઉપર લોહી ન પડવા દીધું. ક્ષમા એટલે અપકાર ઉપર ઉપકાર. ક્ષમા એવી તીવ્ર વસ્તુ છે.

## ૧૮૦

રવિવાર, તા. ૧૦–૧૦–૨૬

दम्भो दर्पोऽभिमानश्च क्रोधः पारुष्यमेव च।
अज्ञानं चाभिजातस्य पार्थ संपदमासुरीम्।।

દંભ, દર્પ, અભિમાન, ક્રોધ, પારુષ્ય, અજ્ઞાન — આટલાં, આસુરી સંપત્તિ લઈને જન્મેલામાં હોય છે.

દંભ એટલે પોતાનામાં ન હોય તે હોવાનો ડોળ કરવો તે. દર્પ પોતામાં ઓછું હોય, છતાં તેની બડાઈ મારવી તે. અભિમાન એટલે પોતાનામાં ગુણ હોય પણ તેનો ફાંકો રાખવો તે. નારદજીએ કામદેવને હરાવ્યો ત્યારે તેણે અભિમાન કર્યું, એ અભિમાનથી તે પડ્યા. પારુષ્ય એટલે કઠોરતા.

दैवी संपद्विमोक्षाय निबन्धायासुरी मता।
मा शुचः संपदं दैवीमभिजातोऽसि पाण्डव।।

દૈવી સંપત્તિવાળો માણસ મોક્ષ તરફ ગતિ કરે છે અને આસુરી સંપત બંધનમાં નાખે છે. તારે શોક કરવાની જરૂર નથી. તું તો દૈવી સંપત લઈને જન્મ્યો છે.

द्वौ भूतसर्गौ लोकेऽस्मिन्दैव आसुर एव च।
दैवो विस्तरशः प्रोक्त आसुरं पार्थ मे शृणु।।

આ જગતની અંદર લોકોના સ્વભાવ બે જાતના હોય છે: દૈવી અને આસુરી. દૈવી સ્વભાવ તો મેં વિસ્તારપૂર્વક કહ્યો, હવે આસુરી સ્વભાવ સાંભળ.

प्रवृत्तिं च निवृत्तिं च जना न विदुरासुराः।
न शौचं नापि चाचारो न सत्यं तेषु विद्यते।।

પ્રવૃત્તિ અને નિવૃત્તિ કોને કહેવી, એ આસુરી સંપતવાળા લોકો જાણતા નથી. તેઓ નથી જાણતા શૌચ, નથી જાણતા આચાર, કે નથી જાણતા સત્ય.

જેનામાં શૌચ નથી, સત્ય નથી, જેનામાં આચાર નથી, એ માંદા છે. માનસિક અને શારીરિક દોષ વિના માંદગી આવતી નથી. ચોવીસે કલાક જેનો આત્મા જાગ્રત રહે છે તે તો નિરંતર પોતાનામાં તેજનો સંચાર માગે છે. લાધા મહારાજ શી રીતે કોઢથી મુક્ત થયા? એ પોતાના કોઢ ઉપર બીલીપત્ર લગાવતા હતા, ત્યારે તે પોતાનામાં તેજનો સંચાર માગતા હતા. આપણે આપણા શરીરને વિકારવશ થતું ત્યારે જ અટકાવી શકીએ, કે આપણે તેજનો સંચાર રોજ માગ્યા કરીએ. હું તો દરેક માંદાને પૂછીશ કે તમારામાં રાગદ્વેષ છે કે નહીં? બહારથી આપણામાં શૌચ અને આચાર હોય, પણ સત્ય ન હોય તો તે બહાર ઢોલ અને માંહે પોલ જેવું છે. આપણે એ સત્ય કેળવવા અહીં એકઠા થયા છીએ.

Gandhi Heritage Portal

## ૧૮૧

મંગળવાર, તા. ૧૨–૧૦–૨૬

असत्यमप्रतिष्ठं ते जगदाहुरनीश्वरम् ।
अपरस्परसंभूतं किमन्यत्कामहैतुकम् ।।

એવા આસુરી પ્રકૃતિવાળા લોકો જગતને અસત્ય, આધાર વિનાનું અને ઈશ્વર વિનાનું કહે છે, સ્ત્રીપુરુષના મૈથુનથી જ ઉત્પન્ન થયેલું કહે છે. એમાં વિષયભોગ સિવાય બીજો શો હેતુ હોય?

एतां दृष्टिमवष्टभ्य नष्टात्मानोऽल्पबुद्धयः ।
प्रभवन्त्युग्रकर्माणः क्षयाय जगतोऽहिताः ।।

આ દૃષ્ટિનો આશ્રય લઈને એ નષ્ટાત્માઓ મંદ ગતિ, અને ઉગ્ર કર્મ કરવાવાળા, જગતનું અહિત અને નાશ કરનાર છે.

काममाश्रित्य दुष्पूरं दम्भमानमदान्विताः ।
मोहाद् गृहीत्वासद्ग्राहान्प्रवर्तन्तेऽशुचिव्रताः ।।

કોઈ દિવસ તૃપ્ત ન થાય એવા કામનો આશ્રય લઈને દંભ, માન તથા મદવાળા, મોહથી ખરાબ નિશ્ચયો કરીને, અશુચિવ્રતો એટલે પાપી બુદ્ધિવાળા આ જગતમાં પડ્યા છે.

चिन्तामपरिमेयां च प्रलयान्तामुपाश्रिताः ।
कामोपभोगपरमा एतावदिति निश्चिताः ।।
आशापाशशतैर्बद्धाः कामक्रोधपरायणाः ।
ईहन्ते कामभोगार्थमन्यायेनार्थसञ्चयान् ।।

જેનું માપ ન થઈ શકે એવી અને પ્રલય સુધી પહોંચવાવાળી ચિંતાનો આશ્રય લેવાવાળા, કામ અને ઉપભોગમાં ચોંટી રહેલા, ભોગ એ જ સર્વસ્વ છે એવા નિશ્ચયવાળા, સેંકડો આશાપાશથી બંધાયેલા, કામ અને ક્રોધ કરવાવાળા, કામભોગ માટે અન્યાય વડે અર્થસંચય કરવા ઇચ્છે છે.

જે માણસ આણુથી રક્ષાયેલો છે, તેને કામ અને ક્રોધ શું કરી શકે?

ક્રોધથી જેટલી શક્તિનો વ્યય થાય છે તે આનંદથી જેટલી શક્તિનો વ્યય થાય તેના કરતાં અનેક ગણો વધારે છે. ગજા ઉપરાંતની શક્તિનો વ્યય થાય છે એટલે જગતમાં અન્યાય અને અત્યાચાર પ્રવર્તે છે.

## ૧૮૨

બુધવાર, તા. ૧૩–૧૦–૨૬

ક્રોધમાં તેર સ્નાયુનો વ્યય થાય છે. હસવામાં નવનો થાય છે. ભોગમાં મૃત્યુ છે. બ્રહ્મચર્યમાં અમરત્વ છે. એક વાર રાયચંદભાઈનું માથું દુખતું હતું ત્યારે મેં એમને પૂછ્યું કે તમે ક્યાં નાટક જોવા ગયા હતા? રાયચંદભાઈએ કહ્યું, હું રાત્રે ઘરમાં પડ્યો પડ્યો નાટક જોતો હતો. મારું દુખતું માથું મટાડવા મારે મારી શક્તિ નથી વાપરવી. સારું છે કે હું જેવો છું તેવો જ તમે મને જુઓ છો. ઈશ્વરના કાયદા કરતાં હું ઊતરતો છું.

વિષયોપભોગનું પરિણામ મૃત્યુ છે. વિષયોપભોગ કર્યા જ કરીએ તો જગતમાં ખુદાનું રાજ્ય ન રહે પણ શેતાનનું રહે.

Gandhi Heritage Portal

इदमद्य मया लब्धमिमं प्राप्स्ये मनोरथम्।
इदमस्तीदमपि मे भविष्यति पुनर्धनम्।।
असौ मया हतः शत्रुर्हनिष्ये चापरानपि।
ईश्वरोऽहमहं भोगी सिद्धोऽहं बलवान्सुखी।।
आढ्योऽभिजनवानस्मि कोऽन्योऽस्ति सदृशो मया।
यक्ष्ये दास्यामि मोदिष्य इत्यज्ञानविमोहिताः।।

આજે મેં આટલું મેળવ્યું, કાલે આટલું મેળવીશ. આટલું તો મારી પાસે છે જ, અને બીજું ધન પણ મારું જ થવાનું છે. આ શત્રુને મેં આજે માર્યો. બીજાને હવે હણીશ. હું ઈશ્વર છું, હું ભોગી છું, હું સિદ્ધ છું, હું બલવાન છું, હું સુખી છું. જુઓ હું કેટલો ધનવાન છું, કેટલા ઊંચા કુટુંબનો છું. મારા જેવો બીજો કોણ છે? હું યજ્ઞ કરીશ, દાન આપીશ, આનંદ માણીશ. અજ્ઞાનથી આંધળા થયેલા માણસો આવી વાતો કરે છે.

આમ કરીને માણસ રત્નચિંતામણિ દેહનો સટ્ટો કરે છે. યુધિષ્ઠિર પણ સટ્ટો જ કરી બેઠો હતો. દ્રૌપદીને પણ હારી બેઠો હતો. છતાં સરવાળે યુધિષ્ઠિર ઈત્યાદિમાં કામક્રોધાદિ બહુ ઓછા હતા, અને કૌરવોમાં ઘણા હતા એમ કહી શકાય. આપણે તો મિશ્રણથી ભરેલા છીએ. ગમે તેમ કરીને ઊર્ધ્વ ગતિએ ચડવાનું છે.

अनेकचित्तविभ्रान्ता मोहजालसमावृताः।
प्रसक्ताः कामभोगेषु पतन्ति नरकेऽशुचौ।।

અનેક પ્રકારની વૃત્તિ મનમાં ઊછળ્યાં જ કરે એટલે વિભ્રાન્ત થયેલા, મોહની જાળમાં વીંટળાયેલા, કામભોગમાં આસક્ત રહેલા, અત્યંત અપવિત્ર એવા નરકમાં પડે છે.

आत्मसंभाविताः स्तब्धा धनमानमदान्विताः।
यजन्ते नामयज्ञैस्ते दम्भेनाविधिपूर्वकम्।।

પોતાની બડાશ મારનારા, અક્કડ, ધન, માન અને મદથી ઘેરાયેલા, દંભથી વિધિ વિનાના, કેવળ નામના યજ્ઞ કરે છે.

યજ્ઞ કરવાનું નામ, પણ ઇચ્છા પોતાનો સ્વાર્થ સાધવાની.

## ૧૮૩

ગુરુવાર, તા. ૧૪–૧૦–૨૬

अहंकारं बलं दर्पं कामं क्रोधं च संश्रिताः।
मामात्मपरदेहेषु प्रद्विषन्तोऽभ्यसूयकाः।।

અહંકાર, બળ, ઘમંડ, કામ અને ક્રોધનો આશ્રય લેનારા, નિંદા કરનારા અને તેમના તથા બીજાઓમાં રહેલો હું એનો તેઓ દ્વેષ કરનારા છે,

तानहं द्विषतः क्रूरान्संसारेषु नराधमान्।
क्षिपाम्यजस्रमशुभानासुरीष्वेव योनिषु।।

આવી રીતે દ્વેષ કરનારા, ક્રૂર નરાધમોને તથા અશુભોને હું નિરંતર આસુરી યોનિમાં નાખું છું.

आसुरीं योनिमापन्ना मूढा जन्मनि जन्मनि।
मामप्राप्यैव कौन्तेय ततो यान्त्यधमां गतिम्।।

આવા મૂઢ માણસો જન્મોજન્મ આસુરી યોનિને પામીને મને મેળવ્યા વિના અધમ યોનિમાં જાય છે.

Gandhi Heritage Portal

त्रिविधं नरकस्येदं द्वारं नाशनमात्मनः।
कामः क्रोधस्तथा लोभस्तस्मादेतत्त्रयं त्यजेत् ।।

આત્માનું નાશ કરવાનું ત્રણ પ્રકારનું નરકનું દ્વાર છે, કામ, ક્રોધ અને લોભ. એટલા માટે ત્રણને તજવાં.

આવો માણસ પ્રેયને નથી આચરતો, પણ શ્રેયને આચરે છે. કામ, ક્રોધ અને લોભ પ્રેય તરફ ખેંચે છે.

एतैर्विमुक्तः कौन्तेय तमोद्वारैस्त्रिभिर्नरः।
आचरत्यात्मनः श्रेयस्ततो याति परां गतिम् ।।

આ ત્રણ તમોદ્વારથી વિમુક્ત થયેલો માણસ જ પોતાનું શ્રેય આચરીને પરાગતિને પામે છે.

यः शास्त्रविधिमुत्सृज्य वर्तते कामकारतः।
न स सिद्धिमवाप्नोति न सुखं न परां गतिम् ।।

જે માણસ શાસ્ત્રવિધિનો ત્યાગ કરીને કામેચ્છાથી વર્તે છે તે માણસને નથી સિદ્ધિ મળતી, નથી મોક્ષ મળતો, નથી સુખ મળતું.

तस्माच्छास्त्रं प्रमाणं ते कार्याकार्यव्यवस्थितौ।
ज्ञात्वा शास्त्रविधानोक्तं कर्म कर्तुमिहार्हसि ।।

એટલે કાર્ય અને અકાર્ય ઠરાવવામાં શાસ્ત્ર જ પ્રમાણ છે, એમ માનીને શાસ્ત્રમાં ઠરાવેલા વિધિ જાણીને કર્મ કરવું ઘટે.

આપણે આ વ્યવસ્થિતિમાં અંતર્નાદને વશ થશું એમ કહીએ. પણ એમ તો રાવણ પણ કહે કે હું અંતર્નાદને વશ હતો. જે માણસનું ચિત્ત શાસ્ત્રજ્ઞાનથી સંસ્કારી થયેલું છે તે જ માણસ આ કહી શકે. ત્યારે શાસ્ત્ર શું? વેદ, ઉપનિષદ, ઈતિહાસ, પુરાણાદિ બધું જ શાસ્ત્ર જ છે. પણ એમાં ઘણી વાતો એકબીજાથી વિરુદ્ધ છે. શાસ્ત્ર એ શાસ્ ધાતુમાંથી નીકળેલો છે. ગીતા 'જેવાના પ્રતિ તેવા થવાનું કહે છે' એમ એક જણ લખે છે અને પોતાના પ્રમાણમાં શેખ સાદીને ટાંકે છે કે નઠારા પ્રતિ જે સારો થશે તે સારા પ્રતિ નઠારો થવાનો. શાસ્ત્ર સત્ય અહિંસાને અધીન છે. શાસ્ત્ર રાજ્ય ચલાવે છે. અરાજક પાથરવાનું એનું કામ નથી. પણ એ શાસ્ત્રનો કાલે વધારે વિચાર કરીશું.

## ૧૮૪

શુક્રવાર, તા. ૧૫–૧૦–૨૬

કોઈ પણ સામાજિક પ્રશ્નોનો વિચાર કરવો હોય ત્યારે આપણે પ્રમાણગ્રંથનો વિચાર કરીએ અને તે જોવા બેસી જઈએ; જેમ કે આજે કૂતરાંનો પ્રશ્ન જે મને નકામો હલાવી રહ્યો છે. આપણા પાયા નક્કર ન હોય તો શાસ્ત્ર જોવું નકામું છે. પાયા નક્કર એટલે આપણે સત્યને તો વળગી જ રહેશું, એ આપણો સિદ્ધાંત હોવો જોઈએ. યુધિષ્ઠિર અસત્ય બોલ્યા હોય તોપણ આપણે માટે તો સત્ય જ પ્રમાણ છે, એ આપણો નિશ્ચય હોય તો શાસ્ત્ર વાંચ્યું પ્રમાણ છે.

ગ્રંથ એ શાસ્ત્ર છે. એમ હોય તો બાઈબલ, કુરાન વગેરેને આટલાં વર્ષ થયાં, તોપણ કોઈનો પત્તો લાગતો નથી. અહીં કહેવાનો આશય એ છે કે તું તને પ્રમાણ ન માન, એટલે તારી ઇચ્છાને અને વિકારોને પ્રમાણ ન માન. જ્યાં સુધી માણસની બુદ્ધિ પ્રવૃત્ત નથી થઈ,

Gandhi Heritage Portal

જ્યાં સુધી ત્યાંથી રામનાદ સિવાય બીજો નાદ નથી નીકળતો, ત્યાં સુધી શાસ્ત્ર પ્રમાણ ગણવું. અહીં દૈવી અને આસુરી પ્રવૃત્તિનો સંગ્રામ બતાવ્યો છે. એવી દશા છે ત્યાં શાસ્ત્ર પ્રમાણ રાખીને ચાલજો. એ શાસ્ત્ર એટલે શિષ્ટાચાર, એટલે કે આપણા જે પૂર્વજો પવિત્ર અને નિર્ભય હતા તેમને અનુસરીએ. ભરવાડનો શિષ્ટાચાર કે સદાચાર ઘેટાં ચોરવાનો હોય, માંસાહારીનો શિષ્ટાચાર માંસાહાર કરવાનો હોય. એક છોકરો મારી સાથે માંસાહાર કરવો કે ન કરવો એ વિશે ચર્ચા કરવા ઇચ્છતો હતો, પણ એની માએ એના દીકરા સાથે મને વાત ન કરવા દીધી. પેલી બાઈ સાચી હતી. એણે વિચાર કર્યો કે બળાત્કારે કાંઈ થાય? એ છોકરો નિરામિષાહારી થાય તો ઘરમાં કલહ પેદા થાય. શિષ્ટાચારથી પણ ડરવાનું તો છે જ. તે સત્ય ઇ.નો ભંગ સૂચવતો હોય તો ત્યાજ્ય છે. ગુરુની પરંપરા જ્યાંથી લુપ્ત થઈ ગઈ છે ત્યાં માણસ સ્વેચ્છાચારી બને. ગીતાજીએ तद्विद्धि प्रणिपातेन કહ્યું. પણ ઝટ ઝટ ગુરુ ન મળે. ગુરુની શોધમાં રહેવામાં હૃદય હમેશાં ભીરુ રહેશે. ગુરુનો જ વિચાર કર્યા કરતાં મનમાં શુદ્ધિ રહેશે. ‘તમારામાં દૈવી વસ્તુએ સંચાર કર્યો હોય તો તમારે નમ્ર થવું જોઈએ.’ એમ ગીતા કહે છે. મને તો કાંઈ ખબર નથી. હું તો ઈશ્વરને પૂછું, અથવા ગુરુને પૂછું, પણ એ ક્યાં મળે? એટલે આપણે પ્રાર્થના કરીએ. ઈશ્વરના ઉપર આધાર રાખીને જે માણસ પ્રાર્થના કરશે તે કોક દિવસ તરી જશે. જે માણસ બ્રહ્મને પોતાની અંદર સમાવી લઈને વાત કરશે તે ન તરે. શાસ્ત્રને પ્રમાણ ગણવું એ અક્ષરાર્થ છે. એમાંથી ઘટાવી લીધેલો અર્થ શિષ્ટાચાર છે. શિષ્ટ એટલે ગુરુ ન મળે તો આપણે નમ્ર બનવું. અને નમ્ર બનવું એટલે આપણે સગુણોપાસના કરવી. એટલે આપણે માંકડ, ચાંચડ જેવા તુચ્છ છીએ, એમ માનીને ઈશ્વરોપાસના કરવી. જો તું નમ્ર થશે તો તારો આરો આવશે. તું નમ્ર હશે અને સાચો હશે તો તારા પર્દા ધીમે ધીમે ખૂલતા જશે.

સત્તરમો અધ્યાય ઉપરના વિચારથી જ શરૂ થાય છે.

### અધ્યાય સત્તરમો

ये शास्त्रविधिमुत्सृज्य यजन्ते श्रद्धयान्विताः।
तेषां निष्ठा तु का कृष्ण सत्त्वमाहो रजस्तमः।।

શાસ્ત્રવિધિનો ત્યાગ કરીને પરંતુ શ્રદ્ધાવાન થઈને જે લોકો ભજે છે તેની નિષ્ઠા કેવી કહેવાય? તામસી, રાજસી કે સાત્ત્વિકી?

શાસ્ત્રવિધિનો ત્યાગ કરીને એટલે શિષ્ટાચાર છોડીને કે ગુરુ વિના, પણ શ્રદ્ધાવાન થઈને એટલે થોડીઘણી નમ્રતા રાખીને. આનો શ્રીકૃષ્ણ આડો જવાબ આપે છે, શાસ્ત્રને પ્રમાણ ન ગણે અને શ્રદ્ધા રાખે એ વિરોધી વસ્તુ છે. શાસ્ત્રને પ્રમાણ ગણવામાં જ શ્રદ્ધા આવે.

શ્રીકૃષ્ણ જવાબ આપે છે:

त्रिविधा भवति श्रद्धा देहिनां सा स्वभावजा।
सात्त्विकी राजसी चैव तामसी चेति तां शृणु।।

શ્રદ્ધા ત્રણ પ્રકારની છે. મનુષ્યોને તે સ્વાભાવિક છે. સાત્ત્વિક, રાજસી અને તામસી. એ વિશે તું સાંભળ.

અર્જુન અને કૃષ્ણની વચ્ચે મેળ છે, પણ કૃષ્ણ અર્જુનને બનાવે છે તે તેને ખબર નથી પડતી. અર્જુન થોડો જ કૃષ્ણને બાંધવા માગે છે? કૃષ્ણ સમજે છે કે અર્જુનને બનાવો. ભગવાનને એ પ્રશ્ન શું કામ પૂછયો એ તરખડમાં નથી પડવાનું રહ્યું. તે સ્વીકારી લે છે કે ભલે

Gandhi Heritage Portal

એણે શાસ્ત્રવિધિને છોડયાં, પણ શ્રદ્ધા કેવી છે તે વિચારીએ. સાત્ત્વિક, રાજસી તથા તામસીમાંથી કઈ છે?

## ૧૮૫

શનિવાર, તા. ૧૬–૧૦–૨૬

सत्त्वानुरूपा सर्वस्य श्रद्धा भवति भारत।
श्रद्धामयोऽयं पुरुषो यो यच्छ्रद्धः स एव सः।।

સર્વની શ્રદ્ધા સત્ત્વાનુરૂપ થાય છે. શ્રદ્ધાવાન પુરુષની જેવી શ્રદ્ધા હોય તેવી તેને ફળે છે.

શ્રદ્ધા એ સંસ્કારી થઈ શકે. માણસ આડે રસ્તે ન દોરવાઈ જાય ત્યાં સુધી એને શ્રદ્ધાનું કામ છે. તણખલાને વળગીને કોઈ માણસ બેસશે તે જરૂર દડી જવાનો છે. પણ જે માણસ ઝાડની ડાળને વળગી રહ્યો છે તે માણસ ન દડે. શાસ્ત્રની ડાળ ઝાલી રાખેલી હોય તો કયાંય પડવાનું ન રહે. મિસિસ બેસન્ટે કહ્યું છે કે માણસ ચડી નથી ગયો ત્યાં સુધી તેને પગથિયાની જરૂર પડે છે. શાસ્ત્ર એ પગથિયું છે. ચડયા પછી તેને નથી પગથિયાની જરૂર કે નથી કઠેરાની જરૂર. ટોચનો ભાગ એને એટલો સપાટ લાગે છે કે નીચેના ભાગની એને કશી જ ગણતરી નથી.

यजन्ते सात्त्विका देवान्यक्षरक्षांसि राजसाः।
प्रेतान्भूतगणांश्चान्ये यजन्ते तामसा जनाः।।

સાત્ત્વિક માણસો દેવોને પૂજે છે. (દેવો એટલે સાત્ત્વિક શક્તિઓ અથવા વૃત્તિઓ.) રાજસી વૃત્તિવાળા યક્ષો અને રાક્ષસોને પૂજે છે અને તામસી લોકો ભૂતપ્રેતાદિને ભજે છે.

अशास्त्रविहितं घोरं तप्यन्ते ये तपो जनाः।
दम्भाहंकारसंयुक्ताः कामरागबलान्विताः।।
कर्षयन्तः शरीरस्थं भूतग्राममचेतसः।
मां चैवान्तःशरीरस्थं तान्विद्धयासुरनिश्चयान्।।

જે લોકો અશાસ્ત્રવિહિત ઘોર તપ કરે છે, અને દંભ તથા અહંકારવાળા છે, તથા કામ અને રાગના બળથી પ્રેરાયેલા છે, તેઓ શરીરને વિશે રહેલાં પંચમહાભૂતોને તથા અંતઃકરણમાં રહેલા મને પણ કષ્ટ આપે છે. આવાને આસુરી નિશ્ચયવાળા જાણ.

શાસ્ત્રાચારનો જે જરાયે આધાર નથી લેતા અને મદમાં ને મદમાં ચાલ્યા જાય છે, તેવાની આવી સ્થિતિ થાય છે.

એક પલ્લામાં સત્ય મૂકો અને બીજામાં તપ શાસ્ત્ર વગેરે મૂકો, તો સત્યવાળું પલ્લું નીચે નમશે. જે શાસ્ત્ર સત્યને દબાવવા માગશે તે શાસ્ત્ર નકામું છે. એવા શાસ્ત્રને જે અનુસરશે તે આસુરી નિશ્ચયવાળા છે. સત્ય જેમ સનાતન છે, તેમ અસત્ય પણ સનાતન છે. પ્રકાશ સનાતન છે, તેમ અંધકાર પણ સનાતન છે. સનાતન તો જ સંઘરવા જેવું છે, જો તેની સાથે સત્ય ભળેલું હોય.

## ૧૮૬

રવિવાર, તા. ૧૭–૧૦–૨૬

શાસ્ત્રની પાછળ અહિંસા સત્ય ન હોય તો શાસ્ત્રની મારફત આપણી અધોગતિ પણ થાય. બાપના કૂવામાં તરવાનું કહ્યું છે, ડૂબી મરવાનું નથી કહ્યું. બાપ એટલે શિષ્ટાચાર. ગુરુ વિના

Gandhi Heritage Portal

જ્ઞાન ન મળે, એમ કહેવાયું છે. ગુરુને શોધતાં જ શિષ્ટાચાર સૂઝે છે. આ યુગ એવો કઠણ છે, જ્યાં કોઈને ઝટ ઝટ ગુરુ નથી મળતા. આપણે પરમાત્માનું કામ કરતા હોઈએ તો તેમાં શિષ્ટાચાર હશે જ. બધું કામ કરતાં ભગવાનનું નામ લેવાનું એથી જ કહેલું છે. પણ ભગવાનનું નામ લેતાં કેવી વૃત્તિ હોવી જોઈએ એ આ સ્થળે બતાવ્યું છે. ભૂતપ્રેતમાં શ્રદ્ધા હોય, રાક્ષસમાં શ્રદ્ધા હોય, એ નહીં. આપણે પરોપકારી દેવતા હોય, તેનું જ સ્તવન કરવાનું છે.

आहारस्त्वपि सर्वस्य त्रिविधो भवति प्रियः।
यज्ञस्तपस्तथा दानं तेषां भेदमिमं शृणु ।।

ત્રણ પ્રકારનો આહાર સૌને પ્રિય લાગે છે. તે જ પ્રમાણે યજ્ઞ, તપ તથા દાન પણ ત્રણ પ્રકારનાં છે. તેનો ભેદ તું સાંભળ.

आयुःसत्त्वबलारोग्यसुखप्रीतिविवर्धनाः।
रस्याः स्निग्धाः स्थिरा हृद्या आहाराः सात्त्विकप्रियाः ।।

આયુષ્ય, સાત્ત્વિકતા, બળ, આરોગ્ય, સુખ અને રુચિ વધારનારા, રસવાળા, ચીકણા, લાંબા વખત સુધી ટકનારા, અને મનને ગમે એવા, એવા આહાર સાત્ત્વિક મનુષ્યને જ પ્રિય હોય છે.

कट्वम्ललवणात्युष्णतीक्ष्णरूक्षविदाहिनः।
आहारा राजसस्येष्टा दुःखशोकामयप्रदाः ।।

તીખા, ખાટા, ખારા, ગરમાગરમ, તમતમતા, લૂખા તથા કાળજું બાળે એવા આહાર, રાજસી લોકોને પ્રિય હોય છે. તે દુઃખ, શોક અને રોગ પેદા કરનારા હોય છે.

यातयामं गतरसं पूति पर्युषितं च यत्।
उच्छिष्टमपि चामेध्यं भोजनं तामसप्रियम् ।।

પહોર લગી પડી રહેલું, ઊતરી ગયેલું, દુર્ગન્ધવાળું, વાસી, એઠું અને અપવિત્ર ભોજન તામસી લોકોને પ્રિય હોય છે.

આ ત્રણને જ વળગીને બેઠા રહીએ તો આપણું કામ ન ચાલે. સાત્ત્વિકમાં ગુણ બતાવીને પછી રસ ઈ.નું વર્ણન કરેલું છે. લાડુ ભટે લાડુને સાત્ત્વિકમાં ગણાવ્યા છે. લાડુથી બ્રહ્મચર્યની રક્ષા નથી થઈ શકતી. રસ્ય ઈ.માં વિવેક વાપરવાનો છે. તે જમાનામાં આ ભેદ બતાવવાનું કારણ હશે. કારણ તે વેળા જ ખોબો મરચાં ખાઈ જનારા પણ હશે. અત્યારે તો સ્નિગ્ધ પદાર્થોની જરૂર નથી રહેતી. અહીં ઘી ખાવા બેસીએ તો તે સાત્ત્વિક કે રાજસી નહીં, પણ રાક્ષસી ખોરાક થઈ પડે. કટુ, અમ્લ, લવણ વગેરે કહ્યાં છે તે તો બરોબર જ છે. વાસી રહેલું તેને વિશે કહેવાયું છે. ચિલ્ટન ચીઝ (પાર વગરનાં જીવડાંવાળું) પર્યુષિત (વાસી) ખોરાક કહેવાય. દાળિયા મમરાને પર્યુષિત ન કહેવાય.

## ૧૮૭

મંગળવાર, તા. ૧૯–૧૦–૨૬

अफलाकांक्षिभिर्यज्ञो विधिदृष्टो य इज्यते।
यष्टव्यमेवेति मनः समाधाय स सात्त्विकः ।।

ફળની આકાંક્ષા રાખ્યા વિના, વિધિપૂર્વક અને કર્તવ્ય માનીને તથા મનપૂર્વક કરવામાં આવેલો યજ્ઞ તે સાત્ત્વિક કહેવાય.

Gandhi Heritage Portal

अभिसन्धाय तु फलं दम्भार्थमपि चैव यत्।
इज्यते भरतश्रेष्ठ तं यज्ञं विद्धि राजसम् ।।

ફળની આકાંક્ષા રાખીને અથવા દંભની ખાતર જે યજ્ઞ થાય તેને તું રાજસી યજ્ઞ જાણ.

विधिहीनमसृष्टान्नं मन्त्रहीनमदक्षिणम् ।
श्रद्धाविरहितं यज्ञं तामसं परिचक्षते ।।

વિધિહીન, જેમાં અન્નની ઉત્પત્તિ નથી, જે મંત્રહીન છે, જેમાં દક્ષિણા આપવામાં આવતી નથી, જેમાં શ્રદ્ધા નથી તે યજ્ઞને તામસી કહે છે.

દક્ષિણા એટલે જેમાં પાંચ ગરીબોને દાન આપવામાં આવે તે.

देवद्विजगुरुप्राज्ञपूजनं शौचमार्जवम् ।
ब्रह्मचर्यमहिंसा च शारीरं तप उच्यते ।।

દેવ, બ્રાહ્મણ, ગુરુ અને પ્રાજ્ઞની પૂજા, પવિત્રતા તથા સરળતા, બ્રહ્મચર્ય અને અહિંસા જ, જેમાં હોય તે શારીર તપ કહેવાય.

શારીરિક અગવડો ભોગવીને કરવું તે તપ.

अनुद्वेगकरं वाक्यं सत्यं प्रियहितं च यत् ।
स्वाध्यायाभ्यसनं चैव वाङ्मयं तप उच्यते ।।

ઉદ્વેગ ન કરનારું તથા સત્ય, પ્રિય અને હિત કરનારું બોલવું તથા સ્વાધ્યાય અને અભ્યાસ કરવો એ વાણીનું જ તપ કહેવાય.

मनःप्रसादः सौम्यत्वं मौनमात्मविनिग्रहः ।
भावसंशुद्धिरित्येतत्तपो मानसमुच्यते ।।

જેમાં મનની પ્રસન્નતા છે, જેમાં શાંતિ છે, જેમાં મૌન અને આત્મનિગ્રહ છે, જેમાં અંતઃ-શુદ્ધિ છે, એ માનસિક તપ છે.

श्रद्धया परया तप्तं तपस्तत्त्रिविधं नरैः ।
अफलाकांक्षिभिर्युक्तैः सात्त्विकं परिचक्षते ।।

પરમ શ્રદ્ધાયુક્ત થઈને, ફલની આકાંક્ષા રાખ્યા વિના જ કરેલું આ ત્રણ પ્રકારનું તપ સાત્ત્વિક કહેવાય.

सत्कारमानपूजार्थं तपो दम्भेन चैव यत् ।
क्रियते तदिह प्रोक्तं राजसं चलमध्रुवम् ।।

કોઈ સત્કાર કરે, માન આપે અને પૂજા કરે, એવી ઇચ્છાથી તથા દંભપૂર્વક કરવામાં આવતું તપ અસ્થિર અને અનિશ્ચિત હોઈ રાજસ્ કહેવાય છે.

मूढग्राहेणात्मनो यत्पीडया क्रियते तपः ।
परस्योत्सादनार्थं वा तत्तामसमुदाहृतम् ।।

મૂઢ દુરાગ્રહથી, જાતે પીડા પામીને અને બીજાને ત્રાસ આપવાને માટે, જે તપ કરવામાં આવે છે તે તામસી કહેવાય.

સો દિવસના ઉપવાસ કરનાર કે એક પગે ઊભો રહેનાર માણસ સાત્ત્વિક તપ નથી કરતો, પણ તામસી તપ કરે છે.

Gandhi Heritage Portal

## ૧૮૮

બુધવાર, તા. ૨૦–૧૦–૨૬

दातव्यमिति यद्दानं दीयतेऽनुपकारिणे।
देशे काले च पात्रे च तद्दानं सात्त्विकं स्मृतम्॥

જે દેવું જ જોઈએ એ ભાવથી, જેનો ઉપકાર વાળવાની શક્તિ જ ન હોય તેવા માણસને, અને દેશકાળપાત્ર જોઈને, જે દાન અપાય છે, તે સાત્ત્વિક કહેવાય છે.

જે એક વખતે દાતવ્ય હોય, તે બધે દાતવ્ય હોય એમ નથી. તે જ પ્રમાણે પાત્રોને વિશે પણ છે. એક તદ્દન અપંગ માણસ હોય તેને ખાવાનું આપવું, એ બરાબર છે. પણ ધારો કે કોઈ આંધળો માણસ તાવમાં પડેલો હોય અને તે ભીખ માગે છે તેને અન્નનું દાન આપીએ એ અપાત્રને આપ્યા બરાબર છે. તેવા કોઈને ધાબળીનું દાન આપીએ તે લઈને તે વેચે તો તે પણ અપાત્રને આપ્યું કહેવાય. એક દેશમાં અનાજનું દાન ઘટે, બીજા દેશમાં બીજું ઘટે, ત્રીજા દેશમાં વળી ત્રીજું. સિદ્ધાંત તો એક જ. પણ તેનો અમલ દેશ, કાળ અને પાત્ર પ્રમાણે બદલવાનો છે. તેમ જ યજ્ઞને વિશે.

यत्तु प्रत्युपकारार्थं फलमुद्दिश्य वा पुनः।
दीयते च परिक्लिष्टं तद्दानं राजसं स्मृतम्॥

જે દાન બદલો મેળવવાને માટે અપાય છે, વળી ફળના ઉદ્દેશથી અપાય છે, અને જે ન છૂટકે સંકોચ પામીને અપાય છે, તે દાન રાજસ્ છે.

अदेशकाले यद्दानमपात्रेभ्यश्च दीयते।
असत्कृतमवज्ञातं तत्तामसमुदाहृतम्॥

દેશ, કાળ અને પાત્રનો વિવેક કર્યા વિના, અસત્કારથી અને અવજ્ઞાથી અપાયેલું દાન તામસી કહેવાય છે.

ॐतत्सदिति निर्देशो ब्रह्मणस्त्रिविधः स्मृतः।
ब्राह्मणास्तेन वेदाश्च यज्ञाश्च विहिताः पुरा॥

ૐ, તત્, સત્ એ ત્રણ શબ્દથી બ્રહ્મનું નામ લેવાય છે. અને તેથી એ નિર્દેશથી પૂર્વે બ્રાહ્મણો, વેદો અને યજ્ઞો વિહિત (નિર્મિત) થયા.

तस्मादोमित्युदाहृत्य यज्ञदानतपःक्रियाः।
प्रवर्तन्ते विधानोक्ताः सततं ब्रह्मवादिनाम्॥

ૐ શબ્દના ઉચ્ચારણથી બ્રહ્મવાદીઓ યજ્ઞ, દાન અને તપની ક્રિયાઓ હમેશાં વિધિવત્ કરે છે.

બ્રહ્મના જિજ્ઞાસુઓ બધા યજ્ઞો, દાન, તપ કૃષ્ણાર્પણ કરે છે. તેઓ હરિને નામે કરે છે, ૐને નામે કરે છે.

तदित्यनभिसंधाय फलं यज्ञतपःक्रियाः।
दानक्रियाश्च विविधाः क्रियन्ते मोक्षकाङ्क्षिभिः॥

મોક્ષાર્થીઓ તત્ શબ્દનો ઉચ્ચાર કરીને, ફળની આશા રાખ્યા વિના, યજ્ઞ દાન અને તપની ક્રિયાઓ કરે છે.

Gandhi Heritage Portal

सद्भावे साधुभावे च सदित्येतत्प्रयुज्यते ।
प्रशस्ते कर्मणि तथा सच्छब्दः पार्थ युज्यते ।।

સદ્ભાવ અને સાધુભાવમાં સત્ શબ્દનો પ્રયોગ થાય છે. પ્રશસ્ત (સારાં) કર્મોમાં પણ સત્ શબ્દ વપરાય છે.

यज्ञे तपसि दाने च स्थितिः सदिति चोच्यते ।।
कर्म चैव तदर्थीयं सदित्येवाभिधीयते ।।

એ બધાં કાર્યોમાં ૐ આરંભમાં છે. સત્માં તેની સ્થિતિ છે. યજ્ઞ-દાનાદિમાં આપણે દૃઢતા ઇચ્છતા હોઈએ તો ૐકાર એ આરંભ છે અને સત્ એ સ્થિતિસૂચક છે. સત્ એ સ્થિતિનું અને હરિનું વાચક છે. બ્રહ્મ સત્યં જગત્ મિથ્યા એ, એ જ અર્થમાં કહેવાયેલું છે.

अश्रद्धया हुतं दत्तं तपस्तप्तं कृतं च यत् ।
असदित्युच्यते पार्थ न च तत्प्रेत्य नो इह ।।

અશ્રાદ્ધાથી યજ્ઞ કર્યો હોય, દાન કર્યું હોય, કે તપ થતું હોય, તે અસત્ છે. તે નથી આ લોકના કામનું, નથી પરલોકના કામનું.

ૐ તત્ સત્નો અર્થ એ થયો કે બધું છે તે ૐ છે. હું એ મિથ્યા છું, ખુદા એક છે, બીજું કોઈ નથી, બધા ફાંફાં મારનારા છીએ.

આહાર પણ સાત્ત્વિક વૃત્તિથી ખાવો જોઈએ. ઘણા માણસ ખાય છે તે પણ ઈશ્વરપ્રીત્યર્થે ખાય છે. આ જગતમાં મારે શૂન્ય થઈને રહેવું છે. જગત ભલે દડો કરીને ઠેબાં મારે, પણ મારે ઠેબાં નથી ખાવાં. વિદ્યા, શરીર, બળ, પૈસો બધાનો બીજાને સારુ ઉપયોગ કરવાનો છું. એ બધું સારો કહેવાઉં એ માટે નહીં. એટલે ૐ તત્ સત્ એ નમ્રતાની પ્રતિજ્ઞા છે. એમાં આપણી તુચ્છતા અનુભવવાનો અર્થ છે. એમાં અહંકારરહિતપણું છે. ઇમામ સાહેબ[૧] કહેવા ઇચ્છે તો આ તેમનો કલમો છે.

## ૧૮૯

ગુરુવાર, તા. ૨૧–૧૦–૨૬

સત્તરમા અધ્યાયમાં દાન, શ્રાદ્ધા, તપ આદિના ત્રણ વિભાગ આપ્યા છે. એ દૃષ્ટાંત રૂપે જ છે. એના જેટલા વિભાગ કરવા હોય તેટલા કરી શકાશે. માત્ર એટલું જ બતાવ્યું કે ત્રણ ગુણોની શક્તિ આખા જગતની ઉપર ચાલી રહી છે. વાસણ જડ પદાર્થ છે, પણ અંદર જેમ વાયુ ભરેલો છે તેમ વસ્તુમાત્ર ચેતનથી ભરેલી છે. ત્રણ ગુણ સિવાય જે વસ્તુ છે તે ઈશ્વર છે. તેમાં લીન થઈ જવાનું છે. સાત્ત્વિકમાં સાત્ત્વિક કેળવતાં છતાંયે કંઈ રાજસી, તામસી રહી જવાનું. પણ તેની ચિંતા ન કરતાં સાત્ત્વિક જ કેળવતા જઈશું. કારણ આપણો સ્પર્શ ઓછો કરનારી, શક્તિનો ઓછો ખર્ચ કરનારી વૃત્તિ સાત્ત્વિક છે. જનકને પણ દેહ હતો ત્યાં સુધી વિદેહ છતાંયે તેમનામાં અને આપણામાં માત્ર પ્રમાણનો જ ફરક છે. હા, તેમનો દેહ પડયા પછી તેમને પાછું આવવાપણું નથી.

૧. અબ્દુલ કાદિર બાવાઝીર.

Gandhi Heritage Portal

### અધ્યાય અઢારમો

હવે અઢારમા અધ્યાયમાં સંન્યાસ અને ત્યાગની ગડ બેસાડી આપવાની અર્જુન શ્રીકૃષ્ણને વિનંતી કરે છે.

संन्यासस्य महाबाहो तत्त्वमिच्छामि वेदितुम् ।
त्यागस्य च हृषीकेश पृथक्केशिनिषूदन ।।

અર્જુન કહે છે:

હે મહાબાહુ, હું સંન્યાસનું તત્ત્વ જાણવાને ઇચ્છું છું, ને ત્યાગનું તત્ત્વ પણ નોખું મને બતાવો.

ભગવાન જવાબ આપે છે:

काम्यानां कर्मणां न्यासं संन्यासं कवयो विदुः ।
सर्वकर्मफलत्यागं प्राहुस्त्यागं विचक्षणाः ।।

કામ્ય કર્મ એટલે જેને વિશે અનેક જાતની ઇચ્છા રહેલી છે તેનો ત્યાગ, તેને જ્ઞાનીઓ સંન્યાસ કહે છે. અને બધાંયે કર્મના ફળનો ત્યાગ એને ડાહ્યા લોકો ત્યાગ કહે છે.

આ બેમાં કશો ભેદ છે એવું નથી. કામ્ય કર્મનો અર્થ એવો જણાય છે કે બધાંયે કર્મ —મને એ વિશે ગડ બેસી ગઈ છે, એમ નથી. કર્મનો સર્વમાં ત્યાગ સંભવી નથી શકતો, એટલે કર્મમાત્રનો ત્યાગ એ સંન્યાસ, અને ત્યાગ એટલે ફળત્યાગ.

## ૧૯૦

શુક્રવાર, તા. ૨૨–૧૦–૨૬

કાલે મેં કામ્ય કર્મનો અર્થ એવો કરેલો કે બધાં કર્મ — સુરેન્દ્રે વિનોબાના અર્થની યાદ આપી — અમુક હેતુથી કરાનારાં કર્મો, એ તેનો અર્થ છે. પણ હેતુ તો દરેકનો હોય જ. તેને વિશે તટસ્થ હોઈએ એ વાત જુદી. એ હેતુ સર્યા વિના તો રહે જ નહીં. દેહ એ જ કર્મ છે. દેહ હોવા છતાં દેહને વિશે પણ નિશ્ચિત રહી શકીએ.

त्याज्यं दोषवदित्येके कर्म प्राहुर्मनीषिणः ।
यज्ञदानतपःकर्म न त्याज्यमिति चापरे ।।

એક પ્રકારના માણસો કહે છે કે કર્મમાત્ર દોષવાન છે, એટલા માટે કર્મ ત્યાજ્ય છે. બીજા કહે છે કે યજ્ઞ, દાન, તપ આદિ કર્મ ત્યાજ્ય નથી.

निश्चयं शृणु मे तत्र त्यागे भरतसत्तम ।
त्यागो हि पुरुषव्याघ्र त्रिविधः संप्रकीर्तितः ।।
यज्ञदानतपःकर्म न त्याज्यं कार्यमेव तत् ।
यज्ञो दानं तपश्चैव पावनानि मनीषिणाम् ।।

આ વિશે મારો નિશ્ચય સાંભળ. હે ભરતસત્તમ, હે પુરુષવ્યાઘ્ર, ત્યાગ ત્રણ પ્રકારનો કહેવાયેલો છે. યજ્ઞ, દાન, તપ, આદિ કર્મ ત્યાગ કરવા લાયક નથી, કારણ યજ્ઞ, દાન અને તપ મનુષ્યોને પવિત્ર કરનારાં છે.

एतान्यपि तु कर्माणि सङ्गं त्यक्त्वा फलानि च ।
कर्तव्यानीति मे पार्थ निश्चितं मतमुत्तमम् ।।

Gandhi Heritage Portal

એ કર્મો પણ સંગ અને ફળ ત્યજીને કરવા યોગ્ય છે, એટલે એમ સમજીને કરવાં એવો મારો નિશ્ચિત અને ઉત્તમ મત છે.

नियतस्य तु संन्यासः कर्मणो नोपपद्यते।
मोहात्तस्य परित्यागस्तामसः परिकीर्तितः।।

નિયત કર્મ એટલે શાસ્ત્રે કહેલાં નિત્ય કર્મનો સંન્યાસ બની શકતો નથી. તેનો મોહથી ત્યાગ કરવો એ તામસ્ ત્યાગ કહેવાય છે.

दुःखमित्येव यत्कर्म कायक्लेशभयात्त्यजेत्।
स कृत्वा राजसं त्यागं नैव त्यागफलं लभेत्।।

જે કર્મ દુ:ખકારક છે અને જેનો ત્યાગ કાયાના કષ્ટના ભયથી કરવામાં આવે છે, તે રાજસ્ ત્યાગ છે. એ માણસને ત્યાગના ફળનો લાભ મળતો નથી.

कार्यमित्येव यत्कर्म नियतं क्रियतेऽर्जुन।
सङ्गं त्यक्त्वा फलं चैव स त्यागः सात्त्विको मतः।।

જે કર્મ કરવાલાયક છે એમ સમજીને જે માણસ એના સંગ અને ફલનો ત્યાગ કરે છે, તે માણસ સાત્ત્વિક ત્યાગી છે.

न द्वेष्टयकुशलं कर्म कुशले नानुषज्जते।
त्यागी सत्त्वसमाविष्टो मेधावी छिन्नसंशयः।।

અમુક કર્મ અશુભ છે એમ વિચારી તેનો દ્વેષ નથી કરતો અને શુભ છે એમ વિચારી તેને વિશે મોહિત નથી થતો. આ પ્રમાણે કર્મ કરનાર માણસ સંશયરહિત થયેલો, શુદ્ધ ભાવનાવાળો, ત્યાગી અને બુદ્ધિમાન છે.

न हि देहभृता शक्यं त्यक्तुं कर्माण्यशेषतः।
यस्तु कर्मफलत्यागी स त्यागीत्यभिधीयते।।

દેહધારીથી કર્મનો સર્વથા ત્યાગ કરવો અસંભવિત છે, તેથી જે માણસ કર્મના ફલનો ત્યાગ કરે છે તે ત્યાગી છે.

જ્યારે બધાં કર્મના ફલનો ત્યાગ કરવાનો નિશ્ચય કર્યો હશે, ત્યારે આપણે કર્તવ્ય કર્મ કર્યા કરીશું. પહેલા શ્લોકની અંદર સંન્યાસ કહ્યો છે, તે તો કવિએ કર્મમાત્રનો ત્યાગ કરવો એ જ અર્થમાં કહ્યું. મારું અને તારું મૂકીને કાર્ય કરવું, એ જ સત્તરમા અધ્યાયનું તાત્પર્ય છે. જે સ્થિતિમાં મારા-તારાનો ભેદ વધારેમાં વધારે ઊડી ગયો છે, તે સાત્ત્વિક સ્થિતિ છે. કર્મનો સર્વથા ત્યાગ દેહધારીને માટે અશક્ય છે. દેહાધ્યાસ તો મરણપર્યંત પણ રહેવાનો. સમાધિસ્થ પુરુષ એટલું કરી શકે કે સ્ટેથોસ્કોપમાં પણ તેના હૃદયના ટકોરા ન સંભળાય. યોગાભ્યાસીઓ કહે છે કે જીવ તો ક્યાંય ખોળિયું છોડીને પણ, જઈ શકે છે. પણ તે શા સારુ? આપણે ઇચ્છા કરીએ ત્યારે નાડી ઓછી કરી શકીએ છીએ. પણ વાત એ છે કે યોગીએ ખરેખર એવી ઇચ્છા કરી હોય કે જીવ કાયાથી, વાચાથી અને મનથી ચાલ્યો જાય તો તે ચાલ્યો જ જાય. દેહને જો ન ટકાવી રાખીએ, તો એ પડી જ જવાનો છે, એ વિશે મને શંકા નથી. પરંતુ દેહત્યાગની આપણી ઇચ્છા એટલે સુધી જતી નથી, કારણ ટાંકણી વાગે તો લાગે છે. રામદાસ સ્વામી જેવા બીજાના શરીર વિશે પણ રહી શકે, અને તેને દુ:ખ લાગે. પરંતુ તેને બધાના શરીરની લાગણી નથી થઈ શકતી, સિવાય કે તે કલ્પનામાં એ બધું લાવે. એટલે આપણાથી એટલું જ થઈ શકે કે જ્યાં જતાં હુંપણાની ગંધ આવે એટલાં કર્મ છોડવાં.

Gandhi Heritage Portal

## ૧૯૧

શનિવાર, તા. ૨૩-૧૦-૨૬

હરિશ્ચંદ્રનો ત્યાગ હતો. કુશળ-અકુશળ કાર્ય આવી પડે ત્યારે બંને સરખી રીતે કરવાને એ તૈયાર હતો.

अनिष्टमिष्टं मिश्रं च त्रिविधं कर्मणः फलम् ।
भवत्यत्यागिनां प्रेत्य न तु संन्यासिनां क्वचित् ।।

અનિષ્ટ, ઇષ્ટ અને મિશ્ર એમ કર્મનાં ફળના ત્રણ પ્રકાર વર્ણવ્યા છે. જેણે ત્યાગ નથી કર્યો તેને મૂઆ પછી આ ફળ મળે છે, પરંતુ સંન્યાસીને કદી મળતાં નથી.

पञ्चैतानि महाबाहो कारणानि निबोध मे ।
सांख्ये कृतान्ते प्रोक्तानि सिद्धये सर्वकर्मणाम् ।।

સઘળાં કર્મની સિદ્ધિને વિશે, સાંખ્યવાદ જેમાં કર્મને છણેલું છે, તેમાં પાંચ કારણો કહેલાં છે, તે તું જાણ.

अधिष्ठानं तथा कर्ता करणं च पृथग्विधम् ।
विविधाश्च पृथक्चेष्टा दैवं चैवात्र पञ्चमम् ।।

એ પાંચ આ છે: ક્ષેત્ર, કર્તા, જુદાં જુદાં સાધન, જુદી જુદી ક્રિયા, અને પાંચમું દૈવ. દૈવ રૂઠયું ત્યારે અર્જુન એ જ ધનુષ્ય અને એ જ બાણ હોવા છતાં લૂંટાયો.

शरीरवाङ्मनोभिर्यत्कर्म प्रारभते नरः ।
न्याय्यं वा विपरीतं वा पञ्चैते तस्य हेतवः ।।

શરીર, વાણી અને મન, એ ત્રણમાંથી ગમે તે રીતે કામનો આરંભ કરે છે; તે ન્યાય્ય હોય કે વિપરીત હોય, તોપણ આ પાંચ તેના કાર્યના હેતુ હોય છે.

तत्रैवं सति कर्तारमात्मानं केवलं तु यः ।।
पश्यत्यकृतबुद्धित्वान्न स पश्यति दुर्मतिः ।।

આમ હોવા છતાં પોતાને જ જે માણસ કર્તા માને છે — કાર્યાકાર્યનો વિવેક તેની બુદ્ધિ નથી કરતી માટે એ માણસ દુર્મતિ છે.

यस्य नाहंकृतो भावो बुद्धिर्यस्य न लिप्यते ।
हत्वापि स इमाँल्लोकान्न हन्ति न निबध्यते ।।

જે માણસને અહંકારનો ભાવ નથી, જેની બુદ્ધિ ભ્રષ્ટ નથી થઈ તે માણસ હણતો છતાં આ લોકોને નથી હણતો, અને નથી બંધાતો.

. . . ના હાથમાં કાંકરી મૂકીને . . . પાસે એના તરફ ફેંકાવું અને મારું, તો તેનું પાપ મને કે . . ને? અર્જુન દ્વારકાથી કૃષ્ણને ખેંચી લઈ આવ્યો અને હવે કહે કે નથી લડવું, એ ચાલે? કૃષ્ણ કહે છે: હું તને કહું છું કે લડ, પછી અર્જુનને શો લેપ હોય? હરિશ્ચંદ્રની તલવાર તે હરિશ્ચંદ્રની નહોતી, કાશીરાજની નહોતી. હરિશ્ચંદ્ર સત્યાગ્રહ કરી શકે એમ હતું, પણ શું તે તારામતી હતી તેથી કે? જ્યાં સ્વાર્થની વાત હોય ત્યાં તે વસ્તુ કરવા જેવી હોય કે ન હોય તોપણ તે કરવી જોઈએ. પણ સ્વાર્થની વાત જ ન હોત, તેની રાણીનો સવાલ જ ન હોત, કેવળ તેને એ કામ તરફ ઘૃણા ઊપજી હોત, અને તેનો હાથ જ ન ઊપડત, તો તે સત્યાગ્રહ કરી શકતો હતો.

Gandhi Heritage Portal

ઉપર ઉપરથી વાંચતાં આ શ્લોક માણસને ભુલાવામાં નાખનારો છે. તેનો સચોટ નમૂનો જગતમાં ન મળે, અને ઉપયોગને અર્થે પણ જેમ ભૂમિતિમાં કાલ્પનિક, આદર્શ આકૃતિઓની આવશ્યકતા છે, તેમ જ ધર્મવ્યવહારને અંગે છે. તેથી આ શ્લોકનો અર્થ આમ જ બેસાડાય: જેની અહંતા ખાખ થઈ ગઈ છે, અને બુદ્ધિમાં લેશ પણ મેલ નથી, તે ભલે આખા જગતને હણે એમ કહીએ, પણ જેનામાં અહંતા નથી તેને શરીર જ નથી. જેની બુદ્ધિ વિશુદ્ધ છે તે ત્રિકાળદર્શી છે. આ પુરુષ તો કેવળ એક ભગવાન છે. તે કરતો છતો અકર્તા છે, હણતો છતો અહિંસક છે. તેથી મનુષ્ય પાસે તો એક ન હણવાનો અને શિષ્ટાચાર-શાસ્ત્રનો જ માર્ગ છે.

ज्ञानं ज्ञेयं परिज्ञाता त्रिविधा कर्मचोदना।
करणं कर्म कर्तेति त्रिविधः कर्मसंग्रहः।।

જ્ઞાન, જ્ઞેય અને પરિજ્ઞાતા એમ ત્રણ પ્રકારની કર્મની પ્રેરણા થાય છે. કરણ, કર્મ અને કર્તા એ ત્રણ વસ્તુનો કર્મનો સમુદાય બને છે.

દાખલા તરીકે, સ્વરાજ લેવું છે એ જ્ઞાન, એ લેવા યોગ્ય છે એ જાણનાર. પણ એટલાથી સ્વરાજ મળતું નથી. એ પ્રમાણે સ્વરાજની પ્રવૃત્તિ — સાધન જોઈએ. આમ ગમે તે પ્રવૃત્તિ માટે ગોઠવી શકાય છે.

ज्ञानं कर्म च कर्ता च त्रिधैव गुणभेदतः।
प्रोच्यते गुणसंख्याने यथावच्छृणु तान्यपि।।

જ્ઞાન કર્મ અને કર્તા, ગુણભેદ પ્રમાણે ત્રણ પ્રકારના છે. ગુણની ગણતરીની અંદર એનું વર્ણન કરવામાં આવે છે, તે તું મારી પાસેથી સાંભળ.

सर्वभूतेषु येनैकं भावमव्ययमीक्षते।
अविभक्तं विभक्तेषु तज्ज्ञानं विद्धि सात्त्विकम्।।

જે જ્ઞાન વડે માણસ સર્વ ભૂતોમાં એક જ અવિનાશી ભાવ જુએ છે, અને વિવિધતામાં એકતાને જુએ છે, એ સાત્ત્વિક જ્ઞાન છે.

આ જગતમાં જે વસ્તુ નોખી નોખી દેખાય છે તે વિભક્ત નથી. આપણી આંખનો કમળો નીકળી જાય તો આપણે બધી વસ્તુને અવિભક્ત દેખવાના છીએ.

पृथक्त्वेन तु यज्ज्ञानं नानाभावान्पृथग्विधान्।
वेत्ति सर्वेषु भूतेषु तज्ज्ञानं विद्धि राजसम्।।

જે જ્ઞાન નોખા નોખા ભાવથી જુદી જુદી વસ્તુઓને જુદી જુદી રીતે જુએ છે, બધાંયે પ્રાણીઓને વિશે તે જ્ઞાન રાજસ્ છે.

હું, મારાં અને બન્નેની બહારનાં, આ ત્રણ વિભાગ રાજસ ભાવથી થાય છે. રાગદ્વેષાદિ એમાંથી ઉત્પન્ન થાય છે. સાત્ત્વિક સ્થિતિમાં રાગદ્વેષાદિને સ્થાન નથી.

यत्तु कृत्स्नवदेकस्मिन्कार्ये सक्तमहैतुकम्।
अतत्त्वार्थवदल्पं च तत्तामसमुदाहृतम्।

તામસ જ્ઞાન એ કે સઘળાં કાર્યમાં આસક્તિ રાખીને, તેમાં કાંઈ હેતુ નથી એમ માનીને, અને એ રહસ્ય વિનાનું અને તુચ્છ છે એમ માનીને ચાલવું.

તામસ જ્ઞાનમાં બધો ખીચડો કરવામાં આવે, એમાં ઈશ્વર જેવો કોઈ છે જ નહીં, એમ માનવામાં આવે.

Gandhi Heritage Portal

नियतं सङ्गरहितमरागद्वेषतः कृतम्।
अफलप्रेप्सुना कर्म यत्तत्सात्त्विकमुच्यते ।।

આસક્તિ અને રાગદ્વેષ વિનાનું તથા ફળની ઇચ્છા રાખ્યા વિનાનું નિયત કર્મ સાત્ત્વિક કહેવાય છે.

यत्तु कामेप्सुना कर्म साहंकारेण वा पुनः।
क्रियते बहुलायासं तद्राजसमुदाहृतम् ।।

જે કર્મ કામના વડે થાય છે, અથવા અહંકારથી થાય છે, અને જેમાં ભારે ધાંધલ હોય છે, તે રાજસ્ કર્મ છે.

સાત્ત્વિક માણસ કામોને શોધતો ફરતો નથી. રાજસી માણસ આજે વિમાન શોધે, કાલે વિલાયતથી અહીં સુધી પાંચ કલાકમાં પહોંચવાની પ્રવૃત્તિ ચલાવે, આવો માણસ ચોવીસ કલાકમાંથી અર્ધો કલાક આત્માને છેતરવાને માટે કાઢે છે, અને સાડી તેવીસ કલાક દેહને માટે કાઢે છે.

ચરખા ઈ.ની પ્રવૃત્તિ રાજસી છે કે સાત્ત્વિક પણ છે? ભાવનાનો વિચાર કરીને એનો નિર્ણય થાય. જો કેવળ પૈસાની ખાતર ચરખો ચલાવે તો એ રાજસી ગણાય, પણ જગતના ભલાને માટે યજ્ઞાર્થે કાંતે, તો એ સાત્ત્વિક ગણાય.

अनुबन्धं क्षयं हिंसामनवेक्ष्य च पौरुषम्।
मोहादारभ्यते कर्म यत्तत्तामसमुच्यते ।।

પરિણામનો, હાનિનો, હિંસાનો અને પોતાના ગજાનો જ વિચાર કર્યા વિના મોહથી જે કર્મ કરવામાં આવે છે, તે તામસ કર્મ કહેવાય છે.

તામસ કર્મમાં માણસ પરિણામ જાણતો નથી અને ઝંપલાવે છે. ફળની ઇચ્છા રાખ્યા વિનાનો માણસ તો ફળ જાણે છે, પણ તેની ઇચ્છા નથી કરતો.

## ૧૯૨

મંગળવાર, તા. ૨૬–૧૦–૨૬

मुक्तसंगोऽनहंवादी धृत्युत्साहसमन्वितः।
सिद्धयसिद्धयोर्निर्विकारः कर्ता सात्त्विक उच्यते ।।

જે આસક્તિ વિનાનો છે, હુંપણાના ભાવથી મુક્ત છે, દૃઢતા અને ઉત્સાહવાળો છે, જે સફળતા-નિષ્ફળતામાં હર્ષ-શોક નથી કરતો, તે સાત્ત્વિક કર્તા છે.

હુંપણાના ભાવથી મુક્ત એટલે નિમિત્તમાત્ર થનારો. તે આસક્તિ વિનાનો એટલે માણસ ઢીલો થઈ જાય એમ નહીં, તેણે તો વધારેમાં વધારે ક્રિયાવંત હોવું જોઈએ. ભક્ત અને ભગવાનનો સંબંધ એક રીતે જોઈએ તો આશક – માશૂકના જેવો ગણાય; જોકે બન્નેમાં ઉત્તર-દક્ષિણનો તફાવત છે. ભક્ત તો અલિપ્ત રહે છે, જ્યારે પેલાં વ્યભિચારીઓ દિવસે દિવસે ક્ષીણ થતાં જાય છે. અંગ્રેજ અમલદાર અહીં આવે છે. તેઓમાં ધૃતિ અને ઉત્સાહનો કાંઈ પાર હોય છે? એ તો યોગી જેવા લાગે છે, પણ તેઓ મુક્તસંગ નથી. તેઓ પરિણામવાદી છે. તેઓ પરિણામ માટે કાળાંધોળાં કરનારા છે. પણ જે માણસ મુક્તસંગ છે તેની પાસે કામ, કામ અને કામ, નિશ્ચય, નિશ્ચય અને નિશ્ચય, તથા ઉત્સાહ, ઉત્સાહ અને ઉત્સાહ હોય. રેંટિયો ચલાવતા હોય તોપણ તે માણસમાં ધૃતિ અને ઉત્સાહ હોય. આવો કર્તા તે સાત્ત્વિક કર્તા કહેવાય છે.

Gandhi Heritage Portal

रागी कर्मफलप्रेप्सुर्लुब्धो हिंसात्मकोऽशुचिः ।
हर्षशोकान्वितः कर्ता राजसः परिकीर्तितः ।।

રાગી, કર્મફળની ભારે ઇચ્છાવાળો, લોભી, હિંસા કરતાં પાછું ફરીને ન જોનારો, અપવિત્ર, તથા સિદ્ધિ-અસિદ્ધિને વિશે હર્ષશોકથી ભરેલો એવો માણસ રાજસી કર્તા છે.

अयुक्तः प्राकृतः स्तब्धः शठो नैष्कृतिकोऽलसः ।
विषादी दीर्घसूत्री च कर्ता तामस उच्यते ।।

અવ્યવસ્થિત, અસંસ્કારી, અક્કડ, શઠ, અનિશ્ચયી અને આળસુ, વિષાદી, દીર્ઘસૂત્રી એવો માણસ તામસ કર્તા કહેવાય છે.

बुद्धेर्भेदं धृतेश्चैव गुणतस्त्रिविधं शृणु ।
प्रोच्यमानमशेषेण पृथक्त्वेन धनंजय ।।

હવે બુદ્ધિ અને ધૃતિના ભેદ પ્રમાણે પૂરા અને નોખા નોખા ત્રણ પ્રકાર કહું છું તે સાંભળ.

प्रवृत्तिं च निवृत्तिं च कार्याकार्ये भयाभये ।
बन्धं मोक्षं च या वेत्ति बुद्धिः सा पार्थ सात्त्विकी ।।

પ્રવૃત્તિ અને નિવૃત્તિ, કાર્ય અને અકાર્ય, ભય અને અભય (અમુક વસ્તુથી બચી જવા જેવું અને અમુક વસ્તુથી નિર્ભય રહેવાનું), બંધ અને મોક્ષ, એનો નિર્ણય કરી જાણે તે બુદ્ધિ સાત્ત્વિક છે.

यया धर्ममधर्मं च कार्यं चाकार्यमेव च ।
अयथावत्प्रजानाति बुद्धिः सा पार्थ राजसी ।।

જે માણસ ધર્મ અને અધર્મ, કાર્ય અને અકાર્ય બરાબર નથી જાણતો તેની બુદ્ધિ રાજસી છે.

अधर्मं धर्ममिति या मन्यते तमसावृता ।
सर्वार्थान्विपरीतांश्च बुद्धिः सा पार्थ तामसी ।।

અંધારાથી ઘેરાયેલી બુદ્ધિ અધર્મને ધર્મ કરીને જાણે છે, તથા બધા અર્થો વિપરીત કરે છે, (બધું વક્ર જ જુએ છે), એ તામસી બુદ્ધિ છે.

## ૧૯૩

બુધવાર, તા. ૨૭–૧૦–૨૬

धृत्या यया धारयते मनःप्राणेन्द्रियक्रियाः ।
योगेनाव्यभिचारिण्या धृतिः सा पार्थ सात्त्विकी ।।

જે અવ્યભિચારી ધૃતિ વડે મન, પ્રાણ અને ઇન્દ્રિયોની ક્રિયા યોગથી ધારણ કરે છે તે ધૃતિ સાત્ત્વિક છે.

માણસ એક નિશ્ચિય કરીને, પરિણામને વળગ્યા વિના તે નિશ્ચયને વળગી રહે છે, રોજ તે નિશ્ચયને ફેરવતો નથી, તે જ અવ્યભિચારી ધૃતિ છે. યોગથી એટલે ઈશ્વરાર્પણબુદ્ધિથી.

यया तु धर्मकामार्थान्धृत्या धारयतेऽर्जुन ।
प्रसंगेन फलाकांक्षी धृतिः सा पार्थ राजसी ।।



Gandhi Heritage Portal

જે ધૃતિ ફળની આશા રાખવાવાળી છે અને જે ધર્મ, કામ તથા અર્થનું મનન કરે છે તે ધૃતિ રાજસી છે.

પહેલીમાં ઈશ્વરપરાયણતા છે, બીજીમાં આસક્તિ છે, અને એ રીતે ધર્મ, અર્થ અને કામને મેળવવા ઈચ્છે છે. આ નિર્ણયમાં અયોગ્યતા હોય.

यया स्वप्नं भयं शोकं विषादं मदमेव च।
न विमुञ्चति दुर्मेधा धृतिः सा पार्थ तामसी।।

જે ધૃતિ વડે દુર્બુદ્ધિ મનુષ્ય સ્વપ્ન, ભય, શોક, વિષાદ અને મદનો ત્યાગ જ નથી કરતો તે તામસી ધૃતિ છે.

બધું કરવામાં શોક, મોહ હોય અને તેમાં નિરાશા અને ભય તો હોય જ.

सुखं त्विदानीं त्रिविधं शृणु मे भरतर्षभ।
अभ्यासाद्रमते यत्र दुःखान्तं च निगच्छति।।
यत्तदग्रे विषमिव परिणामेऽमृतोपमम्।
तत्सुखं सात्त्विकं प्रोक्तमात्मबुद्धिप्रसादजम्।।

સુખ પણ ત્રણ પ્રકારનું છે, જેના અભ્યાસથી માણસ આનંદ પામે છે, જેથી દુઃખનો અંત આવે છે, જે આરંભમાં ઝેર જેવું લાગે છે, પણ પરિણામે અમૃત જેવું હોય છે, તે સુખ સાત્ત્વિક છે. તે આત્માના જ્ઞાનની પ્રસાદીથી ઉત્પન્ન થાય છે.

આ સુખ મેળવવા સારુ તપશ્ચર્યા કરવી જોઈએ. એમાં ત્યાગ છે એટલે આરંભમાં કષ્ટ રહેલું છે. જેમાં અભ્યાસમાં, પઠનપાઠનમાં પણ, નિદ્રા અને આલસ્ય તજવાનું હોય છે, પરિશ્રમ કરવાનો હોય છે, એ બધી તપશ્ચર્યા થઈ. પણ અંતે આત્મજ્ઞાન છે. જેવો આત્મા તેવો આત્માનંદ. દેહાનંદ કેવળ વિકારમય છે. વિકારની ઉપર તેનો આધાર છે માટે તે ક્ષણિક છે, પતંગિયા અને વીજળી જેવું ક્ષણિક છે, પેલું શાશ્વત છે. આત્મજ્ઞાનની પ્રસાદીથી થતું સુખ અમૃતમય છે.

विषयेन्द्रियसंयोगाद्यत्तदग्रेऽमृतोपमम्।
परिणामे विषमिव तत्सुखं राजसं स्मृतम्।।

એ સુખને રાજસ કહ્યું છે, જે વિષયઈન્દ્રિયના સંયોગથી આરંભમાં અમૃત જેવું લાગે છે, પણ પરિણામે વિષ સમાન હોય છે.

નાટક ઈત્યાદિ જોવા ગયા. તે જોતાં સુખ થાય, પણ પાછળથી ઊંઘ વેચીને ઉજાગરાનું દુઃખ, અને પછી મન ઉપર થયેલું વધારે દુઃખ, તે જુદું.

यदग्रे चानुबन्धे च सुखं मोहनमात्मनः।
निद्रालस्यप्रमादोत्थं तत्तामसमुदाहृतम्।।

જે આરંભમાં અને પરિણામે આપણને મોહ પમાડનારું છે અને નિદ્રા, આળસ અને પ્રમાદમાંથી ઉત્પન્ન થયેલું છે, તે તામસ સુખ કહેવાય છે.

न तदस्ति पृथिव्यां वा दिवि देवेषु वा पुनः।
सत्त्वं प्रकृतिजैर्मुक्तं यदेभिः स्यात्त्रिभिर्गुणैः।।

Gandhi Heritage Portal

પૃથ્વીમાં અથવા સ્વર્ગમાં દેવોને વિશે પણ એવું કોઈ નથી જે પ્રકૃતિજન્ય આ ત્રણ ગુણોથી મુક્ત હોય.

તેથી આપણે મુક્ત થવાનું રહ્યું છે.

## ૧૯૪

ગુરુવાર, તા. ૨૮–૧૦–૨૬

આજે મહાદેવભાઈએ નોંધ કરેલી નથી.

ब्राह्मणक्षत्रियविशां शूद्राणां च परंतप।
कर्माणि प्रविभक्तानि स्वभावप्रभवैर्गुणैः॥

બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રનાં કર્મોના પણ તેમના સ્વભાવ અનુસાર ભાગ પાડવામાં આવ્યા છે.

शमो दमस्तपः शौचं क्षान्तिरार्जवमेव च।
ज्ञानं विज्ञानमास्तिक्यं ब्रह्मकर्म स्वभावजम्॥

શાંતિ, ઇન્દ્રિયોનું દમન, તપ (શરીર, વાણી અને મનને કષ્ટ આપી સર્વને સીધાં રાખવાં તે), પવિત્રતા, ક્ષમા (પથ્થર મારનારને પણ તારું કલ્યાણ થાઓ, એમ અંતરથી ઇચ્છવું તે), સરળતા (આંખમાં મેલ ન હોય, સીધી રીતે ચાલવું તે), જ્ઞાન અને અનુભવજ્ઞાન (વેદિયા, શુષ્ક જ્ઞાન નહીં) આસ્તિકતા એ બ્રાહ્મણનાં સ્વભાવજન્ય કર્મો છે.

ઉપરના ગુણો હોય, પણ આસ્તિકતા, શ્રદ્ધા, ભક્તિ ન હોય તો એ ગુણો અવળા પણ હોઈ શકે છે, જેમ યુરોપમાં આજે ઇનામ મેળવવા, કુસ્તીઓ લડવા, શરીરને કેળવવામાં આવે છે. ઇન્દ્રિયદમન પણ તેમને કરવું પડે છે, પણ એ બધું ઈશ્વરભક્તિ વિના તેમને કાંઈ જ કામ નથી આવતું. તેથી આસ્તિકતા, ઈશ્વરભક્તિ બ્રાહ્મણના લક્ષણમાં મુખ્ય હોવી જોઈએ.

शौर्यं तेजो धृतिर्दाक्ष्यं युद्धे चाप्यपलायनम्।
दानमीश्वरभावश्च क्षात्रं कर्म स्वभावजम्॥

શૌર્ય, તેજ, ધૈર્ય, દક્ષતા, યુદ્ધમાંથી પાછા ન ભાગવું, દાન (ગરીબને મદદ કરવા સદા તત્પરતા), ઐશ્વર્ય એ ક્ષત્રિયનાં સ્વભાવજન્ય કર્મો છે.

બ્રાહ્મણમાં પણ આ ગુણો તો હોય જ. જેમ વસિષ્ઠાદિમાં આ ગુણો હતા. અને ક્ષત્રિયમાં બ્રાહ્મણના ગુણો પણ હોય; જેમ યુધિષ્ઠિર, રામચન્દ્રાદિ ક્ષત્રિય છતાં તેમનામાં બ્રાહ્મણના ગુણો હતા. ભરત તો સાક્ષાત્ બ્રાહ્મણની મૂર્તિ જ હતા. એમ ચારે વર્ણોમાં સઘળા ગુણો ઓછાવત્તા પ્રમાણમાં હોવા જોઈએ. પણ મુખ્ય લક્ષણો, ગુણો જેનામાં વિશેષ હોય તે, તે વર્ણના ગણાય. તે પ્રમાણે જ તેનાં સ્વાભાવિક કર્મ સમજવાં.

कृषिगोरक्ष्यवाणिज्यं वैश्यकर्म स्वभावजम्।
परिचर्यात्मकं कर्म शूद्रस्यापि स्वभावजम्॥

ખેતી, ગોરક્ષા અને વાણિજ્ય એ વૈશ્યનાં સ્વભાવજન્ય કર્મ છે. શૂદ્રનું સ્વભાવજન્ય કર્મ સેવા, એ છે.

स्वे स्वे कर्मण्यभिरतः संसिद्धिं लभते नरः।
स्वकर्मनिरतः सिद्धिं यथा विन्दति तच्छृणु॥

Gandhi Heritage Portal

પોતપોતાના કાર્યમાં પરોવાયેલો પુરુષ સિદ્ધિને પામે છે. પોતાના કાર્યમાં રહેલો તે મનુષ્ય કેવી રીતે સિદ્ધિ મેળવે છે. તે સાંભળ.

यतः प्रवृत्तिर्भूतानां येन सर्वमिदं ततम्।
स्वकर्मणा तमभ्यर्च्य सिद्धिं विन्दति मानवः।।

જેના વડે પ્રાણીઓની પ્રવૃત્તિ ચાલે છે અને જેનાથી આ સર્વ જગત વ્યાપ્ત છે, તેને જે માણસ પોતાના કર્મ વડે ભજે છે, તે માણસ પરમ સિદ્ધિને પામે છે.

જે સર્વ સ્થળે ઓતપ્રોત — તાણાવાણાની માફક રહેલો છે તેવા આત્મા — બ્રહ્મ — ઈશ્વરની જે પૂજા કરે છે તે સિદ્ધિને પામે છે, પોતાના કર્તવ્ય કર્મમાં જ ખરી પ્રાર્થના કે પૂજા માને છે, જેણે સેવાને તેમ જ પોતાના દરેક કર્મને પ્રાર્થનામય કરી મૂકયું છે, એને જ સાચી સિદ્ધિ મળે છે.

श्रेयान्स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात्।
स्वभावनियतं कर्म कुर्वन्नाप्नोति किल्बिषम्।।

સારી રીતે આચરણ કરેલા પરધર્મ (પારકાનું કર્તવ્ય કર્મ) કરતાં ગુણરહિત પણ પોતાનો ધર્મ (પોતાનું કર્તવ્ય કર્મ) શ્રેષ્ઠ છે, કારણ કે સ્વભાવથી નિયત કરેલા સ્વધર્મરૂપી કર્મના કરનાર મનુષ્યને પાપ લાગતું નથી.

सहजं कर्म कौन्तेय सदोषमपि न त्यजेत्।
सर्वारम्भा हि दोषेण धूमेनाग्निरिवावृत्ताः।।

સહજે પ્રાપ્ત થયેલું (શોધ્યા વિના આવી પડેલું) કર્મ દોષિત હોય છતાં ન છોડવું. જેમ અગ્નિની સાથે ધુમાડો રહ્યો છે, તેમ સર્વે આરંભોની સાથે દોષ રહેલો છે.

અહીં ચોરી કરવાના કર્મની વાત નથી, પણ ઉપર ચાર વર્ણનાં જે સ્વાભાવિક કર્મ બતાવ્યાં છે તેની વાત છે. એવાં કર્મ કરવામાં કાંઈક દોષ જણાય — જેમ અર્જુનને સ્વજનોની મમતાનો દોષ યુદ્ધ કરતાં રોકતો હતો તેમ — તોપણ તે કર્મ કરવાં એ જ શ્રેયસ્કર છે. કેમ કે કર્મ માત્ર, સર્વ પ્રકારના આરંભો કાંઈક ને કાંઈક દોષથી ખરડાયેલા છે માટે.

असक्तबुद्धिः सर्वत्र जितात्मा विगतस्पृहः।
नैष्कर्म्यसिद्धिं परमां संन्यासेनाधिगच्छति।।

જેણે બધામાંથી આસક્તિ ખેંચી લીધી છે એટલે જે સંગરહિત થયો છે, જેણે મનને જીત્યું છે, જેણે બધી ઇચ્છાઓ છોડી છે, તે સંન્યાસ વડે નૈષ્કર્મ્યરૂપી પરમ સિદ્ધિને મેળવે છે.

અહીં સંન્યાસનો અર્થ કર્મમાત્રનો ત્યાગ નહીં, પણ કર્મના ફળમાત્રનો ત્યાગ એ સૂચવ્યો છે અને એ જ સિદ્ધિદાયક છે.

सिद्धिं प्राप्तो यथा ब्रह्म तथाप्नोति निबोध मे।
समासेनैव कौन्तेय निष्ठा ज्ञानस्य या परा।।

સિદ્ધિ મળ્યા પછી માણસ બ્રહ્મને કેવી રીતે પામે છે તે ટૂંકામાં તું સાંભળ. એ જ્ઞાનની ઊંચામાં ઊંચી નિષ્ઠા છે.

## ૧૯૫

શુક્રવાર, તા. ૨૯-૧૦-૨૬

बुद्ध्या विशुद्धया युक्तो धृत्यात्मानं नियम्य च।
शब्दादीन्विषयांस्त्यक्त्वा रागद्वेषौ व्युदस्य च।

Gandhi Heritage Portal

विविक्तसेवी लघ्वाशी यतवाक्कायमानसः ।
ध्यानयोगपरो नित्यं वैराग्यं समुपाश्रितः ।
अहंकारं बलं दर्पं कामं क्रोधं परिग्रहम् ।
विमुच्य निर्ममः शान्तो ब्रह्मभूयाय कल्पते ।।

જે શુદ્ધ બુદ્ધિથી યુક્ત થયેલો છે, જેણે પોતાની ઉપર દૃઢતાપૂર્વક કાબૂ મેળવેલો છે, જેણે જ્ઞાનેન્દ્રિયો વડે તેના વિષયોનો ત્યાગ કરેલો છે, જેણે રાગદ્વેષને બાળી નાખ્યા છે, જે એકાંત-સેવન કરનારો છે, જે અલ્પાહારી છે, જેણે વાણી, કાયા અને મન ઉપર કાબૂ મેળવ્યો છે, જે ધ્યાનયોગ-પરાયણ છે, જેણે વૈરાગ્યનો આશ્રય લીધેલો છે, અહંકાર, બલ, દર્પ, કામ, ક્રોધ તથા પરિગ્રહ છોડીને જે નિર્મલ અને શાંત થયો છે તે બ્રહ્મને પામવાને યોગ્ય થાય છે.

અહંકાર, બલ, દર્પ બધા એકમેકમાં સમાઈ જાય એમ છે, પણ ગીતાનો એવો આશય થોડો જ છે? તેનો આશય તો એકની એક વસ્તુ અનેક રીતે કહીને પાઈ દેવાનો છે.

લઘ્વાશી: પાંચ વસ્તુ ખાવાનો નિયમ રાખ્યો છે, તેના અક્ષરનું તું પાલન કરશે તોપણ તારા વ્રતનું પાલન બરાબર નહીં થાય. હરિદાસે ખજૂરની વાત કરી અને સારા ખજૂરની ભેટ આપી. ચોખો ચાંપી જોયો અને મને ખજૂર આપ્યું. ખજૂરનો સ્વાદ લીધો અને મને ચેતવણી મળી. તું બીજાના કરતાં આમે પણ ઘણું તો ખાઈ લે છે. ખજૂર ખાધું અને જાણે ગળામાં મને તે ખટક્યું. શરીરની પાસે કામ લેતા હોઈએ તો આમ જ બને.

આ શ્લોકમાં બુદ્ધિને વિશુદ્ધ કરવી ઈ. કહ્યું અને લઘ્વાશી કહ્યું, એટલે મિતાહારી નહીં, પણ બેથી ચાલે તો એક વસ્તુથી ચલાવી લેવું. લઘ્વાશી શબ્દ આવવાનો હતો તેથી જ જાણે મારા ઉપર આ આફત આવવાની હોય તેમ થયું. માત્ર દૂધ લેવાનું વ્રત લઈને પંદર શેર દૂધ લઈ શકાય, અથવા માવો બનાવીને ખવાય. શા માટે પાણી રેડીને ન પીવું? વિલાયતનો એક બૅરિસ્ટર મિત્ર સોળ કલાક વાંચતો. તે સૂપમાં પાણી રેડતો, સરસ ભૂખ લાગેલી હોય તે ભૂખ જ, જીભમાંથી અમી છૂટે, એવી વસ્તુ માગી લે.

ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न कांक्षति ।
समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम् ।।

બ્રહ્મ મળ્યા પછી જેનો આત્મા પ્રસન્ન થયેલો છે, તે નથી શોચ કરતો, ન હોય તેની નથી ઇચ્છા રાખતો, તે સઘળાં ભૂતોને વિશે સમભાવથી વર્તે છે, અને મારી પરાભક્તિ પામે છે.

भक्त्या मामभिजानाति यावान्यश्चास्मि तत्त्वतः ।
ततो मां तत्त्वतो ज्ञात्वा विशते तदनन्तरम् ।।

હું યથાસ્થિત જેવો છું તેવો જ મને ભક્તિથી જાણે છે અને તેમ મને તાત્ત્વિક રીતે જાણીને મારામાં પ્રવેશ કરે છે.

सर्वकर्माण्यपि सदा कुर्वाणो मद्व्यपाश्रयः ।
मत्प्रसादादवाप्नोति शाश्वतं पदमव्ययम् ।।

સદા બધાં કર્મો કરતાં પણ જે મારો આશ્રય લેનારો છે તે મારી કૃપાથી (પોતાના બળથી નહીં) હમેશાં સ્થિર અને અવ્યય એવું પદ મેળવે છે.

चेतसा सर्वकर्माणि मयि संन्यस्य मत्परः ।
बुद्धियोगमुपाश्रित्य मच्चित्तः सततं भव ।।

Gandhi Heritage Portal

બધાં કર્મો મનથી મને અર્પણ કરીને, મારામાં પરાયણ રહીને, બુદ્ધિયોગનો (જ્ઞાન અને ધ્યાનનો) આશ્રય લઈને, નિરંતર મને ચિત્તમાં રાખ.

मच्चित्तः सर्वदुर्गाणि मत्प्रसादात्तरिष्यसि ।
अथ चेत्त्वमहंकारान्न श्रोष्यसि विनङ्क्ष्यसि ।।

મારામાં ચિત્ત પરોવવાથી બધા પહાડો મારા પ્રસાદ વડે તું તરી જશે. પણ જો અહંકારને કારણે તું મારું નહીં સાંભળે તો તારો નાશ થઈ જશે.

यदहंकारमाश्रित्य न योत्स्य इति मन्यसे ।
मिथ्यैष व्यवसायस्ते प्रकृतिस्त्वां नियोक्ष्यति ।।

અહંકારને કારણે એમ તું માનશે કે નથી લડતો, તો એ તારો વ્યવસાય ખોટો છે, એમ માનજે. પ્રકૃતિ જ તને ત્યાં લઈ જશે.

स्वभावजेन कौन्तेय निबद्धः स्वेन कर्मणा ।
कर्तुं नेच्छसि यन्मोहात् करिष्यस्यवशोऽपि तत् ।।

સ્વભાવ વડે કરીને તારા કર્મથી બંધાયેલો તું મોહને કારણે નહીં કરવા ઇચ્છશે તો બળાત્કારે તું તે કરવાનો છે.

એટલે તું બધું મને અર્પણ કરીને, રાગદ્વેષાદિથી રહિત થઈને મારામાં પરાયણ થઈને, જે કાર્ય તારે માટે આવી પડયું છે તે કર, તો તું અલિપ્ત રહેવાનો છે.

## ૧૯૬

શનિવાર, તા. ૩૦–૧૦–૨૬

આજના દિવસની નોંધ મહાદેવભાઈએ કરેલી નથી.

ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति ।
भ्रामयन्सर्वभूतानि यन्त्रारूढानि मायया ।।

હે અર્જુન, બધાં પ્રાણીઓના હૃદયમાં ઈશ્વર વાસ કરે છે. પોતાની માયા વડે ચાક ઉપર ચડેલા ઘડાની માફક એ સર્વે ભૂતોને ચક્કર ચક્કર ફેરવે છે.

આપણે પૃથ્વીના ગોળા ઉપર બેઠેલા છીએ, એક ક્ષણ પણ એ ચાલ્યા વિના રહેતો નથી. ચોવીસે કલાક ફર્યા જ કરે છે. તારામંડળ, સૂર્ય પણ ફર્યા જ કરે છે. એમ જગતમાં કોઈ વસ્તુ સ્થિર નથી. પરંતુ એ ફરે છે, તે પોતપોતાની શક્તિથી નહીં, પણ ઈશ્વરની શક્તિ જ સર્વને ફેરવે છે. જેમ યંત્રને આપણે ઇચ્છીએ ત્યારે જ ચલાવીએ છીએ, તેનામાં પોતાની મેળે ચાલવાની કશી જ શક્તિ નથી, તેવી રીતે જ ઈશ્વર આપણને ચલાવે છે. તેથી આપણે અહંકાર ન કરીએ કે આ કામ મેં કર્યું. આપણે તો અહંભાવ ભૂલી જઈ, ઈશ્વરના યંત્રવત્ બની જઈ તેની ઇચ્છા મુજબ જ ચાલીએ અને એને જ સર્વસ્વ સમજી એની યોજનાને જ વશ વર્તીએ.

तमेव शरणं गच्छ सर्वभावेन भारत ।
तत्प्रसादात्परां शान्तिं स्थानं प्राप्स्यसि शाश्वतम् ।।

સંપૂર્ણ ભાવથી તું તેને શરણે જા. તેની જ કૃપા વડે પરમ શાંતિમય શાશ્વત સ્થાનને તું પામીશ.

इति ते ज्ञानमाख्यातं गुह्याद् गुह्यतरं मया ।
विमृश्यैतदशेषेण यथेच्छसि तथा कुरु ।।

Gandhi Heritage Portal

આમ મેં તને ગુહ્યમાં ગુહ્ય જ્ઞાન કહ્યું. તેનો પૂરો વિચાર કરીને તને જેમ ઠીક લાગે તેમ કર.

सर्वगुह्यतमं भूयः श्रृणु मे परमं वचः।
इष्टोऽसि मे दृढमिति ततो वक्ष्यामि ते हितम्।।

સૌથી ગુહ્ય એવું મારું પરમ વચન તું સાંભળ. તું મને પ્રિય છે, એટલે હું તને તારા હિતની વાત કહીશ.

मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु।
मामेवैष्यसि सत्यं ते प्रतिजाने प्रियोऽसि मे।।

તું મારામાં ચિત્ત પરોવ, મારો ભક્ત થા, મારે અર્થે યજ્ઞ કર, અને નમસ્કાર કર. તું મને જ પામીશ, એ મારી સત્ય પ્રતિજ્ઞા છે. તું મને પ્રિય છે.

सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज।
अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः।।

સર્વે ધર્મોનો ત્યાગ કરીને એક મારે જ શરણે આવ. હું તને સર્વે પાપોથી મુક્ત કરીશ. ચિંતા ન કર.

સઘળાં શાસ્ત્રોનો અને ગીતાનો સાર આ શ્લોકમાં છે. તું બધી ચોવટ મૂકી દઈને મારે જ શરણે આવ. તેમાં તારું શ્રેય જ થવાનું છે. એકલા આત્માની જ ઉપાસના કલ્યાણકારી છે.

इदं ते नातपस्काय नाभक्ताय कदाचन।
न चाशुश्रूषवे वाच्यं न च मां योऽभ्यसूयति।।

જે તપસ્વી નથી, જે ભક્ત નથી, જે સાંભળવા ઈચ્છતો નથી, અને જે મારો દ્વેષ કરે છે, તેને આ (જ્ઞાન) તું કહીશ નહીં.

य इमं परमं गुह्यं मद्भक्तेष्वभिधास्यति।
भक्तिं मयि परां कृत्वा मामेवैष्यत्यसंशयः।।

પરંતુ આ પરમ ગુહ્ય જ્ઞાન તું મારા ભક્તોને આપીશ તો તેઓ મારી ભક્તિ કરવાથી નિઃસંશય મને જ પામશે.

અપાત્રને નહીં, પણ પાત્રને કહેવાથી સઘળા જ્ઞાનનો જ સંગ્રહ થાય છે.

न च तस्मान्मनुष्येषु कश्चिन्मे प्रियकृत्तमः।
भविता न च मे तस्मादन्यः प्रियतरो भुवि।।

આવું કરનારના કરતાં મનુષ્યોમાં કોઈ મારું પ્રિય કરવાવાળું નથી. અને આ પૃથ્વીમાં તેના કરતાં તો કોઈ મને વધારે પ્રિય નથી.

अध्येष्यते च य इमं धर्म्यं संवादमावयोः।
ज्ञानयज्ञेन तेनाहमिष्टः स्यामिति मे मतिः।।

આપણી વચ્ચેના આ ધર્મ્ય સંવાદનો જે અભ્યાસ કરશે તે મને જ્ઞાનયજ્ઞ વડે ભજશે, એવો મારો અભિપ્રાય છે.

એટલે જે માણસ આનો જ્ઞાનપૂર્વક અભ્યાસ કરશે તે મુક્ત થશે. બાકી સમજણ વિના શ્લોકો બોલી જવાથી કાંઈ જ મુક્તિ મળતી નથી.

Gandhi Heritage Portal

## ૧૯૭

રવિવાર, તા. ૩૧-૧૦-૨૬

श्रद्धावाननसूयश्च शृणुयादपि यो नरः।
सोऽपि मुक्तः शुभाँल्लोकान्प्राप्नुयात्पुण्यकर्मणाम्।।

જે માણસ શ્રદ્ધાપૂર્વક અને દ્વેષરહિત (આંધળી શ્રદ્ધાવાળાને દ્વેષ હોય) થઈને આ વસ્તુ સાંભળશે, તે મુક્ત થઈને પુણ્ય કર્મ કરનારાઓના શુભ લોકને પામશે.

कच्चिदेतच्छ्रुतं पार्थ त्वयैकाग्रेण चेतसा।
कच्चिदज्ञानसंमोहः प्रनष्टस्ते धनंजय।।

એકાગ્ર ચિત્તથી શું તેં આ સાંભળ્યું? અજ્ઞાનથી તને મોહ ઉત્પન્ન થયો હતો તે શું નાશ પામ્યો?

नष्टो मोहः स्मृतिर्लब्धा त्वत्प्रसादान्मयाच्युत।
स्थितोऽस्मि गतसंदेहः करिष्ये वचनं तव।।

અર્જુન કહે છે:

હે અચ્યુત, તારી કૃપાથી મારો મોહ ગયો છે, મારી સ્મૃતિ મને પાછી મળી છે, મારી શંકા જતી રહી છે, મારું કર્તવ્ય શું છે તેની મને ખબર પડી છે; હવે તમારું કહ્યું કરીશ.

અર્જુનની સ્મૃતિને ભ્રંશ થયો હતો તે જતો રહ્યો. એનો સ્વભાવ શો છે, અને એનું કર્તવ્ય શું છે, એની એને ખબર પડી. અને એ સંદેહ વિનાનો થયો.

इत्यहं वासुदेवस्य पार्थस्य च महात्मनः।
संवादमिममश्रौषमद्भुतं रोमहर्षणम्।
व्यासप्रसादाच्छ्रुतवानेतद् गुह्यमहं परम्।
योगं योगेश्वरात्कृष्णात्साक्षात्कथयतः स्वयम्।।

સંજય બોલ્યા:

મહાત્મા વાસુદેવ અને મહાત્મા પાર્થ, એ બેની વચ્ચેનો અદ્ભુત અને રોમહર્ષણ સંવાદ વ્યાસની કૃપા વડે કરીને મેં સાંભળ્યો. યોગેશ્વર કૃષ્ણ પાસેથી ગુહ્ય પરમ યોગ સાંભળ્યો.

राजन्संस्मृत्य संस्मृत्य संवादमिममद्भुतम्।
केशवार्जुनयोः पुण्यं हृष्यामि च मुहुर्मुहुः।।

કેશવ અને અર્જુન વચ્ચેનો આ પવિત્ર અને અદ્ભુત સંવાદ સંભારી સંભારીને મને વારંવાર આનંદના ઊભરા આવે છે.

આમાં આપણને નિત્ય નવીન રસ ન આવે તો તેમાં આપણો જ વાંક હશે, ગીતાકારનો નહીં.

तच्च संस्मृत्य संस्मृत्य रूपमत्यद्भुतं हरेः।
विस्मयो मे महान् राजन्हृष्यामि च पुनः पुनः।।

હરિના અદ્ભુત રૂપનું વારંવાર સ્મરણ કરીને મને ભારે આશ્ચર્ય થાય છે અને વારંવાર હર્ષ થાય છે.

यत्र योगेश्वरः कृष्णो यत्र पार्थो धनुर्धरः।
तत्र श्रीर्विजयो भूतिर्ध्रुवा नीतिर्मतिर्मम।।

Gandhi Heritage Portal

જ્યાં યોગેશ્વર કૃષ્ણ છે, જ્યાં ધનુર્ધર પાર્થ છે, ત્યાં શ્રી (લક્ષ્મી – દૈવી સંપત્તિ) છે, વિજય છે, વૈભવ છે અને અવિચળ નીતિ છે, એમ મારું માનવું છે.

કૃષ્ણની સાથે યોગેશ્વર વિશેષણ લગાડયું અને અર્જુનને ધનુર્ધર લગાડયું, એટલે જે જે ઠેકાણે સંપૂર્ણ જ્ઞાન છે અને તેજ પણ છે ત્યાં શ્રી, વિજય અને ધ્રુવ નીતિ છે. જેને જ્ઞાન હોય તેની સાથે તે વાપરવાનું પૂરું બળ હોવું જોઈએ, જ્ઞાનની અવધિ અને તેનો સંપૂર્ણતાએ અમલ જોઈએ.

આપણે માન્યું છે કે આ કલ્પિત સંવાદ છે. મહાભારતના કર્તાએ જે કૃતિ કરી છે તે અદ્‌ભુત છે. પોતાના જ્ઞાનની અવધિ તેણે બતાવી છે. કૃષ્ણના હૃદયમાં તે ઊતર્યા હતા. ધનુર્ધર એટલે કર્તવ્ય-તત્પર માણસ. સ્વતંત્ર એકાંતિક જ્ઞાન તો કોણ જાણે છે? પણ જે એવું જ્ઞાન લાગે તે જ્ઞાનના અમલ પૂરતું સાહસ હોય તો તેને હાર જેવી વસ્તુ નથી, ભૂતિ પણ રહેલી છે, કારણ તેથી વિશેષ ચાહતો જ નથી. એ જ વસ્તુ પ્રમાણે તે કરતો રહે તો તેની ભૂલો પણ સુધરી જવાની છે. આપણે માનીએ છીએ કે સદાયે સત્ય બોલવું જોઈએ, અને બોલાઈ જાય અર્ધુંપર્ધું સત્ય, પણ જે ઠેકાણે શુદ્ધ જ્ઞાન છે, અને તેના પૂરતો ઉદ્યમ છે, એટલે ધનુર્ધારી થઈને બેઠા હોઈએ તો નીતિમાંથી કદી ન ચૂકીએ.

આપણે ગીતાનું વાચન મૂકી નથી દેવું: પારાયણ તો હોય જ. રોજ થોડાઘણા શ્લોક તો બોલવાના હોય જ. કાંઈ વિવેચન કરવું હોય તો કરવું.

આ પુસ્તક બધા ધર્મોવાળા વાંચી શકે તેમ છે. એમાં એકે સંપ્રદાયનો આગ્રહ નથી. એમાં શુદ્ધ નીતિ સિવાય બીજા કશાનું નિરૂપણ નથી.

## ઉપસંહાર

### ૧

ગુરુવાર, તા. ૪–૧૧–૨૬

ગીતાજીના અભ્યાસનું તાત્પર્ય એ છે કે આપણે પ્રાર્થના કરવી અને અભ્યાસ કરવો, અને કર્તવ્ય જાણી તેનું પાલન કરવું. કોઈ પુસ્તક જો મદદ કરી શકતું હોય તો તે આ જ કરે એમ છે. બાકી પુસ્તક અને એની ઉપરની ટીકા શી મદદ કરવાની હતી? છેવટે જેટલું થવાનું હોય તેટલું થાય છે. પુરુષાર્થ ઉપર જ આપણો અધિકાર છે. આપણે તો પ્રયત્ન કરીએ. મનુષ્યમાત્ર અને જાનવર પણ ઉદ્યમ કરે છે. માત્ર આપણા ઉદ્યમમાં જ્ઞાન છે એમ આપણે માનીએ છીએ. પણ એ પ્રયત્ન શાને સારુ? આ દેહને ટકાવવા માટે કે દેહને ધારણ કરનાર છે તેને ઓળખવા માટે? એને ચડાવવાપણું હોય તો તેમ કરવા માટે અથવા તેનો વિકાસ કરવા માટે? હવે પહેલો પ્રયત્ન તો આપણે બળાત્કારે પણ કરીએ છીએ. આપણા શરીરની રચના જ એવી છે કે બળાત્કારે પણ આપણે પ્રયત્ન કરી લઈએ છીએ. દાખલા તરીકે, બાળક માતાના પેટમાં પડયું હોય, ત્યારે પણ કાંઈક ને કાંઈક ચેષ્ટા કરે છે. મૂર્છિત સ્થિતિમાં તેનો શ્વાસોચ્છ્‌વાસ ચાલે છે. એ પણ પ્રયત્ન તો છે જ. પણ એ પુરુષાર્થ ન કહેવાય. પુરુષાર્થ તો કેવળ આત્માને વિશે જ કહી શકાય. એને પરમ પુરુષાર્થ કહ્યો. બાકી બધાં ફાંફાં. એમ પુરુષાર્થને માટે આ એક સાધન છે. શાસ્ત્રનું વાચન, મનન અને નિદિધ્યાસન એ એક સાધન છે. આપણો અભ્યાસ સુંદર રહે તે માટે ઉચ્ચાર, ધ્વનિ, પુનરાવર્તનની જરૂર છે. ગીતાની આસપાસ બધું પવિત્ર વાતાવરણ એકઠું

Gandhi Heritage Portal

કરવાની જરૂર છે. આપણે ગીતાને ઘોળીને પી ગયા હોઈએ તો પછી વ્યાકરણ અને ઉચ્ચારાદિની કશી જ જરૂર નથી રહેતી.

આપણી સ્થિતિ તો એવી છે કે પરમ પુરુષાર્થ કરવાને સારુ પ્રયત્ન કરીએ છીએ, તેને માટે સાધન શોધતાં આવડે છે. ગીતાનો આપણે વિનય કરીએ, એને માન આપીએ. એ આપણી રક્ષા કરશે ને કરશે જ. એ માનસિક દેવતા છે. એનું નિત્ય વાચન અને પારાયણ પછી તો થવું જોઈએ.

આમાંથી કયો સાર કાઢીશું? આજે તો એક જ વિચાર રજૂ કરીશ. ગીતા કર્મપ્રધાન છે એમ નથી, જ્ઞાનપ્રધાન પણ નથી, અને ભક્તિપ્રધાન પણ નથી. એ બધુંયે છે. જેમ હવામાં ઑક્સિજન સરસમાં સરસ વસ્તુ છે, પણ એકલા તેથી ન ચાલે, બીજાં તત્ત્વોની પણ એટલી જરૂર છે, તેમ ગીતાજીમાં જે જે વસ્તુ મૂકેલી છે તે બધાની જરૂર છે. કર્મ, જ્ઞાન અને ભક્તિ ત્રણેની જરૂર છે, અને પોતપોતાને સ્થાને રહેલી બધી વસ્તુ પ્રધાન છે. ભક્તિ વિના પ્રયત્ન નથી ફળવાનો, જ્ઞાન વિના ભક્તિ નથી ફળવાની. આ કારણે કોઈ કોઈ વાર ભક્તિ કે જ્ઞાન કર્મનું સાધન જોઈએ છીએ.

પણ આમાંથી એકે વસ્તુ ન હોય તોય ચાલી શકે. એવી એક વસ્તુ કહી દીધેલી છે. જ્ઞાન ન સમજી શકીએ, જ્ઞાન સમજી શકીએ, એ બેની સરખામણીમાં કર્મને વધારે સમજી શકીએ છીએ. મૂર્તિને શણગારવી, રામનામ લેવું, એ બધું કર્મ છે. પ્રવૃત્તિમાત્ર કર્મ છે. કર્મ એટલે દેહ છે. કોઈ પણ વિચારે દેહ ધારણ કર્યો, સ્વરૂપ પકડયું, એટલે તે કર્મ થાય છે. દેહ એ દૃશ્ય પદાર્થ છે. જેટલે અંશે દેહને જોઈ શકીએ છીએ તેટલે અંશે કર્મને જોઈ શકીએ છીએ. એટલે કર્મ વિના ન જ ચલવી શકીએ. તેથી ગીતાજીમાં કર્મની ઉપર ભાર મૂકયો છે એમ કહેવાય. પણ ભક્તિ અને જ્ઞાન વિનાયે નહીં ચાલે. વહાણમાં બેઠા એ તો ખરું, પણ એને ગતિ કોણ આપે? કોણ ચલાવે? વહાણ જોઈને રાજી થઈને બેસીએ છીએ, શ્રદ્ધા રાખીએ છીએ. એમ કર્મ કરવાપણું તો છે જ, પણ જ્ઞાની ચલાવનાર ચલાવે ત્યારે પહોંચશું. કર્મસંન્યાસની વાત મફતની છે. સંન્યાસીને પણ કર્મ છૂટતું નથી. પણ એ વાત તો પાછળથી આવી.

ગીતાનું કર્મ એ બળાત્કારે કરેલું નથી, એની પાછળ થોડું જ્ઞાન હોવું જ જોઈએ.

## ૨

શુક્રવાર, તા. ૫–૧૧–૨૬ (દિવાળી)

અહિંસાના માર્ગમાં જતાં જતાં આપણને રેંટિયો લાધ્યો, બ્રહ્મચર્ય લાધ્યું. નદીને પેલે પારની ભોગભૂમિ છે, આ કર્મભૂમિ છે. આપણે ત્યાગના ધર્મનું પાલન કરવું છે. કોઈ પણ ત્યાગ એ ત્યાગ નથી, જ્યાં સુધી એમાં આનંદ નથી. આનંદ વિના આપણે જીવી નથી શકતા. દિવાળી પેલે પાર ઊજવાય, તેથી બીજી રીતે ઊજવીએ, એ જ આપણને શોભે. આપણે આજે પોતાના કામનું સરવૈયું કાઢવું જોઈએ. આપણા ચોપડા હૃદયની અંદર રહેલા છે. આપણું ઉધાર પાસું બધું ચૂકવી દીધેલું હોવું જોઈએ. વેપારી પોતાના ચોપડામાં સવા રૂપિયો તો જમા કરે છે જ. એ સવા રૂપિયો કોઈક શુભ નિશ્ચય કરીને જમા કરી શકીએ છીએ. ગીતાજી નિયમસર વાંચી હોય તો કર્તવ્ય સમજાઈ જાય.

ગીતાજીનું કર્મ ઈચ્છાપૂર્વક કરેલું કર્મ છે. અને એ કર્મ તે એવી વસ્તુ છે કે જેના વિના માણસ ક્ષણ પણ જીવી નથી શકતો. તેથી કર્મની એક બીજી પણ વ્યાખ્યા છે. કર્મ એ દેહ

Gandhi Heritage Portal

છે. જ્યાં સુધી દેહ અને જીવનો સંબંધ રહ્યો છે ત્યાં સુધી એ પ્રવૃત્તિમય છે. કર્મ એટલે હિંસા પણ છે. તેથી કર્મમાત્રમાંથી એટલે દેહમાત્રમાંથી નીકળી જવું, એ મોક્ષ. આ હિંસામય જગતઃમાંથી દેહાતીતપણું શોધવાનું છે. કર્મમય જગતમાંથી અકર્મમય થવાનું રહ્યું. ગીતાજીએ બતાવ્યું છે. એ વળી વિચારીશું.

૩

શનિવાર, તા. ૬–૧૧–૨૬ (કાર્તિક સુદિ ૧)

આંખ બંધ કરીને મોઢે બોલીએ છીએ તેમાં જે ચિત્તની શાંતિ અને આનંદ મળે છે, તે ભારે છે. વાંચીને બોલીએ ત્યારે ઓછો આનંદ મળે.

આજે પડવો (બેસતું વર્ષ) છે. તમે જે જે શુભ નિશ્ચય કરીને આવ્યા હો તે ફળો. જેણે એક પણ નિશ્ચય ન કર્યો હોય તે એ નિશ્ચય કરે કે સાચા તો થઈશું જ. સાચા ન થયા તો જેટલો ઓપ આપ્યો હશે તે ઓપ જ હશે, અંદર ધાતુ કુધાતુ જ હશે. કોઈ પણ વસ્તુ સત્ય વિના શોભી નથી શકવાની, એટલે સૌ નિશ્ચય કરી લે કે જેવા હોઈશું તેવા બતાવીશું. જેવા છીએ તેવા દેખાવામાં જે સ્વાદ છે તે શૃંગાર કરવામાં, રૂપ બતાવવામાં નથી. વાંકી ટોપીમાં, અમુક રીતે સાડી ઓઢવામાં, પટિયાં પાડવામાં, અસત્ય છે. જે માણસ અનેક વેશ કરી, નથી તેવો થવા ઇચ્છે છે, તે માણસ ખોટાનો પાઠ શરૂ કરે છે. સાચના ચણતર ઉપર મહેલ બનાવી શકીશું.

ત્રીજો અધ્યાય વિશેષે વિચારી લેવા જેવો છે. કાલે જોયું કે કર્મ એટલે દેહ, અને કર્મ એટલે હિંસા, એ વસ્તુને જરા વિચારી કાલે લંબાવીશ. યજ્ઞ કરવો એ આ અધ્યાયમાં બતાવ્યું છે. પરમાર્થે કરેલું કામ એ યજ્ઞ. પણ આગળ બતાવ્યું કે કર્મ માત્ર સદોષ છે. કારણ કર્મ માત્રમાં થોડીઘણી હિંસા રહેલી છે. પણ યજ્ઞને અર્થે કરેલી હિંસા એ હિંસા નથી. એ યજ્ઞ પેલાં પશુઓને હોમવાનો નહીં. એક કાળ એવો હતો કે જ્યારે એ યજ્ઞ મનાતો હતો, પણ આજે ઘણાખરા એમ માને છે કે એ યજ્ઞ નથી. પણ કર્મ માત્રમાં હિંસા રહેલી છે, એટલે મેં બે વિભાગ પાડ્યા છે. જ્યાં દુઃખ દેવાનો ઇરાદો હોય ત્યાં હિંસા છે, નહીં તો હિંસા એ કેવળ વધ છે. શ્વાસોચ્છ્વાસમાં વધ છે અથવા અનિવાર્ય હિંસા છે, એટલે એ ક્ષંતવ્ય છે. આ અનિવાર્ય હિંસા વિના શરીરયાત્રા ન ચાલે. હોમિયોપથીનો સિદ્ધાંત એ છે કે જે કારણથી રોગ થયો હોય તેનો ઓછામાં ઓછો ભાગ લઈ લેવો. તેમ આ હિંસામય જગતમાં અહિંસામય થવું હોય, તો જેમ જેમ આપણે અધિક અહિંસામય થઈશું, તેમ તેમ આગળ વધીશું. પણ હિંસાને હિંસાથી ઠેલવી રહી, એનું વિપરીત પરિણામ આવે છે. અકર્મનો અર્થ એ થયો કે માણસ કર્મને અને હિંસાને ઓછી કરશે. પ્રવૃત્તિને શોધવા ન જાય. વિચાર માત્રથી કરી લેવા જેવી સ્થિતિએ પહોંચશે. ભક્તિ પણ ન થઈ શકે અને જ્ઞાન પણ ન થઈ શકે. તે આ કર્મના અંશ વિના ન જ થઈ શકે, એ આપણે કાલે જોઈશું.

૪

રવિવાર, તા. ૭–૧૧–૨૬

કર્મ માત્ર હિંસા છે, એટલે આપણો આદર્શ એ છે કે કર્મ માત્રમાંથી નીકળી જવું, એટલે સંસારમાંથી નીકળી જવું. સંસારમાંથી નીકળી જવું એટલે સંસારનો લોપ થઈ જાય કે પ્રલય થઈ

Gandhi Heritage Portal

જાય એમ નહીં, પણ માણસ સ્વેચ્છાએ પ્રવૃત્તિને સંકેલીને ઘેર બેસી જાય, એટલે વૈકુંઠમાં બેસી જાય. એમ સમજીને કે નામરૂપવાળો સંસાર ક્ષણિક છે. અને ક્ષણિકમાં શું રાચવું? પણ એમ થતું નથી. બળાત્કારે સંસારનો લોપ નથી થતો, અને આખા સંસારનો મોક્ષ નથી થતો. ત્યારે માણસ પોતાનો મોક્ષ પોતાને માટે મેળવી લે છે, તે કેમ મેળવે? આત્મહત્યા કરીને મળે? તેને પણ દેહ તો વળગશે જ. એમ નીકળી જવું એ કુદરતની વિરુદ્ધ છે. મનથી જ તેનો ત્યાગ કરવાનો છે. જો કર્મ માત્ર હિંસામય અને દોષમય છે, તો આપણે કર્મનો માનસિક ત્યાગ કરી શકીએ છીએ. ત્યારે શું માનસિક ત્યાગ કરીને ગમે તે કામ કરીએ? ના. આજે આપણે મન વડે અનેક વસ્તુને ખેંચી રહ્યા છીએ. માનસિક ત્યાગ સર્વથા કરશે ત્યારે અસંખ્ય કર્મો એની મેળે જ પડી જવાનાં. જેમાંથી હવા સાવ ચાલી ગઈ હોય તેનો જેટલો ઉપયોગ થઈ શકે તેટલો તે સંસારનો ઉપયોગ કરે. 'બળી સીંદરીવત્ આકૃતિ માત્ર જો;' પણ બળી સીંદરી થોડી જગ્યા તો રોકશે ને? તેના રજકણ ઊડી જશે તોયે હવામાં તો એ ક્યાંય હશે ને? એ આકૃતિ નીકળી જાય અને રજકણો પણ ગયા તો બધું ગયું એમ આપણે માનીએ છીએ. સમુદ્ર નથી ઘટતો, નથી વધતો, તેમ ઈશ્વર. રજકણો પોતાના સ્વભાવને વશ થઈને ઈશ્વરમાં ભળી ગયા. માનસિક ત્યાગ કર્યો ત્યારે કર્મનો તમામ વળગાડ ચાલ્યો જાય છે. એમાં કર્તવ્ય શું છે એ વિચાર પણ એને ન રહે. તે તો કોઈનો કરાવ્યો જ કાર્ય કરતો હશે. જે શેષ કર્મ રહી ગયેલું હશે તે તે નથી કરવાનો, પણ ઈશ્વર કરશે. શ્વાસોચ્છ્વાસને માટે પણ હું જવાબદાર ન હોઉં, તો પછી તે કર્મ હું બળાત્કારે કરું છું, સ્વેચ્છાએ નથી કરતો. એ માણસ અહિંસક છે. એથી વિશેષ અહિંસક આપણે જગતની અંદર દેહ ધરીને નથી થઈ શકતા. એટલે ત્રીજા અધ્યાયમાં જોયું કે યજ્ઞાર્થ જે કર્મ થાય છે તે બધું બંધનકારક નથી. યજ્ઞાર્થે કર્મ, એટલે પરમાર્થે કર્મ. પરમાર્થે કર્મ કરવું, એટલે આપણે ઈશ્વરની સેનામાં જોડાઈ જવું. આપણું તન, મન, ધન, અક્કલ બધું તેને અર્પણ કરવું. વૉલેસ નામના એક પ્રૉટેસ્ટન્ટનું પુસ્તક વાંચ્યું. એણે જોયું કે આપણે ખ્રિસ્તી બનાવીએ છીએ તેમાં કાંઈ લાભ નથી થતો. તેણે આપણા લોકોની સાથે ભળવાનો નિશ્ચય કર્યો. તેને હિંદુસ્તાનના ધર્મો માટે મોહ થયો, પણ તે જિસસને ન ભૂલી શક્યો. પછી તેણે રોમન કૅથલિક ધર્મનો વિચાર કર્યો. અને તેને વિચાર થયો કે તું કાંઈ નથી, ચર્ચ જ બધું છે. પાર્થિવેશ્વર ચિંતામણિ પેદા કરી, તેણે મૂર્તિ પેદા કરી. એને વશ થવાનું. ગુરુપરંપરામાં તેણે આખા સમાજને માની લીધો. આ કલ્પના મને સારી લાગેલી છે. પોપ એ વિષયી હોય તો સમાજમાં સડો પેદા થાય જ છે. પણ પેલો એક માણસ નિશ્ચય કરે કે મારે તો કશું જ નથી કરવું, પણ પોપ કહે તેમ કરવું છે તો તેનું તો ભલું જ થાય છે. પ્રૉટેસ્ટન્ટ કહે કે અંતરાત્મા કહે તેમ કરવું. અંતરાત્માને તેણે બહાર મૂક્યો, અને તે પોપને વશ થયો. અંતરાત્માને પણ છોડયો, એ ભારે ખ્યાલ છે. એક વાર્તા આપી છે કે હિંદુએ તેને રામનું નામ લેવું એ સારું છે એમ કહ્યું, મુસલમાને ખુદાનું નામ કહ્યું. એક વાર તે રામનામ લે, બીજી વખતે ખુદાનું નામ લે. રામનામ લેનારને તેણે તરતો જોયો, એટલે પેલાએ ખુદારામ લેવા માંડયું. તે ડૂબવા માંડયો, એટલે ઈશ્વરે કહ્યું, કે ભાઈ, હું તો ખુદા પણ છું અને રામ પણ છું. તેમ આ માણસને અનન્ય ભક્તિ જોઈતી હતી. તે તનમનથી બીજાને પૂજે છે. એમાં જ અંતરાત્માને ભજવાપણું છે. ભગવાનને વશ વર્તવામાં જ, શૂન્યવત્ થઈને રહેવામાં જ, બધું સહેલું છે. એ માણસે સર્વ કર્મનો ત્યાગ કરેલો છે. એક સ્ત્રી હવેલીએ જાય, બીજી બધી વ્યભિચારિણી છે. પણ પેલી સ્ત્રી તો તરે; રામનામનો મંત્ર આપનારો ન તર્યો, પણ રામનામ શ્રદ્ધાપૂર્વક લેનારો તર્યો. એ સ્ત્રી કોઈ વ્યભિચારીનાં દર્શન

Gandhi Heritage Portal

નથી કરતી, પણ એ તો પ્રભુને જ જુએ છે. એ એક તરી, બીજા બધા ડૂબ્યા. એ જ પ્રમાણે જે માણસ મનથી બધાં કર્મો ત્યાગે, તેને શેષ કર્મ રહે, તે પણ તે બળાત્કારે કરે, એટલે તેને માટે તે જવાબદાર નથી. તે ખાય છે તો બળાત્કારે ખાય છે. શ્વાસ લેવાની ક્રિયા પણ બળાત્કારે કરે છે. કર્મ માત્રનો માનસિક ત્યાગ કરતાં કેટલી બધી વ્યવસ્થા થઈ જાય છે? હિંસા-અહિંસા અથવા બંધન મોક્ષ શું, તેનો વિચાર કાલે કરીશું.

## ૫

મંગળવાર, તા. ૯–૧૧–૨૬

માણસ દેહ સાવ છોડે તો જ તે અકર્મી થઈ શકે. દેહની વાસના પણ છોડવી પડે છે. એ વાસના ન જાય તો દેહ પડયા પછી અનેક યોનિમાંથી નીકળવું પડશે. દેહની વાસનાનો અર્થ દેહાધ્યાસ. એ ભવસાગર છે. એમાં આપણે ગોથાં ખાધા જ કરવાના. આમાંથી આપણને સૂક્ષ્મ જ્ઞાન થઈ જાય કે સુખ એ સુખ નથી, પણ સુખનો આભાસ છે, અને દુ:ખ એ દુ:ખ નથી, પણ દુ:ખનો આભાસ છે. માણસે મનથી ત્યાગ કર્યો હોય તો તેને અહંતા મમતા રહેતી નથી. એટલે યજ્ઞાર્થે અને પરોપકારાર્થે કર્મ કરવાની વાત થાય છે. યજ્ઞાર્થે કરેલું કર્મ એ અહિંસા છે, પણ તે દ્વારા કરેલા પારમાર્થિક કર્મને સારુ બે સ્થિતિ હોવી જોઈએ. એક તો માનસિક વૃત્તિ કે આમાં મને સ્વાર્થ નથી, અને ખરેખરી રીતે પણ સ્વાર્થ ન હોય, ઊલટું, તેમાં જગતનું ભલું અને પરોપકાર હોય. આટલી શરતોનું પાલન થાય તો ભયંકરમાં ભયંકર વસ્તુ પણ અહિંસા છે, એમ કહી શકાય. આપણે તો અહિંસાનું આરોપણ કરવાનું રહ્યું, પણ તે પરોપકારાર્થે હોય તો જ થાય. માણસ ખાવાપીવાની ઈ૦ વાત તટસ્થતાએ કરવાનો દાવો કરે, તો તે વિરાગમુક્ત થાય છે. દેહને જ્યાં સુધી મારા તરફથી વળગવાપણું છે ત્યાં સુધી વાસના છે. દોરી તટસ્થતાએ નથી ઝાલી રખાતી, એમાં સ્વેચ્છા હોય જ. માણસે પોતાનું મન બને તેટલું ખેંચી લીધું હોય, તો દેહાતીત, વિદેહયુક્તની સ્થિતિ મળે. પણ હું તો હિંસા, અહિંસા, દેહ અને દેહાતીતપણાની વાત કરવા માગું છું. આ દેહ જો મિથ્યા હોય તો તેનો પરોપકારાર્થે ઉપયોગ કરો, ખુદાની ઈબાદત માટે વાપરો. એ લોકોએ આમ કહ્યું ત્યારે તેઓ આંધળા ન હતા, તેમણે અનુભવેલું હતું. પણ આપણે સમજી નથી શકયા. દેહાધ્યાસને છોડવો એ ભારે કઠણ વાત છે. કોઈ કહે કે બાળકને તમે શું સમજાવશો. હું કહું છું કે બચપણમાં જ એ ખબર પડે, દાંત પડી ગયા પછી ન ખબર પડે. જુવાની અને બુઢાપામાં ફેર નથી, એમ એક ઈતિહાસકારે કહ્યું છે. જુવાનીમાં ભોગ ભોગવવાની ઈચ્છા અને શક્તિ છે, બુઢાપામાં શક્તિ ન હોય, એટલે ભોગવવાની ઈચ્છા વધ્યા જ કરે. જે માણસ મેનાવતીની જેમ ગોપીચંદને ન સમજાવે તે દુ:ખી થશે. પણ હું તો કહું છું કે બુઢ્ઢો જુવાનના કરતાં તદ્દન રેઢિયાળ છે. એક રાજા હકીમો અને યાકૂતીઓથી વીંટળાયેલો રહે છે અને વેદાંતની વાતો કરે છે. એમ બાળક અને બુઢ્ઢા બન્ને સરખા છે. આટલા શ્લોકથી —એટલે ૐકારથી માંડીને આખા પુસ્તક સુધી કાંઈ જ લઈ લે તો તે શાંત થઈ જઈ શકે છે. પરોપકારાર્થે જે કાર્ય કરેલું છે તે જ કાર્ય આપણી આગળ પડેલું છે. પછી અસંખ્ય કર્મો રહેતાં નથી. દેહ રહ્યો છે ત્યાં સુધી, હળે જોડી રાખેલા બળદની જેમ, દેહને જોડી રાખીશું તો તે ઓછી પ્રવૃત્તિ કરશે, તેની તીવ્રતા બહુ ઓછી હશે. આપણે અકર્મી રહેતા છતાં પ્રવૃત્તિની તીવ્રતા તો એટલી હશે કે વાત ન પૂછો. જગતમાં અનેક પ્રવૃત્તિઓ અને કર્મ થતાં જોઈને આપણે એક શોધી કાઢીએ અથવા એ પ્રવૃત્તિ આપણને શોધી કાઢે. જેને સેવા કરવી છે, તેને

Gandhi Heritage Portal

સેવાનાં સ્થાન તો પડેલાં જ છે. બધી વાત કરીને આખરે અઢારમા અધ્યાયમાં કહ્યું કે મારું શરણ શોધ. અને એ જ કામ તું કર, પણ મારી આજ્ઞાને વશ થઈને તું કર, તારામાં જે કાંઈ છે તે મને આપીને તું એ કામ કર્યા કર. પણ એ કઈ રીતે થાય એ પાછું જોઈશું.

૬

બુધવાર, તા. ૧૦–૧૧–૨૬

આજે સિંહાવલોકનનો દિવસ છે, પણ એમાં શું કહેવું એનો પત્તો લાગ્યો જ નહીં. છેક અઢારમા અધ્યાયમાં વ્યાસે જઈને કહ્યું કે આને શું બતાવું છું? જ્ઞાન કે અજ્ઞાન, શુદ્ધ ભક્તિ કે કાંઈ બીજું? તો તેને બદલે सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज કહેવડાવે છે. અર્જુનની પાસે પણ વ્યાસ કહેવડાવે છે કે આ હું ભૂલ્યો છું. હવે મને એ પાછી કહો. ભગવાન કહે છે કે એ મને પણ હમેશાં યાદ રહે છે, એવું નથી. પણ કાંઈક બીજું સંભળાવું, એમ કહીને બીજી ગીતા સંભળાવી. તેને કોઈ યાદ કરતું નથી.

સ્વામી. . . સત્તાવીશ વર્ષ થયાં ભટકે છે, પણ હજી કશું મેળવી શક્યા નથી. હવે છેવટે. . . પંથના માણસોમાં પડયા છે. આ નિરાશાનું રૂપ હું આપી રહ્યો છું, પણ એ વાત સાચી છે. ભગવાનનું શરણ તે માણસ કઈ રીતે ગોતતો હશે, અને શરણ કઈ રીતે ગોતવું? સોની. . . .એ કહ્યું, મને કંઈક તો આપો, શું લઈ જાઉં? હું જોઈ રહ્યો. મેં કહ્યું 'રામનામ લેજો.' પણ મેં શું આપ્યું? અને એણે શું લીધું? આમ કાંઈ થતું નથી. એ કેટલાંય વર્ષની પ્રથા છે, છતાં કેટલાક થોડા એમ કરીને શરણે જાય છે? ઈશ્વરનું જ શરણું શોધો, એ કાંઈ ગીતાજીમાં નવું નથી કહ્યું. ત્યારે આપણાં વલખાં શી રીતે મટે? એની શોધ બહાર નથી, અંદર જ રહેલી છે. બહાર શોધ કરે તો શી રીતે કરે? જો ઈશ્વર બહાર નથી, પણ અંતરમાં છે, તો અંદર તે ક્યાં જાય? અંદર જે મોટો પથ્થર રહેલો છે, તેને કેવી રીતે તોડે? પરમેશ્વરને શોધવો એટલે અંદર ઊતરવું, એટલે પ્રવૃત્તિ માત્રનો ત્યાગ કરવો. પણ પ્રવૃત્તિનો ત્યાગ તો સદંતર થતો નથી, માટે અલ્પમાં અલ્પ પ્રવૃત્તિ કરવી જોઈએ, તુચ્છમાં તુચ્છ બનવું જોઈએ. ઈશ્વરને મેળવવાને જગત જોશે એવું મહાભારત કામ કશું જ કરવાનું નથી; માત્ર નાના બની સનને ચોવીસે કલાક આત્માના કામમાં લગાડવાનું છે. એમાં આપણે આડા આવીએ છીએ. એ આડપ કાઢવાને માટે શું કરવું? યોગદર્શનમાં પહેલી વસ્તુ એ જ કહેલી છે. વિદ્યાર્થીની શી તાલીમ હોઈ શકે એ વિચારી જ રહ્યો છું. વિદ્યાર્થીને આ તાલીમ મળવી જ જોઈએ. આપણે એ તાલીમ એની પાસેથી છીનવી ન લેવી જોઈએ. આપણે ગરીબની સાથે અનુસંધાન કરવા ઇચ્છીએ છીએ, પણ ગરીબનાં છોકરાંને તો કશું જ મળતું નથી. એ તો જન્મે ત્યારથી જ ખેતરમાં કામ કરે છે. જ્યાં જ્યાં ખેડૂતો સુવ્યવસ્થિત રીતે કામ કરે છે, ત્યાં ત્યાં છોકરાં પ્રથમથી જ આવાં કામમાં પડેલાં હોય છે, અને આપણે વિચાર કરી રહેલા છીએ તેવો વિચાર કરનારા ખોબા જેટલા પડેલા છે. ઈશ્વરને મેળવવાનો રસ્તો, એટલે સ્વરાજ મેળવવાનો રસ્તો પણ, અલ્પમાં અલ્પ વસ્તુ કરવાનો છે. એટલે છોકરાંની આગળ પણ આપણે છીએ તેવા બતાવવાનું છે. આપણે એમાં ઘડાઈ જઈએ તો છોકરાં પણ એ જોયા કરે. વૉલેસની વાત કરી. તે છેવટે કહે છે કે, મેં મારી બુદ્ધિ ક્યાં આપી છે? એ તો પ્રૉટેસ્ટન્ટ છે ના? પણ બુદ્ધિ વેચી, વિચાર વેચ્યો. બધું આપી દીધું, મીઠું સાગરમાં ભળી ગયું. એ બુદ્ધનું નિર્વાણ છે. તેને સ્મરણ પણ ન રહે કે 'એક દિવસ અલ્પ હતો,

Gandhi Heritage Portal

ને આજે સાગર છું.' એટલે આપણે પોતાની તુચ્છતા અનુભવવી. નાનામાં નાનું કામ લેવું અને તે માટે સર્વથા ત્યાગ, સર્વથા વૈરાગ્યનું સેવન કરવું.

મોટી દોડધામ કરીને કાંઈ થઈ શકતું નથી. ગીતાજીએ બધા ધર્મો તજવાનું કહ્યું, એટલે અલ્પમાં અલ્પ પ્રવૃત્તિ કરવાનું અને તુચ્છતા અનુભવવાનું રહ્યું. આ જગતનો તું દાસ બનીને રહેજે. તેથી આગળ જવું એ તારી શક્તિની બહાર છે.

૭

શુક્રવાર, તા. ૧૨–૧૧–૨૬

યજ્ઞાર્થે કરેલી પ્રજોત્પત્તિ બ્રહ્મચર્યમાં ખપે? ખપે. પણ એમાં પ્રજોત્પત્તિ મુખ્ય હોય છે, યજ્ઞ ગૌણ હોય છે. જ્યારે યજ્ઞાર્થે થતી અહિંસા વિના તો જગત ચાલી ન શકે, પ્રજોત્પત્તિની જરૂર જ છે એમ કહી ન શકાય. છતાં જે સ્મૃતિ કહે કે ગૃહસ્થાશ્રમમાં બ્રહ્મચર્ય હોઈ શકે, એ એનો સંકુચિત અર્થ હોય, આપણે તો એ સંકુચિત અર્થનો અહીં ત્યાગ જ કરેલો છે.

વળી આગળ બીજો પક્ષ તો રહેલો જ છે. જો નાશ એ હિંસા છે, તો ઉત્પત્તિ હિંસા છે જ. એટલે પ્રજોત્પત્તિમાં હિંસા છે જ. જેનો નાશ થવાનો જ છે, તેની ઉત્પત્તિમાં હિંસા છે જ.

૮

શનિવાર, તા. ૧૩–૧૧–૨૬

મહાભારત એ અપૂર્વ ગ્રંથ છે, અને તેમાં ગીતા અપૂર્વ છે. સ્થૂલ યુદ્ધનું વર્ણન કરીને સૂક્ષ્મ યુદ્ધનું દર્શન કરાવ્યું છે, અને બતાવ્યું છે કે પેલા યુદ્ધમાં જે હાર્યા એ હાર્યા છે, જીત્યા એ પણ હાર્યા છે. પાંચસાત જીવ્યા તે મૂઆ વાંકે જીવ્યા. ધૃતરાષ્ટ્રના બેહાલ થાય છે, પણ કુંતીનાયે બેહાલ થાય છે. પાંચ ભાઈઓ અને છઠ્ઠી દ્રૌપદીનું શું થાય છે, એ સ્વર્ગારોહણ પર્વમાં જોઈએ છીએ. તે ધીમે ધીમે મરતાં જાય છે. યુધિષ્ઠિર પણ પૂરો પહોંચી નથી શકતો. એટલે વ્યાસ કહે છે કે એ તો ધૂળની ધૂળ રહે છે.

એટલે પ્રયત્ન ન કરો, તેમ નહીં. એક સ્થાને દૈવ બળવાન, બીજે સ્થાને પુરુષાર્થ બળવાન છે. પુરુષાર્થ એટલે પ્રયત્ન, અને પરમ પુરુષાર્થ એટલે આ દ્વંદ્વની અંદરથી છૂટવું. દ્વંદ્વમાં તો ધૂળના બાચકા ભરવાના છે. પણ ધૂળનો એક એક કણ એ અમુક સ્થિતિએ રત્ન થઈ શકે છે, એ બતાવવાનો ગીતાજીનો આશય છે. તમારી ઉપર ત્રણ ગુણો કરોડો બાજુએ તાકી રહેલા છે. વીંધાતાં વીંધાતાં નિર્લેપ રહી શકો તો જીતી શકો. એ તીર દેહ ઉપર અને તેમાં રહેલા આત્મા ઉપર ફેંકાયા જ કરે અને આત્મા જાગ્રત રહે તો ભલે ફેંકાયા જ કરે, તો એ તીર મને શું કરી શકવાનાં હતાં?

આમ થવાની શરત કઈ છે? એ કોણ સમજી શકે? એટલા માટે અર્જુનવિષાદયોગ કહ્યો. અર્જુન એટલે જિજ્ઞાસુ આત્મા. બુદ્ધિને ધગશ ન ચડે ત્યાં સુધી એમાં જિજ્ઞાસા ન ઉત્પન્ન થાય. એ જ્યાં સુધી પ્રલોભનોમાં પડેલી છે ત્યાં સુધી ગીતા તેને માટે નથી. વિદ્યાર્થીગણને માટે ગીતાજી ખરી કે નહીં? જેને શ્રદ્ધા હોય, જેની શ્રદ્ધાની અંદર અર્જુન થવાપણું હોય, તેને માટે ગીતા છે. માસ્તરના કહેવા પ્રમાણે ૧૯૦૦-૧૫૦૦ માઈલનું હિંદુસ્તાન છે, એમ માનનાર વિદ્યાર્થી ગજ લઈને થોડો જ બેસશે? એ તો માની લે છે. તે જ પ્રમાણે પહેલા ધોરણની અંદર માસ્તર કહે છે કે પૃથ્વી ગોળ છે, તે પણ સારો વિદ્યાર્થી માની લેશે, અને પૃથ્વીને

Gandhi Heritage Portal

સપાટ કહેનાર વિદ્યાર્થી સાથે લડશે. જેને એ વસ્તુ ઠસશે એને ઠસશે. એ જેમ ભૂગોળવિદ્યા વિશે માનશે તેમ આ ધર્મની ભૂગોળવિદ્યા વિશે માનશે. ઘણી વસ્તુમાં એ જિજ્ઞાસાનો આરોપ કરશે. કેટલીક વસ્તુ ધારી લેવી પડે છે. જેમ કે સીધી લીટી. પાછળથી તે દીવા જેવું સ્પષ્ટ થાય છે. વિદ્યાર્થી દશા એ ધારી લેવાની દશા છે. પણ વિદ્યાર્થી શું, મોટા માણસ પણ ધારી લે છે. છેવટનું જે શેષ રહી જાય છે તેની સાથે શ્રદ્ધા રાખ્યા વિના છૂટકો નથી. વિદ્યાર્થીની બુદ્ધિ કુમારિકા છે. તેની ઉપર બહુ ઓછો બોજો પડે છે. જેમ જેમ તે બુદ્ધિ તેજસ્વી થતી જાય, તેમ તેમ તે પરિપ્રશ્નોથી અને પ્રણિપાતથી કોયડા ઉકેલતા જાય. પણ શરત એ કે જિજ્ઞાસા થવી જોઈએ, અને ધાલાવેલી થવી જોઈએ. તેથી જ એ વિષાદયોગ કહેવાય છે. વિષાદયોગ એટલે વિષાદ વાટે ઈશ્વર સાથે જોડાવાનો માર્ગ. ઈશ્વરમાં તન્મય થવું હોય, મોક્ષ મેળવવો હોય તો આપણામાં વિષાદ પેદા થવો જોઈએ, દુ:ખ પેદા થવું જોઈએ. મને...એ કહ્યું: ઉપવાસને પરિણામે ભગવાન ન મળે? વિકાર આવ્યા કરે, તો પછી શરીરને તડાતડ મારીએ એ બરાબર નહીં? હિંદુસ્તાનમાં બાવા પડયા છે. ખીલાઓ ઉપર બળતે બપોરે ધોમ ધખાવનાર આનંદ માને છે, એ વખતે તો એ બૂરા વિચાર ન કરતો હશે. યુરોપમાં એવા દાખલા જોવામાં આવશે. ફકીરોને પણ એવું થાય છે. જગતની અંદર તપ કરતા આવ્યા છે. પણ એ ગાંડો વિચાર નથી. મેં તો નમ્ર વિચાર આપ્યો. એ ન કરજો. આપણે તો મનને કષ્ટ આપવું છે, મનને સુધારવાને સારુ ધીરજ આપવી છે. ઉપવાસ આદિ ચાબખા પૂરતા છે. ઉપવાસથી થઈ જ શકે એવી ખાતરી હોત, તો સૌ કોઈ કરત. જગતમાં જિજ્ઞાસુ થોડા જ છે શું? ઘણા છે. જગતની વસ્તુ મેળવવા અનેક કષ્ટ ભોગવે છે, તો આને માટે કોઈ ગળામાં ખીલો ખાવા તૈયાર ન થાય? કેટલાકને પૈસા માટે છરો ભોંકતા મેં જોયા છે. એટલે જો માણસ પૈસા મળે એને સારુ આમ કરી શકે તો રાજગાદી મેળવવા શા સારુ ન કરે? પણ એ રસ્તો સરળ નથી. આપણી પાસે મધ્યમ માર્ગ છે. એ જ સાધવા જેવો છે. પણ...ની વાતમાં એક રહસ્ય છે. એની ધગશ જોઈએ. કામીઓમાં જે ઉત્સુકતા હોય છે તે ઉત્સુકતા, તે રાગ, મોક્ષને વિશે જોઈએ. જગતને વિશે રાગ છોડીને આને વિશે રાગ થાઓ. અર્જુનને માટે પહેલી શરત તો એ છે કે દરેકના પોતાના મનમાં ધગશ જોઈએ. 'સ્વ' અને 'પર'નો માણસ ભેદ પાડવા મંડી જાય છે. મારવા ન મારવાનો વિષય નથી, ન મારવું એ જાણી જ લીધેલું છે. શાશ્વત ધર્મ મારવાનો છે જ નહીં. એ સ્વતંત્ર ધર્મ પાળી નથી શકતો, પણ આ દ્રોણ ભીષ્મ ઉપર શી રીતે તીર ઉગામાય? એમ એ 'સ્વ' અને 'પર'નો ખોટો ભેદ લઈને અર્જુન બેસી ગયો. ને અર્જુન એ પાટે ચડેલો માણસ છે. મૂર્છામાં નિરાકરણ કરી લેતો નથી. એ તો કૃષ્ણ ઉપર આશક છે. અને પાણી પાણી થઈને કહે છે કે હવે મને કહો. એવો મૂંઝારો ચઢે ત્યારે રોગ જાય. (કટોકટીની પળ) આવે નહીં ત્યાં સુધી રોગ ન જાય. એ તો એક પ્રસૂતિની વેદના છે. નવો જન્મ પામતાં જે આક્રમણ થાય છે તે અર્જુનને થયેલું છે, તે આપણને સૌને થાઓ; અને એ રહે તો આપણે તરી જઈએ.

## ૯

બીજા અધ્યાયમાં જિજ્ઞાસુને ધાલાવેલી થવી જોઈએ. શરીર ક્ષીણ થઈ જાય, હવે તો ચાલ્યો ચાલ્યો થાય, ત્યારે જ એને જ્ઞાન મળે. એ જ ધ્વનિ ગજેન્દ્રમોક્ષમાં મળે છે, દ્રૌપદી આદિનાં આખ્યાનમાં મળે છે. પછી એને જ્ઞાન મળે, એની બુદ્ધિ સંસ્કારી થાય. જેમ ભક્તરાજે[1] જોયું

૧. પિલગ્રિમ્સ પ્રોગ્રેસમાંના ભક્તરાજ.

Gandhi Heritage Portal

કે ચામેર એ બળી રહ્યો છે, ત્યારે એ બૈરીછોકરાંની દરકાર વિના ભાગ્યો. એટલું થાય ત્યારે બુદ્ધિ સંસ્કારી થઈ કહેવાય, અને બધાં આવરણો જાય. હૃદય ઠેકાણે છે, પણ એ બેહોશ છે, એટલે કાંઈ કરી શકતું નથી. ત્યાં કૃષ્ણ આત્મા અને દેહનો ભેદ બતાવે છે. એક દલીલથી એ સમજાવે છે અને એમાં તરબોળ કરે છે. આટલી બધી ફિકર હતી, તે દેહને વિશે હતી. હવે આત્માને વિશે એવી ફિકર થવી જોઈએ. કૃષ્ણ એને બતાવે છે કે આ બે નોખાં છે. આત્માને મરવા-મારવાપણું છે જ નહીં. દેહ જ નાશવંત છે. એને પડેલો જ તું સમજ. એને વિશે ચિંતા કરવાપણું નથી જ. પણ એ તો દલીલ થઈ. કરવાપણું શું? હું તને બતાવું છું તે કરવાથી તને પશ્ચાત્તાપ કરવા જેવું નહીં રહે. જરાક જેટલું કર્યું હશે, તે એની મેળે ઊગી નીકળશે. કરતાં કરતાં જેટલું થાય તેટલું ઠીક જ થશે, એમ તારે માની જવાનું. એ માણસ તે કેવો કે જે ફિકર રાખ્યા વિના કામ કર્યા કરે? એટલે બીજા જ અધ્યાયમાં એ માણસની દશા બતાવે છે. જિજ્ઞાસુને એટલો રસ ઉપજાવે છે, કે તેને સાંભળવાની તીવ્ર ઉત્સુકતા જાગ્રત થાય છે. એને હજી ભક્તિની ગંધ આવી નથી. ભક્તિ તો લેહ લાગે ત્યારે આવે. મીરાંને જ્યારે લાગ્યું કે ચંદ્રસૂર્યનું તેજ મળ્યા પછી આગિયાની જરૂર નથી, ત્યારે તેને ભક્તિ આવી ગઈ. તેને કર્મની જરૂર રહે છે તો તે પરમાર્થને માટે જ, પોતાને માટે નહીં, એની એ જ વસ્તુ ભક્ત કરતા હશે. તેને બુદ્ધિ તે જુદી રીતે જ બતાવશે. પછી કર્મ કેવી રીતે કરી શકાય તે ભગવાન બતાવે છે. એ પછી ભક્તિનું રહસ્ય ભગવાન બતાવે છે. દેહભાવ ખરતો જાય છે, દિવસે દિવસે આત્માની વૃદ્ધિ થાય છે, જાગૃતિ થાય છે, આત્માનું દિવ્ય દર્શન થાય છે.

## ૧૦

જ્યારે અર્જુન સાવ નિર્બળ થઈ જાય છે, ત્યારે અર્જુનની બુદ્ધિ જાગ્રત થાય છે. પછી કૃષ્ણ કહે છે, કે તારી એકલી બુદ્ધિ કામ નથી આવવાની, યોગની જરૂર છે, કર્મયોગની જરૂર છે. ટિળક મહારાજે અનેક પ્રમાણોથી આ બતાવ્યું છે. બુદ્ધિએ જાણે ગૃહસ્થાશ્રમ માંડવો જોઈએ, એમ બતાવ્યું. એ બંને યોગવાળાનાં લક્ષણ અર્જુને પૂછ્યાં, એટલે એને સ્થિતપ્રજ્ઞનાં લક્ષણ બતાવ્યાં, એટલે એ મૂંઝાયો. એ કર્મ કરનારો હોય કે જ્ઞાની હોય?

એટલે ત્રીજા અધ્યાયમાં કર્મનું રહસ્ય કૃષ્ણ વર્ણવે છે. કર્મ વિના પ્રાણી રહી શકતું જ નથી. મીરાંબાઈએ એ માગી લીધું કે શ્વાસોચ્છ્વાસે તું જ હોય. શ્વાસ આપણે ઈરાદાપૂર્વક નથી લેતા, પણ અનિચ્છાએ લઈએ છીએ. એ કર્મ જેમ માણસ અલિપ્ત રહીને કરે, તેમ બધાં કર્મ નીરોગી માણસ અલિપ્ત રહીને કરે. કર્મ આરોગ્યસૂચક હોય અને અનારોગ્યસૂચક પણ હોય. દાખલા તરીકે, દમવાળા માણસનો શ્વાસ રોગસૂચક હોય. તેમ જ રૂંધાઈ ગયેલાનો શ્વાસ રોગસૂચક છે, તેમ દરેક માણસનું કર્મ કોકને માટે કદાચ આરોગ્યસૂચક હોય. આ પછી જનકાદિના દાખલા આપ્યા. પોતાનો દાખલો આપીને કહ્યું, મારે પણ પોતાનું તંત્ર ચલાવ્યા જ કરવું પડે છે. મારાથી તો આળસ ન મરડી શકાય. તું તો નિદ્રા લઈ શકે, પણ હું તો તે નથી લઈ શકતો, છતાં સદાયે અલિપ્તનો અલિપ્ત છું. આ દાખલો લાગુ પાડીએ તો માણસની બુદ્ધિ સો વરસનો થાય ત્યાં સુધી તેજસ્વી રહેવી જોઈએ, અથવા વધારે સારી થવી જોઈએ. પણ માણસ વિષયાસક્ત છે. જો તે તેવો ન હોત, તો છેવટે તો તેને જ્ઞાનની પરાકાષ્ઠા હોવી જોઈએ. અનુભવ બીજું બતાવે છે, તેનું કાંઈ નહીં. આપણે અપૂર્ણ મનુષ્યો અપૂર્ણ અનુભવમાંથી અપૂર્ણ સિદ્ધાંત ઘટાવીએ છીએ. એટલે આમાં કાંઈક ત્રુટી હોવી જોઈએ. ફળને વિશે જુઓ. જેમ જેમ


Gandhi Heritage Portal

તે મોટું થતું જાય છે, તેમ તેમ તે રસવંતું થાય છે, અને ખીલતું જાય છે. ખજૂર પડેલું અને સુકાયેલું પણ કેટલું સ્વાદિષ્ટ છે? એમ જે મનુષ્યની બુદ્ધિ ઈશ્વરના કાયદાનો ભંગ નથી કરતી, તે ખીલતી જ જાય છે. પણ અનુભવમાં તો માણસ ઘરડો થતો જાય છે, તેમ બગડતો જાય છે. એ વિષયી માણસ છે.

ત્રીજો અધ્યાય પ્રાકૃત માણસને માટે રૂપાનો લોટો છે, ભારે ઉપયોગી છે.

## ૧૧

કર્મ વિના ઈશ્વર ક્ષણ પણ રહેતો નથી, એ વાત જોઈ ગયા. ત્યારે મોક્ષ કેમ મળી શકે? એટલે જવાબ મળ્યો કે દેહનાં કર્મ દેહ કરે. એની સાથે આત્માને કશો સંબંધ નથી. એનો અર્થ લંપટ માણસે જુદો જ કર્યો. પણ જ્યાં સાચી વાત છે, ત્યાં એ સમજી શકાય એવું છે, કે દેહબંધન એ જ કર્મ. દેહ ન હોય તો કશું કરવાપણું ન હોય અને ઈશ્વર દેહધારી ન હોઈ એને કાંઈ કરવાપણું ન હોય. અને ઈશ્વર દેહાતીત છે છતાં તે કહે છે કે હું કર્મ કર્યા વિના નથી રહેતો. એટલે દેહધારી કહેવાય. કારણ આખો પ્રપંચ તેનો છે. દેહાતીત કલ્પીએ છીએ ત્યારે તો તે નિરાકાર છે. આત્મા જો વિચારી શકે કે દેહનાં કામ દેહ કરે, તો તે દેહના બંધનમાંથી મુક્ત થાય. એ કેમ જાણી શકાય કે અમુક કર્મ દેહ જ કર્યા કરે છે? અહંકાર વિના એ કરી ન શકાય. આત્મા વિના દેહથી તો કશું થઈ શકતું નથી. એ વળી બીજી ઉપાધિ. એટલે આત્મા કર્તા બની જાય છે. એનો અર્થ એ થયો કે અભિમાની આત્મા દેહની અંદર કામ કરે છે. ત્યારે શું કરવું જોઈએ એ ત્રીજા અધ્યાયમાં વિચાર્યું. परोपकारः पुण्याय पापाय परपीडनम् જે કામમાં વધારેમાં વધારે પરોપકાર હોય તે કામ ભલે થાઓ. તેમાં તે વધારેમાં વધારે અલિપ્ત છે એમ માની લઈએ. આપણે એમાં ઓછામાં ઓછું અભિમાન રાખતા હોઈશું, ત્યારે એની ગતિ તીવ્રમાં તીવ્ર હશે. એક સાઠ માઈલની ગતિથી ચાલતાં છતાં, એક માઈલની સ્વાભાવિક ગતિથી ચાલનાર તેના કરતાં આગળ પહોંચશે. કારણ પેલો બીજો આત્માનંદી હોય છે, જ્યારે પહેલો તો સંશયગ્રસ્ત હશે. તેનું ચાલવું ઘણુંખરું ફોકટ છે. આપણે અભિમાનમુક્ત થઈને કામ કરતા હોઈએ તો ભલે આપણું ધીમું કાર્ય હશે તોયે ચોક્કસ પહોંચવાના છીએ. યજ્ઞ અને પરોપકારને માટે કાર્ય ભલે થાઓ. માણસ દેહનો સ્વાર્થ સાધે છે કે આત્માનો સ્વાર્થ સાધે છે, એટલું જ જોવું જોઈએ. માણસ પરોપકારાર્થે પેદા થાય છે, એમ કહેવું એ એક જ રીતે સાચું છે. કારણ બધી પ્રવૃત્તિ તે સ્વાર્થ માટે ચલાવે છે. પણ આત્માર્થે તે ચલાવે તો તે પરોપકારપ્રવૃત્તિ છે. તેની બધી પ્રવૃત્તિ સેવાધર્મને અંગે હશે.

તેટલા સારુ ભગવાને આ પ્રસંગને આટોપી લેતાં કહ્યું કે श्रेयान् स्वधर्मो विगुणः ઈત્યાદિ. એટલે સ્વધર્મ ગમે તેવો હોય, ગુણરહિત હોય, અને બીજાનો ધર્મ ગુણવાળો હોય તોપણ બીજાના ધર્મ કરતાં સ્વધર્મ સારો. અર્જુનને બીજાનો ધંધો રૂડોરૂપાળો લાગ્યો હતો, એટલે ભગવાન તેને કહે છે કે બીજાનો ધંધો ગમે તેટલો સારો હોય તોયે તે તારો ધંધો નથી. સારી રીતે આચરેલો બીજો ધર્મ હોઈ શકે નહીં. કારણ બીજાનો ધર્મ સારી રીતે આચરી શકાય જ નહીં, એ તો પોતાનો જ આચરી શકાય. હકીકત તો એવી છે કે તેને બન્ને ધર્મ છોડવાના છે. પણ આજે જ તેને એ મોક્ષ મળી નથી શકતો. સ્વધર્મ એનું નામ છે કે જે સ્વાભાવિક છે. જે માણસ નિરભિમાન થઈને કામ કરે છે, તેની પાસે જ ધર્મ પડયો છે. તે એની મેળે ને મેળે જ ઊગ્યાં કરે છે. આપણો ધર્મ આપણી પાસે રહેલો છે, તે જ સારી રીતે કરી શકવાના છીએ.

Gandhi Heritage Portal

પાયખાનાનું કામ કોઈને સોંપવામાં આવ્યું, તેના કરતાં ભણાવવાનું કામ સારી રીતે કરી શકવાનો છું, એમ લાગે તો તે મિથ્યા છે. જેટલું ભલું તેના ભણાવવાથી થવાનું છે તેટલું જ પાયખાનું સાફ કરવાથી થવાનું છે. એક રીતે એ વિગુણ છે જ. વિદ્યાભ્યાસ આગળ પાયખાનું સાફ કરવું એ શું? સાગર આગળ ગંગા નદી તો કશી વિસાતમાં નથી. ગંગાનો ધર્મ રહ્યો કે હોડીઓ ઉપાડી શકે, જ્યારે સમુદ્ર સ્ટીમરો ચલાવી શકે. ગંગાનો ધર્મ ભલે વિગુણ હોય, તોય તેને માટે તે જ સાચો ધર્મ છે. વિગુણ હોય અને વિગુણ લાગે, એમાં 'હોય' બે અર્થમાં છે. એક દૃષ્ટિએ એક કામ બીજા કરતાં ચડિયાતું હોય, છતાં આપણે માટે બીજું સારું છે.

આની અંદર વર્ણધર્મની જડ છે. આજે ચારે વર્ણનો લોપ થયો છે, છતાં આપણે તેમાં માનીએ છીએ. કારણ ભાવનામાં માનવું એ પણ સારું છે. જે માણસને દેહાતીત થવું છે, તેને વર્ણ એટલે પોતપોતાનાં કામ માન્યા વિના ન ચાલે. એટલે ભગવાને અર્જુનને કહ્યું કે તારો ધંધો હણવાનો છે. સ્વજન-પરજનનો ભેદ કર્યા વિના તું એ કામને યજ્ઞાર્થે કર. વિગુણ અને સ્વનુષ્ઠિતાત્ એ બન્ને સરખા સજાતીય શબ્દો છે.

૧૨

ગીતાજી એ મોટામાં મોટું માનસિક ભાતું છે. રેંટિયો એ મોટામાં મોટું શારીરિક ભાતું છે. હું આપી શકું એમ છું. એ ચાલુ રાખજો. પ્રાર્થનાના શ્લોકો વિશે કમિટીનો ઠરાવ. એ શ્લોકો ભલે વિગુણ હોય તોપણ એ ચાલુ રાખવા જ જોઈએ. જેમ પખવાડિયું બદલાયા કરે, તેમ ગીતાજીના અધ્યાય બદલાયા જ કરે. ગીતાજી મોઢે નથી થઈ ત્યાં સુધી વિઘ્ન નડશે, તો દુ:ખેથી ગીતાજી ઉઘાડીને વાંચજો. એક જ જણ રહે તેને જગત-શ્રોતા માનીને બેઠો બેઠો સંભળાવે. જે પોતાનું જીવન અહિંસક ગાળવા ઇચ્છે છે, તેને માટે આ જ યોગ્ય છે. જેને આધ્યાત્મિક સામ્રાજ્ય ભોગવવું છે તેને સારુ આ છે. જેને બીજાં સામ્રાજ્ય મેળવવાં હોય તેને માટે નથી. દિવસે દિવસે એમાં વધારે રસ રેડતા જજો, વધારે ચેતનમય કરતા જજો. અત્યારે તો એ એક અઠવાડિયાનું બાળક છે. તે પછી સૂર્યચંદ્રની જેમ ઊગતું આથમતું થઈ જાય. ધીમે ધીમે એ શ્લોકોના અર્થ કરવાનો પ્રયત્ન કરજો.

ગીતાજી, મેં તમને કહ્યું કે, મોટામાં મોટું જ્ઞાનભોજન છે, જ્ઞાનામૃત છે. તે એક દૃષ્ટિ રાખીને કહ્યું હશે. મોઢે તો ઘણા કરી શકે. મોઢે કરવું એ રાક્ષસ અને દેવ બંનેને સામાન્ય છે. આ તો સદુપયોગ કરવાને માટે વાત થયેલી છે, આડંબર કરવા માટે નહીં. પણ યાદ રહી ગયું હોય તો ચોવીસ કલાકમાંથી કાંઈક ને કાંઈક વીજળી મળ્યા જ કરે. કોક શ્લોક તો યાદ આવે જ, અને આપણું રક્ષણ કરે. એ તો પ્રાણવાયુ છે. જે માણસ શ્રદ્ધાપૂર્વક વાંચે, તેને સારુ એ કલ્પદ્રુમ છે. આપણા ત્રણે પ્રકારના તાપ એનાથી જઈ શકે. એ પરિણામ આ ભવમાં ન આવે, તેથી એ શ્રદ્ધા ટળે એમ નથી. એ ન થાય તો આપણા પ્રયત્નની ત્રુટી હશે, એ વસ્તુની ત્રુટી નથી. એ રીતે જ વાંચશું તો જ એ જ્ઞાનામૃત છે.

૧૩

સ્વધર્મ કોને કહેવો? એમાં વર્ણાશ્રમની જડ છે. એ હિંદુ ધર્મનો ઇજારો નથી. પણ દુનિયાને વિશે છે. એ જોતાં સ્વધર્મ એટલે શું એ વિચારવું રહ્યું. અઢારમા અધ્યાયમાં તો સ્વધર્મ પાળતાં સંસિદ્ધિ મળે છે એમ કહ્યું, એટલે સ્વધર્મ પાળતાં એકસરખાપણું મળી રહે છે. આ

Gandhi Heritage Portal

નશ્વર જગતની અંદર એકસરખાપણું ક્યાંય નથી જોવામાં આવતું. બે પાંદડાં એકસરખાં નથી, પણ ગીતાજી સરખાપણું બતાવે છે. એ કેમ બતાવે છે તે કાલે જોઈશું.

૧૪

વિગુણ સ્વધર્મ પરધર્મના કરતાં સારો, તે એટલે સુધી કે સ્વધર્મમાં મરવું એ સારું. કારણ પરધર્મ ભયાવહ થઈ પડે. એ આપણે જોવાનું રહ્યું છે. એકનું કામ બીજો ન કરે, બીજો કરે તો ભયાનક થઈ પડે. એક રાજ્યની અંદર એક ભારે પ્રધાન છે. એસ્ક્વિથ બીજા સેનાપતિના ઉપરી કહેવાય, છતાં તેનો ધર્મ હુકમ કાઢવાનો, અને સેનાપતિનો ધર્મ હુકમનો અમલ કરવાનો છે. હુકમનો અમલ કરી, એ લશ્કરને લઈ જાય. ધારો કે એસ્ક્વિથના મનમાં મોહ ઉત્પન્ન થયો કે સેનાને હું લઈ જાઉં, તો પ્રજાનો તેમાં નાશ થાય. રાજાનાથી બીજો દરજ્જો તો પ્રધાનનો છે, પણ તેને માટે આ પરધર્મ ભયાવહ છે. હવે સેનાપતિ લો. એ માને કે સેનાપતિની આગળ જઈ, પ્રધાન થઈ, સેનાપતિની ઉપર હુકમ કરીશું. સેનાપતિ એમ માને તો રાજ્યમાં મહા ખટપટ પેદા થઈ જાય, અને રાજ્યનો નાશ થઈ જાય. પેલો તો હતું તેય ખુએ, અને લેવા જાય તે પણ ખુએ. એક ત્રીજી વસ્તુ પણ જોઈએ છીએ. સેનાપતિ તેની જગ્યાએ બેઠો, અને પ્રધાન તેની જગ્યાએ બેઠો; તેઓ એકબીજાથી ઊતરતા નથી. અહીં વાત જ ધર્મની રહેલી છે. ત્યાં ચઢઊતરપણાની ગંધ રહેલી નથી. કારણ બધાય ધર્મ બજાવે અને પોતપોતાના ધર્મ બજાવીને સો દોકડા મેળવે.

ઈશ્વરના દરબારમાં ઈરાદો જ પહેલો જોવાવાનો છે. ત્યાં કોણ ચડતો કે ઊતરતો, એ કોઈ જોવાનું નથી. સ્વધર્મ એ ચડતો છે અને પરધર્મ ઊતરતો છે, એમ માનવું જ ન જોઈએ. અથવા તો એમ માનવું કે પોતાનો ધર્મ એ સૌથી સારો છે. માતા અને બાળકનો દાખલો લો. કદરૂપો બાળક હોય તો માતા ઊલટી તેની વધારે બરદાસ્ત કરશે. તરછોડનારની સાથે એ કકળાટ કરશે. આમ પોતાનો ધર્મ મોક્ષદાયી છે. મહાભારતની અંદર એના અનેક દાખલા છે. તુલસીદાસમાં પણ ગુહ અને શબરી પોતાના કામમાં ઈશ્વરપરાયણ હતાં એટલે તેમણે પરમ પદ મેળવ્યું.

સ્વધર્મમાં વર્ણાશ્રમની જડ રહેલી છે. અત્યારે વર્ણ જોતા નથી. આજે રોટીબેટીવ્યવહારમાં વર્ણ આવી રહ્યો છે. વર્ણ હિંદુ ધર્મમાં જ નથી. એકાંગી ધર્મ તો સંકુચિત થઈ પડે. એને માટે મરી પડવાની જરૂર ન રહે. પણ જો સનાતન ધર્મ હોય તો તેની ઉપર મરી પડીએ. જગતમાં રોટીબેટીના વ્યવહાર ઉપર વર્ણ નથી, પણ વર્ણવ્યવસ્થા એ કર્મવ્યવસ્થા છે. આભડછેટનો અંશ તો પાછળથી દાખલ થયો છે. કર્મનો ભેદ તો આખા સંસારમાં પડયો છે. દરેક ઠેકાણે એ જોવામાં આવે છે. છોકરાં મોટાં થાય ત્યારે શું કરીશું, એમ ઘણાં માબાપને વિચાર કરવો પડે છે, અને છોકરાંને પણ વિચાર કરવો પડે છે. એમ કરતાં જગતનું ખોઈએ છીએ, પરલોકનું ખોઈએ છીએ. એ વિચારની ધમાલમાં આપણું સાધન ખોઈ બેસીએ છીએ. સ્વધર્મનું કાર્ય એટલે પોતપોતાનું કાર્ય તે કોણ બતાવે? એમાં માણસની સ્વતંત્રતા અને સમાજની પરતંત્રતા નથી. માણસ મોક્ષ મેળવે અને પછી પોતાને સ્વતંત્ર માને તો મૂઓ પડયો છે. તે તો સમાજનો જ થઈ જાય છે. મોક્ષ મેળવવો એટલે સમુદ્રની અંદર પીગળી જવું. મોક્ષપદ મેળવવું એટલે વિશાળમાં વિશાળ સમુદ્રમાં દાખલ થઈ જવું. આપણે આ સમાજમાં રહેલા કીડા છીએ. કીડો શબ્દ પરતંત્રતા બતાવે છે. એ પરતંત્રતામાં આપણે સ્વતંત્ર છીએ. સમાજ જે કામ સોંપે

Gandhi Heritage Portal

તે કામ આપણું. ત્રણ માણસમાં એક ઉપરી તો હોય. સેનાપતિને અમુક બાબતમાં પ્રધાનને પૂછવું પડે અને પ્રધાનને પણ કેટલીક વાતમાં સેનાપતિને પૂછવું જોઈએ. વ્યાખ્યા એ ઉપરીએ બતાવેલું કામ કરવું તે. એમાંથી સૂક્ષ્મ ઉપર આપણે જઈશું.

૧૫

મોક્ષના આ ગ્રંથમાં ધૂળ જેવું કામ કરવાનું હોય, તેમાં પણ સ્વધર્મ માનવાનો હોય? એમ કરતાં મોક્ષ મળે? મળે. મહાભારતમાં તુલાધારની વાત છે. બ્રાહ્મણ જે જ્ઞાન લેવા ગયો હતો, તેને ખાટકીને ત્યાંથી જ્ઞાન મળ્યું. મહાદેવે જે ભગતની વાત કરી છે તે કુંભાર હતા. ભોજો ભગત મોચી હતો. स्वधर्मे निधनं श्रेयः એ કાંઈ બહુ વધારે પડતી વાત કરી નથી નાંખી. સ્વધર્મ ત્યાં પરતંત્રતાની વાત હોય. 'સ્વ' એટલે આપણને પચી ગયું હોય તે. ન પચ્યું હોય તો અનેક વિકાર થાય અને અનેક રોગ થઈ આવે. આપણી આસપાસ દૂધપાક વગેરે ખાનારને જોઈને અને હૃષ્ટપુષ્ટ થતા જોઈને બીજો ખાવા જાય તો મરે. સ્વધર્મ તો સૌનો ખરેખર મોક્ષ છે જ. પણ મોક્ષ નથી મળ્યો, ત્યાં સુધી પ્રાકૃત દેહધારીઓ તરીકે શું કરવું? જો દેહનો ધર્મ જાણીશું અને તેના ધર્મો બજાવતા જઈશું, તો 'સ્વ'ની સંપૂર્ણતા મેળવવા હાથે કરીને પરતંત્રતા ભોગવવી પડશે. આપણે તો ઈશ્વરને જ અધીન રહેવાનું છે. 'અંતર મમ' રોજ ગાઈએ તેથી કાંઈ સૂતેલો ઈશ્વર થોડો જ જાગવાનો છે? એ માટે આપણે કોઈ ને કોઈની ઓથ લેવી જોઈએ. સ્વધર્મ એટલે તે તે ક્ષણે આપણને મળેલું કામ. આપણને કોઈએ પણ સોંપેલું કામ કરવું. આપણે અંતરાત્માને વશ થવાનું છે, પણ જેને અંતરાત્મા ન હોય તે શું કરવાનો છે? 'હું'ને જ્યારે કાઢી નાંખીએ ત્યારે ઈશ્વર ત્યાં વિરાજી શકે છે. એને માટે પરતંત્ર થવાનું છે. પર એટલે બીજો, અને ઉત્તમ પુરુષ. જે તે ઠેકાણે આપણને આજ્ઞા મળે, તેને અધીન રહેવું. એક ઠેકાણે જોડાઈ ગયા પછી અનન્ય નિષ્ઠા અને કર્તવ્યપરાયણતા દાખવવી. પછી તે આવી પડેલો ધર્મ ગમે તેવો લાગતો હોય, તે ગંધાતો હોય, તેમાં હિંસા લાગતી હોય, તોયે તે કરવો જોઈએ. આ હિંસામય જગતમાં એ આવી પડે તો કર્યે જ છૂટકો. હરિશ્ચંદ્રને એવો ધર્મ આવી પડયો હતો. તે પોતાની સ્ત્રી ઉપર તલવાર ચલાવવા બેઠો, ત્યારે અહિંસક હતો. એણે કાંઈ સ્ત્રીનું અનિષ્ટ ઈચ્છયું હતું? એ તો કરુણાનો સાગર હતો. એણે હૃદય કઠણ કર્યું એમ કવિ લખે છે, પણ એણે તો હાથ જ કઠણ કર્યો હતો. આપણે ચિત્રકાર હોઈએ તો હરિશ્ચંદ્રે કદી પોતાનું મોં મરડયું નહીં, એમ ચીતરીએ. જો હરિશ્ચંદ્રે એ કામ કરમાતે મોઢે કર્યું હોય, તો તે મોહાંધ થયો એમ કહેવાય ને આપણે એમ કહેત કે આટલી હદે આવીને એ પડયો, એવું એના ઉપર કલંક રહી જાત. એના મુખની ઉપર ગ્લાનિ ન જ હોઈ શકે. તેમ જે જે ધર્મ ભાગે આવી પડે તે સંપૂર્ણ રીતે પરાયણ થઈને કરીએ, ને તે સંશયરહિત થઈને કરીએ. આરંભ ન કરવો એ સરસ છે. પણ આરંભ કર્યા પછી ન છોડાય. મંકોડાનો પગ ગોળમાંથી છૂટતો નથી એમ, એનો પગ ચોંટયો તે ચોંટયો. જે કામ લીધું છે તે ન છોડવું એ સત્યાગ્રહની જ વ્યાખ્યા. બાળકથી તે બુઢ્ઢા સુધી જે જે કામ લીધું હોય તે કરતાં તૂટી પડીએ તોપણ તે કર્યે જ છૂટકો. એ અંતરધ્યાન છે, એ વેદાંત છે. એમાં ઈશ્વરાર્પણ બુદ્ધિ રહેલી હોવી જોઈએ, એટલી વાત સાચી. ગમે તે કાર્ય કરતાં તન્મયતા તો હોવી જ જોઈએ. સ્વાર્પણબુદ્ધિથી થયેલી નીચ ગતિ આપનારી છે અને ઈશ્વરાર્પણ બુદ્ધિથી થયેલી ઊર્ધ્વ ગતિ આપનારી છે.

Gandhi Heritage Portal

૧૬

પરધર્મ કરતાં સ્વધર્મ સારો એ એક વાત; અને કોઈ કર્મ કર્યા વિના રહેતું નથી, તો વિદ્વાનના અને અજ્ઞાનના કર્મ વચ્ચે તફાવત શો? પહેલો પારકાને અર્થે યજ્ઞ કરે છે, બીજો પોતાને અથ યજ્ઞ કરે છે. આપણે યજ્ઞાર્થે કર્મ કરીએ તો નિષ્ક્રિય થઈ જઈએ. પછી લોકસંગ્રહની વાત કરી અને કહ્યું કે તારે તો તંદ્રારહિત થઈ કામ કરવું રહ્યું. હુંપણું ન રાખીને, ઈશ્વરાર્પણ બુદ્ધિ રાખીને, તું કામ કર.

આમ કરતાં છતાં પણ માણસ પાપાચરણ કેમ કરતો હશે? સ્વધર્મના આચરણમાં સ્વેચ્છાચાર આવી જાય, અભિમાન આવી જાય, તો તે સ્વધર્માચરણ નથી. સ્વધર્માચરણ આચરાતું છતાં દુનિયામાં પાપનો ઢગલો જેટલો ને તેટલો છે, તેનું કારણ શું છે?

ત્રીજો અધ્યાય ગીતાને પૂર્ણ કરે છે. તે પછી કાંઈ ન લખાયું હોત તો ચાલત. અને ત્રીજા અધ્યાયમાં ખાસ કરીને પાંચસાત શ્લોકો એવા છે. ગીતાના બાકીના ભાગ તો ત્રણ અધ્યાયમાં કહેલી વસ્તુ વધારે સમજાવવા માટે છે.

અર્જુનને જવાબ દે છે કે કામ અને ક્રોધ એ બંને ડાબી જમણી કાંધે બેઠેલા છે. સ્વધર્માચરણ કરતાં આ બે વસ્તુ હોય તો તે નકામું છે. ઘણા કાઉન્સિલમાં જનારા આજે નીચ કામ કરે છે, એમ કહેવાશે? ઘણા તો પરોપકારાર્થે એ કામ કરે છે. પણ એ વસ્તુમાં કામ રહેલો છે, જીત મેળવવાની વાત રહેલી છે, ક્રોધ રહેલો છે, એટલે એ વસ્તુ બરાબર નથી. કામ અને ક્રોધ બન્ને સગા ભાઈ છે. એ લોકોને રહેવાનું ઠેકાણું ઇન્દ્રિયો અને મન છે. એટલે એને જીતીને જ પેલાને જીતી શકાય. મનને જ સીધું રાખીને દોરી શકીને જ જગતને જીતી શકાય. મોક્ષનું મૂળ રાગદ્વેષાદિથી રહિત થવું, એ આ જ કારણે કહ્યું. રાગદ્વેષાદિરહિત થવાનું કહ્યું એ પણ આ જ વસ્તુ છે. કોઈ વસ્તુને વશ થઈ જઈએ તો તેને સારુ શું નથી કરતા? વિશ્વામિત્રે ખૂબ તપ કર્યાં પણ પછી વસિષ્ઠ કરતાં પોતાનાં તપ વધારે, એ ભાવ થયો; એટલે કામ ઉત્પન્ન થયો, અને પછી ક્રોધ આવ્યો. બુદ્ધિથી આ વાત ઉતારીને પણ માણસ ગોકળ ગાયની જેમ ચાલતો જાય, અને ધીરજ રાખીને નિશ્ચિતપણે કામ કર્યે જાય.

૧૭

મંગળવાર, તા. ૨૩–૧૧–૨૬

ગીતાના પાઠ વિના ન જ જીવી શકાય એવી સ્થિતિ થઈ જાય ત્યારે ખરું. સાંજનો ખળભળાટ ક્યાં અને પ્રાતઃકાળનું શાંત મુહૂર્ત ક્યાં? આ ગીતાનો પાઠ પઢી ગયા અને પઢાવી ગયા, એમ નહીં, પણ દિવસે દિવસે ઉચ્ચાર શુદ્ધ થતા જાય. એકનો દોષ એ બધાનો દોષ. જેમ કૉન્સર્ટમાં એકનો દોષ એ બધાનો દોષ એ જેમ સંગીતને વિશે સાચું છે, તેમ જીવનસંગીતને વિશે પણ સાચું છે. હૃદય અને મન એક કરીને પ્રાર્થના ચલાવીએ તો શરીર તો નાશવંત છે; તે રહ્યું તોયે શું? અને ગયું તોયે શું? એ જડ પદાર્થ જેટલું અંતર રાખે તેટલું ભલે, જડ પદાર્થ આપણને કેટલે સુધી નિરાળું રાખી શકે છે? આપણે ઈશ્વરની દરમ્યાનગીરી રાખીને આત્માનું અનુસંધાન કર્યું હોય, એકનો દોષ સૌનો ગણીને ચાલતા હોઈએ, તો સરસ છે. ઉચ્ચાર પણ શુદ્ધ કરીશું તો ભગવાનની પાસે શુદ્ધમાં શુદ્ધ પાત્રમાં જળ લઈ જઈશું. અતિશય સ્વચ્છતાથી બીલીપત્ર મૂકયું હોય, સ્વચ્છમાં સ્વચ્છ ભાગમાંથી પાણી

Gandhi Heritage Portal

અંદર ભર્યું હોય. બહારની ટાપટીપ નિરર્થક છે; પણ શ્રદ્ધા રહેલી છે, ત્યાં એ ટાપટીપ શોભે છે. શ્રદ્ધાળુ તો જેટલી કળા પોતાની ભેટમાં લગાવી શકે તેટલી લગાવશે. આજનો હુન્નર તો નકામો નિર્જીવ છે. પુરાણા હુન્નરમાં કેટલી ધીરજ હશે? એની પાછળ કેટલાં વર્ષો ગળાયાં હશે? આપણી જાણમાં પુરાતન એકે શાસ્ત્રી નથી, જેણે મોટા મહેલો બનાવ્યા હોય. આપણે ઉચ્ચારશુદ્ધિ કરવા માગતા હોઈએ એ આપણા પ્રેમના અંતર્ભાવની નિશાની છે; એટલે કોઈ કાળે આપણો ગીતાપાઠ શુષ્ક ન થવા દેવો જોઈએ.

ત્રીજા અધ્યાયમાં કર્મનો વિજય સંભળાવ્યો. કર્મ દ્વારા યોગ સાધવો હોય તો ભગવાનને અર્પણ કરીને કર્મ કરવાં જોઈએ, એમ બતાવીને તે કર્મમાં શી શી સાધનસામગ્રી જોઈએ તે બતાવ્યું. એમાં જ્ઞાનની પૂરણી જોઈએ. જ્ઞાનમાર્ગ અને કર્મમાર્ગ વિશે વિચાર કરીએ. જ્ઞાનમાર્ગી એકમાર્ગી બની, શુષ્ક થઈ ગયો. કર્મમાર્ગી એકમાર્ગી બની જડ થઈ ગયો. કર્મની પસંદગી માટે બન્નેનો સમન્વય કરવો જોઈએ. બન્ને સરસ છે, પણ એક વિના બીજું નથી. પથ્થરના જેટલી નમ્રતા શેમાં છે? પથ્થરના જેટલું કર્મ શેમાં છે? કેટલું બધું ઈશ્વરાર્પણ કર્મ કહેવાય! એક ધોરણે પથ્થરનું કામ ચાલ્યા જ કરે છે, છતાં પથ્થરને પથ્થરરૂપે મોક્ષ નથી મળી શકેલો. પથ્થર-માંથી એને અહલ્યા થવું જોઈએ, ચેતનરૂપ બનવું જોઈએ. એક તરફથી પથ્થરવત્ બનીએ અને બીજી તરફથી જ્ઞાનની મૂર્તિ બનીએ. એવી રીતે કે કોઈને ખબર ન પડે કે આ જ્ઞાન છે કે કર્મ; ત્યારે પૂરો પુરુષાર્થ થાય. આ બે ભળે એટલે ભક્તિ એની મેળે આવી રહે. અત્યારે તો બેનો પૂરો સંયોગ જોઈએ, એટલું આપણે શીખ્યા. અને એ બે જાણ્યા પછી આપણે સાંખ્ય-યોગનો વિરોધ જોવાના નથી. આ ચોથા અધ્યાયનું તાત્પર્ય છે. બધા જુદા જુદા યજ્ઞોમાં હું પડતો નથી.

## ૧૮

છઠ્ઠા અધ્યાયને હઠયોગીઓ પોતાને માટે જ લખાયેલો માને છે. યોગાભ્યાસમાં હઠયોગને સ્થાન છે. માટે એ લખાયેલો છે, એવી માન્યતા છે. આ હું માનતો નથી. પણ હઠયોગનું કાંઈક સ્થાન તો છે, એ હું માનું છું. આત્મદર્શનનાં બધાં સાધનોનો ઉપયોગ આપણે કરી લઈએ. જે શારીરિક ક્રિયાઓ વગેરેનું જ વર્ણન કરેલું છે, તેને વિશે લખેલું છે, કે જે આ કરશે તેને આત્મદર્શન થશે. જ્ઞાનદેવ ભીંત પર બેસીને સામે મળ્યા હતા. સામાવાળા સિંહ ઉપર બેસીને ગયા હતા. પણ એમાં શું? એ તો યોગને વગોવ્યો અને નિંદ્યો. એ બધી ક્રિયાઓ ઈશ્વર પ્રત્યે લઈ જાય છે એમ નથી. એનું બીજ તો મનની અંદર જ રહેલું છે. આ જ અધ્યાયમાં શ્લોક છે કે, उद्धरेदात्मनात्मानं नात्मानमवसादयेत् એટલે જ આ અધ્યાયમાં આત્મસંયમ છે. દેહનું દમન પણ આત્મસંયમ એટલું મનઃસંયમ માટે છે. મનનો સંયમ કરવા આ બધી ક્રિયા છે, એમ જાણ્યા પછી એ ક્રિયાઓ કરે તેને ઘણો લાભ મળે ખરો. આપણે એમાં નથી પડ્યા, કારણ એ ક્રિયાઓને જાણતો હોય તેવો એકે માણસ આપણને મળ્યો નથી. એવું માનનારા અને સલાહ આપનારા ઘણા આવ્યા છે, પણ એ જાણનારા તો કોઈ નથી આવ્યા. એટલે મેં કાંઈ કર્યું નથી પણ મારી નજર તો એની ઉપર રહેલી જ છે. આ વસ્તુનું નામ લઉં છું, એનું કારણ એ છે કે મારા જેવા પછી કોઈ સાધુ પુરુષ મળી જાય તો તેમનો ઉપયોગ કરવો. આપણાં શરીર એટલાં બધાં નબળાં પડેલાં છે. આપણે આ શરીરની કસરત બરાબર જાણતા હોઈએ તો વિલાયતમાં જે તાલીમ અપાય છે તેના કરતાં એ ચડિયાતી થઈ પડે. છઠ્ઠા અધ્યાયમાં નિયમની

Gandhi Heritage Portal

વાત તો છે. એમાં નિષ્કામ કર્મનાં સાધન પણ રહેલાં છે. જ્ઞાનનો અર્થ શાસ્ત્રજ્ઞ અને યોગી શબ્દનો જ અર્થ કર્મજ્ઞ.

આપણી નિષ્કામ કર્મ કરવાની સ્થિતિ ક્યારે આવે, તેની મર્યાદા બાંધેલી છે. આત્મસંયમ વિના નિષ્કામ કર્મ અશક્ય છે. ઘડીએ ઘડીએ પોતાની ઉપર મર્યાદા મૂકનાર જ નિષ્કામ કર્મ કરી શકે છે. ચોર, લૂંટારા, વ્યભિચારી થોડા જ નિષ્કામ કર્મ કરવાની વાત કરે છે? ઘણા માણસો પોતાના વર્તનનું સમર્થન ગીતાજીનો આશ્રાય લઈને કરી નાંખે છે. પણ નિષ્કામતા તો માનસિક સ્થિતિ છે. અને એ માનસિક સ્થિતિ વિના પ્રયત્ને અને વિના સંયમે આવી જ નથી શકતી. જેનો જમણો હાથ, ડાબો શું કરે તે ન જાણે, તે સમત્વ જાણનાર છે. આત્મૌપમ્ય જ આપણો ગજ છે. આટલું હું અમુકને કરું છું. તેટલું બીજો મને કરશે તો તે ચાલશે કે કેમ એ જોઈ લેવાનું છે.

ત્યાગ વિના નિષ્કામતા આવી જ ન શકે. એ છઠ્ઠા અધ્યાયનું રહસ્ય છે.

## ૧૯

ભગવદ્‌ગીતાના ત્રણ ભાગ પાડ્યા છે. તત્-પદને માટે છ અધ્યાય, છ અધ્યાય ત્વમ્-પદ માટે, અને અસિ માટે છ અધ્યાય.

છઠ્ઠા અધ્યાયમાં ઇન્દ્રિયદમનનો માર્ગ બતાવ્યો. હવે સાતમા અધ્યાયમાં જ્ઞાનવિજ્ઞાનની વાતો કરી. વિજ્ઞાન એટલે વિશેષ જ્ઞાન. જ્ઞાનમાં એની પરા પ્રકૃતિ આવી ગઈ. વિજ્ઞાનમાં અપરા પ્રકૃતિ આવી જાય છે. વિજ્ઞાનમાં શું આવે એનું વધારે વિવેચન આઠમા અધ્યાયમાં છે. સાતમા અધ્યાયનો છેલ્લો શ્લોક તો એ છે કે અધિયજ્ઞ, અધિદૈવ, અને અધિભૂત, આ યજ્ઞ કરે છે તે મને પામે છે. અક્ષરની વાત કરીને કહ્યું કે એનું જ ચિંતન કરવાનું; કારણ જેનું ચિંતન માણસ કરે છે તેવો તે થાય છે. અધિદૈવ એટલે સૌથી પરબ્રહ્મ હું છું એમ કહીને નાનીમોટી વસ્તુમાં પડવાનું શું કામ છે? ઈશ્વરની જ આરાધના કરી, એની સેવા કરવી. પણ એની સેવા કરવી એટલે શું? તેણે તો કહ્યું કે દૃશ્ય અને અદૃશ્ય હું છું. તો તો કર્મ કરીએ એ પણ તું છે. જો સૂત્રધાર એ છે તો આપણે શા સારુ માની લઈએ કે આપણે કશું કરીએ છીએ? ગંગાની અંદર મેલું પાણી આવે તે પણ સ્વચ્છ થાય છે, તેમ પાપ કરે છે તે પણ ઈશ્વર કરે છે, તેમ માનો. કારણ જેનામાં પાપી વૃત્તિ નથી, તેનું કાર્ય પાપી ન હોય. એક વસ્તુને ગતિ મળેલી હોય, તો તે થોડો વખત ચાલ્યા કરે. ઝાડને કાપીએ તો થોડો વખત પાંદડાં લીલાં લાગશે, પણ તરત સુકાવા માંડશે. વૃત્તિઓને માણસે દાબી દીધી હોય તો પછી એ ઊઠવાની નથી. સાત, આઠ અધ્યાયમાં સૃષ્ટિ કેવી છે, દૃશ્ય જગત શું છે, કર્મ શું છે, એ કહી બતાવ્યું કે બધું ઈશ્વરમય છે. નિષ્કામ કર્મ કરવાનું ભગવાને આટલા જોરથી કેમ કહ્યું છે? તે તો પુરવાર આટલામાં કરી આપેલું છે. પાણીની અંદર પડેલો માણસ તર્યા જ કરે છે, અને તેમાં પાણીને કશું નથી. તેમ પરમાત્મા કરુણાનો સાગર છે. એ પણ કલ્પના છે. એ ઈશ્વર નથી દાની, નથી કરુણાનો સાગર. આપણે એમાં જ પડેલા છીએ.

## ૨૦

નવમો અને દસમો અધ્યાય સાથે જ છે. બધા ભૂતમાત્રમાં હું રહેલો છું. એટલે બધું મારે જ માટે કરજે. એટલે मन्मना भव मद्‌भक्तो કહ્યું. દસમા અધ્યાયમાં વિભૂતિ

Gandhi Heritage Portal

બતાવવાનું અર્જુન માગે છે. સાતમા અધ્યાયથી જે ભક્તિનો ધોધ ચાલ્યો છે તે વધ્યે જ જાય છે. વિભૂતિ બતાવીને અર્જુનને પ્રભુ અર્પણ કરવાને વધારે ને વધારે પ્રેરે છે. ચારે અધ્યાય ભક્તિ તરફ લઈ જવાવાળા છે. તેથી નવમો અધ્યાય રાજવિદ્યા રાજગુહ્ય વિશે છે. એ તો આપણા જેવા સામાન્ય પાપમાં પડેલાઓનો સધિયારો છે. પાપીમાં પાપીને મદદ અને આશ્વાસનનું વચન આપ્યું છે. વેદમાંથી મંત્ર લઈને તેને પછાડવા માગે તો તે ગીતા ન માને. ગીતા કહે છે કે ના, પાપીમાં પાપી માણસ પણ તરી જશે, જો તે બધું મને અર્પણ કરશે. ગુહ્ય ત્યાં સુધી કે જ્યાં સુધી તેણે હૃદયનો સ્પર્શ નથી કર્યો.

## ૨૧

વિશ્વરૂપનું દર્શન કરીને બતાવ્યું કે આ રૂપ તો વેદાધ્યયન ઇ. સામગ્રીવાળાં નહીં, પણ ભક્તિથી ભીનાં હૃદયો જ જોઈ શકે. એ સ્વરૂપ કેવું? ભગવદ્ગીતામાં મારો રસ દિવસે દિવસે વધતો જાય છે. મેં અર્થ સમજાવવાનું કબૂલ કર્યું, અને તેમાં મને રસ હતો, તે વધતો જાય છે. દિવસે દિવસે એ પચતું જાય છે. વિષયલોલુપતામાં પડેલા આપણે તેમાંથી રસ નથી ચાખી શકતા. ખરો રસ તો ભક્તિનો અથવા આધ્યાત્મિક છે. અને તે રસ વધતો જાય છે, કારણ તે રોજ પચતો જાય, અને તેનો વધારે ને વધારે અમલ થતો જાય. એવી સ્થિતિ મારી થઈ પડેલી છે. હું જોઉં છું કે આ અધ્યાયમાં અવધિ કરી મૂકેલી છે. આ અધ્યાય ગાતાં આપણને બાર મિનિટ લાગે છે. એટલે અર્ધો ચાલ્યા પછી કાંઈક થાક જેવું લાગે. અંદર ડૂબી જઈએ તો બચી જઈએ. આ વસ્તુ વ્યાસજીએ એવી રીતે મૂકેલી છે કે જાણે આપણે જ વિશ્વરૂપદર્શન કરીએ છીએ. એ જોઈને આપણને લાગે કે આ જગતમાં આપણું સ્થાન ક્યાં છે. ક્યાંય નહીં. આ રજકણ જેવું સ્થાન છે. વિશ્વમાં—બ્રહ્માંડમાં તારા, સૂર્ય, ગ્રહ, વગેરેમાં આપણો ક્યાં પત્તો? વાળ જો બોલી શકતો હોય તો તે કહે કે મારું શું સ્થાન; હું શરીરનો ભાગ છું, ત્યાં સુધી મારી કિંમત છે, પણ નોખો કરો તો નકામો થઈ જવાનો છું; ચેતનરૂપે ભાગી શકું એમ નથી. જડરૂપે તો વિરાટસ્વરૂપ પણ ક્ષણિક અને નામરૂપ છે. ઈશ્વરના બાહ્ય સ્વરૂપ મૂર્તિમંત વિરાટરૂપના પ્રમાણમાં આપણે કાંઈ નથી. એવા આપણે કોની હિંસા કરવાના હતા? અને મારીને આપણે પણ મરતા જતા જવાના. જેમ ધીમે ધીમે આ સમજતા જઈએ, તેમ તેમ ભક્તિથી તરબોળ થતા જઈએ.

જેઓ બહાર જવાના હોય તેઓ પણ પોતાનો નિત્યક્રમ જાળવી રાખશે.

[મૂળ ગુજરાતી]

गांधीजीनुं गीताशिक्षण

Gandhi Heritage Portal

## ૮૭. સી. નારાયણરાવને પત્ર

આશ્રમ,
સાબરમતી,
નવેમ્બર ૨૭, ૧૯૨૬

પ્રિય ભાઈ,

તમારો પત્ર મળ્યો.[૧] તમારી કાયમી નોકરી તમારે શા માટે છોડવી છે? હું તો માનું છું કે માણસ ગમે તે પરિસ્થિતિમાં હોય તોપણ દેશની સેવા કરવાનું તેને માટે શક્ય છે. અલબત્ત, એમાં શરત એટલી કે તેનો ધંધો ચોખ્ખો હોવો જોઈએ. એ જે હોય તે, પણ નોકરી છોડવાના તમે દર્શાવેલા કારણ ઉપરાંત મને નીચેની માહિતી મોકલવા વિનંતી છે:

તમારી ઉંમર કેટલી? પરણ્યા છો? સંતાનો છે? માબાપ જીવે છે? આશ્રિત કુટુંબીઓ છે? તબિયત સારી રહે છે? રોજના ૮ કલાકનો અખંડ શારીરિક શ્રમ કરવા તૈયાર છો? જાજરૂ-સફાઈ, ખેતર-કામ, રસોડા-કામ, કાંતણ અને એવા કામથી તમને સંતોષ થાય? સંસ્કૃત જાણો છો? ભણ્યા કેટલું? કઈ કઈ ભાષાઓ જાણો છો?

તમારો સહૃદયી

શ્રીયુત્ સી. નારાયણરાવ
કલાર્ક, આબકારી ખાતું
બહેરામપોર

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૧૦૨૦

## ૮૮. રિચાર્ડ બી. ગ્રેગને પત્ર

આશ્રમ,
સાબરમતી,
નવેમ્બર ૨૭, ૧૯૨૬

હું જોઉં છું કે તમે મારું ઋણ વધારી રહ્યા છો. તમારા આગલા પત્રમાંના કેટલાક સવાલોનો જવાબ લખવો મારે બાકી જ છે.[૨] ત્યાં થોમસ પેઈનમાંથી ઉતારા આપતો તમારો બીજો પત્ર મને મળે છે.[૩] ઉતારાઓનો તમારા સૂચવ્યા પ્રમાણે ઉપયોગ કરીશ. હજી હું એ જોઈ ગયો નથી.

ખાદી પરના લેખોનો તમને ગમે તેવો ઉપયોગ કરી શકો છો.

૧. ૧૯ નવેમ્બરના પત્રમાં પત્રલેખકે પોતાની નોકરી છોડી 'સુખી અને શાંતિમય જીવન ગાળવા' આશ્રમમાં આવવાની ઇચ્છા દર્શાવી હતી.

૨. ગાંધીજીના ગ્રેગ પરના આગલા પત્રો માટે જુઓ પુસ્તક ૩૧.

૩. જુઓ "મુક્તિનું મૂલ્ય", ૯–૧૨–૧૯૨૬.

Gandhi Heritage Portal

'અહિંસા?'[1] એ લેખમાળા તમને ગમી જાણી રાજી થયો. મને થયું કે મારે મારી સ્થિતિની ચોખવટ કરી નાખવી જોઈએ, પછી એ ગ્રાહ્ય જણાય અથવા ખરેખર ગ્રાહ્ય હોય કે ન હોય. એમાં દર્શાવેલા વિચારો મારા સ્પષ્ટ નિર્ણયો રજૂ કરે છે એટલું પૂરતું છે.

તમે કરેલી સરખામણીમાં એક દોષ છે. તમે પાલ્ય પ્રત્યેની ફરજને આક્રમકના નૈતિક કલ્યાણ વિશેની તમારી ફરજ સાથે સરખાવો છો. હવે, પાલ્યનો બચાવ કરતી વેળા આક્રમકનું કલ્યાણ કંઈ જોખમમાં હોતું નથી. જોખમમાં તો પાલ્યની જિંદગી હોય છે. અને જો આક્રમક અજાણ્યો માણસ હોવાને બદલે બીજો પાલ્ય હોય પણ તમારા રક્ષણ નીચેના પાલ્ય કરતાં બળવાન હોય, તોપણ જેને હંફાવવાનું તમારી પાસે કંઈ સાધન નથી એવા અને તમારા રક્ષિત પાલ્ય પર આક્રમણ કરવા માગતા એ બીજા પાલ્યની સામે, તમારા રક્ષણ નીચેના પાલ્યનો, તમારે બચાવ કરવો જ પડવાનો. ઈશ્વર તમારા આશયને આધારે જ તમારી ફરજનો ન્યાય કરવાનો. અરે, એક ડગલું આગળ જઈને એમ પણ ધારી શકાય કે જેની રક્ષા કરવાની હોય તે પાલ્ય નહીં, પણ રક્ષણ માગતું અજાણ્યું માનવી પણ હોય. મહાભારતમાં એક સુંદર કથા છે. એક મોટા રાજા[2] આગળ બાજના આક્રમણ સામે રક્ષણ માગતું એક પારેવું ધસીને ઊડી આવ્યું. બાજ કહે, ઈશ્વરે જ પારેવાને મારું ભક્ષ્ય બનાવ્યું હોવાથી એ મારો કાયદેસરનો શિકાર છે. રાજા કહે, પારેવાં સામાન્ય રીતે બાજનાં કાયદેસરનાં શિકાર છે એ ખરું, પણ મારું રક્ષણ માગનારની રક્ષા કરવાનો મારો ચોખ્ખો ધર્મ મારાથી ન ચુકાય. એમ કહી તેણે પારેવાના બદલામાં પોતાનું માંસ આપવાનું કહ્યું. અલબત્ત, બાજ સાથે વ્યવહાર કરવાની આ સૌથી ઉત્તમ આધ્યાત્મિક રીત થઈ. પણ એ રીત અપનાવવા જેટલું આત્મબળ હોય નહીં, તો બળથી બાજના આક્રમણનો સામનો કરી આશ્રિતનું રક્ષણ કરવાનો ધર્મ અદા કરવા માણસ બંધાયેલો ગણાય. માણસ આમ કરે તે અહિંસાના ધર્મ અનુસાર. મારી વાત હું સ્પષ્ટ રીતે રજૂ કરી શક્યો છું કે નહીં તે નથી જાણતો.

તમે શિયાળો ગાળવા સાબરમતી નથી આવવાના એ જાણ્યું. બે રીતે દિલગીર થયો. એક તો એ કે હું ભલે બહાર હોઈશ પણ આશ્રમવાસીઓને તમારી ખોટ સાલશે. બીજું એ કે આશ્રમનાં હવાપાણી તમને ડરાવી રહ્યાં છે. આપણે આહારશાસ્ત્રીઓએ હવાપાણીને વશ વર્તવા કરતાં એને આપણી ઇચ્છાને અનુકૂળ બનાવી દેવાના ઉપાય શોધવા જોઈએ. આ તો આદર્શની વાત થઈ એ હું જાણું છું. તમારું પગલું ડહાપણનું છે અને ચાલુ સંજોગોમાં આ આદર્શની વાત કરતાં ચડિયાતું છે, કારણ એ આદર્શને જોખમ વિના પાર પાડી શકાય તેમ નથી. શિક્ષણની દિશામાં તમારાં સંશોધનો હું ઘણા રસથી જોતો રહીશ.

દેવદાસ એકદમ સરસ અને ખડતલ થઈ ગયો છે. એ મથુરાદાસની સારવાર માટે પંચગની ગયો છે. હું ૨જી ડિસેમ્બરે વર્ધા જાઉં છું. તમને, સ્ટોક દંપતીને, સુંદરમને અને સાવિત્રીને સ્નેહ.

તમારો

આર. બી. ગ્રેગ

સિમલા

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૨૦૮૮

૧. જુઓ પુસ્તક ૩૧, પાન.

૨. ગાંધાર નજીકના ઉશીનારાનો રાજા શિબિ.

Gandhi Heritage Portal

# ૮૯. અહિંસા–૮

[નવેમ્બર ૨૮, ૧૯૨૬]

કાગળો તો હજુ થોકબંધ ચાલ્યા જ આવે છે પણ એકે નવી દલીલ કે નવો વિચાર જોવા મળવાને બદલે એના એ જ સવાલો પુછાયા કરે છે ને એની એ જ દલીલો થાય છે. તેથી જેઓ આ પ્રશ્નને વિચારી રહ્યા છે તેમને મારી વિનંતી છે કે તેઓ આ લેખમાળા ફરી ફરીને વાંચે. આવી સૂચના કરતાં મને સંકોચ નથી થતો કેમ કે તેમાં મેં મારા ઉતાવળે કરેલા વિચારો નથી આપ્યા, પણ ઘણાં વર્ષોનો અનુભવ આપ્યો છે. મેં તેમાં નવા સિદ્ધાંત રજૂ નથી કર્યા પણ જૂના સિદ્ધાંતોને મૂર્તિમંત કરવા પ્રયત્ન કર્યો છે. તે મૂર્તિમંત થયા હો કે ન હો, તે મારા પ્રામાણિક વિચારો છે એટલે, અને મારી પાસેથી અહિંસાના ગૂઢ પ્રશ્નના ઉકેલની ઘણાં ભાઈબહેનો આશા રાખે છે તેથી—અને તેવાંઓને—હું આ લેખમાળા ફરી ફરી વાંચી જવાની ભલામણ કરું છું. ઘણા લેખકો મારાં અધૂરાં વાક્યોને ટાંકે છે ને તેમાંથી ઊપજતી મૂંઝવણોનો ઉકેલ માગે છે.

એક ભાઈ કહે છે 'તમે તો કૂતરાંની જાતિની જડ ઉખેડવા માગો છો?' મેં તો આવું ક્યાંયે નથી કહ્યું. મારું કહેવું તો તે જાતિની રક્ષાને અર્થે છે. મેં તો અમુક કૂતરાંને અમુક સંજોગોમાં મારી શકાય, એટલું જ કહ્યું છે. આટલુંયે કહેવામાં દોષ હોય એ જુદી વાત. પણ દલીલ તો એ મર્યાદિત વધના કથન ઉપર જ રચવી જોઈએ.

કેટલાક ભાઈઓ પોતાને ગમતાં મારાં આગલાં વચનો ટાંકી હાલના મારા વિચારોમાં આગલાનો વિરોધ બતાવે છે. હું એવો વિરોધ નથી જોતો. જેવો પૂર્વે હતો તેવો જ અહિંસાનો પક્ષપાતી હું આજે પણ છું.

'પુષ્પ પાંખડી જ્યાં દુભાય
જિનવરની નહીં ત્યાં આજ્ઞાય.'

એ હજુ પૂર્વની ભક્તિથી ગાઈ શકું છું, પણ જેમ ત્યારે કરતો હતો તેમ અત્યારે પણ વનસ્પતિનો, પુષ્પોનો ને ફળનો ઉપયોગ કર્યા કરું છું. પણ એ ઉપયોગની પાછળ ભાવના એ રહેલી છે કે તેવો ઉપયોગ બને તેટલો ઓછો લેતા રહેવું, ને દેહાધ્યાસ ક્ષીણ કરતા રહેવું.

'પણ પુષ્પ અને કૂતરાં વચ્ચે કયાં સરખામણી' એમ કોઈ કહે છે. એ આક્ષેપ હું સાંખી રહું છું. એ સરખામણી પ્રસંગે થઈ શકે છે. સ્વચ્છંદ સેવવા અર્થે કરી હોય તો અધોગતિએ પહોંચાડે, ધર્મ સમજવા કે સમજાવવા કરી હોય તો શોભી શકે. મારી સરખામણીનો હેતુ નિર્મળ છે એટલે હું સુરક્ષિત છું.

અહિંસાધર્મની પામરતા મને દુઃખદેણ થઈ પડી છે. અહિંસા નિર્માલ્યતા નથી. અહિંસામાં શક્તિનો અભાવ નથી. અહિંસા પ્રચંડ શક્તિ છે. તેનું પૂરું તેજ આપણે નથી જોઈ શકતા, નથી સાંખી શકતા. આપણામાંના કોઈકને જ તેની ઝાંખી માત્ર થાય છે.

અહિંસા એ અમૂર્છિત આત્માનો ગુણવિશેષ છે. તે બીજા ગુણોના મૂળમાં રહેલી છે. એટલે તેનું પાલન વિચાર, વિવેક, વૈરાગ્ય, તપશ્ચર્યા, સમતા, જ્ઞાન વિના અસંભવિત છે. તેમાં કાયરપણું ન ચાલે. જેને અહિંસા સમજવી છે તેણે હિંસામાં રહેલી અહિંસાને સમજ્યે જ છૂટકો છે.

Gandhi Heritage Portal

આ વાકયનો અનર્થ ભલે થાઓ. ઈશ્વરના નામનો અનર્થ કયાં નથી થતો? તેને નામે કયાં આપણે રાક્ષસને નથી પૂજતા? તેને નામે કયાં ઓછાં પાપો, ઓછાં ખૂન થયાં છે? તેથી કાંઈ ઈશ્વરના નામને ઝાંખપ પહોંચશે? તેથી કંઈ ઈશ્વરનું નામ આપણે ખૂણે ખૂણે સંતાઈને લઈશું?

કર્મમાત્ર સદોષ છે કેમ કે તેમાં હિંસા રહેલી છે. છતાં કર્મના ક્ષયને સારુ પણ આપણે કર્મ જ કરીએ છીએ. દેહ માત્ર પાપ છે, છતાં દેહને તીર્થક્ષેત્ર બનાવીને તેની વાટે આપણે દેહ-મુક્તિ કેળવીએ છીએ. તેવું જ હિંસામાત્રનું સમજવું જોઈએ.

પણ એ હિંસા કેવી હોય? એ સ્વાભાવિક હોય, એ અલ્પતમ હોય, એની પાછળ કેવળ કરુણા હોય, એની પાછળ વિવેક હોય, મર્યાદા હોય એને વિષે તટસ્થતા હોય, એ સહજપ્રાપ્ત ધર્મ હોય.

આ વિચારસરણીએ જતાં હિંસા પ્રતિદિન ઓછી જ થતી જાય. તેથી જે હિંસાનો ઉદ્દેશ અહિંસાનું ક્ષેત્ર વધારવાનો હોય, જે હિંસા અનિવાર્ય હોઈ થાય, જેનું પરિણામ વિના પ્રયત્ને જોઈ શકાય એવું હોય, તે હિંસા ક્ષંતવ્ય છે; કર્તવ્ય પણ હોય. તેથી હિંસામાં અહિંસા હોઈ શકે એમ કહેવું મુદ્દલ અનુચિત નથી.

આટલું કહી અત્યારે આશ્રમમાં એ પ્રશ્નનો ઉકેલ કેવી રીતે થઈ રહ્યો છે તે સમજાવી આ લેખમાળા સમાપ્ત કરું છું:

આશ્રમમાં કૂતરાંનો પ્રશ્ન આશ્રમની ઉત્પત્તિથી જ ઊભો રહ્યો છે. મહાજનની પ્રવૃત્તિથી તેનો ઉપદ્રવ વધી ગયો છે. એ ઉપદ્રવ અત્યંત કષ્ટપૂર્વક સહન થઈ રહ્યો છે. હડકાયાં કૂતરાંનો વધ આશ્રમમાં થાય છે. એવા દાખલા દસ વર્ષમાં બે કે ત્રણ થયા હશે. બીજાં કોઈ કૂતરાંને મારવામાં નથી આવ્યાં. તેમને જ્યાં ત્યાં ખાવાનું આપવાનું બંધ કર્યું છે. એ નિયમનું સંપૂર્ણ પાલન થાય તો કૂતરાં તેમ જ અમે બધાં સુખી થઈએ એમ જોઉં છું. પણ તેનું પાલન સંપૂર્ણતાએ થઈ શકતું નથી. એકેએક આશ્રમવાસી તે સમજી શકયા નથી ને સમજ્યા છે તે બધા તે નિયમના પાલનને વિશે પૂરા જાગ્રત નથી. વળી આશ્રમને અંગે રહેતા મજૂરો તો આ નિયમો શાના પાળે?

કેટલાંક કૂતરાંને લાચાર થઈ પાળવાં પડે છે. એવી બે કૂતરીઓ તથા તેનાં બચ્ચાંઓનું પાલન અત્યારે થઈ રહ્યું છે. બચ્ચાંને સારુ ખાસ ગરમી મળે તેવી પેટી અથવા ટોપલી રાખવી પડી છે. તેમને દૂધ અપાય છે. માને સારુ ખાસ ખોરાક રંધાય છે.

બીજી તરફથી રખડતાં કૂતરાંને લઈ જવાની મહાજનને વિનંતી કરી છે. તેનો સ્વીકાર પણ થયો છે. પણ હજુ મહાજનની ગાડી આવી નથી.

સહુને હું સમજું છું તેવો કૂતરાં પ્રત્યેનો ધર્મ સમજાવ્યો છે. પણ આ વિષયમાં સહુને ઘણુંખરું પોતાની આંતરપ્રેરણા પ્રમાણે કરવાની છૂટ છે. કોઈ મારવાનો ધર્મ મારી પાસેથી ગ્રહણ ન જ કરે; મારવાની છૂટ લઈ શકે. તે મેં મર્યાદાઓ મૂકીને સમજાવ્યું છે. સહુ પોતપોતાના ગજા પ્રમાણે સમજી તેનું પાલન કરે છે ને કરશે. મારો અભિપ્રાય સ્પષ્ટ ન સમજાયો હોય તો સમજાય તે ખાતર આશ્રમનો આચાર જે તે અભિપ્રાયને અનુસરે છે તેનો અહીં ઉલ્લેખ કર્યો છે.

Gandhi Heritage Portal

પંડે દેહાંત લગી અગવડ ભોગવી બીજાને સગવડ લેવા દેવી એ અહિંસાધર્મ. અમુક વ્યક્તિ એવી અગવડ કેટલે લગી ભોગવવા તૈયાર છે તેનું માપ ત્રીજો પુરુષ ન જ કાઢી શકે. ધર્મ એક છે અને અનેક છે, કેમ કે આત્મા પણ એકાનેક છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૮-૧૧-૧૯૨૬

## ૯૦. પદવીદાન સમારંભમાં ભાષણ

નવેમ્બર ૨૮, ૧૯૨૬

ગયા વર્ષની જેમ આ વર્ષે પણ અહીં હાજરી આપી શક્યો છું તે ઈશ્વરનો અનુગ્રહ માનું છું. જે વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો અને ઇનામો મળ્યાં છે તેમને હું ધન્યવાદ આપું છું, અને તેમના શુભ મનોરથો સફળ થાય એમ ઇચ્છું છું. આજના પ્રસંગે મારે શું કહેવું તે વિશે મૂંઝાયો હતો. તેવામાં શ્રી ચિંતામણિ વૈદ્ય મારી વહારે ધાયા. આ અઠવાડિયામાં તેમનો પત્ર મળ્યો કે હું કામ પ્રસંગે ત્યાં આવું છું. તરત જ મારો ભાર હળવો થયો. તેમનું નામ વિદ્યાર્થીઓ ન જાણે તે બનવાજોગ નથી. તેમની વિદ્વત્તા પ્રસિદ્ધ છે. તેમણે મહાભારત તથા હિંદના ઇતિહાસ ઉપર ગ્રંથો પ્રગટ કર્યા છે. તેમણે દેશસેવા કરી છે. જેમ આપણી વિદ્યાપીઠ છે તેમ મહારાષ્ટ્રમાં પણ વિદ્યાપીઠ છે તેની સેવા તેઓ કેવળ ગ્રંથથી જ નહીં પણ જાહેર કામ કરીને કરી રહ્યા છે. તેઓ ત્યાંના કુલનાયકના પદવીએ છે. ત્યાંના કુલનાયકની પદવી આપણા કુલનાયક કરતાં વધારે ઊંચી છે. ત્યાં કુલપતિ શંકરાચાર્ય છે. નાનાભાઈ[1] મારી સાથે મસલતનું કામ કરી શકે છે. ત્યાં તો વૈદ્યરાજ બધી જવાબદારી પોતે ઉઠાવે છે. તેઓ જે કહેશે તે સાંભળવા યોગ્ય જ હશે. આમ છતાં મારે કેટલાક વાતો કહેવાની રહે છે.

તમે સર્વે જોઈ શકો છો કે સંખ્યાની દૃષ્ટિએ વિદ્યાપીઠની સ્થિતિ કંગાળ થતી જાય છે. પરંતુ હું તેથી લેશ માત્ર ગભરાતો નથી. ૧૯૨૦માં જ્યારે મેં આ વિદ્યાપીઠની મંગલ સ્થાપના કરી ત્યારે એના કાર્યમાં મને જે શ્રદ્ધા હતી તે જ શ્રદ્ધા આજે છે. હું તો એ પણ કહેવાની હિંમત કરું છું કે મારી શ્રદ્ધા તો વિશેષ દૃઢ થતી જાય છે. જગતમાં સંખ્યાબળને સ્થાન છે, પરંતુ આપણી ચળવળમાં તો ગુણબળ પર જ વધારે આધાર રાખવાનો રહ્યો. સંખ્યાબળ ઓછું હોય ત્યાં મૂંઝાવાની જરૂર નથી; પરંતુ વિશેષ સાવધાની તો ખાસ રાખવી પડે. આજે હિંદમાં મૂઠીભર અંગ્રેજ અમલદારો રાજ્ય કરે છે. તેઓ કેટલો આત્મવિશ્વાસ રાખતા હશે? હિંદુસ્તાનમાં ૨૫૦ જિલ્લાઓ છે. એટલે ૨૫૦ કલેક્ટરો હશે — એકના હિસાબે કેટલા માણસો આવે છતાં તે સાંજે ટેનિસ રમી શકે છે અને રાત્રે આરામથી સૂએ છે. વગડામાં પણ તેને ચિંતા થતી નથી. આપણે તેની સામે ઝૂઝવાનું છે, તો મૂઠી જેટલા છતાં તેમના જેવો આત્મવિશ્વાસ રાખો. જ્યાં હજારોની સંખ્યામાં કાર્યકર્તાઓ હોય ત્યાં આળસ કે પ્રમાદ પાલવે, પણ સંખ્યા થોડી હોય ત્યાં તો દરેકે વિશેષ સાવધાન રહેવું જોઈએ.

૧. નૃસિંહપ્રસાદ ભટ્ટ, તે વખતના ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક.

Gandhi Heritage Portal

હું તો તમને ખાતરી આપું છું કે વિદ્યાપીઠના ભાવિ વિશે મને લેશમાત્ર ચિંતા નથી. જો તમારા કાર્યમાં સાવધાન રહેશો તો ભવિષ્ય ઉજ્જવલ જ છે. વિદ્યાપીઠ તો એક વિદ્યાર્થી હશે છતાં પોતાનું કામ કરશે જ. અને એ એક વિદ્યાર્થી સારુ — હું કાશ્મીરમાં હઈશ તો ત્યાંથી પણ — પદવી આપવા અહીં આવીશ. તમે એમ કદી ન માનતા કે તે વખતે મારો ઉત્સાહ લેશમાત્ર ઓછો હશે. હું તો એમ કહી શકું કે એ એક જ વિદ્યાર્થીને પદવી આપતાં મને વિશેષ ઉત્સાહ રહેશે અને તેમાં હું વધારે અભિમાન લઈશ. જો એ અભિમાનને હું લાયક હોઉં તો.

શ્રી કુલનાયકે મને સ્વતંત્ર શિક્ષણના માર્ગે વિદ્યાપીઠને દોરવા વિનંતી કરી છે. તેમણે એ વિશે જે આદર્શો રજૂ કર્યા છે તેને હું વધાવી લઉં છું. બીજું મને એ પૂછવામાં આવ્યું છે કે આપણે ઇનામોની લાલચ રાખીશું? આપણે વિદ્યાર્થીઓને બતાવવાનું છે કે વિદ્યા એ જ ઇનામ છે. યજ્ઞનું ફળ તે જ છે. તેને પણ હું વધાવી લઉં છું. પરંતુ હું તો મારી મર્યાદા સમજીને ચાલનારો રહ્યો. આપણે એવા વેગવાળા પવનની સામે થવાનું છે કે ફેરફાર કરવાની મારી હિંમત ચાલતી નથી.

*

વિદ્યાપીઠ સ્થાપવામાં મેં મૂર્ખાઈ નથી કરી. તમે પણ મારા જેવો વિશ્વાસ રાખી શકાય તો રાખો. હું આપણી ત્રુટીઓ જાણું છું કારણ કે હું ત્રુટીઓથી ભરેલો છું. તમે નબળાઈઓને ન આવવા દો.

*

[મૂળ ગુજરાતી]

साबरमती, પુસ્તક ૫, અંક ૩, ૧૯૨૬

## ૯૧. બ્રજકૃષ્ણ ચાંદીવાલાને પત્ર

સોમવાર, [નવેમ્બર ૨૯, ૧૯૨૬][1]

ચિ. બ્રજકૃષ્ણ,

મીરાંબહેન શુક્રવારે ૧૦-૧૧ વાગ્યે પહોંચશે અને વિદ્યાપતિજીના ગુરુકુલમાં રહેશે. એ હિંદી શીખવા ત્યાં આવે છે. તમે સ્ટેશને લેવા જઈ તેને દરિયાગંજ મૂકી આવશો.

એને જોઈતી મદદ કરશો. ગુરુકુલમાંથી પણ કોઈ સ્ટેશને આવશે એમ ધારું છું. વર્ધા[2] આવવાનું મન હોય તો આવી જજો.

બાપુના આશીર્વાદ

[મૂળ હિંદી]

પત્રની છબી પરથી : જી. એન. ૨૩૫૩

૧. ૩ ડિસેમ્બર, ૧૯૨૬ ને શુક્રવારે મીરાંબહેન દિલ્હીમાં હતાં. જુઓ મીરાંબહેનને પત્ર, ૩-૧૨-૧૯૨૬. આગલો સોમવાર ૨૯મી નવેમ્બરે હતો.

૨. ૩ ડિસેમ્બર, ૧૯૨૬ના રોજ ગાંધીજી અમદાવાદથી વર્ધા જવા ઊપડ્યા. વર્ધા ખાતે તેઓ ૨૦ ડિસેમ્બર, ૧૯૨૬ સુધી રહ્યા હતા.

Gandhi Heritage Portal

## ૯૨. પુરુષોત્તમદાસ ઠાકુરદાસને પત્ર

સાબરમતી,
સોમવાર [નવેમ્બર ૨૯, ૧૯૨૬]

ભાઈશ્રી પુરુષોત્તમદાસ,

જે કોઈ નથી કરી શકયું તે તમે કરી રહ્યા છો. મારા વચન પ્રમાણે મેં આ જ માસમાં કરન્સીનો અભ્યાસ શરૂ કર્યો.[૧] ગયે અઠવાડિયે રૉયલ કમિશનનો રિપોર્ટ[૨] પૂરો કર્યો. તમારી મિનિટ વાંચી મને બહુ આનંદ થયો. તેનો અર્થ એવો નથી કે હું વસ્તુ સમજી શકું. મારા આ વિષયના અજ્ઞાનનો તમને ખ્યાલ ન હોય. ગોલ્ડ એકસ્ચેંજ સ્ટાન્ડર્ડ, બુલિયન સ્ટાન્ડર્ડ અને એકસ્ચેંજ સ્ટાન્ડર્ડ વચ્ચેના ભેદનું ચિત્ર મારી પાસે ખડું **હજી** નથી થયું. હાલ માદનનાં પુસ્તક વાંચી રહ્યો છું. પ્રોફેસર વાડિયાના લેખથી આ વેળા શરૂઆત કરી છે. હું મારા અભિપ્રાય આપવા કયારે તૈયાર થઈશ એ તો જાણતો નથી. મારું જ્ઞાન પ્રગટ કરવા તૈયાર થઈ રહ્યો છું. દરમ્યાન તમારી લડત દૂરથી સ્તુતિપૂર્વક નિહાળી રહ્યો છું.

મોહનદાસના
વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]

પત્રની માઈક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૯૭૭૦

## ૯૩. અબળાનું બળ

બ્લૂમફૉન્ટીનમાં મિસ એમિલી હૉબહાઉસની દફનક્રિયા વખતે જનરલ સ્મટ્સે સરસ ભાષણ[૩] કર્યું હતું તેનો કેટલોક ભાગ નીચે આપું છું. એક પણ ચારિત્ર્યવાન વ્યક્તિ, એક સ્ત્રી, જેને અબળા એવું ખોટું નામ અપાય છે તે કેટલું કરી શકે અને ખરી દેશભક્તિ કઈ કહેવાય તે આ ભાષણથી સ્પષ્ટ જણાય છે.

[મૂળ અંગ્રેજી]

યંગ ઇન્ડિયા, ૨–૧૨–૧૯૨૬

ભાષાંતર: નવજીવન, ૫–૧૨–૧૯૨૬

૧. જુઓ પુસ્તક ૩૧, પા. ૩૧૫.

૨. હિલ્ટન યંગના અધ્યક્ષપદે હિંદી ચલણ માટે આવેલું રૉયલ કમિશન. ૧૯૨૬ના ઑગસ્ટની ૨૦મીએ વાઇસરૉયે એ કમિશનની ઘોષણા કરી. એ રિપૉર્ટમાં કમિશને એવું જાહેર કર્યું કે રૂપિયાની કિંમત સોનાના ૧ શિ. ૬ પેન્સ જેટલી નક્કી કરવી અને સેન્ટ્રલ બૅન્ક નીમવી. પુરુષોત્તમભાઈ આ કમિશનના સભ્ય હતા. તેમણે આ બે મુદ્દા પર બહુમતી સામે વાંધો ઉઠાવ્યો.

૩. આ ભાષણ અહીં આપ્યું નથી.

Gandhi Heritage Portal

## ૯૪. જીવનચક્ર

મથાળું મારું છે પણ અંદરનો મજકૂર શાહી ખેતી કમિશનને[1] સી. રાજગોપાલાચારીએ સાદર કરેલી નોંધનો[2] સાર છે. એનું મહત્ત્વ એમાં રહ્યું છે કે તે એમના અનુભવનું ખરેખરું બયાન છે. નોંધ કાળજીપૂર્વક વાંચ્યા પછી વાચક પોતે જ સમજી જશે કે રેંટિયો ભારતના કરોડો લોકો માટે ખરેખર જીવનદાતા ચક્ર છે કે નહીં. ગરીબ લોકોનું દારૂનું વ્યસન છોડાવવાનું સૂચન આર્થિક દુર્દશાની સમસ્યા હલ કરવા માગનારાઓએ ગંભીરતાથી વિચારવું ઘટે છે. કાંતનારીઓએ મહામહેનતે રળેલા થોડાક પૈસા તેમના પુરુષો દારૂ પીવામાં ઉડાવી મારે તો રેંટિયાનો આધાર પણ તેમને માટે દૂબળોપાતળો બની બેસશે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २–१२–१९२६

## ૯૫. નોંધ

### નાણાંચલણ

પાછલાં કેટલાંક વરસથી નાણાંચલણના પ્રશ્નનો અભ્યાસ કરવાના મિત્રોના દબાણને વશ હું થયો નથી. એનું કારણ એ નથી કે એ, લોકોનું લક્ષ રોકતો એક અતિઅગત્યનો પ્રશ્ન નથી, પણ મારા હાથમાં હું પહોંચી વળું એ કરતાં વધુ કામ છે. વળી હું એ શાસ્ત્ર વિશે કંઈ જાણતો નથી, અને મને પોતાને સંતોષ થાય તેટલી જાણકારી મેળવી લીધા વિના કોઈ વિષયો પર હું ક્યારેય બોલતો કે લખતો નથી. હવે હું તેમના દબાણ સામે વધુ વખત ટક્કર ઝીલી શકું તેમ નથી. મિત્રો આગ્રહ કરે છે કે એ વિષયના અભ્યાસને લોકપ્રિય બનાવવામાં મારે મદદ કરવી જોઈએ, અને આવી મહત્ત્વની બાબત વિશેની સમજ લોકોમાં વધે એને માટે એમના પરની મારી જે કંઈ વગ છે તેનો ઉપયોગ મારે કરવો જોઈએ. એમના ઉત્સાહમાં હું ભાગ લઈ શકતો નથી. નાણાંચલણના અતિજટિલ કોયડા લોકોને સમજાવી શકાય એની મને ખાતરી નથી. પણ સરકારની અત્યારની નાણાંચલણનીતિ જો અમલી બની તો ભારતની કરોડોની મૂંગી જનતાનાં નાણાંકીય સાધનો પર એવું દબાણ આવવાનું, જે વેઠવાનું તેનું ગજું નથી, એવી એમની સબળ દલીલને હું તુચ્છ ગણી ઉવેખી શકું નહીં. આથી મેં એ પ્રશ્નનો અભ્યાસ કરવાનું,

૧. હિંદની ખેતી પરનું શાહી કમિશન. માર્ક્વીસ ઑફ લિનલિથગોના અધ્યક્ષપણા નીચેના એ કમિશનની રચનાની જાહેરાત વાઇસરૉયે ૧૯૨૬ના જાન્યુઆરીની ૨૦મીએ કરી હતી, અને તેની બેઠકો ૧૯૨૬–૨૭ના શિયાળામાં મળી હતી.

૨. આ નોંધ અહીં આપી નથી. એમાં એ માહિતી હતી કે થોડા જ સમયમાં તામિલ જિલ્લાઓમાં ચાલતા રેંટિયાની સંખ્યા વધીને ૩૦,૦૦૦ થઈ હતી અને દરેક રેંટિયામાંથી થતી સરેરાશ આવક વરસની રૂ. ૧૪–૯–૮ હતી, જે ખેડૂત કુટુંબોને તેમની જમીનમાંથી થતી વાર્ષિક રૂ. ૫૦ની આવક સાથે સરખાવતાં ઠીક રકમ કહેવાય.



Gandhi Heritage Portal

યંગ ઇન્ડિયાનાં કૉલમ એની ચર્ચા માટે ખુલ્લાં મૂકવાનું અને બની શકે તો એ વિશેનાં મારાં પોતાનાં મંતવ્યો જાહેરમાં મૂકવાનું વચન આપ્યું છે. એ વચનના પાલન અંગે પ્રોફેસર પી. એ. વાડિયાની કલમે લખાયેલી લેખમાળાનો પહેલો હપતો હું અન્યત્ર છાપી શક્યો છું. શાહી કમિશનના હેવાલનું પ્રારંભિક અભ્યાસનું વાચન મેં હમણાં જ પૂરું કર્યું છે. રેંટિયાના અર્થશાસ્ત્ર પરનું પુસ્તક હું સમજી શકું તેટલું હું એને સમજી શકતો નથી, એ હું કબૂલ કરું છું. નાણાં ચલણની ભાષા મારે માટે રેંટિયાની ભાષા જેટલી વાસ્તવિક બનાવી આપે એવા શિક્ષકની હું શોધમાં છું. ત્યારે જ આ પ્રશ્ન વિશેનું મારું પોતાનું મંતવ્ય હું પ્રગટ કરી શકીશ, તે પહેલાં નહીં. ત્યાં સુધી, જે થોડોઘણો સમય હું કાઢી શકું તે એના ગંભીર અભ્યાસ માટે આપવાનું વચન આપું છું.

### રખડતાં કૂતરાં વિ. ગામડાંનાં કૂતરાં

એક મિત્ર લખે છે: 'આપ રખડતાં કૂતરાંને મારી નાખવાની હિમાયત કરો છો. આપ એમાં ગામડાંનાં અતિ ઉપયોગી કૂતરાંનો પણ સમાવેશ કરો છો?' ના, નહીં જ. નવજીવનનાં પાનાંમાં એ મેં પૂરેપૂરું સ્પષ્ટ કર્યું છે. ગામડાંનાં કૂતરાં તો રાત્રે ચોરોથી અને દિવસે બહારનાં કૂતરાંથી તથા બીજાં પશુઓથી ગામનું રક્ષણ કરતી સસ્તામાં સસ્તી અને સૌથી વધુ કાર્યક્ષમ પોલીસ છે. મેં વિવેકબુદ્ધિનો ઉપયોગ કર્યા વિના રખડતાં કૂતરાંને પણ મારી નાખવાની હિમાયત કરી જ નથી. એ જલદ પગલાંનો આશરો લેવાય તે પહેલાં બીજા ઘણા ઉપાય અજમાવવાના રહે છે. નધણિયાતાં કૂતરાંનો નાશ કરવાની સત્તા મ્યુનિસિપાલિટીને આપતાં મ્યુનિસિપલ ઉપનિયમનો મેં આગ્રહ કર્યો છે એટલું જ. આવો સાદો કાયદો કૂતરાંને ક્રૂર બેદરકારીમાંથી બચાવશે અને મહાજનની કસોટી કરશે. વિવેક વગરની અવિચારી દયા બંધ કરવી જોઈએ. કૂતરાંને અને ભિખારી બનવું પસંદ કરતા મનુષ્યોને પોષતી દયા, ભિખારીઓનું તથા આવી ખોટી દયાને ઉત્તેજન આપતા સમાજનું અકલ્યાણ કરે છે.

### સૌથી સુપાત્ર સન્નારી

એક સજ્જને મને રોમના ઈતિહાસમાંથી લીધેલો નીચેનો રસપ્રદ ઉતારો[1] મોકલ્યો છે.

[મૂળ અંગ્રેજી]

યંગ ઇન્ડિયા, ૨–૧૨–૧૯૨૬

૧. એ અહીં આપ્યો નથી. કોની પત્ની સૌથી સુપાત્ર એ વિશે ચાર રોમનોમાં પડેલી તકરાર અને તેના નિવેડાની તેમાં વાત હતી. લુશ્યસ સૌંદર્ય માટે તેમ ગૃહિણી તરીકેના ગુણો માટે જાણીતી, ટાર્ક્વિનિયસ કૉલેટિનસની પત્ની લુક્રેશિયા શ્રેષ્ઠ ઠરી, કારણ, બીજી ત્રણે ખાણીપીણીમાં જ મચી રહેતી ત્યારે એ સાળ ચલાવતી હતી.

Gandhi Heritage Portal

## ૯૬. મીરાંબહેનને પત્ર

સુરત,

ડિસેમ્બર ૩, [૧૯૨૬]

ચિ. મીરાં,[1]

તાર મળ્યો. આનંદ થયો. તારે માથે ઈશ્વરનો હાથ હો![2].

સસ્નેહ,

બાપુ

શ્રીમતી મીરાંબાઈ
કન્યા ગુરુકુળ
દરિયાગંજ
દિલ્હી

[મૂળ અંગ્રેજી]

મૂળ પત્ર પરથી : સી. ડબલ્યુ. ૫૧૮૮; શ્રીમતી મીરાંબહેનના સૌજન્યથી

## ૯૭. ઘનશ્યામદાસ બિરલાને પત્ર

વર્ધા,

કારતક વદ ૧૪, ૧૯૮૩ [ડિસેમ્બર ૪, ૧૯૨૬]

ભાઈ ઘનશ્યામદાસજી,

પત્ર મળ્યો. એ વાંચવામાં મને કોઈ મુશ્કેલી પડતી નથી. યુરોપ ન જવામાં કોઈ પ્રતિજ્ઞાનો ભંગ ન થતો હોય તો તમારે માટે ત્યાં જવાનો આ સમય નથી, એમ મારું મન કહે છે.

તમારા વિજય સંબંધમાં મારે કંઈ લખવું નથી. કેટલાંક યુદ્ધ એવાં હોય છે જેમાં હારવું એ વિજય હોય છે. આ વખતે જે બન્યું તે તમારે માટે કલ્યાણકારક છે કે નહીં તે હું નથી જાણતો. ધારાસભામાં બધી વસ્તુઓ તટસ્થતાથી જોતા રહો એવી મારી સલાહ છે.

હું તો માનું છું કે મારા મૌનથી મેં દેશની સેવા કરી છે, પરંતુ બધા પક્ષોને એકત્ર કરી શકવા વિશે મને આત્મવિશ્વાસ નથી. મારું મન તો ગૌહત્તી જવા માટે[3] પાછું પડે છે. મેં તો શ્રીનિવાસ આયંગર તેમ જ મોતીલાલજીને લખી પણ નાખ્યું છે કે મને છૂટી આપે. મારામાં આત્મવિશ્વાસ આવતાં હું મારી મેળે મેદાનમાં આવી જઈશ.

૧. મીરાંબહેન પરના આ તેમ જ બીજા પત્રોમાં આ સંબોધન દેવનાગરીમાં જ લખાયેલું છે.
૨. ગાંધીજીએ મીરાંબહેનને દિલ્હીના કન્યા ગુરુકુળમાં હિંદી શીખવા તથા પીંજણ અને કાંતણ શીખવવા મોકલ્યાં હતાં.
૩. કૉંગ્રેસના વાર્ષિક અધિવેશન માટે.

Gandhi Heritage Portal

મારે કલકત્તા જવાનું થાય તો મુકામ ક્યાં રાખવો એ જાણતો નથી. બીજે કોઈ સ્થળે જવા માટે મજબૂર ન બન્યો તો તમારે ત્યાં રહેવું મને ગમશે.

તમારો
**મોહનદાસ**

[મૂળ હિંદી]
મૂળ પત્ર પરથી : સી. ડબલ્યુ. ૬૧૪૦; શ્રી ઘનશ્યામદાસ બિરલાના સૌજન્યથી

## ૯૮. સભ્યતા

મહાદેવ દેસાઈએ યુવક સપ્તાહ[1] વખતે તકલી ઉપર જે ભાષણ આપ્યું તે બીજે લગભગ અક્ષરશઃ છાપું છું. કેમ કે તે ભાષણ તેમના અંતરના ઉદ્‌ગાર છે અને તે ભાષણના સંજોગો નોંધવા યોગ્ય છે. એ ભાષણ ભાષણને ખાતર નહોતું અપાયું. યુવકવર્ગનું ધ્યાન તેમના કર્તવ્ય તરફ ખેંચવા ખાતર અપાયું હતું. પણ તે સાંભળવાનો કેટલાક યુવકોને કંટાળો આવ્યો ને તેઓએ ગરબડ શરૂ કરી. મેં ઘણી વેળા લખ્યું છે એમ બુમરાણ કરવાની પ્રથા ભારતવર્ષની સભ્યતાને ન શોભે તેવી છે. આ દેશમાં તો જેઓને કોઈનું ભાષણ ન ગમે તે ધ્યાન ન આપે, ને બીભત્સ લાગે તો સાંભળનાર ઊઠીને ચાલ્યા જાય. પણ બોલનારને બંધ કરવાને ખાતર બળાત્કાર ન વાપરે, બુમરાણ કરવું એ બળાત્કાર જ કહેવાય. આપણામાં અસહિષ્ણુતા વધે એ આપણી પ્રગતિને રોકનારી વસ્તુ છે. આપણને પસંદ ન હોય તે ખરાબ જ હશે એમ માની લેવાનું આપણી પાસે કશું કારણ નથી. જગતમાં ઘણી વસ્તુઓ તો એવી જ હોય છે કે આરંભમાં કડવી લાગે છે ને પરિણામે મીઠી નીવડે છે.

જે પ્રજાનો યુવકવર્ગ મર્યાદા, વિવેક, નમ્રતા, સહિષ્ણુતા છોડે છે તે પ્રજાનો નાશ થાય છે. પ્રજાની જીવનદોરી તો યુવકવર્ગને જ હાથ હોય છે. તેમની જવાબદારી વૃદ્ધ વર્ગના કરતાં મોટી છે. કેમ કે વૃદ્ધો પોતાનાથી અપાય તેટલું અથવા પોતે આપવા ઇચ્છયું તે આપી છૂટયા. યુવકવર્ગ તો આજે નવું ઘડી રહ્યો છે, આપી રહ્યો છે.

આ પોતાની જવાબદારી બૂમાબૂમ કરનારા ચૂકયા. મહાદેવ દેસાઈનું ભાષણ તો તેના હાથ આપી રહ્યા હતા. એ ભાષણ આંખ વતી સંભળાય એવું હતું. તે હાથથી આપેલું ભાષણ રોકવા યુવકવર્ગ અસમર્થ હતો. એ અસમર્થતા જોઈ એટલે તેઓએ પોતાના અવાજ બંધ કર્યા. પણ તેઓએ બૂમાબૂમ કરીને અપયશ તો વહોરી જ લીધો. બીજે દિવસે અખબારોએ લખ્યું કે યુવકવર્ગે બુમરાણ કરીને મહાદેવ દેસાઈને તકલી ઉપર વ્યાખ્યાન આપતા રોકયા. આમાં આબરૂ મહાદેવ દેસાઈની નહીં પણ બુમરાણ કરનારની ગઈ. પણ તેમની લાજ ગઈ તે દેશની જવા બરાબર છે. દેશની આબરૂ કંઈ દેશીઓની બહાર નથી.

તકલીનો અણગમો તે કીડી ઉપર કટક લઈ જવા સમાન છે. તકલી મનુષ્યના પ્રાચીનતમ હથિયારમાંનું એક છે એમ પ્રાચીન પુસ્તકોમાંથી ઉતારાઓ આપીને નવજીવનમાં સિદ્ધ કરી બતાવવામાં આવ્યું છે. તકલી ગરીબ લોકોનું યંત્ર છે, તેઓનો આશ્રય છે. હળ જેમ અન્નનું સાધન

૧. ૧૯૨૯ના નવેમ્બરમાં અમદાવાદમાં ઊજવાયું હતું.

Gandhi Heritage Portal

છે તેમ તકલી વસ્ત્રનું છે. તકલીમાંથી મોટી મિલો પેદા થઈ શકી છે. સ્પિનિંગ મિલ એટલે તકલી-મિલ. જુદા જુદા ઘરની નળીઓ બંધ કરીને એક મનુષ્ય બધી નળીઓ પોતાને ત્યાં એકઠી કરે ને બીજાને પાણીને સારુ પરાધીન કરી મૂકે તેમ સ્પિનિંગ મિલ જુદી જુદી તકલીઓને એકઠી કરી સ્વતંત્ર કાંતનારાને પરાધીન કરે છે. આમ તકલી સ્વતંત્રતાનું ચિહ્ન છે; મિલ પરતંત્રતાનું. આવી પોષક વસ્તુનો તિરસ્કાર શો? એ નાની વસ્તુની શક્તિ સમજવાનો આપણો ધર્મ છે. જે આપણને તેની શક્તિનું ભાન કરાવે તે ધન્યવાદને, ઉપકારને પાત્ર છે.

હળનો ત્યાગ કરીએ તો જેમ આપણે ભૂખે મરીએ તેમ તકલીનો ત્યાગ કરવાથી આપણે નવસ્ત્રા થયા છીએ. મૂઠીભર મનુષ્યોને કપડાં સાંપડે છે તેથી કોઈ એમ ન માને કે કરોડોને સાંપડે છે. ઈતિહાસ પુરવાર કરે છે કે આપણાં લાખો ભાઈબહેનો નાગાં ફરે છે ને ભૂખો ખેંચે છે.

તકલીમાં બેવડી શક્તિ છે, અંગ ઢાંકવાની અને અંગને પોષવાની. કેમ કે કાંતવાની ક્રિયા આપણને વસ્ત્ર આપે છે ને એને પરિણામે બચતો પૈસો આપણી અન્ન મેળવવાની શક્તિમાં વધારો કરે છે. તેથી તકલી અથવા રેંટિયાને મેં અન્નપૂર્ણાની ઉપમા આપી છે.

તકલી આપણું આળસ મટાડે છે, શરીર ઢાંકે છે ને તેને પોષે છે. આવા યંત્રનો તિરસ્કાર શો?

વળી તકલી આપણને આપણા ગરીબોની સાથે જોડે છે ને તેમના દુઃખના આપણને હિસ્સેદાર બનાવે છે.

ઋષિઓએ આપણને એક આખ્યાયિકાથી તણખલાની શક્તિનો ખ્યાલ આપ્યો. વાયુ તેને ઉડાડી ન શક્યો, અગ્નિ તેને બાળી ન શક્યો. એક તણખલું ભલે કોઈ તુચ્છ સમજી ન ગણકારે પણ સંખ્યાબંધ તણખલાં ન હોય તો આપણને અન્નપાણી કશું ન મળે. જે શક્તિ ઘાસના તણખલામાં છુપાયેલી છે તે તકલીમાં છુપાયેલી છે. જેઓએ તકલીની હાંસી કરી તેઓને યક્ષ અને દેવતાઓનો સંવાદ વિચારી જવા વીનવું છું. તકલીને તુચ્છ માનનાર ગરીબને તુચ્છ સમજે છે. ગરીબને તુચ્છ જાણનાર પોતાના પગ કાપે છે, જે ડાળ ઉપર બેઠા છે તેની જડ ઉખેડે છે. ગરીબ હોઈને તવંગર નભે છે. ગરીબ ન હોય તો તવંગરને સ્થાન જ ક્યાં છે?

યુવકવર્ગ, તમે ગમે તે નિશાળમાં, ગમે તે કૉલેજમાં હો, તમે અસહકારી હો કે સહકારી, તમે બુમરાણમાં ભાગ લેનાર હો કે તેના દુઃખી પ્રેક્ષક હો, તમે પ્રાચીન સભ્યતા ન છોડજો, વિવેક ન છોડજો, ગરીબપ્રેમ ન છોડજો. તલવાર જેમ નાશનું ચિહ્ન છે તેમ તકલી પોષણનું એક મહત્ ચિહ્ન છે. જેણે બૂમાબૂમરૂપી તલવાર વાપરી તેમણે ઠીક ન કર્યું. તકલીનો ત્યાગ, તેની અવગણના તમારાથી ન થાય. મહાદેવે તમારા કર્તવ્ય તરફ તમારું ધ્યાન દોર્યું છે. જે કાંતવાનો યજ્ઞ કરતા નથી, જે તે યજ્ઞની પ્રસાદીરૂપ ખાદી પહેરતા નથી, તે ગરીબોને અને તેના રિવાજોને ઓળખતા નથી એવો મારો દૃઢ વિશ્વાસ છે. તમારો પણ તે હો.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૫–૧૨–૧૯૨૬

Gandhi Heritage Portal

## ૯૯. બહેરામજી ખંભાતાને પત્ર

વર્ધા,
ડિસેમ્બર ૫, ૧૯૨૬

ભાઈશ્રી ૫ ખંભાતા,

તમારો કાગળ મળ્યો છે. તમારા આવવાથી હું તો બહુ રાજી થયો છું. ફરી પણ આવજો. જેમ જેમ દેહ ઉપરનો મોહ ઊતરશે તેમ તેમ તમે શાંત થશો. પેલા તેલનું નામ હજુ મારે હાથ નથી આવ્યું. મેળવી લઈશ.

બાપુના આશીર્વાદ

ભાઈશ્રી ૫ બહેરામજી ખંભાતા
૨૭૫, હૉર્નબી રોડ
ફૉર્ટ
બૉમ્બે

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી: સી. ડબલ્યુ. ૪૩૬૭; તહેમીના ખંભાતાના સૌજન્યથી

## ૧૦૦. છગનલાલ ગાંધીને તાર

ડિસેમ્બર ૬, ૧૯૨૬

છગનલાલ ગાંધી
આશ્રમ, સાબરમતી

અમેરિકન મિત્રોનું સ્વાગત કરું છું.

બાપુ

[મૂળ અંગ્રેજી]

ટપાલમાં પહોંચેલા મૂળ તાર પરથી : એસ. એન. ૧૧૨૪૯

Gandhi Heritage Portal

# ૧૦૧. આશ્રમની બહેનોને પત્ર

વર્ધા,
મૌનવાર, ડિસેમ્બર ૬, ૧૯૨૬

બહેનો,

મારા વચન પ્રમાણે, સવારમાં ખાઈને, પહેલું લખવાનું કામ તમારી ઉપરનો કાગળ છે.

હમણાં સાતમાં પાંચ મિનિટ બાકી છે. એટલે તમે બધી હજુ તો પ્રાર્થનામંદિરમાં આવતી હશો. જે વખત રાખો તે પાળશો. જેણે હાજરી ભરવાનું કબૂલ કર્યું છે તે આસમાની સુલતાની બાદ કરતાં હાજરી ભરતી હશો. મેં તો રમણીકલાલને[1] ગીતાજીના હમેશાં એકબે શ્લોકો કરાવવાનું સૂચવ્યું છે. પણ તમે તમારી ઈચ્છા પ્રમાણે વાચન શરૂ કરાવશો. લખવાનો મહાવરો કદી ન છોડશો. અક્ષર હમેશાં સુધારજો.

પણ આ બધું ધર્મ નથી, ધર્મના પાલનમાં સાધનરૂપ છે. ધર્મની વ્યાખ્યા તો આપણે જે શ્લોકો હમેશાં વાંચતા હતા તેમાં છે. અને આપણે તો ધર્મપાલન શીખવું છે. ધર્મ પરોપકારમાં છે. પરોપકાર એટલે બીજાનું ભલું ચાહવું ને કરવું, પારકાની સેવા કરવી. આ સેવાનો આરંભ કરતાં તમે એકબીજાની સાથે સગી બહેનનો સ્નેહ રાખો, એકને દુઃખે બધી દુઃખી થાઓ. આ તો એક જ વાત થઈ. મારે કાગળ તો દર અઠવાડિયે લખવા છે એટલે હવે અહીંથી મારું ભાષણ બંધ થવા દઉં.

દક્ષાબહેન, કમળાબહેન અને ચિ. રુખી મજામાં છે. બધાં ત્રીજા વર્ગમાં આવ્યાં, પણ ભીડ ન હતી એટલે કષ્ટ ન હતું. હું જ એકલો બીજા વર્ગમાં હતો. લક્ષ્મીદાસભાઈ[2] તો પોતાના રેંટિયાકાર્યમાં ગૂંથાઈ ગયા છે. અહીં ગીતાજીના પાઠમાં ત્યાંની જેમ થયું છે. વિશેષ તમે ચિ. પુરુષોત્તમ ઉપરના મારા કાગળમાંથી જોશો.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : જી. એન. ૩૬૨૯ તથા बापुना पत्रो – १ : आश्रमनी बहेनोने, પા. ૧૨–૧૩

૧. રમણીકલાલ મોદી, આશ્રમશાળાના શિક્ષક.
૨. લક્ષ્મીદાસ પી. આસર.

Gandhi Heritage Portal

## ૧૦૨. મ્યુરિયલ લિસ્ટરને પત્ર

વર્ધા,

ડિસેમ્બર ૬, ૧૯૨૯

પ્રિય મિસ લિસ્ટર,

તમારા પત્રનું વાચન કાલે રાત્રે પૂરું કરી શકયો. મને લાગે છે કે તમે ભારતમાં લાંબું રોકાઓ તો તમે વર્ણવ્યું છે તેવું ઘણું વધારે જોવા પામશો. ધર્મ એક જટિલ સમસ્યા છે, જીવનના જેટલી જ જટિલ. તેના પવિત્ર ઓઠા તળે કેટલું બધું ધતિંગ ચાલતું હોય છે એ જોવા જેવું છે. પણ તમે જે કંઈ જોયું છે એ તો થોડો સમય ટકનારી હંગામી સ્થિતિ છે. દેશની ભીતરનાં દૂરનાં ગામડાંનું જીવન તેની રીતે ખૂબ જ અધ્યાત્મલક્ષી છે, અને મારા અભિપ્રાય પ્રમાણે તો એ પશ્ચિમના કરતાં વધારે ધાર્મિક છે. એ આમજનતાના હિંદુ ધર્મનું સ્થાયી અંગ છે. લોકો ઉપર તેનો જે પ્રભાવ પડે છે તેના પરથી હિંદુ ધર્મનો અંતિમ કયાસ થશે. યુગોથી હિંસાનો સિદ્ધાંત તેમની ઉપર કંઈ છાપ પાડી શકયો નથી. આ ગામડાંઓએ સામૂહિક રીતે હિંસા આચર્યાનો ઇતિહાસમાં કોઈ દાખલો નથી. એ પૂરેપૂરાં અહિંસક છે માટે નહીં, પણ બીજાની તુલનામાં એ અહિંસક છે. ખેર, આવું આવું લખવું વ્યર્થ છે. દુનિયા આખી ગમે તે કરતી હોય, આપણે પોતે કેવું જીવન ગાળીએ છીએ, એ જ મહત્ત્વની વાત છે. હું તો જેમ જેમ દુનિયાને વધુ જોતો જાઉં છું તેમ તેમ વધુ નમ્ર બનતો જઈ ઈશ્વર પર પૂરો ભરોસો રાખતો જાઉં છું. મારે બે પાનાંથી વધુ ન લખવું જોઈએ.

તમારો

મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : જી. એન. ૬૫૬૦

## ૧૦૩. મીરાંબહેનને પત્ર

સોમવાર [ડિસેમ્બર ૬, ૧૯૨૬][1]

ચિ. મીરાં,

આજે તારો કાગળ આવશે એમ મેં ધાર્યું હતું. તારા પર હું આ બીજો કાગળ લખું છું. પહેલાં મેં એક પોસ્ટકાર્ડ લખ્યો હતો. આ વખતની[2] પેઠે આત્મકથાનું પ્રકરણ દર સોમવારે જો હું લખી શકું તો તે તને મોકલી શકાય એમ લાગે છે. એનો અનુવાદ સાથે મોકલ્યો છે. એ જઈને તે ને તે દિવસે અહીં રવાના કરજે. એમ થાય તો બરાબર વખત જળવાય. તે ને તે દિવસે જો તું એ જોઈ જઈ ન શકે તો એ સીધું સ્વામીને મોકલવું. આ તને બુધવારે પહોંચશે અને જો એ ગુરુવારે પણ રવાના કરવામાં આવે તોયે મને તે રવિવારે વેળાસર મળી જાય.

૧. તારીખ મીરાંબહેન પાસેથી મળી છે.

૨. ૩-૧૨-૧૯૨૫ના અંકથી આ આત્મકથા, યંગ ઇન્ડિયામાં હપતે હપતે પ્રગટ થવી શરૂ થઈ હતી. ગાંધીજી દરેક પ્રકરણનો મહાદેવ દેસાઈએ કરેલો અનુવાદ સુધારવા માટે મીરાંબહેનને મોકલતા હતા.

Gandhi Heritage Portal

યંગ ઇન્ડિયા માટેનું લખાણ અહીંથી અમદાવાદ મોકલવાનું હોય છે. વાત આમ છે એટલે તારાથી થઈ શકે એ પ્રમાણે કરજે. હું અહીં છું ત્યાં સુધી આવી ગોઠવણ ચાલુ રહેશે.

સાથે રોમાં રોલાંનો પત્ર છે.[1] 'સ્પૅરો'[2]એ એનો અનુવાદ મને કરી આપ્યો છે તે પણ આ સાથે છે. તને જો એ બરાબર લાગે તો એનો ફરીથી અનુવાદ કરીને મને મોકલવાની જરૂર નથી.

બાપુના આશીર્વાદ

[મૂળ અંગ્રેજી]

મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૫૧૮૯; મીરાંબહેનના સૌજન્યથી

## ૧૦૪. લાલતાપ્રસાદ શાહને પત્ર

વર્ધા,
ડિસેમ્બર ૬, ૧૯૨૬

ભાઈશ્રી,

૩૦મી ઑક્ટોબરના તમારા આગલા પત્રની પહોંચ લખી શક્યો નથી તો દરગુજર કરશો. એમ થવાનું કારણ એ છે કે બહોળા પત્રવ્યવહારને કારણે તમારો પત્ર સરતચૂકથી એક ફાઈલમાં મુકાઈ ગયેલો, જે ગયા અઠવાડિયે જ મારા હાથમાં મુકાયો.

સદ્ગુરુઓને મળવાનું તમારા જેટલું જ દબાણ મારા પર લાવવામાં આવ્યું છે. એ લખનારા માને છે કે મારી જિજ્ઞાસા તેમનાથી સંતોષાશે. હજી ત્રણચાર દિવસ પહેલાં મને મદ્રાસ ઇલાકામાંથી તાર મળ્યો કે "તરત આવી જાઓ, તમારે જોઈએ છે એવા ગુરુ બતાવું." શું મારે ત્યાં દોડી જવું જોઈતું હતું, અને શું મારે આવા પત્રોની સૂચનાઓ પાળ્યા કરવી જોઈએ? મારા મત પ્રમાણે ગુરુની શોધમાં નીકળવાનો રસ્તો એ નથી. ખોળનારની પાસે યોગ્ય વખતે ગુરુ સામે ચાલીને આવશે એમ હું કહું છું તેમાં ઘમંડ નથી; એ એક સર્વવિદિત સત્યનું જ કથન છે. ઈશ્વરની શોધમાં તમે પૃથ્વી પર ભટક્યા કરતા નથી. એને તો હૃદયમાં જ પામવાનો હોય. એ જ રીતે નમ્રતા અને દિલની સચ્ચાઈથી તેને ઝંખતા જીવોને ગુરુ — પૂર્ણ પુરુષ — પોતે જ ખોળી કાઢે છે. મારી સામેની સમસ્યા તમે લખો છો એટલી સહેલી નથી. તેમ એ મનસ્વિતા કે દુરાગ્રહની બાબત પણ નથી.

તમે મોકલેલું અંગ્રેજી પુસ્તક મેં વાંચવું શરૂ કર્યું હતું, પણ એટલું જણાયું કે તેમાં વધુ પ્રગતિ કરી શક્યો નથી. કારણ તો એટલું જ કે હાથ પર લઈ લીધેલાં કામ એક પળની પણ નિરાંત કે વખત મને રહેવા દેતાં નથી.

તમારો સહૃદયી

શ્રીયુત લાલતાપ્રસાદ શાહ
કાયસ્થ મહોલ્લો
અજમેર

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૯૭૬૧

૧. જુઓ પરિશિષ્ટ ૨.
૨. મિસ હેલન હૉસડિંગ.

Gandhi Heritage Portal

## ૧૦૫. વી. વી. દાસ્તાનેને પત્ર

વર્ધા,
ડિસેમ્બર ૬, ૧૯૨૬

પ્રિય દાસ્તાને,

પત્ર મળ્યો. તમે જાણો જ છો કે આત્મકથાના મરાઠી અનુવાદ માટે મારી સંમતિ સ્વામીની અનુમતિ પર અવલંબે છે. પણ મને લાગે છે કે સ્વામી એમાં સંમત હતા.

તમે લખ્યું તે પરથી મને લાગે છે કે મુનશીજી ફક્ત પોતાના પિતાનું ભરણપોષણ કરવા નૈતિક રીતે બંધાયેલા છે. બાકી રહ્યાં તેના પુત્રો અને પત્ની, અને કદાચ ત્રણ બાળકો, જે બહુ મોટાં નહીં હોય. સૌથી મોટા પુત્રને પોતાના પગ પર ઊભા રહેવા કહેવું જોઈએ. એથી એની સેવા થશે અને મુનશીજીને માથેથી બોજો ઓછો થશે. પુત્રવધૂ પતિ સાથે ન રહી શકતી હોય તો પોતાની આજીવિકા જેટલું મેળવી લઈ શકે એવા કોઈ આશ્રમમાં તેની ગોઠવણ થઈ શકે. ૧૦ વર્ષના છોકરાને પણ કોઈ આશ્રમમાં મુકાય. મુનશીજીએ પોતે પોતાને અનુકૂળ આવે એવું કોઈ કામ પસંદ કરી તે કરવા બંધાવું જોઈએ. પુત્રવધૂ એ કુટુંબની ગૃહિણી અને ઘર ચલાવનારી છે કે કેમ તેની ખબર નથી. એમ હોય અને જો તે હા પાડે તો પુત્ર કામ કરીને કમાય નહીં તો તેને ઘર છોડવા કહેવું જોઈએ. કોઈ પણ રીતે મુનશીજીએ એવા સંજોગો નથી ત્યારે રાષ્ટ્ર પર બોજારૂપ બનવાની પોતે જ ના પાડવી જોઈએ.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૯૭૬૨

## ૧૦૬. મણિબહેન પટેલને પત્ર

વર્ધા,
મૌનવાર, [ડિસેમ્બર ૬, ૧૯૨૬][1]

ચિ. મણિ,

બહેનો સમસ્તનો કાગળ આ સાથે છે. હવે તમારો. તમારી હજુ અનિશ્ચિત સ્થિતિ જોઈ મને દુઃખ થાય છે. આશ્રમના કરતાં તમારે સારુ બીજી એક પણ જગા વધારે સારી હોય એમ હું નથી માનતો. આશ્રમમાં પણ તમને ન ગમે તેવું હોય, તે દૂર કરવા પ્રયત્ન કરવો. બંધકોશ રહે છે તેનો ઉપાય તો તમારા હાથમાં જ છે. અથવા તમારે અમદાવાદનું પાણી મંગાવીને પીવું. સહેલથી પીવા જેટલું મંગાવાય. નદીનું ઉકાળીને પીઓ તોપણ એ જ થઈ રહ્યું. તમારે પ્રફુલ્લિત થવાનો નિશ્ચય કરવો જોઈએ. ૧૯મી પછી અહીં આવવાનો વિચાર કાયમ રાખજો. અહીં સંસ્કૃત અભ્યાસમાં તો મદદ મળશે જ. હવા તો અનુકૂળ છે જ. મને ખુલ્લા દિલથી જે લખવું હોય તે લખતાં સંકોચ ન ખાવો.

૧. છાપેલા મૂળ પાઠ પરથી.

Gandhi Heritage Portal

રમણીકલાલભાઈને કહેજો કે પૂંજાભાઈની[1] તબિયતના મને ખબર નથી તેથી ચિંતા રહે છે. તેનું ઠેકાણું શું છે? તેને તબિયતના ખબર મળતા હોય તો લખજો.

બાપુના આશીર્વાદ

ચિ. મણિબહેન પટેલ
સત્યાગ્રહ આશ્રમ
સાબરમતી

[મૂળ ગુજરાતી]

બાપુના પત્રો – મણિબહેન પટેલને, પા. ૪૧-૨

## ૧૦૭. સર પ્રભાશંકર પટ્ટણીને પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
વર્ધા,
માગશર સુદ ૧, ૧૯૮૩ [ડિસેમ્બર ૬, ૧૯૨૬]

સુજ્ઞ ભાઈશ્રી,

ભલે આવ્યા. પત્ર વર્ધા મળ્યો. તબિયતના કંઈ ખબર નથી આપતા. તે લખજો. મારે માર્ચમાં તો કાઠિયાવાડમાં આવવાનું થશે જ.[2] ત્યારે તો મળશું જ. વહેલા આવવાનું થશે તો લખીશ. વિલાયતથી પણ તમારો એક કાગળ મળ્યો હતો.

**મોહનદાસના**
વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : સી. ડબલ્યુ. ૩૨૧૭ તથા જી. એન. ૫૮૯૩; શ્રી મહેશ પટ્ટણીના સૌજન્યથી

૧. પૂંજાભાઈ શાહ, આશ્રમના એક અંતેવાસી.
૨. કાઠિયાવાડ રાજકીય પરિષદની બેઠક માટે.

Gandhi Heritage Portal

## ૧૦૮. દેવચંદ પારેખને પત્ર

સોમવાર [ડિસેમ્બર ૬, ૧૯૨૬][1]

ભાઈ દેવચંદભાઈ,

આ કાગળ તમારી જાણ ખાતર ને સાચવવા મોકલું છું. મેં ઘટતો ઉત્તર વાળ્યો છે.[2] રાજ્યપ્રકરણ ઉપર ભલે કંઈ ન કહે એમ લખ્યું છે. કાઠિયાવાડમાં વારંવાર આવવાનું નહીં કહીએ.

બાપુ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : જી. એન. ૫૭૨૨ તથા એસ. એન. ૨૭૬૨૭

## ૧૦૯. રામદાસ ગાંધીને પત્ર

વર્ધા,

મૌનવાર [ડિસેમ્બર ૬, ૧૯૨૬][3]

ચિ. રામદાસ,

તમારો કાગળ મળ્યો છે. જ્યાં શ્રદ્ધા ને સરળતા છે ત્યાં સફળતા છેવટે તો મળે જ છે. અબ્બાસ સાહેબની[4] સરળતાની શી વાત થાય? તેની શ્રદ્ધા પણ તેટલી જ છે એટલે સંજોગો અનુકૂળ થયા જ કરે છે. અબ્બાસ સાહેબને કહેજો રેહાના[5] આ વખતે મને ખૂબ ગમી ગઈ. મીરાંબાઈની સાથે તો કલાકો ગાળ્યા. વડોદરામાં સોહેલી પણ મળી હતી. હવે મોટી થઈ છે ને સગાઈ કરી છે એટલે બહુ શરમાતી હતી. મારી સાથે વાતો પણ ન કરી. મણિલાલ[6] ૧૧મીએ મુંબઈ ઊતરશે. ઘણે ભાગે તો ઉમર શેઠ તેને પોરબંદર ઉતારી લેશે.

બાપુના આશીર્વાદ

[તા. ક.]

અબ્બાસ સાહેબને આશીર્વાદ.

ચિ. રામદાસ<br>
ચિ. ગૌરીશંકર વ્યાસને ત્યાં<br>
માણાવદર<br>
કાઠિયાવાડ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : જી. એન. ૬૮૫૧ તથા એસ. એન. ૨૮૭૫૬

૧. ટપાલની છાપ પર ૭-૧૨-૧૯૨૬ની તારીખ છે. એની આગળનો સોમવાર ૬-૧૨-૧૯૨૬ને દિવસે આવતો હતો.

૨. શ્રીયુત અમૃતલાલ ઠક્કરને; કાઠિયાવાડ રાજકીય પરિષદની બેઠકનું અધ્યક્ષપદ લેવા તેમને આમંત્રણ આપવામાં આવ્યું હતું. એ આમંત્રણ સ્વીકારવામાં એમને કેટલીક મુશ્કેલીઓ હતી એ એમણે બતાવી લાગે છે.

૩. ટપાલની છાપ પરથી.

૪. અબ્બાસ તૈયબજી.

૫. અબ્બાસ તૈયબજીનાં પુત્રી.

૬. મણિલાલ ગાંધી.

Gandhi Heritage Portal

ગાંધી સ્મારક સંગ્રહ સંગ્રહાલય અમદાવાદ-૧૩.

## ૧૧૦. મણિબહેન પટેલને પત્ર

વર્ધા,
બુધવાર [ડિસેમ્બર ૮, ૧૯૨૬][1]

ચિ. મણિ,

તમારું પત્તું મળ્યું. સુખેથી આવજો. રાતની ટ્રેન લેવાના કરતાં સવારની લેવામાં સારું છે. પછી જેમ મરજી હોય તેમ કરજો. મારે કંઈ હજુ પરણવાનું બાકી નથી કે વિચારો પ્રતિક્ષણ બદલું. એ ઈજારો તો કન્યાઓને હોય. કંઈક કુમારો પણ ભોગવે છે.

બાપુના આશીર્વાદ

ચિ. મણિબહેન પટેલ
સત્યાગ્રહ આશ્રમ
સાબરમતી

[મૂળ ગુજરાતી]

બાપુના પત્રો – મણિબહેન પટેલને, પા. ૪૨

13660

## ૧૧૧. વસુમતી પંડિતને પત્ર

વર્ધા,
[ડિસેમ્બર ૮, ૧૯૨૬][2]

ચિ. વસુમતી,

તમારો કાગળ મળ્યો છે. બા આશ્રમમાં જ છે. મારી સાથે અહીં દસેક જણ છે. મહાદેવ, સુબૈયા, કેશુ, લક્ષ્મીદાસભાઈ, કૃષ્ણદાસ, કમલાબહેન, દક્ષાબહેન (તમે નથી ઓળખતાં) અને રુખી. વળી રાજગોપાલાચારી વગેરે બીજા ભાઈઓ આવ્યા છે તે જુદા. તમારે વર્ધા નથી આવવું? અહીં હું ૨૦મી તારીખ લગી તો છું એમ માનું છું. તમારી તબિયત સરસ હશે. મિસ હૉસડિંગ પણ સાથે છે. મીરાંબહેન દિલ્હી ગયાં છે.

બાપુના આશીર્વાદ

શ્રીમતી વસુમતી ધીમતરામ
કેળાપીઠ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૪૭૩ તથા એસ. એન. ૯૨૨૫; શ્રીમતી વસુમતી પંડિતના સૌજન્યથી

૧. છાપેલી પ્રત પ્રમાણે.
૨. ટપાલના સિક્કા પરથી.

ગાંધી સ્મારક સંગ્રહ સંગ્રહાલય અમદાવાદ-૧૩.
Gandhi Heritage Portal

## ૧૧૨. રાજકિશોરી મેહરોત્રાને પત્ર

બુધવાર [ડિસેમ્બર ૮, ૧૯૨૬][1]

ચિ. રાજકિશોરી,

તારો પત્ર મળ્યો છે. ભણવા માટે તને ક્યાંક મોકલવી મને ગમે. પણ એનો અર્થ એ થાય કે વંચારે સંતતિનો વિચાર તેં છોડી દીધો છે, બ્રહ્મચર્ય પાળવાનો અને લોકોની સેવા કરવાનો તેં નિશ્ચય કરી લીધો છે અને માતાપિતા તથા સાસુસસરાનું છત્ર તેં છોડી દીધું છે. એમની રજા મળી છે? સ્વાશ્રયી થનારે નોકરચાકરની સેવા વગેરે છોડવાં રહ્યાં. તારા પર નજર રાખતાં મેં જોયું છે કે સ્વાદેન્દ્રિય પર હજુ તને કાબૂ આવ્યો નથી અને બીજા ભોગ પણ તેં તજ્યા નથી. આ બધું વિચારી લીધા પછી તારો દૃઢ નિર્ણય મને જણાવજે. દરમિયાન, આશ્રમમાં રહ્યાં રહ્યાં પણ ઘણો અભ્યાસ તું કરી શકે. એ કરજે.

બાપુના આશીર્વાદ

[મૂળ હિંદી]

મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૪૯૫૪ તથા જી. એન. ૭૪૭૯; શ્રી પરશુરામ મેહરોત્રાના સૌજન્યથી

## ૧૧૩. એ સન્નારીની બીજી સેવાઓ

ફીનિક્સ (નાતાલ)ના इन्डियन ओपीनियनની એક કાપલી મને મોકલતાં એક મિત્રે, થોડા સમય પહેલાં આ પાનાંઓમાં ઉતારાયેલા જનરલ સ્મટ્સે ઉચ્ચારેલાં એમિલી હૉબહાઉસ વિશેનાં સ્તુતિવચનમાંથી છાપવી રહી ગયેલી વાત પર મારું ધ્યાન ખેંચ્યું છે. રહી ગયેલા એ ભાગમાં બોઅર યુદ્ધ પછી સંકટગ્રસ્ત બોઅર સ્ત્રીઓમાં કાંતણ અને વણાટનો ઉદ્યોગ શરૂ કરવાના એ સન્નારીના પ્રયાસનો ઉલ્લેખ છે. આ રહ્યો એ ફકરો.[2]

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ૯–૧૨–૧૯૨૬

૧. ટપાલની છાપ પરથી.
૨. અહીં આપ્યો નથી.

Gandhi Heritage Portal

# ૧૧૪. મુક્તિનું મૂલ્ય

તેર અમેરિકન સંસ્થાનોની મુક્તિ અર્થેના બ્રિટિશ લોકો સામેના ડિસેમ્બર ૧૭૭૬ના ક્રાંતિ-યુદ્ધના સેનાપતિ જૉર્જ વૉશિંગ્ટનના અમેરિકન સૈન્યના સૈનિકોને સંબોધીને થોમસ પેને લખી મોકલેલા સંદેશામાંથી શ્રી ગ્રેગે મને નીચેના ઉતારા મોકલ્યા છે:[1]

મનુષ્યોના આત્માની કસોટી કરે એવો આ સમય છે. મોજીલો સૈનિક અને માન-ભૂખ્યો દેશાભિમાની આ કટોકટીમાં પોતાના દેશની સેવામાં સંકોચ અનુભવશે. પણ જે અત્યારે ખડો રહે છે તેને સ્ત્રીપુરુષોનો પ્રેમ અને આભાર ઘટે છે. નરકની પેઠે જુલમખોરી સહેલાઈથી જિતાતી નથી; છતાં આપણી પાસે એક આશ્વાસન છે કે સંઘર્ષ જેમ વધુ કઠણ તેમ વિજય વધુ કીર્તિપ્રદ. જે ખૂબ જ સસ્તામાં મળે છે તેની આપણે ખૂબ ઓછી કિંમત આંકીએ છીએ. ઊંચી કિંમત જ દરેક ચીજનું મૂલ્ય વધારી આપે છે. પોતાના માલનું કેટલું મૂલ્ય આંકવું તે ભગવાન જાણે છે; અને મુક્તિ જેવી મોંઘી વસ્તુની કિંમત ઊંચી ન હોય તો ખરેખર નવાઈ જ કહેવાય . . . .

ટોરીઓના હલકા સિદ્ધાંતો સામે માણસને ચડવો જોઈતો ગુસ્સો મને એક વખત ચડયો હતો. એક જાણીતો ટોરી, જે એમ્બૉય ખાતે એક ખાવાપીવાની લૉજ ચલાવતો હતો, તે આઠનવ વર્ષનું મેં કદી ન જોયેલું એટલું સુંદર બાળક હાથમાં ઊંચકીને બારણા આગળ ઊભો હતો. પોતાને ડહાપણભર્યું લાગ્યું એટલી મુક્તતાથી પોતાની વરાળ ઠાલવીને તેણે બાપને ન શોભે તેવા આ વાકયથી પોતાનું વક્તવ્ય પૂરું કર્યું: 'વારુ, મારા જીવનકાળ દરમિયાન મને શાંતિ આપો.' આ ખંડ ઉપર એક પણ એવો જીવતો માણસ નથી જે માનતો ન હોય કે ગમે તે વખતે આખરે વિખૂટા તો પડવાના જ છે. તેથી ઉદાર પિતાએ તો એમ કહ્યું હોત કે 'મુશ્કેલી આવવાની હોય તો મારા જીવનકાળ દરમિયાન આવો, જેથી મારા બાળકને શાંતિમાં જીવવાનું થાય.' એ એક જ વિચારનો જો બરાબર અમલ કરવામાં આવે તો દરેક માણસમાં કર્તવ્યભાન જગાડવા માટે તે પૂરતો છે. પૃથ્વી પરનું એક પણ સ્થળ અમેરિકા જેટલું સુખી નહીં હોય. આખી ઝઘડતી દુનિયાથી તે દૂર છે અને તેની સાથે તેને વેપાર સિવાય બીજું કશું કરવાનું નથી. . . .

હું થોડાને નહીં બધાને હાકલ કરું છું. આ કે તે રાજ્યને નહીં, પ્રત્યેક રાજ્યને હાકલ કરું છું કે ખડા થઈ જાઓ અને અમને મદદ કરો; પૈડાને તમારા ખભા લગાવો; આવડું મોટું ધ્યેય જોખમમાં છે ત્યારે સાવ થોડું નહીં પણ અનહદ જોર કરવું વધુ સારું. ભાવિ દુનિયાને એમ કહેવા દો કે આશા અને સદ્ગુણ સિવાય જેમાં કંઈ પણ ટકી શકે નહીં એવા ભર શિયાળામાં શહેરો અને ગ્રામવિસ્તાર બંને, એક સમાન ભય સામે સાવચેત થઈ જઈ તેનો સામનો કરી તેને હઠાવી દેવા ધસી આવ્યાં. હજારો ગયા છે એમ કહેશો નહીં; દસ દસ હજારોને આગળ કરો; ભગવાન ઉપર આજનો ભાર નાખી ન દેશો, પણ તમારાં કામ વડે તમારી શ્રદ્ધા દર્શાવો જેથી ભગવાન તમને આશીર્વાદ આપે. તમે કયાં રહો છો કે કયો

૧. જુઓ "રિચાર્ડ બી. ગ્રેગને પત્ર", ૨૭-૧૧-૧૯૨૬.

Gandhi Heritage Portal

દરજ્જો ધરાવો છો એનું કોઈ મહત્ત્વ નથી; શાપ અથવા આશીર્વાદ તમને બધાને પહોંચશે. દૂરના અને નજીકના, માદરે વતન કે દૂરના પ્રદેશો, શ્રીમંતો અને ગરીબો, સૌને એકસરખું વેઠવું પડશે અથવા એકસરખી ખુશાલી માણવાની આવશે. અત્યારે લાગણી ન અનુભવે એ હૃદય મરેલું જાણવું. જ્યારે થોડી સરખી વધુ તાકાતે આખાંને બચાવ્યું હોત અને તેમને સુખી બનાવ્યા હોત, તેવે વખતે ડરથી પાછા હઠનારની કાયરતાને તેના વારસો ધિક્કારી કાઢશે. સંકટમાં હસી શકનાર, આફતમાંથી બળ મેળવનાર અને વિચાર કરીને બહાદુર બનનાર પુરુષ પર હું વારી જાઉં. ડરીને પાછા હઠવું એ તો નાનાં મનનું કામ છે. પણ જેનું હૃદય અડગ છે અને જેના વર્તનને તેનો અંતરાત્મા અનુમોદન આપતો હોય, તેવો માણસ મૃત્યુની ઘડી સુધી પોતાના સિદ્ધાંતો પાછળ મંડયો રહેશે . . . '

એવા સંજોગો હોય છે જેમાં ભાષા અધૂરી નીવડે. આ સંજોગ એવો છે. પોતાની સામે આવી રહેલા અનિષ્ટને પૂરેપૂરું જોઈ ન શકતા માણસો પણ હોય છે. તેઓ એવી આશાથી જાતને ધરપત આપતા હોય છે કે દુશ્મન જીતી જશે તો તે દયાથી વર્તશે. ન્યાય કરવાની ના પાડનારાઓ પાસેથી દયાની આશા રાખવી એ મૂર્ખાઈભર્યું ગાંડપણ છે; અને જ્યારે જીત એ જ લક્ષ્ય હોય છે ત્યારે દયા પણ યુદ્ધનો એક દાવપેચ જ હોય છે. શિયાળની લુચ્ચાઈ વરુની હિંસકતા જેવી જ ઘાતકી છે. આપણે એ બંનેની સામે એકસરખા સાવધ રહેવાનું છે.

શાંતિના સૈનિકો અને યુદ્ધના સૈનિકોમાં કેવા એકસરખા ગુણો જોઈએ એ ધ્યાન ખેંચે તેવી બાબત છે. મન, વચન અને કર્મથી સંપૂર્ણ અહિંસા પાળવાની પ્રતિજ્ઞા લઈ અમદાવાદની કૉંગ્રેસ નીચે ૧૯૨૧માં નોંધાયેલા કૉંગ્રેસ સ્વયંસેવકોને, થોમસ પેનનું વ્યાખ્યાન શબ્દશ: સંભળાવી શકાત અને તે ઉચિત પણ લેખાત. તમે શરીરબળથી સ્વતંત્રતા હાંસલ કરો કે આત્મબળથી એટલે કે કષ્ટસહનથી, પણ જો તે મોંઘી વસ્તુ બનવાની હોય તો તેની ભારે કિંમત ચૂકવવી રહે છે. પ્રતિકૂળતાઓ સામે બહાદુરી અને ખંત, તલવાર પકડનાર માણસને જેટલી જરૂરી છે તેના કરતાં વધારે નહીં તો તેના જેટલી જ અહિંસક માણસ માટે પણ જરૂરી છે. સ્વરાજ્ય આપણે હિંસક ઉપાયોથી મેળવીએ કે અહિંસક ઉપાયોથી, આરામપ્રિયતા અને સુંવાળાપણું આપણે છોડવાં જ રહ્યાં; પછી વૈભવની તો વાત જ ક્યાંથી હોય? પોતે જેને સ્વતંત્રતા માની એને ખાતર પ્રતાપ ખાવાપીવાના સાંસા પડે એટલી હદે પહોંચી ગયો હતો. પોતે જેને પોતાની સ્વતંત્રતા માની એને ખાતર પ્રહ્‌લાદે પોતાનો દેહ હોય તે રીતે નષ્ટ કરવા માટે સોંપી દીધો હતો. પણ આપણામાં એવા ઘણા છે જેમને ચપટી વગાડીને સ્વરાજ મેળવવું છે. થોમસ પેન આપણને કહે છે કે એમ બનવું શક્ય નથી.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ૯–૧૨–૧૯૨૬

Gandhi Heritage Portal

# ૧૧૫. શ્રેયવાદ

યંગ ઇન્ડિયાના એક હમેશના અભ્યાસીએ મને નીચેનું મોકલ્યું છે:[1]

ઉપલો કાગળ હું છાપું છું કારણ તેથી મારા વલણની ચોખવટ કરવામાં મને મદદ મળે છે. ઉપલો પત્ર લખનાર યંગ ઇન્ડિયાના સૂક્ષ્મ અભ્યાસી છે એ હું જાણું છું. અને એમના જેવા સુધ્ધાં જ્યારે મારા વલણને વિશે ગેરસમજમાં પડી શકે છે—તેઓ તેમ પડયા છે એ ઉપલા કાગળથી સ્પષ્ટ થાય છે—તો મારાં લખાણોને પ્રસંગોપાત્ત વાંચનારા તો કેટલાયે તેવી ગેરસમજણમાં પડયા હશે. ઘણા વાચકોએ આ ભયને વિશે મારું ધ્યાન ખેંચ્યું હતું અને પરંપરાથી રીઢાં થયેલાં આપણાં મન હિંસાની હરકોઈ તકને ઝડપી લેવા સદાયે તૈયાર હોવાથી આવી ગેરસમજ થવી ઘણી સહેલ છે એ બિના રજૂ કરી હતી. આવા નાજુક પ્રશ્નોને છણવામાં માણસે અત્યંત સાવધ રહેવું જ જોઈએ. પણ ગેરસમજ અગર વિપર્યાસની બીકે મૂલગામી સત્યોની નિખાલસ અને છૂટભરી ચર્ચા અટકાવી તો કેમ જ શકાય? મારે સારુ તો સાચા થવાનો અને સત્ય આચરતાં શીખવાનો એક જ રસ્તો છે કે સંપૂર્ણ નમ્રભાવે પ્રાર્થનાપૂર્વક, નિર્મળ ચર્ચા કરીને વિચારોની સ્પષ્ટતા તેમ જ આપલે કરવી. મેં ઉપર ટાંકેલો કાગળ આના એક નમૂનારૂપે ગણાવી શકાય, કારણ આ ચર્ચામાંથી પત્રલેખકની વચ્ચે અને મારી વચ્ચે એક જ સિદ્ધાંતને ઘટાવવાની બાબતમાં જે તફાવત વર્તે છે તેને લગતી એક નિખાલસ ગેરસમજ બહાર આવી છે.

મારી દૃષ્ટિએ દાક્તર બ્લેઝર છૂટી ગયો તે તો બરાબર જ થયું. છતાં મારી કસોટીએ ચડાવી જોતાં તેણે પોતાની દીકરીનો જાન લીધો એ અનુચિત જ કર્યું. એમ કરીને તો એણે પોતાની આસપાસનાંઓની દયાવૃત્તિને વિશે પોતાની અશ્રાદ્ધા જ દુનિયા આગળ રજૂ કરી. પોતાની પાછળ એ અપંગ દીકરીનું કોઈ જ નહીં કરે એમ માનવાનું તેને કશું કારણ ન હતું. મેં પોતે કૂતરાંઓની બાબતમાં મેં ગણાવેલા સંજોગોમાં અખત્યાર કરેલું વલણ દાક્તર બ્લેઝરે પોતાની આસપાસના સંજોગો વિચારીને અખત્યાર કીધેલા વલણથી બહુ જુદું છે. તેમ એકાદ અપંગ, અબળ જીવને આત્મા હોઈ શકે નહીં એ વિચારને પણ હું ટેકો આપી શકું એમ નથી. હું તો માનું છું કે પશુપક્ષીકીટાદિ સૃષ્ટિમાં પણ આત્મા છે.

આના કરતાં પણ વધારે વજનવાળી બીજી એક મુશ્કેલી બીજા એક અભ્યાસીએ રજૂ કરી છે. તેનો સારાંશ નીચે મુજબ છે:

> આપનું વલણ હું બરાબર સમજી શકું છું. એ જ ખરું વલણ છે. પણ એકંદરે વિચાર કરતાં આપની દલીલ 'વધારેમાં વધારે લોકોનું સુખ'વાળા આધિભૌતિક સુખવાદીઓના સિદ્ધાંતને મળતી નથી આવતી શું? અને જો એમ હોય તો આપના અહિંસાના સિદ્ધાંત

૧. આ લખાણ અહીં આપ્યું નથી. પત્રલેખકે એક છાપાની કાપલી બીડી હતી. પોતાના મૃત્યુ પછી પોતાની પુત્રીની કોઈ દેખભાળ નહીં રાખે એમ વિચારી ડૉ. બ્લેઝરે પોતાની અપંગ પુત્રીને ક્લૉરોફૉર્મ આપી મારી નાખ્યાનો રિપોર્ટ એ કાપલીમાં હતો. એક ફ્રેન્ચ ઍક્ટ્રેસનો રિપોર્ટ પણ એ કાપલીમાં હતો. અસાધ્ય દરદથી પીડાતા એના પ્રિયતમની વિનંતીથી એણે એને ગોળી મારી મારી નાખ્યો હતો. આ બંને કેસોને જ્યૂરીએ નિર્દોષ ઠરાવી છોડી મૂકયા હતા.



Gandhi Heritage Portal

વચ્ચે અને વધારે સંખ્યાનું વધારે સુખ સધાતું હોય તો ગમે તેવડી નાશક્રિયા કરવામાં આનાકાની ન કરનાર આધિભૌતિક સુખવાદીઓના ઉપયોગિતાવાદ વચ્ચે શું ફેર રહ્યો?

પહેલાં તો બાહ્યક્રિયા ગમે તેટલી એકસરખી હોય તોપણ તેના મૂળમાં રહેલા પ્રેરક હેતુ મુજબ તેના પરિણામના અર્થ કરવામાં તફાવત પડવાનો. આમ પશ્ચિમમાં અહિંસા માણસ પૂરતી સ્વીકારાઈને જ અટકે છે અને તે પણ જ્યાં શક્ય જણાય ત્યાં જ અને માનવજાતિના મનાતા વધુ કલ્યાણને ખાતર નાનાં જનાવરોને ચીરવાફાડવાના પ્રયોગો કરવામાં અગર તો એ જ ઉપયોગિતાવાદને નામે જીવલેણ શસ્ત્રાસ્ત્રો ખડકચે જવામાં તો જરાસરખોયે અરેકારો અનુભવાતો જોવામાં આવતો નથી. આથી ઊલટું અહિંસાનો પૂજારી બાહ્યક્રિયામાં સુખવાદીઓની જોડે સરખી દેખાતી કોઈ નાશક્રિયામાં પ્રસંગોપાત્ત ભળતો દેખાતો છતાં મનાતા સુખની પાછળ પડીને પ્રયોગને ખાતર નિમ્ન જીવસૃષ્ટિની ચીરફાડ કરવામાં અગર તો જીવલેણ શસ્ત્રાસ્ત્રોના પાર વિનાના ખડકલા કરવામાં ભળવા કરતાં જાતે મરી છૂટવું જ હમેશાં પસંદ કરશે.

વાત તો એમ છે કે અહિંસાનો પૂજારી ઉપયોગિતાવાદના સિદ્ધાંતને ફૂલ ન જ ચડાવી શકે. એ તો સમસ્ત સૃષ્ટિના શ્રેયને અર્થે મથશે અને એ આદર્શને સત્ય કરવાના પ્રયત્નમાં મરશે. આમ બીજાં જીવે એટલા ખાતર પંડે મરવા તે હમેશાં ખુશી હશે. જાતે મરીને તે બાકીના સૌની સેવા કરશે અને તેમાં જ તેની પોતાની જાતની સેવા પણ આવી ગઈ હશે. સમસ્તની આવી સર્વોચ્ચ સેવામાં 'વધારે સંખ્યાનું વધારે ભલું' તો આવી જ ગયું અને તેથી ઘણી વેળા આવો શ્રેયવાદી અને ઉપયોગિતાવાદી બન્ને પોતાના માર્ગમાં એકબીજાના પગલામાં પગલું મૂકીને માર્ગ આક્રમતા નજરે પડશે. પણ આમ છતાં એક એવો વખત આવે જ છે જ્યારે તેમણે નોખા પડવું રહેશે. બલ્કે એકબીજાની સામે કામ કરવાનો પણ તેમને વખત આવે. ઉપયોગિતા-વાદી જો તેના સિદ્ધાંતને ચુસ્તપણે અનુસરે તો પોતાની જાતનો ભોગ કદી નહીં આપે, ન આપી શકે. એથી ઊલટું સમસ્તના શ્રેય ઉપર દૃષ્ટિ રાખનાર શ્રેયવાદી પોતાને હોમતાં પણ પાછું વાળી નહીં જુએ. આવો માણસ જ્યારે કોઈ કૂતરાને મારશે ત્યારે કાં તો તે પોતાની નિર્બળતાને લીધે અથવા તો કવચિત્ પ્રસંગે એ કૂતરાના જ શ્રેયને અર્થે હશે. કૂતરાનું શ્રેય શું અને શું નહીં એનો નિર્ણય કરવાની મુખત્યારી શ્રેયવાદી આમ પોતાના હાથમાં લે એ જોખમ-ભરેલું છે અને તેમ કરવા જતાં તે ભીંત ભૂલે એવો સંભવ છે, એ બન્ને વાત સ્વીકારીએ તો પણ તેનાથી તેના કાર્યનો જે પ્રેરક હેતુ છે તેની નિર્મળતાને બાધ આવતો નથી. શ્રેયવાદીને હાથે થનારી નાશક્રિયાનું ક્ષેત્ર હમેશાં મર્યાદિત રહેશે—નાનામાં નાનું હશે. ઉપયોગિતાવાદી તેવી કશી મર્યાદા રાખવાનું કશું કારણ નહીં જુએ. અહિંસાના સિદ્ધાંતની દૃષ્ટિએ છેલ્લું મહાયુદ્ધ સર્વથૈવ અનુચિત હતું. ઉપયોગિતાવાદની દૃષ્ટિએ દરેક પક્ષે તેનો પોતપોતાના ઉપયોગિતાના ખ્યાલ મુજબ બચાવ કર્યો છે. જલિયાંવાલા બાગની કતલનો સુધ્ધાં તેના કરનારાઓએ ઉપયોગિ-તાની દૃષ્ટિએ બચાવ કર્યો હતો અને બરાબર એ જ દલીલના જોર પર અરાજક પોતાના ખૂન ઈત્યાદિનો બચાવ કરે છે. પણ આમાંના એક પણ કૃત્યનો બચાવ સમસ્તના શ્રેયના સિદ્ધાંતની દૃષ્ટિએ થઈ શકે નહીં એમ મારું માનવું છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ९-१२-१९२६

ભાષાંતર : नवजीवन, १२-१२-१९२६

Gandhi Heritage Portal

# ૧૧૯. નોંધ

## બેહૂદું

મારો પ્રવાસ શરૂ થયો કે તેની સાથે જ — જો તેને ચાલુ રાખવો પડે તો — મારા દુ:ખનો પણ આરંભ થાય છે. લોકોનાં ટોળેટોળાં દર્શન માટે મને ઘેરે છે. તેમની આંખોમાં ને સ્મિત-ભર્યા ચહેરાઓમાં હું પ્રેમનો સાગર ઊભરાતો જોઉં છું. પરંતુ જે બાબતો હું હમેશાંથી તેમને સંભળાવતો આવ્યો છું તેમાંનું તેઓ કશું કરતા નથી. ગઈ તા. ૪થીએ જલગામ સ્ટેશને પરોઢિયામાં જ બાળકો તથા બાળાઓએ હાથે કાંતેલા સૂતરની બનાવેલી એક સુંદર માળા મને ભેટ કરી. પણ તેમાંનાં કોઈક બાળકોને બાદ કરતાં બીજાં બધાંએ જ મિલનાં કપડાં પહેરેલાં હતાં! આ બાળકો તથા બાળાઓ પોતે શું કામ કાંતે છે એ પણ જાણતાં હશે કે નહીં કોણ જાણે? માત્ર બાળાઓ મ્યુનિસિપલ શાળામાં હતી અને તેમણે માત્ર ચાર મહિના થયા કાંતવાનું શરૂ કર્યું હતું એમ મને કહેવામાં આવ્યું.

## જાણવા જોગ

તેમના કાંતવાના કાર્યનો જે અહેવાલ મારી આગળ છે તે ઉપરથી જણાય છે કે મ્યુનિસિ-પાલિટીની કેટલીક શાળાઓમાં કાંતવાનું દાખલ કરવાનું કામ પૂર્વ ખાનદેશની જિલ્લા ખાદી સમિતિને સોંપવામાં આવ્યું હતું. બીજી મ્યુનિસિપાલિટીઓ આનું અનુકરણ કરે અને કાંતવાના કામની વ્યવસ્થા ચરખા સંઘને સોંપે તો તે કેટલું વ્યાવહારિક થઈ પડે? કેમ કે ચરખા સંઘ પાસે તે કામના કુશળ કાર્યકર્તાઓ હોય જ એવી આશા રાખી શકાય. આ શાળામાં રેંટિયો અને તકલી બન્ને ચાલે છે. રેંટિયા ઉપર એક બાળાએ ૭,૧૮૮ વાર કાંત્યું છે. ઊંચામાં ઊંચું ૨૨ આંકનું સૂતર કંતાયું છે. તકલી ઉપર વધારેમાં વધારે એક કલાકમાં ૧૨૦ વાર કંતાયું છે અને રેંટિયા ઉપર ૩૭૫ વાર. રિપોર્ટમાં જણાવ્યું છે:

> તકલી ઉપર કાંતણે ચોથા વર્ગની બાળાઓને એટલી બધી મુગ્ધ કરી છે કે ૧૫ બાળાઓએ રેંટિયા ઉપર કાંતવાનું શીખી લીધું છે અને તેમણે નવરાશના વખતે કાંત્યું છે. તેમના આ દાખલાથી ત્રીજા વર્ગની છોકરીઓ પણ રેંટિયો કાંતતાં શીખવા લલચાઈ છે. આ ચેપ પ્રસરતો જાય છે અને આવી સ્વેચ્છાથી કાંતનારી છોકરીઓની સંખ્યા વધ્યે જાય છે. કેટલીક છોકરીઓ માટે તો કાંતવું એ વિનોદનું સાધન થઈ પડયું છે કેમ કે તેઓ રજાના દિવસોમાં પણ કાંતવા આવે છે. બાર છોકરીઓ તો પોતાની પૂણીઓ પોતે જ બનાવી લે છે અને બે છોકરીઓએ તો પીંજવાનું પણ શીખવા માંડયું છે.

આપણે આશા રાખીએ કે થોડા જ વખતમાં દરેક બાળા પોતાનું રૂ પોતે પીંજી લેશે અને પોતાને માટે પૂણીઓ પણ બનાવી લેશે, અને શિક્ષકો તેમને બધાંને ખાદી પહેરતાં કરી મૂકશે. આનો ઉત્તમ માર્ગ તો એ છે કે એ બાળાઓને કાંતવું શા સારુ એ પૂરેપૂરું સમજાવવું અને જેવી જોઈએ તેવી ખાદી યોગ્ય કિંમતે મળી શકે તેવાં દરેક જાતનાં સાધનો પૂરાં પાડવાં. શિક્ષકોએ બાળાઓનાં માતપિતાઓ સાથે પણ સંબંધ જોડવો જોઈએ અને આ કામમાં તેમનો સહકાર મેળવવો જોઈએ. પણ ખરી વાત તો એ છે કે આ બધું કામ તો ત્યારે જ સારી રીતે થઈ શકે

Gandhi Heritage Portal

જ્યારે કાર્યકર્તાઓ તેમાં પોતાનો આત્મા રેડે. અમદાવાદની મજૂર મહાજન શાળાઓમાં આ કામને જે અસાધારણ સફળતા મળી છે તે આનું જ્વલંત દૃષ્ટાંત છે. કાંતણકામના શિક્ષકોએ આ પત્રમાં વર્ણવેલી સૂતર ઇત્યાદિની પરીક્ષાઓ શીખી લેવા જેવી છે. સૂતર મજબૂત ન હોય તો ઝડપ નકામી થઈ પડે છે. કેવળ તાર કાઢવો જ બસ નથી. એવો તાર કાઢવો રહ્યો છે કે જેનો તાણામાં ઉપયોગ થઈ શકે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ९–१२–१९२६

ભાષાંતર: नवजीवन, १२–१२–१९२६

## ૧૧૭. પંજાબમાં ખાદી

પંજાબની અખિલ હિંદ ચરખા સંઘની શાખા તરફથી હિંદીમાં લખાયેલા વિસ્તૃત હેવાલનો અખિલ હિંદ ચરખા સંઘના કાર્યાલયમાં તૈયાર કરવામાં આવેલો સાર નીચે આપ્યો છે.[1] સંક્ષેપને ખાતર મૂળની ઘણી વિગતો એમાંથી કાઢી નાખી છે. ૪૨ કેન્દ્રોમાં ખાદીકાર્ય ચાલી રહ્યાનું મૂળ હેવાલમાં છે. આનો શો અર્થ થાય તેની કલ્પના વાચક કરી જુએ. એનો અર્થ છે એ ગામડાં-ઓનાં શ્રમજીવીઓ સાથેનો જીવંત સંપર્ક અને તેમના શ્રમના બદલામાં તેમની વચ્ચે ધનની વહેંચણી. 'એમ તો વેપારીઓ પણ કરે છેસ્તો' એમ વગરવિચાર્યે બોલી ઊઠવાનું કોઈને મન થશે. પણ, શ્રમજીવીઓનું શોષણ કરવા તેમની વચ્ચે જનાર વેપારી અને કામ કરવા તથા તેના બદલામાં વેતન લેવા તેમને સમજાવવા તેમની પાસે જનાર દેશભક્ત વચ્ચે મોટો તફાવત છે. રેંટિયો ઊંડાં મૂળ નાખશે ત્યારે તેની અરજનો પ્રતિકાર કોઈ કરી શકશે નહીં. ઘરને વેરવિખેર કર્યા વિના કામ કરવા માગતા લોકો માટે ભૂખમરાનો દેશનિકાલ એનું ફળ હશે. પંજાબમાંના કાર્યનું નોંધપાત્ર લક્ષણ એ છે કે એ હવે લગભગ સ્વાવલંબી બની ગયું છે. માંડી વાળવાં પડે એવાં લેણાં એને લગભગ રહ્યાં નથી. વારે બે આના વધારાના આપીને સૂતરના બદલામાં ખાદી આપ-વાની તેની એક ઉપયોગી વિશિષ્ટતા છે, જેનાં ભારે પરિણામ આવે એમ છે. હેવાલ બતાવે છે તેમ પંજાબ કે જ્યાં મોટી સંખ્યામાં સ્ત્રીપુરુષો હજી ખાદી પહેરે છે, ત્યાં જ આ શક્ય છે એમ હું ધારું છું. ચાદરો ઓછા ભાવે સ્થાનિક છપાવી શક્યાનો ગર્વ લાલા કિશનચંદ ભાટિયા સ્વાભાવિક રીતે લઈ શકે છે. ખાદી પ્રતિષ્ઠાનના રેંટિયા મંગાવી એમણે તેના જેવા રેંટિયા પોતે બનાવ્યા છે. જેમ બીજે તેમ પંજાબમાં પણ ફરિયાદ ઉત્તેજનના અભાવની છે. બનાવવામાં આવે છે તેટલી ઝડપથી ખાદી વેચાઈ શકતી નથી. દેશને માટે બધા જાન ભલે ન આપે, પણ એને ખાતર આપણે, દેખાવ અને ભાવમાં માન્ચેસ્ટર અથવા જાપાનના છેલ્લામાં છેલ્લા યંત્ર-ઉત્પાદિત કાપડની બરાબરી કરી ન શકે એવી ખાદી પહેરી ન શકીએ? ખાદી માટે એક વધુ પૈસો પણ ન આપીએ કે આપણી પોશાકની રુચિ ઉપર થોડો સંયમ મૂકી ન શકીએ, તો આપણી દેશભક્તિની કિંમત શી? પંજાબ પાસે કપાસ, કાંતણ, વણાટ અને વેપાર માટેની શક્તિ છે. ખાદીનું ઉત્પાદન થાય તેટલી જ ઝડપથી તેને ખરીદી લેવા જેટલી દેશભક્તિ તેની પાસે નથી?

૧. અહીં આપ્યો નથી.

Gandhi Heritage Portal

પંજાબ જઈ ખાદીકાર્ય માટે નાણાં ઉઘરાવવાની કે ખાદી વેચવાની જમનાલાલજીને, મારે કે બીજા કોઈને જરૂર પડવી ન જોઈએ.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ૯–૧૨–૧૯૨૬

## ૧૧૮. અતિપ્રાકૃતિક તેટલું નાખો ખાડમાં[1]

'સત્યશોધક' સહીથી એક સજ્જને લાંબો કાગળ લખ્યો છે. તેનો સાર અહીં આપું છું:

ઔરંગઝેબ જેવા ઈમાનદાર મુસલમાને કાશી વિશ્વનાથના મંદિરને ભ્રષ્ટ કર્યું અને તોડી પાડયું તેને વિશે આપ કહો છો કે તેમ કરવામાં તેણે પોતાના ધર્મની વિરુદ્ધ વર્તન કર્યું હતું. આમ કહેવામાં આપ પેગંબર સાહેબના કરતાં પણ ઇસ્લામ ધર્મનું વધારે જ્ઞાન ધરાવવાનો દાવો નથી કરતા? કારણ, આપે જાણવું જોઈએ કે ઔરંગઝેબના આદર્શ જે પેગંબર સાહેબ તે પોતે પણ જ્યારે પોતાના દુશ્મનોને હરાવી મક્કાશરીફમાં દાખલ થયા ત્યારે તેમણે તે શહેરનાં બધાં મૂર્તિપૂજાનાં પાત્રો અને સ્થાનોનો નાશ કર્યો હતો, માત્ર કાબા જેવી વસ્તુઓને અભંગ રહેવા દીધી હતી, કારણ તેને વિશે તેમને આસ્થા હતી!

એટલે તમારે આ ત્રણમાંથી ગમે તે એક વાતનો સ્વીકાર કરવો રહ્યો: (૧) કાં તો તમે એમ કહો કે પેગંબર જેવાએ પોતાના ધર્મનું ઉલ્લંઘન કર્યું હતું, અથવા (૨) પેગંબર સાહેબે કરેલા મૂર્તિખંડનને તમારી રીત પ્રમાણે તમે 'રૂપક' કે એવું જ કંઈ નામ આપી છૂટો, અથવા તો (૩) મહમદ સાહેબના જીવનચરિત્રમાં એવી કોઈ વસ્તુ બની જ નહોતી એમ કહો. જો કોઈ ચોથો બચાવ આપની પાસે હોય તો જણાવશો.

ઈબ્ન સાઉદ વાહબીએ મક્કા, મદીના અને તાઈફની પાક જગાઓને ભ્રષ્ટ કરી તે વિશે મુસલમાનોમાં આજે બે મત પડયા છે, પણ ઔરંગઝેબે જે મૂર્તિ તોડી હતી તેનો કોઈ મુસલમાને વિરોધ કર્યો હોય એવું મારી જાણમાં નથી. એ તો કેના જેવું થયું કે કેટલાક સનાતનીઓ અસ્પૃશ્યતાને હિંદુસ્તાનમાંથી કાઢવા માટે આપને ગરદન મારવા માગે છે, જ્યારે દક્ષિણ આફ્રિકામાં હિંદીઓને અસ્પૃશ્ય ગણતા ગોરાઓ પણ જો તેમના હાથમાં આવે તો તેમને પણ [તેઓ] ગરદન મારે!

આમ જે જે ધર્મમાં અતિપ્રાકૃતિક તત્ત્વનો દાવો છે તે બધા ધર્મના સિદ્ધાંતોમાં અસંગતિ અને પરસ્પર વિરોધ રહેલાં જણાશે. એટલે એવા ધર્મોને સુધારવા હોય તો તેને ખાડમાં નાખીને જ સુધારી શકાય એવું મારું માનવું છે.

યુધિષ્ઠિરે યક્ષને કહ્યું છે:

श्रुतिर्विभिन्ना स्मृतयश्च भिन्ना
नैको मुनिर्यस्य मतं प्रमाणम्
धर्मस्य तत्त्वं निहितं गुहायाम् ।।

૧. યંગ ઇન્ડિયાની પત્રલેખન કટારીમાં આ લેખ છપાયો હતો.

Gandhi Heritage Portal

એમ ધર્મનું તત્ત્વ ભલે ગુફામાં જ રહ્યું.

આ કાગળમાં કટાક્ષ, હાંસી અને વિનોદ છે. એમાં મારા ઉપર જે કટાક્ષ છે તે બહુ સરસ છે. પણ જે વસ્તુનો બચાવ ન થઈ શકે એવી વસ્તુનો ત્રણ રીતે બચાવ કરતો લખનારે મને કલ્પ્યો છે. તેમાંથી એકે બચાવ હું કરવા નથી માગતો. મારી સમજ પ્રમાણે પેગંબર સાહેબે મક્કામાં જે મૂર્તિઓ તોડી અને ઔરંગઝેબે જે મૂર્તિ તોડયાનું કહેવાય છે તેની વચ્ચે સામ્ય નથી. અને જો પેગંબર સાહેબે કોઈ વાર ભૂલ કરી હતી એમ સાબિત થાય તોપણ તેથી માત્ર એટલું જ સાબિત થાય કે પેગંબર સાહેબ પણ ભૂલને પાત્ર માણસ હતા. પણ તેથી તે એક પેગંબર હતા અને ઘણી વાર તેમનામાં ખુદાનાં દર્શન થતાં હતાં એ વાત ખોટી નથી ઠરવાની. પોતાથી ભૂલ ન જ થાય એવો તેમણે કદી દાવો નથી કર્યો. ઊલટા ઘણી વાર તે પોતાના સાથીઓની સલાહ લેતા, અને એક વાર ઉમર સાહેબે તેમને કહ્યું કે આપને ખુદાની પાસેથી સીધી વહી ઊતરી આવે છે, આપને કોઈની સલાહ લેવાની જરૂર નથી, ત્યારે તેમણે એવો સચોટ જવાબ આપ્યાનું કહેવાય છે કે 'જો આ વેળા મને ખુદા પાસેથી વહી આવી હોત તો તને શા સારુ પૂછવા આવત?' હું કારણ વિના ગમે તે વસ્તુને 'રૂપક' કરી છૂટું છું એવો તો 'સત્યશોધક'નો આરોપ નહીં હોય એમ મને આશા છે. માત્ર મારી પાસેથી વધુ કઢાવવાને માટે જ એમણે આક્ષેપો કર્યા છે એમ હું માનું છું. ગમે તેમ હોય, હું તો તેમને અને બીજા સૌને ખાતરી આપવા માગું છું કે જ્યારે કોઈ પણ ઘટનાને હું 'રૂપક' તરીકે માનું છું ત્યારે તેને માટે મારી પાસે સબળ કારણો હોય છે અને અંતરંગ પ્રમાણો હોય છે. વળી કારણ વિના હું એકે વસ્તુને ગપાષ્ટક અથવા પ્રક્ષિપ્ત તરીકે કાઢી નથી નાખતો. 'સત્યશોધક'ની જેમ હું પણ એક સત્યશોધક છું, અને મારી ભૂલ અને મારી મર્યાદા કબૂલ કરવાની મારામાં હિંમત છે એવી મને આશા છે. બધા ધર્મોમાં કેટલીક એવી એવી વસ્તુઓ પડેલી છે કે જેને હું ઉકેલી નથી શકતો, કોક દહાડે ઉકેલી શકીશ એવી આશા છે. પણ ત્યાં સુધી રાહ જોવા જેટલી નમ્રતા અને ધીરજ મારે કેળવવી રહી—અલ્પ માણસને બધું જ જાણી જવાની કશી જરૂર નથી.

પણ લેખકના પત્રનો અતિશય મહત્ત્વનો ભાગ તો પાછળનો છે. જેમાં તેમણે અતિપ્રાકૃતિક વસ્તુમાત્રને ખાડમાં નાખવાની વાત કરી છે. મારે તેને જણાવવું જોઈએ કે આસ્તિકોને જેમ અનેક કોયડા ઉકેલવાના રહ્યા છે તેમ બુદ્ધિવાદી નાસ્તિકને પણ ઘણા કોયડા અને અસંગતિઓ ઉકેલવાનાં રહ્યાં છે. કેટલાક પવિત્રમાં પવિત્ર અને મહાનુભાવ આત્માઓએ એકસરખી સાખ પૂરી છે કે ઇંદ્રિયોથી જે દેખાય છે તેની પાર અને અતીન્દ્રિય એવી વસ્તુમાં પોતે માને છે, એટલું જ નહીં પણ તે તેમના અનુભવમાં આવેલી છે, ત્યારે શું તેમની વાતને ગપાષ્ટક અને ભ્રમણા તરીકે કાઢી નાખશું? અતીન્દ્રિય એવી વસ્તુ જ નથી એવો દાવો કરવામાં ઉદ્ધતાઈ નથી રહેલી? બુદ્ધિ જ્યાં પહોંચી નથી શકતી એવાં અનેક ગૂઢો પડયાં છે એવું ભાન કોને નથી થયું? દૃઢ શ્રદ્ધાથી ઈશ્વરભજન કરનારા અનેકનાં હૃદયમાં રોજરોજ અચાનક થતા કહેવાતા પલટા થતા સાંભળીએ છીએ તેથી શું નિર્વિવાદ સિદ્ધ નથી થતું કે બુદ્ધિથી અગમ્ય એવી ઘણી વસ્તુઓ પડેલી છે?

લેખકે મહાભારતનો પ્રસિદ્ધ શ્લોક ટાંકયો છે. તેમાં તો ધર્મનું તત્ત્વ હૃદય દ્વારા જાણી શકાય, બીજી રીતે, જાણવું મુશ્કેલ છે, એમ જ જણાવવામાં આવ્યું છે. જે મહાગ્રંથમાંથી એ શ્લોક ટાંકવામાં આવ્યો છે તેના કર્તા પોતે આસ્તિક હતા અને અતીન્દ્રિય તત્ત્વમાં માનતા હતા એની કોઈ ના પાડે એમ છે કે? જન્મ અને મરણનાં ગૂઢ કોઈ ઉકેલી નથી શકયું એ શું બતાવે

Gandhi Heritage Portal

છે? એમ જ બતાવે છે કે અતીન્દ્રિય જેવું કાંઈક તત્ત્વ છે. એની મજાક તો બુદ્ધિ ત્યારે કરી શકશે કે જ્યારે બુદ્ધિ જીવની સૃષ્ટિ કરવાને સમર્થ થશે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ૯–૧૨–૧૯૨૬

ભાષાંતર : नवजीवन, ૧૯–૧૨–૧૯૨૬

## ૧૧૯. મીરાંબહેનને પત્ર

વર્ધા,
ડિસેમ્બર ૯, ૧૯૨૬

ચિ. મીરાં,

તારા બંને કાગળો મને સાથે જ મળ્યા. તેં વિગતે લખ્યું એ મને ગમ્યું. એ ટેવ ચાલુ રાખજે. અહીં ફરવા જતી વખતે હમેશ તારી ખોટ જણાય છે. અમે પેલા જૂના રસ્તા પર જ ફરવા જઈએ છીએ. તને મારા બે પત્રો મળી ગયા હશે. મારું ગૌહત્તી જવાનું[1] હજી નક્કી નથી. હકીમજી તથા મૌલાના મહમદઅલીને તું અવશ્ય મળજે. મૌલાનાનાં બેગમ તથા તેમની દીકરીઓને પણ મળજે.

સસ્નેહ,

બાપુના આશીર્વાદ

[મૂળ અંગ્રેજી]

મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૫૧૯૦; શ્રીમતી મીરાંબહેનના સૌજન્યથી.

## ૧૨૦. શ્વેબ કુરેશીને પત્ર

વર્ધા,
ડિસેમ્બર ૯, ૧૯૨૬

પ્રિય શ્વેબ,

નિગોઈ જમીન સંબંધી શંકરલાલ મારફત તમે મોકલેલા કાગળો આટલા બધા દિવસ સુધી મારી પાસે અને સામે પડ્યા રહ્યા છે. હવે હું તે કાળજીપૂર્વક વાંચી ગયો છું. લવાદોની બેઠકની કાર્યનોંધ, કે તેને જે કહો તે, તેના ઉપર બધા પક્ષોની સહી નથી. આથી શ્રી ભોપટકર તથા દાંડેકરને સાચું પૂછો તો એમને ગમ્યા તે સુધારા કરવાનો હક હતો, એના ગુણદોષમાં હું બિલકુલ ઊતરવા માગતો નથી. કરવામાં આવેલા સુધારા મૂળ લખાણમાં મહત્ત્વનો ફરક કરતા નથી.

મારી નજરે એક જ સુધારો મહત્ત્વનો છે. તે એ કે 'હિંદુઓને પહેલાંની માફક એ જમીન પર જવાનો કાયમી હક હોવો જોઈએ.' મૂળ ખરડામાં આ વાત નહોતી આવતી?

૧. કૉંગ્રેસ અધિવેશનમાં હાજરી આપવા.

Gandhi Heritage Portal

ચોથા ખંડમાંનો ગાડાચીલો શાને માટે છે? એનો એવો ઉદ્દેશ હતો કે ગાડાચીલાથી લોકો દેહુ જઈ શકે પણ પાદુકા સુધી ન જઈ શકે? પાદુકાના દર્શને જવાના હિંદુઓના હક ચાલુ રાખવા જેટલી હદે ગયા પછી મારા મત પ્રમાણે બીજી બધી વાત બિનમહત્ત્વની બની જાય છે.

તમે આમાં રસ લેતા હો તો બધા દસ્તાવેજોનો કાળજીપૂર્વક અભ્યાસ કરી ટ્રસ્ટીઓને માર્ગ-દર્શન આપો એવી સલાહ તમને આપું. Dમાં જણાવેલી સમજૂતીમાં હિંદુ લવાદો હજી સંમત હોય તો સમાધાનને પૂરો અવકાશ છે એમ માનું છું.

હાલ તમે શું કરો છો? અખિલ હિંદ ચરખા સંઘ વતી ખભા પર લીધેલો ભાર વહેવાનું વિચારો છો કે? એ સંબંધમાં તમારી કામગીરીનો હિસાબ તમારે અધ્યક્ષને, અને એથીય વધુ તો અંતરાત્માને આપવાનો રહે છે.

તમારો સહૃદયી
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: એસ. એન. ૧૨૩૮૧

## ૧૨૧. ગૉર્ડન લૉને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ડિસેમ્બર ૯, ૧૯૨૬

પ્રિય મિત્ર,

તમારો પત્ર મળ્યો.[1] એ બદલ આભારી છું. હિંદુ ધર્મ પર આ પુસ્તકો વાંચવાની ભલામણ કરું છું: *સૉંગ સેલેશ્યલ* નામનો સર ઍડવિન આર્નોલ્ડનો ભગવદ્ગીતાનો અનુવાદ, મેક્સમૂલરકૃત *इन्डिया, वॉट इट केन टीच अस* અને દત્તનાં ટૂંકાવેલાં પદ્ય રામાયણ અને મહાભારત. બીજાં પુસ્તકો પણ છે, પણ આટલાંથી હિંદુ દર્શનનો ઠીક પરિચય મળી રહેશે એમ ધારું છું.

તમને ખબર નહીં હોય કે ૧૯૧૫થી ફોટોગ્રાફરોને[2] ખાસ બેઠક આપવાનું મેં બંધ કર્યું છે. મારા પોતાના ફોટોગ્રાફની એકે નકલ અત્યારે મારી પાસે નથી. સ્ટેશનરીની દુકાનોએ તેમ અન્યત્ર વેચાતી તસવીરો કોઈકે ઝડપી લીધેલી હોય છે. મારા મિત્રો કહે છે તેમ જેમાં મારી ખરી છબી આવી નથી એવો એકાદ સ્નેપશૉટ, કહેતા હો તો ખરીદીને ખુશીથી નીચે સહી કરીને મોકલી આપું. પણ મારી બાહ્ય આકૃતિ કરતાં મેં પ્રતિપાદિત કરેલા સિદ્ધાંતોનો વિદ્યાર્થીઓ વધુ વિચાર કરે એ મને વિશેષ ગમશે. પણ હું સિદ્ધાંતીવેડા નહીં કરું. તેઓ જ તેમની પસંદગી કરી લે, અથવા તેમના વતી તમે કરો.

૧. પાંચ નવેમ્બરના પત્રમાં મિ. લૉએ હિંદુ ધર્મગ્રંથોમાંથી પોતે શું વાંચવું એ વિશે ગાંધીજી પાસેથી માહિતી માગી હતી (એસ. એન. ૧૦૮૩૬).
૨. પત્રલેખકે ગાંધીજીની સહીવાળો ફોટોગ્રાફ પણ મંગાવ્યો હતો.

Gandhi Heritage Portal

તમારા વિદ્યાર્થીઓ માટેનો મારો સંદેશો આ રહ્યો: સૌથી વધારે તો, કોઈ પણ ભોગે મન, વચન અને કર્મથી સત્યનું સેવન કરો. આમાંની કોઈ પણ એક બાબત પર ખાસ ભાર મૂકો.

તમારો સહૃદયી

ગૉર્ડન લૉ એસ્ક્વાયર
બૉઈઝ સેક્રેટરી
યંગ મેન્સ ક્રિશ્ચિયન ઍસોસિયેશન
ન્યૂબર્ગ
ન્યૂયૉર્ક, યુ. એસ. એ.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૯૭૫૬

## ૧૨૨. ડૉ. સુરેશ બૅનરજીને પત્ર

વર્ધા,
ડિસેમ્બર ૯, ૧૯૨૬

પ્રિય સુરેશબાબુ,

તમારો પત્ર મળ્યો. હૃદયરોગમાંથી તમે સાવ મુક્ત થઈ જશો એવી આશા રાખું છું. પ્રફુલ્લબાબુના નિર્ણયથી રાજી થવું કે દિલગીર થવું તે સમજાતું નથી. બધું તેની પાછળના હેતુ પર આધાર રાખે છે. ઈચ્છા થાય તો વર્ધા આવવા મેં તેમને લખ્યું છે. પ્રતિષ્ઠાન સાથેનો સંબંધ તેમણે તોડી નાખ્યો તેથી સતીશબાબુને સખત આઘાત પહોંચ્યો છે. કોઈક દિવસ વર્ધા આવી તમારે વિનોબાની ઓળખાણ કરવી જોઈએ.

ગૌહત્તી જાઉં જ તો ત્યાંથી પાછા વળતાં થોડા દિવસ તમારી સાથે ગાળવાનું વચન મને યાદ છે, પણ હજી ત્યાં જવું કે નહીં એની અવઢવમાં છું.

તમારો સહૃદયી

ડૉ. સુરેશ બૅનરજી
અભય આશ્રમ
કોમિલ્લા

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૯૭૫૭

Gandhi Heritage Portal

## ૧૨૩. રામદેવને પત્ર

વર્ધા,
ડિસેમ્બર ૯, ૧૯૨૬

પ્રિય રામદેવજી,

તમારો પત્ર મળ્યો. 'અંગ્રેજોની વાનરનકલ કરતા ભારતીઓના ચાળા'ને લગતા ઉતારાવાળો પત્ર મળ્યાનું મને યાદ આવતું નથી. મને એની નકલ મોકલશો તો તેનું શું કરવું તે વિચારીશ. તમારા ટૂંકા લેખની રાહ જોઈશ.

તમે યોજના છપાવી શકો છો, અથવા એ સંબંધમાં રુચે તેમ કરી શકો છો.

ગુરુકુળની આગામી મુલાકાત મારા ખ્યાલમાં છે. એને વિશે મને ખરેખરી ઉત્સુકતા છે, પણ હું ત્યાં ૧૩ દિવસ રોકાઉં એવી આશા નહીં રાખતા. કુંભ મેળાનો સમય પણ એ જ છે?

ટૂંકો લેખ મળી ગયો છે.

તમારો સહૃદયી

શ્રીયુત રામદેવજી
ગુરુકુળ વિશ્વવિદ્યાલય
પો. ઑ. ગુરુકુળ કાંગડી
(બિજનોર) યુક્ત પ્રાંત

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૯૭૫૮

## ૧૨૪. ડૉ. બી. સી. રૉયને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ડિસેમ્બર ૯, ૧૯૨૬

ભાઈશ્રી,

મોતીલાલજી અને બીજા મિત્રો સાથેનો મારો પત્રવહેવાર પૂરો થાય ત્યાં સુધી તમારા તારનો જવાબ આપવાનું ચાહીને મુલતવી રાખ્યું છે. ગૌહત્તી જવા અંગે હજી ચોકસ નિર્ણય કરી શક્યો નથી. મોતીલાલજીએ મને ફરમાન જેવો તાર મોકલ્યો છે, પણ મારા પત્રના તેમના ધ્યાનપૂર્વકના ઉત્તરની રાહ જોઈ રહ્યો છું. કોઈ સંજોગોમાં હું ગૌહત્તી જઈશ તો રસ્તામાં આસામ મેલ ઊપડતાં સુધીમાં કલકત્તામાં થોડાક કલાક પૂરતું રોકાણ થશે. આથી હાલ તુરત તમને કોઈ નિશ્ચિત જવાબ આપી શકતો નથી.

Gandhi Heritage Portal

ઇસ્પિતાલ જામતી જતી હશે.

તમારો સહૃદયી

ડૉ. બિધાન રૉય
ચિત્તરંજન હૉસ્પિટલ
રસા રોડ
કલકત્તા

[મૂળ અંગ્રેજી]

માઇક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૯૭૫૯

## ૧૨૫. હકીમ અજમલખાનને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ડિસેમ્બર ૯, ૧૯૨૬

પ્રિય હકીમસાહેબ,

આશ્રમ છોડતી વેળા આપનો પત્ર મળ્યો. આપના મંત્રીનો લખેલો હતો. મને એ સમજાયો નથી. શ્રી સી. વિજયરાઘવાચારીએ આપને શું લખ્યું છે તેની મને ખબર નથી. હું એમને લખું એમ આપ ઇચ્છો છો?

હવે આપે પૂરેપૂરું સ્વાસ્થ્ય મેળવી લીધું હશે. જાહેર જીવનમાં હવે રસ લો છો કે નહીં તેનો ખ્યાલ નથી. હું વર્ધા ૪ દિવસ પર આવ્યો છું અને થોડો સમય અહીં રોકાવાનો છું. આ વખતે ગૌહત્તી જવાનું ટાળવા મથું છું અને મોતીલાલજી અને બીજાઓને મને તેમ કરવા દેવા સમજાવી રહ્યો છું.

આપનો સહૃદયી

હકીમસાહેબ અજમલખાન
શરીફ મંઝિલ
દિલ્હી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૯૭૬૦

Gandhi Heritage Portal

## ૧૨૬. ડૉ. એન. એસ. હાર્ડિકરને પત્ર

વર્ધા,
ડિસેમ્બર ૯, ૧૯૨૬

પ્રિય ડૉ. હાર્ડિકર,

એટલું બધું કામ હતું અને તમારો પત્ર મળ્યો ત્યારે યંગ ઇન્ડિયાના અંકની નકલ પણ પાસે ન હતી, એટલે તમારા પત્રનો ઉત્તર વહેલો લખી શક્યો નથી.

મને કર્ણાટક ખેંચી જવો હોય તો તમારે ખરેખર એક લાખ રૂપિયાની ખાદી વેચવી જોઈએ અને ખાદીકાર્ય માટે એક લાખ રૂપિયા ભેગા કરવા જોઈએ. કર્ણાટકના રાજકીય જીવનનું નવનિર્માણ કરવા માટે ત્યાં આવવા તમે મને સંમત કરી શકશો એમ તમે લખ્યું. ખાદીમાં રાજકીય જીવનના નવનિર્માણની શક્તિ છે એમ તમે માનો છો ખરા? મેં તો બધું ખાદી સામે હોડમાં મૂક્યું છે એ જાણો છો? મારું પ્રતિપાદન એવું છે કે ખાદીના વિકાસના પ્રમાણમાં જ તમે દેશમાં રાજકીય જીવનને આગળ ધપાવી શકો, એથી જરાય વધારે નહીં. આ સત્ય સૌને ગળે ઉતરાવી શકીશ તે ઘડીથી પ્રગતિ આરંભાશે.

તમારો સહૃદયી

ડૉ. એન. એસ. હાર્ડિકર
હુબલી

[મૂળ અંગ્રેજી]

માઇક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૯૭૬૩

## ૧૨૭. એચ. સી. હલને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ડિસેમ્બર ૯, ૧૯૨૬

પ્રિય મિત્ર,

તમારો સદ્‌ભાવભર્યો પત્ર[1] મળ્યો. અમેરિકાની મુલાકાતે આવવાનું તમારું નિમંત્રણ મને મળેલું ચોથું નિમંત્રણ છે. કોણ જાણે કેમ, હજુ મને અંતરમાંથી એને માટે પ્રેરણા આવતી નથી. એકલી ઇચ્છાથી જ ચાલું તો તમારા નિમંત્રણનો તરત સીધો સ્વીકાર કરી નાખું. પણ મારી અંદરનું કશુંક મને કહે છે કે ભલેને થોડો તોયે મારો સંદેશો હું પોતે જ અહીં જેટલો

૧. શાંતિ અને સ્વતંત્રતા માટેની મહિલા આંતરરાષ્ટ્રીય લીગ અમેરિકામાં તેમના આગમનનું ઉમળકાભર્યું સ્વાગત કરશે એમ કહી ૬ નવેમ્બરના પત્રમાં હન્ના ક્લોથિયર હલે ગાંધીજીને લખ્યું હતું: 'શાંતિ અને સદ્‌ભાવ માટેનો આપનો સંદેશો દરેક જગ્યાના લોકો માટે છે અને જાતે આવી સ્વમુખે એ સંદેશો આપ સંભળાવો એ સમગ્ર હિલચાલને મોટી મદદરૂપ બનશે એમ અમે માનીએ છીએ' (એસ. એન. ૧૦૮૩૭).

Gandhi Heritage Portal

આચરી બતાવું એના કરતાં અમેરિકા જઈને એ સંદેશો હું વધુ અસરકારક રીતે સંભળાવી શકું તેમ નથી.

તમારો સહૃદયી

હન્ના ક્લોથિયર હલ
નેશનલ ચૅરમૅન
૫૦૪, વૉલનટ લેન,
સ્વાર્થમોર, પેન્સિલ્વેનિયા
યુ. એસ. એ.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૯૭૬૪

## ૧૨૮. ફ્રાન્સિસ્કા સ્ટૅન્ડેનેથને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ડિસેમ્બર ૯, ૧૯૨૬

પ્રિય મિત્ર,

પત્ર મળ્યો. તમને ખાદી મળી નહીં એ જાણી ઘણો દિલગીર થયો. મને એમ હતું કે મેં એને માટે ગોઠવણ કરી છે. સ્વામી એ વખતે પ્રવાસમાં હતા. તેમની પાસેથી તમને એ હજી મળી નથી એ તમારા પત્રથી જાણતાં, મેં સ્વામીને વાત કરી છે. આશા છે કે આ પત્ર મળે તે પહેલાં તમને તે મળી ગઈ હશે.

તમે જણાવ્યું કે કૉન્શિયન્સ પત્રમાં કંઈ લખાણ મોકલ્યું નથી. એ પત્રના અસ્તિત્વની તમારી મારફત જ મને જાણ થઈ. મારા આપેલા અધિકાર વિના તેમ મારી જાણ બહાર મારા સંબંધમાં બધી જાતની વાતોનો અત્યારે અનેક લોકો ઉપયોગ કરી રહ્યા છે.

તમને મળેલી ખાદી ત્યાં ઠીક કામમાં આવી કે કેમ તે જણાવશો. અલબત્ત, એ આબોહવામાં જરૂર પડે તે બધાં ગરમ કપડાં વાપરતાં તમે અચકાશો નહીં. ખાદી અંગેનો નિયમ સ્થાનિક પાલન માટેનો છે, સાર્વત્રિક પાલન માટેનો નહીં. કામ વિના પડ્યા રહેતા લાખો લોકોને ખાદી-ઉદ્યોગમાં રોકી શકાય તેમ હોય એ પરિસ્થિતિમાં, જ્યારે અમારી પાસે અમારું પોતાનું રૂ હોય અને તેમાંથી કાપડ બનાવવાની આવડત હોય ત્યારે અહીં નહીં બનેલું અને બહારથી આયાત કરેલું કાપડ અમે ભારતવાસીઓ વાપરી શકીએ નહીં.

તમારો સહૃદયી

મિસિસ ફ્રાન્સિસ્કા સ્ટૅન્ડેનેથ
ટ્રૂઉટમાન્સડૉર્ફગાસ નં. ૧
ગ્રાઝ (સ્ટિરિયા)
ઑસ્ટ્રિયા

[મૂળ અંગ્રેજી]

માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૯૭૬૫

Gandhi Heritage Portal

## ૧૨૯. એસ. બી. સ્પિલેનારને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ડિસેમ્બર ૯, ૧૯૨૬

પ્રિય મિત્ર,

પત્ર[1] મળ્યો. નીરોગી હોય અને ગરીબીમાં રહેવા, મુશ્કેલીઓ વેઠવા અને અખંડ કામ કરવા ખુશી હોય એવી કોઈ પણ વ્યક્તિને એક સભ્ય તરીકે આશ્રમમાં દાખલ કરવા આડે કોઈ અંતરાય નથી. પણ હું તમને ભારત આવવાની સલાહ નથી આપતો કારણ અહીં તમારા દેશ કરતાં જુદી જ આબોહવા છે; અહીંના રીતરિવાજ પણ જુદા છે અને ટેવો પણ જુદી છે. મને લાગે છે કે જરૂરી જણાય એવા ફેરફારો સાથે તમારે અહીંનું આશ્રમજીવન ત્યાં જીવવાનો પ્રયાસ કરવો જોઈએ. ભારત આવવાનું જોખમ ખેડવાની અને તમારા સ્વાસ્થ્યને હાનિ પહોંચાડવાની અથવા બીજી રીતે નિરાશ થવાની સલાહ હું તમને આપી શકતો નથી.

તમારો સહૃદયી

સોહાન્ના બેટ્રીજી સ્પિલેનાર
૬૧, પી. ડબલ્યુ. ૧૧૪મી સ્ટ્રીટ
ન્યૂયૉર્ક સિટી

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૯૭૬૬

## ૧૩૦. રેલો રસેલને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ડિસેમ્બર ૯, ૧૯૨૬

ઘણે વર્ષે તમારો પત્ર મળતાં આનંદ થયો. તમે મોકલેલું પુસ્તક મળી ગયું છે. એ વાંચી જવાની ઘણી ઈચ્છા છે પણ એ ક્યારે વાંચી શકીશ એ જાણતો નથી.

મારું જીવન ઘણું કઠણ જીવન છે. જોહાનિસબર્ગમાં તમે જોયેલું તેના કરતાં પણ વિશેષ કઠણ છે. વળી કેટલાક અનુભવ પછી મને જણાયું છે કે તમારા જીવન પર તમે વાંચો તેનો નહીં, પણ તમે જે વિચારો તેનો પ્રભાવ પડે છે. પોલાક કુટુંબ પાસેથી તમારા ખબર અવારનવાર મેળવતો રહું છું, અને એ જાણીને મને આનંદ થાય છે કે તમને જોહાનિસબર્ગમાં જોયેલા તેવા જ નિષ્પાપ આત્મા તમે હજી પણ રહ્યા છો.

૧. સંગીત અને કલાની શિક્ષિકા સ્પિલેનારે પોતાના કામમાં રસ લુપ્ત થતાં અને ‘આધ્યાત્મિક પ્રકાશ’ની ઝંખના વધતાં, ૨૦ ઑક્ટોબરના એક લાંબા પત્રમાં પોતાને અને પોતાના અગિયાર વર્ષના પુત્રને આશ્રમમાં દાખલ કરવા ગાંધીજીને વિનંતી કરી હતી (એસ. એન. ૧૦૯૩૧).

Gandhi Heritage Portal

મિસિસ રસેલને બે શબ્દ લખી મોકલું છું.

તમારો સહૃદયી

કેન્ટ હાઉસ
૧, નોટિંગહામ પ્લેસ
ડબલ્યુ. આઈ.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૯૭૬૭

## ૧૩૧. મિસિસ રોલો રસેલને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ડિસેમ્બર ૯, ૧૯૨૬

પ્રિય મિસિસ રસેલ,

તમારા પતિનો કાવ્યસંગ્રહ મળતાં આનંદ થયો. એ ભેટનું મૂલ્ય ઘણું આંકું છું, જોકે હું એ પુસ્તક ક્યારે વાંચી શકીશ એ કહી શકતો નથી. મારો બધો સમય ગીરો મુકાયેલો છે.

તમારો સહૃદયી

મિસિસ રોલો રસેલ

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૯૭૬૮

## ૧૩૨. એસ. શ્રીનિવાસ આયંગરને[1] તાર

[ડિસેમ્બર ૧૦, ૧૯૨૬ કે તે પહેલાં]

૨૪મીએ ગૌહત્તી પહોંચું છું.

[મૂળ અંગ્રેજી]

बॉम्बे क्रॉनिकल, ૧૧-૧૨-૧૯૨૬

૧. શ્રીનિવાસ આયંગર ગૌહત્તી ખાતે મળનાર કૉંગ્રેસ અધિવેશનના પ્રમુખ ચૂંટાયા હતા.

Gandhi Heritage Portal

## ૧૩૩. જી. વી. કેતકરને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ડિસેમ્બર ૧૦, ૧૯૨૬

ભાઈશ્રી,

તમારો પત્ર મળ્યો છે. ગીતા-દિનનો વિચાર અને જે રીતે એ ઊજવવા ઇચ્છો છો એ મને મુદ્દલ રુચતાં નથી. વળી, તમે એ વિશે જે અર્થઘટન કરવા માગ્યું છે તેની સાથે હું સંમત થતો નથી. પૃથ્વી પરના રણક્ષેત્ર ઉપર બે હરીફ ટોળીઓ વચ્ચેના સશસ્ત્ર સંગ્રામના વર્ણનમાં જ ભગવદ્‌ગીતાના સંદેશાને સીમિત કરી દઈ હું તેનું ગૌરવ ઘટાડી નાખી શકું નહીં.

તમારો સહૃદયી
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]
મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૯૮૨, શ્રી જી. વી. કેતકરના સૌજન્યથી

## ૧૩૪. એ. એ. પૉલને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ડિસેમ્બર ૧૦, ૧૯૨૬

પ્રિય મિત્ર,

વિચાર હેઠળની ચીન-યાત્રા[1] સંબંધમાં શું બની રહ્યું છે તેની મને ખબર નથી. આવતા વર્ષ માટેનો મારો ભારતમાંનો કાર્યક્રમ એટલો ભારે છે અને બીજું પણ એવું ઘણું ધ્યાનમાં લેવાનું છે કે મારે ચીન જવાનું હોય તો ક્યારે, એ વાત જલદીમાં જલદી નિશ્ચિત રૂપમાં મારે જાણી લેવી છે. તમારી સાથે પત્રવ્યવહાર કરી રહેલા મિત્રોને તમે એટલું સ્પષ્ટ કરી દેશો કે તમે મારો મુલાકાતનો કાર્યક્રમ ગોઠવ્યો છે અને મને નિમંત્રણ પણ આપી દીધું છે તેથી તે પાર પાડવા બંધાયા છો એમ તેઓ ન માને. એટલે ખરેખરી જરૂર વરતાય તો જ આ મુલાકાતની યોજના પાર પાડવી જોઈએ. ભપકાદાર દેખાવોનો મને કંટાળો છે. ભાષણો કરવાની પણ મને હોંસ નથી. મને તો સામસામે બેસીને નિખાલસ દિલે વાત કરવાનું અને મુશ્કેલીઓની ચર્ચા કરવાનું જ ગમે છે. એમાંથી બહુ નીપજવાનું નથી એમ તમારો નિર્ણય બંધાય, તો મને પુછાવ્યા વિના તમે સૂચિત મુલાકાત રદ કરાવી નાખશો. મારો અભિપ્રાય એવો છે કે ચીનની અત્યારની અશાંત પરિસ્થિતિમાં[2] આ મુલાકાત નકામી જશે. મારો સંદેશો કશાય ભેગ વિનાની શુદ્ધ અહિંસાનો

૧. એ. એ. પૉલ મારફત ચીનની મુલાકાત લેવાનું નિમંત્રણ ગાંધીજીને મળ્યું હતું અને ગાંધીજીએ ૧૯૨૭ના ચોમાસા પછી તેમ કરવાનું કામચલાઉ રીતે સ્વીકાર્યું પણ હતું. જુઓ પુસ્તક ૩૧.

૨. આ વખતે ચીન આંતરવિગ્રહના એક તબક્કામાંથી પસાર થઈ રહ્યું હતું. પ્રાંતોના હાકેમો સર્વોપરી સત્તા માટે એકબીજાની સામે લડતા હતા, અને ચ્યાંગ કાઈ-શેક નીચે કોમિન્ટેન્ગ હજુ અસરકારક કેન્દ્રીય સત્તા તરીકે સ્થાપિત થયું ન હતું.

Gandhi Heritage Portal

અને સત્યનો છે. મન ઉશ્કેરાયેલાં હોય અને લોહી ગરમ થઈ ગયું હોય ત્યારે લોકોને આવો સંદેશો ઝીલવાની વૃત્તિ હોતી નથી. આથી, અંતરાત્માના સ્પષ્ટ અને યોગ્ય આદેશ વિના મારાથી ચીન જવાય નહીં. ચીનમાંના આપણા મિત્રો આગ્રહ કરતા હોય અને તમે પણ મારે ચીનની મુલાકાતે જવું જોઈએ એવા નિર્ણય પર આવો, તોયે છેવટનો નિર્ણય કરવાનું તો તમારે મારી ઉપર જ છોડવું જોઈશે. યોગ્ય નિર્ણય પર આવી શકું એ માટે મને શકય તેટલી સંપૂર્ણ સામગ્રી મોકલાવી આપશો. આવી બધી બાબતોમાં મારી પ્રાર્થનાનો મને મળતો જવાબ જ મને નિર્ણય કરવા પ્રેરે છે.

તમારો સહૃદયી

શ્રી એ. એ. પૉલ
કિલપૉક
મદ્રાસ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૧૩૭૮

## ૧૩૫. ડૉ. બી. સી. રૉયને પત્ર

વર્ધા,
ડિસેમ્બર ૧૦, ૧૯૨૬

પ્રિય ભાઈ,

મહાદેવ પરનો તમારો તાર જોયો. તમારા તરફથી કોઈ પત્ર આવ્યાનું મને યાદ નથી અને તારનો જવાબ મેં વર્ધાથી ટપાલથી[1] મોકલ્યો હતો, જે હવે તમને મળી ગયો હશે. હવે હું ચોક્સ ગૌહત્તી જાઉં છું. અહીંથી ૨૨મીએ ઊપડી ૨૩મીએ સવારે કલકત્તા પહોંચી તે જ દિવસે ગૌહત્તીની ટ્રેનમાં ઊપડીશ. કલકત્તાના થોડાક જ કલાકના રોકાણમાં પેલી વિધિ[2] મારે હાથે કરાવવાનું તમે ભાગ્યે જ ઇચ્છો.

હું રસા રોડ હતો ત્યારે ત્યાં ઘણી વાર આવતા એક મિત્રને ત્યાં કલકત્તા ખાતે રોકાવાનો છું. હું બીજી વખત કલકત્તા આવું ત્યારે એમને ત્યાં ઊતરવાનું વચન એમણે મારી પાસેથી લીધું હતું. એમનું નામ અને સરનામું છે: શ્રીયુત ખંડેલવાલ, ૫૦, હરીશ મુકરજી રોડ, કલકત્તા.

તમારો સહૃદયી

ડૉ. બી. સી. રૉય
૩૬, વેલિંગ્ટન સ્ટ્રીટ
કલકત્તા

[મૂળ અંગ્રેજી]

માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૯૭૫૪

૧. જુઓ, "ડૉ. બી. સી. રૉયને પત્ર", ૯-૧૨-૧૯૨૬.

૨. આ ચિત્તરંજન સેવાસદનની એક પાંખના શિલાન્યાસની વિધિની વાત લાગે છે. એ વિધિ ગાંધીજીએ કરી હતી. જુઓ "કલકત્તાના ચિત્તરંજન સેવાસદનમાં ભાષણ", ૨-૧-૧૯૨૭.

Gandhi Heritage Portal

## ૧૩૬. ડી. કે. ફડકેને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ડિસેમ્બર ૧૦, ૧૯૨૬

પ્રિય ભાઈ,

પત્ર તથા શ્રી કેળકરલિખિત લોકમાન્યચરિત્રના તમારા અનુવાદનાં પાનાં મળ્યાં.

હું સૂચવું છું કે તમે વર્ધા આવો, મારી નજીકમાં રૂમ ભાડે રાખી વહેલી સવારથી રાતના નવ વાગ્યા સુધીમાં મને કામ કરતો જુઓ અને થોડીક પળો તમને નવરો લાગું, તો એ ક્ષણોને તમારું પુસ્તક વાંચી જઈને પ્રસ્તાવના લખવા માટે તમે જોતરી શકો છો. પણ એમ ન કરી શકો તો મારા શબ્દો પર વિશ્વાસ રાખો કે મને બિલકુલ ફુરસદ રહેતી નથી અને ઉપાડેલાં કામો પૂરાં કરવાને પણ મને ભાગ્યે જ સમય રહે છે. આથી, તમારે મને માફ કરવો જોઈએ.

તમારો સહૃદયી

શ્રી ડી. કે. ફડકે
૯, કોચીન સ્ટ્રીટ
ફોર્ટ
મુંબઈ

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૯૭૫૫

## ૧૩૭. મીરાંબહેનને પત્ર

રવિવાર [ડિસેમ્બર ૧૧, ૧૯૨૬][૧]

ચિ. મીરાં,

તારા ચારે પત્રો મળ્યા. બેના જવાબ તો મેં લખી પણ દીધા છે.

હું ધારું છું કે ચિ.નો અર્થ તો તું જાણતી જ હશે. 'ચિરંજીવી'નું એ ટૂંકું રૂપ છે અને 'લાંબા આયુષ્યવાળું' એવો એનો અર્થ થાય છે. કુટુંબનો વડીલ પોતાના પરિવારનાં નાની ઉંમરનાં માણસોને એ આશીર્વચનથી સંબોધે છે.

મને તારા બધા કાગળો ગમ્યા. મુસલમાન મિત્રને ઘેર જવાનો તને તરત જ મોકો મળ્યો એ જાણીને મને આનંદ થયો. મિસ ગ્રોવરનું[૨] નામ હું છેક જ ભૂલી ગયો. તું ત્યાં ગઈ તેથી મને આનંદ થયો હતો. તે બહુ પ્રામાણિક આત્મા છે અને તેના કામમાં જ મસ્ત રહે છે.

૧. ટપાલની છાપ પરથી.
૨. નામ સ્પષ્ટ નથી.

Gandhi Heritage Portal

તારે મને આખા દિવસના તારા કામની જાણ કરવી જોઈએ. તારી પ્રાર્થના, તારા અભ્યાસ અને તારા ખોરાક વિશે પણ તારે મને લખવું ઘટે. તું શો ખોરાક લે છે? તારાં આંતરડાં બરાબર કામ કરે છે ખરાં? તું કેટલું દૂધ લે છે? તું કયે કયે વખતે ભોજન કરે છે? ત્યાં મચ્છર છે કે? રોજ ફરવા જાય છે કે? કંઈ હિંદી લખે છે ખરી? તને કોઈ શીખવે છે ખરું? તને કયાં કયાં ફળ મળે છે?

સુધારેલું પ્રકરણ[1] મને વખતસર મળી ગયું. તે સવેળા મળી જાય એ રીતે એને રવાના કરવાનો ટપાલનો સમય તારે જાણી લેવો રહ્યો.

૨૧મી તારીખે હું વર્ધા છોડું છું. મોતીલાલજીનો[2] આગ્રહ છે કે મારે ગૌહત્તી જવું. તને યંગ इन्डिया નિયમિત રીતે મળતું રહેતું હશે. એમ ન હોય તો એ બાબતમાં તારે સ્વામીને લખવું અને મૃત્યુંજયને એ વિશે ધ્યાન રાખવા જણાવવું. नवजीवन પણ તને મળતું રહેતું હશે જ.

ઉર્દૂ લિપિ તું હરગિજ ભૂલીશ નહીં.

પેલાં અમેરિકન મિત્રો, મા અને દીકરી હજી અહીં જ છે. તેમના આવવા વિશે મેં તને લખ્યું છે એમ મને લાગે છે. દીકરી કોઈક જાણીતી શાળામાં શિક્ષિકા છે. તેઓ આવતી કાલે જશે. મારે કારણે જમનાલાલજીને ત્યાં ૪૦ ઉપરાંત મહેમાનો છે. બિચારી જાનકીબહેનની[3] દશા!

મારી તબિયત સરસ છે. સવારસાંજ દરરોજ કસરત થાય છે.

આ કાગળ ટૂંકો છે એવી ફરિયાદ તું કરી શકવાની નથી.

બાપુના આશીર્વાદ

શનિવાર

રોમાં રોલાંના પત્રનો જે ભાગ તેં સુધાર્યો છે તે બરાબર હોવા વિશે હું સાશંક હતો. હવે તે બરાબર સમજી શકાય છે. મૂળ કાગળ મોકલવાની જરૂર નથી. તારી ફાઈલમાં એ મૂકી દેજે.

બાપુ

[મૂળ અંગ્રેજી]

મૂળ પત્ર પરથી : સી. ડબલ્યુ. ૫૧૯૧; શ્રીમતી મીરાંબહેનના સૌજન્યથી

૧. આત્મકથાનું; જુઓ "મીરાંબહેનને પત્ર", ૯-૧૨-૧૯૨૬.

૨. મોતીલાલ નેહરુ.

૩. જમનાલાલજીનાં પત્ની.

Gandhi Heritage Portal

# ૧૩૮. કાઠિયાવાડ રાજકીય પરિષદ

કાઠિયાવાડ રાજકીય પરિષદની સમિતિએ આગામી પરિષદના[1] પ્રમુખ તરીકે શ્રી અમૃતલાલ ઠક્કરની પસંદગી કરી છે તેને સારુ સમિતિને ધન્યવાદ આપું છું.

રાજપ્રકરણમાં પ્રકાશ પામેલાં ઘણાં નામો આવ્યાં હતાં, પણ અમૃતલાલ ઠક્કરનું નામ આવતાં કોઈને કંઈ કહેવાપણું જ ન રહ્યું. આ પસંદગીમાં મુખ્ય વસ્તુ હું એ સમજ્યો છું કે પ્રમુખ ગમે તેવો તોપણ કાઠિયાવાડનો, ચારિત્રવાન અને દેશસેવાના રંગથી રંગાયેલો હોવો જોઈએ. આ ત્રણ પ્રકારની કસોટીએ શ્રી અમૃતલાલ ઠક્કર સહેલાઈથી ચડી શકયા ને ઉત્તીર્ણ થયા. અમૃતલાલ ઠક્કરનાથી ચારિત્રમાં ચડી શકે તેવો સેવક આજે નહીં મળે કઠિયાવાડમાં, નહીં મળે ગુજરાતમાં કે નહીં મળે હિંદુસ્તાનમાં. દેશને અર્થે તેમનો ત્યાગ આપણા બધાના કરતાં કદાચ પુરાણો છે. તેમની એકનિષ્ઠા તેમને અને દેશને દીપાવે છે અને સેવાપરાયણતામાં તેમની હરીફાઈ કરવી મુશ્કેલ છે. તે સેવાનું ક્ષેત્ર પણ તેમણે જેટલું સહેલું તેટલું જ અઘરું શોધ્યું છે. સહેલું એમ કે જે કોમોની સેવા તેમણે શોધી તેમની સેવામાં રસ લેનારા થોડા જ હોય, એટલે તેમને પરિણામ તુરત મળે. અઘરી એટલા સારુ કે તેમાં દુનિયાને અંજાવે એવાં પરિણામ ન મળવાથી કાચાપોચા નાસીપાસ થઈ જાય. પણ અમૃતલાલ ઠક્કર ઢેડભંગીના ગોર થયા અને એટલેથીયે સંતોષ ન વાળતાં ભીલના સેવક અને મિત્ર બન્યા.

આવા માણસ રાજકીય પરિષદમાં શું કરશે? એ સવાલ તેમની પસંદગી કરનારાને તો ન થયો; અમૃતલાલ ઠક્કરને થયો. તેમનું નામ આવવા દેવા સારુ ઠપકો આપતાં તેઓ મને લખે છે તેનો સાર આ છે:[2]

આ પ્રશ્ન તેમને ઊઠયો એ તેમની શુભ મનોદશા સૂચવે છે. પણ તેમને કયાં ખબર નથી કે રાજકીય પરિષદ અત્યારે ધંધો જ અંત્યજાદિની સેવાનો કરી રહેલ છે. કોણ કહેશે કે ખાદીમાં તે સેવા નથી આવી જતી? એટલું જ નહીં પણ અંત્યજાદિને સારુ સીધી રીતે પણ પરિષદે આ વર્ષે ઓછું કામ નથી કર્યું, ઓછો પૈસો નથી ખરચ્યો. એટલે જે વસ્તુ શ્રી અમૃતલાલ ઠક્કરને પ્રિય છે તે તો અત્યારે પરિષદનું ક્ષેત્ર જ છે. વળી કાઠિયાવાડમાં ખાદીકાર્યના અધિષ્ઠાતા અમૃતલાલ ઠક્કર જ છે. અત્યારે તેમનો ખાદી પ્રત્યેનો પ્રેમ અથવા તે વિશેની શ્રદ્ધા તેટલાં જ છે કે નહીં તે હું નથી જાણતો. તેનું સ્પષ્ટીકરણ તેઓ સહેજે પરિષદ આગળ કરશે.

હવે રહ્યું રાજપ્રકરણ. મારી દૃષ્ટિએ આજે આવાં રચનાત્મક કાર્યની બહાર પરિષદને બીજું રાજપ્રકરણ હોય નહીં. મેં તો સમસ્ત ભારતવર્ષને સારુ એવું જ કલ્પેલું છે. જો મનાતા રાજપ્રકરણને છોડીને કેવળ રચનાત્મક કાર્યમાં ભારતવર્ષ તન્મય થઈ ઠક્કર નિષ્ઠાથી કાર્ય કરે તો સ્વરાજ હસ્તામલકવત્ થઈ પડે. અને જો આ વાત હું ભારતવર્ષને લાગુ પાડું છું તો સહેજે કાઠિયાવાડને વિશેષે લાગુ પાડું. આનો અર્થ એવો નથી કે રાજપ્રકરણનું કશું કામ કાઠિયાવાડમાં કે બહાર ન થાય. જેનાથી રાજપ્રકરણનું જ કામ થઈ શકે, જેને રચનાત્મક કામ લૂખું લાગે,

૧. ૧૯૨૭ના માર્ચમાં પોરબંદરમાં મળવાની હતી પણ તે ૧૯૨૮ના જાન્યુઆરીમાં જ મળી શકી.

૨. પત્ર અહીં આપ્યો નથી. એમાં એમણે લખ્યું છે કે જ્યારે મારું કાર્યક્ષેત્ર ઢેડભંગી, ભીલ, કોળી વગેરે સાથે કામ કરવાનું છે ત્યારે રાજ્યપ્રકરણમાં હું કઈ રીતે ભાગ લઈ શકું?

Gandhi Heritage Portal

તો રાજપ્રકરણમાં પડશે જ. તેવાઓનો છેડો ઝાલીને આપણે તેની પાછળ પાછળ જઈશું. જો તેમનું કાર્ય આપણને નહીં ગમતું હોય તો આપણે તેમને તેમને માર્ગે જવા દઈશું ને જ્યારે તેઓ જોશે કે તેમની પાછળ તો આપણે કોઈ જતા નથી ત્યારે તેમને પોતાના રસ્તાની યોગ્યતા વિશે શંકા ઉત્પન્ન થશે ને પાછા ફરશે. આ સુવર્ણમાર્ગ કાઠિયાવાડ પરિષદે ગ્રહણ કર્યો છે. મારી ઉમેદ છે કે પરિષદ તે ચીલો નહીં છોડે. એવો એક પણ બનાવ હું નથી જાણતો કે જેથી પરિષદે તે માર્ગ છોડવો જોઈએ. જો આપણે ભલા થઈશું, જો આપણે જાગ્રત થઈશું, જો આપણે ભયમુક્ત થઈશું, જો આપણે એક થઈશું,—તો રાજા પણ સહેજે ભલા, જાગ્રત, પ્રેમાળ અને રૈયતના મિત્ર થઈ રહેશે. આ ઈશ્વરી નિયમ છે. 'આપ ભલા તો જગ ભલા' એ લોકવાક્ય માત્ર નથી પણ એ સત્ય છે. જેવી પ્રજા તેવા રાજા એ આ પ્રજાયુગમાં 'રાજા તેવી પ્રજા'ના કરતાં વધારે સાચું છે. તેથી જ રાજપ્રકરણ એટલે લોકોમાં નીચેથી ઉપર લગી બધાંની સાથે અનુસંધાન ને બધામાં એકતા. આ એકતા જેમાં બધાના પરસ્પર સંબંધની આવશ્યકતા હોય એવું રચનાત્મક કાર્ય છે. ખાદી જેટલું રાજ્યકર્તાઓને મૂંગે મોઢે, નમ્રતાથી, સંભળાવી રહેલી છે તેટલું લાંબાં ભાષણો કે લખાણો નથી સંભળાવી શકતાં. પણ ખાદીનું ભાષણ તો જે જાણે તે સાંભળે. તે મધુર ભાષણ સાંભળવાને તીવ્ર કાન અને એકાગ્રતા જોઈએ. અસ્પૃશ્યતાનિવારણ એટલે આત્મશુદ્ધિ, એટલે ગરીબોની સાથે હાર્દિક ઐક્ય. આ શક્તિની આગળ ધારાસભાનાં ભાષણો મને નજીવાં લાગે છે.

પણ આ તો મારા અંગત વિચારો. તેની ભેટ કાઠિયાવાડીઓને અને શ્રી અમૃતલાલ ઠક્કરને કરું છું. તેમાંથી જે ગમે તે તેઓ સ્વીકારે ને બીજાનો ત્યાગ કરે.

રાજપ્રકરણ મને સોંપવાનું મેં પરિષદને ભાવનગરમાં[1] કહેલું. પરિષદે મને સોંપ્યું. તેમાં પરિષદે ભૂલ નથી કરી એમ હું માનું છું. મારાથી હું બતાવી શકું એવું કંઈ નથી થયું. મેં હાર ખાધી છે, મને કંઈક નિરાશા થઈ છે, પણ મને બીજો માર્ગ સૂઝ્યો નથી. માર્ગ તો એ જ હતો અને એ જ છે. કાઠિયાવાડ સમસ્તની પરિષદ એટલું જ કરી શકે, વિનય જ કરી શકે. તે તે રાજ્યની પ્રજા વિશેષ કરી શકે એ જુદી વાત છે. એ તે તે રાજ્યમાં કામ કરનાર રાજ્યપ્રકરણને જાણનારા કરી શકે, તેમણે કરવું જોઈએ. કાઠિયાવાડ રાજકીય પરિષદના ક્ષેત્રની મર્યાદા મેં ઈરાદાપૂર્વક આંકી છે. એની બહાર જવું કે નહીં એ આપણા પ્રમુખ વિચારે અને આપણને નવો માર્ગ બતાવી શકે તો બતાવે.

[મૂળ ગુજરાતી]

नवजीवन, १२-१२-१९२६

૧. ૧૯૨૫માં ત્યાં મળેલી બેઠકમાં.

Gandhi Heritage Portal

# ૧૩૯. અંત્યજ સર્વસંગ્રહ

શ્રી અમૃતલાલ ઠક્કરના અંત્યજ સેવામંડળ તરફથી જે 'અંત્યજ સર્વસંગ્રહ' પ્રગટ થયો છે તે મેં ઇરાદાપૂર્વક નવજીવનમાં[1] અક્ષરશ: છાપ્યો છે. મને ધાસ્તી છે કે કદાચ કેટલાક વાંચનાર તે જોઈ ચિડાયા હશે, કેટલાક ચિડાયા નહીં હોય તેમણે તે વાંચેલ નહીં હોય. આ બન્ને વર્ગ જો હોય તો તેમને પાછલા અંક શોધી કાઢી એ સંગ્રહ વાંચી જવાની ખાસ ભલામણ કરું છું. એ સંગ્રહની પાછળ કેટલી મહેનત થઈ હશે એનો કંઈક ખ્યાલ વાંચનારને આવશે. એકલા આણંદ તાલુકામાં જ ૮૮ ગામડાંની તપાસ થઈ છે. અને એક એક ગામમાં ઝીણવટથી તપાસ કરવી એટલે વખતનો ભોગ તો સારી રીતે આપવો જ જોઈએ.

આ સંગ્રહની હકીકત હિંદુ ધર્મીને શરમ ઉપજાવનારી છે. અંત્યજ પ્રત્યેનો આપણો ધર્મ આપણે કેટલો બધો ભૂલ્યા છીએ એ આ સંગ્રહ વાંચનાર તુરત જોઈ શકે તેમ છે. જ્યાં લોકોને પાણી પીવાની સગવડ પણ પૂરી ન મળી શકે ત્યાંના લોકો ધર્મનો કક્કો પણ નહીં જાણતા હોય એમ ત્રાહિત માણસ કહેશે.

વાંચનાર જોશે કે ઘણાં ગામોમાં પાદરીઓ કામ કરી રહ્યા છે. એ વાત જેટલી તેમને દીપાવનારી છે તેટલી જ આપણને શરમાવનારી છે. અંત્યજસેવા જે આપણે હાલ કરી રહ્યા છીએ એ નહીં કરતા હતા તેના પ્રમાણમાં ભલે ના ઠીક ગણાય, પણ જ્યાં લગી એક પણ ગામ હિંદુ ધર્મી તરફના અંત્યજસેવક વિનાનું છે, એક પણ ગામ તેઓને સારુ પાણીની સગવડ વિનાનું છે ત્યાં લગી આપણે નીચાજોણું રહેલું છે.

આ સંગ્રહનું કામ ભાઈ અમૃતલાલ ઠક્કરે ભાઈ પરીક્ષિતલાલને[2] સોંપ્યું હતું. પરીક્ષિતલાલ વિદ્યાપીઠના સ્નાતક છે. વિદ્યાપીઠના પ્રત્યેક સ્નાતકને આ મહાન ક્ષેત્ર ખુલ્લું પડેલું છે. ખરી દેશસેવા એટલે ગ્રામસેવા છે, કેમ કે હિંદુસ્તાન તેનાં સાત લાખ ગામડાંમાં વસે છે. શહેરોમાં હિંદુસ્તાન નથી પણ યુરોપની ઓગણપચાસ પગથિયાં ઊતરેલી આવૃત્તિ છે અને ગ્રામસેવાનો આરંભ તો ખાદી અને અંત્યજથી જ થાય એમ જે જાણે છે તે જાણી ગયા છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૨–૧૨–૧૯૨૬

૧. નવજીવનના નવેમ્બર ૭, ૧૪, ૨૧ અને ૨૮ તથા ડિસેમ્બર ૫, ૧૯૨૬ના અંકોમાં.

૨. પરીક્ષિતલાલ મજમુદાર, ગુજરાત હરિજન સેવક સંઘના પાછળથી થયેલા પ્રમુખ.

Gandhi Heritage Portal

## ૧૪૦. હરિઈચ્છાને પત્ર

વર્ધા,

માગશર સુદ ૭, ૧૯૮૩ [ડિસેમ્બર ૧૨, ૧૯૨૬]

ચિ. હરિઈચ્છા,

આ તમારો રાસડો મેં સાચવ્યો તો હતો જ. મને પહોંચ લખજો. હિંદી અભ્યાસ ચાલુ રાખ્યો હશે ને પ્રાર્થનામાં નિયમિત હાજરી ભરતાં હશો. ચંદન ઈત્યાદિની તબિયત સરસ થઈ ગઈ હશે. બધી બહેનો કાંતે છે કે?

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૪૯૦૯; શ્રી હરિઈચ્છા કામદારના સૌજન્યથી

## ૧૪૧. ડૉ. કાર્લ થીયેમને પત્ર

આશ્રમ,

સાબરમતી,

ડિસેમ્બર ૧૩, ૧૯૨૬

પ્રિય મિત્ર,

પત્ર મળ્યો. તમારા પ્રશ્નોના મારા જવાબ આ પ્રમાણે છે:

(૧) હિંદુમુસ્લિમ પ્રશ્ન ઉકેલવાના પ્રયાસ હજુ સફળ થયા નથી. એ સમય લે એમ છે.

(૨) બ્રિટિશ-શાસન-પ્રણાલી પૂરતી બદલાય નહીં, એટલે કે ભારતના હિતમાં ખર્ચ સારા પ્રમાણમાં ઘટાડાય નહીં અને બધા પરદેશી કાપડ ઉપર ભારે જકાત નખાય નહીં અને દારૂ-બંધીની જાહેરાત કરાય નહીં, ત્યાં સુધી બ્રિટિશ સરકાર સાથે સહકારની કોઈ પણ યોજનાને હું અનુમોદન આપી શકું નહીં. તમને મોકલું એવી કોઈ પસંદ કરેલી સામગ્રી મારી પાસે નથી પણ યંગ ઇન્ડિયાનાં મુખ્ય લખાણો હવે પુસ્તકના રૂપમાં મળે છે તેમાંથી આ મુદ્દાઓ વિશે તમને ઘણી માહિતી મળશે. શ્રી એસ. ગણેશન, ૨૯, પિકોફ્ટ્સ રોડ, ટ્રિપ્લિકેન, મદ્રાસ, પાસેથી એ મળી શકશે.

તમારો સહૃદયી

ડૉ. કાર્લ થીયેમ
લીપઝિગ
જર્મની

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૨૩૧૯

Gandhi Heritage Portal

## ૧૪૨. ડૉ. બી. સી. રૉયને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ડિસેમ્બર ૧૩, ૧૯૨૬

ભાઈશ્રી,

તે વખતે મારાથી જેનો નિકાલ કરી શકાય એમ નહોતું એવા કાગળોમાં સાથે બીડું છું એ કાગળ લાંબા સમય સુધી દટાયેલો પડયો રહ્યો છે. ચડેલાં કામના કાગળો જોઈ જવાની થોડી ફુરસદ મળી એમાં એ મળી આવ્યો. તમે ઇચ્છો એવી નોંધ કરવા માટે એ હું તમારા પર મોકલું છું.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૯૭૫૦

## ૧૪૩. ધીરેનને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ડિસેમ્બર ૧૩, ૧૯૨૬

પ્રિય ભાઈ ધીરેન,

તા. ૯મીનો તમારો પત્ર કેટલોક વખત થયાં મારી પાસે પડી રહ્યો છે. પણ કામનું દબાણ એવું હતું કે મારો ઘણો પત્રવ્યવહાર ચડી ગયો છે. તમારો પત્ર એમ ઉત્તર વિના પડયો રહેવો જોઈતો ન હતો એ જાણું છું. પણ હું લખું છું તે સાચું જ માનશો કે હમણાં હમણાં મને એક ઘડીની નવરાશ મળતી નથી અને હું મુલતવી ન રાખું એવું ઘણું કામ મારે મુલતવી રાખવું પડયું છે.

તમારી તબિયત સારી રહે છે અને બહુ કામમાં રહો છો એ ઊર્મિલાદેવીના પત્રથી જાણ્યું. કાંતણમાં તમે ઠીક ઠીક આગળ વધ્યા હશો, એવી પણ આશા રાખું છું. હું તો ઇચ્છું કે રજા હોય તો તમે પીંજણ પણ શીખી લો. પીંજણની પ્રક્રિયા તમે માત્ર જોઈ હોય તો કોઈના શીખવ્યા વિના પણ તમને સરળતાથી આવડી જાય.

હવે તમારા પ્રશ્ન વિશે. નિર્દોષ કેદીએ ભૂખ્યા રહેવાની જરૂર નથી. પોતાના રખેવાળો પાસેથી નિર્વાહખર્ચ સ્વીકારવામાં તેનું ગૌરવ ઓછું થતું નથી. પણ હું એટલું ચોક્કસ માનું છું કે અનિવાર્ય નિર્વાહખર્ચથી જરાય વધુ તેનાથી ન લેવાય. પણ રખેવાળો તેનાં આશ્રિતોના નિર્વાહ પૂરતું આપતા હોય તો તેણે પોતાના આરોગ્યને હાનિ પહોંચાડવાની અને પોતાનાં સ્વજનોને ભૂખે મારવાની હદે પહોંચવાની જરૂર નથી. આમ, આખરે તો, રકમનો પ્રશ્ન દરેક

Gandhi Heritage Portal

જણે પોતે જ ઉકેલવાની બાબત છે. પણ નિર્વાહખર્ચ સ્વીકારવાના ઔચિત્ય વિશે મને મુદ્દલ શંકા નથી.

તમારો સહૃદયી

શ્રીયુત ધીરેન
સુપરિન્ટેન્ડેન્ટ
સેન્ટ્રલ જેલ
મિદનાપોર (બંગાળ)

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૯૭૫૧

## ૧૪૪. એસ. કે. જૈનને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ડિસેમ્બર ૧૩, ૧૯૨૬

પ્રિય ભાઈ,

તમારો ૩જી ઑક્ટોબરનો પત્ર સમયને અભાવે ઉત્તર આપ્યા વિના મારી પાસે પડયો રહ્યો. એ યુવક મને પોતાના જીવનની બધી વીગતો લખી મોકલી, એને કંઈ કામ સોંપાય તે પહેલાં સત્યાગ્રહ આશ્રમના નિયમો છ મહિના સુધી પાળી બતાવવાની તૈયારી બતાવે, તો શું કરી શકાય એમ છે તે હું જોઈશ. હકીકતે, ચારિત્ર્ય અને શક્તિ ધરાવતા યુવકોને ગમે તેટલી સંખ્યામાં આશ્રમમાં રાખવામાં કોઈ મુશ્કેલી છે જ નહીં.

૨૦મી સુધી હું વર્ધા છું. એ પછી મારા કાયમના સરનામે જ લખશો તો ઠીક થશે.

તમારો સહૃદયી

શ્રીયુત એસ. કે. જૈન
૧૫, નાગજી બંગલા
માટુંગા, જી. આઈ. પી.
મુંબઈ

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૯૭૫૨

Gandhi Heritage Portal

## ૧૪૫. ટી. એન. નાથાણીને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ડિસેમ્બર ૧૩, ૧૯૨૬

ભાઈશ્રી,

પત્ર મળ્યો. સ્વામી અથવા તો પ્રસંગ એકે મને યાદ આવતા નથી. પણ એ આશ્રમમાં આવ્યા હોય ત્યારે તમે કાંતો છો કે કેમ એમ મેં તેમને પૂછ્યું હોય એમ બને. એ વખતે એમણે મને કામમાં રોકાયેલો જોયો હશે. બાકી મેં એમના તરફ પીઠ ફેરવી હોય એમ તો ન બને. હવે તો સમય બચાવવા માટે હું કાંતતો હોઉં ત્યારે જ મેં મુલાકાતીઓને મળવાનું રાખ્યું છે. કાંતતો જાઉં ને વાત કરતો જાઉં.

કેટલીક છબીઓમાં મને ભગવાન શ્રીકૃષ્ણ તરીકે રજૂ કરેલો હોવાની ફરિયાદ એક વાર મને મળી હતી એ મને યાદ છે. એની સામે મેં કડક રીતે લખ્યાનું પણ મને યાદ છે. પણ એ બનાવ વિશે મેં કેટલી લીટીઓ લખી હતી તે યાદ નથી. લખાણની લંબાઈથી તેની કિંમત વધે છે એમ હું માનતો નથી.

જેને સહજ પ્રેરણાથી હું મારા ગુરુ કહી શકું એવા એકે સ્વામી મારી પાસે આવેલા મેં જોયા નથી.

તમારો સહૃદયી

તારાચંદ નાનકરામ નાથાણી
હલાની, મેહરાબપુર થઈને, ઉત્તર-પશ્ચિમ રેલવે

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૯૭૫૩

## ૧૪૬. પ્રભાશંકર પટ્ટણીને પત્ર

વર્ધા,
સોમવાર [ડિસેમ્બર ૧૩, ૧૯૨૬][1]

સુજ્ઞ ભાઈશ્રી,

ચિ. મથુરાદાસ[2] પંચગનીના તમારા બંગલામાં છે એ તો તમે જાણો છો. હજુ સુધી તેણે ભાડું ચૂકવ્યું નથી. કંઈક પણ ચૂકવવું એવો તેનો ને મારો આગ્રહ છે. સિઝન સમયે તે બંગલો ખાલી કરે એમ પણ મેં તેને કહ્યું છે. એટલે ફેબ્રુઆરીની આખર સુધીમાં ખાલી કરે એમ તૈયારી ચાલી રહી છે. ભાડા વિશે તમે મને લખો એમ ઇચ્છું છું. તબિયતના ખબર લખશો.

મોહનદાસના
વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : સી. ડબલ્યુ. ૩૨૦૮ તથા જી. એન. ૫૮૯૯; શ્રી મહેશ પટ્ટણીના સૌજન્યથી

૧. ટપાલના સિક્કા પરથી.
૨. મથુરાદાસ ત્રિકમજી.

Gandhi Heritage Portal

# ૧૪૭. આશ્રમની બહેનોને પત્ર

વર્ધા,

માગશર સુદ ૧૧, ૧૯૮૩, ડિસેમ્બર ૧૩, ૧૯૨૬

બહેનો,

આજે પણ ખાઈને, તમારું સ્મરણ કરું છું. બરોબર ૬-૫૦ મિનિટ થઈ છે, એટલે તમારો પ્રાર્થનાનો વખત થયો. બધું ભૂલીએ પણ આ ન ભૂલીએ. એમાં એકબીજાનો અને બધાનો ઈશ્વર સાથેનો સહકાર રહ્યો છે. એ ખરું સ્નાન છે. શરીર ધોયા વિના બગડે તેમ હૃદયને પ્રાર્થના વતી ધોયા વિના આત્મા જે સ્વચ્છ છે તે મલિન દેખાય. તેથી તે વસ્તુ કદી ન છોડશો. સવારના ચાર વાગ્યે બધા વચ્ચે સહયોગ છે, પણ તે પ્રાર્થનામાં બધી બહેનો આવવા અશક્ત હોય છે. સાત વાગ્યાની પ્રાર્થનામાં બહેનો વચ્ચેનો સહયોગ છે. તેમાં બધી આવી શકે છે. બહેનો વચ્ચેનો સહયોગ અતિ આવશ્યક છે.

અહીં બે અમેરિકન બહેનો જે ત્યાં એક દિવસ રહી ગઈ છે તે આવી હતી. ત્રણ દિવસ રહીને કાલે ગઈ. તે મા-દીકરી છે. તે દીકરી કુમારિકા છે, પચીસ વર્ષની ઉંમરની છે અને પાંચસે બાળાઓના મહાવિદ્યાલયમાં એક ઊંચી શ્રેણીની શિક્ષિકા છે. દુનિયામાં નીતિશિક્ષણ કેવી રીતે અપાય છે તે જોવાને તેના આચાર્યે તેને મોકલી છે. તેની મા તે કુમારિકાના રક્ષણાર્થે સાથે ફરે છે. બંને નિર્ભયતાથી આખી દુનિયામાં ફરી રહી છે. આવી નિર્ભયતા ને પેલી બહેનના જેટલી સેવાનિષ્ઠા આપણામાં આવે તો કેવું સારું?

મીરાંબહેનનું જીવન તો બધી બહેનોને વિચારવા જેવું થઈ પડયું છે. તેના હિંદી કાગળ ત્યાં આવતા હશે. મારી ઉપર કાગળ આવે છે તે ઉપરથી હું જોઉં છું કે તેણે પોતાની સાદાઈથી અને પ્રેમાળ પ્રકૃતિથી ગુરુકુળની બાળાઓનાં મન હરી લીધાં છે. બાળાઓમાં ખૂબ ભળી ગયેલ છે, ને તેઓને પીંજવા-કાંતવાનું બરોબર શીખવી રહેલ છે. પોતાની એક પળ પણ નિરર્થક નથી જવા દેતી. આ નિષ્ઠા, આ ત્યાગ, આ પવિત્રતાની આશા હું તમ બહેનોની પાસેથી રાખું છું. તમે પાવરધાં થઈ, પવિત્ર જીવન ગાળો, આખા ભારતવર્ષમાં ફેલાઈ જાઓ એ આશા કંઈ વધારે પડતી છે કે? ક્ષણે ક્ષણે હું સ્ત્રીસેવિકાઓની જરૂરિયાત જોઈ રહ્યો છું. ત્યાગી પુરુષો જોવામાં આવે છે. ત્યાગી સ્ત્રીઓ બહાર પડતી થોડી જ જોવામાં આવે છે? સ્ત્રી તો ત્યાગની મૂર્તિ છે. પણ અત્યારે તેનો ત્યાગ કુટુંબમાં સમાઈ જાય છે. જે ત્યાગ તે કુટુંબને સારુ કરે છે તેનાથી વિશેષ તે દેશને સારુ કાં ન કરે? છેવટે તો જે ધર્મપરાયણ બને તે વિશ્વને સારુ ત્યાગ કરશે. પણ દેશ એ પહેલું પગથિયું છે. અને જ્યારે દેશહિત વિશ્વહિતનું વિરોધી ન હોય ત્યારે દેશ-હિત-સેવા આપણને મોક્ષ પ્રતિ લઈ જનાર બની શકે છે.

આ વિચાર સહુ બહેનો કરતી થઈ જાઓ એ આ અઠવાડિયે માગણી.

Gandhi Heritage Portal

આ કાગળ ત્યાં મણિબહેન નહીં હોય તેથી તારાબહેનને[1] મોકલું છું. પણ તમે તમારામાંથી એક પ્રમુખ નીમો એમ ઇચ્છું છું.

મૌનવાર
બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : જી. એન. ૩૬૩૨ તથા બાપુના પત્રો – ૧ : આશ્રમની બહેનોને, પા. ૨-૩

## ૧૪૮. એક પત્ર[2]

વર્ધા,
ડિસેમ્બર ૧૫, ૧૯૨૬

ભાઈશ્રી,

તમારો પત્ર હજુ હમણાં જ મારા હાથમાં મૂકવામાં આવ્યો છે. તમારા છાત્રાલયમાં અહિંસા પર બોલવું મને ઘણું ગમે, પણ ૨૧મીએ હું નાગપુરમાં થોડા કલાક માટે જ રોકાવાનો છું એટલે મને તે દિવસે સમય નહીં મળે એવો ભય છે. એ તારીખ પહેલાં મારે વર્ધાથી નીકળવાનું કદાચ ન બને.

તમારો સહૃદયી
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : સી. ડબલ્યુ. ૪૫૦૫; શ્રીમતી લુમ્સડેનના સૌજન્યથી

## ૧૪૯. હિમાલયની ઊંચાઈએથી

જીવનભર ભારતનાં મેદાનોના પ્રદેશમાં રહેલા એક મિત્ર જેઓ હાલ હિમાલયમાં આરામ સાથે કામ કરી રહ્યા છે, તેઓ બરફ આચ્છાદિત એ ગિરિમાળાની સુંદરતાથી મુગ્ધ બની મને નીચેનો ઉતારો લખી મોકલે છે:

> દુનિયાથી ઊંચે મૌનમાં ઊભેલા, ઠંડીથી અને એના મોટા ઘેરાવાથી ભયાનક છતાં અવર્ણ્ય સુંદરતાથી વિરાજતા આ હિમાલયને કઈ ઉપમા અપાય? અંગે ભભૂતિ ચોળેલા, એકલ, મૂક સમાધિમગ્ન કોઈ મહાજોગીની જ તો! મહાદેવ શિવજીના જેવો જ એ મહાન દેવ છે. અને અંતમાં એ હોમ્સના 'મૌનને અંજલિ'માંની પંક્તિ ટાંકે છે:
>
> વિશ્વાત્માના ભક્તિસ્તોત્રની સાચી ભાષા છે મૌન.

[મૂળ અંગ્રેજી]

**યંગ ઇન્ડિયા**, ૧૬–૧૨–૧૯૨૬

૧. રમણીકલાલ મોદીનાં પત્ની.
૨. કોના પર લખાયો છે તે જાણવા મળ્યું નથી.

Gandhi Heritage Portal

# ૧૫૦. દક્ષિણ આફ્રિકા

મિ. ઍન્ડ્રૂઝનો પ્રિટોરિયાથી નીચે પ્રમાણે તાર મળ્યો છે:

ડચ ચર્ચે ૧૯મીનો દિવસ પ્રાર્થનાના દિવસ તરીકે કબૂલ રાખ્યો છે. જનરલ હર્ટઝોગ ડેલિગેટોને[1] ૧૭મીએ મળશે અને પછી મુલતવી રાખશે. પહેલી બેઠક ૨૦મીએ થશે.

ડચ, રિફૉર્મ્ડ ચર્ચે પ્રાર્થનાનો દિવસ કબૂલ રાખ્યો એથી દક્ષિણ આફ્રિકાના મુશ્કેલ પ્રશ્નના ન્યાય્યનિર્ણય માટે અનુકૂળ વાતાવરણ ઉત્પન્ન કરવામાં ઘણી મદદ થશે. ડચ ચર્ચ દક્ષિણ આફ્રિકામાં અતિશય સંકુચિત વિચારની સંસ્થા છે. હિંદીઓના અથવા તો સામાન્ય રીતે રંગભેદના કહેવાતા સવાલ ઉપર ભાગ્યે જ એ સંસ્થાએ વિશાળ દૃષ્ટિથી વિચાર કર્યો છે. જનરલ હર્ટઝોગ તા. ૧૭મીએ ડેલિગેટોનું સ્વાગત કરવાના છે એ એમ બતાવે છે કે તે પરિષદનું અતિશય મહત્ત્વ તે કબૂલ કરે છે, અને તે પરિષદમાં ચર્ચાવાના પ્રશ્નનું ગાંભીર્ય પણ સ્વીકારે છે. હું આશા રાખું છું કે હિંદીઓ મિ. ઍન્ડ્રૂઝ જેવા એકનિષ્ઠ અંગ્રેજના આ ઉદાત્ત પ્રયત્નને ૧૯-મીએ પ્રાર્થનાદિન પાળીને સંપૂર્ણ રીતે ટેકો આપશે.

કોઈક અવિચારથી કહેશે કે પ્રાર્થના કરવામાં કાંઈ પૈસા બેસતા નથી, અને જુદી જુદી જગ્યાએ આ બાબતમાં હિંદીઓને સફળતા મળે એવી પ્રાર્થના કરવામાં આવી હતી એમ છાપાં-ઓમાં જાહેર થાય તેમાં કશો અર્થ નથી. પણ સાચી વાત તો એ છે કે મિ. ઍન્ડ્રૂઝે આપણને બહુ કઠણ કામ કરવા કહ્યું છે. માણસ જે પોતાની મિલકત છે તેમાંથી જ ખુશીથી કે નાખુશીથી અથવા લોકોને દેખાડવાને માટે કાંઈક આપી શકે છે. માણસ અમુક વસ્તુ બુદ્ધિથી સ્વીકારે છે એમ પોતાની મરજીવિરુદ્ધ પણ કબૂલ કરે. પણ મરજીવિરુદ્ધ અથવા દેખાવની ખાતર હૃદય-સહકાર જેવી વસ્તુ તો કરવામાં આવતી જાણી નથી. અને મિ. ઍન્ડ્રૂઝને તો હૃદયસહકાર જોઈએ છે. કારણ પ્રાર્થના તો હૃદયની તીવ્ર ઉત્કંઠા છે. હોઠે તમે ગમે તે ઉચ્ચારો, ઘરખૂણે બેસીને અથવા જાહેરમાં કાંઈક તમે ભલે કહો, પણ એ ઉદ્‌ગાર સાચા તો ત્યારે જ કહેવાય કે એ સોંસરા હૃદયના ઊંડાણમાંથી નીકળ્યા હોય. જેમનાથી બની શકે તેમણે એટલે જેઓ દક્ષિણ આફ્રિ-કાના હિંદીઓનો પક્ષ સાચો છે એમ માનતા હોય અને જેમને ઈશ્વર વિશે અને પ્રાર્થના વિશે શ્રદ્ધા હોય તેમણે ૧૯મી તારીખે દક્ષિણ આફ્રિકાના હિંદીઓની સાથે હૃદયસહકાર માટે કાંઈક સમય કાઢી તેમના પ્રયત્નને ઈશ્વર સફળ કરે એવી પ્રાર્થના કરવી.

જો હિંદુસ્તાનમાં હજી કોઈ એવો હોય કે જેને દક્ષિણ આફ્રિકાના પ્રશ્ન વિશે જ્ઞાન ન હોય તો તેણે એટલું જાણી લેવું કે દક્ષિણ આફ્રિકામાં હિંદીઓને માટે હવે જીવવું ભારે થઈ પડ્યું છે. જે કાયદાનો[2] ખરડો પાર્લમેન્ટ પાસે રજૂ થયો હતો અને જે થોડી વાર માટે મુલતવી રાખ-વામાં આવ્યો છે, અને જે પરિષદ આગળ ચર્ચાવાનો છે, તેનો હેતુ કોઈ પણ સ્વાભિમાન ધરાવતા હિંદીને દક્ષિણ આફ્રિકામાં રહેવાનું અશક્ય કરી મૂકવાનો છે. જેઓ દક્ષિણ આફ્રિકાના

૧. સંઘ સરકાર સાથે દક્ષિણ આફ્રિકાના હિંદીઓના પ્રશ્નોની ચર્ચા કરવા જે હિંદી પ્રતિનિધિ મંડળ દક્ષિણ આફ્રિકા જવાનું હતું તેના સભ્યો.

૨. ક્લાસ એરિયાઝ બિલ, જુઓ પુસ્તક ૩૧.

Gandhi Heritage Portal

હિંદીઓના કાયદેસર હક કેટલા છે એ ન જાણતા હોય તેઓ જાણી લે કે દક્ષિણ આફ્રિકાનાં સંયુક્ત સંસ્થાનમાં હિંદીઓને એક પણ રાજકીય હક નથી. ઓરેન્જિયામાં તો ઘરનોકર સિવાય બીજે કોઈ નાતે રહેવાનો તેમને હક નથી. ઘણે ઠેકાણે તેઓ જમીનના માલિક થઈ શકતા નથી. આખા દક્ષિણ આફ્રિકામાં વેપારહક અતિશય કમી કરવામાં આવ્યા છે, અને હાલ એ વેપારહક બાબતનો વહીવટ જે હિંદી વેપારીઓ લાંબો સમય વેપાર પરવાનાઓ ધરાવે છે તેમને માટે પણ અતિશય આકરો થતો જાય છે. તેમના ઉપર જે સામાજિક બહિષ્કારનો ત્રાસ વર્તી રહ્યો છે અને મુસાફરી વગેરે કરવામાં તેમને જે મુશ્કેલી પડે છે તે વિશે હું અહીં કહેવા માગતા નથી. પોતાનાં બાળકોને કેળવવાની ઠીક ઠીક સગવડ પણ તેમની પાસે નથી. એટલે તેમની સ્થિતિ આજે જ અતિશય કફોડી છે. ત્યાં પેલો નવો ખરડો તેમાં કાંઈ અધૂરું હોય તે પૂરું કરવા માગે છે.

દક્ષિણ આફ્રિકામાં મળનારી પરિષદ મહા મહેનતે ત્યાંની સ્થિતિને કંઈક હળવી કરવા માટે અને ત્યાં વસતા હિંદીઓને નામનો પણ ન્યાય આપવાને ખાતર ભરવામાં આવે છે. અને એ તેમના કામમાં તેમને સફળતા મળવા માટે ઈશ્વરના આશિષ માગવાને તા. ૧૯મીએ આપણે સૌ પ્રાર્થના કરીએ એવી મિ. ઍન્ડ્રૂઝ માગણી કરે છે. એટલે દરેક આસ્તિક માણસ નમ્રતાથી પોતાનો હૃદયસહકાર કરે એવી મારી પ્રાર્થના છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १६–१२–१९२६

ભાષાંતર : नवजीवन, १९–१२–१९२६

## ૧૫૧. નોંધ

### ‘આબાદ’ હિંદુસ્તાન

દરિયાપારના વેપારના મંત્રી મિ. સેમ્યુઅલ લિંકન, ચેંબર ઑફ કૉમર્સમાં આ પ્રમાણે બોલ્યા હોવાનું કહેવામાં આવે છે:

> હિંદુસ્તાન આપણું મોટામાં મોટું ગ્રાહક છે. દર વર્ષે ૯૦ લાખ પાઉન્ડનો, ઘણોખરો બ્રિટિશ મજૂરોનો બનાવેલો સુંદર ફરમાસુ માલ હિંદુસ્તાન આપણી પાસે ખરીદે છે. એટલે એ વેપાર તો જેમ વધે તેમ સારું, કારણ વેપાર વધારવાથી આપણે ઘણા મજૂરોને રોકી શકીશું અને આજે સરકારની મુખ્ય નીતિ બેકારી ઓછી કરવાની છે.
>
> હિંદુસ્તાન આપણી પાસે ઢગલાબંધ લોખંડ અને પોલાદનો અને રેલવેનો માલ ખરીદે છે. એ આબાદ દેશ છે અને પરદેશી માલ લેવા માટે એની પાસે અઢળક ધન છે. તેને તો પોતાને પરવડે તેવી કિંમત જોઈએ. આજે હિંદુસ્તાનની આંટ ઘણી ઊંચી છે, માત્ર ગ્રેટ બ્રિટનથી જ બીજે નંબરે છે. લિંકન જિલ્લાની ઘણી પેઢીઓની વેચાણની અને પ્રયોગની શાખાઓ હિંદુસ્તાનમાં છે, પણ હિંદુસ્તાનમાંના સરકારી પ્રતિનિધિઓએ પેઢીઓ પાસે કુશળ પ્રયોગ કરી બતાવનારા હિંદુસ્તાન મોકલવાની માગણી કરી છે. અતિશય અટપટા સાંચાકામને લોકપ્રિય કરવું હોય તો કુશળ શિક્ષકો તેનો પ્રચાર કરનારા હોય તો જ થઈ શકે. વેચનારને હમેશાં પોતાને પડખે આવો એક કુશળ શિક્ષક તો જોઈએ જ, જે તેને કૉન્ટ્રૅક્ટ

Gandhi Heritage Portal

મેળવવામાં મદદ કરી શકે. બ્રિટનના યંત્રવિદ્યાના પ્રમુખ માણસો હિંદુસ્તાનમાં ખરીદી કરનારા ઈજનેરોની સાથે સંબંધ રાખે એ જરૂરનું છે, કારણ જે યંત્રો વેચવાનાં હોય અથવા વેચાયાં હોય તેનો ઉપયોગ બરોબર સમજાવવાને માટે તેમની જરૂર પડવાની. હિંદુસ્તાનમાં જતાં યંત્રોમાં ૮૦ ટકા જેટલાં યંત્ર તો હજી આપણે જ પૂરાં પાડીએ છીએ, અને ઘણી પેઢીઓએ પોતાના યંત્રશાસ્ત્ર આડતિયા હિંદુસ્તાનમાં રાખેલા છે. છતાં મારી પાસે હજી હિંદી ખરીદદારોની ફરિયાદ આવ્યા કરે છે કે તેમને યંત્રશાસ્ત્રના જાણકારની પૂરતી મદદ નથી મળી શકતી. વળી તેમની એ પણ ફરિયાદ છે કે હિંદુસ્તાનમાં આપણે પૂરતાં યંત્રોના જુદા જુદા ભાગોનો જથ્થો રાખતા નથી.

ખેતીવાડીનાં યંત્રો હિંદુસ્તાનમાં પહોંચાડવાને માટે બ્રિટિશ પેઢીઓએ ખૂબ મહેનત અને પૈસો ખરચ્યાં છે, પણ તેમાં તેમને બહુ સફળતા નથી મળી શકી. પણ હિંદી સરકાર હિંદી ખેડૂતોને મદદ કરવાનો પ્રયત્ન કરી રહી છે, અને એ મદદ કરવાનો સારામાં સારો રસ્તો એ છે કે તેમના હાથમાં વધારે સારાં ખેતીવાડીનાં ઓજારો મૂકવાં. હિંદુસ્તાનમાં ખેતીવાડીખાતું અને સહકારીખાતું તો વધારવામાં આવી જ રહ્યું છે, કે જેની મદદથી લોકોને સુધારેલાં ઓજારો લેવાની સગવડ મળી જશે.

મને ખાતરી છે કે મિ. સૅમ્યુઅલ તો પ્રામાણિકપણે માને છે કે આપણો દેશ આબાદ છે, અને ઇંગ્લંડ બનાવી શકે તેટલાં ખેતીવાડીનાં અને બીજાં ઓજારો તથા યંત્રશાસ્ત્રીઓની મદદ લઈને હિંદુસ્તાન પોતાની આબાદી વધારી શકે છે. પણ એ બન્ને વસ્તુ સત્યથી કેટલી વેગળી છે તે તો આપણને ખબર પડે કે મિ. સૅમ્યુઅલને? હિંદુસ્તાન આબાદ નથી એ આપણે જાણીએ છીએ, રોજ વધારે ને વધારે ગરીબ થતું જાય છે તે પણ જાણીએ છીએ, અને આપણામાંના કેટલાક તો જાણે છે જ કે ઇંગ્લંડથી અથવા બીજા કોઈ દેશમાંથી આંખ મીંચીને યંત્રો મગાવીને અથવા યંત્રશાસ્ત્રીઓ મગાવીને આપણા દેશની ગરીબીના સવાલનો ઉકેલ નથી આવી શકવાનો. ગોખલેએ ઘણાં વર્ષો ઉપર કહ્યું હતું તેમ આવી રીતે યંત્રો મગાવવાથી આપણી વૃદ્ધિ અટકી જાય છે, આપણે વધારે ને વધારે અંશે કઠિયારા અને પણિયારા બનતા જઈએ છીએ. આપણને તો જરૂર માત્ર આપણે હાથેપગે મજૂરી કરવાની શક્તિમાં કારીગરીનો વધારો થવાની છે, કે જેથી કરીને આપણી જરૂરિયાતોને અનુકૂળ યંત્રો આપણે બનાવી શકીએ. પશ્ચિમનું અંધ અનુકરણ કાંઈ પણ નવું ઉત્પન્ન કરવાની આપણી શક્તિ હણી નાખશે અને તેથી ઠીક ઠીક સુખમાં રહેવાની શક્તિ પણ ચાલી જશે. આ પત્રના અગાઉના એક અંકમાં ખેતીવાડીના બાદશાહી કમિશનના હેતુઓ વિશે શંકા કરનારનો પત્ર છાપવામાં આવ્યો હતો. મિ. સૅમ્યુઅલ જેવાનાં ભાષણો આવી શંકાને પુષ્ટિ આપે છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १६-१२-१९२६

ભાષાંતર: नवजीवन, २६-१२-१९२६

Gandhi Heritage Portal

## ૧૫૨. ખાદી પ્રતિષ્ઠાન

ગયે અઠવાડિયે પંજાબની ખાદીની પ્રગતિ વિશેના હેવાલનો સર્વગ્રાહી સાર પ્રગટ કર્યો હતો.[1] આ વખતે ખાદી પ્રતિષ્ઠાનનો એવો જ હેવાલ આપું છું. એમાંથી હિસાબનું સરવૈયું કાઢી નાખ્યું છે. કેમ કે વાંચનારને રસ પડે એવી બાબતો હેવાલમાં સામેલ કરવામાં આવી છે. ખાદી કાર્યકરો હું પ્રગટ કરું છું તે હેવાલો કાળજીપૂર્વક વાંચી જાય, જેથી તેઓ જુદા જુદા પ્રાંતોમાં અપનાવાતી કાર્યપદ્ધતિઓની સરખામણી કરી શકે. વાંચનાર જોશે કે મૅજિક લૅન્ટર્ન સાથેનાં ભાષણો એ ખાદી પ્રતિષ્ઠાને શરૂ કરેલું ખાદીને લોકપ્રિય બનાવવા માટેનું એક નવું અંગ છે. ભારતના બીજા ભાગોમાં હવે તે કામે લગાડાય છે. ટેક્નિકલ વિભાગ પણ ખાદી પ્રતિષ્ઠાનની મોટી વિશિષ્ટતા છે. ઠીક ઠીક મુશ્કેલી પછી પ્રતિષ્ઠાન પોતાનું મકાન કરી શક્યું છે. ખાદીને વધુ આકર્ષક બનાવવા માટે ત્યાં રંગવાના અને બ્લીચિંગના પ્રયોગો મોટા પાયા પર થઈ રહ્યા છે.

[મૂળ અંગ્રેજી]

यंग इण्डिया, १६–१२–१९२६

## ૧૫૩. શિવાભાઈ પટેલને પત્ર

વર્ધા,

ગુરુવાર, ડિસેમ્બર ૧૬, ૧૯૨૬

ભાઈ શિવાભાઈ,

તમારો કાગળ મળ્યો.

તમારે ગભરાવાનું કશું કારણ નથી. સૂક્ષ્મ દૃષ્ટિએ વ્રતભંગ અવશ્ય માનું પણ તેને સારુ મનુષ્યની જવાબદારી બહુ થોડી છે. તમે જ્ઞાનપૂર્વક ઈરાદો નથી કર્યો એટલે કંઈ ભારે પ્રાયશ્ચિત્તની આવશ્યકતા નથી રહેતી. જે દિવસે સ્વપ્નદોષ થઈ આવે તે દિવસે ખોરાક હલકો ખાવો, અથવા એક વખત ખાવાનું છોડી દેવું અથવા સ્વપ્નદોષ માલૂમ પડે ત્યારે ઊઠીને કટિસ્નાન કરી લેવું. તે ન બને તો અશુદ્ધ થયેલો ભાગ સાફ કરી રામનામ જપવું. આટલું શૌચ પણ પૂરતું પ્રાયશ્ચિત્ત હોય. તે વખતે આપણી માનસિક વૃત્તિ કેવી છે તે ઉપર આધાર રહે કે શું કરવું. આટલી શુદ્ધિ કર્યા બાદ દુ:ખી ન થવું. વિચાર ન કર્યા કરવા. આપણી ક્યાંયે ખાવામાં, વાંચવામાં, વિચારવામાં કે સંગ કરવામાં ભૂલ થઈ ગઈ હોય તો તે ફરી ન કરવી. ઈરાદા વિના થયેલા સ્વપ્નદોષથી તો કેવળ નિર્વિકાર મનુષ્ય જ અથાગ પ્રયત્ને બચી શકે છે.

રાત્રિભોજન અને કાચરકૂચર ખાવાનું છોડવું, સ્વાદને અર્થે કંઈ ન લેવું. જે ખાધા વિના ચાલે નહીં તેનાથી જે સ્વાદ મળે તેથી સંતોષ રાખવો.

બાપુના આશીર્વાદ

[તા. ક.]

તમારા ભાઈનો હજુ પત્તો નથી.

ફરી નથી તપાસ્યું.

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : એસ. એન. ૯૪૯૧

૧. જુઓ "પંજાબમાં ખાદી", ૯–૧૨–૧૯૨૬.

Gandhi Heritage Portal

## ૧૫૪. હરદયાળ નાગને પત્ર

[ડિસેમ્બર ૧૭, ૧૯૨૬][1]

પ્રિય ભાઈ,

તમારો પત્ર[2] મળતાં આનંદ થયો. ગૌહત્તી ખાતે હું શું કરીશ તે જાણતો નથી. અંતર્યામી દોરશે તેમ કરીશ.

ના, બંગાળમાં રેંટિયો પડી ભાંગ્યો નથી. ચાંદપુરમાં એમ બનતું હોય ખરું. બંગાળમાં ખાદીનું ઉત્પાદન તેમ જ વેચાણ એકધારાં વધી રહ્યાં છે.

તમારી તબિયત સારી રહેતી ન હોય તો તમને ગૌહત્તી આવવાની તસ્દી આપવી ઠીક નથી એમ માનું છું. ત્યાં હું જે કરીશ તેની લોકોને અવશ્ય જાણ થશે જ. પણ ત્યાં કંઈ ધડાકો થશે એવી ધારણાથી કે ખાદી સિવાય બીજો કોઈ અસહકારનો કાર્યક્રમ ત્યાં ચર્ચાશે એવી ધારણાથી ગૌહત્તી આવવા તસ્દી ન લેવાની મેં બધા અસહકારીઓને સલાહ આપી છે.

[મૂળ અંગ્રેજી]

ફૉરવર્ડ, ૨૪-૧૨-૧૯૨૬

## ૧૫૫. એસ. હિગિનબૉટમને પત્ર

આશ્રમ,
સાબરમતી,
ડિસેમ્બર ૧૭, ૧૯૨૬

પ્રિય મિત્ર,

તમારો પત્ર મળ્યો. એ દેખીતું છે કે વિચારોની અસર થતી હોય છે, કદાચ બોલાયેલા શબ્દ કરતાં એ અસર ઘણી સબળ હોય છે. કારણ, તમે જો મારે વિશે આટલો બધો વિચાર કર્યો, જેને માટે હું ઘણો આભારી છું, તો મેં પણ તમને ઓછા સંભાર્યા નથી અને મેં તમારે વિશે અને તમારા કામ વિશે ઘણાને વાત કરી છે.

મને નથી લાગતું કે નજીકના ભવિષ્યમાં અલ્લાહાબાદ આગળથી પસાર થવાનો મારે કંઈ જોગ ખાય. ને અત્યારે તો મારી સામે એક લાંબો પ્રવાસ પડયો છે. પણ ફેબ્રુઆરીની આખરમાં હું ઘણું કરીને આશ્રમમાં હોઈશ. એ વખતે તમે ત્યાં એકબે દિવસ રહી જાઓ તો આપણને નિરાંતે વાતો કરવાનો સમય મળે. તમે આશ્રમની પ્રવૃત્તિઓ પ્રત્યક્ષ જોઈ શકો અને અમારા ખેતીકામમાં તમારી કીમતી સલાહનો લાભ પણ અમને આપી શકો.

તમારો સહૃદયી

સૅમ હિગિનબૉટમ
અલ્લાહાબાદ ઍગ્રિકલ્ચરલ ઇંન્સ્ટિટયૂટ
અલ્લાહાબાદ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : જી. એન. ૮૯૩૫

૧. મૂળ પ્રમાણે.
૨. પત્રલેખકે ગૌહત્તી કૉંગ્રેસનો ગાંધીજીનો કાર્યક્રમ જાણવા માગ્યો હતો.



Gandhi Heritage Portal

## ૧૫૬. વર્ધાની જાહેર સભાને સંદેશો[1]

ડિસેમ્બર ૧૯, ૧૯૨૬

સંત પુરુષ ઍન્ડ્રૂઝની અપીલને માન આપી તમે પ્રાર્થનાસભા રાખી છે એ જાણી મને આનંદ થયો છે. દક્ષિણ આફ્રિકામાંનો પ્રશ્ન અસ્પૃશ્યતાનિવારણનો પ્રશ્ન છે. અત્યારે દક્ષિણ આફ્રિકામાં ભરાઈ રહેલા સંમેલનના કામની ફક્ત ભારતીઓ ઉપર નહીં, પણ બધા એશિયાઈઓ, હબસીઓ અને બીજાઓ ઉપર પણ દૂરગામી અસર પડશે. આપણે પરમેશ્વરને પ્રાર્થના કરીએ કે સંમેલનના સભ્યોમાં તે ડહાપણ પ્રેરે અને ન્યાયનો રસ્તો લેવાય.

[મૂળ અંગ્રેજી]

बॉम्बे क्रॉनिकल, २२–१२–१९२६

## ૧૫૭. મીરાંબહેનને પત્ર

ડિસેમ્બર ૧૯, ૧૯૨૬

ચિ. મીરાં,

તારા મજાના પત્રો મને મળતા રહે છે. લાંબો કાગળ લખવાનો તો અત્યારે વખત જ ક્યાં છે? રોમાં રોલાં પર પત્ર લખીશ ત્યારે તે તારી મારફતે જ જશે. પણ તેમને પત્ર લખવાની જરૂર છે એમ તને લાગે છે ખરું? શ્રીમતી ગડોદિયા સાથે તને પરિચય થયો જાણી મને આનંદ થયો. તારે લાંબે સુધી ફરવા જવાનું રાખવું જોઈએ.

સસ્નેહ,

તારો

બાપુ

[મૂળ અંગ્રેજી]

મૂળ પત્ર પરથી : સી. ડબલ્યુ. ૫૧૯૨; શ્રીમતી મીરાંબહેનના સૌજન્યથી

૧. એ સભામાં ગંગાધરરાવ દેશપાંડે પ્રમુખસ્થાને હતા. સંદેશો મહાદેવ દેસાઈએ વાંચી સંભળાવ્યો હતો.

Gandhi Heritage Portal

## ૧૫૮. રાજકિશોરી મેહરોત્રાને પત્ર

વર્ધા,
સોમવાર, [ડિસેમ્બર ૨૦, ૧૯૨૬ કે તે પહેલાં][1]

ચિ. રાજકિશોરી,

તારી સાથે ઘણી ઘણી વાતો કરવી હતી પણ વખત ન મળ્યો. પરશુરામ પાસેથી જાણવા મળ્યું કે તારું ચિત્ત આશ્રમમાં શાંત રહેતું નથી. તને આશ્રમમાં પરાણે રાખવાનો પરશુરામનો ઈરાદો નથી. તને બીજી કોઈ જગ્યાએ રહેવાનું મન હોય તો તું ત્યાં રહી શકે છે. પરશુરામને તારે આશ્રમમાંથી નીકળી જવા મજબૂર કરવા ન જોઈએ. પરશુરામ તારા ભરણપોષણ માટે બંધાયેલા છે, તારી સાથે રહેવા માટે નહીં. જો તારું દિલ એ જ્યાં રહે ત્યાં રહેવાનું ન હોય તો પત્ની પતિની પાછળ જાય છે, પતિ પત્નીની પાછળ જઈ શકતો નથી. કારણ, આજીવિકાને ખાતર કે આત્મવિકાસ અર્થે કોઈ વાર બીજી જગ્યાએ જવાનું તેને માટે જરૂરી બનતું હોય છે.

તારી તથા છોકરાંઓની તબિયત સારી હશે. તારા વિચાર કશા સંકોચ વિના મને લખજે.

બાપુના આશીર્વાદ

[મૂળ હિન્દી]

મૂળ પત્ર પરથી : સી. ડબલ્યુ. ૪૯૫૩; શ્રી પરશુરામ મેહરોત્રાના સૌજન્યથી.

## ૧૫૯. પરશુરામ મેહરોત્રાને પત્ર[2]

મૌનવાર [ડિસેમ્બર ૨૦, ૧૯૨૬ કે તે પહેલાં][3]

"સોંપેલું કામ કરતા રહો. સૂચનાઓ મોકલું છું."

ઉપરનો તાર મળ્યો હશે. કામમાં ખૂંપ્યા રહો. પહેલાંની પેઠે તમારાં માતપિતાને પૈસા મોકલતા રહેશો. યંગ ઇન્ડિયા તથા હિંદી શિક્ષણનું કામ કરતા રહો. વિશેષ, રૂબરૂમાં. ફિકરચિંતા બંધ કરશો.

બાપુના આશીર્વાદ

[તા. ક.]

ખબરદાર, તમારે, રાજકિશોરીએ કે બાળકોએ માંદા પડવાનું નથી.

હું ૨૧મીએ વર્ધાથી રવાના થઈશ.

[મૂળ હિન્દી]

મૂળ પત્ર પરથી : સી. ડબલ્યુ. ૪૯૫૭; શ્રી પરશુરામ મેહરોત્રાના સૌજન્યથી

૧. અને ૩. શ્રી પરશુરામ મેહરોત્રાની યાદદાસ્તને આધારે.
૨. પત્રનું પહેલું પાનું મળી શક્યું નથી.

Gandhi Heritage Portal

# ૧૬૦. આશ્રમની બહેનોને પત્ર

મૌનવાર, માગશર સુદ ૧, [૧૯]૮૩ [ડિસેમ્બર ૨૦, ૧૯૨૬]

બહેનો,

તમારા વતી ચિ. રાધાના[1] કાગળ પહોંચ્યા છે. પૂ. ગંગાબહેન પ્રમુખ નિમાયાં એ યોગ્ય જ થયું છે. પણ પ્રમુખ નીમ્યા પછી તેને તે પદ શોભાવવામાં મદદ કરવી રહી છે, એ તરફ તમારું ધ્યાન ખેંચું? તમે નિરક્ષર બહેનને પ્રમુખ નીમીને સદ્વર્તનને, ત્યાગને પ્રધાનપદ આપ્યું છે. એમ જ હોવું જોઈએ. સદ્વર્તન વિના અક્ષરજ્ઞાન નકામું છે. એ વિશે કદી શંકા ન લાવજો.

પ્રમુખ એટલે મોટી સેવિકા. રાજાને હુકમ કરવાનો અધિકાર તો ત્યારે જ મળે છે કે જ્યારે તે સેવા કરવાની શક્તિમાં સહુથી ઊંચે ગયો હોય. જે હુકમ તે કરે તે પોતાના સ્વાર્થને અંગે ન હોય પણ સમાજના ભલાને અંગે. આજકાલ તો ધર્મને નામે અધર્મ ચાલે છે. એટલે રાજાઓ ત્યાગી હોવાને બદલે ભોગી થઈ બેઠા છે, ને તે ભોગને અંગે હુકમ ચલાવતા રહ્યા છે. પણ તમે તો ગંગાબહેનને ધાર્મિક દૃષ્ટિથી પ્રમુખ નીમ્યાં છે. એટલે તમે બધી સેવિકા થવાનો પ્રયત્ન કરનારી છો તેમાં ગંગાબહેન મુખ્ય સેવિકા છે એમ તમે ઠરાવ્યું.

યાદ રાખજો કે તમે બધી બહેનો હિંદમાતાને સૂતરને તાંતણે બંધાઈ છો. સૂતરને ભૂલશો તો સેવાને પણ ભૂલશો. તેથી રેંટિયો ન ભૂલશો. રામ તો આજે રેંટિયામાં જ વસે છે. ચોમેર ભૂખમરાનો દાવાનળ બળી રહ્યો છે, તેમાં હું રેંટિયા સિવાય બીજો કશો આધાર નથી જોતો. ભગવાન કંઈક મૂર્તરૂપે જ આપણને દેખાય છે. તેથી જ દ્રૌપદીને વિશે આપણે ગાઈએ છીએ, 'વસનરૂપ ભયે શ્યામ.' જેને જોવા હોય તે આજે તેને રેંટિયારૂપે જોઈ લે.

હું મારી હદ ઓળંગી ગયો છું. મારે બે પાનાંથી આગળ નહોતું જવું. અતિ લોભ કરું તો ન પહોંચાય.

મીરાંબહેનના બધા કાગળો હું ચિ. મગનલાલને મોકલ્યા કરું છું. તે બધી બહેનો ધ્યાનપૂર્વક સાંભળો, સમજો ને વિચારો, એમ ઇચ્છું છું. મારી નજરે એ અત્યારે આપણી પાસે આદર્શ કુમારિકા છે.

તમને હાંસિયાવાળા સારા કાગળ ઉપર લખવાનું કહીને રાધાએ મારી ઉપર ઠીક બોજો મૂક્યો છે. ઉપાડાય ત્યાં લગી ઉપાડીશ.

મારી તબિયત વિશે હુ કાંઈ લખતો નથી કેમ કે તે બહુ સારી છે. જમનાલાલજીએ ને જાનકીબહેને મને ખૂબ બચાવીને શાંતિ આપી છે. મારું વજન ચાર રતલ વધ્યું જણાય છે. બરોબર ખાઈ શકાય છે. બાએ બનાવેલી પ્રસાદી હમેશાં ચાખું છું. તે હજુ લગી ચાલે છે.

૧. મગનલાલ ગાંધીનાં પુત્રી.

Gandhi Heritage Portal

હું અહીંથી કાલે નીકળીશ, મુંબઈથી મીઠુબહેન,[1] જમનાબહેન, અને પેરીનબહેન[2] ખાદીના કામ સારુ આવે છે. તેને હું ગોંદિયા[3] ભેળો થઈ જઈશ. ગોંદિયા ક્યાં છે એ તમારે નકશામાં જોઈ લેવું જોઈએ.

દક્ષાબહેન અને જર્મનબહેન કાલે ગયાં. એક બારડોલી, ને બીજાં કાશી.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : જી. એન. ૩૬૩૦ તથા बापुना पत्रो – १ : आश्रमनी बहेनोने, પા. ૪-૫

## ૧૬૧. ઘનશ્યામદાસ બિરલાને પત્ર

સોમવાર [ડિસેમ્બર ૨૦, ૧૯૨૬][4]

ભાઈ ઘનશ્યામદાસજી,

તમારા બે પત્રો મળ્યા છે. ભાઈશ્રી પ્રકાશનો મૂળ પત્ર પરત કરું છું.

તમારી પ્રવૃત્તિનું સીધુંસાદું વર્ણન વાંચી આનંદ થયો. ચૂંટણીથી આપણી હવા દૂષિત થઈ છે. મેં તો આ બહુ જોઈ લીધું. આટલું કર્યા પછી દેશને લાભ નહીં, હાનિ જ થવાની છે. પણ ધારાસભામાંથી નીકળી જવાની સલાહ હું તમને આપી શકતો નથી. તટસ્થ રહેવાનો અર્થ એ કે હમેશાં બને છે તેમ કોઈનું દબાણ હોય એમાં એક પણ મત તમે ન આપો.

તમે મને જે ખાતરી આપી તેની જરૂર ન હતી. કારણ, મને તમારા શુભ પ્રયત્નમાં શ્રદ્ધા છે. તોપણ તમારી ખાતરી મને ગમી.

કલકત્તા હું ૨૩મીએ પહોંચી તે જ દિવસે ગૌહત્તી જવા ઊપડીશ. મુકામ ભાઈ ખંડેલવાલને ત્યાં રાખીશ. હું કલકત્તા આવ્યો હતો ત્યારે તે મળવા આવ્યા હતા. ફરી કલકત્તા આવીશ ત્યારે કંઈ રાજકારણ નહીં હોય તો તમારે ત્યાં ઊતરવાનું રાખીશ એમ મેં એમને કહ્યું હતું, તેના ઉપર એ મંડ્યા છે. એટલે એમને ત્યાં મુકામ રાખવો પડશે. તમે ગૌહત્તી આવવાના છો?

તમારો

મોહનદાસ

[મૂળ હિન્દી]

મૂળ પત્ર પરથી : સી. ડબલ્યુ. ૬૧૪૧; શ્રી ઘનશ્યામદાસ બિરલાના સૌજન્યથી

૧. મીઠુબહેન પિટીટ.

૨. પેરીનબહેન કૅપ્ટન.

૩. અત્યારે ગોંદિયા મધ્યપ્રદેશમાં આવ્યું છે. ગાંધીજી ત્યાં ૧૯૨૬ના ડિસેમ્બરની ૨૨મીએ ગયા હતા.

૪. ગૌહત્તી જતાં ૨૩મી તારીખે કલકત્તા પહોંચવાના પત્રમાંના ઉલ્લેખ પરથી ૨૦મી ડિસેમ્બરવાળા સોમવારે આ પત્ર લખાયો હશે એમ જણાય છે.

Gandhi Heritage Portal

## ૧૯૨. વર્ધાની જાહેર સભામાં ભાષણ[1]

[ડિસેમ્બર ૨૦, ૧૯૨૬][2]

માણસથી જેટલો વિચાર થઈ શકે તેટલો વિચાર મેં મારી શાંતિના સમયમાં કરી લીધો છે, અને આજે પણ હું માનું છું કે ત્રણ વસ્તુ જેમાં આબાલવૃદ્ધ, સ્ત્રીપુરુષ, સરકારી અને અસરકારી સૌ માણસો ભેગાં થઈ શકે છે એ ત્રણ વસ્તુ થાય તો રામરાજ્ય આજે મળે.

અસ્પૃશ્યતાનિવારણ, ખાદી અને હિંદુમુસ્લિમ ઐક્ય વિના સ્વરાજ અશક્ય છે એ વિશ્વાસ કાયમ છે, એટલું જ નહીં પણ વધી શકતો હોય તો વધ્યો છે એમ કહીને તેમણે કહ્યું:

આ મારા વિશ્વાસની ટીકા કરતાં અનેક મિત્રો મને અનેક વાતો કહે છે તેની ઉપર હું વજન નથી આપી શકતો. પણ હું એ વિશ્વાસને બળાત્કારે કે હઠપૂર્વક વળગી રહ્યો છું એમ ન માનજો. આ દુનિયામાં એવી એક પણ વસ્તુ નથી કે જે હિંદુસ્તાનના કલ્યાણને માટે હું ન છોડી શકું. માત્ર બે વસ્તુ છે જે છોડીને હિંદુસ્તાનનું ભલું થતું હોય તોયે તે મને નકામું છે. કારણ મારે માટે ઈશ્વર અને સત્યમાં ફરક નથી, શાંતિ(અહિંસા)ને છોડીને સત્યને ઢૂંઢવાનો બીજો માર્ગ હું નથી જાણતો. સત્યને એટલે ઈશ્વરને છોડીને હિંદુસ્તાનનું ભલું નથી ચાહતો કારણ મને વિશ્વાસ છે કે જે માણસ ઈશ્વરને ભૂલી શકે છે તે દેશને ભૂલી શકે છે, માતપિતાને ભૂલી શકે છે, પત્નીને પણ ભૂલી શકે છે. એટલે સત્ય અને શાંતિ વિના હિંદુસ્તાનનું ભલું મારે માટે 'નાજાયઝ'—ત્યાજ્ય છે. મને આટલો વિશ્વાસ છે એટલે જ ખાદી વિનાનાં આટલાં બાળકો અને માણસો જોઈને મને દુઃખ થાય છે. ત્રણ છોકરાઓએ 'વંદે માતરમ્'નું ગીત સંભળાવ્યું 'વંદે માતરમ્'નો અર્થ એ કે આપણી ભારતમાતાની વંદના કરીએ છીએ. એ વંદના તો તે જ કરી શકે કે જેને દેશને માટે પ્રેમ હોય, જેને ગરીબને માટે પ્રેમ હોય. જેને ગરીબે તૈયાર કરેલી ખાદી માટે મમતા હોય. એટલું હું તમને સૌને કહું છું કે તમે કાલથી પરિવર્તન કરો. બાળકોને ખાદી પહેરવાનો ધર્મ સમજાવ્યા વિના તમે કાંતવાનું શી રીતે કહી શકશો? જર્મની, ઈટલી, ફ્રાંસમાં બાળકોને કેવી તાલીમ અપાય છે તે તમે જાણો છો? તેમને શું શીખવાય છે તે તમે જાણો છો? તેમને દેશસેવાના પહેલા પાઠ મળે છે, અને તે તેમના જીવનમાં કાયમ રહે છે. એટલે મેં જો દેશસેવા કરી છે એમ તમે માનતા હો તો આટલી ત્રણ સીધી, દીવા જેવી વાત ન કરો? અસ્પૃશ્યોને અપનાવો, ગરીબની બનાવેલી ખાદી પહેરો અને હિંદુમુસલમાન હળીમળીને રહો.

આ કહેવાનો સમય નથી, કરવાનો સમય છે. માણસ ક્યાં સુધી કહ્યા કરે? સો વખત કહે, બસેં વખત કહે, આખરે તો તે કરીને જ બતાવે. આખું હિંદુસ્તાન પોકારીને કહે કે ગાંધી જે કહે છે તે નકામી વાત છે. મિયાંમહાદેવની દોસ્તી ન થઈ શકે, તોપણ હું કહીશ કે તે ખોટું છે, હું સાચો છું, હિંદુમુસલમાન એક થઈ શકશે જ. જો ખુદા, ઈશ્વર, સત્ય જેવી એકે વસ્તુ હોય તો હું કહું છું કે હિંદુમુસલમાન ઐક્ય પણ સત્ય વસ્તુ છે. ખાદીને હિંદુસ્તાન બાળી નાખે

૧. મહાદેવ દેસાઈના સાપ્તાહિક પત્રમાંથી.
૨. મહાદેવ દેસાઈએ આપ્યા પ્રમાણે.

Gandhi Heritage Portal

અને કહે, 'એમાં કશું નથી.' તોયે હું કહીશ કે રેંટિયામાં જ ઉદ્ધાર છે, હિંદુસ્તાન પાગલ થઈ ગયું છે. અને એ જ પ્રમાણે અનેક હિંદુઓ મારી પાસે આવીને મોટાં મોટાં શાસ્ત્રો, અને સ્મૃતિઓ લાવીને ટાંકશે અને કહેશે કે સનાતન ધર્મમાં અસ્પૃશ્યતાને સ્થાન છે, તોયે હું તેમને કહીશ કે તમારી સ્મૃતિ, તમારાં શાસ્ત્રો જૂઠાં છે, અને હું સાચો છું. આ પ્રમાણે મારો કલમો, મારી ગાયત્રી માનું છું તે સુણાવીને મારો સત્યાગ્રહી હોવાનો દાવો સુણાવીશ કે જેથી ઈશ્વર કહેશે કે આ મારા બંદાએ જે સંભળાવવાની વાત હતી તે સાચેસાચી સંભળાવી દીધી છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૬-૧૨-૧૯૨૬

## ૧૬૩. રામેશ્વરદાસ પોદ્દારને પત્ર

ટ્રેનમાં,
મંગળવાર [ડિસેમ્બર ૨૧, ૧૯૨૬][1]

ભાઈ રામેશ્વરજી,

તમારો પત્ર મળ્યો. રૂ. ૫૦ પણ મળ્યા. વર્ધા ન આવવામાં કોઈ ગુનો થયો નથી. થયો હોય તો પૈસા મોકલીને તમે પ્રાયશ્ચિત્ત કરી લીધું છે. પૈસા અમૃતલાલજીને મોકલી આપું છું. તમે રામનામ લેતા રહેશો.

તમારો
**મોહનદાસ**

[મૂળ હિન્દી]

પત્રની છબી પરથી : જી. એન. ૧૮૭

## ૧૬૪. મણિબહેન પટેલને પત્ર

ગોંદિયા,
[ડિસેમ્બર ૨૧, ૧૯૨૬][1]

ચિ. મણિ,

તમારી લાગણી હું જાણું છું. પણ કંઈ મારી જ સાથે જન્મભર થોડું જ રહેવાય છે? મારા કામની સાથે રહેવાય. એટલે તેને સારુ તૈયાર થઈ જવું. ત્યાં એક પણ મિનિટ નકામી ન જવા દેજો. મને લખ્યા કરવું. મારાથી બનશે તેમ હું લખીશ.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

બાપુના પત્રો – મણિબહેન પટેલને, પા. ૩૯

૧. ટપાલની છાપ ૨૨-૧૨-૧૯૨૬ બતાવે છે, જે દિવસે બુધવાર હતો.

Gandhi Heritage Portal

## ૧૬૫. અમરાવતીના વ્યાયામમંદિરના ઉદ્‌ઘાટન પ્રસંગે ભાષણ[1]

[ડિસેમ્બર ૨૧, ૧૯૨૯][2]

આજે જે વ્યાયામના ખેલ મેં જોયા તે બહુ સરસ હતા. તેને માટે ડૉકટર પટવર્ધનને અને ખેલાડીઓને ધન્યવાદ આપું છું. તમે સૌ જાણો છો કે હું મર્યાદિત કામ કરનારો છું, બહુ પ્રવૃત્તિઓમાં દખલ દેવી એ મારું કામ નથી. પણ જ્યારે ડૉકટર પટવર્ધને મને વિનંતી કરી ત્યારે હું તેમને ના ન પાડી શકયો. આ વ્યાયામમંદિરમાં મને કહેવામાં આવ્યું છે કે હિંદુ તેમ જ મુસલમાન સૌને આવવાની તક મળે છે અને મુસલમાન ખેલાડીઓ છે, અને એ ઉપરાંત અસ્પૃશ્ય વિદ્યાર્થીઓ પણ છે એ જાણીને મને બહુ આનંદ થાય છે.

આપણાં શાસ્ત્ર બતાવે છે કે જે વિદ્યાર્થી વ્યાયામ લેવા માગે છે અને તેનો સદુપયોગ કરવા માગે છે તેણે બ્રહ્મચર્ય પાળવું જોઈએ. મેં આખા હિંદુસ્તાનમાં ભ્રમણ કર્યું છે એમ કહું તો ચાલે. હિંદુસ્તાનની દુઃખી હાલત હું જાણું છું, પણ સૌથી વધારે દુઃખદાયક વાત એ છે કે આપણે ત્યાંના યુવાનોનાં શરીર શક્તિહીન છે. બાળવિવાહની કુપ્રથા જ્યાં ચાલુ છે, અને તેને પરિણામે પ્રજા ઉત્પન્ન થવી ચાલુ છે ત્યાં વ્યાયામ અસંભવિત થઈ જાય છે. વ્યાયામને માટે પણ થોડીઘણી શારીરિક સંપત્તિ જોઈએ. ક્ષય રોગીને વ્યાયામ કરવાની સલાહ કોણ આપશે? હા, એક હલકો વ્યાયામ તેને અપાય, પણ આજે જે દાવો તમે જોયા તેવા તો તેને માટે અશકય છે. એટલે આપણે જો હિંદુસ્તાનની, અને હિંદુજાતિની ઉન્નતિ ચાહતા હોઈએ તો બાળવિવાહની દુષ્પ્રથા નાબૂદ થવી જોઈએ. મનુ મહારાજે કહ્યું છે તેમ દરેક વિદ્યાર્થીએ ૨૫ વર્ષ સુધી તો અખંડ બ્રહ્મચર્ય પાળવું જ જોઈએ. આ બે શરત પૂરી પડતી ન હોય તો ગમે તેવો વ્યાયામ નિરર્થક થઈ પડે.

પણ ત્રીજી વાત. મારી પ્રતિજ્ઞા છે, મારો ધર્મ છે કે હું કોઈ પણ અશાંતિના કાર્યમાં હિસ્સો ન લઉં. અહિંસાધર્મ એ સનાતન ધર્મ નથી એમ કોઈ ભલે કહે. મારે માટે એ જ સનાતન માર્ગ છે, બીજો નથી. મારા જેવો અહિંસાનો ઉપાસક અહીં કેમ આવી શકે એવી કોઈને શંકા થશે, પણ થવાની જરૂર નથી. અહિંસાનો અર્થ હિંસાશક્તિનો ત્યાગ છે. હિંસાશક્તિ જેનામાં ન હોય તે અહિંસક ન થઈ શકે. અહિંસાની તો ઉપાસના કરવી પડે છે, એ એની મેળે લાધે એવી વસ્તુ નથી. કારણ હું કહી ગયો તેમ એ તો એક પ્રચંડ શક્તિ છે. હિંસા કરવાની સંપૂર્ણ શક્તિ હોય તો જ અહિંસક થવાનો અવકાશ રહે છે. એ શક્તિ મેળવવાને માટે બળ જ કેળવવું જોઈએ એમ હું નથી માનતો. પણ બાળકોને કે જુવાનોને ક્ષીણ કરીને, તેમનાં શરીર ક્ષીણ કરીને તો તેમને અહિંસક ન બનાવી શકાય એમ હું માનું છું. યુવાનોના હાથમાંથી હથિયાર છીનવી લઈને તેમને અહિંસક ન બનાવી શકાય. આ રાજ્યના ઘણા ગુનાઓમાંનો એક ગુનો

૧. મહાદેવ દેસાઈના "સાપ્તાહિક પત્ર"માંથી.

૨. મહાદેવ દેસાઈ લખે છે: "વર્ષભરનું મૌન તે જ સ્થળે (વર્ધામાં) ૨૦મીની સાંજે તોડયું અને ગઈ કાલે સક્રિય પ્રવાસ શરૂ કર્યો. અમરાવતી, નાગપુર અને ગોંદિયાની મુલાકાત લીધી...." ૨૧મી ડિસેમ્બરે ગાંધીજી નાગપુર હતા. તેઓ તે જ દિવસે સવારે અમરાવતી જઈ આવ્યા હોય.

Gandhi Heritage Portal

એ છે કે તેણે આપણી પાસે હથિયાર લઈ લીધાં છે, અને તે આપણને અહિંસક બનાવવા નહીં પણ શક્તિહીન બનાવવા માટે. હું તો હિંદુસ્તાનને શક્તિવાન થયેલું જોવા ઇચ્છું છું.

આ વ્યાયામમંદિર મને પસંદ છે, પણ એક પણ વ્યાયામમંદિર મુસલમાન, ખ્રિસ્તી કે હિંદુ કે કોઈ પણ જાતિના ધ્વંસને માટે બનાવવામાં આવે તો તેને માટે મારા આશીર્વાદ ન હોય. પણ જે વ્યાયામમંદિર દ્વારા બધી કોમનું, બધા ધર્મનું સંગઠન હોય, જે વ્યાયામમંદિર અહિંસા-ધર્મનું રહસ્ય સમજવા માટે હોય, તેને માટે મારો સદાય આશીર્વાદ છે. આ વ્યાયામમંદિર એવા ઉદ્દેશથી સ્થપાયેલું છે એવો વિશ્વાસ મને આપવામાં આવ્યો અને એ વિશ્વાસથી હું અહીં આવ્યો છું.

હું તમને ધન્યવાદ આપું છું, અને તમારી વૃદ્ધિ ચાહું છું. તમે વિદ્યાર્થીઓ સાચા બનો, બ્રહ્મચર્ય પાળો, ધર્મનું રક્ષણ કરો અને હિંદુસ્તાનને તેજસ્વી બનાવો એવી મારી ઈશ્વર પ્રત્યે પ્રાર્થના છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૬–૧૨–૧૯૨૬

# ૧૯૬. નાગપુરની જાહેર સભામાં ભાષણ[૧]

ડિસેમ્બર ૨૧, ૧૯૨૬

મહાત્માજીએ લોકોને ટિળક વિદ્યાલયને નાણાંની મદદ કરવા અનુરોધ કર્યો. એમણે ખાદી પરની પોતાની શ્રદ્ધા ફરી વાર ભારપૂર્વક ઉચ્ચારીને કહ્યું કે જો લોકો મારી સલાહને અનુસરવા ખુશી હોય તો થોડાં જ વરસમાં સ્વરાજ મળી જાય. લોકોને પરદેશી કાપડ પહેરતા જોઈને પોતાને થતું દુઃખ તેમણે વ્યક્ત કર્યું અને 'મહાત્મા ગાંધીકી જય'ના પોકારો સાંભળીને પણ પોતાને આવતા કંટાળાની તેમણે વાત કરી. એઓ બોલ્યા કે મારે તો ખરું કામ જોઈએ. આજ સવારથી મેં સક્રિય કાર્ય આરંભ્યું છે અને રેંટિયાનો સંદેશો લોકોને સમજાવવા હું ભારતનો એક છેડાથી બીજા છેડા સુધીનો પ્રવાસ કરવાનો છું.

[મૂળ અંગ્રેજી]

फॉरवर्ड, २२–१२–१९२६

૧. આ સભા ટિળક વિદ્યાલયના સાતમા સ્થાપના દિને ચિટણીસ પાર્કમાં ભરાઈ હતી.

Gandhi Heritage Portal

## ૧૬૭. ગંગા અને જમુનાનો સંદેશો

એક મિત્ર આમ લખે છે :[1]

આપણે ત્યાં આ બે કરતાંય વધુ ગંગાઓ અને જમુનાઓ છે. અલબત્ત, એનાં નામ જુદાં છે. ઉત્તરથી દક્ષિણ અને પૂર્વથી પશ્ચિમ આપણાં વિશાળ મેદાનોને તે પાણી પાઈ રહી છે. આ મિત્રને ગંગા અને જમુનાએ સંભળાવેલો સંદેશો ભારતની મોટી નદીઓ તેના નિવાસીઓને આપી રહી છે. એ કંઈ એકમાત્ર સંદેશો નથી. આપણે જેમાં રહીએ છીએ તે ભૂમિને ખાતર આપણે કેવું બલિદાન આપવું જોઈએ તેની તે યાદ આપી રહે છે. પળે પળે એ નદીઓ જેમ શુદ્ધિની પ્રક્રિયામાંથી પસાર થઈ રહે છે તેમ આપણને પણ સતત આત્મશુદ્ધિ કરતા રહેવાની તે યાદ આપે છે. દશેક વર્ષ પર મેં લખેલું કે હિંદુ ધર્મની ગાયત્રીની પ્રાર્થના ગંગાએ આપેલી અમૂલ્ય ભેટ છે. તેનાં ચળકતાં પાણીએ પ્રાચીન ઋષિઓને પ્રેરણા આપી હશે. આજની ધમાલમાં નદીઓનો મુખ્ય ઉપયોગ તેમાં ગટરો ઠાલવવામાં અને માલવાહી વહાણો ચલાવવામાં થાય છે અને એમ કરવાથી તે ખરાબ થતી જાય છે. એના કાંઠા પર લટાર મારવાની અને તેના ખળખળ પ્રવાહના ધીમા સંગીતમાં જે સંદેશો તે સંભળાવી રહી છે તેને મૂક ધ્યાનમાં રહી અંતરમાં ઉતારવાની આ મિત્રને મળી તેવી નવરાશ આપણને મળતી નથી.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २३-१२-१९२६

## ૧૬૮. નોંધ

### અખિલ હિંદ ચરખા સંઘના ઠરાવો

વર્ધા ખાતે ૧૩થી ૧૬ ડિસેમ્બર ૧૯૨૬ના દિવસોમાં ભરાયેલી તેની બેઠકમાં અખિલ હિંદ ચરખા સંઘની કાઉન્સિલે નીચેના ઠરાવ પસાર કર્યા હતા :

૧. અખિલ હિંદ ચરખા સંઘ વડે અથવા પ્રાંતિક શાખાઓ વડે સીધાં ચલાવાતાં બધાં વેચાણ કેન્દ્રોને બીજા ડેપો સાથે છૂટક વેચાણમાં કે જથ્થાબંધ વ્યવહારમાં ઉધાર વેચાણ ન કરવાની કડક સૂચના આપવી.

૨. વેચવા માટે જે માલ લઈ જાય તેના પર ફેરિયાઓ પાસેથી તેની કિંમત જેટલી રોકડ જામીનગીરી લેવી. છતાં, ખાસ કેસોમાં સારા ફેરિયા આવી જામીનગીરી ભરવા અશક્ત હોય તો તેમની પાસેથી અંગત જામીનો લઈ શકાય. બધા સંજોગોમાં ફેરિયાને આવી કડક સૂચના તો આપવી જ કે કોઈ પણ હિસાબે ઉધાર વેચાણ તેઓ કરે નહીં અને વખતોવખત હિસાબ ચૂકવી જાય. કોઈ પણ સમયે વેચેલા માલનાં રોકડ નાણાં તે જમા ન કરાવે

૧. પત્ર અહીં આપ્યો નથી. પત્રલેખકે જમના નદીએ પોતાને કેવા આનંદોલ્લાસનો અનુભવ કરાવ્યો તે એની અંદર વર્ણવ્યું હતું.

Gandhi Heritage Portal

અથવા માલની સિલકનો મેળ મળે નહીં, તો ફેરિયાને તરત જ છૂટો કરી દઈ તેની સામે લેણા પૈસા વસૂલ કરવાનાં પગલાં લેવાં.

૩. ખોટ ખાધા વગર વેચાણકેન્દ્રો ચલાવી શકાય એટલો લોકોનો ટેકો ન મળતો હોય એવાં સ્થળોએ તે ચલાવવાં ઇષ્ટ ન હોવાથી, બધી પ્રાંતિક શાખાઓને સૂચના આપવામાં આવે છે કે બે વરસના અનુભવ પછી જ્યાં એમ જણાય કે વરસમાં થયેલા સમગ્ર વેચાણના ૬¼ ટકાથી વહીવટી ખર્ચ વધી જાય છે, ત્યાં કેન્દ્રો બંધ કરી દેવાં અને ઓછામાં ઓછું એક વરસમાં આ ધોરણે પહોંચી શકાય એમ લાગે ત્યાં જ નવાં કેન્દ્રો ખોલવાં.

૪. વધારે પ્રમાણની બેકારીને કારણે અથવા હાથકાંતણ અને હાથવણાટના ઉદ્યોગ માટેની ખાસ અનુકૂળતાને કારણે ખાદીના ઉત્પાદન માટે વધારે સગવડો હોય એવાં કેન્દ્રો ઉપર જ આપણા પ્રયાસ કેન્દ્રિત કરવાનું હાલ જરૂરી છે. એથી ઠરાવ કરવામાં આવે છે કે કામની યોજનાઓની દરખાસ્ત મોકલતી વેળા પ્રાંતિક એજન્ટો અને મંત્રીઓએ ખોટ કરીને જ ચલાવી શકાય એવાં ઉત્પાદન-કેન્દ્રો ખોલવાનું કે નભાવવાનું માથે લેવું નહીં. પણ ખાદીપ્રવૃત્તિના હિતમાં કોઈ કેન્દ્રો ખોટ ખાઈને પણ ચલાવવાં કે નભાવવાં ઇષ્ટ છે એમ લાગે, ત્યારે એટલું યાદ રાખવું કે આખા પ્રાંતમાં ઉત્પાદન માટે રોકેલી કુલ મૂડીના દસ ટકાથી વધુ રકમનું રોકાણ આવા પ્રારંભિક પ્રયાસમાં કરવું નહીં.

## કેન્યાના હિંદીઓ

છેલ્લાં બાર વર્ષ ને તેથી વધુ સમયથી કેન્યાના હિંદીઓ પાસેથી લેવાતા માથાવેરામાં થયેલા વધારાની ફરિયાદ કરતો કેન્યાના એક વસાહતી શ્રી ડી. બી. દેસાઈનો પત્ર એક બીજા કૉલમમાં છાપ્યો છે.[1] પત્રમાં ઘણી વિગતો આપવામાં આવી છે. એમાં જણાવેલી હકીકત ખરી હોય, તો તે કેન્યાના યુરોપિયનો માટે તેમ કેન્યાની સરકાર માટે શોભાસ્પદ નથી. કેન્યાના હિંદી-ઓએ માથાવેરો વિનાવિરોધે સ્વીકારી લીધો નથી, એ વાચકને યાદ હશે. અલબત્ત, એમનો વિરોધ નિરર્થક હતો. પણ એટલી આશા હતી કે આ અનૈતિક કરમાં વધુ ઉમેરો નહીં કરવામાં આવે. પત્રલેખક સાચા હોય તો ચલણની એક યુક્તિથી જ આ વેરો ૫૦ ટકા વધી ગયો, એટલે ૨૦ શિલિંગમાંથી તે ૩૦ શિલિંગનો થઈ ગયો અને હવે સુધારેલો કાયદો એને ૫૦ શિલિંગે લઈ જાય છે. આ વધારા માટે અપાતાં કારણો સાવ બેહૂદાં દેખાય છે. આ વેરાનાં નાણાં કઈ રીતે વપરાવાનાં છે તે જાણવા વાચકે એ પત્ર વાંચી જવો જોઈએ. કેન્યાના હિંદી-ઓને એવી આશા રાખવાનું અવશ્ય કારણ છે કે લોકો તથા સરકાર તેમની મદદે આવશે અને આ ભેદભાવ કરતા અન્યાયી કાયદાને નામંજૂર કરવાની માગણી કરશે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २३–१२–१९२६

૧. પત્રના પાઠ માટે જુઓ પરિશિષ્ટ ૩.

Gandhi Heritage Portal

# ૧૬૯. ખાદી કર્મચારી મંડળ

અખિલ ભારત ચરખા સંઘની કાર્યવાહક સમિતિએ ત્રણેક મહિના અગાઉ ખાદી કર્મચારી મંડળની યોજનાનો જે કાચો ખરડો બહાર પાડયો હતો તેની અને તે ઉપર આવેલા અભિપ્રાયોની સંપૂર્ણ અને ઝીણવટભરી ચર્ચા કર્યા બાદ પાકા નિયમો ઘડી કાઢ્યા છે જે આ અંકમાં બીજે છાપ્યા છે. દાખલ થવા માટેની અરજીનો નમૂનો તેમ જ નોકરીનું કરારનામું પણ આપ્યાં છે. આ મંડળ જેમને ખાદી પ્રવૃત્તિની સેવા કરવાની ઇચ્છા છે તેમને તેમ કરવાની તક આપે છે અને તેમને માટે એક ઠીક સરખી આજીવિકાની પણ વ્યવસ્થા કરે છે.

નિયમોમાં જે અધ્યાપક મંડળ મૂકેલું છે તે પરીક્ષક મંડળ ગણાશે. આનો અર્થ એમ નથી કે તેમાંના બધા પરીક્ષકો બધા ઉમેદવારોને તપાસશે. પણ નિયમો મુજબ લેવાની જુદી જુદી પરીક્ષાઓ આ મંડળના મુખીએ ચૂંટેલા એક અથવા વધુ પરીક્ષકો લેશે.

એવું સૂચવવામાં આવ્યું હતું કે એકંદરે જે ત્રણ વરસનો અભ્યાસક્રમ રાખવામાં આવ્યો છે તે ઠરાવવામાં આવેલા વેતન સામું જોતાં વધુ પડતો લાંબો છે. પણ બધા સભ્યોનો નિર્ણય એવો જ થયો કે અભ્યાસના વિષય અને પ્રત્યક્ષ કરવાનું કામ જોતાં ત્રણ વરસ વધુ પડતાં ન જ ગણવાં જોઈએ. છેલ્લાં પાંચ વર્ષમાં થયેલા અનુભવે બતાવી આપ્યું છે કે મજકૂર અભ્યાસક્રમમાં આવતી જુદી જુદી ક્રિયાઓ હસ્તગત કરવાને તેના સતત મહાવરાની જરૂર રહે છે. જેઓ એથી ઓછા અનુભવ સાથે ગામડાંઓમાં ખાદીકાર્ય કરવા ગયા છે તેમને મુશ્કેલીઓ પડતી જોવામાં આવી છે. કાંતણકામના શાસ્ત્રમાં ઉત્તરોત્તર સુધારણાને સારુ હમેશાં અવકાશ રહ્યો છે એવો જ અનુભવ થયો છે. વખતોવખત થયેલી શોધોએ બતાવી આપ્યું છે કે આપણામાંના સારામાં સારા કાર્યકર્તાઓ પણ આ કળાની ખિલવણીમાં રોકાય તો તેને સારુ પણ અવકાશ છે. અને તેમ થાય તો જેમને સારુ જ રેંટિયો યોજાયો છે એવા લાખો લોકોની આવક જુદો પ્રયાસ કર્યા વગર અથવા તો સમય આપ્યા વગર લગભગ બમણી કરી શકાય.

આપણી શાળાપાઠશાળાઓમાં આવી હાથકારીગરીઓને સ્થાન નથી એ શોચનીય બીના છે. આથી શાળાપાઠશાળાઓમાં મેળવેલી કેળવણી આ ખાદીમંડળને માટે જરૂરી તાલીમને સારુ નિરુપયોગી છે. તેથી આ મંડળમાં એકાદ ગ્રેજ્યુએટને પણ એકાદા શિખાઉ જુવાનની હારમાં રહીને જ કામ શરૂ કરવું પડે એમ છે. બલકે એવા ડિગ્રીધારી જુવાને ઘણીખરી જગ્યાએ જોવામાં આવે છે તેમ શરીરશ્રમને વિશે જો કશી સૂગ કેળવી હશે તો તે પેલા કાચા જુવાનના કરતાં પણ પાછળ પડશે.

બીજો જે પ્રશ્ન સમિતિ આગળ ખૂબ ચર્ચાયો તે વેતનને લગતો હતો. ખાદી કર્મચારી મંડળની યોજના નિર્ધનોની ભીડને પહોંચવાને સારુ છે. આવા મંડળમાં ઝળહળતા અર્થલાભની આશાઓ આપી શકાય એ બનવાજોગ નથી. સરકારે બાંધેલાં પગારોનાં પ્રમાણ હિંદુસ્તાનની આમપ્રજાની સ્થિતિની દૃષ્ટિએ કેવળ હદબહારનાં છે એ વિશે મને શંકા નથી. એક ધનાઢ્ય ટાપુના રહેવાસીઓની જરૂરિયાતોનો જ તેમાં વિચાર કરવામાં આવ્યો છે અને તેથી આ દેશના લાખો ગરીબો ઉપર તે એક અસહ્ય બોજારૂપ છે. આથી એ સરકારી નોકરીઓના પગારો સાથે આ ખાદી કર્મચારી મંડળના પગારોની સરખામણી કરવાની ભૂલ કોઈ ન કરે. આમ છતાં

Gandhi Heritage Portal

એટલું તો હું કહી જ દઉં કે આ મંડળનું દાખલપગારનું ધોરણ સરકારી ધોરણના જેટલું જ સારું છે. ફેર પડે છે તે છેવટના લાભોમાં. સરકારી નોકરીમાં દાખલ થનાર છેવટને પલ્લે ચાર આંકડા સુધીનો પગાર મેળવવાની આશા રાખે, જ્યારે ખાદી કર્મચારી મંડળમાં દાખલ થનાર વધારેમાં વધારે માત્ર રૂ. ૨૦ માસિકના વધારાની આશા રાખી શકે. આમ અંગ્રેજી ભણેલાઓને સારુ આ મંડળની નોકરીમાં આપભોગ આપવાપણું છે જ. પણ ખરું જોતાં આવો નાનો સરખો આપભોગ આપવાનું આજે દેશના અંગ્રેજી કેળવણી પામેલા જુવાનોને કહેવું એ શું બહુ કહેવાય? હું આટલા ત્યાગને અતિ અલ્પ સમજું છું કારણ કે આપણે યાદ રાખવું જોઈએ કે આપણા જુવાનોને જે અંગ્રેજી કેળવણી મળી છે તે પણ આમવર્ગને ભોગે જ મળેલી છે. એ કેળવણી આજ લગી ઉપલા વર્ગોના સુવાંગ વાડા તરીકે જ રહી છે જેમાં આમપ્રજાને કદી પ્રવેશ નથી મળ્યો. અને જો કેળવણીને પ્રતાપે આપણને થોડાક આત્મત્યાગી દેશસેવકો મળ્યા છે તો સાથે સાથે એમાંથી ઘણી વધારે સંખ્યામાં ભારતવર્ષને બેડીમાં રાખવાના કામમાં સરકારને રાજી થઈને મદદ કરનારા નીપજ્યા છે.

એ વાત પણ ભૂલવી ન જોઈએ કે ગરીબ અને લાયક વ્યક્તિને આ મંડળ ઘટતી શિષ્યવૃત્તિ આપવાની ગોઠવણ પણ કરે છે અને એવી શિષ્યવૃત્તિથી તાલીમ લીધા બાદ તેવા કામદારને દસ વરસ સુધી રોકવાને મંડળ બંધાયેલું રહે છે જ્યારે કામદાર બીજે અર્થલાભ શોધવાને મોકળો છે. આ છૂટ ઇરાદાપૂર્વક રાખવામાં આવી છે કે દેશના જુવાનો કર્મચારી મંડળમાં જોડાય કે ન જોડાય તોપણ આ પ્રવૃત્તિમાં ભળે અને રેંટિયાનું શાસ્ત્ર તથા રાષ્ટ્રના ભાવિમાં તેનું સ્થાન જાણી લે.

[મૂળ અંગ્રેજી]

यंग इण्डिया, २३–१२–१९२६

ભાષાંતર : नवजीवन, २६–१२–१९२६

## ૧૭૦. પારસીઓમાં હાથવણાટ

એક ભાઈએ મુંબઈ ઇલાકાના ગૅઝેટિયરના સાતમા ગ્રંથની ૧૮૮૩ની આવૃત્તિના પૃષ્ઠ ૧૫૫માંથી નીચેનો ફકરો ઉતારીને મને મોકલ્યો છે:

> ગણદેવીના પારસી વણકરો ખાસ નોંધપાત્ર હતા અને ૧૭૮૭–૮૮માં ડૉ. હોવે નામના યુરોપિયન પ્રવાસીએ પારસીઓ પાસેથી તેમના આ હુન્નરની થોડીક જાણકારી મેળવવાના ખાસ હેતુથી એ ગામની મુલાકાત લીધી હતી. પચાસથી વધુ વર્ષથી એ ઉદ્યોગ નાશ પામ્યો છે. તોપણ, દસ્તૂર વર્ગની પારસી સ્ત્રીઓ હજુ પણ પારસી સ્ત્રીપુરુષો પહેરે છે એ પવિત્ર કસ્તી મોટી સંખ્યામાં બનાવે છે. મુંબઈમાં એ સારા પ્રમાણમાં ખપી જાય છે અને એમાં લેવાયેલી મહેનત પ્રમાણે એની કિંમત રૂ. ૩ કે વધારે રહે છે. કેટલીક પારસી સ્ત્રીઓ ખાટલા માટેની પાટી તથા સ્થાનિક વેપારીઓના ઑર્ડર પ્રમાણે જાડી ધોતી તથા ખાદી બનાવી આપે છે, પણ પારસીઓએ મોટે ભાગે તેમની વિશિષ્ટ સિદ્ધિરૂપ વણાટનો હુન્નર બિલકુલ છોડી દીધો છે.

Gandhi Heritage Portal

દારૂનાં પીઠાં ચલાવતા પારસીઓ દારૂનો અનૈતિક વેપાર છોડી તેને બદલે ફક્ત ૫૦ વર્ષ પહેલાં તેઓ જેમાં પાવરધા હતા એવો વણાટનો ઉન્નતિકારક અને ઉત્પાદક વ્યવસાય ફરી અપનાવે તો ભારતને તેમ જ તેમને પોતાને માટે એ કેવું મોટું વરદાન નીવડે! હાથે કાંતેલા સૂતરની કસ્તીના ઉલ્લેખ પરથી નવસારીમાં મળેલી શક્તિશાળી પારસી બહેને કહેલી વાત મને યાદ આવે છે. એણે કહ્યું હતું કે હાથે કાંતેલા સૂતરને બદલે યંત્રથી કંતાયેલા સૂતરની વપરાશ વધારનારા સુધારક તરીકે ત્યાં ગયેલા કેટલાક લોકોએ, કસ્તી-કાંતણથી પોતાનું ગુજરાન ચલાવતી અને પોતાની પવિત્ર આંગળીઓથી કસ્તીને પવિત્ર કરતી નવસારીની પારસી બહેનોને બેકાર બનાવી દીધી હતી.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २३–१२–१९२६

# ૧૭૧. અખિલ હિંદ ચરખા સંઘ

હમણાં જ અખિલ હિંદ ચરખા સંઘનો વાર્ષિક હેવાલ બહાર પડ્યો. કોઈ પણ કામગરો માણસ વાંચી નાખી શકે એટલો એ ટૂંકો છે. ચરખા સંઘ સૌથી ગરીબોનો સંઘ નથી, પણ તેમને માટેનો સંઘ છે. એ સંઘ ગરીબોનો હોઈ શકે નહીં, કારણ તેમને સંઘ શું એની ગતાગમ હોતી નથી અને પોતાના સંઘને આપી શકે એટલો બચત શ્રમ પણ એ લોકો આપી શકે એમ નથી. એટલે આનો અર્થ એ થયો કે સંઘ જો તેમને માટે હોય તો તેમના શ્રમ ઉપર જીવનારા બીજાઓએ પોતાનાં ગરીબ ભાંડુઓને થોડો બદલો વાળી આપવો જોઈએ. આવાઓનો બનેલો છે આ સંઘ. આ કાર્ય માટે એ બધા બહુ ઓછા પડે. એ વધારે હોય એમ હું ઇચ્છું. પણ તેઓ ઓછા હોય કે વધારે, તેમનું કામ મહત્ત્વનું છે. જેમની વચ્ચે ઓછામાં ઓછી ગણતરીએ ૯ લાખ રૂપિયા વહેંચી શકાયા એવા ૧૧૦ પીંજનારા, ૪૨,૯૫૯ કાંતનારા અને ૩,૪૦૭ વણનારા તેના પત્રક ઉપર છે. આશરે ૧૫૦૦ ગામડાંની જરૂરત પૂરી પાડતાં ૧૫૦ ઉત્પાદન-કેન્દ્રોમાં આ રકમની વહેંચણી થઈ છે. આ વિગતો મેં વાંચનારની જિજ્ઞાસા ઉત્તેજવા તારવી બતાવી છે. હેવાલમાં એકે નકામો શબ્દ નથી. એ હેવાલ હકીકતો અને આંકડાની એક સુવ્યવસ્થિત યાદી જ બન્યો છે. વાંચનાર એના પર નજર ફેરવી જવાની તસ્દી લેશે તો તેને તેમાંથી વર્ષમાં કેટલી ખાદી પેદા થઈ અને કેટલી વેચાઈ તે જાણવા મળશે. આ વિકસી રહેલી સંસ્થામાં કેટલા યુવકો પોષણ પૂરતું કમાય છે અને તેમાં બીજી કેટલી સહાયક પ્રવૃત્તિઓ ચાલે છે, એ પણ તેને જાણવા મળશે. ચાર આનાની ટપાલની ટિકિટો મોકલીને અખિલ હિંદ ચરખા સંઘ કાર્યાલય, અમદાવાદ, એ સરનામે લખવાથી આ હેવાલ મેળવી શકાશે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २३–१२–१९२६

Gandhi Heritage Portal

## ૧૭૨. છાપાંજોગ મુલાકાત

કલકત્તા,

ડિસેમ્બર ૨૪, ૧૯૨૬

ગૌહત્તી જવા રવાના થતાં પહેલાં નવા કાર્યક્રમના પ્રશ્ન અંગે પત્રકારોએ લીધેલી તેમની મુલાકાત વેળા મહાત્મા ગાંધીએ જણાવ્યું હતું કે એ કાર્યક્રમ કૉંગ્રેસે નક્કી કરવાનો હોઈ એને વિશે વાત કરવી એ બહુ વહેલું છે. એમણે કહ્યું :

દરેક જણને તેનું પોતાનું મંતવ્ય હોય, પણ કૉંગ્રેસ શું સ્વીકારશે તે કહેવું મુશ્કેલ છે. હું જાણું છું ત્યાં સુધી, લોકો ખુલ્લા મન સાથે તથા જુદાં જુદાં જૂથોને સ્વીકાર્ય થાય તેવો કોઈ વ્યવહારુ કાર્યક્રમ શોધી કાઢવાની ઇચ્છા સાથે ત્યાં જઈ રહ્યા છે, પણ કાર્યક્રમ વિશે કશી મોટા અંદાજે પણ આગાહી કરવી ખૂબ જોખમભરેલી છે.

સુધારાનો અમલ કરી જોવાના પ્રશ્ન વિશે મહાત્માજીએ આ પ્રમાણે કહ્યું:

મારા ધારવા પ્રમાણે રાજકીય કેદીઓની અનિશ્ચિત મુદત સુધીની અટકાયતના બંગાળના મનદુ:ખનું માનભર્યું અને સંતોષકારક સમાધાન ન થાય ત્યાં સુધી સ્વાભાવિક રીતે જ સુધારાઓનો અમલ કરવા વિરુદ્ધ ખૂબ જ મજબૂત વલણ જરૂર રહેવાનું.

[મૂળ અંગ્રેજી]

बॉम्बे क्रॉनिकल, २५-१२-१९२६

## ૧૭૩. લજપતરાયને તાર[1]

ડિસેમ્બર ૨૪, ૧૯૨૬

આઘાતજનક સમાચાર મળ્યા. તમારે દિલ્હી પહોંચી જઈ ઉશ્કેરાટ કે રોષ શમાવવો જોઈએ. તારથી વિગતો આપો.

[મૂળ અંગ્રેજી]

લીડર, ૨૮-૧૨-૧૯૨૬

૧. સ્વામી શ્રદ્ધાનંદના ખૂનના સમાચાર લજપતરાયને કલકત્તા મુકામે ૨૩મી ડિસેમ્બરે મળ્યા અને બીજે દિવસે તેમણે તે ગાંધીજીને પહોંચાડ્યા. ગાંધીજી મહાસમિતિની બેઠકમાં હાજરી આપવા ગૌહત્તી જતા હતા. તાર તેમને રસ્તામાં સોરભોગ સ્ટેશને મળ્યો. ગાંધીજીએ આ તાર લજપતરાયને મોકલ્યો. લજપતરાય તે જ રાત્રે એમ. આર. જયકર સાથે કલકત્તાથી દિલ્હી જવા માટે રવાના થયા હતા.

Gandhi Heritage Portal

## ૧૭૪. ઇંદ્ર વિદ્યાવાચસ્પતિને તાર[1]

[ડિસેમ્બર ૨૪, ૧૯૨૬]

આઘાતજનક તાર મળ્યો છે. પિતાજી તો વીરનું મૃત્યુ પામ્યા છે.

[મૂળ હિન્દી]

हिन्दी नवजीवन, ६-१-१९२७

## ૧૭૫. ગૌહત્તીની મહાસમિતિની બેઠકમાં ભાષણ[2]

[ડિસેમ્બર ૨૪, ૧૯૨૬]

મારી પાસે છાપાંવાળા આવી ગયા, અને બે વાર મને કાંઈક જાહેર કરવાનો આગ્રહ કર્યો. મેં તેમને કહ્યું, મારાથી કશું કહેવાય એમ નથી. શ્રીમતી નાયડુએ પણ અહીં મને કહ્યું કે તમે કાંઈક સંદેશો પ્રગટ કરો, તેમને પણ મેં ના કહી. હવે મને પાછી અહીં આજ્ઞા થાય છે એટલે મારા ઉદ્‌ગાર કાઢવાનો હું પ્રયત્ન કરું છું, પણ કાંઈ પણ કહી શકું એવી મારી દશા નથી. હા; તત્કાળ મારા મન ઉપર કેવી અસર થઈ તે કહી શકું ખરો. લાલાજીનો તાર મારી ઉપર આવ્યો કે મેં તરત જ તે માલવિયાજી વગેરેને મોકલ્યો, લાલાજીને તાર દીધો, અને સ્વામીજીના સુપુત્ર ઈન્દ્રને તાર મોકલ્યો. આ તારમાં દુઃખ કે શોક પ્રગટ ન કરતાં મેં તો જણાવ્યું કે આ સામાન્ય મૃત્યુ નથી, આ તો એક સાચા વીરનું મૃત્યુ છે. એ મૃત્યુને માટે મારાથી રુદન નથી થઈ શકતું. પણ જોકે એ મૃત્યુ અસહ્ય છે તોયે મારું દિલ શોક કરવાની ના કહે છે અને કહે છે કે આવું મૃત્યુ આપણ બધાને મળે તો કેવું સારું?

સ્વામી શ્રદ્ધાનંદજીની દૃષ્ટિએ એ પ્રસંગ કેવો ધર્મપ્રસંગ કહેવાય! તેઓ બીમાર હતા. મને તો કશી ખબર ન હતી પણ વર્ધા હતો ત્યાં એક મિત્રે ખબર આપી કે સ્વામીજી ભાગ્યે જ બચે એમ છે. પાછળથી મારા તારના ઉત્તરમાં તેમના દીકરાના જ તારથી તેમને ધીમે ધીમે આરામ થઈ રહ્યો છે એવા ખબર મળ્યા. દાક્તર અનસારી સરસ સારવાર કરી રહ્યા છે એમ પણ જાણ્યું. આ પ્રમાણે તેઓ ગંભીર માંદગીને બિછાને હતા, અને એ બિછાનામાં જ તેમના પ્રાણ લેવામાં આવ્યા. મરવું તો સૌને છે, પણ આવું મૃત્યુ કોને લાધે? આખા હિંદુસ્તાનમાં અને પૃથ્વી ઉપર જ્યાં જ્યાં હિંદીઓ વસે છે ત્યાં ત્યાં, સ્વામીજી જો સ્વાભાવિક રીતે કેવળ માંદગીથી મરણ પામ્યા હોત તો તેથી જેવી અસર થાત તેના કરતાં આ અપૂર્વ મરણથી અજબ અસર થશે. મેં ભાઈ ઈન્દ્રને એક પણ દિલસોજીનો તાર કે પત્ર નથી લખ્યો, મારાથી તેને બીજું કશું ન કહેવાયું, એટલું જ કહેવાયું કે તારા પિતાને જે મૃત્યુ મળ્યું તે ધન્ય મૃત્યુ છે.

૧. પોતાના "ગૌહત્તીનો પત્ર"માં મહાદેવ દેસાઈએ જણાવ્યું છે કે ગાંધીજીએ આ તાર સ્વામી શ્રદ્ધાનંદના ખૂનના સમાચાર જાણતાં કર્યો હતો.

૨. મહાદેવ દેસાઈના "ગૌહત્તીનો પત્ર"માંથી ભાષણનો મૂળ પાઠ લીધો છે.

Gandhi Heritage Portal

પણ આ તો સ્વામીજીની દૃષ્ટિએ મેં આ વાત કરી, મારી દૃષ્ટિએ વાત કરી. પણ મારે માટે હિંદુમુસલમાન એક છે એમ મેં ઘણી વાર કહ્યું છે. હું જન્મે હિંદુ છું અને હિંદુ ધર્મમાંથી મને શાંતિ મળે છે. જ્યારે જ્યારે મને અશાંતિના પ્રસંગ આવ્યા છે ત્યારે ત્યારે મને મારા ધર્મમાંથી જ શાંતિ મળી છે. મેં અન્ય ધર્મોનું નિરીક્ષણ કર્યું છે, અને એનું પરિણામ એ આવ્યું છે કે ગમે તેટલી ખામી છતાં અને ત્રુટિઓ છતાં હિંદુ ધર્મ મારે માટે ઉત્તમ છે, એમ જ મને લાગ્યું છે અને તેથી જ હું મને પોતાને સનાતની હિંદુ મનાવું છું. ઘણા સનાતનીઓને આ મારા દાવાથી દુઃખ પણ થાય છે કે 'વિલાયતમાં રહી આવેલો આ સુધરેલો માણસ હિંદુ શેનો?' પણ મારો હિંદુ હોવાનો દાવો એથી ઓછો નથી થતો. અને એ જ ધર્મ મને કહે છે કે હું સૌની સાથે મિત્રતાથી રહું. તેથી મારે મુસલમાનની દૃષ્ટિ જોવી રહી.

મુસલમાનની દૃષ્ટિએ આ કૃત્યનો વિચાર કરું છું ત્યારે કાંઈક જુદી જ લાગણી થાય છે. આ કામ મુસલમાનને હાથે થયું, અને વળી ધર્મચર્ચા કરવાને બહાને ઘરમાં પ્રવેશ મેળવીને તેણે એ કૃત્ય કર્યું! નોકરે તો કહ્યું: 'સ્વામીજી બીમાર છે, આજે ન મળી શકે.' બારણે રકઝક થઈ, સ્વામીજીએ સાંભળીને કહ્યું: 'ભલે આવી જાય, આવવા દો.' અને સ્વામીજીએ પણ તેને વાત કરવા તો નહોતો જ બોલાવ્યો — વાત કરવાની તો તેમનામાં તાકાત નહોતી — સ્વામીજીને તો પેલાને રીઝવીને વિદાય કરવો હતો એટલે બોલાવીને કહ્યું, 'ભાઈ સારો થઈને તારે જોઈએ તેટલી દલીલ કરીશ, પણ આજે તો બિછાનામાં પડચો છું.' એટલે પેલો પાણી માગે છે! ધર્મસિંગને સ્વામીજી આજ્ઞા કરે છે 'ઇનકો પાની પિલાવ.' આજ્ઞાધારી નોકર પાણી લેવા જાય છે ત્યાં તો પેલાએ રિવૉલ્વર કાઢી. એક બારથી સંતોષ ન થયો, બે બાર કર્યા. સ્વામીજીએ તત્ક્ષણ પ્રાણ ખોયા. ધર્મસિંગે બાર સાંભળ્યા, પોતાના સ્વામીને બચાવવા દોડચો, પણ કોણ બચાવે? ઈશ્વરને સ્વામીજીના શરીરની રક્ષા નહોતી કરવી તે! ધર્મસિંગની ઉપર પણ બાર થયો, તેને ઘા વાગ્યો તે ઇસ્પિતાલમાં છે. અને મારનાર અબદુલરશીદ કેદમાં પડચો છે. આવા સંજોગો વચ્ચે થયેલા આ ખૂનથી હિંદુ જનતામાં મુસલમાનોને માટે કેવો ખ્યાલ આવશે એ વાતનું મને ભારે દર્દ છે. અને હિંદુ જનતાને મુસલમાનો માટે ઊલટો ખ્યાલ આવશે એને વિશે પણ શંકા નથી. કારણ આજે બંને કોમ વચ્ચે મહોબત નથી, વિશ્વાસ નથી. બંને કોમ જાણે છે કે એક રોજ તો ભાઈઓની જેમ રહેવાનું છે, પણ બન્ને કમજોર હોવાથી એકબીજાની સાથે લડી, જોર મેળવી એકત્ર થવાની આશા રાખે છે. તેથી આજે અખબારોમાં જે ગંદકી ફેલાઈ રહી છે, જે ઝેરવેર ઉત્પન્ન થઈ રહ્યાં છે તે જોતાં આવાં કૃત્યનું શું પરિણામ આવે અને શું નહીં આવે તે કહેવું મુશ્કેલ છે. એટલે જ હું ખામોશ રહેવા ઇચ્છતો હતો. મારા દિલમાં જે તોફાન ઊછળી રહ્યું છે તેને હું નથી શાંત કરી શકતો, નથી દબાવી શકતો, નથી તમારી આગળ વ્યક્ત કરી શકતો.

સ્વામીજીનું ખૂન અબદુલરશીદને હાથે થાય એ આપણે સારુ એક શિક્ષાપાઠ બનવો જોઈએ. આપણે એથી એકબીજાને સમજી લઈએ, આપણે લડીને નથી સાથે રહી શકવાના એમ સમજીએ તો કેવું સારું! પણ મને આજના વાતાવરણથી વિશ્વાસ નથી થતો કે આપણે એક ખૂનથી બચી જઈશું.

શ્રદ્ધાનંદજી અને મારી વચ્ચે કેવો સંબંધ હતો તે તો આજે તમને હું નહીં કહું. મારી આગળ તેઓ પોતાના દિલની વાતો ઘણી વાર કરતા. છએક મહિના ઉપર જ્યારે તેઓ આશ્રમમાં


Gandhi Heritage Portal

આવેલા ત્યારે કહેતા હતા કે 'મારા ઉપર અનેક ધમકીના પત્રો આવે છે, મારી જાન લેવામાં આવશે એવી ધમકી લોકો આપે છે, પણ તેની મને પરવા નથી.' એ તો બહાદુર પુરુષ હતા. એમના કરતાં વધારે બહાદુર મેં જગતમાં જોયા નથી. મૃત્યુનો એમને ડર નહોતો કારણ એ સાચા આસ્તિક હતા — ઈશ્વરવાદી હતા. એટલે જ તેમણે કહેલું 'મારી જાન લેવામાં આવે તોયે શું થઈ જવાનું છે?' આ ખૂન થયું છે તેમાં આશ્ચર્ય શું છે? એકથી વધારે ખૂનો થાય તોપણ આશ્ચર્ય શા સારુ થવું જોઈએ? આજે તો એક મુસલમાને હિંદુનું ખૂન કર્યું છે, પણ કોઈ હિંદુ મુસલમાનનું ખૂન કરે તોપણ આશ્ચર્ય ન થાય. ઈશ્વર કરે ને એવો પ્રસંગ ન બને. પણ જ્યારે આપણે આપણી જબાન અને કલમ ઉપર કાબૂ નથી રાખી શકતા ત્યારે બીજું શું પરિણામ આવે? પણ હું એટલું કહેવા માગું છું કે જો કોઈ હિંદુ આ ખૂનનું અનુકરણ કરશે તો તે હિંદુ ધર્મને લજવશે.

મેં તો કહ્યું છે કે અજ્ઞાન લોકો લડે છે તેના કરતાં એકબીજાને દુશ્મન માનનારા આગેવાનો લડી લેતા હોય તો કેવું સારું? પણ આમ જે અજ્ઞાન લોકોમાંના એકે આગેવાનનો પ્રાણ લીધો એમ નહોતું બનવું જોઈતું.

આજે આપણે ઈશ્વર પાસે માગીએ કે આ ખૂનનો આપણે સાચો અર્થ કરીએ. મુસલમાનો અને હિંદુઓને આ પરીક્ષાનો સમય છે. હિંદુઓ શાંતિ રાખે, આ ખૂનનો બદલો ન ઇચ્છે. આ ખૂનથી એમ ન માને કે હવે આપણી અને મુસલમાનની વચ્ચે દુશ્મનાવટ વધી ગઈ છે, અને હવે હિંદુમુસલમાન ઐક્ય અશક્ય છે એમ જો તેઓ માનશે તો તેઓ ગુનેગાર થશે. તેઓ પોતાના ધર્મને નામોશી લગાડશે. મારી મતિ પ્રમાણે તો મુસલમાનોનો ધર્મ એ બતાવે છે કે જો આજે એક પણ મુસલમાન એમ માને કે રશીદે જે કર્યું તે સારું કર્યું, તો તેમ માનીને તે પોતાના ધર્મને લજવશે. મુસલમાનોનો ધર્મ આ નથી, પણ જુદો છે, મુસલમાનના ધર્મની ખરી ખૂબી બતાવવાનો મુસલમાનોને હવે પ્રસંગ મળ્યો છે. શ્રદ્ધાનંદજીને અને હિંદુઓને તો જે જોઈએ તે મળી ગયું. પણ હું મનુષ્ય તરીકે અને મુસલમાનોનો મિત્ર અને ભાઈ હોવાથી કહું છું કે આપણે બંને કોમ એ મૃત્યુને સમજી લઈએ તો એ આપણને બંનેને લાભદાયી થઈ પડશે. આપણને બંનેને આ પરીક્ષામાંથી પસાર થવાની ઈશ્વર સદ્‌બુદ્ધિ અને શક્તિ આપે, અને આપણે પ્રાર્થના કરીએ કે આપણે આ કૃત્યને પરિણામે એવી રીતે વર્તીએ કે જેથી ઈશ્વર કહે કે બંને કોમે જે કરવું જોઈતું હતું તે કર્યું.

[મૂળ હિન્દી]

हिन्दी नवजीवन, ૬–૧–૧૯૨૭

ભાષાંતર : નવજીવન, ૨–૧–૧૯૨૭

Gandhi Heritage Portal

# ૧૭૬. ગૌહત્તી સ્વદેશી પ્રદર્શનમાં ભાષણ[1]

ડિસેમ્બર ૨૫, ૧૯૨૫

હિંદુમુસ્લિમ ઐક્યના સંબંધમાં શું કરશો? અસ્પૃશ્યતાના સંબંધમાં શું કરશો? એ બંને તો હૃદયપલટાની વાત છે, પણ સ્પષ્ટ કાર્યક્રમ તો રેંટિયાનો જ છે. રેંટિયાના કરતાં વધારે ચઢિયાતી શક્તિ એકે ન હોઈ શકે એમ છેલ્લાં બેત્રણ વર્ષની પ્રગતિથી સિદ્ધ થયું છે. આટલું કહી ગાંધીજીએ બતાવ્યું કે જ્યારે પરદેશી વેપાર ઉપર બંધાયેલાં શહેરોમાં રહેનારા કરોડપતિઓ ૫ કરોડ કમાય છે ત્યારે ૯૫ કરોડ પરદેશને પહોંચાડે છે. સાત લાખ ગામડાંઓમાં રહેનારાની ઉપર સવારી કરીને એ શહેરો નભી રહ્યાં છે. સરકારના આંકડા જ બતાવે છે કે નાનાં ગામડાંઓનો નાશ થતો જાય છે. ત્રણ કરોડ જેટલાં કુટુંબને માંડ સૂકા રોટલાનો ટુકડો અને મેલું મીઠું મળે છે. એ લોકોને એ રોટલા ઉપર ઘીચોપડ અને દૂધ આપનારી ખાદી છે. ખાદી એ જીવતી વસ્તુ છે, કારણ એના તંતુએ તંતુમાં આપણા ગરીબોના હાથની મહેનત રહેલી છે. આપણાં ભૂખે મરતાંઓની ભૂખ ભાંગવાની શક્તિ એમાં ભરેલી છે. ત્યારે વિદેશી કાપડ, મિલનું કાપડ એ પ્રાણહીન વસ્તુ છે. તમે જીવતી વસ્તુથી તમારાં શરીર ઢાંકશો કે પ્રાણહીન વસ્તુથી ઢાંકશો? મહાસભાએ આજ સુધીમાં ઘણું કામ કર્યું છે, ભારે કામ કર્યું છે. પણ શું મહાસભાનો વાવટો સાત લાખ ગામડાંમાં પહોંચ્યો છે? ૧૯૨૦માં મેં કહ્યું હતું કે જ્યાં જ્યાં સરકારનો પ્રતિનિધિ પટેલ હોય ત્યાં ત્યાં આપણા લોકોનો નોકર, આપણા લોકોનો દાસ, હોય ત્યારે આપણે કંઈક કરી બતાવ્યું કહેવાશે. અને ખાદીના કામ વિના તમે બીજે કયે રસ્તે, બીજે કયે સાધને આટલાં ગામોને પહોંચી શકશો? ચરખા સંઘને મહાસભાએ સ્વરાજ આપ્યું છે, અને એ સંઘની મારફતે રેંટિયાએ પોતાની ચમત્કારિક શક્તિ બતાવી દીધી છે. ચરખા સંઘનો રિપોર્ટ વાંચો. આજે ૫૦,૦૦૦ સ્ત્રીઓને ચરખા સંઘ કામ આપી રહ્યો છે, રોટી આપી રહ્યો છે. એટલે જ હું દેશનાં ત્રીસે કરોડને ખાદી પહેરાવવા ઇચ્છું છું. પણ આજે હું એ નથી જોતો. કેવળ મારા અચળ વિશ્વાસને લીધે મારું નાવ હંકાર્યે જાઉં છું. મહાભારતકારે દ્રૌપદીનું ચિત્ર આપીને કળાની અને જ્ઞાનની કમાલ કરી છે. દ્રૌપદીનાં ચીર ખેંચતાં બતાવીને તેના પતિઓને, વડીલોને, સૌને તેને મદદ કરવાને અશક્ત બતાવ્યાં છે અને કેવળ તેના આર્ત્ત પુકારને વશ થઈ તેની ભીડને પ્રસંગે ઈશ્વર તેની વહારે ધાય છે. મારામાં પણ દ્રૌપદીની આર્ત્તનાદની શક્તિ આવશે, દ્રૌપદીની ભક્તિ આવશે ત્યારે મારું સૌ સાંભળશે, સૌ ખાદી પહેરશે અને સ્વરાજ આવશે.

[મૂળ અંગ્રેજી]

ફૉરવર્ડ, ૨૭–૧૨–૧૯૨૬

ભાષાંતર : નવજીવન, ૨–૧–૧૯૨૭

૧. સ્વદેશી પ્રદર્શનના ગાંધીજીએ કરેલા ઉદ્ઘાટન સમયે લોકો મોટી સંખ્યામાં આવ્યા હતા. રસ્તાની બેઉ બાજુએ ઊભા રહી ગાંધીજી પ્રદર્શન મેદાનમાં પ્રવેશ્યા ત્યારે 'મહાત્મા ગાંધીકી જય'ના પોકાર તેમણે કર્યા હતા. સભામંડપમાં હાજરી મોટી હતી, અને મંચ ઉપર ગાંધીજી ઉપરાંત માલવિયા અને સરોજિની નાયડુ બેઠાં હતાં. હાજર રહેનાર બીજા નેતાઓમાં શ્રીનિવાસ આયંગર, ડૉ. મુંજે, મોતીલાલ નેહરુ, અબુલ કલામ આઝાદ, બી. જી. હૉર્નિમૅન, વિ. ઝ. પટેલ, મહમદઅલી, સ્વામી સત્યદેવ, શ્રીમતી અણે અને લાલા ગિરધારીલાલ હતા.

Gandhi Heritage Portal

# ૧૭૭. અખિલ ભારત ગોરક્ષામંડળ

આ મંડળનું કામ ધીમું જ ચાલે છે એમ કહેવાય. તેની કાર્યવાહક સમિતિની બેઠક વર્ધામાં આ માસની તા. ૧૭મીએ મળી હતી. સમિતિના સભ્યોની પૂરતી સંખ્યા હાજર ન હોવાથી અરધો કલાક મુલતવી રાખી સમિતિનું કામ ચલાવવાનો ઠરાવ કર્યા પછી એક સભ્ય દાક્તર મુંજે આવી પહોંચ્યા એટલે પૂરતી સંખ્યાથી કામ થયું. આમ કોઈ સંસ્થાનું ન હોવું જોઈએ. પણ આપણને રચનાત્મક કાર્યમાં ઓછો અથવા કંઈ જ નહીં જેવો રસ હોવાથી આવાં કાર્યોમાં જો તેમાં અર્થલાભ ન હોય તો થોડા જ લોક એકઠા થાય છે.

આ મંડળમાં દુગ્ધાલયો અને ચર્માલયો મારફત ગોરક્ષા કરવાની છે એટલે તેમાં તો ઉદ્યમ, દ્રવ્ય, બુદ્ધિ ઈત્યાદિની જ આવશ્યકતા રહી. તેમાં કોણ હાજરી ભરે?

એમ છતાં ગોરક્ષાનો પ્રશ્ન ધાર્મિક અને આર્થિક દૃષ્ટિએ બહુ મહત્ત્વનો છે. ઢોરની આબાદી વિના ખેતી ન ચાલે, ખેતી વિના મનુષ્ય ન જીવે. વળી ઢોર વિના દૂધ ન મળે ને દૂધ વિના પ્રજાનું જીવન મુશ્કેલ થઈ પડે છે.

ઢોરની આબાદીનો સવાલ કેવળ તેના જ્ઞાનમય ઉછેર ઉપર છે, અને એ જ્ઞાન ઉદ્યમ વિના મળવાનું નથી. તેથી અખિલ ભારત ગોરક્ષા મંડળનો હેતુ આ જ્ઞાનની વૃદ્ધિ પ્રયોગો દ્વારા કરવાનો છે; ચામડાના વેપાર તરફ અને ચામડાં કેળવવાના ધંધા તરફ પ્રજામાં જે ઘૃણા રહેલી છે તે દૂર કરવાનો છે.

આમાં રસ કોણ લે? વિચારવાન સૌ સ્ત્રીપુરુષે લેવો જોઈએ. પણ ઘણા લે અથવા થોડા, આવાં મંડળોએ પોતાનું કાર્ય દૃઢતાપૂર્વક કાયમ રાખી પોતાની શ્રદ્ધા સિદ્ધ કરવી જોઈએ.

તેથી સમિતિએ ચાર ઠરાવો પાસ કર્યા છે.

દુગ્ધાલય ચલાવવાની વિદ્યામાં નિપુણ થયેલા એક સજ્જન મળેલા હોવાથી એવાં દુગ્ધાલયનો પ્રયોગ શરૂ કરવા રૂ. ૫૦,૦૦૦ લગી ખર્ચ કરવાની પ્રમુખને સત્તા આપી છે.

ચર્માલયને સારુ પણ એક સજ્જન મળ્યા છે તેથી તે પ્રયોગ કરવા સારુ બીજા રૂપિયા ૫૦,૦૦૦ લગીનો ખર્ચ કરવાની સત્તા આપી છે.

આટલા પૈસા હજુ મંડળ પાસે નથી. મંડળ પાસે ભાગ્યે રૂ. ૧૦,૦૦૦ હશે. બાકી તો મળે ત્યારે. બાકીના મળવાની આશા બંધાઈ છે. મિત્રવર્ગે સહાય કરવા કહ્યું છે અને કામ સારું હોય ને સારા કામદાર મળે તો દ્રવ્ય મળે જ એવી શ્રદ્ધા હોવાથી મેં મજકૂર સત્તા સમિતિ પાસેથી લીધી છે. આ કાર્યમાં જે ગોસેવકને મદદ કરવી હોય તે કરે. હિસાબ કોડીએ કોડીનો રહે છે અને રહેશે. તે પ્રગટ થયા જ કરશે. કાર્યમાં સફળતા નિષ્ફળતાનો આધાર અનેક સંજોગો ઉપર છે. ઉમેદ તો એવી છે કે પ્રયોગને અંતે બન્ને વસ્તુ સ્વાવલંબી થઈ શકે છે એમ બતાવી શકાશે.

જે કામદારોને રોકવામાં આવ્યા છે તેમનો પરિચય જરા અનુભવ મેળવ્યા બાદ આપવા ધારું છું. જો આ પ્રયોગો સફળ થાય તો તેમાં હું ગોરક્ષાનું બીજ જોઉં છું.

Gandhi Heritage Portal

બીજા બે ઠરાવ મંડળને સભ્યાવલંબી કરવાને સારુ છે. મંડળમાં કામદારોની જરૂર છે, નહીં કે અમલદારોની. તેથી એક ઠરાવની મતલબ એવી છે કે સમિતિના જે સભ્ય ઉપરાઉપરી ત્રણ સભામાં ગેરહાજર રહે તેની જગા ખાલી પડે. આ ઠરાવ આવશ્યક છે કેમ કે જેઓ સમિતિના ઠરાવોમાં પોતાના અભિપ્રાયોનો લાભ આપી શકે તેની જ જરૂર હોય. જે હાજર ન રહી શકે તે લાભ કઈ રીતે આપે? આ બાબતમાં મંત્રી પ્રત્યેક સભ્યોની સાથે પત્રવ્યવહાર ચલાવશે.

ચોથો ઠરાવ સભ્યોને લગતો છે. જે સભ્યો પોતાનું બીજા વર્ષનું લવાજમ ન ભરે તે સભ્ય નહીં ગણાય. આ યાદ આપવા ખાતર છે. આ મંડળમાં સભ્યો અને પ્રતિનિધિઓ જવાબદાર હોય એ ઇચ્છવાયોગ્ય છે. ખરું જોતાં તો બધી સંસ્થાઓને સારુ આ બે નિયમો અનિવાર્ય હોવા જોઈએ–સભ્યોએ લવાજમ ભરવાનો અને પ્રતિનિધિઓએ સભાઓમાં હાજરી ભરવાનો.

મારી ઉમેદ છે કે જેઓ મંડળના હેતુને પસંદ કરે છે તેઓ ઉપરના ચારે ઠરાવને વધાવી લેશે ને યથાશક્તિ મદદ કરશે.

મંત્રી વિશે તો સમિતિએ એક નોંધ જ લેવાની હતી એમ કહેવાય. શ્રી વાલજી ગોવિંદજી દેસાઈને રૂ. ૨૦૦ના દરમાયાથી મંત્રી રાખવામાં આવ્યા હતા. શ્રી વાલજી દેસાઈ ગોસેવક છે, વિદ્વાન છે. તેમણે રૂ. ૨૦૦ લોભને વશ થઈને નહોતા માગ્યા પણ તેમની કૌટુંબિક જવાબદારી મોટી હોઈ માગ્યા હતા. એનાથી વધારે યોગ્ય મંત્રી હું નહોતો શોધી શક્યો. એ શોધવાની જવાબદારી મંડળના બંધારણ પ્રમાણે મારી હતી. જ્યારે શ્રી વાલજી દેસાઈને રોક્યા ત્યારે તેમને આખો સમય ગોરક્ષાના કાર્યને આપવો પડશે એ કલ્પના હતી. પાછળથી અનુભવ્યું કે તેમને વખત બચતો હતો. એ સમય સાહિત્યસેવામાં ગાળી તેમાંથી આવક કરવાનો નિશ્ચય અમે બંનેએ કર્યો. એવું કામ તેમને મળી રહે છે તેથી મંડળની પાસેથી દર માસે રૂપિયા ૫૦ કરતાં વધારે નહીં લેવાનો પોતાનો અભિપ્રાય તેમણે મંડળને જણાવ્યો. ગયા જુલાઈ માસથી તેઓ ઓછું જ લેતા આવ્યા છે. મંડળે તેમનો નિશ્ચય સાભાર સ્વીકાર્યો છે, અને તેમને મંડળના કામ બહારનું કામ મળે તો બચતા વખતમાં લેવાની છૂટ આપી છે. મારે કહેવું જોઈએ કે બચતા વખતમાં જે કામ ભાઈ વાલજી કરે છે તે પણ મંડળનું ભલે ન કહેવાય પણ ગોસેવાનું તો ઘણે ભાગે હોય જ છે એ નવજીવનના વાંચનારને જણાવવાની આવશ્યકતા નથી.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૬–૧૨–૧૯૨૬

Gandhi Heritage Portal

## ૧૭૮. ગૌહત્તીમાં ધ્વજવંદન પ્રસંગે ભાષણ[1]

ડિસેમ્બર ૨૬, ૧૯૨૬

ડૉ. હાર્ડિકર અને સ્વયંસેવકો,

આજે સવારે તમને અહીં જોઈને આનંદ થાય છે. અત્યારે ફરકાવી રહ્યો છું તે રાષ્ટ્રધ્વજ કાયમ ફરકતો જ રહેશે અને તમે સૌ એ મહાન ધ્વજની શાનને ઘટે એવાં કાર્ય કરતા રહેશો એવી હું આશા રાખું છું. માતૃભૂમિની તમારી સેવાને માટે તમને મારા આશીર્વાદ છે.

[મૂળ અંગ્રેજી]

ફૉરવર્ડ, ૨૭-૧૨-૧૯૨૬

## ૧૭૯. ગૌહત્તીના કૉંગ્રેસ અધિવેશનમાં ઠરાવ અને ભાષણ[2]

ડિસેમ્બર ૨૬, ૧૯૨૬

સ્વામી શ્રદ્ધાનંદજીનું નામર્દી અને દગાબાજીથી ખૂન કરવામાં આવ્યું છે તેને માટે આ મહાસભા પોતાનો તીવ્ર તિરસ્કાર જાહેર કરે છે, અને પોતાના દેશ અને પોતાના ધર્મની સેવાને માટે પોતાનું જીવન અને મહાશક્તિઓ અર્પણ કરનાર, અને અંત્યજ તેમ જ પતિત અને નિર્બળની સદા નિર્ભય નિષ્ઠાથી વહારે ધાનાર એ વીર અને મહાનુભાવ દેશભક્તના કરુણાજનક મૃત્યુથી દેશને ન પૂરી શકાય એવી જે ખોટ ગઈ છે તેની નોંધ લે છે.

આ ઠરાવ રજૂ કરવાનું પહેલાં મૌલાના મહમદઅલીના ઉપર રાખવામાં આવ્યું હતું. છેવટની ઘડીએ પ્રમુખ સાહેબે ગાંધીજીને એ ઠરાવ રજૂ કરવા ફરમાવ્યું. ગાંધીજીને લાંબું ભાષણ કરવું નહોતું. પણ અનાયાસે, અનિચ્છાએ,—અથવા ઈશ્વરેચ્છાએ કહીએ—લાંબું ભાષણ કરવું પડયું જેથી આખી સભાનાં હૈયાંના તાર ઝણઝણી રહ્યા હતા એમ કહીએ તો ચાલે. ભાષણમાં ઘણા ઉદ્ગારો તો મહાસમિતિ આગળ કરેલા ભાષણમાંના જ હતા, પણ એકબે વસ્તુ જે આગલા ભાષણમાં અપ્રગટ હતી તેની ઉપર તેમણે વિસ્તારથી વિવેચન કર્યું: મહાસમિતિમાં તેમણે કહ્યું હતું કે ‘આ ખૂનને માટે શોક કરવો ન ઘટે. એવું ખૂન તો દરેક વીરપુરુષ ચાહે છે.’ આ વચનમાં જરા સુધારો કરીને તેમણે કહ્યું: “વીરપુરુષને જ્યારે આવું મૃત્યુ પ્રાપ્ત થાય છે ત્યારે તેને તે મિત્રની જેમ ભેટે છે. પણ તેથી કોઈ એવી ઇચ્છા ન કરે કે પોતાનું કોઈ ખૂન કરે, પોતાને કોઈ ગેરઇન્સાફ કરે અને ઈશ્વરના દરબારમાં ગુનેગાર બને. કોઈ પણ માણસ દુષ્ટ કૃત્ય કરે એવી ચાહના કરવી એ અયોગ્ય છે.”

૧. એ ભાષણ સવારમાં કૉંગ્રેસના મંડપની આગળ કૉંગ્રેસનો ધ્વજ ફરકાવ્યા પછી હિંદીમાં અપાયું હતું. સ્વયંસેવકોનો હવાલો ડૉ. એન. એસ. હાર્ડિકર પાસે હતો.

૨. આ ભાષણનો મજકૂર યંગ ઇન્ડિયા, ૧૩-૧-૧૯૨૭ના અંકમાં “વીરોમાં વીર” એ મથાળા નીચે છપાયો હતો.

Gandhi Heritage Portal

આગળ ચાલતાં ગાંધીજી સ્વામીજીની સેવા અને મહત્તા વિશે બોલ્યા :

સ્વામીજી વીરોમાં અગ્રણીનું પદ ભોગવતા હતા. સ્વામીજીએ પોતાની વીરતાથી ભારતને આશ્ચર્યચકિત કર્યું હતું. તેમણે પોતાના દેહને ભારતવર્ષને માટે કુરબાન કરવાની પ્રતિજ્ઞા કરી હતી તેનો હું સાક્ષી છું. આજે સ્વામીજી વિશે બોલવામાં હું વધારે વખત નથી લેવા માગતો, કારણ મારી સાથેના તેમના પવિત્ર સંબંધ વિશે તો લખવા માગું છું. હું જે આજે કહી રહ્યો છું તેમાં તમે કાંઈ ખામી દેખો તો મારું લખેલું તમે વાંચી લેજો. પણ સ્વામીજીની સેવાને વિશે કોઈને કાંઈ બોલવાની જરૂર છે ખરી? સ્વામીજી અનાથના બંધુ હતા, અનાથના સહાયક હતા. સ્વામીજીએ અછૂતોને માટે જે કાંઈ કર્યું છે તેથી વધારે કામ બીજા કોઈ પુરુષે હિંદુસ્તાનમાં કર્યું નથી. તેમનો અસ્પૃશ્યો માટેનો પ્રેમ એટલો બધો હતો કે એક વાર તેમણે મને કહેલું કે મહાસભા અસ્પૃશ્યો માટે ગમે તેટલું કામ કરે, પણ જ્યાં સુધી મહાસભા સમિતિનો પ્રત્યેક સભ્ય ઓછામાં ઓછો એક અસ્પૃશ્ય નોકર પોતાના ઘરમાં રાખવાની પ્રતિજ્ઞા ન લે ત્યાં સુધી મહાસભાની સેવા કાંઈ ભારે ન કહેવાય. ભલે આજે કોઈ વ્યવહારજ્ઞ માણસ સ્વામીજીની આ સૂચનાને અવ્યવહારુ કહે. પણ એ સૂચના તેમનો અસ્પૃશ્યો માટેનો અસાધારણ પ્રેમ બતાવે છે. તેમની બીજી સેવાઓનું વર્ણન હું આ સ્થળે નથી કરવા માગતો. પરંતુ સ્વામીજી જેવા વીર, દેશભક્ત, ઈશ્વરના અનન્ય ભક્ત અને સેવકનું ખૂન દેશને માટે જેમ અવશ્ય લાભદાયી છે તેમ તેનું દુ:ખ થવું પણ સ્વાભાવિક છે. કારણ આપણે અપૂર્ણ મનુષ્યો છીએ.

સ્વામીજીના ખૂનના સંજોગો વર્ણવતાં ગાંધીજી બોલ્યા :

ખૂન પણ કેવા સંજોગોમાં થાય છે? ખૂની ઈસ્લામને વિશે ધર્મચર્ચા કરવા જાય છે. બહાદુર ધર્મસિંગે તેને દાખલ કરવાની ના પાડી, કારણ ડૉક્ટર અનસારીની તેને આજ્ઞા હતી કે સ્વામીજીની ગંભીર માંદગીમાં ઘણા માણસોને આવવા ન દેવા. પણ ઈશ્વરની આજ્ઞા આગળ શું થાય? સ્વામીજીએ તેને અંદર આવવા દેવાનું કહ્યું. ધર્મસિંગે ભાઈ અબ્દુલ રશીદને બોલાવ્યો. હું 'ભાઈ' રશીદ જાણીજોઈને કહું છું કારણ આપણે સાચા હિંદુ હોઈએ તો એ માણસ આપણો ભાઈ છે એમ હું શા માટે કહું છું તે તમે સમજી શકશો. સ્વામીજીએ ભાઈ રશીદને અંદર બોલાવ્યો, કારણ ઈશ્વર સ્વામીજીની અને હિંદુ ધર્મની મહત્તા સિદ્ધ કરવા માગતો હતો. સ્વામીજીએ અશક્તિને લીધે પોતે વાત ન કરી શકે એમ જણાવ્યું અને ફરી કોઈ વાર ચર્ચા કરવાનું વચન આપ્યું. પણ રશીદે તો તરસ્યો છું એમ કહ્યું. ધર્મસિંગને સ્વામીએ પેલાને પાણી પાવાનું કહ્યું. પેલો પાણી લઈ આવે છે ત્યાં તો તેણે સ્વામીજીની છાતી ઉપર ગોળીના બાર કર્યા. [ઈન્દ્રે મને તાર મોકલ્યો છે તેમાં હકીકત જરા જુદી છે. તે કહે છે કે રશીદને માટે પાણી આવ્યું, તેણે પાણી પીધું અને પછી ઠંડે પેટે ચાર ગોળીબાર કર્યા. સ્વામીજી અશક્ત હતા તેથી એક બારે જ તેમણે પ્રાણ ખોયા. ધર્મસિંગે પેલાને પકડ્યો, તેના ઉપર પણ બાર થયા, તે ઘવાયો, ઇસ્પિતાલમાં ગયો. બહારથી એક માણસે આવીને ખૂનીને પકડ્યો, અને તે હવે પોલીસના કબજામાં છે.]

હિંદુસ્તાનમાં આમ ન થવું જોઈએ, કારણ હિંદુ અને મુસલમાન બંને પોતપોતાના ધર્મને માટે અભિમાન ધરાવનારાઓ છે. મેં કુરાને શરીફનો અભ્યાસ કરેલો છે, અને મુસલમાનોને હું કહી શકું છું—અને હિંદુઓને દર્દ ન લાગે તો તેમને પણ કહી શકું છું કે કુરાન મેં એટલા જ આદરભાવથી વાંચ્યું છે જેટલા ભાવથી હું પ્રતિદિન ગીતા વાંચું છું, અને એટલા આદરથી

Gandhi Heritage Portal

કુરાન વાંચીને હું કહું છું કે કુરાનમાં આવી રીતે ખૂન કરવાની ક્યાંય આજ્ઞા નથી. આપણે ત્યાં બે કોમ પડી છે, તેઓ કમનસીબે એકબીજા તરફ ઝેરની નજરે જુએ છે, એકબીજાને દુશ્મન માને છે, અને એ કારણે જ આ ખૂન થઈ શક્યું છે. સ્વામીજી, લાલાજી અને માલવિયાજી એ ત્રણ ઇસ્લામના કટ્ટા દુશ્મન છે એમ મુસલમાનો માને છે. સર અબદુર રહીમ અને બીજા મુસલમાન હિંદુઓના દુશ્મન છે એમ હિંદુઓ માને છે. બંનેની માન્યતા તદ્દન ખોટી છે. સ્વામીજી ઇસ્લામના દુશ્મન નહોતા, લાલાજી, માલવિયાજી ઇસ્લામના દુશ્મન નથી. લાલાજી અને માલવિયાજીને પોતાના વિચારો પ્રગટ કરવાનો અધિકાર છે, અને તે અભિપ્રાય ખોટા લાગે તોપણ તે માટે તેમને ગાળ દેવાનો કોઈ પણ જણને અધિકાર નથી એવો મારો હિંદુસ્તાનના નમ્ર સેવક તરીકે અભિપ્રાય છે. જ્યારે અખબારોમાં જોઈએ છીએ ત્યારે ભાગ્યે જ કોઈ મુસલમાન છાપું એવું હશે કે જેમાં આ દેશસેવકોને વિશે ગલીચ ભાષા ન વાપરવામાં આવતી હોય. તેમણે શો ગુનો કર્યો છે? તેઓ જે રીતે પોતાનું કામ કરવા ઇચ્છે છે તેમાં આપણે ભલે ન ભળીએ, પણ હું માનું છું કે માલવિયાજી પોતાની સેવાને લીધે ભારતભૂષણ બન્યા છે. (તાળીઓના અવાજ.) તાળીઓથી તમે દેશસેવા નથી કરી શકવાના, તાળીઓ પાડીને તમે મુસલમાનોને હિંદુ ધર્મ પ્રતિ પ્રેમ રાખતા નથી કરવાના. હું આજે જે કંઈ બોલી રહ્યો છું તે ઈશ્વરને દરમ્યાન રાખીને બોલું છું. મારા હૃદયમાં અંગાર સળગે છે તેમાંથી તમને આજ તો થોડા તણખા જ આપું છું, કે જેથી આપણે શ્રદ્ધાનંદજીના બલિદાનનું સંપૂર્ણ ફળ ઉઠાવીએ, અને આપણા દિલને તેમના પવિત્ર રુધિરથી શુદ્ધ કરીએ. જે શુદ્ધિ શ્રદ્ધાનંદજી ચાહતા તે ખરું જોતાં આજે હું જે શુદ્ધિ માગું છું તે હતી. મેં કહ્યું કે માલવિયાજી ભારતભૂષણ છે, લાલાજી પણ પોતે જે માને છે તેવું કહેવાવાળા છે. તેમની દેશસેવા પણ કાંઈ ઓછી નથી. સર અબદુર રહીમ માને છે કે હિંદુઓ બધી વાતોમાં આગળ છે, હિંદુઓ પૈસાદાર છે, હિંદુઓ કેળવાયેલા છે, અને મુસલમાનો બધી વાતોમાં પાછળ છે, મુસલમાનો ગરીબ છે, અજ્ઞાન છે. તે માને છે કે મુસલમાનોને બંગાળમાં વધારે નોકરીઓ મળવી જોઈએ. આપણને ભલે લાગે કે એમની માન્યતા ખોટી છે, પણ તેને માટે આપણે શા સારુ તેને ગાળો કાઢીએ? મહમદઅલી કહે ગાંધીને માટે મને માન છે, આદર છે, પણ જે મુસલમાન કુરાને શરીફ પર ઈમાન લાવનારો છે તેનું ઈમાન ગાંધીના કરતાં ચડતું છે, તો તેમાં તમને રોષ શા સારુ ચડે? પાદરીઓ પણ કહે છે કે નિયમિત ચર્ચમાં જઈ ઈશુની ભક્તિ કરનાર ખ્રિસ્તી ગાંધી કરતાં ચઢિયાતો છે. તો તેમાં તમારું શું ગયું? એટલે હું કહું છું કે આપણને શ્રદ્ધાનંદજીને માટે મહોબત હોય તો આપણે એવું વાતાવરણ ઉત્પન્ન કરવાનો પ્રયત્ન કરીએ કે જેથી એકબીજા પ્રતિ ગાળો ફેલાતી અટકે, એકબીજા પ્રતિ તિરસ્કાર ફેલાતો અટકે, ગંદી વાત લખનારાં, ગંદા આક્ષેપો કરનારાં અખબારોનો બહિષ્કાર થાય. હું પણ એક છાપું કાઢનારો છું, છતાં હું કહું છું કે સોએ નેવું ટકા છાપાં બંધ થાય તો હિંદુસ્તાનને કશી ખોટ જાય એમ નથી. આજે તો કોઈ મુસલમાન અખબાર કોઈ હિંદુની તારીફ કરે તો તેને મુસલમાનો ફેંકી દે છે, અને હિંદુ છાપું જો મુસલમાનને ગાળો ન કાઢે તો હિંદુ તે ફેંકી દેશે. સ્વામીજી પોતાના બલિદાનથી હિંદુમુસલમાનને માટે બીજો જ ધર્મ બતાવી ગયા છે. તેમણે મને એક વાર પૂછેલું કે આર્યસમાજી ઉદાર નથી શું? મહર્ષિ દયાનંદ સરસ્વતીએ ઝેર આપનારને શું કર્યું હતું? તેમને મેં જવાબ આપ્યો કે મહર્ષિની ક્ષમાને હું જાણું છું. પણ સ્વામીજી તો મહર્ષિના ભક્ત હતા, તેમણે તો મને આખો કિસ્સો કહી સંભળાવ્યો. મહર્ષિ ક્ષમાવાળા હતા, કારણ તેમની આંખ આગળ યુધિષ્ઠિરનું ઉજ્જ્વલ દૃષ્ટાંત તરતું હતું, તેઓ ઉપનિષદના ભક્ત

Gandhi Heritage Portal

હતા અને એવા જ ક્ષમાશીલ શ્રદ્ધાનંદજી હતા. એક વાર 'શુદ્ધિ'ને વિશે ચર્ચા કરતાં તેમણે મને કહેલું કે હું મુસલમાનને હિંદુના દુશ્મન નથી માનતો—'આત્મવત્ સર્વભૂતેષુ'નો સિદ્ધાંત ઉપદેશનારી ગીતાના ભક્ત શ્રદ્ધાનંદજી શી રીતે બીજાને દુશ્મન માને? તેમણે કહેલું કે હું મુસલમાનને ભાઈ માનું છું, મિત્ર માનું છું, પણ હિંદુને પણ મિત્ર માનું છું અને તેની સેવા કરવા માગું છું.

મારો ધર્મ મને શીખવે છે કે મુસલમાનો મારા ઉપર થૂંકે તોપણ તેને ભાઈ અને મિત્ર સમજું. હું તેઓને સૂચવું છું કે આ ત્રણમાંથી એકે મુસલમાનના દુશ્મન નથી, તેમ સર અબદુર રહીમ કે મિયાં ફઝલી હુસેન હિંદુઓના દુશ્મન નથી. મિયાં ફઝલી હુસેને મને કહેલું કે હું કૉંગ્રેસવાળો છું, મને હિંદુઓની મહોબત છે, પણ મુસલમાનો માટે હું કાંઈ ન કરું? માલવિયાજીની સાથે મારે મીઠા મતભેદો હોય છે, છતાં જો તેમને હું મારા વડીલબંધુ સમજી માન આપું છું તો મિયાં ફઝલી હુસેનની સાથે મતભેદ હોવા છતાં તેમને વિશે કાં આદર ન રાખું? મિયાં ફઝલી હુસેન કહે કે મારે ૫૦ ટકા જગ્યાઓ મુસલમાનોને માટે જોઈએ, તો તમે કહો કે અમે એકે નહીં આપીએ. પણ તેથી તે હિંદુઓના દુશ્મન છે એમ શા સારુ કહો? આપણે આપણી કલ્પનાશક્તિનો દુરુપયોગ કરી કેમ કાલ્પનિક દુશ્મનો બનાવીએ? ફરી ફરીને કહું છું કે સર અબદુર રહીમ, મિયાં ફઝલી હુસેન, ઝીણા, અલીભાઈઓ હિંદુઓના દુશ્મન નથી, માલવિયાજી અને લાલાજી મુસલમાનોના દુશ્મન નથી.

પણ આજે આ વિશે ચર્ચા કરવાનોયે પ્રસંગ નથી. હું તો શ્રદ્ધાનંદજીના મૃત્યુમાંથી આપણે જે પાઠ લેવો જોઈએ તેની વાત કરું છું. આજે દિલ્હીમાં તોફાન થઈ રહ્યાં છે, અને આપણે આ ઠરાવ કરી રહ્યા છીએ. એ ઠરાવને પસાર કરવાને માટે જેઓ ઊભા થશે તેમને હું કહું છું કે તમે મારી કહેલી વાત સમજો તો વળી હું સ્વરાજનાં વચનો આપતો થઈ જાઉં. સ્વરાજ એક વર્ષમાં આપવાની વાત કરનાર ગાંધી પાગલ છે એમ ભલે કોઈ કહે, હું પાગલ નથી. ૧૯૨૦માં જે વાત કરેલી તેના ઉપર હું હજીયે કાયમ છું. પણ મને સાથ દેનારા તેમની પ્રતિજ્ઞા ઉપર કાયમ નથી રહ્યા. એ સૌને હું કહું છું કે આપણે સૌ એક ઈશ્વરનાં સંતાન છીએ. હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી, ઈશ્વરને અનેક નામથી ઓળખે છે પણ ઈશ્વર એક છે. શંકરાચાર્યે અદ્વૈતની વાત કરી, રામાનુજે દ્વૈતની વાત કરી, શંકરની જેમ પેગંબર સાહેબે એક જ અલ્લાહની વાત કરી—પણ સરવાળે બધાનું તાત્પર્ય એક છે. આપણે સૌ ભાઈઓ છીએ. એકબીજાના દુશ્મન નથી. આપણે જો આપણા દિલને સાફ કરી શકીએ તો કહું છું કે જેમણે પોતાના જીવતાં અને પોતાના મૃત્યુથી દેશની અને પોતાના ધર્મની સેવા કરી તેમના રુધિરથી આપણે આપણાં પાપોને ધોઈએ, અને એકબીજાની સાથે ઝઘડીએ, તોપણ શાંતિથી ઝઘડીએ. મુસલમાન પણ આજે એકરાર કરે કે શ્રદ્ધાનંદજીમાં બૂરાઈ નહોતી, તેઓ મેલા દિલના માણસ નહોતા, તેઓ તેમના દુશ્મન નહોતા.

રશીદને મેં કેમ ભાઈ કહ્યો હતો તે હવે તમે સમજ્યા હશો. હું તો તેને ગુનેગાર પણ નથી માનતો. ગુનેગાર તો હું છું, લાલાજી છે, માલવિયાજી છે, અલીભાઈઓ છે. ગીતાએ કહ્યું समत्वं योग उच्यते—ઇન્સાન ઇન્સાન વચ્ચે તફાવત ન કરો, બ્રાહ્મણ ને ચંડાળ, ગાય અને હાથીની વચ્ચે તફાવત ન કરો. તેથી મેં કહ્યું કે રશીદ મારો ભાઈ છે અને એ ગુનેગાર પણ નથી.

Gandhi Heritage Portal

આજે શ્રદ્ધાનંદજીના મૃત્યુ માટે આંસુ વહેવડાવવાનો સમય નથી. આજે તો ક્ષત્રિયતા બતાવવાનો અવસર છે—ક્ષત્રિયતા ક્ષત્રિયનો વિશેષ ગુણ ભલે હોય, પણ બ્રાહ્મણ, વૈશ્ય, શૂદ્ર સૌ તે બતાવી શકે છે. ખાસ કરીને આજનો સ્વરાજ યુગ આપણે સૌને માટે ક્ષત્રિયતાનો યુગ છે. એટલે રોવાની વાત છોડી દઈએ, અને શ્રદ્ધાનંદજીના બલિદાનમાંથી, રશીદે કરેલા ખૂનમાંથી, જે પાઠ મળે છે તેને હૃદયે ધરીએ. ઈશ્વર સહુનું ભલું કરો.

[મૂળ અંગ્રેજી]

रिपोर्ट ऑफ ध इन्डियन नेशनल कॉंग्रेस, फोर्टी-फर्स्ट सेशन, गौहत्ती (આસામ), ૧૯૨૬, પા. ૪૨-૫

ભાષાંતર : नवजीवन, ૨-૧-૧૯૨૭

## ૧૮૦. ગૌહત્તી કૉંગ્રેસ અધિવેશન વેળા ઠરાવ અને ભાષણ

ડિસેમ્બર ૨૬, ૧૯૨૬

### ઠરાવ

દક્ષિણ આફ્રિકાના ઉપ-ખંડમાંના ભારતીય વસાહતીઓના દરજ્જા અંગેના પ્રશ્ન હાથ ધરવાની ઉત્તમ રીત વિશે હાલ ત્યાં મળી રહેલી ગોળમેજી પરિષદને આ કૉંગ્રેસ આવકારે છે અને તેની ચર્ચાવિચારણામાં ઈશ્વરના આશીર્વાદ અને માર્ગદર્શન માટે પ્રાર્થના કરે છે.

દક્ષિણ આફ્રિકામાં આ પરિષદ ભરવા માટે અનુકૂળ શાંત વાતાવરણ તૈયાર કરવામાં મુખ્ય ભાગ ભજવનાર ભલા અંગ્રેજ સજ્જન શ્રી સી. એફ. ઍન્ડ્રૂઝ પ્રતિ આ કૉંગ્રેસ ફરી વાર આભારની લાગણી પ્રદર્શિત કરે છે.

આ ઠરાવનો પાઠ જનરલ હર્ટ્ઝોગ, સર એમ. હબીબુલ્લા અને શ્રી સી. એફ. ઍન્ડ્રૂઝને[1] કેબલથી મોકલી આપવાની આ કૉંગ્રેસ, પ્રમુખને સત્તા આપે છે.

મહાત્માજીએ હિંદીમાં કરેલા ભાષણનો સાર નીચે આપ્યો છે:

એમણે કહ્યું કે શ્રી સી. એફ. ઍન્ડ્રૂઝે પત્રવ્યવહારથી દક્ષિણ આફ્રિકાની પરિસ્થિતિ વિશે મને વાકેફ રાખ્યો છે. એમણે પોતાના પત્રોમાં આગ્રહ કર્યા કર્યો છે કે દેશભરમાં ગોળમેજી પરિષદને ઈશ્વરી દોરવણી મળે એવી પ્રાર્થનાઓ યોજાવી જોઈએ. આવી પ્રાર્થના અત્યંત જરૂરી છે. તમને ખબર છે કે ભારત સરકારને દક્ષિણ આફ્રિકા ઉપર પોતાની ઇચ્છા લાદવાની કોઈ સત્તા નથી. તાજેતરની સામ્રાજ્ય પરિષદે સામ્રાજ્ય-સંબંધોના ક્ષેત્રમાં આથીય વધારે સ્વતંત્રતા અને મોકળાશ સંસ્થાનોને આપી છે. ગોળમેજી પરિષદની ચર્ચાવિચારણા કરનારાઓ ઉપર પરમાત્મા પોતાના આશીર્વાદ વરસાવે એવી પ્રાર્થના જ આપણે કરી શકીએ જેથી ઈશ્વરી આશીર્વાદથી પ્રબુદ્ધ બનેલી પરિષદ દક્ષિણ આફ્રિકાના ભારતીય વસાહતીઓને ન્યાય આપી શકે.

આ પછી એમણે શ્રોતાઓનું ધ્યાન એ વાત પર ખેંચ્યું હતું કે દક્ષિણ આફ્રિકામાં આપણા દેશબાંધવો જે અસ્પૃશ્યતા વેઠી રહ્યા છે તે ભારતમાંની અસ્પૃશ્યતાનો જ પડઘો છે. આપણે આથી પોતાનું ઘર વ્યવસ્થિત કરી લઈએ, એ જ આપણને શોભે છે.

૧. અબુલ કલામ આઝાદે આ ઠરાવને ટેકો આપ્યો હતો અને પછી સર્વાનુમતે એ પસાર થયો હતો.

Gandhi Heritage Portal

એમણે દક્ષિણ આફ્રિકાના રાજપુરુષોને એ વાતની યાદ આપી હતી કે ઇતિહાસ બતાવે છે કે સત્તા હોય ને તેનો જે દુરુપયોગ કરે છે તે વિનાશને નોતરે છે. એમણે ભારતીય વસાહતીઓને તેઓ માગી રહ્યા છે તે પ્રાથમિક ન્યાય આપવા તેમને અનુરોધ કર્યો હતો. હિંદીઓને મહેરબાની જોઈતી નથી. હકીકતમાં શુદ્ધ ન્યાયની દૃષ્ટિએ મળી શકે એવી વસ્તુઓ તો એમણે શાંતિને ખાતર માગી જ નથી.

[મૂળ અંગ્રેજી]

रिपोर्ट ऑफ द इन्डियन नेशनल कांग्रेस, फॉर्टी फर्स्ट सेशन, गौहत्ती (આસામ), ૧૯૨૬ : પા. ૫૧-૨

## ૧૮૧. આશ્રમની બહેનોને પત્ર

ગૌહત્તી,

સોમવાર, ડિસેમ્બર ૨૭, ૧૯૨૬

બહેનો,

આજે તમારો કાગળ સવારના પહોરમાં શરૂ કરવાને બદલે ટપાલ બંધ થવાને સમયે શરૂ કરું છું. અહીં ટપાલ વહેલી બંધ થાય છે.

અહીંનું દૃશ્ય બહુ સરસ છે. છેક બ્રહ્મપુત્રાને કાંઠે અમારી ઝૂંપડી બાંધી છે. કાકાસાહેબ તો ઝૂંપડી જોઈને જ તેમાં રહેવાનું મન કરે. ઉપર ઘાસનું છાપરું છે. અહીંના જ વાંસની પાટીઓની દીવાલ છે. તેને માટીથી લીંપી છે, ને અંદર બધે આસમાની ખાદીથી સજી લીધી છે. અંદર ખાટલો નથી પણ વાંસના પાયાની એક પાટ બનાવી છે એમ કહેવાય. તેની ઉપર ઘાસ પાથર્યું છે ને તેની ઉપર જાજમ, ને જાજમની ઉપર ખાદી. આ પાટ ઉપર હું બેસું છું, ખાઉં છું ને સૂઉં છું. તેની ઉપર બીજા ચાર જણ સૂઈ શકે એવડી મોટી છે. પણ બીજા કોઈ સૂતા નથી. ભોંય ઉપર પણ ઘાસ પાથરી તેની ઉપર જાજમ ને તેની ઉપર ખાદી; એમ છે. આવી ઝૂંપડીમાં રહેવું કોને ન ગમે? હા, એટલું ખરું કે આ ઝૂંપડીની આવરદા બહુ ટૂંકી. ચોમાસામાં તે નકામી. પણ તેમાં ખર્ચ ઘણું ઓછું. બાંધતાં બેએક દહાડા જતા હશે. બાંધવામાં બહુ આવડતની જરૂર ન મળે. કળામાત્રનું એમ છે. તે હમેશાં સાદી હોય ને સ્વાભાવિક હોય.

ભેજ અને ટાઢ સારી પેઠે છે. જે ખૂબ હાલેચાલે તે માંદા ન પડે.

બીજું તો હવે પછી અને જે તે વેળા યાદ આવે તે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : જી. એન. ૩૬૩૧ તથા

बापुना पत्रो – १ : आश्रमनी बहेनोने, પા. ૬

Gandhi Heritage Portal

# ૧૮૨. ગૌહત્તીના કૉંગ્રેસ અધિવેશનમાં ભાષણ[1]

ડિસેમ્બર ૨૭, ૧૯૨૬

આ બેઠકમાં આવવાનો મારો ઈરાદો જ નહોતો, પણ પ્રમુખ સાહેબે આગ્રહ કર્યો એટલે આવ્યો છું. એક સભ્યે મને કહ્યું છે કે 'આવી રીતે ઠરાવ કરવામાં અન્યાય થાય છે. ગાંધીજી અન્યાય થવા દેશે?' હું કહું છું કે મારી ન્યાયવૃત્તિની જ વાત કરો તો મારે જણાવવું જોઈએ કે આ ઠરાવની સાથે મારે કશી લેવાદેવા નથી. છતાં બેલગામનો કાંતવાનો મતાધિકાર પાછો તાજો થાય એમ હું તો ઇચ્છું.[2] કાંતવાનો મતાધિકાર જેટલો કઠણ કરશો તેટલો મારી ન્યાય-વૃત્તિને સંતોષ થશે. આપણી ઉન્નત્તિને માટે એની જરૂર છે એ વિશે મને શંકા નથી. અને જો એની જરૂર હોય જ તો કઠણ શરતો કરી શા સારુ મારે તમારો તે વિશે સહકાર ન માગવો? હેતુની વાત કરવામાં આવે છે એથી તો મને દુઃખ થાય છે, એ આરોપમાં મારું અપમાન રહેલું છે એમ પણ કહેવાનું મન થઈ જાય છે. આપણું સંખ્યાબળ ઘટી જશે એથી શા સારુ ડરીએ? સંખ્યાબળ એ આ ઠરાવનો ઉદ્દેશ ન હોઈ શકે. એનો ઉદ્દેશ તો ગુણબળ છે. અને જો તમારે ગુણબળ વધારવું હોય તો તમારે ગુણની મર્યાદા મૂકવી જ જોઈએ. બધા પક્ષો મહા-સભામાં ભલે હોય પણ બધા પક્ષોને મહાસભામાં ગમે તે ભોગે રાખવા જોઈએ એ કોના ઘરની વાત? અહીં સ્વાતંત્ર્યનો ઠરાવ રજૂ થવાનો છે, ધારો કે એ ઠરાવ પસાર થાય તો શું તમે કહેશો કે તે બીજા પક્ષોને કાઢી મૂકવાના હેતુથી કરવામાં આવ્યો છે? હું તો ન જ કહું કે એનો હેતુ કોઈ પક્ષને કાઢવાનો હોય. રાષ્ટ્રીય ઉન્નતિ માટે કાંઈક નિયમો તો હોવા જ જોઈએ. તમે મહાસભાને રાષ્ટ્રીય બનાવવા ચાહતા હો, લોકોની સંસ્થા બનાવવા ચાહતા હો તો લોકો અને તમારી વચ્ચે સંબંધ જોડનારી એક વસ્તુ તો રાખવી જ જોઈએ. અને તે ખાદી સિવાય બીજી કઈ વસ્તુ હોઈ શકે? આપણા લોકોને ચાર આના ફી આપવાની પણ શક્તિ નથી એ હું જાણું છું, પણ મહાસભા શું છે એ સમજવાની તેમની શક્તિ એથી પણ ઓછી છે. એ તમે તેમને કઈ રીતે સમજાવી શકશો? ત્રાવણકોરમાં જાઓ, ત્યાં એવા અસ્પૃશ્યો છે કે જેનો પડછાયો પણ અભડાવનારો મનાય છે, જેને દોઢ ગાઉ દૂર ભાગતા રહેવું પડે છે. એવાને તમે મહાસભામાં કઈ રીતે રસ લેતા કરશો? એને માટે ખાદી સિવાય બીજું એકે સાધન નથી. ચરખા સંઘના

૧. મોતીલાલ નેહરુના નીચેના પ્રસ્તાવ પર વિષયવિચારિણી સમિતિમાં ગાંધીજી બોલી રહ્યા હતા : "ઠરાવવામાં આવે છે કે કોંગ્રેસના બંધારણની કલમ ૭માં નીચેનો સુધારો કરવો : પેટા-ખંડ ૪ને બદલે નીચેનું મૂકવું : 'આની પેટા કલમ (૧)નું પાલન નહીં કરનાર અને હાથે કાંતેલી અને હાથે વણેલી ખાદી નહીં પહેરનારને કોઈ સમિતિ કે ઉપસમિતિના કે કોંગ્રેસતંત્રના પ્રતિનિધિઓ કે ડેલિગેટોની ચૂંટણીમાં મત આપવાનો અધિકાર રહેશે નહીં."

૨. 'સાપ્તાહિક પત્ર'માં મહાદેવ દેસાઈએ લખ્યા મુજબ આમ છે : "હું જણાવું કે કાંતવાની શરત ફરી લાવવામાં આવે તો જ મારી ન્યાયભાવના સંતોષાય એમ છે. રાષ્ટ્રના વિકાસ માટે, હું ચોકસ માનું છું તેમ કાંતવાની શરતને કડક બનાવવી જરૂરી હોય, તો તેને માટે શરતો મૂકવામાં હું સાચો નથી? કોઈ પક્ષને હાંકી કાઢવાના હેતુનો કોઈ સભ્ય મારા પર આક્ષેપ કરશે, તો મને અપમાન નહીં લાગે તોય ઊંડું દુઃખ જરૂર થશે."

Gandhi Heritage Portal

રજિસ્ટર ઉપર ૫૦,૦૦૦ સ્ત્રીઓ કાંતનારી છે એ તમને ખબર છે? એમની સાથે શી રીતે સંબંધ જોડાયો છે? એમના ભૂખ્યા પેટમાં આપણે અન્ન આપીએ છીએ તેથી. અને આમ એ સંબંધ સૂતરના તાંતણાનો સંબંધ છે.

વળી બીજી બાજુ છે. તમારે સ્વરાજ જાતે લેવું છે કે ડાઉનિંગ સ્ટ્રીટમાંથી તમારા ઉપર તે ઊતરી પડશે એવી આશા રાખીને બેઠા છો? અને એ તમે ભાડૂતી મતદારો મેળવીને, ઘડીક માટે ભાડૂતી ખાદી પહેરીને આવનારા લોકો મારફતે મેળવવા ધારો છો? હું તમને કહું છું કે લોકો ગરીબ છે, લોકોને વાચા નથી, એ ગરીબ મૂંગા લોકોનું અપમાન ન કરો. તેમનું અપમાન થવામાં કશી બાકી નથી રહેલી.

આની વાત થતી હતી ત્યારે પ્રમુખ સાહેબે કહેલું કે આપણું સંખ્યાબળ ઘટી જશે. ભલે ઘટે. કેટલાકને નીકળવું પડશે તો ભલે પડે. એ તેમની ઉન્નત્તિ માટે જરૂરનું પણ હોય. હું તમને કહું છું કે તમારે આ ઠરાવ નામનો પસાર કરીને તેનો બીજી જ ક્ષણે ભંગ કરવો હોય તો તો આજે જે નામોશી ભરેલો નિયમ છે તેને સાવ કાઢી નાખો. ખાદીને સ્વતંત્ર પાયા ઉપર ઊભી રહેવા દો, ખાદીને કાચે પાયે નથી ઊભી રાખવી. મહાસભાની આબરૂ મને સૌથી વધારે વહાલી છે, અને તમને કહું છું કે તમે ચૂંટણીમાં ગમે તેવી ફતેહ મેળવી હોય, છતાં પણ જ્યાં સુધી તમે મૂળને પવિત્ર નહીં રાખો ત્યાં સુધી એ સફળતા અફળ જવાની છે. ગઈ કાલે ડેલિગેટોની ફી વધારવાનું કારણ બતાવતાં કહેવામાં આવ્યું કે મહાસભાની પાસે નાણાં નથી. એ કંઈ થોડી નામોશીની વાત છે? ૧૯૨૧માં કેમ આપણી તિજોરી ભરેલી હતી અને આજે કેમ મહાસભાનું તળિયું આવી ગયું છે? એટલે હું તમને કહું છું કે મહાસભાનું નામ-પ્રતિષ્ઠા તમને વહાલી હોય તો તમે જોઈવિચારીને આ ઠરાવ કરો.

મારો તો તમે વિચાર જ ન કરશો. હું જે બધી વાતો કહું છું તે ધ્યાનમાં રાખીને જો તમે એ ઠરાવ પસાર કરશો તો ઠીક છે. તમે સંપૂર્ણ પ્રામાણિકપણે કામ કરશો તો ઠીક છે, ઉદ્યમથી તમે કામ કરશો તો ઠીક છે. બાકી નામના મત મેળવવાની તમારી દૃષ્ટિ હશે તો તમે પસ્તાવાના છો. મારે કોઈની મહેરબાની નથી જોઈતી. મારા ઉપર મહેરબાની તરીકે કે લાંચ તરીકે તમે આ ઠરાવ પસાર કરતા હો તો મારે તે નથી જોઈતો. હું કોઈની ઉપર મહેરબાની કરતો નથી, મને મહેરબાની કોઈની જોઈતી નથી. હું તો સ્વતંત્રતા ચાહું છું, અને કોઈની સ્વતંત્રતા રોકવા માગતો નથી. હું તો મારા અંતરાત્માને રાજી રાખવા માગું છું. અને અંતરાત્મા એ ઈશ્વર છે. તમે પણ અંતરાત્માને ઓળખીને જે કરવું હાય તે કરજો.

[મૂળ અંગ્રેજી]

अमृतबझार पत्रिका, २८-१२-१९२६

ભાષાંતર : नवजीवन, ९-१-१९२७

Gandhi Heritage Portal

# ૧૮૩. મીરાંબહેનને પત્ર

[ડિસેમ્બર ૨૭, ૧૯૨૬][1]

ચિ. મીરાં,

તારા સઘળા પ્રેમપત્રો મળ્યા. મુસલમાનો પ્રત્યેના અણગમાવાળો પત્ર અકળાવે છે. ધર્માંતરના ભયથી આ ભય ઊભો થયો છે.

ત્યાં તું જે કરે છે તે જ તારે માટે યોગ્ય છે. બધી વસ્તુનું અવલોકન કરજે. તારાથી બની શકે તે સુધારજે. તારું કશું ન ચાલે ત્યાં તું ચૂપ રહેજે. તું કેવળ વિદ્યાર્થી તરીકે ત્યાં ગઈ છે. તારું કામ તો હિંદીનો અભ્યાસ પૂરો કરવાનું છે. શીખવવાનું અને સુધારવાનું તો તારે બની શકે તો સાથે સાથે કરવાનું હોય. . . . પણ અત્યાર સુધી તો તેં જે કંઈ કર્યું છે તેની ટીકારૂપે આ નથી લખતો. આ તો તું જે કરી રહી છે તે બરાબર છે એટલું જણાવવા પૂરતું જ.

ખરચની બાબતમાં ઓશિયાળાપણું શાને? આપણે કરકસર ખસૂસ કરીએ. પણ સેવાને અર્થે આપણી જાતને તંદુરસ્ત રાખવા માટે જે વસ્તુઓની જરૂર હોય તે આપણે છોડીએ નહીં. તારે જે કંઈ પૈસા જોઈએ તે શ્રી ગાડોદિયા પાસેથી તું લઈ શકે છે એ તું જાણે જ છે.

'રીટા' એટલે અરીઠાં.

મિસ રામ્સના જેવી ઘણી કન્યાઓ તને જોવા મળશે. તારા સમાગમથી તેમની આંખ ઊઘડો. રાઈસીના[1] તું વર્ણવે છે તેવું અને તેથીયે ઘણું બદતર છે. એ લોહીના પૈસાથી બાંધવામાં આવ્યું છે. લોહી છેક પગ સુધી ફરતું રહેવાને બદલે માથું જ એ બધું ચૂસી લે છે. હવે ત્યાં મેનિન્જાઈટિસ થશે અને . . . !

અહીં આસપાસ કુદરતની શોભા અપાર છે. અમારી ઝૂંપડી બ્રહ્મપુત્રાના મહાનદના કાંઠા પર છે. અહીંની આબોહવા ભેજવાળી અને ઠંડી છે તથા પવનની લહરીઓ આવ્યા કરે છે. પણ આપણે જો સારી પેઠે કસરત કરીએ તો હવા ઘણી જ સ્ફૂર્તિદાયી છે. સામાન્ય રીતે હું કૉંગ્રેસના મંડપે ચાલીને જાઉં છું. અહીંથી તે એક માઈલથી કંઈક વધારે અંતરે આવેલો છે.

આવતી કાલે હું કલકત્તા જવા નીકળીશ. ત્યાં હું ચાર દિવસ રહેવા ધારું છું.

સસ્નેહ,

બાપુ

[મૂળ અંગ્રેજી]

મૂળ પત્ર પરથી : સી. ડબલ્યુ. ૫૧૯૩; શ્રીમતી મીરાંબહેનના સૌજન્યથી

૧. નવી દિલ્હી.

Gandhi Heritage Portal

# ૧૮૪. ગૌહત્તીના કૉંગ્રેસ અધિવેશનમાં ભાષણ[૧]

ડિસેમ્બર ૨૮, ૧૯૨૬

આ ઠરાવ દર વર્ષે આવે છે. મારી પાસે આવ્યો હતો ત્યારે મેં એની ચર્ચા નહોતી કરવા દીધી. આ વેળા તમને ભલા પ્રમુખ મળ્યા છે. એટલે તેમણે આટલી ચર્ચા તમને કરવા દીધી. તમે સ્વાતંત્ર્યની વાત કોની આગળ કરો છો? જ્યાં તંબૂરાના તેર રાગ છે ત્યાં સ્વાતંત્ર્યના સંગીતની આશા શેના રાખો છો? ડાહ્યો માણસ પોતાની મર્યાદા સમજે, પોતાનાથી ગળાય તેના કરતાં મોટો બૂકો ન મારે. એમ ધારો કે સામ્રાજ્ય બહારનું સ્વાતંત્ર્ય તે સ્વરાજ કરતાં બહુ ભારે વસ્તુ હોય, તોપણ હું તમને સૂચના કરું છું કે તમે જરા ધીરજ રાખો, જે હાલ મેળવી શકાય છે તેટલું મેળવો અને પછી આગળ પગલું ભરો. મારે માટે તો એક પગલું આજે બસ છે. આજે તમે એમ નથી સમજી શકતા કે સંપૂર્ણ સ્વાતંત્ર્યનો અર્થ જ ઊંધો થવાનો સંભવ છે? આજે હિંદુ અને મુસલમાનને બારમો ચંદ્રમા છે. ત્યાં સંપૂર્ણ સ્વાતંત્ર્ય એટલે હિંદુરાજ અથવા મુસલમાનરાજ તો ન થઈ બેસે?

પણ ખરી વાત તો એ છે કે સ્વરાજમાં સંપૂર્ણ સ્વાતંત્ર્ય આવી જાય છે. જો બને તો સામ્રાજ્યાંતર્ગત સ્વરાજ, અને જરૂર પડે તો સામ્રાજ્યથી મુક્ત સ્વરાજ એ સ્વરાજનો અર્થ છે. અને તમને ખબર ન હોય કે એમાં સામ્રાજ્યથી મુક્તિ આવી જાય છે. તેથી જ માલવિયાજી એની સામે થયા હતા અને મિ. ઝીણા નીકળી ગયા હતા. તમે માનવસ્વભાવ વિશે અને પોતા વિશે શા સારુ વિશ્વાસ ખોઈ બેસો છો? શા સારુ તમે માની લો છો કે તુમાખી અંગ્રેજનો ગર્વ એક દિવસ તમે ન ભૂલવી શકો અને તેની પાસે તમારી સેવા ન કરાવી શકો? તમને ધોળી ચામડી સામે ઘૃણા છે? તમને અંગ્રેજી શીખવવા માટે પણ તમારે કોઈ અંગ્રેજને આ દેશમાં નથી રહેવા દેવા? દક્ષિણ આફ્રિકાનો દાખલો લો. ત્યાં ડચ જેવી અભિમાની પ્રજા રહે છે. તેઓ પણ સામ્રાજ્યથી સ્વતંત્ર થવાનો ઠરાવ નથી લાવતા. જનરલ હર્ટ્ઝોગ હમણાં જ ઇંગ્લંડથી પાછા ફર્યા છે, અને તેમના વિચાર તદ્દન બદલાઈ ગયા છે. તેઓ સામ્રાજ્યમાંથી નીકળવાની વાત નથી કરતા. તે જાણે છે કે સામ્રાજ્યથી સ્વતંત્રતા જાહેર કરવી હોય તો તે સહેજે જાહેર કરી શકે એમ છે, પણ તેમ ન કરવામાં તે ડહાપણ માને છે. બ્રિટિશ પાર્લમેન્ટ આપણને ગમે તે બંધારણ આપે તેથી મને સંતોષ ન થાય, જો તે બંધારણમાં આપણને સામ્રાજ્યથી મુક્ત થવાની છૂટ પણ ન આવી જતી હોય તો. સ્વરાજ્યમાં એ વસ્તુ રહેલી છે. સ્વરાજ્યના ગંભીર રહસ્યને નબળું ન પાડો, એનો વિશાળ અર્થ સંકુચિત ન કરો. કદાચ આજે છે તેના કરતાં પણ વધારે સારી વ્યાખ્યા આપણને એક દિવસ મળી રહેશે. એ શબ્દમાં જે સામર્થ્ય રહેલું છે તે દેશની વ્યક્તિ વ્યક્તિમાં વધતું જશે તેમ તેમ વધતું જશે.

"નાભારાજા વિશેના કાગળો મેં વાંચેલા છે, અને તેને વિશે ઠરાવ કરવામાં નાભાનરેશને કે મહાસભાને લાભ નથી" એમ ગાંધીજીએ જણાવ્યું. મહાસભા દેશી રાજ્યોના સવાલોમાં ન પડે

૧. વિષયવિચારિણી સમિતિમાં સ્વાતંત્ર્ય વિશેના ઠરાવ પર ગાંધીજી બોલી રહ્યા હતા.

Gandhi Heritage Portal

તો સારું એ દૃષ્ટિએ પણ એ સવાલ પાછો વિચારવામાં આવે અને આખરે કાર્યવાહક સમિતિને સોંપવામાં આવે એવી ગાંધીજીની સૂચના એકબે મતના વિરોધથી સ્વીકારાઈ.

હૂંડિયામણના સવાલ સંબંધે પણ મહાસભા તટસ્થ ન રહે એવી ગાંધીજીએ સૂચના કરી. એ પ્રશ્ન આમવર્ગની દૃષ્ટિએ ભારે મહત્ત્વનો છે અને તે પર મહાસભાએ કાંઈક પણ ઠરાવ કરવો જોઈએ એમ જણાવ્યું. થોડી ચર્ચા પછી મોતીલાલજીનો ઠરાવ સ્વીકારવામાં આવ્યો કે કાર્યવાહક સમિતિએ તત્ત્વોની સાથે મસલત કરીને વડી ધારાસભાના સભ્યોને મહાસભા તરફથી લોકોના હિતમાં કામ લેવાની સલાહ દેવી.[1]

[મૂળ અંગ્રેજી]

सर्चलाइट, २–१–१९२७

ભાષાંતર : नवजीवन, ૯–૧–૧૯૨૭

## ૧૮૫. ગૌહત્તીના કૉંગ્રેસ અધિવેશનમાં ભાષણ[2]

ડિસેમ્બર ૨૮, ૧૯૨૬

પાછી સ્વાતંત્ર્યના ઠરાવ ઉપર ચર્ચા શરૂ થઈ. પ્રમુખે કહ્યું કે ગાંધીજી હવે રાજકાજમાં ભાગ લેવાના છે એ દૃષ્ટિએ પણ એ ઠરાવ મુલતવી રાખવામાં લાભ છે. અહીં ઉપેન્દ્રનાથ બૅનરજીએ કહ્યું કે ગાંધીજીના વિચારને આ ઠરાવની સાથે કશો સંબંધ નથી. સ્વતંત્ર રીતે વિચાર કરવો જોઈએ. આ વિચાર ધરાવવા માટે ગાંધીજીએ ઉપેન્દ્રનાથ બૅનરજીને ધન્યવાદ[3] આપ્યો, અને કહ્યું :

ભલભલા મહાત્માઓ આવીને ઊભા રહે તોયે તમારો સ્વતંત્ર મત ન તજવો. મહાત્માઓની જાળમાંથી ઈશ્વર સૌને બચાવે, પણ હું મહાત્મા નથી. હું તો દેશનો નમ્ર સેવક છું, એટલે મારી જાળમાંથી તમે સહેલાઈથી બચવાના નથી, કારણ આપભોગમાં તો હું પ્રખરમાં પ્રખર અરાજકવાદીથી પણ ઊતરું એમ નથી. તમે ગમે તેવો ભારે કાર્યક્રમ રચો, પણ તમને કહું છું કે જે માણસે જિંદગીમાં અનેક લડાઈઓ ખેડી છે, અને જેને આગળ કેમ વધવું અને કેટલું વધવું તે આવડે છે તેની સલાહના ઉપર ધ્યાનપૂર્વક વિચાર કરી લેજો. તમે આજે ‘સ્વરાજ શબ્દની વ્યાખ્યા કરવા જશો તો તેની શક્તિ તમે મર્યાદિત કરી નાખો છો. સંપૂર્ણ સ્વાતંત્ર્ય સ્વરાજમાં આવી જાય છે. જો ન આવી જતું હોય તો તમે મને મહાસભામાં ન જુઓ. પણ તેમાં એવું પણ કાંઈક આવી જાય છે કે જે તમારા સ્વાભિમાનને અણગમતું છે. પણ મારે તમને જણાવવું જોઈએ કે સંપૂર્ણ સમાનતાને ધોરણે બ્રિટિશ લોકોની સાથે ગાઢમાં ગાઢ સંસર્ગ પણ ‘સ્વરાજ’માં આવી જાય છે. જેમને આ સંસર્ગ જલિયાંવાલા બાગના હત્યાકાંડને લીધે અસહ્ય લાગતો હોય તેમની સાથે મારી સહાનુભૂતિ છે, પણ મારે કહેવું જોઈએ કે તમે અધીરા છો, અને મારી સલાહ છે કે તમે જરા ધીમે ચાલો.

પણ તમે આ ઠરાવ કાઢી નાખશો તો હું ધારાસભાના કાર્યક્રમમાં તમને મદદ કરીશ, એવી આશાની ભ્રમણામાં તમે કાંઈ ન કરશો. આજે એવી શરત કરવાની કાંઈ જરૂર નથી. જ્યારે મને

૧. ગાંધીજી પછી મોતીલાલ નેહરુ અને સાંબમૂર્તિ બોલ્યા હતા.

૨. સ્વાતંત્ર્યના ઠરાવ પર ગાંધીજી ફરી વાર બોલી રહ્યા હતા.

૩. ઉપેન્દ્રનાથ બૅનરજીએ કહ્યું હતું કે ગાંધીજી ઠરાવની વિરુદ્ધ હતા એ હકીકત ઠરાવની સામેની દલીલ બનવી જોઈએ નહીં.

Gandhi Heritage Portal

અંતરમાંથી લાગશે કે મારે ધારાસભાના અખાડામાં ઊતરવું ત્યારે હું પંડિતજીને પગે પડીને કહીશ કે મને તમારા વાડામાં લો અને તમારો સેક્રેટરી બનાવો. પણ એ સમય હજી દૂર છે. છતાં તે સમય કદી ન જ આવે એમ ન માનશો. મેં મારા મનમાંથી ધારાસભાનો કાર્યક્રમ તદ્દન ભૂંસી નાખ્યો નથી. જેની સ્મૃતિ પહોંચી શકે તે યાદ કરશે કે કલકત્તાની મહાસભામાં મેં કહેલું કે ધારાસભાનો આપણે વિચાર કદી ન જ કરીએ એમ નથી. જ્યારે લૉર્ડ રીડિંગે મને કહેલું કે 'તમારે મારી ધારાસભામાં આવવું જોઈએ' ત્યારે મેં તેને કહેલું કે આટલી વસ્તુઓ કરો તો આવું, જેમ ચંપારણ તપાસ કમિટીમાં મેં સભ્ય થવાનું સ્વીકાર્યું હતું તેમ ધારાસભામાં હું દાખલ થઈ શકું એમ છું; અરે એકઝીક્યુટિવ કાઉન્સિલર પણ થવાને માટે તૈયાર છું. પણ જ્યારે હું એકઝીક્યુટિવ કાઉન્સિલર થયો હોઈશ ત્યારે તમે યાદ રાખજો કે સ્વરાજ પણ મળી ગયું હશે, અને શ્રી સામ્બમૂર્તિનું સંપૂર્ણ સ્વાતંત્ર્ય પણ આવી ગયું હશે.

મેં તો મારું સ્વરાજ અને સ્વાતંત્ર્ય મેળવી લીધું છે. હવે દરેક હિંદી એ સ્વાતંત્ર્ય મેળવે એટલે પછી સૌનું સ્વાતંત્ર્ય એટલે દેશનું સ્વાતંત્ર્ય. હું તમને એક જ શરત એ આપી શકું કે જ્યારે મહાસમિતિ સતત કામ કરનાર મંડળ બનશે, સ્વાતંત્ર્ય મેળવવા માટે કટિબદ્ધ બનશે, જ્યારે હિંદુસ્તાન પોતાની એક પ્રતિજ્ઞા — કાપડનો બહિષ્કાર પાળી શકશે ત્યારે હું મોતીલાલજીની પાસે જઈને કહીશ કે મને ધારાસભામાં લો. પણ જ્યાં સુધી તમે સૌ આગ્રહી ન બનો ત્યાં સુધી એવો બહિષ્કાર પાર ન જ પડે.

દરમ્યાન તમારે કામ જ કરવું હોય તો ખાદી કર્મચારી મંડળમાં શા સારુ નથી જોડાતા? હું તમને ત્રીસ રૂપિયા મહિને અને શિક્ષણ આપી શકું, પણ તમારે ગામડે ગામડે જઈને કાપડ-બહિષ્કારનો પ્રચાર કરવો પડશે. આજે તો આપણામાં તાલીમ નથી, નિયમપાલન નથી, આજે પ્રમુખની આજ્ઞા તમે આનંદથી નથી પાળી શકતા. તમારે તો તેમને ઉપાડી લેવા જોઈએ અને કહેવું જોઈએ 'તમે કહેશો તે કરશું, અને તમે લઈ જશો ત્યાં ચાલશું.' તમે જાણો છો ખરા કે આજે વિચિત્ર કાગળો અમારી પાસે આવે છે? સ્વામીજીએ પ્રાણ છોડ્યા, હવે કોઈ મુસલમાને પણ છોડવા પડશે. પ્રમુખની પાસે એક નનામો કાગળ આવ્યો છે તેમાં પણ એવી જ ધમકી આપવામાં આવે છે. પણ એ ધમકી મફતની છે. પણ આવા નનામા કાગળથી જોઈ શકાય છે કે પવન કેણી તરફ વાઈ રહ્યો છે. આવી રીતે જ્યારે વાતાવરણમાં જ્યાં ત્યાં દારૂ પડેલો છે, ત્યારે ધારાસભાના વિચાર મારાથી કેમ થાય? આપણે જો સૌ મળીને એ વાતાવરણને શુદ્ધ કરી શકશું તો પછી તમે મને ધારાસભાના કામમાં પડેલો જોશો, આજે તો તમે મને તમારા મનમાંથી કાઢી નાખો. તમારે એ ઠરાવને કાઢી નાખવો હોય તો તમે તમારી જવાબદારીએ કાઢી નાખશો. એમાં કશો સોદો ન કરશો અને કશી વાત મનમાં ન રાખશો.

આખરે ઠરાવ મોટી બહુમતીથી ઊડી ગયો હતો.

[મૂળ અંગ્રેજી]

*સર્ચલાઇટ*, ૨–૧–૧૯૨૭

ભાષાંતર : *નવજીવન*, ૯–૧–૧૯૨૭



Gandhi Heritage Portal

## ૧૮૬. ગૌહત્તીના મ્યુનિસિપલ બોર્ડની સભામાં ભાષણ[1]

ડિસેમ્બર ૨૮, ૧૯૨૬

પોતાને સન્માનવા માટે બોર્ડનો આભાર માની ટૂંકો જવાબ આપતાં મહાત્માજીએ કહ્યું કે આસામની પ્રજા ઉપરથી કાંતણ અને વણાટનો પ્રભાવ હજુ ઘટયો નથી એ જોઈ મને ઘણો આનંદ થયો છે. તેમને ત્યાંની પુખ્ત વયની દરેક કન્યાને વણાટકામ આવડતું હોય એ અત્યારે પણ જરૂરી ગણાય છે એની મને જાણ છે. પોતાના હાથ નીચેની પ્રાથમિક શાળાઓનાં છોકરાછોકરીઓ માટે કાંતણ, વણાટ અને હિંદીનું શિક્ષણ દાખલ કરીને ગૌહત્તી મ્યુનિસિપલ બોર્ડ બીજાં સ્થાનિક સ્વરાજનાં મંડળો સમક્ષ એક ઉદાહરણ રજૂ કરે એમ હું ઇચ્છું છું. આ માટે તમારે તાલીમ પામેલા શિક્ષકો લાવવા જોઈએ. ગૌહત્તી આગેવાની લેશે તો બીજાં નગરો તેને અનુસરશે.

[મૂળ અંગ્રેજી]

अमृतबज़ार पत्रिका, ૩૦–૧૨–૧૯૨૬

## ૧૮૭. ઍસોસિયેટેડ પ્રેસને મુલાકાત[2]

ગૌહત્તી,

ડિસેમ્બર ૨૮, ૧૯૨૬

ઍસોસિયેટેડ પ્રેસના પ્રતિનિધિને તેમણે જણાવ્યું કે આવતા વર્ષમાં મારું કામ રેંટિયાના સંદેશાનો અને ખાદીની વપરાશનો પ્રચાર કરવાનું તેમ જ ખાદીપ્રચારના મુખ્ય ઉદ્દેશને વરેલા અખિલ હિંદ દેશબંધુ સ્મારક માટે ફાળો ઉઘરાવવાનું રહેશે.

[મૂળ અંગ્રેજી]

फॉरवर्ड, ૩૦–૧૨–૧૯૨૬

૧. મ્યુનિસિપલ બોર્ડે ગાંધીજીને માનપત્ર અર્પણ કર્યું હતું.

૨. તે જ દિવસે બપોર પછી ગાંધીજી કલકત્તા જવા રવાના થયા તે પહેલાં મુલાકાત યોજાઈ હતી.

Gandhi Heritage Portal

## ૧૮૭(૧) મીરાંબહેનને પત્ર[1]

ડિસેમ્બર ૨૮, ૧૯૨૬

ચિ. મીરાં,

તારા બીજા બે પત્રો મળ્યા. હા, તું ચાહે ત્યારે હરદ્વાર[2] જઈ શકે છે. પીંજતાં અને કાંતતાં શીખવવા માટે તારે ત્યાં[3] રહેવાની જરૂર નથી. હા, હિંદી શીખવામાં જો એ તને મદદ-રૂપ હોય તો વળી જુદી વાત. તને ઝાઝું હિંદી શીખવાનું મળતું હોય એમ લાગતું નથી, એટલે ત્યાંથી તત્કાળ નીકળી જવું સારું. કોઈ પણ સંજોગોમાં તારે તારી તબિયત બગડવા ન દેવી જોઈએ. બધો વિચાર કરીને તને ઠીક લાગે તે નિર્ણય તું પોતે જ કરજે. . . .

ખૂનને[4] અંગેનો તારો પત્ર વાંચીને મને અફસોસ થયો. . . .

સ્વામીજીને ત્યાં તું જઈ આવી કે?

બાપુના આશીર્વાદ

[મૂળ અંગ્રેજી]

બાપુઝ લેટર્સ ટુ મીરાં, પા. ૧૮

## ૧૮૮. અભય આશ્રમમાં ખાદીકાર્ય

અભય આશ્રમ, કોમિલ્લા ખાતે થયેલા ખાદીકાર્યનો ૧૯૨૫–૨૬નો નીચેનો હેવાલ[5] રસ-પૂર્વક વંચાશે એવી આશા છે. હું પ્રગટ કરતો રહું છું તે હેવાલો વાચક વાંચે એવો આગ્રહ કરું છું. ખાદીની પ્રગતિ અને ભાવિ શકયતાઓ, બીજા કશાથી સિદ્ધ ન થઈ શકે તેટલી સમગ્ર રીતે અને ચોટપૂર્વક એ હેવાલો સિદ્ધ કરી આપે છે. આ હેવાલો રડયાખડયા દાખલા નથી, કે નથી ફક્ત એક જ પ્રાંતની વાત, પણ તે લગભગ બધા પ્રાંતોની વાત કરે છે. શૂન્ય કે નહીં જેવું જ કામ બતાવનારા પ્રાંતો એવા છે જ્યાં કાર્યકરોની રાહ જોવાય છે: 'ફસલ ગજબની પાકી છે, લણવાવાળા નામના જ છે.' ખાદીના ભાવ કેમ ઘટયા છે તેનો ખ્યાલ અભય આશ્રમના હેવાલ પરથી આવશે. એ બતાવે છે કે કાંતનારા અને વણનારાની કુશળતા વધશે તેમ ખાદીના ભાવ હજી વધુ ઘટશે. આ ઉદ્યોગ વિશે સૌથી નોંધપાત્ર વાત તો એ છે કે શરૂઆતથી જ ખાદી સ્વાવલંબી રહી છે. કારણ શોધવા દૂર જવું પડે તેમ નથી. મોટા ભાગના સભ્યો સ્વયંસેવકો છે અને નિર્વાહજોગું જ વેતન લે છે. આંકડા આપતી વેળા 'આશરે' અને 'લગભગ' જેવા શબ્દો નહીં વાપરવાની હેવાલો તૈયાર કરનારાઓને મારી સૂચના છે. 'આશરે ૮૦૦૦ કાંતનારાઓ'

૧. આ પત્ર 'બાપુઝ લેટર્સ ટુ મીરાં' માંથી વધારાનો લીધો છે. તારીખ ચોક્સ મળી નથી.
૨. ગુરુકુલ કાંગડી; એ વખતે તે તેની અસલ જગ્યાએ એટલે કે ગંગાના કાંઠા પર હતું.
૩. કન્યાગુરુકુળ.
૪. સ્વામી શ્રદ્ધાનંદનું ખૂન.
૫. એ અહીં આપ્યો નથી.

Gandhi Heritage Portal

એ શબ્દો સ્પષ્ટ ખ્યાલ આપી શકતા નથી. દરેક કેન્દ્રે કાંતનારાં, વણનારાં, પીંજનારાં વગેરેના ચોક્કસ આંકડા આપવા જોઈએ. સાર્વત્રિક સ્વરૂપની મોટી પ્રવૃત્તિમાં જેટલી કાળજી અને ચોકસાઈ રખાય એટલી ઓછી. પ્રવૃત્તિની સફળતા તેના કાર્યકરોની સત્યનિષ્ઠા અને ચારિત્ર્યશુદ્ધિના કડક આગ્રહ ઉપર અવલંબે છે. એની પાસે તેના કાર્યકરોના ગૌરવ, ચારિત્ર્ય અને બલિદાન સિવાય બીજી કોઈ સંપત્તિ નથી. જેની પાસે આટલો ટેકો હોય તેને બીજી કશી સંપત્તિની જરૂર હોતી નથી.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ૩૦-૧૨-૧૯૨૬

## ૧૮૯. શ્રદ્ધાનંદજીનું બલિદાન

જે ધારવામાં આવતું હતું તે અંતે ખરું જ પડયું. આજથી લગભગ છએક માસ ઉપર સ્વામી શ્રદ્ધાનંદજી આશ્રમમાં આવેલા અને મારી જોડે એકબે દિવસ ગાળેલા ત્યારે અમારી વાતચીતોમાં તેમણે આ વાત પણ કરેલી કે ઘણી વાર તેમનો જીવ લેવાની ધમકી આપનારા કાગળો તેમના ઉપર આવતા. સંસારમાં આજ સુધી જે જે ખરા સુધારકો નીવડયા છે તેમાંથી એવો કયો સુધારક આપણને જડશે જેને જિંદગી હથેળીમાં લઈને નહીં ફરવું પડયું હોય? તેથી સ્વામીજીને એવા કાગળો મળતા તેમાં કશી નવાઈ નહોતી અને તેમનું ખરેખર ખૂન થયું એમાં પણ કશી નવાઈ નથી.

સ્વામીજી સુધારક હતા. એ કામ કરનારા માણસ હતા, વાતો જ કરનારા નહીં. એમની પોતાની માન્યતાઓને વિશે એમને જીવંત શ્રદ્ધા હતી. એની પાછળ એમણે અનેક કષ્ટ સહ્યાં હતાં. શૌર્યની તો સ્વામીજી પ્રત્યક્ષ મૂર્તિ હતા. ભય આગળ ખેંચાવું તો તેમણે કદી જાણ્યું જ નહીં. પોતે ખરા યોદ્ધા હતા અને યોદ્ધાની તો પથારી પર પડીને નહીં પણ યુદ્ધના મેદાન પર જ મરવાની હમેશાં આકાંક્ષા હોય.

આશરે મહિના દિવસ ઉપર તેમને ભારે માંદવાડ થઈ ગયેલો. તેમના દાક્તર, દાક્તર અનસારી તેમની પ્રેમભરી સારવારમાં પોતાથી બનતું બધું કરી રહ્યા હતા. સ્વામીજીના પુત્ર શ્રી ઈન્દ્રને તાર કરી માગશરના આરંભમાં મેં સ્વામીજીની તબિયતના સમાચાર પુછાવેલા. તેના જવાબના[1] તારમાં હતું કે સ્વામીજીને સુવાણ હતી અને તેમણે પોતાને માટે મારા 'પ્રેમ અને પ્રાર્થના'ની માગણી કરી હતી. એ તો તેવી માગણી વગર જ મારા તરફથી હું આપી રહ્યો હતો.

ઈશ્વરે એમને માટે બલિદાનનું જ મરણ નિર્મ્યું હતું તેથી જોકે પોતે માંદવાડની પથારી હજુ છોડી નહોતી છતાં કાતિલની ગોળીથી જ મૂઆ. ખૂની ધર્મચર્ચા કરવાને બહાને સ્વામીજીના ઓરડામાં આવ્યો અને તેને રોકનારાએ સ્વામીજીના કહ્યાથી ન રોકતાં અંદર આવવા દીધો. આ પછી ખૂનીએ પોતાને તરસ લાગી છે કહી પાણી આણવાને બહાને સ્વામીજીના એકનિષ્ઠ સેવક ધર્મસિંહને બહાર મોકલ્યો અને પાછળથી પથારીમાં સૂતેલા દરદી સ્વામી શ્રદ્ધાનંદજીની છાતીમાં

૧. આ તારવ્યવહાર મળતો નથી.

Gandhi Heritage Portal

રિવૉલ્વરની ગોળીઓ મારી તેમનો પ્રાણ લીધો. સ્વામીજીના અંતની ઘડીના શબ્દો શું હતા એ આપણને મળ્યા નથી, પણ જો હું એમને જરા પણ ઓળખતો હોઉં તો હું નિશ્ચયપૂર્વક કલ્પી શકું છું કે તેમણે પેલો ખૂની જેને પોતે કશું ગેર કરી રહ્યો છે એનું ભાન નહોતું તેના પર રહેમ કરવા ઈશ્વરને પ્રાર્થના કરી હશે. આમ ગીતાના શબ્દોમાં તો

'सुखिनः क्षत्रियाः पार्थ ! लभन्ते युद्धमीदृशम्'

આમ ધારાતીર્થે મૃત્યુ મેળવનાર ક્ષત્રિય ખરેખર ધન્ય છે.

મૃત્યુ તો હરકોઈ ઘડીએ ધન્ય વસ્તુ છે. પણ પોતાના કાર્યને અર્થે, અર્થાત્ સત્યને અર્થે તેની ભેટ કરનાર વીરને સારુ તે વિશેષરૂપે ધન્ય છે. મૃત્યુ જમદૂત નથી, એ તો આપણો સાચામાં સાચો બંધુ છે. દેહદંડમાંથી એ આપણને છોડવે છે. આપણી સામે થઈને પણ એ આપણને સહાય કરે છે. એ આપણને લઈને નવી તકો અને નવી આશાઓના પ્રદેશમાં મૂકે છે. ઊંઘની પેઠે નવું જીવન આપનારી એ મીઠી માત્રા છે.

છતાંયે જ્યારે આપણું સ્વજન એમ ગુજરે છે ત્યારે શોક કરવાનો રિવાજ છે. પણ જ્યાં મૃત્યુ એ શુદ્ધ કુરબાની છે ત્યાં એવા શોકને સ્થાન જ નથી. તેથી આ મૃત્યુનો હું શોક કરી શકતો નથી. એમની અને એમનાં સ્વજનોની અદેખાઈ આવે એવું આ મૃત્યુ છે. કારણ સ્વામી શ્રદ્ધાનંદજી મૂઆ છતાં જીવે છે. એઓ પોતાના પહાડ જેવા શરીરમાં આપણી વચ્ચે હરતાફરતા તે કરતાં પણ વધુ સાચા અર્થમાં તેઓ અત્યારે જીવે છે. જે કુટુંબમાં તે જન્મ્યા, જે પ્રજામાં તે નીપજ્યા, તે તેમના આવા ધન્ય મૃત્યુથી આજે ઊજળાં થયાં છે. જે વીરતાથી જીવી જાણ્યું તે જ વીરતામાં તેમણે મરી જાણ્યું છે.

પણ આ ઓચ્છવને શોકની પણ બાજુ છે. મેં હમેશાં મને પોતાને મુસલમાનોનો મિત્ર માન્યો છે. હું એમને મારા સગા ભાઈ લેખું છું. તેમના અપરાધ તે મારા અપરાધ છે. તેમના સુખદુઃખનો હું હિસ્સેદાર છું. કોઈ પણ હિંદુને હાથે થયેલું કુકર્મ મને જેટલું વીંધે તેટલું જ કોઈ પણ મુસલમાનને હાથે થયેલું કુકર્મ મને વીંધે છે. આ કાળું કામ કરનાર સખસ મુસલમાનનું નામ ધારણ કરનારો છે. તેથી મુસલમાનના મિત્ર તરીકે આ બનાવને સારુ હું અત્યંત શોક કરું છું. અને આવા ધન્ય મૃત્યુથી ઊપજતી ખુશાલી મારા જ એક ભ્રમિત, વિપથગામી ભાઈનું આ કૃત્ય છે એ વિચારથી નીપજતા શોકમાં બદલાઈ જાય છે. તેથી જ આવું બલિદાન આપણે કદી માગી ન શકીએ. જ્યારે તે વણમાગ્યું આવી મળે ત્યારે જ તેમાં રાચીએ. આપણામાંના ક્ષુદ્રમાં ક્ષુદ્ર માણસની ભૂલને પણ આપણે ઓચ્છવનું નિમિત્ત ન બનાવીએ.

પણ આ સંસારમાં ઘણી વાર ભૂલો પણ એવી નઠોર નીકળે છે કે તે પોતાને ગોઝારી કર્યા સિવાય ચોરે જ ચડતી નથી અને એમ દુનિયાનો ફિટકાર માથે લીધા પછી જ તે મરે છે.

આ કરુણ બનાવ આપણે સારુ પ્રજાકીય સ્વરૂપનો છે. જે રોગ અત્યારે આપણી પ્રજાના અંતરને કોરી ખાઈ રહ્યો છે તે તરફ એ આપણું ધ્યાન આમ ફટકો મારીને ખેંચે છે. હિંદુ-મુસલમાન બંનેને પસંદગી કરવાની છે, બંનેની કસોટી છે.

હિંદુઓ જોઈએ તો ક્રોધ કરે, મનમાં કીનો ધરી હિંદુ ધર્મને ઝાંખપ આણે અને જે એકતા હિંદુ-મુસલમાન વચ્ચે સ્થપાયે જ છૂટકો છે તેને વધુ દૂરની કરી મેલવામાં આ બનાવનો ઉપયોગ કરે; ધારે તો ઉપનિષદોના શિક્ષણને અને ક્ષમાના અવતારસમા પુણ્યશ્લોક યુધિષ્ઠિરના આદર્શને લાયક નીવડવાનો આ પ્રસંગ છે એમ ગણી આત્મસંયમન કરે, અપરાધીનો અપરાધ ગળી જાય

Gandhi Heritage Portal

અને તેવી લાયકાત સિદ્ધ કરે. એક માણસનો અપરાધ આખી કોમના ઉપર આપણે ન ઓઢાડીએ, હિંસા અને કીનાની વૃત્તિને અંતરમાં જગા ન આપીએ, એક મુસલમાને એક હિંદુનું ખૂન કર્યું એમ ન વિચારીએ, એક પાગલ આદમીએ એક વીરયોદ્ધા સામે ધૂળ ઉડાડી એમ વિચારીએ.

મુસલમાનોની પણ કસોટી છે. મુસલમાનોની પાસે છરી પિસ્તોલ બહુ સસ્તાં છે એ વાતની ના પાડી શકાય એમ નથી. તલવાર એ કંઈ ઇસ્લામનું ચિહ્‌ન નથી. પણ ઇસ્લામનો જન્મ જ એવી પરિસ્થિતિ વચ્ચે થયો જ્યાં તલવાર જ મોટામાં મોટો કાયદો હતી અને હજુ રહી છે. ઈશુનું શિક્ષણ ત્યાં ન ઊગી શક્યું કારણ તેને માટે ત્યાં હજુ ભૂમિ તૈયાર નહોતી થઈ. તેવું જ પેગંબરના સંદેશાને વિશે બન્યું. મુસલમાનોમાં હજુ આજે પણ તલવાર જ્યાં ને ત્યાં ચમકી રહી છે. જો ઇસ્લામને એની જે અર્થમાં આ જગતમાં હસ્તી છે તે — શાંતિ — ના આદર્શને પહોંચવું હોય તો એ તલવાર મ્યાન થયે જ છૂટકો છે.

આ અવિચારી કૃત્યને મુસલમાનોમાં અંદરખાનેથી ટેકો મળે એવો ભય છે. જો એવું બને તો તે તેમને સારુ બલ્કે આખી દુનિયાને સારુ આફતરૂપ માનું છું. કારણ આપણો સવાલ ખરું જોતાં દુનિયાનો સવાલ છે. તલવારનો આશ્રય અને ઈશ્વરનો આશ્રય એ બે તદ્દન પરસ્પર વિરોધી વસ્તુઓ છે. મુસલમાનોમાં આખા આમવર્ગ તરફથી આ ખૂન અસંદિગ્ધ ભાષામાં વખોડી કાઢવું જોઈએ.

હું તો ખૂનીના બચાવમાં પણ બે શબ્દ કહેવા ઇચ્છું છું. આ શખ્સ કોણ છે તે હું જાણતો નથી. તેણે આ કૃત્ય શાથી પ્રેરાઈને કર્યું એનું પણ મારે મન મહત્ત્વ નથી. ભૂલ તો આપણી છે. છાપાંવાળો એ આજે દેશમાં જીવતોબોલતો પ્લેગ બની ગયો છે. એ જૂઠાણાં અને બદગોઈનો ચેપ ઠેરઠેર ફેલાવી રહ્યો છે. પોતાની બોલીમાંની ગાળો અને ગંદકીનો આખો કોષ ખાલી કરીને પોતાના ભોળા અને ઘણી વાર શ્રદ્ધાળુ વાચકોનાં મનમાં તે ઝેરનો સંભાર ભરે છે. 'પોતાના ભાષાવૈભવના કેફથી મત્ત થયેલા આગેવાનો પોતાની જીભ અગર કલમ ઉપર અંકુશ કેવો હોય તે ભૂલ્યા ફરે છે. છૂપા અને ઝેરી પ્રચારકાર્યે નિરંકુશ અને નફ્ફટપણે દેશભર પોતાની દુષ્ટ અને ભયાનક પાંખો પસારી છે. તેથી હું કહું છું કે ખૂની અબદુલ રશીદને જે ખુન્નસ ચડ્યું તેને સારુ આપણે ભણેલા તેમ જ અર્ધભણેલા વર્ગ જવાબદાર છીએ.

બે હરીફ પક્ષોમાંથી કોનો દોષ વધારે ને કોનો ઓછો એની આંકણીમાં ઊતરવાની જરૂર નથી. જ્યાં બંને દોષી છે ત્યાં સરાફી કાંટે ચડાવીને દોષની રતીએ રતી વહેંચણી કરી આપવા કોણ સમર્થ હોઈ શકે? આત્મરક્ષાને અર્થે જૂઠાણાં અને અતિશયોક્તિઓ ચલાવવાં જોઈએ એવું હોય જ નહીં.

આશા તો મોટી છે પણ સ્વામીજી પોતે અવશ્ય એવડા મહાન હતા કે આપણે એવી મોટી આશા પણ રાખી શકીએ કે એમનું પવિત્ર લોહી આપણા આ કલંક ડાઘ ધૂએ, આપણાં અંતરની ખરી શુદ્ધિ કરે અને હિંદુમુસલમાન કોમરૂપી મનુષ્યજાતિનાં આ બે મહાન કુટુંબોને સદાને માટે સાંધીને એક કરે.

સ્વામીજીની સાથેના મારા અનુભવો તો મારે બીજા અંકમાં જ આપવા રહ્યા.

[મૂળ અંગ્રેજી]

યંગ ઇન્ડિયા, ૩૦–૧૨–૧૯૨૬

ભાષાંતર : નવજીવન, ૨–૧–૧૯૨૭

Gandhi Heritage Portal

# ૧૯૦. અસ્પૃશ્યતામાં સરખામણી

મારા વર્ધાના મુકામ વેળા અસ્પૃશ્યોના વાસમાં જવાનું બન્યું હતું. ત્યાંના નિવાસીઓ આમ તો સુખી દેખાતા હતા, પણ એમનામાં આવેલી જાગૃતિએ અસ્પૃશ્યતાના શાપ સામેની ઝુંબેશની ધીમી પ્રગતિથી તેમને અસંતુષ્ટ બનાવ્યા છે. મંદિરો, કૂવા અને સાર્વજનિક શાળાઓનો ઉપયોગ હજુ પણ તેમને કરવા દેવામાં આવતો નથી એની સામે તેમનો રોષ છે. પ્રગતિ 'લંગડી' હોય છે અને આપણામાં અધીરાઈ જગાડે એટલી ધીમી હોય છે તે એ લોકો સમજી શકતા નથી, સમજવાના પણ નથી. તેમને વેઠવા પડતા આવા અસહ્ય ભેદભાવ માટે તેમને કોઈ કારણ દેખાતું નથી, વસ્તુતઃ છે પણ નહીં.

આ રસ પડે એવી મુલાકાત પછી બે દિવસ બાદ મને જાણવા મળ્યું કે જમનાલાલજીના પ્રયાસને લીધે વર્ધામાં બીજે ક્યાંય કરતાં એમની સ્થિતિ સારી છે. કેટલાક સાર્વજનિક કૂવા તેમને માટે ખુલ્લા છે. મ્યુનિસિપાલિટીની શાળાઓમાં એમને વિના-હરકત દાખલ કરવામાં આવે છે. અનાથો તરીકે તેમને બીજાના જેવી જ સગવડો મળે છે. સાર્વજનિક નળમાંથી તેઓ પાણી ભરી શકે છે. તેમની સામેની સૂગની દીવાલ તોડી નાખવાનો પ્રયાસ સતત થઈ રહ્યો છે.

અસ્પૃશ્ય ભાંડુઓના વિચારપ્રવાહ હું અનુભવી રહ્યો હતો તે જ વખતે દક્ષિણ આફ્રિકામાંની અસ્પૃશ્યતાની ઘટનાઓ મને બરોબર યાદ આવી ગઈ. અત્યારે ગોળમેજી પરિષદ ત્યાં ચર્ચાવિચારણા કરી રહી છે એ સંદર્ભમાં મારે આમ કરવું પડયું. ભારતમાંની અસ્પૃશ્યતા માટે જવાબદાર એવા ખુદ આપણે દક્ષિણ આફ્રિકામાં એનો ભોગ બન્યા છીએ. આ તો 'કરે તેવું પામે' જેવી વાત થઈ. ભારતમાં આપણે જે કંઈ કરીએ છીએ એનો બદલો દક્ષિણ આફ્રિકામાં મળે છે.

આનો કોઈ ઉપાય છે કે કેમ તે શોધવા પરિષદ હાલમાં વિચારી રહી છે. ઍન્ડ્રૂઝ કંઈક સુખદ નિકાલ માટે ભગીરથ પ્રયાસ કરી રહ્યા છે. તેમણે આ ઉમદા કાર્ય માટે દક્ષિણ આફ્રિકાનાં પવિત્ર બળોને એકત્રિત કર્યાં છે.

તોપણ, બેઉ અસ્પૃશ્યતા વચ્ચેનો ભેદ આપણે જોવો જોઈએ. ભારતીય અસ્પૃશ્યતા સુકાઈ રહી છે. એનાં મૂળ પર કુહાડીનો પ્રહાર પડી ચૂકયો છે. જાગ્રત લોકમત તેની વિરુદ્ધ થઈ ગયો છે. જેના અભિપ્રાયનું કંઈકે વજન પડે છે એવું કોઈ એનો બચાવ કરતું નથી. 'અસ્પૃશ્યોને' જકડતી સાંકળ રોજ તૂટી રહી છે. કાયદો તેને માન્ય રાખતો નથી. જે થોડીઘણી અસ્પૃશ્યતા રહી છે તે રિવાજના જોરને લીધે છે. રિવાજ જલદી મરતા નથી, ખાસ કરીને જો એ પરાપૂર્વના હોય તો કાયદાનો ટેકો ચાલી ગયા પછી પણ એ લાંબા સમય સુધી શ્વાસ ખેંચ્યે રાખે છે. ભારતમાંની અસ્પૃશ્યતાની નાબૂદી હવે માત્ર સમયનો પ્રશ્ન રહ્યો છે.

સામે પક્ષે, દક્ષિણ આફ્રિકાવાળી અસ્પૃશ્યતા તો મજબૂત વૃક્ષ જેવી બનતી જાય છે. એને રોજ રોજ નવા કાનૂની ટેકા મળતા જાય છે. ૧૯૧૪ની આખરી સમજૂતી છતાં ૧૯૧૫થી યુનિયન પાર્લમેન્ટની દરેક બેઠક સાથે દક્ષિણ આફ્રિકાના હિંદી અસ્પૃશ્યોની કાનૂની અયોગ્યતાઓ વધતી રહી છે. બ્રિટિશ સામ્રાજ્યના બીજા ભાગોમાં એ ફેલાઈ રહી છે. આ કૉલમોમાં ગયે અઠવાડિયે છાપેલા કેન્યાના પત્રે એ સ્પષ્ટ દેખાડી આપ્યું છે.

Gandhi Heritage Portal

આ વધતા જતા અનિષ્ટની સામે લગભગ ઍન્ડ્રૂઝ દક્ષિણ આફ્રિકામાં એકલે હાથે લડત આપી રહ્યા છે. એમના પ્રયાસને સફળતા ઇચ્છીએ.

પણ આ અનિષ્ટ સામે લડવાનો સૌથી સારો ઉપાય ભારતમાં એમાંથી મુક્ત થઈ જવાનો છે એમાં શંકા નથી. યુનિયન ડેપ્યુટેશનના[1] સભ્યોએ એકથી વધુ વાર કહ્યું છે કે પ્રથમ ભારતમાંથી અસ્પૃશ્યતા કાઢયા પછી હિંદીઓ દક્ષિણ આફ્રિકામાંના તેમની સામેના પ્રતિબંધો દૂર કરાવવાની ચળવળ ઉપાડે તો ઠીક કહેવાય. પણ એ લોકો કાં તો એ ભૂલી ગયા કે કાં તો એમને ખબર નથી કે અહીં આપણે ત્યાં અસ્પૃશ્યો સામે કાયદાનો કોઈ પ્રતિબંધ નથી. પણ ન્યાય માગતા હોઈએ ત્યારે એ પ્રકારની દલીલ કરવી આપણને શોભે નહીં. આપણા દાખલાને લાગુ પડે એવું કાયદાનું એક સરસ સૂત્ર છે : 'ન્યાય માગનારાઓએ ચોખ્ખા હાથ સાથે આવવું જોઈએ'. આથી, દક્ષિણ આફ્રિકાની અસ્પૃશ્યતા સામે ઉત્તમ કેસ તૈયાર કરવો હોય તો તે આપણા પોતાના ઘરને વ્યવસ્થિત કરીને થાય. ત્યાં સુધી, મને લાગે છે કે ગોળમેજી પરિષદ અપાવી શકે તે રાહતોથી જ આપણે સંતોષ માની લેવો રહેશે.

આ પ્રશ્નની બીજી બાજુ પણ છે. અસ્પૃશ્યોને પણ પોતાના પ્રત્યે અને ભારત પ્રત્યે કશુંક કર્તવ્ય છે. પણ એ પ્રશ્નની વાત મારે બીજા લેખમાં જ કરવી રહી.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ૩૦-૧૨-૧૯૨૬

# ૧૯૧. નોંધ

### સર હબીબુલ્લા ડેપ્યુટેશન

શ્રી સી. એફ. ઍન્ડ્રૂઝ નીચેનો કેબલ કરે છે :

> પ્રાંતિક ચૂંટણી પસાર થઈ જવા દેવા અને વાતાવરણને શાંત રાખવા ડેલિગેશનને ફેબ્રુઆરી સુધી રહેવા દેવું સલાહકારક.

હું આશા રાખું છું કે લૉર્ડ ઇરવિન શ્રી ઍન્ડ્રૂઝની સલાહ માન્ય રાખી ચૂંટણી પતી જાય ત્યાં સુધી ડેપ્યુટેશનને દક્ષિણ આફ્રિકામાં રહેવાની રજા આપશે જ. બધે થાય છે તેમ દક્ષિણ આફ્રિકામાં ચૂંટણીઓ ઉત્તમ વિચારો નહીં પણ કનિષ્ઠ આવેશો પેદા કરે છે અને વેરઝેર ઊભાં કરે છે. ડેપ્યુટેશનની અસરથી એના પર થોડો અંકુશ રહેશે એમાં શંકાને સ્થાન નથી. અલબત્ત, દક્ષિણ આફ્રિકાના દૃષ્ટિબિંદુથી તો ડેપ્યુટેશનને ચૂંટણીઓ શરૂ થતાં પહેલાં ઘરભણી રવાના કરી દેવાનું એ ઉત્તમ કારણ બની શકે. ઉમેદવારોના વક્તૃત્વના મુક્ત પ્રવાહ પર ડેપ્યુટેશનની હાજરીથી જે સભ્ય રીતનો અંકુશ મુકાશે તેથી તેઓ ચિડાય એવો સંભવ ખરો.

### 'સુખદ નિકાલ'?

જેમના પત્રે મારી પાસે 'સર્વનું વધુમાં વધુ હિત'[2] (यंग इन्डिया, ૯-૧૨-૧૯૨૬) એ લેખ લખાવ્યો એ આદરણીય પત્રલેખક લખે છે :

૧. ભારત સરકારના નિમંત્રણથી ૧૮ સપ્ટેમ્બર, ૧૯૨૬ના રોજ ત્રણ અઠવાડિયાંની મુલાકાત માટે દક્ષિણ આફ્રિકાથી એફ. ડબલ્યુ. બેયર્સના અધ્યક્ષપણા નીચે ભારત આવી પહોંચેલું પાર્લમેન્ટરી ડેપ્યુટેશન.

૨. જુઓ પા. ૩૨૧-૨.

Gandhi Heritage Portal

ત્રણમાંથી આપે માત્ર પહેલા, ડૉ. બ્લેઝરના કેસની જ ચર્ચા કરી. બીજા બે એટલે પૅરિસવાળો કેસ અને ડેન્માર્ક કાયદાના ગુણદોષ વિશે કશો અભિપ્રાય આપ્યો નહીં. આપના નૈતિક દૃષ્ટિબિંદુથી એ બાબતો વિશે આપ કેવો નિર્ણય બાંધો એ વિશે પ્રકાશ પાડશો તો હું તથા તમારા ઘણા વાચકો જરૂર આભારી થઈશું.

ઉલ્લેખેલા કિસ્સા આ પ્રમાણે છે :

ગઈ સાલ લગભગ એ જ અરસામાં પૅરિસનો એક એવો કિસ્સો વાંચ્યાનું મને યાદ છે, જેમાં એક નટીએ તેના પ્રિયતમને તેની પોતાની આગ્રહભરી વિનંતીથી ગોળી મારીને મારી નાખ્યો હતો, કારણ, સાજા થવાની જેમાં કોઈ જ આશા ન હતી એવા રોગથી પેલો અસહ્ય યાતના ભોગવી રહ્યો હતો. માનવવધ માટે નટી ઉપર કામ ચાલ્યું, પણ સંજોગો જોતાં તેણે કશો ગુનો કર્યો નથી એવો જ્યૂરીનો નિર્ણય પડતાં તેને છોડી મૂકવામાં આવી હતી. આવા ચુકાદાને વાજબી ઠરાવતો કોઈ કાયદો ફ્રાન્સમાં જણાતો નથી, પણ મારા વાંચવામાં આવ્યું છે કે ડેન્માર્કમાં ખરેખર એક કાયદો પસાર કરવામાં આવ્યો છે, જેથી ઉપરના જેવા કિસ્સાઓમાં કેટલાક અધિકૃત માણસો જો 'સુખદ નિકાલ' સાથે કોઈને જીવનમાંથી મુક્તિ આપે તો ગુનો ગણાતો નથી.

મારા અભિપ્રાય પ્રમાણે આવી હત્યા જો શુદ્ધ બુદ્ધિથી કરવામાં આવે તો અવશ્ય, તે મારી સમજ અને વ્યાખ્યા મુજબની હિંસા નહીં ગણાય. પણ ત્રીજા પક્ષનું આવું કાર્ય ન્યાયી ઠરાવવાનું હું માથે ન લઉં, કારણ, આવા કિસ્સાનો ન્યાય તોળવા માટે મારી પાસે કદી પૂરતી સામગ્રી નહીં જ હોવાની. બચાવ આશય ઉપર જ અવલંબશે, અને આશયોનો અચૂક નિર્ણાયક તો ઈશ્વર જ છે. તેથી દરેક મનુષ્યે પોતાની જવાબદારી ઉપર જ કામ કરી તેનાં પરિણામ માટે તૈયાર રહેવું જોઈએ. આથી ફલિત થાય છે કે ડેન્માર્કના કાયદાનો બચાવ થઈ શકે તેમ નથી. મરનારની મરી જવાની ઇચ્છાને આધારે તેની હત્યાના કાર્યને વાજબી ઠરાવવું બહુ જોખમભર્યું છે. ઘણા કિસ્સામાં માણસ ખૂબ પીડા થતી હોવાને કારણે એ યાતનામાં જીવવા કરતાં તે ક્ષણ પૂરતી મરી જવાની ઇચ્છા વ્યક્ત કરતો હોય છે. પણ સાજો થયા પછી, તેની ઇચ્છાને માન ન અપાયું તે માટે તે ખૂબ આભારવશ બનવાનો. મારા મતે કોઈ જિંદગી બચાવી શકાય એવી રહી ન હોય ત્યારે હિંમતથી તેનો અંત આણવો એ વધુ સારો માર્ગ છે. પ્રાણઘાતક રીતે જખમી થયેલા અને દાક્તરી સારવારની કશી આશા વિનાના રણક્ષેત્ર પરના સાથી સૈનિકનો દાખલો આવો કહેવાય. આ કિસ્સામાં હત્યાનો નિર્ણય લેવાનું કારણ તેની ઇચ્છા નહીં, પણ સાવ લાચાર હાલતમાં પ્રેમાળ સારવારની પણ આશા વિના રિબાતાં રિબાતાં પોતાને મરવું પડશે એ વાતનું ચોક્કસ જ્ઞાન જ છે. અહીં એમ માની લેવાયું છે કે પોતાના ઘાયલ સાથીને મારી નાખીને યાતનામુક્ત કરનાર સૈનિક તેની સેવાશુશ્રૂષા પણ કરી શકવાની સ્થિતિમાં નથી.

## કુવિચારોનું નિયંત્રણ

'નીતિનાશને માર્ગે'ની આ કૉલમોમાં છપાયેલી લેખમાળામાં રજૂ કરેલા વિચારનું સમર્થન કરતો નિબંધ મને એક ભાઈએ મોકલ્યો છે. એમાં કંઈ નવું નથી, પણ કુવિચારોના નિયંત્રણ માટે મથનારાઓને મદદગાર નીવડે એવો બુદ્ધના ઉપદેશમાંનો એક સારો ઉતારો તેમાં છે. એ ઉતારો નીચે આપ્યો છે :

Gandhi Heritage Portal

મનની એક વૃત્તિને કારણે કોઈ બંધુમાં ભોગ, ધિક્કાર અને મોહને લગતા ખરાબ અને ખોટા વિચારો આવે, ત્યારે તેણે પોતાના મનને સારી અને સત્ય વૃત્તિમાં વાળવું. એમ છતાં એ વિચારો ઊઠતા જ રહે તો એ વિચારો કેવા ખોટા અને અશુભ છે અને તે પાકીને કેવા પાપરૂપ બને એનો વિચાર કરીને એમાં રહેલાં જોખમોનું ચિંતન કરવું. એમ છતાં ખરાબ વિચારો આવતા જ રહે, તો એની ઉપેક્ષા કરી મનને એની ઉપર જવા જ ન દેવું. અને એમ છતાં તે ચાલુ રહે, તો વિચારોના આ બધા રંગઢંગ કઈ રીતે શમાવવા તેનું ચિંતન કરવું. તે એમ કરશે એટલે આ વિચારો પસાર થઈ અદૃશ્ય થઈ જશે અને તેનું ચિત્ત દૃઢ, સ્થિર, સ્વસ્થ અને એકાગ્ર બનશે. છેલ્લે, આમ તેનું શમન કરવા છતાં આ વિચારો ઊઠ્યા કરે ત્યારે દાંત કચકચાવી, જીભને તાળવે ચોંટાડી, નર્યા આત્મબળથી તેણે પોતાના ચિત્તનું નિયંત્રણ અને દમન કરી તેને વશ કરવું. એમ કરતાં, આ વિચારો પસાર થઈ લુપ્ત થઈ જશે. પછી પોતે ઇચ્છે તેવા જ વિચારો તેને આવશે, ન ઇચ્છે તેવા નહીં આવે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ३०-१२-१९२६

## ૧૯૨. કલકત્તાની જાહેર સભામાં ભાષણ[1]

ડિસેમ્બર ૩૧, ૧૯૨૬

સભામાં હિંદીમાં બોલતાં મહાત્માજીએ કહ્યું કે સ્વામી શ્રદ્ધાનંદના જેવું મૃત્યુ મેળવવું કંઈ સહેલી વાત નથી. એ સામાન્ય માનવીનું મોત ન હતું. વીરોનાં મૃત્યુ સામાન્ય માનવીઓના જેવાં હોતાં નથી. હિંદુ ધર્મને ખાતર પોતાના જીવનનું બલિદાન આપીને સ્વામીજી અમર બની ગયા છે. આપણે સ્વર્ગસ્થ સ્વામીજીનું તર્પણ કરવા અત્રે મળ્યા છીએ. એક સ્મારક ભંડોળ શરૂ કરવામાં આવ્યું છે અને દરેક વ્યક્તિ તેમાં પોતાનો યથાશક્તિ ફાળો આપશે એવી આશા છે. દસ લાખ રૂપિયા ઊભા કરવાનો વિચાર રાખ્યો છે. એમાંથી અર્ધા અસ્પૃશ્યતાનિવારણ અર્થે અને અર્ધા ‘શુદ્ધિ’ અને ‘સંગઠન’ અર્થે ખર્ચાશે. સ્વામીજીએ હિંદુ ધર્મ માટે ઘણું કર્યું છે. અને તેઓ એક સૌથી આગળ પડતા ધાર્મિક કાર્યકર્તા હતા. અસ્પૃશ્યતાનિવારણની બાબતમાં મારી સાથે તેમને કશો મતભેદ ન હતો. સાચું પૂછો તો, સ્વામીજી અસ્પૃશ્યો માટે જ જીવ્યા હતા, અને એમની સ્મૃતિનું યોગ્ય સન્માન કરવું હોય તો સ્વામી શ્રદ્ધાનંદના જીવનનું મિશન ઉપાડી લઈને જ કરવું જોઈએ.

‘શુદ્ધિ’ અને ‘સંગઠન’ વિશે બોલતાં મહાત્માજીએ કહ્યું કે સ્વર્ગસ્થ સ્વામીએ હાથ ધરેલું મિશન સાચે માર્ગે હતું. બળ ઉપર આધારિત ન હોય ત્યાં સુધી દરેક ધર્મને શુદ્ધિ અને સંગઠનનો કાયદેસર અધિકાર છે. સ્વામીજી કદી બળજબરીથી કોઈનું ધર્માંતર કરાવવાના મતના ન હતા; હું એમને પૂરેપૂરા ઓળખતો હતો એવો દાવો કરી શકું છું.

[મૂળ અંગ્રેજી]

अमृतबझार पत्रिका, १-१-१९२७

૧. આ સભા બડાબઝાર ખાતે મહેશ્વરી ભવનમાં સ્વામી શ્રદ્ધાનંદની સ્મૃતિને અંજલિ આપવા તેમ જ શુદ્ધિ અને સંગઠન પ્રવૃત્તિ માટે ફાળો એકઠો કરવા ભરાઈ હતી. એ પ્રસંગે મદનમોહન માલવિયા પણ બોલ્યા હતા.

Gandhi Heritage Portal

## ૧૯૩. મગનલાલ ગાંધીને પત્ર

સોમવાર [ડિસેમ્બર, ૧૯૨૬][1]

ચિ. મગનલાલ,

તમારા બે કાગળ મળ્યા છે. તમે સંયુક્ત રસોડામાં જમવાનું શરૂ કર્યું એ ઠીક થયું છે.

કેશુની[2] સ્થિતિ વિશે જણાવજો. રામચંદ્ર લિફ્ટ કોઈ એમ બનાવીને વેચી નહીં શકે. તેનું પેટંટ ફરી રજિસ્ટર થયું? જો પેટંટ ઑફિસેથી કાગળ આવી ગયો હોય તો તેના જે બાકી છે તે ભરી દેવા. બેસ્ટ કંપનીના તો જ્યારે પેટંટનું કામ પૂરું થાય અથવા આપણે લિફ્ટ વેચતા થઈ જઈએ ત્યારે જ ભરાય.

દક્ષિણ આફ્રિકાની પ્રાર્થનાનું વર્ણન કાકાસાહેબ બનાવીને ઍન્ડ્રૂઝને મોકલે. વધારે લખાય એટલો વખત નથી. રાતના દસ વાગવા આવ્યા છે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

મૂળ પત્ર પરથી : સી. ડબલ્યુ. ૭૭૪૯; શ્રીમતી રાધાબહેન ચૌધરીના સૌજન્યથી

## ૧૯૪. મણિબહેન પટેલને પત્ર

[૧૯૨૬][3]

ચિ. મણિ,

વાહ, કુમારિકાઓ માંદી પડે ત્યારે મારે દુ:ખ કોની પાસે રડવું? દરિયામાં આગ લાગ્યા બરોબર થયું. સેવા કરવાને ખાતર પણ શરીર સાચવવાની કળા શીખી લેવી જોઈએ. મને તો લાગે છે કે જેમ તમે બધાં કપડાં પહેરો છો તેમ જ મચ્છરદાની પણ રાતે પહેરવી જોઈએ. બીજું તો મેં બાળકોના કાગળમાં લખ્યું છે તે જોવું.

આ કાગળ મળતાં તો કંઈ જ નહીં હોય એવી ઉમેદ રાખું છું.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

બાપુના પત્રો – મણિબહેન પટેલને, પા. ૩૭

૧. દક્ષિણ આફ્રિકાની ગોળમેજી પરિષદ સફળ થઈ એ નિમિત્તે ૧૯૨૬ના ડિસેમ્બરની ૧૯મીનો દિવસ પ્રાર્થનાદિન તરીકે ઊજવવામાં આવ્યો હતો. પત્રમાં થયેલો આ દિવસનો ઉલ્લેખ બતાવે છે કે પત્ર ડિસેમ્બરમાં કોઈક દિવસે લખાયો હતો.

૨. મગનલાલના પુત્ર.

૩. મૂળ પ્રમાણે.

Gandhi Heritage Portal

## ૧૯૫. મણિબહેન પટેલને પત્ર

મૌનવાર [૧૯૨૯][1]

ચિ. મણિ,

તમારો કાગળ હાલ તો મુદ્દલ નથી. હવે તબિયત સાવ સારી થઈ કે? જેમ નકામી ચિંતા ઓછી થશે ને ચિત્ત બાળકના જેવું નિખાલસ થશે તેમ દરદો ઓછાં થશે. 'નિખાલસ'નો અર્થ સમજવો. નિખાલસ ચિત્તને કોઈનું દુ:ખ લાગે નહીં, કોઈનો વાંક વસે નહીં, કંઈ ખોટું જુએ નહીં. આ ભવ્ય સ્થિતિ છે. હું કહી દઉં કે મારી તે નથી. હું તે સ્થિતિને પહોંચવા માગું છું. પણ બહુ દૂર છું. એ સ્થિતિએ અખંડ બ્રહ્મચારી અને બ્રહ્મચારિણી વહેલાં પહોંચે. એવાઓને મેં જોયાં છે. ઍન્ડ્રૂઝ એ સ્થિતિની નજીક છે. એને મૂરખ માનનાર મૂરખ જાણવા. એવી નિખાલસતા તમારામાં આવવી જ જોઈએ.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

बापुना पत्रो – मणिबहेन पटेलने, પા. ૩૮

## ૧૯૬. મણિબહેન પટેલને પત્ર

મૌનવાર [૧૯૨૯][2]

ચિ. મણિ,

તમારો કાગળ મળ્યો. બાપુ પાસેથી પણ હકીકત સાંભળી. મંદવાડ વિશે હવે વધારે નથી લખતો. કેમ કે શનિવારે મોડામાં મોડા મળશું એવી આશા છે. પણ ઝટ સાજાં ને તાજાં થઈ જવું જોઈએ.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

बापुना पत्रो – मणिबहेन पटेलने, પા. ૩૯

૧. અને ૨. મૂળ છાપેલી પ્રત પ્રમાણે.

Gandhi Heritage Portal

## ૧૯૭. મણિબહેન પટેલને પત્ર

મૌનવાર [૧૯૨૬][1]

ચિ. મણિ,

તમારો કાગળ મળ્યો. મારા એક ઉદ્‌ગાર ઉપરથી મહાદેવે તમારી રજાની રાહ જોયા વિના મને તમારો કાગળ બતાવ્યો. મારાથી કશું છૂપું રાખવાની મહાદેવની પાસે કોઈ આશા જ ન રાખે. એ વાત તેની શક્તિની બહાર છે. આપણે અમુક ટેવ પાડીએ છીએ પછી તેથી ઊલટું કરવું શક્તિની બહાર થાય છે. સારી ટેવને સારુ એ ગુણ કેળવવા જેવો છે. અહિંસાનું શુદ્ધ ધ્યાન ધરનાર છેવટે હિંસા કરવા અશક્ત થાય છે. એટલે શરીરે નહીં પણ વિચારે. વિચાર એ જ કાર્યનું મૂળ છે. વિચાર ગયો તો કાર્ય ગયું જ.

મારો વિયોગ જેટલો તમને સાલે છે તેટલો જ મને સાલ્યો હશે તો? ને હજીયે સાલતો હશે તો? તમે શ્રેયને પસંદ કર્યું. મેં પણ તે જ પસંદ કર્યું. તેમાં જ તમારું, મારું ને બધાંનું કલ્યાણ છે. શ્રેયને પ્રેય કરવું એ કેળવણીનું ફળ હોવું જોઈએ. એટલે આશ્રમમાં રહેવું શ્રેયસ્કર છે એમ જાણો તો તે પ્રિય કરજો. આમાં મનને કે મને ન છેતરજો. જ્યારે આશ્રમમાં રહેવું ન ગમે ત્યારે તમને બીજે રાખવા હું તૈયાર જ છું, એમ જાણજો. મને છૂટથી લખવું. ભલે હું ન સમજું. ભલે હું જવાબમાં ભાષણો આપું. વડીલોનાં ભાષણો સહન કરતાં શીખવું.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

બાપુના પત્રો – મણિબહેન પટેલને, પા. ૪૦

## ૧૯૮. મણિબહેન પટેલને પત્ર

સોમવાર [૧૯૨૬][2]

ચિ. મણિ,

તમારો કાગળ મળ્યો. કાકા (વિઠ્ઠલભાઈ)ની હાજરીમાં[3] શહેરમાં જવાનું રાખ્યું તે ઠીક જ કર્યું.

મનુ[4] ને મણિલાલ[5] ધીરજથી ઠેકાણે આવશે.

બા પાછી કહેતી હતી કે રવિવારે નીકળશે. બુધે તો તે પહોંચવી જ જોઈએ.

આ રાતના સૂતાં પહેલાં લખી રહ્યો છું. એટલે વધુ નહીં લખું.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

બાપુના પત્રો – મણિબહેન પટેલને, પા. ૪૧

૧. અને ૨. મૂળ છાપેલી પ્રત પ્રમાણે.

૩. મધ્યસ્થ ધારાસભાના પ્રમુખપદે ચૂંટાયા પછી વિઠ્ઠલભાઈ પટેલે અમદાવાદની મુલાકાત લીધી હતી.

૪. ગાંધીજીનાં પૌત્રી.

૫. આશ્રમના એક વિદ્યાર્થી.

Gandhi Heritage Portal

## ૧૯૯. લક્ષ્મીને[1] પત્ર

આશ્રમ,
સાબરમતી,
[૧૯૨૬][2]

ચિ. લક્ષ્મી,

આ વખતે તમારો કાગળ મોડો આવ્યો ગણાય. અક્ષર સારા થયા છે. એક જ કાગળમાં બે પ્રકારના અક્ષર ન થવા જોઈએ. રમત રમવાનું મન થાય છે તેની ચિંતા નથી. બાળકને તે મન થાય જ. પણ તેટલું જ મન કામ કરવાનું થવું જોઈએ. જે છોકરાનું મન રમતમાં જ રહે તે કોઈક ને કોઈક વખતે જૂઠું બોલ્યા વિના રહે જ નહીં. હવે તમને તેરમું વર્ષ બેસશે. એ કાંઈ નાની ઉંમર ન કહેવાય. જે કપડાં ફાટી જાય તે અહીંથી મંગાવી લેવાં. જો ત્યાં સીવી શકાય એટલે દાનીબહેનને સીવતાં આવડે તો અહીંયાંથી ખાદી મોકલી શકાય, ને જો તે ન સીવી શકે એમ હોય તો અહીંયાંથી બનાવીને મોકલાય. વરસગાંઠને દિવસે કંઈક પણ સારું કામ કરવાનો નિશ્ચય કરજો.

રુખી[3], ને આનંદી[4] માંદા પડયાં છે. બંનેને તાવ આવે છે. બેત્રણ દિવસમાં ઠીક થઈ જશે એવી ઉમેદ છે.

[મૂળ ગુજરાતી]

પત્રની માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૯૯૨૭

## ૨૦૦. પ્રભાશંકર પટ્ટણીને પત્ર

આશ્રમ,
સાબરમતી,
શુક્રવાર [૧૯૨૬][5]

સુજ્ઞ ભાઈશ્રી,

તાવ વિશે તમારો પત્ર હતો, ત્યાર પછી મુદ્દલ નથી; એથી માની લઉં છું કે હવે કંઈ જ નથી. ખૂબ પ્રયત્ન કરીને પણ ગયેલી શક્તિ પાછી મેળવી લો એમ ઇચ્છું છું. સંપૂર્ણ શક્તિ ન આવે ત્યાં લગી રાજ્યવહીવટમાં ન ગૂંથાઓ એમ બને કે? તમે તદ્દન આરામ લો અને

૧. આશ્રમના એક અંત્યજ અંતેવાસી શ્રી દૂદાભાઈનાં પુત્રી.

૨. લક્ષ્મીનો જન્મ ૧૯૧૪માં થયો હતો. એમને તેરમું વર્ષ બેઠાના ઉલ્લેખ પરથી પત્ર ૧૯૨૬માં લખાયો જણાય છે.

૩. મગનલાલ ગાંધીનાં પુત્રી.

૪. લક્ષ્મીદાસ આસરનાં પુત્રી.

૫. પ્રભાશંકરભાઈની નાદુરસ્ત તબિયત અને તેઓ ત્રાપજ રહ્યા હોવાનો ઉલ્લેખ આ વર્ષ સૂચવે છે.

Gandhi Heritage Portal

ખૂબ શક્તિ મેળવવાની પ્રતિજ્ઞા કરો તો ત્રાપજ આવી જવા લલચાઉં ખરો. પણ એવું કરું તો તમારી આસપાસ ચોકીદાર પણ ગોઠવું. આ અંકુશ એક નિરંકુશ સત્તા કદી સહન કરે?

મોહનદાસના
વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : સી. ડબલ્યુ. ૩૨૦૦; તથા જી. એન. ૫૮૮૬; શ્રી મહેશ પટ્ટણીના સૌજન્યથી

## ૨૦૧. પ્રભાશંકર પટ્ટણીને પત્ર[1]

આશ્રમ,
સાબરમતી,
શનિવાર [૧૯૨૬][2]

ભાઈશ્રી,

તમારો પત્ર મળ્યો. તમારું વજન એટલું બધું ઓછું છે કે તબિયત બરોબર સુધરી છે એમ ન કહી શકાય. આબુમાં પણ તબિયતમાં કંઈ સારો સુધારો થયો લાગતો નથી. ત્રાપજ આવવાની મારી શરત તમે સ્વીકારી એ પણ બહુ કચવાતે મને. આવા સ્વીકારથી ત્યાં આવવા લલચાઉં એવી વ્યક્તિ હું નથી. અહીંની ઋતુ એવી નથી કે કોઈ બીમાર વ્યક્તિ અહીં આવવા માટે લલચાય. બપોરે ઉકળાટ ઘણો હોય છે. વાદળ ઘેરાયેલાં રહે છે પણ વરસાદ પડતો નથી. આવી ઋતુમાં તો સાજાસમા લોકો પણ માંદા પડી જાય. તમે સહકુટુંબ પંચગની જઈને કેમ રહેતા નથી? તમે થોડા દિવસ પંચગની રહી આવો એવી મારી ઇચ્છા છે.

મોહનદાસના
વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : સી. ડબલ્યુ. ૩૨૦૧; શ્રી મહેશ પટ્ટણીના સૌજન્યથી

૧. મૂળ ગુજરાતી પત્ર ઉપલબ્ધ ન હોવાથી એના હિંદી અનુવાદ ઉપરથી આ પત્ર ભાષાંતર કરી મૂકયો છે.

૨. પત્રની વિગતો પરથી વર્ષ નક્કી કરવામાં આવ્યું છે. જુઓ આ પહેલાંનો પત્ર.

Gandhi Heritage Portal

# ૨૦૨. આશ્રમની બહેનો સમક્ષ પ્રાર્થના-પ્રવચન[1]

[૧૯૨૬]

[સને ૧૯૨૬માં બાપુ ક્ષેત્રસંન્યાસ લઈ એક વરસ સાબરમતી આશ્રમમાં જ રહ્યા હતા. તે વખતે એમણે આશ્રમની બહેનોને સંગઠિત કરી કાંઈક ને કાંઈક સેવાકાર્યમાં પરોવવાનો પ્રયત્ન કરેલો. તે માટે એમણે આશ્રમની બહેનોની એક જુદી પ્રાર્થના સવારે સાત વાગ્યે શરૂ કરેલી, કારણ સવારે ચારની પ્રાર્થનામાં બધી બહેનો આવી શકતી નહોતી, અને સાંજની પ્રાર્થના લગભગ સાર્વજનિક સ્વરૂપની હતી. આશ્રમવાસીઓને ઉદ્દેશીને ખાસ કાંઈ કહેવું હોય તો બાપુ સવારની ચાર વાગ્યાની પ્રાર્થનામાં કહેતા. તેનો લાભ ઘણી બહેનોને મળતો નહોતો, તેથી બહેનોને કહેવાનું તેમની આ સાત વાગ્યાની પ્રાર્થનામાં તેમણે રાખ્યું. પછીથી જ્યારે જ્યારે તેઓ બહાર જતા ત્યારે પોતાના મૌનવારે આશ્રમની બહેનોને ખાસ પત્ર લખીને બહેનો સાથેનો સંબંધ ચાલુ રાખતા. '૨૬ની સાલ દરમિયાન મણિબહેન [પટેલ] પણ ઘણુંખરું આશ્રમમાં જ રહેતાં. તેમણે બહેનો આગળનાં બાપુનાં પ્રવચનોની નોંધ લીધેલી છે. જોકે એ બહુ તૂટક અને ટૂંકી છે, છતાં જેટલી છે તેટલી બોધક હોઈ અહીં આપી છે.]

બહેનોની પ્રાર્થનાના પહેલા ત્રણ શ્લોકો દ્રૌપદીએ તેનાં વસ્ત્રહરણ વખતે કરેલી શ્રીકૃષ્ણની પ્રાર્થનાના છે. તે નીચે પ્રમાણે છે :

गोविन्द, द्वारिकावासिन्, कृष्ण, गोपीजनप्रिय ।
कौरवैः परिभूतां मां किं न जानासि केशव ।।
हे नाथ, हे रमानाथ, व्रजनाथार्तिनाशन,
कौरवार्णवमग्नां मामुद्धरस्व जनार्दन ।।
कृष्ण, कृष्ण, महायोगिन्, विश्वात्मन् विश्वभावन ।
प्रपन्नां पाहि गोविन्द, कुरुमध्येऽवसीदतीम् ।।

મારો આદર્શ એવો છે કે પુરુષ એ પુરુષ રહીને સ્ત્રી બને અને સ્ત્રી એ સ્ત્રી રહીને પુરુષ બને. પુરુષે સ્ત્રી થવું એટલે સ્ત્રીની નમ્રતા અને વિવેક શીખવો. અને સ્ત્રીએ પુરુષ બનવું એટલે પોતાની ભીરુતા છોડી દઈ હિંમતવાળી અને બહાદુર બનવું.

સ્ત્રીઓમાં ઈર્ષા, અદેખાઈ બહુ હોય છે એમ કહેવાય છે. પણ પુરુષોમાં ઈર્ષા નથી હોતી એમ નથી. તેમ બધી સ્ત્રીઓ ઈર્ષાળુ હોય છે જ એમ પણ નથી. સ્ત્રીને ઘરમાં જ ચોવીસે કલાક રહેવાનું હોય છે એટલે એની ઈર્ષા વધારે દેખાઈ આવે છે એટલું જ.

* * *

તમને શીખવવામાં મારી ધીરજનો પાર નથી રહેવાનો. તમારી જિજ્ઞાસાનો અંત આવે ત્યાં મારી ધીરજનો અંત આવે.

* * *

પુરુષ અને સ્ત્રી બંને નિર્ભય બની શકે છે. પુરુષ નિર્ભય રહી શકે છે એમ પોતે માને છે, પણ એ હમેશાં સાચું નથી હોતું. તેમ સ્ત્રીઓ પણ પોતાને નિર્બળ માનીને અબળા કહેવડાવે

૧. ૧૯૨૬માં થતી ગાંધીજીની બહેનો માટેની પ્રાર્થનાસભામાં મણિબહેન પટેલે લીધેલી નોંધ.

Gandhi Heritage Portal

છે એ બરાબર નથી. એણે ભયભીત રહેવાની જરાય જરૂર નથી. મીરાંબાઈની એક વાત મેં પરમ દિવસે સાંભળી તે કહું. મીરાંબાઈ વૃંદાવનમાં ગયાં અને એક સાધુનો દરવાજો ઠોકયો. સાધુએ કહ્યું કે હું કોઈ પણ સ્ત્રીનું મોં જોતો જ નથી. એટલે મીરાંબાઈએ જવાબ આપ્યો કે તમે કોણ છો? હું તો માત્ર એક જ પુરુષને જાણું છું અને તે ઈશ્વર છે. આ સાંભળી પેલા સાધુએ દરવાજો ઉઘાડી નાખ્યો અને મીરાંબાઈને સાષ્ટાંગ નમસ્કાર કરીને કહ્યું કે, આજે મારી આંખો ઊઘડી છે. હું અંધકૂપમાંથી ઊગર્યો છું.

* * *

સ્ત્રી અને પુરુષ બંને જ્યાં સુધી વિકારવશ છે ત્યાં સુધી બંનેને ભય છે.

દ્રૌપદીએ એટલું જ બળ બતાવ્યું જેટલું યુધિષ્ઠિરે બતાવ્યું.

દ્રૌપદી પાંચ પતિને પરણી છતાં સતી કહેવાય છે. એને સતી કહે છે એનું કારણ એ છે કે એ જમાનામાં પુરુષો જેમ અનેક સ્ત્રીઓને પરણી શકતા તેમ [અમુક પ્રદેશમાં] સ્ત્રીઓ એકથી વધારે પુરુષોને પરણી શકતી. લગ્ન સંબંધી નીતિ યુગે યુગે [અને દેશે દેશે] બદલાય છે.

[બીજી રીતે જોતાં] દ્રૌપદી એ બુદ્ધિનું રૂપક છે; અને પાંચ પાંડવ એ વશમાં આવી ગયેલી પાંચ ઇન્દ્રિયો છે. ઇન્દ્રિયો વશમાં આવે તે તો સારું જ. પાંચ ઇન્દ્રિયો વશમાં આવી છે અને સંસ્કાર પામી છે એટલે બુદ્ધિ ઇન્દ્રિયોને વરી છે.

દ્રૌપદીએ જે બળ બતાવ્યું છે તે અગાધ બળ છે. ભીમ પણ દ્રૌપદીથી ડરતો. યુધિષ્ઠિર જેવા ધર્મરાજા પણ તેનાથી ડરતા હતા.

દ્રૌપદીની આ વખતની પ્રાર્થના મેં જેલમાં મહાભારતમાં વાંચી ત્યારે હું ખૂબ રડેલો.

મારી દૃષ્ટિએ દ્રૌપદીની આ પ્રાર્થનાની શક્તિ અપૂર્વ છે. ઉત્તર હિંદુસ્તાનમાં અસંખ્ય પુરુષો આ પ્રાર્થના ગાય છે.

શબ્દોની શક્તિ પણ એની પાછળ રહેલી તપશ્ચર્યાના પ્રમાણમાં વધે છે અથવા ઘટે છે. ૐ શબ્દમાં શું છે? માત્ર અ-ઉ ને મ ત્રણ અક્ષર ભેગા કરી એક શબ્દ ઉપજાવ્યો. પણ એની કિંમત એની પાછળ તપશ્ચર્યા કરીએ એમાં રહેલી છે. જેમ તપશ્ચર્યા વધે તેમ એની કિંમત વધે. એ જ પ્રમાણે આ દ્રૌપદી; એ પણ વ્યાસજીનું કલ્પેલું એક પાત્ર ગણાય. એવી સ્ત્રી થઈ હોય કે ન પણ થઈ હોય. એક તો વ્યાસજીની તપશ્ચર્યા; અને એમણે દ્રૌપદી પાસે કરાવેલી પ્રાર્થના પાછળથી કરોડો માણસોએ કરી, તેથી પણ એ પ્રાર્થનાની કિંમત વધી.

ગો-વિંદ એટલે ઇન્દ્રિયોનો સ્વામી. ગોપી એટલે હજારો ઇન્દ્રિયો. ગોપીજનપ્રિય એટલે મોટા સમુદાયને પ્રિય, એમ કહો કે નિર્બળ માત્રને પ્રિય. દ્રૌપદી કૌરવોથી ઘેરાયેલી હતી. કૌરવો એટલે આપણી બધી દુષ્ટ વાસનાઓ. તે કહે છે કે કેશવ, તું મને કેમ નથી જાણતો? આ આર્તનાદ છે. દુઃખીઓનો અવાજ છે. આપણને બધાંને દુષ્ટ વાસનાઓ કયાં નથી હોતી? કઈ વખત વિકાર નથી થતો? દ્રૌપદી કહે છે કે કૌરવોએ મારી આસપાસ કોટ કરી લીધો છે. અહીં કૌરવોનો અર્થ દુષ્ટ પુરુષો પણ થાય. પણ દુષ્ટ પુરુષો કરતાં દુષ્ટ વાસનાઓથી આપણે વધારે ઘેરાયેલાં છીએ. તેથી કૌરવોનો અર્થ દુષ્ટ વાસના કરવો એ જ શોભે.

દ્રૌપદી ઈશ્વરની દાસી છે અને દાસીને ઈશ્વર સાથે પણ લડવાનો હક છે. એટલે એ કહે છે, હે નાથ, હે પ્રભુ, હે રમાનાથ, એટલે હે લક્ષ્મીપતિ અર્થાત્ આખા જગતના પતિ,



Gandhi Heritage Portal

મોક્ષ આપનાર, આત્મદર્શન કરાવનાર; વ્રજનાથ, એટલે જગતના નાથ; આર્તિનાશન એટલે દુ:ખોનો નાશ કરનાર; કૌરવરૂપી સમુદ્રમાં ડૂબી ગયેલી હું, એટલે અનેક વિકારોમાં ડૂબી ગયેલી હું, દુષ્ટ વાસનાઓથી ભરેલી હું, મારો ઉદ્ધાર કર.

કૃષ્ણ કૃષ્ણ એમ બે વાર દ્રૌપદીએ કહ્યું. માણસને ખૂબ હર્ષ થાય ત્યારે અથવા ખૂબ દુ:ખમાં હોય ત્યારે એ બે વખત બોલે છે. તારે શરણ આવેલી મારી રક્ષા કર, દુષ્ટ વાસનાઓથી ઘેરાઈને હું શિથિલ થઈ ગઈ છું. મારાં ગાત્રો ઢીલાં થઈ ગયાં છે. મારો ઉદ્ધાર કર.

* * *

મુંબઈની અંદર એક જાનકીબાઈ કરીને બાઈ છે. ૧૯૧૫ની સાલમાં હું રેવાશંકરભાઈને ત્યાં હતો તે વખતે મને એ ત્યાં મળવા આવી. એ મને કહે કે હું આમ કરું છું, તેમ કરું છું. મને તે વખતે તો તેના ઉપર વિશ્વાસ ન આવ્યો. પછી હું દ્વારકા ગયો ત્યારે એ પણ ત્યાં પહોંચી. એટલે એને વિશે મેં વિશેષ તપાસ કરી. તો મારા જાણવામાં આવ્યું કે એ દુષ્ટમાં દુષ્ટ માણસો વચ્ચે નિર્ભયપણે ફર્યા કરે છે. બસ એને એમ થઈ ગયું છે કે હું દુષ્ટમાં દુષ્ટ માણસો વચ્ચે રહીને પણ મારું શિયળ સાચવું. અને બને છે પણ એવું જ કે કોઈ એને ખીજમાં પણ તુંકારો નથી કરતું. એ સિંહણની માફક દુષ્ટ માણસો વચ્ચે ફરે છે.

* * *

આપણે દ્રૌપદી જેવાં રાંક છીએ. કારણ આપણામાં અનેક પ્રકારની વાસનાઓ, અનેક પ્રકારના મેલ રહેલા છે. આપણે રાંક છીએ એનો પુરાવો એ કે આપણે બધાં સર્પાદિથી ડરીએ છીએ. આશ્રમમાં હું સૌથી મોટો ગણાઉં તે પણ ડરું છું. એટલે હું પણ દ્રૌપદી કરતાં રાંકડો છું.

દ્વારકા એટલે આખું જગત, અથવા આપણે પોતે,—કાઠિયાવાડમાં પોરબંદર પાસે આવેલું નાનું ગંદું ગામ નહીં.

* * *

સ્ત્રીઓએ એવું તો શું કર્યું હશે કે એમને વિશે તુલસીદાસ જેવાએ પણ હલકાં વિશેષણ વાપર્યાં છે? એ તુલસીદાસનો દોષ કહો કે પરિસ્થિતિનો કહો, પણ એ દોષ તો છે જ.

ઋષિમુનિઓએ એટલે પુરુષોએ જ એ જૂના કાયદા ઘડેલા છે. એમાં સ્ત્રીઓના અનુભવની ત્રુટી રહેલી છે. ખરી રીતે સ્ત્રીપુરુષોમાં કોઈને ઊંચું કે નીચું ન ગણવું જોઈએ. બંનેનાં સ્થાન અને કાર્ય નોખાં નોખાં છે. બંનેની મર્યાદા ઈશ્વરે યોજેલી છે.

* * *

આત્માનો ઉદ્ધાર આત્મા જ કરી શકે છે. આત્માનો બંધુ આત્મા જ છે. સ્ત્રીઓનો ઉદ્ધાર સ્ત્રીઓ જ કરી શકે. એ માટે તપશ્ચર્યાની જરૂર છે. પુરુષ કરતાં સ્ત્રીઓમાં વધારે તપશ્ચર્યા છે એ વાત સાચી, પણ એ જ્ઞાનપૂર્વકની તપશ્ચર્યા જોઈએ. અત્યારે તો મજૂરોની જેમ એ પરાણે કામ કરે છે.

સ્ત્રીનું કોઈ પણ રક્ષા કરનાર નથી એમ કહી શકાય. એ પોતે જ પોતાની રક્ષા કરી શકે છે. એ સ્વાવલંબી બની શકે કે નહીં, એ પ્રશ્નનો જવાબ અંતરમાંથી એ નીકળે છે કે હા. એ સત્યાગ્રહ શીખી લે તો પૂરેપૂરી સ્વતંત્ર અને સ્વાવલંબી બને. એને કોઈ ઉપર આધાર ન રાખવો પડે. એનો અર્થ એ નહીં કે એ કોઈની પાસેથી પાવળું પાણી પણ ન લે. જરૂર લે. પણ

Gandhi Heritage Portal

જગત ન આપે તે ઘડીએ એ નિરાધાર ન બને. આપણને મળતા પદાર્થોનો ઉપયોગ કરતાં છતાં પણ મન તેનાથી અળગું રાખીએ તો આપણે સ્વાવલંબી જ છીએ. પછી આખા જગતનો આશરો લઈએ, છતાં પણ આપણે પરાધીન નથી બનતાં. કોઈ આશરો ન આપે ત્યારે પણ આપણને થાય કે હશે, ભલે. તે વખતે આપણે ક્રોધ ન કરીએ. કોઈની નિંદા ન કરીએ. એનું નામ સત્યાગ્રહ. આપણે બીવું ન જોઈએ એમ બુદ્ધિથી વિચારીએ છીએ એટલું જ બસ નથી. હૃદયથી એમ થવું જોઈએ. આપણે ડર છોડીએ એટલે જગતની પરવા ન કરીએ એમ નહીં.

મારું કોઈ નથી એ વિચાર છોડવો જોઈએ. સૌ કોઈનો આધાર ઈશ્વર જ છે. અત્યારે સ્ત્રીઓની જે સ્થિતિ છે તે માટે વિચાર કરતાં તેમના ધણીઓ ઉપર દોષ મૂકી શકાય, પણ સ્ત્રીઓએ તો એ જ વિચાર કરવાનો છે કે આપણે પોતે આપણી નિર્બળતા કાઢી નાખીએ.

* * *

જગતમાં પ્રાર્થના એક જ હોય. જો આપણે આ પ્રાર્થના રોજ કરીશું અને તે સમજપૂર્વક કરીશું તો એ આપણા મનની અંદર રમી જ રહેશે. કેશવ તો આપણી પાસે જ છે. એ કાંઈ દ્વારકામાં રહે છે એમ નથી. એ તો કવિની ભાષા છે. દ્રૌપદી ભૂલી ગઈ કે કેશવ એની પાસે છે. પણ કૃષ્ણે તો ત્યાં બેઠાં બેઠાં એનાં ચીર પૂર્યાં હતાં. આપણા મનમાં પણ ખરાબ વાસનાઓ થાય, દુષ્ટ વિચારો આવે તો આપણને એમ થવું જોઈએ કે અરે, આવા વિચાર કેમ આવે છે? તે વખતે આ શ્લોકનું સ્મરણ કરીએ.

બહેનોની પ્રાર્થનાના શ્લોકોના અર્થ સમજાવ્યા પછી થોડા દિવસ हिन्द स्वराज વાંચવાનું રાખ્યું હતું. તેને વિશે બાપુ નીચે પ્રમાણે બોલેલા:

આ પુસ્તક[૧] એ કેવળ રાજપ્રકરણી પુસ્તક નથી. રાજ્યપ્રકરણના બહાના નીચે ધર્મની કાંઈક ઝાંખી કરાવવા પ્રયત્ન કર્યો છે. हिन्द स्वराज એટલે શું? ધર્મરાજ્ય અથવા રામરાજ્ય. હું પુરુષોની જેટલી સભાઓમાં બોલ્યો છું તેટલી જ સ્ત્રીઓની સભાઓમાં પણ બોલ્યો છું. ત્યાં મેં સ્વરાજ્ય શબ્દ નહીં પણ રામરાજ્ય શબ્દ વાપર્યો છે.

આ પુસ્તક એ કેટલાંય વર્ષોના ચિંતનનુ દોહન છે. જેમ માણસથી નથી રહેવાતું ત્યારે બોલે છે તેમ મારાથી ન રહેવાયું ત્યારે મેં આ લખ્યું છે. આ પુસ્તક ખાસ અભણ લોકો માટે લખાયું છે.

* * *

આપણને માબાપના ચારિત્ર્યનો વારસો મળે એ ખરો વારસો છે. એ આધ્યાત્મિક વારસો કહેવાય. એમાં વધારો કરવો એ આપણો ધર્મ છે. બાપ એક લાખ રૂપિયા મૂકી ગયા હોય અને દીકરો એના દસ લાખ કરે અને કહે કે બાપ કેવા કે એક લાખ જ ભેગા કર્યા? જ્યારે હું કેવો ચતુર કે મેં દસ લાખ ભેગા કર્યા? આવું કહે એ કપૂત કહેવાય. એમાં અભિમાન છે. આપણે તો માબાપના ધનના વારસામાં વધારો નથી કરવો પણ ચારિત્ર્યના વારસામાં—આધ્યાત્મિક વારસામાં વધારો કરવો છે. છતાં આપણે અભિમાન ન કરવું જોઈએ. નમ્રતા વિના આધ્યાત્મિક વારસો મળે જ નહીં.

* * *

૧. हिन्द स्वराज.

Gandhi Heritage Portal

જે વસ્તુ આપણે જન્મથી જ ન કરતા હોઈએ, જેમ કે આપણા લોકો માંસ નથી ખાતા, તેમાં આપણે ત્યાગ કર્યો ન કહેવાય. એ તો આપણે માટે સ્વાભાવિક હતું. એમાં આપણે પુરુષાર્થ નથી કર્યો.

*  *  *

મનુષ્યનું સૌન્દર્ય એની નીતિમાં રહેલું છે. પશુની સુંદરતા એના શરીર ઉપરથી મપાય છે. ગાયને જોઈ આપણે એમ કહીએ કે એની ચામડી જુઓ, એના વાળ જુઓ, એના પગ જુઓ, એનાં શિંગડાં જુઓ, પણ માણસને માટે એમ ન કહેવાય કે સાડા પાંચ ફૂટ ઊંચો માટે સુધરેલો અને સાડા ચાર ફૂટ ઊંચો માટે કુધરેલો. સાડા પાંચ ફૂટ ઉપર એક ઇંચ વધારે હોય તો એ વધારે સુધરેલો ન કહેવાય. મનુષ્યના સુધારાનો આધાર તો એના હૃદય ઉપર છે, એની ધનસંપત્તિ ઉપર નથી. અહીં આશ્રમમાં આપણે હૃદયના ગુણો કેળવવાને જ ધર્મ માન્યો છે. આપણે ખાઈએ-પીએ છીએ, ઇંટચૂનાનાં મકાન બંધાવીએ છીએ પણ તે લાચારીથી. માટીના મકાનની આપણે અવગણના નથી કરી. માટીના મકાનની અંદર રહીને આપણે શરમાઈએ નહીં. આપણે તો વૈભવમાં પડ્યા હોઈએ તો શરમાઈએ. વૈભવ વધારીએ તો આપણને શરમનો શેરડો પડવો જોઈએ. હા, સેવાને માટે આપણી પાસે ધન હોય ખરું. એવા ધનનો સંગ્રહ આપણે લાચારીથી કરવો પડે છે. પણ કેટલાક લોકો તો પોતાના લોભને જ ધર્મ માનીને ધનનો સંગ્રહ કરે છે. એ વસ્તુ બરાબર નથી. જેટલો બહારનો પ્રપંચ વધારીએ છીએ તેટલો અંદરનો વિકાસ મોળો પડે છે, એટલી ધર્મની હાનિ થાય છે.

*  *  *

મુંબઈના બજારમાં આપણા વેપારીઓ કરોડો રૂપિયા કમાય છે તેથી આપણે ખુશ થવાનું નથી, તેથી તો ઊલટું આપણે રડવાનું છે. કારણ મુંબઈનો વેપારી દલાલી કરીને પાંચ કરોડ કમાય છે ત્યારે અંગ્રેજને પંચાણું કરોડ મળે છે. અને તે પણ હિંદુસ્તાનમાંથી અને ગરીબોને ચૂસીને. તેની આપણને ખબર નથી પડતી કારણ તેત્રીસ કરોડને ખવાઈ જતાં પણ કાંઈક વાર તો લાગે જ ને?

*  *  *

[જાતમહેનત વિશે એક દિવસ બોલ્યા :]

મજૂર તો પોતાનું બધું કામ ઈશ્વરાર્પણ કરીને કરે તો એને આત્મદર્શન થાય. આત્મદર્શન એટલે આત્મશુદ્ધિ. ખરી રીતે તો જાતે મજૂરી કરનારને જ આત્મદર્શન થાય. કારણ, નિર્બલ કે બલ રામ. નિર્બળ એટલે શરીરે નિર્બળ એમ નહીં, જોકે એનું પણ બળ તો રામ જ છે. અહીં તો સાધનસંપત્તિમાં નિર્બળ એમ લેવાનું છે. મજૂરમાં નમ્રતા આવવી જોઈએ. કેવળ બુદ્ધિ ખીલવવી એટલે તો રાક્ષસી બુદ્ધિ ખીલવવી. માટે કેવળ બુદ્ધિનું કામ કર્યા કરવાથી તો આપણામાં આસુરી વૃત્તિ આવે. તેથી ગીતામાં કહ્યું છે કે મજૂરી કર્યા સિવાય ખાવું એ ચોરી છે. મજૂરીની અંદર નમ્રતાનો ભાવ છે. માટે જ તે કર્મયોગ છે. પણ જેઓ દાઢિયા માટે જ મજૂરી કરે છે તેમનો કર્મયોગ ન કહેવાય, કારણ એ કેવળ પૈસા માટે મજૂરી કરે છે. પૈસા માટે પાયખાનાં સાફ કરવાં એ કાંઈ યજ્ઞ નથી. પણ સેવાર્થે, સફાઈની દૃષ્ટિએ, બીજાનું ભલું થાય તે માટે, પાયખાના સફાઈ કરવી એ યજ્ઞ કહેવાય. સેવાભાવે, નમ્રતાપૂર્વક, આત્મદર્શન અર્થે કોઈ

Gandhi Heritage Portal

મજૂરી કરે તો તેને આત્મદર્શન થાય. એવા મજૂરી કરનારને આળસ તો આવવી જ ન જોઈએ. એ અતંદ્રિત હોય.

* * *

કથરોટ તે કૂંડાને શું હસી શકે? જ્યાં બંનેના આકાર લગભગ સરખા છે. તેમ જ પુરુષ સ્ત્રીને શું કહી શકે કે કટાક્ષ કરી શકે? સ્ત્રીઓમાં અનેક સંશયો, વહેમો, વાસનાઓ, ભયો રહેલાં છે. પુરુષોમાં પણ એ સર્વે રહેલું છે. કેટલાક શાસ્ત્રીઓ કહે છે કે સ્ત્રીને મોક્ષ ન હોય. પણ મારા જોવામાં એવું આવ્યું નથી. વૈષ્ણવ સંપ્રદાયમાં તો એ કલ્પના છે જ કે મીરાંબાઈ જેવી ભક્ત કોઈ નથી. મને લાગે છે કે જો મીરાંબાઈને મોક્ષ ન મળે તો કોઈ પણ પુરુષને ન મળે.

* * *

ખેડૂત ખેતરમાં સૂએ છે, તમે કે અંગ્રેજ અમલદાર થોડા જ ત્યાં સૂવાના છો? પણ એનો કોણ ભાવ પૂછે છે? એના જીવનમાં રસ પણ શો હોય છે? સવારે ઊઠીને ખેતરમાં કામ કરવાનું છે એટલે ત્યાં જ પથારો નાખે છે. કોઈ વાર સાપ કરડે તો મરી જાય. પણ આવું જીવન ખેડૂત પરાણે ગાળે છે. એનો એ ત્યાગ કહેવાય તો એ પરાણે કરેલો ત્યાગ છે. એને કોઈ રેલગાડીમાં બેસાડે તો ન બેસે એવું થોડું જ છે! એ તો ઝટ બેસી જાય. એ બધાની પાછળ જ્ઞાન હોય તો એનું જીવન ધન્ય થઈ જાય. કેટલાક જ્ઞાનીઓ ખેડૂતો જેવું અથવા જડભરત જેવું જીવન ગાળે છે. એમણે એ બધું ઇરાદાપૂર્વક કરેલું હોય છે.

* * *

હું માટીનું પૂતળું કરી જરૂર પૂજા કરું, જો તેથી મારું મન હળવું થતું હોય. મારું જીવન સાર્થક થતું હોય, તો જ બાળકૃષ્ણની મૂર્તિની પૂજા કરેલી કામની. પથ્થર એ દેવ નથી પણ પથ્થરમાં દેવનો વાસ છે. હું જો મૂર્તિને ચંદન ચડાવી, ચોખા ચડાવી, એને એમ કહું કે આજે આટલાનાં માથાં લેવાની શક્તિ મને આપ તો તમારામાંથી જે દીકરી કાબેલ હોય તે તો એ મૂર્તિને ઊંચકીને કૂવામાં નાખી દે, અથવા તોડીને એના ચૂરેચૂરા કરી દે.

* * *

જો આપણે સમદર્શી થવા ઇચ્છતા હોઈએ તો આપણે એવો તાળો મેળવવો જોઈએ કે જે આખા જગતને મળે તે મને મળો. જો આખા જગતને દૂધ મળે તો આપણને પણ દૂધ મળે. ઈશ્વરને આપણે કહીએ કે જો મને દૂધ પાવું હોય તો આખા જગતને દૂધ પા. પણ આવું કોણ કહી શકે? જેનામાં એટલી કરુણા હોય, જે બીજાને માટે મહેનતમજૂરી કરી છૂટતો હોય. આપણે એ કાયદો ન પાળી શકીએ, પણ એ સમજીએ તો ખરાં જ. આપણે અત્યારે તો ઈશ્વરની પાસે એટલું જ માગીએ કે અમે એટલાં બધાં પડેલાં છીએ કે અમે જે કરીએ એ નભાવી લે. અમે આગળ ન વધીએ પણ અમારી પાસે જે પરિગ્રહ છે તે ઘટાડીએ એવી શક્તિ આપ. આપણે જો આપણા ગુનાનું પ્રાયશ્ચિત્ત કરીએ તો એનો આગળ પથારો ન થાય. પોતાની માનીને એક પણ વસ્તુ ન રાખવી. અને યથાશક્તિ પરિગ્રહ છોડવા પ્રયત્ન કરવો.

સત્ય પાળવાને, અહિંસા પાળવાને જો આખા જગતની મદદ જોઈએ તો તો મનુષ્ય પરાધીન બની જાય. પણ ઈશ્વરે એવો સુંદર નિયમ બનાવ્યો છે કે આખું જગત વિમુખ થઈ જાય તોપણ મનુષ્ય સત્યનું, અહિંસાનું પાલન કરી શકે. જો આપણે કજિયો કરવા ન માગતાં

Gandhi Heritage Portal

હોઈએ તો સામો માણસ કજિયો કરી જ ન શકે. આખરે એ થાકે અને ચૂપ થઈ જાય. સામે ગુસ્સો કરવાથી તો ગુસ્સો વધે છે. બળતામાં ઘી હોમ્યા જેવું થાય છે.

* * *

જેને કોઈ દિવસ કંઈ પ્રશ્ન ન ઊઠે તે કેમ ચડી શકે?

* * *

. . . [1]બહેને આપઘાત કર્યો એ ઉપરથી શીખી લેવાનું એ છે કે માણસે પોતાના મનની અંદર ને અંદર દુ:ખને કે ચિંતાને ઘોળ્યાં કરવી ન જોઈએ, મનમાં ને મનમાં સમસમ્યાં કરવું જોઈએ નહીં. જેના તરફથી દુ:ખ માન્યું હોય તેને તરત કહી દેવું. તો જ એ દુ:ખ આપણા મનમાં ન રહે. મનની અંદર ને અંદર ચીમળાયાં કરીએ એ પણ એક જાતનો આપઘાત છે.

આત્મનિંદા કેટલેક અંશે સારી છે. પોતાને વિશે પોતાના મનમાં અસંતોષ રહે એ એક રીતે સારું છે. પણ એ અસંતોષ હદ ઉપરાંત ન હોવો જોઈએ. અમુક દરજ્જે અસંતોષ રહે તો માણસ ચડે; પણ દૂધમાંથી પોરા કાઢી, અમુક મને નથી આવડતું, તમુક નથી આવડતું, એમ કર્યાં જ કરીએ તો સાચે જ ન આવડે અને આપણે મૂરખ બની જઈએ. આપણે મનની અંદર પ્રસન્નતા રાખવી જોઈએ. અને તેની સાથે એક પ્રકારનો અસંતોષ પણ રાખવો જોઈએ. તો આપણે ચડીએ.

દેહને રત્નચિંતામણિ કહ્યો છે. આપણે ઈશ્વરપરાયણ રહીએ તો સાચે જ એને રત્નચિંતામણિ બનાવી શકીએ. ઈશ્વરપરાયણ થવા એને દમવો પણ જોઈએ.

પુરુષને તો બહાર હરવુંફરવું રહ્યું. એને બહારના વ્યવસાય રહેલા છે તેથી ઝટઝટ એને આવી ગમગીની આવતી નથી. પણ સ્ત્રીને ઘરમાં ને ઘરમાં રહેવાનું હોય છે એટલે તે એકાન્તવાસી બની જાય છે અને એનામાં ઝટઝટ ગમગીની આવી જાય છે. વાત કરવા બીજી સ્ત્રી મળે તો પછી તેની વાચા એટલી છૂટે છે કે શું બોલવું અને શું નહીં એનો વિવેક પણ તે રાખી શકતી નથી. ઘરમાં પુરાઈ રહેવાને લીધે તેનામાં આવી કેટલીક એબો આવી ગઈ છે. જોકે એક રીતે આ એકાન્તવાસ સેવવા જેવો પણ છે. એને લીધે કેટલાંક પ્રલોભનમાંથી દૂર રહી શકાય છે. પણ એ એકાન્તવાસનો લાભ તો જ મળે જો આપણે અંતર્મુખ થતાં, અંતરને તપાસતાં, આત્મનિરીક્ષણ કરતાં શીખીએ.

* * *

એક બહેન એવી છે જેને એક અક્ષર પણ આવડતો નથી. એકડો પણ ઘૂંટી શકતી નથી. છતાં એ પોતાના કાર્યમાં મગ્ન રહે છે. પોતાનું ન હોય તેવા એક ઘાસના તણખલાને પણ એ ન અડે. સ્વપ્નામાં પણ ચોરી ન કરે. ભાગવત શું છે એમ પૂછો તો સામું જોઈ રહે, પણ બધા ઉપર પ્રેમ એવો રાખે કે જાણે સાક્ષાત્ જગદંબા.

જ્યારે બીજી હોય એને બધું આવડતું હોય, ઉપનિષદ મોઢે હોય, ઉચ્ચાર પણ ખૂબ સરસ હોય, પણ એ ચોરી કરે, જૂઠું બોલે, બીજાની પાસે કામ કરાવી લેવામાં શૂરીપૂરી હોય; એનામાં બત્રીસે લક્ષણ હોય.

૧. નામ આપ્યું નથી.

Gandhi Heritage Portal

આ બેમાંથી સારી તો પહેલી જ એમાં રજ પણ શંકા નથી. પણ એ પહેલીને જો વાંચતાં-લખતાં આવડતું હોય તો તેથીયે વિશેષ સારી થાય.

* * *

જે જ્ઞાનની અંદર નમ્રતા નથી, કોમળતા નથી એ જ્ઞાનને શું કરવું? કૌશિક મુનિએ પોતાની ઉપર પક્ષીની ચરક પડી ત્યારે ક્રોધ કર્યો. તેથી પક્ષી બળીને ભસ્મ થઈ ગયું. પોતાના તપની આ શક્તિ જોઈ મુનિને મનમાં સહેજ અભિમાન થયું. પછી એ એક જણને ત્યાં અતિથિ થઈને જાય છે. ઘરની બાઈ પોતાના પતિની સેવામાં પરોવાયેલી હતી એટલે અતિથિને ઊભા રાખે છે. પતિની સેવા પૂરી થયા પછી મુનિ પાસે ખાવાનું લઈને જાય છે, અને મોડું થયાનું કારણ કહી મુનિની માફી માગે છે. એટલે મુનિને ક્રોધ ચડયો. પેલી બાઈએ કહ્યું, હું કાંઈ પેલી ચકલી નથી કે તમારા ક્રોધથી બળી જાઉં અને તમે આમ ક્રોધ કરો એ જ્ઞાન ન કહેવાય. એટલે કૌશિક મુનિને જ્ઞાન થયું. અને એમણે પેલી બાઈને કહ્યું: તેં તો મને બે પ્રકારનું ભોજન આપ્યું: એક ભોજનાન્ન અને બીજું જ્ઞાનાન્ન.

* * *

સ્વાભાવિક રીતે પોતાની પાસે જે કામ આવી પડે તે કામ જે માણસ કરે છે તેનાથી તે અલિપ્ત રહી શકે છે. એવા કામને વિશે એને મોહ નથી થતો.

* * *

ખરેખરું જ્ઞાન, ખરેખરી કેળવણી એ આપણી પોતાની કર્તવ્યપરાયણતામાં રહેલી છે.

* * *

ઇસ્પિતાલની અંદર કયા પ્રકારના માણસો આવે છે, એ ત્યાં જઈને જોઈએ તો આપણને ચીતરી ચડે. દાક્તર દવા કરે પણ તેની સાથે નીરોગી રહેતાં શીખવવાનું પણ તેનું કામ છે. પણ એ કામ ભાગ્યે જ કોઈ દાક્તર કરે છે. ઘણા દાક્તરો તો શરીરની આળપંપાળ કરવા બેસી જાય છે. એમ કરીને તેઓ માણસની નીતિને અને આત્માને નુકસાન પહોંચાડે છે. વળી શરીરની આળપંપાળ કરવાથી તેઓ શરીરનું પણ ખરું રક્ષણ કરી શકતા નથી.

જીવતાં પ્રાણીઓને મારીને શરીરને માટે દવાઓ તૈયાર કરવી, શરીરને સાંધતાં, બેચાર ટાંકા મારતાં શીખવું, એ કાંઈ માણસનું કામ છે? એમ તો રાક્ષસ કરે.

* * *

પુરુષ હોય કે સ્ત્રી હોય, એને કંઈક વિકાર તો થાય. પછી એનું મન જ્યાં ત્યાં જોયાં જ કરે છે અને ભમ્યાં જ કરે છે. એક વસ્તુ સમજી લેવાની છે કે આપણો જન્મ ભોગ ભોગવવા કે ભોગવાવવા અર્થે નથી પણ આત્મદર્શન અર્થે છે.

શિવપાર્વતીનો વિવાહ એ આદર્શ વિવાહ ગણાય છે. પાર્વતી જેવો સાચો વિવાહ જેને કરવો હોય એણે તો શિવજી જેવા નિર્વિકારીનું ચિંતવન કરવું જોઈએ. એવી રેખા ફક્ત પાર્વતીના હાથમાં જ હતી એમ નથી. દરેક સ્ત્રીના હાથની અંદર એ રેખા છે જ.

પતિની પસંદગીમાં એણે કેવાં કપડાં પહેરેલાં છે, કેવો ફેંટો બાંધ્યો છે એ નથી વિચારવાનું કે જોવાનું, પણ એની વિદ્યા કેટલી છે, એના ગુણ કેવા છે એ જોવાનું છે. એક વખત લગ્ન કરવાનો વિચાર કર્યો તો સારા ચારિત્ર્યવાળો, જેની સાથે મન મળે તેની સાથે વિવાહ

Gandhi Heritage Portal

કરવો. એવો ચારિત્રવાન પુરુષ મળે તો ઠીક, ન મળે તો કુંવારા રહેવાનો સંકલ્પ કરવો જોઈએ. જેવો મળે તેની સાથે પરણી જવું એવો વિચાર ન કરાય. પાર્વતીજીએ તો સંકલ્પ કર્યો હતો કે શિવજી જેવો નિર્વિકારી પુરુષ મળે તો જ પરણવું છે, નહીં તો કુંવારા રહેવું છે. દરેક કન્યાએ પાર્વતીનો આદર્શ રાખવો જોઈએ.

કોઈની ખાંધ ઉપર ન બેસવું એ પણ સેવા છે. કોઈની પાસેથી સેવા ન લેવી, કામ ન કરાવવાની વૃત્તિ રાખવી એ પણ સેવા છે.

* * *

આ જગત તો એવું છે કે ત્રણ ટેભા મારીએ ત્યાં તેર તૂટે છે. તો પછી એને ક્યાં ક્યાં સુધારીશું ? આપણી અંદર રહેલા આત્મરૂપી સત્‌ને ઓળખવો એ જ ખરો સુધારો છે.

* * *

આપ ભલા તો જગ ભલા. અહિંસાની સંનિધિમાં વેરનો ત્યાગ થાય છે, એમ પતંજલિ ભગવાને લખ્યું છે. જો આપણે પોતે ગુલામ હોઈએ તો આખું જગત આપણે મન ગુલામ છે. મતલબમાં નિર્દોષ માણસને કોણ છેતરવા બેસે છે? એની સાથે કોઈ દગો કરશે તો એને પોતાને જ એ પાછો લાગવાનો છે. જો આપણે પ્રતિકાર ન કરીએ એટલે કે દુષ્ટ માણસની સામે ન થઈએ તો એની દુષ્ટતા જ એને પાડે છે. એને ઠોકર વાગે છે અને એ સીધો થાય છે.

* * *

જો આપણે આશ્રમમાં આપણું પોતાનું સ્વરાજ લઈ લઈએ તો આખા હિંદુસ્તાનનું સ્વરાજ મળી જાય. એટલે કે બધા સીધા નેતર જેવા થઈ જાય. કોઈને કોઈના ઉપર વહેમ ન આવે. અવિશ્વાસ ન હોય તો હથેળીમાં સ્વરાજ છે.

સ્વરાજનો અર્થ એ છે કે બીજાના ઉપર નહીં પણ પોતાના ઉપર રાજ્ય કરવું, એટલે પોતાના ઉપર અંકુશ રાખવો. જેણે પોતાની ઇન્દ્રિયો ઉપર કાબૂ મેળવ્યો છે એણે બધું મેળવ્યું છે.

જે માણસે દંડનીતિ ગ્રહણ કરી છે, હથિયારનીતિ ગ્રહણ કરી છે એને છળકપટ કરવાં જ પડે છે. એ નીતિની સાથે છળકપટ રહેલાં જ છે.

* * *

આપણું બધાંનું મંદિર આશ્રમમાં છે. આશ્રમમાં પણ નહીં, એ તો આપણા હૃદયમાં છે. બેચાર પથરા ભેગા કરી બનાવેલું મંદિર કશા કામનું નથી. આપણા હૃદયમાં મંદિર કરી શકીએ તો તે કામનું છે.

આશ્રમ જો એમ ને એમ સરખી રીતે ચાલ્યાં કરે, એમાં દુષ્ટ માણસો ન પેદા થાય તો આશ્રમ તીર્થક્ષેત્ર બની જાય.

જેટલા નર્મદાના કંકર એટલા શંકર કહેવાય છે. નર્મદા એટલે ભરૂચ આગળ જે નદી છે તે જ નહીં, પણ નદીમાત્ર. નદીના કાંકરાને ધોઈ બીલીપત્ર ચડાવીએ એટલે એ શંકર થયા. એથી આગળ જઈ સ્વચ્છ માટી લઈ એનો શિવલિંગ જેવો આકાર કરી તેના ઉપર બીલીપત્ર ચડાવીએ તો એ પણ શંકર થાય. તેથી પણ આગળ જઈને વિચારીએ તો આપણાં હૃદયમાં જ શંકર વિરાજે છે.

Gandhi Heritage Portal

આપણે તો મૂર્તિપૂજક પણ છીએ અને મૂર્તિભંજક પણ છીએ. મૂર્તિની અંદર રહેલી પાષાણતાના ભંજક છીએ. પણ મૂર્તિની અંદર રહેલી ઈશ્વરની ભાવનાના પૂજક છીએ.

* * *

મારી અપેક્ષા એવી છે કે આશ્રમની અંદર સઘળી સ્ત્રીઓ એક પણ કાર્ય વિચાર કર્યા વગર ન કરે. એ માટે સ્ત્રીઓએ જ્ઞાની થવું જોઈએ. અત્યારે તો હિંદુસ્તાનની અંદર સ્ત્રીસમાજ શુષ્ક થઈ ગયેલો છે.

* * *

જે છોકરીઓને કુંવારી રહેવું છે એણે સ્વતંત્રતાને પરણવું જોઈએ, પરતંત્ર રહેનારી છોકરી કુંવારી રહી જ ન શકે.

* * *

ભૂત મરે તો પ્રેત જાગે. મતલબમાં આપણે કોઈને લૂંટીએ તો આપણને લૂંટવાવાળો બીજો બેઠો જ છે. એ ઉપરથી બીજી કહેવત છે કે શેરને માથે સવાશેર. અહીં શેર એટલે સિંહ. સિંહ મારીને ફાડી ખાય છે પણ એને મારીને ફાડી ખાનારા બીજા સિંહ પડેલા જ છે.

* * *

જેમ રાંધતાં ન આવડે છતાં કાચુંપાકું રાંધીને ખાઈએ તો અપચો થાય તેમ વાંચતાં ન આવડે તો ગમે તેટલી વાર વાંચીએ તોપણ કશું સમજાય નહીં. એને વાચનનો અપચો થાય.

* * *

મોટામાં મોટા માણસ પણ જો ન કરવાનું કરે તો એની શિક્ષા એને મળે જ છે.

* * *

ભક્તો અંતરનાદના પ્રેર્યા કામ કરે છે; પરંતુ અંતરનાદ પણ કોઈ વાર છેતરે, માટે ભક્તે સાવધાન રહેવું જોઈએ.

* * *

જે માણસ અરધું જૂઠું બોલે છે તે દોઢ જૂઠું બોલે છે, કારણ તે પોતાના મનને છેતરે છે. જ્યારે હડહડતું જૂઠું બોલનારને પોતાને તો ખબર હોય છે જ કે આ હું જૂઠું બોલું છું.

* * *

છોકરાંઓની કેળવણીનો મુખ્ય આધાર માતાઓ ઉપર રહેલો છે. હું આશ્રમમાં ગમે તેટલી કેળવણી આપવા બેસું પણ માતાઓના સહકાર વગર કાંઈ ન કરી શકું. આપણે તો આપણાં છોકરાંને પરગજુ બનાવવાં છે.

શિક્ષકની પાસે જતાં છતાં બાળક માતાના હૃદયની અંદરથી એક તાર લઈને ત્યાં જાય છે. એને એમ થયાં કરે છે કે ક્યારે મા પાસે જાઉં. એ તાર દ્વારા માતા એને ખેંચી રહી છે.

ગીતાજી વાંચીએ, રામાયણ વાંચીએ, હિન્દ સ્વરાજ વાંચીએ, પણ તેમાંથી આપણે શીખવું છે તે તો પરમાર્થ છે. બાળકોને પણ એ જ શીખવવું છે.

* * *

આપણા બાપદાદાઓ જેમણે દારૂ છોડી દીધો તેમણે તો ભારે પુરુષાર્થનું અને પુણ્યનું કાર્ય કર્યું. પણ આપણે જેમણે કોઈ દિવસ એ પીધો નથી, તેમને તો નકારવાચક પુણ્ય મળે. આપણે

Gandhi Heritage Portal

દારૂ પીવાનું પાપ નથી વહોરતાં એટલું જ. આપણે દારૂનાં બધાં અનિષ્ટો સમજતાં થઈએ ત્યારે આપણે સાચો દારૂ છોડયો કહેવાય.

તે જ પ્રમાણે આપણે આપણા જૂના તહેવારો અને વ્રતો પાળીએ છીએ તે વગર સમજ્યે પાળીએ તો તેનો કશો અર્થ નથી, પણ આપણે એનું રહસ્ય સમજીએ અને એ બીજાંને સમજાવતાં પણ આવડે ત્યારે આપણને અને સમાજને તેનો લાભ થાય છે. નાગપાંચમ, જન્માષ્ટમી એ બધા તહેવારો આપણી બહેનો પાળે છે. તેમણે એનું રહસ્ય સમજવું જોઈએ. નાગપાંચમનો અર્થ એ હશે કે નાગને શત્રુની ઉપમા આપી અને શત્રુને પણ ન મારવો જોઈએ એ ભાવનાનો પ્રચાર કરવા નાગપાંચમનું વ્રત કર્યું. આ જગતની અંદર નાગ જેવા ઝેરી માણસ બીજા કોઈ નથી. હોય તો તે આપણે જ છીએ. જો કોઈને નાગ જેવા ઝેરી માનતા હોઈએ તો તેને પણ અમૃત સમાન ગણીએ. અને તેમાંથી એવું શીખીએ કે મનુષ્યમાત્ર પૂજા કરવા યોગ્ય છે, એટલે કે સેવા કરવા યોગ્ય છે.

* * *

આ સંસાર પ્રેમનાં બંધનથી ચાલી રહ્યો છે. એકબીજા પ્રત્યે પ્રેમભાવ રાખવાના રોજના પ્રસંગોની ઇતિહાસમાં નોંધ લેવાતી નથી, પણ ઇતિહાસમાં લડાઈટંટા ને મારામારીની નોંધ લેવાય છે. દુનિયામાં એકબીજા સાથે પ્રેમના વ્યવહારના પ્રસંગો જેટલા બને છે તેના પ્રમાણમાં લડાઈટંટાના પ્રસંગો તો બહુ જૂજ હોય છે. દુનિયામાં આપણે આટલાં ગામડાં અને શહેરો વસેલાં જોઈએ છીએ. સંસાર જો હમેશ લડાઈ ઉપર ચાલતો હોત તો એ ગામડાં અને શહેરોની હસ્તી જ ન હોત.

* * *

જે જે કાયદાથી ધર્મનો લોપ થાય તે કાયદાનો આપણે જરૂર લોપ કરીએ. એવા કાયદા માનીએ નહીં એટલું જ નહીં પણ તેનો સક્રિય વિરોધ કરીએ. વિરોધ કરવાના બે માર્ગ છે: મારફાડ કરવાનો અને સત્યાગ્રહનો. આપણે તો સત્યાગ્રહનો માર્ગ જ લઈએ. આપણે ધર્મને નામે ધાડ પાડવી નથી. આપણે તો ધર્મને માટે ફાંસીએ ચડીએ, મરી ફીટીએ, પણ બીજાને મારીએ નહીં.

* * *

સ્ત્રીઓએ પોતાના શિયળનું રક્ષણ કેવી રીતે કરવું એ પ્રશ્ન ઘણી વાર પુછાય છે, અને સ્ત્રીઓએ ખંજર રાખવાં એવું પણ સૂચવાય છે. જો સ્ત્રીઓ ખંજર રાખતી થશે તો એ ખંજર તેમની જ સામે વપરાવાનું છે. ખંજર વાપરવા માટે તો ઘણી કઠોરતા જોઈએ. ખંજર વાપરવા માટે આપણે આપણો ઘરસંસાર બદલવો જોઈએ. જે માણસે કોઈ દિવસ લોહી જોયું જ ન હોય, લોહી કાઢ્યું ન હોય તે ખંજર ન વાપરી શકે. ખંજર વાપરવા માટે તો શિકાર કરવો જોઈએ, કેટલાંય ઘેટાંબકરાં કાપવાં જોઈએ, કોઈના શરીરમાં ખંજર ભોંકવા માટે હૃદયને એટલું કઠોર બનાવવું જોઈએ.

એટલે સ્ત્રીઓને ખંજર વાપરવાનું શીખવવાને બદલે એ શિક્ષણ આપવું જોઈએ કે તમને ભય કોનો છે? તમારી ઉપર તો ઈશ્વરનું રક્ષણ સદાયે છે જ. જો આપણે પોતે ખરેખર

Gandhi Heritage Portal

હ્રદયથી માનતા હોઈએ કે ઈશ્વર છે તો આપણને શાનો ભય હોય? ગમે તેવો દુષ્ટ માણસ તમારા ઉપર હુમલો કરવા આવે તો રામનામ લેજો. ઘણા દુષ્ટ માણસો તો એ પોકારથી જ નાસી છૂટશે. પણ કદાચ એમ ન બને તોય શું? તે વખતે આપણે મરી છૂટવું જોઈએ. બાળક મરવા પડયું હોય તો આપણે છેવટ સુધી તેની પાછળ મરી છૂટીએ છીએ ને? અને ખૂબ ચાકરી કરતાં પણ બાળક ખોળામાં મરી જાય તોય માતાને સંતોષ રહે છે કે થાય એટલું આપણે કર્યું. પ્રાણ આપવાની પૂરેપૂરી તૈયારી રાખવી એ આપણો ધર્મ છે. ગમે તેવો દુષ્ટ માણસ હોય તેના બળાત્કારને, મરી જઈએ પણ વશ ન થઈએ તો પછી પેલો દુષ્ટ માણસ પણ શું કરી શકવાનો હતો? સંભવ તો એવો છે કે મરવાની પૂરી તૈયારીવાળા પવિત્ર માણસ આગળ ગમે તેવો દુષ્ટ માણસ પણ પોતાની દુષ્ટતા છોડી દે છે. એટલે સત્યાગ્રહ બેવડો લાભદાયી છે. જે માણસ સત્યાગ્રહ કરે છે તેનું તો ભલું થાય છે જ, પણ જેના તરફ સત્યાગ્રહ કરવામાં આવે તેનું પણ તેથી ભલું થાય છે.

[મૂળ ગુજરાતી]

बापुना पत्रो–१ : आश्रमनी बहेनोने, पा. ७७–९४

## ૨૦૩. મણિબહેનને પત્ર

[જાન્યુઆરી ૧, ૧૯૨૭][1]

ચિ. મણિ,

તમારો કાગળ મળ્યો છે. આ કાગળની પાછળનો કાગળ વાંચજો.[2] આ કામને સારુ તમને મોકલવાનો વિચાર થાય છે. તમે અથવા મીરાંબાઈ જ ત્યાં કામ કરી શકો. સિંધી છોકરીઓ હોય એટલે અંગ્રેજી અને હિંદીની જરૂર પડે. મીરાંબાઈને હજુ મોકલાય તેમ નથી. એટલે તમે જાઓ તેમ ઇચ્છું છું. જો નિશ્ચય થાય તો જણાવજો.

તમારે સુખેદુ:ખે આશ્રમમાં એટલે મારી સાથે જ રહેવાનું છે. તમારું અંતર મારી પાસે ઠાલવી મારી પાસેથી 'મા'નું કામ લેજો.

તમારી નીરસતાનું કારણ ઊંડે ઊંડે સાથીની ખામી તો નથી ના? મને તમારા એક હિતેચ્છુએ આગ્રહપૂર્વક કહ્યું છે તમને મારે પરણાવી જ દેવી જોઈએ. આ વાત એક જુવાનને અંગે નીકળી. તે પાટીદાર તો નથી પણ લાયક છે. મેં કહ્યું તમારે વિશે હું તો નિર્ભય છું. તમને વિવાહની ઇચ્છા થાય એવું હાલ તો હું નથી ભાળતો. ત્યારે તેણે કહ્યું, "તમે મણિબહેનને નથી ઓળખતા." આ વખતે તો મશ્કરી નથી કરતો એમ મારી ભાષા પરથી જોઈ શકશો.

૧. છાપેલી મૂળ પ્રત પ્રમાણે.

૨. કરાંચીના નારાયણદાસ આનંદજીએ ૨૦–૧૨–૧૯૨૬ને દિવસે લખેલો. એમાં ગાંધીજીને વિનંતી કરવામાં આવી હતી કે કરાંચીની મ્યુનિસિપલ ગર્લ્સ સ્કૂલમાં તકલીકાંતણ શીખવવા માટે ગુજરાતમાંથી એક બહેનને નીમવાં.

Gandhi Heritage Portal

મને નિર્ભયતાથી જવાબ આપજો. એટલું તો છે જ કે જે કુમારિકા રહેવા ઇચ્છે તેણે વીરાંગના રહેવું જોઈએ. તેણે પ્રફુલ્લિત રહેવું જોઈએ. નહીં તો લોક કહેશે "એને પરણાવો."

બાપુના આશીર્વાદ

ચિ. મણિબહેન પટેલ
સત્યાગ્રહ આશ્રમ
સાબરમતી

[મૂળ ગુજરાતી]

बापुना पत्रो – मणिबहेन पटेलने, પા. ૪૩-૪

## ૨૦૪. કલકત્તા ખાતે દલિતવર્ગની શાળાઓની સભામાં ભાષણ[1]

જાન્યુઆરી ૨, ૧૯૨૭

માનપત્રનો જવાબ આપતાં મહાત્માજીએ કહ્યું કે દલિત વર્ગના સભ્યો મને માનપત્ર આપવાના છે એની મને મુદ્દલ ખબર ન હતી. મને તમારી તકલીફો અને અકથ્ય દુઃખો પ્રત્યે સહાનુભૂતિ છે અને દેશમાં તમારી જે અવદશા છે તેનો મને સ્પષ્ટ અનુભવ થાય એટલા માટે મને ક્યારેક અસ્પૃશ્ય બની જવાનું મન થઈ જાય છે. હિંદુ સમાજના લોકો તમને કોઈ મદદ કરતા નથી. ઊલટું, મજૂરીના રૂપમાં તમારી સેવા લે છે એનું મને દુઃખ છે. હિંદુ સમાજમાં આ લાગણી પ્રવર્તતી રહેશે તો દેશનો વિનાશ છે. દેશમાંથી અસ્પૃશ્યતા હટાવતાં પોતાના પ્રાણ આપનાર સ્વામી શ્રદ્ધાનંદે કહ્યું હતું કે હિંદુઓ પોતાનાં ઘરમાં દલિત વર્ગનો છોકરો રાખતા હોય એવું જોઈશ ત્યારે હું માનીશ કે હિંદુઓને દેશના અસ્પૃશ્યો પ્રત્યે લાગણી છે. એ પહેલાં સ્વામીજીએ એવી અપેક્ષા રાખી હતી કે દલિત વર્ગના લોકોએ દારૂ, જુગાર અને તેમને દેશની બીજી કોમની પાછળ રાખનાર બીજી ખરાબ આદતો છોડી દેવી જોઈએ.

આગળ બોલતાં મહાત્માજીએ જણાવ્યું કે પંડિત મદનમોહન માલવિયાએ સ્વામી શ્રદ્ધાનંદની 'શુદ્ધિ' અને 'સંગઠન'ની પ્રવૃત્તિને પૂરી કરવા પાંચ લાખ રૂપિયા એકઠા કરવાની અપીલ બહાર પાડી છે. હિંદુ સમાજના લોકો તમારા ભલા માટેની તેમની ઇચ્છા પૂરી કરશે એમ જાણતા હોવાથી માલવિયાજીને તમારી પાસેથી પૈસાની અપેક્ષા નથી. છતાં સ્વામી શ્રદ્ધાનંદની પવિત્ર સ્મૃતિ પ્રત્યેના આદરના ચિહ્ન લેખે તમારે અંદરઅંદર થોડી રકમ એકઠી કરી તેની થેલી માલવિયાજીને આપી આવવી જોઈએ.

[મૂળ અંગ્રેજી]

अमृतबज़ार पत्रिका, ૪-૧-૧૯૨૭

૧. કલકત્તા અને હાવરામાંની સોળ દલિતવર્ગની શાળાઓના વિદ્યાર્થીઓએ આપેલા માનપત્રનો ગાંધીજી જવાબ આપી રહ્યા હતા. સભા કલકત્તામાં મિરઝાપુર પાર્ક ખાતે ભરાઈ હતી.

Gandhi Heritage Portal

## ૨૦૫. કલકત્તાના ચિત્તરંજન સેવાસદનમાં ભાષણ[1]

[જાન્યુઆરી ૨, ૧૯૨૭][2]

ખાતમુહૂર્ત વિધિસર થયાનું જાહેર કરી ગાંધીજીએ ડૉ. નીલરત્ન સરકારે વર્ણવેલી દેશબંધુ અને ગાંધીજી વચ્ચેની આધ્યાત્મિક એકતા પર ભાર મૂકતાં જણાવ્યું કે એ એકતા દેશબંધુના સ્વર્ગવાસ પછી સંભવત: વધુ સાચી બની છે. ભારતની ગુલામીના વિશિષ્ટ સંજોગોને લઈને દેશબંધુની શક્તિ બીજા બધા રાજકીય નેતાઓની પેઠે રાજકારણે રોકી લીધી ન હોત તો તેમણે ધર્મસુધારણા અને દરિદ્રનારાયણની સેવામાં જ પોતાની જાતને પૂરેપૂરી સમર્પિત કરી દીધી હોત એ વિશે મને શંકા નથી. પણ દેશબંધુ ગીતાના એ બોધમાં માનતા હતા કે 'બીજાં કર્તવ્ય ચડિયાતાં હોય તોપણ તારું તાત્કાલિક કર્તવ્ય પહેલું કર.' અને ભલે હું આજે એક સામાન્ય પ્રસૂતિગૃહનો પાયો નાખતો લાગું, પણ મને ખાતરી છે કે દેશબંધુના દૃષ્ટિબિંદુથી એ કાર્ય સ્વરાજ તરફનું એક પગલું છે. બંગાળીઓ સંકુચિત પ્રાંતવાદીઓ હોઈ આ સ્મારક પ્રાંતવાદી-રૂપ પકડશે એવી કેટલીક જગ્યાએ ઉચ્ચારાતી શંકાનો આ પછી ઉલ્લેખ કરી ગાંધીજીએ કહ્યું :

બંગાળીઓ આખા ભારતને બંગાળમાં સમાવી દે એમાં મને કશી હરકત નથી, કારણ તેમ થવાથી સંયુક્ત પ્રાંતના વૃદ્ધ પંડિતજીને[3] અને ગુજરાતના એક બુઢ્ઢા વાણિયાને એટલે મને, બંનેને થોડો આરામ લેવાની અનુકૂળતા થશે. રવીન્દ્રનાથ, રામમોહન રાય, કેશવચંદ્ર સેન, રામકૃષ્ણ પરમહંસ અને વિવેકાનંદને જન્મ આપનાર, ચૈતન્યનાં પુનિત પગલાંથી ધન્ય બનેલું અને ગંગા અને બ્રહ્મપુત્રા જેવી પવિત્ર નદીઓથી પાવન થયેલું બંગાળ આખા ભારતને પોતામાં સમાવી લે તેમાં મને લેશ પણ વાંધો ન હોય. પણ આ બીક પાયા વગરની છે, કારણ, ડૉ. બિધાન રૉયે ટ્રસ્ટીઓ વતી જાહેર કર્યું છે કે દેશબંધુ જે ઉદાર ભાવનાથી માતૃભૂમિની સેવા કરતા હતા એ જ ઉદાર ભાવનાથી સેવાસદન ચલાવવામાં આવશે. આપણી કામવાસનાની શિકાર બનતી આપણી પતિત બહેનોની મુક્તિની જેમને લગની હતી એવા પુરુષને આ સંસ્થા જીવંત અંજલિ છે. એ આ કે પેલા ટ્રસ્ટીની મિલકત નથી, એ આખા દેશની મિલકત છે. આપણે એને દેશબંધુને લાયક બનાવવા પ્રયાસ કરીએ અને એને ભારતમાંની એમની ચિરંતન સ્મૃતિ-રૂપ બનાવીએ.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १३–१–१९२७

૧. મહાદેવ દેસાઈના 'સાપ્તાહિક પત્ર'માંથી.
૨. તારીખ ફૉરવર્ડના રિપોર્ટમાંથી લીધી છે.
૩. મદનમોહન માલવિયા.

Gandhi Heritage Portal

## ૨૦૬. કલકત્તામાં કેવરાતાલા સ્મશાનભૂમિમાં ભાષણ[1]

જાન્યુઆરી ૨, ૧૯૨૭

મહાત્મા ગાંધીએ આ પ્રસંગે એક ટૂંકું પ્રવચન કર્યું હતું. એમણે કહ્યું કે બંગાળના જ નહીં, બલકે સમસ્ત ભારતના એક મહાન દેશભક્તના માનમાં થતા સ્મારકનો શિલાન્યાસવિધિ મારે હાથે થયો એને હું મારું મોટું સદ્‌ભાગ્ય માનું છું. હું અશ્વિનીબાબુના નિકટ પરિચયમાં આવી શક્યો નથી તેનું મને દુઃખ છે. દક્ષિણ આફ્રિકામાં બંગાળના ભાગલાના દિવસોમાં જે છાપાં વાંચવા મળતાં તેમાંથી અશ્વિનીબાબુના કામ વિશે મેં જાણ્યું હતું.

મહાત્માજીએ વધુમાં જણાવ્યું કે ભારતમાં આવ્યા પછી મને સ્વર્ગસ્થ અશ્વિનીકુમાર દત્તનાં દર્શનનો લાભ મારી બંગાળની યાત્રા વખતે બારીસાલ ખાતે મળ્યો હતો. બારીસાલમાં સ્ટીમર-માંથી નીચે ઊતરતાં જ મને ખબર મળી કે બીમાર હોવાથી અશ્વિનીબાબુ મારા સ્વાગત માટે આવી શક્યા નથી. એટલે આ મહાન દેશભક્તનું તેમના બિછાના પર દર્શન કરી આવવાની મને મારી સૌથી પહેલી ફરજ જણાઈ. અશ્વિનીબાબુને મળ્યો તે વખતનો તેમનો પ્રેમાળ ચહેરો મને હજી યાદ છે અને તે કદી ભુલાય તેમ નથી.

મહાત્માજીએ કહ્યું કે અશ્વિનીકુમારના જીવનમાંથી આપણે એ શીખીએ છીએ કે જીવનની બધી મોજમજા છોડી દઈ દેશને ખાતર પોતાની બધી તૃષ્ણાઓનો ત્યાગ કરનારા જ માતૃભૂમિના ભક્તો બની શકે છે. અશ્વિનીકુમારે જે ભાવનાથી પોતાનું જીવન ગાળ્યું તે ભાવના હિંદી યુવકોએ શીખી લેવી ઘટે. જગતના મહાપુરુષોનાં જીવનમાંથી દરેક યુવકે આ જ વસ્તુ શીખી લેવાની છે.

આગળ બોલતાં મહાત્માજીએ કહ્યું કે છાપાંમાં ઘણા માણસો વિશે ઘણું બધું સંભળાતું હોય છે, પણ જ્યાં સુધી આપણે એમના સંપર્કમાં આવીએ નહીં ત્યાં સુધી એમને વિશે ખરું સત્ય પામી શકીએ નહીં. અશ્વિની દત્તના ગાઢ સંપર્કમાં આવતાં છાપાંમાં એમના વિશે વાંચેલી વાત મને સંપૂર્ણ રીતે સાચી લાગી.

અંતમાં મહાત્માજીએ એવો અનુરોધ કર્યો કે તમારે – યુવકવર્ગે, દેશની સેવા કરવી હોય તો આવા મહાન પુરુષો સાથે હળવામળવાનું રાખો અને તેમને પગલે ચાલો. એમણે એ પણ કહ્યું કે આવા મોટા પુરુષોનાં નામનું સાચું સ્મારક તેમને અનુસરવામાં જ રહેલું છે.

[મૂળ અંગ્રેજી]

अमृतबझार पत्रिका, ४–१–१९२७

૧. અશ્વિનીકુમાર દત્તના સ્મારકના શિલાન્યાસવિધિ વખતે.

Gandhi Heritage Portal

## ૨૦૭. સોદપુરના ખાદી પ્રતિષ્ઠાનમાં ભાષણ[1]

[જાન્યુઆરી ૨, ૧૯૨૭][2]

એમણે[3] ખાદી માટે સર્વસ્વ હોડમાં મૂક્યું છે એ તમે જોઈ શકશો. ઘણાને લાગતું હશે કે તેઓ ગાંડા થઈ ગયા છે, પણ હું કહું છું કે શ્રદ્ધા પર્વતોને પણ ખસેડી શકે છે અને સતીશબાબુને ખાદીમાં શ્રદ્ધા છે અને એમણે નિરધાર કર્યો છે કે રોજ કલકત્તા બજારમાં ઠલવાતું લાખો રૂપિયાનું કીમતી પરદેશી કાપડ બને તેટલું અટકાવવું.

ફાળા માટેની એમની અપીલના જવાબમાં તે જ વખતે રૂ. ૫૦૦ એકઠા થયા હતા અને રૂ. ૩,૦૦૦થી વધુનાં વચન મળ્યાં હતાં.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १३-१-१९२७

## ૨૦૮. ગંગાબહેન વૈદ્યને પત્ર

[જાન્યુઆરી ૨, ૧૯૨૭ પછી][4]

ચિ. ગંગાબહેન,

હું જોઉં છું કે તમને જાતિમાં ભૂલો આવે છે. કચ્છીમાં નર ને નારી જાતિ [બે] જ છે. પણ ગુજરાતીમાં [ત્રીજી જાતિ] નાન્યતર છે. તમે ઘર કેવો કહો ત્યારે ગુજરાતીમાં ઘર કેવું કહીએ. તમે તમારો શરીર કહો ત્યારે ગુજરાતીમાં તમારું શરીર કહેવાય. આમ બે ભાષાની સરખામણી કરતાં રસ આવશે ને વધારે સહેલાઈથી ભાષા સુધરશે. આમ માનસિક કસરત કરતાં બુદ્ધિ પણ ખીલે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની નકલ પરથી : સી. ડબલ્યુ. ૮૭૦૩; શ્રીમતી ગંગાબહેન વૈદ્યના સૌજન્યથી તથા बापुना पत्रो-६ : गं. स्व. गंगाबहेनने, પા. ૧૦

૧. ગાંધીજી કલકત્તા પાસે સોદપુરમાં સતીશચંદ્ર દાસગુપ્તાએ સ્થાપેલા ખાદી પ્રતિષ્ઠાનની કલાશાળા ખુલ્લી મૂકી રહ્યા હતા. હેવાલ મહાદેવ દેસાઈના 'સાપ્તાહિક પત્ર'માંથી લીધો છે.

૨. તારીખ હિન્દુના રિપોર્ટમાંથી લીધી છે.

૩. સતીશચંદ્ર દાસગુપ્તા.

૪. ગંગાબહેને ૨-૧-૧૯૨૭ને દિવસે લખેલા કાગળના જવાબમાં આ કાગળ લખાયો હતો.

Gandhi Heritage Portal

## ૨૦૯. પરશુરામ મેહરોત્રાને તાર

કલકત્તા,
જાન્યુઆરી ૩, ૧૯૨૭

પરશુરામ
સત્યાગ્રહ આશ્રમ
વર્ધા

સ્ત્રીદર્પણને[1] એક પખવાડિયું આપી શકો છો.

બાપુ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : જી. એન. ૭૪૮૭ તથા સી. ડબલ્યુ. ૪૯૬૨

## ૨૧૦. મીરાંબહેનને પત્ર

જાન્યુઆરી ૩, ૧૯૨૭

ચિ. મીરાં,

તારા બે કાગળો મળ્યા. તું કેવી સ્થિતિમાંથી પસાર થઈ રહી છે એ જાણ્યું અને એથી મને આનંદ થયો. માનવજાતની કદર કે બેકદર પરત્વે ઉદાસીનતા રાખીને તારે તેને ચાહવી ઘટે. આખરે આશ્રમ સાબરમતીમાં નહીં પણ તારા અંતરમાં છે. હીનમાં હીન માણસ પણ પવિત્ર થઈને જ ત્યાં પ્રવેશ કરે. સૌ પ્રત્યે સમાન વર્તાવ રાખવો તેમ જ પાણીની વચ્ચોવચ હોવા છતાં કમળ જેમ તેનાથી અલિપ્ત રહે છે તેમ આ દ્વંદ્વયુક્ત જગતમાં અલિપ્ત રહેવું એ એનો અર્થ છે.

તારો કાર્યક્રમ સમજ્યો. એને તું અમલમાં મૂકજે. તારા તરફથી બીજા કંઈ સમાચાર આવે ત્યાં સુધી હું તને કન્યા ગુરુકુળમાં પત્રો લખવા ચાલુ રાખીશ.

હું ધારું છું કે તેં લખેલા સંજોગોમાં ત્યાં કોઈને વિદ્યાર્થી તરીકે મોકલવાની તું મને સલાહ નહીં આપે.

આ હું સોદપુરથી લખી રહ્યો છું. એ કલકત્તાનું એક પરું છે અને સતીશબાબુએ અહીં પોતાનું ખાદી કાર્યાલય બાંધ્યું છે. એ ઘણું મોટું કામ છે અને લગભગ એંશી હજાર જેટલા રૂપિયા એમાં ખરચાયા છે.

તને મોકલેલા કાર્યક્રમ પ્રમાણે આવતી કાલે અમે કોમિલ્લા જવા નીકળીશું. પણ હવે પછીથી કાર્યક્રમને અંગે ક્યાંય તને શંકા ઊભી થાય તો છેલ્લા સરનામા પ્રમાણે કાગળ લખજે.

૧. મેહરોત્રા આશ્રમમાં જોડાયા તે પહેલાં તેઓ સામાજિક વિષયોને ચર્ચતા એ હિંદી સામયિકનું સંપાદન કરતા હતા. એને લગતા નાણાકીય પ્રશ્નો પર ધ્યાન આપવા માટે તેમણે ગાંધીજી પાસે રજા માગી હતી.

Gandhi Heritage Portal

સાથે બિડેલો પત્ર વાંચવો તને ગમશે. એક મિત્રે એ મને આપ્યો છે.

બાપુ

[મૂળ અંગ્રેજી]

મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૫૧૯૪; શ્રીમતી મીરાંબહેનના સૌજન્યથી

## ૨૧૧. મણિબહેન પટેલને પત્ર

[સોદપુર]

સોમવાર [જાન્યુઆરી ૩, ૧૯૨૭][1]

ચિ. મણિ,

તમારા કાગળની મેં આશા રાખી હતી પણ એકે મળેલ નથી. તબિયત માનસિક અને શારીરિક સારી હશે. સંસ્કૃત ખૂબ ચાલતું હશે. મને વિગતવાર જવાબ લખવો. ૬ તારીખ સુધી કોમિલ્લા હોઈશ. ૯ તારીખ સુધી કાશી. કાશીમાં ગાંધી આશ્રમ, બનારસ કેન્ટોન્મેન્ટ કરવું. બાપુને કાગળ લખવો. તે તમારી ચિંતા કરતા જણાયા છે. અમે બધાં મજામાં છીએ.

બાપુના આશીર્વાદ

શ્રી મણિબહેન
સત્યાગ્રહ આશ્રમ
વર્ધા, બી. એન. રેલવે

[મૂળ ગુજરાતી]

બાપુના પત્રો – મણિબહેન પટેલને, પા. ૪૪

13660

## ૨૧૨. આશ્રમની બહેનોને પત્ર

સોદપુર,

સોમવાર, માગશર વદ અમાસ, જાન્યુઆરી ૩, ૧૯૨૭

બહેનો,

આ વખત હજુ તમારો સાપ્તાહિક કાગળ મને મળ્યો નથી. આજે અમે ખાદી પ્રતિષ્ઠાને લીધેલી જમીન ઉપર બંધાયેલાં નવાં મકાનોમાં છીએ. અહીં ઘણાં નાનાં મકાનો બંધાયાં છે. અહીં જ હવે યંત્ર વડે ખાદી ધોવાનું, સફેદ કરવાનું ને રંગવાનું કામ ચાલે છે. ગઈ કાલે અહીં મોટો મેળાવડો થયો હતો. તેમાં ઠીક હાજરી ભરાઈ હતી. મને લાગ્યું કે મારે સભા પાસેથી ઉઘરાણું માગવું જોઈએ. મેં માગ્યું ને લગભગ રૂ. ૩૫૦૦ ભેળા થયા.

જે પ્રમાણે આપણે પ્રાર્થના કરીએ છીએ તે પ્રમાણે અહીં થાય છે. શ્લોકો પણ તે જ બોલાય છે. આપણા કરતાં બેસૂરું વધારે છે તેથી કાનને કઠોર લાગે છે. પણ ધીમે ધીમે એમાં સુધારો થઈ જશે.

૧. છાપેલા મૂળ લખાણ પ્રમાણે.



ગાંધી સ્મારક સંગ્રહાલય અમદાવાદ-૧૩.
Gandhi Heritage Portal

હજુ સુધી પેરીનબહેન, મીઠુબહેન અને જમનાબહેન સાથે છે. તેઓ પોતાનું ખાદીનું કામ ચલાવ્યે જાય છે. સાથે લાવ્યાં હતાં તેમાંની અરધી ખાદી તો તેઓએ વેચી નાખી છે.

તમારી પ્રાર્થના નિયમિત ચાલ્યા કરે છે એ બહુ સારું થાય છે. હાજરી પણ ઠીક જોઉં છું.

કાંતવાનો યજ્ઞ છે એ ન ભૂલશો. ગીતાજી કહે છે, યજ્ઞ કર્યા વિના જે જમે છે તે ચોરીનું અન્ન જમે છે. યજ્ઞ એટલે પરમાર્થે કરેલું કામ. એવું સાર્વજનિક કામ આપણે રેંટિયો માન્યું છે.

**બાપુના આશીર્વાદ**

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : જી. એન. ૩૬૩૩; તથા બાપુના પત્રો – ૧ : આશ્રમની બહેનોને, પા. ૯.

## ૨૧૩. પ્રભાશંકર પટ્ટણીને પત્ર

ટ્રેનમાં,
જાન્યુઆરી ૪, ૧૯૨૭

સુજ્ઞ ભાઈશ્રી,

તમે પહોંચ લખવાની ના લખો છો ને કાઠિયાવાડમાં ક્યારે આવું છું તે પૂછો છો. હવે તો મારે જવાબ આપવો જ રહ્યો. ઉમેદ તો એવી છે કે માર્ચ[૧] માસના આરંભમાં હું ત્યાં પહોંચીશ.

તબિયત સાચવશો.

**મોહનદાસના**
વંદે માતરમ્

હિંદુ અબ્દુલ રશીદને[૨] માફ કરે તો જોઈએ શું?

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : સી. ડબલ્યુ. ૩૨૧૦; શ્રી મહેશ પટ્ટણીના સૌજન્યથી

૧. કાઠિયાવાડ રાજકીય પરિષદ માર્ચ માસમાં પોરબંદર ખાતે ભરાવાની હતી.
૨. શ્રદ્ધાનંદના ખૂની.

Gandhi Heritage Portal

## ૨૧૪. રામદાસ ગાંધીને પત્ર

મંગળવાર [જાન્યુઆરી ૪, ૧૯૨૭][૧]

ચિ. રામદાસ,

ટ્રેનમાંથી આ લખું છું. ટુવાલને સારુ પટ્ટણીસાહેબ વગેરેને. . .[૨] કાઠિયાવાડમાં ઇસ્પિતાલો તો ઘણી છે. ત્યાં ટુવાલ ખપી જાય. ગોંડળ પછી ખાદી જ લીધી નહીં કે બીજેથી લીધી? ફૈબાના ભાડાની તજવીજ કરી જ રહ્યો છું. તેને હું રખડાવું એમ નથી. મણિલાલ[૩] આશ્રમે જાય છે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : જી. એન. ૬૮૫૨

## ૨૧૫. કોમિલ્લાના અભય આશ્રમમાં[૪] પ્રાર્થના-પ્રવચન

[જાન્યુઆરી ૫, ૧૯૨૭][૫]

તમે પહેલી શરૂઆત કરનારા અને જમનોત્રી તથા ગંગોત્રી[૬] જેવા છો. એ બંને પ્રવાહોના જેવા થજો. તમારો વિચાર કરતાં મારી સમક્ષ એકબીજાની આગળ જવા મથતાં અને ખાદીની ગાડીને પૂર ઝડપે ખેંચી જતા, જોડાજોડ દોડતા બે સુંદર ઘોડાનું ચિત્ર ખડું થાય છે. તમારા ઉત્પાદનને ખપાવવા તમારે પ્રાંત બહારની મદદનો આશરો લેવો નથી પડતો, એ જોતાં તમે અપૂર્વ સફળતા મેળવી છે. તમે બંગાળની સ્ત્રીઓને તમારી ઇચ્છા પ્રમાણે વાળી છે. એમને ખૂબ ખૂબ ધન્યવાદ—અને તમે પૂરી પાડો છો તે સાડીઓ પહેરવામાં તેઓ આજે અભિમાન લે છે. તો, એકની શક્તિ અને નબળાઈ બીજી સંસ્થાની શક્તિ અને નબળાઈ બનો, અને ખાદી પ્રતિષ્ઠાન તેની મુશ્કેલીના સમયે અભય આશ્રમ તરફ મીટ માંડે અને અભય આશ્રમ ખાદી પ્રતિષ્ઠાન તરફ.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १३-१-१९२७

૧. ટપાલની છાપ પરથી.

૨. અહીં કેટલાક શબ્દો ખૂટે છે.

૩. મણિલાલ ગાંધી, તેઓ દક્ષિણ આફ્રિકાથી હિંદ આવ્યા હતા.

૪. ડૉ. સુરેશચંદ્ર બૅનરજી ચલાવે છે તે સંસ્થા. આશ્રમ અસ્પૃશ્યો માટેની સાત શાળાઓ તથા એક ખાદીભંડાર ચલાવતો હતો. લાંબા પ્રાર્થના-પ્રવચનનો અંતિમ ભાગ જ મળી શક્યો છે.

૫. આ હેવાલ મહાદેવ દેસાઈના ‘સાપ્તાહિક પત્ર’માંથી ઉતાર્યો છે. તેમાં એની તારીખ આપી નથી, પણ ૫મી જાન્યુઆરીની જાહેર સભાના હેવાલની પહેલાં એ મુકાયો છે.

૬. ખાદી પ્રતિષ્ઠાન અને અભય આશ્રમનો ઉલ્લેખ છે.

Gandhi Heritage Portal

## ૨૧૬. કૉમિલ્લામાં ગ્રામજનોની સભામાં ભાષણ

જાન્યુઆરી ૫, ૧૯૨૭

પોતાની મંડળી સાથે મહાત્માજીએ આશ્રમની નજીકનાં નામશૂદ્રોનાં બે ગામ રાજપુરા અને મુરાદપુરની મુલાકાત લઈ ત્યાંના નિવાસીઓ આગળ હિંદીમાં ભાષણ કર્યું હતું. ગામનાં સ્ત્રી-પુરુષો અને બાળકોએ હુલ્લાનાદ[1] સાથે તેમ જ શંખનાદથી અને સંકીર્તનથી તેમનું સ્વાગત કર્યું હતું. તમે તમને પોતાને બીજાઓથી હલકા માનશો જ નહીં અને કહેવાતા સવર્ણોની કુટેવોની નકલ કરશો નહીં, એવી શીખ તેમણે એમને આપી, દારૂ છોડી સાદું અને નેકીવાળું જીવન જીવવાનો અનુરોધ કર્યો. ખાદીની અગત્ય તેમ જ ઉપયોગિતા પર ખાસ વિસ્તારથી વિવેચન કરી તેમણે અભય આશ્રમના સભ્યોના દાખલાને અનુસરવા આગ્રહ કર્યો. . . .

[મૂળ અંગ્રેજી]

अमृतबझार पत्रिका, ७-१-१९२७

## ૨૧૭. કૉમિલ્લાની જાહેર સભામાં ભાષણ[2]

જાન્યુઆરી ૫, ૧૯૨૭

મને હિંદીમાં બોલવાની રજા આપી તમે મારી ઉપર ઘણો સદ્ભાવ દર્શાવ્યો છે. તમારા એ સદ્ભાવની કદરદાની ખાતર જ થોડા શબ્દો હું અંગ્રેજીમાં બોલીશ. મારા દેશબંધુઓની સભા સમક્ષ જ્યારે જ્યારે મારે અંગ્રેજીમાં બોલવું પડે છે ત્યારે હું હીણપત અને શરમની લાગણી અનુભવું છું. મેં ઘણી વાર બંગાળી શ્રોતાઓને મારી નિષ્ઠાને વધુ નહીં કસવા, ખુદ ભારતમાતા ઉપર વધુ પડતો બોજો નહીં લાદવા આગ્રહ કર્યો છે. વિંધ્યાચળ પર્વતોની ઉત્તરમાં વસતા પ્રત્યેક ભારતવાસીને માટે એક મહિનામાં હિંદી શીખી જવું અતિ સરળ છે. પ્રયત્ન કરી જુઓ અને પછી કહો કે હું કહું છું તે સાચું છે કે નહીં. અમારી માતૃભાષા માત્ર બંગાળી, ગુજરાતી કે પંજાબી છે એમ આપણે ન કહીએ. એ તો પ્રાંતભાષાઓ છે. આપણે માતૃભૂમિનું પ્રશસ્તિગીત 'વંદે માતરમ્' ગાઈએ છીએ ત્યારે આખા ભારતનો ખ્યાલ રાખીને ગાઈએ છીએ. જ્યારે બંકિમે[3] આ પ્રેરણાપૂર્ણ ગીત રચ્યું ત્યારે તેમણે લખેલું : सप्तकोटि भुज:[4] પણ તમે અને બીજાઓએ સમજપૂર્વક ગાયું : द्विंत्रिशत्कोटि भुज: અને એ ઉચિત જ હતું. તમારે માટે द्विंत्रिशत्कोटि भुज: ગાવું યોગ્ય અને ગૌરવપ્રદ હતું અને એ ભવ્ય ગીતને અપનાવી લેવાનું સમસ્ત ભારત માટે ઉચિત અને ગૌરવપ્રદ હતું. તો પછી એને આચરણમાં ઉતારીને પૂરા દિલથી નહીં ગાઈએ અને પોકારીએ કે અમે માત્ર બંગાળનાં નહીં, ભારતમાતાનાં સંતાન છીએ? આથી, બીજી વાર

૧. શુભ અવસરો પર સ્વાગતના પ્રતીક તરીકે બંગાળી સ્ત્રીઓ આવો અવાજ કરે છે.

૨. આ સભા મહેશ પ્રાંગણમાં ભરાઈ હતી.

૩. બંકિમચંદ્ર ચૅટરજી.

૪. સાત કરોડ હાથ વડે. એ વખતે બંગાળની વસ્તી એટલી હતી.

Gandhi Heritage Portal

મારે અહીં આવવાનું થાય કે તમે મને નોતરો, ત્યારે હું હિંદીમાં અને માત્ર હિંદીમાં જ બોલું એવો આગ્રહ તમે રાખો એવો અનુરોધ કરું છું.

બ્રહ્મપુત્રાના ભવ્ય તટ પર, દુનિયામાં બેનમૂન સૃષ્ટિસૌન્દર્ય વચ્ચે આપણા આગેવાનોએ મળીને હમણાં જ દેશસ્થિતિના વિચારો કર્યા. તેમણે ધારાસભાઓનો કાર્યક્રમ દોર્યો છે, પણ આપણામાંના કેટલા એ કાર્યક્રમમાં સીધો ભાગ લઈ શકે એમ છે? કેટલા ધારાસભા વડી ધારાસભામાં જઈ શકે એમ છે? કેટલા ધારામંડળોના સભ્યો ચૂંટવાના અધિકારી છે? વળી ગામડાંની લાખો કરોડો પ્રજાને તો ચૂંટણીનો હક પણ કયાં છે? હિંદ દસવીસ શહેરોમાં વસ્યું છે કે તેનાં સાત લાખ ગામડાંમાં? ત્યારે આ ૧૯૦૦ માઈલ લાંબા અને ૧૫૦૦ માઈલ પહોળા દેશનાં સાત લાખ ગામડાંમાં વસતી ત્રીસ કરોડ પ્રજાને સાંકળી શકે એવો કાર્યક્રમ કયો છે? જે દરેક ગ્રામવાસી આબાલવૃદ્ધ હિંદુમુસલમાન સૌ કોઈ બજાવીને બે પૈસા કમાણી કરી શકે અને તેની સાથે જ જે આખા દેશને ઊંચે લાવવામાં સાધનભૂત થઈ પડે એવો કાર્યક્રમ કયો છે? આનો એક જ અસંદિગ્ધ જવાબ રેંટિયો અને ખાદી જ છે. આ બે જ વસ્તુઓ આપણે ધારીએ તો દેશ આખામાં ઘેરઘેર અને ઝૂંપડે ઝૂંપડે પ્રસરી શકે તેવી છે. પરદેશીઓના જ પગ તળે નહીં પણ મારાતમારા પગ તળે કચડાઈને મુફલિસ બનેલી હિંદની કરોડો મુમૂર્ષુ ગામડિયા પ્રજા આજે રેંટિયાને પકડી ટટાર થઈ શકે એમ છે. આપણે શહેરોમાં વસનારા આ ગામડાંના ગરીબોના પરસેવા ઉપર જીવીએ છીએ. અંગ્રેજો કે અમેરિકનો આપણા દેશની તેમ જ ચીન આફ્રિકા વગેરે બીજી નબળી પ્રજાઓની મહેનત પર જીવે છે તેમ નહીં. એમ તો એ લોકોને પણ જો તેઓ આ નબળી પ્રજાઓને નિચોવી ન શકે તો કાલે સવારે જ રેંટિયો કે એવું જ કંઈક જીવવાનું સાધન શોધી તેનો આશ્રય લેવો પડે એવું છે. આપણે જે અત્યારે તેમને અંગ્રેજો અમેરિકનોની જેમ નથી નિચોવતા તે તો માત્ર આપણી અશક્તિને લીધે જ. પણ મારો વિશ્વાસ છે કે એવો દિવસ ચાલ્યો આવે છે જ્યારે આપણે સબળા હોઈશું અને છતાં એ સબળાપણાથી જ દુનિયાની કોઈ પણ નબળી પ્રજાને નિચોવવાના વિચારને સ્વેચ્છાપૂર્વક ધિક્કારી કાઢીશું. મારો વિશ્વાસ છે કે મારીતમારી હયાતીમાં જ એ દિવસ આવશે જ્યારે આપણે સ્વતંત્ર થયા હોઈશું અને આખી દુનિયાને ઘોષણા કરીશું કે અમારે આ કહેવાતી સુધરેલી પ્રજાઓના કાયમ ભયમાં જેમ રહેવું પડયું તેમ અમારા ભયમાં કોઈને રહેવું પડશે નહીં. આજે તમને મારા શબ્દોનો ભલે ઈતબાર ન આવે, તમને ભલે હું પાગલ લાગું, પણ એ દિવસ ચાલ્યો આવે છે જ્યારે તમે કહેશો કે પેલા ડોસાએ કહેલું ખરું હતું કે જો હિંદુસ્તાનનાં શહેરોનું નહીં પણ તેનાં સાત લાખ ગામડાંનું ભલું તમારે હૈડે હોય તો તેવી બરકતનું અને હિંદુસ્તાનની મુક્તિનું સાધન એકમાત્ર રેંટિયો જ છે.

તેથી જ તમે ગૌહત્તીમાં જોયું કે મતાધિકારને ખાદીની તરફેણમાં સુધારવામાં આવ્યો. હું તમને કહી દઉં કે આવાં પગલાંની મેં આશા ન રાખેલી, માગણી પણ ન કરેલી. મને ખબર છે કે થયેલા સુધારા સામે બબડાટ, ધૂંધવાટ થયેલો. પણ મને એ પણ ખબર છે કે સુધારો થયો છે પણ લોકમતના દબાણને લઈને જ. નેતાઓએ જોયું કે ગ્રામવાસીઓનાં દિલ કબજે કરવાનો એકમાત્ર ઉપાય ખાદી જ છે. વળી એ પણ તમને કહી દઉં કે ચૂંટણીમાં સ્વરાજવાદીઓને ફતેહ અપાવનાર પણ ખાદી જ હતી? તમને કદાચ ખબર નહીં હોય કે હશે કે મદ્રાસમાં જેઓ સામાન્યપણે ખાદીવિરુદ્ધ હતા તેમને પણ મતદારોને રીઝવવા ખાદીનો આશરો લેવો

Gandhi Heritage Portal

પડેલો. અને દિવસે દિવસ તમે જોશો કે ખાદીનું મહત્ત્વ વધતું જ જવાનું છે; કારણ તેમાં તેવા ગુણ છે અને બીજી એકે પ્રજાકીય પ્રવૃત્તિમાં તેટલા સ્વાર્થત્યાગી, દક્ષ અને કેળવાયેલા માણસો રોકાયેલા નથી, બીજી કોઈ પણ પ્રવૃત્તિ એવી નથી જે આજીવિકા પૂરતું લઈ ગામડાંની પ્રજાના જીવન જોડે ઓતપ્રોત થઈ તેમનાં સુખદુ:ખના ભાગી બનવા રાજી હોય એવા દેશપ્રેમી યુવકોને ગમે તેવડી સંખ્યામાં પણ કામ આપી શકે. બીજી કોઈ પ્રવૃત્તિ આવું કરી શકે તેમ હોય તો મને બતાવો.

માનજો કે ખાદી એ મુમૂર્ષુ પ્રવૃત્તિ નથી. તેનો પારો નીચે નથી ઊતરી રહ્યો. પાંચ વર્ષનો અનુભવ બતાવે છે કે આસ્તે પણ સંગીનપણે તે ચડી જ રહ્યો છે. બીજું થાય જ શું? કારણ હિંદુસ્તાનને તે જોઈએ છે. તેથી જ મહાસભાએ દરેક મહાસભાવાદીઓ ઉપર ઘેર બહાર બધે ખાદીનો પોશાક ફરજિયાત કર્યો.

સ્વામી શ્રદ્ધાનંદજી જેવા વીર અને દેશભક્તે અસ્પૃશ્યોની સેવા કરતાં પ્રાણ આપ્યા. અસ્પૃશ્યો તેમને જીવથી વહાલા હતા ને તેમનું ચાલત તો એકસપાટે તેમણે દેશમાંથી અસ્પૃશ્યતા ભૂંસી નાખી હોત. અને અસ્પૃશ્યતા ભૂંસાય એનો અર્થ જ પ્રેમ અને સમદૃષ્ટિ. ગીતા કહે છે બ્રાહ્મણ, ગાય, હાથી, કૂતરા અને ચાંડાળ પ્રત્યે સમદર્શી બનો, એટલે આત્મવત્ બનો. તમારા પોતા પ્રત્યે રાખો તેવું જ વર્તન તેમના પ્રત્યે રાખો.[1] સ્વામીજીએ આ ગીતાજ્ઞાને વર્તનમાં ઉતારી હતી ને પોતાનું લોહી રેડી વજ્રલેપ કરી છે. એ લોહી આપણને પાવન કરનારું બનો ને એનાથી આપણા આ ભાઈઓ જેમને આપણા મદમાં આપણે અસ્પૃશ્ય કહીએ છીએ તેમના પ્રત્યેની આપણામાંની સૂગ અને ઘૃણા નાશ પામો. આપણે મમતાથી તેમને ભેટીએ ને અપનાવીએ. અહીં મેં મુખ્યત્વે અસ્પૃશ્યોની વસ્તીવાળાં બે ગામડાં જોયાં. મેં તેમનામાં ને બીજામાં કશો ફેર ન જોયો ને મને કહેવામાં આવ્યું ન હોત તો હું જાણત નહીં કે તેઓ અસ્પૃશ્ય હતા. આપણી જ પેઠે તેઓ ખાયપીએ છે ને આપણા જેવી જ તેમને લાગણીઓ છે. અને મને લાગે છે આપણા ને એમના ગુણદોષનો ને આપણે જે સુખસ્વતંત્રતાઓ ભોગવીએ છીએ ને એમને નથી ભોગવવા દેતા એનો હિસાબ ચિત્રગુપ્તને ચોપડે લખાતો હશે તો એમના કરતાં આપણું જ ઉધારપાસું ભારે નીકળવાનું. આ દુનિયામાં આપણે કોઈને અસ્પૃશ્ય ન જ લેખીએ. એ જ પાઠ દક્ષિણ આફ્રિકામાંની આપણી સ્થિતિ પણ આપણને શીખવી રહી છે. ઈશ્વર ત્યાં આપણને આપણાં પાપોનો બદલો આપી રહ્યો છે. આપણા ભાઈઓની અહીં તેવી આપણી ત્યાં હડધૂત દશા છે. આપણા ભાઈઓ તરફ ત્યાં ઢેડભંગીની જેમ જ ત્યાંના લોક વર્તે છે. જો આપણે અહીં આ મહાપાપમાંથી નીકળી જઈશું તો તમે જોશો કે દક્ષિણ આફ્રિકામાં પણ આપણી બેડીઓ તત્કાળ તૂટશે.

હિંદુમુસલમાન એકતાનો સવાલ તો હવે ઈશ્વરને જ ખોળે છે. હું આજે એ ચર્ચવાની હિંમત ન કરું. કૌરવસભામાં દ્રૌપદીના જેવી આપણી અત્યારે દશા છે. તેથી, અસહાયના સહાયક ઈશ્વરની જ આપણે મદદ માગીએ. આપણે કરવું ઘટે તે આપણે કર્યું નથી. આપણે એકબીજાને ધિક્કાર્યા, અવિશ્વાસ ધર્યો, લડવા નીકળ્યા ને અંતે ખૂની બન્યા. આવો અવિશ્વાસ ધરીને એક-બીજાથી ડરીને આપણે એની દુનિયાને લજવીએ છીએ, એક માની માટીમાંથી થયા છીએ, એક

૧. આવું ગીતામાં નથી. ભગવદ્ગીતા અધ્યાય ૬, શ્લો. ૨૯ અને ૩૨ – બેમાંથી એકસાથે કદાચ ગાંધીજીએ આ કથન ભેળવી દીધું હોય.

Gandhi Heritage Portal

માટીમાં મળવાના છીએ, છતાં એકબીજાને માટે આપણા હૈયામાં જગ્યા નથી. આ બધો મેલ ને ગંદકી આપણામાંથી ધોવા લોહીનાં આંસુથી આપણને અક્કલ ને ડહાપણ આપવા પ્રભુને વીનવીએ.

અંગ્રેજીમાં બોલીને મેં તમને રીઝવ્યાં! હવે મારું મહેનતાણું મને આપો. જો મારો – હિંદનાં કંગાળોનો – સંદેશો તમે ઝીલ્યો હોય તો સવારમાં અભયાશ્રમમાં આવો ને ત્યાંની ખાદીનો એક પણ કકડો રહેવા ન દ્યો. ત્યાં તમે જેમને જોશો તે ગામડાંના ગરીબો જોડે તમને સાંકળનારા છે, લોહીપાણી એક કરી રહ્યા છે. ત્યાં આવીને જેટલાં બને તેટલાં તમારાં ખીસાં ઠલવો. શરમના માર્યા નહીં, અહીં આવ્યા તેટલા સારુ નહીં, મારા પ્રેમને સારુ કે મારા પર અહેસાન કરવા નહીં, પણ જેમને દિવસમાં પેટપૂરતું અન્ન પણ નથી મળતું તે ગરીબોને માટે. આ લોકો સરસ કામ કરી રહ્યા છે, ભોગ આપી રહ્યા છે એવી તમારી ખાતરી હોય, ખાદી પહેરવામાં પાપ નથી ને દેશનાં ભૂખ્યાં કંગાળોએ કાંતેલીવણેલી ખાદી પહેરવામાંયે પાપ નથી બલ્કે એ ઉચિત અને જરૂરી છે એવી તમને ખાતરી હોય, તો તમારાં સોનાચાંદી પાઈપૈસો જે બને તે આપજો. તમારા મનમાં શક હોય તો રાતી પાઈ ન આપશો. પણ હું તમને કહું છું કે આજે નહીં તો કાલે તમે મારો સંદેશ સમજશો.

તમે સંપૂર્ણ અમલ ન કરી શકતા હો છતાં જો આ વસ્તુ બરાબર છે એવી તમારી ખાતરી થઈ હોય તો દેશના આ મોટામાં મોટા પ્રજાકીય ઉદ્યોગને તમે ટેકો આપજો. હિંદનાં ગામડાંઓને ઉદ્યોગમય કરી મૂકવા સારુ રેંટિયાથી ચડિયાતી બીજી વસ્તુ નથી, મને હજુ કોઈ બતાવી શક્યું નથી. લાખો દેશવાસીઓ જેમને વરસના ચાર માસ બેસી રહી ભૂખે મરવું પડે છે, જેમને રોજનો એક આનો કમાણી પણ લક્ષ્મીનાં પગલાં સમાન છે, એ કંગાળોની વતી હું તમને વીનવું છું. ઈશ્વર તમને આ સાદો સંદેશો ઝીલવામાં સહાય કરો.

ગઈ વેળા હું બંગાળમાં હતો ત્યારે બંગાળ દેશબંધુ સ્મારક માટે ભિક્ષા માગેલી.[1] તેમાંથી આજે સેવાસદન ઊભું થયેલું તમે જુઓ છો. તે વખતે મેં કહેલું તમને યાદ હશે કે ફરી આવીશ ત્યારે અખિલ ભારત દેશબંધુ સ્મારક માટે ભિક્ષા માગવાનો. તમે જાણો છો કે એ અખિલ ભારત સ્મારકનો ઉદ્દેશ રેંટિયાનો સંદેશ ફેલાવવાનો છે. તેથી તેને સારુ નાણાં આપનાર ખાદીને જ સારુ નાણાં આપશે.

[મૂળ અંગ્રેજી]

अमृतबझार पत्रिका, ७–१–१९२७ तथा यंग इन्डिया, १३–१–१९२७

ભાષાંતર : नवजीवन, १६–१–१९२७

૧. જુઓ પુસ્તક ૨૭.

Gandhi Heritage Portal

# ૨૧૮. સ્વામીજીનાં સંસ્મરણો

સ્વામીજી સાથેનો મારો પ્રથમ પરિચય જ્યારે તેઓ મહાત્મા મુનશીરામ હતા ત્યારે થયેલો, અને તે પણ પત્ર દ્વારા. તે વખતે તેઓ કાંગડી ગુરુકુળ, જે કેળવણીના ક્ષેત્રમાં એમની મોટી અને મૌલિક કૃતિ છે, તેના સંચાલક હતા. કેળવણીની રૂઢ પાશ્ચાત્ય પદ્ધતિથી તેઓને સંતોષ નહોતો. પોતાના વિદ્યાર્થીઓ વૈદિક જ્ઞાનથી ઓતપ્રોત થાય એવી એમની ધારણા હતી. તેઓ અંગ્રેજી દ્વારા નહીં પણ હિંદી મારફતે શિક્ષણ આપતા. અભ્યાસકાળમાં વિદ્યાર્થીઓ બ્રહ્મચારી બને અને રહે એમ તેઓ ઇચ્છતા હતા. તે વખતે દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહીઓ માટે જે ફંડ નીકળ્યું હતું તેમાં ફાળો આપવાને તેમણે પોતાના વિદ્યાર્થીઓને પ્રેર્યા હતા. અને એ ફાળો તેઓ દાડિયા મજૂર તરીકે મહેનત કરીને ભરે એવી એમની ઇચ્છા હતી; કારણ દક્ષિણ આફ્રિકાની લડત એ મજૂરોની જ લડત હતી ને! વિદ્યાર્થીઓએ પ્રસંગ ઓળખ્યો. તેઓએ પૂરી મજૂરી મેળવી અને પૈસા મને મોકલી આપ્યા. આ બનાવને વિશે સ્વામીજીએ મને જે કાગળ લખ્યો તે હિંદીમાં લખેલો હતો. એમાં મને 'મેરે પ્યારે ભાઈ' એ રીતે સંબોધન કરેલું હતું. એ કાગળથી મને મહાત્મા મુનશીરામ પ્રત્યે પ્રીતિ ઊપજી. અત્યાર સુધી હજુ અમે એક-બીજાને કદી મળ્યા નહોતા.

અમને સ્નેહસાંકળથી જોડનાર ઍન્ડ્રૂઝ હતા. જ્યારે કદી હું દેશ આવું ત્યારે જેમને હું ઍન્ડ્રૂઝની ત્રિમૂર્તિ કહેતો એ – કવિશ્રી, પ્રિન્સિપાલ રુદ્ર અને મહાત્મા મુનશીરામ – સાથે મારે ઓળખાણ કરવી એવી ઍન્ડ્રૂઝની ઉત્કટ ઇચ્છા હતી.

પણ અમે બે તો પેલો કાગળ મળ્યો તે દિવસથી જ ભાઈ બન્યા. ૧૯૧૫માં એમના માનીતા ગુરુકુળમાં અમારી ભેટ થઈ અને ત્યાર પછીની દરેક મુલાકાતથી અમે વધારે ને વધારે નિકટ આવતા ગયા અને એકબીજાને વધારે ઓળખવા લાગ્યા. પ્રાચીન આર્યાવર્તની સંસ્કૃતિ, સંસ્કૃત અને હિંદી વિશેનો એમનો અનુરાગ ભારે હતો. અસહકારનો જન્મ થયો ત્યાર પહેલાંથી જ તેઓ તો અસહકારી હતા. સ્વરાજ મેળવવાને તેઓ અધીરા હતા. અસ્પૃશ્યતા વિશે એમને તિરસ્કાર હતો અને 'અસ્પૃશ્યો'ની સ્થિતિ સુધારવાને તેઓ આતુર હતા. અસ્પૃશ્યોની સ્વતંત્રતા પર કોઈ પણ જાતનો અંકુશ તેમનાથી સહન થતો નહોતો.

રૉલેટ ચળવળ શરૂ થઈ ત્યારે એને પહેલવહેલી વધાવી લેનારમાં સ્વામીજી હતા. એમણે મને બહુ જ હૂંફ આપે એવો કાગળ લખ્યો હતો. પણ અમૃતસર અને વીરમગામના અત્યાચારો પછી મેં સત્યાગ્રહ બંધ રાખ્યો એ તેમને ગળે ઊતર્યું નહીં. ત્યારથી અમારી વચ્ચે મતભેદ શરૂ થયો. પણ અમારી વચ્ચે જે ભાઈનો નાતો હતો તેમાં એ ભેદને લીધે કોઈ વખત ખલેલ પડી નથી. એ ભેદથી હું એમનો બાળક જેવો સરળ સ્વભાવ જોઈ શક્યો. તેમને જે સત્ય જણાયું તે તેઓ પરિણામની દરકાર રાખ્યા સિવાય તડાક દઈને કહી નાખતા.

વખત જતાં અમારી વચ્ચેનો સ્વભાવભેદ હું વધારે ને વધારે જોતો ગયો. પણ એથી તો મને એમના આત્માની ભલાઈની પ્રતીતિ થઈ. મોટેથી વિચાર કરવો એ ગુનો નથી, એ તો સદ્ગુણ છે. એ સત્યનું મહોરચિહ્ન છે. સ્વામીજી મોટેથી વિચાર કરનાર હતા.

Gandhi Heritage Portal

બારડોલીના નિર્ણયથી એમનું હૈયું ભાંગી ગયું. મારે વિશે તેઓ નિરાશ થયા. એમણે જાહેર રીતે તેનો વિરોધ કર્યો તે બહુ જ જુસ્સાદાર હતો. મારા પરના ખાનગી પત્રોમાં એથી વધારે જુસ્સો હતો. પણ તેમાં અમારી વચ્ચેના મતભેદ પર ભાર મૂકેલો હતો તેટલો જ ભાર અમારી વચ્ચેના સ્નેહ પર મૂકેલો હતો. માત્ર કાગળોમાં પ્રેમ બતાવીને એમને સંતોષ ન થયો. પ્રસંગ મળ્યો કે તરત તેઓએ મને શોધી કાઢ્યો અને પોતાની મનોદશા મને સમજાવી તથા મારી સમજવાનો પ્રયત્ન કર્યો. પણ મને શોધીને મળવાનું ખરું કારણ મને તો એ લાગે છે કે તેમનો મારી પ્રત્યેનો નાના ભાઈ જેવો પ્રેમ જરા પણ ઓછો થયો નથી એની તેઓ મને ખાતરી આપવા માગતા હતા; જાણે કે એવી ખાતરીની કશી જ જરૂર હોય!

આર્યસમાજ[1] અને તેના મહાન સંસ્થાપક વિશેના મારા ઉદ્‌ગારો અને એમના વિશેના ઉલ્લેખ-થી તેમને ઊંડો ઘા થયો. પણ અમારી મિત્રતા એ તાણને ઝીલી શકે એટલી મજબૂત હતી. મહર્ષિ દયાનંદમાં અંગત ઈજા કરનાર પ્રત્યે પણ જે અપાર ક્ષમાવૃત્તિ હતી તેની સાથે મહર્ષિ વિશેના મારા સામાન્ય અભિપ્રાયનો મેળ બેસાડવો એ સ્વામીજીની સમજ બહારની વાત હતી. મહર્ષિ વિશેની એમની ભક્તિ એટલી ઉત્કટ હતી કે એમની અથવા એમના ઉપદેશની જરાયે ટીકા તેમનાથી સહન થાય એમ નહોતું.

એમની શુદ્ધિની હિલચાલને સારુ મુસલમાન છાપાંઓમાં તેમના પર સખત ટીકા અને ગાળોનો વરસાદ વરસ્યો છે. હું પોતે એમનું દૃષ્ટિબિંદુ સ્વીકારી નહોતો શક્યો. અત્યારે પણ સ્વીકારતો નથી. પણ હું માનું છું કે એમની પોતાની દૃષ્ટિએ પોતાની સ્થિતિને સારુ તેમની પાસે પૂરેપૂરો બચાવ હતો. તબલીઘને માટે જેટલી સહિષ્ણુતા માગવામાં આવે છે તેટલી જ સહિ-ષ્ણુતા મેળવવાનો શુદ્ધિને પણ હક છે. માત્ર બંનેમાં નૈતિક અને યોગ્ય મર્યાદાઓ જાળવવી જોઈએ. પણ એ અતિશય ચર્ચાસ્પદ વિષયની તપાસમાં ઊતરવાનો આ અવસર નથી. તબલીઘ તેમ જ શુદ્ધિ, જે તબલીઘના જવાબરૂપ છે, તે બંનેમાં ભારે પલટો કર્યે જ છૂટકો છે. જગતના ધર્મોનો ઉદાર દૃષ્ટિએ અભ્યાસ જેમ જેમ વધતો જશે તેમ તેમ અત્યારે ધર્માંતર કરાવવાની જે બેહૂદી પદ્ધતિ ચાલે છે, અને જે આત્માને ઉવેખી શરીરને, બહિરંગને જ મહત્ત્વ આપે છે તેમાં પરિવર્તન થયા વિના રહેવાનું નથી. આજના ધર્માંતરમાં તો ધર્મના એક વાડાની આણ મૂકીને બીજાની માનવામાં આવે છે અને વિરોધી ધર્મો એકબીજાને ઉતારી પાડે છે, જેને લીધે પરસ્પર દ્વેષની જ વૃદ્ધિ થાય છે.

આપણે હિંદુ અને મુસલમાન બંને જો શુદ્ધિનો ઊંડો અર્થ સમજી શકીએ તો સ્વામીજીના ખૂનમાંથી પણ સુફળ નીપજ્યું કહેવાય.

આવા એક મહાન સુધારકના જીવનનાં સ્મરણો પૂરાં કરું તે પહેલાં એમની થોડા મહિના પરની સત્યાગ્રહ આશ્રમની છેલ્લી મુલાકાત યાદ કર્યા વિના ચાલે તેમ નથી. મુસલમાન મિત્રોને હું ખાતરી આપું છું કે સ્વામીજીને મુસલમાનોનો દ્વેષ નહોતો. ઘણા મુસલમાનો પ્રત્યે એમને અવિશ્વાસ જરૂર હતો. પણ એમનું તેમણે બૂરું કદી વાંછ્યું નથી. તેઓ માનતા કે હિંદુઓ ગોકળગાય જેવા થઈ ગયા છે, એટલે હિંદુઓ બહાદુર બને અને પોતાની તથા પોતાનાં માન-આબરૂની રક્ષા કરી શકે એવા થાય એમ તેઓ માનતા હતા. આ સંબંધમાં તેમણે મને કહેલું કે

૧. જુઓ પુસ્તક ૨૪.

Gandhi Heritage Portal

'મારે વિશે ઘણી ગેરસમજ ફેલાયેલી છે અને મારી સામે જે વસ્તુઓ કહેવામાં આવે છે તેમાંની ઘણી વિશે હું કંઈ જાણતો પણ નથી.' તેમણે કહેલું કે 'મારા પર ધમકીના કેટલાયે કાગળો આવે છે.' મિત્રોએ એમને એકલા મુસાફરી ન કરવાની સલાહ આપી હતી, પણ આ શ્રદ્ધાવાન પુરુષે કહેલું કે 'ઈશ્વર સિવાય બીજા કોનું રક્ષણ હું ખોળું? એની ઈચ્છા વિના એક તણખલું પણ નાશ નથી પામતું. તેથી જ્યાં સુધી આ કાયા મારફતે મારી પાસેથી સેવા લેવાની એમની ઈચ્છા હશે ત્યાં સુધી મારો વાળ પણ વાંકો થવાનો નથી.'

આશ્રમમાંના તેમના આ છેલ્લા નિવાસ દરમ્યાન તેમણે આશ્રમની શાળાનાં બાળકો જોડે વાર્તાલાપ કર્યો હતો. તેમાં તેમણે કહ્યું હતું કે હિંદુ ધર્મની ઉત્તમ રક્ષા આંતરબળથી, આત્મશુદ્ધિથી થવી જોઈએ. ચારિત્ર અને શરીરની દૃઢતા માટે બ્રહ્મચર્યની આવશ્યકતા પર તેમણે વધારેમાં વધારે ભાર મૂકયો હતો.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ६–१–१९२७

ભાષાંતર : नवजीवन, ९–१–१९१७

# ૨૧૯. નોંધ

## શ્રદ્ધાનંદજી સ્મારક[1]

સ્વામી શ્રદ્ધાનંદજીના સ્મારકને માટે હિંદુ મહાસભાની વતી જે અપીલ બહાર પાડવામાં આવી છે તે યોગ્ય જ છે. જે અંત્યજોદ્ધાર, શુદ્ધિ અને સંગઠનના કામને માટે સ્વામીજી, ખાસ કરીને પોતાના સંન્યાસ પછી જીવ્યા, તે ચાલુ રાખવાને સારુ નાણાં એકઠાં કરવાનો નિશ્ચય કર્યાને સારુ હું મહાસભાને ધન્યવાદ આપું છું. અપીલમાં પાંચ લાખ રૂપિયાની અંત્યજોના કામને સારુ અને બીજા પાંચ લાખની શુદ્ધિ સંગઠનના કામને સારુ માગણી કરવામાં આવી છે.

મને પોતાને તો અત્યારે શુદ્ધિનો જે સામાન્ય અર્થ કરવામાં આવે છે તેવી શુદ્ધિની પ્રવૃત્તિની અગત્યની વાત હજુ પણ ગળે ઊતરતી નથી. પાપીની શુદ્ધિ એ તો એક કાયમની આંતરક્રિયા છે. જેઓ નથી હિંદુમાં, નથી મુસલમાનમાં, અગર તો જેઓ તાજાં વટલાયેલાં છે પણ ધર્માંતર એટલે શું એ કશું જાણતાં નથી ને માત્ર પોતાને હિંદુ તરીકે ગણાવવા જ માગે છે તેમનું ધર્માંતર ધર્માંતર નથી પણ પ્રાયશ્ચિત્ત છે. ત્રીજું શુદ્ધિનું સ્વરૂપ એ ચોખ્ખી ધર્માંતરની પ્રવૃત્તિ છે અને એવા ધર્માંતરની પ્રવૃત્તિ આજના વધતી જતી સહિષ્ણુતા અને જ્ઞાનના જમાનામાં કેટલે દરજ્જે ઉપયોગી છે એ વિશે મને શંકા છે. હું તો કોઈ પણ જાતની ધર્માંતરની પ્રવૃત્તિથી વિરુદ્ધ છું, પછી તેને હિંદુઓ શુદ્ધિ કહેતા હોય, મુસલમાનો તબલીઘ કહેતા હોય કે ખ્રિસ્તીઓ ધર્મપ્રચાર કહેતા હોય. ખરું ધર્માંતર એ તો હૃદયની પ્રવૃત્તિ છે જેનો સાક્ષી એક અંતર્યામી ઈશ્વર જ છે. એ પ્રવૃત્તિને બેદખલ વહેવા દઈ સ્વતંત્રભાવે પોતાનું કામ કર્યે જવા દઈએ.

પણ ધર્માંતર વિશેના મારા વિચારો રજૂ કરવાનું આ સ્થળ નથી. જેમને એવી પ્રવૃત્તિને વિશે આસ્થા છે તેમને જ્યાં સુધી તેઓ ઘટતી મર્યાદામાં રહી પોતાનું કામ કર્યે જાય એટલે કે

૧. આ પેટામથાળાવાળા ભાગનું ભાષાંતર नवजीवन, ૯–૧–૧૯૨૭ના અંકમાંથી આપ્યું છે.

Gandhi Heritage Portal

જ્યાં સુધી એ કામમાં કોઈ પણ જાતની બળજોરી, છેતરપિંડી અગર તો દુન્યવી લાલચોનો આશ્રય ન લેવામાં આવે અને એવાં ધર્માંતર કરવા તૈયાર થનાર પુખ્ત ઉંમરે અને સમજણે પહોંચેલાં સ્ત્રીપુરુષો હોય—ત્યાં સુધી તેમને બેખટકે પોતાનું કામ ચલાવવાનો સંપૂર્ણાધિકાર છે. તેથી જેઓ શુદ્ધિમાં માનનારા છે તેઓ આ અપીલમાં બેલાશક નાણાં ભરી શકે છે.

સંગઠન એ ખરેખર સરસ પ્રવૃત્તિ છે. જ્યાં સુધી દરેક કોમને સ્વતંત્ર હસ્તી ટકાવીને રહેવું છે ત્યાં સુધી દરેક કોમને પોતપોતાનું સંગઠન કરવાનો હક છે, બલ્કે તેવું સંગઠન કરવાને તે બંધાયેલી છે. અને જો હું આવી પ્રવૃત્તિથી અત્યાર લગી અલગ રહ્યો હોઉં તો તે કેવળ સંગઠનને લગતા મારા જે કેટલાક વિચારો જે ખાસ બંધાયેલા છે તેને લઈને છે. હું સંખ્યાબળમાં નહીં પણ ગુણબળમાં માનનારો છું. આજકાલ ગુણ સામું જોવાની વિશેષ દરકાર ન રાખતાં સંખ્યા અગર જથ્થા ઉપર જ ગણતરી બાંધવાનો ધો ચાલ્યો છે. સામાજિક અને રાજદ્વારી વહેવારમાં સંખ્યા અગર જથ્થાને પણ અવશ્ય સ્થાન છે. પણ અત્યારે જે ઢબે સંખ્યાબળ વધારવાનું કામ ચાલી રહ્યું છે એ ઢબે કામ કરવાની મારા પોતામાં હથોટી નથી. આમ વિચારી જોતાં મને પોતાને તો ઉપલી અપીલનો અસ્પૃશ્યતાનિવારણને અર્થે નાણાં ભેગાં કરવાને લગતો ભાગ જ કીમતી લાગ્યો છે. એ પ્રવૃત્તિનું નિરાળું જ મહત્ત્વ છે. હિંદુ ધર્મની સુધારણા તેમ જ રક્ષાને અર્થે અસ્પૃશ્યતાનિવારણ એ જ સૌથી મોટામાં મોટી વસ્તુ છે. એમાં બધાનો સમાવેશ છે. તેથી જો હિંદુ ધર્મનું આ કલંક ધોવાય તો શુદ્ધિ-સંગઠનમાંથી જે મેળવવાની આપણે આશા રાખીએ તે બધું જ આપણને મળી જાય એમ છે. અને આ હું એ હિસાબે નથી કહેતો કે જેમને આપણે મળી ભેટીને અપનાવવા જોઈએ એવા આપણા અંત્યજ ભાઈઓની સંખ્યા સુમાર વગરની છે, પણ એ દૃષ્ટિએ કહું છું કે એ અંત્યજોને એમ અપનાવવાથી એક પુરાણા જંગલી રિવાજને દફનાવ્યાનું જે ભાન આપણામાં આવશે અને તેને પરિણામે જે આત્મશુદ્ધિ અને પવિત્રતા આપણામાં આવશે તેનું બળ કેટલું અમોઘ હશે.

તેથી અસ્પૃશ્યતાનિવારણનું કાર્ય એ આધ્યાત્મિક ક્રિયા છે. સ્વામીજી એ સુધારણાની જીવતી મૂર્તિ સમાન હતા, કારણ એ પ્રશ્નની બાબતમાં માંડવાળ કરવાનું, છૂટછાટ મૂકવાનું કેવું હોય તે તેમણે કદી જાણ્યું નહીં; કદી દયામાયા ધરી નહીં. જો એમનું ચાલત તો એકેસપાટે એમણે હિંદુ ધર્મમાંથી અસ્પૃશ્યતાને ભૂંસી કાઢી હોત, એકેએક નવાણ ને એકેએક મંદિર દરેક અંત્યજને માટે સમાન નાતે ખુલ્લાં મૂક્યાં હોત અને તેને અંગે જે જે કંઈ તેમને માથે વીતત તે બધું ક્ષણનો વિચાર કર્યા વગર માથે લીધું હોત. તેથી હું તો સ્વામીજીનું મોટામાં મોટું સ્મારક એ જ સમજું કે એકેએક હિંદુ અસ્પૃશ્યતાના મેલને આજથી પોતાના અંતરમાંથી સદંતર ભૂંસી કાઢે અને અસ્પૃશ્યોને પોતીકા ગણી અપનાવે. આવો માણસ જે કંઈ પૈસા સ્મારકમાં આપશે તે તો માત્ર હિંદુ ધર્મમાંથી આ સડો ઉખેડી કાઢવાના તેના અડગ નિશ્ચયની વાનગી માત્ર હશે.

૯મી જાન્યુઆરીનો દિવસ સ્વામીજીની સ્મૃતિને જાહેર તેમ જ ધાર્મિક ભાવે શ્રદ્ધાંજલિ અર્પવાને સારુ મુકરર કરવામાં આવ્યો છે. મને ઉમેદ છે કે ગામેગામ તેમ જ શહેરેશહેરમાં આ શ્રદ્ધાંજલિ અપાશે, પણ તેમાં ભાગ લેનારા જો તેની સાથે સાથે જ પોતાના અંતરમાંથી અસ્પૃશ્યતાના ભાવને સદાને માટે તિલાંજલિ નહીં આપી દે તો શ્રદ્ધાંજલિનો ખરો મર્મ એળે જશે. તેથી આ શ્રદ્ધાંજલિના જાહેર વિધિમાં દરેક અંત્યંજ ભાગ લે એમ માગું છું. અને જો તે જ દિવસે દરેકેદરેક હિંદુ દેવમંદિર પણ અંત્યજોને માટે ખુલ્લું થઈ જાય તો વળી કેવું સારું!

Gandhi Heritage Portal

નાણાંની પણ જે રકમ માગવામાં આવી છે તે જો સુવ્યવસ્થિત પ્રયત્ન કરવામાં આવે તો કશી મુશ્કેલી વિના ૯મી તારીખના સૂર્યાસ્ત પહેલાં અવશ્ય પૂરી થઈ શકે.

### ખાદી અભ્યાસ સમિતિ

અખિલ હિંદ ચરખા સંઘની કાઉન્સિલે અભ્યાસ સમિતિની પસંદગી કરતી વેળા તેમની સ્વીકૃતિની અપેક્ષાએ સમિતિમાં ડૉ. પ્રફુલ્લચંદ્ર ઘોષનું નામ મૂકયું હતું. પણ તેઓ એમના સદર મુકામની બહાર નીકળી ગયેલા હોવાથી તેમની સ્વીકૃતિ જાહેરાત માટે સમયસર મળી ન શકી, એટલે છેલ્લી ઘડીએ એમનું નામ પાછું ખેંચી લેવાયું હતું. હવે ડૉ. ઘોષે એ હોદ્દો સ્વીકારવાની કૃપા કરી છે. ચરખા અને ખાદીના શાસ્ત્રના અભ્યાસી તથા પ્રત્યક્ષ અનુભવી પુરુષની મદદ અભ્યાસ સમિતિને મળશે એ જાણી વાચક રાજી થશે.

### હાથકાંતણ પર ઇનામી નિબંધ

અખિલ હિંદ ચરખા સંઘે પ્રગટ કરેલો અને પ્રોફેસર એસ. વી. પુણતાંબેકર અને શ્રી એન. એસ. વરદાચારીએ લખેલો હાથકાંતણ અને હાથવણાટ પરનો ઇનામી નિબંધ વાંચી જવાની ખાદી-કાર્યકર્તા અને તેમાં અશ્રદ્ધા રાખનાર બેઉને મારી ભલામણ છે. મોટા અક્ષરમાં છાપેલાં ઓકટેવો સાઈઝનાં ૨૩૫ પૃષ્ઠના આ ગ્રંથમાં ખાદી કાર્યકર્તાને પહેલાં તેણે કદાચ જાણેલી ન હોય એવી ઘણી વાતો જાણવા મળશે. એમાં ચાર પ્રકરણો છે. પહેલામાં અંગ્રેજોના આગમન પૂર્વેનો ભારત-માંના હાથકાંતણ અને હાથવણાટનો ઇતિહાસ છે. બીજું પ્રકરણ સૌથી મોટા રાષ્ટ્રીય ઉદ્યોગ હાથ-કાંતણના સંપૂર્ણ વિનાશની અને બીજા નંબરના રાષ્ટ્રીય ઉદ્યોગ હાથવણાટના લગભગ સંપૂર્ણ વિનાશની કથા આલેખે છે. ત્રીજા પ્રકરણમાં હાથકાંતણ અને હાથવણાટની શકયતાઓની ચર્ચાની સાથે સાથે, એક બાજુથી મિલકાંતણ અને મિલવણાટ અને બીજી બાજુથી હાથકાંતણ અને હાથવણાટ વચ્ચેની સરખામણી રજૂ થઈ છે. રેંટિયા દ્વારા બધા પરદેશી કાપડને આપવાનો જાકારો અથવા એનો બહિષ્કાર ચોથા પ્રકરણનો વિષય છે. પોતાના એકેએક વિધાન માટે લેખકોએ હકીકતો અને આંકડા રજૂ કર્યા છે.

પુસ્તકની કિંમત એક રૂપિયો છે. એક રૂપિયો અને ટપાલખર્ચના બે આના મોકલીને અખિલ ભારત ચરખા સંઘ અમદાવાદના કાર્યાલયમાંથી અથવા શ્રી એસ. ગણેશન, કરંટ થૉટ પ્રેસ, ટ્રિપ્લિકેન, મદ્રાસ, પાસેથી એની નકલો મેળવી શકાશે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ६-१-१९२७

Gandhi Heritage Portal

## ૨૨૦. કૉંગ્રેસ

૧૯૨૬ની કૉંગ્રેસ ગૌહત્તી ખાતે ભરવાનું નિમંત્રણ કાનપુરમાં આસામના પ્રતિનિધિઓએ આપ્યું અને તે કૉંગ્રેસે સ્વીકાર્યું ત્યારે મારા મનમાં થોડી આશંકાઓ ઊભી થઈ હતી. મને એમ લાગ્યું કે આસામ બહુ દૂર રહ્યું અને કૉંગ્રેસ અધિવેશન ભરવાની ભારે જવાબદારી ઉપાડવા જેટલું સંગઠિત અને તાલેવાન પણ એ નથી. ગૌહત્તીની વસ્તી ફક્ત ૧૬,૦૦૦ની છે. ગૌહત્તી પહેલાં આટલી વસ્તીવાળા કોઈ નાના નગરે કૉંગ્રેસને નોતરું આપવાનું સાહસ કર્યું નથી. પણ ગૌહત્તીએ તો આગલાં બધાં અધિવેશનને ઝાંખાં પાડી દીધાં, અને માની ન શકાય એટલા ટૂંકા વખતમાં મહાન બ્રહ્મપુત્રાના કિનારા પર ભવ્ય પ્રકૃતિસૌંદર્ય વચ્ચે એક ખાદીથી મઢેલું નગર ખડું કરી દીધું. કૉંગ્રેસનો વિશાળ મંડપ આસામની શુદ્ધ ખાદીનો બનાવ્યો હતો. જુદા જુદા પ્રાંતોમાંથી આવતા પ્રતિનિધિઓ અને દર્શનાર્થીઓની ભાત ભાતની રુચિને સંતોષવા સ્વાગત સમિતિને બહારથી સામાન અને માણસો મંગાવવાં પડચાં હતાં. નેતાઓના નિવાસ પ્રતિનિધિઓના નિવાસથી અલગ રાખવામાં આવ્યા હતા. એની સામે મેં અણગમો વ્યક્ત કર્યો તો મને જણાવવામાં આવ્યું કે એમ ઈરાદાપૂર્વક કરવામાં આવ્યું ન હતું, પણ બધાને એક જ જગ્યાએ સમાવવા જેટલી જગ્યા મળી શકી ન હતી. કુટિરોની રચના અકલ્પ્ય સાદાઈવાળી હતી. આસામના વાંસ, આસામની માટી, આસામનું ઘાસ, આસામની ખાદી અને આસામના મજૂરો વડે બ્રહ્મપુત્રાને તીરે અત્યંત સાદી છતાં કલાત્મક કુટિરો ઊભી કરવામાં આવી હતી. જ્યારે શ્રી ફૂકને એવી એક સુંદર કુટિરમાં મને લઈ જતી વેળા કહ્યું, "આપે બેલગામમાં[1] કહેલું તેમ કુટિરના નામે ખાસ્સો મહેલ આપને આપવાને બદલે અમે મુકામ માટે આપને ખરેખરી કુટિર આપી શકીએ છીએ તેથી આપને ઘણો આનંદ થશે. જોકે એને માટે અમે કશો જશ લઈ શકીએ એમ નથી, કારણ કે અહીં ગરજમાંથી ગુણ પ્રગટયો છે. અમે આપની સેવામાં આથી આપને કશું વધારે કે ઓછું ધરી શકીએ એમ જ નહોતા." મને તો ગરજ ગુણ બની હોવાનો આ દાખલો ખૂબ ગમ્યો. વાંચનાર ઘડીભર પણ એમ ન માની લે કે આ કલામય કુટિરો બેલગામ ખાતે અમને અપાયેલી આલેશાન હવેલીઓ કરતાં ઓછી સગવડવાળી હતી. મારી માહિતી મુજબ બીજી બધી ગોઠવણો પણ આ કલામય સાદાઈને અનુરૂપ જ હતી.

સ્વાગત સમિતિના પ્રમુખનું[2] વ્યાખ્યાન પણ એટલું જ સાદું અને એટલું જ કલાત્મક હતું અને તેથી સ્વાભાવિક રીતે જ ટૂંકું હતું.

બરાબર જાહેર કરેલા સમયે બેઠકની કાર્યવાહી શરૂ થઈ હતી. ઔપચારિક વિધિઓમાં કશો વખત ગુમાવાયો ન હતો. શ્રી ફૂકનનું ટૂંકું વ્યાખ્યાન પૂરું થયા પછી થોડી જ મિનિટમાં તાળીઓ વચ્ચે પ્રમુખશ્રીએ વ્યાખ્યાન-મંચ પાસે જઈ પોતાનું વ્યાખ્યાન વાંચ્યું હતું. સ્વામી શ્રદ્ધાનંદજીના ખૂનના સમાચારે સભા ઉપર ફેલાવી દીધેલી ગમગીનીની છાયા હતી તો ખરી, પણ એને કોઈએ બહારથી પ્રગટ થવા દીધી ન હતી. પ્રતિનિધિઓને ખબર હતી કે સ્વામીજી તો વીરના

૧. ૧૯૨૪ના કૉંગ્રેસ અધિવેશનનું સ્થળ. ત્યાં ગાંધીજી પ્રમુખ હતા.

૨. શ્રી ફૂકન.

Gandhi Heritage Portal

મૃત્યુને વર્યા હતા, તેથી પ્રસંગ આંસુ પાડવાનો નહીં પણ કામ કરવાનો હતો. આથી કૉંગ્રેસની બેઠકનું કાર્ય, જાણે કશું બન્યું ન હોય તેમ સ્વાભાવિક ક્રમમાં ચાલ્યું હતું. પ્રમુખશ્રીનું હમેશનું સરઘસ અને એ ઉપરાંતની બધી વિધિઓ રદ કરવામાં આવી હતી. પ્રમુખશ્રીનું વ્યાખ્યાન તેમાં સ્પર્શેલી બાબતો જોતાં ટૂંકું છે. કાઉન્સિલોને લગતો તથા સ્વરાજવાદી વલણનો બચાવ કરતો ઉલ્લેખ જે એ વ્યાખ્યાનનો અડધો ભાગ રોકે છે તે હું છોડી દઉં છું.

રચનાત્મક કાર્યક્રમને ઘટતું મહત્ત્વ અપાયું છે. ખાદીને એમાં માનભર્યું સ્થાન અપાયું છે. પ્રમુખશ્રીને વિશ્વાસ છે કે અખિલ હિંદ ચરખા સંઘ એક રાષ્ટ્રવ્યાપી મજૂર સંગઠન બની જશે, જે તદ્દન સ્વરાજનું જ સ્થાન ન લે તોપણ તેની તરફ કેટલીક મજલ તો જરૂર કાપશે. પ્રત્યેક કૉંગ્રેસ સભ્ય, સ્ત્રી કે પુરુષ, જો પોતાની ફરજ અદા કરે તો એમ બની શકે.

> રેંટિયાએ પોતાના વશીકરણ વડે રાષ્ટ્રના માનસ પર ચોખ્ખી અસર કરી છે અને આપણાં સ્ત્રીપુરુષોને એક નવું ગૌરવ બક્ષ્યું છે.

સખત વિરોધ છતાં કૉંગ્રેસે જે ઉત્સાહથી ખાદીને લગતી મતાધિકારની કલમમાં સુધારો પસાર કર્યો તે પરથી આનો મોટો પુરાવો મળી ગયો. પ્રમુખશ્રી ખાદીને 'એકસાથે આપણા સ્વાશ્રય અને આપણી પ્રતિકારશકિતનું જ્વલંત પ્રતીક' ગણે છે એમાં કોઈ નવાઈ નથી.

રચનાત્મક કાર્યક્રમમાં બીજું સ્થાન મદ્યનિષેધને અપાયું છે. સંપૂર્ણ મદ્યનિષેધના પ્રશ્ન પર આપણે હમણાં હમણાં ઝાઝું ધ્યાન આપી શકયા નથી એ આરોપ પ્રમુખશ્રી સાચી રીતે માન્ય રાખે છે. તેઓ કહે છે :

> આપણે એ બાબતમાં રાષ્ટ્રની ઈચ્છાને સફળતાપૂર્વક સંગઠિત કરીએ તો આ આંદોલનની નૈતિક ભવ્યતામાં વૃદ્ધિ થશે.

તેઓ કહે છે કે

> છેલ્લાં છ વર્ષમાં એવો કોઈ પ્રધાન મળ્યો નથી અને હવે મળશે કે કેમ એની મને શંકા છે, કે જે સંપૂર્ણ મદ્યનિષેધ માટે ધારાસભામાં ખરડો લાવવાની અને તે પસાર ન થાય કે તેને પેશ કરવા ન દેવાય તો રાજીનામું ધરી દેવાની હિંમત બતાવે.

ભારત જેવો દેશ જે અતિ મોટા પ્રમાણમાં દારૂમુક્ત છે તેમાં સંપૂર્ણ મદ્યનિષેધ જેવી રાષ્ટ્રની એક માગ માટે પ્રધાનો કાયદો કરવા ખુશી ન હોય તો કયાંક કશુંક સાવ અંધેર છે એમ જ કહેવાય. લોકોના અધિકારમાં એ દખલરૂપ છે એ દલીલ, ચોરીની મનાઈ કરતા કાયદા ચોરી કરવાના અધિકારમાં દખલરૂપ છે એવી દલીલના જેટલી જ દોષવાળી કહેવાય. ચોર બધી માલમતા ચોરી લે છે, દારૂડિયો તો પોતાની અને પાડોશીની પ્રતિષ્ઠા ચોરે છે. મદ્યનિષેધથી રાજ્યની આવકમાં પડતી ખાધ પૂરવાનો દેખીતો ઉપાય પ્રમુખશ્રીએ સૂચવ્યો નહીં એની મને નવાઈ લાગે છે. અત્યારે પારાવાર લશ્કરી ખર્ચ થઈ રહ્યું છે, જેમાંનું કેટલુંક સાવ નિરર્થક છે અને પ્રજા પરના અવિશ્વાસને કારણે છે. દારૂ અને બીજા કેફી પદાર્થોમાંથી થતી ૨૫ કરોડ રૂપિયાની આવક કરતાં પણ લશ્કરી ખર્ચમાં વધુ ઘટાડો થઈ શકે એમ છે.

એ પછી આવે છે અસ્પૃશ્યતા. અસ્પૃશ્યતા દૂર થાય ત્યાં સુધી પ્રમુખશ્રી સ્વરાજ માટે રાહ જોવાની જરૂર જોતા નથી. એક ઘણી વાસ્તવિક અને વ્યાપક ગુલામીની પ્રથા નાબૂદ થઈ

Gandhi Heritage Portal

તેનાથી લાંબા સમય પહેલાં સ્વાતંત્ર્ય હાંસલ કરનાર અમેરિકાનો અચ્છો દાખલો તેમણે પોતાના સમર્થનમાં ટાંક્યો છે. પણ પોતે તરત ઉમેરે છે :

> આપણે સૌ આટલું તો સ્વીકારીએ જ કે સ્વરાજની વાત બાજુએ રાખીને અને આપણે કદી સ્વરાજ મેળવીએ કે ન મેળવીએ, પણ અસ્પૃશ્યતાને તો આપણે ખતમ કરવી જ રહી.

અને પછી આ બ્રાહ્મણ તત્ત્વજ્ઞાની એ વાતનું સમર્થન કરે છે કે

> હિંદુ ધર્મનું ઊંચું તત્ત્વજ્ઞાન તથા દેશમાંના ધાર્મિક મતભેદોનો ઈતિહાસ મને એવો દાવો કરવાની હિંમત આપે છે કે અસ્પૃશ્યતા અંગેના નિયમને હિંદુ ધર્મના અમર આત્મા સાથે સ્નાનસૂતકનો સંબંધ નથી. માનવતાવાદી, બુદ્ધિવાદી અથવા આધ્યાત્મિક, દેશભક્તિની કે લોકશાહીની, કોઈ પણ કસોટીથી વિચારતાં અવિચળ અસ્પૃશ્યતાના જડ સિદ્ધાંતનું હિંદુ ધર્મમાં વાજબી રીતે કશું સમર્થન આપણે કદી કરી શકતા નથી. એ આપણી દૃષ્ટિ પર પડદો નાખે છે, અનુભવને સંકુચિત કરી મૂકે છે, હૃદયને કઠોર બનાવી દે છે, આપણા જવાબદારીના ક્ષેત્રને સાંકડું બનાવી દે છે અને આપણા ન્યાય, પ્રેમ અને સહૃદયતાના આદર્શોને પૂર્ણતાએ પહોંચાડવામાં બાધારૂપ નીવડે છે.

હિંદુ ધર્મ ઉપર ઊતરેલા શાપની છટાદાર ભાષામાં આવી કડક ઝાટકણી માટે પ્રમુખશ્રીને ધન્યવાદ આપું છું.

બીજું મથાળું મજૂરો અને બેકારીનું છે. થયો છે તે કરતાં વધુ ખંતથી આનો અભ્યાસ થવાની જરૂર છે એમ મને લાગે છે. મારા અભિપ્રાય મુજબ એ ઠીકઠીક પુનર્વિચારણા માગે છે. તેના બધા ફલિતાર્થો સહિત રેંટિયા-પ્રવૃત્તિ લાખો બેકારોને વધુમાં વધુ મદદ કરી શકે એમ છે એવું મારું માનવું છે.

સરકારની ચલણ-નીતિને પણ તેમના ભાષણમાં એક ફકરો અપાયો છે. ઇન્ડિયન કરન્સી લીગની રચનાને પ્રમુખશ્રી હાર્દિક આવકાર આપે છે અને વિશ્વાસ વ્યક્ત કરે છે કે નાણા-વિનિમય પ્રમાણ, સુવર્ણ ધોરણ, સુવર્ણ ચલણ અને બીજા તેની સાથે નજીકનો સંબંધ ધરાવતા પ્રશ્નો ઉપર તે પૂરતા પ્રમાણમાં લોકમત કેળવશે. તેઓ કહે છે :

> પણ મને ખાતરી છે કે આ લીગ કૉંગ્રેસની નીતિના રાહ પર ન આવે અને તેના સભ્યો કૉંગ્રેસના ગતિશીલ સક્રિય રાજકારણ સાથે જોતરાય નહીં, તો ધારાસભામાં ચર્ચાઓ કરીને અને મત આપીને કે બહાર વિરોધ વ્યક્ત કરીને લીગ કશું કરી શકવાની નથી.

પ્રમુખના ભાષણમાં દેશી રાજ્યો અંગે પણ ફકરો છે. એ ફકરા પછી સ્વાભાવિક રીતે જ બૃહદ્ ભારતની વાત આવે છે:

> દક્ષિણ આફ્રિકામાં કે કેન્યામાં, ફીજીમાં કે ગિયાનામાં, સિલોનમાં કે મલાયામાં, અમેરિકામાં કે ઑસ્ટ્રેલિયામાં, દેશ બહાર વસતા હિંદીઓનો દરજ્જો તેમના પોતાના દેશમાંના દરજ્જા પર અવલંબે છે; અને એ જ રીતે ભારત માટેના સ્વરાજનો આધાર દરિયાપારનાં આપણાં સ્વજનોનાં શૌર્ય અને અણનમ જુસ્સા પર રહેલો છે એ પણ ખરું.

Gandhi Heritage Portal

"એકાદ વખત કૉંગ્રેસનું અધિવેશન દક્ષિણ આફ્રિકામાં ભરવા"નું પ્રમુખશ્રીનું સૂચન એક તરંગી ઇચ્છા જ હશે એમ ધારું છું. આ બાબત, આજે થઈ રહી છે તેના કરતાં વધુ કાળજીભરી ચોકસાઈ માગે છે. માની લઉં છું કે શ્રી ઍન્ડ્રૂઝની અનન્ય સેવાનો કશો જ ઉલ્લેખ ન થયો એ ખૂબ જ કાર્યમગ્ન પ્રમુખશ્રીની અનેક સ્થાનિક ઉપાધિઓને લીધે થયેલી શરતચૂકનું પરિણામ હશે.

એશિયાટિક ફેડરેશનને પણ થોડી લીટીઓ મળી છે. શ્રી આયંગર એ વાત ઉપર અફસોસ વ્યક્ત કરે છે કે 'બધા એશિયાઈ દેશો સાથે સાંસ્કૃતિક અને વેપારી જોડાણની શકયતાઓની આપણે લાંબો વખત ઉપેક્ષા કરી છે.' હું જણાવું કે સાંસ્કૃતિક જોડાણ તો આપણા કવિવર પૂરતા પ્રમાણમાં કરી રહ્યા છે અને મોટી વેપારી પેઢીઓ વેપારી જોડાણ સાધી જ રહી છે.

કોમવાદ અને રાષ્ટ્રવાદ વિશેના ફકરાઓમાં પ્રમુખશ્રીનો અદમ્ય આશાવાદ દેખાઈ આવે છે. તેઓ કહે છે:

> મને વિશ્વાસ છે કે નિષ્ઠા અને સમજાવટભર્યા વેગીલા પ્રચારથી એની પાછળની ભ્રામક માન્યતાઓનું સ્પષ્ટ પૃથક્કરણ થતાં કોમવાદ નાશ પામશે. સદ્ભાગ્યે ભારતના લોકોમાં પૂર્વગ્રહ અને શંકાશીલતાનાં મૂળિયાં બહુ ઊંડાં ગયાં નથી અને કોમવાદ એમનું જ સંતાન હોય છે:

'સહિષ્ણુતા માટે આગ્રહભરી વિનંતી' એ મથાળા નીચે નીચેનાં અર્થગર્ભિત વાકયો વાંચવા મળે છે:

> દરેક કોમને ધર્માંતર કરાવવાની સ્વતંત્રતા હોય, તોપણ ધર્માંતરનો આશરો લેવાની વાત હવે ઉપયોગી કે જરૂરી રહી નથી, કારણ, ચોક્કસ પ્રકારના મિશનરી પ્રયાસ કરતાં ધર્મપ્રચારનું વધુ યોગ્ય અને વધુ અસરકારક સાધન તો દરેક કોમના ઉત્તમ અને પવિત્ર પુરુષો જ હોય છે. પણ જ્યાં એવો મિશનરી પ્રયાસ થતો હોય ત્યાં એ ખુલ્લો અને સાર્વત્રિક હોવો જોઈએ, ગુપ્ત કે અમુક સ્ત્રીપુરુષોને વટલાવવા માટે એ ન હોવો જોઈએ. કોઈ મહાન અને પુરાણો ધર્મ કંઈ તેના અનુયાયીઓની સંખ્યાના આંકડાની વૃદ્ધિને કારણે સત્ય, સૌંદર્ય કે આધ્યાત્મિકતામાં વધી જતો નથી એ સમજી લેવું જોઈએ.

અશોકના શિલાલેખોમાંના નીચેના સુંદર ઉતારાથી તેઓ એ ફકરાનું સમાપન કરે છે:

> પોતાના જ સંપ્રદાય પ્રત્યેની આસક્તિથી પ્રેરાઈને જે બીજાના સંપ્રદાયોની નિંદા કરે છે અને પોતાના સંપ્રદાયનું ગૌરવ વધારવાનો ઈરાદો રાખે છે તે, હકીકતમાં, પોતાના એવા વર્તનથી પોતાના જ સંપ્રદાયને બહુ મોટી હાનિ પહોંચાડે છે.

પ્રમુખ દેખીતી રીતે કોમી પ્રતિનિધિત્વની વિરુદ્ધ છે. તેઓ કહે છે:

> પેલો ખૂબ ખોટી રીતે વપરાયેલો શબ્દપ્રયોગ 'કોમી પ્રતિનિધિત્વ' ગેરસમજ કરાવનારો છે; કારણ, બધી કોમોને બધા જાહેર પ્રશ્નોમાં અને દેશની સમસ્યાઓમાં અને તેના ચોકસ ઉકેલોમાં એકસરખો રસ હોય છે.

તેઓ ફરીથી કહે છે:

Gandhi Heritage Portal

માણસ માણસ વચ્ચેના ન્યાયનું સમર્થન કરવું એ કોમ કોમ વચ્ચેના ન્યાયનું સમર્થન કરવા બરાબર છે, એ વાત આપણે સમજી લેવી ઘટે. સલામતી ખાતર જે કંઈ કરવું જોઈએ તે એટલું જ કે કોઈ કોમ કે જ્ઞાતિના સભ્યો એકલા બધા હોદ્દા પચાવી ન પાડે એવો નિષેધાત્મક નિયમ કરવો જોઈએ.

પ્રમુખશ્રી લખે છે :

રાજકારણમાં ધર્મની, અને ખાસ કરીને તો રૂઢિગત ધર્મની ઘૂસણખોરીનો પ્રતિકાર કરવો જોઈએ, કેમ કે એ એક પુરાણો અથવા મધ્યકાલીન વિચાર છે કે જે સાંપ્રદાયિક યુગમાં ઉદ્‌ભવ્યો છે અને જે રાજનીતિ અને ધર્મ બંને માટે એકસરખો વિઘાતક છે.

પણ તેઓ ઉમેરે છે :

બધા ધર્મોને સમાન હોય છે એવા આધ્યાત્મિક ગુણની અથવા નીતિમત્તાની વાત હું નથી કરતો; કારણ, એનાથી તો રાજકારણ અને સંસ્થાઓ શુદ્ધ થાય છે અને મધુર અને સ્વસ્થ બને છે.

શ્રી આયંગર એ ઉપરાંત કહે છે :

રાજકીય વિવાદની ગરમીમાં એ ન ભૂલીએ કે દરેક ધર્મનું બળ પરમાત્મામાંથી આવે છે અને એનાં મૂળ પ્રહ્‌લાદોના આત્મામાં હોય છે. કોઈ ટૉર્કિવમાડાના[1] બધા સિતમ, કે થાંભલે બાંધી સળગાવી દેવાની સજાઓ તેમ જ દેહદંડનાં બધાં સ્વરૂપો મનુષ્યના આત્માના સંત-પણાને નષ્ટ કરી શકયાં નથી. હિંદુ ધર્મનું કે ઈસ્લામનું બળ ચાલુ કે કોઈ પણ ભાવિ સરકાર પાસેથી આવતું નથી કે મેળવાતું નથી. બંને સ્વરાજ કરતાં ઘણી ઊંચી કક્ષાનાં છે. સ્વરાજ તેમની તોલે આવી જ ન શકે. ઈહલોકમાં માર્ગદર્શન અને સાંત્વન માટે અને પરલોકમાં મોક્ષ માટે માણસ જેને વળગ્યો રહે છે તેવા અને વિશ્વનું રહસ્યદર્શન કરવાની પ્રેરણા આપનાર આપણા દરેકના હૃદયમાં રહેલા શ્રદ્ધાબીજને નષ્ટ કરવાની તાકાત પરદેશી કે સ્વરાજ સરકારો, લોકશાહીઓ કે આપખુદ શાસનો, કોઈમાં હોતી નથી.

ભાષણનાં છેલ્લાં ત્રણ પાનાંમાં એકતા માટેની લાગણીભરી અપીલ છે:

ભારતમાં બે જ પક્ષ હોઈ શકે. એક, સરકાર અને સ્વરાજને અવરોધતા તેના સેવકોનો, બીજો, સ્વરાજને માટે પ્રત્યક્ષ રીતે અને અવિરતપણે લડયે જનાર પક્ષ. . . . તાલીમબદ્ધ અમલદારશાહી તંત્ર અને અમર્યાદિત ભૌતિક સાધનો ધરાવતી બળવાન પ્રજા સામેના ઉત્કટ સ્વાતંત્ર્ય-સંગ્રામમાં વ્યક્તિવાદી ફિલસૂફી સામે મને નફરત છે. અમુક માર્ગ ડહાપણનો છે કે ગેરડહાપણનો, એ સફળ થશે કે નિષ્ફળ, સ્વરાજની ગતિ વધારશે કે ઘટાડશે, એ પ્રશ્ન વિશેના પોતાના અભિપ્રાય, નિર્ણય કે લાગણીને અંતરાત્માની બાબત બનાવી મૂકવી, એ ખોટી ફિલસૂફી છે. ધર્મ, નીતિ અને સ્વમાનના મુદ્દા ઉપર મનુષ્યનો પોતાનો અંતરાત્મા લવાદ બનવો જોઈએ, પણ દેશનાં કામો કરતી વખતે જ્યારે નિર્ણય અધાર્મિક, અનૈતિક કે અપમાનજનક ન હોય ત્યારે એકબીજાથી જુદા પડવાનો અધિકાર પકડી રાખીને આપણે સ્વરાજ માટે લડતી સંસ્થા પાસે હોવી જોઈતી શિસ્ત કઈ રીતે જાળવી શકીએ, એ મને

૧. ટામસ ટૉર્કિવમાડા (૧૪૨૦–૧૪૯૮), સ્પેનનો ઈન્કિવઝિટર–જનરલ, જેણે ૧૦,૦૦૦થી વધારે લોકોને કાષ્ઠસ્તંભ સાથે બાંધીને બાળી નાખવાની સજા કરી હતી.



Gandhi Heritage Portal

સમજાતું નથી. ઉપસંહાર, અપીલની ઉત્કટતાને તથા આ ભાષણની પ્રત્યેક લીટીમાં ભરેલી ઊંડી ભાવનાને અનુરૂપ છે. તેઓ કહે છે :

> સ્વરાજ બુદ્ધિનો નહીં પણ ભાવનાનો સવાલ છે. આપણા હૃદયમાં એને અદમ્ય શ્રદ્ધાથી સાચવીએ. . . . સ્વરાજ માટે એવી તમન્ના હૃદયમાં ભરી દઈએ, જે ભ્રમો કે આવેશો વડે વિકૃત ન થાય, જે સંગઠિત સમૂહોની એકધારી અને ઝડપી પ્રગતિ ચાહતી હોય, જેને વિઘ્નો અડી શકે નહીં, જે સમયાનુસાર બદલાતી ન હોય, અને જેને કેદની શિક્ષાઓ ડરાવી શકે નહીં કે નિષ્ફળતાઓ હતાશ બનાવી શકે નહીં.

આ અપીલ આપણા સૌના હૃદયમાં પડઘો પાડો એમ ઈચ્છું છું.

ઠરાવો પર વિસ્તૃત ચર્ચા કરવાની જરૂર નથી. દિલસોજીના ઠરાવો ઉપરાંત, અલબત્ત કાઉન્સિલવાળાઓને માર્ગદર્શન આપતો કાઉન્સિલો અંગેનો ઠરાવ તો હોય જ, અને દક્ષિણ આફ્રિકા તથા કેન્યા વિશે બંગાળના અટકાયતીઓ તથા ગુરુદ્વારા-કેદીઓ વિશેના ઠરાવો પણ થયા હતા. બંધારણમાં ખાદી અંગેની કલમમાં સુધારો થયો તે મારે મન સારો સુધારો છે. સભા-પરિષદ પૂરતો ખાદીનો ઉપયોગ તો સૌની મજાકનો વિષય બની ગયો હતો. આપણા મતાધિકારની લાયકાતમાં ખાદીના પોશાકને સ્થાન આપ્યું હોય તો તે પોશાકનો ઉપયોગ હમેશનો કરી નાખવામાં આવે એ જ યોગ્ય થાય. દરેક કૉંગ્રેસી પોતાપૂરતો આ ઠરાવનો અમલ કરી બીજાઓને તેમ કરવા પ્રેરશે એવી આશા રાખવામાં આવે છે. પણ પાછા ખેંચી લેવાયેલા અથવા નામંજૂર કરાયેલા ઠરાવો સંબંધમાં વિષયવિચારિણી સમિતિમાં જે બીજી અનેક બાબતોની ચર્ચા થઈ હતી તે સંબંધમાં આ પછીના કોઈ અંકમાં મારે વિગતે લખવું છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ६–१–१९२७

## २२१. फ्री प्रेस ऑफ इन्डियाने મુલાકાત

કોમિલ્લા,
જાન્યુઆરી ૬, ૧૯૨૭

ગૌહત્તી કૉંગ્રેસે પસાર કરેલા કાયમી ખાદી પહેરવા વિશેના ઠરાવ અંગે શ્રી ટી. સી. ગોસ્વામીએ[1] બહાર પાડેલા નિવેદન[2] વિશે फ्री प्रेस ऑफ इन्डियाના પ્રતિનિધિને મુલાકાત આપતાં મહાત્મા ગાંધીએ નીચે મુજબ જણાવ્યું હતું :

ખાદી વિશે ગોસ્વામીએ કરેલા નિખાલસ નિવેદન માટે હું એમને અભિનંદન આપું છું. ઢોંગ, દંભ અને છેતરપિંડીની હવા એનાથી સાફ થઈ જવી જોઈએ. ખાદી તેના પોતાના ગુણ-દોષ ઉપર ઊભી રહે કે પડે. ખાદીના ઉલ્લેખ માત્રથી કકળી ઊઠે એવું શ્રી ગોસ્વામીનું વલણ આમાંથી જોવા મળે છે. ખાદી પૂજાની જડ વસ્તુ બની ગઈ હોવા સામે તેમનો વિરોધ નથી. ખાદી સામે આર્થિક દૃષ્ટિએ પણ એમને વાંધો છે. ખાદી એક આર્થિક વ્યય બની જશે અને

૧. ધારાસભાના બંગાળના સભ્ય.
૨. અહીં છાપ્યું નથી.

Gandhi Heritage Portal

પરદેશી કાપડનો કાયમી બહિષ્કાર ઈષ્ટ નહીં થાય, એમ એમનું કહેવું છે. હું શ્રી ગોસ્વામીની જેમ વિચારતો હોત તો મેં પણ તેમના જેટલા જ જોરથી ખાદી અંગેની કલમનો વિરોધ કર્યો હોત. સભા સમારંભો વેળા ખાદી પહેરવાને બદલે કાયમ ખાદી પહેરવાનો સુધારો મારા કહ્યાથી થયો ન હતો. પણ એ ફેરફારને ઇચ્છવાજોગ અને સાચા રાષ્ટ્રીય જીવનના વિકાસ માટે જરૂરી પણ ગણી તેનું સમર્થન કરવામાં મને કશો ખચકાટ થતો નથી. રાષ્ટ્રભક્તિ વિનાનું રાજકારણ હું સમજતો નથી. હું પરદેશી કાપડના બહિષ્કારને એક રાજકીય યુક્તિ નહીં પણ નિત્યનું કર્તવ્ય માનું છું. આપણો નિશ્ચય હોય તો ખાદી અપનાવવાની શરતે એ જલદી થઈ શકે એમ હું માનું છું.

હું તો એક ડગલું આગળ જઈ એમ પણ કહું કે રાષ્ટ્ર ખાદી દ્વારા પરદેશી કાપડના બહિષ્કારની એકમાત્ર વસ્તુ મર્યાદિત સમયમાં સિદ્ધ કરી શકે એમ છે, અને સમગ્ર રાષ્ટ્રના એક જ પુરુષાર્થનું સંગઠન ખાદીના આર્થિક પાસામાં આવરી લેવાતું હોવાથી એમાં ભારે રાજકીય પરિણામો રહેલાં છે. આથી, જો સ્વરાજની તમન્નાવાળાને જ કોંગ્રેસના સભ્ય બનાવી ચાલુ બ્રિટિશ હકૂમતને જારી રાખવા ઇચ્છનારને તેમાં પ્રવેશ ન આપવો યોગ્ય અને ઉચિત હોય, તો ખાદીના સક્રિય, અવિરત અને દૃઢનિશ્ચયી ઉત્પાદન અને વેચાણ દ્વારા પરદેશી કાપડનો બહિષ્કાર ઇચ્છનારા અને તેને માટે કામ કરનારાઓને જ સભ્યપદ આપવું એટલું જ યોગ્ય છે. ખાદી કોઈ વ્યક્તિઓનું ગૌરવ કરવા માટે નથી. એ સરકારી જાસૂસના શરીરને તેમ ભારતના કોઈ સંત પ્રકૃતિના સેવકના શરીરને એકસરખી રીતે શોભાવે છે. આ તેની શ્રી ગોસ્વામી સૂચવે છે તેવી મર્યાદા નથી પણ ખૂબી છે. કારણ, રાષ્ટ્રમાં બધા ઊંચા અને નીચા, નીરોગી અને રોગી, ભલા અને દુષ્ટ, સૌ આવી જાય છે. દુષ્ટોને સુધારવા અને તેમની સેવા કરવી એ તો ભલા માણસોનો વિશિષ્ટ અધિકાર હોવો જોઈએ.

[મૂળ અંગ્રેજી]

फॉरवर्ड, ७–१–१९२७

## ૨૨૨. કોમિલ્લામાં સ્ત્રીઓની સભામાં ભાષણ

જાન્યુઆરી ૬, ૧૯૨૭

. . . આ પછી એમણે સ્ત્રીઓની એક મોટી સભામાં બોલતાં જણાવ્યું કે આપણે સ્વરાજ હાંસલ કરવું જ છે. આ સ્વરાજ્ય એટલે રામરાજ્ય, અને એ સીતા વિના આવે નહીં. એમણે બધી બહેનોને સીતાના સદ્‌ગુણો કેળવવા અને સીતા પહેરતાં તેમ પોતાના હાથે તૈયાર કરેલાં કપડાં પહેરવા અને સાદું અને પવિત્ર જીવન ગાળીને સીતાના દૃષ્ટાંતને અનુસરવા અનુરોધ કર્યો. ગરીબાઈનો એક માત્ર ઇલાજ રેંટિયો છે એમ કહી તેમણે પોતાનું ભાષણ પૂરું કર્યું.

અખિલ હિંદ દેશબંધુ સ્મારક માટે ફાળો આપવાની તેમની અપીલના જવાબમાં સ્ત્રીઓએ થોડી રકમ ફાળામાં ભરી અને કેટલીક બહેનોએ પોતાનાં સોનાનાં ઘરેણાં કાઢી આપ્યાં.

[મૂળ અંગ્રેજી]

अमृतबझार पत्रिका, ८–१–१९२७

Gandhi Heritage Portal

## ૨૨૩. મણિબહેન પટેલને પત્ર

કાશી,
શનિવાર [જાન્યુઆરી ૮, ૧૯૨૭][1]

ચિ. મણિ,

તમારો કાગળ મળ્યો છે. વાલજીભાઈની પાસેથી શીખવાનું રાખ્યું છે તે ઠીક થયું. તેની પાસેથી ઘણું જ લઈ શકાશે.

તમને શિક્ષણમાંથી કેમ મુક્ત કરેલ છે તે હું નથી જાણતો કેમ કે જે કાગળમાં તે ખબર હતા તે કાગળમાંથી કારણ મારાથી નહોતું સમજાયું. તમે પોતે જ હિંમતપૂર્વક પૂછી શકો છો. હું તો ધારતો હતો કે તમને કારણ જણાવ્યું હશે. હું નિશ્ચિંત હતો, કેમ કે શિક્ષણ આપવાનું હોય અથવા ન હોય, તમારે આશ્રમમાં જ રહેવાનું છે ને પગાર કહો કે જે કંઈ તે ચાલુ જ રહે. તમારી જવાબદારી મારે ભોગવી લેવાની છે. શિક્ષક ઉપર રોષ પણ ન કરવો. તેમને આખું તંત્ર ચલાવવાનું રહ્યું એટલે તેઓને યોગ્ય લાગે તે કરે. પણ કારણ જાણવાનો તો તમને હક છે જ. તે જાણી લેજો

પણ હવે તો તમારે કાંતવાનું શીખવાની તૈયારી કરવાની રહી છે. અને તેને અંગે જે શીખવાનું છે તે શીખી લેવાનું છે, એટલે કે રેંટિયાસુધાર, રૂની જાતો, લોઢવું, પીલવું, પીંજવું, કાંતવું, ફૂંકારવું, આંટી કરવી, સાંધ કરવી, વગેરે બધી ક્રિયા. માળ કરતાં આવડવું જોઈએ. સાડી ચડાવતાં આવડવું જોઈએ. અને જ્યાં જવાનું થશે ત્યાં આ ક્રિયાઓની સાથે બીજું જે શીખવાનું મળી રહે તે અને તેને અંગે સંસ્કૃત તથા હિંદી તો પાકાં થઈ જવાં જોઈએ. સંસ્કૃતમાં ગીતાજીના અર્થ વ્યાકરણ સુધ્ધાં પાકા થવા જોઈએ. તકલી તો છે જ. કરાંચીથી તાર છે કે તમારું નામ બોર્ડ પાસે ગયું છે. હું રાજી થયો છું.

મને કાગળ લખ્યા કરજો ને ખૂબ ઉત્સાહપૂર્વક કામ કરજો.

હવે ૨જીથી ૮મી લગી ગોંદિયા, નાગપુર, વર્ધા, અકોલા, અમરાવતી, એમ હશે. નક્કી શહેરો નથી જાણતો. વર્ધા મોકલવાથી ઠીક થશે.

બાપુના આશીર્વાદ

ચિ. મણિબહેન પટેલ
સત્યાગ્રહ આશ્રમ
સાબરમતી

[મૂળ ગુજરાતી]

બાપુના પત્રો – મણિબહેન પટેલને, પા. ૪૫–૬

૧. છાપેલી મૂળ પ્રત પ્રમાણે.

Gandhi Heritage Portal

## ૨૨૪. અસ્પૃશ્યતાની આંટીઓ

ભાઈ ગોવિંદજી જાદવદાસનો કાગળ તેમણે કરેલા મથાળા સુધ્ધાં આ અંકમાં આપું છું. તેમણે મથાળું 'હિંદુ ધર્મની અધોગતિ' આપ્યું છે. તેની મતલબ એ છે કે જો અસ્પૃશ્યતા દૂર કરવી છે તો અસ્પૃશ્યોને સારુ નોખી નિશાળો, મંદિરો, કૂવા વગેરે શાં? આ દલીલ નાખી દેવા જેવી તો નથી જ. દક્ષિણ આફ્રિકામાં આવા જ સવાલો ઊભા થયા હતા અને હજુ થાય છે. ત્યાં હિંદીઓને સારુ નોખી નિશાળો કાઢવી એ હિંદીઓની અસ્પૃશ્યતાની આયુ લંબાવવા બરોબર થાય એવી દલીલ મેં પોતે કરી છે. અને જેની ઉપર વીતે તે જ વીતેલાની વેદના જાણી શકે એ ન્યાયે હું ભાઈ ગોવિંદજીના દુ:ખને સમજી શકું છું.

પણ જ્યાં મેં જોયું કે જે વસ્તુની હસ્તી છે તે નથી એમ માનીને ચાલવું એ મૂર્ખતા ગણાશે. ત્યાં મેં ભેદની હસ્તી જાણીસમજીને મારું કામ લીધું. એટલે મેં ત્યાં નોખી નિશાળોની વાતનો સ્વીકાર કર્યો. મેં ત્યાંની રેલવેઓમાં હિંદીઓ માટે બીજા તેમ જ પહેલા વર્ગના નોખા ડબ્બા રાખવાની વાતનો પણ સ્વીકાર કર્યો. જેમ ભાઈ ગોવિંદજી તેવા ભેદનો વિરોધ કરે છે તેમ મેં પણ કર્યો. પણ જ્યાં કોમની જ હસ્તી મટી જવાનો ભય પેદા થયો ત્યાં મેં એવા ભેદનો સ્વીકાર કર્યો કે જ્યાં ભેદમાં પણ ભેદને હળવો કરવાપણું થયું હોય. જેમ કે પૂર્વે હિંદીઓ ત્રીજા વર્ગમાં જ મુસાફરી કરી શકતા હતા. હિલચાલને અંતે તેમને સારુ બીજા તેમ જ પહેલા વર્ગની ટિકિટ કપાવવાનો હુકમ કર્યો. પણ તે સાથે જ હિંદીઓને સારુ પહેલાબીજા વર્ગના નોખા ડબ્બા રાખવાનું ઠર્યું. વિરોધ કરીને પણ છેવટે અમે એટલો ભેદ સ્વીકારી લીધો. રાજસત્તા સગવડ કરી આપે, પણ આપણે સાથે જ બેસવાની બીજાને ફરજ કેમ પાડી શકાય?

આવી વિચારસરણીને વશ થઈને હું એવા નિશ્ચય પર આવ્યો કે અંત્યજો સામાન્ય મંદિરો ઇત્યાદિનો ઉપયોગ ન કરી શકતા હોય ત્યાં લગી મંદિરો ઇત્યાદિનો ઉપયોગ જ ન મળે તેના કરતાં તેઓને સારુ નોખી સંસ્થાઓ બને અને તેનો ઉપયોગ મળે એ સારું છે. અસ્પૃશ્યતા વાતાવરણમાંથી તો હવે ગઈ છે, છતાં ઘણાઓ હજુ પોતાના વર્તનમાં તેનો સર્વથા નાશ કરવા તૈયાર નથી થયા. આવી સ્થિતિ વર્તે તે દરમ્યાન જેઓ અંત્યજોના મિત્ર છે તેમણે શું કરવું? તેમની શુદ્ધિનો પુરાવો તેઓ કઈ રીતે આપે? જવાબ એ જ હોય કે અંત્યજોને સારુ મંદિરો ઇત્યાદિ બનાવીને.

ભાઈ ગોવિંદજી કહે છે કે એવાં મંદિરો વગેરે ભલે થાઓ, પણ તેમને 'અંત્યજ માટે' એવું અળખામણું વિશેષણ કાં આપો? એવું વિશેષણ કોઈ આપતું જ નથી. જે મંદિરો ઇત્યાદિ હાલ બની રહ્યાં છે તેમનો ઉપયોગ તે બનાવી આપનારા તેમ જ અંત્યજોનો બીજો મિત્રવર્ગ તો કરે જ છે. એટલે એ દૃષ્ટિએ તો અંત્યજ નિમિત્તે થતી સંસ્થાઓ સાર્વજનિક છે. પણ તેમને વિશે પ્રથમ હક અંત્યજોનો. તેમના ઉપયોગમાં અંત્યજ બંધુઓનો પ્રથમ વિચાર હોય છે, તેમની સગવડ પ્રથમ જળવાય છે.

Gandhi Heritage Portal

એટલે જોકે હું ભાઈ ગોવિંદજી જેવા અંત્યજ ભાઈનું દુ:ખ સમજી શકું છું તોપણ તેઓને સૂચવું છું કે 'અંત્યજ સર્વસંગ્રહ'[1] અને તેની પાછળ રહેલી મંદિરો વગેરે બનાવવાની હિલચાલ પવિત્ર, સ્તુત્ય અને અંત્યજોને લાભદાયી છે એમ તેઓ માને.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૯–૧–૧૯૨૭

## ૨૨૫. ડૉ. ભગવાનદાસને મુલાકાત

બનારસ,
જાન્યુઆરી ૯, ૧૯૨૭

આરંભમાં શ્રી ભગવાનદાસે નીચેની મતલબની વાત કહી :

ભગવાનદાસ : મહાત્માજી, આ દેશના રાજકીય તથા બીજી બાબતના હિત અને પ્રગતિ અર્થે મને જે અત્યંત ઉપયોગી અને જરૂરી ઉપાય સૂઝે છે અને જેના પ્રચાર માટે છ વર્ષથી મારી અતિ અલ્પ શક્તિથી હું પ્રયત્ન કરી રહ્યો છું, એ સંબંધમાં આપનો મત જાણવા ઈચ્છું છું. એ ઉપાયોને આપનું સમર્થન મળે તો દેશ એના ભણી આદરથી જુએ તેમ તેને અમલમાં મૂકવાનો પણ પ્રયત્ન કરે, કારણ આ કાળમાં આપની પાસે તપસ્યાનું ભારે બળ છે અને એ કારણે આપના ઉપર દેશને ઘણી શ્રદ્ધા છે. મેં એ ઉપાયોને ઠરાવોના રૂપમાં મૂકી ગૌહત્તી કૉંગ્રેસની સમક્ષ મૂકવા શ્રી શિવપ્રસાદ ગુપ્તજીને[2] પહોંચાડ્યા હતા. પણ એની નકલો અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિના સભ્યોને વહેંચવામાં આવી એટલું જ બની શક્યાનું જાણવા મળ્યું છે. એ ઠરાવોની એક નકલ પ્રશ્નોના રૂપમાં મૂકી શ્રી કૃપલાની મારફત આપને મોકલી છે.

મહાત્માજીએ કહ્યું કે એના જવાબ લખીને આપને પછી મોકલીશ. શ્રી ભગવાનદાસે કહ્યું : 'એમાંનું મંતવ્ય ખ્યાલમાં રાખી આપની પાસેથી આપનો મત બને તેટલો જાણવા પ્રયાસ કરીશ.

સમયના અભાવે લેખિત પ્રશ્નોની જે વાત પૂછવાની બાકી રહેશે તેના જવાબ આપ લખી મોકલવા કૃપા કરશો. હવે હું પ્રશ્નો પૂછું છું.

પ્રશ્ન : આપને મતે સાચા સ્વરાજ્યનું તત્ત્વ આ ખરું કે નહીં કે દેશના કાયદા લોકોના ચૂંટાયેલા પ્રતિનિધિઓ બનાવે અને એ પ્રતિનિધિઓ લોકોના ઉત્તમ વર્ગના હોય, અધમના નહીં, એટલે જે શાણા, અનુભવી, નિ:સ્વાર્થ અને સેવાની ભાવનાવાળા હોય?

મહાત્મા ગાંધી : મુખ્ય તત્ત્વોમાં એ વાત પણ છે.

આ સિવાય બીજાં તત્ત્વ પણ હોય તો તે કયાં?

મારી કલ્પના એવી છે કે દરેક મનુષ્ય ધર્મ સમજે. એમ થાય તો કોઈ પ્રનિતિધિઓની જરૂર જ ન રહે. આદર્શ સ્વરાજ્ય તો એનું નામ. એમાં ન હોય શાસકો અને ન હોય શાસિત. સરકારી કર્મચારીઓ પણ ન હોય. બધા એકબીજાના સેવક હોય. આવું આદર્શ સ્વરાજ્ય મનમાં

૧. જુઓ, "અંત્યજ સર્વસંગ્રહ", ૧૨–૧૨–૧૯૨૬.

૨. કાશીનિવાસી બાબુ શિવપ્રસાદ ગુપ્ત; મહાન દાનવીર અને બનારસના ભારતમાતા મંદિરના નિર્માતા; કૉંગ્રેસના સક્રિય કાર્યકર્તા.

Gandhi Heritage Portal

રાખવાથી ભૂલ કરીશું નહીં, ને કરીશું તો ઓછી કરીશું. આવું આદર્શ સ્વરાજ્ય કદી સિદ્ધ થાય નહીં એ નિશ્ચિત છે, પણ એની નજીકમાં નજીક આપણે પહોંચી શકીશું.

આ તો સ્વરાજ્યનો ઉચ્ચતમ આદર્શ થયો, જેવો મહાભારતમાં વર્ણવેલા કુરુઓના સ્વરાજ્યનો છે, જ્યાં બધા યોગસિદ્ધ, દેવ જેવા, અને જીવન્મુક્ત હતા. પણ આપણી પ્રવર્તમાન પરિસ્થિતિ જોતાં આપે જ અમદાવાદની ૧૯૨૧ની કૉંગ્રેસમાં કહ્યું હતું કે હું દેશને સાંસ્થાનિક સ્વરાજ્ય સુધી લઈ જઈ શકું તેમ છું. આપણે માટે સ્વરાજ્યનું એ આરંભ પૂરતું કે વચગાળાનું સ્વરૂપ સમજવું?

હા.

એ સ્વરાજ્યમાં ધારાસભાઓ તો હશે ને?

હા.

તો એને માટે પ્રતિનિધિઓ ચૂંટવા પડશે ને?

હા.

એ પ્રતિનિધિઓ મળી શકે તેવા સૌથી વધુ શાણા, અનુભવી, નિ:સ્વાર્થ અને સેવાની ભાવનાવાળા તો હોવા જોઈશે ને?

હા.

મતદારોએ આ આદર્શ હમેશ નજર સામે રાખવો જોઈએ?

હા.

જિલ્લા બોર્ડ, મ્યુનિસિપલ બોર્ડ અને બીજાં સ્થાનિક ચૂંટણીપ્રધાન બોર્ડો તેમ જ બધી કક્ષાની કૉંગ્રેસ સમિતિઓ ચૂંટાય છે તેમાં પણ આ જ આદર્શને અનુસરવો રહ્યો ને?

જરૂર.

આ આદર્શ ભારતમાં પ્રચાર પામ્યો છે કે નહીં?

કેટલેક અંશે.

કૉંગ્રેસ સમિતિઓ અને બીજાં ચૂંટણીપ્રધાન મંડળોમાં જે ચૂંટણીઓ થાય છે તે જોતાં આ આદર્શ સ્વીકારાયા અને પળાયાના પ્રમાણ વિશે કયા અનુમાન પર આવી શકાય? બહુ ઓછા કે પૂરતા?

પ્રમાણ હોવું જોઈએ તેના કરતાં ઓછું છે.

આ જ આદર્શથી ધારાસભાની ચૂંટણીઓ પણ થવી જોઈએ નહીં?

આજકાલ જે ચૂંટણીઓ થાય તેમાં એ આદર્શ માર્ગદર્શક બનવો જોઈએ.

આ આદર્શને લોકોમાં ફેલાવવા વ્યક્તિગત રીતે નેતાઓએ કે સંસ્થા તરીકે કૉંગ્રેસે પૂરતો પ્રયાસ કર્યો છે?

આના જવાબમાં 'હા' કે 'ના'નો જવાબ બસ નહીં થાય. આને માટે અત્યારનું વાતાવરણ અનુકૂળ નથી એમ મારું માનવું છે.

આપે પહેલાં કહ્યું કે આ આદર્શ થોડો થોડો ફેલાયો છે. તો જે કંઈ થયું તે કેવી રીતે?

અત્યાર સુધી પ્રયત્ન વ્યક્તિગત થયો છે. જ્યારે વાતાવરણ અનુકૂળ બને છે ત્યારે બધા લોકો આવા આદર્શોને સહજભાવે અનુસરવા માંડે છે.

આ આદર્શને અનુકૂળ વાતાવરણ પેદા કરવા પ્રયત્ન કરવો કે નહીં?

અવિરત પ્રયાસ કરવો જોઈએ.

Gandhi Heritage Portal

કેવો પ્રયાસ આને માટે ઉપયોગી થાય?

આવો પ્રયાસ કરનારાઓની સંખ્યા નિત્ય વધતી જવી જોઈએ, અને એને માટે એક જ રસ્તો છે અને હમેશાં રહ્યો છે. તે એ કે આ આદર્શમાં માનનાર બધી મુશ્કેલીઓ સામે તેને વળગી રહે.

એટલે કે, માણસોએ ભાષણોથી અને લેખોથી આ આદર્શનો પ્રચાર કરવો એમ જ ને?

પોતે પાળી બતાવીને વ્યક્તિઓએ તેનો પ્રચાર કરવો જોઈએ. પ્રત્યક્ષ ઉદાહરણ રજૂ ન થાય તો ભાષણો અને લેખો વડે કશું ન થાય. જો ઉદાહરણ હોય તો ભાષણો અને લેખો પણ કામના. એ બેઉ વાનાં આચરણમાં આવી જાય.

ઉપદેશ કરનાર ઉપદેશ પ્રમાણે વર્તે નહીં તો તેના ઉપદેશમાં કશું બળ ન હોય એ હું પૂરેપૂરું સ્વીકારું છું. આપ પોતે ખાદી પહેરીને અને રેંટિયો ચલાવીને પોતાનું ઉદાહરણ પૂરું પાડવા સાથે એનો ઉપદેશ પણ વ્યાપક રીતે અને ગજબની ખંતથી કરી રહ્યા છો, એથી જ તો એ ભાવનાનો પ્રચાર દેશમાં વધતો રહ્યો છે. એ રીતે અહિંસક અસહકાર સાથે સંકળાયેલી કેટલીક બાબતો વિશે પણ આપ થાક્યા વિના ઉપદેશ આપી રહ્યા છો. આપને નથી લાગતું કે આ અતિ અગત્યની વાતમાં પણ લોકોને નિત્ય આવી સલાહ અને યાદ આપ્યા કરવી કે ભાઈઓ, જ્યારે જ્યારે પ્રતિનિધિઓ ચૂંટો ત્યારે આવા આવા ગુણોવાળાં સ્ત્રીપુરુષોને જ ચૂંટજો? આવી સલાહ વિના આવી અત્યંત અગત્યની વાતમાં કશા ઉપદેશ વિના લોકો અંધારામાં જ નહીં રહે?

પ્રશ્ન બરાબર છે, પણ મારા આગલા જવાબમાં એનો જવાબ આવી ગયો છે. હું સલાહ અને ઉપદેશને સામાન્ય રીતે આચરણનો ભાગ જ ગણું છું. ઉપદેશને હું અલગ સ્થાન આપતો નથી, કારણ, માણસ પોતે જ આચરણથી સારો દાખલો ન બેસાડે તો તેનો ઉપદેશ નકામો જાય અને ઘણી વાર નુકસાનકારક બને. અને શુદ્ધ આચરણ કરી બતાવનાર પ્રસંગ મળે ત્યારે સલાહ આપતો જ હોય છે.

પણ મને જાણ છે ત્યાં સુધી પોતે જેને ચૂંટે તેનામાં કઈ લાયકાત જોવી જોઈએ એ વિશે આપે ભાષણોમાં અને લખાણોમાં હજી સુધી ભારતના લોકોને સલાહ આપી નથી.

મેં એક વાર નહીં, અનેક વાર ભાષણો અને લખાણો દ્વારા આ સલાહ આપી છે.

*यंग इन्डिया*માંથી આ વિષયનાં લખાણો મળે ખરાં?

હા.

હું ખોળીને મેળવીશ, દરમિયાન કૃપા કરીને કહેશો કે યોગ્ય લાયકાતવાળા પ્રતિનિધિઓ મેળવવા કયા ઉપાયો અખત્યાર કરવા જોઈએ, કયા નિયમો પાળવા જોઈએ? મારી જાણ મુજબ તો સામાન્ય ફરિયાદ એવી છે કે સ્વરાજ્ય ભોગવતા પશ્ચિમના દેશોમાં શું કે નવી ચૂંટણીપદ્ધતિ હેઠળ આજના ભારતમાં શું, ચૂંટાતા પ્રતિનિધિઓ યોગ્ય ગુણવત્તાવાળા હોતા નથી. સ્વરાજ્યની પ્રવર્તમાન પદ્ધતિઓની આ એક મુખ્ય અને ગંભીર ખામી નથી લાગતી?

હું ધારાસભાપ્રવેશનો સખત વિરોધ કરું છું તેનું આ જ કારણ છે. જ્યાં લગી લોકોમાં પોતાપણાનું ભાન થયું નથી, જ્યાં લગી તેમની બુદ્ધિ જાગ્રત થઈ નથી ત્યાં સુધી ચૂંટણીઓમાં કોઈ કાયદાઓથી શુદ્ધિ જાળવવી શક્ય નથી. મારા આજના પ્રયાસોમાં આ શુદ્ધિ મોટો ભાગ ભજવે છે. શરૂઆતથી જ આત્મશુદ્ધિ અને તપસ્યા વડે લોકોની શક્તિ એટલે આત્મબળ વધારવાનો મારો પ્રયાસ રહ્યો છે. આવી તપસ્યાથી તેમની બુદ્ધિ શુદ્ધ થઈ જશે. આ જ કારણે અસહકાર આંદોલન પછી મ્યુનિસિપલ બોર્ડોમાં અહીં ચૂંટાયેલા લોકો સારા માણસો હતા અને તેઓ કશી મહેનત કે ખર્ચ વિના ચૂંટાઈ આવ્યા. એ તપસ્યાનું વાતાવરણ વિખેરાયું કે ગડબડ શરૂ થઈ.

Gandhi Heritage Portal

આ દેશની પુરાણી પ્રથા પ્રમાણે તપસ્યા અને વિદ્યા (વધતાઓછા પ્રમાણમાં પરસ્પરાશ્રયી હોવા છતાં) બે અલગ વસ્તુઓ છે, અને બેઉના સરવાળાથી જ આપ જેને પોતાપણાનું ભાન કહો છો તે સાચું મનુષ્યત્વ, સાચો બ્રહ્મભાવ કે સાચું બ્રાહ્મણત્વ સિદ્ધ થાય છે. પુરાણોમાં વાંચીએ છીએ કે રાવણ અને બીજાઓએ ઉગ્ર તપસ્યા કરી હતી, પણ એનું ફળ એમને કેટલાક વખત સુધી આપખુદ ભૌતિક સત્તા અને અતિભોગ રૂપે મળ્યું તથા બાકીની દુનિયાને કષ્ટાવાનું મળ્યું. એમણે વિદ્યા વિના, જ્ઞાન વિના તપસ્યા કરી હતી. તેમણે આત્મસ્વરૂપ ન શોધ્યું. મને એમ લાગે છે કે અસહકારે સરજેલા વાતાવરણમાં તપસ્યાનું તત્ત્વ હતું, પણ વિદ્યાનું ન હતું. આ કારણથી જ એ વાતાવરણ કાયમી ન બનતાં બેત્રણ વરસમાં વીખરાઈ ગયું. મારી આ માન્યતાને ખરી કહેશો કે ખોટી?

એકંદરે એ બરાબર છે. એમાં થોડા સુધારાની જરૂર છે. એ વખતે આપણી તપસ્યા પૂરતા પ્રમાણમાં ન હતી. એવી હોત તો આપણે જરૂર વિદ્યા પણ મેળવી હોત. ભગવાને ગીતામાં કહ્યું છે કે દૃઢ ભક્તિવાળા મનુષ્યને હું સાચી સમજ આપું છું. એ વાક્ય પર મને ભારે શ્રદ્ધા છે.

હું પણ એમ જ માનું છું. પણ ભક્તિ આવું પથ્ય ફળ ત્યારે જ આપે છે જ્યારે એનું લક્ષ્ય, એનો હેતુ, એનો વિષય સદ્‌વિષય હોય, એ વિના નહીં. 'ગીતા' પણ કહે છે: 'બીજા દેવતાઓને પૂજનારા એ દેવતાઓ પાસે જાય છે. મને ભજનારા મારી પાસે આવે છે.' વળી કહ્યું છે: "જ્ઞાની તો મારો આત્મા જ છે." એમાં વળી કહ્યું છે: "જ્ઞાનના જેવું શુદ્ધ કરનારું બીજું કશું નથી." મારી માન્યતા હમેશાં એ રહી છે કે તપસ્યાના આરંભથી જ સાચા લક્ષ્યનાં મહત્ત્વનાં અંગોનું સાચું જ્ઞાન અત્યંત અનિવાર્ય છે; નહીંતર, તપસ્યાથી સંચિત થતું આત્મબળ કે ગમે તે પ્રકારની શક્તિ નક્કી રાવણ વગેરેની માફક ખોટા માર્ગે વળી જાય. મારી આ માન્યતા શું સાચી નથી?

પૂરેપૂરી સાચી છે.

આ જ કારણે, અસહકાર આંદોલનના આરંભથી જ હું એવો પ્રયાસ કરી રહ્યો છું કે આ વચગાળાના સ્વરાજ્યનું, એટલે કે સાંસ્થાનિક સ્વરાજ્યનું જે મુખ્ય તત્ત્વ છે, એટલે કે યોગ્ય લાયકાતવાળા પ્રતિનિધિઓની ચૂંટણી, એ બાબતમાં કૉંગ્રેસ અને તેના નેતાઓ મારફતે લોકોને તપસ્યાની સાથે જ યોગ્ય વિદ્યા શીખવાતી રહે. મારી આ ઈચ્છા અનુચિત હતી?

જો એનો અર્થ એવો હોય કે લોકો આગળ કોઈ યોજના મૂકવામાં આવે તો મારો એવો અભિપ્રાય બંધાયો છે કે એથી કોઈ ફાયદો નહીં થાય. પણ લોકોને આ સંબંધમાં જ્ઞાન આપવું, તેઓ યોગ્ય લાયકાત ધરાવનારાઓને જ ચૂંટી કાઢે એટલા જાગ્રત એમને બનાવવા, એ તો ઉચિત છે. પ્રતિનિધિઓની લાયકાતો શી શી હોય, ઉંમર કેટલી હોય, વગેરે હું અત્યારે ઠરાવવા નથી ચાહતો. એ બધું મતદારોની સમજ પર છોડવું ઘટે.

રેંટિયાની બાબતમાં કપાસની ખેતી, સૂતરનો સંગ્રહ, કાપડનો વણાટ, એનું વેચાણ, વગેરે વિશે આપ પોતે અને આપના સહકાર્યકરો દ્વારા, આપ લોકોને ઘણી ઝીણવટથી સતત માહિતી અને સૂચનાઓ આપતા રહો છો. આપને નથી લાગતું કે એ જ રીતે આ અતિ અગત્યની વાત વિશે પણ પ્રતિનિધિઓની પાત્રતા કેમ પારખવી એ વિશે લોકોને થોડું સરખું માર્ગદર્શન કરવું જરૂરી છે? 'બે ને બે ચાર'ના જેવાં સ્વયંસ્પષ્ટ સત્યો પણ બાળકોને ઘણી મહેનતથી શીખવી શકાય છે. નવરાશના વખતમાં રેંટિયો ચલાવવાની વાત પણ સ્વયંસિદ્ધ હોવા છતાં, અને આપે એ અંગે જે મહેનત કરી છે એ છતાં, એનો હજી થવો જોઈએ તેટલો વ્યાપક ફેલાવો થયો નથી. તો હવે, કશી સૂચના કે માર્ગદર્શન વિના પ્રતિનિધિઓની પાત્રતાનો નિર્ણય કરવાનું એકલી મતદારોની સમજશક્તિ ઉપર આપ કઈ રીતે છોડી દઈ શકો? હમણાં વયમર્યાદાના ઠરાવ અંગે સૂચના કરવાનું આપ ઉચિત માનતા ન હો તોપણ કંઈ નહીં તો બીજી કોઈ યોગ્યતાઓ સંબંધમાં તો કંઈક સૂચનાઓ આપ આપી શકો.

Gandhi Heritage Portal

આ વિશે થોડું લખી ચૂકયો છું અને વધુ સમય મળતાં વધુ લખવાનો છું. પણ સભામાં આને વિશે બોલવાની કશી જરૂર નથી. લોકો પ્રતિનિધિઓ ચૂંટવાની સ્થિતિએ પહોંચશે ત્યારે તેમને અત્યારે રેંટિયા વિશે અપાય છે તેમ એ વિશે સલાહસૂચના આપવી જ પડશે. દરેક વસ્તુને એનો યોગ્ય સમય હોય છે.

ગૌહત્તી કૉંગ્રેસ માટેના મારા નં. ૨ના પ્રસ્તાવમાં ચૂંટવાના માણસો માટેની મેં સૂચવેલી લાયકાતોમાંથી કોઈ તમને ઈષ્ટ લાગતી જ હોય તો તે કઈ ઈષ્ટ લાગે છે?

લગભગ બધી જ, પણ ધારાસભાએ કરવાના કાયદા માટે નહીં. એ મુખ્યત્વે મતદારોના શિક્ષણની વાત છે.

હવે બીજા વિષય વિશે પ્રશ્ન પૂછું છું. બધા ધર્મોનાં મુખ્ય તત્ત્વો એક અને સમાન છે એ વાત જુદા જુદા ધર્મોના અનુયાયીઓને સમજાવ્યા વિના તેમની વચ્ચે એકતા અને શાંતિ સ્થાપી શકાય ખરી? એટલે કે બધા ધર્મો એક છે એ બતાવ્યા વિના જુદા જુદા ધર્મોના અનુ-યાયીઓને હૃદયથી એક બનાવવા શક્ય છે?

ના.

જુદા જુદા ધર્મના અનુયાયીઓને સમજાવાય કે બધા ધર્મોનું હાર્દ એક જ છે ત્યારે જ એમના અનુયાયીઓમાં એકતા થઈ શકે એમ ખરું ને?

હા.

આને માટે કેવા પ્રયાસો કરવા જોઈએ?

જુદા જુદા ધર્મોના સારા અને સાચા અનુયાયીઓએ આ હકીકતનો ઉપદેશ અને પ્રચાર કરવો જોઈએ.

આ સંબંધમાં આપે કોઈ ખાસ પ્રયત્ન કર્યો છે, અથવા કરવા ધારો છો?

મેં પૂરતો વ્યક્તિગત પ્રયત્ન કર્યો છે ને આજેય તે ચાલુ છે. આવા પ્રચાર માટે આપણી પાસે માણસોની તાણ છે. એટલે કે, જુદા જુદા ધર્મોના ગુણો અને દોષોને અલગ તારવી શકે, બધા ગુણોનો સમન્વય કરી લોકો આગળ મૂકી શકે, એવા માણસોની સંખ્યા આપણામાં નહીં જેવી જ છે.

આપને એમ નથી લાગતું કે આપના જેવા પ્રભાવશાળી નેતાએ ભાષણો, લેખો અને આચરણથી ધર્મોની આવી તાત્ત્વિક એકતાની વાત લોકોને સમજાવી શકે એવા, ભારતના પ્રચલિત ધર્મોના ઉદાર દિલવાળા અને ઉદાર ચિત્તવાળા પ્રતિનિધિઓને એક સમિતિમાં એકત્ર કરવા જોઈએ?

મને લાગે છે કે મારા ગજા પ્રમાણેના પ્રયાસ મેં કર્યા છે, પણ આવા કામ માટે શિક્ષિતો અને વિદ્વાનોને ભેગા કરવાની શક્તિ મારામાં દેખાતી નથી. આથી મેં તો મારા વ્યક્તિગત પ્રયત્નોથી સંતોષ માન્યો છે.

સમય ઓછો હોવાથી બીજા એક વિષય પર એક પ્રશ્ન પૂછું છું. હિંદુસભા 'શુદ્ધિ' અને 'સંગઠન' ઉપર ભાર મૂકી રહી છે. શુદ્ધિનું કામ 'સ્વભાવ અને કર્મથી વર્ણ અને જ્ઞાતિ'નો સિદ્ધાંત સ્વીકાર્યા વિના થઈ શકે? અને સંગઠનનું કામ પહેલાં હિંદુઓની હજારો પેટાજ્ઞાતિ-ઓમાં હાલ પ્રવર્તતી ભોજનવ્યવહાર પરત્વેની અસ્પૃશ્યતા નાબૂદ કર્યા વિના થઈ શકે?

શુદ્ધિ અને સંગઠન વિશેના મારા વિચારો શ્રદ્ધાનંદજી પરના મારા યંગ ઇન્ડિયાના લેખોમાં સમજાવ્યા જ છે. એથી વધારે કહી શકતો નથી. હા, એટલું કહી દઉં કે ભોજનમાં રખાતો પંક્તિભેદ પણ હિંદુ સંગઠનને બાધક છે, એમાં કોઈ શક નથી.

Gandhi Heritage Portal

આપે ૬-૧-૧૯૨૭ના યંગ ઇન્ડિયામાં આ મતલબનું લખ્યું છે: "તબલીઘ અને એના જવાબરૂપ શુદ્ધિ, એ બંનેમાં ક્રાંતિકારક ફેરફાર થવો જોઈએ. જગતના ધર્મોનું ઉદાર ભાવનાથી થતું અધ્યયન, તત્ત્વ પર નહીં પણ બહારના ખોખા પર નજર રાખતા ધર્માંતરની અત્યારની કઢંગી પ્રચારપદ્ધતિને ધરમૂળથી પલટી નાખ્યા વિના નહીં રહે. શ્રદ્ધાભક્તિને એક પંથમાંથી ઉઠાવી બીજા પંથમાં જોડવામાં આવે, અને સ્પર્ધામાં જુદા જુદા ધર્મોવાળા સામસામી નિંદા કરતા રહે એમાંથી જ પરસ્પર દ્વેષ પેદા થાય છે." "શુદ્ધિનું ત્રીજું સ્વરૂપ ધર્માંતર છે. વધતાં જતાં સહિષ્ણુતા અને જ્ઞાનપ્રકાશના આ યુગમાં એની ઉપયોગિતા વિશે મને શંકા છે. ભલે હિંદુઓ એને શુદ્ધિ કહે, મુસલમાનો તબલીઘ કહે, કે ખ્રિસ્તીઓ ધર્મપ્રચાર કહે, હું તો ધર્માંતરની વિરુદ્ધ છું."

હું પણ આપના આ બધા વિચારોનું હાર્દિક સમર્થન કરું છું. આમ કહીને આપે એકાવન વર્ષથી કામ કરતી થિયૉસૉફિકલ સોસાયટી, જેનો હું તેંતાળીસ વર્ષથી સભ્ય છું, તેના પહેલા બે ઉદ્દેશોનું સંપૂર્ણ સમર્થન કર્યું છે. પણ 'વધતાં જતાં સહિષ્ણુતા અને જ્ઞાનપ્રકાશ' દેખીતી રીતે જ અતિ મંદ ગતિએ વધી રહ્યાં છે, અને 'જગતના ધર્મોનું ઉદાર ભાવનાથી થતું અધ્યયન', જે માણસોના કપાળ પરનાં લેબલ અને સાઇનબોર્ડો જ બદલવા મથતી અત્યારની કઢંગી પ્રચાર-પદ્ધતિને ધરમૂળથી પલટી નાખ્યા વિના નહીં રહે', તે અત્યાર સુધી આ ધર્માંતર પ્રવૃત્તિઓની પાછળ રહેલા અતિશિક્ષિત લોકોના આચરણ ઉપર ઘટતી અસર કરી શક્યું નથી. આથી, પાછળથી થિયૉસૉફિકલ સોસાયટીએ કોરે મૂકેલું આ અતિ મહત્ત્વનું કાર્ય બજાવવા દેશભરમાં સમિતિઓ રચીને ગૌહત્તી કૉંગ્રેસ માટેના મારા નં. ૬ના પ્રસ્તાવમાં સૂચવી છે તેવી વધુ ચોક્કસ અને પ્રત્યક્ષ રીતે, સહિષ્ણુતા અને જ્ઞાનપ્રકાશની વૃદ્ધિ માટે તથા ધર્મોના ઉદાર દૃષ્ટિથી કરાતા અધ્યયનની શીઘ્રતર પ્રગતિ માટે આપના જેવા મહાન નેતા ઉદ્યમશીલ રહે એ ઇષ્ટ નથી? 'કર્મણા વર્ણ'નો સિદ્ધાંત શુદ્ધિનો કાયદેસરનો પાયો તેમ જ પરિપૂર્તિ છે કે નહીં એમ મેં આગલા પ્રશ્નમાં પૂછ્યું ત્યારે હું એટલું જ સૂચવવા માગતો હતો કે જો એ સિદ્ધાંત સ્વીકારવામાં આવે તો પોતાનું ચોકસ ધાર્મિક લેબલ કે સાઇનબોર્ડ બદલવાની કોઈને માટે પણ જરૂર ઊભી થયા વિના આખી માનવજાતને તરત જ તાત્ત્વિક હિંદુત્વમાં ભેળવી દઈ શકાશે.

હું તો એક અંગ્રેજ કવિના શબ્દોમાં જ આનો ઉત્તર આપી શકું: 'દૂર માર્ગ જોવા લોભ લગીર ન, મારે એક ડગલું બસ થાય.' આખરે ભાવિ તો માનવજાતની ઘણી વાર પરસ્પર-વિરોધી વર્તમાન પ્રવૃત્તિઓના સરવાળાથી ઘડાતું હોય છે.

કૉંગ્રેસને લગતા સેવાકાર્ય માટે તમે સ્વયંસેવકોનું દળ ઊભું કરવાનું ઘણુંખરું અનિચ્છનીય માનતા નથી. એમ હોય, તો મારા ગૌહત્તી કૉંગ્રેસ માટેના પ્રસ્તાવ નં. ૫ (ક-ખ)માં ગણાવેલી લાયકાતો ઠરાવવામાં અને સ્વીકારવામાં આવે તો એ દળ ઘણું વધારે કાર્યક્ષમ બને એમ આપને નથી લાગતું? એમાંની કોઈ ખાસ લાયકાતને અયોગ્ય કે બીજી કોઈને વધુ યોગ્ય માનતા હો તો તે દર્શાવશો?'

શક્ય હોય તો આવું દળ ઊભું કરવું ઇષ્ટ છે. લાયકાતો પણ સારી છે. પણ મારો અનુભવ દેખાડે છે કે સમસ્ત ભારતવર્ષને માટે આવું કોઈ દળ ઊભું કરવાની સ્થિતિમાં હાલમાં આપણે નથી. કેવળ ઠરાવો પસાર કરવાથી એવું દળ થઈ જવાનું નથી.

[મૂળ હિંદી]

आज, १९-२-१९२७

Gandhi Heritage Portal

## ૨૨૬. બનારસ હિંદુ યુનિવર્સિટીમાં ભાષણ[1]

બનારસ,

જાન્યુઆરી ૯, ૧૯૨૭

'તમારું કહેવાનું તમે કહી દીધું છે. કોઈ તમને સાંભળતું નથી. ખાદી વિશે હવે બોલવું બંધ કરો તો?' આવી સલાહ મને કેટલીક દિશામાંથી મળી રહી છે એમ જણાવી ગાંધીજીએ કહ્યું :

પણ મૃત્યુ કરતાં પણ વધારે દુઃખદ યાતનાઓ સામે રામનામ ન છોડનાર પ્રહ્લાદનો પુરાણમાંનો દાખલો મારી સામે હોય ત્યારે હું મારા પ્રિય મંત્રનો જપ કેમ બંધ કરી દઉં? અને મને તો હજુ કોઈ યાતનાઓમાંથી પસાર થવું પડયું નથી. મારા દેશની સ્થિતિ મારા કાનમાં સંભળાવી રહી છે તે એક માત્ર સંદેશો હું લોકોને સંભળાવવો કેમ બંધ કરું? પંડિતજીએ[2] રાજામહારાજાઓ પાસેથી તમારે માટે લાખો રૂપિયા ઉઘરાવ્યા છે ને હજુ ઉઘરાવી રહ્યા છે. બહારથી એ પૈસા આ ધનવાન રાજાઓ પાસેથી આવતા દેખાય, પણ વાસ્તવમાં એ આપણાં લાખો ગરીબ લોકો પાસેથી આવે છે. કારણ, યુરોપથી ઊલટું આપણી ભૂમિના ધનવાનો તો જે મોટા ભાગના લોકોને દિવસમાં પેટ ભરીને એક ટંક ખાવાનું મળતું નથી એવા ગ્રામવાસીઓના ભોગે ધનવાન બને છે. આજે તમને મળી રહેલા શિક્ષણનું ખર્ચ જેમને એ શિક્ષણની તક કદી નથી મળવાની એવા ભૂખ્યા ગ્રામવાસીઓ ચૂકવે છે. ગરીબને ન મળી શકતું શિક્ષણ લેવાની ના પાડવી એ તમારું કર્તવ્ય છે, પણ હું આજે તમારી પાસે એ નથી માગતો. હું તો તમને, એમને ખાતર એક નાનકડો યજ્ઞ કરી એમના ઉપકારનો થોડો બદલો વાળી આપવાનું જ કહી રહ્યો છું. ગીતા કહે છે કે યજ્ઞ કર્યા વગર ખાનાર ચોર છે. વિશ્વયુદ્ધ વખતે બ્રિટિશ નાગરિકો પાસે જે યજ્ઞની અપેક્ષા રાખવામાં આવતી હતી તે એવો હતો કે દરેક ઘરના વાડામાં બટાટા ઉગાડવા અને થોડું સાદું સિલાઈકામ કરવું. આપણા યુગ માટે અને આપણે માટે રેંટિયો યજ્ઞ બન્યો છે. રાતદિવસ હું એને વિશે બોલતો અને લખતો રહ્યો છું. આજે વિશેષ નહીં કહું. જો ભારતના ગરીબોનો સંદેશો તમારા હૃદયને સ્પર્શ્યો હોય તો આજ રાત્રે તમારાં ખીસાં ખાલી કરી નાખો અને આવતી કાલે કૃપલાનીના ખાદી ભંડાર પર હલ્લો લઈ જઈ એનો બધો માલ ખરીદી લઈ એને ખાલીખમ બનાવી દો એવું હું ઇચ્છું છું. પંડિતજીએ ભીખ માગવાની કળા કેળવી છે. હું એ કળા તેમની પાસેથી શીખ્યો છું, અને તેઓ જો રાજામહારાજાઓ પાસેથી ફાળો કઢાવવામાં પાવરધા છે તો ગરીબોનાં ખીસાં વધુ ગરીબોના લાભાર્થે ખાલી કરાવવાની એમના જેટલી જ બેશરમી હું શીખ્યો છું.

*  *  *

તમારે માટે લાખો રૂપિયાની ભીખ માગી આવી આવાં આલેશાન મકાનો ઊભાં કરવામાં માલવિયાજીનો એક ઉદ્દેશ એ છે કે શુદ્ધ કાંતિવાળાં રત્નો જેવા તંદુરસ્ત અને શક્તિશાળી

૧. ગાંધીજીની મુલાકાત પહેલાં એક અઠવાડિયા પર વાઇસરૉયના આગમન વખતે ખાસ તાણેલા શમિયાનામાં આ સભા ભરાઈ હતી અને આશરે ૨૦૦૦ વિદ્યાર્થીઓએ તેમાં હાજરી આપી હતી. આ હેવાલ મહાદેવ દેસાઈના 'સાપ્તાહિક પત્ર'માંથી ઉતાર્યો છે.

૨. મદનમોહન માલવિયા.

Gandhi Heritage Portal

નાગરિકો, માતૃભૂમિની સેવા કરવા માટે દેશમાં મોકલવા પશ્ચિમમાંથી ફૂંકાઈ રહેલા અશુદ્ધ વાયરાના ઝપાટાથી તમે ઘસડાઈ જાઓ તો એ ઉદ્દેશ માર્યો જ જાય. એકંદરે આખું યુરોપ આ રીતોને મંજૂર રાખે છે એવું નથી. ઘણા ઓછા છતાં યુરોપમાં કેટલાક મિત્રો એવા છે જેઓ આ ઝેરી વલણ સામે સખત લડત આપી રહ્યા છે. પણ તમે સમયસર ચેતી નહીં જાઓ, તો બળવાન બની રહેલું અનીતિનું મોજું તમારી આસપાસ ફરી વળી તમને માત કરશે. આથી મારી પૂરી તાકાતથી હું પોકારું છું કે સાવધાન થઈ જાઓ અને આગ તમને ભરખી જાય તે પહેલાં નાસી છૂટો.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २०–१–१९२७

## ૨૨૭. બનારસમાં શ્રદ્ધાનંદ-સ્મારકની સભામાં ભાષણ

જાન્યુઆરી ૯, ૧૯૨૭

મહાત્માજીએ કહ્યું કે આજનો દિવસ ઘણો પવિત્ર છે અને આ સભા પણ એવા સારા સ્થળે ભરાઈ છે, જ્યાં મંદિર અને મસ્જિદ ઊભાં છે. કોઈ મુસલમાન સ્વામી શ્રદ્ધાનંદજીને દુશ્મન સમજતો હોય તો એ ભૂલ કરે છે. સ્વામીજી વીર પુરુષ હતા અને એમને વીર ગતિ પ્રાપ્ત થઈ છે. તેઓ ધર્મ અને સત્યને માર્ગે ભારે સાહસ અને વીરતાથી પોતાનું કામ કરતા રહ્યા.

[મૂળ હિન્દી]

आज, १०–१–१९२७

## ૨૨૮. બનારસમાં અસ્પૃશ્યોની સભામાં ભાષણ

જાન્યુઆરી ૯, ૧૯૨૭

મહાત્માજીએ કહ્યું :

તમારું માનપત્ર મેળવી મારી જાતને કૃતાર્થ થયો સમજું છું. મુસલમાન સમજે તો આજનો દિવસ એમને માટે પણ પવિત્ર છે, કારણ, સ્વામી શ્રદ્ધાનંદના આત્માનું તથા ગુણોનું સ્મરણ કરવા માટે આજે આપણે ગંગાસ્નાન કર્યું છે. આપણે એ માટે સ્નાન કર્યું છે કે એમના ગુણ આપણામાં પણ ઊતરે. સ્વામીજી અછૂતોના મિત્ર હતા, એમનાં દુ:ખે પોતે દુ:ખી થતા, એમને જ ખાતર એમણે દેહનું બલિદાન આપ્યું છે. એ સારું જ થયું. જો ધર્મને ખાતર કોઈનું ખૂન થાય તો જેનું ખૂન થાય એનું ભલું જ થાય છે. એને માટે એનાથી ચડિયાતું કોઈ મૃત્યુ નથી. સ્વામીજી એટલા દૃઢ હતા કે જેમ કૂતરાને સાથે લીધા વિના યુધિષ્ઠિર સ્વર્ગમાં જવા ચાહતા ન હતા તેમ અસ્પૃશ્યોને જવાનો જ્યાં અધિકાર ન હોય ત્યાં જવામાં એઓ કષ્ટ અનુભવતા હતા. અસ્પૃશ્યોમાં દોષો પણ રહેલા છે. કેટલાક અસ્પૃશ્યો દારૂ પીએ છે. એ છોડવો જોઈએ. બીજા વર્ણો પણ એ પીએ છે એવી દલીલ તેઓ ન કરે, કારણ એમને તો આગળ વધવું છે. અનુકરણ ગુણોનું થાય, દોષોનું નહીં. જુગાર ન રમવો જોઈએ. જૂઠું

Gandhi Heritage Portal

ન બોલવું જોઈએ. સ્વચ્છ રહેવું જોઈએ. સવારસાંજ રામનામનું રટણ કરી પોતાના આત્માની શુદ્ધિ કરવી જોઈએ. આપણે બધાએ ખાદી જ પહેરવી જોઈએ કારણ, એનાથી ગરીબોને આજીવિકા મળે છે. આજે દેશભરમાં સ્વામીજીના નામે અછૂતોદ્ધાર માટે ફાળો એકઠો થશે. તમે દરેક જણ ઓછામાં ઓછો એક એક પૈસો પણ આપો એમ ઇચ્છું છું.

છેવટે મહાત્માજીએ ઈશ્વરને પ્રાર્થના કરી કે અછૂત કહેવાતા લોકોનાં હૃદય પવિત્ર થાઓ અને તેઓ હિંદુ જાતિના સ્તંભ બનો.

[મૂળ હિન્દી]

आज, १०–१–१९२७

## ૨૨૯. બનારસમાં સ્ત્રીઓની સભામાં[1] ભાષણ

જાન્યુઆરી ૯, ૧૯૨૭

બહેનો, હમણાં જ એક સભામાંથી હું આવું છું અને મારે એક મોટી સભામાં જવાનું છે. તમે સૌ શાંતિથી સાંભળો તો તમને બે વાત કહું. પહેલી વાત એ કે તમારે હિંદુસ્તાનનું સ્વરાજ્ય એટલે રામરાજ્ય જોઈતું હોય તો તમે સીતાજી જેવાં શુદ્ધ બનો. સીતાજી શરીર અને મન બંનેથી પવિત્ર હતાં. લંકાથી પાછાં આવતાં અગ્નિપરીક્ષા થઈ તો અગ્નિ એમને સ્પર્શ્યો સુધ્ધાં કેમ નહીં? એટલા માટે કે તે શરીરથી જ નહીં, હૃદયથી પણ શુદ્ધ હતાં. એ સમયે કાપડ વિલાયતથી આવતું ન હતું, વિલાયતી વસ્ત્રો પહેરાતાં ન હતાં. બધી સ્ત્રીઓ રેંટિયો કાંતતી અને ખાદી પહેરતી હતી. વિદેશી કપડાંથી સૌંદર્ય વધતું નથી. મન અને શરીરને પવિત્ર બનાવવાં એ જ સાચું સૌંદર્ય છે. મન અને શરીરને પવિત્ર રાખનારી સ્ત્રી જ પૂજ્ય બની શકે છે. આથી, બહેનો, તમે ખાદી પહેરો, રેંટિયો કાંતો અને પવિત્ર બનો. પોતાનાં પુત્રપુત્રીઓને પણ ખાદી પહેરાવી શુદ્ધ બનાવો. તમારે મને કંઈ ફાળો આપવો હોય તો તે ખાદીના કામ માટે આપો.

બીજી વાત મારે કહેવી છે તે સ્વામી શ્રદ્ધાનંદજીના મૃત્યુ સંબંધી છે. તેઓ મર્યા નથી, આપણા હૃદયમાં જીવતા છે. તેઓ વીર હતા. એમનો આત્મા મહાન હતો. આજે આપણે ગંગાસ્નાન કરી એમને શ્રદ્ધાંજલિ આપી ઈશ્વરને પ્રાર્થના કરી કે એમનું કાર્ય આપણે કરી શકીએ એ માટે તે એમના ગુણો આપણને પણ બક્ષે.

[મૂળ હિન્દી]

आज, १२–१–१९२७

૧. આ સભા હિંદુ સ્કૂલના કાશીનરેશ હૉલમાં ભરાઈ હતી.

Gandhi Heritage Portal

# ૨૩૦. બનારસની જાહેર સભામાં ભાષણ

જાન્યુઆરી ૯, ૧૯૨૭

પોતાને આપાયેલા માનપત્ર માટે મ્યુનિસિપલ બોર્ડનો આભાર માની મહાત્માજીએ કહ્યું :

હું મારું નવું કાર્ય કાશીથી શરૂ કરું એમ સૂચવવામાં આવ્યું છે. પણ દિલગીર છું કે કોઈ નવો કાર્યક્રમ બતાવવા હું અહીં આવ્યો નથી અને મને કોઈ નવાં કામની ખબર પણ નથી. નવો કાર્યક્રમ જાણવા માટે અહીં આવ્યા હશે તેઓ નાઉમેદ થશે એનું મને દુ:ખ છે. જે વાતમાં લોકોનું ભલું થાય એમ મને લાગે છે તે હું તેમની સામે મૂકું છું. આપણા હિંદુસ્તાનમાં જેટલી કંગાલિયત અને ગરીબાઈ છે એટલી દુનિયામાં ક્યાંય નથી. ગરીબોને કામ જોઈએ. ખેડૂતોને ચાર મહિના પૂરતું કામ જોઈએ. ગરીબોને પૈસા વહેંચવાથી આપણો હેતુ સરશે નહીં. એનાથી તો એ ભિખારી બની જશે. એમને માટે તથા ખેડૂતોને માટે સૌથી સારું કામ રેંટિયો છે. એનાથી ચડિયાતો અને વધુ સહેલો ધંધો મને હજી સુધી કોઈએ દેખાડ્યો નથી. આથી, મારી તમને સૌને વિનંતી છે કે સભા પૂરી થયા પછી તમે સૌ ખાદી પ્રદર્શન જોઈ આવજો. એ જોયા પછી તમને કેટલી સરસ ખાદી તૈયાર થાય છે તે સમજાશે. ખાદીના કામમાં લોકોની મદદ મળે તો આનાથી દસગણું કામ થઈ શકે.

આપણા હૃદયમાં ઈશ્વરનો વાસ છે. એને પૂછીએ તો જણાશે કે ગરીબોના હાથથી બનેલું કાપડ પહેરવું એ આપણું કર્તવ્ય છે. પરદેશી લોકો તો પોતાનો માલ ખપાવવા આપણને મફતને ભાવે કાપડ આપી શકે છે. જે લોકો ગરીબોને માટે બે પૈસા વધુ દેતાં અચકાય છે તે સાચા હિંદુ કે પાક મુસલમાન હોઈ શકતા નથી. જેઓ ગરીબોને મદદ કરી શકતા નથી તેમનું ઈશ્વરનું નામસ્મરણ નકામું છે.

હું બંગાળી ટોલા અને હિંદુ સ્કૂલની સ્ત્રીઓની સભામાંથી આવું છું. સ્ત્રીઓએ કાંઈક ફાળો આપ્યો છે. એમણે ઘરેણાં પણ ઉતારી આપ્યાં છે. અહીં પણ બહેનો હાજર છે. એમને કહું છું કે તમે સીતાજીના જેવાં પવિત્ર બનો. એમની અગ્નિપરીક્ષા થઈ, એમણે અગ્નિમાં પ્રવેશ કર્યો ત્યારે એ સળગી ગયાં નહીં, અગ્નિ એમને સ્પર્શી જ શક્યો નહીં. સીતાજીના શરીરને વિદેશી વસ્ત્રે અભડાવ્યું ન હતું. સીતાજી અને એમની દાસી રેંટિયો ચલાવતાં હતાં. સીતાજીના યુગમાં સૂતર કંતાતું અને એમાંથી વણાયેલું વસ્ત્ર લોકો પહેરતા હતા. સ્ત્રીઓને રેંટિયો ચલાવવા અને ખાદી પહેરવા વિનંતી કરું છું.

અત્યારે મને પૂછવામાં આવે છે કે હિંદુમુસ્લિમ પ્રશ્નની બાબતમાં હું કેમ ચૂપ રહું છું? આ પ્રશ્ન આપણા હાથમાંથી સરી ગયો છે. આજે સ્વામી શ્રદ્ધાનંદજીને જલાંજલિ આપવાનો દિવસ છે. આજે એમના આત્મા સાથે આપણે એકતા સાધીએ. એક ભાઈ પાગલ બની ગયો અને એણે એમની હત્યા કરી. હકીકતમાં, એમનું મૃત્યુ થયું નથી, તેઓ હજી જીવે છે. એ આદમી પાગલ થઈ ગયો ન હોત તો આ ઘટના ન બનવા પામત. આ બનાવની પાછળ અનેક લોકો છે એમ જણાવતા પત્રો મને મળી રહ્યા છે. હું એમને જાણતો નથી. પણ આટલું જાણું છું કે એમની હત્યા કુરાનની વિરુદ્ધ છે. શ્રદ્ધાનંદજી મુસલમાનોના દુશ્મન હતા એમ હું માની શકતો નથી. એમની બધી વાતો સાથે હું સંમત નહોતો, તોપણ હું કેટલીયે વાર કહી

Gandhi Heritage Portal

ચૂક્યો છું કે મુસલમાનો સ્વામી શ્રદ્ધાનંદજી, માલવિયાજી અને લાલાજીને દુશ્મન ન સમજે. સૌને પોતાના વિચાર સ્વતંત્ર રીતે અને નિર્ભયતાથી પ્રગટ કરવાનો અધિકાર છે. સ્વામીજી બધા જીવો પ્રત્યે દયા રાખનાર હતા. હવે તો અછૂતોની સાથે વધુ માણસાઈભર્યો વ્યવહાર થવા લાગ્યો છે. એ સંબંધમાં આપણે ઠીક ઠીક આગળ વધ્યા છીએ અને પ્રગતિ કરી છે. સ્વામી શ્રદ્ધાનંદજીએ આરંભથી જ આ પ્રશ્ન અંગે કામ કર્યું છે. અછૂતોદ્ધાર એમના કાર્યનું મુખ્ય અંગ હતું. હવે હિંદુ અને મુસલમાન પોતાનાં દિલ સાફ કરે એ સમય આવી ગયો છે. ઈશ્વર તો જ પ્રસન્ન થશે. સ્વામીજીના આત્માને રાજી કરવાનો ઉપાય એ જ છે કે એમના અછૂતોદ્ધારના કામમાં તમે સૌ મદદ કરો.

હિંદુઓને મારે એ કહેવાનું છે કે તેઓ અસ્પૃશ્યતાનું કલંક ધોઈ નાખે. એ જ સાચી શુદ્ધિ થઈ પડશે. તેઓ વેર વાળવાનો ભાવ મનમાં ન લાવે. તેઓ જો એવો વિચાર કરશે તો શ્રદ્ધાનંદજીના આત્માને દુ:ખ થશે અને એ હિંદુ ધર્મને માટે કલંકની વાત થઈ પડશે. ગાંડપણનો જવાબ ગાંડપણ ન હોઈ શકે. હિંદુઓને મારી પ્રાર્થના છે કે તેઓ બદલો લેવાનો પ્રયાસ ન કરે, એવો વિચાર પણ ન સેવે. એમ કરવું સ્વામી શ્રદ્ધાનંદજીના આત્માને દુ:ખ દેવા બરાબર જ થાય.

મુસલમાનોને મારું કહેવું એ છે કે એક પણ મુસલમાન એવો ન નીકળે જે પોતાના ઘરમાં બેસી સ્વામી શ્રદ્ધાનંદજીના ખૂનની વાતને પસંદ કરતો હોય. 'કુરાન'માં આવી વાતનું સમર્થન ખચીત નથી મળી શકતું. આપણે સૌ હિંદુસ્તાનને સ્વતંત્ર કરવા ઈચ્છતા હોઈએ તો આપણે આપણાં દિલ સાફ કરવાં રહ્યાં.

[મૂળ હિન્દી]

आज, १२–१–१९२७

## ૨૩૧. મીરાંબહેનને પત્ર

બનારસ અથવા કાશી,
જાન્યુઆરી ૧૦, ૧૯૨૭[1]

फरी वांच्यो नथी.

ચિ. મીરાં,

તારો કાગળ મળ્યો. એક જ કાગળ હતો કે વધુ? સ્ટેશન પર જવાનો વખત થઈ ગયો છે ત્યાં ઉતાવળો ઉતાવળો આ કાગળ લખી રહ્યો છું.

તું જુદા જુદા અનુભવો લઈ રહી છે એ જાણી હું ખુશ થયો છું. તું તારી તબિયત સાચવે અને માનસિક શાંતિ જાળવે ત્યાં સુધી હું ગુસ્સે નહીં થાઉં. બાકી બધું આપણે ભૂલ કરતાં કરતાં શીખીએ છીએ. તારી ભૂલો મારી નજરે ચડી છે એમ કહેવાની મારી મતલબ નથી. પણ ભૂલ થવાના સંભવને વિશે જે જાગ્રત છે તેને માટે ભૂલ સુધારવાની તત્પરતા એ મોટા ભાગના દાખલાઓમાં પૂરતું પ્રાયશ્ચિત્ત અને મારણ છે.

૧. ટપાલની છાપ પરથી.

Gandhi Heritage Portal

કાશીમાં મને તરેહ તરેહના અનુભવો થયા પણ એ વર્ણવવા માટે સમય જ ક્યાં છે?

સસ્નેહ,

બાપુ

[મૂળ અંગ્રેજી]

મૂળ પત્ર પરથી : સી. ડબલ્યુ. ૫૧૯૬; શ્રીમતી મીરાંબહેનના સૌજન્યથી

## ૨૩૨. આશ્રમની બહેનોને પત્ર

કાશી,

મૌનવાર, પોષ સુદ ૬ [જાન્યુઆરી ૧૦, ૧૯૨૭][1]

બહેનો,

ચિ. રાધાએ લખેલો કાગળ મને કાલે જ મળ્યો. તમારી સાત વાગ્યાની પ્રાર્થના નિયમસર ચાલ્યા કરે છે અને તેમાં સહુને રસ આવે છે એમ જોઉં છું, ને રાજી થાઉં છું. કાકાસાહેબનું કહેવું ધ્યાનમાં રાખવા જેવું છે જ. 'હા' કે 'ના' કહીને બેસવા કરતાં તેનાં કારણો સમજવાની ને સમજાવવાની શક્તિ આપણે કેળવવી જોઈએ.

ગઈ કાલે શ્રદ્ધાનંદજીને સારુ શ્રદ્ધાંજલિનો દિવસ હતો. પં. માલવિયાજી હાલ કાશીજીમાં જ છે. તેમણે છેક વખત થયો ત્યારે જ કહેવરાવ્યું કે ગંગાઘાટ નાહવા જવાનું ને ત્યાં અંજલિ આપવાની છે. હું તૈયાર થઈ ગયો ને રાષ્ટ્રીય વિદ્યાપીઠના વિદ્યાર્થી મને મળવા આવ્યા હતા તેમને સાથે લીધા. બબ્બેની હાર કરી અમે નીકળી પડ્યા. માલવિયાજી જોડાઈ ગયા અને અમારું સરઘસ વધતું ગયું. ગંગાઘાટનું વર્ણન આપવાનો તો મને સમય નથી. એ દૃશ્ય ભવ્ય છે. ઘાટ ઉપર હું ઇચ્છું એટલી ચોખ્ખાઈ નથી.

સ્નાન કરી અમે કાશીવિશ્વનાથને દર્શને ગયા. ત્યાંનું બીજું વર્ણન તો કદાચ મહાદેવ આપશે. જર્મન બહેન અમારી સાથે હતાં. તેને દાખલ થવા દેશે કે નહીં એ વિશે શંકા હતી. એ બાઈ બૌદ્ધ છે એટલે હિંદુ ગણાય. તેને કેમ કોઈ રોકી શકે? તેને રોકે તો મારે ન જવું એમ મેં ધારી રાખ્યું હતું. તે પણ હિંદુ છે એમ પંડ્યાને જણાવતાં તે ચૂપ થઈ ગયા.

કાશીવિશ્વનાથની ગલીની ગંદકીની તો શી વાત લખું?

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : જી. એન. ૩૬૩૪; તથા બાપુના પત્રો – ૧ : આશ્રમની બહેનોને પા. ૮

૧. અહીં પોષ સુદ ૭ જોઈએ. તે દિવસે સોમવાર હતો.



Gandhi Heritage Portal

## ૨૩૩. મણિલાલ ગાંધીને પત્ર

કાશી,
સોમવાર [જાન્યુઆરી ૧૦, ૧૯૨૭][1]

ચિ. મણિલાલ,

તમારો કાગળ મળ્યો. તે બા ભલે વાંચે. હજુ તો નથી વંચાવ્યો પણ વંચાવવા ધારું છું. તમે રૂપિયા દસ પણ ન આપ્યા હોત તો હરિલાલ ઉપર ઉપકાર થાત. પણ તમે આપ્યા તેની ચિંતા નથી. એને હું મોટી ભૂલ નથી ગણતો. ઘણી વાર કઠોરતા એ જ ખરી દયા બને છે અને કોમળતા નિર્દયતાનું કામ કરે છે. જો આખું જગત હરિલાલ તરફ શુદ્ધ હૃદયથી કઠોર બને તો હમણાં તેની આંખ ઊઘડે. પણ બધા દોષોથી ખરડાયેલા છીએ તેથી શુદ્ધ કઠોરતા કેળવી નથી શકતા. આપણે પોતે દયાને પાત્ર હોઈ ખોટી દયા બીજા પ્રત્યે ખાઈએ છીએ. દસ રૂપિયા આપ્યા વિશે તમને ઠપકો નથી આપતો પણ જ્ઞાન આપું છું. હજુ તમારે કસોટીઓ તો આવશે જ.

તમારી તજવીજ કરી જ રહ્યો છું. તમે નિશ્ચિંત રહેજો. પણ લાયક થજો. એક પળ પણ નિરર્થક ન ગાળજો. શક્તિ હોય તો यंग इन्डिया સારુ કે नवजीवन સારુ ઈસ્ટ આફ્રિકા બાબત લેખ લખી મને તુરત મોકલજો.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૧૧૧૮; સુશીલાબહેન ગાંધીના સૌજન્યથી

## ૨૩૪. મીરાંબહેનને પત્ર

જાન્યુઆરી ૧૦, ૧૯૨૭

ચિ. મીરાં,

હકીમજી સાથેની સહેલગાહ વર્ણવતો તારો પત્ર મળ્યો. બ્રજકિશનને ત્યાં ભોજનમાં તેં સારી સારી વાનીઓ ચાખી અથવા હકીમજીને ત્યાં પાન ખાધું એની મને કશી ચિંતા નથી. હકીમજીએ તને પાન ખાવાને લલચાવી એ વસ્તુ મને કઠે છે. એ ખરાબ વસ્તુ છે અને તેમણે તને એ આપવું જોઈતું નહોતું. પણ મતભેદ વર્તે છે. દેખીતી રીતે જ હકીમજી એને નિર્દોષ વસ્તુ લેખે છે. આમ છતાં એ વાનીઓ તથા પાન ખાવાના સમર્થનમાં તેં રજૂ કરેલી દલીલો મારા મત પ્રમાણે ભૂલભરેલી છે. માણસને જેની જરૂર નથી અથવા જે લેવા તે ચાહતો નથી એનો સ્વાદ તેણે શાને જાણવો જોઈએ? હરેક પ્રકારના દોષનું સમર્થન કરવા માટે

૧. ૧૦-૧-૧૯૨૭ ને સોમવારને દિવસે ગાંધીજી બનારસમાં હતા.

Gandhi Heritage Portal

એ જ પ્રકારની દલીલો થતી આવી છે એ તું જાણે છે ખરી? પેલી વારંવાર ટાંકવામાં આવતી નિષિદ્ધ ફળની જ એ વાત છે. જે લેવાની કે જેનો સ્પર્શ કરવાની મને મનાઈ કરવામાં આવી હોય તેનો સ્વાદ મારે કેમ ન જાણવો? પણ તારે ચિંતા ન કરવી. મારી વાત તને ન સમજાતી હોય તો તારે ધીરજપૂર્વક એની સામે દલીલો કરવી. મારી વાત જો તને સમજાતી હોય તો ભવિષ્યમાં તને એ ચેતવણીરૂપ નીવડશે. પણ એ આત્મનિંદામાં ન પરિણમવી જોઈએ. એમ કરવાને કશું કારણ નથી. એ બાબત મામૂલી છે. પણ મામૂલી બાબતોમાં જીવલેણ શકયતાઓ રહેલી હોય છે. એટલા માટે જ વડીલની આ ચેતવણી.

હવે કન્યા ગુરુકુળની તારી સમીક્ષા વિશે. વિદ્યાવતીને એ વિશે તેં વાત કરી હશે. આચાર્ય રામદેવ અને આચાર્ય સેઠી સાથે તારે એ વિશે મુક્તપણે ચર્ચી લેવું જોઈએ. આચાર્ય રામદેવ તેના માર્ગદર્શક છે અને વાત તેને ગળે ઊતરે તો તત્કાળ સુધારો થઈ શકે એમ છે. તારા પત્રમાંથી એ અંગેનો ભાગ તેમને લખી મોકલવા માગું છું. એથી તારી સ્થિતિ સાવ ચોખ્ખી થશે. અસ્વચ્છતા અને ગેરશિસ્ત જવાં જ જોઈએ. મુસ્લિમવિરોધી લાગણી દૂર કરાવવી વધુ મુશ્કેલ છે. પણ તારે તારી ફરજ બજાવવી રહી. આપણું ચાલે તો નાની કન્યાઓનાં મનને કલુષિત કરવાં ન જોઈએ. પણ આ બધી વાતો કરતી વેળા તારી મર્યાદાઓ પણ યાદ રાખજે. તું ત્યાં હિંદી શીખવા અને નિરીક્ષણ કરી અનુભવ મેળવવા ગઈ છે, સુધારવા કે શીખવવા નહીં. તારા વિચારો રજૂ કરે તો તે પ્રસંગવશાત્ અને માત્ર સૂચન લેખે હોય, જે સ્વીકારાય તોય ઠીક, ન સ્વીકારાય તોય ભલે. બાકી તો તારું પોતાનું વર્તન જ સુધારા માટેનો પૂરતો પ્રયત્ન છે.

ચાલતી ગાડીમાં મારા મૌન દરમ્યાન હું આ લખી રહ્યો છું. મૌન નવ વાગ્યે છૂટશે.

પ્યાર સાથે,

બાપુ

[તા.ક.]

હા, તકલી કાંતવાનું નિરીક્ષણ કરવા તું પાછી દિલ્હી જાય ત્યારે બ્રજકિશનને ત્યાં ઊતરી શકે છે.

[તા.ક.]

મારા અક્ષરો તને ઊકલે છે કે?

[મૂળ અંગ્રેજી]

મૂળ પત્ર પરથી : સી. ડબલ્યુ. ૫૧૯૫; શ્રીમતી મીરાંબહેનના સૌજન્યથી

Gandhi Heritage Portal

## ૨૩૫. નાનાભાઈ મશરૂવાળાને પત્ર

ટ્રેનમાં,

સોમવાર [જાન્યુઆરી ૧૦, ૧૯૨૭][૧]

ભાઈશ્રી ૫ નાનાભાઈ,

તમારો કાગળ મળ્યો. મને લાગે છે કે દાસ્તાનેની માગણી બરોબર છે. આ વેળા હું ઉઘરાણીને અર્થે ફરું છું. એટલે મુખ્યત્વે ત્યાં જ જવું જ્યાં ઉઘરાણીની આશા હોય. પણ અકોલા તો મુસાફરીમાં હશે જ એમ હું માનું છું. જ્યાં તમારા જેવા ખાદીભક્ત હોય ત્યાં ન જવાપણું ન હોય. પહેલાં તો તમે લખો છો તે ભાવ સારુ ફરતો. આ ભેદ ન સમજાયો હોય તો ફરી પૂછશો. બહેન ગોમતીને[૨] તાવ ઊતરી ગયો હશે ને કિશોરલાલ હવે તો ગયા હશે.

બાપુના આશીર્વાદ

શ્રીયુત નાનાભાઈ ઈચ્છારામ મશરૂવાળા
અકોલા ડિસ્ટ્રિક્ટ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી: સી. ડબલ્યુ. ૪૩૧૯; શ્રી કનુભાઈ મશરૂવાળાના સૌજન્યથી

## ૨૩૬. ગંગાબહેન વૈદ્યને પત્ર

[જાન્યુઆરી ૧૦, ૧૯૨૭ પછી][૩]

ચિ. ગંગાબહેન,

ભૂલો થાય તેથી ગભરાવાનું નથી. પ્રયત્ન કરતાં તેની મેળે [ભૂલો] દૂર થશે.

જેનું મન નિરંતર પરોપકારમાં રહે છે તેને આત્મિક ઉન્નતિ સહેલથી મળે છે. તમે તો કર્યા કરો છો એટલે બધું કુશળ જ છે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૮૭૦૪; ગંગાબહેન વૈદ્યના સૌજન્યથી તથા બાપુના પત્રો – ૬: गं स्व. गंगाबहेनने, पा. १०

૧. ટપાલની છાપમાં ૧૩-૧-૧૯૨૭ની તારીખ છે. જાન્યુઆરીની ૧૦મીએ સોમવાર હતો.
૨. કિશોરલાલ મશરૂવાળાનાં પત્ની.
૩. ૧૦-૧-૧૯૨૭ના ગંગાબહેને લખેલા પત્રના જવાબમાં આ પત્ર લખાયો હતો.

Gandhi Heritage Portal

## ૨૩૭. મૈસૂરની ગોરક્ષા સમિતિને પત્ર

આશ્રમ,
સાબરમતી,
જાન્યુઆરી ૧૧, ૧૯૨૭

ભાઈશ્રી,

૨૭ નવેમ્બર, ૧૯૨૬ના તમારા પત્રની પહોંચ લાંબા વખતથી લખી ન શકવા બદલ મારે તમારી માફી માગવાની છે. તમારો પહેલો પત્ર મળી ગયો હતો પણ મેં એને તદ્દન ઔપચારિક માન્યો અને મારે કશું ખાસ કહેવાનું ન હતું, એટલે જવાબ વાળેલો નહીં. પણ તમારા બીજા પત્રથી જણાય છે કે તમે મારો અભિપ્રાય જાણવા ઉત્સુક હતા, પણ એ પત્ર મને મળ્યો ત્યારે હું કામમાં એવો દટાયેલો હતો કે મારા વિચારો વ્યવસ્થિત કરી તમને ચોકસાઈભર્યો ઉત્તર લખવા જેટલો સમય મને ન હતો. અત્યારે પણ આ ઉત્તર મારા બિહારના પ્રવાસ દરમિયાન લખી રહ્યો છું. આશા છે કે આ હકીકતને તમે મારી ઉત્તર આપવામાં થયેલી ઢીલનું વાજબી કારણ ગણશો. હવે કદાચ એનો કોઈ ખપ રહ્યો નહીં હોય, તેમ છતાં મારા મનને એમ કહીને મેં સંતોષ મનાવ્યો કે પ્રથમ તમને ઉત્તર ન લખવામાં અને હવે એ બહુ મોડો સાબિત થયો એવે ટાણે એનો ઉત્તર લખવામાં મારા મનમાં કોઈ અવિનયનો ભાવ નહોતો.

હું ધર્મની બાબતમાં રાજ્ય સરકારની દખલની વિરુદ્ધ છું અને ભારતમાં ગાયનો પ્રશ્ન ધર્મ અને અર્થશાસ્ત્રનો મિશ્ર પ્રશ્ન છે. અર્થતંત્ર પૂરતી ઢોરની સંખ્યા જાળવી રાખવી એ હિંદુ કે મુસલમાન કોઈ પણ રાજ્યનો ચિંતાનો વિષય છે એમાં મને શંકા નથી. પણ જો તમારી પ્રશ્નાવલિને હું બરાબર સમજ્યો હોઉં તો એનો આશય એ જાણવાનો છે કે રાજ્યને માટે હિંદુમુસલમાનોની વચ્ચે પડવાનું અને મુસલમાનો જેને ધાર્મિક ગણે છે એવા હેતુઓ માટે પણ ગોવધ માટે નિયમો કરવાનું વાજબી ગણાય કે કેમ. જેને હું તેમાં જન્મેલા હિંદુઓના જેટલી જ મુસલમાનો, ખ્રિસ્તીઓ અને બીજાઓની પણ માતૃભૂમિ ગણું છું તેવા ભારતમાં, ખાનગીમાં અને હિંદુઓને ઉશ્કેરવાના કે તેમની લાગણી દુભાવવાના કોઈ પણ આશય વિના ગોવધ થતો હોય, તો કોઈ હિંદુ રાજ્યથી પણ, તેની પ્રજાનો કોઈ વર્ગ જેને ધાર્મિક માનતો હોય એવા હેતુથી કરવામાં આવતી ગાયની કતલ સામે એ વર્ગના બુદ્ધિશાળી લોકોની બહુમતીની સંમતિ વિના પ્રતિબંધ મૂકી ન શકાય. ગોવધની ખબર પડે કે તરત હિંદુઓની લાગણી દુભાય એ અનિવાર્ય છે. પણ કમનસીબે આપણે જાણીએ છીએ કે ભારતમાં ઘણી વાર હિંદુઓની લાગણીની અવગણના કરવા અને તેને દૂભવવા ગોવધ થતો હોય છે. પોતાની પ્રજા માટે જરા જેટલીયે દરકાર હોય એવા દરેક રાજ્યે એ બંધ કરાવી દેવો જોઈએ. પણ મારા અભિપ્રાય મુજબ ગાયના પ્રશ્નની આર્થિક બાજુને બરાબર હલ કરવામાં આવે તો એની નાજુક ધાર્મિક બાજુનો આપોઆપ નિકાલ થઈ જાય એવું છે. ગોવધ આર્થિક દૃષ્ટિએ અશક્ય બની જાય એમ કરવું જોઈએ, કરી શકાય તેમ છે. પણ દુર્ભાગ્યે, આખી દુનિયામાં નહીં પણ ભારત જેવા દેશમાં જ હિંદુઓનું પવિત્ર મનાતું આ પ્રાણી જ કતલ માટે સૌથી સસ્તું પ્રાણી બની ગયું છે. આને માટે હું નીચેનાં સૂચનો કરું છું:

Gandhi Heritage Portal

(૧) ખુલ્લા બજારમાં વેચાવા આવેલાં ઢોરને બીજા ખરીદનારાઓ કરતાં વધુ દામ આપીને રાજ્ય જ ખરીદી લે.

(૨) લોકોને સસ્તું દૂધ પૂરું પાડવા રાજ્ય મુખ્ય મુખ્ય નગરોમાં ડેરીઓ ચલાવે.

(૩) રાજ્ય ટૅનરીઓ ચલાવે, જ્યાં પોતાની માલિકીનાં બધાં મૂએલાં ઢોરનાં ચામડાં, હાડકાં, વગેરેનો ઉપયોગ થાય અને બધાં ખાનગી માલિકીનાં મૂએલાં ઢોરને પણ તે ખુલ્લા બજારમાં ખરીદી લે.

(૪) રાજ્ય આદર્શ ઢોરઉછેર ફાર્મ રાખી લોકોને ઢોર પાળવાનું અને ઢોરઉછેરનું શિક્ષણ આપે.

(૫) રાજ્ય આટલી બાબતની ઉદાર વ્યવસ્થા કરે. . . .[૧]

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૨૬૬૭

## ૨૩૮. એ. સી. સી. હાર્વેને પત્ર

આશ્રમ,
સાબરમતી,
જાન્યુઆરી ૧૧, ૧૯૨૭

પ્રિય મિત્ર,[૨]

તમારો નાતાલદિને લખેલો પત્ર મારા પ્રવાસમાં મારી પાછળ પાછળ ફરતો રહ્યો અને આજે જ મારા હાથમાં આવ્યો. મને જનરલ ડાયર અથવા સર માઈકલ ઓડવાયર પ્રત્યે પણ મનમાં કોઈ વિરોધ નથી એ મારા શબ્દો માનવા વિનંતી છે.[૩] એ બંને તો અમૃતસરમાં મેં સહયોગની હિમાયત કરી ત્યારે મને જેની જાણ ન હતી એવા એક જડ ઘાલી ગયેલા વ્યાધિનાં સંતાન અને લક્ષણો હતાં. મારી દલીલમાં જે કંઈ બળ હતું તે એની પાછળની મારી પ્રામાણિક માન્યતાનું હતું. રૉલેટ કાયદા અને પછીના બનાવોએ મારી આંખ ઉઘાડી નાખી હોઈ હવે હું અમૃતસર વખતનો ઉત્સાહ મારામાં લાવી શકું તેમ રહ્યું નથી. મારો વિશ્વાસ હલી ઊઠયો છે. એ પાછો આવે એમ ઘણું ઇચ્છું છું, પણ તેમ થાય એવું કશું બન્યું નથી. કોઈ વ્યક્તિ કે પગલાંમાં અવિશ્વાસ રાખતાં મને આનંદ થતો નથી. પણ જોતો હોઉં એ હકીકતો પ્રત્યે હું આંખ મીંચું તો ખોટો ઠરું. અંધકારની માફક અસહકાર, ભગવાનની યોજનામાં એક મહત્ત્વની

૧. પત્ર અધૂરો છે.

૨. એ. સી. સી. હાર્વે ૧૯૧૯–૨૦માં અમૃતસરની ખાલસા કૉલેજના સ્ટાફ પર હતા. ગાંધીજી એ સંસ્થામાં ગયા ત્યારે તે એમને મળ્યા હતા (એસ. એન. ૧૨૦૯૪).

૩. હાર્વેએ ૨૧મા ડિસેમ્બરની મુંબઈની એક સભાનો ઉલ્લેખ કર્યો હતો જેમાં સર ચીમનલાલ સેતલવાડ અને ઝીણાએ અમૃતસરવાળી નીતિ ફરી અપનાવવા આગ્રહ કર્યો હતો. ગાંધીજીએ અમૃતસરની કૉંગ્રેસ વેળા સહયોગ અને વિનીત નીતિની હિમાયત કરી હતી એની યાદ આપી હાર્વેએ લખ્યું હતું: "સરકાર તરફથી જે કંઈ થઈ રહ્યું છે તેના કરતાં વધારે ખરાબ વસ્તુઓ રાષ્ટ્રવાદીઓ તરફથી થાય છે."

Gandhi Heritage Portal

હકીકત છે એમ મને લાગે છે. અસહકાર ન હોય તો સહકાર જેવી કોઈ વસ્તુ સંભવે નહીં.[૧] આપણે જો સારાં કામો કરવામાં સહકાર આપતા હોઈએ તો આપણે ખરાબ કામમાંથી તે પાછો ખેંચી લેવો જોઈએ. ભારતનો હાલનો બ્રિટિશ રાજ્ય વહીવટ એકંદરે સારો નહીં પણ ચોક્કસપણે ખરાબ છે એમ હું માનું છું. એની લશ્કરી નીતિ તથા મહેસૂલ નીતિ જેમાં દારૂ અને કેફી પદાર્થોનો નિંદ્ય વેપાર પણ આવી જાય છે તેને લીધે, તથા ભારતની પ્રજા કરતાં અંગ્રેજોનાં હિતોને જ અપાતી પસંદગીને લીધે આ દુર્ભાગી દેશની નૈતિક તથા ભૌતિક અધોગતિ થતી રહી છે. દેશ પ્રત્યે થઈ રહેલા આ ઘોર અન્યાયની અંગ્રેજ પ્રજાને ખબર નથી અને આપણે અજ્ઞાનથી, દંભથી કે નબળાઈથી પણ એમને સહકાર આપવો ચાલુ રાખીશું તો એને કોઈ કાળે ખબર પડવાની નથી. આથી સશસ્ત્ર બળવાનો એકમાત્ર વિકલ્પ અસહકાર જ છે. સમજાવટ અને ચર્ચાથી હેતુ સરે એમ છે એવું સૂચવાયું છે. પણ બહોળા અનુભવથી મારો એવો મત બંધાયો છે કે એક પ્રજાને સમજાવવાના પ્રયાસમાં ચર્ચાને બહુ મર્યાદિત અવકાશ છે. ઊંડી વાતોમાં દલીલો સાવ નકામી નીવડે છે. પણ મારા વલણમાં હું ખૂબ જ મક્કમ છું. છતાં તમને ખાતરી આપું કે મારો અસહકાર આખરે સહકારની પરિસ્થિતિ ઊભી કરવા માટે જ યોજાયો છે. મારે તમને એ ખાતરી આપવાની ભાગ્યે જરૂર હોય કે. . . . .[૨]

એ. સી. સી. હાર્વે,
ગવર્નમેન્ટ ઇન્ટરમીડિયેટ કૉલેજ
લુધિયાણા
[પંજાબ]

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૨૮૦૪

## ૨૩૯. એક પત્ર[૩]

આશ્રમ,
સાબરમતી,
જાન્યુઆરી ૧૨, ૧૯૨૭

ભાઈશ્રી,

તમારા પત્રની યંગ ઇન્ડિયામાં ચર્ચા કરવા માગતો નથી, કારણ, તમને નડી છે એવી મુશ્કેલી સામાન્ય વાચકને નથી એવો મારો ખ્યાલ છે. હું હજારો સૂક્ષ્મ જંતુઓની હિંસા કરું

૧. "વિશ્વધર્મની દૃષ્ટિએ" અસહકારની નીતિ સાચી નથી એવી ટીકા કરીને હાર્વેએ "લૉર્ડ રીડિંગ, અને લૉર્ડ ઈરવિન જેવા પુરુષોએ પોતાના દાખલાથી સાચી રીતે દેખાડેલાં દૃષ્ટિબિંદુઓ શાંતિથી, સહૃદયતાથી અને સમજવાની વૃત્તિથી, 'સહકારની નીતિની' — મૈત્રીભરી ચર્ચાની, અને નિખાલસપણે બધું વિચારી લેવા 'હળવામળવા'ની ભલામણ કરી હતી". વધુમાં હાર્વેએ અસહકારની નીતિને એકલી નકારાત્મક અને તેથી વંધ્ય જ નહીં, 'એકલી રાજકારણી રીતે ખોટી જ નહીં' પણ "અધાર્મિક અને ઈશ્વરની ઇચ્છાની વિરુદ્ધની" તરીકે વર્ણવી હતી. "આપ આ શબ્દો પર વિચાર કરશો, જેથી આપ સાચી દોરવણી આપવાના કામમાં એમને મદદગાર બની શકો" એવી અપીલ હાર્વેએ કરી હતી (એસ. એન. ૧૨૦૯૪).

૨. પત્ર મૂળમાં અહીંથી અધૂરો છે.

૩. કોના પર લખાયો છે તે જાણી શકાયું નથી.

Gandhi Heritage Portal

છું એ જાણવા છતાં એવી હિંસાની જરૂરમાંથી મુક્ત થવા સતત ઝંખતો હોઉં અને એવી હિંસાનો દરેક પ્રસંગ ટાળતો હોઉં, તો હું મને પોતાને ચોક્કસ અહિંસાનો ભક્ત કહું. જન્મ-મરણ રૂપી દેહના બંધનમાંથી મુક્તિની મારી ઝંખના એટલા ખાતર જ છે. આ જીવન જીવવાના મારા ઇનકારથી આ યાતનાનો અંત આવી જતો નથી. પણ વિદ્યમાન દેહ છોડ્યા પછી બીજો દેહ ધારણ કરવાનો ઇનકાર એક સિદ્ધ થઈ શકે એવી સંભવિત વસ્તુ છે.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૨૮૦૫

## ૨૪૦. ધનબાદમાં ભાષણ[૧]

જાન્યુઆરી ૧૨, ૧૯૨૭

તેમણે જણાવ્યું કે બાબુ રાજેન્દ્રપ્રસાદને ખરાબ મોસમ વિશે પુછાવતાં મને જાણવા મળ્યું છે કે આ પ્રાંતમાં શિયાળામાં પણ વરસાદ આવે એ અસામાન્ય બનાવ નથી. કેટલેક અંશે એ જરૂરી પણ છે. વરસાદને લીધે તમને સૌને પુષ્કળ મુશ્કેલીઓ પડી છે એ હું જાણું છું, પણ એમ તો મને પણ એ ઓછી નડી નથી. પણ હું તો બધી જાતની મુશ્કેલીઓ વચ્ચે કામ કરવા ટેવાયેલો છું. મારું જીવન જાત જાતની મુશ્કેલીઓ સાથેના સંગ્રામની જ લાંબી કહાણી છે.

બીજે દિવસે સાંજે છ વાગ્યે પોતે બોલનાર હતા એ સભાની જાહેરાત કરી એમણે પોતાનો અહીં આવવાનો હેતુ સમજાવતાં કહ્યું કે તમે કદાચ જાણતા હશો કે મારો આ પ્રવાસ ખાસ કરીને રેંટિયા અને ખાદીના પ્રચાર માટે જ છે. સ્વરાજ્ય મેળવવા માટે દેશમાં બીજી પ્રવૃત્તિઓને પણ પૂરતો અવકાશ છે, પણ મેં તો રેંટિયો જ પકડ્યો છે. તે એટલા માટે કે તે અપનાવવા સૌ કોઈને, હિંદુઓ અને મુસ્લિમોને, પુરુષો અને સ્ત્રીઓને, આધેડ પુરુષોને અને છોકરાઓને, સવર્ણોને અને અસ્પૃશ્યોને, એકસરખા જોરથી કહી શકાય તેમ છે. રેંટિયો એક સાર્વત્રિક વસ્તુ હોઈ દરેક જણ યથાશક્તિ તે અપનાવી શકે છે. રેંટિયો ચલાવવો એ પ્રત્યેક હિંદીનું પવિત્ર કર્તવ્ય છે. દરેક જણ આ સાર્વત્રિક યજ્ઞમાં ભાગ લે એવી અપેક્ષા રાખી છે. પણ બધાને માટે એ શક્ય ન હોય તો એક કામ તો તેઓ કરી જ શકે! તેઓ ઓછામાં ઓછું ખાદી તો પહેરી જ શકે.

આગળ બોલતાં તેમણે જણાવ્યું કે આખા દેશમાં મોટા પાયા પર ખાદીનું કામ કરવામાં પુષ્કળ પૈસા જોઈએ. એ પૈસા દેશે જ પૂરા પાડવા રહ્યા. સોળેક લાખ તો એકઠા થયા અને વપરાયા પણ છે. એને જ પરિણામે, પહેલાં જે બેકાર હતી એવી ૫૦ હજાર સ્ત્રીઓને અને ૪૦૦૦ જેટલા પુરુષોને કામ મળી શક્યું છે. લૅંકેશાયરના વણકરો સાથેની કાતિલ હરીફાઈને કારણે જે અનેક વણકરોને પોતાનો ધંધો મૂકી દેવો પડ્યો હતો તેમને એ ફરીથી સાંપડ્યો છે, અને રૂ લોઢનારાઓને તથા પીંજનારાઓને પણ મોટી રકમ મળી છે. આમ કાંતણ ગરીબોનું રક્ષણહાર બન્યું છે. મધ્યમ વર્ગને પણ આમાંથી ઘણો લાભ થાય તેમ છે. સરકાર પાસે દીનતાભરી અરજીઓ કર્યા વિના અને શ્રીમંતો પાસે યાચના કર્યા વિના મધ્યમમાર્ગી યુવકો રેંટિયાનો આશરો લઈ પોતાની બેકારીની સમસ્યા સારા પ્રમાણમાં ઉકેલી શકે તેમ છે. આ કામમાંથી તાલેવાન થઈ જવાની અપેક્ષા ન રાખી શકાય, પણ યુવાન વર્ગ ખાદી-કાર્ય ભણી વળી પ્રામાણિક આજીવિકા તો જરૂર મેળવી શકે છે.

૧. સભા એક સ્થાનિક હૉલમાં ભરાઈ હતી.

Gandhi Heritage Portal

વધુમાં તેમણે કહ્યું કે હું જે ફંડમાં ફાળો આપવા સૌને અપીલ કરી રહ્યો છું તેનું નામ છે દેશબંધુ સ્મારક ફંડ. સ્વર્ગસ્થ દેશબંધુની પવિત્ર સ્મૃતિ જાળવવા એ ફંડ શરૂ કરવામાં આવ્યું છે. ખાદી ઉપર એમને ઊંડો ભાવ હતો. પોતે સમજી ગયા હતા કે રેંટિયો આખા દેશ માટે છે અને એમના જીવનનું અધૂરું રહેલું ગ્રામપુનર્ઘટનાનું સ્વપ્ન સાકાર કરવા માટે લોકો પાસે જવાનું પણ તેનાથી જ શક્ય છે. એમના મૃત્યુ પહેલાં થોડા જ દિવસ પહેલાં એમણે ખાદી-કાર્ય માટેના મારા પ્રવાસમાં જોડાવાની ઇચ્છા પ્રદર્શિત કરી હતી. પણ 'આદર્યાં અધૂરાં રહે ને હરિ કરે સો હોય.' પોતાની યોજના પ્રમાણે કામ કરવાનું તેઓ આરંભે તે પહેલાં તો કાળે તેમને ઉપાડી લીધા. એમની છેલ્લી ઇચ્છા પૂરી કરવા માટે અખિલ હિંદ દેશબંધુ સ્મારક ફંડ શરૂ કરવામાં આવ્યું છે. એનો ઉપયોગ અખિલ હિંદ ચરખા સંઘ કરશે. અખિલ બંગાલ દેશબંધુ સ્મારક ફંડ ઇસ્પિતાલ માટે વાપરવા દેવાનું જે સંજોગોમાં નક્કી થયું એ જણાવી તે જ વખતે ગાંધીજીએ ખાદી-કામ સારુ અખિલ હિંદ સ્મારક ફંડનાં નાણાંની અપીલ કરી હતી. દેશબંધુની અંતિમ ઇચ્છા પૂરી કરવા દરેકે પોતાનો ફાળો આપવાનો આ સમય છે. એ ફંડમાં ફાળો આપનાર એક સાથે બે વાનાં સાધી શકે છે: એક તો એમને માટે જીવનાર અને મરનાર દેશબંધુની પવિત્ર સ્મૃતિનું તેઓ ગૌરવ કરશે; અને બીજું કામ એ કે પૈસાથી તેઓ ગરીબોને મદદ કરી શકશે.

આગળ બોલતાં મહાત્માજીએ કહ્યું કે એક વાર ખાદી ખરીદવી એટલે દેશના ગરીબ લોકોને ચાર આના જેટલ મદદ કરવી, જ્યારે પરદેશી કાપડ ઉપર ખર્ચ કરવું એટલે એટલા પૈસા આપણા પોતાના જ ભાંડુઓને અકથ્ય દુઃખ આપીને પરદેશ મોકલવા. ભારતની મિલમાં બનેલું કાપડ ખરીદવાથી પણ ગરીબોને મદદ થતી નથી, કારણ, એનો મોટા ભાગનો નફો તો મૂડીદારોને જ જાય છે અને મજૂરોને તો માંડ ગુજરાન પૂરતો ટુકડો જ તેમાંથી મળતો હોય છે. ભારતની મિલમાં બનેલા કાપડ ઉપર ખરચેલા પૈસાનો પોણો ભાગ મૂડીદારોના છલકાઈ જતા ભંડાર ભરવામાં જાય છે, જ્યારે પૈસાની જેમને જરૂર હોય છે તે મજૂરોને એકંદરે નફાનો પા ભાગ જ જાય છે. દેશની ગરીબાઈને સફળતાથી મિટાવવાનું એકમાત્ર અસરકારક શસ્ત્ર રેંટિયો જ છે.

એ પછી મહાત્માજીએ નાણાં માટે અપીલ કરી. હાજર રહેલી એકેએક વ્યક્તિ આ ઉમદા કાર્ય માટે યથાશક્તિ ફાળો આપે અને પોતાની પાસે તે વખતે ગજવામાં કંઈ ન હોય તો પાછળથી યોગ્ય સ્થળે તે મોકલી આપે એવી માગણી તેમણે કરી હતી. અને એ જ હૉલમાં તેમણે શ્રોતાઓને કાયમ માટે ખાદી પહેરવાની પ્રતિજ્ઞા લેવાનો અનુરોધ પણ કર્યો હતો. એમણે કહ્યું કે હું તમારી પાસે પરદેશી કપડાં હોય તો તે બાળી નાખવા પણ કહું, પણ એટલું બધું કરી ન શકો તો કંઈ નહીં, પણ જરાય આનાકાની વિના આજથી બધાં પરદેશી કપડાંનો બહિષ્કાર તો કરજો જ. ખાદી જ ગરીબોને રોટલો આપી શકે એમ છે એવી ખાતરી થઈ હોવાથી ખાદી મારી જીવનની એક ઉત્કટ ધૂન બની ગઈ છે. લોકો મને ભલે પાગલ કહે, પણ હું એ કામ બીજા કશાને પણ માટે છોડવાનો નથી. આ હૉલમાં હાજર પ્રત્યેક જણ પોતાની શક્તિ પ્રમાણે કંઈક પણ આપો. બીક કે શરમથી આપો એમ હું નથી ઇચ્છતો, કામની ઉદાત્તતા દિલમાં ઉતારીને પોતાની શક્તિ પ્રમાણે કરી છૂટો, એટલું જ કહું છું.

અસ્પૃશ્યતાનો ઉલ્લેખ કરી એમણે કહ્યું કે હિંદુ સમાજ પરનું એ મોટામાં મોટું કલંક છે અને તે વહેલામાં વહેલું ભૂંસી નાખવું ઘટે. હિંદુ ધર્મે કદી એક માણસને બીજાને અસ્પૃશ્ય ગણતાં શીખવ્યું નથી. અસ્પૃશ્યતા પાળીને તો હિંદુઓ પાપ જ કરી રહ્યા છે. અસ્પૃશ્યતાની નાબૂદીને ખાતર સ્વામી શ્રદ્ધાનંદે પોતાના પ્રાણ હોમ્યા છે. ગરીબો અને અસ્પૃશ્યોની સેવાનું એ કામ ઉપાડી લેવાની તમારી ફરજ છે.

પ્રસંગવશાત્ એમણે હિંદુમુસ્લિમ તંગદિલીની વાત કરી સ્વામીજીના ખૂન માટે અફસોસ વ્યક્ત કરતાં કહ્યું કે હિંદુઓ અને મુસ્લિમો બંને જો સ્વામીજીના લોહી વડે પોતાનાં હૈયાં શુદ્ધ બનાવે તો સ્વામીજીના મૃત્યુને લાભકારક બનાવી શકાય. એ જ શુદ્ધીકરણની ક્રિયા બનશે,

Gandhi Heritage Portal

સાચું શુદ્ધિકાર્ય બનશે. હિંદુઓનો ધર્મ શો છે? એમનાથી વેર વાળવાની ઈચ્છા કરાય જ નહીં. બધા ધર્મો બૂરાઈનો બદલો બૂરાઈથી નહીં, પણ ભલાઈથી જ વાળવાનો બોધ કરે છે. પોતાની ઉપર વિજય એ જ મોટામાં મોટો વિજય છે એમ બધા ધર્મોએ શીખવ્યું છે. હિંદુઓએ એવો આત્મસંયમ સિદ્ધ કરવો જોઈએ. અબ્દુલ રશીદ તો બિચારો ગરીબ માણસ છે. એ એકલો જ આ અધમ કૃત્ય માટે જવાબદાર નથી. દિલ્હીનાં બધાં મુસ્લિમ વર્તમાનપત્રોએ તેમ જ સ્વામી શ્રદ્ધાનંદ, લાલા લજપતરાય અને પંડિત મદનમોહન માલવિયાને ઈસ્લામના દુશ્મન માનનારા સૌએ આ ખૂન નિપજાવ્યું છે. એ બધાંનાં પરિણામો તમે જુઓ છો. દેશનું આખું વાતાવરણ શુદ્ધિ માગે છે. આપણે ઉપાડેલી લડતના વિજય માટે ૧૯૨૨ના જેવો ઉત્સાહ જરૂરી છે, પણ શુદ્ધીકરણની પ્રક્રિયા સંપૂર્ણ ન થાય ત્યાં સુધી એ આવી ન શકે. આથી દરેક જણે આત્મશુદ્ધિ ઉપર જ પોતાનું બધું ધ્યાન એકાગ્ર કરવું જોઈએ. દુશ્મનો પ્રત્યે વેરભાવ રાખવો એ તો સાવ ગેરડહાપણનું કામ છે. એમની તો દયા જ ખાવી જોઈએ.

[મૂળ અંગ્રેજી]

સર્ચલાઇટ, ૧૬–૧–૧૯૨૭

## ૨૪૧. પૂર્ણ સ્વાતંત્ર્ય

સ્વરાજનો અર્થ પૂર્ણ સ્વાતંત્ર્ય ગણવામાં આવે એવો મહાસભાના ધ્યેયમાં ફેરફાર કરવા માટે દર વર્ષે મહાસભામાં એક ઠરાવ લાવવામાં આવે છે, અને દર વર્ષે મહાસભા સદ્ભાગ્યે મોટી બહુમતીથી એ ઠરાવને કાઢી નાખે છે. આ ઠરાવ કાઢી નાખવો એ મહાસભાના ડહાપણનો પુરાવો છે. આ ઠરાવ લાવવામાં, કેટલાક ઉત્સાહી મહાસભાવાદીઓ કે જેમને બ્રિટિશ પ્રજાના ઈરાદાઓ વિશે જરા પણ વિશ્વાસ નથી અને જેઓ એમ માને છે કે અંગ્રેજો હિંદુસ્તાનને કદી પણ ન્યાય આપવાના નથી, તેમની અધીરાઈ પ્રગટ થાય છે (જે આજની સ્થિતિ જોતાં ક્ષમ્ય છે). પણ પૂર્ણ સ્વાતંત્ર્યની હિમાયત કરનારાઓ એ ભૂલી જાય છે કે એથી તેમનો મનુષ્ય-સ્વભાવ પ્રત્યેનો અવિશ્વાસ પ્રગટ થાય છે અને તેથી પોતાને વિશેનો પણ તેમનો અવિશ્વાસ ઉઘાડો પડે છે.

તેઓ એમ શા માટે માને છે કે અંગ્રેજ પ્રજાને દોરનાર આગેવાનોના હૃદયનો પલટો નહીં જ થાય? આપણે નબળા છીએ માટે જ હૃદયપલટો થતો નથી, એનો સ્વીકાર કરવો એ શું વધારે સાચું અને ગૌરવભર્યું નથી? કુદરતને ફૂટી આંખે પણ નિર્બળતા ગમતી નથી. આપણે અંગ્રેજ પ્રજા પાસેથી કે દુનિયા પાસેથી દયાની ભિક્ષા નથી માગતા પણ જે આપણો હક છે તે નર્યો ન્યાય માગીએ છીએ. અને જ્યારે આપણે બળવાન થઈ, તેવા બળનો અનુભવ કરી, ન્યાયને યોગ્ય થઈશું ત્યારે ન્યાય આપણને મળી રહેશે.

મને ખાતરી છે કે પૂર્ણ સ્વાતંત્ર્યની વધુમાં વધુ હિમાયત કરનાર પણ એમ નથી કહેતો કે તે અંગ્રેજ પ્રજા જોડે કોઈ પણ શરતે, કોઈ પણ જાતનો સંબંધ રાખવા તૈયાર નથી. અને કદાચ એમ કહે તોપણ જેમ એ ઠરાવને ટેકો આપનારાઓમાંના એકે મારા સવાલના જવાબમાં કબૂલ કર્યું હતું તેમ અંગ્રેજો સમાન દરજ્જે સંબંધ રાખવા કદી તૈયાર નહીં થાય એવો જ એનો તે અર્થ કરે છે. આ ને કોઈ પણ શરતે અંગ્રેજો સાથે સંબંધ ન રાખવો એ બંને જુદી બાબતો છે.

Gandhi Heritage Portal

બેશક, સ્વરાજમાં બધીએ બાબતોનો સમાવેશ થાય છે. એમાં બીજી ઘણી બાબતો તેમ પૂર્ણ સ્વાતંત્ર્ય પણ આવી જાય છે. એનો એક અર્થ નક્કી કરી નાખવો એ આપણી દૃષ્ટિને સંકુચિત કરવા બરાબર છે. અને જે આજે સદ્ભાગ્યે અમર્યાદિત છે તેને મર્યાદિત કરી મૂકવા જેવું છે. જેમ રાષ્ટ્રનું ચૈતન્ય અને તેની આકાંક્ષાઓ વધે તેમ સ્વરાજના અર્થનો પણ વિકાસ થવાનો. આજે વસાહતી સ્વરાજ્યથી પણ આપણે સંતોષ માની લઈએ, પણ ભવિષ્યની પ્રજાને કદાચ તેથી સંતોષ નહીં થાય, તેમને એથી પણ કંઈક વધારે સારું જોઈશે.

કશા વિશેષણ વિનાના સ્વરાજમાં, આજે જે ઉત્તમમાં ઉત્તમ આપણે કલ્પી શકીએ અથવા મેળવી શકીએ તેનાથી પણ જે આપણે માટે વધારે સારું હોય તેનો સમાવેશ થાય છે. વસાહતી સ્વરાજના તંત્ર હેઠળ પણ સ્વરાજ્યનો અર્થ જ્યારે ઇચ્છા થાય ત્યારે પૂર્ણ સ્વાતંત્ર્ય જાહેર કરવાની શક્તિ, એવો થાય છે. જ્યાં સુધી આપણે એ શક્તિ નથી મેળવી ત્યાં સુધી આપણે સ્વરાજ નથી મેળવ્યું. આવો જ એનો મોળામાં મોળો અર્થ પણ થઈ શકે. દક્ષિણ આફ્રિકાએ એ દરજ્જો આજે મેળવ્યો છે. એ સ્વતંત્ર પ્રજાઓની સ્વેચ્છાની ભાગીદારી છે. ગ્રેટબ્રિટન અને સંસ્થાનો વચ્ચે સમાનતાને દાવે એકબીજાના પરસ્પર હિતને માટે એ સ્વેચ્છાનો સહકાર છે.

હિંદુસ્તાન છેવટે શું મેળવવા માગે છે એનો એણે એકલાએ જ નિશ્ચય કરવાનો છે. વર્તમાન ધ્યેયથી સ્વયંનિર્ણયની આ શક્તિને કશો બાધ નથી આવતો. આ ધ્યેયમાં બીજું કંઈ રહેતું હોય તો તે એ કે સામ્રાજ્યમાં અથવા કહો કે બ્રિટિશ પ્રજારાજ્યમાં રહીને સ્વરાજ મેળવવાનો અર્થ પણ એમાં સંભવે છે. સ્વરાજ્યનો ગૂઢ અર્થ, મેં ઘણી વખત કહ્યું છે તેમ બને તો સામ્રાજ્યની અંદર અને જરૂર પડે તો સામ્રાજ્યની બહારનું સ્વરાજ્ય, એવો થાય છે. હું એમ માનું છું કે આ અર્થમાં સુધારો કરવો એ શક્ય નથી. રાષ્ટ્રના સ્વમાન સાથે એ બંધબેસતો છે અને રાષ્ટ્રના વિકાસ માટે એમાં વધારેમાં વધારે અવકાશ રહે છે.

પણ એના અર્થનો સાચો નિર્ણય તો આપણાં કામોથી અને એ ધ્યેય સુધી પહોંચવા માટે ગ્રહણ કરેલાં સાધનોથી જ થઈ શકશે. આપણે એ મેળવવાના ઉપાયો ઉપર જ એકાગ્ર થઈ ધ્યાન આપીશું તો સ્વરાજ્ય તો એની મેળે એનો રસ્તો કરી લેશે. તેથી સ્વરાજ્ય જેવા અમર્યાદિત અર્થવાળા શબ્દનો અર્થ નક્કી કરવામાં નહીં પણ તેના ઉપાય અને સાધનોની શોધમાં જ આપણે આપણા પ્રયત્નો વાળવા જોઈએ.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १३–१–१९२७

ભાષાંતર : नवजीवन, १६–१–१९२७

Gandhi Heritage Portal

## ૨૪૨. નોંધ

### પનામામાં હિંદીઓ

પનામાના પ્રજાસત્તાકની ધારાસભાએ તાજેતરમાં બીજાઓ સાથે બ્રિટિશ હિંદીઓને પ્રવેશનો પ્રતિબંધ ફરમાવતો પ્રવાસી પ્રતિબંધક કાયદો પસાર કર્યો છે. રાષ્ટ્રપ્રમુખ ચિયારીએ એક વિચારપૂર્ણ સંદેશા સાથે એ બિલ ધારાસભા ઉપર સારા સરખા સુધારા અને પુનર્વિચારણા માટે પાછું મોકલ્યું હતું. પણ અનિવાર્ય બાબતો સિવાય સૂચવાયેલા બીજા કોઈ સુધારા કરવાની ધારાસભાએ ના પાડી છે. દેશની ભાવિ પેઢીના અધિકારોની રક્ષાનું કારણ આગળ કરીને બ્રિટિશ હિંદીઓની સ્વતંત્રતા ઉપરનું આ નિયંત્રણ ધારાસભાએ વાજબી ઠરાવ્યું છે. અત્યારે ત્યાં ફેન્સી માલના લગભગ ત્રીસેક સિંધી હિંદી વેપારીઓ છે. એમની હાજરી પનામાનિવાસીઓ માટે કોઈ ખતરો ઊભો નથી કરતી એવું સ્વીકારવામાં આવ્યું છે. આમ છતાં કાયદાનો અમલ પાછલી તારીખથી કરવા ઠરાવાયું છે. એમાં એટલો અપવાદ રાખ્યો છે કે જેઓ લાગલાગટ દસ વર્ષનો વસવાટ સાબિત કરી શકે, તેમને અપવાદ કરતાં પ્રમાણપત્રો મળી શકશે. પનામામાં આટલા લાંબા સમયનો લાગલાગટ વસવાટ સાબિત કરી શકે એવા રહેવાસીઓ ભાગ્યે જ ઝાઝા હોય. આફ્રિકાનો અનુભવ માર્ગદર્શક ગણાય તો પરદેશમાંના વસાહતીઓને ભારતની બહાર આટલો લાંબો સમય રહેવાની ટેવ જ નથી. આ પ્રકરણ હાલ વિદેશ કચેરી પાસે ગયું છે એમ સમજું છું. એ કચેરી ત્યાં વસેલા હિંદીઓના તથા પ્રામાણિક આજીવિકાની શોધમાં પનામા જવાનું પસંદ કરે એવાઓના હકોની કેટલી રક્ષા કરી શકે છે તે જોવાનું છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १३-१-१९२७

## ૨૪૩. કૉંગ્રેસ સભ્યોને સંદેશો

શ્રદ્ધા રાખો. બુદ્ધિશક્તિ સાથે ચારિત્ર્યબળ કેળવો.

[મૂળ હિંદી]

आज, १३-१-१९२७

Gandhi Heritage Portal

# ૨૪૪. ધનબાદમાં ભાષણ[1]

જાન્યુઆરી ૧૩, ૧૯૨૭

માનપત્રનો જવાબ આપતાં મહાત્મા ગાંધીએ માનપત્રો આપવા બદલ સભ્યોનો આભાર માન્યો. અમારી મ્યુનિસિપાલિટીની હદમાં ખાદી અને રેંટિયાની બહુ વપરાશ નથી એવી નિખાલસ કબૂલાત માટે મ્યુનિસિપાલિટીના સભ્યોનો એમણે ખાસ આભાર માન્યો. તેમણે કહ્યું કે હું દક્ષિણ આફ્રિકામાં હતો ત્યારે મ્યુનિસિપાલિટીના કામકાજમાં ઊંડો રસ લેતો હતો. દેશના કામમાં નગરો મોટો ભાગ ભજવે છે. અને અત્યારની દુનિયામાં લગભગ બધી પ્રવૃત્તિઓ નગરોમાં જ થતી હોય છે. આપણા યુવાન વર્ગમાં નાગરિક જવાબદારીની ભાવના જગાડવાની રહે છે એ હું જાણું છું, પણ ભારતની વિશિષ્ટ પરિસ્થિતિમાં નગરો બહુ બહુ તો ગૌણ મહત્ત્વ ધરાવે છે. ભારત ગામડાંમાં વસે છે અને એનાં સાત લાખ ગામડાંની સરખામણીમાં નગરો નજીવાં બની જાય છે. મ્યુનિસિપાલિટીના સભ્યોએ ભારતમાંના ગ્રામજીવનનું આ મહત્ત્વ વીસરવું ન જોઈએ. દેશમાં ભણેલાં માણસોમાં ગામડાં સાથેનો સંબંધ કાપી નાખી તેમને સ્મૃતિમાંથી પણ ભૂંસી નાખવાનું વલણ વધતું જાય છે. એ વલણ અટકાવવું પડશે. યુરોપમાં બધી જાતની પ્રવૃત્તિઓના કેન્દ્રરૂપ નગરો ઉપર દરેક વસ્તુ માટે ગામડાંને આધાર રાખવો પડે છે. પણ ભારતમાં ગામડાં જ નગરોને ખવડાવે છે. એમ હોવાથી ગામડાંનો તંદુરસ્ત વિકાસ કોઈ રીતે અવરોધાય નહીં એ જોવાની દરેક નગરવાસીની ફરજ બની જાય છે. આયાત કરતાં વધારે નિકાસ કરતું ભારત આમ છતાં આટલું ગરીબ કેમ હોય એ નવાઈ ઉપજાવે એવું છે. એનું કારણ એ છે કે બીજી પ્રજાઓની સમૃદ્ધિમાં ઉમેરો કરતા કરોડો રૂપિયા દેશની બહાર ચાલ્યા જાય છે, જ્યારે દેશમાં મોટા ભાગના લોકોને દિવસમાં બે ટંક ખાવાનું એટલે શું તેની જ ખબર નથી. જે જરાતરા ધન દેશમાં રહેતું તે વેપારીઓ અને આડતિયાઓની તિજોરીમાં જાય છે. મને એમની અદેખાઈ નથી, પણ ગરીબ બિચારાં ગામડાં ભુલાઈ ન જવાં જોઈએ. એ બધાં શહેરી લોકોને ખાવાનું જ નહીં, બીજી મોજશોખની વસ્તુઓ પણ પૂરી પાડે છે. આ લાખો ભૂખ્યાંઓના મોંમાં બેચાર કોળિયા નાખવા માટે હું તમને રેંટિયો ઉપાડી લેવા વીનવું છું. બીજા કાપડને બદલે તમે સૌ ખાદી પહેરો તો જ ગરીબ, નબળા, દુ:ખી ગ્રામવાસીઓ ખાઈ અને જીવી શકે તેમ છે. એક પવિત્ર ફરજ લેખે તમે બધા કાંતો એમ ઇચ્છું છું. પણ એ ન બની શકે તો ઓછામાં ઓછું ખાદી પહેરવાનું તો તમે કરી જ શકો. તમારા અધિકાર ક્ષેત્રમાં તમે નાના પાયા ઉપર કાંતણ શરૂ કર્યું છે એ જાણી મને આનંદ થયો, પણ કામ હજુ અધૂરું ગણાય. ખાદીનું તંત્ર સંપૂર્ણ બનાવો નહીં ત્યાં સુધી તમારી બધી પ્રવૃત્તિઓ અધૂરી રહેવાની. મને પોતાને તો ત્યાં સુધી સંતોષ થવાનો નથી. ખાદી માટે કામ કરવું એટલે ગરીબો માટે કામ કરવું. મારો બધો સમય અને શક્તિ આ કામને આપું છું તે આ જ કારણે. ગરીબોને ખાતર, દેશને ખાતર અને ઈશ્વરને ખાતર એ કામ ઉપાડી લેવાની તમારી ફરજ છે.

ઉમળકાભર્યા સ્વાગત માટે ફરી વાર આભાર માની ગાંધીજીએ પોતાનું પ્રવચન પૂરું કર્યું.

[મૂળ અંગ્રેજી]

સર્ચલાઇટ, ૧૬–૧–૧૯૨૭

૧. ધનબાદ ટાઉન હૉલમાં સવારે ભરાયેલી સભામાં ધનબાદ મ્યુનિસિપાલિટી તથા લોકલ બોર્ડ ગાંધીજીને માનપત્ર આપ્યું હતું. ધનબાદ, ઝરિયા અને બીજાં સ્થળોએ મળી ગાંધીજીએ કુલ પાંચ સભામાં ભાષણ કર્યું હતું.

Gandhi Heritage Portal

# ૨૪૫. કતરસની જાહેર સભામાં ભાષણ[1]

જાન્યુઆરી ૧૩, ૧૯૨૭

ગાંધીજીએ કહ્યું કે તમને મળીને મને આનંદ થયો છે. ગયે વખતે ઝરિયા આવ્યો હતો ત્યારે અહીં આવવાનો મોકો મળ્યો નહોતો. ઝરિયા તો ભારતના બધા પ્રદેશોમાંથી મૂડીદારોને તથા મજૂરોને આકર્ષતું સ્થળ છે. આ સ્થળના મુખ્ય નિવાસીઓ મજૂરો હોઈ મારે એમને થોડા શબ્દો કહેવા છે. હું મારી જાતને પણ મજૂર કહું છું. તમારો ધંધો શો એમ પૂછનારને હું કહું છું કે હું વણકર છું અથવા ખેડૂત છું. ભંગી કહેવડાવવું પણ મને ગમે. ભંગીનો ધંધો કંઈ હલકો નથી. એ માનવસમાજની મોટી સેવા કરે છે. એનો ધંધો ઘરનો સૌથી ગંદો ભાગ સાફ કરવાનો છે. એથી સમાજ તો એના ભારે ઉપકાર નીચે છે. એનો ધંધો સેવાનો હોઈ એને હલકો ગણવો એમાં ડહાપણ નથી. મારી માતા; વસ્તુતઃ હરેક માતા, ભંગીનું જ કામ કરતી હોય છે. એ કારણે માતાઓનો તમે તિરસ્કાર કરો છો ખરા? મારી માતાએ મારા બાળપણમાં મારે માટે ભંગીનું કામ કર્યું ન હોત તો હું આટલું જીવ્યો ન હોત અને આ ભાષણ આપવા તમારી વચ્ચે આવી શક્યો ન હોત. ધંધાને કારણે કંઈ ભંગીને હલકો ગણાય નહીં. માણસનું દિલ મેલું ન હોય તો એને હલકો ગણવાનું કોઈ કારણ નથી, પછી એનો ધંધો ભલેને ગમે તેટલો નીચી કોટિનો હોય. આથી ભંગી ભાઈઓને તેમ બધા મજૂર ભાઈઓને બીજાનાં ઘર સાફ કરતી વેળા પોતાની જાતને પણ સાફ કરતા રહેવાની વિનંતી કરું છું. મને ખબર છે કે મજૂરોને દારૂ, જુગાર, બીડી અને બીજાં વ્યસનો વળગેલાં છે. એ બધા દુર્ગુણોમાંથી એમણે મુક્ત થઈ જવું જોઈએ. હું તો સંપૂર્ણ દારૂબંધીનો કાયદો કરવાની તરફેણમાં છું, પણ એ ન થાય ત્યાં સુધી તમારે એ ભૂંડા વ્યસનથી છૂટવાનો પ્રયત્ન કરવો જોઈએ. અનેક પ્રલોભનો વચ્ચે માણસ એનાથી મુક્ત રહે તેમાં એની શોભા છે. ઈશ્વરને ખાતર તેમ તમારા પોતાને ખાતર દારૂ તો છોડો જ.

પછી જુગારનો ઉલ્લેખ કરતાં ગાંધીજીએ કહ્યું કે એ સૌથી ખરાબ આદત છે. પાંડવોએ એમાં જ સર્વસ્વ ગુમાવ્યું હતું. એ સત્યને પક્ષે હતા એટલે છેવટે બધું પાછું મેળવ્યું. યુધિષ્ઠિરને તો પોતે આ કર્યું તેનો પસ્તાવો થયો હતો. મજૂરોની વિષયવૃત્તિનો નિર્દેશ કરતાં ગાંધીજીએ કહ્યું કે હું જાણું છું કે પત્નીઓને છોડી હલકી વેશ્યાઓની પાછળ પૈસા અને આરોગ્ય બગાડનાર લોકો પણ હોય છે. આ એક ઘણું ખરાબ વ્યસન છે. પોતાની પત્ની સિવાયની બધી સ્ત્રીઓને બહેનો જ ગણવી જોઈએ.

બીડી અને ગાંજો ફૂંકવાનું પણ બંધ કરવું જોઈએ. માણસો ગાંજો શું કામ પીતા હશે એ હું સમજી શકતો નથી. પૈસાદાર અને ભણેલા માણસો પણ સિગારેટ અને બીડી પીએ છે એ હું જાણું છું, પણ તે કારણે મજૂરોએ તેને વળગવું જોઈએ એવું નથી. બીજો વ્યસની છે માટે માણસે વ્યસની બનવું એવું કાંઈ નથી. શિક્ષિત લોકો પણ બીડી છોડી દે એવી મારી વિનંતી છે.

આગળ બોલતાં ગાંધીજીએ કહ્યું કે યાદ રાખો કે મજૂરો કરતાં પણ વધારે ગરીબ માણસો હોય છે. દારૂ, જુગાર, ધૂમ્રપાન વગેરેમાં વેડફી દેવા જેટલા પૈસા તમારી પાસે હોય છે, પણ ગામડાંમાં એવા ઘણા લોકો હોય છે જેમને જીવવા માટે પૂરતો ખોરાક અને કપડાં મળતાં નથી. તમે કંઈ નહીં તો ૧૫થી ૨૦ રૂપિયા કમાતા હશો, પણ ગામડાંના તમારા ભાઈઓએ પૈસાનું મોં

૧. સભા એક વિશાળ મંડપમાં ભરાઈ હતી. હિંદીમાં લખેલું માનપત્ર એમને અર્પણ કરવામાં આવ્યું ત્યાર પછી ગાંધીજીએ આ ભાષણ આપ્યું હતું.

Gandhi Heritage Portal

ભાળ્યું હોતું નથી. એમને માટે તમને લાગણી થતી નથી? તમે પોતે જ ગરીબ છો. તમને તમારાથીય ગરીબ હોય તેનાં દુઃખનું ભાન ન થવું જોઈએ? એવું ભાન હોય તો તમારે સંપૂર્ણ ખાદી પહેરવી જોઈએ. ગામડાંની તમારી બહેનોએ કાંતેલા શુદ્ધ સૂતરથી વણેલી ખાદી જ પહેરવી જોઈએ. ખાદીમાં જે ખરચશો તે એ ગરીબ લોકોને જ જવાનું છે. એક પાઈ પણ પહેલાં કમાઈ ન શકનાર સ્ત્રીઓ રોજના લગભગ બે આના કમાતી થઈ છે. આ પૈસા તમારા ગરીબ ભાંડુઓને પહોંચાડવા તમને અપીલ કરું છું. ખાદી પહેરીને તમે એ પૈસાની મદદ તેમને કરી શકો છો. દુઃખી ભાંડુઓ પ્રત્યે સહાનુભૂતિ દેખાડવી એ ઈશ્વરી નિયમ છે. એટલે હું ઈશ્વરના નામે ખાદી સિવાયનાં બધાં કપડાં ત્યજી દેવા અને ખાદીકાર્ય માટે રોકડ ફાળો, ફૂલ નહીં ને ફૂલની પાંખડી જેટલો પણ આપવા તમને અપીલ કરું છું. આગલે વર્ષે બિહારમાં રૂ. ૯૬ હજારની ખાદી ઉત્પન્ન થઈ હતી અને લગભગ સાઠ હજારની ખાદી છ મહિનામાં વેચાઈ હતી. એ બધા પૈસા ગરીબોનાં ઘરમાં જ ગયા છે. ખાદીના વેચાણ પાછળ અત્યારે ઘણું ખર્ચ થાય છે. પરદેશી કાપડ ખરીદો છો તેમ ખાદી ખરીદવા માંડો તો એમાંનું ઘણું ખર્ચ બચી જાય અને ખાદીના ઉત્પાદનમાં વાપરી શકાય. આમ કરવાનો નિશ્ચય કરો તો દેશમાં જોઈતી બધી ખાદી કશી મુશ્કેલી વિના અહીં જ બનાવી શકાય. એમાં તમારી સહાનુભૂતિ અને ટેકો જોઈએ છે. એ તમે નહીં આપો?

સ્ત્રીઓને સંબોધતાં એમણે કહ્યું કે તમારે સ્વરાજ્ય એટલે કે રામરાજ્ય જોઈતું હોય તો તમારે દરેકે સીતા બનવું રહ્યું. સીતાનું હૃદય નિર્મળ હતું અને શરીર પણ હાથે કાંતેલ-વણેલ ખાદી પહેરવાથી નિર્મળ હતું. એમના કાળમાં દરેક ઘરમાં રેંટિયો ગુંજતો અને દરેક સ્ત્રી કાંતતી. એ કાળ આપણે પાછો લાવવો છે. રેંટિયાને તો દરેક ઘરમાં ચૂલાના જેટલું મહત્ત્વ મળવું જોઈએ.

બીજાઓને સંબોધતાં મહાત્માજીએ કહ્યું કે સ્વતંત્રતા જોઈતી હોય તો તમારે ઠીકઠીક બલિદાન આપવું પડશે. ઓછામાં ઓછું ખાદી તો પહેરવી જ પડશે. ખાદી-પ્રવૃત્તિને તમારો પૂરા હૃદયનો ટેકો મળવો જોઈએ. એને તમારે શક્ય એવો દરેક પ્રકારનો નાણાકીય ટેકો આપવો જોઈએ. આ પછી અખિલ હિંદ દેશબંધુ સ્મારક ફંડની શરૂઆત કેવા સંજોગોમાં કરવામાં આવી તે જણાવી તેમણે શ્રોતાઓને એ ફંડમાં નાણાં આપીને સ્વર્ગસ્થની પવિત્ર સ્મૃતિનું સન્માન કરવાની વિનંતી કરી.

આગળ બોલતાં તેમણે કહ્યું કે દેશબંધુ સ્મારક ફંડ ખાદીપ્રચાર માટે વપરાવાનું છે. ફંડમાં થોડાં નાણાં એકઠાં થયાં છે, પણ ઉપાડેલું કામ વધુ ને વધુ પૈસા માગે એવું છે. દેશના જે સાઠ કરોડ રૂપિયા બહાર ચાલ્યા જાય છે તે આપણે અહીં જ રાખવા છે. એને માટે મોટી રકમ ખર્ચવી પડે તેમ છે. આપણું કામ ભગીરથ છે, પણ તમારી મદદથી તે પાર પાડવાની મારી ઉમેદ છે. કશી હરકત વિના દરેક જણ એ ફંડમાં કંઈક આપી શકે છે. સરકારી નોકરો પણ આપી શકે છે. અહીંથી હું નિરાશ થઈને નહીં જાઉં એવી આશા રાખું છું.

અસ્પૃશ્યતાની વાત કરતાં એમણે કહ્યું કે સ્વામી શ્રદ્ધાનંદે એ કાર્ય ખાતર પોતાના જીવનનું બલિદાન આપ્યું છે. છેવટે સ્વામીજીને ખાતર તો આ કલંક આપણે દૂર કરવું જ જોઈએ. આ દુષ્ટ પ્રથા સાથે હિંદુ ધર્મને કંઈ લાગતું-વળગતું નથી. ગીતાએ કદી કોઈ માણસને બીજાને અસ્પૃશ્ય ગણવાનું શીખવ્યું નથી.

હિંદુમુસ્લિમ એકતાનો ઉલ્લેખ કરતાં એમણે જણાવ્યું કે બેઉ કોમોને એ એકતા સિદ્ધ કરતાં પહેલાં આત્મશુદ્ધિની પ્રક્રિયામાંથી પસાર થવાનું છે. મુસ્લિમોને એમણે કહ્યું કે જો કોઈ સ્વામીજીના ખૂનને હત્યારાને પક્ષે પ્રશંસાપાત્ર કાર્ય માનતું હોય તો એ મોટી ભૂલ છે. હું સનાતની હિંદુ હોવાનો દાવો કરું છું. પણ મેં 'ગીતા'ના જેટલા જ આદરભાવથી 'કુરાન'નો અભ્યાસ કર્યો છે. 'કુરાન'માં આવાં હિચકારાં કૃત્યોનું અનુમોદન મેં ક્યાંય ભાળ્યું નહીં. ઊલટું, એમાં તો હિંસા વિરુદ્ધના અસંદિગ્ધ ફકરા છે. હિંસા કરવી હોય તો માણસે તે બીજા માણસ ઉપર નહીં, પણ પોતામાં રહેલાં દુષ્કર્મોનો સામનો કરવા પોતાની જાત ઉપર જ કરવી ઘટે. હિંદુઓ નબળા

Gandhi Heritage Portal

અને કાયર બની ગયા છે. નબળાઈઓ છતાં તેઓ કઈ રીતે ઊંચે આવવાના છે? ખરું 'શુદ્ધિ'-કાર્ય આત્મશુદ્ધિનું છે અને એની પ્રક્રિયામાંથી પસાર થવાનું દરેકનું કર્તવ્ય છે. પરમાત્મા તમારા કાર્યમાં તમને સહાય કરો.[૧]

[મૂળ અંગ્રેજી]

સર્ચલાઇટ, ૧૯–૧–૧૯૨૭

## ૨૪૬. ઝરિયાની જાહેર સભામાં ભાષણ[૨]

જાન્યુઆરી ૧૩, ૧૯૨૭

સભાને સંબોધતાં મહાત્મા ગાંધીએ કહ્યું કે કામદાર સંઘના પ્રમુખે અંગ્રેજીમાં લખેલું માનપત્ર, મારી વિનંતીને માન્ય રાખી વાંચ્યું નહીં તેથી મને આનંદ થયો. સવારે અંગ્રેજીમાં લખાયેલાં બે માનપત્રો મને મળ્યાં. પણ આ ત્રીજા સામે મેં એટલા માટે વાંધો ઉઠાવ્યો છે કે સભામાં એ ભાષા સમજનારાઓ જૂજ છે. માનપત્ર હિંદી કે બંગાળીમાં લખાયું હોત તો તે મને ખૂબ ગમત. અંગ્રેજી ભાષા સાથે મારે તકરાર નથી. એ ખરેખર એક સારી ભાષા છે. મને એ થોડી આવડે છે. અંગ્રેજી ભાષા પ્રત્યે મને દ્વેષ હોત તો હું અંગ્રેજી છાપું ચલાવતો ન હોત. પણ બધા પ્રસંગોએ એ ભાષા વાપરવી અનુકૂળ ન થાય. આપણી પાસે આપણી અખિલ હિંદ ભાષા હિંદી છે. આંતરપ્રાંતીય બાબતોમાં આપણે એ જ ભાષા વાપરવી જોઈએ, પછી ભલે એમાં ભૂલો થાય. માણસની કિંમત એના શબ્દોથી કરવાની નથી. આપણે તો એનામાં હૃદયની સચ્ચાઈ છે કે કેમ એ જોવાનું છે. વ્યાકરણની દૃષ્ટિથી મારી હિંદી ભાષા ભૂલવાળી હશે, પણ મારો આશય શુદ્ધ છે, અને મારાં ભાષણની તમને ભલામણ કરવા માટે એટલું પૂરતું છે.

આગળ બોલતાં તેમણે કહ્યું કે ઝરિયા એવું સ્થળ છે જ્યાં હિંદુઓ, મુસ્લિમો, શીખો, ખ્રિસ્તિઓ, મારવાડીઓ, ગુજરાતીઓ, બંગાળીઓ, બિહારીઓ, એમ ભારતના બધા પ્રદેશોના લોકો ટોળે મળ્યા છે. કોઈના પ્રત્યે દ્વેષ રાખ્યા સિવાય સૌ એકબીજા સાથે મિત્રભાવે રહેતા હશો એવી આશા રાખું છું.

આગળ બોલતાં પરદેશથી આયાત કરાતા કાપડથી સરજાતી પાયમાલી વર્ણવી તેમણે કહ્યું કે માણસ કયા રાષ્ટ્રનો કે ધર્મનો છે તે તરફ જોયા વિના સૌનું ભલું કરવા માણસ મથે એ સ્વાભાવિક અને ઇચ્છવાજોગ જ છે. પણ પોતાના ઘરમાં ન પુરાય એવી ખોટ જાય એ રીતે બીજાઓને મદદ કરવી એ તો અત્યાચાર જ કહેવાય. તો પછી તમે પરદેશી કાપડ શું કામ પહેર્યું છે? માન્ચેસ્ટરના વણકરોને મદદ કરવા? નહીં જ. મને આનો એક જ જવાબ મળ્યો છે અને તે એ કે પરદેશી કપડાં પહેરવાં એ ફૅશન છે અને ખાદી ખરબચડી અને જાડી છે. તમારી માએ બનાવેલ રોટલો ખરાબ હોય એટલે તેને ધુતકારી સારા રોટલા માટે તમે ઘેર ઘેર ભટકો છો ખરા? ખાદી માતૃભૂમિનો પ્રસાદ હોઈ આપણે માટે એ પવિત્ર છે. માતા પાસેથી સારા રોટલા માગી શકીએ; પણ એ મળે નહીં ત્યાં સુધી જે મળે તે સંતોષપૂર્વક સ્વીકારી લીધા વિના બીજો કોઈ ઉપાય નથી. એ જ રીતે, ખાદીની જાત સુધારવા મથી શકો, પણ એ સિદ્ધ ન થાય ત્યાં સુધી મળી શકતી ગમે તેટલી ખરબચડી ખાદીથી સંતોષ માનવો જોઈએ.

આગળ બોલતાં એમણે જણાવ્યું કે પોતાના બાંધવોને દુ:ખમાં મદદ કરવી એ હિંદુ સંસ્કૃતિનું વિશિષ્ટ લક્ષણ છે. ખાદી પહેરીને ગરીબોને મદદ કરવાની ધાર્મિક ફરજ આપણે બજાવી શકીએ છીએ. આપણી 'ગીતા'એ આપણને શીખવ્યું છે કે યજ્ઞ ન કરનાર પાપ કરે છે. આપણે માટે

૧. સભામાં ગાંધીજીને રૂ. ૮૯૫ની થેલી અર્પણ કરવામાં આવી હતી અને ત્યાં જ થોડી રકમ એકઠી થઈ હતી.

૨. ઝરિયાની હિંદી કોલિયરી કામદાર સંઘના સભ્યોએ ગાંધીજીને માનપત્ર આપ્યું હતું.

Gandhi Heritage Portal

રેંટિયા પર કાંતવું એ યજ્ઞ છે? દરેક ઘરમાં યજ્ઞવેદિની માફક રેંટિયો રાખવો જોઈએ. હમણાં જ હું સ્થાનિક ખાદી ભંડારમાંથી ચાલ્યો આવું છું. ભંડારમાં ફક્ત એક હજાર રૂપિયાની ખાદી પડી છે, અને તે પણ ખપતી નથી એ મેં જોયું. ઝરિયામાં કેટલા રૂપિયાનું પરદેશી કાપડ વેચાતું હશે એની ખબર નથી, પણ ખાદીના વેચાણ કરતાં પરદેશી કાપડનું વેચાણ કેટલાયગણું વધારે હોવાની મને ખાતરી છે. ઝરિયામાં આવડો નાનકડો ખાદી ભંડાર ચાલી શકતો નથી એ બહુ દુ:ખદ છે. એક નિયમ લેખે સૌ ખાદી પહેરો એવી તમને સૌને મારી પ્રાર્થના છે. બધું પરદેશી કાપડ છોડવાનો અને કાયમ ખાદી પહેરવાનો સંકલ્પ કરો એવી હું તમને વિનંતી કરું છું.

મજૂર ભાઈઓને સંબોધતાં તેમણે એમને વ્યસન છોડવા અને બીજા કાપડને બદલે ખાદી પહેરવા અનુરોધ કરી જણાવ્યું કે એમ કરીને તમે કામધંધાને અભાવે એક પૈસોય ન કમાતાં તમારાં સેંકડો ભૂખ્યાં ભાઈબહેનોને ખોરાક અને પોશાક પૂરાં પાડશો. એ પછી મહાત્મા અસ્પૃશ્યતા તથા હિંદુમુસ્લિમ વૈમનસ્યના પ્રશ્ન પર બોલ્યા.

માનપત્રનો જવાબ વાળતાં તેમણે કહ્યું કે સંઘનું કામ સુધરી રહ્યું છે તે જોઈ મને ખુશી ઊપજી છે, અને વ્યવસ્થાપકોને આ સફળતા બદલ મારાં અભિનંદન છે. મૂડીદારો અને મજૂરો વચ્ચેના સંબંધની બીજી વાત પર આવતાં તેમણે ખાતરી આપી કે મારી સહાનુભૂતિ હમેશ ગરીબ મજૂરો પ્રત્યે જ છે. મારું લક્ષ્ય તો શેઠ અને નોકર વચ્ચે સંપ અને શાંતિ સ્થાપવા રહ્યું છે. મેં જમશેદપુરના મજૂરો માટે કાંઈક કર્યું છે ખરું, પણ અહીંની સ્થાનિક પરિસ્થિતિની મને પૂરી જાણ નથી. જમશેદપુરમાં મજૂર નેતાઓમાં મારા પોતાના કેટલાક માણસો અને મારા મિત્ર અને ભાઈ શ્રી ઍન્ડ્રૂઝ પણ હતા. આમ છતાં, મારી મદદની ક્યારેય જરૂર પડે તો હું યથાશક્તિ કંઈક કરવા પ્રયત્ન કરીશ. અલબત્ત, બધા મૂડીદારો ખરાબ અને જુલમગાર હોય છે એમ હું માનતો નથી. નોકરોનું ભલું હૈયામાં હોય એવા ઘણા મૂડીદારોને હું ઓળખું છું. સૌ કોઈને સમાન અને કાયદેસરના અધિકાર હોવા જોઈએ એમ હું માનું છું. મજૂરોને સત્યને માર્ગે ચાલવાની શીખ આપતાં તેમણે કહ્યું કે આખરે તો સત્યનો જ વિજય થાય છે. ફાળા માટે ફરીથી અપીલ કરીને[1] તેમણે પોતાનું ભાષણ પૂરું કર્યું.

[મૂળ અંગ્રેજી]

સર્ચલાઇટ, ૧૯–૧–૧૯૨૭

## ૨૪૭. ઔરંગાબાદની જાહેર સભામાં ભાષણ[2]

જાન્યુઆરી ૧૪, ૧૯૨૭

ગાંધીજીએ કહ્યું કે અગાઉના મારા બિહારના પ્રવાસ દરમ્યાન મારે અહીં આવવાનું બન્યું ન હતું. આથી તમને મળતાં મને આનંદ થાય છે અને તમે સૌ દૂર દૂરનાં ગામડાંમાંથી અહીં આવ્યા છો તેને માટે તમારો આભાર માનું છું. મારી આ મુલાકાતનો હેતુ ભારતને ખાતર તથા તમારી જાતને ખાતર થોડું કામ કરવા તમને વિનંતી કરવાનો છે. મને આશા છે કે તમે મને નિરાશ નહીં કરો.

તેમણે કહ્યું કે ભારત ગરીબ દેશ છે. ગામડાંમાં રહેનારા કેટલા ગરીબ છે તેનો શહેરોમાં રહેનારાઓને ભાગ્યે જ ખ્યાલ હોય છે. આ સભામાં આવેલા ગ્રામવાસીઓને પણ ખ્યાલ નથી કે ઊંડાણનાં ગામડાંમાં તેમનાથી પણ ગરીબ લોકો વસે છે. એ બિચારા લોકો દુ:ખદ અંધકારમાં

૧. ભાષણને અંતે ગાંધીજીને રૂ. ૧૦૦૧ની થેલી અર્પણ કરવામાં આવી હતી.

૨. આ સભા ડાક બંગલા પાસે ખુલ્લા મેદાનમાં ભરાઈ હતી અને તેમાં આશરે ૧૦,૦૦૦ માણસોની હાજરી હતી. ગાંધીજી આશરે અર્ધો કલાક બોલ્યા હતા.



Gandhi Heritage Portal

પોતાનું મુશ્કેલીભર્યું જીવન અંતઘડી સુધી ખેંચ્યે જાય છે. શહેરના લોકોની આજીવિકાનો આધાર ગામડાંના લોકો ઉપર હોય છે અને ગામડાંના લોકો આ બિચારા ગરીબ માનવીઓ પાસેથી પૈસા મેળવતા હોય છે. એ બિચારા આખા દેશ માટે ધન પેદા કરતા હોય છે પણ તેમની પાસે ગુજરાનનું સાધન હોતું નથી. ભારતની રેલવેઓ થોડા નસીબદાર લોકોને અમુક પ્રમાણમાં ધન કમાવી આપતી હોય, પણ ધનના ખરા ઉત્પાદકો પાસેથી તેમના ગુજરાનનું સાધન પણ તે છીનવા લે છે. ભારતની પ્રજાની કરોડરજ્જુ જેવાં આ ગરીબ, કંગાલ અને દુખિયારાં ગ્રામવાસીઓ માટે ઈશ્વરને નામે તમને હું અપીલ કરું છું.

આગળ બોલતાં પરદેશી કાપડની આયાતે આપણી કંગાલિયત અને ગરીબાઈ કેવી રીતે વધારી તે વર્ણવી, એ અમર્યાદિત આયાત પરનું નિયંત્રણ દેશની વધતી જતી ગરીબાઈનું અસરકારક નિયંત્રણ કેમ બની શકે, એ તેમણે સમજાવ્યું. આવી અકુદરતી ઘટનાઓના પ્રવાહ સામે લડવાનું સૌથી વધુ અસરકારક હથિયાર મેં શોધી કાઢ્યું છે તે રેંટિયો છે અને હું તમને એની ભલામણ કરવા આવ્યો છું. મને વિશ્વાસ છે કે જો તમે પરદેશી કાપડનો સચોટ બહિષ્કાર કરી એકલી ખાદી જ વાપરતા થઈ જાઓ તો તમે આપણા સ્વરાજના ધ્યેય તરફ ઘણા આગળ વધી શકો. પણ ખાદીનું રાજકીય મહત્ત્વ તમે ન સ્વીકારો તોપણ તેની તરફેણમાં બીજી મજબૂત દલીલો છે. તમે રાજકીય હથિયાર તરીકે નહીં તો તમારા હજારો ગરીબ દેશબાંધવોને મદદ કરવા માટે ખાદી વાપરી શકો છો. લગભગ અમર્યાદિત સંખ્યામાં ગરીબ માનવીઓને ખાવાપીવાનું આપવાની શક્તિ ધરાવતો રેંટિયો એમની અન્નપૂર્ણા છે. આપણા લોકોની ગરીબાઈ સર્વસંમત હકીકત છે; અંગ્રેજ ઈતિહાસકારોએ પણ પોતાનાં પુસ્તકોમાં એ હકીકતની સાખ પૂરી છે કે ભારતમાં એવા હજારો માનવીઓ છે જેમણે દિવસમાં બે ટંક ખાવાનું કદી જાણ્યું નથી. માત્ર ચોપડીઓમાં જે મેં વાંચ્યું હતું તે ઓરિસ્સામાં સગી આંખે જોયું છે. ત્યાંના લોકો એટલા બધા ગરીબ છે કે તેમને જીવનનિર્વાહનું ખરેખર કોઈ સાધન નથી. એમને મદદ કરવાની તમારી ફરજ નથી? બીજી કોઈ રીતે તેમને મદદ કરી ન શકો, તો ખાદી પહેરીને તે કરી શકો છો. ખાદીનું કામ હિંદુઓ ને મુસ્લિમો, સ્ત્રીઓ ને પુરુષો, મોટા માણસો અને છોકરાઓ, બધાથી થઈ શકે એવું છે. બંગાળીઓ અને પંજાબીઓ બધા આ કામમાં જોડાઈ શકે અને તેને સફળ બનાવવામાં પોતાનો ફાળો આપી શકે. સરકારી નોકરો ઉપર પણ ખાદી પહેરવા સામે પ્રતિબંધ નથી. આજના ઉદ્યોગવાદની ધમાલ ને ઘોંઘાટથી દૂર દૂરનાં ગામડાંના શાંત વાતાવરણમાં તમારાં પોતાનાં ભાઈબહેનોએ તૈયાર કરેલી ખાદીને તમારી બધી સહાનુભૂતિ અને ઉત્તેજન મળવાં ઘટે છે. ભૂતકાળનાં તમારાં સ્મરણો વડે એ પવિત્ર બનેલી છે. બીજા કોઈ કાપડ કરતાં ખાદીને જ પસંદગી આપી તે પહેરવી એ તમારું ધાર્મિક કર્તવ્ય છે.

બોલવાનું ચાલુ રાખતાં તેમણે કહ્યું કે પરદેશી કાપડ પર ખરચેલા પૈસા માન્ચેસ્ટર અને લૅન્કેશાયરના વણકરોના ગજવામાં જાય છે, જ્યારે ભારતની મિલોમાં બનેલા કાપડ ઉપર ખરચેલા પૈસા અમદાવાદના શેઠિયાઓની ચિકાર બનેલી તિજોરીઓ ભરે છે. ભારતમાં નિષ્ણાત ઉત્પાદકો હોવા છતાં પરદેશી ઉત્પાદકોને આટલા બધા પૈસા ભારતના લોકોએ આપવા પડે છે એનો વિચાર મને દુઃખ ઉપજાવે છે. ઈસ્ટ ઇન્ડિયા કંપની તેના અમલના પ્રથમ ગાળામાં આપણા આ ઉદ્યોગને નામશેષ કરવા માટે જવાબદાર હશે. જુલમ અને અનિચ્છનીય ઉપાયોથી આપણા વણાટ ઉદ્યોગનું નિકંદન તેણે કાઢ્યું હશે. પણ આ સ્થિતિ ચાલુ જ રાખવા માટે જવાબદાર કોણ છે તે વિચારો. હજી પણ તમે ખાદીને ઉત્તેજન આપવા માંડો તો ભારતનું કાપડ ફરી એક વાર આખી દુનિયાની નજરને લોભાવનારું બની શકે. કાંતણ અને ખાદીને પ્રાયશ્ચિત્તના સાધન તરીકે અપનાવવાં જોઈએ. શ્રીમંતોએ પણ કાંતવું જોઈએ; પૈસા માટે નહીં, પણ ગામડાંના ભોળા અને અનુકરણ કરનારા લોકોને દાખલારૂપ બનવા માટે કાંતવું જોઈએ. હિંદુ ધર્મ સર્વને યજ્ઞ કરવાનો કડક આદેશ આપે છે. યજ્ઞ એટલે પોતાને માટે નહીં પણ બીજાને માટે કરેલું કામ. અત્યારના સંજોગોમાં ગરીબ ગ્રામવાસીઓને માટે ભારતમાં કાંતણ કરતાં બીજું કાંઈ કામ વધુ લાભદાયક નથી, એટલે ભારતવાસીઓ માટે એ જ ઉત્તમ યજ્ઞ છે.

Gandhi Heritage Portal

આગળ બોલતાં મહાત્માજીએ કહ્યું કે એકલા બિહારમાં અમે કાંતનારાઓમાં રૂ. ૨૯,૦૦૦ અને વણકરોમાં રૂ. ૩૬,૦૦૦ વહેંચ્યા છે. બિહારના લોકોને ખાદી માટે પ્રેમ છે એમ દેખાય છે, પણ તેમણે સૌએ ખાદીને ઉત્તેજન આપ્યું હોત તો પ્રાંતના ગરીબ વતનીઓમાં વધુ ધન વહેંચી શકાત. સોએક વરસ ઉપર પટણામાં બહુ બારીક ખાદી બનતી, જે પરદેશ જતી અને ત્યાંના લોકો તેને એક શોખની વસ્તુ તરીકે વાપરતા. પણ ચક્ર ઊલટું ફર્યું છે. અને બારીક કાપડ પરદેશ મોકલવાને બદલે ભારત કરોડો રૂપિયાનું કાપડ બહારથી આયાત કરે છે અને ભારતના લોકો એ બારીક પરદેશી કાપડ પહેરવામાં ગર્વ માને છે. બિહારવાસીઓ તરીકે ભૂતકાળમાં પટણામાં વણાટ ઉદ્યોગે સાધેલી પ્રગતિનું સ્મરણ કરી, એ રૂપાળા જૂના દિવસોને પાછા સજીવન કરવા એ તમારું કર્તવ્ય છે. શક્ય તે દરેક રીતે ખાદી અપનાવીને તમે એ કરી શકો. ખાદીએ ઘણી પ્રગતિ કરી છે. હવે ઝીણી ખાદી મળી શકે છે. અને ૧૯૨૧ના કરતાં એના ભાવ પણ ઘણા ઘટી ગયા છે. લોકો ખાદી પ્રત્યે પૂરતો પ્રેમ દાખવે તો ખાદી હજુ પણ સસ્તી થાય.

આ પછી તેમણે અખિલ હિંદ ચરખા સંઘ માટે ફાળો આપવા શ્રોતાઓને અપીલ કરી, અને ત્યાર બાદ અસ્પૃશ્યતા અને હિંદુમુસ્લિમ એકતાના પ્રશ્નોની ચર્ચા કરી. એમણે કહ્યું કે સ્વરાજ જે મારા જીવનનું હમેશનું સ્વપ્ન રહ્યું છે તે ૧૯૨૧-૨૨માં લગભગ આવી ગયું હતું. એ વખતે શુદ્ધિનું ખરું કામ, કહેતાં આત્મશુદ્ધિની પ્રક્રિયા, શરૂ થઈ ગઈ હતી. દેશભરમાં ઉત્સાહનો જુવાળ આવ્યો હતો અને એટલે જ તો આપણે લક્ષ્યની લગભગ નજીક પહોંચી ગયા હતા. એ જ પ્રકરણનું પુનરાવર્તન કરવાની જરૂર છે, પણ મતભેદ અને કુસંપ આપણને ભૂંડી રીતે વિભાજિત રાખે છે ત્યાં સુધી એમ બનવું શક્ય નથી.

વધુમાં ગાંધીજીએ કહ્યું કે કાઉન્સિલોમાં જવા માગનારાઓ દેશનું ભલું કરવાની ભાવનાથી જ ત્યાં જઈ રહ્યા છે અને તેઓ થોડું સારું કામ કરી પણ શકે. પણ કાઉન્સિલોમાં જઈ શકશે કેટલા જણ? અને મત આપવાનો અધિકાર ધરાવનારાઓની સંખ્યા કેટલી? સાઠ લાખ મતદારો એટલે કાંઈ આખું ભારત નથી. મારે તો ત્રીસ કરોડ ભારતવાસીઓને ઊંચે લઈ જવા છે. હું માનું છું કે ખાદી ધનવાન અને ગરીબ વચ્ચેની કડી બની શકશે અને રેંટિયો ભારતની સમસ્ત પ્રજામાં એકતા અને એકદિલી લાવી શકશે.

આમ કહી તેમણે ફરી અખિલ હિંદ ચરખા સંઘ માટેના ફાળામાં કંઈક આપવા લોકોને વિનંતી કરી અને પરમાત્માને પ્રાર્થના કરી કે તે કર્તવ્યપાલનમાં લોકોને સહાય કરે.[1]

[મૂળ અંગ્રેજી]

સર્ચલાઇટ, ૨૧-૧-૧૯૨૭

## ૨૪૮. મુલાકાતીઓની વિઝિટબુકમાં[2] નોંધ

ગયા,

પોષ સુદ ૧૨, ૧૯૮૩ [જાન્યુઆરી ૧૫, ૧૯૨૭]

પુસ્તકાલય જોઈ ઘણો રાજી થયો.

દાતાને ધન્યવાદ આપું છું અને પુસ્તકાલયની પ્રગતિ ઇચ્છું છું.

[મૂળ હિંદી]

પત્રની છબી પરથી: જી. એન. ૨૫૦૯

૧. સભામાં ગાંધીજીને રૂ. ૨૫૦૧ની થેલી અર્પણ કરવામાં આવી હતી.
૨. ગયાની મ્યુનિસિપલ લાઇબ્રેરીની.

Gandhi Heritage Portal

## ૨૪૯. મણિબહેન પટેલને તાર

ગયા,

પોષ સુદ ૧૨, ૧૯૮૩ [જાન્યુઆરી ૧૫, ૧૯૨૭][1]

મણિબહેન

સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી

તમારા કાગળથી આનંદ થયો. પીંજવાનું તથા લોઢવાનું જલદીથી પૂરેપૂરું શીખી લો.

બાપુ

[મૂળ ગુજરાતી]

બાપુના પત્રો – મણિબહેન પટેલને, પા. ૪૬

## ૨૫૦. ગયાની સભામાં ભાષણ[2]

જાન્યુઆરી ૧૫, ૧૯૨૭

મહાત્માજીએ હિંદીમાં બોલતાં મ્યુનિસિપાલિટીએ આપેલું માનપત્ર અંગ્રેજીમાં લખાયું હોવા માટે દિલગીરી દર્શાવી જણાવ્યું કે તક મળી છે ત્યાં ત્યાં મને માનપત્રો પ્રાદેશિક ભાષાઓમાં, અથવા રાષ્ટ્રભાષા હિંદીમાં આપવા મેં લોકોને કહ્યા કર્યું છે. અંગ્રેજી ભાષા પ્રત્યે મને દ્વેષ નથી, હું પોતે ઘણી વાર ખાસ પ્રસંગોએ એ ભાષા વાપરું છું. પણ આપણા પોતાના માણસોને સંબોધતી વખતે અંગ્રેજી વાપરીએ એ અનિચ્છનીય છે. મને પોતાને જ નહીં, બીજા કોઈ પણ હિંદી નેતાને માનપત્ર આપવાનું થાય ત્યારે હિંદી ભાષા જ વાપરવાની મ્યુનિસિપાલિટીને મારી વિનંતી છે.

આગળ બોલતાં તેમણે જણાવ્યું કે હિંદુઓ માટે ગયા પવિત્ર તીર્થ છે. પણ દેશના બધા ભાગોમાંથી લોકો જ્યાં આવે છે એવા આ પવિત્ર શહેરના રસ્તાની ભંગાર હાલત જોઈ મને દુ:ખ થાય છે. સવારે ગયાના કેટલાક રસ્તા જોવાનું થયું. એ રસ્તા અમદાવાદના રસ્તાઓથી પણ ગંદકીમાં ચડી જાય એવા છે. અમદાવાદ તો જૂનું શહેર અને ઘણા ગરીબ લોકોનું નિવાસ-સ્થાન હોઈ ત્યાંની મ્યુનિસિપાલિટીને બચાવનું કારણ મળે તેમ છે. પણ આવા ગંદા રસ્તા તો મેં ભારતના કોઈ પણ ભાગમાં જોયા નથી. ગયા સમસ્ત ભારતને માટે મહત્ત્વનું સ્થળ હોઈ અહીંની મ્યુનિસિપાલિટી તો આદર્શ મ્યુનિસિપાલિટી હોવી જોઈએ, પણ આવું જોવા મળ્યું નહીં. આ મહાન શહેરની સુધરાઈની વ્યવસ્થા સુધારવા માટે તેના સભ્યોએ કમર કસવી જોઈએ. એ માટે શું કરવું જોઈએ? સભ્યોએ એ માટે જાતે જ એ કામ ઉપાડી લેવું જોઈએ. પગારે રાખેલા ઝાડુવાળાઓ અને ભંગીઓ પર આધાર રાખવાથી પરિસ્થિતિ સુધરવાની નથી. હું તો બોર્ડના પ્રમુખશ્રીને અને સભ્યોને હાથમાં ઝાડુ અને પાણીની ડોલ લઈ શહેરના રસ્તા અને જાજરૂ સાફ કરવા મંડવાનું કહું. કોઈ પણ દેશના વિકાસમાં નગરોનું ઠીક ઠીક મહત્ત્વ છે. રાજકીય

૧. આ વર્ષમાં પોષ સુદ ૧૨ હતી જ નહીં. પોષ સુદ ૧૩ ને ૧૫ જાન્યુઆરીના દિવસે ગાંધીજી ગયામાં હતા.

૨. સભામાં મ્યુનિસિપાલિટી અને જિલ્લા બોર્ડે ગાંધીજીને માનપત્રો આપ્યાં હતાં.

Gandhi Heritage Portal

મુક્તિ માટે લોકોમાં નાગરિક જવાબદારીઓનો વિકાસ તાકીદની જરૂરિયાત છે. ગયા એમાં અપવાદ નથી. આવા ખરાબ વહીવટ માટે દોષિત એવી બીજી પણ મ્યુનિસિપાલિટીઓ ભારતમાં છે. પણ ગયાની અસાધારણ સ્થિતિ આ દૂષણોથી તે મુક્ત થઈ જાય એટલું માગી લે છે. શહેરના રસ્તા વાળવામાં કશી શરમ નથી. મેં પોતે ઘણે સ્થળે એ કામ કર્યું છે. બિહારમાં જ ચંપારણમાં મેં રસ્તા વાળ્યા છે. હું કંઈ પાશ્ચાત્ય સંસ્કૃતિનો ભગત નથી. ભારતનાં મહત્ત્વનાં હિતોને નુકસાન પહોંચાડે એવી બધી પાશ્ચાત્ય અસરોનો હું વિરોધ જ કરું. પણ પાશ્ચાત્ય સંસ્કૃતિમાં જે કંઈ સારું હોય તેને હું આવકાર આપું. પશ્ચિમના લોકો પાસેથી આપણે સુધરાઈના વહીવટની બાબતમાં ઘણું શીખવા જેવું છે. પહેલાંના સમયમાં ગ્લાસગો અને બર્મિંગહામ ગયાના જેટલાં, કદાચ એથી પણ વધુ ગંદાં હતાં. પણ જે રીતે ત્યાંના સુધરાઈ સભ્યોએ એ શહેરોને સુધાર્યાં છે એનું ભારતના સુધરાઈ સભ્યોએ અનુકરણ કરવા જેવું છે. ગયા મ્યુનિસિપાલિટી શહેરની ચાલુ સ્થિતિમાં સુધારો કરવામાં ઝડપ કરશે એવી હું આશા રાખું છું.

આગળ બોલતાં તેમણે જણાવ્યું કે ખાદી અને અસ્પૃશ્યતાનિવારણ એ બે મુદ્દા ઉપર પોતે અને સાથીઓ સંમત થઈ શક્યા નથી એમ મ્યુનિસિપાલિટીના પ્રમુખશ્રીએ મને સવારમાં જણાવ્યું નહીં એથી દિલગીરી થઈ. એમ થયું હોત તો એ બે મુદ્દા વિશે મારી વાત એમને ગળે ઉતારવાનો સમય મને મળ્યો હોત. ગ્રામવાસીઓ અને આપણી વચ્ચે આપણે જો કોઈ સાંકળ ઊભી કરવી હોય તો રેંટિયો અને ખાદી આપણે માટે અનિવાર્ય છે. અસ્પૃશ્યતા વિશે તો સ્વામી શ્રદ્ધાનંદના અવસાન પછી કોઈ દલીલ કરવાની જરૂર જ રહી નથી. સનાતની હિંદુ હોવાનો મારો દાવો છે. પણ અત્યારે પળાય છે તે સ્વરૂપમાં અસ્પૃશ્યતાને ટેકો આપતાં હિંદુ શાસ્ત્રો મારા જોવામાં આવ્યાં નથી. અસ્પૃશ્યતાને દૂર કરવામાં નહીં આવે તો નજીકના ભાવિમાં હિંદુ સમાજ સદંતર નાશ પામશે. દુનિયાના અત્યારે ત્રણ મોટા ધર્મો છે : ખ્રિસ્તી ધર્મ, ઇસ્લામ અને હિંદુ ધર્મ. બૌદ્ધ ધર્મને અને શીખ ધર્મને હું હિંદુ મહાસભાએ આપેલી હિંદુ ધર્મની વ્યાખ્યા અનુસાર હિંદુ ધર્મની શાખાઓ ગણું. પણ મહાન હિંદુ સમાજ ઝડપથી કડડભૂસ થઈ રહ્યો છે. ખ્રિસ્તી ધર્મ અને ઇસ્લામ, ખરું પૂછો તો જગતની સમસ્ત બિનહિંદુ પ્રજા, હિંદુ સમાજની ગતિવિધિ પર ધ્યાનપૂર્વક નજર રાખી રહી છે. આપણી હસ્તીને વાજબી ઠરાવવી હોય અને પુરાણા ગૌરવને સજીવન કરવું હોય તો હિંદુ ધર્મનું આ કલંક ભૂંસી નાખવું એ આપણી ચોખ્ખી ફરજ છે. આજે સવારે મને શ્રી ઍન્ડ્રૂઝનો તાર મળ્યો છે. કહેવાતા અસ્પૃશ્યો ઉપર જો આપણે આવો જુલમ અહીં ચાલુ રાખવાના હોઈએ તો દક્ષિણ આફ્રિકામાં ગોરાઓ પાસેથી આપણે સારો વર્તાવ પામવાની આશા કયે મોઢે રાખી શકીએ? શ્રી ગોખલેએ એમના એક ભાષણમાં સાચું જ કહ્યું હતું કે પોતાના લોકોના અમુક ભાગો સાથે માનવતાહીન રીતે વર્તતા હિંદુઓને ગોરા લોકો ધૃણાની નજરે જુએ એ સાવ સ્વાભાવિક છે. આપણે અસ્પૃશ્યતા દૂર ન કરીએ અને ખાદીપ્રવૃત્તિને સફળ ન બનાવીએ ત્યાં સુધી આપણાં બધાં કામ અધૂરાં જ રહેવાનાં.

જિલ્લા બોર્ડે ખાદી કામ ઉપાડયું તે માટે આભાર વ્યક્ત કરતાં તેમણે કહ્યું કે શાળાનાં બાળકોમાં કાંતણને લોકપ્રિય બનાવી શકાયું નથી તેનો મને ખેદ છે. બાળકોની પ્રકૃતિ હું જાણું છું એટલે આની મને નવાઈ લાગતી નથી. બાળકો નિયમિત કાંતે એમ કરવા માટે શિક્ષકોએ પોતે કાંતતા થઈ જવું જોઈએ. એમનું જોઈને બાળકો રેંટિયાને રમકડાની જેમ વળગી પડીને એનાથી રમતાં રમતાં ગજબનાં પરિણામ દેખાડવાનાં. આપણા કાપડ ઉદ્યોગનો ઊજળો ભૂતકાળ યાદ કરીને એને પાછો લાવવા આપણે બનતું બધું કરી છૂટીએ.

[મૂળ અંગ્રેજી]

सर्चलाइट, २१-१-१९२७

Gandhi Heritage Portal

# ૨૫૧. રમનાની જાહેર સભામાં ભાષણ[1]

જાન્યુઆરી ૧૫, ૧૯૨૭

એમણે જણાવ્યું કે મ્યુનિસિપાલિટીના પ્રમુખશ્રીએ તેમ જ હિંદુ સભાના પ્રમુખશ્રીએ મને યાદ કરાવ્યું છે કે ગયા એ ભગવાન બુદ્ધની પદરજથી પાવન થયેલું યાત્રાનું પવિત્ર સ્થળ છે. પણ જાજરૂની કંગાળ દશા અને જીવનમાં ક્યાંય ન જોયેલા એવા ગયાના ગંદા રસ્તા જોઈ મને ઘણું દુ:ખ થયું છે. મેં મ્યુનિસિપાલિટીના સભ્યોને તેમના કર્તવ્યનું સ્મરણ કરાવ્યું છે, પણ લોકો જો જવાબદારીનું પૂરતું ભાન વિકસાવે નહીં તો મ્યુનિસિપાલિટી માટે પોતાનું કર્તવ્ય બજાવવું અશક્ય જ બને. લોકો જાગ્રત હોય ત્યાં મ્યુનિસિપાલિટીના સભ્યો પોતાની ફરજમાં બેદરકાર રહી શકે નહીં, કારણ એમને કાઢી એમનાથી સારા નવા સભ્યો લાવવાનું લોકોના જ હાથમાં છે. મેં એ સભ્યોને રસ્તા વાળી સાફ કરવાનું કહ્યું છે, અને લોકોને પણ એ કામમાં તેમની સાથે જોડાવા હું કહું છું. રસ્તા સાફ રાખવા એ ભંગીઓના જેટલી જ નાગરિકોની પણ ફરજ છે. નાગરિકો એમને દિલોજાનીભર્યો સહકાર ન આપે તો ભંગીઓ પોતાની ફરજ બજાવી ન શકે.

હિંદુ સભાના માનપત્રનો ઉલ્લેખ કરતાં એમણે કહ્યું કે સભા હિંદુઓની કાયરતા કાઢવા મથે છે એથી મને આનંદ થયો છે. પણ મેં જોયું છે કે એકલા હિંદુઓ જ કાયર છે એમ નથી. કાયરતા તો એકંદરે બધા જ હિંદીઓનું લક્ષણ બની ગઈ છે. એ પાપને દૂર કરી શકાય ત આપણી આગેકૂચને રોકવાની દુનિયામાં કોઈની તાકાત નથી. ખાદી અને અસ્પૃશ્યતાનિવારણ માટે હિંદુ સભા કામ કરી રહી છે એ માટે તેને ધન્યવાદ આપું છું. મેં અગાઉ એક પ્રસંગે તમને કહ્યું છે કે અસ્પૃશ્યતા હિંદુ ધર્મનું અંગ છે જ નહીં. એ પાપ આચરવા બદલ દુનિયા આગળ આપણું મસ્તક શરમથી ઝૂકી જવું જોઈએ. બ્રાહ્મણ અને ચંડાળ વચ્ચે કશો ભેદ ન કરવા આપણને ગીતાએ શીખવ્યું છે. એ શ્લોકોનો હું એવો અર્થ કરું છું કે માણસે બ્રાહ્મણ અને ચંડાળ કોઈનો તિરસ્કાર ન કરતાં બેઉની એકસરખી સેવા કરવી ઘટે. હિંદુ ધર્મ પ્રમાણે વર્ણો ચાર જ છે; પાંચમો વર્ણ હોઈ શકતો નથી.

આગળ બોલતાં તેમણે જણાવ્યું કે મારે મન શુદ્ધિ એટલે આત્મશુદ્ધિ. અસ્પૃશ્યો પ્રત્યે પ્રેમ કરીને જ આપણે આ શુદ્ધિ સાધી શકીએ. સ્વામી શ્રદ્ધાનંદે ધર્મને ખાતર પ્રાણ આપ્યો છે. અસ્પૃશ્યોદ્ધાર એમના જીવનની ઉત્કટ ભાવના હતી. કંઈ નહીં તો એ મહાન સ્વામીને ખાતર આ પાપ દૂર કરવું જોઈએ. અલબત્ત, સ્વામીજી 'શુદ્ધિ'નો જે અર્થ કરતા હતા તેની સાથે મારે મતભેદ છે. તેમણે કહ્યું :[2]

સાચી શુદ્ધિ એ આત્મશુદ્ધિ છે. હૃદયને શુદ્ધ કરી અસ્પૃશ્યોને અપનાવવામાં આપણી અને તેમની શુદ્ધિ છે. એટલી હદ સુધીની શુદ્ધિના કાર્યમાં હું તમારી સાથે છું. અને મને લાગે છે કે ધર્મને માટે દેહત્યાગ કરનારા શ્રદ્ધાનંદજીનું સૌથી મોટું કાર્ય અસ્પૃશ્યતાનિવારણનું જ કાર્ય ગણાશે. અસ્પૃશ્યોના ઉદ્ધાર માટે નિરંતર તેમને લગની લાગેલી હતી એનું વર્ણન તો હું અનેક ઠેકાણે કરી ચૂક્યો છું, પણ શુદ્ધિનો તમે જે અર્થ કરો છો, અને જેમાં શ્રદ્ધાનંદજીનો પૂરેપૂરો હિસ્સો હતો તે મારું હૃદય નથી માનતું. શાસ્ત્રોનું મારી અલ્પશક્તિ અનુસાર સંશોધન અને

૧. સભામાં દશ હજારથી વધુ શ્રોતાઓ હતા અને સ્થાનિક હિંદુ સભાએ તેમાં ગાંધીજીને માનપત્ર અર્પણ કર્યું હતું.

૨. આ પછીના બે પૅરેગ્રાફનું ભાષાંતર નવજીવન, ૩૦-૧-૧૯૨૭ના અંકમાંથી આપ્યું છે.

Gandhi Heritage Portal

અભ્યાસ મેં કીધો છે, અને પરિણામે મારો નિશ્ચય થયો છે કે એવી શુદ્ધિ માટે હિંદુ ધર્મમાં જગ્યા નથી. ઈસ્લામી ભાઈઓને પણ હું કહી ચૂકયો છું કે કુરાનેશરીફ વાંચીને હું એવા મત ઉપર આવ્યો છું કે જે તબલીઘ તેઓ કરી રહ્યા છે તેને માટે ઈસ્લામમાં સ્થાન નથી. કોઈની પાસે જઈને કહેવું કે તું ઇસ્લામ પર ઈમાન લાવ—તું મુસલમાન બન, કે કોઈની પાસે જઈને કહેવું કે તું હિંદુ બન એ બરોબર જ નથી. શુદ્ધિ વિશે તમારી અને મારી વચ્ચે આટલો મતભેદ તો રહેવાનો જ. હું ઈશ્વરની પ્રાર્થના કરું છું કે આમાં મારી કસૂર થતી હોય તો તે મને બતાવે. હું તો તુલસીએ બતાવ્યું કે તપશ્ચર્યા વડે બ્રહ્માએ સૃષ્ટિ કરી, અને પાર્વતીએ શંકરને પતિ બનાવ્યા તેવી તપશ્ચર્યા વડે હિંદુ ધર્મની રક્ષા કરવા ચાહું. દુનિયામાં કોઈ પણ પરમ વસ્તુની સાધના તપશ્ચર્યાથી જ સહજ થાય છે. હિંદુઓ પણ તપશ્ચર્યા કરીને પોતાની શુદ્ધિ કરી લે અને અસ્પૃશ્યતાનું કલંક દૂર કરે તો તેમણે પોતાની રક્ષા માટે પૂરતું કામ કરી લીધું એમ કહીશ. ગીતાનો પાઠ કોઈને પસંદ હોય તો તે શા માટે તે પોતે જ ન કરે? મને કુરાન પઢવાનું મન થાય તો કોઈના બતાવ્યાને લીધે હું શા સારુ તે પઢું? બાઈબલ પઢવાને માટે મને ખ્રિસ્તીના ઉપદેશની જરૂર શા સારુ હોય? ધર્મ અને ઈશ્વરની વચ્ચે એક પણ વસ્તુ આવી શકતી નથી. જેને ધર્મનો અને શુદ્ધિનો ખ્યાલ નથી તે જ એકબીજાની શુદ્ધિ અને તબલીઘ કરવા જશે.

આ તો મારો અંગત અભિપ્રાય કહ્યો. પણ હું તો સ્વતંત્રતાનો ઉપાસક રહ્યો, એટલે મેં કહ્યું છે કે શ્રદ્ધાનંદજીને દુનિયાને વેદધર્મ આપવાની ઈચ્છા હતી તો તેમને તેમ કરવાનો અધિકાર હતો, જેમ ઈસ્લામનો પ્રચાર કરવાનો અને કુરાન પઢાવવાનો મુસલમાનોને અધિકાર છે. જો એ શુદ્ધિકાર્ય માટે શ્રદ્ધાનંદજીનું ખૂન થયું હોય તો તે ઈસ્લામને નથી છાજતું. હિંદુ ધર્મને એ અભિમાનાસ્પદ છે એટલે હિંદુ તેનો બદલો વાળવાનો સપને પણ વિચાર ન કરે. એક પણ મુસલમાન દિલમાં એવો ખ્યાલ ન આણે કે એ કાર્યથી ઈસ્લામનું ભલું થયું છે. હું તો હિંદુમુસલમાન પ્રશ્ન વિશે બોલતો નહોતો, પણ આટલું પણ બોલું છું તે શ્રદ્ધાનંદજીના ખૂનની અસાધારણ ઘટનાને લીધે. હું તો ઈશ્વરને એટલી જ પ્રાર્થના કરું કે તું અમને વીર બનાવ, બહાદુર બનાવ, અમને કોઈની ઘૃણા ન કરાવ, બીજાને જીતવા હોય તો અમને પ્રેમની કળા બનાવ. શ્રદ્ધાનંદજીનું સ્મારક કરવાનો હિંદુમુસલમાન બંનેનો ધર્મ છે, અને બંનેનો આવી પ્રાર્થના કરવાનો ધર્મ છે.

ગોરક્ષાની વાત ઉપર આવતાં તેમણે કહ્યું કે એ એક બિનચર્ચાસ્પદ વિષય છે અને તમે એ કાર્ય કરી રહ્યા છો એ જાણી મને આનંદ થયો છે. હિંદુઓ પોતે ભારતમાંની ગાયોની વર્તમાન દુર્દશા માટે જવાબદાર છે. જો પૈસા ખાનાર પોતાની ગાયોને તેઓ ખાટકીઓને વેચી નાખતા ન હોય, જો દૂઝણી ગાયોની બરાબર સંભાળ લેતા હોય, તો ગાયોની હાલત આટલી શોચનીય ન થાય. ગયામાં એક ગૌશાળા છે એમ મેં જાણ્યું. દેશમાં એવી ઘણી ગૌશાળાઓ છે. એનો વહીવટ યોગ્ય રીતે થાય તો દૂધ, તેની બનાવટો અને મરેલી ગાયોના ચામડાની આવકમાંથી ઘરડી અને માંદી ગાયોને પાળી શકાય. ચામડું કમાવવાનાં કારખાનાં કાઢીને મરેલી ગાયોનાં ચામડાંને આવકનું સાધન બનાવી શકાય.

આગળ બોલતાં મહાત્માજીએ નિયમપૂર્વક ખાદી પહેરીને ગરીબ ગ્રામવાસીઓને મદદ કરવાની શ્રોતાઓને અપીલ કરતાં કહ્યું કે રેંટિયો એમની કામધેનુ છે. હજારો ગરીબ ભૂખ્યા ગ્રામવાસીઓને રોટલો આપવાની તેનામાં શક્તિ છે. ગયામાં ખાદીની એક નાની દુકાન પણ

Gandhi Heritage Portal

ચલાવી શકાતી નથી એ દુ:ખની વાત છે. પરદેશી કાપડથી ભરેલી ઘણી દુકાનો વચ્ચે એક નાનકડી ખાદીની દુકાન જોઈ મને ખેદ થયો. હું તો એવો દિવસ જોવા આતુર છું, જ્યારે બજારની બધી મોટી દુકાનો ખાદીથી ભરેલી હોય અને પરદેશી તથા ભારતની મિલોમાં બનેલ કાપડની એકબે દુકાનો જ રહી હોય અને તે પણ સારી રીતે ચાલતી ન હોય.

ભાષણ પૂરું કરતાં તેમણે ખાદીકામને માટે દેશબંધુ સ્મારક ફંડમાં ઈશ્વરને નામે યથાશક્તિ ફાળો આપવા અને એમ કરીને દેશના ગરીબ લોકોને નાણાકીય સહાય પહોંચાડવા લોકોને અપીલ કરી.

[મૂળ અંગ્રેજી]

सर्चलाइट, २१-१-१९२७; तथा यंग इण्डिया, २७-१-१९२७

## ૨૫૨. મીરાંબહેનને પત્ર

[જાન્યુઆરી ૧૬, ૧૯૨૭][1]

ચિ. મીરાં,

તારો પત્ર મળતાં તને જે વેઠવું પડયું એ વિશે તેમ જ બીજી બાબતો વિશે જાણ્યું. બિહાર-પ્રવાસનો કાર્યક્રમ તને મોકલ્યો હશે એવો ખ્યાલ હતો, પણ હવે યાદ આવે છે કે શરૂની તારીખો મોકલી ત્યારે તે તૈયાર પણ ન હતો. બિહારની તારીખો તને કાલે મોકલી છે. જે તે સ્થળો ક્યાં આવ્યાં તે નકશાની મદદથી તું જાણવા લાગી હોઈશ એમ માની લઉં છું. એ સ્થળોનાં નામ તું હિંદી લિપિમાં લખવાનું રાખીશ તો તે તારે માટે રસપ્રદ અને ઉપયોગી અભ્યાસપાઠ બનશે.

પ્યાર સાથે,

બાપુ

[તા.ક.]

આ સવારમાં પાંચ વાગ્યે પ્રાર્થના પછી તરત લખું છું, કારણ, અમે દૂર દૂર જવા માટે રવાના થવાની તૈયારીમાં છીએ.

[મૂળ અંગ્રેજી]

મૂળ પત્ર પરથી : સી. ડબલ્યુ ૫૧૯૭; શ્રીમતી મીરાંબહેનના સૌજન્યથી

૧. ટપાલની છાપ પરથી.

Gandhi Heritage Portal

## ૨૫૩. ડાહ્યાભાઈ મ. પટેલને પત્ર

ટ્રેનમાં,
[જાન્યુઆરી ૧૬, ૧૯૨૭][1]

ભાઈશ્રી ૫ ડાહ્યાભાઈ,

તમારો કાગળ મળ્યો. ખેડૂતોની સ્થિતિ હાલ તો ખરાબ થતી જાય છે તેમાં શંકા નથી. પણ તમે ધારો છો તેના કરતાં તે ખરાબીનાં કારણ ઊંડાં છે. અધીરાઈથી કામ બગડે છે. રોષ કરવાથી સુધરતું નથી. ઉપાય સરકારના હાથમાં નથી પણ ખેડૂતોના હાથમાં છે એ પાઠ સમજી લેશો તો તમે જોશો કે વ્યથા પામ્યા વિના તમારું કામ આગળ વધશે. મને ક્ષણ પણ મળશે તો હું નવજીવનમાં લખીશ. પ્રજાબંધુની કાપલી મળી છે. તે પહેલાંનું તમે લખો છો તે હજુ મળ્યું નથી. હવે મળી રહેશે.

બાપુના આશીર્વાદ

ભાઈ ડાહ્યાભાઈ મનોરભાઈ પટેલ
કૉં. તાલુકા સમિતિ, ધોળકા
બી. બી. ઍન્ડ સી. આઈ. રેલવે

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી : સી. ડબલ્યુ. ૨૬૯૮
શ્રી ડાહ્યાભાઈ મ. પટેલના સૌજન્યથી

## ૨૫૪. વા. ગો. દેસાઈને પત્ર

રવિવાર [જાન્યુઆરી ૧૬, ૧૯૨૭][2]

ભાઈશ્રી વાલજી,

તમારો પત્ર મળ્યો. તમારો તાર પણ મળ્યો હતો. તમને બધું મૂળ લખાણ મોકલવાની તજવીજ તો થાય જ છે.

તમને તરજુમાના કાર્યમાં રોકી લેવાની ઇચ્છા થાય છે. કાકાને તે બાબત લખું છું. શંકરલાલના બનેવીની માળા નિરંતર ચાલનારી છે તેમાં તમારો ઉપયોગ તો થઈ જાય એમ લાગે છે. તેના તંત્રી કાકા છે એટલે તેને લખું છું.

ગોરક્ષાની તા. ૧૧મી માર્ચ છે એ યાદ હશે. સભ્યોનાં નામ શોધી તેમને લખ્યું હશે.[3]

૧. અને ૨. ટપાલની છાપ પરથી.
૩. વાલજીભાઈ મંડળના સેક્રેટરી હતા.

Gandhi Heritage Portal

સમિતિનો સભા બાબત સરક્યુલર મોકલ્યો હશે. હિસાબ રેવાશંકરભાઈ[1] પાસેથી, આશ્રમથી[2] વિગત મેળવી નક્કી કર્યો હશે.

મોહનદાસના
વંદે માતરમ્

ભાઈશ્રી ૫ વાલજી દેસાઈ
સત્યાગ્રહ આશ્રમ
સાબરમતી

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : સી. ડબલ્યુ. ૭૩૯૦
શ્રી વા. ગો. દેસાઈના સૌજન્યથી

## ૨૫૫. સોનપુરમાં સ્ત્રીઓની સભામાં ભાષણ[3]

જાન્યુઆરી ૧૬, ૧૯૨૭

સીતાનો વિચાર કરો. તમારી માફક ભારે દાગીના પહેરીને એ ચૌદ વરસના વનવાસમાં રામની સાથે ગયાં હશે એમ માનો છો? આ ઘરેણાં તમારી સુંદરતામાં વધારો કરે છે એમ તમે માનો છો? સીતાએ તો પોતાના હૃદયની સુંદરતાની જ દરકાર રાખી હતી અને દેહને શુદ્ધ ખાદીથી ઢાંક્યો હતો. તમે પહેર્યાં છે એ ભારે ઘરેણાં લાગે છે પણ એ ભૂંડાં અને પાછાં મેલ ભરાવાનાં કાયમી થાણાં છે એટલે નુકસાનકારક પણ છે. એ બેડીઓમાંથી છૂટાં થઈ જાઓ અને જેમની પાસે ઘરેણાં તો શાનાં હોય, પહેરવાનાં કપડાં પણ નથી હોતાં એવા લોકોની થોડી ગરીબાઈ દૂર કરો.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २७–१–१९२७

૧. રેવાશંકર જ. ઝવેરી, જેઓ તે વખતે મંડળના ખજાનચી હતા.
૨. સાબરમતી આશ્રમ, મંડળનું હેડક્વાર્ટર.
૩. મહાદેવ દેસાઈના 'સાપ્તાહિક પત્ર'માંથી.

Gandhi Heritage Portal

## ૨૫૬. છપરાની જાહેર સભામાં ભાષણ[1]

જાન્યુઆરી ૧૬, ૧૯૨૭

મહાત્માજીએ બંને માનપત્રોનો એકસાથે જવાબ વાળતાં માનપત્રો માટે બોર્ડોનો આભાર માની કહ્યું કે હું બીજા વિષયો ઉપર પણ થોડા શબ્દો બોલીશ ખરો, પણ મારો અહીં આવવાનો ઉદ્દેશ તો ખાદી અને રેંટિયાનો સંદેશો સંભળાવવાનો છે. એક માનપત્રમાં અસ્પૃશ્યતાના પાપને નાબૂદ કરવાના મારા પ્રયાસોનો ઉલ્લેખ થયો છે. હિંદુ સમાજમાંથી આ ડાઘ ભૂંસી નાખવાની મારા હૃદયની જ્વલંત ઇચ્છા છે. એમ કરવાના પ્રયાસમાં મરણ વહોરી લેનાર સ્વામી શ્રદ્ધાનંદ કહેતા કે દરેક હિંદી નેતાના ઘરમાં એક અસ્પૃશ્યને કુટુંબના સભ્ય તરીકે રખાય નહીં ત્યાં સુધી અસ્પૃશ્યતા દૂર થઈ કહેવાય નહીં. પાંચમો વર્ણ તો આપણે બનાવ્યો છે, શાસ્ત્રોએ કદી મંજૂર કર્યો નથી. નેતાઓ પોતાના ઘરમાં અસ્પૃશ્યોને રાખે તો તેમને દોષ દેવાનું લોકો માટે કોઈ કારણ નથી. 'અસ્પૃશ્યોની સેવા કરો' એ સ્વામી શ્રદ્ધાનંદના જીવનનો બોધપાઠ છે. એમના જીવનમાંથી એ ઉપરાંત નિર્ભયતાનો અને તેમના મૃત્યુમાંથી કોમવાદનાં અનિષ્ટોનો પાઠ આપણે શીખવો જોઈએ. હિંદુમુસ્લિમ એકતા આપણે માટે તાકીદની જરૂરિયાત છે. એ સિદ્ધ ન થાય ત્યાં લગી આપણે સ્વરાજનું સ્વપ્નું પણ જોઈ ન શકીએ.

આગળ બોલતાં તેમણે કહ્યું કે આપણા દેશની ગરીબાઈ સર્વસ્વીકૃત હકીકત છે. આપણા ધર્મ અને દેશ પ્રત્યે જો આપણે વફાદાર હોઈએ તો ગરીબો પ્રત્યે સહાનુભૂતિ ધરાવ્યા વિના રહી શકીએ નહીં. ગરીબોને મદદ કરવાનો ઉત્તમ ઉપાય ખાદી પહેરવામાં રહેલો છે. પરદેશી અથવા હિંદી મિલોનાં વસ્ત્રો ઉપર એક કોડી પણ ખરચવી ન જોઈએ.

બીજાં બધાં કપડાં કોરે મૂકી ખાદીને જ પસંદગી આપો એવી મારી તમને ફરીથી વિનંતી છે.

ત્યાર પછી પોતે સભામાં ખાદીનું વેચાણ કરનાર છે એવી જાહેરાત કરી હાથમાં ખાદીના થોડા ટુકડા લઈ તેઓ મંચ ઉપર ઊભા થયા અને ખરીદનારાઓને આગળ આવવા જણાવ્યું.

[મૂળ અંગ્રેજી]

સર્ચલાઇટ, ૨૧-૧-૧૯૨૭

૧. દસેક હજાર શ્રોતાઓની આ સભામાં મ્યુનિસિપાલિટી તથા જિલ્લા બોર્ડે ગાંધીજીને હિંદીમાં માનપત્રો અર્પણ કર્યાં હતાં. એ પછી એકમા ગામે જવા રવાના થતાં પહેલાં ગાંધીજીએ ટાઉન હૉલમાં સ્ત્રીઓની સભામાં ભાષણ કર્યું હતું.

Gandhi Heritage Portal

# ૨૫૭. સિવાન[1]ની જાહેર સભામાં ભાષણ[2]

[જાન્યુઆરી ૧૬, ૧૯૨૭]

તમારા જિલ્લામાં હિંદુમુસ્લિમ સંપ બીજા જિલ્લા કરતાં સારો છે એમ સાંભળીને મને આનંદ થાય છે. પણ તમે એમ કહી શકો ખરા કે બીજા પ્રાંતોમાં ગમે તેમ થઈ જાય, અમારે ત્યાં તો કાંઈ જ થવાનું નથી. એક પણ પ્રાંત કે જિલ્લો એવો થઈ જાય કે જેને વિશે એમ જ કહેવાય કે ત્યાં તો હિંદુમુસલમાનનો ઝઘડો કરાવનાર એક પણ તાકાત નથી. ઈશ્વર એવો દિવસ તુરત લાવે એમ ઈચ્છું છું. આપણી બે કોમો વચ્ચે જ્યાં સુધી સંપ નથી થયો ત્યાં સુધી આપણે એકબીજાને જીવતા ભલે માનીએ પણ મરેલા જ છીએ. હિંદુ માને છે કે મુસલમાનોની સાથે લડીને તે પોતાનું કામ વધારે છે અને મુસલમાન માને છે કે હિંદુની સાથે લડીને તે પોતાનું કામ વધારે છે, પણ બંને પોતાનું કામ બગાડે છે. આ ઝઘડો હવે હિંદુ હિંદુમાં અને મુસલમાન મુસલમાનમાં પણ પેઠો છે. આજે ૪૦ વર્ષના જાહેરજીવન બાદ હું જોઉં છું કે કોઈ માણસ એક ઠેકાણે ગેરઈન્સાફ કરે, અથવા અસત્ય રીતે ચાલે તે બીજી જગ્યાએ ઈન્સાફ અને સત્યની રીતે ચાલશે એ મુશ્કેલ છે—એક ઝેર બધી દિશામાં ફેલાવાનો ભય રહે છે જ.

આ વિશે કોમિલ્લામાં મારે બોલવું પડયું એટલે બોલી ચૂકયો. ત્યાં મેં કહ્યું હતું કે આ કામ ઈન્સાનના હાથમાંથી ગયું છે અને ઈશ્વરે પોતાના હાથમાં એ લીધું છે. આમ બોલવામાં મારું અભિમાન લાગે, પણ મને નથી લાગતું. કોમિલ્લામાં મેં એ ઉદ્‌ગાર કાઢયા તેનું કારણ એ છે કે હું એક મિનિટ પણ ઈશ્વરને નથી ભૂલી શકતો. એને દરમિયાન રાખીને મારું ૨૦ વર્ષથી વધારેનું જાહેર કામ મેં કર્યું છે. આ કામને જ મેં મારો કલમો બનાવ્યો હતો. આફ્રિકામાં મેં એ કામ કરેલું, અહીં પણ એ જ કર્યું, એને માટે અપવાસ કર્યા, છતાં ઈશ્વરને એ મંજૂર ન હતું. આમ હતું તો હિંદુમુસ્લિમ ઐકય માટે હું કશું કરવાનું અભિમાન ન લઈ શકું. મેં મારા હાથ હવે ધોઈ નાખ્યા છે. મારી આખી તાકાત મેં આમાં વાપરી નાખી, પણ સાથેસાથે હું ઈશ્વરપરાયણ રહ્યો, ઈશ્વરનું આપેલું ખાનારો રહ્યો, એટલે લાચાર બનું છું, છતાં નાસીપાસ નથી થતો.

મારું દિલ તો કહે છે કે હિંદુમુસલમાન ઐકય થયા વિના રહેશે જ નહીં, અને તે આપણે ધારીએ તેના કરતાં વહેલું થશે. પણ એ ઈશ્વરના હાથમાં છે. આમાં અભિમાનનો આભાસ થાય એમ મેં કહ્યું. કારણ મેં માની લીધું છે કે બીજા કોઈના પણ હાથમાં એ નથી રહ્યું. પણ એમ કહેવાનું કારણ છે. મેં જેટલા જોરથી, સચ્ચાઈથી, મહોબતથી અને જોરથી એ કામ કર્યું છે તેટલાથી સેંકડોએ કર્યું હશે, પણ એથી વધારે જોરથી, વધારે સચ્ચાઈથી, વધારે મહોબતથી અને વધારે જોરથી તો કોઈએ જ નથી કર્યું. એવા સેંકડો પણ લાચાર થઈ ગયા હોવા જોઈએ એમ મેં માન્યું એટલે જ મેં કહ્યું કે માણસના હાથમાં આ વાત રહી નથી. ૧૯૨૦માં હું કહેતો કે દુનિયા પર એવી એક પણ તાકાત નથી જોતો—આ સલ્તનતના જેટલી

૧. સરાણ જિલ્લાનું એક નાનું ગામ. સર્ચલાઇટના રિપોર્ટ પ્રમાણે ગાંધીજી ૧૯મી જાન્યુઆરીએ ત્યાં હતા.

૨. હિંદીમાં આપેલા ભાષણનો ટૂંક સાર.

Gandhi Heritage Portal

વ્યવસ્થાશક્તિ, ચાલાકી, તાકાત અને અક્કલવાળી સલ્તનત પણ એવી નથી — કે જે હિંદુમુસલમાન ઐક્યને મિટાવી શકે. કારણ તે વેળા આપણે ઈશ્વરથી ડરનારા હતા, ઈશ્વરમાં ભરોસો રાખનારા હતા. પણ હવે હું કોને સમજાવું? હું કોને કહું કે આપણે એકબીજાથી ન ડરીએ, એકબીજાની ઘૃણા ન કરીએ? શ્રદ્ધાનંદજી મુસલમાનના દુશ્મન હતા? તેમનું કાર્ય મુસલમાનોને ન પસંદ પડે, પણ તેથી તે દુશ્મન શી રીતે થયા? પણ ધારો કે એ દુશ્મન હતા, તોપણ તે બહાદુર હતા. મુસલમાનોએ પણ એ કબૂલ કર્યું છે, એટલે મેં કહ્યું છે કે શ્રદ્ધાનંદજીના રક્તથી આપણે આપણા દિલને ધોઈ નાખીએ, અને ઈશ્વરને કહીએ કે આટલું બસ છે.

એવી શી વસ્તુ છે કે જેને માટે આપણે લડીએ છીએ? ભલે હિંદુઓ મૂર્તિપૂજક હોય — અને તેઓ છે — છતાં તેથી તેમણે મુસલમાનોનો શો ગુનો કર્યો? આઝાદી તો તેનું નામ છે જ્યાં ભૂલ કરવાની તાકાત હોય. ભૂલ કરવાનો હક ખુદાએ સૌને આપ્યો છે તે કોણ લઈ શકે? જો ખુદા હિંદુ મૂર્તિપૂજકોને સહન કરી લે છે તો મુસલમાનો તેમને શા સારુ ન સહન કરી લે? તે જ પ્રમાણે મુસલમાનો ગાય કાપે તો હિંદુઓ તેના ઉપર બળ શા સારુ વાપરે? તેને પગે પડીને વીનવે, તેને કરગરીને વીનવે, અને ન માને તો તેને ઈશ્વરના ઉપર છોડી દે. પણ આપણે આટલી વસ્તુ નથી કરી શકતા. આખરે ઈશ્વર તો એ કરશે જ, જોકે તે મનુષ્યની મારફતે જ કરશે — ચાહે તો પશુની મારફતે પણ કરે. પણ તે ક્યારે કરશે તે તે જાણે, આપણે ન કહી શકીએ. એટલે તમને કહું છું કે તમે ઈશ્વરને માનવાવાળા હો તો શાંત સ્થળે જઈને તેને કહો કે 'તું અમારી પાસે સાચને રસ્તે કામ લેવડાવ.' દરરોજ પ્રાતઃકાળમાં ઊઠીને એ જ એક વાત માગો. આ જ મારો રસ્તો છે. મારી પાસે બીજો રસ્તો નથી.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २७-१-१९२७

ભાષાંતર : नवजीवन, ३०-१-१९२७

## ૨૫૮. મીરાંબહેનને પત્ર

જાન્યુઆરી ૧૭, ૧૯૨૭

ચિ. મીરાં,

અમે અત્યારે ગંગાની ઉત્તરે છીએ, એટલે તને પત્રો પહોંચતાં થોડો વખત વધુ લાગશે. રેલવે લાઈનથી બહુ દૂર નહીં, છતાં દૂરના એક ગામડામાં[૧] રાજેન્દ્રબાબુની વારસામાં મળેલી મિલકત પર અમારો મુકામ છે.

હાલ તારો હિંદીનો વિકાસ કેવો છે? અચકાયા વિના તું હિંદી બોલી શકે છે? હિંદીમાં વાત કરવાને તને ઘણો વખત મળે છે ખરો? કે પછી અંગ્રેજી દ્વારા જ બધું કામ તારે પતાવવું પડે છે? આશ્રમ પરનો તારો અઠવાડિક હિંદી પત્ર ચાલુ રાખ્યો હશે એવી આશા રાખું છું. અહીં ઠીકઠીક ઠંડી પડે છે. છાંયડામાં ક્યારેય ગરમી જણાતી નથી. હવા ભેજવાળી છતાં સ્ફૂર્તિદાયક છે. દિવસ આખો ચાલ્યા કરવાનું મન થાય, પણ મને એને માટે બહુ ઓછો (સમય) મળી શકે છે.

૧. જીરાદેઈ.

Gandhi Heritage Portal

હું ત્યાં ૨૦મી માર્ચના અરસામાં પહોંચીશ. મને લાગે છે કે ત્યાં સુધી તને પણ ત્યાં રહેવું ગમશે, પણ તને જો સ્થળ માફક આવતું ન હોય તો તો નહીં જ.

પ્યાર સાથે,

તારો

બાપુ

[તા.ક.]

પ્રવાસ-કાર્યક્રમ તને મળી ગયો હશે. ન મળ્યો હોય તો ખાદી કાર્યાલય, મુરાદપુર, પટણા, એ સરનામે તારા પત્રો મોકલજે. હાલ તો એકધારી રખડપટ્ટી ચાલે છે. આનો તારો જવાબ મળશે ત્યારે ખાસા દસ દિવસ થઈ ગયા હશે એવો ડર છે. પટણા ૩૦મીએ પહોંચીશ.

[મૂળ અંગ્રેજી]

મૂળ પત્ર પરથી : સી. ડબલ્યુ. ૫૧૯૮; શ્રીમતી મીરાંબહેનના સૌજન્યથી

## ૨૫૯. મણિબહેન પટેલને પત્ર

બિહાર,

મૌનવાર [જાન્યુઆરી ૧૭, ૧૯૨૭][૧]

ચિ. મણિ,

તમારો કાગળ મળ્યો છે. તમારા કાગળમાં તમારે કંઈ જ છુપાવવા જેવું નથી કે બીજા ન વાંચે. છતાં મહાદેવ વિના બીજા કોઈએ વાંચ્યો નથી. તમને પરાણે હું તો ન જ પરણાવું અને બાપુ પણ ન પરણાવે. હું તો મારું ચાલે તો છોકરીઓને પરાણે કુમારિકા રાખું. પરાણે પરણાવવાની ક્રિયા કરવાની ફરજ મને છોકરીઓ પાડે છે. એટલે મારા તરફથી તો તેમને અભય-દાન જ છે. તમને નહીં સમજનાર મને કનડતા હતા. તેથી મેં વળી પૂછી લીધું. તે પણ તમારી વ્યગ્રાવસ્થા જોયા પછી. એવી જુવાન છોકરીઓને હું જાણું છું ખરો કે જે પોતે નથી જાણતી છતાં તેનું વ્યગ્ર ચિત્ત કેવળ ન પરણવાને લીધે હોય છે. તમારે વિશે તેવું ન થાય તેમ હું માનું છું. પણ તમને સાવધાન કરવાનો મારો ધર્મ હતો અને એમ બતાવવા કે એક વાર એક વાત કર્યા પછી પાછો પરણવાનો વિચાર ન કરાય એવું કંઈ નથી. હા, જો વ્રત લઈ લીધું હોય તો થયું. પછી તો આભ તૂટે તોયે શું થયું? પણ તમે વ્રત નથી લીધું ત્યાં સુધી મારા જેવા પણ તમને પૂછે. બીજા તો આગ્રહ પણ કરે. આનો અર્થ એમ નથી કે હું ઇચ્છું છું કે તમે વ્રત લઈ લો. તે તો તમારી ઇચ્છાએ જ્યારે વ્રત વિના ન રહી શકાય ત્યારે લેશો. હવે મારે તો વિવાહની વાત કરવી નહીં રહે એટલું જ નહીં પણ હું બીજાને પણ તેથી રોકીશ. પણ તમારે વ્યગ્રાવસ્થામાંથી નીકળી જવું જોઈએ. કુમારિકાપણું દરેક રીતે શોભાવવું જોઈએ. બ્રહ્મચર્યનો ધાર્મિક અર્થ કરવાનો છે ને તેમાંથી ધાર્મિક ફળ નિપજાવવા સારુ, જેને વિશે મેં નવજીવનમાં હમણાં આત્મકથા[૨]માં લખ્યું છે, તે બ્રહ્મચર્ય તમારે પાળવાનું છે. એટલે તમારી પ્રકૃતિ શાંત, પ્રફુલ્લિત, ઉદ્યમી અને સમભાવી હોવી જોઈએ.

૧. છાપેલી પ્રત પ્રમાણે.

૨. ભાગ ૩, પ્ર. ૭ અને ૮.

Gandhi Heritage Portal

માર્ગોપદેશિકા[1] વારંવાર વાંચી તેને ચાવી નાખજો. ગીતાજીના દરેક શબ્દને તેના નિયમથી ઉકેલજો.

લોઢવા-પીંજવાનું શીખી લેવા વિશે મેં તાર કર્યો છે. મેં કરાંચી પણ તાર કર્યો છે. હજુ નારણદાસનો જવાબ નથી આવ્યો. આવે કે ન આવે પણ મારી પાસે એવી માગણી તો બીજેથી પણ છે. જુદે જુદે ઠેકાણે તમને કંતામણ શીખવવા સારુ મોકલ્યા કરવાનો વિચાર છે. મેં રૂ. ૫૦)ની અને મુસાફરી ખર્ચની માગણી કરી છે. આમાં અનુભવ પણ ઠીક મળશે. પાછળથી જોઈ લઈશું. ત્યાં હમણાં કોઈ કામમાં ન જોડાવું. રૂ. ૩૦) તો ઉપાડ્યા જ કરવા. તેમાંથી બચે તે ભલે બચે. હું હિસાબ માગીશ.

બાપુના આશીર્વાદ

ચિ. મણિબહેન પટેલ
સત્યાગ્રહ આશ્રમ
સાબરમતી

[મૂળ ગુજરાતી]
બાપુના પત્રો – મણિબહેન પટેલને, પા. ૪૭–૫૧

## ૨૬૦. જમનાલાલ બજાજને પત્ર

મૌનવાર, પોષ સુદ ૧૪ [જાન્યુઆરી ૧૭, ૧૯૨૭][2]

ચિ. જમનાલાલ,

તમારો કાગળ મળ્યો છે. ગોંદિયા અને અમરાવતીના ભંડાર બાબત તમને તાર આપ્યો છે. મારે ગોંદિયા આવવાનું હોય તો ત્યાં આવી શકીશ. તા. ૩૧મીની રાતે પટણા છોડવાનું છે. પહેલીએ મુંબઈ મેલ મુગલસરાઈમાં મળે છે. તે જ દહાડે જબલપુર. . . .[3] પહોંચવાનું થાય છે. એટલે બીજીએ ગોંદિયા પહોંચાતું હશે. બીજીએ સવારે ભુસાવળ તો મળે જ છે.

હવે મણિલાલનું. મેં એ બાબત કિશોરલાલને કાગળ લખ્યો છે તે તમને વંચાવવાનું લખ્યું છે. મારી તાત્કાલિક સૂચના એ છે કે સુશીલાને નામ આપ્યા વગર ગોમતી અથવા વિજયાલક્ષ્મી પૂછે કે તેનો પરણવાનો વિચાર છે કે નહીં. કિશોરલાલના કાગળ ઉપરથી જોઉં છું કે કોઈ બહેન હજુ પરણવા તૈયાર હોય એમ જ લાગતું નથી. જો એમ જ હોય તો આપણે તેને કેમ લલચાવીએ? જો કોઈ તૈયાર હોય તો કદાચ સુશીલા હોય એમ કિશોરલાલ માને છે. તેથી જ વિવાહ વિશેની તેની ઇચ્છા જાણી લીધા પછી આગળ વધાય એમ લાગે છે. દરમ્યાન હું તે તરફ તો આવીશ જ. ત્યારે વળી વધારે સૂઝ પડશે.

૧. ડૉ. આર. જી. ભાંડારકરે લખેલી સંસ્કૃત રીડર.
૨. પત્રમાં ગાંધીજીનો જે પ્રવાસનો કાર્યક્રમ આપ્યો છે તે પરથી આ પત્ર ૧૯૨૭ના જાન્યુઆરીમાં લખાયો જણાય છે. પોષ સુદ ૧૪ જાન્યુઆરીની ૧૬મીએ હતી, પણ સોમવાર જાન્યુઆરીની ૧૭મીએ હતો.
૩. મૂળમાં ખાલી જગા છે.

Gandhi Heritage Portal

અહીં તીવ્ર વેગે મુસાફરી ચાલી રહી છે. . .[1] ઠીક થાય છે. વધારે પ્રબંધ. . .[2] થાય. આજે રાજેન્દ્રબાબુના ગામમાં છીએ.

જોકે જાનકીબહેનને મસા પાછા હળવા થયા છે તોપણ તેને દેખાડી દાક્તર કહે તેમ કરવું એ જ ઉચિત લાગે છે. દાક્તરને દેખાડવામાં વિલંબ ન કરો એમ ઇચ્છું છું.

વિનોબાની તબિયત સારી હશે. શિવાજીની તબિયતના ખબર પણ જાણવા ઇચ્છું છું.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી : જી. એન. ૨૮૭૯ તથા પાંચમા પુત્રને બાપુના આશીર્વાદ, પા. ૪૦

## ૨૯૧. આશ્રમની બહેનોને પત્ર

મૌનવાર, પોષ સુદ ૧૪ [જાન્યુઆરી ૧૭, ૧૯૨૭]

બહેનો,

તમારો કાગળ મળ્યો છે.

હું તો સોમવારે જ લખું પણ મારું ઠેકાણું બદલાયા કરે તેથી તમને મારો કાગળ પહોંચવાની તારીખ બદલાય જ. હમણાં લગી હું ગંગાની દક્ષિણે હતો. ગઈ કાલે ઉત્તરે આવ્યો, એટલે ગંગા નદી ઓળંગવી પડી. હોડીમાં બેસીને પટણાથી સામે પાર ગયા. ત્યાં મોટર તૈયાર હતી તેમાં બેસી સોનપુર ગયા. અહીંની માટી કીચડ જેવી નથી. તેમાં રેતીનો પણ ભેળ છે. તેથી તે પગે સુંવાળી રેશમ જેવી લાગે છે. બા અને હું લગભગ એક માઈલ તો પગપાળાં ચાલ્યાં. ચંપલ નહોતાં પહેર્યાં. રેતી બહુ ગમતી હતી. આ ભાગમાં દરેક વર્ષે ગંગામૈયા નવી જમીન તૈયાર કરે છે. સેંકડો માઈલથી કાંપ ઘસડી લાવી તે મૂકીને સમુદ્ર ભણી દોડી જાય છે, કેમ જાણે પોતે કરેલો ઉપકાર તેને કોઈ સંભળાવે ને તેને શરમાવું પડે.

આજે અમે રાજેન્દ્રબાબુને ગામ છીએ. રાજબંસી, દેવદાસ અહીં છે. ચંદ્રમુખી ને વિદ્યાવતી જે શહેરમાં તેઓ રહે છે ત્યાં છે, એટલે છપરામાં. અમે તેઓને છપરામાં મળ્યાં. બંનેની તબિયત પ્રમાણમાં ઠીક છે. ચંદ્રમુખીની આશ્રમ કરતાં ખરાબ, વિદ્યાવતીની કંઈક સારી.

ગઈ કાલની સ્ત્રીઓની સભામાં મેં નવો પ્રચાર શરૂ કર્યો. અહીંની બહેનો રૂપાનાં વજનદાર ઘરેણાં બહુ પહેરે છે, છોકરાંઓને મેલાં રાખે છે, વાળ ઓળતી નથી. એટલે ઘરેણાંની ટીકા કરી. પરિણામે તેઓમાંની કેટલીકે પોતાનાં તોડી, હાંસડી વગેરે મને આપી દીધાં; તે એવી શરતે કે બીજાં ન લેવાય, ન પહેરાય. આ કામ કરતી વેળા તમે બધી બહેનો યાદ આવી. બા મને આમાં ખૂબ મદદ દઈ રહી છે. પણ તે તો મારી સાથે છે એટલે. આવાં કામ મારાથી થાય તેના કરતાં તમારાથી બહુ વધારે સારાં થાય. પણ તેને સારુ ત્યાગ જોઈએ, ધગશ જોઈએ, સગવડ જોઈએ. એ બધું તમે ત્યાં મેળવી શકો તેમ છો. આપણે શ્લોક ગાઈએ જ છીએ ના? आत्मवत् सर्व भूतेषु—બધાને પોતાના જેવા ગણવા. એમ ગણીએ તો કોઈનાં છોકરાં

૧. અને ૨. મૂળમાં અહીં ખાલી જગ્યા છે.

Gandhi Heritage Portal

મેલાં હોય ત્યારે આપણાં જ મેલાં છે એમ ગણી શરમાઈએ, કોઈ દુ:ખી હોય તો આપણે જ દુ:ખી છીએ એમ સમજી દુ:ખી થઈએ ને તે દુ:ખનું નિવારણ કરવા ઉપાય રચીએ.

પણ હું તો મારી હદ કરતાં વધ્યો. વધવું ગમે છે પણ મારી પાસે બીજા કાગળોનો ઢગલો જોઉં છું એટલે ડરી જાઉં છું.

પટણા, સોનપુર, છપરા ક્યાં છે તે નકશો લઈ જોઈ લેજો. આ ભૂમિ જનક રાજાની છે.

બાપુના આશીર્વાદ

ગંગાબહેન ઝવેરીએ કોની રજાથી પોતાના પગને મરડાવા દીધો? હરિઈચ્છા આળસને લઈને હાજરી ન ભરે એ તો શિક્ષા પામવાનું કામ કહેવાય.

બાપુ

[મૂળ ગુજરાતી]

પત્રની છબી પરથી: જી. એન. ૩૬૩૫; તથા बापुना पत्रो – १ : आश्रमनी बहेनोने, પા. ૯–૧૦

## ૨૬૨. મીરાંબહેનને પત્ર

[જાન્યુઆરી ૧૮, ૧૯૨૭][1]

ચિ. મીરાં,

તારા બે વધુ પત્રો મળ્યા. હા, ઈચ્છા થાય કે તરત તું હરદ્વાર જઈ શકે છે. હિંદી શીખવામાં મદદ મળતી હોય તો ઠીક છે, નહીંતર તારે કાંતણ અને પીંજણ શીખવવા માટે રોકાવાની જરૂર નથી. તને હિંદી શીખવાનું ઝાઝું મળતું લાગતું નથી, એટલે ત્યાંથી તરત ચાલ્યા જવું સારું. તબિયત કોઈ પણ સંજોગોમાં બગડવા દેવી નહીં. આથી, તારી મેળે જ બધો વિચાર કરી જે ઉત્તમ લાગે તે કરવું. અલબત્ત, વિદ્યાવતીને તારી જેવી હોય તેવી બધી છાપ જરૂર કહેવી.

ખૂન વિશેના તારા પત્રથી દિલગીર થયો. તારા બાતમીદારો જે કહેતા હશે કે જે લાગણી અનુભવતા હશે તે ઘણું કરીને તું સમજી નહીં હોય એવી આશા રાખું છું. વાતાવરણમાં ધિક્કાર તો ભરેલો જ છે, નહીંતર આ ઝઘડો થાત જ નહીં. પણ તરુણોને એનો ચેપ લાગી શકે એ વિચાર જ મને ધ્રુજાવી મૂકે છે.

સ્વામીજીને ઘેર જઈ આવી?

સસ્નેહ,

તારો
બાપુ

[મૂળ અંગ્રેજી]

મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૫૧૯૯; મીરાંબહેનના સૌજન્યથી

૧. ટપાલની છાપ પરથી.



Gandhi Heritage Portal

# ૨૬૩. બિહારમાં ખાદી

શ્રી રાજેન્દ્રપ્રસાદે મને સપ્ટેમ્બર ૧૯૨૬ને અંતે પૂરા થતા વરસનો અખિલ હિંદ ચરખા સંઘની બિહાર શાખાનો હેવાલ મોકલ્યો છે. એ ધીમી પણ એકધારી પ્રગતિ બતાવે છે. શરૂઆતના તબક્કાઓમાં સંઘને જે મુશ્કેલીઓમાંથી પસાર થવું પડ્યું છે તેનો નિર્દેશ કરીને હેવાલમાં જણાવ્યું છે : [1]

બિહારમાં ઉત્પાદન અને વેચાણનાં આઠ કેન્દ્રો અને અગિયાર વેચાણ ડેપો ઉપરાંત છ સ્થળે વેચાણ-એજન્સીઓ છે અને વધુ સ્થપાતી જાય છે. બે માનદ કાર્યકરો સહિત એજન્સી પાસે ૬૫ આખા સમયના કાર્યકરો છે. એમનો સરેરાશ પગાર મહિનાના રૂ. ૨૫નો છે. હેવાલના વર્ષમાં ૨૬૯૮ કાંતનારાઓને રૂ. ૨૯૫૧૯, ૪૮૯ વણકરોને રૂ. ૩૬૮૯૨, ૬ દરજીઓને બે મહિનામાં રૂ. ૨૩૦, ૮ રંગરેજ અને છીપાઓને છ માસમાં રંગની કિંમત સહિત રૂ. ૨૨૭૩, અને ૪૦ ધોબીઓને છ માસમાં રૂ. ૧૯૫૧ મળ્યા છે. કાંતનારા તથા વણનારા પણ પૂરા સમયના કામદારો ન હતા એ કહેવાની જરૂર નથી. તેમણે પોતાના નવરાશના વખતમાં અને અનિયમિતપણે જ કામ કર્યું હતું.

આ પછી હેવાલમાં જણાવ્યું છે :

> વધેલા ઉત્પાદન અને વેચાણમાં જ પ્રગતિ થઈ છે એમ નથી, ખાદીની જાતમાં અને તેના ભાવના ઘટાડામાં પણ થઈ છે.

૧૯૨૩માં ઝીણી ખાદીનો સરેરાશ ભાવ વારનો રૂ. ૧–૦–૫ હતો. ૧૯૨૬માં એ ઊતરીને ૧૩ આના થયો. સૂતર બહુ નબળું હતું ત્યારે વણાટનો દર ૪૫ ઇંચના પનાના એક વાર દીઠ ૩ આના ૩ પાઈ હતો. સૂતરની જાત સુધરતાં તે ઘટીને એ જ પનાના વાર દીઠ ૨ આના ૩ પાઈ થયો છે. હાથકાંતણના સૂતરની ખાદી વણવા માટે પૂરતા વણકરો મેળવવામાં હવે કોઈ મુશ્કેલી પડતી નથી. કેટલાક વણકરો તો ૭૨ ઇંચના પનાની ખાદી વણી શકે છે અને વણાટમાં ટ્વીલ, જુદી જુદી ભાતનું કોટનું કાપડ, એમ ઘણી જાતો દેખાય છે. બિહાર વિદ્યાપીઠના એક સ્નાતકની ખાસ દેખરેખ નીચે રંગવાનું અને છાપવાનું કામ પણ વિકસાવાયું છે.

જુદી જુદી શાખાઓનું કામ વર્ણવીને હેવાલમાં જણાવવામાં આવ્યું છે:

> જો આપણે હાલનો બધો જથ્થો વેચી નાખી શકીએ તો હજુ આપણે દશ ટકા જેટલા વધુ ભાવ ઘટાડી શકીએ.

આ પાનાંઓમાં વખતોવખત જેના વિસ્તૃત હેવાલ છાપ્યા છે એવાં વર્ષ દરમિયાન યોજાયેલાં સફળ ફરતાં પ્રદર્શનો વિશે હેવાલમાં સ્વાભાવિક રીતે જ વિગતે ચર્ચા કરી છે. આ રસપ્રદ હેવાલમાં નીચેના અર્થપૂર્ણ વિચારો જોવા મળે છે:

> બિહાર પ્રાંત ખાદીકામ માટે ખાસ અનુકૂળ છે. વસ્તી ખેતી કરનારી છે અને છોટાનાગપુરમાં કોલસાક્ષેત્રો અને જમશેદપુરના જબ્બર તાતા આયર્ન ઍન્ડ સ્ટીલ વર્ક્સને બાદ કરતાં પ્રાંતમાં કોઈ મહત્ત્વનો ઉદ્યોગ નથી. ઘણા ભાગોમાં કાંતવાની પ્રથા હજુ જળવાઈ

૧. ખાદીના ઉત્પાદન અને વેચાણના આંકડા દર્શાવતું પત્રક અત્રે છાપ્યું નથી.

Gandhi Heritage Portal

રહી છે અને વણકરો તથા સાળોની સંખ્યા પ્રાંતની કાપડની બધી જરૂરતને સંતોષી શકે તેટલી છે. જાતમાં જોકે ઊતરતો છે છતાં ઘણા ભાગોમાં કપાસ ઉગાડાય છે. આમ ખાદીનું ઉત્પાદનકાર્ય અહીં બહુ મુશ્કેલ નથી, જોકે એની જાત સુધારવા માટે ટેક્નિકલ કૌશલ અને વ્યવસ્થિત સંગઠનની જરૂર છે ખરી. પૂરતી મૂડી તથા સંગઠનની અને ટેક્નિકલ કારીગરી મળતાં આ કામ ઘણું વિસ્તારી શકાય તેમ છે.

બિહારમાં લગભગ મૃતપ્રાય સ્થિતિમાં હતો તેવો આ પ્રાચીન કાંતણ-ઉદ્યોગ ફરી જીવતો કરવામાં કેટલી પ્રગતિ થઈ છે તે ઉપરના વર્ણન પરથી દેખાઈ આવશે. જે વિશાળ ક્ષેત્રમાં કાંતણને સજીવન કરી શકાય એમ છે અને ખેતીમાં રોકાયેલી વિશાળ વસ્તીના આળસમાં જતા સમયમાં તેને ખૂબ-જોઈતું કામ આપી શકાય ત્યાં અમે તો માત્ર બહુ થોડા લોકો સુધી જ પહોંચી શક્યા છીએ. કામની શકયતાઓ ઘણી છે એની કોઈથી ના પાડી શકાય તેમ નથી. આવકની તો વાત જ છોડો, પણ કશોક પૂરક ધંધો લોકો માટે જરૂરી છે, કારણ અનાજ અને તે સિવાયના પાકના વાવેતર માટે ખરેખર ખેતીમાં વપરાતી માથાદીઠ સરેરાશ જમીન પોણા એકરથીય ઓછી છે. જેના ચાર-પંચમાંશ ભાગને પાણી મળી શકતું નથી અને જેવા તેવા વરસાદ ઉપર જ આધાર રાખવાનો હોય છે, એવી આ થોડી સરખી જમીનમાંથી થતી આવકમાંથી ગુજારો કરવો, કપડાં અને જીવનની બીજી જરૂરતો પૂરી કરવી તેમ જ બીજાં બધાંની સાથે જમીનદાર, સમાજ અને રાજ્યની બધી માગણીઓને પહોંચી વળવું—આ બધું કરવાનું. આ દૃષ્ટિબિંદુથી જોતાં, જેમને આ પ્રકારની રાહતની જરૂર છે પણ તે માથે મરાયેલી બેરોજગારીને કારણે મળી શકતી નથી તેવા લોકો માટે, અનુભવે બતાવ્યું છે તેમ, રેંટિયાથી થતી દિવસની સાત પાઈ જેવી સ્પષ્ટ રીતે મામૂલી ગણાતી આવક પણ સાવ નજીવી નહીં પણ ઠીકઠીક રાહતરૂપ નીવડે છે. એમ મનાય છે કે ખેતીમાં માણસના સો દિવસના શ્રમથી વધુ જોઈતું નથી, પણ એ કામ એવી રીતે વહેંચાયેલું હોય છે કે ખેડૂત પોતાનું ખેતર છોડીને કામ શોધવા બીજે ક્યાંય દૂર જઈ શકે નહીં. હકીકતમાં એના કામનું સ્વરૂપ એવું છે કે ખેડૂતને નવરાશનો વખત પુષ્કળ મળે, પણ તે ટૂંકા ગાળાઓ વચ્ચે મળે છે, અને ફાવે ત્યારે હાથ ધરી ન શકાય એવો અને જ્યાંથી મૂક્યો હોય ત્યાંથી ફરી શરૂ કરી ન શકાય એવો પૂરક ધંધો એમને માટે ઉપયોગી નહીં થાય. અનુભવે બતાવ્યું છે કે એકલો રેંટિયો જ આ હેતુ સારી શકે.

લોકોને હેવાલમાં કરાયેલી ખાદી ખરીદવાની અપીલને, ઘટતો ઉદાર જવાબ મળી રહેશે એવી આશા છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २०–१–१९२७

Gandhi Heritage Portal

## ૨૬૪. હિંદી વિ. અંગ્રેજી

સભાઓના સંયોજકોને એ વાત સતત યાદ કરાવવાની જરૂર જણાય છે કે લોકો વચ્ચે વિચારવિનિમયનું સર્વસામાન્ય માધ્યમ અંગ્રેજી નહીં, પણ હિંદી કે હિંદુસ્તાની છે. મેં જોયું છે કે ૧૯૨૧ના કરતાં ઊલટી જ રીતે મને મારા આ વર્ષના પ્રવાસમાં અપાયેલાં માનપત્રો મોટે ભાગે અંગ્રેજીમાં હતાં. ઝરિયાની કોલસા-ખાણોના કામદારો વતી અપાયેલું અંગ્રેજીમાં લખાયેલું માનપત્ર મને વાંચી સંભળાવવા પ્રયાસ થયો અને તે પણ ભાગ્યે જ પચાસ જણ અંગ્રેજી સમજી શકે તેવા હતા એવી હજારો લોકોની જંગી સભામાં બન્યું ત્યારે આ વાતનું બેહૂદાપણું પ્રત્યક્ષ થયું. સભાની જંગી બહુમતી હિંદી સહેલાઈથી સમજી શકી હોત અને બંગાળી પણ ઘણા સમજી શકયા હોત. સંઘના અધિકારીઓ બંગાળના હતા. અંગ્રેજીમાં લખવાનું મારે માટે હોય તો તે બિલકુલ બિનજરૂરી હતું. માનપત્ર બંગાળીમાં લખી મને તેનું હિંદી, અરે અંગ્રેજી ભાષાંતર પણ આપી શકાયું હોત. પણ આવડી મોટી સભાને માથે અંગ્રેજી મારવું એ તો તેનું અપમાન કરવા બરાબર જ થાત. મને આશા છે કે હવે એવો સમય આવી લાગ્યો છે, જ્યારે બહુમતી સંખ્યા સમજી ન શકે એવી ભાષામાં સભાનું કામકાજ કરવામાં આવે તો એ લોકો સભા છોડીને ચાલ્યા જ જાય. આ સભાના અધ્યક્ષને માટે એ શોભાસ્પદ છે કે મેં ધ્યાન દોર્યું કે તરત આ બેહૂદાપણું તેમની નજરમાં આવી ગયું અને તેમણે સૌજન્યપૂર્વક માનપત્રને વંચાઈ ગયેલું ગણાવા દીધું. બધા સભા-સંયોજકોને માટે, વિશેષ તો આંધ્રદેશ, તામિલનાડુ, કેરળ અને કર્ણાટકના સંયોજકોને માટે, આ બનાવ ચેતવણીરૂપ નીવડો. પણ એમની વચ્ચે તો હવે છ વર્ષથી ચાલતું હિંદી પ્રચારનું કુશળતાપૂર્વક કામ કરતું એક તંત્ર છે. તેમનાં માનપત્રો મારે માટેના એ હિંદી ભાષાંતર સહિત તેમની પ્રાદેશિક ભાષાઓમાં લખાવાં જોઈએ. દ્રવિડ દેશ માટે મેં હમેશાં લોકોએ ઈચ્છયું હોય ત્યારે અપવાદ પાળી અંગ્રેજીમાં ભાષણ કરવાનું રાખ્યું છે. પણ હું જરૂર એમ માનું છું કે મોટી જાહેર સભાઓમાં અંગ્રેજીનો ઉપયોગ બંધ કરવાનો સમય આવી ગયો છે. શીખનાર રોજના ત્રણ કલાક કાઢે તો દ્રવિડ પ્રદેશમાં પણ ત્રણ મહિનામાં જ સરળતાથી શીખી લેવાય એવી હિંદી શીખવાની પોતાની અનિચ્છાને કારણે વસ્તુત: અંગ્રેજી બોલતા નેતાઓ જ લોકો વચ્ચેની આપણી ઝડપી પ્રગતિમાં અંતરાયરૂપ બન્યા છે. આમાં જેમને સંદેહ હોય તેઓ પ્રયાગના હિંદી સાહિત્ય સંમેલનની દેખરેખ હેઠળ મદ્રાસમાં ચલાવાતા હિંદી પ્રચાર કાર્યાલયને એક વાર અજમાવી જુએ. ટ્રિપ્લીકેન ખાતેના તેના મુખ્ય કાર્યાલયમાં અને આંધ્રદેશમાં અને અન્યત્ર આવેલી તેની શાખાઓમાં તેમને સંતોષે એવાં પુસ્તકો અને શિક્ષકો તેમને મળશે. હિંદુસ્તાનના વીસ કરોડથી વધુ લોકો સમજી શકે છે એવી હિંદી ભાષા નહીં જાણવા માટે આળસ કે અનિચ્છા સિવાય બીજું કોઈ બહાનું નથી.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २०–१–१९२७

Gandhi Heritage Portal

## ૨૬૫. નોંધ

### અખિલ હિંદ દેશબંધુ સ્મારક

યંગ ઇન્ડિયાના વાચકો અખિલ હિંદ દેશબંધુ સ્મારકને ભૂલી નહીં ગયા હોય એવી આશા છે. કાનપુરની કૉંગ્રેસ પછી મેં મારો પ્રવાસ એક વરસ માટે મોકૂફ રાખ્યો ત્યારે મને ખબર હતી કે જેને માટે હું પ્રતિજ્ઞાબદ્ધ બન્યો હતો એવા અખિલ હિંદ દેશબંધુ સ્મારક માટેનું ઉઘરાણું પણ મોકૂફ રખાશે. પણ એ અનિવાર્ય હતું. એ મોકૂફી વખતે મેં જણાવ્યું હતું કે ઈશ્વરની ઇચ્છા હશે તો વરસને અંતે ઉઘરાણા માટે હું મારો પ્રવાસ ફરીથી ચાલુ કરીશ. મેં કલકત્તાથી એ ચાલુ કર્યો છે અને મારી પાસે આવતાં નાણાં અખિલ હિંદ દેશબંધુ સ્મારકમાં જ જમા થશે, સિવાય કે દાતાઓએ પોતાનો ફાળો ખાસ હેતુ માટે વાપરવા નિર્દેશ કર્યો હોય. અખિલ હિંદ દેશબંધુ સ્મારકનો હેતુ કાંતણ-પ્રવૃત્તિ દ્વારા ગ્રામોદ્ધાર કરવાનો હોઈ, આ ઉઘરાણાનાં નાણાં અખિલ હિંદ ચરખા સંઘને અપાશે, કારણ, આ હેતુ માટે આ સ્મારકનાં નાણાંનો ઉપયોગ એની મારફત થવાનો છે. ૧૯૨૫માં કાનપુર ખાતે અખિલ હિંદ દેશબંધુ સ્મારક સમિતિએ આ મતલબનો ઠરાવ પસાર કર્યો હતો. એટલે મને વિશ્વાસ છે કે મારા પ્રવાસ અંગે સભાઓ યોજનારાઓ સભાના શ્રોતાઓને મારા પ્રવાસના હેતુની જાણ કરવાની બરાબર કાળજી રાખશે. સભામાં આવનારાઓને એકાએક ફાળો માગીને નવાઈ ઉપજાવે એવો આંચકો આપવાની ઇચ્છા મુદ્દલ ન હોવી જોઈએ. પ્રામાણિક માર્ગ એ છે કે તેમને અગાઉથી જ ખ્યાલ આપવામાં આવે કે તેમની પાસેથી ફાળો માગવામાં આવશે. આ સ્મારક અને તેના હેતુમાં શ્રદ્ધા ન હોય તેવા લોકોએ ફાળો આપવાની જરૂર નથી. હું એ પણ જાણું છું કે માણસ દેશબંધુની સ્મૃતિનું ગૌરવ કરતો હોય પણ કાંતણ-પ્રવૃત્તિમાં માનતો ન હોય. પણ આવા લોકોને હું દેશબંધુએ તેમના મૃત્યુના બરાબર સાત દિવસ પહેલાં પત્નીને, બહેનને, વિશ્વાસુ સાથીઓને, ખાદી પ્રતિષ્ઠાનવાળા સતીશચંદ્ર દાસગુપ્તાને અને મને પોતાની જે છેલ્લી ઇચ્છા જણાવી હતી તેની યાદ આપવાની હિંમત કરું. એમણે કહ્યું હતું કે દાર્જિલિંગથી નીચે ઊતરતાંવેંત હું તનમનથી કાંતણ-પ્રવૃત્તિમાં ખૂંપી જવાનો છું. એ જોઈ શક્યા હતા કે આપણે ઉપાડી શકીએ તેવી મોટામાં મોટી રચનાત્મક પ્રવૃત્તિ અને ગ્રામસંગઠન તથા ગ્રામપુનર્ઘટનાનો સૌથી કાર્યક્ષમ ઉપાય એ જ છે. એથી જ એમણે મારી મારફત સતીશબાબુને બોલાવી તેમની જોડે કાંતણ-પ્રવૃત્તિની યોજના ચર્ચી હતી, અને પોતે ગ્રામપુનર્ઘટના માટે એકઠાં કરેલાં નાણાંનો મોટો ભાગ કાંતણ-પ્રવૃત્તિ માટે જ ખરચવા માગતા હતા. આથી હું એટલું કહી શકું કે ચરખા સંઘ એ દેશબંધુની ઇચ્છાનું સ્વાભાવિક પરિણામ છે.

### આયોજકોને

બધું સમુંસૂતરું ચાલે તો વરસ દરમિયાન હું બિહાર ઉપરાંત મહારાષ્ટ્રનો થોડો ભાગ, કર્ણાટક સહિત મદ્રાસ ઇલાકો, સંયુક્ત પ્રાંત, બંગાળ અને ઓરિસ્સા, એટલાંનો પ્રવાસ પતાવવા માગું છું. સમય રહ્યો અને તબિયત ઠીક રહી, અને સ્મારક માટે, એટલે કે ખાદીકાર્ય માટે બીજા પ્રાંતો પોતાનો ફાળો આપવા ઇચ્છતા હશે, તો એ પ્રાંતોની મુલાકાત લેવી પણ મને ગમશે.

Gandhi Heritage Portal

ઓરિસ્સા જવા અને ત્યાં માનવ માટે શકય હશે ત્યાં સુધી તો ત્યાં નવેમ્બર મહિનો ગાળવા મેં વચન આપ્યું છે, તે ત્યાંથી મોટી રકમનું ઉઘરાણું કરવાની ધારણાથી નહીં, પણ આપણી કંગાળ હાલતનું મારે મન એ પ્રાંત એક પ્રતીક છે તેથી. એનો ઉદ્ધાર એટલે આખા ભારતનો ઉદ્ધાર. એ પ્રદેશ ભારતનો સૌથી દરિદ્ર પ્રદેશ બને એવી કોઈ જરૂર નથી. ત્યાંના લોકો ભારતના બીજા ભાગોના લોકો કરતાં કોઈ રીતે ઊતરતા નથી. તેમને પોતાનો એક ઊજળો ઈતિહાસ છે. એની પાસે ભવ્ય મંદિરો છે. પોતાનાં સરજેલાં પ્રાણીઓમાં કોઈ ભેદભાવ ન કરનારા જગન્નાથ તેમની વચમાં બિરાજે છે. અને આમ છતાં, ખેદની વાત છે કે આ મહાન મંદિરની જ છાયામાં હજારો માનવીઓ ભૂખથી મરતા હોય છે. એ કાયમી દરિદ્રતા, કાયમી દુષ્કાળ અને કાયમી વ્યાધિથી ગ્રસ્ત પ્રદેશ છે. મેં લોકોની આંખમાં બીજે કયાંય આટલી બધી શૂન્યતા, આટલી બધી હતાશા અને આટલી બધી ચેતનહીનતા જોઈ નથી, જેટલી ઓરિસ્સામાં જોઈ છે. આથી નવેમ્બરના મારા ત્યાંના મુકામની હું ગ્લાનિભર્યા આનંદથી રાહ જોઈ રહ્યો છું.

લોકોને કામ નથી મળતું, એટલે આ પ્રાંતમાં કાંતણની ચોક્કસ વ્યવસ્થા થઈ શકે તેમ છે— કરવી પણ જોઈએ. આખા ઓરિસ્સાને બંગાળનાં કારખાનાંઓની નજીક અથવા સમસ્ત ભારતનાં કારખાનાં ભેગાં કરી તેની નજીક ખડું કરી શકાય તેમ નથી. શકય હોય તોપણ એમ કરવું બરાબર નહીં થાય. સદ્ભાગ્યે એ શકય નથી. લોકોએ પોતાની ભૂમિ ઉપર જ જીવવું જોઈએ અને સૂઝવાળા અને ઉદ્યમી બનવું જોઈએ. તેમ સુખી થતાં પણ શીખવું જોઈએ. સુખ કેવું હોય તે એ લોકો ભૂલી ગયા છે. આથી ઓરિસ્સાના કાર્યકર્તાઓ પોતાની જવાબદારી સમજી લે. કાંતણ-પ્રવૃત્તિમાં તેઓ પૂરી દિલચસ્પીથી લાગી જાય. આખા ઓરિસ્સાનો તેઓ વિચાર ન કરે. એક એક ગામડાનો જ વિચાર કરી તેઓ ત્યાં થાણાં નાખે અને હતાશાના જે કળણમાં લોકો ખૂંચી ગયા છે તેમાંથી તેમને ભક્તિભાવભર્યા અને લગાતાર પુરુષાર્થ વડે બહાર કાઢે.

અને મેં આગળ કહ્યું તેમ મને મોટાં ઉઘરાણાંની ધારણા નથી, તેમ છતાં હું ૧૯૨૧ના પ્રવાસની માફક સભાઓના શ્રોતાઓના ગરીબ વર્ગ પાસેની તેમની એક માત્ર મૂડી પાઈ પૈસો ભાવથી સ્વીકારીશ. ધ્રૂજતી આંગળીઓ વડે મજબૂત ગાંઠો છોડી આનંદભેર તેમની પાઈઓ ફાળામાં આપતા ઘરડા લોકોનું દૃશ્ય કદી ભુલાય તેમ નથી. એ દૃશ્ય મારે ફરી નિહાળવું છે, અને ફરી સંકલ્પ કરવો જરૂરી હોય તો ફરી વાર એ સંકલ્પ કરવો છે કે નિરાશાની આ હેમંતને નજીકના ભવિષ્યમાં આશા અને સુખની વસંતમાં ફેરવી નાખવાની છે.

આયોજકોને હું એ વાત ધ્યાનમાં રાખવા સૂચવીશ કે મારો પ્રવાસ સતત ચાલુ જેવો જ રહેશે અને તેથી મારું સંપાદન તથા પત્રવ્યવહારનું કામ તેઓ મારે માટે કાઢી શકશે તે સમયમાં જ અને ટ્રેનોમાં જ મારે કરવાનું રહેશે. સોમવારો તથા સ્નાન-ભોજન વગેરેના સમય ઉપરાંત મારે માટે વધારાના ત્રણ કલાક રાખવા જોઈએ. રાતના બધા દેખાવો બંધ કરવા જોઈએ. દિવસના શ્રમ પછી ઊંઘવાના સમય દરમ્યાન થતી ખલેલની તાણ સહેવાનું અશકય છે.

આ પ્રવાસ કેવળ કામસર યોજાયો હોઈ સભાઓની ગોઠવણ એવી રીતે થવી જોઈએ અને શ્રોતાઓને એવી રીતે બેસાડવા જોઈએ કે ઉઘરાણું કરનારાઓ તેમની વચ્ચેથી પસાર થઈ શકે. બધા પ્રકારના પોકારો અને અવાજ ટાળવા જોઈએ. બરાબર વ્યવસ્થા હોય છે ત્યાં સારો સરખો ફાળો એકઠો થાય છે એ મેં જોયું છે. શ્રોતાઓ હમેશાં ઉચિત પ્રત્યુત્તર આપતા હોય છે એવો મારો બિન-અપવાદ અનુભવ છે. ધનવાનોના હજારો રૂપિયા આપણને અવશ્ય સ્વીકાર્ય છે, છતાં ગરીબ લોકોના તાંબાના સિક્કા તથા એક એક રૂપિયો જ આપણી પ્રવૃત્તિને આશીર્વાદરૂપ

Gandhi Heritage Portal

હોય છે. આ પ્રવૃત્તિ એમને માટે જ છે. પોતાથી બની શકતો ફાળો તેઓ મોકળે હાથે એમાં આપે જ આપે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २०-१-१९२७

# ૨૯૯. મુદ્દાની વાત

અત્યાર સુધીના મારા પ્રવાસ દરમ્યાન એવું જોવા મળ્યું છે કે કાંતણ મંડળોએ કાંતનારાઓનું ચોક્કસ રજિસ્ટર રાખ્યું નથી અને મને મળેલાં આ પાનાંઓમાં વખતોવખત મેં છાપેલા આંકડા કાંતનારાઓને ચૂકવેલા ખરેખરા વેતન પરથી તારવેલા હતા. આંકડાશાસ્ત્રની માહિતીની દૃષ્ટિએ આ ગણતરી પૂરતી સંગીન ગણાય, કારણ, એમાં ભૂલ થતી હોય તોપણ તે અલ્પોક્તિની, સલામત ભૂલ છે. પણ ખુદ આ પ્રવૃત્તિ માટે એ સંતોષકારક ન કહેવાય. કાર્યકર્તાઓ અને કાંતનારાઓ વચ્ચેના મહત્ત્વના સીધા સંપર્ક વડે જ કાંતણ-પ્રવૃત્તિ કાયમી બની શકે, કારણ, ત્યારે જ આપણે કાંતનારાઓની જરૂરિયાતો, એમની અપેક્ષાઓ અને મર્યાદાઓ સમજી શકીએ. હિંદનાં અસંખ્ય ગામડાંઓનાં ખૂણાનાં ઘરો સુધી પહોંચી તેમાં આપણે આશા અને પ્રકાશનું કિરણ દાખલ કરવું છે. કાંતનારાઓ સાથે જીવંત સંપર્ક સાધી શકીએ નહીં, તો આ આપણે કદી કરી શકીએ નહીં. એટલે જ વચલા આડતિયા, જેમને આપણે જાણી શકવાના નથી અને જાણતા નથી, તેમના કામથી સંતોષ માનીને આપણાથી બેસી જવાય નહીં. દરેક પાઈ કાંતનારાઓના હાથમાં સલામત પહોંચે ત્યાં સુધી તે ક્યાંથી ક્યાં જાય છે તેની માહિતી આપણે મેળવવી જોઈએ. અને એટલું યાદ રાખવું ઘટે કે આ આખી પ્રવૃત્તિની કેન્દ્રવર્તી બાબત કાંતણ છે; વણાટ, રંગકામ કે છપાઈકામ નહીં, અરે કપાસનાં લોઢાઈ અને પીંજણ પણ નહીં; પછી ભલેને કાંતણની એ બે પૂર્વપ્રક્રિયાઓ રહી. કારણ, અધભૂખ્યા કરોડો માનવીઓમાંથી મોટામાં મોટી સંખ્યાને પૂરક રોજગાર આપવામાં જ આર્થિક ઉકેલનો આધાર છે. એવો ઉત્તમમાં ઉત્તમ રોજગાર કાંતણ જ છે. એ વાત આ પાનાંઓમાં આપેલા જુદા જુદા પ્રાંતોને લગતા આંકડાનો અભ્યાસ કરતાં સમજાઈ જશે.

આ અંકમાં આપેલા બિહારને લગતા આંકડા ૨૬૯૮ કાંતનારા સામે ૪૮૯ વણકરો બતાવે છે. બેઉ એકસરખો સમય કામ કરતા હોય એમ માનીને ચાલતાં એક વણકરને કામ આપવા દસ કાંતનાર જોઈએ એમ મને દેખાયું છે. કાંતનારાને લોઢાઈ તથા પીંજણ પણ શીખવી દેવાનો અંતિમ લોભ રાખ્યો છે, જેથી વધુ મહેનત અને વિશેષ તાલીમ વિના કાંતનારા તરીકે તેમની કમાણી થોડી વધારી આપી શકાય. બિહાર, બંગાળ અને મદ્રાસ ઇલાકામાં આ કામ ઠીકઠીક વિશાળ પાયા ઉપર થઈ રહ્યું છે. ટૂંક સમયમાં જેમને બીજી કોઈ રીતે પહોંચી શકાય તેમ નથી એવા વિશાળ જનસમુદાયની આર્થિક સ્થિતિમાં ઉત્તરોત્તર સુધારો કરી શકીને જ ચરખા સંઘ પોતાના અસ્તિત્વને વાજબી ઠરાવી શકે. જેના એક નાનકડા ભાગને જ હજી સ્પર્શી શકાયું છે એવા કરોડો માનવો માટેની મમતાભરી કાળજી ઉપર પણ એ પ્રવૃત્તિની લાગવગ અને શક્તિ વધવાનો આધાર છે.

કાર્યકર્તાઓએ મને જણાવ્યું છે કે દરેક કાંતનારનું ચોકસાઈભર્યું રજિસ્ટર રાખવાનું હોય તો વધારાનો ખર્ચ કરવો પડે. એમ બને ખરું. મારે હસ્તક એક પણ કેન્દ્ર નહીં હોવાથી આવાં

Gandhi Heritage Portal

રજિસ્ટર રાખવામાં નડતી મુશ્કેલીઓ હું પૂરી સમજી શકું એમ નથી. પણ કોઈ પણ પડકારની બીક વિના હું એટલું તો કરી શકું કે ગમે તે ખર્ચ થાય તોપણ કાંતણ જ્યાં સુધી કદી ભાંગી ન પડે એવી એક સ્વયંચાલિત પ્રવૃત્તિ બની ન જાય ત્યાં સુધી કાંતનારાઓનું સંપૂર્ણ રજિસ્ટર એક અનિવાર્ય જરૂરિયાત છે. આ પ્રવૃત્તિને સ્થિર ભૂમિકા ઉપર મૂકવી હોય તો આવું રજિસ્ટર રાખવા જતાં થાય તે વધારાનું ખર્ચ કરવું રહ્યું. બૅંકને મળતી એક એક પાઈ અને એમાંથી ખર્ચાતી એક એક પાઈનો બરાબર અને એક જ વખતે લખાતો હિસાબ કોઈ બૅંકના પ્રામાણિક અસ્તિત્વ અને સ્થિર વિકાસ માટે જેટલો જરૂરી છે, તેટલું જ કાંતનારાઓનું રજિસ્ટર કાંતણ-પ્રવૃત્તિના અસ્તિત્વ અને સ્થિર વિકાસ માટે જરૂરી કહેવાય. હું આથી આશા રાખું છું કે દરેક કાંતણ મંડળ વિનાવિલંબે પોતાના કાંતનારાઓનું એક સંપૂર્ણ અદ્યતન રજિસ્ટર તૈયાર કરવા માંડશે. એ કહેવાની જરૂર નથી કે એ રજિસ્ટરોનું કામ કરવાવાળા, જેઓ કાંતનારાઓના સંપર્કમાં આવશે, તેઓ નિષ્કલંક ચારિત્ર્યવાળા અને પવિત્ર પુરુષો હોવા જોઈએ. એ સ્ત્રીઓ હોય તો કેટલું સારું! આ પ્રવૃત્તિની આ ખામીની ખબર મને બંગાળના કાર્યકર્તાઓના આળાપણા મારફતે પડી. અભય આશ્રમના હેવાલ વિશેની નોંધમાં[1] આંકડામાં 'આશરે' તથા 'લગભગ' જેવા શબ્દો ન જોઈએ એમ કહી ચારિત્ર્યની શુદ્ધિની મેં વાત કરી હતી. એ લખતી વેળા મારા મનમાં કોઈ ખાસ વ્યક્તિ નહોતી, પણ અભય આશ્રમના કામ વિશેના મારા લખાણની સાથોસાથ એ લખાઈ હોવાથી, એ આશ્રમના કેટલાક નિવાસીઓને મારું લખાણ તેમની સામે લખાયું હોવાનો વહેમ પડચો. એમના મનમાંથી એ વહેમ દૂર કરવામાં મને કંઈ મુશ્કેલી ન પડી. પણ એમની સાથેની વાતચીતથી કાંતનારાઓનું અદ્યતન રજિસ્ટર રાખવાની જરૂર મને સમજાઈ અને આશ્રમના સભ્યોને ગળે પણ હું તે ઉતારી શક્યો. કંઈ નહીં તો એનાથી આપણી માનવસંખ્યાનો હિસાબ રાખવાની ખામી પકડાઈ, એટલા જ ખાતર મને અભય આશ્રમ વિશેની મારી નોંધમાં લખેલા ફકરાનો અફસોસ થતો નથી. પણ લાગતાવળગતા સૌની જાણ માટે એ વાત પર હું ભાર મૂકું કે ભારે પરિણામોની શક્યતાવાળી આ કાંતણ-પ્રવૃત્તિમાં આપણાં મંડળોના સભ્યો શંકાથી પર હોવાની અનિવાર્યતા ઉપર જેટલો ભાર મૂકીએ તેટલો ઓછો છે. અને ચારિત્ર્યશુદ્ધિનું આવું ધોરણ સિદ્ધ કરવું હોય તો શુભ આશયથી પ્રેરાયેલાં સૂચનો, ટીકા અને મંતવ્યો માઠું લગાડ્યા વગર ઝીલવા માટે આપણી ચામડી થોડી જાડી બનાવવી જોઈએ.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २०-१-१९२७

૧. જુઓ "અભય આશ્રમનું ખાદીકાર્ય", ૩૦-૧૨-૧૯૨૬.

Gandhi Heritage Portal

## ૨૬૭. તડફડ ટીકાકાર

નીચેનો પત્ર હું વાંચનારથી છાનો રાખવા નથી માગતો :

'શ્રદ્ધાનંદજીનું બલિદાન'ના મથાળાનો આપનો લેખ ઘટતા આદર સાથે વાંચી ગયો છું. રખેને ઉતાવળી ટીકા થઈ જાય એ ભયથી કશી પણ ટીકા કરતાં પહેલાં પાંચ વાર આખો લેખ વાંચી ગયો. લેખ અત્યંત મનોહર ભાષામાં લખાયેલો છે એમાં શંકા જ નથી. આપની શૈલીની મને અદેખાઈ થાય છે. એ આકર્ષક છે. પણ હું તેના આકર્ષકપણામાં ભય જોઉં છું.

હું આપને સત્યશીલ માનીને ટીકા કરું છું. મિત્રો સાથે ઘણી વાર મારે આપની નિખાલસતા વિશે વાદવિવાદ થયો છે. મારા કેટલાક મિત્રોની એવી માન્યતા છે કે આપ દેશના હિતાર્થે સત્યને પણ જતું કરનારા પાકા રાજકારણી હોઈ સાધુના વેષમાં ફરો છો; જ્યારે હું હમેશાં એ જ મતને વળગી રહેલો છું કે આપ વિષમ સંજોગોમાં પણ સત્યનું જ આચરણ કરનારા સંતપુરુષ છો અને આપ આપના જીવનકાર્યની સફળતાને ખાતર રાજનીતિને પણ આવશ્યક ગણી તેમાં ભાગ લો છો. મારી આ ગણતરી ખરી છે કે નહીં એ જણાવશો તો આભારી થઈશ. જો એ ખોટી હોય તો આગળ આવતી ટીકાની કંઈ કિંમત જ નથી. કેમ કે હું માનું છું કે કૂટનીતિનું અવલંબન કરનાર માણસને આપે લખ્યું છે તે રીતે લખવાનો અધિકાર છે.

આપ કબૂલ કરશો કે સાચાને ઢાંકવું એ પણ એક જાતનું અસત્ય, અને નઠારાને નઠારું ન કહેવું એ બીકણપણું છે અને સત્ય અને નિર્ભીકતા એ એક જ ઢાલની બે બાજુ છે.

મહાત્માજી, સ્વામી શ્રદ્ધાનંદજીનું ખૂન એક પાપી મુસલમાનના હાથનું જંગલી કૃત્ય છે અને આખી મુસલમાન આલમે તેથી શરમાવું જોઈએ એમ આપ માનો છો? જો માનતા હો તો તેને આપ તે રીતે વર્ણવો શા માટે નહીં? એ કૃત્યને અને કૃત્યના કરનારને તેમ જ તેને માટે જવાબદાર મુસ્લિમ પ્રચારકો તથા ધર્મોપદેશકો કે જેઓ હમેશાં હિંદુ નેતાઓને 'કાફર' કહેતા આવ્યા છે તેમને વખોડી કાઢવાને બદલે આપે તો ખૂનીનો બચાવ કરવાનું અને આખી મુસ્લિમ કોમના તરફથી ખુલાસો આપવાનું આદર્યું છે. આપે જનરલ ડાયરનો તો કદી બચાવ નહોતો કર્યો. શું અંગ્રેજ પણ ભાઈ નથી?

આપ કહો છો કે ઈસ્લામ શાંતિ શીખવે છે. એ સત્ય થયું કે? જેનો કુરાનમાં ઉપદેશ છે અને જેનો મુસલમાનો પ્રથમથી જ અમલ કરતા આવ્યા છે તે ઈસ્લામ કદી શાંતિ નથી શીખવતો. જે વસ્તુ ખોટી તરીકે સિદ્ધ થયેલી પડી છે તે આપ શી રીતે લખી શક્યા? બૌદ્ધ ધર્મ, ખ્રિસ્તી ધર્મ, હિંદુ ધર્મ જરૂર શાંતિનો ઉપદેશ કરે છે, પણ ઈસ્લામ તો નહીં જ. આપ શા કારણે આવો વિચાર ધરાવો છો અને આવું લખો છો તે જણાવશો?

સરકારના ગુનાઓને વખોડતાં આપે કદી મોળાશ નહીં વાપરેલી. આર્યસમાજને વખોડવામાં પણ આપે મોળાશ નથી વાપરી. તો પછી મુસલમાનોના જે સિદ્ધ થયેલ ગુનાઓ છે તેને માટે તેઓને વખોડતાં શા માટે અચકાઓ છો? મને ખાતરી છે કે કોઈ

Gandhi Heritage Portal

મુસલમાન નેતા પ્રત્યે કોઈ હિંદુએ આવું ઘોર કૃત્ય કર્યું હોય તો—નારાયણ ન કરે કે એવો પ્રસંગ બને—હત્યા કરનારને અને આખી કોમને વખોડવામાં આપે એકે શબ્દ બાકી નહીં રાખ્યો હોત. હિંદુઓને તો આ પંચગવ્ય ખવડાવી ઉપવાસ—ચાંદ્રાયણ કરાવી પ્રાયશ્ચિત્ત લેવડાવ્યાં હોત; હડતાળો પાડવાનું અને ગત મુસ્લિમનું સ્મારક ઊભું કરવાનું કહ્યું હોત. અને બીજું શું શું ન કરાવ્યું હોત એ ખબર નથી પડતી. આપના મુસલમાન 'સગા ભાઈઓ'નો આપ શા માટે પક્ષપાત કરો છો?

સત્યવાદી કશાનો ભય રાખતો નથી—ઇસ્લામની તલવારનો પણ નહીં. હું આશા રાખું છું કે આપ આ કાગળનો આપના આદરપાત્ર સાપ્તાહિકમાં જવાબ આપી મને ઉપકારી કરશો.

લેખક માને છે તે ચોખ્ખેચોખ્ખું કહે છે અને પ્રબળ વૃત્તિવાળો છે. ચાલી રહેલા પવનનું તેના પત્રમાં પ્રતિબિંબ છે.

મારામાં સાધુપણાનું આરોપણ કરવું એ હજી બહુ વહેલું છે,—જો શક્ય હોય તોપણ હું કોઈ પણ રૂપમાં સાધુ પુરુષ છું એવો મને ભાસ નથી થઈ શકતો. પણ હું મને પોતાને સત્યનો પૂજારી તો માનું જ છું. અને તે મારાથી અજાણપણે થઈ જતા દોષો છતાં. હું 'સાધુના વેષમાં રાજકારણી' નથી એ પત્રલેખકની માન્યતા બરોબર છે. પણ સત્યમાં નીતિની પણ પરાકાષ્ઠા સમાતી હોવાથી ઘણી વાર મારી વર્તણૂક ઊંચામાં ઊંચી રાજનીતિને પણ અનુસરનારી થઈ પડે છે. હું એટલી તો આશા રાખું છું જ કે મારામાં સત્ય અને અહિંસાની નીતિ સિવાય બીજી 'નીતિ' તો નહીં જ હોય. અહિંસા અને સત્યનો હું સ્વદેશ અને સ્વધર્મને ઉગારવા ખાતર પણ ભોગ નહીં આપું. અને એમ કહેવું એનો અર્થ જ એ છે કે સત્ય અને અહિંસાના ભોગમાં સ્વદેશ અને સ્વધર્મનું કલ્યાણ નથી સંભવતું.

સ્વામીજીના ખૂન વિશે લખતાં મેં સત્યને નથી ઢાંક્યું. પત્રલેખક વર્ણવે છે એ બધું હું એ કૃત્યને વિશે માનું છું. પણ જેમ મને જનરલ ડાયરની દયા આવેલી તેમ આ ખૂનીની પણ દયા આવે છે. જનરલ ડાયરના ઉપર કામ ચલાવવા માટેની ચળવળમાં ભાગ લેવાનો મેં તદ્દન ઇનકાર કર્યો હતો એ પત્રલેખકે ભૂલવું નહીં જોઈએ. હું યુરોપિયનને એટલો જ ભાઈ માનું છું જેટલો હિંદી મુસલમાનને અથવા હિંદુને માનું છું.

મને ખૂનીને વિશે જે લાગે છે એ તો એ કે ધર્મને નામે ચલાવવામાં આવેલ મલિન અધર્મ્ય પ્રચારનો એ ભોગ થઈ પડેલો છે. તેથી જ જે છાપાંઓએ લોકોનાં મન દૂષિત કર્યાં છે તેમને મેં ખૂન માટે જવાબદાર લેખ્યાં છે. જે મૌલવીઓએ અને બીજાઓએ સ્વામીજી સામે તિરસ્કાર પેદા કરવાનું રસપૂર્વક કામ કર્યું છે તેમને હું જરૂર જવાબદાર ગણું છું.

પણ હું ઇસ્લામને પણ ખ્રિસ્તી, બૌદ્ધ અને હિંદુ ધર્મની જેમ શાંતિનો ધર્મ સમજું છું. પ્રમાણનો ભેદ છે એમાં શક નથી, પણ આ બધા ધર્મોનું લક્ષ્ય શાંતિ જ છે. આની વિરુદ્ધના કુરાનમાંથી જે ભાગો ટાંકી શકાય છે તે મેં જોયા છે, પણ તે જ પ્રમાણે વેદોમાંથી એ ટાંકી શકાય તેમ છે. અનાર્યોના ઉપર જે બૂરું બોલાયું છે તેનો શો અર્થ? આજે એ વાક્યોમાંથી જુદો અર્થ નીકળે છે એ હું જાણું છું. પણ એક વેળા તો તેનું સ્વરૂપ બહુ જ ભયાનક હતું. આપણે હિંદુઓ 'અસ્પૃશ્યો'ને જે અન્યાય કરી રહ્યા છીએ તેનો શો અર્થ? કથરોટ કૂંડાને શું હસે? ખરી વાત તો એ છે કે આપણે બધા તાલીમને માર્ગે છીએ. મેં મારો મત જાહેર કર્યો છે કે ઇસ્લામના અનુયાયીઓ તલવાર સાથે બહુ છૂટ લે છે. પણ તે કુરાનના શિક્ષણને લીધે

Gandhi Heritage Portal

નહીં. મારા અભિપ્રાય પ્રમાણે જે વાતાવરણમાં ઈસ્લામનો જન્મ થયો તેને તે આભારી છે. ખ્રિસ્તી ધર્મમાં ઈતિહાસ રક્તપ્રવાહથી ખરડાયેલો છે તેનું કારણ ઈશુ ખ્રિસ્તની ઊણપ નહીં પણ જે સંજોગમાં એ ધર્મ પ્રવર્ત્યો છે તે ઈશુના મહાન શિક્ષણના અમલ માટે અનુકૂળ નહોતા.

આ બે ધર્મો—ઈસ્લામ અને ખ્રિસ્તી ધર્મ—આખરે તો નાની વયના જ છે. તેની હજી વ્યાખ્યાઓ અપાઈ રહી છે. મહમ્મદના સંદેશનો છેવટનો અર્થ આપવાના મૌલવીઓના દાવાને હું સ્વીકારતો નથી. તે જ પ્રમાણે ઈશુના સંદેશની છેવટની વ્યાખ્યા કરવાના ખ્રિસ્તી પાદરીઓના દાવાને પણ હું સ્વીકારતો નથી. બન્નેની વ્યાખ્યા જેઓ એ સંદેશાઓનો મર્મ સમજી ધીરજ અને આત્માર્પણથી તેનો અમલ કરી રહ્યા છે તેમના જીવનમાં અપાઈ રહી છે. બડાશમાં ધર્મ નથી, અને મોટાં મગજોમાં ભરેલી વિદ્વત્તા પણ ધર્મ નથી. ધર્મ હૃદયમાં બિરાજે છે. આપણે સૌએ,—હિંદુ, ખ્રિસ્તી અને મુસલમાનોએ,—પોતપોતાના ધર્મોની વ્યાખ્યા પોતપોતાના લોહીને અક્ષરે જ લખવાની છે, બીજી રીતે નહીં.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २०–१–१९२७

ભાષાંતર: नवजीवन, २३–१–१९२७

# ૨૬૮. મધુબનીમાં ભાષણ[1]

જાન્યુઆરી ૨૦, ૧૯૨૭

જવાબ આપતાં મહાત્માજીએ માનપત્રો માટે બોર્ડોનો તથા પોતાની સમક્ષ મધુર વેદમંત્રોનું ગાન કરવા બદલ બ્રહ્મચર્યાશ્રમના છોકરાઓનો આભાર માની જણાવ્યું કે મને અપાયેલાં બધાં માનપત્રો માટે અલગ અલગ ઉત્તર આપવાની જરૂર નથી તેમ એટલો વખત પણ મારી પાસે નથી. પણ મારું ધ્યાન એક વાતે ખેંચ્યું છે. પ્રાંતના ઘણા ભાગોમાં આયુર્વેદિક ઔષધાલયો શરૂ કરવાના પ્રયાસ ચાલી રહ્યા હોવાનું મને ત્રણચાર માનપત્રોમાં કહેવામાં આવ્યું છે. આથી જણાય છે કે બિહારના લોકો આયુર્વેદની પદ્ધતિની સારવારમાં રસ લેવા માંડ્યા છે. મેં આ બાબતમાં મારા વિચાર ઘણે પ્રસંગે વ્યક્ત કર્યા છે એ તરફ તમારું ધ્યાન દોરવા ચાહું છું. એ પદ્ધતિમાં ઘણું તથ્ય છે, પણ તેમ છતાં હું માનું છું કે એના વૈદ્યોમાં પોતાની ખાસ ખામીઓ હોય છે અને તેઓ યોગ્ય તાલીમ વિના આ વ્યવસ્થામાં જોડાય છે. પાશ્ચાત્ય ચિકિત્સા પદ્ધતિ ખૂબ જ ખામીવાળી છે એ હું સ્વીકારું છું, પણ તે સાથે હું એ પણ જાણું છું કે યુરોપના લોકો પોતાની ચિકિત્સા પદ્ધતિ માટે જે કંઈ કરે છે તેનું અર્ધું પણ ભારતના લોકો પોતાની ચિકિત્સા પદ્ધતિ માટે કરતા નથી. આ ચિકિત્સાશાસ્ત્રની સુધારણા માટે કામ કરવાની આપણી પાસે મોટી તક છે. મ્યુનિસિપાલિટીઓ અને જિલ્લા બોર્ડોને હું આ વિષય પર ધ્યાન આપવા વિનંતી કરું છું. પોતાની પદ્ધતિનો વૈજ્ઞાનિક અભ્યાસ કરવાની વૈદ્યોને પણ હું વિનંતી કરું છું. એ પદ્ધતિમાં ખામીઓ હોય, અને ખામીઓ છે પણ ખરી, તો તેને છુપાવવાનો પ્રયાસ ન કરતાં તેને દૂર કરવાનો હરેક પ્રયાસ કરવો જોઈએ.

આગળ બોલતાં તેમણે કહ્યું કે મને એ જાણીને ખુશી થઈ કે મધુબનીની ગોશાળાના સંચાલકો ઢોરની સુધારણા માટે મરેલાં ઢોરનાં ચામડાંનો ઉપયોગ કરવાની વાતમાં મારા વિચારો

૧. સભામાં ગાંધીજીને મ્યુનિસિપાલિટી, જિલ્લા બોર્ડ, ગોશાળાઓ, યંગ મેન્સ ડિબેટિંગ ક્લબ અને આર્ય સમાજ તરફથી માનપત્ર અર્પણ કરવામાં આવ્યાં હતાં.

Gandhi Heritage Portal

સાથે સંમત થાય છે. ગોશાળાઓને બે પાસાં હોય છે—એક આર્થિક, અને બીજું છે ધાર્મિક. ગોરક્ષાનો પ્રશ્ન વિવાદાસ્પદ નથી. એ મુદ્દા પર મુસ્લિમો સાથે કજિયો સંભવે જ શી રીતે, એ મને સમજાતું નથી. કુરબાની વિશેના મારા વિચારોમાં ફરક પડ્યો નથી.

વધુમાં તેમણે જણાવ્યું કે ગોશાળાઓની વર્તમાન કાર્યપદ્ધતિમાં પણ ઘણી ખામીઓ છે. એ સાચી અને યોગ્ય રીતે ચલાવવી જોઈએ. એના સંચાલકોને પશુરોગોના ઉપચાર વિશે પૂરી જાણકારી હોવી જોઈએ. ગાયોને તબેલામાં કેવી રીતે રાખવી અને તેમને કેવો ચારો આપવો જોઈએ, ગામડાંના ગરીબ ગ્રાહકો માટે દૂધ સસ્તું કેવી રીતે બનાવવું, એ તેમણે જાણવું જોઈએ. ખરું કહીએ તો ગોશાળાઓના સંચાલકોને પશુપાલન-વિજ્ઞાનનો પૂરો અભ્યાસ હોવો જોઈએ. તો જ ગોશાળાઓનું પ્રયોજન સિદ્ધ થાય.

વધુમાં તેમણે કહ્યું કે હિંદુમુસ્લિમ એકતા માટે હું બનતું બધું કરી છૂટ્યો છું, પણ મને સફળતા મળી નથી. એથી તો મેં છાપાં વાંચવાનું પણ બંધ કરી દીધું છે. એ વાંચવાનો સમય પણ મને મળતો નથી. આગ ઓલવવા પોતાનાથી બનતું બધું કરી છૂટ્યા પછી પોતાની નગરીને ઉદાસીનભાવે બળતી જોનાર મિથિલાના રાજા જનકના જેવી મારી દશા થઈ છે. એ જ રીતે હિંદુમુસ્લિમ વૈમનસ્ય પ્રત્યેનું મારું વલણ પણ એને સુધારવાનું મારું ગજું નહીં હોવાથી ઉદાસીનતાનું રહ્યું છે. હિંદુમુસ્લિમ એકતા કેવી રીતે અને ક્યારે સધાશે એની મને ખબર નથી. દેશના લોકો ગાંડા થઈ ગયા છે. વગર ખચકાયે એકબીજાનાં ગળાં કાપી રહ્યા છે. હું એ પાપનો ભાગીદાર ન બની શકું. મારો ધર્મ તો અહિંસાનો છે. ખાસ પ્રસંગોએ હિંસાની ઉપયોગિતા મારે ગળે ઉતરાવવાના મિત્રોના પ્રયાસો છતાં અહિંસા પરની મારી શ્રદ્ધા પહેલાં જેટલી જ અવિચલિત રહી છે. બધી વસ્તુઓ મારા મનથી દેખાય છે તેવી હોતી નથી. અને હું દૃઢપણે માનું છું કે આખરે માણસ જેના વડે જય પામે છે તે ધર્મ તો અહિંસા જ છે. આ બધાં કારણોથી, મેં આ બાબતમાં કશું કરવાનું માંડી વાળ્યું છે. પણ મને વિશ્વાસ છે કે માણસના પ્રયાસથી નહીં તો ઈશ્વરની કૃપાથી એક દિવસ આ એકતા ચોક્કસ સિદ્ધ થવાની જ છે.

ખાદી વિશે બોલતાં તેમણે કહ્યું કે ખાદીકામ માટે મને થેલી અપાઈ તેથી મને આનંદ થયો છે, પણ મધુબની પાસેથી મને આનાથી વધારે આશા હતી. મધુબની તો મોટું ખાદીકેન્દ્ર છે. ચારપાંચ માઈલ પગે ચાલીને ગરીબ કાંતનારાંઓને કાર્યકર્તાઓ પાસેથી રૂ અથવા પૈસા લેવા માટે પોતાનું સૂતર લાવતાં જોઉં છું. હું જાણું છું કે આ બધાં કરતાં પણ વધુ ગરીબ લોકો હોય છે. હું ચંપારણમાં હતો ત્યારે મને એક બાઈ પાસેથી ફરિયાદ સાંભળવા મળેલી કે બીજાં કપડાંને અભાવે પોતે ગંગામાં નાહીને કપડાં ધોઈ શકતી ન હતી. આમાં કદાચ અતિશયોક્તિ હોય, પણ આવા દાખલાનો અભાવ નથી. આ લોકોની ગરીબાઈ ઓછી કરવા તેમને કામ આપવું એ એક જ રસ્તો છે, અને તેમને આપી શકાય તેવું ઉત્તમ કામ તો કાંતણ જ છે.

વધુ બોલતાં તેમણે કહ્યું કે હમણાં જ મેં ઈશાવાસ્ય ઉપનિષદનો મંત્ર સાંભળ્યો. એમાં કહ્યું છે કે કામ ન કરનારા બીજાઓની મિલકતમાંથી ચોરી કરે છે. આનો અર્થ શો? એ બીજાની મિલકત ખરેખર ચોરે છે એમ નહીં, એનો અર્થ એ કે એ બીજાઓની મહેનતથી કમાયેલું ખાય છે. માણસ માનવજાતના મહાસાગરનું એક બિંદુ છે. એટલે એ પોતાને માટે જ નહીં, પણ બધા માણસો માટે સમાન રીતે કામ ન કરે તો એને જીવવાનો કોઈ અધિકાર નથી. એ જ રીતે યજ્ઞ કર્યા વિના ખાવું નહીં એમ ગીતાએ પણ કહ્યું છે, અને એ પવિત્ર પુસ્તકે માન્ય કરેલા ઘણા યજ્ઞોમાં બીજાઓ માટે કામ કરવાના યજ્ઞને ઉત્તમ ગણ્યો છે. આમ હજારો લોકોને મદદરૂપ થઈ શકે તેવું કામ કાંતણ જ હોવાથી બધા કરી શકે એવો સાર્વત્રિક યજ્ઞ એ જ છે.

સ્ત્રીઓને સંબોધતાં એમણે કહ્યું કે પરદેશી વસ્ત્ર પહેરેલાં સૌ મારે મન નગ્ન જ છે, કારણ ભારતની નગ્નતાને માત્ર ખાદી જ ઢાંકી શકે એમ છે.

સ્થાનિક શાળા અને ગૌશાળાના વહીવટ ઉપર ધ્યાન આપી તે મદદને પાત્ર લાગે તો તેમને પૈસાની મદદ કરવા લોકોને અપીલ કરતાં મહાત્માજીએ કહ્યું કે પોતાનાં ભાંડુઓને અને સંસ્થાઓને ભીડ વખતે મદદ કરવાનો નાગરિકનો ધર્મ છે.

Gandhi Heritage Portal

ખાદી-કાર્યને માટે નાણાંની મદદ માગી સભામાં રાખેલી ખાદી ખરીદી લેવાની શ્રોતાઓને ફરી એક વાર વિનંતી કરી તેમણે પોતાનું ભાષણ પૂરું કર્યું.

[મૂળ અંગ્રેજી]

સર્ચલાઇટ, ૨૬-૧-૧૯૨૭

## ૨૬૯. સમસ્તીપુરની જાહેર સભામાં ભાષણ

જાન્યુઆરી ૨૦, ૧૯૨૭

મહાત્માજીએ કહ્યું કે ફરી વાર તમને સૌને મળવાનું થતાં મને ખુશી થઈ છે. બાબુ બ્રજકિશોરપ્રસાદ અને બીજાઓની સાથે મને એક વાર સ્પેશિયલ ટ્રેનમાં અહીં લાવનાર સમસ્તીપુરના લોકોને ભૂલવાનું મારે માટે અશક્ય છે. એટલે હું સમસ્તીપુર મોટી આશા રાખીને આવ્યો છું. મારો આ પ્રવાસ ખાદીના સંદેશાના પ્રચાર માટે છે. મને જોવા આવનારાઓમાંથી ઘણા મોટા ભાગના લોકોએ ખાદી પહેરી નથી એ જોઈને મને ઘણું દુઃખ થાય છે. હજારો મંચ ઉપરથી પાંચ પાંચ વરસ લગી મેં ખાદીનો સંદેશો સંભળાવ્યો છે, પણ હજી લોકો ખાદી વાપરવા ખુશી નથી. આખા પ્રાંતને જોઈતી ખાદી બિહાર પેદા કરી શકે એમ છે. લોકો ફક્ત આ મહાન ગૃહ-ઉદ્યોગને ઉત્તેજન આપે તો તેમનાં કામ વગરનાં હજારો ભાઈબહેનોને, — કપાસ લોઢનારાંઓ, પીંજનારાંઓ, કાંતનારાંઓ, વણનારાંઓ, રંગરેજો અને ધોબીઓ — સૌને અન્નવસ્ત્ર પૂરાં પાડી શકાય. ખાદી ઉપર ખરચેલો એક એક પૈસો તમારા ગરીબ દેશબંધુઓનાં ઘરમાં જવાનો છે. આથી ખાદી અને એકલી ખાદી જ પહેરવાનું તમારું ધર્મકર્તવ્ય બની જાય છે.

આગળ બોલતાં એમણે કહ્યું કે મિલનું કાપડ ખરીદીને તો તમે લૅંકેશાયર કે અમદાવાદના ધનવાન મિલમાલિકોને જ મદદ કરો છો. અનસૂયાબહેન મારફત મને મજૂરોની સ્થિતિની બરાબર જાણ છે. મિલનું કાપડ ખરીદવામાં નાખેલાં ઢગલાબંધ નાણાંથી મજૂરોને જરાય લાભ થતો નથી એ હું ચોક્કસ જાણું છું. ધનવાન મિલમાલિકોને કંઈ ધનની તંગી નથી, અને એમને તો ભારતની બહાર મોટું બજાર હોય છે જ; જ્યારે તેમનાં ગરીબ દેશનિવાસીઓ જાડા રોટલાના ટુકડા માટે મરી રહ્યા છે. હું લાંબો વખત ચંપારણમાં રહેલો છું એટલે બિહારમાં કેટલી ગરીબાઈ છે તેનો મને ખ્યાલ છે. એ ગરીબ લોકો પ્રત્યે તમે દયા અને સહાનુભૂતિ નહીં બતાવો?

વધુમાં એમણે કહ્યું કે ખાદીકાર્યના વિકાસ માટે નાણાં જોઈએ. દેશમાં કાયમ માટે કરોડો રૂપિયા બચાવવા માટે શરૂઆતમાં કરોડો રૂપિયા રોકવા પડે. તમારે બારણે હું એ પૈસાની ભિક્ષા માગવા આવ્યો છું. સભામાં વેચવા માટે ખાદી લાવી રાખવામાં આવી નથી એ બરાબર થયું નથી. આવતાંની સાથે મને એમ જણાવવામાં આવ્યું હતું કે ગામમાં ખાદી ભંડારો છે અને સભા-સ્થળે વેચવા માટે થોડી ખાદી રાખવામાં આવશે. ખેર, પણ હવે તમે ખાદી ભંડારમાં તરત જઈ પહોંચો અને ખાદી પહેરવા માંડો એવી તમને મારી વિનંતી છે.

અંતમાં અસ્પૃશ્યતાનાં દૂષણો વિશે થોડા શબ્દો બોલી મહાત્માજીએ અસ્પૃશ્યોના ઉદ્ધારના પુરુષાર્થમાં મૃત્યુને ભેટી શહીદ થનાર સ્વામી શ્રદ્ધાનંદજીને ભાવભરી અંજલિ આપી.

આ પછી મ્યુનિસિપાલિટી તરફથી તેના પ્રમુખ બાબુ ગિરિવરધરે માનપત્ર વાંચ્યું, જેનો મહાત્માજીએ ટૂંકો જવાબ વાળ્યો. એમણે કહ્યું કે સમસ્તીપુરના હિંદુમુસલમાનો વચ્ચે કોઈ ખરાબ ભાવના પ્રવર્તતી નથી એ વાતનો મને સંતોષ છે. આ તો મોટી વાત કહેવાય. હું આશા રાખું છું કે આ સ્થિતિ ચાલુ રહેશે.

સમસ્તીપુર ખાતે ખાદી-ઉત્પાદન કેન્દ્ર કાઢવાની તેમની ઇચ્છા સંબંધમાં એમણે કહ્યું કે જો તમારે આવું કેન્દ્ર ખરેખર જોઈતું હોય તો રાજેન્દ્રબાબુ અવશ્ય એ સંબંધમાં તજવીજ કરશે.

Gandhi Heritage Portal

અહીંના લોકો જોઈતી રકમ કાઢે તો રાજેન્દ્રબાબુ જરૂર તેમની બધી શક્તિથી તમને મદદ કરશે એવી મને આશા છે.

રાષ્ટ્રીય શાળા વિશે બોલતાં તેમણે ખેદ વ્યક્ત કર્યો કે એ જેવી બનવી જોઈતી હતી તેવી બની નથી. ત્યાં મેં થોડા રેંટિયા અને તેમની પાસે બેઠેલા થોડા વિદ્યાર્થીઓ જોયા, પણ એ બધું તો મશ્કરી રૂપે હતું, માત્ર દેખાવ હતો. શિક્ષક કે વિદ્યાર્થીઓ, કોઈને કાંતણનો કક્કો પણ આવડતો નહોતો; મેં મુખ્ય શિક્ષકને યોગ્ય સૂચનાઓ આપી છે અને તેમણે એ યોજના મુજબ કામ કરવાનું કબૂલ રાખ્યું છે. એક મહિનામાં તેઓ મને સંતોષકારક હેવાલ મોકલશે એવી હું આશા રાખું છું.

આગળ બોલતાં તેમણે કહ્યું કે મ્યુનિસિપાલિટીઓ ધારે તો ઘણું કરી શકે. તેઓ ખાદી-કાર્યને એ કાર્યના જ નહીં પણ, પોતાના લાભમાં આગળ ધપાવી શકે.

આ પછી એમને રૂ. ૨,૦૦૦ની થેલી અર્પણ કરવામાં આવી હતી, જેનો સ્વીકાર કરતાં એમણે ટકોર કરી કે સમસ્તીપુર પાસેથી આટલી નાની રકમ મળવી જોઈતી નહોતી.

[મૂળ અંગ્રેજી]

सर्चलाइट, २६-१-१९२७

Gandhi Heritage Portal

# પરિશિષ્ટ ૧

## રાયચંદભાઈને ગાંધીજીના પ્રશ્નો અને તેના ઉત્તર[1]

૧. પ્ર૦ – "આત્મા શું છે? તે કંઈ કરે છે? અને તેને કર્મ નડે છે કે નહીં?"

ઉ૦ –(૧) જેમ ઘટપટાદિ જડ વસ્તુઓ છે, તેમ આત્મા જ્ઞાનસ્વરૂપ વસ્તુ છે. ઘટપટાદિ 'અનિત્ય' છે: ત્રિકાળ એક સ્વરૂપે સ્થિતિ કરી રહી શકે એવાં નથી. આત્મા એક સ્વરૂપે ત્રિકાળ સ્થિતિ કરી શકે એવો 'નિત્ય' પદાર્થ છે. જે પદાર્થની ઉત્પત્તિ કોઈ પણ સંયોગથી થઈ શકી ન હોય, તે પદાર્થ 'નિત્ય' હોય છે. આત્મા કોઈ પણ સંયોગોથી બની શકે એમ જણાતું નથી. કેમ કે જડના હજારોગમે સંયોગો કરીએ તોપણ તેથી ચેતનની ઉત્પત્તિ નહીં થઈ શકવા યોગ્ય છે. જે ધર્મ પદાર્થમાં હોય નહીં તેવા ઘણા પદાર્થો ભેળા કરવાથી પણ તેમાં જે ધર્મ નથી તે ઉત્પન્ન થઈ શકે નહીં, એવો સૌને અનુભવ થઈ શકે એમ છે. જે ઘટપટાદિ પદાર્થો છે, તેને વિશે જ્ઞાનસ્વરૂપતા જોવામાં આવતી નથી. તેવા પદાર્થોમાં પરિણામાંતર કરી સંયોગ કર્યા હોય, અથવા થયા હોય તોપણ તે તેવી જ જાતિના થાય. અર્થાત્ જડસ્વરૂપ થાય, પણ જ્ઞાનસ્વરૂપ ન થાય. તો પછી તેવા પદાર્થના સંયોગે આત્મા, કે જેને જ્ઞાની પુરુષો મુખ્ય જ્ઞાનસ્વરૂપ લક્ષણવાળો કહે છે, તે તેવા ઘટપટાદિ (પૃથ્વી, જળ, વાયુ, આકાશ) પદાર્થથી ઉત્પન્ન કોઈ રીતે થઈ શકવા યોગ્ય નથી. 'જ્ઞાનસ્વરૂપપણું' એ આત્માનું મુખ્ય લક્ષણ છે, અને 'તેના અભાવવાળું' મુખ્ય લક્ષણ જડનું છે. તે બન્નેના અનાદિ સહજ સ્વભાવ છે.

આ તથા બીજાં તેવાં સહસ્રગમે પ્રમાણો આત્માને 'નિત્ય' પ્રતિપાદન કરી શકે છે. તેમ જ તેનો વિશેષ વિચાર કર્યે સહજસ્વરૂપ નિત્યપણે આત્મા અનુભવમાં આવે છે; જેથી સુખદુઃખાદિ ભોગવનાર, તેથી નિવૃત્તનાર, વિચારનાર 'પ્રેરણા કરનાર' એ આદિ ભાવો જેના વિદ્યમાનપણાથી અનુભવમાં આવે છે, તે આત્મા મુખ્ય ચેતન (જ્ઞાન) લક્ષણવાળો છે, અને તે ભાવે (સ્થિતિએ) કરી તે સર્વ કાળ રહી શકે એવો 'નિત્ય પદાર્થ' છે, એમ માનવામાં કંઈ પણ દોષ કે બાધ જણાતો નથી, પણ સત્યનો સ્વીકાર થવારૂપ ગુણ થાય છે.

આ પ્રશ્ન તથા તમારા બીજા કેટલાક પ્રશ્નો એવા છે, કે જેમાં વિશેષ લખવાનું તથા કહેવાનું અને સમજાવવાનું અવશ્ય છે. તે પ્રશ્ન માટે એવા સ્વરૂપમાં ઉત્તર લખવાનું બનવું હાલ કઠણ હોવાથી, પ્રથમ ષટ્દર્શનસમુચ્ચય ગ્રંથ તમને મોકલ્યો હતો, કે જે વાંચવા-વિચારવાથી તમને કોઈ પણ અંશે સમાધાન થાય, અને આ પત્રમાં પણ કાંઈ વિશેષ અંશે સમાધાન થાય, એટલું બની શકે, કેમ કે તે સંબંધી અનેક પ્રશ્નો ઊઠવા યોગ્ય છે, કે જે ફરી ફરી સમાધાન પ્રાપ્ત થવાથી વિચારવાથી સમાવેશ પામે, એવી પ્રાયે સ્થિતિ છે.

(૨) જ્ઞાનદશામાં – પોતાના સ્વરૂપના યથાર્થ બોધથી ઉત્પન્ન થયેલી દશામાં – તે આત્મા નિજ ભાવનો એટલે જ્ઞાન, દર્શન (યથાસ્થિત નિર્ધાર) અને સહજસમાધિ પરિણામનો કર્તા છે. અજ્ઞાનદશામાં ક્રોધ, માન, માયા, લોભ એ આદિ પ્રકૃતિનો કર્તા છે; અને તે ભાવનાં ફળનો ભોક્તા થતાં પ્રસંગવશાત્ ઘટપટાદિ પદાર્થોનો નિમિત્તપણે કર્તા છે; અર્થાત્ ઘટપટાદિ પદાર્થનાં મૂળ દ્રવ્યોનો તે કર્તા નથી, પણ તેને કોઈ આકારમાં લાવવારૂપ ક્રિયાનો કર્તા છે. એ જે પાછળ તેની દશા કહી, તેને જૈન 'કર્મ' કહે છે; વેદાંત 'ભ્રાંતિ' કહે છે; તથા બીજા પણ, તેને અનુસરતા એવા શબ્દ કહે છે. વાસ્તવ્ય વિચાર કર્યેથી આત્મા

૧. ગાંધીજીએ પૂછેલા પ્રશ્નો માટે જુઓ પુસ્તક ૧, પા. ૯૭–૮. પણ રાયચંદભાઈએ એના જવાબ મુંબઈથી આપ્યા હતા. એના પર શનિવાર, આસો વદ ૬, ૧૯૫૦ [ઑક્ટોબર ૨૦, ૧૮૯૪]ની તારીખ હતી.

Gandhi Heritage Portal

ઘટપટાદિનો તથા ક્રોધાદિનો કર્તા થઈ શકતો નથી. માત્ર નિજસ્વરૂપ એવા જ્ઞાન પરિણામનો જ કર્તા એ સ્પષ્ટ સમન્જાય છે.

(૩) અજ્ઞાનભાવથી કરેલાં કર્મો પ્રારંભકાળે બીજ રૂપ હોઈ વખતનો યોગ પામી ફળરૂપ વૃક્ષપરિણામે પરિણમે છે; અર્થાત્ તે કર્મો આત્માને ભોગવવાં પડે છે. જેમ અગ્નિના સ્પર્શે ઉષ્ણપણાનો સંબંધ થાય છે; અને તેનું સહેજે વેદનારૂપ પરિણામ થાય છે, તેમ આત્માને ક્રોધાદિ ભાવના કર્તાપણાએ જન્મ, જરા, મરણાદિ વેદનારૂપ પરિણામ થાય છે. આ વિચારને તમે વિશેષપણે વિચારશો અને તે પરત્વે જે કંઈ પ્રશ્ન થાય તે લખશો, કેમ કે જે પ્રકારને સમજી તેથી નિવૃત્ત થવારૂપ કાર્ય કર્યે જીવને મોક્ષદશા પ્રાપ્ત થાય છે.

૨. પ્ર૦ — "ઈશ્વર શું છે? તે જગત્કર્તા છે એ ખરુ છે?"

ઉ૦ – (૧) અમે તમે કર્મબંધમાં વસી રહેલા જીવ છીએ. તે જીવનું સહજસ્વરૂપ એટલે કર્મરહિતપણે માત્ર એક આત્મત્વપણે – જે સ્વરૂપ છે, તે ઈશ્વરપણું છે. જ્ઞાનાદિ ઐશ્વર્ય જેને વિશે છે, તે ઈશ્વર કહેવા યોગ્ય છે; અને તે ઈશ્વરતા આત્માનું સહજસ્વરૂપ છે, જે સ્વરૂપ કર્મપ્રસંગે જણાતું નથી, પણ તે પ્રસંગ અન્યસ્વરૂપ જાણી જ્યારે આત્મા ભણી દૃષ્ટિ થાય છે, ત્યારે અનુક્રમે સર્વજ્ઞાતાદિ ઐશ્વર્યપણું તેનું જ આત્મામાં જણાય છે અને તેથી વિશેષ ઐશ્વર્યવાળો કોઈ પદાર્થ સમસ્ત પદાર્થો નીરખતાં પણ અનુભવમાં આવી શકતો નથી. જેથી ઈશ્વર છે તે આત્માનું બીજું પર્યાયિક નામ છે; એથી કોઈ વિશેષ સત્તાવાળો પદાર્થ ઈશ્વર છે એમ નથી; એવા નિશ્ચયમાં મારો અભિપ્રાય છે.

(૨) તે જગત્કર્તા નથી; અર્થાત્ પરમાણુ, આકાશાદિ પદાર્થ નિત્ય હોવા યોગ્ય છે, તે કોઈ પણ વસ્તુમાંથી બનવા યોગ્ય નથી. કદાપિ એમ ગણીએ કે, તે ઈશ્વરમાંથી બન્યા છે, તો તે વાત પણ યોગ્ય લાગતી નથી. કેમ કે ઈશ્વરને જો ચેતનપણે માનીએ, તો તેથી પરમાણુ, આકાશ વગેરે ઉત્પન્ન કેમ થઈ શકે? કેમ કે ચેતનથી જડની ઉત્પત્તિ થવી જ સંભવતી નથી. જો ઈશ્વરને જડ સ્વીકારવામાં આવે, તો સહેજે તે અનૈશ્વર્યવાન ઠરે છે. તેમ જ તેથી જીવરૂપ 'ચેતનપદાર્થ'ની ઉત્પત્તિ પણ થઈ શકે નહીં. જડ, ચેતન ઉભયરૂપ ઈશ્વર ગણીએ, તો પછી જડ, ચેતન ઉભયરૂપ જગત છે તેનું ઈશ્વર એવું બીજું નામ કહી, સંતોષ રાખી લેવા જેવું થાય છે. અને જગતનું નામ ઈશ્વર રાખી સંતોષ રાખી લેવો, તે કરતાં જગતને જગત કહેવું, એ વિશેષ યોગ્ય છે. કદાપિ પરમાણુ, આકાશાદિ નિત ગણીએ અને ઈશ્વરને કર્માદિનો ફળ આપનાર ગણીએ, તોપણ તે વાત સિદ્ધ જણાતી નથી. એ વિચાર પર षट्‌दर्शनसमुच्चयમાં[1] સારાં પ્રમાણો આપ્યાં છે.

૩. પ્ર. – "મોક્ષ શું છે?"

ઉ. – જે ક્રોધાદિ અજ્ઞાનભાવમાં – દેહાદિમાં આત્માને પ્રતિબંધ છે, તેથી સર્વથા નિવૃત્તિ થવી – મુક્તિ થવી – તે મોક્ષપદ જ્ઞાનીઓએ કહ્યું છે જે સહજ વિચારતાં પ્રમાણભૂત લાગે છે.

૪. પ્ર૦ – "મોક્ષ મળશે કે નહીં તે ચોક્કસ રીતે આ દેહમાં જ જાણી શકાય?"

ઉ૦ – એક દોરડીના ઘણા બંધથી હાથ બાંધવામાં આવ્યો હોય, તેમાંથી અનુક્રમે જેમ જેમ બંધ છોડવામાં આવે, તેમ તેમ તે બંધના સંબંધની નિવૃત્તિ અનુભવમાં આવે છે. અને તે દોરડી વળ મૂકી છૂટી ગયાના પરિણામમાં વર્તે છે એમ પણ જણાય છે — અનુભવાય છે, તેમ જ અજ્ઞાનભાવનાં અનેક પરિણામરૂપ બંધનો પ્રસંગ આત્માને છે. તે જેમ જેમ છૂટે છે, તેમ તેમ મોક્ષનો અનુભવ થાય છે; અને તેનું ઘણું જ અલ્પપણું જ્યારે થાય છે, ત્યારે સહજે આત્મામાં નિજભાવ પ્રકાશી નીકળીને અજ્ઞાનભાવરૂપ બંધથી છૂટી શકવાનો પ્રસંગ છે એવો સ્પષ્ટ અનુભવ થાય છે. તેમ જ કેવળ અજ્ઞાનાદિભાવથી નિવૃત્ત થઈ કેવળ આત્મભાવ આ જ દેહને વિશે સ્થિતિમાન છતાં પણ આત્માને પ્રગટે છે, અને સર્વ સંબંધથી કેવળ પોતાનું ભિન્નપણું અનુભવમાં આવે છે; અર્થાત્ મોક્ષપદ આ દેહમાં પણ અનુભવમાં આવવા યોગ્ય છે.

૫. પ્ર૦ – "એમ વાંચવામાં આવ્યું કે, માણસ દેહ છોડી કર્મ પ્રમાણે જનાવરોમાં અવતરે, પથરો પણ થાય, ઝાડ પણ થાય; આ બરાબર છે?"

૧. વેદાંતદર્શન. રાજચન્દ્રે પહેલાં એની એક નકલ ગાંધીજીને આપી હતી.

Gandhi Heritage Portal

ઉ૦ – દેહ છોડી ઉપાર્જિત પ્રમાણે જીવની ગતિ થાય છે, તેથી તે તિર્યંચ (જનાવર) પણ થાય છે. અને પૃથ્વીકાય એટલે પૃથ્વીરૂપ શરીર ધારણ કરી, બાકીની બીજી ચાર ઇંદ્રિયો વિના કર્મ ભોગવવાનો જીવને પ્રસંગ પણ આવે છે; તથાપિ તે કેવળ પથ્થર કે પૃથ્વી થઈ જાય છે એવું કંઈ નથી. પથ્થરરૂપ કાયા ધારણ કરે, અને તેમાં પણ અવ્યક્તપણે જીવ, જીવપણે જ હોય છે. બીજી ચાર ઇંદ્રિયોનું ત્યાં અવ્યક્ત-(અપ્રગટ)-પણું હોવાથી, 'પૃથ્વીકાયરૂપ જીવ' કહેવા યોગ્ય છે. અનુક્રમે તે કર્મ ભોગવી જીવ નિવૃત્ત થાય છે, ત્યારે ફક્ત પથ્થરનું દળ પરમાણુરૂપે રહે છે, પણ જીવ તેના સંબંધથી ચાલ્યો જવાથી આહારાદિ સંજ્ઞા તેને હોતી નથી. અર્થાત્ કેવળ જડ એવો પથ્થર જીવ થાય છે એવું નથી. કર્મના વિષમપણાથી ચાર ઇંદ્રિયોનો પ્રસંગ અવ્યક્ત થઈ, ફક્ત એક સ્પર્શેંદ્રિયપણે દેહનો પ્રસંગ જીવને જે કર્મથી થાય છે, તે કર્મ ભોગવતાં તે પૃથ્વ્યાદિમાં જન્મે છે; પણ કેવળ પૃથ્વીરૂપ, કે પથ્થરરૂપ થઈ જતો નથી; જનાવર થતાં કેવળ જનાવર પણ થઈ જતો નથી. દેહ છે તે જીવને વેશધારીપણું છે; સ્વરૂપપણું નથી.

૬ઠ્ઠા[1] પ્રશ્નનું પણ આમાં સમાધાન આવ્યું છે.

૭મા[2] પ્રશ્નનું પણ સમાધાન આવ્યું છે કે, કેવળ પથ્થર કે કેવળ પૃથ્વી કંઈ કર્મનાં કર્તા નથી; તેમાં આવીને ઉપજેલો એવો જીવ કર્મનો કર્તા છે, અને તે પણ દૂધ અને પાણીની પેઠે છે. જેમ તે બંનેનો સંયોગ થતાં પણ દૂધ તે દૂધ છે, અને પાણી તે પાણી છે, તેમ એકેંદ્રિયાદિ કર્મબંધે જીવને પથ્થરપણું –જડપણું–જણાય છે, તોપણ તે જીવ અંતર તો જીવપણે જ છે અને ત્યાં પણ તે આહાર ભયાદિ સંજ્ઞા –જે અવ્યક્ત જેવી છે તે–પૂર્વક છે.

૮. પ્ર૦ – 'આર્યધર્મ' તે શું? બધાની ઉત્પત્તિ વેદમાંથી જ છે શું?

ઉ૦ – (૧) આર્યધર્મની વ્યાખ્યા કરવામાં સૌ પોતાના પક્ષને 'આર્યધર્મ' કહેવા ઇચ્છે છે. જૈન જૈનને, બૌદ્ધ બૌદ્ધને, વેદાંતી વેદાંતને 'આર્યધર્મ' કહે એમ સાધારણ છે. તથાપિ જ્ઞાની પુરુષો તો જેથી આત્માને નિજસ્વરૂપની પ્રાપ્તિ થાય એવો જે આર્ય (ઉત્તમ) માર્ગ, તેને 'આર્યધર્મ' કહે છે; અને એમ જ યોગ્ય છે.

(૨) બધાની ઉત્પત્તિ વેદમાંથી થવી સંભવતી નથી. વેદમાં જેટલું જ્ઞાન કહ્યું છે તેથી સહસ્રગણું આશયવાળું જ્ઞાન શ્રીતીર્થંકરાદિ મહાત્માઓએ કહ્યું છે, એમ મારા અનુભવમાં આવે છે; અને તેથી હું એમ જાણું છું કે અલ્પ વસ્તુમાંથી સંપૂર્ણ વસ્તુ થઈ શકે નહીં. એમ હોવાથી વેદમાંથી સર્વની ઉત્પત્તિ કહેવી ઘટતી નથી. વૈષ્ણવાદિ સંપ્રદાયોની ઉત્પત્તિ તેના આશ્રયથી માનતાં અડચણ નથી. જૈન બૌદ્ધના છેલ્લા મહાવીરાદિ મહાત્માઓ થયા પહેલાં વેદ હતા એમ જણાય છે; તેમ તે ઘણા પ્રાચીન ગ્રંથ છે એમ પણ જણાય છે; તથાપિ જે કંઈ પ્રાચીન હોય તે જ સંપૂર્ણ હોય, કે સત્ય હોય, એમ કહી શકાય નહીં; અને પાછળથી ઉત્પન્ન થાય તે અસંપૂર્ણ અસત્ય હોય એમ પણ કહી શકાય નહીં. બાકી વેદ જેવો અભિપ્રાય અને જૈન જેવો અભિપ્રાય અનાદિથી ચાલ્યો આવે છે. સર્વભાવ અનાદિ છે; માત્ર રૂપાંતર થાય છે. કેવળ ઉત્પત્તિ, કે કેવળ નાશ થતો નથી. વેદ, જૈન અને બીજા સૌના અભિપ્રાય અનાદિ છે, એમ માનવામાં અડચણ નથી; ત્યાં પછી વિવાદ શાનો રહે? તથાપિ એ સૌમાં વિશેષ બળવાન—સત્ય–અભિપ્રાય કોનો કહેવા યોગ્ય છે તે વિચારવું, એ અમને તમને સૌને યોગ્ય છે.

૯. પ્ર૦ "વેદ કોણે કર્યા? તે અનાદિ છે? જો અનાદિ હોય તો અનાદિ એટલે શું?"

ઉ૦ – (૧) ઘણા કાળ પહેલાં વેદ થયા સંભવે છે.

(૨) પુસ્તકપણે કોઈ પણ શાસ્ત્ર અનાદિ નથી; તેમાં કહેલા અર્થ પ્રમાણે તો સૌ શાસ્ત્ર અનાદિ છે, કેમ કે તેવા તેવા અભિપ્રાય જુદા જુદા જીવો જુદે જુદે રૂપે કહેતા આવ્યા છે. અને એમ જ સ્થિતિ સંભવે છે. ક્રોધાદિ ભાવ પણ અનાદિ છે, અને ક્ષમાદિ ભાવ પણ અનાદિ છે. હિંસાદિ ધર્મ પણ અનાદિ છે, અને અહિંસાદિ ધર્મ પણ અનાદિ છે. માત્ર જીવને હિતકારી શું છે, એટલું વિચારવું કાર્યરૂપ છે. અનાદિ તો બેય છે. પછી ક્યારેક ઓછા પ્રમાણમાં અને ક્યારેક વિશેષ પ્રમાણમાં કોઈનું બળ હોય છે.

૧૦. પ્ર૦ – "ગીતા કોણે બનાવી? ઈશ્વરકૃત તો નથી? જો તેમ હોય તો તેનો કાંઈ પુરાવો?"

ઉ૦ – (૧) ઉપર આવેલા ઉત્તરોથી કેટલુંક સમાધાન થઈ શકવા યોગ્ય છે કે, ઈશ્વરકૃતનો અર્થ જ્ઞાની — સંપૂર્ણ જ્ઞાની — એવો કરવાથી તે ઈશ્વરકૃત થઈ શકે; પણ નિત્ય અક્રિય એવા આકાશની પેઠે વ્યાપક ઈશ્વરને સ્વીકારે તેવાં પુસ્તકાદિની ઉત્પત્તિ થવી સંભવે નહીં કેમ કે તે તો સાધારણ કાર્ય છે, કે જેનું કર્તાપણું આરંભપૂર્વક હોય છે; અનાદિ નથી હોતું.

૧. અને ૨. આ પ્રશ્નો મૂળમાં ગાંધીજીના શબ્દોમાં આપ્યા ન હોવાથી તે પુસ્તક ૧ માં આપ્યા નથી.



Gandhi Heritage Portal

(૨) ગીતા વેદવ્યાસજીનું કરેલું પુસ્તક ગણાય છે, અને મહાત્મા શ્રીકૃષ્ણે અર્જુનને તેવો બોધ કર્યો હતો, માટે મુખ્યપણે કર્તા શ્રીકૃષ્ણ કહેવાય છે; જે વાત સંભવિત છે. ગ્રંથ શ્રેષ્ઠ છે. તેવો ભાવાર્થ અનાદિથી ચાલ્યો આવે છે, પણ તે જ શ્લોકો અનાદિથી ચાલ્યા આવે એમ બનવા યોગ્ય નથી; તેમ અક્રિય ઈશ્વરથી પણ તેની ઉત્પત્તિ હોય એમ બનવા યોગ્ય નથી. સક્રિય એટલે કોઈ દેહધારીથી તે ક્રિયા બનવા યોગ્ય છે. માટે સંપૂર્ણ જ્ઞાની તે ઈશ્વર છે, અને તેનાથી બોધાયેલાં શાસ્ત્ર તે ઈશ્વરી શાસ્ત્ર છે, એમ માનવામાં અડચણ નથી.

૧૧. પ્ર૦ – "પશુઆદિના યજ્ઞથી જરાય પુણ્ય છે ખરું?"

ઉ૦ – પશુના વધથી, હોમથી, કે જરાય તેને દુઃખ આપવાથી પાપ જ છે; તે પછી યજ્ઞમાં કરો, કે ગમે તો ઈશ્વરના ધામમાં બેસીને કરો. પણ યજ્ઞમાં જે દાનાદિ ક્રિયા થાય છે તે કંઈક પુણ્યહેતુ છે; તથાપિ હિંસામિશ્રિત હોવાથી તે પણ અનુમોદન યોગ્ય નથી.

૧૨. પ્ર૦ – "જે ધર્મ ઉત્તમ છે એમ કહો, તેનો પુરાવો માગી શકાય ખરો કે?"

ઉ૦ – પુરાવો માગવામાં ન આવે, અને ઉત્તમ છે એમ વગર પુરાવે પ્રતિપાદન કરવામાં આવે, તો તો અર્થઅનર્થ ધર્મઅધર્મ સૌ ઉત્તમ જ ઠરે. પ્રમાણથી જ ઉત્તમઅનુત્તમ જણાય છે. જે ધર્મ સંસાર પરિક્ષીણ કરવામાં સર્વથી ઉત્તમ હોય, અને નિજસ્વભાવમાં સ્થિતિ કરાવવાને બળવાન હોય, તે જ ઉત્તમ અને તે જ બળવાન છે.

૧૩. પ્ર૦ – "ખ્રિસ્તી ધર્મ વિશે આપ કંઈ જાણો છો? જો જાણતા હો તો આપના વિચાર દર્શાવશો?"

ઉ૦ – ખ્રિસ્તી ધર્મ વિશે સાધારણપણે હું જાણું છું. ભરતખંડના મહાત્માઓએ જેવો ધર્મ શોધ્યો છે – વિચાર્યો છે – તેવો ધર્મ બીજા કોઈ દેશથી વિચારાયો નથી, એમ તો એક અલ્પ અભ્યાસે સમજી શકાય તેવું છે. જીવનું સર્વદા પરવશપણું (જેમાં) કહ્યું છે; અને મોક્ષમાં પણ તે દશા તેવી જ રાખી છે; જીવના અનાદિ સ્વરૂપનું વિવેચન જેમાં યથાયોગ્ય નથી; કર્મસંબંધી વ્યવસ્થા અને તેથી નિવૃત્તિ પણ યથાયોગ્ય કહી નથી, તે ધર્મ વિશે મારો અભિપ્રાય, "સર્વોત્તમ તે ધર્મ છે." એમ થવાનો સંભવ નથી. ખ્રિસ્તી ધર્મમાં મેં જે ઉપર કહ્યા તેવા પ્રકારોનું યથાયોગ્ય સમાધાન દેખાતું નથી. આ વાક્ય મતભેદ વિશે કહ્યું નથી. વધારે પૂછવા યોગ્ય લાગે તો પૂછશો. તો વિશેષ સમાધાન કરવાનું બની શકશે.

૧૪. પ્ર૦ – "તેઓ એમ કહે છે: બાઇબલ ઈશ્વરપ્રેરિત છે; ઈસુ તે ઈશ્વરનો અવતાર, તેનો દીકરો છે ને હતો."

ઉ૦ – એ વાત તો શ્રદ્ધાથી માન્યાથી માની શકાય, પણ પ્રમાણથી સિદ્ધ નથી. જેમ ગીતા અને વેદના ઈશ્વરપ્રેરિતપણા માટે મેં ઉપર લખ્યું છે, તેમ જ બાઇબલ સંબંધમાં પણ ગણવું. જે જન્મમરણથી મુક્ત થયા તે ઈશ્વર અવતાર લે તે બનવા યોગ્ય નથી; કેમ કે રાગદ્વેષાદિ પરિણામ જ જન્મનો હેતુ છે; તે જેને નથી એવો ઈશ્વર અવતાર ધારણ કરે એ વાત વિચારતાં યથાર્થ લાગતી નથી. ઈશ્વરનો દીકરો છે, ને હતો, તે વાત પણ કોઈ રૂપક તરીકે વિચારીએ તો વખતે બંધ બેસે; નહીં તો પ્રત્યક્ષ પ્રમાણથી બાધ પામતી છે. મુક્ત એવા ઈશ્વરને દીકરો હોય તેમ શી રીતે કહેવાય? અને કહીએ તો તેની ઉત્પત્તિ શી રીતે કહી શકીએ? બંનેને અનાદિ માનીએ તો પિતાપુત્રપણું શી રીતે બંધ બેસે? એ વગેરે વાત વિચારવા યોગ્ય છે; જે વિચાર્યેથી મને એમ લાગે છે કે, તે વાત યથાયોગ્ય નહીં લાગે.

૧૫. પ્ર૦ – "જૂના કરારમાં જે ભવિષ્ય ભાખ્યું છે, તે બધું ઈસામાં ખરું પડ્યું છે."

ઉ૦ – એમ હોય તોપણ તેથી તે બંને શાસ્ત્ર વિશે વિચાર કરવો ઘટે છે. તેમ જ એવું ભવિષ્ય તે પણ ઈસુને ઈશ્વરાવતાર કહેવામાં બળવાન પ્રમાણ નથી; કેમ કે જ્યોતિષાદિકથી પણ મહાત્માની ઉત્પત્તિ જણાવી સંભવે છે; અથવા ભલે કોઈ જ્ઞાનથી તેવી વાત જણાવી હોય, પણ તેવા ભવિષ્યવેત્તા સંપૂર્ણ એવા મોક્ષમાર્ગ જાણનાર હતા તે વાત જ્યાં સુધી યથાસ્થિત પ્રમાણરૂપ ન થાય, ત્યાં સુધી તે ભવિષ્ય વગેરે એક શ્રદ્ધાગ્રાહ્ય પ્રમાણ છે, તેમ બીજાં પ્રમાણોથી તે હાનિ ન પામે એવું ધારણામાં નથી આવી શકતું.

૧૬. પ્ર૦ – માં "ઈસુ ખ્રિસ્તના ચમત્કાર" વિશે લખ્યું છે.

ઉ૦ – કેવળ કાયામાંથી જીવ ચાલ્યો ગયો હોય, તે જ જીવ તે જ કાયામાં દાખલ કર્યો હોય, અથવા કોઈ બીજા જીવને તેમાં દાખલ કર્યો હોય, તો તે બની શકે, એવું સંભવતું નથી, અને એમ થાય તો પછી કર્માદિની વ્યવસ્થા પણ નિષ્ફળ થાય. બાકી યોગાદિની સિદ્ધિથી કેટલાક ચમત્કાર ઉત્પન્ન થાય છે, અને તેવા કેટલાક ઈસુને હોય તો તેમાં તદ્દન ખોટું છે કે અસંભવિત છે એમ કહેવાય નહીં. તેવી

Gandhi Heritage Portal

સિદ્ધિઓ આત્માના ઐશ્વર્ય આગળ અલ્પ છે. આત્માના ઐશ્વર્યનું તેથી અનંતગણું મહત્ત્વ સંભવે છે. આ વિષયમાં સમાગમે પૂછવા યોગ્ય છે.

૧૭. પ્ર૦ – "આગળ ઉપર શો જન્મ થશે તેની આ ભવમાં ખબર પડે ? અથવા અગાઉ શું હતા તેની ?"

ઉ૦ – તેમ બની શકે. નિર્મળ જ્ઞાન જેનું થયું હોય તેને તેવું બનવું સંભવે છે. વાદળાં વગેરેનાં ચિહ્નો પરથી વરસાદનું અનુમાન થાય છે, તેમ આ જીવની આ ભવની ચેષ્ટા ઉપરથી તેનાં પૂર્વકારણો કેવાં હોવાં જોઈએ તે પણ સમજી શકાય; થોડે અંશે વખતે સમજાય. તેમ જ તે ચેષ્ટા ભવિષ્યમાં કેવું પરિણામ પામશે, તે પણ તેના સ્વરૂપ પરથી જાણી શકાય; અને તેને વિશેષ વિચારતાં કેવો ભવ થવો સંભવે છે, તેમ જ કેવો ભવ હતો, તે પણ વિચારમાં સારી રીતે આવી શકવા યોગ્ય છે.

૧૮. પ્ર૦ – "પડી શકે તો કોને ?" – આનો ઉત્તર ઉપર આવી ગયો છે.

૧૯. પ્ર૦ – "મોક્ષ પામેલાનાં નામ આપ આપો છો તે શા આધાર ઉપર ?"

ઉ૦ – મને આ પ્રશ્ન ખાસ સંબોધીને પૂછો તો તેના ઉત્તરમાં એમ કહી શકાય કે, અત્યંત સંસાર દશા પરિક્ષીણ જેની થઈ છે તેનાં વચનો આવાં હોય, આવી તેની ચેષ્ટા હોય એ આદિ અંશે પણ પોતાના આત્મામાં અનુભવ થાય છે, અને તેને આશ્રયે તેના મોક્ષ પરત્વે કહેવાય; અને ઘણું કરી તે યથાર્થ હોય એમ માનવાનાં પ્રમાણો પણ શાસ્ત્રાદિથી જાણી શકાય.

૨૦. પ્ર૦ – "બુદ્ધદેવ પણ મોક્ષ નથી પામ્યા એ શા ઉપરથી આપ કહો છો ?"

ઉ૦ – તેના શાસ્ત્રસિદ્ધાંતોના આશ્રયે. જે પ્રમાણે તેમના શાસ્ત્રસિદ્ધાંતો છે, તે જ પ્રમાણે જો તેમનો અભિપ્રાય હોય તો તે અભિપ્રાય પૂર્વાપરવિરુદ્ધ પણ દેખાય છે; અને તે લક્ષણ સંપૂર્ણ જ્ઞાનનું નથી. સંપૂર્ણ જ્ઞાન જ્યાં ન હોય, ત્યાં સંપૂર્ણ રાગદ્વેષ નાશ પામવા સંભવિત નથી. જ્યાં તેમ હોય, ત્યાં સંસારનો સંભવ છે; એટલે કેવળ મોક્ષ તેને હોય એમ કહેવું બની શકે એવું નથી. અને તેમનાં કહેલાં શાસ્ત્રોમાં જે અભિપ્રાય છે, તે સિવાય બીજો તેમનો અભિપ્રાય હતો, તે બીજી રીતે જાણવું અમને તમને કઠણ પડે તેવું છે; અને તેમ છતાં કહીએ કે, બુદ્ધદેવનો અભિપ્રાય બીજો હતો, તે કારણપૂર્વક કહેવાથી પ્રમાણભૂત ન થાય એમ કંઈ નથી.

૨૧. પ્ર૦ – "દુનિયાની છેવટ શી સ્થિતિ થશે ?"

ઉ૦ – કેવળ મોક્ષરૂપે સર્વ જીવોની સ્થિતિ થાય, કે કેવળ આ દુનિયાનો નાશ થાય તેવું બનવું મને પ્રમાણરૂપ લાગતું નથી. આવા ને આવા પ્રવાહમાં તેની સ્થિતિ સંભવે છે. કોઈ ભાવ રૂપાંતર પામી ક્ષીણ થાય, તો કોઈ વર્ધમાન થાય, તે એક ક્ષેત્રે વધે, તો બીજા ક્ષેત્રે ઘટે, એ આદિ આ સૃષ્ટિની સ્થિતિ છે. તે પરથી અને ઘણા જ ઊંડા વિચારમાં ગયા પછી એમ જણાવું સંભવિત લાગે છે કે, કેવળ આ સૃષ્ટિ નાશ થાય, કે પ્રલયરૂપ થાય એ ન બનવા યોગ્ય છે. સૃષ્ટિ એટલે એક આ જ પૃથ્વી એવો અર્થ નથી

૨૨. પ્ર૦ – "આ અનીતિમાંથી સુનીતિ થશે ખરી ?"

ઉ૦ – આ પ્રશ્નનો ઉત્તર સાંભળી જે જીવ અનીતિ ઇચ્છે તેને તે ઉત્તર ઉપયોગી થાય એમ થવા દેવું યોગ્ય નથી. સર્વ ભાવ અનાદિ છે : નીતિઅનીતિ. તથાપિ તમે અમે અનીતિ ત્યાગી નીતિ સ્વીકારીએ, તો તે સ્વીકારી શકાય એવું છે, અને એ જ આત્માને કર્તવ્ય છે. સર્વ જીવ આથી અનીતિ મટી નીતિ સ્થપાય એવું વચન કહી શકાતું નથી, કેમ કે એકાંતે તેવી સ્થિતિ થઈ શકવા યોગ્ય નથી.

૨૩. પ્ર૦ – "દુનિયાનો પ્રલય છે ?"

ઉ૦ – પ્રલય એટલે જો 'કેવળ નાશ' એવો અર્થ કરવામાં આવે, તો તે વાત ઘટતી નથી. કેમ કે સર્વ પદાર્થનો કેવળ નાશ થઈ જવો સંભવતો જ નથી.. પ્રલય એટલે સર્વ પદાર્થનું ઈશ્વરાદિને વિશે લીનપણું, તો કોઈના અભિપ્રાયમાં તે વાતનો સ્વીકાર છે, પણ મને તે સંભવિત લાગતું નથી. કેમ કે સર્વ પદાર્થ સર્વ જીવ એવાં સમપરિણામ શી રીતે પામે કે એવો યોગ બને ? અને જો તેવાં સમપરિણામનો પ્રસંગ આવે, તો પછી ફરી વિષમપણું થવું બને નહીં. અવ્યક્તપણે જીવમાં વિષમપણું અને વ્યક્તપણે સમપણું એ રીતે પ્રલય સ્વીકારીએ, તોપણ દેહાદિ સંબંધ વિના વિષમપણું શા આશ્રયે રહે ? દેહાદિ સંબંધ માનીએ, તો સર્વને એકેન્દ્રિયપણું માનવાનો પ્રસંગ આવે,— અને તેમ માનતાં તો વિના કારણે બીજી ગતિઓનો અસ્વીકાર કર્યો ગણાય. અર્થાત્ ઊંચી ગતિના જીવને તેવા પરિણામનો પ્રસંગ મટવા આવ્યો હોય તે પ્રાપ્ત થવાનો પ્રસંગ આવે એ આદિ ઘણા વિચાર ઉદ્ભવે છે. સર્વ જીવઆશ્રયી પ્રલય સંભવતો નથી.

૨૪. પ્ર૦–"અભણને ભક્તિથી જ મોક્ષ મળે ખરો કે ?"

Gandhi Heritage Portal

ઉ૦ – ભક્તિ જ્ઞાનનો હેતુ છે. જ્ઞાન મોક્ષનો હેતુ છે. અક્ષરજ્ઞાન ન હોય તેને અભણ કહ્યો હોય, તો તેને ભક્તિ પ્રાપ્ત થવી અસંભવિત છે એવું કંઈ છે નહીં. જીવમાત્ર જ્ઞાન સ્વભાવી છે. ભક્તિના બળે જ્ઞાન નિર્મળ થાય છે. નિર્મળ જ્ઞાન મોક્ષનો હેતુ થાય છે. સંપૂર્ણ જ્ઞાનની આવૃત્તિ થયા વિના સર્વથા મોક્ષ હોય એમ મને લાગતું નથી; અને જ્યાં સંપૂર્ણ જ્ઞાન હોય, ત્યાં સર્વ ભાષા (લિપિ) જ્ઞાન સમાય એમ કહેવાની પણ જરૂર નથી. ભાષાજ્ઞાન મોક્ષનો હેતુ છે, તે જેને ન હોય તેને આત્મજ્ઞાન ન થાય, એવો કંઈ નિયમ સંભવતો નથી.

૨૫. પ્ર૦ – "કૃષ્ણાવતાર અને રામાવતાર એ ખરી વાત છે? એમ હોય તો તે શું? એ સાક્ષાત્ ઈશ્વર હતા, કે તેના અંશ હતા? તેમને માનીને મોક્ષ ખરો?"

ઉ૦ – (૧) બંને મહાત્મા પુરુષ હતા એવો તો મને પણ નિશ્ચય છે. આત્મા હોવાથી તેઓ ઈશ્વર હતા; સર્વ આવરણ તેમને મટ્યાં હોય, તો તેનો મોક્ષ પણ સર્વથા માનવામાં વિવાદ નથી. ઈશ્વરનો અંશ કોઈ જીવ છે એમ મને લાગતું નથી, કેમ કે તેને વિરોધ આપતાં એવાં હજારો પ્રમાણ દૃષ્ટિમાં આવે છે. ઈશ્વરનો અંશ જીવને માનવાથી બંધ, મોક્ષ બધાં વ્યર્થ થાય, કેમ કે ઈશ્વર જ અજ્ઞાનાદિનો કર્તા થયો. એમ અજ્ઞાનાદિનો જે કર્તા થાય, તે પછી સહેજે ઈશ્વર હોય તોય ઈશ્વરપણું ખોઈ બેસે; અર્થાત્ ઊલટું જીવના સ્વામી થવા જતાં ઈશ્વરને નુકસાન ખમવાનો પ્રસંગ આવે તેવું છે. તેમ જીવને ઈશ્વરનો અંશ માન્યા પછી પુરુષાર્થ કરવો યોગ્ય શી રીતે લાગે? કેમ કે તે જાતે તો કંઈ કર્તાહર્તા કરી શકે નહીં; એ આદિ વિરોધથી ઈશ્વરના અંશ તરીકે કોઈ જીવને સ્વીકારવાની પણ મારી બુદ્ધિ થતી નથી તો પછી શ્રીકૃષ્ણ કે રામ જેવા મહાત્માને તેવા યોગમાં ગણવાની બુદ્ધિ કેમ થાય? તે બંને "અવ્યક્ત ઈશ્વર" હતા, એમ માનવામાં અડચણ નથી; તથાપિ તેમને વિશે સંપૂર્ણ ઐશ્વર્ય પ્રગટ્યું હતું કે કેમ? તે વાત વિચારવા યોગ્ય છે.

(૨) 'તેમને માનીને મોક્ષ ખરો કે?' એનો ઉત્તર સહજ છે. જીવને સર્વ રાગ, દ્વેષ, અજ્ઞાનનો અભાવ અર્થાત્ તેથી છૂટવું તે મોક્ષ છે. તે જેના ઉપદેશે થઈ શકે તેને માન્યે, અને તેવું પરમાર્થ સ્વરૂપ વિચારી, સ્વાત્માને વિશે પણ તેવી જ નિષ્ઠા થઈ, તે જ મહાત્માના આત્માને આકારે (સ્વરૂપે) પ્રતિષ્ઠાન થાય, ત્યારે મોક્ષ થવો સંભવે છે. બાકી બીજી ઉપાસના કેવળ મોક્ષનો હેતુ નથી. તેના સાધનનો હેતુ થાય છે. તે પણ નિશ્ચય થાય જ એમ કહેવા યોગ્ય નથી.

૨૬. પ્ર૦ – "બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ્વર તે કોણ?"

ઉ૦ – સૃષ્ટિના હેતુરૂપ ત્રણ ગુણ ગણી તે આશ્રયે રૂપ આપ્યું હોય, તો તે વાત બંધ બેસી શકે છે, તથા તેવાં બીજાં કારણોથી તે બ્રહ્માદિનું સ્વરૂપ સમજાય છે; પણ પુરાણમાં જે પ્રકારે તેમનું સ્વરૂપ કહ્યું છે, તે પ્રકારે સ્વરૂપ છે, એમ માનવા વિશેમાં મારું વિશેષ વલણ નથી. કેમ કે તેમાં કેટલાંક ઉપદેશાર્થે રૂપક કહ્યાં હોય એમ પણ લાગે છે; તથાપિ આપણે પણ તેનો ઉપદેશ તરીકે લાભ લેવો, અને બ્રહ્માદિના સ્વરૂપનો સિદ્ધાંત કરવાની જંજાળમાં ન પડવું, એ મને વિશેષ ઠીક લાગે છે.

૨૭. પ્ર૦ – "મને સર્પ કરડવા આવે ત્યારે તેને મારે કરડવા દેવો કે મારી નાખવો? તેને બીજી રીતે દૂર કરવાની મારામાં શક્તિ ન હોય એમ ધારીએ છીએ.'

ઉ૦ – સર્પ તમારે કરડવા દેવો એવું કામ બતાવતાં વિચારમાં પડાય તેવું છે; તથાપિ તમે જો 'દેહ અનિત્ય છે' એમ જાણ્યું હોય, તો પછી અસારભૂત દેહના રક્ષણાર્થે, જેને તેમાં પ્રીતિ રહી છે એવા સર્પને, તમારે મારવો કેમ યોગ્ય હોય? જેણે આત્મહિત ઇચ્છવું હોય તેણે તો ત્યાં પોતાના દેહને જતો કરવો એ જ યોગ્ય છે. આત્મહિત ઇચ્છવું ન હોય તેણે તેમ કરવું? તો તેનો ઉત્તર એ જ અપાય કે, તેણે નરકાદિમાં પરિભ્રમણ કરવું, અર્થાત્ સર્પને મારવો એવો ઉપદેશ ક્યાંથી કરી શકીએ? અનાર્યવૃત્તિ હોય તો મારવાનો ઉપદેશ કરાય, તે તો અમને તમને સ્વપ્ને પણ ન હો એ જ ઇચ્છવાયોગ્ય છે.

હવે સંક્ષેપમાં આ ઉત્તરો લખી પત્ર પૂરું કરું છું. षट्दर्शनसमुच्चय વિશેષ સમજવાનું યત્ન કરશો. આ પ્રશ્નોના ઉત્તરમાં મારા લખાણના સંકોચથી તમને સમજવું વિશેષ મૂંઝવણવાળું થાય તેવું ક્યાંય પણ હોય તોપણ તે વિશેષતાથી વિચારશો, અને કંઈ પણ પત્ર દ્વારાએ પૂછવા જેવું લાગે તે પૂછશો; તો ઘણું કરી તેનો ઉત્તર લખીશ. વિશેષ સમાગમે સમાધાન થાય એ વધારે યોગ્ય લાગે છે. એ જ વિનંતી.

[મૂળ ગુજરાતી]

શ્રીમદ્ રાજચંદ્ર પા. ૩૪૫–૫૯

Gandhi Heritage Portal

## પરિશિષ્ટ ૨

### ગાંધીજી પર રોમાં રોલાંનો પત્ર

પ્રિય મિત્ર,

મીરાંએ મને આપનો શુભ પત્ર[૧] મોકલ્યો તે મળ્યો છે. એ બદલ હૃદયથી આભાર માનું છું. પણ કવિએ આપને શું કહ્યું હશે તે કંઈ જ સમજાયું નહીં. લિબર-એમિકોરમમાંના આપના લેખ સંબંધમાં મેં ટાગોરને ક્યારેય કશું કહ્યું કે લખ્યું નથી. કવિની મંડળીના કોઈ સભ્ય જોડે પણ મારે એવી વાત કદી થઈ નથી. એમ કર્યું હોત તો એ લખાણે મને કરાવેલા આનંદના અનુભવને અને મારી આભારની લાગણીને વ્યક્ત કરવા જ કર્યું હોત. આપના જેવાના અભિપ્રાય વિશે ફરિયાદ કરવાનો વિચાર જ મારા મનમાં કેમ આવે? હું તો એને મારા જીવનનું ગૌરવ માનું છે કે હું આપની સેવામાં મારી જાતને મૂકી જગતમાં આપના વિચારોને ફેલાવી શક્યો છું.

હું તો આ કામ અંગે સ્વયંસેવક હોવાનો દાવો કરું છું, એની સામે વાંધો ઉઠાવવાની વાત જ કેવી! આવા વિચારનું મારા પર આરોપણ થયું એ જોઈને મને સંતાપ થયો છે.

હું આ વાત સમજી જ શકતો નથી. બેશક, આ હેવાલો કોઈ પણ આધાર વિનાના છે. કશા કારણ વગર એ શરૂ થાય છે અને ફેલાતાં ફેલાતાં એમાં મરી-મસાલો ભભરાવાતો જાય છે, જેથી આટલી બધી ગેરસમજ પેદા થાય છે. આ વાત તો સાવ પાયા વિનાની છે, એને મનમાંથી ભૂંસી જ નાખશો.

પ્રિય મિત્ર, હું આપના પ્રત્યે પ્રેમ અને આદરના ભાવથી જોઉં છું. મારા પ્રત્યે તેમ જ બીજાઓ પ્રત્યે આપ જીવનભર જેવા હતા તેવા, કોઈની રિઝવણી કે ખુશામત નહી કરનારા, મનમાં હોય તેનાથી એક શબ્દ પણ વધુ નહીં ઉચ્ચારનારા, સંપૂર્ણ સચ્ચાઈવાળા મનુષ્ય જ રહેશો એવી મારી પ્રાર્થના છે. આપની સમક્ષ બધો અહંકાર અદૃશ્ય થઈ જાય છે.

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈના હસ્તાક્ષરમાં લખાયેલા મુસદ્દાની છબી પરથી: એસ. એન. ૧૩૨૮૮

## પરિશિષ્ટ ૩

### કેન્યાના હિંદીઓ: ડી. બી. દેસાઈનો પત્ર

ભરૂચ,
ડિસેમ્બર ૧૨, ૧૯૨૯

સાહેબ,

હું ધારું છું કે અત્યાર સુધીમાં આપને જાણ થઈ ગઈ હશે કે કેન્યા (બ્રિટિશ પૂર્વ આફ્રિકા) સરકારે દરેક હિંદી ઉપર બિન-વતની માથાવેરા તરીકે એક પાઉન્ડનો વધારાનો કર નાખવાનું નક્કી કર્યું છે. ઇન્ડિયન સિટિઝન્સ ઍસોસિયેશને મને હમણાં નીચેનો કેબલ મોકલ્યો છે:

"એશિયાઈઓ માટે જ એક પાઉન્ડનો વધારાનો માથાવેરો નખાય છે. વર્તમાનપત્રો, સભાઓ, કૉંગ્રેસ અને સરકાર દ્વારા વિરોધ કરાવો."

આ કેબલથી પરિસ્થિતિ વધારે બગડી હોવાનું જણાય છે, અને હિંદની જનતા તથા હિંદી સરકારની મદદ તેઓ માગે છે. કેન્યાના હિંદીઓને આ બાબતમાં બેઉની મદદ તરત મળી રહેશે એ વિશે મને શંકા નથી.

૧. જુઓ પુસ્તક ૩૧, પા. ૫૦૬–૭.

Gandhi Heritage Portal

આ બિન-વતનીઓ માટેના માથાવેરાનો થોડો ઇતિહાસ આપને આપું તો તે કાંઈક ઉપયોગી થશે એમ માનું છું. આ બિન-વતની માથાવેરાનો વટહુકમ બ્રિટિશ ઈસ્ટ આફ્રિકા સરકારે ૧૯૧૨માં પસાર કર્યો હતો. તેની રૂએ ૧૯૧૩ની પહેલી જાન્યુઆરીથી દરેક બિન-વતની પુખ્ત ઉંમરના પુરુષ પાસેથી વાર્ષિક પંદર રૂપિયા વસૂલ કરવાના હતા. એ સમયે, એટલે ૧૯૧૨માં, કેન્યાની ધારાસભામાં સરકાર-નિયુક્ત કે ચૂંટાયેલો એક પણ હિંદી પ્રતિનિધિ હતો નહીં. આથી 'પ્રતિનિધિત્વ નહીં તો કર નહીં' એ લોકપ્રિય સૂત્ર અનુસાર પંદર રૂપિયાનો આ બિન-વતની માથાવેરો હિંદીઓ માટે અનુચિત તેમ અન્યાયપૂર્ણ હતો.

વળી ૧૯૨૦ સુધી કેન્યા (એ વેળાનું બ્રિટિશ ઈસ્ટ આફ્રિકા)માં હિંદી રૂપિયો કાયદેસરનું ચલણ હતું, અને ૧૯૧૨થી ચલણ બદલાયું ત્યાં સુધી ત્યાં રૂપિયો એક શિલિંગ અને ચાર પેન્સનો થતો; એટલે હિંદીઓને દર વર્ષે ૨૦ શિલિંગ બરાબરના ૧૫ રૂપિયા આપવા પડતા હતા. પાછળથી રૂપિયાનું ચલણ બદલાઈ ફ્લોરિનનું થયું અને ફ્લોરિનને રૂપિયાની બરોબર ગણવામાં આવ્યો. (બીજા શબ્દોમાં, બ્રિટિશ ઈસ્ટ આફ્રિકામાં સ્થાનિક કાયદાઓ અને વટહુકમોમાં જ્યાં 'રૂપિયા' લખાતું હતું ત્યાં 'ફ્લોરિન'નો પ્રયોગ થવા લાગ્યો.) ચલણના આ ફેરફારથી બિન-વતની માથાવેરાના ૧૫ ફ્લોરિન લેવાવા માંડયા. ૧૯૨૨માં બ્રિટિશ ઈસ્ટ આફ્રિકા (કેન્યા)માં ચલણનો બીજો ફેરફાર કરવામાં આવ્યો અને તેથી ફ્લોરિનને બદલે શિલિંગનું ચલણ શરૂ કરાયું અને એક ફ્લોરિનના બે શિલિંગ ઠરાવાયા. આથી આ બીજા ફેરફારને લીધે આ વેરા માટે, ૩૦ શિલિંગ લેવાવા માંડયા. આમ આ વેરો ભરનારના કોઈ પણ ગુના વિના આ વેરો ૨૦ શિલિંગને બદલે ૩૦ શિલિંગનો થયો. આ તો ૫૦ ટકાનો વધારો થયો, જે અન્યાયી જ કહેવાય.

આ ઉપરાંત મને લાગે છે કે આપને એ જાણવું રસભર્યું થઈ પડશે કે અત્યારે 'કેન્યાના સંસ્થાન અને સંરક્ષિત રાજ્ય' તરીકે ઓળખાતા પ્રદેશમાં ઝાંઝીબારના સુલતાનના તાબાની દસ માઈલની સાગરકિનારા પાસેની જમીનની પટ્ટી છે, જેને માટે કેન્યાની સરકાર પોતે એ દેશનો વહીવટ સંભાળ્યો ત્યારથી ઝાંઝીબારના સુલતાનને વાર્ષિક ભાડું આપે છે. બ્રિટિશ સરકારે ઝાંઝીબારના સુલતાન સાથે કરેલી સંધિમાં બીજી બાબતો સાથે એવી કબૂલાત થઈ છે કે એ દસ માઈલની પટ્ટીમાં રહેનારા લોકો ઉપર સદરહુ સંધિમાં ગણાવેલા અને દર્શાવેલા કરવેરા સિવાય બીજા કોઈ કરવેરા નાખવામાં નહીં આવે. એવી સમજૂતી થઈ છે કે આ બિન-વતની માથાવેરાની વસૂલાત બાબતમાં બ્રિટિશ સરકારને ઝાંઝીબારના સુલતાનની મંજૂરી મળી નથી.

ગયે મહિને કેન્યાની ધારાસભાએ બિન-વતની માથાવેરા (સુધારો) વટહુકમ પસાર કર્યો છે. એને પરિણામે સરકાર દરેક બિન-વતની એશિયાઈ પુરુષ વ્યક્તિ પાસેથી ઉપર જણાવેલી ૩૦ શિલિંગની રકમને બદલે ૫૦ શિલિંગ વસૂલ કરનાર છે. આ અને (જેની વિગતો નીચે આપી છે) એવા બીજા વેરાનો હેતુ યુરોપિયન અને હિંદી બાળકોને શૈક્ષણિક સુવિધાઓ પૂરી પાડવાનો છે. પણ મને લાગે છે કે આ કારણ દેખાડતી વેળા કેન્યા સરકાર એ ભૂલી ગઈ છે કે શરૂઆતથી તે અત્યાર લગી કેન્યાની સરકારે હિંદીઓનાં બાળકોની ઉપેક્ષા કરીને તેમ જ તેમના શિક્ષણને ભોગે યુરોપિયન બાળકોના શિક્ષણ પાછળ ભારે રકમ ખરચી છે, અને એની જોગવાઈ 'સામાન્ય કરવેરા'માંથી જ અત્યાર સુધી તો થઈ છે. પણ હવે હિંદીઓ પાસેથી કર ઉઘરાવવા સરકારે મારા મત પ્રમાણે અનૈતિક અને અન્યાયી એવી આ નવી યુક્તિ ઉપજાવી કાઢી છે, એમ મારું માનવું છે.

કેન્યા ધારાસભાના બે સરકારનિયુક્ત હિંદી સભ્યો માનનીય શ્રી જે. બી. પંડયા અને શ્રી શમસુદ્દીને પેશ કરેલા લઘુમતીઓને લગતા હેવાલ પરથી જણાય છે કે કેન્યા સરકારને શિક્ષણ માટે ૫૨,૦૦૦ પાઉંડ જોઈતા હોય છે, જે રકમ આ રીતે ફાળવાય છે:

યુરોપિયનો ૯૬૦ બાળકો માટે ૩૨,૦૦૦ પાઉન્ડ, એટલે કે માથાદીઠ ૩૩ પા. ૧૭ શિ.

હિંદીઓ ૨,૩૧૮ બાળકો માટે ૨૦,૦૦૦ પાઉન્ડ એટલે કે માથા દીઠ ૮ પા. ૧૨ શિ.

એટલે આના પરથી હિંદીઓનું શિક્ષણ કેન્યામાં કેવી ઉપેક્ષા પામે છે તે તરત સમજાઈ જશે. ઉપર ગણાવ્યાં તે બાળકો ઉપરાંત બીજાં ૨,૫૪૭ હિંદી બાળકો એવાં છે, જેમને શિક્ષણનું કોઈ સાધન નથી. વળી, હું ધારું છું કે અહીં આપને એ જણાવવું અસ્થાને નહીં ગણાય કે નિશાળે જતાં એ બાળકો શિક્ષણના ધોરણ

Gandhi Heritage Portal

પ્રમાણે ૨ શિ., ૪ શિ. અને ૮ શિ.ની માસિક ફી આપતાં હોય છે. એનો અર્થ એ થયો કે હિંદી બાળકો તેમનાં યુરોપિયન ભાઈબહેનો કરતાં વધારે ફાળો આપે છે અને કેન્યા સરકારે આ હકીકત ધ્યાનમાં લેવાનું ટાળ્યું છે.

બહુમતી હેવાલ (જેની નીચે સમિતિના એક સભ્ય કેન્યા સરકારના સંસ્થાન–સેક્રેટરીની સહી છે), જે કેન્યા સરકારને સાદર કરવામાં આવ્યો છે (અને ગવર્નરે જેનાં બહુ વખાણ કર્યાં છે) અને જે કેન્યા ધારાસભાએ પસાર કર્યો છે, તેમાં જણાવ્યા મુજબ ૫૨,૦૦૦ પાઉન્ડની સદરહુ રકમ નીચેની રીતે ઊભી કરવામાં આવી છે :

| | |
|---|---|
| મધાર્ક | ૨૫,૦૦૦ પાઉન્ડ |
| દારૂ | ૭,૦૦૦ પાઉન્ડ |
| શેમ્પેન | ૫૦૦ પાઉન્ડ |

પુરુષ ઘર–નોકરો ૭,૦૦૦ પાઉન્ડ (ફક્ત યુરોપિયનો પાસેથી)

એશિયાઈ માથાવેરો ૧૨,૦૦૦ પાઉન્ડ

સદરહુ બહુમતી હેવાલમાં એમ કહેવાયું છે અને માની લેવાયું છે કે કરવેરારૂપે ૩૨,૫૦૦ પાઉન્ડની આવક જેમાંથી મેળવવાની છે, તે પહેલી ત્રણ બાબતોમાંથી યુરોપિયનો ૨૪,૫૦૦ પાઉન્ડ આપશે અને બાકીની રકમ હિંદીઓ આપશે. પણ કેન્યા સરકાર પ્રમાણ દર્શાવતું રેકર્ડ રાખતી નહીં હોવાથી કોઈ અનુમાન ઉપર આવવું ડહાપણભર્યું નહીં લેખાય. આ ૩૨,૫૦૦ પાઉન્ડ બાદ કરતાં નવા કરવેરામાં ૧૯,૦૦૦ પાઉન્ડ બાકી રહે છે, જે યુરોપિયનો અને હિંદીઓ વચ્ચે વહેંચી નાખવામાં આવ્યા છે; યુરોપિયનો ૭,૦૦૦ પાઉન્ડ અને હિંદીઓ ૧૨,૦૦૦ પાઉન્ડ આપશે.

ઉપરના ફકરામાં ગણાવેલો ઘર-નોકરોનો વેરો બે નોકરોથી વધારે નોકરો હોય તેવા દરેક ઘર દીઠ સોળ વર્ષની દેખીતી ઉંમરથી ઉપરના દરેક પુરુષ ઘર-નોકર દીઠ મહિને બે શિલિંગના દરે ભરવાનો છે. આનો અર્થ એ કે આ વેરો વ્યક્તિગત વેરો નથી અને ઘણાં કુટુંબોને માથે આ વેરો પડવાનો નથી; જ્યારે વધારાના એશિયાઈ માથાવેરામાં દરેક એશિયાઈ પુરુષે ૨૦ શિ. વધારાના આપવાના થશે. અહીં પણ ખુલ્લો અન્યાય છે.

બહુમતી હેવાલ નીચે સહી કરનાર એક સભ્યે કેન્યા ધારાસભાની ચર્ચા દરમિયાન કહ્યું છે : "માથાવેરો તો હિંદીઓની જરૂરિયાતો સંતોષવા માટે જ ખાસ નાખવામાં આવ્યો છે, કારણ, યુરોપિયનોની પેઠે હિંદીઓ મોજશોખની વસ્તુઓ પાછળ દેશમાં પૈસા વાપરતા નથી, પણ દેશની બહાર મોકલી દે છે." ઉપરના કથનથી આ નવો વેરો નાખવા પાછળ કયા પૂર્વગ્રહો કામ કરી રહ્યા છે તેનો સ્વાભાવિક રીતે જ ખ્યાલ આવી જાય છે. હકીકતમાં, કેન્યાના ગોરા વસાહતીઓના હાથમાં રમતી કેન્યા સરકારનો આ નવા વધારાના એક પાઉન્ડના માથાવેરાનો એકમાત્ર હેતુ મારા અભિપ્રાય પ્રમાણે કેન્યાના કાયદા-પાલક હિંદી નાગરિકોને પજવવાનો જ છે.

સમયની માગ પ્રમાણે આ સવાલ હાથ પર લેવા અને આ વિષયને જરૂરી ન્યાય આપવા કેન્યાના હિંદીઓ તરફથી મારે આપને વિનંતી કરવાની છે. કેન્યાના હિંદીઓ આપની સલાહ માથે ચડાવશે. અંતમાં હું એટલું કહું કે જો હિંદના લોકો અને હિંદી સરકાર આ નવો વધારાનો કર દૂર કરાવવા કંઈ નહીં કરે તો કેન્યા સરકાર ૧લી જાન્યુઆરી, ૧૯૨૭થી તે વસૂલ કરવાનું આરંભી દેશે, અને એ એક વાર વસૂલ થયો તો પછી તેને દૂર કરાવવાનું ઘણું મુશ્કેલ બનશે એમ હું સમજું છું. મને લાગે છે કે ગૌહત્તી કોંગ્રેસે આ બાબત ઉપાડી લેવી જોઈએ.

આપનો વગેરે
ડી. બી. દેસાઈ

[મૂળ અંગ્રેજી]

યંગ ઇન્ડિયા, ૨૩–૧૨–૧૯૨૬

Gandhi Heritage Portal

# આધારરૂપ સાહિત્ય


**अमृतबझार पत्रिका :** કલકત્તાનું અખબાર, જે પ્રથમ ૧૮૬૮માં બંગાળી સાપ્તાહિક તરીકે પ્રસિદ્ધ થયું હતું. ૧૮૯૧થી એ દૈનિક બન્યું છે.

**आज :** વારાણસીથી પ્રસિદ્ધ થતું હિંદી દૈનિક.

**गांधीजीनुं गीताशिक्षण** (ગુજરાતી) : સંપાદક : નરહરિ પરીખ, સાબરમતી આશ્રમ ટ્રસ્ટ, ૧૯૫૫.

**ગાંધી સ્મારક સંગ્રહાલય, नवी दिल्ही :** ગાંધી સાહિત્ય તથા તે સંબંધી દસ્તાવેજોનું મધ્યસ્થ સંગ્રહસ્થાન તથા પુસ્તકાલય. જુઓ પુસ્તક ૧, પા. ૨૭૧.

**नवजीवन** (૧૯૧૯–૩૧) : ગાંધીજીના તંત્રીપદે અમદાવાદથી પ્રસિદ્ધ થતું ગુજરાતી સાપ્તાહિક. (જે કોઈ કોઈ વાર અઠવાડિયામાં બે વાર પણ નીકળતું) તે નવજીવન અને સત્ય (૧૯૧૫–૧૯) નામના ગુજરાતી માસિકનું રૂપાંતર હતું અને તેનો પહેલો અંક ૧૯૧૯ના સપ્ટેમ્બરની ૭મીએ પ્રસિદ્ધ થયો હતો. ૧૯૨૧ના ઑગસ્ટની ૧૯મીથી એની હિંદી આવૃત્તિ પણ પ્રસિદ્ધ થવા લાગી હતી.

**फॉरवर्ड :** કલકત્તાથી સી. આર. દાસે શરૂ કરેલું અંગ્રેજી દૈનિક.

**बापुना पत्रो – मणिबहेन पटेलने** (ગુજરાતી) : સંપાદક : મણિબહેન પટેલ, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૧૯૫૭.

**बॉम्बे क्रॉनिकल :** મુંબઈથી પ્રસિદ્ધ થતું અંગ્રેજી દૈનિક.

**यंग इन्डिया** (૧૯૧૮–૩૧) : મુંબઈમાં જમનાદાસ દ્વારકાદાસે શરૂ કરેલું સાપ્તાહિક; ૧૯૧૯ના મેની ૭મીથી એ અર્ધસાપ્તાહિક બન્યું. એના ઉપર ગાંધીજીની દેખરેખ રહેતી. ઑક્ટોબર ૧૯૧૯થી એ અમદાવાદથી ગાંધીજીના તંત્રીપદેથી સાપ્તાહિક તરીકે પ્રસિદ્ધ થવા લાગ્યું.

**रिपोर्ट ऑफ ध फॉर्टीफर्स्ट सेशन ऑफ ध इन्डियन नेशनल कॉंग्रेस,** ૧૯૨૬.

**लीडर :** અલ્લાહાબાદથી પ્રસિદ્ધ થતું અંગ્રેજી દૈનિક.

**सर्चलाइट :** પટણાથી પ્રસિદ્ધ થતું અંગ્રેજી દૈનિક.

**श्रीमद् राजचन्द्र :** મનસુખલાલ મહેતાએ સંપાદિત કરેલું અને રેવાશંકર ઝવેરીએ પ્રગટ કરેલું પુસ્તક.

**साबरमती :** પુસ્તક ૫, અંક ૩, ૧૯૨૬ : સાબરમતી આશ્રમ, અમદાવાદની રાષ્ટ્રીય શાળાનું હસ્તલિખિત પત્ર.

**साबरमती સંગ્રહાલય :** પુસ્તકાલય તથા લેખોનો સંગ્રહ, જેમાં ગાંધીજીના દક્ષિણ આફ્રિકાના સમયના તથા ૧૯૩૩ સુધીના ભારતીય સમયના કાગળો રાખવામાં આવ્યા છે. જુઓ પુસ્તક ૧, પા. ૨૭૧.

**हिन्दु :** મદ્રાસથી પ્રસિદ્ધ થતું અંગ્રેજી અખબાર; ૧૮૭૮માં સાપ્તાહિક તરીકે શરૂ થયેલું; ૧૮૮૩થી ત્રિ-સાપ્તાહિક થયું અને ૧૮૮૯થી દૈનિક થયું.

**हिन्दुस्तान टाइम्स :** નવી દિલ્હીથી પ્રસિદ્ધ થતું અંગ્રેજી દૈનિક.

**हॅन्डस्पिनिंग एन्ड हॅन्डवीविंग :** એસ. વી. પુણતાંબેકર અને વરદાચારી, અખિલ ભારત ચરખા સંઘ, અમદાવાદ, ૧૯૨૬.


Gandhi Heritage Portal

# તારીખવાર વૃત્તાંત

## (નવેમ્બર ૫, ૧૯૨૬ – જાન્યુઆરી ૨૦, ૧૯૨૭)

**નવેમ્બર ૫ :** ગાંધીજી સત્યાગ્રહ આશ્રમ, સાબરમતીમાં.

**નવેમ્બર ૨૧ :** બપોર પછી શ્રી વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રી ગાંધીજીને મળ્યા.

**નવેમ્બર ૨૮ :** ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદના પદવીદાન સમારંભમાં ગાંધીજીએ ભાષણ આપ્યું.

**ડિસેમ્બર ૩ :** વર્ધા જવા અમદાવાદથી રવાના.
વચમાં સુરતમાં રોકાણ અને વિનય મંદિરની મુલાકાત.

**ડિસેમ્બર ૪ :** વર્ધા પહોંચ્યા.

**ડિસેમ્બર ૧૯ :** વર્ધાની જાહેર સભાને સંદેશો મોકલ્યો.

**ડિસેમ્બર ૨૦ :** વર્ધા ખાતે જાહેર સભામાં ભાષણ.

**ડિસેમ્બર ૨૧ :** ગૌહત્તી જવા વર્ધાથી રવાના. અમરાવતી અને નાગપુરની જાહેર સભાઓમાં ભાષણ કર્યાં. ગોંદિયામાં થોડા કલાક રોકાણ.

**ડિસેમ્બર ૨૩ :** કલકત્તા પહોંચ્યા.
સ્વામી શ્રદ્ધાનંદનું ખૂન.

**ડિસેમ્બર ૨૪ :** ગૌહત્તી જવા રવાના. મહાસમિતિની બેઠકમાં ભાષણ.

**ડિસેમ્બર ૨૫ :** ગૌહત્તીમાં સ્વદેશી પ્રદર્શનના ઉદ્‌ઘાટન સમારંભમાં ભાષણ.

**ડિસેમ્બર ૨૬ :** કૉંગ્રેસ મંડપ પાસે ધ્વજારોપણ સમારંભ વેળા ભાષણ.
સ્વામી શ્રદ્ધાનંદજીના ખૂન તથા દક્ષિણ આફ્રિકામાં હિંદીઓના દરજ્જા વિશે બોલ્યા અને ઠરાવોની દરખાસ્તો પેશ કરી.

**ડિસેમ્બર ૨૭ :** કૉંગ્રેસની વિષયવિચારિણી સમિતિમાં મતાધિકારનો નિયમ સખત બનાવવાની ઇષ્ટતા પર બોલ્યા, જેથી ખાદી ન પહેરનાર મત આપી જ ન શકે.

**ડિસેમ્બર ૨૮ :** વિષયવિચારિણી સમિતિમાં સ્વાતંત્ર્યના ઠરાવ ઉપર બે વાર બોલ્યા.
ગૌહત્તીના મ્યુનિસિપલ બોર્ડની સભામાં ભાષણ આપ્યું.
ઍસોસિયેટેડ પ્રેસને મુલાકાત આપતાં જણાવ્યું કે પછીના વરસમાં પોતે રેંટિયા અને ખાદીનો સંદેશો ફેલાવવાનું જ કામ કરનાર છે.
કલકત્તા જવા ગૌહત્તીથી ઊપડ્યા.

**ડિસેમ્બર ૩૧ :** મહેશ્વરી ભવન, બડા બઝાર, કલકત્તાની જાહેર સભામાં ભાષણ આપ્યું.

**જાન્યુઆરી ૨ :** કલકત્તા અને હાવરાની દલિત વર્ગની સોળ શાળાઓના વિદ્યાર્થીઓ સમક્ષ ભાષણ આપ્યું. કલકત્તાના ચિત્તરંજન સેવા સદનમાં ભાષણ કર્યું.
અશ્વિનકુમાર દત્તના સ્મારકનો શિલાન્યાસવિધિ કર્યો.
સોદપુરના ખાદી પ્રતિષ્ઠાનની કલાશાળાના ઉદ્‌ઘાટન સમારંભમાં ભાષણ કર્યું.

Gandhi Heritage Portal

13665

**જાન્યુઆરી ૪ :** કોમિલ્લા જવા રવાના.

**જાન્યુઆરી ૫ :** કોમિલ્લામાં અભય આશ્રમમાં તથા જાહેર સભામાં ભાષણ કર્યું.

**જાન્યુઆરી ૬ :** કોમિલ્લામાં ખાદીના ઠરાવ અંગે ફ્રી પ્રેસ ઑફ ઇન્ડિયાને મુલાકાત આપી. સ્ત્રીઓની સભામાં બોલ્યા.

**જાન્યુઆરી ૯ :** બનારસમાં સ્વરાજ્યના પ્રશ્ન ઉપર ડૉ. ભગવાનદાસને મુલાકાત આપી. બનારસમાં બનારસ હિંદુ યુનિવર્સિટી, શ્રદ્ધાનંદ સ્મારક સભા, અસ્પૃશ્યોની સભા, સ્ત્રીઓની સભા અને જાહેર સભામાં ભાષણ કર્યાં.

**જાન્યુઆરી ૧૦ :** અલ્લાહાબાદ જવા બનારસથી ઊપડ્યા.

**જાન્યુઆરી ૧૧ :** ડાલ્ટનગંજમાં.

**જાન્યુઆરી ૧૨ :** ધનબાદની જાહેર સભામાં ભાષણ કર્યું.

**જાન્યુઆરી ૧૩ :** ધનબાદ, કટરસ, અને ઝરિયામાં સભાઓને સંબોધી.

**જાન્યુઆરી ૧૪ :** ઔરંગાબાદની જાહેર સભામાં ભાષણ.

**જાન્યુઆરી ૧૫ :** ગયા અને રમનાની સભાઓમાં ભાષણ.

**જાન્યુઆરી ૧૬ :** સોનપુરમાં સ્ત્રીઓની સભામાં અને છપરા તથા સેવાનની જાહેર સભાઓમાં ભાષણ આપ્યાં.

**જાન્યુઆરી ૧૭ :** છપરામાં રાજેન્દ્રપ્રસાદને ઘેર આરામ.

**જાન્યુઆરી ૧૮ :** એકમા અને મહારાજગંજની મુલાકાત.

**જાન્યુઆરી ૧૯ :** દરભંગાની મુલાકાત.

**જાન્યુઆરી ૨૦ :** મધુબની તથા સમસ્તીપુર ખાતે જાહેર સભાઓમાં ભાષણ કર્યાં.

ગાંધી સ્મારક સંગ્રહ
ગ્રંથાલય.
અમદાવાદ-૧૪.

Gandhi Heritage Portal

# સૂચિ


અખિલ બંગાળ દેશબંધુ સ્મારક ૪૨૩, ૪૫૭

અખિલ ભારત ગોરક્ષા મંડળ ૫૪ પા. ટી., ૩૭૨–૪

અખિલ હિંદ કોંગ્રેસ સમિતિ ૩૬૮, ૩૭૪, ૩૮૫, ૪૩૮

અખિલ હિંદ (ભારત) ચરખા સંઘ ૩૯, ૫૪ પા. ટી., ૬૭, ૬૮, ૭૮, ૮૨ પા. ટી., ૩૨૪, ૩૨૮, ૩૬૨, ૩૬૪, ૩૬૫, ૩૭૧, ૩૮૦, ૪૨૭–૯, ૪૫૭, ૪૬૭, ૪૮૨, ૪૮૫, ૪૮૭

અખિલ હિંદ દેશબંધુ સ્મારક ૩૮૬, ૪૨૩, ૪૩૫, ૪૫૭, ૪૬૩, ૪૭૨, ૪૮૫

અખો ૧૩ પા. ટી.

અગસ્ત્ય ૧૯૪

અગ્રવાલ, મૂલચંદ ૩૨

અજામિલ ૨૨૦

અણે, શ્રીમતી ૩૭૧ પા. ટી.

અન ટુ ધ લાસ્ટ (સર્વોદય) ૩

અનસારી, ડૉ. એમ. એ. ૭૫, ૩૬૮, ૩૭૫, ૩૮૮

અભય આશ્રમ ૨૭ પા. ટી., ૭૧, ૪૧૯, ૪૨૩, ૪૮૮; ૦અને ખાદીકાર્ય ૩૮૭

અમેરિકાનું સ્વાતંત્ર્ય યુદ્ધ ૩૧૯

અર્જુન ૮૭, ૮૯–૯૬, ૯૭–૯૯, ૧૦૦–૧૦૧, ૧૦૫, ૧૦૭, ૧૦૮–૧૧૦, ૧૧૫, ૧૧૬, ૧૨૦, ૧૨૨, ૧૨૩, ૧૨૪, ૧૨૬, ૧૨૯, ૧૩૨, ૧૪૦, ૧૪૧, ૧૪૨, ૧૪૩, ૧૪૬, ૧૪૭, ૧૪૯–૧૫૩, ૧૫૫, ૧૬૦, ૧૬૧, ૧૬૨, ૧૬૮–૧૭૧, ૧૭૩, ૧૮૩, ૧૯૧, ૧૯૩–૧૯૭, ૧૯૮, ૧૯૯, ૨૦૨, ૨૦૩, ૨૦૪, ૨૦૬, ૨૦૯, ૨૧૧, ૨૧૩, ૨૧૫, ૨૧૬, ૨૧૯–૨૨૧, ૨૨૩–૨૨૬, ૨૨૮–૯, ૨૩૧–૨૩૮, ૨૪૦, ૨૪૫–૨૫૧, ૨૫૭–૮, ૨૬૧–૨, ૨૬૫, ૨૬૮–૨૭૦, ૨૭૩–૨૮૧, ૨૮૬–૨૯૦, ૨૯૪, ૨૯૭

અર્યમા ૨૨૫

અલીભાઈઓ ૩૭૭, જુઓ અલી, મહમદ અને શૌકત

અલીમહમદ ૩૨૭, ૩૭૧ પા. ટી., ૩૭૪–૩૭૭

અલી, શૌકત ૩૭૭

અલી, હજરત –ની ખુદામાં તલ્લીનતા ૯૬, ૧૦૭, ૧૧૮

અશોક ૪૩૨

અશ્વિનીકુમારો ૮૭

અસહકાર ૧૨૦, ૧૨૮, ૧૪૬, ૧૮૯, ૨૫૪, ૩૫૩, ૪૨૪; ૦અને સહકાર ૫૪૫, ૫૫૫; ૦આંદોલન ૪૪૦, ૪૪૧; –માં પાપ અને ધર્મનું અસ્તિત્વ ૮૮

અસિત ૨૨૪

અસ્પૃશ્યતા ૪૪, ૮૦, ૩૪૧, ૩૫૮, ૩૯૧, ૪૧૨, ૪૨૨, ૪૨૪, ૪૨૭, ૪૩૦, ૪૩૧, ૪૪૨, ૪૪૮, ૪૫૭, ૪૬૩, ૪૬૫, ૪૬૯, ૪૭૦, ૪૭૫, ૪૯૦, ૪૯૩; ૦અને નોખા કૂવાઓ અને મંદિરો ૪૩૬, ૪૩૭; ૦નિવારણનો દક્ષિણ આફ્રિકામાંનો પ્રશ્ન ૩૫૪, ૩૭૮, ૩૭૯, ૩૯૧, ૩૯૨

અહલ્યા ૨૯૫

અહિંસા ૨૧, ૨૨, ૩૬, ૪૪, ૬૦, ૭૨, ૭૩, ૮૨, ૮૭, ૯૦, ૯૩, ૯૪, ૧૪૩, ૧૪૬, ૧૫૪, ૧૭૦, ૧૭૯, ૧૮૫, ૧૮૯, ૨૦૯, ૨૨૨, ૨૪૭, ૨૫૭, ૨૬૧, ૨૮૨, ૨૮૭, ૨૯૧, ૨૯૯, ૩૦૨, ૩૨૦, ૩૩૬, ૩૪૮, ૩૯૭, ૪૦૫, ૪૫૬, ૪૯૦, ૪૯૨; ૦અને ઈશ્વર ૩૫૮; ૦અને કર્તવ્ય ૧૪૪; ૦અને દુઃખે રીબાતાં પ્રાણીઓ ૬૬, ૬૭; ૦અને દેહાતીતપણું ૨૮૫; ૦અને ધર્મ ૯૪; ૦અને ધર્મના રહસ્ય માટે વ્યાયામમંદિર ૩૬૦, ૩૬૧; ૦અને બીજાનું સુખ ૬૫; ૦અને મોક્ષ ૧૪૫; ૦અને રખડતાં કૂતરાંનો નાશ ૩૫; ૩૦૦; ૦અને રેંટિયો ૧૧૯; ૦અને શાસ્ત્રો ૨૬૩; ૦અને હિંસા ૭; ૦એક પ્રચંડ શક્તિ ૩૦૦; –નો વ્યક્તિગત અને સામુદાયિક રીતે અમલ ૧૨; –માં મહાજનનો રસ ૪૩; –માં સર્વનું વધુમાં વધુ હિત ૬૪, ૩૨૧; ૦સત્યનો એક માત્ર માર્ગ ૩૪

अंगुत्तरनिकाय ૪૭

અંજારિયા, રવિશંકર ગ. ૭૨

અંત્યજ ૭૬, ૩૯૧, ૪૧૨, ૪૨૨, ૪૨૪, ૪૨૭, ૪૪૫, ૪૪૬, ૪૪૮, ૪૫૬, ૪૫૭, ૪૬૩, ૪૬૯, ૪૭૦, ૪૭૫, ૪૯૦, ૪૯૩; –ના નોખા કૂવાઓ અને મંદિરો ૪૩૬–૭; ૦ભારત અને દક્ષિણ આફ્રિકામાં અંત્યજો ૩૯૨; ૦માર્ગદર્શિકા ૩૪૨; ૦સેવામંડળ ૩૪૨

અંબરથા, મુરલીપ્રસાદ ૩૧


Gandhi Heritage Portal

આઝાદ, અબુલકલામ ૩૭૧ પા. ટી., ૩૭૮ પા. ટી.
આત્મકથા (સત્યના પ્રયોગો) ૩૧, ૨૪૫ પા. ટી., ૩૧૨, ૩૧૪, ૩૩૯ પા. ટી., ૪૭૮
આત્મદર્શન ૦અને મજૂરી ૪૦૪, ૪૦૫; ૦અને રેંટિયો ૧૨૦; ૦અને શરીરનું વિગલન ૧૩૩; ૦અને સમદૃષ્ટિ ૧૭૯, ૧૮૦; ૦અને હઠયોગ ૨૯૫; ૦માટે કર્મ, ભક્તિ અને જ્ઞાન ૯૪, ૯૫; ૦વિના પૂર્ણતા અશક્ય ૧૧૬, ૧૧૭
આત્મસંયમ ૦કેવી રીતે મેળવવો ૧૧૨, ૧૧૩, ૧૧૬
આત્મા ૧૩૫, ૧૩૬, ૧૪૨–૩, ૧૪૯, ૧૬૫–૬, ૧૬૭, ૧૬૯, ૧૭૩, ૧૭૬–૧૭૯, ૧૮૧, ૧૮૨, ૧૮૪–૧૮૬, ૧૮૮–૯, ૧૯૧–૨, ૨૦૧, ૨૧૬, ૨૨૫, ૨૩૭, ૨૪૧, ૨૪૩, ૨૪૫, ૨૪૬, ૨૫૮, ૨૭૦, ૨૭૨, ૨૭૪, ૨૭૬, ૨૭૯, ૨૮૧, ૨૮૬–૭, ૨૮૯–૨૯૦; ૦અને અજ્ઞાની લોકો ૧૦૬, ૧૦૭; ૦અને ઇન્દ્રિયદમન ૧૧૨, ૧૧૩, ૧૪૯; ૦અને ઇન્દ્રિયસ્વભાવ ૧૧૮; ૦અને ઇન્દ્રિયો ૧૪૮, ૧૪૯; ૦અને પરમાત્મા ૧૧૧; ૦અને બ્રહ્મ ૧૬૧, ૧૬૨; ૦અને મોક્ષ ૮, ૧૩૧; ૦અને યજ્ઞ ૧૩૦; ૦અને શરીર ૯૪, ૯૫, ૧૦૨, ૧૦૪, ૧૦૫, ૧૧૭, ૧૨૧, ૧૨૨, ૧૨૩, ૧૩૫, ૧૫૫, ૨૬૯, ૨૮૮, ૨૮૯; –ની અંતિમ સ્થિતિ એટલે મોક્ષ ૧, ૨, ૫; –નું દર્શન ૧૦૫, ૧૦૬; –નો અવિનાશી સ્વભાવ ૯૭–૧૦૧; –નો સ્વભાવ ૧૫૧, ૧૫૨; –માં સ્થિતપ્રજ્ઞ ૧૧૦
આધ્યાત્મિક જ્ઞાન ૦અને ઈશ્વરની સેવા ૮૮
આધ્યાત્મિક શક્તિ ૦અને સહનશક્તિ ૬૨
આનંદજી, નારાયણદાસ ૪૧૧ પા. ટી.
આનંદાનંદ, સ્વામી ૩૧૨, ૩૧૪, ૩૩૩, ૩૩૯, ૩૪૬
આમોદ, હાજી અબુબકર ૫૦
આયર, રામસ્વામી ૧૦૫
આયંગર, એસ. શ્રીનિવાસ ૩૦૭, ૩૩૫, ૩૭૧ પા. ટી., ૪૨૯, ૪૩૨–૩
આર્નોલ્ડ, સર એડવિન ૩૨૮
આર્યસમાજ ૫૮ પા. ટી., ૩૭૬, ૪૨૫, ૪૮૯, ૪૯૧ પા. ટી.
આર્યો ૨૨૬; ૦અને યજ્ઞનું મૂળ ૧૩૦
આસર, આનંદી ૩૯૮
આસર, લક્ષ્મીદાસ પી. ૩૧૧, ૩૧૭, ૩૯૮ પા. ટી.

ઇક્ષ્વાકુ ૧૫૦
ઇન્જિલ ૧૨૭
इन्डियन ओपीनियन ૩૧૮
ઇન્ડિયન કરન્સી લીગ ૪૩૧
ઇન્ડિયન નેશનલ કૉંગ્રેસ ૦કાનપુર અધિવેશન ૪૮૫; ૦ગૌહત્તી અધિવેશન ૩૨૭, ૩૩૫, ૩૫૩ પા. ટી., ૪૩૮, ૪૪૨–૩; ૦(એક) નિરીક્ષણ ૪૨૮–૪૩૪; –માં ખાદીના પોષાકનો ઠરાવ ૫૭; –માં ખાદીનો પોષાક ફરજિયાત ૪૨૨; –માં દક્ષિણ આફ્રિકાના હિંદીઓની ગોળમેજી પરિષદના ઠરાવને આવકાર ૩૭૮; –માં ફરજિયાત ખાદીના પોષાકનો ઠરાવ ૩૮૦, ૩૮૧, ૪૩૪, ૪૩૫; –માં શ્રદ્ધાનંદજીના ખૂનનો ઠરાવ ૩૭૪–૫; –માં સ્વાતંત્ર્યનો ઠરાવ ૩૮૩, ૩૮૪
इन्डिया, वॉट इट केन टीच अस ૩૨૮
ઇન્દ્ર ૮૭, ૮૯, ૧૨૮, ૨૧૮, ૨૨૫
ઇન્દ્રવદન ૩૩
ઇન્દ્રિયો ૦અને દ્રૌપદી ૪૦૧; ૦દ્વારા આત્મદર્શન ૧૧૪; –ના દમન માટે ઉપવાસ ૧૧૨, ૧૧૩, ૧૮૮, ૧૮૯; –ના દમન માટે ત્રણ આવશ્યક વસ્તુ ૧૧૫; નું દમન ૧૪૯
ઇબ્રાહીમ ૧૨૭
ઇમામ સાહેબ, જુઓ બાવાઝીર ઇમામ અબ્દુલ કાદિર
ઇરવિન, લૉર્ડ ૩૯૨, ૪૫૫ પા. ટી.
ઇસ્લામ ૩, ૧૧૫, ૩૨૫, ૩૭૦, ૩૭૫, ૩૭૬, ૩૯૦, ૪૩૩, ૪૫૮, ૪૬૯, ૪૭૧, ૪૭૬, ૪૮૯, ૪૯૦ ૪૯૧
ઇંદ્ર વિદ્યાવાચસ્પતિ ૩૬૮, ૩૮૮

ઈબ્ન સાઉદ, વાહબી ૩૨૫
ईशोपनिषद् (ईशावास्य उपनिषद्) ૧૦૪ પા. ટી. ૪૯૨
ઈશ્વર ૮૯, ૯૬, ૧૦૩, ૧૦૭, ૧૧૧, ૧૧૩–૧૧૬, ૧૧૮, ૧૧૯, ૧૨૧–૧૨૩, ૧૨૭, ૧૩૩, ૧૩૪, ૧૩૯, ૧૪૦, ૧૪૫, ૧૪૮, ૧૫૦, ૧૫૭, ૧૫૮, ૧૫૯, ૧૬૬, ૧૬૭, ૧૭૦, ૧૭૧, ૧૭૨, ૧૭૫, ૧૭૮, ૧૭૯, ૧૮૩–૧૮૫, ૧૮૭–૧૯૫, ૧૯૯–૨૦૨, ૨૦૫, ૨૧૧, ૨૧૨, ૨૧૪, ૨૧૫, ૨૨૦, ૨૨૧, ૨૨૭, ૨૨૯, ૨૩૩, ૨૩૫, ૨૩૭–૨૪૦, ૨૪૨–૨૪૫, ૨૪૮, ૨૫૨, ૨૫૫–૨૫૮, ૨૬૦, ૨૬૨, ૨૬૪, ૨૬૮, ૨૭૦, ૨૭૨–૨૭૬, ૨૭૮, ૨૭૯, ૨૮૪, ૨૮૫, ૨૮૬, ૨૮૮, ૨૯૦, ૨૯૨–૨૯૬, ૨૯૯, ૩૦૧, ૩૦૨, ૩૦૭, ૩૧૨, ૩૧૩, ૩૧૯, ૩૨૬, ૩૪૭, ૩૫૦, ૩૫૪, ૩૬૯, ૩૭૦, ૩૭૪, ૩૭૫, ૩૮૮, ૩૯૦, ૩૯૩, ૪૦૧–૪૦૩, ૪૦૫, ૪૦૬, ૪૦૯–૪૧૧, ૪૨૨, ૪૨૩, ૪૨૬, ૪૩૩, ૪૪૧, ૪૪૫–૪૪૭, ૪૫૪, ૪૬૩, ૪૬૪,

Gandhi Heritage Portal

૪૬૬, ૪૭૧, ૪૭૬, ૪૭૭, ૪૮૧, ૪૮૫, ૪૯૨; ૦અને અજ્ઞાની લોકો ૧૦૬; ૦અને અવતારો ૧૫૧, ૧૫૨; ૦અને અહિંસા ૩૫૮; ૦અને કર્મો ૧૫૯–૧૬૧; ૦અને કુદરતી આફતો ૧૩૫; ૦અને તામસ જ્ઞાન ૨૭૧; ૦અને ધર્મની ગ્લાનિ ૧૫૨–૧૫૪; ૦અને પ્રાર્થના ૭૮–૮૦; ૦અને મનુષ્ય વચ્ચેનો સંબંધ ૧૦૮; ૦અને રેંટિયો ૩૫૬; ૦અને સમાધિ ૧૦૬; ૦અર્થે શરીરયજ્ઞ ૧૨૯, ૧૩૦, ૪૦૪; ૦એક જ છે શંકરાચાર્ય, કુરાન અને બાઇબલમાં ૮; ૦કુદરતની શક્તિઓમાં પ્રતીકરૂપે ૧૨૮–૯; –ના કાયદામાં પણ સુધારવાનો હક ઈશ્વરે રાખ્યો નથી ૮૨; –ના ગુણને અપનાવવાથી સત્યની પ્રાપ્તિ ૪૬, ૯૪; –ના પ્રેમ માટે મમત્વભાવ વિના કાર્ય ૨૩૫; –ના સાક્ષાત્કારના લક્ષ્ય માટે ઉપવાસ ૧૧૩, ૧૧૪; –ની અનંતશક્તિ ૨૩૦; –ની ઉપાસના દ્વારા વાસનાનિગ્રહ ૩૮; –ની નિરભિમાન ભાવે ભક્તિ ૯૫; –ની સેવા માટે માનવશરીર ૮૮; –નું જ માત્ર અસ્તિત્વ ૨૬૭; –ને અર્પિત કાર્યો ૨૬; –ને જીવન અને મરણ ૧૦૦; –ને શ્રદ્ધા અને હૃદયથી ભજવા ૭૩; –નો આશ્ચર્યકારક ખેલ ૧૦૧; ૦પાપ અને પુણ્યનો કર્તા ૨૧૮, ૨૧૯, ૨૨૨–૩; ૦પ્રત્યે માંદાની પ્રાર્થના ૬૨; ૦માનવમાં રહેલો છે તેને ઓળખીએ ૧૫૫–૬; –માં સંપૂર્ણ ધ્યાન અને યોગ ૧૦૯, ૧૧૦; ૦સત્ અને બાકી બધું અસત્ ૯૭; ૦સર્વજ્ઞ ૨૧૪–૨૧૮; ૦સર્વશક્તિમાન ૨૨૬; જુઓ કૃષ્ણ (ભગવાન)

ઈસપનીતિ ૯૨

ઈસ્ટ ઇન્ડિયા કંપની; અને તદ્દેશીય ઉદ્યોગોનો લોપ ૪૪૬

ઉપનિષદ્ ૯૦, ૯૪ પા. ટી. ૨૫૬, ૨૬૧, ૨૭૬ ૩૮૯, ૪૦૬

ઉમર શેઠ ૩૧૬

ઉમર સાહેબ ૩૨૬

ઉશના ૨૨૬

ઊર્મિલાદેવી, શ્રીમતી ૩૪૪

ઋગ્વેદ ૨૧૭

એડી, મિસિસ ૩૨, ૬૨

ઍન્ડ્રૂઝ, સી. એફ. ૪૯, ૫૦, ૬૯ પા. ટી., ૭૬, ૩૪૯, ૩૫૪, ૩૭૮, ૩૯૧, ૩૯૨, ૩૯૫, ૩૯૬, ૪૨૪, ૪૩૨, ૪૬૫, ૪૬૯; ૦અને પ્રાર્થના ૭૮, ૭૯

એશિયાટિક ફેડરેશન ૪૩૨

ઍસોસિયેટેડ પ્રેસ ૩૮૬

ઍસ્ક્વિથ ૨૯૨

ઓડવાયર, સર માઇકલ ૪૫૪

ઔરંગઝેબ ૩૨૫

કન્યા ગુરુકુળ ૪૧૬, ૪૫૧

કમળાબહેન ૩૯, ૩૧૧, ૩૧૭

કર્કોટક ૧૩૫

કર્ણ ૮૮, ૨૦૪, ૨૩૧

કર્મ ૧૩૪, ૧૪૩, ૧૪૫, ૧૫૭–૮, ૧૭૩–૧૭૫, ૧૯૩, ૧૯૫, ૨૦૨–૨૦૪, ૨૧૨, ૨૨૦, ૨૩૭, ૨૪૪, ૨૮૯, ૨૯૦, ૨૯૩–૨૯૭; ૦અને અકર્મ ૧૨૬, ૧૬૨–૩; ૦અને અહિંસા ૩૦૦, ૩૦૧; ૦અને ઈશ્વર ૧૮૨; ૦અને ગુણો ૧૪૧–૨; ૦અને દેહત્યાગ ૨૮૫–૬; ૦અને યજ્ઞ ૧૩૩, ૧૬૬, ૧૬૯; ૦અને યોગ ૧૮૩–૪; ૦અને રજોગુણ ૨૪૮; ૦અને વિચાર ૩૯૭; ૦અને હિંસા ૨૮૩–૪; ૦દુષ્ટ અને આદર્શ ૧૫૩; –ના પ્રકારો (સાત્વિક, રાજસિક અને તામસિક) ૧૨૪; –ના ફળનો ત્યાગ ૧૨૪, ૧૪૩–૪, ૧૭૭, ૨૩૮; –ના ફળનો ત્યાગ કરનાર માણસ નિર્મમ ૨૩૮; –ના બંધનમાંથી મુક્તિ ૧૬૧–૨; –ની અસર અને આણગમો ૧૬૪–૧૬૬; –ની ઈશ્વર પર અસર ૧૫૯, ૧૬૦; –ની ત્રિવિધ પ્રેરણા ૨૭૧–૨૭૫; –ની વિચારો સાથે સંપૂર્ણ સંવાદિતા ૧૨૪–૫; –નું અહમ્ સાથેનું જોડાણ ૧૩૭; –નું વર્ણ પ્રમાણે વર્ગીકરણ ૨૭૫–૬; –નો માનસિક સંન્યાસ ૧૭૭–૮; ૦યજ્ઞ અને ભક્તિ ૨૮૨; ૦સંન્યાસ અને ત્યાગ ૨૬૮–૯; જુઓ યોગ

કર્મયોગ ૧૨૪, ૧૨૬, ૧૭૫, ૨૪૪, ૨૮૯, ૪૦૪; ૦અને સંન્યાસયોગ ૧૭૩–૪, ૧૮૩; ૦જુઓ યોગ અને કર્મ

કર્મયોગી ૦અને સંન્યાસી ૧૭૪–૫

કાઠિયાવાડ રાજકીય પરિષદ ૧૩, ૧૪, ૪૧ પા. ટી., ૬૧ પા. ટી., ૩૧૫ પા. ટી., ૩૪૦–૧, ૪૧૮ પા. ટી.

કામદર્પ ૨૨૫, ૨૫૮

કામદેવ જુઓ કામદર્પ

કામધેનુ ૨૨૫

કાયદાનો (સવિનય)ભંગ ૧૫૭

કાર્તિક સ્વામી ૨૨૫

કાલેલકર, કાકા ૩૭૯, ૩૯૫, ૪૪૯, ૪૭૩

Gandhi Heritage Portal

કાવ્યદોહન ૯
કાશીવિશ્વનાથ ૪૪૯
કાંતણ ૦અને અહિંસા ૬૬૯; ૦અને વિશ્વયુદ્ધ ૨૫; ૦અને હાથવણાટ ૪૨, ૪૨૮; ૦ઇંગ્લંડમાં ૭૭; ૦એક યજ્ઞ ૩૨, ૧૩૦–૧, ૪૧૮, ૪૬૫; ૦કરતાં હાથવણાટમાં વધારે લાભ ૧૮, ૨૦; ૦ગંતૂરમાં ૨૫; ૦દ્વારા સ્વરાજ ૧૬૪; ૦પર સર્વોત્તમ નિબંધ ૪૨, ૪૨૮; ૦મતાધિકાર ૩૮૦; –માં આત્મદર્શન ૧૨૦
કિશોરલાલભાઈ ૧૬૭, ૧૯૭, ૨૪૭
કિંગ્સફર્ડ, આના ૧૭૧
કુબેર ૨૨૫
કુરાન ૮, ૧૨૭, ૧૩૯, ૨૪૭, ૨૬૧, ૩૭૫, ૪૪૮, ૪૬૩, ૪૭૧, ૪૮૯, ૪૯૦; –માં ઈશ્વર વિશે ૮
કુરુવિલ્લા, કે. કે. ૨૭
કુરેશી, શ્વેબ ૩૨૭
કુસુમ ૫૭, ૨૨૮,
કુંતી ૨૮૭
કુંભકરણ ૧૪૮
કૂતરાં (ઓ) ૦અને ધર્મ ૬૪; –ની કતલ (રખડતાં) ૯–૧૨, ૩૩–૩૬, ૬૫, ૭૨, ૩૦૦, ૩૦૧, ૩૦૬
કૃપાલાની, જે. બી. ૬૧, ૪૪૪
કૃષ્ણ ૭, ૮૯–૯૮, ૧૦૦–૧૦૩, ૧૦૫, ૧૦૭–૧૧૦, ૧૧૨–૩, ૧૧૫–૧૧૯, ૧૨૨–૧૨૪, ૧૨૬, ૧૨૯, ૧૩૨–૩, ૧૩૯–૧૪૩, ૧૪૫–૬, ૧૪૮–૧૫૪, ૧૫૬, ૧૫૮, ૧૬૦–૧, ૧૬૩–૪, ૧૬૬, ૧૬૯–૧૭૩, ૧૭૫–૬, ૧૮૨–૩, ૧૮૭, ૧૯૧, ૧૯૩–૪, ૧૯૬–૭, ૨૦૦–૨૦૭, ૨૦૯, ૨૧૧–૨૧૩, ૨૧૬–૭, ૨૧૯–૨૨૬, ૨૩૭, ૨૪૨, ૨૪૪–૫, ૨૪૮, ૨૫૦–૧, ૨૫૪, ૨૬૨, ૨૬૪, ૨૬૬, ૨૬૮, ૨૭૧, ૨૭૭–૨૮૧, ૨૮૬, ૨૮૯, ૨૯૦, ૨૯૩–૨૯૭, ૩૪૬, ૪૦૦–૨, ૪૦૫, ૪૪૧; ૦ઐતિહાસિક પાત્ર કરતાં વિશેષ ૯૦; –ના અનેક આવિર્ભાવો ૨૨૪–૨૨૮; –ના ચાર પ્રકારના ભક્તો ૧૯૯, ૨૦૦; –ની દૈવી અને આસુરી સંપત્તિ ૨૫૭–૨૫૯; –વૈશ્વિક પ્રકાર ૨૨૬–૨૩૪
કૃષ્ણચરિત્ર ૮૮ પા. ટી.
કૃષ્ણદાસ ૬૪, ૩૧૭
કૃષ્ણવર્મા, શ્યામજી ૯૧
કૃષ્ણારાવ, હોસકોપ્પા ૨૩, ૨૪
કેટો, વોર્બેક જનરલ વોન ૨૫
કેતકર, જી. વી. ૩૩૬
કેથલિકો ૧૧૫; ૦અને પ્રોટેસ્ટન્ટો ૧૧૫
કેનોપનિષદ્ ૨૫૬
કેશુ ૩૧૭, ૩૯૫
કેસર ભગત ૧૫૩
કેળકર, ૩૩૮
કોન્શિયન્સ ૩૩૩
કોમિન્ટેન્ગ ૩૩૬ પા. ટી.
કોમી પ્રતિનિધિત્વ ૪૩૨
કોલેટિનસ, લુશ્યસ ટાર્કિવનિયસ ૩૦૬ પા. ટી.
કોંગ્રેસ સભ્યો ૪૩૦, ૪૫૮, ૪૬૦; ૦અને ખાદી પહેરવેશ ૫૭, ૪૨૨; ૦અને ભાડૂતી મતદારો ૩૮૧
કૌજલગી, એસ. વી. ૨૪
કૌરવો ૬૦, ૬૧, ૯૬, ૧૦૭, ૨૦૪, ૨૪૦, ૨૫૦; ૦એટલે આપણામાં રહેલા દુષ્ટાત્મા ૮૭; ૦એટલે દુષ્ટ મનોવિકાર ૪૦૦; ૦એટલે દુષ્ટ વાસનાઓ ૪૦૧
કૌશિક ૪૦૭
ક્રાઈસ્ટ જિસસ ૪૮, ૧૨૭, ૨૮૪, ૩૭૬, ૩૯૦; ૦અને ઉપવાસ ૧૧૪–૫; ૦દુઃખ મટાડવાનો ઈલાજ દુઃખ સહન કરવામાં છે ૬૨
ક્રિશ્ચિયન સાયન્સ ૬૨
ક્રીસસ ૨૦૬–૭
ક્રેનર, થૉમસ ૧૧૮
ક્લાસ એરિયાઝ બિલ ૩૪૯
ક્ષત્રિય –નું કર્તવ્ય ધર્મયુદ્ધ ૧૦૧

ખરે, નારાયણ મોરેશ્વર ૮૭ પા. ટી.
ખંડેલવાલ, શ્રીયુત ૩૩૭, ૩૫૭
ખંભાતા, બહેરામજી ૩૨, ૬૨, ૩૧૦
ખાડિલકર, કૃષ્ણાજી પ્રભાકર ૧૦૫
ખાદી ૦અને કોંગ્રેસમૅન ૫૭; ૦અને બ્રાહ્મણેતરો ૨૪–૫; ૦અને સરકારી કર્મચારીઓ ૨૩, ૭૭–૮; ૦અભ્યાસ સમિતિ ૪૨૮; ૦કર્ણાટકમાં ૨૩–૪, ૦કાઠિયાવાડમાં ૬૭–૮; ૦ગરીબોના તારણહાર તરીકે ૩૧; ગંતૂરમાં ૨૫; ૦તામિલનાડુમાં ૮૨; –ની મિલના કાપડ સાથે હરીફાઈ ૧૯, ૨૦; –નો ફરજિયાત પોષાક તરીકે કોંગ્રેસમાં ઠરાવ ૩૮૦, ૩૮૧, ૪૩૪–૫; ૦પ્રતિષ્ઠાન ૧૯, ૨૨, ૨૭, ૫૩, ૩૨૪, ૩૨૯, ૩૫૨, ૪૧૫–૪૧૭, ૪૧૯ પા.ટી., ૪૮૫; ૦બંગાળમાં ૫૩; ૦બિહારમાં ૫૪, ૪૮૨–૩; ૦યજ્ઞ ૬૭–૮
ખેતી ૦યજ્ઞ બરાબર ૧૩૨; ૦ વિશે રસ્કિનનું પુસ્તક ૪૮
ખ્રિસ્તી (ઓ) ૮૦, ૨૩૭, ૩૬૧, ૩૭૬–૭, ૪૨૬, ૪૪૩, ૪૬૪, ૪૯૧; ૦અને ત્રાવણકોરમાં મદ્યનિષેધ ૫૫


Gandhi Heritage Portal

ખ્રિસ્તી ધર્મ ૩, ૨૮૪, ૪૬૯, ૪૭૧, ૪૮૯, ૪૯૦, ૪૯૧
ખ્રિસ્તી પાદરીઓ ૩૪૨

ગજેન્દ્રમોક્ષ ૨૮૮
ગણેશન, એસ. ૩૪૩, ૪૨૮
ગાડોડિયા ૩૮૨
ગાડોડિયા, શ્રીમતી ૩૮૨
ગાયત્રી ૯૩, ૧૬૬, ૨૨૬, ૨૫૦, ૩૫૯, ૩૬૨
ગાંધી, કસ્તૂરબા ૧૭૧, ૨૨૮, ૩૫૬, ૩૯૭, ૪૫૦, ૪૮૦
ગાંધી, છગનલાલ ૩૧૦
ગાંધી, દેવદાસ ૧૬, ૩૨, ૩૩, ૩૯, ૪૪, ૬૨, ૨૯૯
ગાંધી, મગનલાલ ૪૨, ૩૫૬, ૩૯૫, ૩૯૮ પા. ટી.
ગાંધી, મણિલાલ ૩૧૬, ૪૧૯, ૪૫૦, ૪૭૯
ગાંધી, મનુ ૩૯૭
ગાંધી, મોહનદાસ કરમચંદ ૦અને અમેરિકાની મુલાકાત ૩૭, ૩૩૨, ૩૩૬–૭; ૦અને ફોટોગ્રાફ્સ ૩૨૮
ગાંધી, રાધા ૩૫૬, ૪૪૯
ગાંધી, રામદાસ ૫૭, ૩૧૬, ૪૧૯
ગાંધી, રુખી (રૂખી) ૩૧૧, ૩૧૭, ૩૯૮
ગાંધી, હરિલાલ ૪૫૦
ગાંધીજીનું ગીતાશિક્ષણ ૮૬ પા. ટી., ૨૯૭ પા. ટી.
ગિબન, એડવર્ડ ૧૧૫
ગિરિધારીલાલ ૩૭૧ પા. ટી.
ગિરિરાજ કિશોર ૩૦
ગિરિવરધર ૪૯૩
ગીતા–દિન –નો વ્રતવિધિ ૩૩૬
ગુણો ૧૦૭, ૧૪૦–૧૪૨, ૧૫૩, ૧૫૮, ૨૪૩–૪, ૨૪૬, ૨૫૪–૫, ૨૬૭, ૨૮૭; ૦અને કર્મ ૧૪૧, ૧૪૨; ૦અને વેદો ૧૦૭; ૦આહાર પ્રમાણે ગુણનું વર્ગીકરણ ૨૬૩–૫; ૦ગુણાતીતનાં ચિહ્નો ૨૫૦–૨૫૩; ૦ગુણાતીતની સ્થિતિ ઊંચી છે ૨૫૩; –ના ત્રણ પ્રકાર ૨૪૮–૯; –નું ત્રિવિધ પ્રેરણાકાર્ય ૨૭૧–૨૭૫; ૦પ્રકૃતિથી પેદા થાય છે ૧૨૪; ૦શ્રદ્ધા પ્રમાણે ત્રણ પ્રકારે માણસના ગુણોનું વર્ગીકરણ ૨૬૨–૩; ૦દાન ૨૬૫–૬; ૦દેહદમન ૨૬૫; ૦યજ્ઞ ૨૬૪
ગુપ્ત, પરમેશ્વરદયાળ ૬૦
ગુરુકુળ કાંગડી ૩૩૦, ૩૪૭, ૩૮૨, ૪૨૪
ગૂજરાત વિદ્યાપીઠ ૩૦૨, ૩૦૩, ૩૪૨
ગોખલે, ગોપાળ કૃષ્ણ ૫૦, ૭૬, ૭૯, ૨૦૬, ૩૫૧, ૪૬૯
ગોપીઓ ૧૨૧, ૧૬૩
ગોપીચંદ ૧૨૧, ૨૮૫
ગોરક્ષા ૧૯૭, ૩૭૨–૩, ૪૭૧, ૪૯૨; ૦અને હિંદુ-મુસલમાન ૨૦–૨૨; –માં રાજ્ય સરકારની દખલ ૪૫૩–૪
ગોવર્ધન ૯૭
ગોવિંદજી, જાદવદાસ ૪૩૭
ગોસ્વામી, ટી. સી. ૪૩૪–૫
ગોળમેજી પરિષદ ૦દક્ષિણ આફ્રિકાના હિંદીઓ માટે ૬૯ પા. ટી., ૩૯૧–૨, ૩૯૫ પા. ટી.
ગ્રીન, જે. એલ. ૭૭
ગ્રેગ, રિચાર્ડ બી. ૨૯૮, ૩૧૯
ગ્રોગન ગર્ટ્રૂડ ૩૭
ગ્રોવર, મિસ ૩૩૮

ઘોષ પ્રફુલ્લચંદ્ર ૨૨, ૪૨૮

ચતુર્વેદી, બનારસીદાસ ૧૪
ચંદનબહેન ૩૪૩
ચંદ્રમુખી ૪૮૦
ચંપાબહેન ૪૦
ચાંદીવાલા, બ્રજકૃષ્ણ (બ્રજકિશન) ૪૪, ૩૦૩, ૪૫૦, ૪૫૧
ચિત્તરંજન સેવાસદન ૩૩૭ પા. ટી., ૪૧૩, ૪૨૩
ચિયારી, રાષ્ટ્રપ્રમુખ ૪૬૦
ચેટરજી, બંકિમચંદ્ર ૮૮, ૪૨૦
ચેટ્ટી, સી. વી. રંગમ ૭૮
ચૈતન્યદેવ ૧૧૪, ૪૧૩
ચૌધરી, શ્રીમતી પ્રમથા ૪૫
ચ્યાંગ કાઈ–શેક ૩૩૬ પા. ટી.

છોટાલાલ ૧૬, ૭૧

જડભરત ૧૩૭, ૪૦૫
જનક ૧૧૪, ૧૧૬, ૧૩૭, ૧૪૧, ૧૫૮, ૧૯૮, ૨૬૭, ૨૮૯, ૪૮૧, ૪૯૨
જનકધારીપ્રસાદ ૭૩
જમનાબહેન ૩૫૭, ૪૧૮
જયકર, એમ. આર. ૩૬૭ પા. ટી.
જયદ્રથ ૨૩૧
જલિયાંવાલા બાગ ૩૨૨, ૩૮૪
जातक ૪૭
જાદવકુળ ૧૫૪

Gandhi Heritage Portal

જાનકીબાઈ ૪૦૨
જિનાગમ ૮
જીવન્મુક્ત ૪૩૯
જૈન, એસ. કે. ૩૪૫
જૈન ધર્મ ૧૦, ૧૫૬; ૦અને અહિંસા ૧૨, ૧૩; ૦અને આત્મજ્ઞાન ૮
જૈનો ૧૩
જોર્જ, હર્બર્ટ ૨૬
જ્ઞાન ૨૯૫–૬; ૦અને ધર્મ ૨૧૩; ૦અને સત્ય ૨૩૮; ૦કર્મ અને ભક્તિ ૨૮૨; –નું ગુણના પાયા પર વર્ગીકરણ ૨૭૧–૨
જ્ઞાનદેવ ૨૯૫
જ્ઞાનયજ્ઞ ૧૬૯, ૧૭૦; ૦ઇન્દ્રિયદમન ૧૭૧–૨; ૦કર્મનાં બંધનનો નાશ ૧૭૧
જ્ઞાનયોગ ૧૨૪; જુઓ સાંખ્યયોગ
જ્ઞાની ૨૮૯
જ્ઞાનેશ્વરી ૧૬૭

ઝવેરી, ગંગાબહેન ૪૮૧
ઝવેરી, રેવાશંકર જુઓ મહેતા, રેવાશંકર જગજીવનદાસ
ઝવેરી, રેવાશંકર જગજીવનદાસ ૧, ૩, ૬, ૬૧, ૪૦૨, ૪૭૪
ઝંદ અવસ્તા ૮
ઝીણા ૩૭૭, ૩૮૩, ૪૫૪ પા. ટી.

ટાગોર, રવીન્દ્રબાબુ ૪૧૩, ૪૨૪, ૪૩૨; –ના અવતરણમાંથી ૪૫–૬
ટિળક, બાલ ગંગાધર ૧૫૬, ૨૮૯, ૩૩૮; ૦બ્રહ્મ વિશે ૧૩૩
ટોકિવમાડા, ટોમસ ૪૩૩
ટૉલ્સ્ટૉય ૩, ૧૩૬

ઠક્કર, અમૃતલાલ ૩૧૬ પા. ટી., ૩૪૦–૩૪૨, ૩૫૯

ડાયર, જનરલ ૪૫૪
ડાહ્યાભાઈ ૩૭

તકલી ૩૦૮, ૩૨૩, ૪૩૬; ૦અને રેંટિયો ૨૨–૩; –માં બેવડી શક્તિ ૩૦૯; ૦સ્વતંત્રતાના ચિહ્ન તરીકે ૩૦૯
તપસ્યા ૦અને વિદ્યા ૪૪૧
તબલીગ ૪૨૬, ૪૪૩, ૪૭૧; ૦અને શુદ્ધિ ૪૨૫
તારામતી ૯૮, ૧૪૪, ૨૭૦
તુલસીદાસ ૧૩૮, ૧૪૬, ૧૫૫, ૧૮૬, ૨૧૬, ૨૧૮, ૨૫૫, ૨૯૨; ૦સ્ત્રીઓ વિશે ૪૦૨
તુલાધાર ૨૯૩
તેજુમલ, એચ. બી. ૨૯
તૈયબજી, અબ્બાસ ૬૯, ૧૭૩
તૈયબજી, રેહાના ૩૧૬
ત્રિભુવનદાસ, ડૉ. ૨૪૫

થિયૉસૉફિકલ સોસાયટી ૪૪૩
થીયેમ, ડૉ. કાર્લ ૩૪૩

દ ડૉ. પ્લેસિસ ૬૯ પા. ટી.
દક્ષાબહેન ૩૧૧, ૩૧૭, ૩૫૭
દક્ષિણ આફ્રિકા –માં અસ્પૃશ્યતા ૩૫૪, ૩૬૦, ૩૬૨, ૪૩૭; –માં કૉંગ્રેસ અધિવેશન ભરવા માટે ૪૩૨; –માં ગોળમેજી પરિષદના ઠરાવને આવકાર ૩૭૮; –માં ભારત સરકારનું પ્રતિનિધિમંડળ ૬૯ પા. ટી.; –માં જન્મેલા હિંદીઓ ૭૫–૬; –માં હિંદીઓની સ્થિતિ ૩૪૯–૫૦
દક્ષિણ આફ્રિકાનું પ્રતિનિધિમંડળ લંડન ૭૪
દત્ત, અશ્વિનીકુમાર ૪૧૮
દત્ત, રોમેશચંદ્ર ૩૨૮
દયાનંદ, સ્વામી ૫૮, ૩૭૬, ૪૨૫
દાનીબહેન ૩૬૮
દારૂબંધી ૩૪૩, ૪૩૦, ૪૬૨
દાસ, સી. આર. (ચિત્તરંજનદાસ) ૧૦ પા. ટી., ૪૧૩, ૪૧૪, ૪૫૭, ૪૮૫
દાસગુપ્તા, ક્ષિતીશબાબુ ૭૦
દાસગુપ્તા, ધીરેન્દ્રનાથ ૫૪
દાસગુપ્તા, સતીશચંદ્ર ૨૭, ૨૮, ૫૩, ૭૦, ૭૧ પા. ટી., ૩૨૯, ૪૧૬, ૪૮૫
દાસગુપ્તા, હેમપ્રભાદેવી ૨૮, ૭૧
દાસ્તાને, વી. વી. ૩૧૪, ૪૫૨
દાંડેકર ૩૨૭
દુઃખ ૦આધ્યાત્મિક બળ છે ૬૨; –માં પણ આનંદ ૭૦, ૭૧
દુર્યોધન ૮૭–૮૯, ૯૩, ૧૦૧, ૧૪૨, ૧૫૩, ૨૨૦
દૂદાભાઈ ૩૬૮ પા. ટી.
દેવલ ૨૨૪
દેવીપ્રસાદજી ૫૯
દેશપાંડે, ગંગાધરરાવ ૩૫૪ પા. ટી.
દેશપાંડે, જી. બી. ૨૪
દેશબંધુ સ્મારક ફંડ ઇસ્પિતાલ ૪૧૩, ૪૫૭
દેસાઈ, ડી. બી. ૩૬૩

Gandhi Heritage Portal

દેસાઈ મહાદેવ ૬૨ પા. ટી., ૮૬ પા. ટી., ૮૯, ૨૨૮, ૨૩૫, ૨૫૨, ૨૭૮, ૩૦૮–૩૦૯, ૩૧૨ પા. ટી., ૩૧૭, ૩૩૭, ૩૫૪ પા. ટી., ૩૫૮, ૩૬૦ પા. ટી., ૩૬૮ પા. ટી., ૩૮૦ પા. ટી., ૩૯૭, ૪૧૩ પા. ટી., ૪૧૫ પા. ટી., ૪૧૯ પા. ટી., ૪૪૯, ૪૭૪ પા. ટી., ૪૭૮
દેસાઈ, વાલજી ગોવિંદજી ૩૭૩, ૪૩૬, ૪૭૪
દેસાઈ હરિભાઈ ૫૭
દ્રોણાચાર્ય ૮૭, ૯૨, ૯૩, ૧૨૬, ૨૩૧, ૨૮૮
દ્રૌપદી ૨૯, ૮૮, ૯૬, ૨૬૦, ૨૮૭, ૨૮૮, ૩૫૬, ૪૦૧–૪૦૩, ૪૨૨

ધર્મ ૮૯, ૯૧, ૧૦૧, ૧૧૯, ૧૩૩, ૧૪૭, ૧૬૦, ૧૬૧, ૧૭૪, ૧૯૬, ૨૪૦, ૨૪૭, ૨૫૩–૪ ૨૭૪, ૨૮૭–૮, ૨૯૦, ૨૯૪, ૩૨૬, ૪૦૩–૪, ૪૩૮, ૪૪૫; ૦અને અધર્મ ૧૨૭; ૦અને અહિંસા ૯૪; ૦અને કાયદો ૪૧૦; ૦અને ગુણાતીત ગુણો ૨૫૨; ૦અને ગુહ્યતમ જ્ઞાન-અસૂયારહિત જ્ઞાન ૨૧૩; ૦અને દુઃખ ૧૩૩; ૦અને પરોપકાર ૩૧૧; ૦અને મોક્ષ ૯; ૦અને વર્ણાશ્રમ ૧૫૮, ૨૯૧–૨; ૦અને વેપાર ૫; ૦અને સત્યાગ્રહ ૨૯૩; ૦અને સ્ત્રીઓ ૩૪૭; ૦અને સ્વજનહત્યા ૮૯, ૯૦, ૯૭–૮; ૦અને હિંસા ૭૨; –ના વિદ્યાભ્યાસ માટે નૈતિક વ્યવસ્થા અને જાગૃતિ ૯૧–૨; –નું કર્તવ્ય કરતાં શરીર પણ જવા દેવું તેવો ખ્યાલ ૬–૭; –નો અર્થ ૭–૮; –નો ક્ષય થતાં ભગવાનનો અવતાર ૧૫૨–૧૫૪
ધર્મસિંગ (હ) ૩૬૯, ૩૭૫, ૩૮૮
ધર્મો ૩૦૧, ૪૫૭–૮, ૪૮૯, ૪૯૦; ૦અને જટિલતા ૩૧૨; ૦દુઃખ સહન કરવાનું કહે (શીખવે) છે ૭૧; –નાં તત્ત્વોની સમાનતા ૪૪૨; ૦પૂર્ણ અપૂર્ણ ૯; –માં રાજ્ય સરકારની દખલ ૪૫૩–૪
ધારાસભા કાર્યક્રમ ૩૮૪–૫, ૪૨૧
ધારાસભા-પ્રવેશ ૪૪૦, ૪૬૭
ધીરુ ૫૮, ૮૪
ધીરેન ૩૪૪
ધૃતરાષ્ટ્ર ૮૭, ૧૪૩, ૨૩૧, ૨૮૭
ધૃષ્ટદ્યુમ્ન ૮૭
ધોરાજી ૮૪
ધ્યાનયોગ ૨૭૭
ધ્રુવજી ૧૧૦

નકુલપિતા ૪૭
નકુલમાતા ૪૭
નવજીવન ૧૦ પા. ટી., ૧૩, ૧૬, ૩૪, ૫૮, ૬૭, ૭૨ પા. ટી., ૭૫, ૯૧–૨, ૩૦૬, ૩૦૮, ૩૩૯, ૩૪૨, ૩૫૯, ૩૭૩, ૪૫૦, ૪૭૩, ૪૭૮
નળ ૧૩૫
નંદ ૨૨૧
(ધ) નાઇન્ટીન્થ સેન્ચ્યુરી એન્ડ આફટર ૭૬
નાગ, હરદયાળ ૩૫૩
નાથાણી, ટી. એન. ૩૪૬
નાનજી, ડૉ. ૨૫૭
નાયડુ, સરોજિની ૬૯, ૭૮, ૩૬૮, ૩૭૧ પા. ટી.
નાયર, પ્યારેલાલ ૧૬, ૩૯
નિરાહારતા ૧૧૬; ૦અને ઇન્દ્રિયદમન ૧૧૨–૩, ૧૮૮–૯; ૦અને ખોરાકમાં રસ ૧૧૫; ૦અને બ્રહ્મચર્ય ૧૬૭–૮; ૦અને સ્વરાજ ૧૨૦; ૦વિશે જિસસ ક્રાઇસ્ટ ૧૧૪–૫; ૦વિશે પેગંબર સાહેબ ૧૪૪; ૦વિષે શાસ્ત્રોમાં ૧૧૩
નિર્વાણ ૨૮૬; ૦અને બુદ્ધ ૧૨૬; ૦અને બ્રહ્મનિર્વાણ ૧૨૨, ૧૮૧
નેહરુ, મોતીલાલ ૧૩૮, ૩૦૭, ૩૩૦, ૩૩૯, ૩૭૧ પા. ટી., ૩૮૦ પા. ટી., ૩૮૧, ૩૮૪ પા. ટી., ૩૮૫
નો મોર વૉર ૫૧

પજુસણ ૬
પટવર્ધન, ડૉ. ૩૬૦
પટેલ, ડાહ્યાભાઈ મ. ૪૭૩
પટેલ, મણિબહેન ૩૧૪, ૩૧૭, ૩૪૮, ~~૩૫૯~~, ૩૯૫, ૩૯૭, ૪૦૦ પા. ટી., ૪૧૧, ૪૧૭, ૪૩૬, ૪૬૮, ૪૭૮
પટેલ, વલ્લભભાઈ ૪૧
પટેલ, શિવાભાઈ ૩૫૨
પટ્ટણી, પ્રભાશંકર ૩૧૫, ૩૪૬, ૩૬૮, ૪૧૮–૯
પતંજલિ ૧૬૭, ૪૦૮
પરબ્રહ્મ ૨૯૬
પરમાત્મા ૧૮૪, ૧૮૬, ૨૫૭; ૦અને આત્મા ૧૧૧
પરશુરામ ૨૦૪
પરીખ, નરહરિ ૮૬ પા. ટી.
પશ્ચિમની સંસ્કૃતિ ૦અને જીવતાં પ્રાણીઓની કાપકૂપ ૩૬, ૩૨૨; ૦અને શારીરિક મજૂરી ૧૩૦; ૦અને સુધરાઈનાં શહેરોની સફાઈ ૪૬૯
પહેલું વિશ્વયુદ્ધ ૪૪૪
પંચતંત્ર ૯૨
પંચીકરણ ૯
પંડિત, લાલન ૪૦



Gandhi Heritage Portal

પંડિત, વસુમતી ૩૩, ૫૭, ૩૧૭
પારસી ૮૦, ૧૧૯; ૦કસ્તી–કાંતણ ૩૬૫–૬
પારેખ, દેવચંદ ૪૧, ૬૧, ૭૫, ૩૧૬
પાર્વતી ૨૧૦, ૨૧૧, ૨૫૨, ૪૦૭
પાંગારકર, એલ. આર. ૮૩
પાંડવો ૮૯–૯૦, ૯૬, ૧૦૭, ૨૦૪, ૨૪૦, ૪૬૨; ૦એટલે આપણામાં રહેલા ધર્મના પ્રવાહો ૮૭; ૦એટલે પાંચ ઇન્દ્રિયો ૪૦૧
પિકથૉલ, માર્માડ્યૂક ૩૯
પિટીટ, મીઠુબહેન ૩૫૭, ૪૧૮
પુણતાંબેકર એસ. વી. ૪૨, ૪૨૮
પુરાણો ૧૩૩, ૨૬૧
પુરુષ ૧૪૭; ૦અને પ્રકૃતિ ૧૨૪, ૨૪૩–૪
પુરુષાર્થ ૨૮૧, ૨૮૭, ૨૯૫; ૦અને શાસ્ત્ર ૨૮૧
પુરુષોત્તમદાસ ઠાકુરદાસ ૩૦૪, ૩૧૧
પૂતના ૨૪૭
पूर्व आफ्रिकानां मारां संस्मरणो ૨૫
પૂંજાભાઈ ૮૬ પા. ટી., ૨૧૪ પા. ટી., ૨૨૮, ૩૧૫
પેઈન, થૉમસ ૨૯૮, ૩૧૯, ૩૨૦
પેટાવલ, જે. ડબલ્યુ ૨૮, ૩૦, ૭૦, ૭૪
પૅથિક–લૉરેન્સ, એફ. ડબલ્યુ. ૭૨, ૭૪
પૅથિક–લૉરેન્સ, મિસિસ એફ. ડબલ્યુ. ૭૪
પેરીનબહેન, કૅપ્ટન ૩૫૭
પૅરેટ, ઝેડ. એમ ૨૯ ૫૫
પોદ્દાર, રામેશ્વરદાસ ૩૮, ૩૫૯
પૉલ, એ. એ. ૩૩૬
પોલાક, (હેનરી, એસ. એલ.) ૩૩૪
પ્રકૃતિ ૧૪૦–૧૪૨, ૧૫૨, ૨૪૫–૬, ૨૪૮, ૨૫૫, ૨૭૫, ૨૯૬; ૦અને ગુણ ૧૨૪–૫; ૦અને ગુણની ઉત્પત્તિ ૨૪૮; ૦અને પુરુષ ૨૪૩–૪; ૦એટલે બ્રહ્મ ૧૩૩; –નાં દ્રવ્યો અને બીજાં પાસાં ૧૯૬–૧૯૯
प्रजाबंधु ૪૭૩
प्रताप ૩૨૦
પ્રવાસી પ્રતિબંધક કાયદો (પનામા) ૪૬૦
પ્રહ્લાદ ૧૧૧, ૨૨૫, ૨૩૭, ૩૨૦, ૪૩૩, ૪૪૪
પ્રાર્થના ૧૧૬, ૧૬૦; ૦અને કામ ૧૫૯, ૧૬૦; ૦અને સંસ્કૃત ૮૯; ૦ઉપર ઍન્ડ્રૂઝની આસ્થા ૭૮–૯; ૦એટલે આધ્યાત્મિક શૌચ ૧૭૧; ૦કોઢની માંદગી માટે ૯૨; –થી નિર્ણય બંધાય ૩૩૬–૭; ૦હૃદયની તીવ્ર ઉત્કંઠા છે ૩૪૭; ૦હૃદયને ધોવા માટે ૩૪૭
પ્રેમ ૦વિશે ટાગોર ૪૫
પ્રૉટેસ્ટન્ટો અને કેથલિકો ૧૧૫

ફડકે, ડી. કે. ૩૩૮
ફડકે, વિ. એલ. ૧૬
ફિરોઝ ૩૮
ફૂકન ૪૨૯
ફૉરવર્ડ ૧૦, ૪૧૩ પા. ટી.
ફૉસબોલ ૪૭

બજાજ, જમનાલાલ ૧૫, ૩૯, ૫૮, ૬૩, ૭૦, ૩૨૫, ૩૩૯, ૩૫૬, ૩૯૧, ૪૭૯
બજાજ, જાનકીબહેન ૩૩૯, ૩૫૬, ૪૮૦
બટલર, બિશપ ૧૦૩
બનારસ હિંદુ યુનિવર્સિટી ૪૨, ૪૪૪, ૪૪૯
બાઈબલ ૧૨૭, ૧૨૯, ૨૪૭, ૨૫૩, ૨૬૧; –માં ઈશ્વર વિશે ૮
બાદરાયણ ૨૪૧ પા. ટી.
બાવાઝીર, ઇમામ અબ્દુલ કાદિર ૨૬૭
બાળલગ્ન ૮૧, ૩૬૦
બાળવિધવાઓ –નાં પુનર્લગ્ન ૧૭–૮
બિરલા, ઘનશ્યામદાસ ૯, ૪૧ પા. ટી., ૫૯, ૮૫, ૩૦૭, ૩૫૭
બિહાર વિદ્યાપીઠ ૪૮૨
બુદ્ધ ૪૭, ૧૧૩, ૧૨૨, ૧૮૬, ૪૭૦; ૦કુવિચારોના નિયંત્રણ વિશે ૩૯૩–૪; –નું નિર્વાણ ૧૨૬
બૃહત્સામ ૨૨૬
બૃહસ્પતિ ૨૨૫
બૅનરજી, ઉપેન્દ્રનાથ ૩૮૪
બૅનરજી, ડબલ્યુ. સી. ૪૫
બૅનરજી, સુરેશચંદ્ર ૩૨૯; ૪૧૯, પા. ટી.
બેયર્સ, એફ. ડબલ્યુ. ૩૯૨ પા. ટી.
બેસંટ, ઍની ૬૩
બોઅર યુદ્ધ ૭૮, ૩૧૮
બોન્ડોરેફ બ્રેડ લેબર ૧૩૧
बॉम्बे क्रॉनिकल ૩૯ પા. ટી.
બૌદ્ધધર્મ ૪૬૯, ૪૮૯, ૪૯૦
બ્રજકિશોરપ્રસાદ ૪૯૩
બ્રહ્મ ૧૦૭, ૧૧૧, ૧૨૨, ૧૩૪, ૧૬૬–૧૬૯, ૧૭૫, ૧૭૯–૧૮૨, ૧૮૮, ૧૯૧, ૧૯૪, ૧૯૬, ૨૦૨–૩, ૨૦૭, ૨૧૧, ૨૨૧, ૨૨૪, ૨૩૫–૬, ૨૪૧, ૨૪૫, ૨૫૩, ૨૬૨, ૨૬૬, ૨૭૬–૨૭૮; ૦અને કર્મ ૧૩૨–૩; ૦અને બ્રાહ્મણ ૧૫૮; ૦અને વેદો ૧૦૬;

Gandhi Heritage Portal

–ના ગુણો ૨૪૨–૩; –નું મૂળ સ્વરૂપ ૧૩૩; –ને અર્પિત કાર્ય ૧૭૬–૭; ૦યોગની મૂર્તિ ૨૧૧–૨૧૩.
બ્રહ્મચર્ય ૪૪, ૯૪, ૧૧૨ ૧૨૫, ૧૬૫, ૧૭૮, ૧૮૭, ૨૦૭, ૨૩૬, ૨૬૪–૫, ૨૮૨, ૨૮૭, ૩૧૮, ૪૨૬, ૪૭૮; ૦અને અમરત્વ ૨૫૮–૯; ૦ અને ઉપવાસ ૧૬૮; ૦ અને શારીરિક શ્રમ ૧૬૧; ૦અને શારીરિક સ્વાસ્થ્ય ૩૬૦
બ્રહ્મચારી ૧૧૧, ૧૨૫, ૧૭૧, ૩૯૬, ૪૨૪
બ્રહ્મનિર્વાણ ૧૨૨, ૧૮૧
બ્રહ્મસૂત્રો ૨૪૧
બ્રાહ્મણ ૧૩૨–૩, ૨૦૮–૯, ૨૨૯, ૨૩૨, ૨૫૫, ૦અને યજ્ઞ ૧૨૮–૧૩૦; ૦ ફરજની દૃષ્ટિએ ૩૨, ૧૫૮
બ્રાહ્મણો ૨૬૬
બ્રિટિશ રાજબંધારણ ૫૬
બ્લેઝર, ડૉ. ૩૨૧, ૪૯૩
બ્લૅર, શ્રીમતી ૪૫
બ્રૉકવે, એ. ફેનર –ની શાંતિવાદી હડતાળની શરતો ૫૧

ભક્ત –નાં લક્ષણો ૨૩૪–૨૪૦; જુઓ સ્થિતપ્રજ્ઞ
ભક્તિ ૯૪, ૧૧૬, ૧૨૩, ૨૮૯, ૨૯૫, ૨૯૭; ૦કર્મ અને જ્ઞાન ૮૨
ભગવદ્ગીતા ૭ પા. ટી., ૮, ૬૭, ૮૧, ૮૬, ૮૯–૯૧, ૯૩–૪, ૯૬–૯૯, ૧૦૩, ૧૦૭, ૧૧૦, ૧૧૬–૭, ૧૧૯–૧૨૧, ૧૨૩–૪, ૧૨૭–૧૨૯, ૧૩૧–૧૩૪, ૧૩૬–૧૩૯, ૧૫૦, ૧૫૭–૮, ૧૬૩–૧૬૬, ૧૬૮–૧૬૯, ૧૭૧–૨, ૧૭૭, ૧૮૦, ૧૮૧, ૧૮૮, ૧૯૩, ૧૯૭, ૨૦૧, ૨૦૩, ૨૦૮ ૨૧૦–૨૧૨, ૨૨૭–૮, ૨૪૫, ૨૪૯–૨૫૧, ૨૫૬, ૨૬૨, ૨૭૭, ૨૭૯–૨૮૧, ૨૮૭, ૨૯૧, ૨૯૪–૫, ૨૯૭, ૩૧૧, ૩૨૮, ૩૭૫, ૩૭૭, ૩૮૯, ૪૦૪, ૪૦૯, ૪૧૩, ૪૧૮, ૪૨૨, ૪૩૬, ૪૪૧, ૪૪૪, ૪૬૩–૪, ૪૭૦–૧, ૪૭૯, ૪૯૨; ૦આધ્યાત્મિક રોગની દવા ૨૪૬–૭; –નો પાઠ ૯૪–૫; –નો માર્ગ 'જૈસેકો તૈસા' જેવો ૧૫૫–૬; ૦પોતાપણું ભૂલવાનું કહે છે ૧૦૧–૨; –માં કર્મ, જ્ઞાન અને ભક્તિનું વર્ણન; –માં યુદ્ધનું દૃષ્ટાંત ૯૧–૯૩; –માં વિરોધી જોડી વચ્ચે અનાસ્થા ૧૦૨–૩; –માં શરીરક્ષેત્રે ધર્મ અને અધર્મના ઘર્ષણનું વર્ણન ૮૮
ભગવાનદાસ ૪૩૮
ભટ્ટ, નાનાભાઈ નરસિંહપ્રસાદ ૬૧, ૩૦૨
ભટ્ટ, શામળ ૫
ભણસાળી ૩૪, ૩૯
ભરત ૧૪૭, ૨૭૫
ભરદ્વાજ ૧૯૨
ભરૂચા ૫૪
ભર્તૃહરિ ૧૦૯
ભાગવત ૮, ૧૯૯, ૪૦૬
ભાટિયા, કિશનચંદ ૩૨૪
ભાવે, વિનોબા ૭૦, ૧૧૩, ૧૬૬, ૧૭૧, ૧૭૭, ૨૬૮, ૩૨૯, ૪૮૦
ભાંડારકર, આર. જી. ૪૭૯
ભીમ ૮૮, ૯૧, ૯૬, ૧૪૩, ૪૦૧
ભીષ્મ ૮૮–૯, ૯૨–૩, ૧૨૬, ૧૪૨, ૨૩૧, ૨૮૮
ભૃગુ ૨૨૫
ભોજો ભગત ૨૯૩
ભોપટકર ૩૨૭

મજમુદાર, પરીક્ષિતલાલ ૩૪૨
मणिरत्नमाला ૯
મણિલાલ ૪૮૩
મથુરાદાસ ત્રિકમજી ૩૯, ૨૯૯, ૩૪૬
મન –ની અસ્થિરતા ૧૯૩; –નો સંયમ ૨૯૫; –માં રહેલી આસુરી વૃત્તિઓ ૧૪૯
મનુ ૧૫૦, ૩૬૦
મશરૂવાળા, કિશોરલાલ ૪૫૨, ૪૭૯
મશરૂવાળા, ગોમતીબહેન ૪૫૨, ૪૭૯
મશરૂવાળા, નાનાભાઈ આઈ. ૪૫૨
મહમદ પેગંબર ૩૨૫, ૩૭૭, ૩૯૦, ૪૯૧; ૦અને રોજા ૧૧૪; ૦સત્યશોધક ૩૨૬
મહાભારત ૬૦, ૯૨–૩, ૯૬, ૧૪૩, ૧૭૩, ૨૦૩, ૨૮૧, ૨૮૬–૭ ૨૯૨–૩, ૨૯૯, ૩૦૨, ૩૨૮, ૪૦૧, ૪૩૯; ૦ઇતિહાસ નથી ૮૭; –નો અર્થ ૯૧
મહિલા આંતરરાષ્ટ્રીય લીગ ૦'શાંતિ અને સદ્ભાવ' માટે ૩૩૨ પા. ટી.
મહેતા, જેસુખલાલ ૪૧
મહેતા નરસિંહ ૧૧૧, ૧૨૧, ૧૩૪, ૧૯૨, ૧૬૪
મહેતા, ડૉ. પ્રાણજીવનદાસ ૩, ૬૧, ૮૪, પા. ટી.
મહેતા, રાજચંદ્ર રવજીભાઈ ૧ પા. ટી.
મહેતા, રાયચંદભાઈ ૨, ૩, ૭, ૮, ૯, ૬૬, ૯૩, ૧૦૩, ૧૭૧, ૨૧૧, ૨૪૦, ૨૫૨, ૨૫૯; –નાં લખાણો ૨; –ની અલૌકિક શક્તિ ૧, ૨; –ની ધર્મ પ્રત્યેની ભક્તિ ૬, ૭; –નો દેખાવ ૫; ૦વૈરાગ્ય ઉપર ૪, ૫
મહેતા, રેવાશંકર જગજીવન ૪૨, ૫૮, ૮૪
મહેર, તુલસી ૩૪, ૩૯ પા. ટી.

Gandhi Heritage Portal

મંત્રો –ની અસર ૧૫૭
મંદોદરી ૧૪૬
માદન ૩૦૪
માથોજી ૪૧
માને શિખામણ ૨૪૫ પા. ટી.
માર્ગોપદેશિકા ૪૭૯
માલવિયા, મદનમોહન ૪૧, ૮૫, ૩૬૮, ૩૭૧ પા. ટી., ૩૭૬–૭, ૩૮૩, ૩૬૪, ૪૧૨–૩, ૪૪૪–૮–૯, ૪૫૮
મિલર, ઈડા ૩૧
મીરાંબહેન ૩૦૩, ૩૦૭, ૩૧૨, ૩૧૬–૭, ૩૨૭, ૩૩૮, ૩૪૭, ૩૫૪, ૩૫૬, ૩૮૨, ૪૧૧, ૪૧૬, ૪૪૮, ૪૫૦, ૪૭૨, ૪૭૭, ૪૮૧
મીરાંબાઈ ૧૦૮, ૧૨૧; ૧૨૩, ૧૪૧, ૧૫૦, ૧૭૭, ૨૦૦, ૨૮૯, ૪૦૧, ૪૦૫
મુક્તિ ૩૧૯, ૪૨૧; ૦અને વ્યક્તિવાદી ફિલસૂફી ૪૩૩
મુખરજી, સતીશચંદ્ર ૬૪
મુનશીરામ જુઓ શ્રદ્ધાનંદ સ્વામી
મુસલમાન (નો) ૭૭, ૮૦, ૧૧૯, ૧૫૨, ૧૬૬, ૨૨૮, ૨૩૭, ૨૮૪, ૩૫૮, ૩૬૦, ૩૬૧, ૩૬૯, ૩૭૦, ૩૭૫–૭૭, ૩૮૨, ૩૮૫, ૩૮૯, ૪૨૧, ૪૨૫–૬, ૪૪૩, ૪૪૫, ૪૪૭–૮, ૪૫૩, ૪૫૬–૭, ૪૬૩–૪, ૪૬૬, ૪૭૧, ૪૭૬–૭, ૪૮૯–૪૯૧; ૦અને ગાયોની કતલ ૨૧–૨
મુંજે, ડૉ. બી. એસ. ૩૭૧ પા. ટી., ૩૭૨
મુંબઈ સમાચાર ૪૦
મૃત્યુ –નો શોક કરવો ન ઘટે ૯૯–૧૦૦
મૃત્યુંજય ૩૩૯
મૅક્સમૂલર ૩૨૮
મૅનાવતી ૧૨૧, ૨૮૫
મેહરોત્રા, પરશુરામ ૩૫૫, ૪૧૬
મેહરોત્રા, રાજકિશોરી ૩૧૮, ૩૫૫
મોક્ષ ૮, ૯૦, ૧૧૦, ૧૨૨–૩, ૧૩૦–૧, ૧૪૩, ૧૫૩, ૧૬૦, ૧૬૯, ૧૭૨, ૧૭૭, ૧૮૪, ૧૯૨, ૧૯૮, ૨૦૪, ૨૦૮, ૨૨૭, ૨૨૧, ૨૩૭, ૨૪૬, ૨૫૦, ૨૮૩–૫, ૨૯૦, ૨૯૨, ૨૯૫; ૦અને અહિંસા ૧૪૫; ૦અને કાર્યનો ત્યાગ ૧૨૪; ૦અને જગતની વસ્તુઓનો ત્યાગ ૨૮૮–૯; ૦અને ધર્મ ૨૯૩; ૦અને મુક્તિ ૧૧૬; ૦અને રોગી માણસ ૬૨; ૦એટલે આત્માની પરમ સ્થિતિ ૧, ૨; ૦એટલે બંધનમાંથી મુક્તિ ૨૮૮; ૦કલ્પનામાં જ ખરો ૧૧૭; –ની પ્રાપ્તિ એ જ પરમ કર્તવ્ય ૭; –નું પ્રથમ પગથિયું વીતરાગતા ૫; ૦નૈતિકતા અને આત્મિક જ્ઞાન ૭; ૦પ્રતિ લઈ જનાર દેશહિત સેવા ૩૪૭; ૦બુદ્ધિથી સત્ય પાળો તો તે સત્ય તારક બને ૧૩૭; ૦માટે યોગી પ્રયત્ન કરતાં કરતાં પાપનો નાશ કરી અનેક જન્મની સંસિદ્ધિ પામે છે ૧૯૫; ૦માટે હિંસાથી સંપૂર્ણ જુદાપણું જોઈએ ૧૧૬; –માં કર્મનું બંધન ૧૬૧–૨; –માં નિષ્કામ કર્મ ૬૭; –માં વ્યક્તિગત વિશ્વાસને શાસ્ત્રોનું બંધન ૯; ૦મેળવવા સારુ સાત્ત્વિક ગુણો ખીલવવા ૨૫૨; ૦વિશે શંકરાચાર્ય ૯૪
મોક્ષમાલા ૯
મોદી, તારાબહેન ૩૪૮

યક્ષ ૩૦૯, ૩૨૫
યજુર્વેદ ૨૧૭
યજ્ઞ ૧૩૬, ૧૫૮, ૧૬૬, ૧૭૩, ૧૮૩, ૨૦૪, ૨૧૯, ૨૬૦, ૨૬૪–૨૬૭, ૨૮૫, ૨૮૭, ૨૯૦, ૨૯૧, ૨૯૪, ૪૪૪, ૪૫૬, ૪૬૬; ૦એટલે ખેતી ૧૩૨; ૦એટલે પરમાર્થે કરેલું કાર્ય ૨૮૩, ૨૮૫; ૦એટલે મજૂરી કરીને સેવા કરવી તે ૧૨૬, ૧૨૮–૯; ૦એટલે રેંટિયો ૧૩૦, ૧૩૧, ૩૦૯, ૪૧૮, ૪૬૫, ૪૯૨; –ના જુદા જુદા ભેદ ૧૯૭, ૧૬૯; –માં કર્મનો ઉદ્ભવ ૧૩૨–૩
યમ ૨૨૫
યમનિયમ ૯૨, ૨૫૬; ૦અને અર્જુન ૯૪
યહૂદી ૮૦, ૧૨૭
યંગ ઇન્ડિયા ૧૭, ૨૬, ૨૭ પા. ટી., ૪૫, ૪૭, ૫૧, ૬૦, ૬૯, ૭૫, ૩૦૫, ૩૧૨, ૩૨૧, ૩૨૫, ૩૩૨, ૩૩૯, ૩૪૩, ૩૫૫, ૩૭૪ પા. ટી., ૩૯૦, ૩૯૨, ૪૪૦, ૪૪૨, ૪૫૦, ૪૫૫, ૪૮૪
યંગ, ફ્લિટન ૩૦૪
યુક્લિડ ૧૧૭, ૧૨૯
યુધિષ્ઠિર ૮૯, ૯૧, ૯૬, ૧૨૬, ૧૮૨, ૨૫૮, ૨૬૦, ૨૭૫, ૨૮૭, ૩૨૫, ૩૭૬, ૩૮૯, ૪૦૧, ૪૪૫, ૪૬૨
યુદ્ધ ૦બ્રોકવે ફેનરના હડતાળના વિરોધમાં ૫૧–૨
યુનિયન પાર્લમેન્ટ ૦દક્ષિણ આફ્રિકાવાળી ૩૯૧
યોગ ૧૦૭, ૧૨૩, ૧૫૦, ૧૫૨, ૧૬૮, ૧૭૨–૩, ૧૯૬, ૨૦૧, ૨૦૨, ૨૦૬, ૨૦૭, ૨૧૧, ૨૧૩, ૨૧૯, ૨૨૧, ૨૬૯, ૨૭૩, ૨૮૬, ૨૯૫; ૦અને અનુભવજ્ઞાન ૧૮૫; ૦અને કર્મ ૧૮૩–૪; ૦અને નિશ્ચયાત્મક બુદ્ધિવાળા ૧૦૫; ૦અને સાંખ્યયોગ

Gandhi Heritage Portal

 13660 


૧૭૪–૫; ૦અને સ્વનિયંત્રણ ૧૯૩–૪; ૦એટલે અતિશય અસંયમ ટાળવો તે ૧૮૯; ૦એટલે કર્મફળ ત્યાગ ૧૦૮; ૦એટલે કર્મમાં કૌશલ ૧૦૯, ૧૨૩, ૧૩૭, ૧૬૦; ૦એટલે દુ:ખનો આત્યતિક વિયોગ ૧૯૦; ૦એટલે બ્રહ્મમાં એકત્વ ૧૯૨; ૦એટલે સમત્વપણું ૧૦૯; ૦એટલે સમદર્શિતા ૧૯૨; ૦કર્મનાં બંધનમાંથી કેમ છૂટવું તે બતાવે છે ૧૦૨, ૧૦૩; –ના અભ્યાસની રીત ૧૮૬, ૧૮૮–૯; –ના અભ્યાસી ૮૨; –ના માર્ગમાં ઠોકર ખાવાપણું નથી ૧૦૪; –ને પામવા માટે ઈશ્વરમાં સંપૂર્ણ સમાધિસ્થ થવું જોઈએ ૧૦૯; ૦પરમાત્મતત્ત્વવાળો ૧૦૯; –માં કર્મફળનો ત્યાગ ૧૭૭; –માં હુંપણાનો નાશ ૧૭૫–૬; ૦ સંસિદ્ધિ ૧૯૪–૫; જુઓ કર્મ

યોગવાસિષ્ઠ ૯

યોગસિદ્ધિ ૨૩૯

યોગી ૧૧૬, ૧૩૭, ૧૫૧, ૧૬૨–૩, ૧૭૪, ૧૯૦–૧, ૧૯૩, ૧૯૫, ૨૦૭–૮, ૨૨૪, ૨૪૦, ૨૫૬, ૨૬૯, ૨૭૩, ૨૯૬; ૦અને અનુભવજ્ઞાન ૧૮૫; ૦અને આત્મજ્ઞાન ૧૨૧; ૦અને બ્રહ્મ ૨૧૧–૨; –એ કર્મફળનો ત્યાગ કરવો જોઈએ ૧૭૭; ૦એટલે અતિશય અસંયમ ટાળે તે ૧૮૯; ૦એટલે બ્રહ્મસમાધિ મેળવી છે તેવો આત્મા ૧૮૧; ૦કે જે સમાધિસ્થ નથી તેને બુદ્ધિ નથી ૧૧૯; –ની તપસ્વી અને જ્ઞાની કરતાં અધિકતા ૧૯૫; –ની ફરજો ૧૨૩; –ને હુંપણાનું ભાન ૧૨૨; –માં હુંપણાનો નાશ ૧૭૫–૬; ૦જુઓ યોગ, કર્મયોગ અને સ્થિતપ્રજ્ઞ

રચનાત્મક કાર્યક્રમ ૪૩૦

રતિલાલ ૮૪

રત્નચિંતામણિ ૪૦૬

રમઝાન (રમજાન) ૧૧૨, ૧૨૭

રશીદ, અબદુલ (અબ્દુલ) ૩૬૯, ૩૭૦, ૩૭૫, ૩૭૭, ૩૯૦, ૪૧૮, ૪૫૮

રસેલ, મિસિસ રોલો ૩૩૫

રસ્કિન ૩, ૨૬; ૦રેંટિયા વિશે ૪૮, ૪૯

રહીમ સર અબદુર ૩૭૬–૭

રંભા ૨૫૩

રાજગુહ્યયોગ ૨૨૧

રાજગોપાલાચારી, ચક્રવર્તી ૧૬, ૬૧, ૭૧, ૩૦૫, ૩૧૭

રાજવંશી ૪૮૦

રાજવિદ્યા ૨૨૧

રાજેન્દ્રપ્રસાદ ૬૧, ૪૫૬, ૪૭૭, ૪૮૦, ૪૮૧, ૪૯૪

રામ ૭, ૭૦, ૯૩, ૧૦૦, ૧૦૪, ૧૦૭, ૧૧૯, ૧૩૮–૯, ૧૪૬–૧૪૮, ૧૫૩, ૧૫૫, ૧૭૬, ૧૭૮, ૧૮૧, ૧૯૨, ૧૯૯, ૨૧૧, ૨૧૬, ૨૧૯, ૨૪૪, ૨૫૨, ૨૫૫, ૨૭૫, ૨૮૪, ૨૮૬, ૩૫૬, ૪૪૬, ૪૭૪; ૦ઐતિહાસિક પાત્ર કરતાં વિશેષ ૬૦

રામકૃષ્ણ પરમહંસ ૪૧૩

રામચંદ્ર ૨૨૮

રામચંદ્રન ૧૬, ૫૩; ૦કોસ ૫૩, ૫૮, ૮૪, ૩૯૫

રામદાસ સ્વામી ૧૪૫, ૨૬૯

રામદેવ ૩૩૦, ૪૫૧

રામનામ ૩૮, ૧૦૪, ૧૧૯, ૧૨૩, ૧૫૭, ૧૬૬, ૧૭૨, ૧૯૦, ૧૯૪, ૧૯૬, ૧૯૯, ૨૦૫, ૨૦૮, ૨૧૩, ૨૫૫, ૨૬૨, ૨૮૨, ૩૫૯, ૪૧૧, ૪૪૪; –નો મહિમા ૧૩૮–૯; ૦બાહ્ય અને આંતરશુદ્ધિ માટે ૨૪૧; ૦સૌથી સારો મંત્ર ૮૬; ૦સ્વપ્નદોષ માટે ૩૫૨

રામરાજ્ય ૩૫૮, ૪૦૩, ૪૩૫, ૪૪૬, ૪૬૩

રામાનુજ ૦અને દ્વૈતસિદ્ધાંત ૩૭૭

રામાયણ ૬૦, ૯૧, ૧૧૧, ૧૩૮, ૩૨૮, ૪૦૯

રાયચંદભાઈ જુઓ મહેતા રાયચંદભાઈ રવજીભાઈ

રાય, ડૉ. પ્રફુલ્લચંદ્ર ૨૮, ૫૩, ૭૦, ૭૧, ૩૨૯

રાય, રામમોહન ૪૧૩

રાય, લજપત ૩૬૭–૮, ૩૭૬, ૪૪૮, ૪૫૮

રાવ, બાલાજી ૭૮

રાવણ ૬૦, ૯૨–૩, ૧૪૬, ૧૫૩, ૧૯૨, ૨૨૬–૭, ૨૪૫, ૨૬૧; ૦અને તપસ્યા ૪૪૧

રાવત ૪૯

રાવન, શ્રી ૨૪

રાષ્ટ્રીયતા અને આંતરરાષ્ટ્રીયતા ૩૯

રીડિંગ, લૉર્ડ ૩૮૫, ૪૫૫ પા. ટી.

રુદ્ર ૪૨૪

રુસ્તમજી ૫૦

રેંટિયા-આંદોલન ૧૯૭

રેંટિયો જુઓ ચરખા; ૦અને ખેતી ૮૫; ૦અને તકલી ૨૨; ૦ઇંગ્લંડમાં ૭૭; ૦કંગાલિયત જીવનના તારણહાર તરીકે ૧૫; ૦બંગાળમાં ૩૫૩; ૦વિશે રસ્કિનના પુસ્તક પરથી ૪૮–૯; ૦હેન્ડલૂમથી વધારે ફાયદો ૧૮, ૨૧

રેનિગર ૩૧

રૅાબિન્સન ૨૬

रोमन साम्राज्यनो अस्त अने पतननो इतिहास ११५ પા. ટી.


13660

રેમાં રેલાં ૩૧૩, ૩૩૯, ૩૫૪
રૉય, ડૉ. બી. સી. (બિધાન) ૩૩૦, ૩૩૭, ૩૪૪, ૪૧૩
રૉયલ કમિશન હિંદી ચલણ માટે ૩૦૪, ૩૦૫
રૉલેટ ઍક્ટ વિરોધી દિન ૧૧૯ પા. ટી.
રૉલેટ કાયદો ૪૫૪
રૉલેટ ચળવળ ૪૨૪

**લ**ક્ષ્મી ૧૯૪, ૩૯૮
લક્ષ્મી (દેવી) ૨૪૮
લલ્લુભાઈ આશારામ ૬૮
લાઇફ ઑફ ધ પ્રૉફેટ ૨૩૭ પા. ટી.
લાધા મહારાજ ૧૬૫, ૨૦૦, ૨૫૮
લિનલિથગો, માર્ક્વિસ ઑફ ૩૦૫ પા. ટી.
લિસ્ટર, મ્યુરિયલ ૩૧૨
લીડર ૫૭
લીથ, માર્ગરેટ ૭૭
લીલાવતી ૮૬
લુક્રેશિયા ૩૦૬ પા. ટી.
લૉ, ગૉર્ડન ૩૨૮
લ્યૂથર ૧૧૪

**વ**ણિક –ના સત્યનું વલણ ૫
વરદાચારી, એન. એસ. ૪૨, ૪૩, ૪૨૮
વરુણ ૨૨૫
વર્ણાશ્રમ ૩૨, ૧૫૮, ૪૭૫; ૦અને ધર્મ ૨૯૧–૨; –માં દરેક વર્ણના સ્વભાવ અનુસાર કર્મ ૨૭૫–૬
વશી, બાપુભાઈ નારાણજી ૫૮
વસિષ્ઠ ૨૭૫, ૨૯૪
વાડિયા, પી. એ. ૩૦૬
વામન ૧૪૫
વાયુ ૮૭
વાલ્મીકિ ૧૩૮
વાલ્ચે ફૅલિક્સ ૩૯
વાસના ૧૫૩
વિક્રમ ૩૩
વિજયરાઘવાચારિયર, સી. ૨૯, ૮૩, ૩૩૧
વિજયાલક્ષ્મી ૪૭૯
વિદુર ૧૯૪, ૨૨૦
વિદ્યા ૦અને તપસ્યા ૪૪૧
વિદ્યાવતી ૩૦૩, ૪૫૧, ૪૮૦, ૪૮૧
વિધવા ૦અને વિધુરનાં પુનર્લગ્ન અને હિંદુ કાયદો ૫૬
વિનોબા જુઓ ભાવે, વિનોબા
વિભીષણ ૨૧૬
વિરાટ ૮૯, ૨૫૮
વિવસ્વાન ૧૫૦
વિવેકાનંદ ૪૧૩
વિશ્વામિત્ર ૨૯૪
વિષ્ણુ (નારાયણ) ૮૭, ૧૨૯, ૧૩૨–૩, ૧૭૦, ૧૭૫, ૧૯૪, ૨૦૯, ૨૨૫, ૨૩૧
વિલેજ ઇન્ડસ્ટ્રીઝ ૭૭
વેદ ૧૦૭, ૧૬૬, ૧૬૮, ૧૯૫, ૧૯૮, ૨૦૭, ૨૧૩, ૨૧૮, ૨૨૧, ૨૨૫, ૨૩૪, ૨૫૪–૨૫૬, ૨૬૧, ૨૬૬, ૨૯૭, ૪૯૦; ૦અને ગુણ ૧૦૭; ૦અને બ્રહ્મ ૧૦૬; ૦અને શૂદ્રો ૨૪૭; ૦વાદમાં મશગૂલ લોકો ૧૦૬
વેદાંત ૮, ૯૪ પા. ટી., ૧૫૬, ૨૫૬, ૨૮૫, ૨૯૩
વેસ્ટકોટ, ડૉ. મેટ્રોપોલિટન ૬૯ પા. ટી.
વૈદ્ય, ગંગાબહેન ૩૫૬, ૪૧૫, ૪૫૨
વૈદ્ય, ચિંતામણિ ૩૦૨
વૈરાગ્ય ૯, ૯૪; ૦અને મોક્ષ ૫; ૦વિશે રાયચંદભાઈ ૪
વૉલેસ ૨૮૪, ૨૮૬
વૉશિંગ્ટન, સેનાપતિ જ્યૉર્જ ૩૧૯
વ્યાસ ૮૭–૮, ૯૨–૩, ૯૬, ૧૦૬, ૧૨૩, ૧૨૮, ૧૭૩, ૨૦૩, ૨૧૧, ૨૧૪, ૨૨૪, ૨૨૬, ૨૮૦, ૨૮૬–૭, ૨૯૭, ૪૦૧
વ્યાસ, હરજીવન મ. ૬૩

**શ**બરી ૨૯૨
શરીર ૦યુદ્ધક્ષેત્ર જેવું ૮૮, ૨૪૦
શર્મા, કનકચંદ્ર ૪૩
શંકરાચાર્ય ૦અને માયાવાદ ૨૫૧–૨; ૦ઈશ્વર વિશે ૮; –નો અદ્વૈતવાદ ૩૭૭; ૦મોક્ષ વિશે ૯૪
શંભુ જુઓ શિવ ૪૧
શાસ્ત્રી, વી. એસ. શ્રીનિવાસ ૬૪, ૭૦, ૭૨, ૭૫–૬, ૮૦
શાસ્ત્રો ૦અને અસ્પૃશ્યતા ૩૫૮; ૦અને ઉપવાસ ૧૧૩; ૦અને જૈનો ૧૨, ૧૩; ૦અને તબલીઘ ૪૭૧; ૦અને પુરુષાર્થ ૨૮૧; ૦અને સ્મરણશક્તિ તથા સંસ્કાર ૪; –ની આત્મજ્ઞાન માટે અપૂર્ણતા ૭, ૮; –નો અર્થ ૨૬૧–૨; –માં સત્ય અને અહિંસા ૨૬૩
શાહ, ફૂલચંદ કસ્તૂરચંદ ૪૧
શાહ, મુન્નાલાલ ગ. ૪૪
શાહી ખેતી કમિશન ૫૫, ૩૦૫, ૩૫૧
શિવ (મહેશ્વર, શંભુ, શંકર) ૮૭, ૯૩, ૧૦૩, ૧૨૯, ૧૩૨–૩, ૧૬૫, ૧૯૪, ૨૧૦, ૨૧૮, ૨૨૫, ૨૫૨, ૩૪૮, ૪૦૭–૮

Gandhi Heritage Portal

શિવજી ૧૩-૪
શિવાજી ૪૮૦
શીખ ધર્મ ૪૬૯
શીખો ૪૬૪
શુદ્ધિ ૩૭૭, ૩૯૪, ૪૧૨, ૪૨૬-૭, ૪૪૨-૩, ૪૪૭, ૪૫૮, ૪૬૪, ૪૬૭, ૪૭૧; ૦અને તબલીગ ૪૨૫
શેખ, સાદી ૨૬૧
શેતાન (સેતાન) ૧૪૮, ૧૬૧, ૧૯૫, ૨૧૮, ૨૫૯
શ્રદ્ધાનંદ, સ્વામી ૩૬૮ પા. ટી., ૩૬૯, ૩૭૦, ૩૭૪, ૩૭૮, ૩૮૫, ૩૯૪, ૪૧૨, ૪૧૮ પા. ટી., ૪૨૨, ૪૨૪, ૪૨૬-૭, ૪૨૯, ૪૪૨, ૪૪૫-૪૪૭, ૪૪૯, ૪૫૭-૮, ૪૬૩, ૪૬૯, ૪૭૧, ૪૭૫, ૪૭૭, ૪૮૧, ૪૮૯, ૪૯૦, ૪૯૩; -નાં સંસ્મરણો ૪૨૪-૪૨૬; -નું સ્મારક ૪૨૬
શ્રીપ્રકાશ ૩૩, ૪૧ પા. ટી., ૩૫૭
શ્રીમદ્ રાજચંદ્ર ૧

સત્ય ૧, ૩૬, ૪૪, ૬૦, ૮૪, ૯૪, ૯૭, ૧૦૪, ૧૦૭, ૧૧૭, ૧૨૦, ૧૩૮, ૧૪૭, ૧૫૪, ૨૪૭, ૨૬૧, ૩૨૯, ૩૩૭, ૩૮૯, ૪૦૫, ૪૦૮, ૪૪૫, ૪૬૨, ૪૯૦; ૦અને અસત્ય ૭; ૦અને ઈશ્વર ૪૫, ૯૪, ૩૫૮; ૦અને જ્ઞાન ૨૩૮; ૦અને મમત્વનું બંધન ૯૫; ૦અને મોક્ષ ૧૩૭; ૦અને શાસ્ત્રો ૨૬૩; ૦અને શ્રદ્ધાનંદ ૪૨૪; ૦એ જ અહિંસાનો એક માર્ગ ૩૪; ૦વિના કોઈ પણ વસ્તુ શોભતી નથી ૨૮૩
સત્યદેવ, સ્વામી ૩૭૧ પા. ટી.
સત્યના પ્રયોગ જુઓ આત્મકથા
સત્યાગ્રહ ૧૪૬, ૧૬૪, ૨૭૦, ૪૧૦, ૪૧૧, ૪૨૪; ૦અને સ્વધર્મ ૨૯૪; ૦અને સ્વાવલંબી ૪૦૨; ૦દક્ષિણ આફ્રિકામાં ૭૬; ૦શરીર સામે ૧૮૯
સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી ૫૭ પા. ટી., ૬૨, ૭૨, ૭૪, ૮૬ પા. ટી., ૯૭, ૧૦૧, ૧૧૯, ૧૨૦, ૧૩૮, ૨૦૬, ૨૧૫, ૨૩૦, ૨૫૦, ૨૯૯, ૩૦૧, ૩૧૪, ૩૧૭-૮, ૩૩૧, ૩૩૪, ૩૪૫, ૩૫૩-૩૫૫, ૩૬૯, ૩૮૮, ૩૯૭, ૪૦૨, ૪૦૪, ૪૦૮, ૪૦૯, ૪૧૧, ૪૧૬, ૪૧૯, ૪૨૬, ૪૩૬, ૪૭૪, ૪૭૭, ૪૮૦
સત્યાગ્રહી (ઓ) ૧૩૬; ૦દક્ષિણ આફ્રિકાના ૪૨૪
સત્યાનંદ, સ્વામી ૬૧
सत्यार्थप्रकाश ૫૮
સરકાર, ડૉ. નીલરત્ન ૪૧૩
સરસ્વતી ૧૨૮
સર્ચલાઇટ ૧૫ પા. ટી., ૪૭૫ પા. ટી.
સંગઠન ૪૧૨, ૪૨૬-૭, ૪૪૨
સંજય ૮૭, ૮૯, ૧૧૮
સંન્યાસ ૨૭૬; ૦અને ત્યાગ ૨૬૮-૨૭૦; ૦અને યોગ ૧૮૩
સંન્યાસયોગ ૨૨૦; ૦અને કર્મયોગ ૧૭૪-૫, ૧૮૩
સંન્યાસી ૧૮૩; ૦અને કર્મયોગી ૧૭૪-૫
સંસ્કાર ૦અને શાસ્ત્રજ્ઞાન ૪
સાત્ત્વિક આહાર ૮૦ પા. ટી.
સામવેદ ૨૧૭, ૨૨૫
સાયરસ ૨૦૭
સારાભાઈ, અનસૂયાબહેન ૪૯૩
સારાભાઈ, અંબાલાલ ૩૫-૬, ૪૨
સાવરકર, વિનાયક દામોદર ૯૧
સાવિત્રી ૨૯૯
સાંખ્યયોગ ૧૨૩, ૨૪૪, ૨૭૦, ૨૯૫; ૦અને યોગ ૧૭૪-૫
સાંબમૂર્તિ ૩૮૪ પા. ટી., ૩૮૫
સાંસ્થાનિક સ્વરાજ્ય ૪૩૯, ૪૪૧
સિક્કા, શેઠ મૂળજી ૨૪
સિગારેટ ૦ભણેલા માણસોએ પણ પીવી નહીં ૪૬૨
સિનેમા -થી ગેરવર્તનનો પ્રભાવ ૭૭
સીતા ૪૩૫, ૪૪૭, ૪૬૩, ૪૭૪
સી. નારાયણ ૨૯૮
સીસેમ એન્ડ લિલીઝ ૪૮
સુદામા ૧૬૪, ૨૦૦
સુધન્વા ૧૧૦, ૧૯૫, ૨૩૭
સુબૈયા ૩૧૭
સુરદાસ ૧૫૨, ૧૫૪
સુરેન્દ્ર ૨૬૮
સુરેશબાબુ ૭૧
સુશીલા ૪૭૯
સુંદરમ્ ૨૯૯
સેઠી ૪૫૧
સેતલવાડ, સર ચીમનલાલ ૪૫૪ પા. ટી.
સેન, કેશવચંદ્ર ૪૧૩
સેમ્યુઅલ, એ. એમ. ૩૫૧
સોનીરામજી ૪૦
સોરાબજી ૪૯
સોલન ૨૦૬-૭
સૉંગ સેલેશ્યલ ૩૨૮
સ્ટીવન્સન ૧૩૦
સ્ટૅન્ડેનેથ, ફ્રાન્સિસ્કા ૩૩૩
સ્ટ્રેચરવાહક ટુકડીઓ ૦અને બોઅર યુદ્ધ ૭૬

Gandhi Heritage Portal

સ્ટૉક, મિ. ૨૯૯
સ્ટૉક, મિસિસ ૨૯૯
સ્ત્રી ૦અને તુલસીદાસ ૪૦૨; ૦અને નિર્ભયતા ૪૦૦, ૪૦૧; ૦અને પતિની પસંદગી ૪૦૭; ૦૫૨ એકલતા અને એકાંતવાસની અસર ૪૦૭
સ્ત્રીદર્પણ ૪૧૬
સ્થિતપ્રજ્ઞ ૨૪૦, ૨૮૯; ૦કેવી રીતે થવાય ૧૧૨–૩, ૧૧૬; –નાં લક્ષણો ૧૧૦–૧, ૧૨૦–૧૨૩
સ્પિલેનાર, સોહાન્ના બેટ્રીજી ૩૩૪
સ્પેરો જુઓ હૉર્સડિંગ હેલેન
સ્મટ્સ, જનરલ ૩૦૪, ૩૧૮
સ્મૃતિ ૦અને અસ્પૃશ્યતા ૩૫૯
સ્વદેશી ૧૮૦, ૩૫૮; ૦પ્રદર્શન ૩૭૧
સ્વરાજ્ય ૧૦૮, ૧૧૯, ૧૩૩, ૨૭૧, ૩૨૦, ૩૪૦, ૩૫૮, ૩૬૧, ૩૭૭, ૩૮૦–૧, ૪૦૩, ૪૦૮, ૪૧૩, ૪૨૪, ૪૩૦–૧, ૪૩૩–૪૩૫, ૪૩૮–૯, ૪૪૬, ૪૫૬, ૪૬૬–૭, ૪૭૫; ૦અને ઉપવાસ ૧૨૦; ૦અને રેંટિયો ૧૬૪–૫; –માં સંપૂર્ણ સ્વાતંત્ર્ય ૩૮૩, ૩૮૫, ૪૫૮–૯
સ્વરાજવાદીઓ ૮૩, ૩૮૦, ૪૨૧, ૪૩૦

હક, સૈયદ ઝહિરુલ ૧૫
હકીમ, અજમલખાન ૭૫, ૩૨૭, ૩૩૧, ૩૩૫
હડતાળ ૦અંગેની ફ્રેનર બ્રૉકવેએ મૂકેલી શાંતિ શરતો ૫૧–૨
હનુમાન ૧૭૮, ૧૯૨
હબસીઓ ૩૫૪
હબીબ, હાજી ૧૩૯
હબીબુલ્લા, સર મહમદ ૫૦, ૩૭૮
હરિ ૯, ૧૦૮
હરિઇચ્છા ૩૪૩
હરિજનો જુઓ અસ્પૃશ્યો
હરિદાસ ૨૭૭
હરિશ્ચંદ્ર ૯૭, ૧૦૨, ૧૪૪, ૧૭૫, ૨૭૦, ૨૯૩
હર્ટ્ઝોગ, જનરલ ૩૪૯, ૩૭૮, ૩૮૩
હર્બર્ટ, જૉર્જ ૨૬
હલ, એચ. સી. ૩૩૨
હાથકાંતણ અને હાથવણાટ ૪૨, ૪૨૮
હાથસાળ અને રેંટિયો ૧૮, ૨૦
હાર્ડિકર, ડૉ. એન. એસ. ૨૩, ૩૩૨, ૩૭૪ પા. ટી.
હાર્ડિંજ, લૉર્ડ ૭૯
હાર્વે, એ. સી. સી. ૪૫૪
હિગિનબૉટમ, એસ. ૩૫૩
હિન્દ સ્વરાજ ૧૧૯, ૪૦૩, ૪૦૯
હિન્દુ ૧૫ પા. ટી., ૪૧૫ પા. ટી.
હિરોડૉટ્સ ૨૦૬ પા. ટી.
હિંદી કોલિયરી કામદાર સંઘ, ઝરિયા ૪૬૪
હિંદી પ્રચાર કાર્યાલય, મદ્રાસ ૪૮૪
હિંદી સાહિત્ય સંમેલન, પ્રયાગ ૪૮૪
હિંદુ(ઓ) ૭૭, ૮૦, ૧૧૯, ૧૨૭, ૧૫૨, ૧૬૬, ૨૨૮, ૨૯૭–૮, ૩૫૮, ૩૬૦–૩૬૧, ૩૬૮–૭૦, ૩૭૪–૩૭૭, ૩૮૯, ૪૧૨, ૪૧૮, ૪૨૧, ૪૨૫–૨૭, ૪૪૨–૩, ૪૪૫–૪૪૯, ૪૫૩, ૪૫૬–૭, ૪૬૪, ૪૬૬, ૪૬૮–૪૭૧, ૪૭૫–૪૭૭, ૪૮૯–૪૯૧, ૪૯૩; ૦અને અવતાર ૧૫૧; ૦અને ગોરક્ષા ૨૦–૨૨
હિંદુ કાયદો ૦વિધવા-વિધુર પુનર્લગ્ન ૫૬
હિંદુ ધર્મ ૩, ૨૯૨, ૩૧૨, ૩૨૮, ૩૬૨ ૩૬૯–૩૭૦, ૩૭૫–૬, ૩૮૯, ૩૯૪, ૪૨૫–૪૨૭, ૪૩૧, ૪૩૩, ૪૩૭, ૪૪૩, ૪૪૮, ૪૫૭, ૪૬૩, ૪૬૯, ૪૭૧, ૪૭૬, ૪૮૯; ૦અને ગોરક્ષાનું કર્તવ્ય ૨૧
હિંદુ મહાસભા ૪૨૬, ૪૪૨, ૪૬૯, ૪૭૦
હિંદુમુસ્લિમ એકતા ૮૩, ૩૭૦, ૪૨૨, ૪૬૩, ૪૬૭–૪૭૭, ૪૯૨; ૦સંપૂર્ણપણે શક્ય તેવી જાહેરાત ૩૫૮–૯
હિંદુમુસ્લિમ સમસ્યા ૮૩ પા. ટી., ૩૪૩, ૩૭૬, ૪૪૭, ૪૫૭, ૪૬૫, ૪૭૬, ૪૯૨
હિંદુસ્તાની સેવાદળ ૨૩
હુસેન, મિયાં ફઝલી ૩૭૭
હૉબહાઉસ, એમિલી ૩૦૪, ૩૧૮
હોમ્સ ૩૪૮
હૉર્નિમૅન, બી. જી. ૩૭૧ પા. ટી.
હોવે, ડૉ. ૩૬૫
હૉર્સડિંગ, હેલન ૩૧૩

13660

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

ગાંધી સ્મારક સંગ્રહ
ગ્રંથાલય.
અમદાવાદ-૧૩.

ગાંધી સ્મારક સંગ્રહ
ગ્રંથાલય.
અમદાવાદ-૧૩.

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

રૂ. ૧૬/૫૦

Gandhi Heritage Portal